॥ नमो तित्थस्स ॥

જૈન યુગ

[શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર]

પુસ્તક ૧ — બન્ને ચૈત્ર

અંક ૮ — ૧૯૮૨

卐

માનદ તંત્રી

મોહનલાલ દુલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબાઈ

વિષયાનુક્રમ.

જૈનયુગ

—જૈનધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, ઇતિહાસ, જીવનચરિત્ર ને સમાજપ્રગતિને લગતા વિષયો ચર્ચતું ઉત્તમ જૈન માસિક.

—વિદ્વાન મુનિ મહારાજશ્રી તથા અન્ય લેખકોની આપેલી કલમથી લખાયેલા ગદ્યપદ્ય લેખો તેમાં આવશે.

—શ્રીમતી જૈન શ્વે. કોન્ફરન્સ (પરિષદ) સંબંધીની વર્તમાન-કાર્યવાહીનો અહેવાલ સાથેસાથે અપાશે.

તો દરેક સુજ્ઞ આ પત્રના ગ્રાહક બની પોતાના મિત્રોને પણ ગ્રાહકો બનાવશે અને સંવસેવાના પરિષદના કાર્યમાં પુષ્ટિ આપશે.

વાર્ષિક લવાજમ ટપાલખર્ચ સહિત માત્ર રૂ. ૧.

લખો—**જૈન શ્વે૦ કાન્ફરન્સ ઑફીસ**
૨૦ પાયધુની મુંબઇ નં. ૩.

આ માસિક બહોળા પ્રમાણમાં ફેલાવો પામવાની ખાત્રી રાખે છે તો **જાહેરખબર આપનારાઓને** માટે તે ઉપયોગી પત્ર છે; તો તેઓને ઉપરને સરનામે લખવા કે મળવા ભલામણ છે.

લેખકો વગેરેને સૂચનાઓ.

૧. આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકો જ સર્વ રીતે જોખમદાર રહેશે.

૨. અભ્યાસ, મનન અને શોધખોળના પરિણામે લખાયેલા સર્વ લેખો, વાર્તાઓ ને નિબંધોને પ્રથમ સ્થાન મળશે.

૩. લેખકોએ તેમજ અવલોકન માટે પુસ્તકો મોકલવા ઇચ્છતા સજ્જનોએ તંત્રી સાથે પરભારો પત્રવ્યવહાર કરવો.

૪. કોઇ પણ લેખ પૂર્વે જાને કે આજાએ અન્ય સ્થળે પ્રસિદ્ધ કર્યો હોય તો ને કૃપા કરી ન મોકલવો.

૫. દરેક લેખ તેમજ મોકલેલ ગ્રંથની સમાલોચના સમય સ્થળ વિચારીને જેમ અને તેમ ત્વરાએ પ્રકટ કરવાની કાળજી લેવાશે.

તવાબિલ્ડિંગ, ત્રીજે માળે લોહારચાલ, **મુંબાઇ.**

મોહનલાલ દલીચંદ દેશાઈ
B. A. LL. B. વકીલ હાઇકોર્ટ,
માનદ તંત્રી.

ગ્રાહકોને સૂચના—જેઓએ પોતાનાં નામ ગ્રાહક તરીકે હજુ ન લખાવ્યાં હોય તેમને તે પૂરા ઠેકાણા સહિત લખી મોકલવા અને સાથે સાથે વાર્ષિક લવાજમના બે રૂપીઆ મનીઓર્ડર થી મોકલી આપવા વિનંતિ છે, કે જેથી વી. પી. કરવામાં અનેક મુસ્કેલીઓ અને નાહકનું ખર્ચ થાય તેમાંથી કોન્ફરન્સ ઑફિસને બચાવશે.

જૈન યુગ.

શ્રી મહાવીર જયંતી–ખાસ અંક.

卐

વીરતાભર્યું વીરજીવન—'આપણે ભૂલી ગયા છીએ કે આપણે વીર પ્રભુનાં સંતાનો છીએ. ભારતવર્ષમાં કોઇ દર્શને વીરતાભર્યું, વીરભાવે કામ કર્યાનું ઉજ્જવળ દૃષ્ટાંત પુરૂં પાડયું હોય તો તે જૈન દર્શન છે. યુગોથી ચાલતા આવેલા હિંસા–પ્રધાન વૈદિક ક્રિયા–કલાપને તોડી નાંખી, ધર્મનો અધિકાર એકલા બ્રાહ્મણોને હોવાની માન્યતા નષ્ટ કરી તેને સર્વ–સાધારણ બનાવી, જાતિ અને કુળનાં સંકીર્ણ બંધનોના વિચ્છેદ પૂર્વક જનતાના અધિકારની પુનઃ પ્રતિષ્ઠા કરી પ્રભુ મહાવીરે ભારતવર્ષના નૈતિક, સામાજીક, ધાર્મિક અને સમગ્ર જીવનમાં એક નવો યુગ પ્રવર્ત્તાવ્યો હતો. તે પ્રભુના પ્રત્યેક કાર્યના અને તે કાર્યને પાર પાડવાની શૈલીમાં એક અદ્ભુત વીરતા હતી. એમના જીવનનું મુખ્ય લક્ષણ જ વીરતા હતું. તેમના તપમાં, ત્યાગમાં, શીલમાં, સહિષ્ણુતામાં અને જીવનની પ્રત્યેક નાની મોટી પ્રવૃત્તિમાં વીરતા ઉભરાતી હતી. આથીજ તેમને જગતે 'મહાવીર પ્રભુ' એ બહુમાન અર્પેલું છે."

જૈન ૨૪–૬–૨૬.

પુ૦ ૧ વીરાત ૨૪૫૨ વિ. સં. ૧૯૮૨ બંને ચૈત્ર. અંક ૮

જય શ્રી મહાવીર.*

શત્રુંજય મહાવીર,
પ્રભુ ! જય ! શત્રુંજય મહાવીર.
જય જય શ્રી મહાવીર,
પ્રભુ ! જય ! શત્રુંજય મહાવીર.
સૂક્ષ્મ છુપેલા શત્રુઓ દુર, કર્યા શાન્તિથી ધીર,
એના શુભ શાસનમાં રહીને, તરીશું દુઃખાર્ણવ તીર–પ્રભુ !
બાર પરિષદ્‌માં ઉપદેશ્યું, કેવલજ્ઞાની વીર,
'પ્રથમ જ્ઞાન ને પછી દયા' એ, પરમ સૂત્ર ગંભીર–પ્રભુ !
જન્મ્યા ચૈત્ર મનોહર માસે, પામ્યા એક અમીર,
લક્ષરૂપક લક્ષ્મી લઈ આવ્યા, સરસ વાડીના કીર–પ્રભુ !
જ્ઞાન પ્રભા સુન્દર પ્રકટાવી, મહાવીરમંદિર,
વર્ધમાન સ્વામિ ! તુજ ગૌતમ, લબ્ધિ રહેજો સ્થિર–પ્રભુ !

*આ કાવ્ય શ્રી મહાવીર જૈન વિદ્યાલયને શેઠ વાડીભાઇ સારાભાઇએ એક લાખ રૂપીઆ અર્પણ કર્યા તે માટે તેમને માન આપવા અંગે થયેલ સર પ્રભાશંકર પટ્ટણીના પ્રમુખપદે તા. ૯–૪–૨૬ શુક્ર દિનના મેળાવડા માટે રચેલું ત્યાં ગવાયેલું હતું. કઠિન શબ્દોના અર્થ—દુઃખાર્ણવ-દુઃખનો સાગર; કીર-પોપટ. સરસ વાડીના કીર એટલે વાડીલાલ સારાભાઈ શેઠ. પ્રભા–કાંતિ તેમાં પ્રમુખ શ્રી પ્રભાશંકરની પ્રભા પણ સમાય છે. [તંત્રી.

શ્રી મહાવીર–જયંતી ખાસ અંક.

તંત્રીનું નિવેદન.

મનોહર માસ ચૈત્રમાં શુકલપક્ષની તેરશને દિને શ્રી વર્ધમાન–મહાવીર પ્રભુનો જન્મ થયો હતો અને તે જન્મ–માસ ચૈત્ર માસના આ પત્રમાં પ્રકટ કરવા માટે આપણા પરમોપગારી તે પ્રભુના ચરિત્ર તેમજ અન્ય ઘટનાઓ સંબંધીના જુદા જુદા વિષયો પરત્વે જુદા જુદા વિદ્વાનોને ખાસ આમંત્રણ કરી તેમના લેખ મંગાવેલા; કે જે વિષયોની સૂચિ અમે ગત માગસર માસના અંકમાં પ્રકટ કરી ગયા છીએ. જે જે વિદ્વાનોએ તે આમંત્રણને માન આપી લેખો મોકલ્યા છે તે આ ખાસ અંકમાં પ્રકાશિત કર્યા છે અને તેમનો અમે ઉપકાર માનીએ છીએ. શ્રી બાલચંદ્રજીનો 'શ્રી મહાવીર અને વેદ' તેમજ બીજા બે ત્રણ લેખો પ્રકટ થઇ શકયા નથી, તે માટે દિલગીર છીએ.

આ સર્વ લેખો ખાસ વિચારવા અને મનન કરવા યોગ્ય છે. તેમાં લખેલી સર્વ હકીકત અને જણાવેલા વિચારો સાથે અમે સર્વથા સંમત છીએ એવું માનવાને કોઈ સજ્જન કે સન્નારી પ્રેરાશે નહિ એની અમોને ખાત્રી છે. તે સર્વના પર વાંચકો લક્ષ આપી સદ્‌નું ગ્રહણ કરી જીવનમાં ઉતારશે એવી તેમને અમારી વિનતિ છે. વિશેષમાં 'સાગર'ના નીચેના કાવ્યનો ભાવ સ્વીકારવાને અમે વાંચકોને વિનવીએ છીએઃ—

શાન્તિથી વાંચજે વ્હાલા !
ધીમેથી વાંચજે વ્હાલા !
મધુરી મંજુલ વાણીથી, ઉર ભરજે ઉદ્‌ગાર
સમજી સમજી વાંચતાં, કરજે તત્ત્વવિચાર
વિચારી વાંચજે વ્હાલાં !
સંજોગો સ્હેજે મળ્યા, થનૂં ના લેશ નિરાશ !
ઊંડૂં ઊંડૂં ઊતરી, જો જૂના ઇતિહાસ
તૂં જૂનું વાંચજે વ્હાલા !
કોણ હતા ? ને કોણ છે ? કોણ થશે કેવાય ?
ચ્હડતી પડતી સર્વની ! શા કારણ સમજાય ?
તૂં કારણ વાંચજે વ્હાલા !
કેવા હાલ હતા અને કેવા હાલ જણાય ?
જોજે જો તુજને જડે કૈં ઉદ્ધરણ ઉપાય !
ઉપાયો વાંચજે વ્હાલા !
વાંચીને વિસ્તારજે, ત્હારા પ્રૌઢ વિચાર,
સેવા વિશ્વની વાંછજે, સર્વ ધર્મનો સાર.
ઉરે એ વાંછજે વ્હાલા !

કેમ વાંચના કરવી, શું વિચારણા કરવી, કેવો વિસ્તાર કરવો, કેવી ભાવના ભાવવી એ ટૂંકમાં ઉપરના ટૂંક કાવ્યમાં આળેખ્યું છે.

તીર્થંકર ભગવાન્ ગર્ભાવસ્થાથી મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ જ્ઞાન સહિત હોઈ બાલ્યાવસ્થા ગાળે છે: આવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે:

'તે ભગવાન્ દેવલોકમાંથી ચ્યુત થઇ (અહીં જન્મ લઈ) અનુપમ શ્રીવાળા, દાસીદાસથી અને પીઠમર્દથી પરિવૃત્ત, કાળા કેશવાળા, સુંદર નયનવાળા, બિંબ (બિલ્વ) જેવા ઓઠવાળા, શ્વેત દાંતની પંક્તિવાળા, ઉત્તમ પદ્મના ગર્ભ જેવા ગૌર, ઉત્પલ પુષ્પના ગંધની જેવા શ્વાસવાળા, વૃદ્ધિ પામે છે. ભગવાનને અપ્રતિપતિત એવા ત્રણ જ્ઞાન વડે અને તેમનામાં રહેલી ઇતર મનુષ્યો કરતાં અતિ અધિક કાન્તિ અને બુદ્ધિ વડે જાતિસ્મરણ થાય છે.' ગાથા ૬૯ થી ૭૧.

આ બાલ્યકાળે–૮ વર્ષથી ઓછી અવસ્થા એટલે શૈશવકાલમાં પણ તેમનું પરાક્રમ અતુલ હોય છે. ઇંદ્રે દેવસભામાં તે સંબંધે કહેલું છે:—

બાલો અબાલભાવો,
અબાલપરક્કમો મહાવીરો;
નહુ સક્કઇ ભેસેઉં,
અમરેહિં સઇંદ એહિંપિ. ગાથા ૭૩

—અબાલ ભાવવાળો, અબાલ પરાક્રમવાળો, મહાવીર તે બાલ છે. તેને હરાવવા શક્રેંદ્ર સહિત દેવો પણ સમર્થ નથી.

આ બાલ યુવાનવયે દીક્ષા—અભિનિષ્ક્રમણ સ્વીકારે છે તે વખતે 'દેવો' કહે છે કેઃ—

સવ્વ જગજ્જીવહિઅં,
ભયવં ! તિત્થ પવત્તેહિં. ૨૧૫ આવશ્યક.

—હે ભગવન્! સર્વ જગના જીવ હિતાર્થે તીર્થ પ્રવર્તાવો.

આજ પ્રમાણે નેમિચંદ્ર સૂરિ પોતાના વીર ચરિતમાં જણાવે છે કેઃ—

હત્થાલંબોડસિ તુમં,
સામિય! નિવડન્તયાણ ભવકૂવે,
સવ્વ જગજ્જીવહિઅં,
તા પહુ! તિત્થં પવત્તેહિ. ૮૨૪

—હે સ્વામિ! ભવકૂપમાં પડનારાઓનો તમે હસ્તાલંબન છો, તો પ્રભુ! સર્વ જગજીવના હિતાર્થે તીર્થનું પ્રવર્તન કરો.

દીક્ષા લેતાંજ મનઃપર્યવ જ્ઞાન પ્રાપ્ત કરી તપ-વિહાર કર્યો. 'ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો'—એ સ્વ-પ્રવચન આચરણમાં મૂકયું. 'વીરસ્ય ઘોરં તપઃ'—તે પ્રમાણે શ્રી મહાવીરનું અન્ય તીર્થંકરોની અપેક્ષાએ અતિ ઉગ્ર-ઘોર તપ હતું. આચારાંગ ટીકામાં (૨૭૭) જણાવ્યું છે કેઃ—

સવ્વેસિં તવોકમ્મં
નિરૂવસગ્ગં તુ વણ્ણિય જિણાણં,
નવરં તુ વદ્ધમાણસ્સ,
સોવસગ્ગં મુણેયવ્વં.

—સર્વ જિનોનું તપકર્મ નિરૂપસર્ગ (ઉપસર્ગ વગરનું) વર્ણિત થયેલું છે, જ્યારે વર્દ્ધમાનનું કેવલ (ઉત્તમ) સોપસર્ગ (ઉપસર્ગ સહિત) જાણવું.

આ તપ કેવા ઉપસર્ગવાળું હતું તે તેમના ચરિત્રપરથી જણાશે. તે ઉપસર્ગ સંબંધીનો લેખ મુનિશ્રી ન્યાય વિજયજી તરફથી આવ્યો છે તે ઉપયોગી છતાં અતિ લાંબો હોવાથી આ અંકમાં પ્રકટ થઇ શક્યો નથી તે માટે અમે ક્ષમા પ્રચ્છીએ છીએ. તે અમે આવતા અંકોમાં ખંડશઃ પ્રકટ કરીશું.

આવા તપોમય જીવન સંબંધી આવશ્યક સૂત્ર ઉપધાન શ્રુત અંકમાં ૨૮૪ ગાથામાં પૃ. ૩૦૦ પર જણાવેલું છે કેઃ—

એવં તુ સમણુચિન્નં
વીરવરેણ મહાણુભાવેણં
જં અણુચરિત્તુ ધીરા
સિવમચલં જન્તિ નિવ્વાણં.

—આવી રીતે-આવી વિધિથી મહાનુભાવ વીરવર્ય-મહાવીરે સમ્યક્ પ્રકારે અનુષ્ઠિત કરેલું (ભાવોપધાન-જ્ઞાનાદિ તપોનુષ્ઠાન) છે, તે અનુચરિત કરવાથી-અનુસરવાથી ધીર, શિવ, અચલ એવું નિર્વાણપદ પ્રાપ્ત થાય છે.

અત્યારના અસંયમના જમાનામાં—હડહડતા જડવાદના યુગમાં સાક્ષાત્ સંયમાવતાર—સંયમ મૂર્તિ શ્રી મહાવીરનું જીવન અને પ્રવચન અતિ ઉપયોગી અને માર્ગદર્શક થાય તેમ છે. મહાત્મા ગાંધીજીએ અહિંસા-સંયમનો જે માર્ગ બતાવ્યો છે તે શ્રીમન્ મહાવીર પ્રભુના ઉપદેશેલા સૂક્ષ્મતમ અહિંસા માર્ગના ખંડ રૂપે છે, અને એ પ્રમાણે બતાવી આ યુગને એક રીતે 'જૈનયુગ' તરીકે ઘણે અંશે પરિણમાવ્યો છે.

આવા, લલિત વિસ્તરામાં હરિભદ્ર સૂરિ ઉલ્લેખે છે તેમ;

'જો દેવાણવિ દેવો,
જં દેવા પંજલી નમંસંતિ;
તં દેવ દેવ મહિઅં,
સિરસા વંદે મહાવીરં.

—જે દેવોના પણ દેવ છે, જેને દેવો અંજલિપૂર્વક (વિનયથી હાથ જોડી) નમે છે, તે દેવાધિદેવ (ઇંદ્રાદિ)થી પૂજિત મહાવીરને મસ્તકથી વંદું છું.

તેમને વાંદવાથી ઉક્ત હરિભદ્ર સૂરિ જણાવે છે તેમ

એક્કોડવિ ણમોક્કારો,
જિણવરવસહસ્સ વધ્ધમાણસ્સ,
સંસારસાગરાઓ
તારેઇ નરં વ નારિં વા.

—જિનવર ઋષભને, વર્દ્ધમાનને એક પણ નમસ્કાર નર કે નારીને સંસાર-સાગરથી તારે છે.

તો આપણે સૌ તે શ્રી મહાવીર પ્રભુને સમજી, તેમના ચરિત્રને અનુસરી, તેમના ઉપદેશોને આચરી-તેમને 'ત્રિકાલવંદન' કરી સંસાર-સાગરથી તરી જઇએ એજ અભિલાષા પૂર્વક આ નિવેદન અમે પૂર્ણ કરીએ છીએ. તથાસ્તુ.

શ્રી મહાવીર-જન્મ.

(લેખક—શ્રી જિનવિજયજી

जयइ जगजीवजोणीवियाणओ जगगुरु जगाणंदो ।
जगनाहो जगबंधू जयइ जगपियामहो भयवं ॥
जयइ सुयाणप्पभवो तित्थयराणमपच्छिमो जयइ ।
जयइ गुरु लोयाणं जयइ महप्पा महावीरो ॥

ચૈત્ર શુદિ ૧૩ નો દિન મહાવીર-જન્મ દિવસ છે. આજની પુણ્ય તિથિએ સંસારના સર્વ શ્રેષ્ઠો-માંના એક મહાપુરુષનો જન્મ થયો હતો. આજના સ્મરણીય દિવસે એવા મહાપુરુષનો જન્મ થયો હતો, જેણે પરાધીન સંસારને શાશ્વત સ્વાતંત્ર્યનો રાજ-માર્ગ દેખાડયો હતો, સત્યના જિજ્ઞાસુઓને તેના સાક્ષાત્કારનો યથાર્થ સિદ્ધાંત બતાવ્યો હતો અને દુઃખી દુનિયાને સાચા સુખનો અમોઘ ઉપદેશ આપ્યો હતો. એ મહાપુરુષ તે જૈનધર્મના મહાન્ પ્રવર્તક શ્રમણ ભગવાન્ શ્રી મહાવીર છે. વર્તમાન સૈકાથી પૂર્વે ૨૫મા સૈકાના એક ચૈત્ર શુદ ૧૩ ના દિવસે, નાત જાતિના ક્ષત્રિય કુલમાં એ મહાપુરુષનો અવતાર થયો હતો. જગત્‌ના સનાતન નિયમ પ્રમાણે જેમ દરેક મહાપુરુષના અવતારનું કોઇ વિશિષ્ટ રહસ્ય કે ઉદ્દેશ્ય હોય છે, તેમ ભગવાન્ મહાવીરના જન્મનું પણ તેવું ખાસ રહસ્ય-ઉદ્દેશ્ય હતું. તેમના એ જન્મ-રહસ્યને સમજવા માટે આપણે ભારતવર્ષની તત્કા-લીન પરિસ્થિતિના ઇતિહાસ સરોવરમાં એક ડૂબકી મારવી જોઇએ. તેમ કરતાં જણાશે કે તે વખતનું ભારતવર્ષ પણ લગભગ આજની માફક એક પ્રકા-રની પરાધીનતાની સાંકળથી જકડાએલું હતું. એ પરાધીનતા તે કોઇ વિદેશી રાજ્યસત્તારૂપે ન હતી, પરંતુ સ્વદેશી અંધશ્રદ્ધારૂપ હતી, સત્તાની ગુલામી કરતાં શ્રદ્ધાની ગુલામી વધારે બન્ધનકારક અને વધારે સ્વાતંત્ર્યવિઘાતક હોય છે. સત્તાની ગુલામીથી મુક્ત થવું સહેલું છે, પરંતુ શ્રદ્ધાની ગુલામીમાંથી મુક્ત થવું કઠિન છે. શ્રદ્ધાની ગુલામીએ સંસારમાં જેટલો ક્ષોભ અને ઉદ્વેગ મચાવ્યો છે તેટલો સત્તાની ગુલામીએ નહીં. જગત્‌માં હિંસા અને અધર્મના સામ્રાજ્યનું કારણ મૂળ અંધશ્રદ્ધા જ છે. એવી અંધશ્રદ્ધાની સત્તાથી તે વખતનું ભારતવર્ષ જકડા-એલું હતું.

ભારતવર્ષ ધર્મપ્રધાન દેશ છે. ભારતની પ્રજાની બહુમૂલ્ય સંપત્તિ તે તેની ધર્મભાવના છે. છે. ધાર્મિક સત્તા એ ભારતીય પ્રજાના મને સર્વો-પરિ સત્તા છે. જેમ એ ધર્મપ્રિયતાએ ભારતવર્ષને સંસારમાં સર્વ શ્રેષ્ઠપણું સમર્પ્યું છે તેમ તેને હીણુ-પણું પણ તેને આપ્યું છે. જેમ એક જાતની ધર્મ-પ્રિયતાએ ભારતને જગત્‌ના ગુરુપદે સ્થાપ્યું છે તેમ બીજી જાતની ધર્મપ્રિયતાએ તેને જગતમાં ગુલા-મીના આસને પણ બેસાડયું છે. એમાંથી પ્રથમ પ્રકારની ધર્મપ્રિયતાને હું આદર્શ શ્રદ્ધાનું નામ આપું છું, અને બીજા પ્રકારની ધર્મપ્રિયતાને અંધશ્રદ્ધા તરીકે જણાવવા ઇચ્છું છું. ભગવાન્ મહાવીરના અવતાર સમયે આદર્શ શ્રદ્ધાનો લોપ થઇ, દેશમાં અન્ધ શ્રદ્ધાનું વાતાવરણ છવાઇ રહેલું હતું. ધર્મગુરુ બ્રાહ્મણોએ બ્રહ્મ-ચિંતા છોડી દ્રવ્ય-ચિન્તાના મોહમાં સપડાયા હતા, અને તેના લીધે ધર્મગુરુના ઝભ્ભા નીચે તેઓ જાત્યભિમાન કુલાભિમાન અને સત્તા-ભિમાનનાં અનેક છુપા પહેરણો પહેરી રહેતા હતા. ધર્મ-કર્મની સર્વે સત્તા તેઓ પોતાના કબજામાં કરી બેઠા હતા અને જેઓ તેમના એ ઝભ્ભાને માન આપી તેમનું પ્રભુત્વ સ્વીકારતા તેમને જ તેઓ આસ્તિક કે આર્યપણાનો ખિતાબ આપી તેમના માટે મોક્ષના દ્વાર તેઓ ઉઘાડા રાખતા. તે સિવા-યના લોકો તેમના મતે શુદ્ર, વ્રાત્ય, અનાર્ય કે નાસ્તિક ગણાતા અને તેઓ મોક્ષના અનધિકારી કહેવાતા. એક તરફ તેઓ આવી રીતે પોતાના

વિરોધીઓને તિરસ્કારતા અને બીજી તરફ તેઓ પોતાના ભક્તોને પણ યજ્ઞ-યાગના મહાન્ આડંબરો અને દક્ષિણાના જબરદસ્ત કરોથી અપ્રીતિ ઉપજાવતા. દેશ બહારની જે પ્રજાઓ ભારતવર્ષનો આશ્રય લેવા આવતી તેમને અસ્પૃશ્ય અને અયોગ્ય કહી-ધર્મ અને જ્ઞાનના અનધિકારી બતાવી મનુષ્યતાની કોટિમાંથી પણ બહિષ્કૃત કરતા-કરાવતા. અશ્વમેધ, છાગમેધ, ગોમેધ, નરમેધ જેવા હિંસક યજ્ઞોમાં જીવઘાત કરી સદય અને ઉદાર આર્યોનાં અંતઃકરણ દુભાવતા. દેશમાં આવી રીતે અંધશ્રદ્ધાના યોગે દ્વેષ ક્લેશ અને ઘૃણાની ભાવના સર્વત્ર ફેલાઇ રહી હતી અને ધર્મના નામે અધર્મનું રાજ્ય ચાલી રહ્યું હતું. એવા જ સમયમાં ભગવાન્ મહાવીરનો જન્મ થયો હતો. આર્ય પ્રજાનું ધર્મના નામ નીચે આવું અધમાચરણ જોઇ તેમનું મન બહુ ઉદ્વિગ્ન થયું. અન્ધશ્રદ્ધાના બલી થએલા લોકોને પોતાના ઐહિક સુખ માટે અસંખ્ય પ્રાણીઓનો સંહાર કરતા જોઇ તેમનું દયાલુ હૃદય થરથરી ઉઠ્યું. તેમના અગાધ અંતઃકરણમાંથી ઉંડો ધ્વનિ ઉઠ્યો કે—

"બુજ્ઝાહિ ખત્તિયવરવસહા ! સયલ જગજ્જીવ હિય પવત્તેહિ ધમ્મતિત્થં. હિય સુય નિસ્સેયસકરં સવ્વલોએ સવ્વજીવાણં ભવિસ્સઇ ત્તિ ॥

"હે ક્ષત્રિયવરશ્રેષ્ટ ! ઉઠ, જગતના જીવોના હિતાર્થે ધર્મ તીર્થ પ્રવર્તાવ ! તારો ધર્મ બધા જીવોને હિત, સુખ અને નિશ્રેયસ્કર થશે !" પોતાના અંતકરણમાં ઉઠેલા આવા અવાજને માન આપી એ ક્ષત્રિયકુલ નેતાએ સર્વસ્વનો ત્યાગ કીધો અને પૂર્ણ નિર્ગ્રન્થ બની જગતના ઉદ્ધારનો માર્ગ ખોળી કાઢવા માટે નિર્જનવનોની ગહન ઝાડિયોનો આશ્રય લીધો. સાઢા બાર વર્ષની ઘોર તપશ્ચર્યાના અંતે એ મહાવીર નરને મુક્તિનો માર્ગ પ્રત્યક્ષ જણાયો અને પછી તદનુસાર જીવનના છેલ્લા ૩૦ વર્ષો સુધી સતત પરિભ્રમણ કરી આર્ય પ્રજાને તેમણે પોતાના મોક્ષમાર્ગનો સાચો સદ્બોધ આપ્યો. તેમણે જગતને પોતાના પેગામો આપતાં, અન્ધશ્રદ્ધાને દૂર કરવા માટે કહ્યું કે—

'સતતં મૂઢે ધમ્મં ણાભિજાણાતિ'

(અન્ધશ્રદ્ધાળુ ધર્મને જાણી શકતો નથી) જાત્યભિમાનને દૂર કરવા માટે જણાવ્યું કે—

'ણો હીણે, ણો અતિરિત્તે'

(જગતમાં કોઈ ઉંચ કે નીચ નથી.)

સંસારમાં સર્વ પ્રાણિઓને પોતાનું જીવિત પ્રિય હોય છે-માટે કોઇને પણ દુઃખ ન આપવું જોઇએ, તેવા અહિંસાના મહાન્ સિદ્ધાન્તને સમજાવતાં કહ્યું કે

"સવ્વે પાણા પિયાઉયા, સુહસાયા, દુઃખપડિકૂલા, અપ્પિયવહા, પિયજીવિણો, જીવિઉકામા। ણાતિવાએજ્જ કિંચણં।"

'સર્વ પ્રાણિઓને આયુષ્ય પ્રિય છે. સર્વ સુખને ઇચ્છે છે, દુઃખ બધાને પ્રતિકૂલ છે, વધ બધાને અપ્રિય છે. જીવિત સૌને પ્રિય છે. સર્વ જીવવા ચાહે છે. તેથી કોઇને મારવું કે દુઃખ નહીં આપવું.' અહિંસાના સિદ્ધાન્તને આવી સરલ, સાદી, સ્વાભાવિક અને સત્ય રીતે સંસારમાં બીજા કોઇએ સમજાવ્યો હોય તેમ અમારી જાણમાં નથી.

આત્મસંયમ અને બન્ધ-મોક્ષના રહસ્યને સ્પષ્ટ કરતાં એ વીરે જણાવ્યું કે—

"પુરિસા ! અત્તાણમેવ અભિણિગિજ્ઝ, એવં દુઃકખા પમોકખસિ—બન્ધમોકખો ય તુજ્ઝ અજ્ઝત્થમેવ।"

'હે પુરુષ ! તું તારા આત્માનેજ આશા તૃષ્ણાથી દૂર રાખ, જેથી દુઃખથી મુક્ત થશે-બન્ધ અને મોક્ષ એ બન્ને તારા અંતરમાંજ છે' વ્યક્તિ કે રાષ્ટ્રના ઉદ્ધાર માટે તેમણે જે એ માર્ગ બતાવ્યો છે તે પૂર્ણ સત્ય અને સનાતન છે. પુરુષ કે દેશને બન્ધનમાંથી મુક્ત કરનાર અન્ય કોઇ નથી પણ કેવલ આપણું પોતાનું જ સમ્યગ્દર્શન, જ્ઞાન અને આચરણ છે. શુદ્ધ શ્રદ્ધાપૂર્વક, સદસદ્વિવેકબુદ્ધિને જાગૃત રાખી જો આપણે સદાચારનું યથાર્થ પાલન કરીશું તો અવશ્ય પરાધીનતામાંથી મુક્તિ મેળવીશું.

એજ એ મહાવીરનો આર્ય પ્રજાને એક, નિત્ય અને અમોઘ ઉપદેશ છે.

એ ઉપદેશની મહત્તા આપણને જેટલી આજે જણાય છે તેટલી ભાગ્યેજ અન્ય કોઇ સમયે જણાઇ હોત. મોક્ષમાર્ગના એ મહાન્ ઉપદેષ્ટા ભગવાન્ મહાવીરના સિદ્ધાન્તો અને સત્યોને યથાર્થ સ્વરૂપમાં જનતા આગળ મુકવા માટે અને જૈન સમાજને પણ પોતાના એ પરમ પિતાના વીરત્વનું ભાન કરાવી, તે પ્રમાણે પોતાનું કર્ત્તવ્ય બજાવવા માટે, તૈયાર કરવાના ઉદ્દેશ્યથી આજે તે મહાપુરૂષના પવિત્ર અને ઉત્સાહપ્રેરક ચરિત્રાંશોથી અંકિત એવા આ અંકનું પ્રકાશન થાય છે.

['મહાવીર' પત્રના જન્મ સમયે લખેલ, અને તેમાંથી ઉધ્ધૃત. **તંત્રી.**]

વીર સ્તુતિઓ.

૧

અશેષકર્માંશતમઃસમૂહ-
ક્ષયાય ભાસ્વાનિવ દીપ્તતેજાઃ ।
પ્રકાશિતાશેષજગત્સ્વરૂપઃ
પ્રભુઃ સ જીયાજ્જિન વર્દ્ધમાનઃ ॥

—મલયગિરિ–સપ્તતિકા–મંગલાચરણ.

—જે સર્વ કર્મોના અંશ રૂપી અંધકારના સમૂહના ક્ષય માટે દીપતું જેનું તેજ છે એવા સૂર્ય રૂપ છે અને જેણે સર્વ જગતનું સ્વરૂપ પ્રકાશિત કર્યું છે એવા વર્ધમાન જિન જીવન્ત રહો.

૨

નિરૂપમ મનન્તમનઘં
શિવપદમધિરૂઢમપગતકલઙ્કં ।
દર્શિતશિવપુરમાર્ગં,
વીરજિનં નમત પરમશિવં ॥

—મલયગિરિ–સપ્તતિકા પ્રશસ્તિ.

—નિરૂપમ, અનન્ત, અનઘ–નિષ્પાપ, શિવપદ પર આરૂઢ થયેલા, નિષ્કલંક, જેણે શિવપુરનો માર્ગ બતાવ્યો છે એવા પરમશિવ વીરજિનને નમસ્કાર કરો.

૩

નમો દુર્વારરાગાદિ-
વૈરિવાર નિવારિણે ।
અર્હતે યોગિનાથાય,
મહાવીરાય તાયિને ॥

--હેમચંદ્રજી.

—દુઃખે કરી નિવારાય એવા રાગાદિ શત્રુઓના સમૂહને નિવારનાર, અર્હત્ યોગિનાથ, તારક મહાવીરને નમસ્કાર.

૪

ન વેદ સિદ્ધાર્થભવોપિ યઃ સ્વય,
ચકાર સિદ્ધાર્થભવત્વમાત્મનઃ ॥
સુસંવરઃ સંવર વૈરિનિર્જયાત્,
સસમદં વીર જિનસ્તનોતુ વઃ।

—મુનિભદ્ર કૃત શાન્તિ ચરિત.

—પોતે સિદ્ધાર્થભવ (સિદ્ધાર્થ રાજાના પુત્ર) હોવા છતાં તે ન ગણકારતાં પોતાની મેળેજ પોતાનું સિદ્ધાર્થ ભવત્વ (જેણે અર્થ સિદ્ધ કર્યો એવા સિદ્ધા-

ર્થનું હોવાપણું-અર્થસિદ્ધિ-મોક્ષ મેળવવાપણું) પ્રાપ્ત કર્યું; સંવર (કર્મનાં આવરણનો અટકાવ)ના વેરી એવા આસ્રવ (કર્મનાં આવવાનાં દ્વારો) પર વિજય મેળવી પોતે સુસંવર (સમ્યગ્રીતે જેણે સંવર કર્યો છે એવા) થયા, તે વીરજિન આપણું કલ્યાણ કરો.

૫

યસ્યોપદેશપદમવગત્ય નિત્યં
મુક્તિશ્રિયં તનૂભૃતઃ સપદિ શ્રયન્તે ।
સ્વર્ભૂર્ભુવઃ કમલકોશવિકાસનૈક-
પ્રદ્યોતનઃ સજયતાજ્જિન વર્ધમાનઃ ॥

—રામભદ્ર કૃત પ્રબુદ્ધરૌહિણેય નાટક.

—જેના ઉપદેશ-પદને જાણીને શરીરધારી-જીવો મુક્તિરૂપી લક્ષ્મીને એકદમ નિત્ય મેળવે છે, તે સ્વર્ગલોક-ભૂર્લોક-ભૂલોક (સરખાવો બ્રાહ્મણોની ગાયત્રી 'ૐ ભૂર્ભુવસ્વસ્તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્)-ના કમલકોશને વિકસાવનાર પ્રદ્યોતન-સૂર્ય રૂપ જિન વર્ધમાન જય પામો.

૬

જયતિ વિનિર્જિતરાગઃ
સર્વજ્ઞસ્ત્રિદશકૃતપૂજઃ ।
સદ્‌ભૂતવસ્તુવાદિ,
શિવગતિનાથો મહાવીરઃ ॥

—જેણે રાગ જીત્યા છે, જે સર્વજ્ઞ છે, જેની દેવતાએ પૂજા કરી છે, જે સદ્‌ભૂત વસ્તુવાદી, અને શિવગતિનો સ્વામી છે તે મહાવીર જય પામો.

૭

સદષ્ટીનાં સમસ્તાર્થા,
ગોભિર્યસ્ય પ્રકાશિતાઃ ।
તં નત્વા શ્રી મહાવીર-
તિગ્મરશ્મિં તમોઽપહં ॥

—અભયદેવ સૂરિ પંચાશક વૃત્તિ.

—જેણે સમ્યગ્દષ્ટિના સમસ્ત અર્થો વાણીથી પ્રકાશેલ છે એવા તમોપહારી, તિગ્મરશ્મિ-પ્રખર તેજવાન્ મહાવીરને નમન કરીને.

૮

ચલનકોટિવિઘટ્ટનચંચલી-
કૃતસુરાચલવીરજગદ્‌ગુરો ।
ત્રિભુવનાશિવનાશ વિધૌ જિન
પ્રભવતે ભવતે ભગવન્નમઃ ॥

—ચરણની અણીઓના ઘસવાથી સુરાચલ-મેરૂ પર્વત કીધો ચંચલ-ચપલ જેણે, એવા શ્રી વીર ! જગગુરૂ ! ત્રણ ભુવનના અશિવને નસાડવાની-નાશ કરવાની વિધિમાં સમર્થ એવા હે જિન ! હે ભગવન્! આપને નમસ્કાર હો.

—જિનપ્રભ સૂરિ.

૯

દાણાણ સેટ્ઠં અભયપ્પયાણં,
સચ્ચેસુ યા અણવજ્જં વયંતિ ।
તવેસુ વા ઉત્તમ બંભચેરં.
લોગુત્તમે સમણે નાયપુત્તે.

—જેમ સર્વદાનમાં અભયદાન શ્રેષ્ઠ છે, સત્ય વચનોમાં જેમ અનવદ્ય-દોષ કે પાપરહિત વચન શ્રેષ્ઠ છે, સર્વ તપોમાં જેમ બ્રહ્મચર્ય શ્રેષ્ઠ છે, તેમ શ્રમણ જ્ઞાતપુત્ર (મહાવીર) લોકોત્તમ છે.

—સૂત્રકૃતાંગ વીરસ્તુતિ ગાથા ૨૩.

હિતશિક્ષા સ્વાધ્યાય.

મંગલકરણ નમીજે ચરણ, જનમ મરણ ચિહું ગઈહરણ;
જીવ જગાવે હવે આપણો, ઇણે સંસારે રસીઓ ઘણો. ૧

ઊઠિરે જીવ તૂં સૂતો જાગિ, જઇ જિનવરનેં પાએ લાગિ;
વિકથા વાતતણો રસ છાંડિ, અરિહંત ધ્યાન સમકિત મુહમાંડિ.

સત્ય સીલ પાલે આતમા, પાપે જાઇસ નરગે સાતમા;
દેવ પૂજે ગુરૂને દે દાન, કરિ પડિકમણું કરિ પચખાણ. ૩

ધંધો કરતાં દિન બહુ ચઢે, પોરસિ કરે તો પોતે પડે;
વિણ પચખાણ દિન બહૂ ગયો, કાંઇરે જીવ ગોરૂપરિ રહ્યો.

બિહું ઘડી દિન વ્યાલૂ કીજીઇં, અણગલ પાણી નવિ પીજીઇં;
રાતે કરે ત્રિવિહાર ચોવીહાર, જાણેં ચિંતે અથિર સંસાર.

વહેલો ઉઠે રાતિ પાછલી, સામાયક તું લેજે વલી;
પહેલું લેજે દેવગુરૂ નાંમ, જોઇ પૂંજી કરજ્યે કાંમ. ૬

છાંણું ઇંધણ નિત સોધીઇં, ચૂલો હાંડી પછે પૂંજીઇં;
ઘરટી ઉખલ જોએ ઘણું, દીવે મેલ્હે નિત ઢાંકણું. ૭

રે જીવ પહેલું દેહરે જઈ, ચૈત્ય વંદન કરે એકમનો થઇ;
પછે વંદે ગુરૂના પગ બિહૂને, ધર્મવિચાર સુણે ગુરૂ કન્હે. ૮

સાધુ અધર્મી દેખે જિહાં, નીચૂં સિર નામે વલી તિહાં;
વિનય વહે વડાનો ઘણો, પંચ પર્વ કરે એકાસણો. ૯

પ્રહ ઊઠિને પઢયું ગણે, ઘણું સંભાલે કેહસ્યું મમ વઢે;
નોકરવાલી એક બે ગુણે, વાત તાત કેહની મમ સુણે. ૧૦

મનગમતો વલી સાચો ભાખિ, મ ભરીસ કેહની કૂડી સાખિ;
ગાઢિ મ બોલીસ રાતિ પાછલી, સૂતો મ જગાડીસ કેહને વલી.

થોડાથી વાત ઘણી મ જોડિ, અદેખાઈ અધિકેરી છોડિ,
રે જીવ મ કરીસ કેહની તાતિ, કૂડા કલંક સહે પાંચ સાત.

લોક અપવાદ તણો ભય ધરે, કૂડા સાચા સમ મત કરે;
થાલ સાહમૂં જોઇને જિમે, સારેપસિં (સરપસિં) શમતિ
મતિ રમે.

પાંણી મ પીજે ઉંચે મુખે દૂખીઓ થાઇ પરાઇ દુખે;
નીલ ફૂલ મ ચંપે સેવાલ. નાચ ગીતના જોણાં ટાલિ. ૧૪

ફલફૂલ નાચૂં નવિ ફ્રટીઇં, થાપણ દેણું દેઇ છૂટીઇ;
પરસ્ત્રી દેખી નીચું જોઇ, પડયો વીસર્યો મ લેજ્યો કોય.

આલિંગાલ ન દીજેં કહી, કઠોલમાં મ જિમસ્યો દહીં;
નિજ ગુણ ઢાંકી પરગુણ બોલિ, મરમ મોસા કેહનાં મમ ખોલિ.

મંત્ર યંત્રનાં ભામાં છોડિ. જડીબૂટી મમ આંણે ખોડિ;
સરજ્યો નિમિત્ત તણો નવિ ટલેં, ચિંતાઇ ચિંતવીકં ફલે,૧૭

મ કરીસ કેહસ્યૂં કલહ વિવાદ, આરતિ રૂદ્ર હોવેં વિષવાદ;
હરખ ઉચાટ હીઇં મમ ધરેં, નિરતિ વિરત ખિમા આદરે.

રે જીવ ભૂં જોઇ પગ મૂંકિ. રે જીવ રજ ઘાલી ભૂંઈ થૂંકિ;
ચાલત ઉઠત બેસત સયણ. મત બોલે ઉઘાડે વયણ. ૧૯

છતે આલે વઢવાડિ મ ઘાલિ. મોડે બોલે મોડે ચાલિ;
ચૂંટી ગંધે નાક મ મોડિ. આખાં ફલ રાંધ્યે હોઇ ખોડિ.

છાનું લીધૂં દીધૂં માન, ખાધૂં પીધૂં કહે નિધાંન;
થોડૂં સૂજે થોડૂં જિમે, થોડૂં બોલે થોડૂં ભમે. ૨૧

બે જણ વાત કરતાં હોએ જિહાં, ત્રીજો ઉભો મત રહેજ્યો તિહાં
નવિ રહીઈ કાઇ કરતો હોઇ ગાહિ, ત્રિરૂઉં મ બોલીસ કેહને હોઠિ

નિસુણી વાત કાને કેહતણી, આંખે દેખી પરતિખ ઘણી;
કેહનો કહ્યો પાછો મત કહે, મૌન કરી અણબોલ્યો રહે.

આપનિંદા પરનિંદા ત્યજિ, ભૂખ્યાં તરસ્યાં ઘાલે ધાંન;
કૂડાં કઠિણ કેહસ્યૂં મત બોલિ, ઓછો અધિકો કિમે મ તોલિ.

ગુણ કીધો પરનો જાંણીઇં, આપણપૂં નવિ વખાણીઇં;
વિજયભદ્રની એ સીખ કરે, ગરભ વાસ તે નહી અવતરે. ૨૫

વિજયભદ્ર (વિ. ૧૫ મું શતક).

ભગવાન મહાવીર અને જમાલિના મતભેદનું રહસ્ય.

તુલના.

[લેખક—પંડિત સુખલાલજી.]

જેમ બુદ્ધ ભગવાનના અનેક હરીફોમાં એક હરીફ તેમનો શિષ્ય દેવદત્ત હતો તેમ ભગવાન મહાવીરના પણ અનેક હરીફોમાં એક હરીફ તેમનો શિષ્ય જમાલિ હતો. આ દેવદત્ત અને જમાલિ વચ્ચે કેટલુંક સામ્ય હતું. આ સામ્ય જાણવાથી ભગવાન મહાવીર અને જમાલિ વચ્ચેના મતભેદના આંતરિક કે બાહ્યકારણો ઉપર કેટલોક પ્રકાશ પડવાનો સંભવ છે. તેથી પ્હેલાંજ તે જણાવી દઇએ. દેવદત્ત ક્ષત્રિય અને જમાલિ પણ ક્ષત્રિયજ. દેવદત્ત ભિક્ષુક સ્થિતિમાં બુદ્ધ ભગવાનનો શિષ્ય હતો અને સાંસારિક સ્થિતિમાં પણ તેઓનો સગોજ હતો. જમાલિ પણ ભગવાન મહાવીરનો શિષ્ય અને સગો હતો. ફેર એટલો કે દેવદત્ત બુદ્ધનો સાળોજ હતો. અને જમાલિ મહાવીરનો ભાણેજ તથા જમાઇ હતો. સગો અને શિષ્ય છતાં દેવદત્તને બુદ્ધ ભગવાનના શિષ્ય વર્ગમાં પ્રધાનપદ મળ્યું હતું. જમાલિના સંબંધમાં પણ તેમજ હતું. સગપણને લીધે મહત્તા પારખવાની સામાન્ય ઉણપ, જન્મસિદ્ધ ક્ષત્રિય સ્વભાવની ઉગ્રતા અને પોતાના ગુરૂ સમક્ષ પોતા સિવાય બીજાઓનું પ્રધાનપણું—આ ત્રણે કારણો જેનાથી સામાન્ય રીતે મતભેદનો વધારે સંભવ છે તે દેવદત્ત અને જમાલિમાં સમાન હતાં. તે બન્નેને લગતી જે હકીકત મળે છે તે ઉપરથી એ વાત જાણી શકાય તેવી છે. જેવી રીતે દેવદત્તે અનેક પ્રપંચો રચી બુદ્ધને મારવા કોશિષ કરી હતી તેવું જમાલિએ કાંઇ પણ કર્યું હોય તે માટે એક પણ પ્રમાણ નથી છતાં એટલું ખરૂં કે દેવદત્તે અને જમાલિએ પોતપોતાના ગુરૂ વિરૂદ્ધ પોતપોતાનો ખાસ અનુયાયિ વર્ગ સ્થાપ્યો હતો. દેવદત્ત અને જમાલિ પછી તેઓનો અનુયાયિવર્ગ કે તેઓના પંથનું સાહિત્ય કાંઇ પણ રહ્યું હશે તેમ માનવાને પ્રમાણ નથી. દેવદત્તનો ઉલ્લેખ જૈન કે વૈદિક સાહિત્યમાં કયાંય નથી. માત્ર બૌદ્ધ સાહિત્યમાં છે. જમાલિનો ઉલ્લેખ પણ માત્ર જૈન સાહિત્યમાં છે. બૌદ્ધ સાહિત્યમાં દેવદત્તને સૌથી પ્હેલો સંઘભેદક કહ્યો છે. જૈન સાહિત્યમાં પણ જમાલિને પ્રથમ 'નિહ્નવ' કહ્યો છે. સંઘભેદક અને નિહ્નવ બન્ને શબ્દનું તાત્પર્ય એકજ છે. દેવદત્ત અને જમાલિ એ બન્ને પોતપોતાના ગુરૂની હયાતીમાંજ કાળધર્મ પામ્યા હતા.

વૈદિક અને બૌદ્ધ સાહિત્યમાં તો જમાલિનો ઉલ્લેખ નથીજ પણ જૈન સાહિત્યમાં સુદ્ધાં તેનો ઉલ્લેખ એકપાક્ષિકજ છે. દિગંબરીય સાહિત્યમાં જમાલિનું મહાવીરના જમાતારૂપે વર્ણન ન હોય તે સ્વાભાવિક છે, કારણકે દિગંબરો મહાવીરને અવિવાહિતજ માને છે. પણ મહાવીરના ભાણેજ તથા શિષ્યરૂપે પણ જમાલિનું વર્ણન દિગંબરીય સાહિત્યમાં નથી એ વાત શ્વેતાંબર અને દિગંબર સાહિત્યના મૌલિક અભ્યાસી માટે ખાસ અર્થસૂચક છે.

જીવન સંબંધી સાહિત્ય.

શ્વેતામ્બર સાહિત્યમાં અંગ અને ઉપાંગ એ બન્ને પ્રકારનાં શાસ્ત્રો પ્રાચીન ગણાય છે. તે બન્નેમાં જમાલિનો ઉલ્લેખ છે. સ્થાનાંગ નામના ત્રીજા અંગમાં—સાતમા સ્થાનકમાં (પૃ. ૪૧૧ સૂ૦ ૫૮૭) નિન્હવો (એટલે મહાવીરની આજ્ઞાના ઉત્થાપકો) ના ઉલ્લેખમાં જમાલિનું પ્રથમજ નામ આવે છે. ઔપપાતિક નામના ઉપાંગમાં પણ જમાલિનો નિન્હવ તરીકે ઉલ્લેખ છે. આવશ્યક નિર્યુક્તિ, વિશેષાવશ્યક ભાષ્ય વિગેરે પાછળના ગ્રંથોમાં તેનું વર્ણન નિન્હવ તરીકેજ આવે છે, પણ વધારે વિસ્તૃત અને વધારે

માહિતી આપનારૂં વર્ણન તો [1]ભગવતી નામના પાંચમા અંગના નવમા શતકમાં ને ત્રીશમા ઉદ્દેશકમાં છે. તે સમગ્ર વર્ણન આપવાનું આ સ્થળ નથી. માત્ર પ્રસ્તુત લેખના મૂળ વિષયમાં ઉપયોગિ થાય તેવી દૃષ્ટિથી અને તે વખતની સામાજિક મર્યાદા, ધાર્મિક જીવન અને તત્વજ્ઞાનની માન્યતા જાણવામાં ઉપયોગી થાય તે દૃષ્ટિથી જમાલિના જીવનવૃત્તનો કેટલોક ભાગ અહિં આપવો આવશ્યક છે.

જીવનવૃત્ત.

ક્ષત્રિયકુમાર જમાલિ એ, મહાવીરના જન્મ-સ્થાન ક્ષત્રિયકુળનો નિવાસી હતો. તે મહાવીરની બ્હેન પ્રિયદર્શનાનો પુત્ર અને મહાવીરની પુત્રી સુદર્શનાનો પતિ હોઈ મહાવીરનો બેવડો સગો હતો. એ મ્હોટો રાજા ન હતો. છતાં વૈભવશાળી તો હતોજ એક વખતે શ્રમણ ભગવાન મહાવીર ક્ષત્રિયકુંડની બહાર ચૈત્યમાં (ઉદ્યાનમાં) પધાર્યા. તેઓને વંદન કરવા અનેક લોકોની જેમ મોટા દાદમાદ સાથે તે ઉદ્યાનમાં આવ્યો. ભગવાન પાસે ધર્મોપદેશ સાંભળ્યો અને તેથી આકર્ષાયો. પ્હેલાં તો તેણે ભગવાનને કહ્યું કે હું નિર્ગ્રંથપ્રવચન એટલે આપનું શાસન સ્વીકારૂં છું કારણકે તે મને રૂચે છે; પછી તેણે ભિક્ષુ થવાની ઇચ્છા પણ પ્રકટ કરી. શ્રમણ ભગવાને તે માટે જરાએ ઢીલ ન કરવા કહ્યું કે તુરતજ ભિક્ષુપદ માટે અનુમતિ મેળવવા જમાલિ ઘેર આવ્યો અને માતાપિતાને તે માટે બહુ વિનવ્યા. પુત્રના તીવ્ર વૈરાગ્યની ખાત્રી છતાં છેવટે માતાપિતાએ ભિક્ષુપદ માટે પોતાની ન છુટકે અનુમતિ આપી. મ્હોટી ધામધુમ પૂર્વક જમાલિએ બીજા પાંચસો પુરૂષો સાથે શ્રમણ ભગવાન પાસે દીક્ષા લીધી અને અધ્યયન શરૂ કર્યું. ટુંક વખતમાં સામાયિકાદિ અગ્યાર અંગો શીખી ગયો અને પછી અનેક પ્રકારે ઉપવાસોના તીવ્ર તપોવનથી આત્માને ઉન્નત કરતો વિચરવા લાગ્યો. ક્યારેક જુદા વિચરવાની ઇચ્છાથી જમાલિએ શ્રમણભગવાન પાસે આવીને વંદનપૂર્વક કહ્યું કે ભગવન્! હું પાંચસો ભિક્ષુકો સાથે આપની અનુજ્ઞા પૂર્વક જુદો વિચરવા ઇચ્છું છું. શ્રમણ ભગવાને મૌન સ્વીકાર્યું ને તેથી માગણીનો સ્વીકાર ન કર્યો. ત્રણવાર પુછ્યાં છતાં પણ જ્યારે શ્રમણ ભગવાને મૌન ન તોડ્યું ત્યારે છેવટે જમાલિ પોતાના પાંચસો સહચારી ભિક્ષુકો સાથે છુટો પડી સ્વતંત્ર વિચરવા લાગ્યો. અને વિચરતાં વિચરતાં શ્રાવસ્તીમાં આવી પહોંચ્યો

નીરસ, રૂક્ષ, તુચ્છ અને અનિયમિત ખાનપાનથી તેને જ્વર આવ્યો. પિત્તજ્વરથી બહુ વેદના થતાં તેણે આરામ માટે સહચારી ભિક્ષુકોને શય્યા પાથરવા કહ્યું. ભિક્ષુકોએ વિનય પૂર્વક તેની આજ્ઞા સ્વીકારી. જ્વરની તીવ્ર વેદનાથી વ્યાકુળ થયેલ તેણે તુરતજ ફરીથી ભિક્ષુકોને પુછ્યું કે શું શય્યા કરી કે કરો છો? ભિક્ષુકોએ ઉત્તર આપ્યો શય્યા હજી થઈ નથી પણ થાય છે. આ ઉત્તર સાંભળી જમાલિને વિચાર થયો કે શ્રમણભગવાન એમ કહે છે કે 'જે કર્મ ચલિત થતું હોય, ક્ષીણ થતું હોય, અથવા આત્માથી છુટું પડતું હોય તે ચલિત થયું, ક્ષીણ થયું, આત્માથી મુકત થયું કહી શકાય'—એ કથન મિથ્યા છે કારણ કે એ કથન અનુભવથી વિરૂદ્ધ છે. આવો વિચાર આવતાં જ તુરતજ તેણે સહચારી ભિક્ષુકોને બોલાવ્યા અને કહ્યું કે 'જુઓ શ્રમણ ભગવાન કહે છે કે જે કર્મ ચલિત થવા, ક્ષીણ થવા અને વિપાક આપી આત્માથી છુટું રાખો તેને ચલિત થયું, ક્ષીણ થયું, છુટું થયું એમ કહી શકાય. આ કથન કેટલું અનુભવ વિરૂદ્ધ છે? તમો સંથારો કરો છો ત્યારે તેને કર્યો" એમ નથી કહેતા પણ કરીએ છિએ એમ કહો છો અર્થાત્ ચાલુ ક્રિયાને ચાલુજ માનો છો, પૂર્ણ નથી માનતા અને શ્રમણ ભગવાન તો ચાલુ ક્રિયાને પણ પૂર્ણ કહે છે. આ કથન ખરેખર અનુભવ વિરૂદ્ધ છે."

આ વિચાર જમાલિ પાસેથી સાંભળતાંજ તે કેટલાક ભિક્ષુકોને પસંદ આવ્યો પણ કેટલાકને પસંદ ન આવ્યો. જેઓને પસંદ આવ્યો તેઓ જમાલિ સાથે રહ્યા અને બીજા તેનાથી છુટા પડી શ્રમણભગવાનને જઈ મળ્યા.

[1] આ માટે જૂઓ પં૦ બેચરદાસના અનુવાદવાળું ભગવતી સૂત્ર પૃ૦ ૪૧.

આ વખતે શ્રમણભગવાન ચંપાનગરીમાં હતા. જ્વર-મુક્ત થઈ શકિત મેળવ્યા પછી જમાલિ પણ શ્રમણ-ભગવાન પાસે આવ્યો અને વંદન નમસ્કાર કર્યા સિવાય એમજ ઉભો રહી કહેવા લાગ્યો કે જેમ તમારા અન્ય શિષ્યો અપૂર્ણ અવસ્થામાં તમારાથી છૂટયા પડયા અને પાછા અપૂર્ણ સ્થિતિમાંજ તમારી પાસે આવ્યા છે તેમ હું નથી આવ્યો. હું તો અર્હત્ જિન, સર્વજ્ઞ, અને પૂર્ણ થઇ અહિં આવ્યો છું. આ સાંભળી શ્રમણ ભગવાનને પાસે બેઠેલ તેઓના પ્રધાન શિષ્ય ગૌતમે જમાલિને કહ્યું કે, જો તું સર્વજ્ઞ હોય તો 'લોક શાશ્વત છે કે અશાશ્વત ?" તેમજ 'જીવ શાશ્વત છે કે અશાશ્વત ?' એ બે પ્રશ્નોનો ઉત્તર આપ. જમાલિ વિચારમાં પડી ગયો અને ઉત્તર ન આપી શકયો એ જોઇ શ્રમણ ભગવાને કહ્યું કે 'જમાલિ, મારા ઘણાં છદ્મસ્થ (અસર્વજ્ઞ) શિષ્યો છે જેઓ આ પ્રશ્નોનો ઉત્તર મારી પેઠે આપી શકે છે. છતાં તેઓ તારી પેઠે પોતાને સર્વજ્ઞ નથી કહેતા એમ કહી શ્રમણભગવાને તે પ્રશ્નોનો ઉત્તર આ પ્રમાણે આપ્યો. લોક અને જીવ શાશ્વત પણ છે કારણકે તે ઉત્પન્ન કે નષ્ટ થતા નથી તેમજ અશાશ્વત પણ છે કારણકે તે બન્ને અનેક પરિવર્ત્તનો પણ અનુભવે છે. શ્રમણ ભગવાનનો આ ઉત્તર જમાલિએ ન માન્યો અને ત્યાંથી ચાલ્યો ગયો. છુટા પડી તેણે અનેક વર્ષ સુધી ભિક્ષુપદ પર કાયમ રહી શ્રમણ ભગવાન વિરૂદ્ધ હીલચાલ કરી. અને પોતાને તથા બીજા અનેકને આડે રસ્તે દોર્યા. છેવટે પંદર દિવસની સંલેખના (અનશન) કરી મરી નીચ દેવરૂપે પેદા થયો.

મતભેદની બાબત.

જમાલિ ને શ્રમણ ભગવાન વચ્ચે બીજી કોઇ પણ બાબતમાં મતભેદ હતો કે નહી તેનું વર્ણન મળતું નથી. માત્ર એક બાબત વિષેના મતભેદનું વર્ણન મળે છે. અને તે આ–જમાલિનું કહેવું હતું કે ધારેલું ફળ ન આવે ત્યાં સુધી તે માટે ચાલતા પ્રયત્નને સફળ નજ કહી શકાય. શ્રી મહાવીરનું કહેવું હતું કે ધારેલું છેવટનું ફળ મળ્યા પ્હેલાં પણ તે માટેના ચાલુ પ્રયત્ન ને સફળ પણ કહી શકાય. આ મતભેદ જે શબ્દોમાં અહીં મુકવામાં આવે છે, તેવા શબ્દો જો કે શાસ્ત્રોમાં નથી છતાં શાસ્ત્રોમાં વર્ણન કરેલ મતભેદનું સ્વરૂપ વ્યાવહારિક ભાષામાં આ રીતે મુકવું સરલ ને યોગ્ય કોઇને જણાયા વિના ન રહે.

મંખલિપુત્ર ગોશાલક મહાવીરની સાધક અવસ્થામાંજ તેઓ સાથે રહેલો અને છુટો પડેલો એવું વર્ણન જૈન ગ્રંથોમાં છે. પણ મહાવીરના ઉપદેશક જીવનમાં તેઓની આજ્ઞા અવગણી તેઓથી છુટો પડનાર અને જુદો સંપ્રદાય ચલાવનાર તેઓના શિષ્યમાં આ જમાલિજ પ્રથમ ગણાય છે. તેથી જેમ બૌદ્ધશાસ્ત્રોમાં દેવદત્ત પ્રથમ સંઘભેદક તરીકે વર્ણવાએલ છે તેમ જૈન શાસ્ત્રોમાં જમાલિ પ્રથમ નિન્હવ મનાએલ છે.

અહીં વિચારક વાચકને સ્હેજે પ્રશ્ન થશે કે અહિંસામાં ને ક્ષમામાં જગતગુરૂ ગણવા યોગ્ય દીર્ઘ તપસ્વી મહાવીરે પોતાના ભાણેજ, જમાઇ અને શિષ્યનાં નજીવા મતભેદની ઉપેક્ષા ન કરતાં વિરોધ કર્યો અને પરિણામે સંઘમાં પ્રથમ જ ફાંટો પડ્યો, એ કરતાં જો તેઓએ આટલા ન્હાના મતભેદને ખમી ખાધો હોત તો શું વધારે ગંભીર ન ગણાત ? અથવા શું તેટલા માત્ર મતભેદ ઉપરાંત સિધી રીતે વિરોધનાં કારણો હશે ? ઉપરના મતભેદ ઉપરાંત સિધી રીતે વિરોધનાં અન્યકારણો હોય તેમ માની લેવાને અત્યારે કાંઇ સાધન નથી. એટલે મહાવીરના વ્યક્તિત્વના વિચારની દૃષ્ટિએ પણ એ વિચારવું પ્રાપ્ત થાય છે કે એ મતભેદનો વિરોધ કરવામાં મહાવીરનું તાત્પર્ય શું હશે ? જો ઘણા કારણુસર આપણે એમ માની લઇએ કે મહાવીર એ ખરેજ મહાવીર, દીર્ઘ તપસ્વી, સહિષ્ણુ અને ક્ષમા તથા અહિંસાની પ્રત્યક્ષ મૂર્તિ હતા તો એ પણ સ્વીકારવું જોઇએ કે જમાલિના મતભેદની ઉપેક્ષા કરવામાં તેઓએ પરિણામે સંઘનું કાંઈ વધારે અહિત ધાર્યું હશે. એ અહિત તે શું ? એ અત્યારે આપણે આપણીજ દૃષ્ટિએ વિચારી શકીએ. તે વિચાર કરવો એજ પ્રસ્તુત લેખનું ધ્યેય હોવાથી નીચે તેનો વિચાર કરીએ.

વાંધો લેવાનું રહસ્ય.

ભગવાન મહાવીરનો સિદ્ધાંત અનેકાંત હતો. અનેકાંત એટલે કોઇ પણ એક વસ્તુને પ્રામાણિકપણે અનેક દૃષ્ટિએ તપાસવી. અનેકાંત એ માત્ર વિચારનોજ વિષય નથી. પણ આચરણ સુદ્ધામાં તેનું સ્થાન છે. જો કે અનેકાંત પ્રામાણિક અનેક દૃષ્ટિઓનો (અપેક્ષાઓનો) સમુચ્ચય છતાં સંક્ષેપમાં તે બધી દૃષ્ટિઓને બે ભાગમાં વ્હેંચી નાખવામાં આવી છે. પ્હેલી વ્યવહાર દૃષ્ટિ અને બીજી નિશ્ચય દૃષ્ટિ—પારમાર્થિક દૃષ્ટિ.

વ્યવહાર દૃષ્ટિ એટલે સ્થૂલ અનુભવ ઉપર ઘડાએલી માન્યતા અને નિશ્ચય દૃષ્ટિ એટલે સૂક્ષ્મ અનુભવ ઉપર ઘડાએલી માન્યતા. પ્હેલી દૃષ્ટિમાં સ્થૂલતાને લીધે અનુભવોની વિવિધતા હોય છે. જ્યારે બીજીમાં સૂક્ષ્મતાને લીધે અનુભવોની એકતા હોય છે. પ્હેલીમાં ઉપલકપણું અને બીજીમાં ઉંડાણ હોય છે. તેથીજ પ્હેલીમાં સાધ્ય ને સાધનનો ભેદ અને બીજીમાં સાધ્ય સાધનનો અભેદ મનાય છે. પ્હેલી દૃષ્ટિના અધિકારી સાધારણ અને ઘણા લોકો હોય છે, બીજીના અધિકારી બહુ થોડા હોય છે.

મહાવીરનું કથન હતું કે વ્યવહાર અને નિશ્ચય એ બન્ને દૃષ્ટિને આધારેજ કોઈ પણ માન્યતા સ્થિર કરવામાં આવે અગર પ્રવૃત્તિ કરવામાં આવે તોજ સર્વત્ર સમાધાન અને વ્યવસ્થા રહી શકે. જો નિશ્ચય વિનાની કેવલ વ્યવહાર દૃષ્ટિનું અનુસરણ કરવામાં આવે તો ભેદ તથા વિરોધબુદ્ધિ વધારે કેળવાય અને ટુંકી દૃષ્ટિને લીધે ધૈર્ય જલ્દી ખુટી જવાથી લક્ષ્ય સુધી નજ પહોંચી શકાય. તેવી રીતે વ્યવહારવિનાની કેવળ નિશ્ચય દૃષ્ટિને ખરા અર્થમાં અનુસરવામાં આવે તો જો કે કાંઇ નુકસાન નજ થાય પણ તેવી નિશ્ચય દૃષ્ટિને અનુસરનાર મળે કોણ? એકાદ વ્યક્તિ ભલે તેવી હોય પણ તેથી સામુદાયિક હિતની સંભાવના ઘણીજ ઓછી રહે છે. મ્હોટે ભાગે તેવી દૃષ્ટિના નામ નીચે દંભજ ચાલવા માંડે છે. તેથી નિશ્ચય દૃષ્ટિને ધ્યાનમાં રાખી વ્યવહાર દૃષ્ટિને અનુસરવામા જ ક્રમિક વિકાસનો વધારે સંભવ છે.

મહાવીરના અનેકાંતવાદનું ઉપર્યુક્ત ધ્યેય સમજી લીધા પછી જમાલિના મતનો તેઓએ શા સારૂ વિરોધ કર્યો એ વાત ધ્યાનમાં આવી શકશે.

ભગવાને અનુભવથી જોયું કે સાધારણ જનસ્વભાવ ધીરજ વિનાનો અગર ઓછી ધીરજવાળો હોય છે. તેથી દરેક માણસ કોઇ પણ પ્રયત્ન શરૂ કરી તેનું ફળ તરત ઇચ્છે છે, તે માટે આપવો જોઇતો ભોગ આપવા તે તૈયાર નથી હોતો. ઘણીવાર તો ફળપ્રાપ્તિ નજીક આવ્યા છતાં અધીરજને લીધે એકાદ નાની મોટી મુશ્કેલી આવતાં તે મોટે ભાગે સિદ્ધ થએલ પ્રયત્નને પણ નિરાશ થઈ છોડી દે છે. અને નિષ્ફળતા મળતાં પોતાની ધીરજની ઉણપને ન જોતાં તે બહારની મુશ્કેલીઓને તરછોડે છે, તેના ઉપર કંટાળો લાવે છે. કેટલાંક લોકોને પોતાના પ્રયત્નોમાં વિક્ષેપ નાંખનાર ગણી તેની સાથે દુશ્મનાવટ બાંધે છે અને આ રીતે માનસિક ભૂમિકા મલિન કરી મૂકે છે. જેમ દુન્યવી કામોમાં તેમ પારમાર્થિક માર્ગમાં પણ અધીરજથી ઘણાએ પાછા હટે છે. કોઇ સાધક અમુક વખત સાધના કર્યા બાદ ઇષ્ટ પ્રમાણમાં ફળ ન મળતાં નિરાશ થઇ તરતજ તે સાધના છોડી બેસે છે, અને નિરાશ થઇ આડે રસ્તે દોરાય છે. ઘણા ભિક્ષુઓ ઘણાં તપસ્વીઓ એજ કારણથી અડધે માર્ગે જઇ નીચે પડયાના દાખલા આપણે ક્યાં નથી જાણતા? સામાજિક અને રાજકીય પ્રયત્નો પણ ઘણીવાર અધુરા રહી જાય છે તેનું એજ કારણ છે. એ વાત લક્ષ્યમાં રાખી ભગવાને કહ્યું કે કામ ચાલુ હોય, જેનો પ્રયત્ન હજી ચાલતોજ હોય તે કામ પણ કરાયું એમ કહી શકાય. ભગવાનના આ કથનનો સાર એ છે કે દરેક માણસ આરંભેલ પ્રયત્નને વચ્ચેથી ન છોડે, કારણ કે દેખી શકાય તેવું ધારેલ સ્થૂલ ફળ તો લાંબા પ્રયત્નને અન્તેજ પ્રાપ્ત થાય છે, પણ પ્રયત્ન ચાલતો હોય ત્યારેય જેટલે જેટલે અંશે પ્રયત્ન સિદ્ધ થયો હોય તેટલે તેટલે અંશે ફળની પ્રાપ્તિ પણ થએલી હોય છે. આ માત્ર આશાવાદ નથી પણ ઉંડું ખરૂં સત્ય છે. આ સત્ય

ધ્યાનમાં ન હોય તો પરમાર્થ કે વ્યવહારમાં ક્યાંએ પ્રયત્ન સ્થિર ચાલી ન શકે. તેથી ભગવાને નિશ્ચય અને વ્યવહાર બન્ને દૃષ્ટિએ ધ્યાનમાં રાખવાનો અનેકાંત ઉપદેશ આપ્યો અને જમાલિના મતનો વિરોધ કર્યો.

દૃષ્ટાંત અને તે દ્વારા સિદ્ધાંતનું સ્પષ્ટીકરણ,

ભગવાનનો સિદ્ધાંત '**कडेमाणे कडे**'નો છે. જે કામ કરવામાં આવતું હોય, જે હજી ચાલુ હોય જેનું છેવટનું ફળ ન આવ્યું હોય, અર્થાત્ જે પૂર્ણ ન થયું હોય, તેને પણ થયું કહી શકાય. તેને પણ સફળ લેખી શકાય. આ '**कडेमाणे कडे**'–નો ભાવ છે. એ સિદ્ધાંત પ્રયત્ન અને ફળ વચ્ચે ભેદ નથી સ્વીકારતો. તેથી એ સિધ્ધાંત પ્રમાણે કોઇ પણ પ્રયત્નના આરંભના પ્રથમ ક્ષણથી તે પ્રયત્નની સમાપ્તિના છેલા ક્ષણ સુધીની અખિલ પ્રયત્નધારા એજ ફળ છે, અને નહિં કે પ્રયત્નને અંતે તેનાથી નિષ્પન્ન થતું માત્ર જુદુંજ ફળ.

પણ જમાલિનો વાદ એથી જુદો હતો. તે કહેતો કે **कडेमाणे कडे** નહિં પણ **कडे कडे** એટલે કે જે કામ ચાલુ હોય તેને કરાયું કે સફળ નજ કહી શકાય પણ જ્યારે તે કામ સમાપ્ત થાય, તેનું છેવટનું ફળ આવે ત્યારેજ અને તોજ તે કામ કરાયું અર્થાત્ સફળ કહી શકાય. આ વાદ પ્રયત્ન અને ફળનો ભેદ સ્વીકારે છે. તેથી એ મુજબજ કોઇ પણ કામના પ્રારંભથી તેની સમાપ્તિ સુધીનો પ્રયત્ન એ સાધન છે. અને તેને અંતે નિષ્પન્ન થનારૂં તેનું છેવટનું ફળ એ તે સાધનથી તદ્દન જુદું છે.

ભગવાનને જમાલિનો વાદ કબુલ છે. પણ તે એકજ દૃષ્ટિએ. તે દૃષ્ટિ એટલે વ્યવહાર; જ્યારે જમાલિને માત્ર વ્યવહાર દૃષ્ટિ કબુલ છે અને ભગવાનની બીજી નિશ્ચય દૃષ્ટિ કબુલ નથી. એટલે બન્ને વચ્ચે એકાંત અનેકાંતનું અંતર છે. આ અંતર જીવનમાં ઉતરે તો પરિણામ શું આવે તે એક દૃષ્ટાંતથી તપાસીએ.

કોઈ બે જણે ફળ પેદા કરવાની ઇચ્છાથી જુદાં જુદાં આંબાનાં વૃક્ષ રોપ્યાં. બન્નેએ સરખી રીતે ઉછેર આરંભ્યો. ઘણો વખત વિત્યો. મૂળો બાઝયાં, થડો જામ્યાં, ડાળો ફુટી, પલ્લવ અને પત્રો વિસ્તર્યા. અચાનક એકથી વધારે વાર આંધી અને બીજાં પ્રાકૃતિક તોફાનો આવ્યાં કે બન્ને વૃક્ષો ઉપર મૉર આવવાની ક્રિયા ધાર્યા કરતાં વધારે વખત માટે લંબાઇ. નિરાશતાનો અને આશાનો પ્રસંગ બન્ને જણ માટે એકજ સરખો ઉપસ્થિત થયો જ્યારે એક જણ અત્યાર સુધીનાં પોતાનાં દીર્ઘ પ્રયાસને સર્વથા નિષ્ફળ માની કંટાળો અને અધીરજથી વૃક્ષના પોષણનું અને સંવર્ધનનું કાર્ય છોડી દે છે, ત્યારે બીજો જણ પોતાના તેટલાજ દીર્ઘ પ્રયાસને સફળ સમજી ધૈર્યબળથી વૃક્ષના સંવર્ધનનું કાર્ય વિધિવત્ ચાલુ રાખે છે. પરિણામે પહેલો જણ આંબાનું ફળ પેદા નથી કરી શકતો, અને બીજો કરી શકે છે.

અહીં આમ્રવૃક્ષ રોપનાર બે જણ ભલે કાલ્પનિક પાત્રો હોય પણ વિશ્વના મનુષ્ય સમાજની બે માનસિક પ્રકૃતિઓ એ કાલ્પનિક પાત્રોમાં આબેહુબ ચિત્રિત થાય છે તેની ભાગ્યેજ ના પાડી શકાશે. આ બે પ્રકૃતિઓ માનુષિક માનસમાં છે, અને તે ઉંડી કે છીંછરી સમજ ઉપર રચાયલી છે. પ્રથમ પ્રકૃતિનો (છીંછરી સમજવાળો) માણસ મૂળને બાઝેલું, થડને લાગેલું, ડાળોને ફૂટેલી, અને પલ્લવ પત્રોને વિસ્તરેલાં જુએ પણ તેની નજરે હજી આમ્રનું મધુર અને પકવફળ નથી ચડયું. તેતો એવા ફળને પૂર્વના મૂળ, સ્કંધ યાવત્ મંજરી (મોર) સુધીના બધા પૂર્વવર્ત્તિ પરિણામોને અને તે માટેના પ્રયત્નને પકવ અને મધુર ફળથી તદ્દન જુદાજ માની બેઠો છે, તેથી તે પદેપદે ને ક્ષણે ક્ષણે પૂર્વવર્ત્તિ અવશ્યંભાવિ પરિણામો જોવા છતાં જ્યાં સુધી આમ્રફળને નથી જોતો ત્યાં સુધી પોતાના પ્રયત્નને નિષ્ફળજ માનતો જાય છે, અને તેથી ભયાનક આફત આવતાં તે સામે તે જણ ટકી શકતો નથી. વચ્ચેજ નિરાશ થઈ યત્ન છોડી બેસે છે.

ત્યારે બીજી પ્રકૃતિનો (ઉંડી સમજવાળો) માણસ મૂળમાં, સ્કંધમાં, ડાળોમાં, પત્રોમાં, અને મંજરી

આદિમાં આમ્રફળનાં ક્રમિક અંશો જુએ છે. એવી સૂક્ષ્મદૃષ્ટિમાં આમ્રફળ એ બીજું કાંઇજ નહિં પણ પૂર્વવર્ત્તિ સમગ્ર પરિણામોનો સરવાળો. એમાંના જે પરિણામ આણવા સુધી પ્રયત્ન થયો હોય તેટલું આમ્રફળ તેની દૃષ્ટિએ થએલુંજ છે. આ કારણથી તેની સૂક્ષ્મ દૃષ્ટિ તેને ભયાનક આફતો સામે ઉભો રાખે છે, અને તેને કોઈ કારણસર વચેથી વૃક્ષસંવર્ધનનું કામ છોડવું પડે તોએ મારો પ્રયત્ન નિષ્ફળ ગયો–એવી ઉલટી સમજથી તેને તે દૃષ્ટિ–બચાવી લે છે. તે માણસ તેવી સૂક્ષ્મ દૃષ્ટિને લીધે એમ દૃઢપણે માનતો હોય છે કે યથાવિધિ પ્રયત્ન એજ ફળ છે; અને જેટલા પ્રમાણમાં પ્રયત્ન સેવ્યો તેટલા પ્રમાણમાં ફળ આવેલુંજ છે. પકવ અને મધુરરસયુક્ત ફળનો સરવાળો પૂર્ણ કરવા જેટલા અંકો બાકી રહ્યા છે તેટલુંજ તે ફળ બાકી છે. બીજું સિદ્ધ થઇ ગયું છે. આ માન્યતાને લીધે તે માણસ ફરી પ્રયત્નની તક શોધે છે, અને પરિણામે તક મળે છે; તેમજ ભાવના પ્રમાણે સંપૂર્ણ ફળનો અધિકારી તે થાય છે.

આવો અધિકારીજ ભગવાનના સિદ્ધાંતનું તત્ત્વ જીવનમાં ઉતારનાર હોય છે, કહેમાણે કહેના સિદ્ધાંતમાં જે વસ્તુ સચવાઇ છે, તેજ વસ્તુ બીજા રૂપમાં અને બીજા શબ્દોમાં 'ગીતા'માં ગવાઈ છે. એનો બીજો અધ્યાય વાંચો તેમાં કહ્યું છે કે કર્મયોગમાં પ્રારંભેલ પ્રયત્નનો નાશ નથી, તેમાં પ્રત્યવાય (અંતરાય) પણ નથી, કર્મયોગ ધર્મનું થોડું પણ આચરણ તેના આચરનારને મહાન્ ભયથી બચાવી લે છે.

કર્મપરજ (પ્રયત્નપરજ) તારો અધિકાર છે, ફળ ઉપર કદિએ નથી, માટે પ્રયત્નજન્ય ફળની તૃષ્ણાનું તું નિમિત્ત ન થા. તેમજ અકર્મ (કર્મત્યાગ) પણ ન સેવ.

नेहाभिक्रम नाशोस्ति प्रत्यवायो न विद्यते।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥ ४० ॥

कर्मण्ये वाधिकारस्ते मा फलेषु कदाचन।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोस्त्व कर्मणि।४७॥

ગીતાના—કેટલાક સૂક્ષ્મ ભાવોનું જૈન દૃષ્ટિ સાથે સમીકરણ અથવા જૈન દૃષ્ટિએ ઉદ્ઘાટન કરવું એ માર્ગ અત્યારના એક દેશીય સાંપ્રદાયિકે અભ્યાસીઓને નવો ન લાગે તે માટે ઉપાધ્યાય યશોવિજયજીની સાંપ્રદાયિક છતાં ગીતા આદિના સમન્વયવાળી અધ્યાત્મસાર, જ્ઞાનસાર આદિ કૃતિઓ તરફ વાંચકોનું લક્ષ્ય ખેંચી વિરમીશ.

વીર વિનતી.

મુજરો લેયો અરજ સુણેયો
થેં રાજો છો મોહલઉપરિં
ખબર અરહાસરી લેયો.

આઠ પહર ઉભા સેવાંછાં, સાહિબ સુનજરિં દેજયો,
બાંહ અહ્મારી લાજ વહેયો, પૂરણ પ્રીતિ ધરેયો—

દરસણરી અભિલાષ મ્હેં છાં, દરસણ મત વારેયો,
કરમ વિવર વિણ ઓર પોલિયા, વિઘન કરત પાલેયો—

જબ મ્હેં થારો દરસણ પાવાં, સુખીયા તબ જાણેયો,
જબ મ્હે તુમ્હ દસિસણથી દૂરિં, દુખીયા તબ માનેયો—
સાહિબ માંન્હઇ દરસન થારૂં, સુરમણિ સાચ ગણેયો,
નિજસેવકમાંહિ લેખવયો, વિરહ વ્યથા ટાલેયો—
વર્દ્ધમાન જિન ઇણિપરઇ વીનવ્યો, સુજસવિલાસ કરેજયો,
શ્રી નયનવિજય વિબુધ સેવકનેં, ભવભયથી ઉધરેયો—

(મારવાડી ભાષાં)—યશોવિજયજી.

શ્રી મહાવીર પ્રભુની ખાસ વિશેષતાઓ.

વર્તમાન કાળમાં શ્રી મહાવીર પ્રભુનું શાસન ચાલે છે, એટલે શ્રી મહાવીર પ્રભુની વિશેષતાઓ કહીએ કે તેમણે જૈન ધર્મને છેવટનું રૂપ આપ્યું, તે જૈન ધર્મની વિશેષતાઓ કહીએ તો તેમાં મને તો ભેદ લાગતો નથી.

દરેક ધર્મ, જે ધર્મના નામને પાત્ર છે તેની અમુક ખાસ વિશેષતાઓ હોય છે જ. દાખલા તરીકે પારસી ધર્મનું ખાસ લક્ષણ મનની, વચનની, અને શરીરની પવિત્રતા છે. મહોમેદન ધર્મનું ખાસ લક્ષણ ઇસ્લામ—એટલે પ્રભુની ઇચ્છાને આધીન થવું એ છે. ખ્રીસ્તી ધર્મની વિશેષતા વ્યક્તિત્વની ખીલવણી અને વ્યક્તિત્વનો પરમાર્થે ભોગ. હિંદુધર્મનું મુખ્ય લક્ષણ ધર્મ છે, એટલે પોતાના વિકાસની અપેક્ષાએ પોતાને વાસ્તે જે આગલું પગથિયું લેવું તે તેનો ધર્મ-કર્તવ્ય છે.

આજે આપણે આ લેખમાં શ્રી મહાવીર પ્રભુની—જૈનધર્મની ખાસ વિશેષતાઓ સંબંધમાં વિચાર કરીશું. તેમાં પ્રથમ વિશેષતા એ જૈનોનો સ્યાદ્વાદ અથવા એકાંતવાદનો સિદ્ધાંત છે, સ્યાદ્વાદ એટલે જેટલી જેટલી અપેક્ષાઓ જેટલા જેટલા દૃષ્ટિબિન્દુઓ હોય, તે બધી અપેક્ષાઓ અથવા દૃષ્ટિબિન્દુથી કોઇ પણ વસ્તુ અથવા સિદ્ધાંતને તપાસી તેના સંબંધમાં નિર્ણય બાંધવાની પદ્ધતિ. અને તેટલા દૃષ્ટિબિન્દુઓની વસ્તુને તપાસવાથી આપણે સત્યની વધારે સમીપમાં આવીએ છીએ. સત્ય એટલું વિશાળ, એટલું મહાન્, એટલી બધી અપેક્ષાવાળું છે કે તે આમજ છે, અને આમ નથી, એમ કહેવામાં આપણે તે સત્યને અન્યાય આપીએ છીએ, અને આપણને અર્ધસત્યથી સંતોષ માનવો પડે છે.

સ્યાદ્વાદના સિદ્ધાંતને ઘણા થોડા પુરૂષો સમજે છે, અને તેથી ઘણીવાર સ્યાદ્વાદને અનિશ્ચિતવાદનું નામ અજ્ઞાનતાથી આપવામાં આવે છે. વિવિધ ધર્મો અથવા વિવિધ ગુણો એકજ વસ્તુમાં શી રીતે રહી શકે એ ઘણા વિદ્વાનોના પણ સમજવામાં આવતું નથી, અને તેથી જૈનો પાસે પણ નિશ્ચિત-ચોકસ કથન નથી, એવો આક્ષેપ મૂકવામાં આવે છે.

જો સ્યાદ્વાદનો સિદ્ધાંત બરાબર સમજવામાં-સમજાવવામાં આવે તો આવા આક્ષેપોને સ્થાન મળી શકે નહિ.

દાખલા તરીકે જૈનો કહે છે કે રેત ભારે છે, તેમજ રેત હલકી પણ છે. આ સાંભળી કોઇને લાગે કે જૈનો રેતને ભારે તથા હલકી એક સાથે કહેવામાં ભૂલ કરે છે. એક હાથમાં આટો લઇ બીજા હાથમાં રેત લઇ પૂછવામાં આવે કે રેત ભારે કે હલકી, તો તરતજ જવાબ મળશે કે રેત ભારે છે. પણ એક હાથમાં રેત અને બીજા હાથમાં સીસાનો ભૂકો લઇ તેજ પ્રશ્ન પૂછવામાં આવે તો એવો જવાબ મળશે કે રેત હલકી છે, એટલે જૈનો રેતને ભારે અમુક અપેક્ષાએ કહે છે, અને હલકી અમુક અપેક્ષાએ કહે છે. તે દૃષ્ટિબિન્દુ સમજવાની જરૂર છે.

કોઇ મનુષ્યને ૧૦૫ ડીગ્રી તાવ આવ્યો હોય, હવે તે ઉતરીને ૧૦૨ ડીગ્રી થાય; તે વખતે કોઈ પૂછે કે તાવ કેવો છે તો કહે ઓછો છે. ૧૦૫ ડીગ્રીની અપેક્ષાએ ૧૦૨ ડીગ્રી તાવ ઓછો ગણાય, પણ ૯૯॥ ડીગ્રીની અપેક્ષાએ ૧૦૨ ડીગ્રી તાવ વધારે ગણાય તો તેમાં ખોટું શું ? એટલે ૧૦૨ ડીગ્રી તાવ ઓછો પણ કહેવાય અને ભારે પણ કહેવાય. પણ તે અમુક અપેક્ષાએ.

આવા ઘણાં દૃષ્ટાંતો વિચાર કરવાને જડી આવશે ચંદુલાલ વાડીલાલનો પુત્ર, પણ કાલિદાસનો બાપ થાય છે. હવે ચંદુલાલ પુત્ર તેમજ પિતા છે એમ કહેવું તે ગાંડા મનુષ્યના પ્રલાપ જેવું નથી. ચંદુલાલ પિતા છે, પુત્ર છે, એટલુંજ નહિ પણ કાકો છે, મામો છે. ભાઇ છે, ભત્રીજો છે. ફુઓ છે, વગેરે. કઇ અપેક્ષાએ અમુક પ્રશ્ન પૂછવામાં આવે છે, તેના પર તેના જવાબનો આધાર છે. જૈન ધર્મ તેથી એમ જણાવે છે કે ચંદુલાલ સ્યાત્-અમુક અપેક્ષાએ પુત્ર છે-પણ પુત્રજ છે, અને બીજો કોઇ નથી એમ નથી. આ દૃષ્ટિબિન્દુથી શ્રીમદ્ આનંદઘનજીએ લખ્યું છે કેઃ—

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો.

સાપેક્ષ—અપેક્ષાવાળું વચન સત્ય છે, અને નિરપેક્ષ-અપેક્ષા વગરનું વચન અસત્ય છે.

ધર્મમાં, કોમમાં, વ્યક્તિઓમાં જે જે ઝઘડા, કલહો અને કંકાસો ઉભા થયા છે, તેનું મોટું કારણ એ છે કે સામાનું દૃષ્ટિબિન્દુ શું છે, તે સમજવાને દરકાર રાખવામાં આવતી નથી. જે મનુષ્ય અમુક વિચાર શ્રેણિને વળગીને બેસી રહે, અને તેને જ સત્ય માને અને તે સિવાય બીજું કાંઇ સત્ય હોઇ શકે નહિ, તેવું જણાવે, તેમનુષ્યે હજી વાદવિવાદની પદ્ધતિ પરાજય મેળવ્યો નથી, અને કલહ કર્યા વિના રહી શકે નહિ.

ખરો સ્યાદ્વાદ સર્વથા વિશાળ હૃદયનો અને ઉદારભાવના વાળો બને છે. તે અમુક બાબતમાં સત્યનો નિર્ણય કરવામાં પોતાના દૃષ્ટિબિન્દુ ઉપરાંત બીજાઓના દૃષ્ટિબિન્દુ જોવાને ઉત્સુક હોય છે; અને જ્યારે તે કોઇ નવીન અપેક્ષા અથવા દૃષ્ટિ બિન્દુ જોઇ શકે છે, ત્યારે ખિન્ન થવાને બદલે કે તેની સાથે તકરાર કરવાને બદલે, વિશેષ આનંદી બને છે કે મારૂં સત્ય એટલું વિશાળ બન્યું.

આ વિશ્વમાં ઘણાં અર્ધ સત્યો છે. લોકો તેને સત્ય તરીકે માને છે, મનાવવા પ્રયત્ન કરે છે, તેથી જ તે સત્યની બીજી બાજુને માનનાઓ જોડે? તકરારમાં ઉતરે છે. દાખલા તરીકે હાલના અમેરિકન માનશશાસ્ત્રીઓ એવું પ્રતિપાદન કરે છે કે બધા રોગો મનથી. વિચારથી ઉત્પન્ન થાય છે, અને તે રોગની દવા પણ શુદ્ધ વિચારો છે, આ તેમનું કથન અમુક અપેક્ષાએ સત્ય છે, પણ સર્વથા સત્ય નથી. કોઇ મનુષ્ય સારા વિચારો ધરાવતો હોય, છતાં જો હદ ઉપરાંત ખાસ તો તેને અજીર્ણ થાય. એમાં આશ્ચર્ય શું? ચિંતા, ઇર્ષ્યા, લોભ, વગેરે માનસિક અશાંતિના વિચારો શરીર પર અસર કરી રોગ, પ્રકટાવે છે. પણ માનસિક કારણો સાથે શારીરિક કારણો પણ રોગ લાવવામાં કારણભૂત હોય છે, એ તે લોકો ભૂલી જાય છે.

કોઇ પણ કાર્યની સિદ્ધિ વાસ્તે પાંચ કારણો જૈનો જણાવે છે. ઉદ્યમ, કર્મ, સ્વભાવ, કાળ અને નિયમિ હવે પુરૂષાર્થવાદી એમ કહે કે બધું પુરૂષાર્થથીજ થાય છે. ત્યારે જૈન એમ કહેશે કે "અને ઉદ્યમને. પુરૂષાર્થને કાર્ય સિદ્ધિના એક કારણભૂત ગણીએ છીએ, પણ તે એકલું જ કારણ નથી. બીજાં કારણો જેવાં કે ભૂતકાળનાં કર્મો વસ્તુનો સ્વભાવ, અમુક યોગ્ય કાળ, નિયતિ, ભવિતવ્યતા આ પણ કાર્ય સિદ્ધિના કારણો છે."

સ્યાદ્વાદી કોઇને તેનું દૃષ્ટિબિન્દુ તજવાને કહેતો નથી. તેનું પણ વિશ્વમાં સ્થાન છે, તેમ સમજાવે છે, પણ સાથે એમ પણ જણાવે છે કે બીજાં પણ દૃષ્ટિબિન્દુઓ છે, અને પોતાના દૃષ્ટિબિન્દુ સાથે બીજાં દૃષ્ટિબિન્દુઓ મેળવવાથી મનુષ્ય પૂર્ણ સત્યની સમીપ આવતો જાય છે.

આ સ્યાદ્વાદનો સિદ્ધાંત બીજા ધર્મ વાળાઓ સમજતા નથી. એટલુંજ નહિ પણ જૈનો પણ બહુ જ થોડો સમજે છે, અને તેથીજ સ્યાદ્વાદી કહેવાના જૈનો પણ સામાનું દૃષ્ટિબિન્દુ નહિ સમજીને માંહોમાંહે લઢી મરે છે.

શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે જે મતભેદનાં થોડા ઘણા પ્રશ્નો છે, તેમાં એક પ્રશ્ન સ્ત્રીઓના મોક્ષગમન સંબંધી છે. શ્વેતાંબરો માને છે કે સ્ત્રીઓ મોક્ષે જાય, ત્યારે દિગંબરો એમ માને છે કે સ્ત્રીઓ મોક્ષે જઇ શકે નહિ. હવે સ્ત્રી એટલે

કોણ? જેનામાં પ્રકૃતિ કરતાં આત્મા, જડ કરતા ચેતન–વધારે પ્રબળ હોય તે પુરૂષ, અને જેનામાં આત્મા કરતાં પ્રકૃતિ જબરી હોય, અને આત્માને દબાવતી હોય તે સ્ત્રી. આ દૃષ્ટિએ આપણે વિચારીએ તો પુરૂષ શરીર હોય કે સ્ત્રી શરીર હોય, પણ જ્યાં આત્મા પ્રકૃતિપર જય મેળવે ત્યાં તે આત્મા જરૂર મોક્ષ મેળવે. પણ જ્યાં આત્માને પ્રકૃતિ દાબી દેતી હોય ત્યાં પછી પુરૂષ શરીર હોય કે સ્ત્રી શરીર હોય, પણ મુક્તિ મળતી નથી. માટે મુક્તિનો આધાર પુરૂષ શરીર સ્ત્રી શરીર પર રહેલો નથી, પણ આત્માની સ્થિતિપર રહેલો છે. આવી દૃષ્ટિથી જો શ્વેતાંબરો કે દિગંબરો જુએ તો વેરવિરોધનું અને મતભેદનું કારણ રહે નહિ, અને બન્ને પંથો એક બીજાની સાથે વધારે પ્રેમથી રહી શકે, અને જૈન શાસનને વધારે ઉજ્વલ બનાવે.

તપોવૃત્તિ જ્ઞાન અને ક્રિયાનો સમન્વય.

કેટલાક એમ જણાવે છે કે જ્ઞાનથીજ મોક્ષ મળે છે, ત્યારે કેટલાક એમ નિવેદન કરે છે કે મોક્ષનું કારણ ક્રિયા છે. પણ જૈન શાસ્ત્ર એમ જણાવે છે કે **ज्ञानक्रियाभ्यां मोक्षः ॥** ભણીને બેસી રહેવાનું નથી, પણ જ્ઞાન પ્રમાણે ક્રિયા કરવાની છે, જ્ઞાનને વર્તનમાં મૂકવાનું છે. કોઇ પણ ક્રિયા કરવામાં આવે તે પૂર્વે જ્ઞાનની જરૂર છે, તે માટે જ કહેવામા આવ્યું છે કે **पढमं नाणं तओ दया.** "પ્રથમ જ્ઞાન અને પછી અહિંસા." જો મનુષ્યને જ્ઞાન ન હોત તો અહિંસા–દયા કરવા જતાં હિંસા કરી બેસે. માટે દરેક ક્રિયા પાછળ જ્ઞાનની જરૂર છે, અને દરેક ક્રિયાનો હેતુ ચિત્તશુદ્ધિ છે. ક્રિયા ક્રિયાને માટે નથી, પણ ક્રિયા કરવાનો મુખ્ય હેતુ ચિત્તને શુદ્ધ કરવાનો છે. જ્યાં ક્રિયા કરવાનો આ હેતુ ભૂલી જવામાં આવે છે, ત્યાં ક્રિયા નિરર્થક થાય છે, અને જીવન વગરની ક્રિયા ઘણીવાર ખાલી ખોખાં અથવા વ્હેમ રૂપ થાય છે. પ્રતિક્રમણ, પૂજા, સામાયિક, દેવદર્શન આ અને બીજી અનેક ક્રિયાઓનો હેતુ ચિત્તને પવિત્ર કરવાનો છે.

વળી ઉમાસ્વાતી સ્વામીએ પ્રશમરતિમાં લખ્યું છે કે **ज्ञानस्य फलं विरतिः** એટલે જ્ઞાન-સદ્ અસદ્ વસ્તુનો વિવેક–જડ અને ચેતન વચ્ચેના ભેદનું જ્ઞાન-પ્રાપ્ત થતાં વૈરાગ્ય આવવોજ જોઇએ. જો જ્ઞાન દૃઢ થાય, જો તે જ્ઞાન ખરૂંજ છે એવું દર્શન થાય–એવી શ્રદ્ધા થાય તો તે પ્રમાણે આચરણ થવુંજ જોઇએ. ઘણીવાર જ્ઞાનની વાતો કરનારા તે આચરણમાં મૂકી શકતા નથી. કારણ બુદ્ધિએ તે કબુલ કર્યું હોય પણ હૃદયમાં તેની પ્રતીતિ થયેલી હોતી નથી, માટે તે ક્રિયારૂપે–કાર્યરૂપે પરિણમાવવાનો સમય આવે છે, ત્યારે મનુષ્યો સુસ્ત બની જાય છે, મંદ પડી જાય છે. માટે જ્ઞાનને આચરણમાં મૂકવા માટે ક્રિયાની જરૂર છે. જ્ઞાન વગરની ક્રિયા આંધળી છે, અને ક્રિયા વગરનું જ્ઞાન લુલું છે. પણ પ્રશ્ન એટલો જ છે કે ક્રિયાઓનો હેતુ ચિત્તશુદ્ધિ છે. માટે તે જ્ઞાનપૂર્વક થવી જોઇએ. પણ જે મનુષ્યને ભૂતકાળનાં શુભ કાર્યોના પરિણામે ચિત્તશુદ્ધિ થઇ હોય તેણે ધાર્મિક ક્રિયાઓ કરવી કે કેમ? તેને વાસ્તે ક્રિયાઓ જરૂરની નથી, પણ તે છતાં બીજાઓના હિત વાસ્તે જ્ઞાનીઓ ક્રિયા કરે છે. જે જે મોટા પુરૂષો કરે છે, તે તે પ્રમાણે સામાન્ય મનુષ્યો આચરે છે, તેથી સામાન્ય જીવોના હિત વાસ્તે જ્ઞાનીઓ, પોતાને અમુક ક્રિયાઓની જરૂર ન હોય, છતાં આચરે છે. અમુક ધાર્મિક ક્રિયાઓજ ધર્મમય થવી જોઇએ, એટલુંજ નહિ પણ વ્યાવહારિક કાર્યો પણ ધર્મમય થવાં જોઇએ. **શ્રીમદ્ યશોવિજયજી** લખે છે કેઃ—

> નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાલે શુદ્ધ વ્યવહાર;
> પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર,

આપણાં વ્યાવહારિક કાર્યો પણ ધર્મથી રંગાવા જોઇએ. સત્ય, ન્યાય, નીતિ, દયા, વગેરે તત્ત્વો પ્રમાણે કરાવાં જોઇએ. તોજ આપણો વિકાસ થઈ શકે. તેથીજ દશ વૈકાલિકમાં લખ્યું છે કે દરેક કાર્ય યતનાપૂર્વક કરવું. બેસવામાં, ઉઠવામાં ખાવામાં, પીવામાં, દરેક કાર્યમાં યતના રાખવી. યતના-ઉપયોગ પૂર્વક સાધ્યબિન્દુને હૃદયમાં રાખી કરેલી

ક્રિયા જરૂર આત્મવિકાસને મદદગાર નીવડે છે. મનુષ્યો ધર્મની ક્રિયાઓ સારી રીતે કરે પણ વ્યવહારમાં–બીજાઓ સાથેના વર્તનમાં ધર્મના નિયમોનું ઉલ્લંઘન કરે, તો લોકોમાં ધર્મની છાપ પડતી નથી. વ્યવહાર એ ધર્મનું બાહ્ય સ્વરૂપ છે. જે દિવસથી વ્યવહાર અને ધર્મને જુદો પાડતાં શીખ્યા, ત્યારથી ધાર્મિક ક્રિયાઓ અને વ્યાવહારિક ક્રિયાઓ એવા ભેદ પડયા. અને વ્યાવહારિક કાર્યોમાં તો અન્યાય–સાચજુઠ–બધુંએ ચાલે એવી લોકોની માન્યતા થઇ, અને ત્યારથી ધર્મ પ્રત્યેનું લોકોનું સન્માન ઘટવા લાગ્યું. માટેજ દશ વૈકાલિકનાં વચનોની જરૂર છે કે દરેક ક્રિયા યતનાપૂર્વક–જ્ઞાનપૂર્વક–ઉપયોગપૂર્વક–સમજીને–ધર્મના નિયમો પ્રમાણે થવી જોઇએ. વળી દશવૈકાલિકમાં લખ્યું છે કે—

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संयमो तवो ॥

ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે, અને તે અહિંસા સંયમ અને તપમાં સમાઇ જાય છે. સંયમ અને તપ એ બેનો પ્રદેશ ઘણીવાર એક બીજામાં આવી જાય છે, છતાં તેમાં આટલો ભેદ તો લાગે છે કે ઇન્દ્રિયો, શરીર, લાગણીઓ, મન વગેરેને કાબુમાં લાવવાને જે બાહ્યથી ક્રિયાપદ્ધતિ સ્વીકારવામાં આવે તેનું નામ અને તપ, તેજ ઉદ્દેશ સિદ્ધ કરવાને અંદરથી આત્માની શક્તિનો ઉપયોગ કરવામાં આવે તે સંયમ, છતાં આ લેખમાં એવા ભેદ નહિ પાડતા જે વડે ઇન્દ્રિયો, મન, લાગણીઓ કાબુમાં રહે તેને સંયમ અથવા તપના નામથી ઓળખીશું. તપશ્ચર્યા આત્માના સંકલ્પ બળને ખીલવવામાં પરમ કારણ ભૂત બને છે. મનુષ્યે અમુક નિશ્ચય કર્યો કે આજે હું એકાશન કરીશ, અથવા ઉપવાસ કરીશ, અને પ્રલોભનો આવવા છતાં પોતાના નિશ્ચય પ્રમાણે વર્તે, તેથી તેનું મનોબળ ઘણું ખીલે છે, તેથી તે ઉત્તમ ચારિત્રશીલ મનુષ્ય બને છે. આ સાથે એ વાત ઉપર વાચકોનું ખાસ ધ્યાન ખેંચવા માગું છું કે તપશ્ચર્યાનો હેતુ શરીરને **મારી નાખવાનો** નહિ પણ **કાબુમાં** રાખવાનો છે. ઉપદેશતરંગિણીમાં લખ્યું છે કે:—

सोय तव्वो कायव्वो जेण मणो मंगुलं न चिंतेइ
जेण इंदिअहाणी जेण य जोगा न हायन्ति.

તપ એવું કરવું કે જેથી મન અશુભ ચિંતવે નહિ, ઇન્દ્રિયોને હાનિ ન પહોંચે, અને મન, વચન અને કાયાના જે ત્રણ યોગ તે મ્લાન ન થાય.

પણ તપશ્ચર્યા કરવામાં આ બધી બાબતો ભૂલી જવામાં આવે છે. અત્યારે ઘણીવાર શરીરની શક્તિ ઉપરાંત એવી તપશ્ચર્યા કરવામાં આવે છે કે તે કરનારાઓના મનમાં શાંતિ રહેતી નથી, શરીરે અશક્તિ આવી જાય છે, ધર્મધ્યાન ચાલ્યું જાય છે, શાસ્ત્ર શ્રવણમાં ચિત્ત રહેતું નથી, અને કોઇક વારતો મરણ પણ નીપજે છે. ત્યારે અહીં પ્રશ્ન થાય કે શ્રી મહાવીર પ્રભુએ આટલી બધી તપશ્ચર્યા કેમ કરી? જ્યારે ખરેખરા મહાન્ પુરૂષો કોઇ એક જ વસ્તુના ચિંતનમાં પડયા હોય છે, ત્યારે કેટલા કલાક, કેટલા દિવસો અન્નજળ વિના ચાલ્યા જાય તે તરફ તેમનું લક્ષ રહેતું નથી. ફોનોગ્રાફ વગેરે અનેક યંત્રોનો શોધનાર પ્રસિદ્ધ વિજ્ઞાનશાસ્ત્રી મી. એડીસન જ્યારે કોઇ શોધની પાછળ એકાગ્રચિત્ત થયેલો હોય છે, ત્યારે ૪૮ કલાક–બે દિવસ સુધી ખોરાક પાણી વિના તેની પોતાની ખુરશીમાં પડી રહે છે. તે એક જાતનો છટ્ઠ–બે દિવસનો ઉપવાસ કરે છે. (આપણે તેની તે ક્રિયાને છટ્ઠનું નામ ભલે ન આપીએ.) તેવીજ રીતે શ્રી મહાવીર પ્રભુ પોતાના વિચારોમાં તલ્લીન થઇ જતા ત્યારે કોઈ વાર બે દિવસ સુધી, કોઇવાર ત્રણ દિવસ સુધી, કોઇવાર પંદર દિવસ સુધી, કોઈવાર મહિના સુધી, અને કોઇ વાર છ માસ સુધી અન્ન પાણી વિના ચલાવતા હતા. એટલે આત્મવિકાસમાં આગળ વધેલા મનુષ્યોનો શરીર પર એટલો કાબુ આવે છે અને તેઓનું સંકલ્પબળ એટલું ખીલેલું હોય છે કે તેઓ કેટલાક દિવસ સુધી–કેટલાક મહિના સુધી પણ અન્ન જળ વિના રહી શકે છે; પણ તપશ્ચર્યાથીજ આત્મવિકાસ થાય છે, એમ ફલિત થતું નથી. તપશ્ચર્યા એ આત્મવિકાસનું એક સાધન છે. કારણ કે તેથી શરીર તથા ઇન્દ્રિયો કાબુમાં આવે છે. તેથી સંકલ્પ-

બળની વૃદ્ધિ થાય છે, અને આત્મા સાથે બંધાયેલાં કર્મોને છૂટાં કરવાને કર્મની નિર્જરા કરવાને તપશ્ચર્યા ઘણી મદદગાર થાય છે. જે સત્તામાં રહેલાં કર્મો, તેની ઉદીરણા કરી તેને બાળી નાખવામાં તપશ્ચર્યા મોટો ભાગ ભજવે છે. આ હેતુથીજ શ્રી મહાવીર પ્રભુ અનાર્ય ગણાતા પ્રદેશોમાં વિચર્યા હતા. ત્યાં તેમને ઘણા પ્રતિકૂળ પ્રસંગોમાં આવવું પડ્યું હતું. છતાં તેમણે તે કષ્ટો વીરતાથી સહન કર્યા હતાં, અને તે ઉચ્ચ પ્રકારની તપશ્ચર્યા હતી.

सहनं सर्वदुःखानामप्रतिकारपूर्वकम्
चिंताविलापरहितं तत्तप उच्यते बुधैः ॥

—વેર લેવાની વૃત્તિ વગર, ચિંતા કે વિલાપ કર્યા વિના સર્વ દુઃખોને સહન કરવા તેને જ્ઞાનીઓ તપશ્ચર્યા કહે છે.

शरीरमाद्यं खलु धर्मसाधनम्-શરીર એ ધર્મનું પ્રથમ સાધન છે, એ વાત ભૂલી જઇ શરીરને કેવળ કષ્ટ આપવું તે દેહદમન અથવા અજ્ઞાન કષ્ટ છે, અને તેતો કોઇ પણ રીતે ઇષ્ટ નથી. તેથી તો શરીરને દુઃખ પડે છે. એટલું જ નહિ પણ શરીરમાં રહેલો આત્મા પણ દુઃખી થાય છે. માટે તપશ્ચર્યા પણ જ્ઞાનપૂર્વક અને અમુક હેતુ સિદ્ધ કરવાને થવી જોઇએ.

જૈનધર્મમા પ્રાતઃકાળમાં કેટલાક જૈનબંધુઓ તથા બ્હેનો ચૌદ નિયમ ધારે છે. તે પણ એક જાતની તપશ્ચર્યા છે. તેમાં નિયમો ઘણા નાના હોય છે પણ તેથી ઇચ્છાશક્તિ ખીલે છે, અને મનુષ્ય લાલચોની વચમાં પોતાના નિશ્ચયો પ્રમાણે વર્તવાને દોરાય છે. આથી મનુષ્ય ઉપયોગપૂર્વકનું-સાવધ જીવન ગાળવાને દોરાય છે, અને તે બોલના પહેલાં—કાર્ય કરતાં પહેલાં વિચાર કરતો થાય છે.

તપશ્ચર્યાના બે ભેદ પાડવામાં આવ્યાં છે—બાહ્ય અને આભ્યંતર. બાહ્ય તપ શરીરને વશ રાખવા માટે છે, અને આભ્યંતર તપ મનને સંયમમાં રાખવા માટે છે. બન્ને પ્રકારનાં તપ પરસ્પર ઉપકારી છે.

કેટલાક હિંદુ સંન્યાસીઓ તપ નિમિત્તે શરીરને ઘણુંજ કષ્ટ આપતા હતા. એક હાથ ઉંચો કરી રાખતા હતા, કડવાં પાદડાં ચાવતા હતા. કેટલાક જીભ કાપી નાખતા હતા, કેટલાક આંખો ફોડી નાખતા હતા ત્યારે કેટલાક પોતાની ગુહ્ય ઇન્દ્રિયને પણ કાપતા હતા. આવી રીતે અનેક પ્રકારે દેહને દમી રહ્યા હતા. વાસનાઓ દેહની નથી. પણ દેહતો વાસનાઓને પ્રકટ થવાનું સાધન છે, એ બાબત તેઓ ભૂલી જતા. અને પથ્થરના વાંકે પાડાને ડામ! તેમ વાસનાઓની ભૂલને ખાતર શરીરને પીડા કરતા હતા. બુદ્ધ ભગવાને પણ તેજ માર્ગ શરૂઆતમાં અંગીકાર કર્યો, ઘણી કઠોર તપશ્ચર્યા કરી, એક દાણાને પાણીમાં રાખી તે પાણીથી ચલાવ્યું. છેવટે શરીર જર્જરિત થયું. અને નિરંજના નદીના કિનારે થાકીને પડયા.

તે પછી તેમણે ધ્યાનનો માર્ગ સ્વીકાર્યો; સુજાતાના હાથની ખીરનું ભોજન કર્યા પછી તેમના શરીરમાં શક્તિ આવી અને બોધિવૃક્ષ નીચે પ્રકાશ મેળવવા માટે ધ્યાન કરવા લાગ્યા. ચાર પહોરના ધ્યાનના અંતે સંપૂર્ણ પ્રકાશ તેમણે મેળવ્યો અને તેમણે જે માર્ગનો ઉપદેશ આપ્યો તે મધ્યમ માર્ગ છે. એક તરફ દેહને અજ્ઞાન કષ્ટ આપવું તે ખોટું છે, તેમ બીજી બાજુ શરીરને લાલનપાલન કરી ઇન્દ્રિયોના સુખોમાં આસક્ત રહેવું તે પણ તેટલું જ ખોટું છે. મધ્યમ માર્ગ ઉત્તમ છે, ઇન્દ્રિયોને તેમજ શરીરને મારી નાખવાના નથી, તેમજ બ્હેકાવવાનાં નથી પણ તેમને કાબુમાં રાખવાનાં છે.

શ્રી મહાવીર પ્રભુએ મોક્ષના સાધન તરીકે તપશ્ચર્યાને ગાઢ ધર્મ કરતા વિશેષ પદ આપ્યું છે, એમ પ્રથમ દૃષ્ટિએ જોનારને લાગે. પણ તપશ્ચર્યાના વિભાગો જોઇએ તો આપણને જણાશેકે બુદ્ધ ભગવાને ધ્યાનને જે અગત્ય આપી છે, તે ધ્યાનને શ્રી મહાવીર પ્રભુએ આભ્યંતર તપના એક ભાગ રૂપે વર્ણવ્યું છે. એટલે શ્રી મહાવીર પ્રભુએ બતાવેલી તપશ્ચર્યા કેવળ શરીરને નિયમમાં લાવવા માટે જ નથી. પણ તેમા કેટલાક અંગો એવા છે કે જે માનસિક સંયમ તથા વિકાસને, અને છેવટે આત્મવિકાસને મદદગાર થાય તેવા છે. દાખલા તરીકે આભ્યંતર તપના બે વિભાગ **ધ્યાન અને સ્વાધ્યા-**

યનો વિચાર કરીએ. આર્ત અને રૌદ્ર ધ્યાનના ચાર ચાર વિભાગોનો વિચાર નહિ કરતાં ધર્મ ધ્યાન અને શુકલ ધ્યાનના ચાર ચાર ભેદોનું ચિંતન કરવામાં આવેતો તેમાં સ્વર્ગ અને મોક્ષ અપાવવાનું સામર્થ્ય રહેલું છે. વળી સ્વાધ્યાયનો અત્યારે સંકુચિત અર્થ એવો થઈ ગયો છે કે અમુક ગ્રંથનું અથવા અમુક સ્તોત્રોનું પઠન પાઠન; પણ વિશાળ અર્થમાં વિચારીએ તો સ્વાધ્યાય એટલે સ્વનો-આત્માનો અધ્યાય-ચિંતન. મનુષ્યે વિચાર કરવો જોઇએ હું કોણ છું ? મારૂં શું કર્તવ્ય છે ? મારૂં સ્વરૂપ શું છે ? હું કયાંથી આવ્યો ? હું કયાં જવાનો ? મારે કોની કોની સાથે વલ્ગના છે ? તે રાખવા જેવી છે કે ત્યાગ કરવા જેવી છે ? આ બધા વિચારો એ સ્વાધ્યાય છે, અને તે પણ ઉપર જણાવ્યા પ્રમાણે આભ્યંતર તપનો એક વિભાગ છે. વળી શરીરને નિગ્રહમાં રાખવા માટે પણ બાહ્ય તપનાં છ સાધનો બતાવવામાં આવ્યાં છે, તેમાંથી આપણે ઉણોદરી વ્રત અને વૃત્તિ સંક્ષેપણનો વિચાર કરીશું

ડોકટરોનો એવો અભિપ્રાય છે કે ઓછું ખાવાથી દુકાળના વખતમાં મનુષ્યો મરે છે, પણ સુકાળના વખતમાં પણ વિશેષ ખાવાથી-હદ ઉપરાંત ભોજન કરવાથી ઘણા લોકો મૃત્યુને શરણ થાય છે. ઘણા રોગોનું મૂળજ અજીર્ણ છે. આ અજીર્ણ શાથી થાય છે ? શરીરમાં ખોરાક પચાવવા જેટલી શક્તિ હોય, તેના કરતા વધારે ખાવાથી અજીર્ણ થાય છે. માટે તે અજીર્ણ જ ન થવા પામે, તે માટે મહાવૈદ્ય મહાવીર પ્રભુ કહે છે કે ઉણોદરી વ્રત લ્યો. એટલે ઉદરને જેટલો ખોરાક સમાવવાની-પચાવવાની શક્તિ હોય તેના કરતાં કાંઇક ઓછો લો. એક અમેરિકન ડોકટર આ સંબંધમાં લખે છે કે:—

> Eat less, drink more, take exercise and your disease will starve.

થોડું ખાઓ, વધારે પાણી પીઓ, કસરત કરો, અને તમારો રોગ ભૂખે મરી જશે.

માટે રોગની ઉત્પત્તિને અટકાવવાને રામબાણ દવા ઉણોદરી વ્રત છે, તે છતાં કોઇ વખત લાલચને વશ થઇ વધારે ખાવામાં આવે, અને અજીર્ણ થાય તો તેને વાસ્તે એકાશન, ઉપવાસ વગેરે સાધનો બતાવવામાં આવ્યા છે. એકાશન કે ઉપવાસને દિવસે જઠરાગ્નિને ઓછું કામ કરવાનું હોવાથી પ્રથમનો નહિ જીર્ણ થયેલો ખોરાક પચાવવામાં બાકીની શક્તિનો ઉપયોગ થાય છે.

આ રીતે તપશ્ચર્યા શરીરને નીરોગી રાખવામાં કારણભૂત બને છે પણ ઇન્દ્રિયોને કાબુમાં રાખવાને શું કરવું ? તો કહે છે કે વૃત્તિનું સંક્ષેપણ કરો. અર્થાત્ ખાવાપીવાની બાબતોમાં તમારા મનના વળણને કાબુમાં રાખો. દાખલા તરીકે આજે પાંચ કે સાત વસ્તુઓજ ખાઇશ. એવો નિયમ લો. અને તે પ્રમાણે વર્તો. ખાવાની વસ્તુઓ થાળીમાં પડેલી હોય તે વખતે જીભ ના પાડશે. જીભ તમને તે ખાવાને લલચાવશે, પણ તે વખતે જીભને તમે કહો કે "હું તારો સ્વામી છું, અને તને આજ્ઞા કરૂં છું કે તું તે વસ્તુને ખાઇશ નહિ" જીભ થોડી વારમાં કાબુમાં આવશે. આવી રીતે પાંચે ઇન્દ્રિયોના સંબંધમાં આપણે જ્ઞાનપૂર્વક પ્રયત્ન કરી તેમને વશ કરી શકીએ. આનું નામ જ ખરી તપશ્ચર્યા. તપશ્ચર્યાથી શરીર, તથા ઇન્દ્રિયો કાબુમાં આવે છે. અને ઉપર જણાવ્યા પ્રમાણે આભ્યંતર તપ મનને કેળવવામાં અને સંયમમાં લાવવામા મોટો ભાગ ભજવે છે.

આવી બાબતમાં તપનો હેતુ અને તપનાં સાધનોનો વિવેક કરવાનો છે. શ્રી મહાવીર પ્રભુએ કદાપિ શરીરને મારી નાખવાની આજ્ઞા કરી નથી. તેમના ઉપદેશનો આશય એજ છે કે શરીરને મજબૂત બનાવો, પણ શરીર તમારા સંયમમાં રહે, અને તમારૂં સ્વામી ન બની જાય તેની કાળજી રાખો.

શ્રી મહાવીર પ્રભુએ ઉત્તરાધ્યયન સૂત્રમાં મોક્ષનાં ચાર સાધનોમાં જ્ઞાન, દર્શન (શ્રદ્ધા), ચારિત્ર સાથે તપને પણ મહત્ત્વનું પદ આપ્યું છે ૨૮ અધ્યાયમાં છેવટના બે શ્લોકોમાં તેમણે કહ્યું છે કે:

'જ્ઞાનથી મનુષ્ય વસ્તુને જાણે છે, દર્શનથી તેમાં શ્રદ્ધા રાખે છે, ચારિત્રથી મનુષ્ય કર્મથી મુકત થાય છે, અને તપથી પવિત્રતા મેળવે છે. તપ અને

સંયમ વડે કર્મોનો નાશ કરી દુઃખમાં મુક્ત થવાની ઇચ્છાવાળા જ્ઞાનીઓ સિદ્ધિને પામે છે. જેમ કોઇ શત્રુને મારવો હોય તો અંદરથી તેના પર દબાણ લાવવું અને બહારથી તેને ખોરાક ન મળે તેવા ઉપાયો યોજવા. તેવીજ રીતે તપશ્ચર્યાનો પૂર્ણ અર્થ વિચારીએ તો તે અંદરથી આત્માની શક્તિ ફોરવી મનને, તથા ઇન્દ્રિયોને કાબુમાં લાવવા પ્રયત્ન કરે છે, અને બહારથી ઇન્દ્રિયોને તથા મનના વિકારોને જેથી પોષણ મળે તેવા પદાર્થોથી દૂર રહેવા ફરમાવે છે. આ રીતે જો તપશ્ચર્યાનો વાસ્તવિક અર્થ સમજવામાં આવે તો તપશ્ચર્યા કરનાર પોતાની ઇન્દ્રિયો શરીર, તથા લાગણીઓને કાબુમાં રાખનાર પ્રબળ જીતેંદ્રિય બની શકે. અને તપશ્ચર્યાની સાથે સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, અને સમયક્ ચારિત્ર હોય તો તેવો મનુષ્ય પૂર્ણતા પ્રાપ્ત કરે એમાં આશ્ચર્ય શું?

શ્રી મહાવીર પ્રભુએ જગત ઉપર જગતની બાહ્ય વસ્તુઓ અને સંયોગો પર જય મેળવવા માટે એ આજ્ઞા આપી કે પ્રથમ તમે તમારાં અંદર રહેલા કષાયોના જેતા બનો.

The earth's bravest truest heroes
Fight with an inward foe
And win a victory grander
Than you or I can know.

(જગતના ખરા વીર પુરૂષો–મહાવીરો આંતર શત્રુઓ સાથે યુદ્ધ કરે છે, અને તમે કે હું જાણી શકીએ તેના કરતાં મોટો જય મેળવે છે.)

જેણે પોતાના આંતર શત્રુઓ પર જય મેળવ્યો છે, તે ત્રણ ભુવનને જીતનાર વીર કરતાં મહાન્ છે, તેજ મહાવીર છે. જેને આંતર શત્રુઓ પર જય મેળવ્યો છે, તેને ત્રણ જગત્ નમે છે. તેના પગમાં ત્રણ જીવનની સમૃદ્ધિ આવી આલોટે છે. તેવા

नमो जिणाणं जिअभयाणं

ભયને જીતનાર જિનેશ્વરોને નમસ્કાર હો.

રતનપોળ **અમદાવાદ.** } **મણિલાલ નથુભાઇ દોશી.**
તા. ૨૪-૩-૨૬ } **B. A.**

મેરૂ ઉપર જન્મોત્સવ

(પ્રિયે! રે ! રે તે કયમ વિસરાય—એ પ્રો. મણિલાલની પ્રસિદ્ધ લાવણીની ચાલ.)

[1]થતો રશું ! ઘોષા ઘંટા ઘોર !
દેવગણ કરતા શોર બકોર.
આજ છે આજ્ઞા શી દેવેન્દ્ર ?
જાણવા તલસે એનું કેન્દ્ર !
કમલ નયણી નયન દીપ્તિથી વેરતી તેજનું નુર
ઉર દેશથી ઉછળી વ્હેતું ! મૂખે હાસ્યનું પુર !

ગતિ અતિ વેગવતિ સોહાય !
ચપળતા અંગે અંગ ભરાય !

ઘેલી તું દેવી કેમ છું આમ ?
ઉલ્લસિત આટલી થઈ શા કામ ?
દબાઈ હર્ષ આમ અતુલ !
આજ શું ? કારણ એવું અમૂલ.
પ્રાણ વલ્લભ ! કહું શું ! ત્હમને ! જાંણી ન ! ત્હમે એ વાત ?
દેવ ભૂવન સહુ હર્ષે ગાજે ત્હમે કેમ ? અજ્ઞાત !

સુણો :– તો કથા કહું છું એહ–
રખે જો ! કરતા મમ સમ દેહ !

જંબુનું ભરતક્ષેત્ર છે જેહ
આવીઓ મગધ દેશ ગુણગેહ
સોભતું ક્ષત્રિયકુંડ જ્યાં ગ્રામ
ભૂપતિ સિદ્ધાર્થ જેનું નામ.
તીર્થંપતિ જન્મ્યા ત્યાં આજે વર્ધમાન ભગવાન્ !
જન્મોત્સવ મેરૂ પર થાશે ! થાઓ સજ્જ તમામ

વદ્યા પ્રભુ ઇંદ્ર શ્રી મૂખે વાણ
બજાવી ઘંટા કરવા જાણ.
જાંણી એ ઇંદ્ર તણો આદેશ
આવી હું સજવા નાતમ વેશ !
અમર સહુ થઈ ગયા તૈયાર
પિયુ ! ત્હમે કરો નહિ હવે વાર !
કહી આવી છું સખીવૃંદને આવું પ્રિયતમ સાથ;
ઉતાવળ કરવા એ કારણ જુઓ ! જુએ સહુ વાટ !

પરસ્પર કરતા પ્રેમકલ્લોલ !
સહન સુર થયાં રંગ તરબોળ

વહે સહુ દેવ દેવીનો વૃંદ
આવી શોભે જ્યાં મેરૂશૃંગ
મચ્યા તૈયારી કરવા કાજ
લાવતા દિશ દિશ ઉત્સવ સાજ
[3]પ્રભાસ માધવ ક્ષીર તીર્થનાં ભર્યાં મનોહર ! નીર !
રત્નજડિત કળશા શ્યા શોભે ! ખરે ! સુંદરિ ! પીન !

સુગંધી વસ્તુ વિધવિધ જાત
મેળવ્યા પાંડુક વન એ ઠાઠ

[4]કર્યાં છે રૂપ પંચ નિજ અંગ
ભક્તિ સહ લેવા પ્રભુને સંગ
આવીઆ હરિ લેઇ ઉદ્યાન[5]
સિંહાસન શોભે જ્યાં એ સ્થાન !

(ટીપ—જન્મોત્સવનો પ્રસંગ; જૈન ધાર્મિક ક્રિયામાં મંગલિક ક્રિયા તરિકેનું સ્થાન ભોગવતો હોઇ 'વિધિ લક્ષણ'નું સ્વરૂપ પામ્યો છે. 'સ્નાત્ર ભણાવવું' એ રૂઢ શબ્દથી તેની પ્રસિદ્ધિ છે અને તેનો પ્રચાર સર્વ સાધારણ છે)

૧ દેવ લોકમાં જ્યારે ઇંદ્ર મહારાજને આજ્ઞા કરવાની હોય છે ત્યારે સુઘોષા નામની ઘંટા તેઓ વગડાવે છે. ૨ વચમાં (!) ઉદ્‌ગાર ચિનહ મુકી શ્લેષ બતાવ્યો છે. સુ = સારી ઘંટા – ઘંટ સુઘોષા : એ નામનો ઘંટ.

૩ અભિષેક માટે જુદા જુદા તીર્થનાં જળ મધ્યલોકની ભૂમિમાંથી લાવવામાં આવે છે (મધ્ય લોકની સમજ માટે જુઓ જૈન ગ્રંથોમાં વર્ણવેલું ભૂગોળ સ્વરૂપ).

૪ ઇંદ્ર મહારાજ તરત જન્મેલા તીર્થંકરને લેઈ જન્માભિષેક માટે મેરૂ ઉપર જાય છે. તેને માટે તેઓ વિક્રિય શક્તિના બળે પાંચ રૂપ કરે છે. એક રૂપે પ્રભુને લે છે બે રૂપે ચામર ઢાળે છે એક રૂપે છત્ર ઉપર ધરે છે અને એક રૂપે આગળ વજ્ર લેઇ ચાલે છે. આ કામ સૌધર્મેંદ્ર નામના પહેલા દેવલોકના ઇંદ્ર કરે છે. અર્થાત્ તેમનો એ આચાર છે.

૫ ઉદ્યાનઃ—મેરૂ ઉપરનું પાંડુકવનઃ જ્યાં શિલા ઉપર અભિષેકમાં વાપરવા માટે સિંહાસન ગોઠવેલું હોય છે.

અહી અંક સુરપતિ બિરાજ્યા અનન્ય જેની સેવ !
અદ્દભૂત્ રૂપ પ્રભા જિન કેરી ! ઝાંખા જુઓ સહુ દેવ

દેવીઓ ચકિત નયન નિરખંત !
ભાગ્ય કયાં ? સાંપડે આવો કંથ !

વધાર્યું અભિષેકને કાજ
[6]ઋષભનું રૂપ ઇંદ્ર મહારાજ
નમ્યાં શૃંગો વહી ઉજ્વલ ધાર
ઘોષણા ઉઠી જય ! જય ! કાર !

કલશ નમાવા જિનપતિ દેહે હૈયે અતિ ઉલ્લસંત !
થશે આજ્ઞા સુરપતિની કયારે ? જુએ નયન વિકસંત !

થયા તત્પર ! કરવા અભિષેક !
ઇંદ્રનો થાય નહિ આદેશ !

થાય છે વિલંબ કેમ તે આમ ?
સ્તંભિયા અમરો કેમ ? તમામ ?
જોઈ પ્રભુ કારણુ જાણે એહ
ટાળે; [7]પ્રજ્ઞા અવધિ સંદેહ !

અહો ! શક્ર ! ચિંતાએ પડિયા લઘુ પ્રભુનો દેહ !
ક્રોડો ભર કળશા જળ ભરિયા જોજન ભર છે જેહ

ખમે કયમ ? અભિષેકની ધાર !
સુઝે ના ! કરતાં કોઇ વિચાર !

હતા જે ત્રેવીશ જિનવર દેવ
[8]કાળ બળ હતા જેહ મહાદેહ

તીર્થંપતિ ચોવીસમા જિન ચંદ
નાની શી ! જેણે દેહ ધરંત !

સોહમ પતિ મુંઝાઇશ મા તું ! જો ! મુજ બળ તું દેખ !
[9]અનંતવીર્યંવતા જિન જન્મે ! સૂત્ર સનાતન પેખ.

હોય ભલે ! શિશુ સિંહનું જેહ !
વિદારે મસ્તક હસ્તિ તેહ !

પધારો ! અંગૂઠો ચાંપત !
ધ્રુજીઓ ! મેરૂનો ત્યાં શૃંગ !
ખળભળ્યાં ! સમુદ્રનાં સહુ નીર !
વિશ્વ સહુ થઇ ગયું ભયભિત.

થયાં રક્ત લોચન આ દેખી સુરપતિ કોપ ન માય !
કોણુ દુષ્ટ આ મંગળ સમયે કરે આમ અંતરાય—

જીવિત નો ખપ નહિ હોય જરાય ?
મતિ મન ઉઘી તેથી ભરાય.

[10]અવધિથી જાણ્યો સર્વ સંબંધ
અહો ! પ્રભુ બળ છે કેવું ! પ્રચંડ ?
રંક છું : હું તો આપની પાસ
ખમાવું ! થયો અનાદર આપ.

પ્રફુલ્લ વદન થઇ હરી, આપે અભિષેક આદેશ
જળ વર્ષણ થઇ રહ્યું અહો ! શું ! હશે કયો આ મેઘ ?

પ્રભા ! જયમ ચંદ્ર થકી વેરાય !
વિશ્વ એ તેજ થકી પુરાય !

---

૬ સૌધર્મેન્દ્ર અભિષેક માટે ઋષભનું રૂપ નવું વધારે છે અને એ રૂપે શિંગડાં નમાવી દુધ સરખા ઉજ્વલ નીરની ધારા એ શિંગડાંમાંથી ઝરાવી અભિષેક કરે છે.

૭ દરેક જિનેશ્વરો અવધિજ્ઞાન સહિત જન્મે છે. એ અવધિજ્ઞાન તેઓ જે ભવમાંથી જે સ્થળેથી આવ્યા હોય ત્યાં તેઓ જેટલું ધરાવતા હોય તેનું તે, તે-સ્થાન અને ભવ છોડવા છતાં-કાયમ રહે છે. એવો સનાતન નિયમ છે. (અવધિજ્ઞાન બાબત જેને વિશેષ જાણુવા ઈચ્છા હોય તેને નંદીસૂત્ર, ભગવતીસૂત્ર, અને ખાસ કરી વિશેષ આવશ્યકસૂત્ર જોવું. સિવાય ઘણા જૈન તત્ત્વ ગ્રંથોમાં એની વ્યાખ્યા છે–' જ્ઞાન પંચમીના દેવ વંદન 'નો ગ્રંથ જે શ્રી વિજયલક્ષ્મીસૂરિએ રચ્યો છે તેમાં પણુ આ વિશે ઉપયોગી ઉલ્લેખ છે.

૮ પ્રથમ તીર્થંકરની પાંચસો ધનુષ્ય દેહથી માંડી ૨૩ મા પાર્શ્વનાથની દેહ નવ હાથ હતી. વર્ધમાન ભગવાન સાત હાથની દેહવાળા થયા (પુરેપુરી દેહની ઉંચાઇ)

૯ તીર્થંકરનું શરીર બળ અનંતુ હોય છે, બળના પ્રમાણુવાળી તુલના–નું વર્ણુન કલ્પસૂત્રમાં છે. તેમ બીજા ગ્રંથોમાં પણુ છે. આ પ્રમાણુવાળી ગાથાઓએ ધુરંધર આચાર્ય હરિભદ્રસૂરિ (યાકિનિ મહત્તરા સુત)ના જીવનનું અદ્દભુત પરાવર્તન કર્યું હતું. બ્રાહ્મણુ ધર્મ તજી નિર્ગ્રંથ દીક્ષા લેવડાવનાર એ ગાથા બની હતી.

૧૦ દેવ અને નારક જીવોને જન્મથી અવધિજ્ઞાન હોય છે. એ જ્ઞાન ભવ પ્રત્યયી છે. જેઓને સમ્યકત્વ હોય છે; તેનું તે જ્ઞાન અવધિજ્ઞાન કહેવાય છે. પણુ જેને તેમ નથી, તેને તેનું જ્ઞાન વિભંગ કહેવાય છે. દેવલોકના ચઢતા ક્રમ પ્રમાણે એ જ્ઞાન પણુ ઉત્તરોત્તર ચઢતી પાયરીનું હોય છે.

ધવલ તેમ પ્રભુ દેહ સોહંત !
તેજ નીર ! દિશ દિશમાં વેરંત
સ્વર્ગંપતિ [11]ચોસઠ નિજ પરિવાર
ભક્તિ દર્શાવે વિવિધ પ્રકાર !

ચામર છત્ર ઢળ્યા કંઇ અગણિત ! કુસુમવૃષ્ટિ અનિમેષ !
દિવ્ય દુંદુભિ ગગન ગર્જંતી વાગે વાદ્ય વિશેષ

[12]કિન્નરિ ! ગાન સુરસ મૂખ ગાય
મોહનિ અજબ ! બધે પથરાય !

પ્રગટે એમ હૃદય હૃદય ઉચ્છરંગ !
ધન્યતા ! પામ્યો હરી ઉત્સંગ !
બાળ રવિ સમ સોભે ભગવાન્ !
કોણ જગ ? એ સમ લે સન્માન !

[13]પ્રક્ષાલન પુરૂં થઇ જતાં લીધા ઇંદ્ર પ્રભુ હાથ
જઇ ત્રિશલા માતાને સોંપ્યા પ્રભુ વીર [14]સાક્ષાત્

વદન થયું માતનું અતિ પ્રસન્ન !
ભાગ્ય વર ! પામી પુત્ર [15]રતન !

તણુખલા-વિંધ્યાટવી
૧૩ - ૧ - ૨૬

ગોરધનભાઇ વીરચંદ શાહ
સિનોરવાળા.

---

૧૧ જૈનોની મુખ્ય બે શાખાઃ—શ્વેતાંબર અને દીગંબરઃ શ્વેતાંબર ગ્રંથો દેવલોક ૧૬ હોવાનું જણાવે છે ત્યારે દીગંબર ગ્રંથો ૧૪ હોવાનું કહે છે. તે સિવાય બીજાં દેવલોકો છે. દેવલોકના મૂખ્ય બે ભાગ છે. એક કલ્પ અને કલ્પાતીતઃ જેઓ કલ્પ વિભાગમાંના છે તેઓ ઇંદ્રની આજ્ઞાને આધિન છે, તેવા ઇંદ્ર ચોસઠ છે. કલ્પ એટલે આચાર. આચારને આધિન જે દેવો છે તે કલ્પ અને સ્વઇચ્છિતપણે વર્તનારા તે કલ્પાતીત. ચોસઠ ઇંદ્ર અને તેના પરિવારનો જન્માભિષેક અને બીજી ક્રિયા કરવાનો કલ્પ છે. અને તેથી તે ફરજ તરિકે ગણી કરે છે. ધર્મ બુદ્ધિવાળા (સમ્યગ્દૃષ્ટિ) દેવો તેમાં ભક્તિ–ધર્મવૃતિ ભેળવે છે.

૧૨ સ્વર્ગભૂમિમાં (દેવલોક) ગાયન કરનારી જાતઃ ૧૩ પ્રક્ષાલનઃ પખાલવું, ધોવું, સાફ કરવું, અભિષેક કરવો તે.

૧૪ ઇંદ્ર. તીર્થંકરના શરીરને, અભિષેક માટે મેરૂ ઉપર લેઇ જાય છે. તે પ્રભુનું મૂળ રૂપ લેઇ જાય છે અને માતા પાસે બીજું કૃત્રિમ રૂપ મૂકે છે. ઉત્સવ પુરો થયા પછી ઇંદ્ર તે મૂળરૂપ પાછું મૂકી જાય છે અને કૃત્રિમ રૂપ અપહરિ લે છે.

૧૫ જેટલા જિનેશ્વરો જન્મે છે તેઓ દરેકનો જન્માભિષેક–મહોત્સવ ઇંદ્રો કરે છે. એ મહોત્સવ કેવી રીતે કરવામાં આવે છે તેનું વર્ણન કલ્પસૂત્રમાં છે. એ કલ્પસૂત્ર અને તે ઉપરની ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીની કરેલી સુખબોધિકા નામની ટીકાનું ગુજરાતી ભાષાંતર બુકસેલર મેઘજી હીરજીએ પ્રગટ કર્યું છે. સંસ્કૃત નહિ જાણનાર જિજ્ઞાસુઓએ તે જોવું.

“બુદ્ધ અને મહાવીર”નું અવલોકન.

(મૂળ નિબંધ લેખકઃ અર્નેસ્ટ લાયોમેન).

લેખકના સૂચન મુજબ તેની શરૂઆત ચમકાવનારી છે; પણ તે સંભવનીય તો છે. તે કહે છે કે આર્યો યુરપ અને એસીયા વચ્ચેના પ્રદેશમાં વસતા હતા, જયાંથી એક ટોળી પૂર્વમાં અને એક પશ્ચિમમાં ગઇ. અમુક મૂળ જગ્યાએથી આર્યો ભરતમાં આવ્યા તે સંભવિત તો લાગે છે કેમકે સામાન્યતઃ જોતાં જૈન તિર્થંકરો, રામ, કૃષ્ણ, બુદ્ધ આદિના જન્મ સ્થાનં ઉત્તર હિંદના પ્રદેશમાંજ હતા. પ્રથમના તિર્થંકરો સંયુક્ત પ્રાન્તમાં જન્મ્યા હતા; એટલે તે કાળમાં પંજાબ અને સંયુકત પ્રાન્ત સુધી તેમનો ફેલાવો થયો હોય; પાછળથી મગધ, બિહાર અને બંગાલ સુધી આગળ ફેલાયા; અને ત્યાર બાદ ચારે બાજુએ હિંદમાં સારી રીતે ફેલાયા. આ પ્રમાણે આર્યો હિંદમાં આવ્યા તે પ્રશ્નનો ઉકેલ થાય છે; પણ તે કયા સમયે તે બરાબર ધ્યાનમાં આવી શકતો નથી. આ રીતે આર્યો હિંદમાં આવ્યા તે સંભવિત તો લાગે છે–જો કે તે શરૂઆત કયારે થઇ તે કાળ સંબંધમા મતભેદ હોઇ શકે.

તે વખતના આર્યોનો ધર્મ પ્રકૃતિ હતી; અને તેથી તેઓ ઇંદ્ર, અગ્નિ, વરુણ, સમુદ્ર, નદી આદિને દેવસ્વરૂપે ઓળખતા. આ પણ કાંઇક વધારે સંભવિત લાગે છે કેમકે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ થયા ત્યાર પહેલાં યુગલીક જીવો કલ્પવૃક્ષ પર નિર્વાહ કરતા હતા, એટલે કે જીવન નિર્વાહ માટે કુદરત–પ્રકૃતિ ઉપર આધાર હતો અને તેથી તે વખતે પ્રકૃતિ ધર્મ પ્રચલીત હોય તે સંભવનીય તો છે.

વખત જતાં અને નવીન ભુમિના સ્વાદ સાથે જાતિ ધર્મ અને બ્રાહ્મણોનું જોર, યજ્ઞયાગાદિની પ્રવૃત્તિ, તેમાં હિંસાની પ્રણાલિકા, કર્મ સિદ્ધાંતની માન્યતા, પૂર્વજન્મના વિચાર અને તે માન્યતા, વર્ણાશ્રમ ધર્મ, વાનપ્રસ્થાવસ્થા, મઠમાં વસવાટ; આદિ મન્તવ્યોના ફેરફારો થતા ગયા અને છેવટે શ્રમણ સંપ્રદાયનો પણ ઉદ્‌ભવ થયો. ઉપરોકત મન્તવ્યો ઉપરાંત યજ્ઞોમાં પ્રચલિત હિંસક પ્રવૃત્તિ, જાતિધર્મની પ્રબળતા, અને મઠમાં કાયમનો વસવાટ જનિત માનસિક અશાતિ દૂર કરવા બે મહાન વિભૂતિ પ્રકટી અને તેમને શ્રમણ સંપ્રદાય સ્થાપ્યો. જો કે જૈન શ્રમણ સંપ્રદાય ચાલુ તો હતો, પણ તેની પુનઃ રચના થઇ; તે બે મહાન વિભૂતિ કઇ? એક શ્રી મહાવીર સ્વામી, બીજી શ્રી બુદ્ધ.

લેખક કહે છે કે શ્રી વીર મહાન તપસ્વી હતા; કીર્તિ અને લૌકિક સુખ અર્થે તપ કરવાને બદલે તેઓ મોક્ષને માટેજ તે કરતા હતા. તે તપમાં તેઓ પાર ઉતર્યા અને તે ઉપર પોતાના ધર્મની પુનઃરચના કરી. બાહ્ય અને અભ્યંતર તપની સમાલોચના કરતાં લેખક કહે છે કે તેમના નૈતિક અને ધાર્મિક પ્રયત્નો તપ ઉપર છે; તેમને શારીરિક બંધનો અને સંસારીક પ્રલોભનોમાંથી બળપૂર્વક મુકત થવું છે; અને તેથી તેઓ વિનય, સદાચાર આદિ નૈતિક અને માનવધર્મને પણ આત્મભોગ, આત્મસંયમ, આત્મશાસન અને આત્મ વિજયમાં લાવે છે.

વળી તે કહે છે કે શ્રી બુધ્ધે તપથી શરૂઆત કરવાં છતાં મધ્યમ માર્ગે ચાલ્યા અને તેમની ભાવના સમ્યક્ પર વળી–લેખક બુધ્ધને જ્ઞાની કહે છે. અહીં કાંઇક કહેવાનું પ્રાપ્ત થાય છે. જૈન સિધ્ધાંતમાં પણ સમ્યક્ પર ભાર મુકાએલો છે; તે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રને મોક્ષ માર્ગ કહ્યો છે તે પરથી સ્પષ્ટ છે. તપની જરૂરીઆત સૌને માટે

એક સરખી હોઇ શકતી નથી કેમકે શ્રી વીરને પોતાનાં અનેક કર્મો હતાં તેથી તે ચૂર્ણ થાય તે અર્થે તપની જરૂર હતી; જ્યારે તેમનાજ પહેલા શ્રી પાર્શ્વનાથનું તપ તેમના પ્રમાણમાં ન હતું, કેમકે તેમને તેવાં ભારે કર્મ ન હતાં કે જેથી મૂક્ત થવાનું હતું. એટલે કે શ્રી વીર આત્મસંયમ પર ધર્મ રચતા હોવા છતાં તે તપના અંતિમ છેડાને મુદ્દલ માનતા નથી.

શ્રી. મહાવીર અને શ્રી બુધ્ધ તે બન્ને મહાન વ્યક્તિઓ હતી; બન્નેનું જ્ઞાન વિશાળ હતું અને બંનેએ હિંસા ત્યાગ માટે પ્રયત્ન કર્યો, મઠનો વસવાટ દૂર કરી શ્રમણપંથ ચાલુ રાખ્યો, છતાં પણ જ્ઞાનમા શ્રી બુધ્ધ પરિમિત લાગે છે: (૧) બોધિસત્વ પામ્યા પછી શ્રી બુધ્ધે વિચાર કર્યો “મને જે ધર્મજ્ઞાન થયું છે તેનો બોધ સંસારી મનુષ્યને થવો શકય નથી; જો હું ઉપદેશ કરીશ અને જો લોકોને મારા ધર્મનું જ્ઞાન થશે તો મને વિના કારણ ત્રાસ થશે! તો હવે ધર્મોપદેશની ખટપટમાં ન પડતાં એકાંતમાં કાળક્રમણ કરવું તેજ સારૂં છે”–આ મનોવૃત્તિ જ્ઞાનનું પરિમિતપણું, સંકુચિતવૃત્તિ અને ત્રાસની બીક સ્પષ્ટ કરે છે. બ્રહ્મદેવ ગૌતમને ઉપદેશ આપવા વિનતિ કરે છે કે “અજ્ઞાન મળનાં પડ આછાં હોય તેવા આ જગતમાં પુષ્કળ જીવ છે...તેથી તારો ધર્મ સમજનારા ઘણા લોક તને મળ્યા વગર નહિ રહે” આ વસ્તુ સંપૂર્ણ જ્ઞાન હોત તો પોતે જોઈ શકત અને (૨) ઉપદેશ આપવાનો વિચાર કરી કોને ઉપદેશ આપવો તે માટે આળાર કાલામને પસંદ કર્યો અને તે પસંદગી કરતાં પહેલાં તે આ જગતમાંથી પરલોક ગયો હતો તે પછી ઉપયોગ મૂકતાંજ તે દેખી શકયા. તેવીજ રીતે ઉદ્રક રામ પુત્ર બાબત પણ બન્યું અને છેવટે પોતાના સાધુ જીવનની શરૂઆતના પાંચ તપસ્વી સાથીઓને ઉપદેશ દેવા બનારસ ગયા. આમાં પણ જ્ઞાનના પરિમિતપણાનાં ચિન્હ સ્પષ્ટ છે. જ્ઞાન પરિમિત હોવા છતાં તે કાળના સંપ્રદાયોની ધૂરિ વહન કરનાઓ પૈકી તેઓ એક ઉચ્ચ કોટીના હતા; જેમ શ્રી મહાવીર પણ હતા. શ્રીવીરના પ્રસંગમાં કૈવલ્યજ્ઞાન પ્રાપ્તિ પછી આવા પ્રસંગો નથી. કિંમત આપીને વસ્તુ મેળવનાર તે વસ્તુનો ઉપભોગ સારી રીતે કરી શકે તેમ તપ દ્વારા આત્મ વિજયથી કૈવલ્ય પ્રાપ્ત કરી તરતજ ધર્મોપદેશ દીધાનું શ્રીવીરની બાબતમાં પ્રમાણ છે; તેમજ આવા પ્રકારની વિચાર પરંપરા પણ શંકાશીલ દીલ બતાવે છે જે શ્રી વીરમાં નથી દેખાતું.

શ્રી બુદ્ધને લાગ્યું કે મનુષ્ય પોતા માટે નથી પણ સમાજ માટે છે; પોતાનું આત્મબલિદાન સૌ માટે છે અને તેથી તેમનો ધર્મ લોકધર્મ થયો; પણ ઉપરની વસ્તુસ્થિતિપર વિચાર કરીશું તો આ વાત શ્રી બુદ્ધ કરતાં શ્રી વીરને વધારે લાગુ પડી શકશે; આ વસ્તુસ્થિતિ ખરી હોય છતાં રહેલા ધર્મ તરીકે બુદ્ધધર્મ લોકધર્મ બન્યો અને અન્ય ધર્મના પ્રબળ સંઘટ્ટમાં આવતાં તે જન્મભૂમિમાંથી દેશનિકાલ પામી બહાર સંઘર્ષોના અભાવમાં વિશાળ ક્ષેત્રમા ફેલાયો અને ફાલ્યો ફૂલ્યો.

ઓછા અભ્યાસને પરિણામે લેખક અણજાણ્ગે એક બીજાને અન્યાય પણ કરે છે. શ્રી વીર સંકુચિત વૃત્તિના હતા કેમકે તેઓ ઉપદેશ સ્થાનમાંજ ઉપદેશ આપતા; પૂછનાર મનુષ્યની શક્તિ કે મંતવ્યો જાણ્યા વગર પોતાનો આકરા માર્ગનો ઉપદેશ દઇદેતા. સર્વજીવોનું કલ્યાણ કરવું તે બન્ને વિભૂતિની સ્વાભાવિક ઈચ્છા હતી; પણ બન્નેના માર્ગોમાં ફરક હતો. જ્યાં ત્યાં ઉપદેશ દેવો અને ઉપદેશ સ્થાનમાંજ ઉપદેશ દેવો તે તો નજીવી બાબત છે; પણ લેખક કહે છે તેમ શ્રી વીર બેદરકાર હતા તો તે વાત પણ ખોટી ઠરે તેમ છે. કડક આજ્ઞાઓ વાળો ધર્મ અને ઉપર સૂચવી તે પ્રમાણની બેદકારી જરૂર અનુયાયીમાં ન્યૂનતા રૂપજ હોય. છતાં તેમના નિર્વાણ વખતની અનુયાયીઓની સંખ્યા જોતાં તે ખોટૂં ઠરે છે.

શ્રી વીર ઉદાર હતા અને સંકુચિત ન હતા; કેમકે તેમને કેવળજ્ઞાન પ્રાપ્તિથીજ ભિક્ષુણી સંઘ સ્થાપ્યો હતો જ્યારે શ્રીબુદ્ધ પાસે મહાપ્રજાપતિ ગૌતમી પ્રવ્રજ્યા લેવા આવી ત્યારે પોતે તે સંઘ સ્થાપવા ના પાડી; આનંદના સવાલના જવાબમાં તેમણે કહ્યું કે આ ભાંજગડમાં તું ન પડીશ. આનંદે પૂછ્યું શું સ્ત્રીઓ ધર્મ ન પામી શકે? બુદ્ધે જવાબ આપ્યો પામી શકે.

ત્યારે આનંદે ફરી કહ્યું કે મહાપ્રજાપતિની વિનતિ માન્ય કરી સ્ત્રીઓથી પ્રવ્રજ્યા લેવાય તેવા નિયમ કરો; આમ ભિક્ષુણી સંઘની સ્થાપના બુદ્ધ સંપ્રદાયમાં થઇ. તે વખતે આ કારણથી પોતાનો ધર્મ ઓછો ચાલશે તેમ પણ તેમણે કહ્યું હતું. આ પ્રશ્ન પણ વિચારણીય છે.

અહિંસાની બાબતમાં બન્ને સરખી આજ્ઞાઓ કરે છે; પણ તેમની ભાવનાઓમાં ફેર છે. શ્રી મહાવીરની ભાવના જીવ રક્ષણની છે, ને કારણે "સૌ જીવ સરખા" એ રીતે સૃષ્ટ જગત સાથે પોતાનો સંબંધ જોડી પાંચ મહાવ્રતનો ઉપદેશ કરે છે. શ્રી બુદ્ધ આત્મભોગના આધાર રૂપ દયા અને સહાનુભૂતિની ભાવનાને જોડી દુઃખનો ઉપદેશ કરે છે. અહિંસામાં આમ શ્રી મહાવીર આગળ વધે છે; તે સમસ્ત પ્રકૃતિમાં જીવનું આરોપણ કરી તેના રક્ષણ માટે આજ્ઞા કરે છે; મનુષ્ય, પશુ આદિ ઉપરાંત તે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તે એકેન્દ્રિય આદિ જીવોને રક્ષણ કરવા ઉપરાંત જીવવાળાં કે જીવ વગરના કોઇ પણ પદાર્થનો જરૂર પુરતોજ ઉપયોગ કરવાનો ઉપદેશ આપે છે; સૂક્ષ્મ જંતુ રક્ષણ માટે જમતાં વાસણનો ઉપયોગ, બોલતાં મુહપત્તિનો ઉપયોગ, તેમજ પ્રવાહી પદાર્થો ખુલ્લાં ન રાખવાં અને તે ગાળીને વાપરવાનો ઉપદેશ કરે છે. આ એક ભવ્ય સિદ્ધાંત છે. અશ્રુતપૂર્વ ઉપદેશ છે. ગરમ અને વનસ્પતિએ ફાલ્યા ફૂલ્યા દેશમાં સૂક્ષ્મ જંતુથી સાવધ રહેવું જરૂરી છે; બગડેલ પાણી, બગડેલ ફલ, કોહવાએલી વનસ્પતિ, એંઠા કે વાસી ખોરાક આદિ ન વાપરવાનો ઉપદેશ તંદુરસ્તી જાળવવા કરતાં જીવ રક્ષણની ભાવનાથીજ પડેલો છે તેની તો ના નજ પાડી શકાય.

શ્રી બુદ્ધે દયા અને સહાનુભૂતિની ભાવનાને લઇ દુઃખ અને તે દુઃખથી મુક્ત થવાના ઉપાયો શોધવામાં પુરૂષાર્થ માન્યો અને તેથી તેને ચાર આર્ય સત્યો: (૧) દુઃખ. જન્મ, જરા, મરણ આદિ સંસારદુઃખ, (૨) દુઃખોત્પાદઃ અજ્ઞાન અને તૃષ્ણાદિ દુઃખના કારણો, (૩) દુઃખનિરોધ=દુઃખ રોકનાર સાધનો અને જ્ઞાનપ્રાપ્તિ; (૪) અને દુઃખનિરોધમાર્ગ=સંપૂર્ણ રીતે દુઃખથી મુક્ત થવાનો માર્ગ (આર્ય અષ્ટાંગિક માર્ગ) પ્રવર્તાવ્યાં. **क** સમ્યગદૃષ્ટિ=સાચી શ્રધ્ધા, **ख** સમ્યક સંકલ્પ=સાચો વિચાર, **ग** સમ્યગ વાગ=સાચું વચન, **घ** સમ્યકકર્મ=સત્યકર્મ, **च** સમ્યગ આજીવ=સાચી જીવનચર્યા, **छ** સમ્યક પ્રયત્ન=ખરો પ્રયત્ન, **ज** સમ્યક સ્મૃતિ=સાચી યાદ શક્તિ અને **झ** સમ્યક સમાધિ તે આઠનો અષ્ટાંગિક માર્ગ બન્યો છે. આ રહી શ્રી બુદ્ધની ભાવના અને તેનો વિસ્તાર.

વિશેષ સમજવા ખાતર સ્પષ્ટ કરવુંજ જોઇએ કે દુઃખનું અસ્તિત્વ સ્વીકારી તેથી મુક્ત થવાનોજ શ્રી વીર પણ ઉપદેશ દેતા હતા, અને તદઅનુસાર સંવર, નિર્જરા અને મોક્ષના માર્ગ પણ બતાવ્યા છે. સમ્યગ દૃષ્ટિ, મન ગુપ્તિ, વચન ગુપ્તિ અને કાયગુપ્તિ અને ચારિત્ર રૂપે તેમનો માર્ગ આલેખાએલ છે. શ્રી બુદ્ધની દુઃખની ભાવના અને શ્રી વીરની બાર ભાવના (૧) અનિત્ય, (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ. (૫) અન્યત્વ (૬) અશુચિત્વ. (૭) આશ્રવ, (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોકસ્વરૂપ (૧૧) બોધિ દુર્લભ અને (૧૨) અનુચિંતન-સરખાવી શકાય.

લેખક શ્રી વીર પ્રતિ માનપૂર્વક લખે છે કે તેઓ અલૌકિક પુરૂષ હતા; તેમના વિચારની પ્રબળતા, તેમની તપશ્ચર્યા, સાધુ જીવનમાં (ઉપસર્ગ) દુઃખ સહન આદિ જોઇ આગળ વધતાં તેમને સંસારીક બંધનોથી બાંધનાર કર્મના સિદ્ધાંતના રચનાર તરીકે જોઇ શકીએ છીએ. તપસ્વીમાં તેઓ આદર્શ છે, વિચારકમાં મહાન છે, આત્મ વિકાસમાં અગ્રેસર દર્શનકાર છે અને તે સમયે પ્રચલીત સર્વ વિદ્યાઓમાં પારંગત પણ છે, તપના બળે તે વિદ્યાઓને રચનાત્મક સ્વરૂપ આપી તેમણે તે જનસમૂહ સમક્ષ મૂકી છે. (૧) પાંચ (ધર્માસ્તિકાયઃ Fulcrum of motion અધર્માસ્તિકાયઃ Fulcrum of stationariness આકાશઃ space પુદ્ગલઃ Matter અને જીવ. Atman) દ્રવ્યો અને તેના સ્વરૂપરૂપ તત્વવિદ્યા: Ontology (૨) સાત નર્ક, પૃથ્વી અને નક્ષત્ર પ્રદેશ, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન આદિ તેત્રીશ માળના પ્રદેશ રૂપ વિશ્વ-

વિદ્યા: Kosmology (૩) દૃશ્ય અને અદૃશ્ય (નરક ભૂત, પ્રેત દેવ આદિ) જીવોના સ્વરૂપરૂપ જીવવિદ્યા: Biology (૪) ચૈતન્યરૂપ આત્માના આધ્યાત્મિક વિકાસના પગથીયાંના સ્વરૂપે માનશશાસ્ત્રો: Psychology આદિને તેમણે રચનાત્મક સ્વરૂપ આપ્યું અને જનસમૂહ પાસે મૂકયું, આ ઉપરાંત તેમણે પરિધ અને વ્યાસ વચ્ચેના સંબંધના અંક પણ શોધી કાઢયો જે પરિધ=વ્યાસ× √૧૦ હતો જે અત્યારના ૩ ૧/૭ બરાબર છે. આ શોધન બહુ ચિંતનનું પરિણામ છે જે તેમના જેવા વિચારકને શોભારૂપ છે. પ્રવર્તમાન સર્વ વિદ્યાને વિચાર કરી તેને વિચારમાળામાં ગોઠવી તે સમયના બનાવ વિ., ગરમ પાણીના ઝરા વિષે તેમણે લખ્યું છે અને તપસ્વી જીવન અર્થે નિયમો અને પોતાનું દર્શનશાસ્ત્ર પણ રચ્યાં છે. આમ જોતાં શ્રી વીર માત્ર સાધુ નથી કે તપસ્વી નથી. પણ પ્રકૃતિના અભ્યાસક અને વિદ્વત્તા ભર્યા નિર્ણય આપી સમસ્ત વસ્તુસ્થિતિનો વિચાર કરી પોતાની સાધુભાવના તે સાથે જોડે છે. અનેક કલ્પના ચલાવનાર પુરોગોને પોતાની નિર્ણયાત્મક અને વ્યવસ્થિત વિચાર સરણી વડે તેમણે આશ્ચર્ય પમાડયા છે.

શ્રી વીર સાધુજીવનના ચરમ ઉદ્દેશ મુક્તિને અચિંતનીય શૂન્યરૂપ આપે છે; તેને વિચારપૂર્વક ગોઠવી પોતાના દર્શન રૂપે વ્યવસ્થિત કરે છે અને પૂર્વે કથેલ તેત્રીશમાળના પ્રદેશની ટોચે મુક્ત જીવનો પ્રદેશ યોજે છે; તેવા જીવો સાંસારીક કાર્યોથી, પુરૂષાર્થથી, કર્મરૂપ ભારથી પરિપૂર્ણ મુક્ત થઇ ત્યાં ચડે છે; તે પ્રદેશ અત્યંત સફેદ અને હલકો છે, ત્યાં બધો કર્મભાર ઉતરી પડે છે અને આત્માને કર્મ બાંધનાર સૌ અશુદ્ધિ ત્યાં પહોંચતાં પહેલાંજ ધોવાઇ જાય છે. ત્યાં અપૂર્વ શાંતિ છે, આરામ છે, કલ્યાણમય ભારવિહીનતા અને શુદ્ધિ પણ છે.

આવાજ પ્રશ્નો શ્રી બુદ્ધને તેમના શિષ્યોએ કરેલા; જગત નિત્ય છે કે નહિ? તે સાન્ત છે કે અનન્ત છે? આત્મા શરીર સાથે જોડાએલ છે કે સ્વતંત્ર છે? જીવન શક્તિ શું છે? મુક્ત જીવની હૈયાતી છે કે નહિ? આવા પ્રશ્નો શ્રી બુદ્ધે જરૂર વિચાર્યા તો હશેજ પણ તેમનું ધ્યાન દુઃખ રૂપ સંસાર પરજ હતું; તેમને માત્ર ધાર્મિક આચરણ કે આદર્શ જીવનની દરકાર હતી અને તેથી આવા પ્રશ્નોના ઉત્તરોમાં તેમને જોખમ જોયું. (૧) આવા પ્રશ્નોની પાછળ પડતાં સાચી જીવનચર્યામાંથી લપસી જવાનો ભય અને (૨) જુદા જુદા દર્શનોના જુદા જુદા સ્વરૂપોની વિષમતા આ બે જોખમને જોઇ તેઓ આવા પ્રશ્નો પ્રસંગે મૂગા રહેતા. આ પ્રકારનું આવા પ્રશ્નોના ઉત્તરો બાબતનું મૌન હિતકર કે અહિતકર હતું તે આપણે કહી શકીએ તેમ નથી. કાં તો આ મૌન પૂર્ણજ્ઞાનનું પરિણામ પણ હોય, કાં તો તે પરિમિત જ્ઞાનનું પરિણામ પણ હોય કે કાં તો તે સંકુચિત વૃત્તિનું પરિણામ હોય. લોકના અહિતની ચિંતાને લઇ મૌન રાખ્યું હોય તો તે હિત દૃષ્ટિ હતી અને પૂર્ણ જ્ઞાનની સાબિતી રૂપ હોઇ શકે; વળી તેમના જેવા વિચારકને સ્પષ્ટ લાગવુંજ જોઇએ કે જેમ દરેક વસ્તુને સારી અને ખરાબ બાજુ હોય છે તેમ આવા પ્રશ્નોનો ઉકેલ કરવાથી તેનો સદુપયોગ કે દુરૂપયોગ અધિકારી પર અવલંબે છે, માટે ગમે તેમ થવાનું હોય તે થાઓ પણ આ સત્ય પ્રશ્નોનો ઉકેલ આ છે. આ ઉપરાંત આવા પ્રશ્નોના ઉકેલ દ્વારા કેટલાક જીવો જેમ અકલ્યાણ કરી જાત તેમજ આત્મકલ્યાણ પણ કરી શકત. પોતે આત્મભોગ દ્વારા જે સત્ય મેળવ્યું તે જનસમાજ સમક્ષ મૂકવાની જરૂર હતી કે જેથી સર્વ જીવોને તે પ્રકારનું જ્ઞાન મળે; એટલે કે આ પ્રકારના મૌનથી દુનીયા તે પ્રશ્નોના શ્રી બુદ્ધના વિચારોથી અજ્ઞાતજ રહી.

લેખક મહાશય આ દેશના આચાર વિચાર, બન્ને દર્શનોના આચાર વિચાર, રહેણી કરણી આદિથી બીનવાકેફગાર છે; દરેક દર્શનોમાં ઘણો અભ્યાસ પણ વધારવાનો હોય છે એટલે આછા અભ્યાસને લઇ અજાણતાં ગમે તે દર્શનપર કે બન્ને દર્શનપરના રચયિતાને આવા સરખામણીના પ્રસંગે અન્યાય થઇ જવા સંભવ રહે છે. એટલે આ લેખિનીનો ઉદ્દેશ લેખક પર ટીકા કરવાનો કે શ્રી બુદ્ધની ખોડ શોધી કાઢવાનો હતો, તેમ છેજ નહિ પણ તે નિબંધમાં જે કાંઇ વસ્તુસ્થિતિ બનાવી છે તેમાં ક્યાં

ક્યાં કંઈક ઉમેરો કરવો જરૂરી છે તેજ દર્શાવ્યું છે. હું પણ સામાન્ય અભ્યાસી છું; સર્વ દર્શનના વિચારો જાણવા ઉત્કંઠાવાળો છું; અને ગમે તે દર્શનના રચયિતા હોય તે જોનાર પણ નથી, પણ અભ્યાસના પરિણામે જે કાંઇ સત્ય દેખાય તે રજુ કરવાની ફરજ સમજી આ વસ્તુ રજુ કરી છે. વાંચકવર્ગ આ બાબત વિચારી ઉહાપોહ કરશે.

ચીમનલાલ દ. શાહ.

શ્રી મહાવીર સ્વામી અને સ્ત્રી વર્ગ.

"**નમો તિત્થસ્સ**" એમ કહી સમવસરણમાં બીરાજમાન શ્રી મહાવીરપ્રભુજી દેશના દેતાં પહેલાં તીર્થને નમસ્કાર કરે છે. આ તીર્થમાં સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેનો સમાવેશ થાય છે અને એને આપણે ચતુર્વિધિ સંઘ કહીએ છીએ. વળી શ્રી મહાવીર પ્રભુજીએ ચંદનબાળાને અને સુલસા શ્રાવિકાને સમોવસરણમાં બીરાજી ધર્મલાભ કહાવેલા છે અને સ્વમુખે સભાસન્મુખ તેમની મહત્તાનાં વખાણ કરેલાં છે.

આપણાં શાસ્ત્રોમાં સોળ સતીઓના પ્રભાવને વર્ણવેલો છે જેમના નામોને પવિત્ર ગણીને પ્રાતઃકાળમાં પુરૂષો અને સ્ત્રીઓ ભક્તિભાવથી સંભાળીએ છીએ. વળી શ્રી મલ્લીકુમારી ઓગણીસમા તીર્થંકર થયાં છે તે શું સુચવે છે? મહાપુરૂષો અને સ્ત્રીઓને જન્મ આપનાર સ્ત્રીઓ એ રત્નપ્રસુતાઓ છે. સ્ત્રીઓનું ગૌરવ એજ સમાજનું અને ધર્મનું ગૌરવ છે. જે સમાજ કે દેશમાં સ્ત્રીઓમાં રહેલી મહત્તા જોવાતી નથી અને હલકી દ્રષ્ટિથી તેમને જુએ છે, અને સ્ત્રીઓ માટે હલકી ભાવનાઓ રાખે છે. તે સમાજ અને ધર્મની તથા દેશની પડતીની નીશાની છે. જેમના વડે મનુષ્ય જીવનને પ્રથમથી પોષણ મળે છે, જેમના વાત્સલ્ય પ્રેમવડે મનુષ્યો ઉછરી શકે છે, જેમની કુક્ષીથી મહાન સ્ત્રીપુરુષોએ જન્મ લીધેલો છે એમને જેમના સંસ્કારવડે ઉત્તમ પ્રકારનું સંસ્કારબળ જન્મથીજ મળેલું છે અને જેઓ પોતાના જીવનના અતિ ભોગે માણસોને ઉછેરે છે, તેઓની મહત્તાને પગતળે છુંદી નાખવામાં આવે તો એ મહત્ પાપ છે અન્યાય છે-એમાંથી બચો અને બચાવો સમાજને, અને ધર્મને, તથા પોતાની જાતને.

સ્ત્રી જાતિના વખાણ તો શ્રી મહાવીર પ્રભુએ કરેલાં છે અને સ્ત્રીઓને યોગ્ય સ્થાન તેઓશ્રીએ આપેલું છે. જ્યાં પ્રભુ પોતેજ નમસ્કાર કરે છે એવા ચતુર્વિધ સંઘમાં બીજે સ્થાને સાધ્વીજી અને ચોથે સ્થાને શ્રાવિકાઓની સ્થાપના કરેલી છે, કેવી મહત્તા અને ગૌરવ સ્ત્રીઓનાં જણાવી ગયેલા છે?

કદાચ સ્ત્રીઓમાં બુદ્ધિબળ ઓછું જણાતું હોય પણ હૃદયબળ એ તો સ્ત્રીઓમાં જન્મથીજ પુરૂષો કરતાં વધુ ભાગે ચઢીયાતું વારસામાં મળેલું હોય છે, ઉત્તમ ચારિત્ર, ઉત્તમ પ્રકારનો સંયમ, ઉત્તમ ત્યાગ અને વૈરાગ્ય પાળવાને માટે અને ઉત્તમ જીવન ગાળવા માટે જ્ઞાનની નહિ પણ હૃદયબળની જરૂર છે અને તે મોટા ભાગે સ્ત્રીઓમાં ઉત્તમ પ્રકારે જોવામાં આવે છે, માટેજ શ્રી વીરપ્રભુએ સાધ્વી અને શ્રાવિકા વર્ગની સ્થાપના કરેલી છે અને સંઘ સ્થાપનામાં સ્થાન સ્ત્રીઓને આપેલું છે.

વર્તમાનમાં વિચાર કરી જોશો તો ગૃહસ્થ ધર્મમાં શ્રાવકો કરતાં શ્રાવિકાઓ, વ્રત, તપ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ, વૈયાવચ્ચ, અને દાન શીયલ ભાવના વિગેરે ધર્મકાર્યો વધારે પ્રેમથી કરતાં જોવામાં આવે છે, વળી દરેક તીર્થંકરની વખતમાં ચતુર્વિધ સંઘની સંખ્યામાં સાધુ અને શ્રાવકો કરતાં સાધ્વી અને શ્રાવિકાઓની સંખ્યા વધુ હોવાની શ્રી કલ્પસુત્ર સાક્ષી પુરે છે. આ જોતાં સ્ત્રીઓનો દરજ્જો કોઇ પણ રીતે શ્રી મહાવીરના શાસનમાં ઉતરતો હોય એમ જણાતું નથી, વીર પુત્ર પુત્રીઓને જન્મ આપનાર માતાઓજ છે એજ સ્ત્રીઓની મહત્તા સુચવે છે.

સ્ત્રીઓ પ્રલોભન કરનારી છે નરકની ખાણ છે

એવાં કેટલાંક અછાજતાં વચનો શાસ્ત્રોમાં જોવામાં આવે છે, તે કદાચ પુરુષોને વૈરાગ્યભાવ શીખવા માટે મુકવામાં આવ્યાં હશે. પણ એ દ્રષ્ટિએ તો પુરુષો કયાં સ્ત્રીઓને ઓછા પ્રલોભનમાં નાખનારા છે? સ્વદારાસંતોષ વ્રત પુરુષો માટે તેમ સ્ત્રીઓ માટે શાસ્ત્રોમાં જુદાં નથી, બ્રહ્મચર્ય પાળવું શ્રાવક શ્રાવિકા બન્નેને માટે છે. ધર્મના અને નીતિના નિયમો પુરુષો માટે જુદા અને સ્ત્રીઓ માટે જુદા બતાવવામાં આવ્યાં નથી, ને કર્મના નિયમો પણ બન્નેને સરખાજ લાગુ પડે છે. તેમ સ્ત્રીઓ શરીરથી સ્ત્રીઓ છે પણ આત્માથી નહિજ. આત્મ શક્તિ પુરુષ સ્ત્રીમાં સરખીજ છે. પણ પુરૂષો કરતાં હૃદયબળની શક્તિ સ્ત્રીઓમાં વધારે જોવામાં અને અનુભવવામાં આવે છે. માટે શાસ્ત્રના કોઇ અપવાદરૂપ વાક્યને પકડી નહિ ગણકારતાં સ્ત્રીઓ એ મહાન આત્માઓની જનેતા તરીકે માનને પાત્ર છે એવી દ્રષ્ટિથી જુઓ અને સુખી થાઓ.

વળી વિચાર કરતાં જણાય છે કે હાલમાં પુરુષોએ દોષારોપ કરીને સ્ત્રીઓને હલકી ગણી, અને સ્ત્રીઓ અજ્ઞાનવશ શાસ્ત્રોમાં સાંભળીને પોતાને હલકી ગણવા લાગી, જેના પરિણામે સમાજમાં ધર્મવીર અને કર્મવીર સંતાનો ઓછાં જોવામાં આવે છે. શ્રીમહાવીર પ્રભુ ક્ષત્રીપુત્ર હતા, અને આપણે એમનાં સંતાનો છીએ. સંતાનોને વારસામાં શ્રી વીર પ્રભુનું બળ, બુદ્ધિ, શક્તિ, શાન્તિ, ક્ષમા, દયા પુરૂષાર્થ, સંયમ, ત્યાગ, વૈરાગ વગેરે ગુણો મળવા જોઇએ પણ કયાં છે એ સ્થિતિ? વળી શ્રી મહાવીર પ્રભુનો માતૃપ્રેમ કેવો આદર્શ છે. જ્યારે ગર્ભાવાસમાં હતા ત્યારથી માતાના વાત્સલ્ય પ્રેમથી, માતાપિતા છતાં ચારિત્ર ન લેવું એ પ્રતિજ્ઞા કરેલી છે. આ પ્રતિજ્ઞા શું સુચવે છે? તે એજ કે માતૃભક્તિની પરિસીમા બતાવી પોતાનો દાખલો જગતના જીવો માટે મુકી ગયા છે, અને આ રીતે માતાના પ્રેમની મહત્તા જણાવી ગયા છે. પણ સ્ત્રીઓ એટલે અબળાઓ, આ માન્યતાથીજ સમાજની નબળી સ્થિતિ થઇ છે. અબળાઓના પુત્રો અબલ-નિર્બળજ જન્મે છે. આવા વિચારો કરતાં જણાય છે કે પુરૂષની સ્ત્રીઓ જન્મદાતા. બાલ્યાવસ્થાથી સંસ્કાર આપનાર માતાઓની અવગણના કરવામાં પાછળના આચાર્યોએ ભૂલ કરેલી જણાય છે. પુરુષો પોતાના વિકારોને કાબુમાં ન રાખે, અને તેને વાસ્તે સ્ત્રીઓને કારણભૂત ગણે એ તો પારકા ખેતરમાં આપણી ગાયો ચરવા જાય અને તેને માટે ખેતરના માલિકને દોષ આપવા જેવી ભૂલ છે. સ્ત્રીઓ પુરુષોના સમાન છે એટલુંજ નહિ પણ પુરુષો કરતાં એ ઉત્તમ છે કારણકે ભવિષ્યની પ્રજાને અને થઇ ગયેલા મહાન આત્માઓને જન્મ આપનાર ને સંસ્કાર આપનાર માતાઓ છે.

સ્ત્રીજાતિને હલકી ગણનાર અથવા કહેનાર, પોતાની માતા પુત્રીઓ અને બ્હેનોને હલકી ગણે છે તેમનું અપમાન કરે છે. જ્યારે કોઇ પણ માણસને એમ સમજાય છે કે અમોતો બીજાઓને દુર્ગતિમાં લઇ જનાર છીએ, અને અમો પણ દુર્ગતિમાં પડનાર છીએ, ત્યારે તે માણસોના જીવનમાં નીરાશા અને હતાશપણું આવી જાય છે. આવી માન્યતા જેમના મનમાં થઈ તેઓના જીવન રસહીણુ બની જાય એ સ્વાભાવિક છે. જ્યારે સભાની અંદર કથાઓમાં સ્ત્રીઓનું વર્ણન આવે છે ત્યારે કેટલાક તો એ વાતને એટલી તો શણગારીને કરે છે કે ત્યાં સાંભળનાર બ્હેનનાં મુખ એટલી વાર તો તદ્દન નિસ્તેજ થઇ જાય છે અને એમના હૃદયને માઠી અસર થાય છે ને પરિણામ નબળાઇનાં આવે છે. માટે જે શાસ્ત્રોમાં સ્ત્રીઓની નિન્દા કરેલી હોય એવાં શાસ્ત્રોને ભંડારમાંજ રાખવાં જોઇએ અને આ સંકટમાંથી સ્ત્રી જાતિનો બચાવ કરવો જોઇએ.

॥ યાદૃશી ભાવના તાદૃશી સિદ્ધિ ॥ આ કહેવત પ્રમાણે સમાજની ભાવનાઓ ફેરવવા પ્રયત્ન કરો કે સ્ત્રીઓમાં નવું જીવન ને બળ આવે. મ્હારી બ્હેનો એવું સમજતાં થાય કે અમો આત્માઓ છીએ, અને અનંતિ શક્તિ અમારામાં રહેલી છે, અમો શક્તિરૂપ છીએ—આવી ભાવનાઓ સ્ત્રીઓમાં દૃઢ થાય તો તેઓ સંતાનોને નવુંજ જીવન આપી શકે અને પોતાના સંતાનોને ધર્મવીર અને પુરુષાર્થિ

બનાવે અને માતૃપદને શોભાવનાર થાય, દરેક સમાજ શિક્ષણમાં અને સુધારાઓમાં વધતી જાય છે અને કુધારાઓના પ્રશ્નોનો તોડ કાઢતી થઇ છે, તેવી રીતે દ્રવ્ય ક્ષેત્ર, કાલ, ને ભાવ પ્રમાણે આપણી સમાજે શિક્ષણમાં અને રૂઢીઓમાં સુધારો વધારો કરવો જોઇએ. બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય અને સાટાંઓના રીવાજો બંધ થવા જોઇએ અને સ્ત્રીઓને વ્યાવહારીક અને ધાર્મિક યોગ્ય સંસ્કારી શિક્ષણ આપવું જોઇએ, શ્રી મહાવીર પ્રભુના શાસનમાં અમારૂં સ્થાન છે એવું ઠસાવી એમના હૃદયમાં પડઘો પાડવો જોઇએ, અને દરેક ભાઇઓએ પણ એમજ માનવું જોઇએ, ને સ્ત્રીઓમાં મહત્તા છે એ દ્રષ્ટિ કેળવવી જોઇએ. વર્તમાન જન્મમાં સ્ત્રી શરીર છે, પણ દરેક જન્મમાં સ્ત્રીઓ તે સ્ત્રીઓજ થવાની નથી, તેમ પુરુષો પુનર્જન્મમાં પુરુષોજ બનવાનું પ્રમાણ જણાતું નથી. માટે સ્ત્રી પુરુષ, બાળક અને વૃદ્ધ સર્વે સુખને ઇચ્છે છે અને શ્રી મહાવીર પ્રભુજીના શાસનમાં સર્વેને સર્વના સ્થાનમાં યોગ્ય સ્થાન મળેલું છે. એવી રીતે આપણે પણ સૌને પ્રેમ ભાવની દ્રષ્ટિથી જોવાં અને સર્વને માટે સારી ભાવના કરવી એજ મંગળમય છે.

બાઇ વહાલી વીરચંદ.
વનિતા વિશ્રામ—મુંબઈ.

શ્રી મહાવીર જીવનની અદ્‌ભૂત ઘટનાઓ.

રા. **ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની** બી. એ. એલ. એલ. બી. વકીલ સાદરા—**મહીકાંઠા.**

શ્રીમતે વીરનાથાય, સનાથાયાદ્‌ભુતશ્રિયા ।
મહાનંદ સરોરાજ—મરાલાયાર્હતે નમઃ ॥
કૃતાપરાધેઽપિજને, કૃપામંથરતારયોઃ ।
ઇષદ્‌બાષ્પાર્દ્રયોર્ભદ્રં, શ્રી વીરજિનનેત્રયોઃ ॥
જયતિ વિજિતાન્યતેજાઃ, સુરાસુરાધીશસેવિતઃ ।
શ્રીમાન્‌વિમલસ્ત્રાસ વિરહિતસ્ત્રિભુવનચુડામણિર્ભગવાન્‌॥
વીરઃ સર્વસુરાસુરેંદ્રમહિતો
  વીરં બુધાઃ સંશ્રિતાઃ
વીરેણાભિહતઃ સ્વકર્મનિચયો
  વીરાય નિત્યં નમઃ
વિરાત્તીર્થ મિદં પ્રવૃત્તમતુલં
  વીરસ્ય ઘોરં તપો
વીરે શ્રી ધૃતિકીર્ત્તિકાંતિનિચયઃ
  શ્રી વીર ! ભદ્રં દિશ
સર્વેષાં વેધસામાદ્ય માદિમં પરમેષ્ઠિનામ્‌ ।
દેવાધિદેવં સર્વજ્ઞં શ્રી વીરં પ્રણિદધ્મહે ॥

ઉપર જણાવેલા મહદ્દ અર્થ-ગાંભીર્ય યુક્ત શ્લોકોથી તેમજ તેવા અનેકાનેક શ્લોકો—સ્તવનો ભજનો અને પદોથી, જેમની સ્તુતિ કરીને સુરેંદ્રો, નરેંદ્રો, ગણધર મહારાજો, આચાર્ય ભગવાનો અને ઋષિ-મુનિઓએ પોતાના આત્માને કૃતકૃત્ય કરેલ છે તેવા શ્રી વીર ભગવાનનું સંપૂર્ણ જીવનચરિત્ર લખવાનું કાર્ય મારી શક્તિ અને ગજા ઉપરાંતનું મને સમજાય છે તેમજ તે માટે હાલનો પ્રસંગ અને સ્થાન પણ અનુકુળ જણાતાં નથી અને તેથી જ આ "જૈનયુગ" ના માનદ તંત્રીના સ્નેહ ભર્યા-આગ્રહપૂર્વકના આમંત્રણને માન આપી, પરમ ઉપગારી શ્રી મહાવીર જીવનની અદ્‌ભુત ઘટનાઓ સંબંધમાં યથાશક્તિ કંઇક લખવા પ્રેરણા થાય છે.

ચરમ તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામિનું જીવન, હવે આ ચાલુ જમાનામાં ફક્ત જૈન બંધુઓના જ અભ્યાસનો વિષય ગણી શકાય નહી પરંતુ આધુનિક પરમ જાગૃતિના યુગમાં--દુનીઆના એક છેડામાં બનતા બનાવોની માહિતી દુનીઆના બીજા છેડાના દૂરમાં દૂરના ભાગમાં વસતો જનસમુદાય ટુંક વખતમાં મેળવી શકે છે તેવા સમયમાં—પ્રતિદિન થતી જતી અવનવી વૈજ્ઞાનિક શોધખોળોથી જીવન કંઇક અંશે ધાર્મિક નજરે ક્લિષ્ટ થતું જાય છે તેવા વખતમાં—કેવળ આત્મિક ઉન્નતિની દૃષ્ટિએ આપણે આગળ વધતા જઇએ છીએ કે પાછળ પડતા જઇએ

છીએ તે એક વિચારવા યોગ્ય—સંશયગ્રસ્ત પ્રશ્ન થઇ પડેલ છે તેવા જમાનામાં—આપણા જૈનોના છેલ્લા -ચોવીશમા તીર્થંકર અને પરમ યોગીશ્વર શ્રી મહાવીર સ્વામિનું જીવન, આ પૃથ્વિની સપાટી ઉપર વસતા તમામ ધર્મશીલ—અભ્યાસી વિચારકોનું મુમુક્ષુ જનોનું, સારવસ્તુ માટે ખરી ખોજબુદ્ધિ ધરાવતા વિદ્વાનજનોનું, ઉચ્ચ ભૂમિકા ઉપર જવાની કોશેશ કરતા જૈન યા જૈનેતર સર્વ કોઇ મહાશયના પરમ અભ્યાસનો વિષય ગણાવો જોઇએ અને "સવી જીવ-કરૂં શાસન રસી" એવી ઉચ્ચતમ ભાવના ધરાવતા જૈન ભાઇઓએ—વિદ્વાન્ મુનિ મહારાજાઓએ પોતાની અમોઘશક્તિને અયોગ્ય માર્ગે નહી ખર્ચી નાંખતાં, શ્રી મહાવીર સ્વામિના જીવનના ભાવો, સર્વ કોઇના જીવનમાં વધારે અને વધારે ઉંડા ઉતરે અને કેવળ સપાટી પરના ન રહેતાં હૃદયના દૂરના ખુણામાં સ્થાન મેળવી, તેમનું સદ્‌વર્તન રચવામાં (Character building) કારગત થાય તે રીતે અસાધારણ પ્રયાસ કરવાની જરૂર છે.

આ વિષયના અભ્યાસી બંધુઓએ આકર્ષક શૈલીથી રસમય ભાષામાં—રચનાત્મક પદ્ધતિથી તેમજ સિદ્ધાંત-શાસ્ત્રને બાધા ન પહોંચે તે રીતે સ્વાતંત્ર્યમય વિવેચક દૃષ્ટિથી તથા તુલનાત્મક સમન્વય સાથે શ્રીમન્ મહાવીર પ્રભુના જીવનચરિત્રના જુદા જુદા અંશોને સંપૂર્ણ પ્રકાશ સાથે સમસ્ત પ્રજાગણ સન્મુખ રજુ કરવાની જરૂર છે અને તે નિમિત્તે જુદા જુદા પત્રકારો તરફથી જયંતી પ્રસંગે તેમજ નિર્વાણ તિથિ પ્રસંગે ખાસ અંકની યોજના કરી સમાજને જે લાભ આપવામાં આવે છે તે દરેક રીતે આવકારકદાયક છે પરંતુ તેમાં સવિશેષ સુધારાના માટે હજુ ઘણો અવકાશ છે તે હકીકત ખ્યાલ બહાર જવી જોઇએ નહી.

ઉપર જણાવ્યા મુજબ ચાલુ યોજનાનો લાભ ફક્ત જૈન ભાઇઓને જ અને તે પણ ઉપલક રીતે જ મળે તેથી મહત્વાકાંક્ષી જૈનોને સંપૂર્ણ સંતોષ થાય નહી એ સ્વાભાવિક છે અને તેથીજ લખવાની જરૂર પડે છે કે આ યોજના સંબંધમાં સંપૂર્ણ વિચાર કરી તેને વધારે સારા અને મોટા પ્રમાણમાં સંગીન બનાવવાની જરૂર છે.

આ પ્રસંગે એક મહત્વની વાત ખાસ આપણું ધ્યાન ખેંચે છે અને તે એજ કે પરંપરાથી ચાલ્યા આવતા પ્રશસ્ત રીવાજને ખરાહૃદયથી માન આપી આપણે પ્રતિવર્ષ પર્યુષણ પર્વમાં શ્રી મહાવીર સ્વામિનું અત્યંત બોધદાયક જીવનચરિત્ર ઘણાજ રસથી અને એકાગ્ર ચિત્તથી સાંભળીયે છીએ અને આવા અપૂર્વ જીવનની પ્રત્યેક ઉપયોગી ઘટનાઓ આપણી નજર સન્મુખજ આપણને જણાય છે-પર્યુષણ પર્વના દિવસોમાં વ્યાખ્યાન પ્રસંગે-પ્રતિક્રમણ પ્રસંગે-સ્તવન-સ્વાધ્યાય તેમજ રાત્રિ જાગરણ પ્રસંગે એક યા બીજારૂપમાં આ પ્રત્યેક ઘટનાઓ આપણા દૃષ્ટિપથમાં-વિચારશ્રેણીમાં તેમજ ઉચ્ચારણમાં ઓતપ્રોત થતી જોવામાં આવે છે. ક્રિયાનિષ્ઠ ધર્મબંધુઓ તો આખા વરસ ભર આવો અપૂર્વ લાભ મેળવી શકે છે છતાં આપણે દીલગીરી સાથે કબુલ કરવું પડશે કે મહાત્માઓનાં જીવનચરિત્રોની કેવળ સ્તુતિમાત્ર કરવાથીજ-કેવળ શ્રુતિ-સ્મૃતિથીજ આપણે સર્વસ્વ મેળવી લીધું એમ કહી શકાય નહી. આપણું સાધ્ય તો તદન જુદૂંજ છે અને તે કોઈ પણ રીતે લક્ષ્ય બ્હાર જવું જોઇએ નહિ-પ્રતિક્ષણ આપણે યાદ કરવાનું રહે છે કે મહાત્માઓના જીવનચરિત્રના અભ્યાસની સાર્થકતા આપણા-પોતાના વર્તનની સુધારણામાંજ-ચારિત્રની ઉચ્ચતર ભૂમિ પ્રાપ્ત કરવામાંજ-અનેક ઉમદા ગુણોની ખીલવણીમાંજ રહેલી છે. સાધ્યની સમિપ પ્હોંચવામાં આપણી જે કંઇ ઉણપ જણાય તે આપણી નબળાઇને જ આભારી છે. ઉપર જણાવેલ પ્રસંગોને બધા અનુકુળ સાધનો ઉપલબ્ધ છતાં પણ આપણે જોઇએ તેટલો વિશેષ લાભ લેતા નથી-લઇ શકતા નથી તો તેનું શું કારણ? તે સંબંધમાં ખાસ વિચાર કરવાની-પુરતો ઉહાપોહ કરવાની અનિવાર્ય આવશ્યકતા જણાય છે.

બાહ્ય દેખાવ-આડંબર-ખ્યાલી ધામધુમો આપણું ધ્યાન એટલું બધું રોકી લેતી જણાય છે કે મૂળવસ્તુ તદન લક્ષ્ય બ્હારજ ચાલી જાય છે. અંદરની મુળ વસ્તુ લક્ષ્ય બ્હાર જતાં-ઉપરના ખાલી ફોતરામાંજ આપણે ઘુંચવાઇ જઇએ છીએ અને તેનું પરીણામ છેવટ એવુંજ આવે છે કે શ્રી મહાવીર-

સ્વામિ જેવા દેવાધિ દેવની જીવનકલાની ઉત્તમોત્તમ ઘટનાઓ પણ આપણે શુષ્ક ચિત્તથીજ સાંભળ્યે જઇએ છીએ અને તેની સાર વસ્તુ બને તેટલે અંશે આપણા જીવનમાં ઉતારવા માટે પુરતો પ્રયાસ કરવાને બદલે–બીજા સન્મુખ તે કહી જવા પુરતી–તેમજ આપણે તે જાણીએ છીએ તે બતાવવા પુરતીજ આપણે યાદ રાખતા હોઇએ એવો દેખાવ થાય છે. વરસોના વરસો સુધી આપણે જે પદ્ધતિથી–જે ધોરણે કામ લીધે જઇએ છીએ તેમાં કંઇ સુધારણાનો અવકાશ છે કે કેમ તે સંબંધમાં કંઈક શાંત ચિત્તે વિચાર કરવાની જરૂર છે એટલું પણ કહેવું અગર લખવું તે પણ સ્થિતિ-ચુસ્ત મહાનુભાવોને કદાચ વિશેષ પડતું લાગવા સંભવ ખરો પરંતુ આપણે તો આપણા વર્તનની સુધારણામાં–ચારિત્રની ખીલવણીમાં સ્ખલના કયાંથી થાય છે–પ્રત્યવાયો કયા માર્ગેથી આવે છે અને તે કઇ રીતે અટકાવી શકાય વગેરે વગેરે બાબતોનો વિચાર કરવા જતાં હરેક સાધક બાધક કારણોનો અભ્યાસ કરવો જોઇએ અને તે ખાસ આવશ્યક છે.

હવે મુળ મુદ્દા તરફ આવતાં આપણે વિચારીશું. શ્રી મહાવીર જીવન સંબંધીના લેખો જૈનેતર ભાઇ-ઓમાં પણ વિશેષ પ્રચાર પામે તે રીતે આપણા વિદ્વાન્ મુનિ મહારાજાઓ અને સાક્ષર બંધુઓએ પ્રયાસ કરવાની જરૂર છે; એટલુંજ નહી પરંતુ તેથી કંઇક આગળ વધી, ઉદારતાથી જોઇએ તેટલું ખર્ચ કરી અન્ય સાક્ષરરત્નો પાસે જુદી જુદી અનેક ભાષાઓમાં શ્રી મહાવીર જીવનના પ્રસંગોને અવતરણ કરાવવાની આવશ્યકતા માટે સુશિક્ષિત જૈ..ાં મતભેદ હોઇ શકે નહી. જે જીવનની જુદી જુદી અનેક ઘટનાઓમાંથી આપણને પ્રત્યેક વિષયમાં અવનવો બોધ અને પ્રભાવશાળી પ્રેરણા મળતા રહે છે–જે પ્રભુની સેવા કરવા માટે ચક્રવર્તિઓ અને દેવેંદ્રો પણ સ્પર્ધા કરે છે–પંડિત જનો જેમનો આશ્રય હમેશાં શોધતા ફરે છે–પોતાના સઘળા કર્મના સમુહનો જેમણે સર્વથા નાશ કરેલ છે–જેમના ઉપદેશથી આ જૈન શાસન જયવંતું વર્તે છે–તેમની ઘોર તપશ્ચર્યા, અપ્રતિમ ત્યાગ ભાવ–અપ્રતિબદ્ધ વિહાર શક્તિ–ઉત્કૃષ્ટ જ્ઞાનવૈભવ–અતુલ સહન શક્તિ અને અસાધારણ ધૈર્ય, અથાગ હીમત, ઉદાર સેવાભાવ, અનુકરણીય વડીલ-ભક્તિ વગેરે અનેકાનેક ગુણો આપણને પરમ આદર્શરૂપ છે તેવા પ્રભુનું જીવન પરમ સરાભુત તત્વની ખોજ કરતા સર્વ કોઇ ધર્મશીલ મહાત્માઓને પરમ આકર્ષકજ ગણાવું જોઇએ. અન્ય કોઈ મતમતાં તરોના ધર્મ સંસ્થાપકોમાં જો શું બલ્કે અન્ય તીર્થંકર મહારાજોના જીવનચરિત્રોમાં પણ શ્રી મહાવીર પ્રભુના જીવનચરિત્રમાંથી જેવી અદ્‌ભૂત ઘટનાઓ આપણને જે મોટા પ્રમાણમાં મળી આવેશે તેવી અદ્‌ભૂત ઘટનાઓ ઉપલબ્ધ થતી નથી અને તેથીજ ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના જીવનમાંથી આપણને અનુકરણ કરવા યોગ્ય–આદરવા યોગ્ય કઇકઇ વસ્તુ અનુપલબ્ધ છે તે કહેવુંજ મુશ્કેલ છે. આવા જીવનની અદ્‌ભૂત ઘટનાઓ પૈકી અમુક ઘટનાઓ સંબંધમાંજ આ પ્રસંગે ઉહાપોહ કરવાનું બની શકશે અને તેટલી ઉણપ માટે સ્થળ અને સમયના સંકોચ કરતાં મારી અલ્પશક્તિ કે અશક્તિજ વધારે જવાબદાર ગણાવી જોઇએ.

શ્રી મહાવીર સ્વામિનો જીવ દશમા દેવલોકમાંથી ચ્યવીને પ્રથમ જાલંધર કુળની દેવાનંદાની કુક્ષીમાં અવતર્યો હતો. આ દેવાનંદા, બ્રાહ્મણકુંડ નામના ગામમાં રહેતા કુડાલસ કુળમાં ઉત્પન થયેલ રૂષભદત્ત નામા બ્રાહ્મણની ધર્મપત્ની હતા. ઇક્ષ્વાકુ વગેરે ઉત્તમ ક્ષત્રીય કુળ મુકી ઉપર જણાવેલ નીચ કુળમાં પ્રભુનું અવતરણ થવાનું શક્રઇંદ્રના જાણવામાં આવતાં તેમને તે **અસંગત** લાગવાથી પ્રભુ દેવાનંદાના ગર્ભમાં આવ્યા બાદ બ્યાશી દિવસે, ઇક્ષ્વાકુ વંશમાં ઉત્પન થયેલ, ક્ષત્રીયકુંડ નગરના સિદ્ધાર્થ રાજાની મુખ્ય પટરાણી ત્રિશળા ક્ષત્રીયાણી તે વખતે દૈવયોગે ગર્ભવંતા હોવાથી કોઇને બાધા ન પ્હોંચે તે રીતે દૈવી શકિતીથી આ દેવાનંદા બ્રાહ્મણી અને ત્રિશળા ક્ષત્રીયાણીના ગર્ભને અદલ બદલ કરવામાં આવ્યાની ઘટના સૌ કોઈનું લક્ષ્ય ખેંચે તેવી છે.

ઉપર્યુક્ત ઘટના સંબંધમાં નાસ્તિકમતવાદીઓ, વિજ્ઞાનશાસ્ત્રના અભ્યાસીઓ અગર તો માનસશાસ્ત્રના

પ્રોફેસરો ગમે તેવા તર્ક–વિતર્ક કરી, ગમેતે અનુમાન બાંધી ફાવેતેવો અભિપ્રાય પ્રગટ કરે પરંતુ દૈવી શક્તિમાં જેમને શ્રદ્ધા છે તેમજ આ મનુષ્ય લોકથી અલગ–જુદો સ્વર્ગ લોક અને સ્વર્ગ ભુવન હોવાની જેઓ માન્યના ધરાવે છે તેમને આવા બનાવો કોઈપણ સંયોગો વચ્ચે કલ્પિત–અઘટીત કે અસંભવીત ભાસવા સંભવ નથી–સબબ આવી આશ્ચર્યજનક ઘટનાથી આપણે શું સાર ગ્રહણ કરવાનો છે તેમજ આ બનાવથી શ્રી મહાવીર સ્વામિના સમય સંબંધમાં આપણને શું ભણવાનું કે શીખવાનું મળે છે તે પ્રશ્ન ખાસ વિચારણીય છે. કર્મના સિદ્ધાંતતમાં અડગ શ્રદ્ધા ધરાવનારાઓને એટલું તો સ્પષ્ટ થાય છે કે હરકોઇ બાબતમાં અભિમાન કે મદને વશ થતાં મનુષ્યને તેજ જન્મમાં અગરતો ભાવી જન્મમાં તેનું માઠું ફળ ભોગવવા માટે તૈયારજ રહેવું પડે છે અને તેજ સિદ્ધાંત અનુસાર શ્રી મહાવીરસ્વામિના જીવે મરીચીના ભવમાં અપ્રશસ્ત કુળાભિમાન દાખવવાથીજ તેમને દેવાનંદાની કુક્ષીમાં ગર્ભપણે ઉત્પન્ન થવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલ અને તે પ્રસંગે એવું તો મહાન્ સ્વરૂપ ધારણ કર્યું કે જૈન શાસ્ત્રની પરિભાષામાં લખતાં આ અવસર્પિણી કાળમાં જે દશ અછેરા (આશ્ચર્યકારી ઘટના) થયાનું કહેવામાં આવેલ તે દશ અછેરા પૈકીનું આ એક અછેરૂં ગણવામાં આવેલ છે. બીજીરીતે વિચાર કરતાં આ ઘટના, વર્ણાશ્રમ ધર્મના સિદ્ધાંતને જે મ્હોટું સ્વરૂપ આપવામાં આવે છે તેના સામે એક પ્રતિકાર તરીકે ધરી શકાય તેમ છે. આજથી પચીસ સો વરસ ઉપર પ્રાચીન કાળમાં શ્રી મહાવીર સ્વામીના સમયમાં આપણા ભારત વર્ષમાં–આર્યાવર્તમાં–વર્ણાશ્રમ ધર્મને અને યજ્ઞયાગાદિ ક્રિયાઓને જન સમુદાયમાં અસાધારણ અગત્ય આપવામાં આવતી હતી–મનુષ્ય વર્ગના બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શુદ્ર એવા ચાર વિભાગ પાડી બ્રહ્મ વર્ગને પ્રથમ દરજ્જો આપવામાં આવેલ અને તે દરજ્જો ધરાવતા વર્ગને એટલા બધા અગ્ર હકો આપવામાં આવેલ કે સામાન્ય રીતે મનુષ્યના ગુણ કર્મ તરફ પુરતું લક્ષ્ય નહી અપાતાં–કેવળ જન્મના સુયોગથી તે જે જાતિમાં જન્મ્યો હોય તેજ જાતિના દરજ્જાના સર્વ હક તેને સ્વતઃ આવી મળવાના. બ્રાહ્મણ જાતિમાં જન્મેલ મનુષ્ય પ્રથમ દરજ્જાના ઉચ્ચ વર્ગને અને ક્ષુદ્ર જાતિમાં જન્મેલ મનુષ્ય છેલ્લા દરજ્જાના નીચ વર્ગનોજ ગણવો પછી તેના ગુણ કર્મ ભલેને ગમે તેવા ઉત્તમ અગર અધમ હોય. આ ખ્યાલ સામાન્ય રીતે જન સમુદાયમાં એટલો બધો રૂઢ થઈ ગયેલ કે તે સામે કંઇ વિચાર પ્રદર્શિત કરવો અગરતો તે સામે કોઇ પણ રીતે કંઇ અવાજ ઉઠાવવો તેને એક પાપ કર્મ ગણવામાં આવતું હતું. આ પ્રકારની પરંપરાથી 'ગુણાઃ પૂજાસ્થાનં ગુણિષુ ન ચ લિંગં ન ચ વયઃ' એવા પરમ માન્ય સિદ્ધાંતને અનેક રીતે બાધા પ્હોંચે એ સ્વાભાવિક થઇ પડ્યું. બ્રાહ્મણ વર્ગે પણ ગમે તેવા ઉચ્ચ આશયથી વર્ણાશ્રમ ધર્મના સિધ્ધાંતની યોજના તેના પ્રયોજકો તરફથી કરવામાં આવેલ હોય છતાં તેનો લાભ યોગ્ય યા અયોગ્ય રીતે એવી હદ સુધી લેવા માંડયો કે તે વખતના અગર તો તે વખતને આશ્રયીને લખાયેલાં પુસ્તકોમાં, નામ માત્રથી બ્રાહ્મણ કહેવાતા મનુષ્યને, બ્રાહ્મણ કુળમાં જન્મ મેળવવાના સદ્‌ભાગ્ય માત્રથીજ પરમાત્માના ઘેરથી અનેક હકોના પેટન્ટો–પરવાના આપવામાં આવ્યાની માનીનતાના અનેક દાખલા મળી આવે છે. ખુન જેવા ગુન્હા માટે પણ બ્રાહ્મણ વર્ગને જવાબદાર ગણી શકાય નહી અગરતો અન્ય વર્ણના પુરૂષના મુકાબલે તેને અલ્પ અગર નજીવીજ સજા થઇ શકે. દાતણ જેવી સામાન્ય વસ્તુના ઉપયોગમાં પણ બ્રાહ્મણ વર્ગ અમુક આંગળનું દાતણ કરી શકે અને અન્ય વર્ણના મનુષ્યો ઉત્તરોત્તર તેથી ઉતરતા માપનુંજ દાતણ કરી શકે એવા નિયમોને ધર્મના સિદ્ધાંત તરીકે ઠોકી બેસાડવામાં આવ્યા અને ધાર્મિક તેમજ વ્યાવહારીક પ્રસંગોમાં પણ તેવા નિયમોનું અનુશીલન એટલું બધું ફરજીયાત કરી દેવામાં આવ્યું કે તેના સાથે કોઇથી કંઇ અવાજ જ ઉઠાવી શકાય નહી. આવા ધર્મશાસ્ત્રના યોજકો અને પ્રવર્તકો પણ ઘણે ભાગે બ્રાહ્મણ વર્ગમાંથીજ બહાર આવ્યા અને તેને પરીણામે આવા હકોના પેટન્ટો તેમનાજ વર્ગમાં અવિચ્છિન્ન રીતે ઉત્ત-

રોત્તર વંશપરંપરા જળવાઇ રહે અને અન્ય વર્ગના મનુષ્યો પોત–પોતાના નિયત સ્થાનમાંજ ગોંધાઇ રહે અને પોતાનાથી નીચા ગણાતા વર્ગ ઉપર પોતાનું ઉચ્ચ સ્થાન જાળવવા પુરતી મીઠી લાલચને વશ થઇ પ્રથમ દરજ્જો ભોગવતા મનુષ્યોને અપ્રતિમ માન આપવા પ્રેરાય તેવી યોજના યુક્તિપૂર્વકની ગોઠવણથી કાયમ કરી લેવામાં આવી અને 'ગતાનુગતિકો લોકઃ' એ ન્યાયે આવી પુરાણુ સ્થાપીત રૂઢીઓનાં બંધનો જન સમુદાય ઉપર વધારે અને વધારે મજબુત થતા ગયા. આવી રૂઢીઓના અંતરપટમાં કંઇ પણ સ્વાર્થનો અંશ હોવાનું કોઇને જણાયું નહીં.

રૂઢીનાં બંધનોથી તે વખતનો સમાજ એટલો બધો સ્થિતિચુસ્ત અને પરાધીન બનતો ગયો કે ગુણ કર્મના સિદ્ધાંતને પ્રધાનતા આપવાનું અશકય થઇ પડયું.

સામાન્ય રીતે ગુણ કર્મથી વિહીન તેમજ ધિક્કારવા યોગ્ય દુર્ગુણોનું સેવન કરતો ઉચ્ચ દરજાનો મનુષ્ય પોતાનાથી ઉતરતા દરજ્જાના મનુષ્ય ઉપર અપ્રતિત સરસાઇ ભોગવવા લાગ્યો.

આવા એક પ્રકારની અંધાધુંધીના વખતમાં બનેલ ઉપર્યુક્ત ઘટનાએ તે સમયનાં સમાજ બંધન સામે એક પ્રકારનો મેઠો બળવો જગાવ્યાનું કહી શકાય. તે વખતે સર્વકોઇને પોતાની શક્તિથી આંજી નાંખતા ક્ષાત્રતેજ આગળ નમણું આપવાનું સદર ઘટના આપણને શીખવે છે.

સદ્વર્તનના બંધારણ માટે—ગુણ કર્મની ખીલવણી માટે, ઉચ્ચ કુળની ખાનદાની વગેરે ગુણોથી સંસ્કારી થયેલ આજુબાજુનું શુદ્ધ વાતાવરણ કંઇક અંશે મદદગાર થઇ પડે છે એવું કબુલ રાખવામાં આવે તો પણ આ ઘટનાથી વર્ણાશ્રમના રૂઢ બંધનને એક રીતે ફટકોજ પડેલ અને તે બંધન શ્રી મહાવીરના ઉપદેશથી વધારે વધારે ઢીલું પડતું ગયું. આ ઘટનાના મુંગા—ગર્ભિત ઉપદેશથી શ્રી મહાવીરના વધારે ઉદાર કાર્યક્ષેત્રના માટેની ભૂમિને યોગ્ય સિંચન મળતું રહ્યું.

અમુક વર્ણના મનુષ્યોજ અમુક ધાર્મિક ક્રિયા અને તેથી નીપજતા લાભો માટે અધિકારી ગણી શકાય એવો ખ્યાલ દિન પ્રતિદિન ઘસાતો ગયો અને છેવટે ચાલુ જમાનામાં ઉંચ નીચના ખ્યાલ સંબંધમાં જુદા જુદા અનેક પ્રકારના મત ભેદો અને જુદી જુદી ભૂમિકા ઉપરના અવનવા વાતાવરણ વચ્ચે આપણે ચારે તરફ નજર કરવાની રહે છે.

શ્રી મહાવીર જીવનની બીજી અદ્ભુત ઘટનાઓ સંબંધમાં ક્રમસર ઉલ્લેખ કરવા જતાં–આપણું ધ્યાન ઉપરની ઘટના પછીથી તરતજ પ્રભુ એ ગર્ભમાં રહ્યા રહ્યા "માતા પિતાના જીવતાં હું દીક્ષા લઇશ નહી" એવો જે અભિગ્રહ કરેલ તે તરફ જાય છે અને આપણે જોયું કે આ અભિગ્રહ નિશ્ચયપૂર્વક પાળવા ઉપરાંત—પોતાના જ્યેષ્ઠ બંધુ શ્રી નંદિવર્દ્ધનના આગ્રહથી માતા પિતાના વિયોગ પછી પણ શ્રી મહાવીર પ્રભુએ એક વરસ બાદ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યો હતો.

આ ઘટના આગણને શ્રી મહાવીર પ્રભુના અપૂર્વ ત્યાગ ભાવ ઉપરાંત અપ્રતિમ વડીલ ભક્તિ–વડીલો તરફનો પૂજ્યભાવ વગેરે અનેક સદ્ભાવ સદ્બોધે છે. ગર્ભસ્થિતિમાં મારા ફરકવાથી--હલનચલનથી મારી માતાને વેદના ન થાઓ એવા ખ્યાલથી હિતબુદ્ધિથી પ્રભુએ ગર્ભાવાસમાં યોગીની માફક નિશ્ચલ નિષ્કમ્પ વૃત્તિ ધારણ કર્યાથી ત્રીશલા માતાને ચિંતા થઇ કે શું મારો ગર્ભ ગળી ગયો, યા શું કોઇએ હરી લીધો કે શું નાશ પામ્યો કે સ્થંભિત થયો? આવી રીતના આક્રંદથી–આર્ત્તધ્યાનથી ઘણોજ કલેશ કરવા લાગ્યા અને રૂદન કરવા લાગ્યા. આખા રાજ્ય કુટુંબમાં સૌ સ્વજનો પણ ખેદ પામ્યા. તે અવસરે ત્રણ જ્ઞાનના ધારક પ્રભુએ જ્ઞાનવડે પોતાના માતાપિતા વગેરે સ્વજનોની દુઃખદ સ્થિતિ જાણીને એક અંગુલી ચલાયમાન કરી એટલે પોતાનો ગર્ભ અક્ષત છે એમ જાણી ત્રીશલા દેવી હર્ષ પામ્યા અને રાજ્ય મહેલમાં સર્વત્ર આનંદ પસરી ગયો.

પ્રભુએ આ પ્રસંગે ચીંતવ્યું કે હજુ તો હું અદૃષ્ટ છું છતાં મારા માતા પિતાનો મારા ઉપર

આટલો બધો સ્નેહભાવ વર્તે છે માટે જો હું તેઓના જીવતાં દીક્ષા લઇશ તો જરૂર તેઓ સ્નેહના મોહ બંધનથી આર્તધ્યાનવડે ઘણું અશુભ કર્મ ઉપાર્જન કરશે માટે તેમના જીવતાં હું દીક્ષા લઇશ નહીં. સંસારત્યાગ જેવા ઉત્તમ ધાર્મિક કાર્યમાટેના શ્રીમહાવીર પ્રભુના આવા દૃઢ નિશ્ચયથી–અભિગ્રહથી આપણને ઘણું ઘણું શીખવાનું અને સમજવાનું મળે છે. સ્નેહના મોહપાસના બંધનો વધારે મજબુત કરતા જવું: આ અસાર સંસારમાં કેવળ આનંદ માની રચ્યા પચ્યાજ રહેવું, ત્યાગ ભાવની ઝાંખી પણ ન થવા દેવી એવી ભાવના તરફ આપણને ઉપરની ઘટના પ્રેરતી નથી પરંતુ સદર ઘટના ગર્ભ સ્થાનમાંથી દીક્ષા લેવાના નિશ્ચયને વધારે અને વધારે દૃઢીભૂત કરી તેમાં ત્યાગભાવનો ઉત્તમ સિદ્ધાંત આપણી નજર સન્મુખ ખડો કરે છે અને તેમાંથી આપણે આપણા ક્ષયોપશમ અનુસાર લઇ શકીએ તેટલો સદ્ભાવ–સાર લેવા પ્રેરણા કરે છે. આ અભિગ્રહથી પ્રભુએ દીક્ષા લેવા માટે કરેલ નિશ્ચયની સાથે તે માટેના વખતની અને આજુબાજુના સંયોગોની પણ કંઇક ઝાંખી કરાવી છે.

શ્રી વીરના શાસનમાં ઘણી નાની ઉમરે દીક્ષા લીધેલ વ્યક્તિઓ મ્હોટા ધુરંધર શાસનોન્નતિકારક આચાર્યો થયાના છુટાછવાયા દાખલા મળી આવે છે ખરા, પરંતુ તેનો કંઇક અંશે અપવાદ રૂપજ ગણવા જોઇએ. પ્રાચીન સમયમાં ભવ્ય મુખાકૃતિ વિશાળ લલાટ ઉર્ધ્વ રેખા ચિત્રો વગેરે અનેક લક્ષણોથી ઉજવળ ભવિષ્યની આગાહીની ખાત્રી મેળવી પુત્રના લક્ષણ પારણામાંથી વર્તાય એ સૂત્રને સાર્થક કરતા આજુબાજુના સર્વ સંયોગોના અથંગ અભ્યાસી શાસનના નાયકોએ કેવળ પરમાર્થ બુદ્ધિથીજ શાસનને અથાગ લાભ થવાની ગણતરીએ કોઇ કોઈ પુરૂષોને બાળવયમાંજ દીક્ષા આપવાનું ઉચિત ધારેલ–તેવા દાખલાઓ આગળ કરી હાલમાં પણ કોઇ કોઈ સ્થળે બાળ દીક્ષાના પ્રસંગને અસાધારણ મહત્વ આપવામાં આવે છે તે એક વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. બંને બાજુની દલીલ ઘણી રીતે વિચારવા યોગ્ય મનન કરવા યોગ્ય છે. એકજ પક્ષનો આગ્રહ ધરી કદાગ્રહ બુદ્ધિથી પોતાનોજ કક્કો ખરો માનવાની લાલસાથી એક બાજુ ન ઢળી જતાં દરેક પ્રસંગે આજુબાજુના સઘળા સંયોગો ધ્યાનમાં લેઇ શાસનની હીલનાના પ્રસંગ ઉપસ્થિત ન થાય તે ધોરણે પરમ વિવેક બુદ્ધિથી અને ઉદાર ભાવનાથી કામ લેવાની જરૂર છે. અત્યુત્કટ શિષ્ય લાલસાની વૃત્તિનેજ વશ વર્તી, કેવળ એકજ બાબતને અણછાજતું–અયોગ્ય મહત્વ આપી વગર કારણે કલેશકંકાશ વ્હોરી લેવામાં આવે, ન્યાયની કોર્ટોમાં ઘસડાવા પ્રસંગ આવે, કાવા દાવા અને પ્રતારણાના પ્રયોગોથી નાસભાગ કરાવવામાં આવે તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. અંધશ્રદ્ધા અને સ્થિતિચુસ્તતા હવે લાંબાકાળ સુધી જેની તે સ્થિતિમાં ટકી રહે તેમ જણાતું નથી. ધર્મગુરૂઓના વિવેકહીન–અવિચારી સાહસોને સમાજ નભાવી લે તેમજ તેમના હરકોઇ કાર્ય તરફ સુશીક્ષીત વર્ગ કેવળ આંખ વીચામણા કે આંખ આડા કાન કરે તેવી સ્થિતિ હવે રહી નથી.

દેશ કાળ અનુસાર સમાજ સ્થિતિનો યથાસ્થિત ખ્યાલ કરીનેજ આપણે આગળ વધવાની જરૂર છે. ધર્મભાવનાની વૃદ્ધિ થવાને બદલે ઉલટું તેને ક્ષતિ પહોંચે તેવા કાર્યમાં ઝંપલાવતાં પણ ઘણી ઘણી રીતે વિચાર કરવાની જરૂર છે. શાસનની ઉન્નતિ કે રક્ષણ એ એકહથ્થુ સત્તાના ઇજારાનો વિષય બની શકે તેમ નથી. આ આગળ વધતા અગર કહો કે કોઇ કોઇ બાબતમાં પાછળ પડતા જમાનામાં સર્વ કોઇ આગેવાન મનુષ્યનું જાહેર જીવન હરેક રીતે જાહેરની ટીકાને પાત્ર છે તેવા સમયમાં, સમુદાયના નાયકોએ કેવળ એકજ ધુનથી ધપ્યે જવું તે આપણા સ્યાદ્વાદ માર્ગને–અનેકાંતપ્રરૂપક સિદ્ધાંતોને કવચિત્ નુકશાનકારક થઇ પડે તેવો સંભવ છે. આ વિષયની ચર્ચામાં વધારે ઉંડા ઉતરવા જતાં વિષયાંતર થઇ જવાનો ભય રહેતો હોવાથી એટલુંજ પ્રતિપાદન કરવાનું આવશ્યક ધારવામાં આવે છે કે શ્રી વીર પ્રભુના ઉપર જણાવ્યા મુજબના અભિગ્રહની ઘટના સંબંધમાં આપણે શાંત ચિત્તે આપણા પોતાના આત્માને તેમજ સામુદાયિક રીતે શાસનને વિશેષ લાભ થાય તે રીતે વિચાર કરવાની જરૂર છે. સમુ-

દાયના લાભમાંજ આપણું પોતાનું હિત રહેલું છે. સમાજના લાભ સાથેજ વ્યક્તિગત હિત પણ અવિચ્છિન્ન રીતે સંકળાયેલું છેઃ આવા સામાન્ય સિદ્ધાંતોની પણ અનેક દૃષ્ટિથી વિચારણા કરવાની જરૂર છે. વડીલ–આપ્તજનો તરફના ભક્તિભાવ–આપણા આજ્ઞાંકિતપણાના ગુણને સવિશેષ ખીલવી આપણું ચારિત્ર વધારે ઉજ્વળ બનતું રહે તે રીતે આપણે કામ લેવાની જરૂર છે,

ઉપલક દૃષ્ટિએ તદન સામાન્ય જણાતો એક લજ્જાગુણ પણ ઉચ્ચ ચારિત્રના બંધારણમાં તેટલો બધો લાભ કારક છે તે સંબંધમાં જૈન શાસ્ત્ર પ્રણીત ક્ષુલ્લક કુમારનું કથાનક ખાસ મનન કરવા યોગ્ય છે. યુવાન વર્ગને આ કથાનક ખાસ આદર્શ તરીકે પોતાની નજર સન્મુખ રાખવાની જરૂર છે. લજ્જાગુણને બીજા અનેક સદ્‌ગુણનો ઉત્પાદક અને પોષક તરીકે વર્ણવવામાં આવેલ છે.

શ્રીમહાવીર ચરિત્રની અનેક ઘટનાઓ પૈકીની આ એક ઘટના આપણને ન્યાય માર્ગની ઉત્કૃષ્ટતા તરફ લક્ષ્ય રાખવાનું આપણને શીખવે છે તે ઉપરાંત વડીલ સ્વજનો તરફ સ્નેહયુક્ત પૂજ્યભાવ–રાખવાનું તેમજ તેમની શુભેચ્છાઓ તરફમાનની દૃષ્ટિથી જોવાનું સહબોધે છે અને આ સ્વાતંત્ર્યપોષક જમાનામાં સ્વાતંત્ર્યને ક્વચિત્ સ્વાચ્છંદની હલકી કોટીમાં ઉતારી પાડતા જમાનામાં ઉપર બતાવેલ ગુણોની ખીલવણી તરફ બહુજ સંભાળપૂર્વક લક્ષ્ય આપવાની જરૂર છે. પરમ ઉપકારી શ્રી મહાવીરના જીવનની બીજી અનેક અદ્‌ભુત ઘટનાઓ સંબંધમાં અનુકુળ પ્રસંગે આપણે હવે પછી વિચાર કરીશું. ચાલુ પ્રસંગે આવી ઉત્તમ તક આપવા માટે વિદ્વાન્ તંત્રીનો આભાર માની હાલ તુરત વિરમું છું. ૐ શાંતિ.

અભિનંદન.*

પધારો પધારો નાથ! ભગવાન્ જ્ઞાતનંદન!
તમોને છે તમોને છે! અમારાં કોટિ વંદન.

ઔજસ આપના આજે પૃથ્વીતલને ઓપતાં
કૃતાર્થતા અવધિ પામી હૈયાં શાં! અમ શોભતાં

નયનો આપને નિરખી તૃપ્તિ ના પામતાં હજી
જોઇ લેઉં! જરા જોઉં! વાંચ્છના વધતી જતી!

વસંતની નવી લક્ષ્મી વધામણી આપે અહીં
જગન્નાથનું આતિથ્ય અર્થે આતુર થૈ ઉભી!

વધાવા આપના પાદો સમારંભો થઈ રહ્યા;
મંગળ વાદ્યના નાદો દિગંતમાં વ્યાપી ગયા.

આજનો ઉત્સવ પામી ધન્ય જાત ગણે ધરા;
અલંકારો સજી રહી છે નાથ–ચરણો પામવા.

મધ્યલોક પુર દ્વારે થાય પ્રવેશ આપનો!
ત્રૈલોક્ય માંહેના જંતુ જપે છે જાપ આપનો.

રંગ્યાં છે પુરનાં ભુવનો રજત શ્વેત રંગથી;
ચંદ્રિકા ધન્ય થાયે છે! ભક્તિ કરી સ્વ અંગથી.

સ્વસ્તિકો પુરાએ છે મૌક્તિકોના ગૃહે ગૃહે
પંચરંગી પુષ્પોથી પૂજાઓ છે સ્થળે સ્થળે!

અર્ચા પૂજા કરૂં શાથી રંક્તા હસ્તને વરી!
કૃતપુણ્ય થઉં છું આ, કાવ્યમાળ ગળે ઠવી!

સ્વામીનાથ પધાર્યા છે, અહો ક્ષત્રિયાનંદન!
સ્વીકારોને સ્વીકારોને! સ્નેહે આ અભિનંદન!

—ગોરધનભાઇ વીરચંદ શાહ

---

* ભગવાન્ વર્ધમાન–મહાવીર દેવ ચૈત્ર સુદ ૧૩ ની મધ્ય રાત્રીએ જન્મ્યા તે પ્રસંગનું અભિનંદન.

શ્રી મહાવીર જયંતિ.

(બોરસદમાં શ્રી મહાવીર જયંતિ વીરાત્ ૨૪૫૧ ના ચૈત્ર માસમાં થઈ હતી તે વખતે શ્રીયુત કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાલાએ પ્રમુખ તરીકે જે ભાષણ આપ્યું હતું તે આ ખાસ અંકમાં ઉપયોગી ગણી અત્ર મૂક્યું છે. **તંત્રી.**)

શ્રી. ગોપાલદાસભાઈની ચિઠ્ઠી લઇને રાયચંદભાઇએ આવી જે આગ્રહ કર્યો, તેને ઠેલી ન શકવાથી હું આજે હાજર થયો છું. એમના આગ્રહની પાછળ જે મારે માટે પ્રેમ રહ્યો છે, તેમને માટે હું તેમનો ઋણી છું. એ પ્રેમના બદલામાં હું કાંઇક સેવા કરી શકું તો સારૂં એમ ઇચ્છું છું. પણ આજના પ્રસંગે એવું કાંઇ થઇ શકે એમ મને ઝાઝું લાગતું નથી. આનાં કારણોમાં મુખ્ય એ કે હું જૈન ધર્મ વિષે બહુ ઓછું જાણું છું. અને જૈન સમાજ વિષે એથીયે ઓછું જાણું છું. હું આશ્રમમાં રહેવા આવ્યો તે પહેલાં જૈન ધર્મ વિષે જરાયે જાણતો નહોતો. જે જાણતો તે જૈન ધર્મ પ્રત્યે અણગમો ધરાવનારા મારફતે બંધાયેલી કેટલીક કલ્પનાઓજ, અને જૈન કુટુંબોના સહવાસમાં આવવાનું પણ મને કદી થયું નહોતું. આજે પણ મને જૈન સમાજનો બહુ ઓછો પરિચય છે. જૈન કુટુંબોના સમાગમમાં હાલમાં હું આવ્યો છું તે સામાન્ય જૈનોથી ઘણા આગળ વધેલા કહેવાય. તેમની તરફથી જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન હું જાણી શકું છું, પણ જૈન વાતાવરણ અને જૈન સંસ્કારોનો મને પરિચય થયો નથી. તેથી આજના પ્રસંગે મારા જેવાથી આપની શી સેવા થાય એ વિષે મને શંકા છે.

મારી બીજી મુશ્કેલી પણ કહું. હું જાણતો તો હતો પણ હવે દિવસે દિવસે વધારે ચોખ્ખી રીતે જોઉં છું કે ગુજરાતના પ્રજાજીવનને પણ હું બહુ પિછાણતો નથી. મારૂં પૂર્વજીવન બધું શહેરમાં અને *ગૂજરાત બહારજ ગયેલું છે. એટલે બોરસદ જેવા* ગામમાં હું આવું છું, ત્યારે ગૂજરાતી છતાં પરદેશીની માફક મને એક રીતે પારકાપણું લાગે છે. ગૂજરાતી પ્રજાજીવનમાં ભળી જતાં હજુ મને આવડયું નથી. આને લીધે એવું બને છે કે તમારે માટે બોલું કે લખું તેનો તમને તમારા જીવનમાં બહુ ઓછો ઉપયોગ થાય છે, અને મારૂં બોલેલું-લખેલું તમારા ઉપયોગાર્થે નહિ પણ મારા વિનોદાર્થે બની જાય છે. બીજાં કારણો પૈકી આ પણ એક કારણને લીધે મને બોલવા-લખવા પ્રત્યે અભાવ ઉત્પન્ન થતો જાય છે. અને આવા પ્રસંગો મને મૂંઝવનારા થઇ પડે છે. તમારી હું સેવા કરી શકું તે પહેલાં તમારા જીવનમાં હું સારી રીતે ભળું એ જરૂરનું છે.

આથી આજના પ્રસંગને શોભે એવી મારાથી કાંઇ સેવા ન થઈ શકે તો મને ક્ષમા કરશો. હું તમારી આગળ જૈન ધર્મના તત્ત્વજ્ઞાન વિષે, કે જૈન સંસ્કારો, રૂઢિઓ તથા પૂજન વિધિઓ વિષે પણ નહિ બોલી શકું, પણ કેટલીક સામાન્ય વાતો જ કરી શકીશ.

પ્રથમ તો આજના જેવી જયંતિઓ ઉજવવાની પાછળ રહેલો ઉદ્દેશ વિચારવા હું આપને વિનંતી કરૂં છું. આજે આપણે બધા બોલ-વા અને લખ—વા એટલે બોલવા અને લખવાના વાયુ-થી પીડાઇએ છીએ. બોલવાના અને લખવાના વિવિધ પ્રસંગો આપણે શોધ્યાજ કરીએ છીએ. જયંતિઓ ઉજવવાનો વા પણ એ વાયુનો જ એક પ્રકાર થઇ ગયો છે. ઘણી ખરી વાર આ પ્રવૃત્તિઓમાં મને કોઇપણ જાતની ગંભીર વૃત્તિનો અભાવ જણાયો છે. જે મહાપુરૂષની જયંતિ ઉજવીએ, તેમના પ્રત્યેના કોઇ હૃદયના ઉમળકાથી પ્રેરાઇને અથવા તેમના જેવા થવાની તીવ્ર ઇચ્છાથી પ્રેરાઇને આપણે આ પ્રવૃત્તિ માંડતા નથી, પણ વિનોદ-મનોરંજન કરવાની ઇચ્છા જ પ્રધાન હોય છે એવું મને જણાયું છે. આવી

સભાઓને નિમિત્તેજ મોટા વરઘોડાઓ, સારા સારા સંવાદો, સંગીતો અને વ્યાખ્યાનો સાંભળવા મળે, બે ઘડી આનંદમાં જાય, એટલુંજ ફળ મેળવવાની ઇચ્છાથી આવી પ્રવૃત્તિઓ યોજાય છે. આમાં એક છેતરામણ પણ થાય છે. સભા બોલાવનારાઓને અને સભામાં આવનારાઓને બંનેને એવો પણ ભાસ થાય છે કે આવી જયંતિ ઉજવવાથી આપણે એક મહત્વનું કામ કરીએ અને આટોપીએ છીએ અને તે મહાપુરુષની યોગ્ય કદર કરીએ છીએ.

હું બીજી રીતે ગંભીર માણસ નહિ હોઉં, પણ આવા પ્રસંગો વિષે મારી વૃત્તિ અતિશય ગંભીર છે. જીવનને હું એક અતિશય ગંભીર વસ્તુ સમજું છું. અને મહાવીર જેવા પુરુષો જીવનના સાથી હોવાથી એમની જયંતિની ગંભીર પ્રસંગોમાં ગણના કરૂં છું. મારી તુલના તમે કેટલે અંશે સમજી શકશો તે હું જાણતો નથી, પણ ગાંભીર્ય એટલે શું તે તમને દાખલાથી સમજાવવા પ્રયત્ન કરૂં છું. બોરસદના સત્યાગ્રહ વખતે તમે વિચાર કરવા બેઠા હશો, અથવા બાબરાની બાબતમાં વિચાર કરવા બેઠા હશો, અથવા તમારા ઘરમાં કોઇને મોટું ઓપરેશન કરાવવું હોય તેનો તમે વિચાર કરવા બેસો ત્યારે તમારા મનની વૃત્તિ કેવી ગંભીર હોય તેનો ખ્યાલ કરો. એ જેમ જીવનની સાથે જોડાયેલી વાતો છે, તેવાજ આ મહાપુરુષો તમારા જીવન સાથે જોડાયેલા તમને લાગવા જોઇએ. જેમ ઉપલા પ્રસંગોમાં તમને જાન માલની ચિંતા હોય, તેમ આ પ્રસંગમાં યે તમને તમારા જીવની ચિંતા લાગવી જોઇએ. ફરક માત્ર એટલો જ કે પેલા પ્રસંગોમાં કદાચ કાંઇક ગભરામણ અને ખેદ હોય તેને બદલે આ પ્રસંગમાં ઉત્સાહ અને હિંમત હોય. હું આ વૃત્તિને ગંભીર વૃત્તિ કહું છું.

જો તમે આવી ગંભીર વૃત્તિથી મહાવીર જયંતિ ઉજવો, તો તેમાંથી તમને ફાયદો થશે. પ્રત્યેક જયંતિએ તમે જીવન—વિકાસના માર્ગમાં એક એક પગલું આગળ માંડો છો એમ અનુભવ થશે. પણ એમ ન હોય તો આવી જયંતિઓ ઉજવવામાં હું કોઇ જાતનો લાભ જોતો નથી. જયંતિ ઉજવવાથી શ્રી મહાવીરની કોઇ જાતની કદર થાય છે એવો ખ્યાલ હોય તો તે ભૂલ ભરેલો છે. મહાવીરની કદર કરવાની કોઇ જાતની આવશ્યકતા જ નથી, કારણ કે મહાવીરના જીવનની કિંમત, તમે એની કદર ન કરો તેથી ઘટવાની નથી, અને કદર કરવાથી એમના જીવનને વધારે ઉન્નત થવાનું રહ્યું નથી. તમારી પોતાનીજ ઉન્નતિને માટે તમે મહાવીરના ઉપાસક છો અને તેટલાજ માટે તમારે એમની જયંતિ ઉજવવી જોઇએ. જો જીવનને ઉન્નત કરવાની તમને તીવ્ર ઉત્કંઠા ન હોય તો જયંતિ ઉજવવાથી કોઇ હેતુ સરવાનો નથી.

આથી મારી તમને વિનંતિ છે કે તમે જો આ જયંતિ ઉજવવા ઇચ્છતા હો, તો ગંભીર ભાવેજ ઉજવજો. મનોરંજનની, કે તમારા પંથની વાહ વાહ કહેવડાવવાની, કે સ્વર્ગનું કે આ લોકનું કોઇ સુખ મેળવવાની તમને કાંઇ આશા રહેતી હોય તો તેને છોડી દેજો અને તે આશાઓ ન છૂટે તો જયંતિ ઉજવવાનું છોડી દેજો. અને એ ચિત્તરંજન, વાહ વાહ કે પુણ્ય કોઈ બીજે માર્ગે મેળવજો.

જો આવા ગંભીર ભાવથી તમારે જયંતિ ઉજવવી હોય, તો તે કેમ ઉજવવી જોઇએ એ વિષેના મારા વિચાર કહું છું. પણ એ વિચારમાંથી ઘટે તેટલાજ તમારે લેવાના છે. એમાંથી જે વિચારો તમારા સંસ્કારોને માટે અનુકૂળ ન હોય તે છોડી દેજો.

આવી જયંતિઓ કેવળ ઉપાસકો, ભક્તો કે જિજ્ઞાસુઓએજ ભેગા થઇ ઉજવવી જોઇએ. આમાં મોટો સમારંભ કરવાની, ખૂબ માણસો ભેગા કરવાની કે બધા માટે એકજ જાતનો કાર્યક્રમ રચવાની ખટપટ ન હોય.

દરેક પંથમાં પાંચ જાતના અનુયાયીઓ હોય છે. ઉપાસકો, ભક્તો, જિજ્ઞાસુઓ, પંડિતો અને સામાન્ય વર્ગ. ઉપાસક એટલે જેમના હૃદયમાં મહાવીરના જેવું પોતાનું જીવન રચવાની, મહાવીરના મહાન ગુણો પોતાના જીવનમાં ઉતારવાની તીવ્ર ઇચ્છા હોય તે. ભક્તો એટલે જેમને મહાવીર પ્રત્યે એવો પ્રેમ ઉપજતો હોય કે એમને માટે પોતાના

જાન-માલને કોઇને કોઇ રીતે વાપરી નાખવાની તીવ્ર ઇચ્છા રહેતી હોય તે. એ પોતે મહાવીરના જેવો થવાની અભિલાષા નથી કરતો પણ મહાવીરને પોતાના નાથ, મિત્ર, માતા, પિતા જેવા સમજી એને માટે શું ને શું કરી નાખું એવી ઇચ્છા રાખે છે. જિજ્ઞાસુ એટલે જેને જૈન સંપ્રદાયનું તત્ત્વજ્ઞાન અનુભવમાં ઉતારી લેવાની ઇચ્છા છે તે. પંડિત એટલે જૈન શાસ્ત્રોના અભ્યાસી; અને સામાન્ય વર્ગ એટલે જે જીવતાં સુખી રહી કુટુંબ, ધન, વેપાર, રોજગારને જીવનનાં મુખ્ય અંગો માને છે, પણ જેમને એવી એક શ્રદ્ધા રહેલી છે કે એ બધી વસ્તુઓ મહાવીરની દિવ્ય શક્તિનો આશરો લેવાથી કાયમ રહે છે, અને એમના પંથમાં દાન, પુણ્ય કરવાથી અહીં સુખી રહેવાય છે અને બીજે જન્મ સારો આવે છે તે.

મારા વિચાર પ્રમાણે કોઇ પણ પંથ જગતની દૃષ્ટિએ પંડિતો અને સામાન્ય વર્ગની સંખ્યાથી ઓછો વત્તો બળવાન જણાય છે. પણ પંથમાં જન્મ લઇ એનો સદુપયોગ કરી પોતાની ઉન્નતિ કરી લેનારા તો જે સાચે ભાવે ઉપાસક, ભક્ત, કે જિજ્ઞાસુ હોય તેઓ જ છે. એ પંથનો ઉત્કર્ષ કે પંથ બહારના સામાન્ય મનુષ્ય સમાજનો ઉત્કર્ષ આ ત્રણ વર્ગના અનુયાયીઓથીજ થાય છે. એવું પણ બને છે કે આગળ જતાં એ ઉપાસક, ભક્ત કે જિજ્ઞાસુ પોતાના ભાઇબંધોથી એટલો બધો જુદો પડી જાય છે, કે એને પોતાના પંથનો માનવાને પણ કોઈ તૈયાર નથી હોતું. છતાં એ પંથનો પૂરેપૂરો લાભ ઉઠાવી લેનારા એ ત્રણમાંનાજ હોય છે. પારસનાથના પંથમાં જન્મ લઈ પોતાને અને આખા જૈન ધર્મને ઊંચે ચઢાવનાર મહાવીર સ્વામી આ વાતનુંજ એક દૃષ્ટાંત છે. કેટલેક અંશે રાજચંદ્રનું પણ આવુંજ દૃષ્ટાંત કહેવાય.

આ ત્રણ વર્ગના અનુયાયીઓ માટે જયંતિઓ બરાબર ઉજવાયતો વિશેષ લાભદાયી થઇ શકે. આવી જયંતિઓ ઉજવવાની રીત તો એજ કે સત્સમાગમનાં મંડળો રચી, પોતાના જેવાજ ઉપાસકો, ભક્તો અને જીજ્ઞાસુઓ સાથે એક બીજાની ઉન્નતિના માર્ગો વિચારવા. આમાં ઉપાસકો બેસી મહાવીરનાં ચરિત્રો અને ગુણોનો વિચાર કરી, તેનું અનુકરણ કરવાના માર્ગો શોધે; એવા ગુણોનો ઉદય થાય એવો કર્મ માર્ગ વિચારે. ભક્તો ભેગા મળી મહાવીરના ગુણાનુવાદ ગાય, એનો મહિમા વિચારે અને એની મૂર્તિને પ્રેમથી હૃદયમાં ધારે. જિજ્ઞાસુઓ જ્ઞાની સદ્ગુરૂની શોધ કરી એમનો સમાગમ કરે અને સાધના કરે, અથવા પરસ્પર અનુભવની દૃષ્ટિથી તત્વ ચર્ચા કરે.

આ ત્રણે વર્ગો એક બીજાથી તદ્દન જુદા હોય એમ માનવાનું નથી. બધામાં થોડા થોડા અંશો ત્રણે વૃત્તિઓના હોય; પણ પોતાના જીવનના અમુક કાળમાં દરેક માણસ વિશેષ કરીને ઉપાસક, ભક્ત કે જિજ્ઞાસુ હોય.

જયંતિ ઉજવવા માટે આવા અનુયાયીઓનાં નાનાં નાનાં અનેક મંડળો રચાય તેમાં દોષ નથી; પણ લાભ છે. બહુ મોટાં મંડળોમાં વૃત્તિઓ ડોળાઇ જાય છે અને બાહ્ય ઉપાધિઓ વધી પડે છે. આવાં મંડળો બહુ મોટાં નહિ તેમ બહુ નાનાં નહિ, એક બીજાની સાથે સુમેળ થાય એવા સ્વભાવવાળા, લગભગ એક જ વૃત્તિનાં માણસોનાં હોય તો ઘણો લાભ થાય. હું તમને આ વસ્તુ વિચારવા મૂકું છું કે તમે આવા મોટા જલસા અને વરઘોડા કરવાને બદલે ઉપાસક, ભક્ત, અને જિજ્ઞાસુ બનો અને આવી જયંતિઓના પ્રસંગો નાનાં સત્સંગી મંડળો રચી તમારી શુભવૃત્તિઓનો ઉત્કર્ષ થાય એવી રીતે ઉજવો. તમે જો ગંભીરપણે મહાવીરના અનુયાયી હો તો મોટા જલસાઓથી દૂર રહેવામાં તમને લાભ છે. અને જો એ ગાંભીર્ય ન હોય તો મારી દૃષ્ટિએ આવી જયંતિઓની કશી કિંમત નથી, અને મારા જેવા માણસને બોલાવીને ઉલટો તમારો રસભંગ થવાનો સંભવ છે.

હવે જે મહાપુરૂષની જયંતિ તમે આજે ઉજવી રહ્યા છો તેમના જીવન વિષે બે-ચાર વિચાર રજુ કરૂં છું.

તમારૂં પહેલું ધ્યાન હું મહાવીરની માતૃભક્તિ પ્રત્યે ખેંચું છું. મહાવીર વીષે એમના જીવન ચરિત્ર લખનારે કહ્યું છે કે ગર્ભમાં ફરકવાથી માતાને વેદના

થશે એ વિચારથી તેઓ ફરકતા પણ નહોતા. આ વાતમાં કવિની અતિશયોક્તિ હશે. પણ એમના વિવાહ વગેરેના પ્રસંગો પરથી સાફ જણાય છે કે એમનું હૃદય નાનપણથીજ માતૃપ્રેમ અને કોમળ ભાવોથી તરબોળ હતું.

બીજાને માટે દુઃખી થયા વિના, અને તેનું દુઃખ નિવારણ કરવા માટે દોડી પહોંચ્યા વિના ચાલેજ નહિ એવો જેમનો સ્વભાવ પડી ગયો છે. એવા મહાવીર, બુદ્ધ, ગાંધી કે એન્ડ્રુઝ–કોઇપણ સત્પુરુષનું કૌટુંબિક જીવન તપાસીશું તો ઘણું ખરૂં માલમ પડશે કે એમનું બાલ્ય જીવન એવા કુટુંબમાં વીત્યું હશે કે જ્યાં પરસ્પર અત્યંત સ્નેહ પસરેલો હોય, અને એનું મોટપણનું જીવન પણ એવી જ રીતે સ્નેહથી ભરેલું હશે. એણે કદી ભાગ–વિભાગના કજિયા નહિ કર્યા હોય; પોતાનાં અને ભાઈનાં બાળકોમાં ભેદ નહિ માન્યો હોય; એણે સંકુચિત વૃત્તિને પોતાના હૃદયમાં પોષણ નહિ આપ્યું હોય. એથી ઉલટું જ્યાં માતા–પિતાએ પોતાનાં બાળકોને પૌષ્ટિક અન્નો ખવાડવાની અને છૂટથી પૈસો ખરચી ઉછેરવાની વ્યવસ્થા કરી છે, છતાં હૃદયના ઉમળકાથી પોષ્યાં નથી, જ્યાં બાળકો માતા–પિતાથી ભયભીત રહીને જ ઉછર્યાં છે, જાણે માતા–પિતા પારકાં માણસો હોય તેમ જ્યાં બાળકોને મન ખોલીને પોતાના હૃદયની સર્વે વાતો કહેવાનું વાતાવરણ નથી, જ્યાં નાના ભાઇઓને મોટા ભાઇઓથી જાણે દુશ્મન હોય તેમ પોતાના બચાવ માટે પ્રયત્ન કર્યા કરવો પડે છે, જ્યાં સર્વ કુટુંબીઓ માત્ર સ્વાર્થનાજ સગાં છે એવો અનુભવ થાય છે, ત્યાં કોઇપણ જાતના ઊંચા ગુણો પોષાતા નથી. તેવા કુટુંબમાંથી પરદુઃખભંજન માણસો નીકળવાં મુશ્કેલ છે. કારણ કે ત્યાં સમભાવનાની લાગણી ઘણું ખરૂં બુઠ્ઠી થઈ જાય છે.

આ કૌટુંબિક પ્રેમપર હું વધારે આગ્રહપૂર્વક આજના રાષ્ટ્રીય ભાવનાના યુગમાં યે ભાર મૂકું છું, કારણકે મારી દિવસેદિવસે વધારે ને વધારે ખાત્રી થતી જાય છે કે આપણા હિંદુ સમાજની નિર્બળતાનું–આપણી છિન્ન ભિન્ન સ્થિતિનું–મૂળ કારણ આપણા કુટુંબોમાંજ છે. માબાપ અને પુત્ર, ભાઇ–ભાઇ, ભાઇ–બ્હેન, પતિ–પત્ની, મિત્રો, શેઠ અને નોકર વચ્ચે રસબસ પ્રેમ એ હિંદુ કુટુંબની આજે સામાન્ય સ્થિતિ નથી. આપણે પોષેલી સર્વ વિચારસરણીજ એ પ્રેમની વૃદ્ધિને વિરોધી છે. આપણે પ્રેમ વૃત્તિને વૈરાગ્યની વિરોધી માની છે; અને વૈરાગ્ય વૃત્તિ ઉન્નતિકર હોવાથી, આપણે કુટુંબમાં રહેતાં છતાં પણ જાણે–અજાણે એક એવી વૃત્તિ પોષી છે કે જે વૈરાગ્ય વૃત્તિના જેવી દેખાય છે છતાં વૈરાગ્ય વૃત્તિ નથી, પણ પ્રેમ–પ્રતિબંધક વૃત્તિ છે. આને પરિણામે આપણે વિવિધ અનર્થકારી ભાવનાઓ પોષીએ છીએ. પરણીએ છીએ ખરા, અને તે પણ ઉપરા ઉપરી, છતાં પત્ની પર પ્રેમની લાગણી બતાવતાં શરમાઇએ છીએ, ન બતાવવા માટે પ્રયત્ન કરીએ છીએ, અને એને દાબી નાંખવાને પુરૂષાર્થ કરીએ છીએ. આપણને યે છોકરાં હોય છે, છતાં પાંચ વરસનો થયા બાદ આપણે એને પ્રેમથી સંબોધી શકતા નથી, વહાલથી રમાડી શકતા નથી, એના ઉપર મમતા દેખાડી શકતા નથી, એની વાતોમાં રસ લઇ શકતા નથી. કવચિત જ્યારે મોતનો પંજો એના ઊપર આવી પડે, ત્યારેજ આપણે પ્રેમવૃત્તિ પર ઢાંકેલી શિલાને કાંઇક ઊઠવા દઇએ છીએ, અને જે સમયે ધૈર્ય રાખવું જોઇએ ત્યારેજ ધૈર્યહીન પ્રેમનું દર્શન કરાવીએ છીએ. કોઇ પણ પ્રજા પોતાનાં બાળકોને પરણાવવાની ઇન્તેજારી રાખે તેના કરતાં આપણે બાળકોને ખૂબ વધારે ઇન્તેજારીથી પરણાવીએ છીએ, પણ ત્યાર પછી છોકરાંઓનું કૌટુંબિક સુખ કે દંપતીનું પ્રેમળ વર્તન અણગમા વિના નીરખી શકતા નથી. આ સર્વનું પરિણામ એ આવે છે કે કામ વાસનાની પાશવ વૃત્તિ કે સંસારનો મોહ ઓછાં થતાં નથી. પણ ભાવનાહીન કૌટુંબિક જંજાળ વધે છે,–જેમાં નથી ઐક્ય, નથી સુખ, નથી વિકાસ.

આપણે પણ ઊંચ–નીચના ભેદો, ન્યાત–જાત, ખેતીવાડી, દેશવતન બધુંયે રાખી રહ્યા છીએ; એ બધાનો ઉપયોગ કરી આપણું જીવન ચલાવીએ છીએ. એના વધવાથી આપણે પોતાને મોટા થયેલા માનીએ છીએ; આપણી ઉધરાણીની પાછયે પાઈ

વસુલ કરવામાં, બજારની રૂખની કાળજી રાખવામાં, સટ્ટા ખેલવામાં, ન્યાતવરા કરી વાહવાહ કહેવડાવવામાં, ગાનતાનનો આનંદ લૂંટવામાં, સાધુ થયા હોઇએ તો લુગડાં-લત્તાં, પોથીઓ અને ભિક્ષા ભેગાં કરવામાં, આપણે કોઇ વ્રત, તપ કે દાન કર્યો હોય તો તેને જગજાહેર કરવામાં, દુનિયાના કોઇપણ દેશની સંસારમાં રચેલી-પચેલી પ્રજાના જેટલાજ આપણે સાવધાન રહીએ છીએ; છતાં જ્યારે જે ગામમાં કે દેશમાં આપણે રહેતા હોઇએ તેને માટે ઘસાવાનો કે કાળજી કરવાનો પ્રસંગ આવે, ત્યારે "એ સંસારના કુટણાથી કાંઇ જીવનો ઉદ્ધાર થાય છે?" "આપણી તો આધ્યાત્મિક સંસ્કૃતિ, એવી દુન્યવી વાતોની આપણને શી પરવા?" એવું તત્ત્વજ્ઞાન માંડી બેસીએ છીએ. ભાઇઓ અને બ્હેનો, હું તમને ખાત્રીપૂર્વક અને આગ્રહપૂર્વક કહું છું કે આ કેવળ શુષ્કજ્ઞાન છે. આથી તમારો કોઇ કાળે પણ ઉદ્ધાર નહિ થઇ શકે.

ખરી રીતે તો કોઇપણ માણસને પરણવાની, છોકરાં હોવાની, છોકરાંને પરણાવવાની, ધન-મિલકત સંઘરવાની, કે ગામમાં કે શહેરમાં રહેવાની ફરજ નથી. પણ જો એણે એવા સંબંધો રચ્યા હોય, તો તે સંબંધોનો વિવેક અને પ્રેમથી નિર્વાહ કરવાની જરૂર ફરજ છે. પરણ્યા ત્યારેજ બંધન થઇ ગયું; ત્યારપછી તમારી સ્ત્રીને તમારા સુખ દુઃખની, ઉન્નતિ અને અધોગતિની ભાગીદાર કરી તમારો અને એનો બન્નેનો ઉદ્ધારનો માર્ગ સાથે રહીને કાપવાની ફરજ છે. એ સ્ત્રી મરી ગયા પછી જેમ ઢોર મરી જાય અને બીજું ઢોર લાવો તેમ બીજી સ્ત્રી ન લાવી શકો. એ રામના માર્ગથી, મહાવીરના માર્ગથી, સર્વ સાધુ પુરુષોના માર્ગથી ઉલટું છે. એ પશુતા છે. માણસાઇ નથી. એ સ્ત્રીને તમે તુચ્છકારી ન શકો, મારી ન શકો, એનો ત્યાગ ન કરી શકો.

વિષયોપભોગ કરવાની તમારા ઉપર ફરજ નથી; પણ તમે સંસાર માંડો અને છોકરાં થાય, કે તેનું બંધન તમારે સ્વીકાર્યેજ છુટકો. જેમ બકરાં કે મરઘાં પાળવાવાળા એનાં બચ્ચાંની કિંમતને માટેજ એની કિંમત સમજે છે, તેમ કેટલા પૈસા કમાઈને લાવશે એ ભાવનાથી તમે છોકરાંઓ તરફ દૃષ્ટિ ન માંડી શકો. એને માટે ખૂબ પૈસો ખર્ચી કે પૈસો મૂકી જઇ એનું પોષણ કરવાની તમારી ફરજ નથી. પણ એનું પ્રેમથી પોષણ કરવું, એમની શુભ ભાવનાઓને વધારવી, જે સંસારમાં તમે લુબ્ધ થયા છો, તેમાં એ લુબ્ધ થવા ન ઇચ્છે, તેમાંથી એ આગળ વધવા ઇચ્છે, તો તે જોઇ રાચવું એ તમારી ફરજ છે.

છોકરાંને પરણાવવાની તમારી ઉપર કોઈ જવાબદારી નથી; પણ તમે પરણાવો તો વહુઆરૂને દીકરી જેવી ગણવાની, છોકરાંઓનો સુખી સંસાર જોઇને રાજી થવાની તમારી જરૂર ફરજ છે.

તમને ઘટે તો ગામ કે દેશને છોડી જાઓ; પણ ગામ કે દેશમાં રહીને તમારાથી તમારા જાન કે માલના જોખમે પણ એનું અહિત થાય એવું કાંઇ કામ ન થઇ શકે. જો તમારા ગામમાં પાણીનું દુઃખ હોય, અને તમારા કુવામાં પુષ્કળ પાણી હોય તો એ કુવો ગામને સોંપી દેવોજ જોઇએ; જો વિલાયતી કાપડના વેપારથી તમને પુષ્કળ નફો થતો હોય પણ એથી દેશનું નુકસાન થતું હોય તો તમારે એ વેપાર બંધ કરવોજ જોઇએ. જો તમારી શાળાઓ સરકારથી સ્વતંત્ર રાખવામાંજ દેશનું હિત હોય તો ગમે તેટલું નુકસાન વેઠીને પણ તમારે એમ કરવુંજ જોઈએ. જો લોક-કલ્યાણને માટે તમારે ખાદી પહેરવાની, રેંટિયો ફેરવવાની, મજુરી કરવાની, ગરીબ થવાની, પ્રાણ અર્પણ કરવાની ફરજ આવે તો તે તમારે કરવુંજ જોઇએ. ગામમાં-દેશમાં રહીને એના પ્રત્યેની ફરજથી વિમુખ રહો તો તમે પરમાર્થ સાધવાની કદી આશા રાખશો નહિ. જેને તમે પરમાર્થની સિદ્ધિ માનશો તે પરમાર્થ નહિ હોય પણ કલ્પના હશે.

વૈરાગ્ય અને પ્રેમ એ બે વિરોધી વૃત્તિઓ છે. એવો જો તમારો ખ્યાલ હોય તો તે ખ્યાલ તદ્દન ખોટો છે, એમ હું તમને નિશ્ચયપૂર્વક કહું છું. એ ખ્યાલે આપણી પ્રજાને ઉન્નત કર્યા વિના શુષ્ક અને ભાવના વિનાની અને સત્યમાં મિથ્યાદૃષ્ટિ અને

કલ્પનામાં સત્યદષ્ટિ કરવાવાળી કરી મૂકી છે. એથી ઉલટું હું તમારી આગળ એ વિચાર મૂકું છું કે નિઃસ્વાર્થ અને શુદ્ધ પ્રેમ વિના કોઇ મનુષ્યની ઉન્નતિ થવીજ શક્ય નથી. જો તમારામાં વિવેક અને વૈરાગ્ય નહિ હોય, તો સંત સમાગમથી તે આવી શકશે; પણ જો તમારૂં હૃદય પ્રેમ વિનાનું હશે, તો તમારો ઉદ્ધાર ચોવીશે તીર્થંકરો મળીને પણ નહિ કરી શકે પ્રેમ વિનાના હૃદયમાં ભગવાન પ્રત્યેની ભક્તિ પણ ઊંડાં મૂળ નહિ ઘાલે; અને ભગવાન પ્રત્યેની ભક્તિ નહિ હોય છતાં એક પણ જીવને શુદ્ધ અને સાચા પ્રેમથી ચાહવાની તમારામાં શક્તિ હશે, તો તમે ઉન્નતિને માર્ગે જઈ શકશો. મેં એક પણ મહાન સંતનું ચરિત્ર એવું નથી જોયું કે જેનામાં મા, બાપ, બંધુ, ગુરુ, મિત્ર, દેશજન ઇત્યાદિમાંનાં કોઇક પ્રત્યે પણ નિઃસ્વાર્થ પ્રેમની પરાકાષ્ટા જણાતી ન હોય. મહાવીરને ઇશ્વરનું આલંબન નહોતું, પણ જીવ પ્રત્યે પ્રેમનો પ્રવાહ વહેતો હતો તો એ તીર્થંકરપદે જઇ શક્યા. અજામીલનેયે ઇશ્વિરનું આલંબન ભાગ્યેજ હતું; પણ એ પુત્ર પર અપાર સ્નેહ રાખી શકતો હતો. એ જોઈ સંતોએ એના ઉદ્ધારની આશા રાખી. મહાવીર અને અજામીલની સરખામણી કરવાની નથી. અજામીલમાં મહાવીરની લાયકાત ન આવી શંકે એ દેખીતું છે; પણ એનું કારણ બીજો પુરૂષાર્થ, તપશ્ચર્યા, અને પૂર્વ જીવનની શુદ્ધતા છે. પણ અજામીલ જેવોયે કેવળ નિઃસ્વાર્થ પ્રેમને બળે–સંત કૃપા અને ઇચ્છા હોયતો–મરણ પહેલાં શાંતિ અનુભવી શકે. દેવભક્તિનું, દેશાનુરાગનું, ભૂત દયાનું મૂળ બાળપણમાં કુટુંબમાં પોષાયેલી પ્રેમવૃત્તિમાં છે. એજ પ્રેમ વધારે શુદ્ધ થાય અને વિસ્તૃત ક્ષેત્રમાં ફેલાય તો દેવભક્તિ, દેશભક્તિ, ભૂતદયા, અહિંસામાં પરિણામ પામે.

ત્યારે વૈરાગ્ય એટલે શું ? વૈરાગ્ય એટલે કર્તવ્યનો ત્યાગ કે બંધનોનો જબરદસ્તીથી ત્યાગ કે કંટાળો નહિ. પણ વૈરાગ્ય એટલે સ્વાર્થનો ત્યાગ, સુખ મેળવવાની ઇચ્છાનો ત્યાગ, ભોગ ભોગવવાની ઇચ્છાનો ત્યાગ.

મહાવીર સ્વામીના જીવનચરિત્રમાં જોશો તો તીવ્ર વૈરાગ્ય અને તીવ્ર પ્રેમ, બીજા પ્રત્યે જુઇ જેવી કોમળતા, અને પોતા પ્રત્યે વજ્ર જેવી કઠોરતા બંને સાથે રહેલાં જોશો. અને તેનું પોષણ કૌટુંબિક વાતાવરણથી થયેલું દેખાશે. જેવો એમના કુટુંબમાં મા દિકરા વચ્ચેનો પ્રેમ હતો, તેવોજ બંધુપ્રેમ પણ હતો. એમના મોટાભાઇ એમને ઘરમાં રાખવા માટેજ એમને રાજપાટ આપી દેવા તૈયાર જણાયા છે. ભાઇ પ્રત્યે કેવી સ્નેહવૃત્તિ છે ! હું તમને અંતઃકરણથી કહું છું કે જો તમારે તમારૂં કે તમારાં બાળકોનું કે બીજાં કુટુંબી જનોનું કલ્યાણ સાધવું હોય, તો તમે તમારા કુટુંબનું વાતાવરણ પ્રેમયુક્ત કરો; સ્વાર્થ વૃત્તિ, ક્ષુદ્ર વૃત્તિથી કુટુંબનું વાતાવરણ અશુદ્ધ ન કરશો.

બાળપણથીજ મહાવીરમાં જણાતી એક બીજી વૃત્તિ તે એમનાં પરાક્રમ, પુરુષાર્થ અને દઢ નિશ્ચય છે. જૈન ધર્મમાં એવું મનાયું છે કે ક્ષત્રિયજ તીર્થંકર પદનો અધિકારી થઇ શકે; એનો અર્થ હું એમ સમજું છું કે તીર્થંકરપદને માર્ગે પુરુષાર્થી અને શૂર પુરુષજ ચાલી શકે. આ તદ્દન સાચી વાત છે. જ્યાં પુરુષાર્થ નથી ત્યા કોઇપણ મહાન વસ્તુની પ્રાપ્તિ નથી. ઐહિક માર્ગમાં કે પરમાર્થિક માર્ગમાં જો કોઇપણ મહાન વસ્તુ તમારે સિદ્ધ કરવી હોય. તો શૂરતા અને પુરુષાર્થ જોઇએજ. શૂરતાનો અર્થ એ વસ્તુની પાછળ બીજું બધું કુરબાની કરવાની તૈયારી; જીવવું તે પણ એનેજ માટે અને મરવું તેપણ એનેજ માટે, પુરૂષાર્થ એટલે એ વસ્તુ સિદ્ધ કરવા માટે રાતદહાડો પ્રયત્ન. પરસહાયની અપેક્ષા ન કરવી, કાઉસગ કરીને રહેવું, દિગમ્બર દશા પર્યંત અપરિગ્રહી થવું, ઉપસર્ગો અને પરિષહોને સહન કરવાં, કોઇનો ઉપર અવલંબન ન કરવું–આ બધા નિશ્ચયો મહાવીરમાં રહેલા અખૂટ પુરુષાર્થને સુચવનારા છે. જે ગુણો આ દુન્યવી જીવનમાં મોટા થવાને જોઇએ છે, તેજ ગુણો પરમાર્થ સિદ્ધ કરવા માટે જોઇએ છે. આ ગુણોવાળો દુન્યવી પુરુષ વીર કહેવાય છે. એજ ગુણોનો પરમાર્થમાં ઉપયોગ કરવાથી શ્રી વર્ધમાન મહાવીર કહેવાયા.

મોક્ષને માર્ગે ચાલવા ઇચ્છનારો પુરૂષ અત્યંત

દૃઢ નિશ્ચયી, શ્રદ્ધાવાળો, સાહસી, અને પુરૂષાર્થમાં શ્રદ્ધાવાળો હોવો જોઇએ એ વાતની સાક્ષી રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર ઇત્યાદિ દરેકનું જીવન પુરે છે. તેને બદલે આપણામાં આજે એવી માન્યતા પેસી ગઈ છે કે સાંસારિક કાર્યોમાં નાલાયક નીવડનારા મોક્ષના અધિકારી છે. પુરુષાતન ઓછું થઇ જાય, સ્ત્રી ખરાબ નીકળે, વ્યાપારમાં ખોટ આવે, છોકરો મરી જાય, લડાઇમાં હાર થાય, રાજકારણમાં ખોટ આવે, એટલે આપણા દેશમાં મોક્ષ મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થાય છે. પોતાનામાં ઉત્પન્ન થએલી નિરાશા અને ઓછા થએલા પુરુષાર્થને પોતે વૈરાગ્યની અને મુમુક્ષતાની નિશાની માને છે. કામ કરવાનો ઉત્સાહ ન રહે, કંટાળો ઉત્પન્ન થાય એટલે એમ માની લે છે કે હવે એને સંસારની વાસના રહી નથી. બંગાળાના મામલા પછી રાજકારણમાં જ્યારે ઓટ આવી હતી, ત્યારે અનેક રાજકારણી પુરૂષોએ હિમાલયનો આશ્રય લીધો હતો એવું મેં સાંભળ્યું છે. આજે પણ રાજકારણમાં ઓટ જણાતા કેટલાક યુવાનોને હિમાલયમાં જવાની ઇચ્છા કરતા જોયા છે. મારે વિનયપૂર્વક પણ સાચે સાચું જણાવવું જોઇએ કે ઇશ્વરનો માર્ગ લોઢાના ચણા ચાવવાનો છે. ઉત્સાહ ઓછો થઇ ગયેલા, પુરુષાતન ઘટી ગયેલા, જીવનથી કંટાળેલા માણસો મોક્ષ નહિ મેળવી શકે. કદાચ કોઇ બીજી વસ્તુને મોક્ષ સમજી લઈ સંતોષ માની લે એવો સંભવ છે, પણ ઉપશમનું પ્રત્યક્ષ સુખ એમને માટે છેટું છે.

ઉપર વૈરાગ્યનો એક અર્થ કહ્યો, બીજી રીતે સમજાવું તો વૈરાગ્ય એટલે સંસારના કારભાર ચલાવવાની અશક્તિ નહિ પણ શક્તિ છતાં એની નિઃસારતા જાણી એને માટેનો રસ ઉડી જવો અને કોઇ વિશેષ સાર રૂપ વસ્તુ ખોળવાની ઇચ્છા ઉત્પન્ન થવી તે. જેમ તમે ગાંધીની દુકાન ચલાવતાં ચલાવતાં મુંબાઇનો વેપાર ખેડવા માંડો અને ગાંધીની દુકાન છોડીદો તેનું કારણ ગાંધીની દુકાન ચલાવવાની શક્તિ નથી રહી એમ ના હોય, પણ ગાંધીની દુકાન કરતાં મુંબાઇના વેપારમાં વધારે માલ જણાયો એજ હોય; તેમ સંસારનો કારભાર સારી રીતે ચલાવતાં ચલાવતાં એમાં કેટલો માલ છે, એ જાણી લઇ આત્મસુખનો વેપાર ખેડવા માટે એ છોડી દો ત્યારે જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે ટકનારો અને તમારી તથા પ્રજાની ઉન્નતિ કરનારો થાય.

એવા એવા મહાવીરના કેટલાયે ગુણો ગણાવી શકાય. એ ગણાવા બેસું તો રાત ચાલી જાય. ટૂંકામાં એટલુંજ કહું કે ગીતાના સોળમા અધ્યાયમાં જે જે દૈવી સંપત્તિઓ ગણાવી છે, એ સંપત્તિને પ્રાપ્ત કર્યા વિના ધર્મને માર્ગે ચાલી નહિ શકાય.

પણ મહાવીરના સંબંધમાં બોલતાં હું અહિંસાનું નામ ન લઉં તો તમે મને ભૂલ્યો ગણશો. અહિંસા તો જૈન ધર્મનુંજ ખાસ અંગ મનાયું છે. અહિંસા પરમધર્મ છે એમ સિદ્ધાંત રૂપે વૈદિક અને બૌદ્ધોએ માન્યો છે, પણ એને આચરણમાં ઉતરાવનાર મહાવીરજ એમ માન્યતા છે. જીવનો ઘાત ન કરવો એ અર્થમાં જૈનોએ અહિંસા ધર્મ ખૂબ ઝીણવટમાં ઉતાર્યો છે એ વિષે ના નહિ. પણ છતાં આજની આપણી સ્થિતિ તપાસતાં 'અહિંસા' શબ્દ બોલતાંયે શરમ આવવા જેવું થાય છે.

આજે આપણા મનમાં અહિંસાનો અર્થ લોહી જેવા રંગની ચીતરી એના જેવો થઇ ગયો છે. લોહીને મળતું કાંઇ દેખાય કે આપણે તે જોઇ ન શકીએ. પછી એ કોઇ માણસ કે પ્રાણીનો ઘા હોય, મસુરની દાળ હોય, પાકા ટમાટાનું કે લાલ નોલગોલનું શાક હોય, કે તડબુચ હોય, કે ગાજરનો કંદ હોય. એ રંગ દેખાયા વિના જો આપણા વર્તનથી કોઇ માણસ રિબાઇ રિબાઇને મરી જાય, આપણે એનું સર્વસ્વ ઝુંટવી લઇને એનાં હાડકાં પાંસળાં ચૂસી લઇએ, તોપણ આપણે હિંસા કરીએ છીએ એવું ભાન ન થાય. પણ કોઇ ગાડી તળે ચગદાઇ જવાથી કે કોઇનું ગુમડું ફૂટવાથી કે ઉલટીમાં લોહી દેખાય તો આપણી હિંમત નથી કે આપણે ચીતરી ચઢયા વિના કે ઉબકો આવ્યા વિના પાસે ઉભા રહી શકીએ અને તેની સારવાર કરી શકીએ. પણ અહિંસા એટલે લોહી કે લોહીને મળતા રંગની ચીતરી નહિ. અહિંસા એટલે પ્રેમ,

દયા. હિંસા એટલે ક્રોધ, વેર, નિષ્ઠુરતા, નિર્દયતા. જીવનો ઘાત ન કરવો-કરાવવો એ અહિંસા ધર્મનો માત્ર એક ભાગજ. અહિંસાની પૂર્ણતા નહિ.

અહિંસા ધર્મને આપણે પ્રાપ્ત કરી શકીએ તે પહેલાં તો આપણે બીજા કેટલાએ ગુણો પ્રાપ્ત કરવા જોઇશે; અને તેમાંનો એક મુખ્ય ગુણ નિર્ભયતાનો છે. જ્યાં સુધી ભય છે, ત્યાં સુધી અહિંસા ધર્મની સિદ્ધિ થઇ શકેજ નહિ. સાપને આપણે મારવા ન દઇએ એ ઠીક છે; એ અહિંસાનો એક ભાગ છે. પણ આપણી અહિંસા પૂરી તો ત્યારેજ કહેવાય કે જ્યારે આપણે સાપનું નામ સાંભળતાંજ ચોકીએ નહિ, અને સાપની હિંસા કર્યા વિના સાપથી આપણું રક્ષણ કરવાની આપણી શકિત હોય. દ્વેષ કરવાની શકિત છતાં જે પ્રેમ કરે છે તે અહિંસક છે. અહિંસા એટલે વેરનો ત્યાગ. ડરનારની અહિંસા તે અહિંસા નથી. જ્યાં વેર રાખવાની શકિતજ નથી. ત્યાં અપ્રતિકારનું જે વર્તન થાય તે અહિંસા નથી.

દ્વેષ કરવાની, વેર રાખવાની શકિત હોવી એ શબ્દોનો કોઇ અનર્થ ન કરશો. એનો અર્થ એ નથી કે આપણે બીજાઓ પ્રત્યે દ્વેષ કેળવવાનો પ્રયત્ન કરવો. આપણે બીજાથી ભયભીત રહીએ છીએ કે નિર્ભય એ આપણું મન સારી રીતે જાણે છે; અને એ ભયવૃત્તિ આપણે વિવેકથી, અને પ્રસંગ આવે વર્તનથી કાઢી શકીએ છીએ. કોઈ ગોરા સાહેબ આગળ, અમલદાર આગળ, પઠાણ આગળ, ચોર આગળ, સિપાઇ આગળ જતાં આપણું મન જાણે બીડાઇ જતું હોય, આપણું શરીર જાણે સંકોચ પામતું હોય, આપણે જાણે પૃથ્વી પાસે માર્ગ માગવાની તૈયારીમાં હોઇએ એવું લાગતું હોય તો તે બધી ભયની નિશાનીઓ છે. એને આપણે ઉપદ્રવ ન કરીએ, એને ખુશ કરીએ, એ પ્રેમ કે અહિંસા નથી. પણ એ આપણા જેવાજ માણસ છે એ વિચારથી આપણે નિઃસંકોચપણું કેળવીએ, એની શેહ આપણી મનોવૃત્તિ સુધી ન પહોંચવા દઇએ, એની જોડે આપણને સમાનતા લાગે તો આપણે એના પ્રત્યે અહિંસા વૃત્તિ કેળવી શકીએ, અને પ્રસંગ પડે ત્યારે દઢતા અને ધીરજ રાખી ઉપયોગ કરી શકીએ. એમાં કોઇવાર દ્વેષ—હિંસા થવાનોયે સંભવ આવી જાય. પણ ડરપોક વૃત્તિની અહિંસા કરતાં એ હિંસા સારી. સાંભળ્યું છે કે થોડા દહાડા ઉપર માંડળમાં થયેલાં રમખાણમાં આપણા વાણિયાઓ પોતાનાં સ્ત્રી અને બાળકોને નિરાધાર મૂકીને સંતાઈ ગયા. આ અહિંસકનું વર્તન ન હોય. એટલે અહિંસાનો ઉત્કર્ષ થાય તે પહેલાં આપણામાં નિર્ભયતાં આવવીજ જોઇએ.

અહિંસા ધર્મને પરાકાષ્ઠાએ પહોંચાડનાર મહાવીર સ્વામીની અહિંસા આવા પ્રકારની હતી. એ ધારે તો સર્પને ફુલની માળાની માફક ઉંચકીને ફેંકી દેવાની, દુશ્મનને પછાડવાની શકિત ધરાવતા હતા. એમને ગરીબાઇનો ભય નહોતો, ટાઢ, તડકાનો ભય નહોતો, વિકરાળ કે ઝેરી પ્રાણીઓનો ભય નહોતો, પણ એ સર્વેને ભય પમાડવાની એમનામાં શકિત હતી. પણ એ સર્વેને એમણે અભયદાન આપ્યું. અહિંસાનો બીજો અર્થ અભયદાન થઈ શકે. મારી પાસે ધન હોય તો હું ધનદાન કરી શકું; વસ્ત્ર હોયતો વસ્ત્રાદાન કરી શકું; બુદ્ધિ હોય તો બુદ્ધિદાન કરી શકું; વિદ્યા હોય તો વિદ્યાદાન કરી શકું; તેમ મારી પાસે અભય હોય તોજ હું અભયદાન આપી શકું.

બહારથી જોનારને જૈન સમાજની બે વાતો ધ્યાન ખેંચે છે-એકતો એમની તપપ્રિયતા અને બીજી વરઘોડા પ્રિયતા. આ બંને વિરોધી વસ્તુઓ છે. જેમ બ્રાહ્મણ ધર્મમાં કોઇપણ ધાર્મિક ક્રિયાની શરૂઆતમાં અને અંતમાં સ્નાન હોય છે, તેમ તમારામાં દરેક ક્રિયા સાથે વરઘોડો હોયજ એમ જણાય છે. આધ્યાત્મિક ઉન્નતિની દૃષ્ટિએ વરઘોડો-દરેક પ્રસિદ્ધિ માટે થતાં કર્મો-વિઘ્નરૂપ છે. એથી જેને માટે વરઘોડો થાય છે એની અવનતિ થાય છે, અને વરઘોડો કરનારાને કશો લાભ થતો નથી. જેમ કોઇ માણસે ખૂબ અન્નના ભંડાર ભર્યા હોય. અને તોફાની લોકો તે ભંડારને તોડી નાંખે અને દાણો લઇ પણ ન જાય પણ ધૂળમાં વેરી નાંખે, તેમ કોઈ માણસ કઠણ તપ કરે, અને તેનો તમે વરઘોડો કાઢો, એટલે એના તપનો એને યે લાભ ન લેવા દો, તમે એ લાભ ન લો, અને એ તપને કેવળ

ધૂળમાં મેળવા નાંખો છો. મહાવીરના ચરિત્રમાં કોઇ ઠેકાણે પણ એમની ભારે તપશ્ચર્યાના માનમાં વરઘોડો નીકળ્યાનું મારા વાંચવામાં આવ્યું નથી. ઉલટું એ પ્રસિદ્ધિથી દૂરના દૂર નાસતા હોય એમ મારી ઉપર છાપ પડી છે. આ ઉપરથી વરઘોડામાં ભાગ લેવાના રાયચંદભાઇના નિમંત્રણને હું કેમ સ્વીકારી ન શકયો તે પણ આપ જોઈ શકશો.

મહાવીરનું-સર્વે જ્ઞાની પુરૂષોનું-જીવન મને આવા વિચારો પ્રત્યે દોરે છે. આનો અર્થ એવો ન કરશો કે આવી કોઇ લાયકાત હું મેળવી શક્યો છું, પણ ગમે ત્યારે પણ આવી લાયકાત મેળવ્યા વિના છુટકો નથી, એવી મારી ખાત્રી થઇ છે, અને સંતોના અનુગ્રહથી એવી લાયકાત મેળવવા શકિતમાન થઇશ, એવી શ્રદ્ધા છે, એટલે આટલું બોલવા હિંમત કરી છે. નહિતો આ વાકયો અધિકાર વિનાનાજ ગણાય.

આમાંની એકે એક વસ્તુ એકે એકને ઉપયોગી હશે એમ માનવાનું નથી. મેં કહ્યું છે તે બધું સાચુંજ છે એમ માની લેવાનું નથી, પણ તમને લાગુ પડે તેટલી વસ્તુનો એમાંથી વિચાર કરજો. અને તમારી વિવેકબુદ્ધિ જેટલું સાચું ઠરાવે તેટલાનો સ્વીકાર કરજો. આમાં જે જૈનોને ઉદ્દેશીને ટીકા જેવું કહ્યું છે તે જૈનોને લાગુ પડે છે અને બીજા હિંદુઓને લાગુ નથી પડતું એમ માનશો નહિ. બ્રાહ્મણ ધર્મી કે જૈન ધર્મી બધા આપણે એકજ માટીનાં પુતળાં છીએ. બધામાં એકજ જાતના સારા નરસા ગુણો વસે છે. આજનો પ્રસંગ જૈનોનો હોવાથી જૈનોને નિમિત્ત કર્યા છે, એટલુંજ માનશો.

જે માર્ગે મહાપુરૂષો ગયા, તે માર્ગે જવાની આપણામાં શક્તિ આવો. ૐ શાન્તિઃ

શ્રી વીરજયંતીની સાર્થકતા.

'પ્રભુ વીરની જયંતીની ખરી સાર્થકતા તો ત્યારેજ થઇ શકે કે જ્યારે આપણામાં રહેલા મોહ, મત્સર આદિ જંજાળોનાં ઓઢણાં ઓછાં થાય. પ્રભુનાં ગાન ગાઇ બેસી રહેવાથી આપણે કૃતાર્થ થતા નથી, પણ જીવનમાં હૃદયની કરૂણા, વીરતા, ત્યાગ અને આત્મોન્નતિની ભાવના જગાડતાં તેમણે પ્રસરાવેલો અહિંસાધર્મ આપણે હાથ ધરી તેને દુનિયાની દશે દિશાએ ફેલાવવા ચાલી નીકળીએ, અને તેમનાં વચનામૃતોનું મનન કરી તેને માટે અગર ધર્મને કાજે જે કંઈ બલિદાન આપવું ઘટે તે વિના સંકોચે આપવાને ન ચુકીએ. [જૈન ચૈત્ર વદ ૮, ૧૯૭૯]

'આપણે પ્રભુની જયંતી ઉજવ્યાની સાર્થકતા ત્યારેજ કરી કહેવાય કે જ્યારે પ્રભુના (જીવનના) અનેક બોધપાઠોનું ચિંતવન કરતાં સ્વમાન, સ્વધર્મ અને સ્વદયાને પીછાણી શકીએ. શાસનના ઉદ્યોતને છુંદી રહેલી માયાવી સત્તાથી અંજાઇ ન જતાં પ્રભુની સરલતા, સમાનતા અને સત્યપ્રિયતાને જ્યારે આપણે પીછાણતા થશું, ત્યારેજ શાસનસેનામાં છુપાઇ રહેલ માન, અહંકાર તેમજ આડંબર ખસી જવાથી શાસન તથા સમાજનું ગૌરવ દીપી નિકળશે. [જૈન ચૈત્ર શુદ ૮, ૧૯૭૯]

શ્રી મહાવીરસ્તવન.

[આમાં કવિ શ્રી મહાવીરના પત્નિ યશોદા પાસે પોતાની નણંદને સંબોધી પોતાના પ્રભુ દીક્ષા લે છે તે સમયે બોલાવે છે. આ સ્તવન જૂના પાનામાંથી અક્ષરશઃ ઉતારી મુનિ જ્ઞાનવિજયજીએ મોકલી આપ્યું છે.

સિધારથ સુત સુંદરૂં, ગુણનિધિ બહુ ગુણવન્ત. નંણુદલ૰
ત્રિશલા કુખે ઉપનો, એહ અમીણો કંદ. નંણુદલ૰ ૧
થાંકો વીરો ચારિત્ર લીઇ, તું કિમ લેવણ દેસ. નંણુદલ૰
માહરો મનાવ્યો માને નહિં, કાંઇક ઉપાય કરેસ. નંણુદલ થા૰ ૨
ભોગ ભલા નવિ ભોગવેં, નવી ખાયે ફોફલ પાન. નંણુદલ૰
બોલાવ્યો બોલે નહિ, નવી દીઇ કેહને માન. નંણુદલ થા૰ ૩
સેહજ સુંહાલી નવિ સુએ, બોલે નહિં હેજે બોલ, નંણુદલ૰
યોવન લાહો નવિ લીઇ, ન કરઇ છાકમ છોલ. નંણુદલ થા૰ ૪
કેઇ કેઇ વાંના મે કર્યા, કેઇ કર્યા ઉપાય. નંણુદલ૰
પણ નવિ ભેદ્યા ભેદસું કરહુ મગ કહેવાય, નંણુદલ થા૰ ૫
જાણ્યો હતો ખટ ખંડનો પાલસ્યેં રાજદૂઆર, નંણુદલ૰
હય ગય રંથ પાયક ઘણાં હોસ્યઇં વિવિધ પ્રકાર. નંણુદલ થા૰ ૬
છયલ છબીલા રાજવી, સેવના એહના પાય, નંણુદલ૰
વૈરાગી જબ જાણીયો, તબ મનમેં પછતાય. નંણુદલ થા૰ ૭
જનમ થયો જબ એહનો, ચોસઠ ઇન્દ્ર મહેસ. નંણુદલ૰
મેરૂ શીખરે નવરાવીયો ભાવે ભગતિ કરેસ. નંણુદલ થા૰ ૮
ગુંણ એહના કેતા કહું કમલ સરીખો સાસ, નંણુદલ૰
સોવ। વાંન તનુ જલકતું જોતાં ઉપજે ઉલ્લાસ. નંણુદલ થા૰ ૯
વિરહ એહના મેં સહ્યાં ઘડી એક સહ્યો નવિ જાય, નંણુદલ૰
માસ વરસ દિન એહવિના કહોને કેમ સેં'વાય. નંણુદલ થા૰ ૧૦
કેહનો બોલ્યો નવિ ગમઇ, ચિત્તમાં કો ન સુહાય, નંણુદલ૰
સવિ સિણગાર અંગારડાં, એહ દુખ કેહને કેવાય. નંણુદલ થા૰ ૧૧
રાણી **જસોદા** ઇ કહ્યો, સુંદર સુંણી બાઇના બોલ, નંણુદલ૰
બેંને ભાઇ સંભજાવીયો, **પ્રભુજી વીર** અમોલ. નંણુદલ થા૰ ૧૨
ચોસઠ ઇન્દ્ર તિહાં મિલ્યા, સુરનર કોડા કોડિ, નંણુદલ૰
પંચ મહાવ્રત ઉચર્યાં મદ મછર સવિ છોડિ. નંણુદલ થા૰ ૧૩
બાર વરસ બહુ તપ તપ્યો; પામ્યો કેવલ નાણ, નંણુદલ૰
ભવિક જીવ પડિબોહતા, સિદ્ધ થયા નિરવાંણ. નંણુદલ થા૰ ૧૪
શ્રી મહાવીર જીણુન્દનો નામ જપંતાં સુખ થાઇ. નંણુદલ૰
હર્ષવિજય કવિરાજનો **પ્રીતવિજય** ગુણ ગાઇં. નંણુદલ થા૰ ૧૫

શ્રી વીરપ્રભુનો જન્મોત્સવ.

(જ્યાં લગી આત્મા તત્ત્વ ચિંત્યો નહીં......એ રાહ.)

ધન્ય દિન આજનો, ધન્ય આ સુભગ ઘડી,
શ્રી પ્રભુ **વીર** ભગવંત જન્મે.
સ્વર્ગથી દેવ દેવેંદ્ર આવે અહા !
ઉજવવા કાજ ઉત્સવ ઉમંગે. ધન્ય......

પમરતી વાસ સુવાસ સહુ સૃષ્ટિ પર,
શાંતિ સામ્રાજ્ય અદ્ભુત વ્યાપે
અજબ આશ્ચર્ય પ્રભુ જન્મનું આજ છે,
શીવ થવા પ્રેરણા જીવ પામે. ધન્ય......

અંગબળ દાખવ્યું બાળ-ક્રીડા કરી,
દંપતિ-જીવન દેવી ગુજાર્યું.
તાત ને ભ્રાતના દિલ ન દુભવ્યા જરી,
માસ પણ બાર બહુ દાન દીધું. ધન્ય......

આત્મબળ સંયમે ચંડકૌશિક બુઝયો,
પૂર્વભવનો મહા ઉગ્ર તપસી.
શિષ્ય **ગૌતમ** પ્રભુના થયા પલકમાં,
જાળવી જહેમણે વીર વાણી. ધન્ય......

જેહના ચરણમાં ભવિકજન મુનિ મહા,
યોગી યોગેંદ્ર દેવેંદ્ર નમતા;
કેમ વિસરાય એવા પ્રભુ આપણા,
શાસનોદ્ધાર કરનાર પ્યારા ? ધન્ય......

સ્મરણ પ્રભુ ધ્યાનથી દિવ્ય આંદોલનો,
નીતરે નયનમાં રસ-સમાધિ;
આત્મ ઉલ્લાસ આલ્હાદ જામે અનિ,
ભસ્મ સર્વસ્વ મનની ઉપાધિ. ધન્ય......

ધન્ય એ ધીર, **મહાવીર** ત્રિ-ભુવનતણા
ધન્ય એ જન્મ દેનાર **ત્રિશલા;**
ભાવથી જઇ પ્રભુ મંદિરે વંદવા,
ગાઇયે ગીત ગુણગાન મધુરાં. ધન્ય......

—**દેશાઈ મગનલાલ દલીચંદ.**

ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ.

(તુલનાત્મક સિંહાવલોકન.)

લખનાર—રા. હરગોવિન્દ કાનજી ભટ્ટ.

[વીરાત્ ૨૪૫૦ માં ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા તરફથી ઈનામી નિબંધ ત્રણ વિષયો નામે શ્રી મહાવીર અને બુદ્ધ, મહાવીરની સાધક દશા અને મહાવીરનો સંદેશ-એ પર માંગ્યા હતા તેના પરિણામે પહેલું ઇનામ આ લેખકને આ લેખ માટે મળ્યું હતું. તે અપ્રકટ લેખ અત્ર પ્રસિદ્ધ કરવામાં આવે છે. ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. બંનેમાં સમાનતા અને ભિન્નતા અનેક પ્રકારે છે તેથી તેઓશ્રીનાં જીવન, ઉપદેશ, આચાર વગેરેમાં દીર્ઘ અભ્યાસથી ઉંડા ઉતરતાં ઘણું મળી આવે તેમ છે. બંને એકજ હતા એવી ભ્રમવાળી માન્યતા દૂર થઇ છે તે આનંદની વાત છે છતાંય અનેક બાબતોના ભ્રમ ચાલી રહ્યા છે ને ચાલુ થતા જાય છે તે દૂર કરવા માટે તુલનાત્મક અભ્યાસ જૈન વિદ્વાનોએ કરી પોતાના લેખો-નિબંધો-પુસ્તકો બહાર લાવવાની જરૂર છે. તેવા વિદ્વાનોને ઉત્પન્ન કરવા, ઉત્તેજિત કરવા માટે શ્રીમંતો અને સંસ્થાઓ બેસી નહિ રહે એટલી આશા રાખીશું. તંત્રી.]

૨૫૦૦ વર્ષ પહેલાંના ઇતિહાસની એ ધન્ય ઘડી હતી. ભારતવર્ષના ધાર્મિક ઇતિહાસના પરિવર્તનનો એ અનેરો સમય હતો. પુણ્ય પળ હતી. કે જે "**અહિંસા**" અને "**સમાનતા**"ના તીર્થંકરો-ભગવાન્ મહાવીર અને ભગવાન્ બુદ્ધના પ્રાદુર્ભાવનો ચેતનવંતો-વીર પ્રભુત્વવાળો-સમય હતો.

ભૂલોની પરંપરાવાળી સીડીપર ચડવાની મનુષ્ય જાતને આદત પડી ગઈ છે, એટલે કેટલીયે ઝવાહીર જેવી વાતો માણુસજાત ભૂલી જાય છે. છતાં કેટલીયે વાતો ભૂલાતી નથી, ભૂલી શકાતી નથી; અને કદાચ ભૂલી જવાય છે તો ઇતિહાસ સાક્ષીરૂપે સંસ્મરણો તાજાં કરાવે છે. મહાવીર અને બુદ્ધને થયાંને ૨૫૦૦ વર્ષ જેટલો લાંબો સમય થઇ ગયો છે તો પણ એ પ્રાતઃસ્મરણીય પુણ્યવંતાં નામો હજી ભૂલાયાં નથી; અને ભૂલોની પરંપરાવાળો સમુદ્ર ગમે તેટલો મહાન હોય તો પણ ભૂલાશે નહિ. ભૂલોનો સમુદ્ર ઓળંગવા માટે માત્ર સ્મરણનો પુલ પુરતો છે. એ દિવ્યજ્યોતિ-જન્મયોગીઓના નામ સ્મરણ વખતે પણ વંદન હો !

બંને મહાનકોટિના પુરૂષોનાં જીવન ચરિત્રો લખવાં હોય તો સંક્ષેપમાં લખી શકાય છે કે તેઓ જન્મ્યા, પરણ્યા, સાધુ થયા; અને નિર્વાણ પામ્યા. રાજપુત્રો છતાં બીજા પામર રાજપુત્રોની કથા પેઠે આમાં લખવાનું મળતું નથી કે "ખાધું પીધું અને રાજ્ય કર્યું." પરંતુ મહાવીર અને બુદ્ધના જીવનમાં સર્જનકાર્ય અને ત્યાગ એ બંને પ્રસંગોમાં કંઇક અનોખી અને સંસારીઓને બોધપાઠ સમી વિશેષતા છે. "Leaders in the true sense of the word" ઘણા થોડાજ ઉત્પન્ન થાય છે. કે જેણે આશા અને ભય વિનાનું જીવતર જીવવા માટે જીવનની લાલસા અને મરણભયને ભસ્મ કરતાં શિખવ્યું હોય; અને આપબળથીજ સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્ર્ય મેળવવા પોતાના ચારિત્ર્યથીજ પ્રજાને બોધપાઠો આપ્યા હોય. પૃથ્વિના પડપરથી એક પ્રજાની નાબુદી થવાના ભય ભરેલા પ્રસંગેજ મહાપુરૂષો ઉત્પન્ન થાય છે. અને તેથીજ મહાપુરૂષોનાં ચારિત્રો અનેક ચમત્કૃતિથી ભરપૂર હોય છે.

વર્ષાઋતુમાં ઘોર અંધારી રાત્રિએ ઘનઘોર ઘટા છવાઇ રહી સ્મશાન સમી શાન્તિ પ્રસરી રહી હોય ત્યારે એકાએક વીજળીનો ઝબકારો થાય અને આંખને આંજી નાંખે છતાંયે એકાદ આશાનું કિરણ પ્રકટાવે તે પ્રમાણે ભારતવર્ષની ધાર્મિક ઘનઘોર ઘટામાં અહિંસાના અરિહંતોનો અદ્દભુત ચળકતો પૂર્ણ આશામય ઝબકારો થયો. વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે

જડમાંયે ચેતન કિરણોના વિદ્યુત તણખા ઉડે છે તે પ્રમાણે સમાજશાસ્ત્રના વિદ્વાનો કહે છે કે મહાન પુરૂષોનાં જીવનચરિત્રોમાંથી પણ એવા ચેતન કિરણોના વિદ્યુત તણખા ઉડે છે; પણ એ જોવા અને જાણવા માટે "**દિવ્યચક્ષુ**" વાળું સૂક્ષ્મદર્શક યંત્ર જોઇએ. મનુષ્ય પ્રાણીનું જીવન વસંતરૂતુનું સામ્રાજ્ય છતાં મોર વિનાના આંબા જેવું છે. અને કોઇ કોઈ પુણ્યશાળી જન્મયોગીઓનેજ દિવ્યચક્ષુ પ્રાપ્ત થવાને બદલે દરેકને પ્રાપ્ત થતાં હોય તો કેવું સારૂં ! જીવતા જીવોને જીવતાં આવડે તો મહાપુરૂષોનાં જીવનચરિત્રો પારસમણિ સમાં, અરે ! દિવ્યચક્ષુ સમાં છે, વાંચે તેનેયે દિવ્યચક્ષુ મળે છે તો પછી વિચારી સમજણ પૂર્વક આચરણ કરે તેને કૈવલ્યપદ પ્રાપ્ત થાય તેમાં શી નવાઇ !

દેવમંદિરનો ઘંટ વાગી રહે તોપણ તેનો રણકાર ચાલ્યાંજ કરે છે. શંખ ફુંકાતો બંધ થાય તોપણ થોડીક પળો સુધી તેના ધ્વનિનાં મોજાં અથડાયાંજ કરે છે. ચંદનનો ધુપ બળી રહે તો પણ તેની સુગંધી કેટલોક વખત સુધી વાયુ લહરીમાં રહી જાય છે. સમુદ્રની ભરતી ઉતરી જાય તો પણ મોજાં તો આવ્યાંજ કરે છે. તે પ્રમાણે મહાવીર અને બુદ્ધને અઢી હજાર વર્ષો થઇ ગયા છતાં તેના "**અહિંસા**" "**સત્ય**" અને "**સમાનતા**"નાં-શંખધ્વનિનાં-મોજાં હજીપણ અથડાયાં કરે છે.

એ મોજાં કેમ અને કેવી રીતે ઉત્પન્ન થયાં અને જગતને બોધપાઠરૂપે તેણે શા શા દિવ્ય સંદેશા આપ્યા તે બંનેના જીવનની તુલનાત્મક દૃષ્ટિએ આપણે સંક્ષેપમાં જોઇએ.

તે સમયે વેદોક્ત ધર્મનાં શાસ્ત્રના બહાના નીચે આપખુદી ચાલી હતી. વૈદિકક્રિયાકાંડમાં શાસ્ત્રોક્ત સીધી લીટીની મર્યાદા રહી નહોતી. પ્રતિદિન હજારો અવાક્ પશુઓનું વૈદિક હિંસાથી બલિદાન અપાતું એટલે લોહીની નદીઓ ચાલી રહેતી હતી. જાતિભેદ-ઉચ્ચનીચ-ની વિષમ ભાવનાથી લોકોનાં હૃદય તિરસ્કારપૂર્ણ હતાશ થઇ ગયાં હતાં; અને ધર્મનું સુકાન માત્ર એક બ્રાહ્મણ જાતિના હાથમાં હોવાથી મનુષ્યજાતિનો એક મોટો સમૂહ "શૂદ્ર" સંજ્ઞાથી ભિન્ન પડી ગયો હતો. એટલે એ વર્ગનું ધાર્મિક અને સામાજિક જીવન છેક પામર દશામાં મુકાઇ ગએલું હોવાથી આત્મકલ્યાણનો માર્ગ વિકટ થઈ પડયો હતો. આવી વિષમતા જડમૂળથી ઉખેડી નાખી મનુષ્યજાતિ માટે ધર્મની અહિંસક સમાનતાનો વિશ્વપ્રેમી દરવાજો ખુલ્લો કરી આપવાના મહાન્ કાર્ય માટે-"**धर्मसंस्थापनार्थाय**" કાજે જૈન ધર્મના છેલ્લા તીર્થંકર તરીકે ઋષભદેવ બ્રાહ્મણ અને દેવાનંદા બ્રાહ્મણીના[1] વીર્યથી શરીર બંધાઇ ત્રિશલા નામની [2]ક્ષત્રિયાણીના ઉદરથી મહાવીર સ્વામીનો જન્મ થયો (ઇ. સ. પૂર્વે ૫૯૯) અને એજ હેતુ પુરઃસર શુદ્ધોદન રાજાની પત્ની માયાદેવીના ઉદરથી સિદ્ધાર્થ બુદ્ધનો પણ લુંબીનીવનમાં શાલવૃક્ષ નીચે જન્મ થયો[3] (ઈ. સ. પૂર્વે......)

૧-૨ "आर्य" શબ્દનું મૂળ અર (લડવું) ધાતુ વધુ સંભવિત છે. અને આર્ય શબ્દ નૈતિક અને સામાજિક ભાવના સાચવવા માટે વપરાયો છે. જે ભાવનામાં સુવ્યવસ્થિત જીવન, સરળતા, સભ્યતા, મહત્તા, પ્રામાણિકતા, હિંમત, નમ્રતા, પવિત્રતા, દયા, અશક્તની રક્ષા, ઉદારતા, સામાજિક કર્તવ્યોનું પાલન, જ્ઞાનની પિપાસા, ડાહ્યા અને મોટા તરફ માનની લાગણી ઇત્યાદિ ગુણોનો સમાવેશ હોય. બીજા શબ્દોમાં કહીએ તો બ્રાહ્મણની ભાવના (Ideal) અને ક્ષત્રિયની ભાવના એ બંનેનો સરવાળો તે આર્યત્વ; અને પૂર્ણતા પામેલો-એવા સંપૂર્ણ આર્યત્વવાળો—સિદ્ધિપદને પામેલો—આર્ય તેનું નામ સિદ્ધ; અને દરેક વખતના ચક્રમાં અમુક અમુક સમયે થનારા ૨૪ માંથી એક તે "अंर्हत" (શ્રી૦ અરવિંદ ઘોષના વિચારો ઉપરથી "જૈન હિતેચ્છુ" માં તંત્રીએ જણાવેલા વિચારોના આધારે) બાલ્યકાળમાં પવિત્ર સંસ્કારોવાળું શિક્ષણ લઇ શમ, દમ, તપ, શૌચ, શાન્તિ, આર્જવ, જ્ઞાન; અને વિજ્ઞાન એ નવ ગુણ પ્રાપ્ત કર્યાં તે બ્રાહ્મણત્વ, અને પછી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વિગેરે શત્રુઓ સામે ધીરપણે થઇ વિજય મેળવ્યો તે ક્ષત્રિયપણું. આમ બ્રાહ્મણ અને ક્ષત્રિયના ગુણોનો સંયોગ થયો.

૩ ડૉ૦ હંટર બુદ્ધનો જન્મ ઈ. સ પૂર્વે ૬૨૩ અને નિર્વાણ ઇ. સ. પૂર્વે ૫૪૩ લખે છે. જ્યારે બીજા જન્મ

માતાના ઉદરમાંથીજ મહાવીરે પડકાર કર્યો કે "**सव्वे जीवावि इच्छंति जीविउं न मरिज्जउं**" દરેક જીવો જીવવાને ઇચ્છે છે મરવાને કોઇ ઇચ્છતું નથી. અને કહ્યું કે વૈદિક હિંસાના ઉપાસકો! "**मा हिंस्यात् सर्व भूतानि**" એ તમારી શ્રુતિ યાદ કરો. બુદ્ધે એ પડકારને વધાવી લઇ વધુ ગતિ આપી.

પુણ્યશાલિ આત્માના પુનિત પગલાંથી રાજ્ય તેમજ પ્રજાનાં સુખસમૃદ્ધિમાં વૃદ્ધિ થતી રહેવાથી 'વર્ધમાન' એવું નામ રાખ્યું, અને એક મહાન આત્મા–બોધિસત્વનો જન્મ થવાથી તેના દ્વારા પ્રાણીમાત્રનું રક્ષણ થઈ મોક્ષનું દ્વાર ઉઘડશે એમ અસતિ ઋષિના કહેવાથી તેનું નામ 'સિદ્ધાર્થ' પાડ્યું.

વર્ધમાન જન્મ સંસ્કારી હોવાથી રાજકુમાર છતાં ભોગવિલાસ અને લાલસા વિના માતાના[૪] ગર્ભમાંથીજ ચાર વેદ તથા શિક્ષા કલ્પ વ્યાકરણ વિગેરે છ અંગો ભણી બાલ્યકાળ વિતાવી યુવાનીને આંગણે આવી પહોંચ્યા. ત્યારે સિદ્ધાર્થનું મન શિક્ષણ અને ધનુષ્ય તરવાર ભાલો વિગેરે વાપરવાની યુદ્ધ-કળા શિખેલ છતાં ચિંતામગ્નજ રહેતું હતું. સિદ્ધાર્થનાં માતા પિતાને પુત્રની ઉદાસિનતાથી સાધુદીક્ષા લેશે એ ભય ઉત્પન્ન થયો હતો; જ્યારે વર્ધમાન સાધુદીક્ષા લેશે એ એમનાં માતાપિતાથી અજાણ્યું નહોતું. છતાં બંને મહાપુરૂષોએ માતાપિતાને આનંદ આપવા માટે વાત્સલ્ય પ્રેમની કદિયે અવગણના કરી નહિ. "**मातृदेवो भव**" '**पितृदेवो भव**" એ સૂત્રનું કાયિક વાચિક અને માનસિક સંપૂર્ણપણે પાલન કર્યું. માતાપિતા પાસે પ્રભુતા ન બતાવી, પરંતુ મહાવીરે મેરૂગિરિપરના અભિષેક મહોત્સવ પ્રસંગે ઇન્દ્રને ચમત્કારથી આત્મબળ બતાવી આપ્યું હતું.

બંને ઉમર લાયક થતાં લગ્નગ્રંથિથી જોડવા તેમનાં માતાપિતાની ઇચ્છા થઇ એટલે નિર્વિકારી સંસ્કારી આત્માઓ સ્નેહભીક્ષાની આડે ન આવ્યા. જન્મયોગી વર્ધમાનનું લગ્ન રાજપુત્રી યશોદા સાથે; અને સિદ્ધાર્થનું લગ્ન રાજપુત્રી યશોધરા સાથે થયું એટલે બંને સાધુતાના શઠ ઓઢેલા પુણ્યશાલિ દેહધારીઓ સંસારી બન્યા. મહાવીરે સંસારી તરીકે પ્રકૃતિને વિહરવા દીધી, અને સિદ્ધાર્થે પણ સંસારી વેશ ભજવ્યો. દુનિયાનાં સર્વ સુખ દુઃખથી જન્મ-સંસ્કારી મહાવીર જ્ઞાત હતા. એટલે જળકમળની પેઠે અલિપ્ત રહેતા હતા. જ્યારે સુખ દુઃખનાં વિષયમાં બુદ્ધની દશા ભારેલા અગ્નિ સમ હતી. લગ્નની ફલસિદ્ધિ રૂપે વર્ધમાનને એક કન્યારત્ન સાંપડ્યું, સિદ્ધાર્થને એક પુત્ર સાંપડ્યો.

જ્યારે સંસારી વર્ધમાનને આનંદ, ઉદાસિનતા, સુખ, દુઃખ, અમીરી, ફકીરી સઘળું સમાન હતું ત્યારે સિદ્ધાર્થને સઘળું સુખમય ભાસતું હતું. એક વેળા નગર અને નગરજનોને જોઇ બહાર ગએલ

ઇ. સ. પૂર્વે ૫૫૭ અને નિર્વાણ ૪૪૭ માં થયાનું કહે છે. ડૉ૦ કનિંગહામ નિર્વાણકાળ ઇ. સ. પૂર્વે ૪૬૮ કહે છે. પ્રો૦ મેક્સમૂલર બારીક ગણત્રીથી ઇ. સ. પૂર્વે ૫૫૩ બુદ્ધનો જન્મકાળ માને છે અને ડૉ૦ બુલ્હર અશોકના શિલાલેખો ઉપરથી તેજ સમય ઠરાવે છે. પ્રો૦ હ્રિસડેવિડ્સ અને ડૉ૦ ક્રેર્ન તે કાળ કરતાં ૬૫ કે ૧૦૦ વર્ષ આ તરફ લાવવાનું કહે છે. ત્યારે પ્રો૦ ગાયગરે છેલ્લી શોધ પ્રમાણે ઈ. સ. પૂર્વે ૫૬૩ જન્મકાળ અને ઇ. સ. પૂર્વે ૪૮૩ મું વર્ષ બુદ્ધના નિર્વાણનો કાળ ઠરાવ્યો છે. લાલાલજપતરાય બુદ્ધનો જન્મકાળ ઈ. સ. પૂર્વે ૫૭૭ કહે છે. એક ઠેકાણે મેં એમ પણ વાંચ્યું છે કે મહાવીર સ્વામીના નિર્વાણ પછી બુદ્ધ ૧૬ વર્ષ પછી નિર્વાણ પામેલ છે. એ પ્રમાણે બુદ્ધનો નિર્વાણ કાળ ઇ. સ. પૂર્વે ૫૧૧ કહે છે. શ્રીમદ્ ભાગવતમાં ગયા પ્રદેશમાં જન્મ લેનાર બુદ્ધને 'જિનસુત" કહેલ છે, અમરકોશમાં "બુદ્ધ અને જિન" બંને નામો એકજ જણનાં લખેલ છે પરંતુ ટીકાકારે તેને અવાંતર ભેદ કહેલો છે.

બુદ્ધ અને મહાવીરના સમયમાં વિશેષ તફાવત રહેતો નથી. કેટલાકો બુદ્ધને પ્રથમ માને છે ત્યારે કેટલાકો મહાવીરને પ્રથમ માને છે જ્યારે કેટલાકો બુદ્ધમાંથી જૈન ધર્મ પ્રગટયાનું માને છે. આ વિષય ઘણો ચર્ચાઇ ગયો છે અને સંશોધકોએ નક્કી કર્યું છે કે ઉભય ભિન્ન છે અને ઉભય ધર્મો પણ ભિન્ન છે. પરંતુ બંને મહા પુરૂષો સમકાલીન છે. અને જૈનધર્મ બુદ્ધની પહેલાંનો છે.

૪ જૈનશાસ્ત્રો એમ કહે છે. બાકીના વિદ્વાનો માને છે કે બ્રાહ્મણ પાસે શિક્ષણ લીધું હતું.

તે વખતે જીવનભારરૂપ થઇ પડેલ દુઃખી વૃદ્ધને જોયો, રોગપિડિત મનુષ્ય જોયું, આત્મા વિનાના શરીર-શવ-ને સ્મશાનભૂમિ તરફ લઇ જતાં જોયું અને તેની પાછળ થતી ત્રાસદાયક રોકકળ પણ જોઇ. આમં બધું દુઃખમય વાતાવરણ જોઇ તેને આશ્ચર્ય ઉત્પન્ન થયું. માની લીધેલ સુખમાત્રમાં તેમણે દુઃખ છૂપાયલું જોયું એટલે એની શાન્તિ અને આનંદ ઉડી ગયાં. જન્મ, જરા, અને મૃત્યુપર વિચાર કર્યો તો તેમનું હૃદય વધુ હલી ગયું. દુનિયાનાં દુઃખોથી સિદ્ધાર્થનું હૃદય ચીરાઇ ગયું; જ્યારે દુનિયા દુઃખમય છે એમ મહાવીર સ્વયં જાણતા હતા. તેમનું હૃદય ચીરાતું નહોતું એમ કંઇ નહોતું પરંતુ જગતને આત્મકલ્યાણનો માર્ગ બતાવવાનો શુભ સમયની અવધિ હતી. સિદ્ધાર્થને એક દૈવી પુરૂષે આદેશ આપ્યો કે "સંસાર છોડ અને સાધુ થા" ત્યારેજ સિદ્ધાર્થે નિશ્ચય કર્યો કે "હું વૈભવ માત્રને તિલાંજલિ આપીશ, નિર્વાણનો માર્ગ શોધીશ; અને શુદ્ધ થઇ લોક હિતાર્થે વિચરીશ."—જ્યારે વર્ધમાનનો નિશ્ચય હતો કે "સંસાર છોડી સાધુ થઇશ અને મહાવીર બની નિર્વાણનો માર્ગ શોધીશ અને લોકોને મહાવીર બનાવવા લોકહિતાર્થે વિચરીશ."

તેજ રાત્રએ ૩૦ વર્ષની ઉમરે સિદ્ધાર્થે ગૃહત્યાગ કરવાનો નિશ્ચય કર્યો. પ્રાણથી પણ અધિક પ્રિય પત્ની અને બાળ રાજપુત્રના છેલ્લાં દર્શન વખતે હૃદય વલોવાવા લાગ્યું પણ ચિત્તને સ્થિર કરીઃ—

"જન પશુ જગનાં કલ્યાણ યજ્ઞ પર-
હોમું અંગ સઉ મારાં......"

એમ બોલી પ્રીતિ અને વિશ્વાસની મૂર્તિ-સ્ત્રી, પુત્ર; અને ધન ધામને ધરાવાળા રાજ્યસુખવાળા ગૃહનો ત્યાગ કર્યો, અને પ્રાતઃકાળે સાધુવેશ ધારણ કરી લીધો. તે વખતે અહિંસા અને સમાનતા રૂપી દેવીઓએ ઉલ્લાસિત હૃદયે મધુરૂં હાસ્ય કર્યું.

વર્ધમાનની ૨૮ વર્ષની ઉમરે માતાપિતા સ્વર્ગસ્થ થયાં તે સમયે માતાપિતા જીવતાં સંયમ નહિ લેવાનો અભિગ્રહ લીધેલો તે પૂર્ણ થવાથી મોટાભાઇની રજા માગી, પરંતુ બે વર્ષ લંબાવવાની મોટાભાઇની પ્રાર્થનાને માન આપ્યું. તો પણ કાયોત્સર્ગ, બ્રહ્મચર્યનું પરિશીલન, ધ્યાન વિ૰ નિયમોનું પાલનતો શરૂજ રાખ્યું. હવે મોટાભાઇની રજાથી દીક્ષા પર્યાય શરૂ થયો અને રાજકુમારે વિરક્તને છાજતો વેશ ધારણ કરી લીધો. સંયમની કફની પહેરી લીધી (ઉમર વર્ષ ૩૦) પ્રિયપત્ની પુત્રી અને રાજ્યવૈભવવાળા ગૃહનો ત્યાગ કર્યો. ગૃહસ્થાશ્રમ વાસ મૂકી સાધુ થયા[૫] પંચ મહાવ્રતધારી થયા. મહાવીરનો દીક્ષામહોત્સવ મનુષ્યોએ અને દેવદેવીઓએ આનંદથી ઉજવ્યો. અને મહાવીરને ચોથું જ્ઞાન ઉત્પન્ન થયું.

ભગવાન્ મહાવીરનો ગૃહત્યાગ શ્રેષ્ઠ છે. ભગવાન્ બુદ્ધનો ગૃહત્યાગ અસાધારણ છે. કોનો ગૃહત્યાગ સર્વશ્રેષ્ઠ છે એનો નિર્ણય કરવાનું કામતો પુણ્યશાલિ આત્માઓ-જન્મયોગીઓનું છે. પરંતુ બંનેના ગૃહત્યાગથી જનકલ્યાણ થયું એટલી વાત સ્પષ્ટ અને નિર્વિવાદ છે.

"કુદરતની ગહન ક્રિયાઓ શાન્તિમાંજ થાય છે. પૃથ્વિના ઉદરમાં સોના ચાંદી અને હીરા પાકે છે ત્યારે બહારના પડળ ઉપર ઉત્પાત થતો નથી. મહાસાગરની ભીતરમાં અનેક મહાપ્રવાહો વહે છે તેથી તેની સપાટી ઉપર પાણી ઉછાળા મારતું નથી. જ્વાળામુખો ફાટવાની ભયંકર તૈયારીઓ તેના અંતરમાં ચાલતી હોય છે ત્યારે પણ તે તો શાંત જ દેખાય છે. વિચાર અને લાગણીના પરિવર્તન માટે તો શાન્તિ આથીયે વધારે આવશ્યક છે. અભ્યાસીઓ અને સાધુ સંતો નિરંતર અરણ્ય અને ગિરિ-શિખરની શાંતિ શોધે છે."

બંને મહાપુરૂષોને જનકલ્યાણ માટેની ચમકતી તલવારો રૂધીરપાન કરી લે ત્યાર પછીની **સ્મશાન-સમી** મુડદાલ **પશુબલોત્પાદક** શાન્તિ **નહોતી** જોઇતી; પરંતુ તેમને તો શુદ્ધ મર્દાનગાવાળી વીરત્વયુક્ત આત્મબળની અજર અમર શાન્તિ જોઇતી

૫-અહિંસા[૧], સત્ય[૨], અસ્તેય[૩], બ્રહ્મચર્ય[૪], અપરિગ્રહ[૫]. પ્રાચીન પ્રણાલિકામાં બ્રહ્મચર્ય ભિન્ન નહોતું. શ્રી મહાવીરે બ્રહ્મચર્યને ભિન્ન ગણી ચારને બદલે પાંચ મહાવ્રત ગણ્યાં.

હતી. એવી શાન્તિ મેળવવાનો માર્ગ લીધો: અને કેવળ પેટભરા વેડા કરવા માટે પાપના પોટલા બાંધી મલકાય છે એવી મનુષ્ય જાતિને ઉજ્વળ પંથ બતાવ્યો.

શ્રી મહાવીર અને શ્રીબુદ્ધના ગૃહત્યાગ સુધીનું જીવન તુલનાત્મક દૃષ્ટિએ જોયા પછી હવે એમનું સાધુજીવન જોવાનું રહે છે, પરંતુ એ જોયા પહેલાં બે મુદ્દા ધ્યાનમાં રાખવાના છે. (૧) મહાવીરે[૬] નવો ધર્મ ચલાવ્યો નથી, ચલાવવાની ઇચ્છા પણ કરી નથી. જૈનધર્મનાં ચાલ્યા આવતાં તત્વો અને નિયમોને ચુસ્તપણે વળગી રહી કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. (૨) બુદ્ધે નવા અખતરાઓ વડે[૭] નવો ધર્મ ચલાવ્યો છે અને કૈવલ્યજ્ઞાન મેળવ્યું છે. જૈનધર્મના સિદ્ધાંત પ્રમાણે મહાવીર તીર્થંકર થવાનાજ હતા કે જેને પૌરાણિક ભાષામા "અવતાર" કહેવાય છે. મહાવીર સ્વામીનો જ્ઞાનવારસો વિશાલ હતો એ જેમ જૈન આગમોપરથી જણાય છે, તેમ બૌદ્ધગ્રંથો પણ શ્રીબુદ્ધને મહાસત્યજ્ઞાની હોવાનું કહે છે. આમ છતાં કૈવલ્યપદ પ્રાપ્ત કર્યાં પહેલાંના બંનેના જીવનક્રમમાં જે તફાવત છે તેનો ખરો નિર્ણયતો એ ઉત્તમકોટિના પુરૂષ સમો કોઇ વિરાટ પુરૂષજ કરી શકે.

[૮]" જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે-પ્રાણાંતે પણ[૯] સ્વધર્મનો ત્યાગ ન કરનારા-સત્પુરૂષોનું સારી રીતે રક્ષણ કરવા માટે તથા પાપીઓનો નાશ કરવા માટે ધર્મનું સંસ્થાપન કરવા માટે" ભગવાન્ અવતાર લે છે એ સનાતન ધર્મનો સિદ્ધાંત લઇએ કે " જ્યારે જ્યારે વહેમો અને ધર્માન્ધતા તથા જડવાદનું જોર વ્યાપીને અંધકાર છવાઇ રહે છે" ત્યારે ત્યારે તીર્થંકરનો પ્રાદુર્ભાવ થાય છે એ જૈન સિદ્ધાંત લઇએ, કે "વિશ્વપ્રેમી સમાનતા"ના પ્રચાર માટે બુદ્ધનું અવતરણ થાય છે એ બૌદ્ધનો સિદ્ધાંત લઇએ પરંતુ સરવાળે બધુંય સરખું છે. કેમકે એવો અવતારી વીર બુદ્ધ લાંબા વખત સુધી "સ્વાધ્યાય મનન, સત્યશોધન રૂપી તપ કરીને ઉચ્ચતમ આદર્શ શોધી કાઢે છે, અને પછી એ આદર્શને સમાજની દૃષ્ટિ સમક્ષ મુકવાને એક ક્ષત્રીય જેટલી વીરતાથી પ્રયાસ કરે છે. પરિણામે નૂતન જાગ્રતિ તેમની હયાતિ દરમિયાનજ આવે છે. હજારો-લાખો મનુષ્યો દૈવી જીવન ગુજારતા થાય છે. અને પ્રાણી માત્રને સુખ ઉપજાવનારી" ભાવનાનો વ્યવસ્થિત અમલ થાય છે. આ એક કેવળ નિર્વિવાદ સિદ્ધાંત છે કે " Acts are born of Ideals." એટલે એટલું તો નિઃસંશય છે કે "દૈવી અને આસુરી સત્વોના વિગ્રહમાં જ્યારે આસુરી તત્વ પોતાના ઉચ્ચ પ્રકારના સ્થૂળ બળના પ્રભાવથી દૈવી સત્યને દબાવી દે છે અને પોતાનું અધર્મશાસન પ્રવર્તાવે છે ત્યારે તેના પ્રતિશાસક તરીકે દૈવી સત્વનો પક્ષ લઇ અસત્યનું નિકંદન કરવા અને સત્યધર્મનું પુનઃ સંસ્થાપન કરવા કુદરતના ગર્ભાગારમાંથી એક અમોઘ વીર્યવાન આત્મા જન્મે છે." પછી આ આત્માને લોક દૃષ્ટિએ શ્રી મહાવીર, શ્રીબુદ્ધ, શ્રીરામ, કે શ્રીકૃષ્ણ, જરથોસ્ત, કે મહમ્મદ પેગંબર કે જીસસક્રાઇસ્ટ એવા નામ આપીએ; કે જગતને નવું બળ પ્રેરનાર બ્રહ્મા, જૂની માન્યતાઓનો સંહાર કરનાર શંકર, સૃજનકાર્યનું પાલનપોષણ કરનાર વિષ્ણુ એવું ભાવવાહક નામ આપી તેને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીએ; પરંતુ એ મહાપુરૂષ[૧૦] ત્રણે કાર્યનો જ્ઞાતા બુદ્ધ (જાણુ-

---

૬-૭—કોઈ માને છે કે જૈનધર્મ શૈવ ધર્મમાંથી નીકળ્યો છે. જ્યારે જૈનો તેને અનાદિ માને છે. કોઇ માને છે કે બુદ્ધમાંથી જૈનધર્મ નીકળ્યો છે. પરંતુ બૌદ્ધ ગ્રંથોજ એ વાતની ના પાડે છે. આ વિષય હજી પણ ચર્ચાસ્પદ રહેલો છે. આના સંબંધે સમર્થ અભ્યાસી વિદ્વાન પ્રાતઃસ્મરણીય લોકમાન્ય તીલક કહે છે કેઃ—

"જૈનધર્મની પેઠે બૌદ્ધધર્મ પણ વૈદિક ધર્મરૂપ "પોતાના પિતા પાસેથી જોઇએ તેટલી મીલ્કતનો હીસ્સો "લઇ કોઇ કારણને લીધે જૂદા નીકળેલ પુત્રસ્થાને છે. "અર્થાત્ તે પારકો નથી."

૮—શ્રીગીતા અ૦ ૪/૭-૮.

૯—સ્વધર્મ શબ્દ અતિશય વ્યાપક છે. જૂદા જૂદા પંથની દૃષ્ટિએ તેનો જૂદો જૂદો અર્થ થાય છે. પરંતુ પંથભેદ ભૂલી જઇ સર્વવ્યાપિ સ્વધર્મ એ રીતે અર્થ લેવાનો છે.

૧૦—*I creative works. II Active life of human service. III. Destructive work.*

નાર), **મહાવીર** (સમર્થ પુરૂષ) હોય છે; કે જે અમોઘ વીર્યવાન આત્માના પુનિત પગલાંથી જન-સમાજ અમોઘ વીર્યવાન બને છે.

એ આદર્શ વિરાટ પુરૂષે, મનુષ્ય પ્રાણીએ અમુક પ્રકારનાં ટીલાં ટપકાં કરવાં, અમુક પ્રકારનાં વસ્ત્ર પરિધાન કરવાં કે સત્ય-ન્યાયને નામે અમુક પ્રકારનો દંભ કરવો એ આજ્ઞા કરી નથી અને કરશે પણ નહિ. એતો બુલંદ પહાડી અવાજે કહે છે કેઃ-

" आत्मानं रथिनं विद्धि शरीरं रथमेवच "

એ રીતિએ શરીર રથને આત્મા રથવાહકથી ચલાવી આત્મશુદ્ધિને પંથે ચાલો, આત્મજ્યોતિ પ્રકટાવો; અને **"अहं ब्रह्मास्मि"** શાબ્દિક આડંબર વિના બનો; પોતાની અંદરની સર્વ શક્તિઓનું પ્રકટિકરણ કરી **બુદ્ધ મહાવીર** બનો. એનેજ **"सर्वंखल्विदं ब्रह्म"**નું જ્ઞાન થતાં કૈવલ્યજ્ઞાન થકીજ નિર્વાણ પદ-મોક્ષપદ મળે છે. જન્મમરણના ફેરા ટળે છે. મહાપુરૂષોના દિવ્ય સંદેશાવાળા બોધ-પાઠો લાંબાં ટાયલાં સમાં નહિ, પરંતુ સૂત્રભૂત હોય છે.

નૈયાયિકો કહે છે કે **"अनुकूल वेदनीयं सुखं"** જે સંવેદન અનુકૂળ લાગે તે સુખ, અને **"प्रतिकूल-वेदनीयं दुखं"**-જે સંવેદન પ્રતિકૂળ લાગે તે દુઃખ. આ વ્યાખ્યા તો મનુષ્યના મનના સમાધાન માટે છે કેમકે " દુઃખથી ભરપુર " તેનુંજ નામ સંસાર. તો પછી એવા સંસારમાં સુખ હોયજ કયાંથી? પરંતુ મહાવીરો મનુષ્યજાતિ માટે સન્માર્ગ સૂચક જે નિયમોવાળો જીવનક્રમ દર્શાવે તેમાં પ્રતિકૂળ સંવેદન જરૂર ઓછાંજ હોય છે; અને તેથીજ એ સ્વધર્મનું પાલન કરવાનો મનુષ્ય પ્રાણીનો પરમધર્મ છે. અને એ સ્વધર્મનું પાલન કરી રક્ષણ કરવું એ પણ મનુષ્ય પ્રાણીનો પરમધર્મ છે. પારકા રક્ષણ નીચે સ્વધર્મ સચવાતો નથી. સાચવી શકાતો નથી. પારકી રક્ષા નીચે કોઇ પણ પ્રજા મુડદાલ બની જાય છે તો પછી તેનો સ્વધર્મ કઇ સ્થિતિમાં મુકાય? **"परधर्मो भयावहः"** એ ત્યારેજ ઉચ્ચારી શકાય કે **"परक्षामयावह"** એ સૂત્ર પણ ભૂલાયું ન હોય. આવું સત્યજ્ઞાન તો બુદ્ધ મહાવીરને જ હોય છે. પ્રત્યેક જીવંત પ્રજા ગતિશીલ હોય છે પરંતુ પ્રજા મુડદાલ, ઉન્માર્ગગામી, કે સંસ્કૃતિનો ધ્વંસ પામેલી ગતિશીલ છે કે કઇ સ્થિતિમાંથી પસાર થાય છે એ જોઇ તપાસીનેજ લોકસંગ્રહ કરનારા **"બુદ્ધ મહાવીરો'** પ્રજામાં સંસ્કૃતિનું ચૈતન્ય ભરવાની કળા અજમાવે છે, આત્મકલ્યાણનો પરાવલંબી નહિ પરંતુ સ્વાશ્રયી માર્ગ બતાવે છે; અને તેટલા ખાતરજ એ અમોઘ વીર્યવાન મહાવીર ગમે તેવાં ભયાનક કષ્ટોની-ઉપસર્ગોની સામે પોતાની આધ્યાત્મિકશક્તિના પ્રવાહને છૂટો મુકી દે છે. જાતે આપભોગ આપી આપભોગ આપતાં શિખવે છે, શ્રદ્ધા ઉત્પન્ન કરે છે; અને ગુપ્ત આત્મશક્તિ ધરાવનાર છતાં મેંઢાંનાં ટોળાં જેવા મનુષ્ય વર્ગને ડીંડીમનાદથી કહે છે કે " પારકી રક્ષામાં શરમાઓ, ઉપસર્ગો-ભયંકર કષ્ટો સહન કરવાવાળાં જોખમો ખેડવામાં મઝા માનો. આત્મશક્તિ ખીલવવામાંજ મનુષ્ય જીવન ખતમ થવું જોઇએ. આત્મબળ વિનાનું-**"બુદ્ધ મહાવીર"** થયા વિનાનું મનુષ્ય-જીવન નરપશુ સમું છે."

અને શ્રી મહાવીર તથા બુદ્ધના સાધુ જીવનની શરૂઆત આપભોગથીજ થાય છે. આત્મશક્તિને વધુ ખીલવવા માટે જનસમાજના આત્મકલ્યાણના થઇ પડેલા વિકટ માર્ગ સામે તપરૂપી બેઠો બળવો કર્યો; અને એમ કરવામાં ત્યાગ વૃત્તિને પ્રથમ સ્થાન આપી મહાવીર સ્વામી અને બુદ્ધદેવે સ્વાલંબી માર્ગ સ્વિકાર્યો, બીજા શબ્દોમાં ગૃહત્યાગ એટલે પારકા રક્ષણનો ત્યાગ કર્યો. આત્મરક્ષણથી મેદાને પડયાં. પારકી રક્ષામાં શરમ માની જોખમ ખેડવામાં મઝા માનનારા મહાવીર સ્વામીની કસોટી પ્રથમ ઉપસર્ગ વખતેજ થઇ. વહેમાયલો ગોવાળ બળદ ચોરવાનો મહાવીર સ્વામીપર આરોપ કરે અને ઇન્દ્રને મદદ કરવા દોડવું પડે એ દેવ અને તીર્થંકરના સંબંધ પ્રમાણે અથવા તો મનુષ્ય દૃષ્ટિએ ગમે તેટલું ઇષ્ટ હોય, પરંતુ ગોવાળને સમજાવી લીધા પછી ઇન્દ્ર બાર વર્ષ સુધી મદદે રહેવાની પ્રાર્થના કરે અને શ્રી-મહાવીર તેનો પ્રફુલ્લ વદને અસ્વીકાર કરી કહે " તીર્થંકરો પારકાની સાહાય્યની કદિ પણ અપેક્ષા

રાખતા નથી. અર્હંતો બીજાની મદદથી કેવળ જ્ઞાન ઉપાર્જે તેમ કદિ બનતું નથી. આત્મા પોતાનીજ શક્તિથી કેવળજ્ઞાન પામે છે અને મોક્ષે જાય છે." આ વચનો એક તીર્થંકરને જેટલે દરજ્જે શોભારૂપ છે તેટલેજ દરજ્જે મનુષ્ય દૃષ્ટિએ મહાવીર નામને પણ શોભારૂપ છે. શ્રી મહાવીરે પારકી મદદની ઇચ્છા કરવામાં અપમાન અને પાપ માન્યાં; રક્ષાના બ્હાના નીચે નિર્માલ્યતા જોઇ, આત્મબળનો ધ્વંસ જોયો; અને નિર્વાણને બદલે અ-નિર્વાણનો માર્ગ જોયો. આજે પણ શાસ્ત્ર અને ઇતિહાસ ઉજળે મોઢે કહે છે કે શ્રી મહાવીર આત્મદ્રોહી ન બન્યા. પણ કેમ બને? એને તો જગતના નરપશુઓને આપભોગથી બોધપાઠ આપવો હતો. આ થઇ શ્રી મહાવીરના આરંભના તપની કસોટી. શ્રીબુદ્ધે આરંભના કે છેલ્લા જે કહીએ તે સાધુ થયા પછી, ૭ વર્ષ સુધી યંત્રવત્ તપ કરેલ છે અને તે દરમિયાન આ પ્રકારની કસોટી થઇ નથી. પરંતુ બુદ્ધે તપથી પરમ શાન્તિ ન મળતાં તપ છોડી ભોજન લીધું; એ પ્રસંગને કેટલાકો કસોટી રૂપ ગણી ત્યાં બુદ્ધની નિર્બળતા જણાવે છે. હું માનું છું કે એમાં નિર્બળતાની ભાવના નથી કેમકે શ્રી મહાવીર ગર્ભજ્ઞાની હતા એટલે સત્યશોધન માટે એમનો ક્રમ નક્કી હતો અને બુદ્ધને સત્ય શોધન માટે અખતરાઓ કરવાના હતા એટલે ઉપવાસનો ભંગ કરી તપ બંધ કરવામાં ક્રમના બીજા નંબરની ભાવનાને ત્યાં સ્થાન છે. તીર્થંકર તરીકે મહાવીર સ્વામીનું સ્થાન ચોક્કસ હતું એ એક પ્રકારે તેમને સરળતા હતી. જ્યારે બુદ્ધને સત્ય શોધનના નવા માર્ગમાં જરૂર કઠિનતા હતી. તુલનાત્મક દૃષ્ટિએ બંનેનાં સ્થાન અને માર્ગ ભિન્ન ભિન્ન છે.

શ્રી મહાવીરને પહેલાં ૪ જ્ઞાન થયેલાં હતાં ૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન. તેમણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થતાં સુધી ૧૨ વર્ષ અને ૧૨ દિવસ તપ કરી કષ્ટોની પરંપરા સહન કરેલ છે તેમાં ૧૧॥ વર્ષ અને ૨૫ દિવસ નિરાહાર રહેલ છે, અને નિરંતર કાયોત્સર્ગ રહી ધરતીપર બેઠા વિના તપશ્ચર્યા કરી સર્વઘાતી કર્મને ખપાવી દીધેલ છે. બુદ્ધે ૭ વર્ષના તપ પછી બોધિવૃક્ષ નીચે ધ્યાન આરંભ્યું, અને એ ધ્યાનસ્થ સ્થિતિમાંજ ૪૯ મે દિવસે એમને[૧૧] ચાર સનાતન સત્યોનું દર્શન થયું, અને તે વખતે જ શ્રી બુદ્ધના મોઢામાંથી પહેલું વાક્ય નીકળ્યું કે "**धर्मं कुरु धर्मं कुरु, प्रसारय धर्मध्वजां, प्रताड्य धर्मदुंदुभी, प्रापूरय धर्मशंखं, ऋते ज्ञानान्न मुक्तिः**"

શ્રી બુધ્ધે "ધ્યાન" થી સત્ય શોધ્યું—કૈવલ્યજ્ઞાન મેળવ્યું! તે પ્રમાણે શ્રી મહાવીરે બાર વર્ષ સુધી મૌન ધારણ કરી કેવળ આત્મચિન્તનદ્વારા યોગાભ્યાસમાંજ જીવન વ્યતિત કર્યું હતું.[૧૨] ૭ પ્રકા-

---

૧૧ ૧લું આર્યસત્ય. "જન્મ, જરા, વ્યાધિ અને મૃત્યુ કેવળ દુઃખ રૂપજ છે. અપ્રિયનો સંયોગ એ દુઃખ છે અને તેથી મોટું દુઃખ પ્રિયનો વિયોગ છે. અને સૌથી મોટું દુઃખ અ-પ્રાપ્યની લાલસા છે."

૨જું ,, "પ્રત્યેક દુઃખ સકારણ છે. દુઃખમાત્રનું મૂળ વાસના છે. અને વાસના સંગથી ઉત્પન્ન થાય છે. અહંતા અનિત્ય વસ્તુની તૃષ્ણા જગાડે છે. અને એ તૃષ્ણા દુઃખ માત્રનું મૂળ છે."

૩જું ,, પ્રત્યેક દુઃખ નિવારી શકાય છે જે મમત્વને જીતે છે તે મુક્ત છે. તેને ભોગેચ્છા પકડી શકતી નથી તૃષ્ણામાત્ર તેની આગળ રાખી જાય છે.

૪થું ,, દુઃખનિવારણનો માર્ગ આર્ય અષ્ટાંગમાર્ગ છે.

આર્ય અષ્ટાંગમાર્ગ.

૧ સમ્યગ્‌દૃષ્ટિ—સારી સમજણ, જ્ઞાન.
૨ ,, સંકલ્પ—સારો સંકલ્પ (ક્રિયા કરવાનો નિશ્ચય).
૩ ,, વાક—સારી વાણી (અસત્ય ભાષણ ન કરવું, ચાડી કે નિંદા ન કરવી, ગાળ ન દેવી, મિથ્યા બકવાદ ન કરવો).
૪ ,, કર્મ—સારાં કર્મ: શિલ અને દાન
૫ ,, આજીવ—સારી આજીવિકા, સારો ધંધો કરીને ગુજરાન ચલાવવું.
૬ ,, વ્યાયામ—સારો પ્રયત્ન.
૭ ,, સ્મૃતિ—સારી સ્મૃતિ યા વિચાર.
૮ ,, સમાધિ—સારી સમાધિ. ચિત્ત એકાગ્ર કરવું.

૧૨—"**अणसणमूणोअरिआ वित्तीसंखेवणं रसच्चाओ कायकिलेसो संलीण यायवज्झो तपो होइ**"

૨નો બાહ્ય તપ અને[13] ૭ પ્રકારનો અભ્યંતર તપ શ્રી મહાવીરે જૈનધર્મના નિયમાનુસાર કરેલ છે. પરંતુ તપ એ આત્મશુદ્ધિનું જેમ એક અંગ છે તેમ[14] યોગાભ્યાસ (ધ્યાન) અને કાયોત્સર્ગ (સમાધિ) એ અંગવાળા ક્રમનો પણ કૈવલ્યજ્ઞાન મેળવવામાં આત્મચિન્તન માટે શ્રી મહાવીરે અનુભવી પ્રયોગ કરેલો છે. એટલે બુદ્ધનો "ધ્યાન" નો ક્રમ ભિન્ન ક્રે[15] નિંદાપાત્ર તો નથીજ. શ્રી મહાવીરે દેહદમનને અગ્રસ્થાન આપ્યું અને આત્મચિન્તન કર્યું, શ્રી બુદ્ધે દેહદમનને—કષ્ટપ્રધાન તપને બદલે[16] મધ્યમ પ્રતિપ્રદા માર્ગ"ને અગ્રસ્થાન આપી આત્મચિન્તન કર્યું. અને બંનેએ નિવૃત્તિતત્વની પ્રાધાન્યના સ્વિકારી. જ્યારે શ્રી મહાવીરે જગતને અનાદિ માની એમ પણ સ્વિકાર્યું કે આત્મા નિત્ય છે–કરેલાં કર્મનું ફળ આલોક ને પરલોકમાં ભોગવવું પડે છે–પાણીમાં પણ જીવ છે; ત્યારે શ્રી બુધ્ધે જગતને અનાદિ માન્યું પરંતુ બ્રહ્મ અને[17] આત્માને ભ્રમમૂલક માન્યાં. જોકે આત્માનું અસ્તિત્વ શ્રી બુદ્ધને માન્ય નહોતું પણ મન શાંત વિરક્ત અને નિષ્કામ કરવું એ નિર્વાણ પ્રાપ્તિ માટે જરૂરનાં માન્યાં. તેની સાથે એમ પણ સ્પષ્ટ કહ્યું કે [18]આત્મા એ ભ્રમ છે તો પછી વિરામ કોને

અર્થાત્—૧અનશન, ૨ઉણોદરી, ૩વૃત્તિસંક્ષેપ, ૪રસત્યાગ, ૫લોચાદિક દેહકષ્ટ, ૬આંગોપાંગ દેહાવયવનો કાબુ. આ છ પ્રકારનો સમાવેશ બાહ્યતપમાં થાય છે.

૧૩—" पायच्छित्तं विणए वेयावच्चं तहेव सज्झाओ झाणं उस्सग्गोविअ अब्भिंतरओ तवो होइ ॥ "

અર્થાત્—૧પ્રાયશ્ચિત્ત, ૨વિનય, ૩સેવા, ૪અધ્યયન, ૫ધ્યાન, અને ૬ઉપસર્ગોની સહનશિલતા આ છ ભેદે અભ્યંતર તપ થાય છે.

૧૪—જૈન સંપ્રદાયના મૌલિક ગ્રંથો "આગમ" કહેવાય છે તેમાં જે સાધુચર્યાનું વર્ણન છે તે જોતાં સ્પષ્ટ જણાય છે કે પાંચ યમ, તપ, સ્વાધ્યાય,–આદિ નિયમ ઇન્દ્રિયજય રૂપ પ્રત્યાહાર ઇત્યાદિ જે ખાસ યોગના અંગો છે તેઓનેજ સાધુજીવનના મુખ્ય પ્રાણ માનવામાં આવેલ છે. (જુઓ આચારાંગ, સૂત્રકૃતાંગ, ઉત્તરાધ્યયન, દશવૈકાલિક, મૂલાચાર આદિ) અને આગમોમાં યોગ અર્થે માટે ઘણેભાગે ધ્યાન શબ્દ વપરાયો છે. ધ્યાનનાં લક્ષણો તેના ભેદ, પ્રભેદ, આલંબન, આદિનું વર્ણન અનેક જૈન આગમોમાં છે (જુઓ સ્થાનાંગ, અ. ૪ ઉદ્દેશ ૧; સમવાયાંગ સ. ૪; ભગવતી શતક–૨૫, ઉદ્દેશ ૭; ઉત્તરાધ્યયન અ. ૩૦ શ્લો. ૩૫).

૧૫—જૈનશાસ્ત્રમાં યોગ ઉપર ત્યાં સુધી ભાર આપવામાં આવ્યો છે કે આત્મચિન્તન માટે તૃતીય પ્રહર સિવાય ત્રણે પ્રહરોમાં મુખ્યપણે સ્વાધ્યાય અને "ધ્યાન" કરવુંજ જોઇએ. (જુઓ ઉત્તરાધ્યયન અ. ૨૬)...(આ ફુટનોટ ૩-૪ આર્ય વિદ્યાવ્યાખ્યાન માળાના "યોગદર્શન" લેખના આધારે લખેલ છે).

૧૬—અતિ તપશ્ચર્યા પણ નહિ અને અતિ દેહાધ્યાસ પણ નહિ એ "મધ્યમપ્રતિપદામાર્ગ".

૧૭ આ મહાપુરૂષ આત્મવાદી છે. તોપણ તેમની પછીના તેમના કેટલાક અનુયાયીઓની તર્કજાળને લીધે તેમના ઉપર "અનાત્મવાદી" તરીકેનો જે આરોપ આજ ઘણા વખતથી મૂકવામાં આવેલો છે તે અવિવેકથી થએલો છે અને ખોટો છે. એ માટે એમના પાલી ભાષામાં લખાએલા ગ્રંથોને મનનપૂર્વક વાંચવાની પાઠકોને વિનંતિ કરવામાં આવે છે. "જૈનદર્શન" પૃ. ૬૩ની ફુટનોટમાંથી.

૧૮—"બૌદ્ધધર્મી લોક આત્મા અથવા પરબ્રહ્મનું અસ્તિત્વ માનતા નથી પણ બ્રહ્મજ્ઞાન કે આત્મજ્ઞાન તેમને માન્ય નથી તો તેમના ધર્મગ્રંથોમાંથી "अत्तना" (આત્માના) चोदयऽत्तानं" પોતે પોતાની મેળેજ માર્ગ કરવો જોઇએ એમ ઉપદેશ કરવામાં આવેલો છે અને તેના સમર્થનમાં

" अत्ता (આત્મા) हि अत्तनो नाथो अत्ताहि अत्तनोगति।
" तस्मा सञ्ञामयऽत्तणं अस्सं (અશ્વ) भद्द व वाणिजो ॥

"આપણે આપણા માલીક છીએ. આપણા આત્મા સિવાય આપણને તારનાર બીજો કોઈ નથી. માટે જેમ કોઇ વેપારી પોતાના સારા ઘોડાને કાબૂમાં રાખે છે તેમ આપણે પણ આત્માનું સારૂં સંયમન કરવું જોઇએ."

આ સંબંધી લો. માન્ય તીલક વધુ સ્પષ્ટ કરે છે કે-
" આત્મા અગર બ્રહ્મ-પરમેશ્વરનું અસ્તિત્વજ નાકબુલ
" કર્યાથી ભક્તિવડે પરમેશ્વર પ્રાપ્તિ કરવાનો માર્ગ ખુદ
" બુદ્ધને પોતાની હયાતિમાંજ ઉપદેશવો શકય નહતો,
" અને તેની ભવ્યમૂર્તિ અને ચરિત્રક્રમ લોકોની નજર
" આગળ જ્યાં સુધી પ્રત્યક્ષ હતાં ત્યાં સુધી તે માર્ગની
" જરૂર ન પડી પણ આ ધર્મ સામાન્ય લોકોને પ્રિય
" થાય અને તેનો વધારે ફેલાવો થાય તે માટે સંસાર
" છોડી અને ભિક્ષુ થઇ મનોનિગ્રહથી ત્યાંને ત્યાંજ

કહેવો ? અને તે શાથી મળે છે ? એ પ્રશ્નજ સિ-લીકમાં રહેતો નથી અને ડાહ્યા પુરૂષોએ આ ગૂઢ પ્રશ્નોનો વિચાર કરવા બેસવું નહિ. સર્વ પદાર્થોની ક્ષણિકતા–પ્રત્યેક સમયે વિનશ્વરતા ઇષ્ટ છે એ બુદ્ધની માન્યતા સ્પષ્ટ છે; ત્યારે શ્રી મહાવીરે માન્યું કે સમસ્ત પદાર્થમાં પર્યાય (પરિવર્તન) રૂપે ક્ષણિકતાનો અને વસ્તુના વસ્તુગત મૂલ સ્વરૂપે અક્ષણિકતા–અ-વિનશ્વરતાનો એમ બંને ધર્મ છે. મહાવીરે કહ્યું કે આત્મા પોતેજ પરમાત્મા થઇ શકે છે. એમણે જે મહાવીરપણું પ્રાપ્ત કર્યું તે પથ્થરને પૂજીને નહિ પણ પોતાના આત્માને પૂજીને પ્રાપ્ત કર્યું. અને એના મુખ્ય સાધન તરીકે ત્યાગ તપ અને કાયોત્સર્ગને સિદ્ધ કર્યા. વેદાંત અને જૈન તત્વજ્ઞાન કરે છે કે "મન જીત્યા પછી કંઇક બાકી રહે છે;" ત્યારે બુદ્ધે કહ્યું કે "મન જીત્યું. તેણે સર્વ જીત્યું," પરંતુ એકલા મનને જીતવાથીજ કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થતું નથી–મોક્ષ મળતો નથી. આત્માનો સાક્ષાત્કાર થવો જોઇએ છીએ. શ્રી મહાવીરે આત્માનો સ્વિકાર કર્યો, પુનર્જીવનનું કારણ કર્મવિપાક માન્યું અને "બ્રહ્માંડે તે પીંડે" એ સૂત્રમાં વિશાળ તત્વજ્ઞાનનો વારસો માની આત્માને પરમાત્માને સ્થાને આરૂઢ કર્યો. અને વેદાંતી પરિભાષામાં "**अहं ब्रह्मास्मि**" હું પરબ્રહ્મ છું એ જેણે જાણ્યું તેણે સર્વ જાણ્યું એમ કહી શકાય છે, અને શ્રી મહાવીરે પોતાના આત્માને પૂજવાનો–ઓળખવાનો પ્રજાને દિવ્ય સંદેશો આપ્યો તે પણ એકજ વાકયમાં વેદાંતમાં સમાઇ જાય છે કે "**तत्त्वमसी**"તું તારા[19] આત્માને ઓળખીશ એટલે તને સઘળું સમજાશે. જૈન પરિ-ભાષામાં કહીએ તો આત્માને ઓળખીશ એટલે તને કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થશે, જ્યારે બુદ્ધની એકની એક વાત છે કે વૈરાગ્યથી મનને નિર્વિષય કરવું. આત્મા-ની કોઇપણ કલ્પના બુધ્ધને માન્ય નહોતી છતાં પણ (૧) કર્મવિપાકના કારણથી નાશવંત દેહને (આત્માને નહિ) નાશવંત જગતમાં–સંસારમાં ફરી ફરીને જન્મ લેવો પડે છે અને (૨) આ આ પુન-ર્જન્મનો ફેરો કિંવા એકંદર સંસારજ દુઃખમય હોવાથી તેમાંથી છુટકારો લેવાની અને કાયમની શાન્તિ કે સુખની જરૂર છે. એ બે વાતો બુધ્ધને સંપૂર્ણ માન્ય હતી; અને એનો સમૂળગો નાશ કરવા માટે દુઃખ, સમુદય, નિરોધ અને માર્ગ એ ચાર સત્યોનું એને દર્શન થયું કે જે આર્યઅષ્ટાંગ માર્ગમાં વધુ સ્પષ્ટ કર્યું. બુધ્ધનો આ સિધ્ધાંત અધ્યાત્મ દષ્ટિએ અના-ત્મવાદિ છે, છતા કર્મવિપાકને માની કાયમની શાન્તિ કે સુખની જરૂરીયાત જણાવી. પરંતુ સુખ એ કાલ્પ-નિક શબ્દના ઓઠા નીચે મોક્ષ મળતો હોય તો કર્મવિપાકના સત્તાવીશ ભવ સુધી ફેરા ફરી મહાવીર તરીકે જન્મ લેનારને બાર વર્ષની કઠિન તપશ્ચર્યા સાથે ઉપયોગ સહન કરવાની શી જરૂર હતી ? શ્રી મહાવીર તો કહે છે કે કેવળ મનનેજ વૈરાગ્યથી નિર્વિષય કરવાથીજ મોક્ષ મળતો નથી,[20] એતો એક સાધન છે; અને તેથી બીજી અનેક જરૂરીયાત રહે છે. દુઃખ દુઃખમયજ હોય છે તેથી સુખ પણ સુખમયજ હોય છે એમ કંઇ ઠરતું નથી. તેમ કેવળ

"(શેમાંથી એમ ન સમજવાં) નિર્વાણ પદ પામવું.
"આ નિરીશ્વર નિવૃત્તિમાર્ગ કરતાં બીજો કોઇપણ
"સહેલો અને પ્રત્યક્ષમાર્ગ લોકોને બતાવવાની જરૂર
"પડી એટલે બુદ્ધના ભક્તોએ વૈદિક ભક્તિમાર્ગનું અનુ-
"કરણ કરી બુદ્ધને અનાદ્યનંત પુરૂષોત્તમનું રૂપ આપ્યું.

૧૯ "नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः।
"न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः॥

श्री गीता अ. २/२३.

અર્થાત્—આત્માને શસ્ત્રો છેદતાં નથી. અગ્નિ બાળતો નથી. પાણી પલાળતું નથી કે પવન સુકવી શકતો નથી. (આત્માનો નાશ કરવા કોઇપણ સમર્થ નથી.)

ત્યારપછીના ૨૪ અને ૨૫ મા શ્લોકમાં કહ્યું છે કેઃ—
"આ આત્મા છેદી ન શકાય તેવો, બાળી ન શકાય તેવો,
"સૂકવી ન શકાય તેવો તેમજ નિત્ય રહેનારો સર્વેઠકાણે
"વ્યાપિ રહેલો, સ્થિર, અચલ, ને અનાદિ છે વળી
"આત્માને ઇન્દ્રિયોવડે જાણી ન શકાય તેવો, મનવડે
"ચિંતવી ન શકાય તેવો કહ્યો છે. તથા આ આત્મા
"વિકાર ન થઈ શકે એવો છે."

૨૦ શ્રીમચ્છંકરાચાર્ય પણ કહે છે કે "જ્ઞાન એજ મોક્ષ મેળવવાનું શ્રેષ્ઠ સાધન છે." પરંતુ મોક્ષ કોનો દેહનો કે આત્માનો ?

મારેલા મનની શાન્તિથીજ મોક્ષ મળી જાય છે એમ પણ કંઈ નથી. સ્વયંપ્રકાશ પામેલાઓજ મોક્ષમાં બિરાજે છે. એ સ્વયંપ્રકાશ કોનો ? દેહનો કે આત્માનો ? આત્માનો કે ઇશ્વરનો ? કે આત્મા એજ ઇશ્વરનો ? શ્રી બુદ્ધ કહે છે કે "**સર્વક્ષણ પરંપરાનો અભાવ થવો–વાસનાનો નાશ થવો** તેનું નામ મોક્ષ." શ્રી મહાવીર કહે છે કે "**સર્વ કર્મજન્ય ઉપાધિનું ઓલવાઈ જવું એટલે સર્વ કર્મોપાધિ રહિત સચ્ચિદાનંદમય આત્મસ્વરૂપ પ્રકટ થવું** તેનું નામ મોક્ષ." શ્રી મહાવીરની નિર્વાણની વ્યાખ્યામાં ખુલ્લો અર્થ સમજાય છે ત્યારે શ્રી બુદ્ધની નિર્વાણની વ્યાખ્યામાં શબ્દાર્થની દૃષ્ટિએ અધુરાપણું છે. શ્રી બુધ્ધે નિર્વાણ એટલે "વિરામ પામવું" અથવા દીવો બુઝાય છે તે પ્રમાણે વાસનાનો નાશ થવો, એવું ક્રિયાદર્શક નામ આપ્યું એટલે "મૃત્યુ" એ શબ્દ નિર્વાણને લગાડી શકાય નહિ. મરણ શબ્દ પુનર્જન્મ પહેલાંનો ભાવયુક્ત અર્થસૂચક શબ્દ છે, ત્યારે નિર્વાણ પામેલને પુનર્જન્મનો ફેરો ટળી જાય છે. એટલે નિર્વાણને મૃત્યુનું મૃત્યું કહેવું કે "મૃત્યુ-નરી જવાનો માર્ગ" કહેવો ? જ્યારે મહાવીર સ્વામીનો નિર્વાણ શબ્દાર્થ વધુ સ્પષ્ટ છે. "સચ્ચિદાનન્દમય આત્મરૂપનું પ્રકટ થવું" એનું નામજ ખરો મોક્ષ.

શ્રી મહાવીરે દર્શન—તત્વજ્ઞાનમાં આત્માનું અસ્તિત્વ બતાવી તે આત્માનું અંતિમ લક્ષ સાધવા માટે એકલું જ્ઞાન એકલી ક્રિયા એકલું તપ એકલી ભાવના એકલું વીર્ય એકલી સાધ્યદૃષ્ટિ; એકલું કથન–કહેણી, એકલો આચાર–રહેણી એ નિષ્ફળ છે. પણ તે સમસ્તની જરૂરછે–સફળતા માટે એ સમસ્તનો યોગ આવશ્યક છે જગતની અને આત્માની નિત્યતા અનિત્યતા અસ્તિત્વ, નાસ્તિત્વ, વકતવ્યતા અવકતવ્યતા એમ બંને જૂદી જૂદી દૃષ્ટિથી જોતાં જણાય છે. આમ સર્વનું મિશ્રણ અને સર્વથી સ્વાતંત્ર્ય એ બંને સ્વરૂપ જણાવી વિશ્વવ્યવસ્થા આત્મસ્વરૂપ અને મુક્તિમાર્ગ વિશાલ દૃષ્ટિથી દર્શાવેલ છે અને તેથી તે સમગ્રવાદને સ્યાદ્વાદ અથવા તે દર્શનને અનેકાંત દર્શન એવું વ્યાપક નામ આપેલું છે.

કર્મવિપાકથી થતા જન્મમરણના ફેરામાંથી છુટવા માટે પ્રથમના આવશ્યક અંગ તરીકે શ્રી મહાવીરે સાધુદીક્ષાનું આચરણ કર્યું, તે પ્રમાણે શ્રી બુદ્ધે ભિક્ષુ ધર્મ સ્વિકારી લોકોને સન્માર્ગ દાખવ્યો. પરંતુ આ વિષયમાં પણ તુલનાત્મક દૃષ્ટિએ જરા વધુ વિચાર કરવાની અગત્યતા છે. શ્રી મહાવીરે વસ્ત્ર–પ્રાવરણ આદિક ઐહિક સુખોને તિલાંજલિ આપી અહિંસાવ્રત પાળવાનો કડક નિયમ આચરણ કરી સાધુધર્મના આદર્શ તરીકે બતાવ્યો, ત્યારે શ્રી બુદ્ધે વસ્ત્ર સિવાય નગ્ન દશામાં રહેવું એ ગુન્હો માન્યો. આ બંને નિયમોમાં શ્રી મહાવીર અને શ્રી બુદ્ધની માન્યતા પ્રમાણેના આચરણમાં આકાશ પાતાળનું અંતર છે. શ્રી બુદ્ધે તુંબડીનું ભીક્ષાપાત્ર અને લાલ રંગી વસ્ત્રોથી ભિક્ષુનું આચરણ માન્ય કર્યું, ત્યારે શ્રી મહાવીરે એ નિયમમાં ડંકો માર્યો છે એમ મુક્ત કંઠે કહેવું જોઇએ. દીક્ષા સમયે શ્રી મહાવીરને ઇંદ્રે ડાબે ખભે દેવદુષ્ય વસ્ત્ર નાંખેલું તે પણ સોમદેવને આપી દઇ ભગવાન્ વસ્ત્રરહિત થયા. અને તે પણ દીક્ષા લીધા પછી ફક્ત તેર મહિના જેટલા અલ્પ સમયમાંજ. દુનિયાની જાળને દુનિયા તરફ ફેંકી દીધી. એટલે ઉચ્ચ કોટિને માટે વધુ લાયકાત પ્રાપ્ત કરી. અહિંસાવ્રત શ્રી બુદ્ધે પાળ્યું છે પરંતુ શ્રી મહાવીર જેટલું કડક તો નહિજ. "૨૧હિંસા કરો નહિ એટલુંજ નહિ પણ એક ક્ષુદ્ર જંતુને સંરક્ષો" એમ શ્રી બુદ્ધે પોતાના શિષ્યોને કહ્યું છે તે પ્રમાણે "જે યુદ્ધમાં મનુષ્ય જીવનની હાનિ થાય તે યુદ્ધ ત્યાજ્ય છે" એવો સિંહ નામના સેનાપતિને ઉપદેશ આપેલો છે અને બિંબિસાર રાજાના યજ્ઞ વખતે પણ ઉપદેશ આપેલો છે કે "રાજન્ ! પ્રાણી માત્રને જીવવું ગમે છે. આ બિચારાં પશુઓને હોમવાથી ધર્મ થાય છે એમ આપ માનતા હો તો આપની મોટી ભૂલ છે. બીજાને દુઃખ દેવાથી આપણને પુણ્ય થાયજ નહિ. હિંસા તો બધા અધર્મનું મૂળ છે." પરિણામે રાજાએ આ ઉપદેશથી પશુઓ છોડી મુકેલાં. પરંતુ શ્રી બુદ્ધના અહિંસા-

---

૨૧. મનના દશ દોષોથી સર્વેવ મુક્ત રહેવા માટે શ્રી બુદ્ધે જે દશ નિયમો કરી આપ્યા છે તેનો પહેલો નિયમ.

વ્રતમાં એક અતિશય આશ્ચર્ય જેવી હકિકત મળે છે કે પોતાને માટે-નિમિત્તે-હેતુપૂર્વક મુદ્દામ મારેલું ન હોય એવા પ્રાણીનું તૈયાર માંસ (**"पवत्त"-"प्र-वृत्त"**) શ્રી બુદ્ધે ખાધેલું છે. છતાં સમસ્ત જીવન-માંથી **"अहिंसा"** ધર્મ પાળ્યાનું મળી આવે છે.

આમ છતાં તેજઃપુંજ શ્રી બુદ્ધે **"अहिंसा"** વ્રતનું શમા અને શાંતિથી ઉરૂવીલામાં કાસ્યપને ત્યાં ભયંકર સર્પના ઉપસર્ગ સામે પાલન કરેલું છે. મધ્ય રાત્રિએ પ્રચંડ અગ્નિ વર્ષાવતો સર્પ આસપાસનું સઘળું ભસ્મ કરે છે ત્યારે પણ શ્રી બુદ્ધ ધ્યાનસ્થ બેસી રહ્યા અને પરિણામે સર્પ પોતાની વિષજ્વા-ળામાં બળીને ભસ્મ થયો; અને શ્રી મહાવીર ચંડ કૌશિક નામના દૃષ્ટિવિષ સર્પને કરડયા પછી પણ ક્ષમાપૂર્વક પ્રસન્ન મુખે શાંતપણે ઉપદેશ આપી પૂર્વ ભવની સ્મૃતિ કરાવે છે. ક્ષમા રૂપી પાવત્ર જળમાં સર્પને સ્નાન કરાવી કૃતકૃત્ય કરે છે. ખરેખર **"क्षमा वीरस्य भूषणम्."**

કલ્પસૂત્રકાર અને અન્ય ઇતિહાસોના કહેવા પ્રમાણે મહાવીરસ્વામીને ઘણાં કષ્ટો સહન કરવાં પડયાં છે તેમાં પ્રથમ ઉપસર્ગ ગોવાળે કર્યો તેમ છેલ્લો ઉપસર્ગ શ્રી મહાવીરના કાનમાં શરકટ વૃક્ષની મેખો ઠોકવાનો પણ ગોવાળે કર્યો છે. જ્યારે ઉત્કૃષ્ટ ઉપસર્ગ કાનમાંથી મેખો કાઢવાનો થયો છે. ઉપ-સર્ગોની પરંપરામાં શ્રી મહાવીરનો આત્મા જોખમો ખેડી ખેડીને કૈવલ્યજ્ઞાનની આત્મદર્શની પરાકાષ્ટાએ પહોંચ્યો. તેમ બુદ્ધના પર શ્રાવસ્તીમાં ખુનનો આરોપ આવ્યો ત્યારે તેમણે અસાધારણ શાંતિ જાળવી છે. અને ગાંડા હાથીને પણ તેમણે ક્ષમાથી શાંત કર્યો છે. મહાવીર પર સંગમ દેવના તરફનો મધ્યમ ઉપસર્ગ શ્રી બુદ્ધના મારના પ્રસંગને મળતો છે. મહાવીર સર્વાંગ સુંદરીઓના નાચમાં કે કામદેવના બાણમાં ન ફસાયા, વિષયના માધુર્યમાં ન લોભાયા, યોગભ્રષ્ટ ન થયા. પણ જન્મયોગીઓ યોગભ્રષ્ટ થાય કેમ ? **" विकार हेतौ सति विक्रियन्ते, येषां न चेतांसि तपवधीरा:"**॥

અને પુત્રી પ્રિયદર્શના તથા જમાઇ જમાલીને શ્રી મહાવીરે દીક્ષા આપી તે પ્રમાણે શ્રી બુદ્ધે પત્ની યશોધરા પુત્ર રાહુલ અને માતાને દીક્ષા આપી આત્મ કલ્યાણનો માર્ગ બતાવ્યો. એટલુંજ નહિ પરંતુ મનુષ્ય પ્રાણી માત્રને આત્મ કલ્યાણને માર્ગે ચડાવવા બંનેએ ઢંઢેરો પીટાવ્યો. **ब्राह्मण क्षत्रीय वैश्य**"ની જેમ **"स्त्रियो शुद्रा"**" માટે પણ દરવાજો ખુલ્લો છે. એમ કરીને ઇતિહાસને પાને બંનેએ "વિશ્વ પ્રેમી" તરીકે અમરપદ પ્રાપ્ત કર્યું છે. ઉચ્ચ નીચના જાતિભેદને આત્મ કલ્યાણના માર્ગમાં મુસા-ફરી કરવાનો સમાન હક્ક આપ્યો. બંનેએ જાતિ કરતાં શિલને શ્રેષ્ઠ ઠરાવ્યું એટલે પછી આત્મકલ્યા-ણમાં જાતિભેદના નામને પણ સ્થાન ન રહ્યું. એ સમયના સંયોગો વચ્ચે **"समानता"** થી મનુષ્ય પ્રાણીને અસાધારણ જન્મ સ્વાતંત્ર્ય હતું. તે કુદર-તી હક્ક ખરા સ્વરૂપમાં પાછો મળ્યો. સમાનતાનું પુનર્જીવન થયું. હક્ક આપનારની ધાર્મિક જીત હતી. ઘણાં સ્ત્રી પુરુષો દીક્ષા લઈ આત્મકલ્યાણના પંથે પડયાં; અને ઇન્દ્રભૂતિ ગૌતમ તથા બીજા ગણધરો દીક્ષા લઇ **"अहिंसा"**ના રચનાત્મક કાર્યક્રમ પાછળ લાગી ગયા. શ્રી બુદ્ધના પણ આનંદ અને અન્ય ભિ-ક્ષુઓ એ પ્રમાણેજ કામે લાગી ગયા. આ પ્રમાણે **"અહિંસક વિશ્વપ્રેમી સમાનતા"ના** શ્રી મહાવીર અને બુદ્ધના ઝુંડા નીચે મનુષ્ય પ્રાણીને સ્થાન મળ્યું.

શ્રી મહાવીરસ્વામિએ વસ્ત્ર—પ્રાવરણ અને ઐહિક સુખનો ત્યાગ કરી અને અહિંસાવ્રત પાળી દાન, શિલ, તપ અને ભાવના યુક્ત પાંચમહાવ્રતોથી કસીને ધર્મ પાળવા માટેની વ્યવસ્થાપૂર્વક સંઘવ્યવસ્થા કરી; અને શ્રી બુદ્ધે ભિક્ષુઓને વિહારોમાં એટલે મઠમાં શરીરને અતિ કષ્ટ ન થાય અને પ્રાણાયામાદિ થઇ શકે, અને લાલવસ્ત્રો તથા તુંબીપાત્ર ધારણ કરી શકે એવી વ્યવસ્થા કરી. ચાતુવર્ણ્ય ભેદ શ્રી મહાવીર અને શ્રી બુદ્ધને માન્ય ન હતો. તેમ ગાર્હસ્થ ધર્મના હિંસાત્મક શ્રૌત યજ્ઞ યાગ પણ તેમને માન્ય ન હતા. પરંતુ પંચ મહાયજ્ઞ પ્રત્યેક ગૃહસ્થે એટલે ઉપાસકે કરવા એમ શ્રી બુદ્ધે કહેલું છે. અને અહિંસા, સત્ય, અસ્તેય, સર્વભૂત-અનુકમ્પા અને (આત્મા માન્ય નહોતો તો પણ) આત્મૌપમ્ય દૃષ્ટિ, શૌચ કિંવા મનઃપૂતતા એ નિયમો બૌદ્ધ ઉપાસકે પાળવાનું

કહેલ છે. તથાપિ અર્હતાવસ્થા કિંવા નિર્વાણુ સુખ પ્રાપ્ત કરવા માટે વિશ્વપ્રેમી સમાનતાં અને પવિત્ર જીવનથી શાંન્તિ મેળવવા મનુષ્યે ગૃહસ્થાશ્રમ છોડવોજ જોઇએ એ તત્વને તો કાયમ ઠરાવેલું છે. આ પ્રમાણે અહિંસક વિશ્વપ્રેમી સમાનતાના-શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ-માર્તંડનો પૃથ્વિપર પહેલોજ ઉદય થયો કે જેનાં જીવ પ્રાણીમાત્રે ઉછળતા ઉરે અને ચકિત નયને દર્શન કર્યા.

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધ નિજાનંદમાંજ મસ્ત હતા, એટલે બહારના સુખની કે લૌકિક આનંદની તેમને ઇચ્છા નહોતી; પરવા નહોતી. લોકૈષણાની બેડીનો ત્યાગ કર્યો ત્યારથીજ લોકોની વાહવાહની કે તિરસ્કારની એમને દરકાર નહોતી.

શ્રી મહાવીર કે શ્રી બુદ્ધ રસ્તામાં કે ગિરિશિખરો પર નથી પાકતા કે નથી મળતા. સંસારમાંજ પાકે છે અને સંસારમાંજ મળે છે. પણ એ અમોઘ શક્તિના ફુવારા તો સેંકડો વર્ષોએ—યુગે યુગે છૂટે છે. અને તે પણ જે યુગની પ્રજાનું સદ્‌ભાગ્ય હોય તેનેજ માટે.

એમના હાર્દિક શબ્દકોષમાં "મદદ" શબ્દ શોધ્યોયે જડતો નથી ત્યારે આત્મબળ લીટીએ લીટીએ નજરે પડે છે. આત્મબળવાળી અહિંસાની શાન્તિ એટલે નામર્દાઇ નહિ પણ શુદ્ધ મર્દાનગી, વીરતા; અને એ વીરત્વપણું પોતે પોતાને પૂજીનેજ મેળવ્યું. મર્દાનગી વાળી અહિંસાના સિદ્ધાંત વડે "**भूतदया**" દાખવી. અગોચર એવા સૂક્ષ્મ જંતુથી માંડીને અનંતકોટિ બ્રહ્માંડ સુધી સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છ્યું, વિશ્વપ્રેમ દાખવ્યો. બંને પોતે પોતાને ઓળખી વીર બની નિર્વાણનો માર્ગ શોધી લોકહિતાર્થે વિચર્યા.

વિષયોનું ધ્યાન કરનારા પુરૂષને વિષયમાં સંગ ઉપજે છે. સંગથી કામના ઉત્પન્ન થાય છે. કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ક્રોધથી સંમોહ ઉપજે છે. સંમોહથી સ્મૃતિનો નાશ, સ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ; અને બુદ્ધિના નાશથી પુરૂષ નાશ પામે છે—આત્મા પદચ્યુત થાય છે. એટલેજ શ્રી મહાવીર અને શ્રી બુદ્ધે ષડ્‌રિપુ સામે ખઇ ક્ષત્રિયપણું દાખવી "**अहिंसा, सत्य**" થી ચડાઇ કરી જીત મેળવી. પશુબળના ઉપાસકોને આત્મબળનું નવું હથીયાર આપ્યું.

કુતર્કવાદ કે ખોટો બુદ્ધિવાદ એમને ગમ્યોજ નહિ. એટલુંજ નહિ પરંતુ સંસારીઓના બુદ્ધિવાદ પર એઓ હસ્યા. પરાયું સંરક્ષણ અને બુદ્ધિવાદ પર એમણે અટ્ટહાસ્ય કર્યું ત્યારેજ એ તેજઃપુંજ મહાત્માઓના હૃદયમાંથી વિશ્વપ્રેમ પ્રગટયો. બુદ્ધિની ભાવનામાં તો એમણે દાસત્વ દીઠું, મદદ લેવામાં અપમાન અને પાપ દીઠાં, બાપડા થવામાં અધઃપતન જોયું, ખોટી દયા અને રક્ષાના બ્હાના નીચે નિર્માલ્યતા જોઇ, ક્રુરતા અને ભક્ષણમાં વિનાશ જોયો, માત્ર અહિંસા અને વિશ્વપ્રેમી સમાનતા વાળા સત્યમાં એમણે ઇશ્વરને જોયા. પોતે પોતાને ઓળખ્યા.

અહિંસાનો ઉપાસક "**अर्हन्त**" સદા મુક્તજ છે. છતાં એણે સ્પષ્ટ કહ્યું, આચરણથી શિખવ્યું કે કોઇપણ પ્રકારની મુક્તિ રક્ષાથી કે દયાથી મળી શકવાની નથી. આપ ભોગ આપો, અનિવાર્ય કષ્ટો હસ્તે મોઢે સહન કરો એટલે મુક્તિ આપોઆપ મળી જશે. "**जयति राग द्वेषशत्रून इति जिनः**" જિન પારકી દયાપર કેમ જીવી શકે? વીરને કોની સાહાય્યની જરૂર છે? જયની સ્વાભાવિક ઉત્કંઠાવાળો અહિંસાથી ઓતપ્રોત થએલો ભવ્ય પુરૂષ એજ જૈન; અને સત્યનું શોધન કરી પ્રાણી માત્રપર પ્રેમ કરવાવાળો વિશ્વપ્રેમી એજ બુદ્ધ ભિક્ષુ.

"**प्राणस्य प्राणः**" સમો પ્રેમીનો શુદ્ધ અદ્વૈત અખંડ પ્રેમ થયા કરે છે. એનાં નિર્મળ અને સતત્ ઝરણાં વહ્યાં કરે છે. પ્રેમ પ્રેમને આમંત્રણ કરે છે. મનુષ્ય સ્વભાવજ જન્મથી અહિંસક છે. પ્રેમી છે. આમ છતાં શ્રી મહાવીરે "**जीवो जीवस्य जीवनम्**" નો હિંસાવાળો જીવનક્રમ જોયો. પાણીનો એક ઘુંટડો પીવામાં પણ હિંસા જોઈ. હવામાં એક શ્વાસ લેવામાં પણ કેટલાયે વાયુ સંતાનોનો સંહાર જોયો અને તેટલાજ ખાતર અહિંસામય જીવન

ગુજારવાનો મહા મોંઘો[૨૨] સંદેશો આપ્યો. અને કહ્યું કે આત્મારૂપી "**सच्चस्साणाए उवट्ठिए मेहावी मारं तरई**" સત્યની આજ્ઞાથી ઉભો થએલો પુરૂષ સંસાર સમુદ્રને તરી જાય છે, ત્યારે શ્રી બુદ્ધે "**न धनेन प्रजया त्यागे नैकेन अमृतत्व मानशुः**" કહી ધર્મ અને અમૃતનો પ્યાલો સંસારને પાયો. એ સર્વસંગપરિત્યાગી પરિવ્રાજક-ભિક્ષુ અને તીર્થંકરે અંધકારનો પહાડભેદી માર્ગ કરી આપ્યો. લોકોને પૂર્ણ પ્રકાશ આપ્યો.

શ્રી મહાવીરે કહ્યું છે કે:—

[૨૩](૧) **पुरिसा ! तुममेव तुमंमित्तं, किं बहिया मित्त मिच्छसि ?**"

હે પુરૂષ! (પ્રકૃતિનાયે સ્વામિ) તું પોતેજ તારો મિત્ર (દોસ્ત અથવા સૂર્ય) છે. શા માટે બહારથી મિત્ર મેળવવા ઇચ્છે છે?

(૨) "**जे एगं णामे से बहु णामे, जे बहु णामे से एगं णामे.**"

જે મનુષ્ય એકને (પોતાના બહિરાત્માને) નમાવે છે તે સર્વને (દશ્ય જગતને) નમાવી શકે છે અને જે સર્વને (દશ્યજગતને) નમાવે છે તે એકને (પોતાના બહિરાત્માને) નમાવવાને સમર્થ છે. (અંતરથી બહાર અને બહારથી અંતર એમ બંને રીતે શક્તિની પ્રગતિ થઇ શકે છે.)

(૩) "**सव्वतो पमत्तस्स भयं, सव्वतो अपमत्तस्स णत्थि भयं.**"

પ્રમત્ત (પ્રમાદી) ને સર્વ દિશાથી ભયજ હોય; અપ્રમાદિ (જાગ્રત આત્મભાનવાળા) ને કોઇ દિશાનો ભય સ્પર્શે નહિ. (પ્રમાદ-આળસ, નિદ્રાવસ્થા, સ્વમાનનું વિસ્મરણ, સ્વશક્તિનું વિસ્મરણ.)

(૪) "**जे आसवा ते परिस्सवा, जे परिस्सवा ते आसवा.**"

જે જે 'આશ્રવ' (કર્મબંધના હેતુ) છે તે તેજ 'પરિશ્રવ' (=કર્મક્ષયના હેતુ) છે; અને જે જે કર્મ ક્ષયના હેતુ છે તે તેજ કર્મબંધનના હેતુ છે. (જે વડે અજ્ઞાની બંધાય છે તે વડેજ જ્ઞાની બંધમુક્ત થાય છે) જે વર્તનવડે એક વ્યક્તિ કે પ્રજા મુક્ત થાય છે તેજ વર્તનવડે બીજી વ્યક્તિ કે પ્રજા ઉલટી વધારે જકડાય છે. ક્રિયા પોતે સારી કે ખોટી નથી, બધો આધાર ક્રિયા કરવાની વૃત્તિ પર છે.

(૫) "**संमत्तदंसी ण करेति पावं.**"

સમ્યક્ પ્રકારે જોઇ શકનાર "પાપ"જ કરતો નથી. રાજા ગુન્હાથી પર છે અને સમ્યગ્જ્ઞાની 'પાપ' થી પર છે કોઇ પણ કાર્ય એને બાંધતું નથી.

શ્રી બુદ્ધ કહે છે કે:—

[૨૪](૧) "હિંસા કરો નહિ. એટલુંજ નહિ પણ એક ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુને સંરક્ષો."

(૨) "ચોરી કરો નહિ એટલુંજ નહિ પણ પ્રત્યેક મનુષ્યને તેના શ્રમનું ફળ પ્રાપ્ત કરવામાં વિઘ્ન ન નાખો."

(૩) "મલિનતાનો ત્યાગ કરો એટલુંજ નહિ પરંતુ વિશુદ્ધ જીવન ગાળો."

(૪) "અસત્ય ન વદો એટલુંજ નહિ પરંતુ સત્યજ વદો, વિવેકપૂર્વક, ભય વિના અને પ્રેમપૂર્વક સત્યનું પાલન કરો.

(૫) "સોગંદ લ્યો નહિ. પરંતુ દઢતા અને વિનયથી સત્ય બોલો."

(૬) "નિંદાનો ત્યાગ કરો. નિરંતર સારગ્રાહી બનો અને અસાર વસ્તુને તજો."

(૭) "વૃથા પ્રલાપમાં સમય વ્યતિત ન કરો; માત્ર જરૂર જેટલુંજ બોલો અથવા મૌન ધારણ કરો."

---

૨૨ સર્વ પ્રાણીને, સર્વ ભૂતોને, સર્વ જીવો, સર્વ સત્વોને હણવાં નહિ, તેમનાપર હકૂમત ચલાવવી નહિ, તેમને કબજે કરવાં નહિ તેમને પરિતાપ આપવો નહિ તેમને હેરાન કરવાં નહિ.

(આચારાંગસમ્યક્ત્વ નામનું ચોથું અધ્યયન)

૨૩ "મહાવીર કહેતા હવા" નામક પુસ્તકના પૃ. ૩૦ નો ઉતારો.

૨૪ રા. ગીજુભાઇકૃત ભગવાન બુદ્ધ પૃ. ૫૧-૫૨ નો ઉતારો. આ દશ નિયમો ભગવાન મહાવીરે પણ આચરણ કરી, પાળી બતાવી લોકોને સંદેશારૂપે આપ્યા છે.

(૮) "લોભ ન કરો, દ્વેષથી દૂર રહો, અન્યના સદ્ભાગ્યથી સદૈવ હર્ષ પામો."

(૯) "હૃદય નિર્મળ રાખો, દ્વેષને તેમાં સ્થાન ન આપો. શત્રુને પણ પ્રેમથી ચાહો અને પ્રાણી માત્ર પ્રતિ સમભાવ રાખો."

(૧૦) "અજ્ઞાનને દૂર કરી સત્યને સેવો ત્યાગ એજ મહાન ધર્મ છે. એજ નિર્વાણનો માર્ગ છે."

એજ પ્રમાણે શ્રી બુદ્ધે સ્ત્રીઓને દીક્ષા આપી ત્યારે ભિક્ષુઓને સ્ત્રીઓ તરફ કેમ વર્તન કરવું તેના ૧૧ નિયમો બાંધી આપેલા છે તેનો સાર એટલોજ છે કે "કામવાસનાને બાળો. એ સ્ત્રી વૃદ્ધ હોય તો માતા જેવી જાણજો, યુવતી હોય તો ભગિની સમ લેખજો; અને બાળા હોય તો પુત્રીવત્ સમજશો."

એક જૈન મુનિના અભિપ્રાય પ્રમાણે "મહાપુરૂષ મહાવીરના છાદ્મસ્થ્યમાં આત્મશ્રદ્ધા બલ, સર્વાંડ વિહાર (અપ્રતિબંધ) અને શાંત પ્રવૃત્તિની મહાવીરતા ઝળકે છે. પ્રભુ મહાવીરે સાડાબાર વર્ષ અને પંદર દિવસના આત્મભોગે કેવલ જ્ઞાન એટલે નિરાવરણ સર્વ વસ્તુના તાદાત્મ્યદર્શક સ્વગુણને પ્રકટ કર્યો હતો; જ્યારે ગૌતમ બુદ્ધના છાદ્મસ્થ્યવસ્થામાં પરાનુવૃત્તિ, જીવની અનાસ્થા; અને રીસામણાની ઝાંખપ લાગે છે. અને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું તો પણ સર્વ વસ્તુના સમસ્ત ભાવો દેખાયા નહોતા."

ચારિત્ર્ય, ચિત્તશુદ્ધિ, અને દૈવી સંપત્તિનો વિકાસ એ મુખ્ય નિર્વાણનો પાયો માની મનનો નિરોધ કરવા અતિશય ભાર મુક્યો છે. પરંતુ ઇચ્છાનિરોધ કરવામાંજ જો શ્રી બુદ્ધે સર્વસ્વ માન્યું હોય તો એને કેવળજ્ઞાન કહી શકાય કે કેમ? એ એક વાદગ્રસ્ત ગંભીર પ્રશ્ન છે. અને દેહને ઇચ્છા થાય છે કે નહિ? એ પણ પ્રશ્ન ઉત્પન્ન થાય છે. દેહને તો પંચભૂત માટીનું પૂતળું કહેવામાં આવે છે. આલંકારિક ભાષામાં કહીએ તો દેહ એ આત્માનું મંદિર છે. ગૃહમંદિર મનુષ્યે બાંધ્યું છે તેમાં સૂર્ય પ્રકાશ આવશ્યક છે. આત્મમંદિર કોણે બાંધ્યું છે એ વિશે વધુ પિષ્ટપેષણ ન કરીએ તો પણ તે આત્મમંદિરમાં આત્મજ્યોતિ પ્રકટવાની પણ જરૂર છે. અરે! એ આત્મજ્યોતિ અખંડ જળહળે છે. દિવ્યચક્ષુથી દર્શન કરો અને પાવન થાઓ.

તુલનાત્મક ઐતિહાસિક વિચાર પરંપરાને સીમાડે આવી પહોંચતાં હવે માત્ર એકજ પ્રસંગ બાકી રહે છે અને તે નિર્વાણનો.

શ્રી મહાવીર ૭૨ વર્ષની ઉમરે બે પગે પલાંઠી વાળી બેઠા અને શિવ એટલે નિરૂપદ્રવ મોક્ષસ્થાનકે પહોંચ્યા–નિર્વાણ પામ્યા. શ્રી બુદ્ધ ૮૦ વર્ષની ઉમરે ધ્યાનસ્થ થયા એ સ્થિતિમાં સમાધિસુખ અનુભવી નિર્વાણ પામ્યા.

મહાપુરૂષો લોકકલ્યાણ માટે આદર્શ રજુ કરી તે પ્રમાણે આચરણ કરી માર્ગ બતાવી ચાલ્યા જાય છે ત્યારે જનસમૂહને શોક થાય છે. શિષ્યવર્ગને વજ્રાઘાત થાય છે. પરંતુ ગૌતમ અને આનંદને વીતરાગ નિઃસ્નેહિ થવા સંકેત શિખામણ આપી તેમ સૌને એજ શિખામણ આપતા જાય છે.

શ્રી મહાવીર અને શ્રી બુદ્ધને નિર્વાણ પામ્યાં ૨૫૦૦ વર્ષ થયાં તોપણ તેમણે ઉપદેશેલા અમૃતસમા શંખધ્વનિનાં મોજાં હજી પણ અથડાયાં કરે છે કે:–

"માત્ર સત્યજ ચિરસ્થાયિ છે. પરરક્ષા વિના "મહાવ્રતોથી[૨૫] અહિંસક સમાનતાના વિશ્વપ્રેમી બની

---

૨૫ કેટલાકો કહે છે કે અહિંસાધર્મથી નરી ભીરૂતા પેદા થાય છે અને અહિંસાના ઉપાસકો નામર્દ બની જાય છે. આમ કહેનારાને ઇતિહાસના જ્ઞાનનું તો નહિ પરંતુ આત્મજ્ઞાનનું ભાન નથી એમ કહીએ તો જરૂર વળ આવે; અને ક્યાં નથી આવતો? છતાં પણ વિનયભાવથી એટલું પણ જો પૂછી શકાતું હોય તો પૂછીશ કે હિંસાના ઉપાસકોનાં ઉજળાં વૃત્તાંતો ઇતિહાસને પાને નોંધાયાં છે તેમ અહિંસાના ઉપાસકોનાં ઉજળાં વૃત્તાંતો નોંધાયાં છે કે નહિ? ભલે આંગળીને વેઢે ગણાય તેટલાંજ નામો મળે પરંતુ શ્રી મહાવીર સમો એક ખરો વીર અહિંસક અનુકરણ માટે બસ છે. આકાશના તારા સમૂહની વચમાં ચન્દ્ર એકજ હોય છે અને ગમે તેવા ગાઢ અંધકારને ભેદવા એક સૂર્યનારાયણ બસ છે. વર્તમાનયુગના અહિંસાના પરમ પૂજારી મહાત્મા ગાંધીજીને આપણે નામર્દ

"જનકલ્યાણ કરો, સર્વ કર્મોપાધિ રહિત સચ્ચિદાન-
"ન્દમય આત્મસ્વરૂપ પ્રકટાવો; અને નિર્વાણ પામો."

ઉપસંહાર.

અમોઘ વીર્યવાન આત્મશક્તિનો જળધોધજ લોકોનો રથવાહક–નેતા થઇ શકે છે. એ પ્રખર વિરાટ પુરૂષ પ્રકૃતિથીજ નેતા "a leader by instinct[26]" હોય છે. પોતાને નેતૃત્વ મળે કે નહિ તેની એને પરવા હોતી નથી. એ નિષ્કામકર્મયોગીને માત્ર "**लोकसंग्रह**"ની કાળજી હોય છે. એ પોતાની અગાધ શક્તિના સામર્થ્ય થકી સ્વયં નેતૃત્વ ભોગવે છે. "[27]**बुध** [28]**महावीर**" સાગર સમો ઉંડો અને વિશાળ હૃદયવાળો, તથા "**वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि**" તેમજ ગુપ્તદ્રષ્ટા (mystic) હોય છે.

આવા પ્રભાવશાલિ મહાત્માનો જન્મ "**सर्वभूतहिते रताः**" પ્રાણી માત્રના હિત માટેજ હોય છે. એટલેજ પ્રજાવર્ગ આવા વીરોની વિભૂતિની પૂજા કરે છે. તિથિઓ ઉજવે છે. પરંતુ એમના જીવન રહસ્યનું–'**अहिंसा**' અને '**विश्वप्रेमीसमानता**' નું–પ્રજા અનુકરણ પૂર્વક આચરણ કરે તોજ પૂજા સાચી ગણાય, પૂજનીય ભાવ ઝળકી ઉઠે તો સ્થાને ગણાય. જે પ્રજા વીર બને છે તેજ વીરની વિભૂતિની પૂજા કરી શકે છે. પૂજા કરવાને લાયક ગણાય છે. ત્યારેજ પૂજ્યભાવની સાર્થકતા થાય છે. કાર્લાઇલ કહે છે કે "valets cannot worship heroes" શ્રુતિ પણ કહે છે કે "**देवो भूत्वा-देवं यजेत.**" શ્રી મહાવીર અને શ્રી બુદ્ધે અહિંસા અને વિશ્વપ્રેમી સમાનતાનો વરસાદ વરસાવ્યો અને "magnanimity of soul" એજ મનુષ્ય પ્રાણીએ જીવનધ્યેય રાખવાનું શિખવ્યું. આત્મશક્તિનો ફુવારો વધુ ને વધુ ઉડે ત્યારેજ વીરપૂજા સાચી ગણાય. બાકીતો ગુલામોને શૂરવીરની પૂજા કરવાનો હક્ક નથી. વીર બનો અને વીરની પૂજા કરો.

આ ચરિત્રોજ એવાં અગાધ સાગરદેવ સમાં વિશાળ છે કે "**यस्यान्तं न विदुः सुरा सुरगणाः**" સર્વ દેશના અને સર્વ ભાષાના મનુષ્યોએ ગુણાનુવાદ ગાયા છે, છતા કોઇ પાર પામ્યા નથી; અને ગાશે તો પણ પાર પામવાના નથી. વાણી

કહીશું કે વીરમર્દ ? ભવિષ્યનો ઇતિહાસકાર એમની શી નોંધ લેશે ? અકાલીપ્રજા અહિંસા ધર્મ આચરી રહી છે તેને શું નામર્દી કહીશું ? શું લોહીની નદીઓ વહેવરાવવામાં મર્દાનગી ઝળકી ઉઠે છે ? જો એમજ હોયતો લોહીની સેંકડો નદી વહેવરાવનાર સમ્રાટ અશોકે બૌદ્ધ-ધર્મ સ્વિકારી રાજમાન્ય કરી તે ધર્મનો દેશભરમાં પ્રચાર કરવા કાં રાજ્યાશ્રય આપ્યો હતો ? અને વધુ નહિ તો બિંબીસાર, અશોકચન્દ્ર, ચેટક, વિજયરાજા, રાજાદત્ત, પ્રિયચન્દ્ર, કૃષ્ણમિત્ર, વાસવદત્ત અને નવમ્લેચ્છિક રાજાએ શામાટે અહિંસાધર્મ સ્વિકાર્યો હતો ? શું તેમને લોહીની નદીઓ વહેવરાવવાવાળી મર્દાનગી નહોતી ગમતી? જૈનધર્મ શ્રેષ્ઠ કે બૌદ્ધધર્મ શ્રેષ્ઠ ? એ મારો વિષય નથી. મારો ધર્મ પણ નથી પરંતુ "અહિંસક વિશ્વપ્રેમી સમાનતા" મને માન્ય છે. "बुद्ध महावीर" થવું મને ગમે છે.

વાંચક ! વીરતાની મહાજ્યોતિ તો મારા અને તારા સૌના હૃદયસાગરમાં જળનિધિ સમી વિસ્તીર્ણ અને વ્યાપક છે, એ પ્રગટાવી જાણે તોજ નામર્દનો મહાવીર થાય–નરનો નારાયણ થાય. માત્ર પ્રગટીકરણ થવાનીજ વાર છે. જડમાર્ગને પંથે સંક્રાંત જીવન થએલા બુદ્ધિ-વાદ–કુતર્કવાદિ પારકાના રક્ષણ નીચે જીવતાઓની દશા ખરેખર દયાને પાત્ર છે ! હાલની માણસ જાત માટે એક કવિ કહે છે કે "પશુઓથી પામર માનવી ! !"

બારીમાંથી વિશાળ આકાશ જેને બારી જેવડું દેખાતું હોય તેને આત્મપ્રભુ એવડાશા વેંતીયા અને બીરૂ–નામર્દ જણાય. વીસમીસદીનાં પરતંત્ર પુતળાંઓને આત્મામાં શ્રદ્ધા નથી તો પછી આત્મબળમાંતો કયાંથી હોય?

શું તમે આ જડવાદના જમાનામાં આત્માને માનો છો ? માનતા હોતો પડો મેદાને અને તમારી આત્મ-જ્યોતિ પ્રકટાવો. એમાંથીજ અહિંસક વિશ્વપ્રેમી સમાનતાનો તમને સાક્ષાત્કાર થયે આત્મયોગ, આત્મજીવન અને આત્મસમાધિ પરમ સુખદાઇ છે. આત્મા એજ પરમાત્મા છે એ જાણ્યું તેણે સઘળું જાણ્યું. આત્માનંદનો લ્હાવો અવધિ છે. એક્ષદાયી છે.

લેખક.

26—Natural knowledge of directing power.
27—बुध् (बोध) To know or understand.
28—महावीर—great hero.

અનંત છે તેમ "**बुधमहावीर**" સમા મહાપુરૂષોના ગુણો પણ અનંત છે; એનો પારજ નથી. અને તેથી જ "**गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः**" અને એ સદ્દગુણોના ભંડારનો સામર્થ્ય ખજાનો પણ **अजो नित्यं शाश्वतोयं पुराणम्**" છે.

વાચક ! જન્મયોગીઓના ચમત્કૃતિથી ભરેલા તુલનાત્મક ચારિત્ર્યમાંથી તને તારા ચારિત્ર્યબળ માટે કંઇપણ સારૂં લાગે અને મળે તો તે "**पत्रं पुष्पं फलं**" તરીકે તારા "**बुधमहावीर**" આત્માને ચરણે ધરજે; અને તું પણ "**पुनरपिजननं पुनरपि मरणं**"નો ભય ટાળવા તારી આત્મજ્યોતિ પ્રકટાવજે. સચ્ચિદાનન્દ આનન્દ સ્વરૂપમય બનજે. "**यो यमुपासते स तदेव भवति**" જે પુરૂષ જેની ઉપાસના કરે છે તે તેના સ્વરૂપને પામે છે. **यतो वाइमानी भूतानि जायन्ते येन जातानि जीवन्ति यत् प्रयन्त्यमि सं विशन्ति तद् विजिज्ञासस्वः आनंदाध्येय खल्विमानीजायन्ते आनन्दे न जातानि जीवन्तो आनन्दं प्रयन्त्यमी संविषति. ॥**

મહાવીર.

[Superman.]

બહારના તેમજ અંદરના કલેષ માત્રપર જય મેળવનાર પુરૂષ 'મહાવીર' કહેવાય. દુનિયાનો ઓછો વધતો પણ અનુભવ પામેલો દરેક મનુષ્ય જાણે છે કે જીવન સ્થૂલ તેમજ સૂક્ષ્મ કાંટાઓથી ભરપૂર છે અને એક કાંટો દૂર કરવા જતાં ચાર કાંટા ભોંકાય છે. તે છતાં કોઇ એવા પણ **કુશળ** પુરૂષ હોય છે કે જીવનને નિષ્કંટક, કલેષ રહિત, આનંદમય બનાવી શકયા છે. જનતાથી જે નથી બની શકતું તે જેનાથી બની શકયું તેવા પુરૂષને Superman અથવા પુરૂષોત્તમ, મહાવીર, પુરૂષસિંહ, પરમપુરૂષ ઇત્યાદિ સંજ્ઞા અપાય છે.

એ અસાધારણ જય કેવી રીતે મેળવ્યો એ જાણવું દરેક મનુષ્યને જરૂરનું છે. પરન્તુ **જાણવાની** શકયતા ત્યાંજ છે કે જયાં જાણવાની **તીવ્ર જરૂર** ઉત્પન્ન થઇ ચૂકી હોય; અર્થાત્ બહારના તેમજ અંતરના કલેષોથી એક વ્યક્તિ પૂરી મુંઝાઇ હોય. 'આરામ' અને 'સુખ' એવા ઠગારા છે કે જે 'જાણવાની ગરજ'ને ભડભડતી જવાળારૂપે પ્રકટવા દેતાજ નથી. આજ કારણ છે કે કોઇ **અનુભવી** પુરૂષ દુનિયામાંથી દુ:ખો અને કલેષોને સદંતર નાબુદ થયેલ જોવાનું ઇચ્છતો નથી. અને કષ્ટ પામતી વ્યક્તિને જોઇ **તાત્કાલિક** સહાય વડે હેની દયા કરવાનુંય પસંદ કરતો નથી. તે મનુષ્ય પ્રકૃતિને જાણનારો હોઇ એને ખબર છે કે એક વ્યાધિને તાત્કાલિક દૂર કરનાર એલોપથીક ઉપચાર ચાર નવા વ્યાધિને જન્મ આપનાર થઇ પડે છે.

તીવ્રગરજ—એક પુરૂષે કલેષમાત્ર પર જય કેવી રીતે મેળવ્યો એ જાણવાની ઉગ્ર ગરજ જયાં સુધી વ્યક્તિમાં ઉદ્દભવ પામે નહિ ત્યાં સુધી એને સઘળાં શાસ્ત્રો, સઘળા ધર્મો, સઘળી ફીલસુફીઓ, સઘળાં ચરિત્રો—માત્ર ઘડીભરની ગમ્મત કે સાહિત્યની સ્હેલગા અથવા બુદ્ધિની સાઠમારી જેવાં લાગે છે. એનામાં ગંભીરતા (seriousness) અને અંતરથી લાગવાપણું હોતું નથી. આવી વ્યક્તિઓએ સાંભળીને કે વાંચીને જે કાંઇ ગ્રંથો જયસ્વરૂપ, જયમાર્ગ જયવિધિ અને વિજેતાનાં લક્ષણો સંબંધે લખ્યા હોય છે તે એકદમ ઉપલકીઆ, છીછરા, ચેતન વગરના ખોખા જેવા, નિ:સાર હોય છે. કમનશીબે આજે દુનિયામાં આ કોટિના લેખોની એટલી બધી બહુલતા થઇ ગઇ છે કે જાણવાની તીવ્ર ગરજ ઉમળ થતાં શું **વાંચવું** અને શું ન વાંચવું, કોનો **સંગ કરવો** ને કોનો ન કરવો એ બાબતની **પસંદગી** કરવામાં ભારે મુશ્કેલી અનુભવવી પડે છે. ટુંકા આયુષ્ય અને કોઇ પણ જમાના કરતાં વિશેષ ધાંધળ ઉપાધિ, અસ્થિરતા એ લક્ષણોવાળા આ જમાનામાં વાચન અને સંગ તરીકે જે કાંઇ મળી આવે છે તે બહુધા નુકસાનકારક નહિ તો નિરૂપયોગી તો હોય છેજ.

તે વ્યક્તિ ભાગ્યશાળી છે કે જેને જયમાર્ગ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થયા બાદ કોઇ વિજેતાની અંગત મુલાકાતનો જોગ મળે. **જય પિપાસાપરથી જ યોદ્ધાને પીછાની શકાય છે** અને વિજેતા એવાનો રાહબર થવામાં સ્વભાવથી ઉત્સાહી હોય છે. જિજ્ઞાસુ અથવા યોદ્ધા અથવા સાધક પછી પોતાના રાહબરના જીવન પ્રવાહના અવલોકનમાંથી જ ડહાપણ (Wisdom enlightenment) મેળવે છે અને એની મસ્તીના ચેપથી **શક્તિ** મેળવે છે. પરંતુ 'વિજેતા'ને બદલે કોઇ 'વિજેતાનો પડછાયો' અર્થાત્ જયની કલ્પનાઓ (concept) માં રમનારો કે વિજેતાની નકલ કરનારો નાટકી અથવા પાખંડી મળી ગયો—કે જેમ થવાના ૧૦૦૦ માં ૯૯૯ સંભવો છે—તો જિજ્ઞાસુની મુંઝવણમાં એટલો બધો વધારો થવા પામે છે કે વિજયની ખરી ઇચ્છાને અંતે 'આત્મઘાત એજ વિજય' એવા પરાજયમાં તે વિરમે છે.

સાક્ષાત્ વિજેતા કે મહાવીરનો જોગ ન મળે ત્યાં તેથી ઉતરતી કોટિની વ્યક્તિ કે જે પોતાનું જીવન 'સાધના'ને અર્પણ કરી ચૂકી હોય ત્હેનો–અર્થાત્ 'સાધુ'નો સંગ ઇચ્છવા જોગ સાધન થઇ પડે. પણ તે સાધનરૂપ ક્યારે થઇ શકે? જો તે **પોતાને વફાદાર** હોય, જો તે પોતાની અશક્તિઓ જાણતો હોય અને તે તે અશક્તિઓને હટાવવા જે જે 'ઇલાજ' કોઈ શાસ્ત્ર કે કોઇ ચારિત્ર ગ્રંથને આધારે અજમાવતો હોય તે દરેકનાં 'પરિણામ'ની નોંધ રાખતો હોય, જો તે પોતાની પાસે આવનાર જિજ્ઞાસુને પોતાની ભૂમિકા અને પોતાના અખતરાની સફલતા કે નિષ્ફલતાના ખરા રિપોર્ટ આપવા જેટલો **પ્રમાણિક** હોય–તો જ એ સંગ 'ઉપયોગી' થઇ શકે પરંતુ આજે, પોતાની નિષ્ફલતાનું **પોતે** અવલોકન કરવા જેટલીજ **સચ્ચાઈ** જ્યાં નથી ત્યાં તે નિષ્ફલતા બીજાને જણાવી ચેતવવા જેટલી **હિમતની** તો આશાજ શી રાખવી? ન્હાના કે મ્હોટા, જે કોઇ 'સાધક'નાં જીવનચરિત્રો લખાયાં છે તે બધાં વાંચી જવા છતાં 'શત્રુંજય' 'પહાડ'પર ચ્હડવાની 'શ્રેણિ' પ્રાપ્ત થવી અસંભવિત છે. આત્મ ચિકિત્સા માટે જોઈતી ઉંડી દૃષ્ટિ, પોતાપર બલાત્કાર કરવા જેવી સખ્તાઇ, અને પોતાની નબળાઇ જાહેર થવા દેવામાં જોઈતી 'બેશરમી'–એ ગુણો વગર જેઓ પોતાનાં ચરિત્રો લખે છે કે લખાવે છે ત્હેમના જેવા બેશરમા કે નફટ આ દુનીયામાં બીજા કોને કહેવા? આવી વ્યક્તિઓ તો પરમ પુરૂષોના નામ પર અને એમના નામથી યોજાયલી કલ્પનાઓ પર પોતાનું ગુજરાન ચલાવનાર કીટ માત્ર છે. કાયમી પરાજયના–નિષ્ફલતાના એ નમુના છે. સાધના છે જીવનમંત્ર જેનો તેણે પ્રતિક્ષણ સંકટ વચ્ચેજ રહેવું **આવશ્યક** હોય, સંકટની ન્યુનતા લાગે તો સંકટ સ્રજીને પણ સંકટ સાથે **નિરંતર યુદ્ધ** કરવાની અને જયવંત ચ્હેરે બહાર નીકળી આવી ફરી એથી વધુ ઉચ્ચકોટિના સંકટને શોધવાની દરકાર કરવી પડે. આરામ, સગવડ, સહાય, સુખસાધન એ સર્વ જેને હજી પસંદ પડે છે તે *'સાધક' જ નથી, 'જીજ્ઞાસુ' જ નથી, 'જીજ્ઞાસુ'જ* નથી. તે હજી 'શત્રુંજય'ની તળેટીપર પણ નથી પણ 'શત્રુંજય પહાડ'-ઉચ્ચગામી વિકાસની દૃષ્ટિ મર્યાદાથી પણ દૂર છે અને માત્ર પહાડના પડછાયાના પ્રદેશમાં સડતો કીડો હોય છે. બાલકો અને સ્ત્રીઓનાં કે બાલક અને સ્ત્રી જેવાં ભગતડાઓનાં ટોળાં જમાવી તે વચ્ચે યોગના ચમત્કારો અને નિશ્ચય નય (Absolute Standpoint) ની કલ્પનાઓ કૂદી કૂદીને બોલનારા, એકાંત (Solitude and soliloqy) મુદ્દલ સહન ન કરી શકનારા, યશોગાન વગર ક્ષણ પણ ચેન ન પડે એવા, ઉપાલમ્ભ (eye opner) તો શું પણ આડકતરા સૂચનમાત્રથી પણ દાઝી જનારા, સ્થૂલની મસ્તીને ચૈતન્યની દિવ્ય મસ્તી તરીકે ભૂલનારા, ઇચ્છા (desire) અને ઇચ્છાશક્તિ (will)નો ભેદ નહિ સમજનારા, ઇચ્છા શક્તિપર બુદ્ધિ (intellect)નો અંકુશ સ્થાપી તેણીને દિવ્ય બનાવવાની કળા ન જાણવા છતાં પોતાને યોગી બનાવનારા,–ખરેખર આવા કીડાઓની બહુલતાએ હિંદી વ્યક્તિગત જીવનને તેમજ જાહેર જીવનને તંદુરસ્ત બનતું અને પ્રગતિ કરતું અટકાવી દીધું છે. મહાવીરોના સ્વરૂપનો અને માર્ગનો ખ્યાલ પણ આવવો આવા અંતરોને લીધે જનતા માટે અશક્ય થઇ પડયો છે.

સંગના સાધન પછી ગ્રંથનું સાધન તપાસીએ. માત્ર સ્વાનુભવથી લખાવવા ગ્રંથોજ ઉપકારી થઇ શકે છે. તર્કવાદ (rationalism) 'હકીકત' ને પહોંચી શકતો નથી. નરો નીતિવાદ પણ બસ થતો નથી,–જો કે નીતિમય વર્તન વ્યક્તિને શ્રેણિ પર ચ્હડાવી 'જોવા'ની સ્થિતિમાં લાવી મૂકનાર તે અવશ્ય થઇ પડે છે. નીતિવાદ અને તર્કવાદની હદ ઉલટી વિકાસક્રમને બાધક થવા પામે છે. અમુક હદ સુધીના વળાવા (guides) અને ભાવવાહક (conveyance) તરીકે તે ઉપયોગી છે. ભક્તિ અને ભજનો વિકાસક્રમની નીચલી ભૂમિકા પરની વ્યક્તિઓને ઉત્ક્રમણમાં લાગતા થાકને ભૂલવવામાં 'કેફ' તરીકે ઉપયોગી છે. એનો વિશેષ ઉપયોગ પુરૂષાર્થને મંદ કરનાર પ્રમાદી ક્વચિત્ 'વ્યભિચારી' બનાવનાર થઇ પડે છે. આત્માને દૃષ્ટિમાં રાખી પરમ પુરૂષનાં ભજન ગાવાં અને

તે પણ 'પોતાના એકાંતમાં' એને કાંઇ ઉપલી કોટિમાં ગણાય નહિ; એ તો પોતાપણાને પરમાત્મપદમાં જોડવાનો પુરૂપાર્થ છે. શાસ્ત્રગ્રંથો અને 'વિજેતા'ઓનાં જીવનચરિત્રો વાંચવા સૌથી વધારે ઉપકારી થઇ પડે. પણ જ્યાં સુધી બની શકે ત્યાં સુધી **મૂળ** ગ્રંથોજ વાંચવા જોઇએ. ભાષાન્તરકારો અને ટીકાકારોને પ્રાયઃ મૂળ લેખકના અનુભવને–આત્માને–ચૈતન્યને–મારી નાખ્યો હોય છે કે ચગદી નાખ્યો હોય છે. અથવા ખેડોળ કરી નાખ્યો હોય છે. આજે લોકો ભાષાનાં વ્યાકરણ, કાવ્ય, ન્યાય આદિ શિખે છે તે સાહિત્યશાસ્ત્રી બનવા માટે શિખે છે, લાંબા–પહોળા–ઉંચા–ઉંડા **અનુભવી** બનવા માટે નહિ, આધ્યાત્મિક દશા પ્રાપ્ત કરવા માટે નહિ. આજે **સાહિત્ય** નામની સ્ત્રી 'રાણી' બની છે. એક વખત પ્રખર વીરોના યુગમાં ઉત્તમમાં ઉત્તમ સ્ત્રી દાસી ગણાવામાં ગર્વ લેતી. જે જમાનામાં 'સંયમ'નું મૂલ્ય ન રહ્યું હોય તે જમાનામાં પ્રજા રાજા થવા ઇચ્છે અને દાસી રાણીપદ ઝંખે, ઇન્દ્રિયોના ગુલામો ઇન્દ્રના સ્વામીનું પદ માંગે એ બધું બનવા જોગજ છે. 'સમાન હક' ! 'બધું' બ્રહ્મ–ભેદ કાંઇ જ નથી ! અને ખરેખર બ્રહ્મ અને બ્રમ વચ્ચે હવે ભેદ રહેવા પામ્યો નથી!

શાસ્ત્રની ભાષા એ સ્થૂલ શરીર છે. એ ભાષાની અંદરનો **ભાવ** એ આંતર શરીર અથવા અંતઃકરણ છે, કે જે અંતઃકરણ પોતે વળી **ચૈતન્યને** પડદો કરે છે. એ અંતઃકરણને–એ ભાવને પણ ચીરીને ચૈતન્યના પ્રદેશમાં જવાય છે. અને ચૈતન્યના પ્રદેશમાં જવું એટલે જ ચૈતન્યમય બની જવું. ત્યાં કાંઈ 'જોવાનુ" હોતું નથી, 'જોવા'નું–'જાણવા'નું ભાવનાપ્રદેશ સુધીજ હોય છે.

શાસ્ત્ર રચનાર **અનુભવી** નો આશય વાંચનારને **ચૈતન્ય પ્રદેશમાં લઈ જવાનો** હોય છે. એ દષ્ટિબિંદુને વફાદાર રહી તે ભાવો સર્જે છે અને ભાવોને બરનાજ 'શબ્દો અને શબ્દ ગુંથણીઓ' (=ભાષા) રચે છે. શાસ્ત્રકારની ભાષા બરાબર ભાષા જબરામાં જબરામાં જબરો પંડિત યોજી ન શકે. અમુક ભાવ **દર્શાવવા** એ કલાવિદ્ (artist)નું ધ્યેય હોય છે, અને ભાવ પ્રકટાવીને ભાવની પેલીપાર ખેંચી જવાની કલા તો વીરલો શાસ્ત્રકાર જ જાણતો હોય છે, અને તે પણ સાહિત્યનો અભ્યાસ કર્યા વગર જ જાણતો હોય છે! શાસ્ત્રકારની યોજના સ્હેલી કદાપિ ન હોય; 'દાંત'ને અને 'હોજરી'ને પુષ્કળ શ્રમ આપે એવી જ હોય. જેને ખરી 'ભૂખ' હોય ત્હેની હોજરીતો પ્રદિપ્તજ હોય છે અને દાંતની દયા ખાવાનું ત્હેને પાલવતું નથી હોતું. આ લેખમાં આગળ જતાં શ્રી મહાવીરના અનુભવ પરથી ઉપદેશ લખનાર શાસ્ત્રકારનાં થોડાક વચનોની વાનગી તપાસીશું.

પરમપુરૂષો કે મહાવીરોના જીવનવૃત્તાંત શાસ્ત્રગ્રંથોમાંથી મળી આવે તે વાંચવાથી પણ જિજ્ઞાસુને પ્રકાશ અને શકિત મળી શકે છે. પરંતુ અહીં એકાદ બે વાતો ધ્યાનમાં રાખવા જેવી છે. શાસ્ત્રગ્રંથોમાં જીવન વૃત્તાંત કે ઇતિહાસ રૂપે જે લખાયું હોય તે બહુધા 'કથા' તરીકે લખાયું હોય,–સ્થૂલ જગતમાં સ્થૂલ દેહથી બનતાં કાર્યો જ માત્ર કથવાનો ત્હેમનો આશય નથી હોતો; ઘણીએક સ્થૂલ ઘટનાઓ આંતરિક ઘટનાઓને દર્શાવવા માટે યોજાતી હોય છે. Historical sense અને Scientific Sense કરતાં Philosophic Sense શાસ્ત્રકારના ઇતિહાસ કથનમાં વિશેષ અંશે કામ કરતી હોય છે. બીજું એકે, સામાન્યગણ માટે યોજાયલા ચરિત્ર ગ્રંથોમાં અતિશયોક્તિઓ, આડંબરો ઈત્યાદિ બુદ્ધિને અને અનુભવને ખુંચે એવું ઘણું હોય છે, પણ તે તો 'પંડિતો'નું લખાણ હોય છે અને જનરંજન માટે, પાણ્ડિત્ય પ્રદર્શન માટે પંથમોહથી, એવાં કાંઈ કાઇ કારણથી થવા પામ્યું હોય છે. જિજ્ઞાસુએ સાંખેલું તેમજ સુપડું વાપરી જાણવું જોઇએ. તૈયાર ચોખા ખાવા મળી જાય એવી ઇચ્છા જિજ્ઞાસુને ન પાલવવી જોઇએ. 'તપ' (exertion, self-imposed duty) એ તો જિજ્ઞાસુનું જીવનસૂત્ર હોય; અને સાંબેલું તથા સુપડું નિરંતર વાપરવાનો શ્રમ સેવવા જેવો લાભકારી બીજો કયો તપ જિજ્ઞાસુને મળી શકે ?

હવે આપણે એકાદા મહાવીર અથવા Superman ના ચરિત્ર તરફ નજર કરીએ. 'જૈનધર્મ' નામથી જાણીતી ધર્મસંસ્થાના ચોવીસમા અને છેલ્લા

સ્થંભરૂપ એક વ્યક્તિવિશેષ આજથી શુમારે અઢી હજાર વર્ષ ઉપર પ્રકટી હતી, જેને ગુણનિષ્પન્ન 'મહાવીર' એવું નામ પાછળથી અપાયું હતું. એમના જીવનનો ટૂંક ઇતિહાસ 'આચારાંગ સૂત્ર' માં છે. એ શાસ્ત્રીય ગ્રંથ છે. એક વિદ્વાન કોટિના પુરૂષ શ્રી હેમચંદ્રાચાર્ય પણ શ્રી મહાવીરનું ચરિત્ર વિસ્તારથી લખવા ઉદ્યુક્ત થયા હતા અને ત્હેમનો એ ગ્રંથ 'ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર' નામે પ્રસિદ્ધ છે.

આ લેખનો આશય શ્રી મહાવીર નામક વ્યક્તિનો ઇતિહાસ શોધવાનો નથી તેમ આખું જીવનવૃત્તાંત આપવાનો પણ નથી. આ લખનાર 'સ્વાર્થી' હોઇ અને સ્વાર્થથી પ્રેરાઇનેજ ઇતિહાસો ફેંદતો હોઈ, ઈતિહાસો તદ્દન ખરા હો વા અંશે ખરા હો વા સદંતર કલાની ક્રિયારૂપ હો, અમુક ગ્રંથોમાં આલેખાયલી વ્યકિતઓ સ્થૂલ જગત્‌માં સ્થૂલ દેહે જન્મી હો યા મુદ્દલ જન્મીજ ન હો,-એ કશાથી આ લખનારને લાભ-હાનિ નથી. ખુદ શાસ્ત્રકારો કહે છે કે, સ્ત્રી સ્ત્રી ખાતર પ્રિય નથી, પણ પોતાખાતર પ્રિય છે, ધન ધનખાતર પ્રિય નથી પણ પોતાખાતર પ્રિય છે, ઇત્યાદિ. તેમ મ્હને પણ શાસ્ત્ર, શાસ્ત્રકાર, ઇતિહાસ, ઇતિહાસકાર અને ઇતિહાસનું પાત્ર એ સર્વ મ્હારે ખાતર પ્રિય છે, નહિ કે તેઓની ખાતર-પછી ત્હેમની સ્થૂલ વાસ્તવિકતા માટે મ્હને ચિંતા કરવાની રહેતી જ નથી.

શ્રી આચારાંગ સૂત્ર પ્રમાણે શ્રી મહાવીરનો જન્મ "આ અવસર્પિણીના સુખમસુખમા, સુખમા અને સુખમ દુઃખમા એવા ત્રણ 'આરા' વ્યતીત થવા ઉપરાંત ચોથા દુખમસુખમા નામના આરાના પણ માત્ર ૭૫ વર્ષ અને ૯ માસ બાકી રહ્યા હતા ત્યારે" થયો હતો. કાળની ગણત્રીથી તે ઘટનાને આજે ૨૪૫૨ વર્ષ થયાં. આજે પાંચમો દુઃખમા નામનો આરો પ્રવર્તે છે, ને પછી દુઃખમદુખમા આરો આવશે અને ત્યારબાદ કાળચક્રની દિશા 'ઉપરની નીચે અને વધુ નીચે' ને બદલે 'નીચેથી ઉપર અને વધુ ઉપર' એ પ્રમાણેની થશે. અર્થાત્ જગત્‌ના અવક્રમણ કાળના છ ભાગ કલ્પતાં શ્રી મહાવીર પાંચમા ભાગની લગભગ શરૂઆતમાં થયા, કે જે વખતે પ્રાણી પ્રદાર્થના રસ-કસ-મહત્ત્વ પ્રતિદિન ન્યુન થતાં જતાં હતાં અને એ ન્યુનતા પુરવાને મનુષ્ય સ્થૂલ તરફ વધુ ને વધુ આકર્ષાતો હતો. આજે-મહાવીર પછી અઢી હજાર વર્ષે-તે સ્થૂલ તરફનું વલણ ઓર વિશેષ બન્યું છે. અને હજી વધુ બનશે. સ્થૂલ દેહ અને સ્થૂલ જગત્ સિવાય બીજું જોવાની જ્યારે યોગ્યતાજ નહિ રહે એટલી હદ સુધી જડભાવનું સામ્રાજ્ય થશે અને વિનાશકારી ફીઝીકલ સાયન્સની વધુમાં વધુ પ્રગતિથી એટલી હદની ખુવારી અને તુચ્છતા વ્યાપશે કે તે સ્થિતિજ મનુષ્યનાં આંતર્ચક્ષુ ખોલાવનાર થઇ પડશે અને નીચેને બદલે ઉંચે ગતિ કરવાનો પ્રારંભ થશે. જેમ જેમ ઉંચે ગતિ થતી જશે તેમ તેમ દુઃખમદુઃખમાને સ્થાને દુઃખમા, પછી દુઃખમસુખમા, સુખમદુઃખમા, સુખમા, સુખમ સુખમા કાળ આવશે, અર્થાત્ ક્રમશઃ પ્રાણી-પદાર્થનાં રસકસ-મહત્વ ખીલતાં જશે અને એ પ્રમાણમાં સુખની લાગણીની બહુલતા થતી જશે.

આમ બાર રૂપાન્તર પામતી મનુષ્યજાતિ (human race) એ આખી મુસાફરીનો અનુભવસર્વ મનુષ્યબીજમાં નાખે છે અને એ બીજ વધુ ને વધુ ઉન્નત થતું જાય છે.

કાળના પ્રવહનમાં જ્યારે સુખની માત્રા વિશેષ હોય છે ત્યારે મુક્તિ (Freedom)ની કઠીનતા વિશેષ હોય છે, કારણકે સુખમાં ઇગ્લાનો ગુણ છે-તે એક કેફ છે. જેમ દુઃખની માત્રા વધતી જાય છે તેમ વ્યક્તિને અલ્પકાળમાં મુક્ત થવાની શકયતા વધે છે, કારણ કે બુદ્ધિની ખીલવટ પછીનું દુઃખ **આંખ ઉઘાડનાર** સાધન થઇ પડે છે.

કાળનું રહસ્ય તપાસવા ખાતર થોભવાનું પ્રયોજન એ છે કે, જિજ્ઞાસુને એ ભાન થવા પામે કે આ જે વખત જાય છે અને હવે પછી આવવાનો છે ત્હેમાં દુઃખની માત્રાની બહુલતા છે અને એમાં ટકી રહેવા માટે માત્ર 'જાણપણું' કામ લાગવાનું નથી પણ જાણપણા સાથે પોતાને કસવાની-કસરત

આપી રીઢો બનાવવાની-તાલીમ (Culture) વડે પોતાને દુઃખોનો સામનો કરવાને યોગ્ય બનાવવાની –ટૂંકમાં **તપ**નું શસ્ત્ર **વાપરવાની** અનિવાર્ય જરૂર છે. બહારથી આવતા પ્રહારો સહવાની શક્તિ કેળવવા માટે **ગ્રીકો** પોતાનાં બાળકોને માથે ભયંકર પીડાઓ નાખતા અને જોખમોમાં ધકેલતા. એકાએક **ગ્રીક** લડાયક, સંકટમાં જ જીવી શકે એવી પ્રકૃતિવાળો, લાપરવાહ, જીવતરને વળગી રહેવાની ઇચ્છા (will-to-live) વાળો નહિ પણ જીવતરના મૂલ્યે **જયની** લહેજત ચાખવાની પ્રકૃતિ (will-to-Power) વાળો, કોઈની તાબેદારી નહિ સહવા છતાં પોતાપર પોતાનો સમ્પૂર્ણ કાબુ ધરાવતો (સંયમી), સાદો છતાં તેજસ્વી હતો. અને તે સંસ્કારેજ મુઠીભર ગ્રીક પ્રજાને દુનિયાના દેવ બનાવ્યા હતા.

શ્રી મહાવીરે પણ સંકટોની ટેકરીઓ વચ્ચેજ જીવનપ્રવાહને વહેવડાવ્યો હતો. કેટલાંક ભયંકર કષ્ટો તો સળી કરીને–‘ ઉદીરણા ’ provocation, invitation) કરીને ઉભા કરવા સુધીની હિંમત (Courage) એમણે ખીલવી હતી. લાગણી વિષયક અડોલપણું પોતામાં સાધવા ઉપરાંત બુદ્ધિવિષયક અડોલપણું સાધવા માટે એમણે ભયંકર આંતરયુદ્ધો જગાડ્યાં હતાં અને દરેક સિદ્ધાન્તને હજમ કરી પોતાનાં અનુભવસાગરના અંશ તરીકે બનાવી શક્યા હતા,–જેને પરિણામે જ એમના શિષ્યો અનેક દૃષ્ટિઓ રૂપી પ્રવાહોના ‘ મુખ ’ને પોતાના સાગરમાં મેળવી સર્વવ્યાપક ‘ અનેકાંત દૃષ્ટિ ’ પ્રકટાવી શક્યા હતા. સ્યાદ્વાદ અથવા અનેકાંતવાદ શિખનારે તર્કશાસ્ત્રના ગુલામ થવું ન જોઇએ. પોતામાં છીછરાપણાને સ્થાને ઉંડાણ, મર્યાદિતપણાને સ્થાને વિસ્તાર, અને ગમેતેવા સ્વભાવવાળો ઝરો આવી ભળે તો પણ પોતામાં તે વિકાર ન ઉપજાવી શકે એટલા માટે પોતામાં ‘ ખારાશ ’ પ્રગટાવી શકે તે જ અંતઃકરણ અનેકાંત બની શકે, અનેકાંત જીરવી શકે–સહી શકે. જે અંતઃકરણ વિશાળ, ઉંડું, તળેથી શાન્ત અને સપાટીપર ભયંકર મસ્તી કરતું, કોઇ પણ ભાવ અને સિદ્ધાન્તને ચાવી હજમ કરવાની તાકાદવાળું અને ‘ ખારૂં ’ નથી બન્યું ત્હેને માટે સ્યાદ્વાદ વિષ છે.

શ્રી મહાવીરના જન્મ સંબંધી ઘટના ‘આશ્ચર્ય’ રૂપ છે,–જો કે નહિ સ્હમજી શકાય તેવી તો નથી જ. શાસ્ત્ર કહે છે કે, મહાવીર બ્રાહ્મણકુંડપુરસ્થાને ઋષભદત્ત બ્રાહ્મણના ઘેર દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીએ ગર્ભ રૂપે આવી, બ્રાહ્મણકુંડપુરસ્થાનથી ઉત્તરે આવેલા ક્ષત્રિયકુંડ પુરસ્થાનમાં કાશ્યપગોત્રીય સિદ્ધાર્થ ક્ષત્રિયના ઘેર વાશિષ્ટગોત્રવાળી ત્રિશલા ક્ષત્રિયાણી-દ્વારા જન્મ પામ્યા.*

બુદ્ધિ અને નીતિના સંસ્કાર તો બ્રાહ્મણકુળમાં હોયજ પણ ક્રિયાશક્તિની વિશેષતા તો ક્ષત્રિયમાંજ હોઈ શકે. બુદ્ધિવિકાસ અને સંયમનું Culture પામ્યા પછી ક્રિયાશક્તિની ખીલવટ, જનતાનો નવો ઘાટ ઘડવાનું કામ જેને હાથે થવાનું છે તેવા જીવાત્મામાટે, આવશ્યક છે. ‘ કેવળી ’ અને ‘ તીર્થંકર ’ બન્નેમાં કૈવલ્ય તો હોય છે જ, પણ તીર્થંકરમાં Ruler તરીકેની વિશેષતા હોય છે. એણે કાંઇ સ્રજન કાર્ય કરવાનું હોય છે–અને સ્રજન કાર્ય સંહાર કાર્ય પછી જ સંભવે છે. સંહાર અને સ્રજન કાર્ય, ‘ ધંધા ’ કે ‘કર્તવ્ય’ તરીકે નહિ, શ્રમપૂર્વક નહિ, પણ ‘બાળકના ખેલવા ’ માફક, વિલાસરૂપે, પોતાના આત્મિક આનંદની મસ્તી કે સ્ફુર્તિ તરીકે, કરી શકે એ પુરૂષ જ્ઞાન અને **ક્રિયાશક્તિ** બન્નેથી ભરપૂર હોવો જોઇએ. અને એટલાજ માટે શાસ્ત્રકારોએ આલેખેલા

---

* Superman-hood is generated by the consecration of Intellect and Will, the culture whereof must have commenced in the blood of parents and great-grand parents and brought to fruition by one's own victory over himself through constant self-imposed intellectual as well as physical discipline. બ્રાહ્મણકુંડપુરસ્થાન=the intellectual type. ક્ષત્રિયકુંડપુરસ્થાન=the ruling type, Note the names of the Gotras (moulds) which are કાશ્યપ અને વાશિષ્ઠ. **कश्य** is spiritual liquor, hence will-to-power, **જ્ઞાનકેફ**; **કાશ્યપ** is one who has drunk **કશ્ય**. વશિષ્ઠ was the guru of kings of the solar race.

મહાવીરના જન્મ **પહેલાંના** અને જન્મ **પછીના** સંસ્કારમાં જ્ઞાન તેમજ ક્રિયાશક્તિને લગતા **સંસ્કારો** નો સમાવેશ ઇચ્છિવાજોગ હતો. જન્મ પહેલાં આદર્શ બ્રાહ્મણની છાપ અને આદર્શ ક્ષત્રિયની છાપ પડી હતી અને જન્મ પછીનો ઇતિહાસ બતાવે છે કે બાર વર્ષ સુધી બાહ્ય અને અભ્યંતર **તપ** વડે પૂર્ણતા મેળવ્યા પછી અર્થાત્ આંતરસૃષ્ટિમાં સંહાર અને સર્જન કાર્ય કર્યા પછી બાહ્ય સૃષ્ટિમાં જનતાને દિવ્યતા આપવાનું મિશન ઉઠાવ્યું હતું, કે જે મિશનમાં પણ કાંઈ કાંઈ સંહાર અને સર્જન કાર્યો બજાવવાનાં હતાં.

ત્રીસ વર્ષની ઉમર સુધી મહાવીરે ગૃહસ્થાશ્રમ સેવ્યો. સંતતીમાં ત્હેમને માત્ર એક પુત્રી–પ્રિયદર્શના–હતી, કે જેને જમાળિ નામના રાજપુત્ર સાથે પરણાવવામાં આવી હતી. ત્હેમની ૨૮ વર્ષની ઉમરે માતાપિતાનો વિયોગ થયો. જ્યેષ્ઠબંધુ નંદિવર્ધનના રાજ્યાભિષેક બાદ એક વર્ષ ગૃહવાસ સેવી મહાવીરે યોગવહન અર્થે ગૃહનો ત્યાગ કર્યો. તેમ કરવા પહેલાં એક વર્ષ સુધી છૂટે હાથે દાન દીધાં કર્યું. દાન એ સ્થૂલ યજ્ઞ છે અને યોગવહનની પ્રસ્તાવના તરીકે અર્થસૂચક છે.

યોગી કે શ્રમણ તરીકેના જીવનમાં પ્રવેશ કરવાની ક્રિયા, બીજાઓએ કરેલી ધામધૂમ બાદ કરતાં, ઘણી સાદી અને ટુંકી હતી. મસ્તકપરના બાલ, જમણા હાથે જમણી તરફથી અને ડાબા હાથે ડાબી તરફથી પોતેજ ખેંચી કાઢયા–એવો નિશ્ચય જણાવવા અર્થે કે આ ક્ષણથી **હું કોઈને કે કશાને મ્હારા શિરપર સ્થાન લેવા નહિ દઉં.** હું જ મ્હારો આજ્ઞા કરનાર અને આજ્ઞા ઝીલનાર બનું છું. સઘળી 'ગુલામી'ઓનું હું ઉચ્છેદન કરીશ અને પૂર્ણ 'સ્વાતંત્ર્ય' મ્હારામાં પ્રગટાવ્યા બાદ જગજ્જીવોને સ્વાતંત્ર્યનો માર્ગ ત્હેમની યોગ્યતા અનુસારનો સૂચવીશ.

આભ્યંતર રિપુઓનો ક્ષય અને ઉપશમ જેમાં મુખ્ય છે એવા આંતરયુદ્ધરૂપ સામાયિક ચારિત્રને અંગીકાર કરતાંજ પ્રચંડ ભાવને પરિણામે મહાવીરને તે જ સમયે મનઃપર્યવ જ્ઞાન પ્રકટયું. વિશેષ પ્રગતિ અર્થે બાર વર્ષનો Schooling નો નિશ્ચય કર્યો, જે Schoolingને શાસ્ત્રીય ભાષામાં 'તપ' કહે છે. ભૂખ, થાક, ઉજાગરા, વ્યાધિ, પીડન, અપમાન આદિ દરેક સ્થિતિમાં પોતાને મૂકીને એ દરેક સ્થિતિ વચ્ચે સરેરાસ મનુષ્યને જે તડફડાટ અવશ્ય થવા પામે છે તે પોતામાં થવાજ ન પામે એવી આંતરિક અડોલતા પ્રકટાવવા માટેની એ તાલીમ હતી, જેમાં કોઇ શાસ્ત્ર, શાસ્ત્રકાર, ગુરૂ, સલાહકાર, કે કોઇ પ્રણાલિકા કે સિદ્ધાંતનું માર્ગસૂચન સ્વીકારવા જેટલું પણ દાસત્વ ન કરતાં પોતેજ પોતાપર નિત્યનવા અખતરા કરતા અને મનની ત્રિવિધ સ્થિતિઓ મધ્યસ્થભાવે–દ્રષ્ટાભાવે અવલોકતા.

આ બાર વર્ષ, ભયંકર સંકટોનો સામનો કરવામાં અને આંતરસૃષ્ટિની જરાએ જરા જેટલી નિર્બળતાને હાંકી કહાડવામાં ગુજાર્યા બાદ તે વિજય-પરંપરા એમને પરમોત્કૃષ્ટ 'ભૂમિકા'પર–કૈવલ્ય ભૂમિકા પર–લઈ જનાર થઈ. અને એ પ્રમાણે 'સમ્પૂર્ણતા' પ્રાપ્ત કર્યા બાદ જ–' પોતાને તથા લોકને સમ્પૂર્ણતઃ અવલોકીને ' પ્રથમ 'દેવો'ને અને પછી 'મનુષ્યો'ને અનુકુળ ધર્મ ઉપદેશ્યો. શિક્ષક, ઉપદેશક, નેતા કે પ્રોફેસર થવા પહેલાં પોતે પ્રોફીસીઅન્સી–પૂર્ણતા મેળવવી જોઇએ–અને જ્યાં સુધી **અંદર** પૂર્ણતા ન પ્રગટે ત્યાં સુધી **બહાર**ની દોડાદોડ રોકવા જેટલો આત્મનિગ્રહ–સંયમ અવશ્ય હોવો જોઇએ, એ પાઠ તો શ્રી મહાવીરના ચરિત્રપરથી આજના જમાનાને કિમતીમાં કિમતી વારસા તરીકે મળે છે. જો આટલુંજ માત્ર અનુકરણ થઈ શકે, જો **તપ** ન બને તો છેવટે પોતાના શિક્ષક કે નેતા બન્યા પહેલાં બીજાના શિક્ષક કે નેતા બનવાના મોહ પર **નિગ્રહ** કરવા જેટલી પણ શક્તિ આજના લોકોમાં કેળવાય, તો શિક્ષણ-વિષયક, શાસનવિષયક, ધર્મવિષયક તેમજ વાણિજ્ય-વિષયક અને વિજ્ઞાનવિષયક પ્રગતિ સંગીન થવા પામે. પણ તેમ થાય તો શરૂઆતમાં દુનિયાના દરેક દેશમાં અને ખાસ કરીને **હિંદ**માં પૉલીટીશ્યનો, પત્રકારો, ધર્મોપદેશકો, ન્યાયાધીશો, તબીબો ઈત્યાદિ 'જ્ઞાતિ'ઓમાં એક ટકા જેટલી પણ સંખ્યા ભાગ્યેજ રહેવા પામે! એક વાત તો ચોક્કસ છે કે, સઘળા

રાગોનું મૂળ **સંયમની ખામીમાં** છે,-**પોતા તરફની વફાદારીના અભાવે જ** પોતાને અને જનતાને દરેક વ્યક્તિ પ્રતિક્ષણ ભારે હાનિ કરી રહી છે. **પ્રથમ સંયમ** કેળવવો, પછી સંયમદ્વારા **સ્થૈર્ય** પ્રકટાવવું, અને સ્થૈર્ય પછી જ **વિકાસક્રમમાં** જવું, અને વિકસિત થયા પછી જ **પ્રાપ્તિઓ** ઇચ્છવી: એ પ્રાપ્તિઓ બોજારૂપ કે ભયરૂપ નહિ થઈ શકે, એટલું જ નહિ પણ સ્હેલાઇથી હસ્તગત થશે. પ્રત્યેક વ્યક્તિએ, જ્યારથી ત્હેને સ્હમજાયું કે પોતા તરફની વફાદારી વગરજ આજ સુધીની પ્રવૃત્તિઓ થઇ છે ત્યારથી, નવો જન્મ શરૂ થયો માની પોતે પોતાના કાનુન ઘડનાર, મેજીસ્ટ્રેટ તેમજ જેલર બની પોતાપર સખ્તાઇ કરવારૂપ 'દિક્ષા' ગ્રહણ કરવી જોઇએ. આ જાતનો પ્રયત્ન જ્યારે ત્યારે પણ આદર્યા સિવાય દુઃખના ડંખથી બચવાનું શક્ય જ નથી. એ ખરૂં છે કે, આ જાતના પ્રયાસને ગૃહસ્થાશ્રમ કરતાં ત્યાગી આશ્રય **વધુ સગવડભર્યો** અને **વધુ સહાયક** થઈ પડે. **દેખીતી રીતે** જો કે શારીરિક સગવડોની ન્યૂનતાને લીધે ત્યાગીપણું કષ્ટદાયક લાગે છે, પરંતુ શારીરિક અગવડો કરતાંય ગૃહસ્થજીવનની-અને ખાસ કરીને **આ જમાનાના** ગૃહસ્થજીવનની-ઉપાધિ વધુ મર્મભેદક અને શક્તિઓનો વ્યય કરાવનારી થઈ પડે છે એ ભૂલવું જોઈતું નથી. મતલબ કે જેનામાં હજી સ્થૈર્ય અને ધૈર્ય કેળવાયાં નથી તેઓ હજી છેક જ બાલ્યાવસ્થામાં છે,-ભલે ઉમર ગમે તેટલી હોય; અને બાલ્યાવસ્થામાં ગૃહસ્થજીવનનો બોજો એની નમાલી તાકાદનો બધો ભોગ લેતો હોવાથી પ્રગતિને અવકાશ જ મળતો નથી. ત્યાગી જીવનની હું **પૂજ્ય જીવન તરીકે** ભલામણ કરતો નથી, પણ **વિદ્યાર્થી જીંદગીની સારામાં સારી સગવડ તરીકે** ભલામણ કરૂં છું. ગૃહસ્થાશ્રમમાં રહીને જેઓ એ જંજાળ ઉઠાવવા સાથેજ આંતરિક વિકાસ ક્રમશઃ કરી શકતા હોય એમને પણ **સમ્પૂર્ણ એકાંતસેવનની** સગવડ તો ત્યાગી જીવનમાં જ મળી શકે, કે જે એકાંતસેવન (Solitude and Deep Meditation) પૂર્ણ વિકાસ માટે અનિવાર્ય છે.

૩૦ વર્ષની ઉમરે ગૃહસ્થાશ્રમ છોડયા બાદ ૪૨ વર્ષ સુધી ત્યાગી તરીકે સિંહની જેમ પૃથ્વીપર ભ્રમણ કરતા **શ્રી મહાવીરે** ૭૨ વર્ષની ઉમરે સ્થૂલ દેહનો ત્યાગ કર્યો. એમના ગૃહસ્થજીવનની પ્રવૃત્તિ સંબંધીમાં શાસ્ત્રકારો પ્રાયઃ મૌન ધરે છે. ત્યાગી તરીકેના એમના જીવનનાં કેટલીક ઘટનાઓ તેઓએ અવશ્ય વર્ણવી છે, અને પુરાણશૈલિના રસિક પંડિતોએ કાંઈ કાંઈ રસિક પ્રસંગો પણ યોજ્યા છે. અહીં આપણે થોડીએક ઘટનાઓની નોંધ લઈશું. પણ આપણે એ ૪૨ વર્ષના ઇતિહાસને બે ભાગમાં-આપણા મનનની ગરજે-વ્હેંચી નાખીશું: (૧) **શુદ્ધ** સમય, અને (૨) **અમલ** સમય; અથવા (૧) **આત્મ** વિકાસકાળ અને (૨) **સમાજ** વિકાસકાળ; અથવા (૧) કૈવલ્ય **પહેલાંનો** સમય અને (૨) કૈવલ્ય **પછીનો** સમય. [શેષ આવતા અંકમાં.

—SHAW.

પ્રભુનાં તેજ.

મંગળ અબર તેજ-વિલાસ,
પ્રભુનાં પ્રિયતમ પુણ્યપ્રકાશ—
દિવ્ય પ્રભામય દેવનણા દગ, છલકે સ્નેહ-સરિત !
પ્રસન્નવદન પરમાનંદ પ્રગટે ! લીલા રમ્ય લલિત;
પ્રભુનાં મુખપર મંદ સુહાસ—
તેજકિરણ વિલસે અવનિનભ સુંદર રંગ સુહંત
ચેતન ચારૂ-પ્રગટે ચૌદિશ-ઉષ્મા અંગ અનંત
પ્રવૃત્ત પ્રાણ તણા સુવિકાસ—

—સંયમ.

भगवान महावीर.

(ગ્રંથ પૃ. ૨૮૦) લેખક બાબુ કામતાપ્રસાદજી જૈન, પ્રકાશક મૂળચંદ કિસનદાસ કાપડિયા, ચંદાવાડી, સુરત. મૂ. ૧-૧૨-૦

(સમાલોચક—પંડિત બહેચરદાસ.)

આર્યાવર્તમાં આજ કેટલાયે કાળથી શ્રમણસંસ્કૃતિ અને બ્રાહ્મણસંસ્કૃતિ ચાલી આવે છે. બ્રાહ્મણસંસ્કૃતિમાં આમ તો કેટલાયે મહાપુરૂષો થયા હશે પણ તેમાંના છેલ્લા ક્ષત્રિયવર **કૃષ્ણ અત્યારે પ્રધાનપદે** છે, એ પ્રમાણે શ્રમણસંસ્કૃતિના મહાપુરૂષોમાં ભગવાન **મહાવીર** અને ભગવાન **બુદ્ધનું** નામ અત્યારે અગ્રસ્થાને છે. બાબુ **બંકિમે** શ્રીકૃષ્ણનું ગવેષણાપૂર્ણ, ઐતિહાસિક એક સુંદર ચરિત્ર લખીને સમાજ ઉપર સારી છાપ પાડવા સાથે ઇતિહાસ-સાહિત્યમાં એક સરસ ભરણું કર્યું છે. ભગવાન બુદ્ધ વિષે પણ અંગ્રેજી અને મરાઠીમાં ઘણું મહત્ત્વનું લખાએલું છે અને હવે અ૦ **કોશાંબીજી** મારફત ગૂજરાતીમાં પણ લખાવા લાગ્યું છે. ભગવાન મહાવીર સંબંધે પ્રાકૃત અને સંસ્કૃતમાં તો ઘણુંજ લખાઇ ગએલું છે પણ લોકભાષામાં એ વિષે તદ્દન નહિજેવું લખાયું છે અને જે લખાયું છે તે પણ માત્ર ભક્તિની દૃષ્ટિએ, તેથી ઇતિહાસના આ જમાનામાં શ્રી મહાવીર વિષે કાંઇજ નથી લખાયું એમ કહેવાય.

ભાઈ સુશીલે '**મહાવીરજીવનવિસ્તાર**' નામનું પુસ્તક લખેલું છે પણ હું ન ભૂલતો હોઉં તો તેમાં તુલનાત્મકશૈલી કે ઇતિહાસને પ્રધાન સ્થાન નથી, મહાશય મશરૂવાળાએ '**બુદ્ધ અને મહાવીર**' નામનું પુસ્તક લખેલું છે તે પણ માત્ર ગુણાનુવાદની દૃષ્ટિએજ.

વર્તમાનકાળના પાઠકો તો 'મહાવીર કયા સંયોગોમાં થયા?' 'મહાવીર અને બુદ્ધના ઉપદેશોમાં કયાં કયાં સમાનતા છે?' 'મહાવીરને ધર્મચક્ર પ્રવર્તાવવાનું શું કારણ હતું?' 'મહાવીરના સમયમાં દેશ, કાલ, રાજપદ્ધતિ, સમાજપદ્ધતિ વગેરે કેવાં હતાં?' એ પ્રકારના અનેક પ્રશ્નોના ચોટ પણ પ્રામાણિક ઉત્તરો શોધે છે, આ માટે એકાદ એવું મહાવીરચરિત્ર લખાવું જોઇએ કે, જેમાં મહાવીરની વાસ્તવિક માનુષી સ્થિતિ બતાવેલી હોય અને સાથે તુલના અને ઇતિહાસને પણ ન વિસારેલાં હોય.

આ ચરિત્રના પ્રકાશક રા. કાપડિયા જણાવે છે કે, **"यों तो सारी जैनसमाजमें कइ महावीर चरित्र अनेक भाषाओंमें प्रगट हो चुके हैं-तौ भी आज तक जिसके द्वारा अजैन समाज पर जैन धर्मकी प्राचीनता व उतमताकी छाप पडे, व जैनधर्मका हिंददेश तो क्या विदेशमें भी प्रचार हो एसा कोइ भी महावीर चरित्र उपलब्ध न होनेसे एसे ग्रंथकी बडी भारी आवश्यक्ता थी, ×इस आवश्यक्ताकी पूर्ति हमारे मित्र बाबू कामताप्रसादजी जैन ने अतीव परिश्रम करके कर दी है-(निवेदन)**

પ્રસ્તુત પુસ્તકમાં ૩૪ પ્રકરણો છે, ત્રણ પરિશિષ્ટો છે, તદુપરાંત શરૂઆતમાં નિવેદન, પ્રસ્તાવના, ભૂમિકા, વિષયસૂચી અને છેલ્લે શુદ્ધિપત્ર અપાએલાં છે. બાબુ દેવેંદ્રપ્રસાદજી જૈનને ગ્રંથનું સમર્પણ કરાએલું છે અને સામે તેમનું ચિત્ર પણ છપાએલું છે.

પુસ્તક તો દળદાર છે પણ વાંચતાં કંટાળો આપે એવું છે. છપાઇ ઠીક ઠીક છે પણ ઠેકઠેકાણે અશુદ્ધિઓ રહી ગઈ છે. વાંચતાં જણાય છે કે, જાણે કોઇએ જુનાં જૈનપુરાણોનો અને યુરોપીઅન પંડિતોના લેખોનો ફાવે તેમ અનુવાદ ન કર્યો હોય, જાણે લેખકને મન અત્યારે અઢારમી સદી ચાલતી ન હોય—એથી જ એ કેટલીક અમાનુષી વાતોને લખતાં પણ અટકયા નથી—જે એવી વાતો લેખકે લખી છે તે જો વેદમહાભારત કે પુરાણોમાં હોત તો આજ લેખક જરૂર કદાચ તેની સામે પણ થાત. પુસ્તકમાં આપેલા

ઉતારાઓ સંબંધે કેમ જાણે લેખક કાંઈ સમજ્યાજ ન હોય અથવા સમજતા છતાં જાણે તેમણે એ ઉતારાઓનો દુરૂપયોગ ન કર્યો હોય. કોઈ પણ ઉતારાને પોતાના આશયને બંધબેસતો કરવામાં લેખક સિદ્ધહસ્ત લાગે છે. આ કામમાં એમણે એવી તો કળા વાપરી છે કે, કોઇ કાચો પોચો તો જરૂર વહેમાઈ જાય. લેખકના માનવા પ્રમાણે વેદો, બધાં દર્શનો અને બુદ્ધ વગેરે પુરૂષો માત્ર એક જૈનધર્મની અસરનું જ પરિણામ છે એટલુંજ નહિ પણ જે કાંઇ સંસારમાં સારૂં જણાય છે તે બધું જૈનધર્મને લઇને છે. જૈનધર્મની પ્રાચીનતા અને તેમાંય દિગંબર પંથની સનાતનતા બતાવવા માટે લેખકે અજબ ગજબ પ્રયાસ કર્યો જણાય છે,—એ માટેજ આ ચરિતમાં લગભગ ૨૩ પુસ્તકોનો પણ ઉપયોગ થએલો છે. '**त्वमदीमाऽसि**' '**त्वामक्कामानमामि**' વાક્યો સાંભળતાંજ કોઈ ભલો મુસલમાન કહી, નાખે કે હિંદુના ગ્રંથોમાં પણ મક્કા મદીનાનો ઉલ્લેખ છે તેમ **नेमिराजा, निग्गंठो, नातपुत्तो, रुषति, क्षपणकः, दिग्वासाः**, વગેરે શબ્દો જોતાંજ લેખક ખુશીમાં આવી જાય છે અને એ હર્ષના આવેશમાં એનાથી કહેવાઇ જાય છે કે 'મહાત્મા બુદ્ધે પણ ભગવાન મહાવીરની સર્વજ્ઞતા સ્વીકારી હતી, અને પોતાના મતને ખોટો માન્યો હતો' 'વેદોમાં પણ જૈનતીર્થંકરોનાં નામો જડી આવે છે' અને 'જૈન તથા જૈનેતર બધા ગ્રંથોમાં દિગંબર પંથનીજ ગીતિ ગવાએલી છે' ઈત્યાદિ; એટલુંજ નહિ પણ કેટલાક જૈન ગ્રંથના ઉતારાઓને અને હકીકતોને લેખકે વગર સમજ્યેજ બંધબેસતા કરવાનું સાહસ પણ છોડયું નથી. જો વર્તમાન સમાજમાં સત્યગવેષણની શક્તિ ન હોત, સારાસારને ઓળખવાની બુદ્ધિ ન હોત અને આંધળિયાં કરવાની જ વૃત્તિ હોત તો જરૂર નિવેદક મહાશયના કહેવા પ્રમાણે આ પુસ્તક સારી છાપ પાડી શકત. પુસ્તક વાંચીને એમ તો નક્કી નથી જ કરી શકાતું કે, લેખકના મનમાં તટસ્થતા છે કે આગ્રહ, ગુણપ્રેમ છે કે ગુણદ્વેષ.

કોઇ પણ પુસ્તકમાં કાંઇ ગુણ નજ હોય એમ તો ન હોય, પણ આ પુસ્તકના ગુણને એમાં રહેલા દોષોએ ઢાંકી દાબ્યો છે. એ દોષો એટલા બધા અક્ષમ્ય છે કે જો તે વિષે કાંઈ નજ લખવામાં આવે તો ઉલટું અજૈન સમાજમાં રહ્યો સહ્યો થોડો પણ જૈનધર્મ પ્રતિનો સદ્ભાવ કદાચ વેડફાઇ જાય ખરો.

આ અવલોકનમાં જૈનધર્મની ખાસ વિશેષતા અને ભગવાન મહાવીરની ઉત્તમતા વિષે કશો પ્રશ્ન જ નથી, પણ તે બન્ને પ્રામાણિક હકીકતોને સિદ્ધ કરવા લેખકે માત્ર જે અપ્રામાણિક પદ્ધતિને અખત્યાર કરી છે તેની સામેજ સખત વાંધો બતાવવાનો છે. કોઈ પણ સાચા હિસાબને ગણવા શિષ્ટ ગણિતશાસ્ત્રી કદી પણ ખોટી રીતનો ઉપયોગ કરે ખરો? શિષ્ટોનો આ જ ન્યાય છે કે, **सत्यं सत्येन साधयेत्.**

ઉપલા આટલા લખાણની ચોકસતા માટે હવે પુસ્તકના કલેવરની પણ પૃથવાર તપાસ કરીએઃ

(૧) 'મજ્જિમનિકાય' (બૌદ્ધગ્રંથ) ના ઉતારાઓનો કરેલો વિપર્યાસ.

"एवं मे सुतं. एकं समयं भगवा सक्केसु विहरति; देवदहं नाम सक्कानं निगमो. तत्र खो भगवा भिक्खू आमंतेसिः भिक्खवो ति. भदंते ति ते भिक्खू भगवतो पच्चस्सोसुं. भगवा एतद् अवोचः संति, भिक्खवे, एके समणब्राह्मणा एवंवादिनो एवंदिट्ठिनोः यं किंचायं पुरिसपुग्गलो पटिसंवेदेति, सुखं वा दुक्खं वा अदुक्खमसुखं वा, सब्बं तं पुब्बकतहेतुः इति पुराणानं कम्मानं तपसा व्यंतिभावा, नवानं कम्मानं अकरणा आयतिं अनवस्सवो, आयतिं अनवस्सवा कम्मक्खयो, कम्मक्खया दुक्खक्खयो, दुक्खक्खया वेदनाक्खयो, वेदनाक्खया सब्बं दुक्खं निज्जिण्णं भविस्सतीति.-एवं-वादिनो भिक्खवे निग्गंठा एवं-वादे हं, भिक्खवे, निग्गंठे उपसंकमेत्वा एवं वदामिः × × ×

એ પ્રમાણે મેં સાંભળ્યું કે, એક સમય ભગવાન્ (બુદ્ધ) શાક્યદેશમાં વિહાર કરતા હતા. 'દેવદહ' નામનો શાક્યોનો નિગમ છે. ત્યાં ભગવાને ભિક્ષુઓને

'ભિક્ષુઓ' કહીને આમંત્રણ કર્યું. ભિક્ષુઓએ 'ભદંત' કહીને એ આમંત્રણને સ્વીકાર્યું. ભગવાન આ પ્રમાણે બોલ્યાઃ ભિક્ષુઓ ! કેટલાક શ્રમણ બ્રાહ્મણોનો એવો વાદ છે અને એવી દૃષ્ટિ છે કે, આ પુરૂષ પુદ્ગલ સુખ, દુઃખ, અદુઃખ કે અસુખ વગેરે જે કાંઈ પ્રતિસંવેદે છે તે બધું પૂર્વકૃતને લીધે છે—જૂનાં કર્મોનો તપ દ્વારા નાશ થયે અને નવાં કર્મોની આવક બંધ થયે આયતિમાં અનાસ્રવ થાય છે અને અનાસ્રવ થવાથી કર્મક્ષય, કર્મક્ષયથી દુઃખક્ષય, દુઃખક્ષયથી વેદનાશય અને વેદનાના ક્ષયથી બધું દુઃખ નિર્જીર્ણુ થાય છે. ભિક્ષુઓ ! આ જાતનો વાદ નિગ્રંથોનો છે. આ વાદને માનનારા નિગ્રંથોની પાસે જઇને હું આ પ્રમાણે કહું છું. × ×

किं पुन तुम्हे, आवुसो निग्गंठा, जानाथः अहुवामपव मयं पुब्बे, न नाहुवम्हाति ?

હે આયુષ્યમાન્ નિગ્રંથો ! તમે એમ જાણો છો કે, એમ પૂર્વે થયા હતા કે નહિ થયા હતા ?'

नो ह इदं आवुसो.

किं पन तुम्हे, आवुसो निग्गंठा, जानाथः अकराम'पव मयं पुब्बे पापं कम्मं, न नाकराम्हा ति ?

હે આયુષ્માન્ અમે એમ નથી જાણતા

હે આયુસ્માન્ નિગ્રંથો ! તમે એમ જાણો છો કે, 'અમે પૂર્વે પાપ કર્મ કર્યાં હતા કે નહિ કર્યાં હતાં ?

नो ह इदं आवुसो.

पवं वुत्ते, भिक्खवे, ते निग्गंठा मं पतद् अवोचुंः निगंठो, आवुसो, नातपुत्तो सब्बञ्ञू सब्बदस्सावी अपरिसेसं ञाणदस्सणं पतिजानातिः × × सोपवं आहः × × तं च पन अम्हाकं रुच्चति चेव खमति च तेन च अम्हा अत्तमना ति "–(मज्झिम निकाय भा० २, देवदहसुत्त अं. १०१ पृ. २१४–२२८ (पालिटेक्स्ट सोसाइटीनी आवृत्ति.)

હે આયુષ્મન્ ! અમે એમ નથી જાણતા (બુદ્ધ ભગવાન્ કહે છે કે) મેં આટલી વાત કર્યા પછી ભિક્ષુઓ ! તે નિર્ગ્રંથોએ મને આ પ્રમાણે કહ્યુંઃ **(નિર્ગ્રંથો કહે છે કે)**

હે આયુષ્મન્ ! નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર સર્વજ્ઞ, સર્વદર્શી અને અપરિશેષ જ્ઞાનદર્શનનો જ્ઞાયક છે. તે તે એમ કહે છે કે, (તપ કરવાથી જૂનાં કર્મોનો નાશ થાય છે અને છેવટે નિર્વાણ મળે છે) નિર્ગ્રંથ જ્ઞાતપુત્રનું આ કથન અમને (નિર્ગ્રંથોને) રૂચે છે, અમારે માટે એ કથન ક્ષમ છે અને એમ એમાં આત્મમન (દત્તચિત્ત) છીએ."

ઉપર આપેલા મજ્જિમનિકાયના પાઠનો અનુવાદ (પૃ. ૧૬૯) આપી લેખક નીચે જણાવેલો સાર તારવે છે.

"भगवान महावीरका प्रभाव म० बुद्धपर भी पडा था, और उनकी सर्वज्ञता पवं उनके धर्मकी यथार्थता बुद्धके × शब्दोंसे प्रगट है, जिसमें उसने इन बातोंको स्वीकार किया है और अपने क्षणिक सिद्धांतमें अश्रद्धाको भी प्रगट किया है" (पृ० १६८)

એ મઝિજમનિકાયના પાઠના અનુવાદને પોતાના [1]મિત્રના પુસ્તકમાંથી લઇને લેખકે આ પુસ્તકમાં આપેલો છે અને એ ઉપરથી તેણે ઉપર્યુક્ત અર્કને ખેંચેલો છે; લેખક આ પાઠને બરાબર સમજ્યા હોત તો તેઓ એનો આવો ખોટો ભાવ કદી પણ ન નીપજાવી શકત. પાઠમાં ભગવાન મહાવીર (નાતપુત્ત)ના નિર્ગ્રંથોએ—અનુયાયિઓએ—એમને સર્વજ્ઞ અને સર્વદર્શી કહ્યા છે પણ મ. બુદ્ધે નથી કહ્યા. અને છેવટ 'નાતપુત્તનું કહેવું અમને રૂચે છે, ગમે છે અને અમે એથીજ સંતુષ્ટ છીએ' એ શબ્દો પણ એ નિર્ગ્રંથોજ બોલે છે પણ મ. બુદ્ધ નથી બોલતા. લેખકે તારવેલા આશય ઉપરથી સાફ જણાઈ આવે છે કે, એમણે નિર્ગ્રંથોએ બોલેલા શબ્દોને બુદ્ધના ગણ્યા છે અને એથીજ એ પાઠને આવા ખોટા આશયમાં મૂકવામાં આવ્યો છે; કદાચ તેઓ આ પાઠને સમજવાનો પ્રયાસ કરત તો જરૂર એ સમજાય તેવો સરલ છે. શું આવા વિપર્યાસથી જૈનધર્મની યથાર્થતા કે ભગવાન મહાવીરની સર્વજ્ઞતા સધાવાની છે ? અને આવા વિપર્યાસોને કોઈ શિષ્ટ લોકો પ્રમાણરૂપે માનવાના છે ? લેખકે એ પાઠના

[1] એમના મિત્રના નામ માટે જુઓ પા. ૮

શબ્દોમાં કદી પણ ન જણાય એવો અપૂર્વ આશય કાઢીને પોતાનું કૌશળ તો જણાવ્યુંજ છે પણ પાઠકોની આંખે પાટા બંધાવવાની નવી કળા પણ પ્રકટ કરી છે. આ અવલોકનમાં આપેલો એ મૂળ પાઠનો અનુવાદજ આ બધું બતાવી શકે એમ છે એટલે વિશેષ શું લખવું ?

પ્રસ્તુત પુસ્તકમાં આ કાંઇ એકજ વિપર્યાસ નથી. આવા બીજા વિપર્યાસો પણ ઠેકઠેકાણે થએલા છેઃ– પ્રસ્તાવનામાં આવેલું છે કે,

"बुद्धदेवके हृदयपर भगवानके केवलज्ञानका ऐसा प्रभाव पडा कि वह बिल्कुल मुग्ध हो गये और स्वयं यह विचार करने लगे कि सर्वज्ञता किस प्रकार प्राप्त करें।" (भूमिका पृ० १०)

આ ઉલ્લેખની સાબીતીમાં ભૂમિકા[1] લખનાર કશુંજ નથી લખતા પણ આ ઉલ્લેખની ઉપરની પંક્તિમાંજ ભૂમિકાકારે મજ્ઝિમનિકાયને સંભારેલો છે તેથી સંભવ છે કે, લેખકની જેમ એ પણ ઉપર્યુક્ત પાલિપાઠને ખોટા રૂપમાં સમજ્યા હોય. ભૂમિકાકાર કોઇ વિદ્યાર્થી નથી કે અણુસમજુ નથી, એ બારિસ્ટર છે અને વળી જૈનધર્મ વિષે ગ્રંથો લખનારા મનાય છે. જ્યારે તેઓ પણ આવા ચક્રમાં આવે તો પછી બીજાની શી વાત કરવી ?

વળી, 'મજ્ઝિમનિકાય'નું નામ લઇને લેખકના કોઈ મિત્ર પરિશિષ્ટ નં. ૩ માં જણાવે છે કે,

"'सुत्तपिटक' के पांच 'निकाय' व अंग है, जिनमेंसे द्वितीयका नाम मज्झि (ज्झि)म निकाय है। इसमें अनेक स्थानों पर महात्मा बुद्धका निर्ग्रंथ मुनियोंसे मिलने और उनके सिद्धांतों आदिके विषयमें बातचीत करनेका उल्लेख आया है। इन उल्लेखोंसे सिद्ध होता है कि बुद्धको भगवान महावीरकी सर्वज्ञताका पता चल गया था और उन्हें उनके सिद्धांतोंमें रुचि उत्पन्न हो गईथी। उदाहरणार्थ इन उल्लेखोंमेंसे एक यहीं उद्धृत किया जाता है। बुद्धि कहते हैः— (આમ લખીને અહીં મજ્ઝિમનિકાયનો પાઠ આપેલો છે અને એ પાઠનો ભાવાર્થ લખતાં પરિશિષ્ટકાર લખે છે કે)**—इसका भावार्थ यह हैः– म० बुद्ध कहते हैं "हे महानाम, मैं एक समय राजगृहमें गृद्धकूट नामक पर्वतपर विहार कर रहाथा। उसी समय ऋषिगिरिके पास 'कालशिला (नामक पर्वत) पर बहुतसे निर्ग्रंथ (मुनि) आसन छोड उपक्रम कर रहे थे और तीव्र तपस्यामें प्रवृत्त थे। हे महानाम, मैं शायंकालके समय उन निर्ग्रंथोंके पास गया और उनसे बोला 'अहो निर्ग्रंथ। तुम आसन छोड उपक्रम कर क्यों ऐसी घोर तपस्याकी वेदनाका अनुभव कर रहे हो?' हे महानाम जब मैंने उनसे ऐसा कहा तब वे निर्ग्रंथ इस प्रकार बोले 'अहो निर्ग्रंथ ज्ञातपुत्र सर्वज्ञ और सर्वदर्शी हैं, वे अशेष ज्ञान और दर्शनके ज्ञाता है' हमारे चलते, ठहरते, सोते, जागते समस्त अवस्थाओंमें सदैव उनका ज्ञान और दर्शन उपस्थित रहता है उन्होने कहा हैः—निर्ग्रंथो! तुमने पूर्वजन्ममें पापकर्म किये है, उनकी इस घोर दुश्चर तपस्यासे निर्जरा कर डालो। मन, वचन और कायकी संवृत्तिसे (नये) पाप नहि बंधते और तपस्यासे पुराने पापोंका व्यय हो जाता है। इस प्रकार नये पापोंके रुक जानेसे और पुराने पापोंके व्ययसे आयति रुक जाती है, आयति रुक जानेसे कर्मोंका क्षय होता है, कर्मक्षयसे दुक्खक्षय होता है, दुक्ख क्षयसे वेदना-क्षय और वेदना क्षयसे सर्व दुःखोंकी निर्जरा हो जाती।" इस पर बुद्धि कहते हैं "यह कथन हमारे लिये रुचिकर प्रतीत होता है और हमारे मनको ठीक जंचता है"।** (આરોજ ઉતારો પૃ૦ ૧૯૮

[1] ભૂમિકા લખનારનું પૂરૂં નામ ચંપતરાય જૈન બારિસ્ટર એટલો. ભગવાન મહાવીરના લેખકે ઘણે ઠેકાણે તો આ ભાઇએ લખેલાં પુસ્તકોનોજ આધાર બતાવેલો છે.

માં-ટિપ્પણુમાં છે.)

ऐसा ही प्रसंग 'माज्झिमनिकायमें भी एक जगह और आया है। P. T. S. Majjhima Vol II PP २१४-२१८ वहांभी निर्ग्रंथोंने बुद्धसे ज्ञातपुत्र (महावीर) के सर्वज्ञ होनेकी बात कही और उपदिष्ट कर्म-सिद्धांतका कथन किया। तिसपर बुद्धने फिर उपयुक्त शब्दोंमें ही अपनी रुचि और अनुकूलता प्रगट की॥

यह भगवान महावीर और उनके सिद्धांतोंके विषयमें कहे हुए स्वयं महात्मा बुद्धके वाक्य है! इनसे यह भली भांति सिद्ध होजाता है कि म० बुद्ध भगवान महावीरके सिद्धांतोंका कैसा आदर करते थे। उन्होंनें न केवल निर्ग्रंथोंके सिद्धांतोंको सुनाही था किंतु उनमें अपनी रुचि और अनुमति भी प्रकट की थी और भगवान महावीरकी सर्वज्ञताके विषयमें जो कुछ उन्होंने सुना उसे बडे भावसे अपने शिष्योंको भी सुनाया" पृ. २७५-२७८.

પરિશિષ્ટ લેખકે તો ઉપર જણાવેલા પોતાના આશયને પ્રમાણિત કરવા મજ્ઝિમ નિકાયના એકને બદલે બે ઉતારા નોંધેલા છે, એમનો બધો મદાર એ મૂળ પાઠની "निगंठो आवुसो नातपुत्तो सब्बञ्ञू सब्बदस्सावी अपरिसेसं आणदस्सनं पटिजानाति" "तं च पनऽहमाकं रुचति चेव खमति च, तेन चऽम्हा अत्तमना ति" આ બે પંક્તિઓ ઉપરજ રચાએલો છે અને તેથીજ પ્રસ્તુત પુસ્તકમાં આ અક્ષરોને બ્લેક કરીને મૂકાવેલા છે. પણ એમણે લખવા પહેલાં વિચારવું હતું કે, આ બે પંક્તિઓમાંથી તેઓ જે આશયને કાઢવા મથ્યા છે તેને એક પણ મનસ્વી સ્વીકારશે ખરો? આ ભાગનો મજ્ઝિમ નિકાયનો મૂળ પાઠ અને અનુવાદ આ પ્રમાણે છે:

एकमिदा हं महानाम समयं राजगहे विहरामि गिज्झकूटे पब्बते॥ तेन खो पन समयेन संबहुला निगंठा इसिगिलिपस्से कालसिलायं उब्भट्ठका होंति आसनपटिक्खित्ता, ओपक्कमिका दुक्खा तिप्पा कटुका वेदना वेदियंति॥ अथ खो हं महानाम सायण्हसमयं पटिसल्लाना वुट्ठितो येन इसिगिलिपस्सं कालसिला येन ते निगंठा तेनुपसंकमिं, उपसंकमित्वा ते निगंठे एतदवोचं- किं नु तुम्हे आवुसो निगंठा उब्भट्ठका × × वेदना वेदियथा ति॥

હે મહાનામ! હું એક સમય રાજગૃહ નગરના ગૃધ્રકૂટ પર્વત ઉપર વિહરતો હતો, તે સમયે ઋષિગિરિની સમીપે કેટલાક નિર્ગ્રંથો કાળીશિલા ઉપર ઉત્કટ આસને રહેલા હતા-જેઓએ પોતાનું બેસવાનું આસન દૂર કર્યું હતું-અને ઔપક્રમિક, દુખ, તીવ્ર, અને કડવી વેદના વેદી રહ્યા હતા. મહાનામ! સંધ્યાસમયે પટિસલ્લાનથી પરવારીને હું એ ઋષિગિરિ પર્વતની કાળી શિલા પાસે-જ્યાં એ નિર્ગ્રંથો તપ કરતા હતા ત્યાં-ગયો અને એ નિર્ગ્રંથોને મેં આ પ્રમાણે કહ્યું: હે 'આયુષ્મન્ નિર્ગ્રંથો! તમે આ રીતે ઉત્કટ આસને રહીને આવી તીવ્ર વેદના શા માટે સહો છો?

एवं वुत्ते महानाम ते निगंठा मं एतदवोचुं-निगंठो आवुसो नातपुत्तो सब्बञ्ञू सब्बदस्सावी अपरिसेसं ञाणदस्सनं पटिजानाति चरतो च मे तिट्ठतो च सुत्तस्स च जागरस्स च सततं समितं ञाणदस्सनं पच्चुपट्ठितं ति॥ सो एवमाह 'अत्थि खो वो निगंठा पुब्बे पापं कम्मं कतं, तं इमाय ×दुक्करकारिकाय निज्जरेथ,××तं च पनम्हाकं रुच्चति चेव खमति च, तेन चऽम्हा अत्तमना ति॥

મેં આમ કહ્યા પછી હે મહાનામ! તે નિર્ગ્રંથોએ મને આ પ્રમાણે કહ્યું:

(નિર્ગ્રંથો કહે છે કે) આયુષ્મન્! નિર્ગ્રંથ જ્ઞાતપુત્ર સર્વજ્ઞ, સર્વદર્શી અને અપરિશેષ જ્ઞાનદર્શનનો

આ પરિશિષ્ટના લખનારનું નામ હીરાલાલ જૈન एम० ए० एल० एल० बी०

જ્ઞાતા છે, ચાલતા ઉભા રહેતા સ્થિરનું, સૂતાનું અને જાગતાનું એ બધું જાણે છે. તે એમ કહે છે કે, હે નિર્ગ્રંથો! તમે પાપકર્મને પૂર્વે કરેલાં છે, તેને આ દુષ્કર તપદ્વારા નિર્જીર્ણ કરી નાખો" × × ×

જ્ઞાતપુત્રનું આ કથન અમને (નિગ્રંથોને) રૂચે છે, અમારે માટે એ કથન ક્ષમ છે અને અમે એમાં આત્મમન છીએ."

અર્થ લખતી વખતે જો તેમણે કોઇ પાલિભાષાના જાણકારની સહાય લીધી હોત અથવા આ પાઠનો અંગ્રેજી અનુવાદ બરાબર ધ્યાનપૂર્વક વાંચ્યો હોત તો એક વકિલની કલમથી આવો વિપર્યાસ નજ થવા પામત અનુવાદ તો એમણે પ્રસ્તુત પુસ્તકના લેખકની અને બેરિસ્ટર ચંપતરાયની સમજ પ્રમાણે સમજીનેજ કર્યો જણાય છે અર્થાત્ જે શબ્દો નિર્ગ્રંથોના પોતાના છે તેને આ ભાઇ મ૦ બુદ્ધના ગણે છે. વળી, મૂળ પાઠની છેલ્લી પંક્તિના અનુવાદમાં તો તેમણે હદ વાળી નાખી છે, મૂળ પાઠમાં "**निगंठो आवुसो नातपुत्तो**" થી તે ઠેઠ છેલ્લી પંક્તિ સુધીના બધા શબ્દો નિર્ગ્રંથોના પોતાના છે અને નિર્ગ્રંથોએ મ. બુદ્ધને સંભળાવેલા છે, ત્યારે છેલ્લી પંક્તિનો અનુવાદ કરતાં આ નવાઇના લેખક એમ જણાવે છે કે, "**इस पर बुद्ध कहते है 'यह कथन हमारे लिये रुचिकर प्रतीत होता है**" વગેરે પાલિભાષાનો જાણનાર કોઈ વિદ્યાર્થી પણ આ વકિલને પૂછી શકે છે કે, '**इस पर बुद्ध कहते है**' એ ભાવ એ પાઠના કયા શબ્દોના અર્થમાંથી ઉપજાવેલો છે? કદાચ વકિલ અહીં ક્રોસ કરીને કોઇને મુંઝવવા ધારે તો પણ આ એવું દીવાજેવું છે કે અવલોકનમાં આ આખો પાઠ અને અનુવાદ પણ ઉપર આપેલો છે, જેને જોવાથી વાંચનાર એ પાઠના સ્પષ્ટ આશયને સમજી શકે એમ છે, જેથી છેવટ વકિલનેજ મૌન રાખવું પડશે.

કોઇ પુસ્તકમાં આવા વિપર્યાસો થયેલા જોવામાં આવ્યા નથી તેમાં વળી પત્રના સંપાદક, બેરિસ્ટર અને વકિલને હાથે વિપર્યાસ થાય એતો મોટી નવાઇજ કહેવાય.

લેખકે અને તેના સાથીઓએ ઉપર્યુક્ત રીતે વિપર્યાસો કરવા છતાં જરા પણ હિંમત છોડી નથી અને બીજાં બીજાં પ્રકરણોમાં પણ તેઓએ કેટલુંય પ્રમાણ વિનાનું, મનઃ કલ્પિત અને જૈનધર્મના આધાર વિનાનું પણ લખેલું છે, એ શું એમની કાંઇ ઓછી હિંમત છે? વાંચનારાએ સમજવું જોઇએ કે આ નિહત્થા જમાનામાં પણ આવા ભડવીરો મોજુદ છે.

હવે તો માત્ર લેખકના કેટલાક અપ્રામાણિક ઉલ્લેખોજ બતાવવાના છે પણ તે વિષે કશી ટીકા કરવાનું મન નથી.

(૧) "**पार्श्वनाथके धर्मतीर्थमें पिहिताश्रव नामक जैन साधुके शिष्य बुद्धदेव हुए और बुद्धदेवका शिष्य मौद्गिलायन हुआ, जो स्वयंभी पहिले जैन था.**–પૃ૦ ૧૬૦ આ ઉલ્લેખના સમર્થનમાં લેખકે ઘરના ભુવા અને ઘરના ડાકલિયા જેવું કર્યું છે એટલે કોઇ પણ સમજદાર આ વાતને માની શકશે ખરો?

(૨) "**२२ वें तीर्थंकरके विषयमें हिंदुशास्त्रोंका अनुशीलन करनेसे बहुत कुछ प्रकाश पा सकते हैं ॥ यजुर्वेद अध्याय ९, मंत्र २५ में इनके विषयमें इस प्रकार एक श्लोक अवरुप दिया है** × ×

वाजस्य नु प्रसव आवभूव वेमा च *विश्वभुवनानि सर्वतः ॥*

***स नेमिराजा परियाति विद्वान् प्रजां* पुष्टिवर्धयमानो ॥ अस्मै स्वाहा**"–પૃ. ૨૩.

જો યજુર્વેદના ભાષ્યકાર કે કોઇ વ્યાખ્યાકાર અહીં મૂકેલા '**नेमिराजा**' નો અર્થ બાવીશમા તીર્થંકર કરતા હોય તો તો ઠીક, નહિતો લેખકના આ ઉલ્લેખ શિષ્ટોને હસાવે તેવો છે. યજુર્વેદનો અર્થ કાંઈ આપણે આપણી મનમાની રીતે કરીએ એ ન ચાલે એતો એમની પરંપરા અને ભાષ્યોને આધારેજ કરી શકાય. જો લેખકના મનમાં પ્રામાણિક રીતે પોતાનો ઇષ્ટ અર્થ સાધવાની અભિલાષા હોત તો જરૂર આ સ્થળે તેઓ ભાષ્ય કે કોઇ બીજા વ્યાખ્યાકારની સાક્ષી આપતા ન ભૂલત. તેમણે એક

બીજો પણ આવોજ ઉલ્લેખ પૃ. ૨૯ માં કરેલો છે તે માટે પણ આજ ટીકા પૂરતી છે.

(૩) " **भागीरथीने कैलाश पर्वत पर गंगा किनारे तप धारण कियाथा × × उनको मोक्षलाभ हुआ। इस अवसर पर देवोने इनका अभिषेक किया सो वह पानी गंगाजीकी धारमें मीला; जिसके कारण आजतक गंगाजल पवित्र माण्या जाता है** " પૃ ૩૧. એક પત્રના સંપાદક ગંગાજલની પવિત્રતાના કારણ માટે આવી ઉડાઉ કલ્પનાનો આધાર આપે તે શું એમની સંપાદકતાને નથી શરમાવતું? શું એ એમ નથી સમજતા કે, નદીઓ માત્ર પવિત્ર (ચોકખી) હોય છે. કદાચ એમની કલ્પનાને માની લઇએ તો પણ પવિત્ર મનાતી સિંધુ, સરસ્વતી, બ્રહ્મપુત્રા, નર્મદા, તાપી, યમુના, સાબરમતી વગેરે નદીઓને કાંઠે તેઓ કોના કોના અભિષેક કરાવશે અને કોના કોના અભિષેક પ્રવાહને તે તે નદીની ધારમાં ભેળવશે?

(૪) " **अजितप्रभू मोक्षको प्राप्त हूए थे × × इनका उल्लेख यजुर्वेदमें है** "–પૃ. ૩૧ લેખકની આ નોંધમાં તો એણે કમાલ કરી છે, ન આપ્યો યજુર્વેદનો અધ્યાય, મંત્ર, ભાષ્ય કે ટીકા, એ તો એમણે જાણે નાના છોકરાને સમજાવતા હોય તેમજ નોંધી દીધું છે.

(૫) " **श्री सुपार्श्व-यजुर्वेद २५-१९ में आपका उल्लेख है** "–પૃ. ૩૨ આ નોંધમાં પણ માત્ર લેખકના કહેવા ઉપર કાંઇ આધાર ન રાખી શકાય. વેદના મંત્રનો ખરો આધાર એની પરંપરા અને ભાષ્યો ઉપર છે પણ લેખક તો એનું નામજ લેતા નથી આથી કોઇ પણ સમજુ, લેખક પર વિશ્વાસ મૂકે ખરો?

(૬) " **इस लिए वेदोंको ईश्वरकृत मानना × मिथ्या है। वे ऋषिमहर्षियोंके आत्मज्ञानके फल हैं। और वह आत्मज्ञान उनको जैनधर्मसे प्राप्त हुआथा** " પૃ. ૪૨ નોંધતો લેખકે લખી અને જૈનધર્મમાંથી વેદોને પેદા કર્યા પણ આ નોંધના સમર્થનમાં એક અક્ષર પણ નથી લખ્યો. આ રીતે કાંઇ પણ પ્રમાણ વિના જૈનધર્મમાંથી વેદોની પેદાશ કરી શકાય ખરી? જો કરી શકાતી હોય તો પુરાણોમાં આવેલી જૈનધર્મની ઉત્પત્તિની કથાને પણ શા સારૂ પ્રમાણભૂત ન મનાય?

જો લેખકે બનાવેલી શ્વેતાંબરોની ઉત્પત્તિની કથા પ્રામાણિક હોય તો શ્વેતાંબરોએ જણાવેલી દિગંબરોની ઉત્પત્તિની કથા શા માટે ખોટી મનાય?

છેવટ લેખકની વિપર્યાસ કરવાની કળા ઉપર અને નવાં જોડકણાંને પ્રામાણિક માનવાની હિંમત ઉપર મુગ્ધ તો થયા છીએ પણ એમણે જરૂર વિચારવું ઘટે છે કે એમની એ કલાથી કે હિંમતથી શું જૈનધર્મનો કે જૈન સાહિત્યનો દહાડો વળશે ખરો? અમે તો ઇચ્છિએ છીએ કે, આવાં અપ્રામાણિક પુસ્તકો પ્રકટ ન થાય તેજ સારૂં છે અને એમાંજ જૈનધર્મની શોભા છે. ભગવાન મહાવીર સૌને સદ્દબુદ્ધિ આપો.

શ્રી વીરની ગુણાવલિ.

૧. માતાને ગર્ભમાં હું હાલીશ તો દુઃખ થશે માટે નિશ્ચલ રહેવું. માતાને **દુઃખ ન આપવું.**

૨. માતા હું નિશ્ચલ રહેવાથી ગર્ભમાં નથી એવું ધારી મારો વિયોગ સહન ન કરી શકે, માટે હાલવું. માતાને **સુખ આપવું.**

૩. માતાપિતાને દુઃખ થશે એવું વિચારી પોતાને પ્રિયમાં પ્રિય એવી મોક્ષ આપનારી દીક્ષાનો પણ તેમના જીવનકાળ સુધી આપવો–**પરમ સ્વાર્થનો પણ ત્યાગ કરવો.**

[પરમાત્માને પગલે પ્રવેશ.]

વીર ચરિત્રનાં સંસ્મરણો.

[સંસ્કારી જીવનનાં પ્રગતિઆશો.]

[લેખક-રા. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલિસિટર.]

વર્તમાન યુગ ઉપર શ્રી મહાવીર પરમાત્માનો સીધો અને પરમ ઉપકાર છે. એમના વિવિધ પ્રકારના જીવનનાં જે સાધનો પ્રાપ્ત થાય છે તેને અંગે અનેક પ્રકારની ઘટના થઇ શકે છે અને તે અનેક દેશીય હોવાથી આપણા જીવન પ્રવાહને અંગે એ ખાસ આદરવા યોગ્ય છે, વિચારવા યોગ્ય છે અને સમજવા યોગ્ય છે. આપણા જીવનનો પ્રવાહ સામાન્ય રીતે સંસાર તરફ ઘસડાતો જાય છે. પૂર્વ કાળમાં પણ મહામોહનું સામ્રાજ્ય વ્યક્તિ જીવનપર ઘણું હતું એમ અનેક ચરિત્રો વાંચવાથી લાગ્યા વગર રહેતું નથી, છતાં એ પ્રબળ શક્તિવાળા મોહાદિપર વિજય મેળવનાર પ્રબળ પુરૂષાર્થ કરનારા પુરૂષો તે વખતે લભ્ય હતા એ પણ અનેક ચરિત્ર ગ્રંથોમાં દેખાઇ આવે છે. અત્યારે જીવનકલહ આકરો થતો જાય છે તેવા સમયમાં સંસાર સાથેનો સંબંધ વધારે આકરો, વધારે પાકો, વધારે સુદૃઢ થતો જાય છે એવા વખતમાં આપણી સત્ય ભાવનાને આદર્શ તરીકે રાખવાનું પ્રબળ સાધન આવા અતુળ પુરૂષાર્થશાળી પુરૂષોનાં ચરિત્રો છે. એ ચરિત્રોને વિચારતાં આપણી ભાવના સુસ્પષ્ટ થાય છે, આપણા વિચારો પરિપક્વ થાય છે અને એના પર જેમ જેમ વધારે વિચાર યોગ્ય આકારમાં અને યોગ્ય વાતાવરણમાં કરવામાં આવે તો આપણો માર્ગ સીધો સરળ અને સાધ્ય સમીપ થતો જાય છે.

ગમે તેવો સંસારનો પવન આવે તે પ્રમાણે જીવનને ચાલવા દેવું, જેની આવડત સમજણ કે જ્ઞાન ન હોય તેવા વિષયમાં માથું મારવું, દીર્ઘ દૃષ્ટિના લાભ વગર અન્યના સુકાની થવાનો દાવો કરવો અને સમાજશાસ્ત્રનાં મૂળતત્ત્વના પણ અભ્યાસ કે અનુભવ વગર સમાજને દોરવવાનો દાવો કરવો એ જેમ આગળ ચાલવાનો દાવો કરનારને હાસ્યાસ્પદ બનાવે છે તેમ સામાન્ય જીવનમાં પણ આદર્શ વગરનું જીવન એ માત્ર વહીંતરૂં છે. સવારથી સાંજ દોડાદોડ કરવી અને અર્થ કે હેતુ વગરના જીવનને મંત્ર જેવું બનાવી મૂકવું એ જેમ નિરર્થક છે તેમ આળસ પ્રમાદમાં બેસી રહી કાંઇ વિશિષ્ટ ભાવનાની પોષણા ન કરવી અથવા પોતાની શક્તિઓ અનુકૂળતાઓ કે જ્ઞાનનો લાભ અન્યને ન આપતાં માત્ર છિદ્રાન્વેષી થવું અને ખંડનાત્મક પદ્ધતિએ કાર્ય કરી ટીકાકાર હોવાનો દાવો કરવો એ સ્વપરને નુકશાનકારક છે. વર્તમાન અતિ પ્રવૃત્તિવાળા યુગમાં પ્રત્યેક વ્યક્તિની ફરજ છે કે એણે પોતાનું ધ્યેય સ્પષ્ટ રાખવું, ચોક્કસ કરવું અને તેને વળગી રહેવું. આદર્શ વગરનું જીવન એ સુકાન વગરના વહાણ જેવું છે.

મહા પુરૂષોમાં ચરિત્રો આદર્શને પૂરાં પાડે છે અને તે રીતે એ ભૂતકાળનાં જીવનોની ઘણી ઉપયોગિતા છે. એ મહાપુરૂષોનું જે ધ્યેય હતું તેજ જો આપણું ધ્યેય હોય તો તેમને પગલે ચાલવા પ્રયત્ન કરવો એ આપણો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ અને તે પ્રયત્ન આદર્શના ચોખ્ખા નિર્ણય વગર નિરર્થક થાય છે, નકામો થાય છે અથવા કેટલીકવાર અસ્તવ્યસ્ત થાય છે. કેટલાક પ્રાણીઓની તુલનાત્મક શક્તિ એટલી બગડી ગયેલી-ગંદી થઇ ગયેલી હોય છે કે તેઓ તો આવા ચરિત્રમાંથી પણ નકામા પરિણામો ઉપજાવી કાઢે. તેવા વિપરીત આદર્શવાળાને બાદ કરીએ તો બાકીની જનતાને મહાપુરૂષોનાં ચરિત્રો બહુ રસમય વાનકીઓ પૂરી પાડે છે અને સુંદર ભાવનાને સન્મુખ રખાવી તે દ્વારા બહુ લાભ કરનારી પરિસ્થિતિ ઉપજાવી કાઢે છે. અનેક વિવિધતાથી ભરપૂર શ્રી વીર પરમાત્માનું ચરિત્ર અનેક આદર્શોને પૂરૂં પાડનાર હોઇ આપણે આજના પુણ્ય દિવસે એનું સંકીર્તન કરીએ. એ પવિત્ર નામના

ઉચ્ચાર સાથે જે વીરતા અંદરથી જાગ્રત થાય છે તેના સ્થાયીભાવો અનુભવીએ અને તેમ કરી આપણે આજનો દિવસ સફલ કરીએ.

સામાન્ય રીતે આવે પ્રસંગે વીર પરમાત્માના ગર્ભસ્તંભનનો પ્રસંગ લઈ તેમની માતૃભક્તિપર, આમલકી ક્રિડાનો પ્રસંગ લઇ તેમની શારીરિક સુંદર તંદુરસ્તીપર, ઘોર ઉપસર્ગો લઈ તેઓની સહિષ્ણુતા પર, ઇંદ્રના આગમનનો પંડિત સાથેનો બાળકાળનો પ્રસંગ લઇ વિનયપર, ગૌતમ સ્વામીની દીક્ષાનો પ્રસંગ લઈ તેમના દાર્શનીક અદ્ભુત પ્રસંગ જ્ઞાન પર, ચંદનબાળાનો પ્રસંગ લઇ ભક્તિ વિનયાદિ ગુણોપર, ગોશાળાનો પ્રસંગ લઇ ભગવાનની વિશાળતાપર, સંગમનો પ્રસંગ લઇ ભગવાનની આર્દ્રતા પર—એમ એક એક પ્રસંગ લઇ તે પર વિવેચન કરી આદર્શ જીવનના પાયા દૃઢ કરવાના પ્રયત્ન થાય છે અને તે માર્ગ અતિ યોગ્ય છે. અન્ય અનેક લેખકો અને વક્તાઓએ એ માર્ગે આપણને સુંદર આદર્શો પૂરાં પાડયાં છે તે આપણા લક્ષ્યમાં છે અને આપણામાંનાં કંઇકે એ કાર્યમાં શ્રોતા કે વક્તા થવાના પ્રસંગો લીધા છે તે જાણીતી વાત છે. મારે પ્રથમ તો એ રીતેજ પરમાત્માના ચરિત્રના એકાદ પ્રસંગપર લખવા વિચાર હતો પણ મને એક નવીન વિચાર સ્ફુરતાં મેં જૂદી રીતે એ પરમ પવિત્ર પરમાત્માના જીવનને વિચારવાની રેખા દોરી છે. એમાં આપ પ્રવેશ કરો એટલું જણાવી આગળ ચાલીએ. પ્રત્યેક જીવનનો વિકાસક્રમ જૂદા જૂદા પ્રકારનો હોય છે. કેટલાક પ્રાણીઓ અનંતકાળ સુધી નિગોદમાં રખડયા પછી વ્યવહાર રાશિમાં આવે ત્યાર પછી એ એકેંદ્રિય અવસ્થામાં ઘણા ભવો કરે છે, વળી તેમાં પણ સૂક્ષ્મ બાદર દશામાં ફરે છે અને એવી રીતે ઘણા પ્રયત્ન અને રખડપાટા પછી જરા ઉપર આવે છે. ત્યાર પછી બે ત્રણ ચાર ઇંદ્રિયો પ્રાપ્ત કરીને અવારનવાર એ ત્રણે જાતિઓમાં ઉપર નીચે જાય છે, વળી ત્યાંથી અનેક ભવો વ્યવહાર રાશિના એકેંદ્રિય દશામાં કરી આવે છે અને એમ ઘસડાતાં પછાડાતાં નદી ગોળ પાષાણ ન્યાયે રખડપાટો કરતાં અકામ નિર્જરા કરતાં કોઇવાર પચેંદ્રિય તિર્યંચ દશામાં આવે છે. ત્યાં જળચર સ્થળચર અને ખેચર તરીકે રખડે છે, વળી પાછા ઉતરી જઈ બે ત્રણ ચાર ઇંદ્રિયવાળા વિભાગોમાં પડી જાય છે, વળી પાછો ત્યાંથી એકેંદ્રિયમા પણ અનેક ભવો કરે છે અને એમ પંચેંદ્રિય તિર્યંચ સુધી ઉપર નીચે આવે છે.

આ વિકાસક્રમના સિદ્ધાન્તને અંગે એક વાત ખાસ વિચારવા યોગ્ય છે. ડાર્વીનની theory of Evolution વિકાસક્રમનો સિદ્ધાન્ત અને જૈન સિદ્ધાન્તમાં એક મોટો તફાવત એ છે કે પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓ એમ માને છે કે વિકાસ પામેલ વસ્તુનો અધઃપાત થતો નથી, evolution નો Involution થતો નથી, ત્યારે જૈન તત્ત્વજ્ઞો કહે છે કે એ વિકાસ-ક્રમ કર્મના અનિવાર્ય સિદ્ધાન્ત પર આધાર રાખે છે. વિકાસ પામેલો જીવાત્મા પાછો મોહ કષાયમાં પડી જાય, મહા પરિગ્રહ કે મહારંભમાં આસક્ત થઇ જાય તો એનો પાત થાય છે. ડારવીન વનસ્પતિ કોટિ, જનાવર કોટિ અને મનુષ્ય કોટિમાં ક્રમસર વિકાસ માને છે, વાંદરામાંથી મનુષ્ય થતાં માને છે. ત્યારે જૈન સિદ્ધાન્ત વિકાસ અને અધઃપાત કર્મના અનિવાર્ય કાયદાને આધીન માને છે. ડારવીન તો પરભવ માનતા હોય એમ જણાતું નથી, એ તો સૃષ્ટિના વિકાસને અંગે ઇવોલ્યુશનની થીયરી બતાવે છે, પણ થીઓસોફીસ્ટો વિગેરે જેઓ પરભવમાં માને છે તેઓ વિકાસ પછી પાતનો સ્વીકાર કરતા નથી.

જૈન શાસ્ત્રકાર એ સંબંધમાં જે હકીકત માને છે તે બહુ મનન કરવા યોગ્ય છે. વિકાસક્રમમાં આગળ વધેલો પાછો પડે તો ઘણું ખરૂં તે ભ્રષ્ટ થયેલ સ્થાન સુધી પાછો જલ્દી દોડી જઇ શકે છે, પણ કેટલીકવાર તેમ પણ થતું નથી. મોટા અભ્યાસી મુનિઓ એકાદ મહાપાપ કરી બેસે તો એકેંદ્રિય સુધી પાછા ઉતરી જાય છે અને અનંત સંસાર વધારી મૂકે છે. આ જૈનનો વિકાસવાદ બહુ સૂક્ષ્મ દૃષ્ટિએ સમજવા યોગ્ય છે. અમુક પ્રકારની અનુકૂળતાએ આપણે અત્યારે મનુષ્ય થયા એટલે હવે આપણે જનાવરની કે જીવાતની અથવા જળ અગ્નિ વનસ્પતિની સ્થિતિમાં જવું પડશે નહિ એ ખ્યાલ

જૈન સિદ્ધાન્ત પ્રમાણે માન્ય નથી. સરોવરમાં ત્રીશ ફુટ પાણી હોય તે ખાલી થતાં આઠ ફુટજ રહે અને અનુકૂળ વર્ષાદ આવે તો ત્રીશ ફુટ ભરાઈ જતાં વાર લાગતી નથી પણ ભરાશેજ એવો નિર્ણય સમજવો નહિ. અને ચઢેલાં પાણી ઓસરતાંજ નથી એ વાત તો માન્ય છે જ નહિ.

આવા વિકાસક્રમને અંગે એક વાત જણાય છે તે એ છે કે કેટલાક જીવો બહુ સપાટાબંધ વચ્ચેના ગાળાઓ ઓળંગી જાય છે અને અંતિમ સાધ્યે પહોંચી જાય છે ત્યારે બીજાઓના જીવન વ્યવસાયો અને વિકાસ કલહ બહુ આકરો હોય છે, એટલો સખ્ત હોય છે કે એને એક એક પગલું આગળ વધવાના પ્રયાસ કરવા પડે છે. એક પ્રાણી પગથી- આના પગથીઆ કુદાવી જાય છે ત્યારે બીજાને પ્રત્યેક પગથીયું ચઢવામાં મહાશ્રમ કરવો પડે છે. સુસાધ્ય અને કષ્ટસાધ્ય દશાના આ નિયમ વ્યક્તિગત આત્મિક વિકાસપર આધાર રાખે છે. એના દૃષ્ટાન્તમાં આદિનાથ ભગવાનની માતા મરૂદેવાનું દૃષ્ટાંત બહુ મનન કરવા યોગ્ય છે. એ જીવ અતિ સુસાધ્ય દશાવાળો ગણાય છે. એ અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહારમાં આવી એક ભવ કરી, કયળ થયેલ અને ત્યાંથી મરૂદેવા માતા થયા અને પુત્રની ઋદ્ધિ કાનથી સાંભળી ચોથી ભાવના ભાવતાં હાથીની અંબાડીપર બેઠા બેઠા મોક્ષ ગયા. આવા સુસાધ્ય જીવો બહુ ઓછા હોય છે.

ઘણા મોક્ષગામી જીવો કષ્ટસાધ્ય દશામાં હોય છે. તેઓનો પ્રગતિનો કલહ ઘણો આકરો હોય છે અને એમાં પણ વિશેષતા ઉણતા વધતી ઓછી હોય છે. શ્રી વીર પરમાત્માનો જીવ આ વચલા વર્ગની કોટિમાં આવે છે. એમણે નયસારના ભવ પહેલાં બહુ વખત સંસાર પરિભ્રમણ કર્યું એ વાત બાજુ ઉપર રાખીએ તો પણ નયસારના ભવ પછીનો તેમનો સાધ્યે પહોંચવાનો કલહ બહુ આકરો હતો એ એમના પૂર્વ ભવોનું ચરિત્ર વાંચતાં જણાય છે.

એ પૂર્વભવોના વર્ણનમાં એક હકીકત એ જણાય છે કે પ્રાણી ઉપર જે પ્રકારનાં સંસ્કારો પડી જાય છે તે ભુંસાવા બહુ મુશ્કેલ છે. જે પ્રાણીને એક પ્રકારના એક ભવમાં સંસ્કાર પડ્યા તેમાં કદિ ફેરફાર થાય તો તે વિગતોનો હોય છે પણ એની જાતિમાં બહુ મોટો ફેર પડતો નથી અને એ સંસ્કારો દૂર કરવા માટે એને પ્રબળ પુરૂષાર્થ વાપરવાની જરૂર પડે છે. આ હકીકત આપણે વધારે સ્પષ્ટ રીતે જોઇએ.

બાળવયમાં મરિચિને સંયમ લેવાની ભાવના થઇ, સંસારપર વિરાગ થયો એટલે દાદા આદિનાથ પાસે દીક્ષા લીધી પણ એના વૈરાગ્યનો પાયો કાચો હતો. એક વખત ગ્રીષ્મ ઋતુમાં શરીરે પરસેવો થયો, જમીનપર ચાલતાં પગે ગરમી લાગી, ભૂખ અને તરસથી શરીરે વ્યાકુળતા થઇ તેવા વખતે એને ચારિત્ર મોહનીયનો ઉદય થયો, સંયમ ભાર આકરો લાગ્યો અને પરિણામે પોતે શિથિળ વિચાર કરવા માંડ્યા. એક વખતે નરમ વાત થવા માંડે એટલે પછી મનપરનો કાબુ ઘટતો જાય છે એટલે એવી દશામાં મરિચિએ ત્રિદંડીનો વેશ લીધો, કપડાં રંગવાળાં બનાવ્યાં, શરીરે ઘરેણાં ધારણ કર્યાં, માથે શિખા રાખી અને પગમાં જોડાં પહેર્યાં. ચંદનના તિલક વગેરે કરી નવીન વેશ ઉપજાવી કાઢ્યો. છતાં એની સાધ્ય દૃષ્ટિ કાયમ રહી. સત્ય ધર્મ ક્યાં છે એ વાત એ ચૂક્યા નહિ, એણે પોતાની પાસે આવનાર મુમુક્ષુને એમજ કહ્યું કે સત્ય ધર્મ તો શ્રી આદિનાથ પાસે છે અને પોતે એ મહાવ્રતોનો ભાર વહન કરવાને અશક્ત છે. આ વાતમાં બે મુદ્દા પ્રાપ્ત થાય છે: એક તો એમનો નબળા પડવાનો સંસ્કાર અને બીજું વિશુદ્ધ સત્ય કથન અને ઉપદેશ. એમના ત્યાર પછીના જીવનમાં આ સંસ્કાર બહુ કાળ સુધી પહોંચ્યા તે સામાન્ય રીતે જણાય છે.

ત્રિદંડીપણાના સંસ્કારથી એ ચોથા ભવમાં કૌશિક બ્રાહ્મણ થયા ત્યારે ત્રિદંડી થયા, છઠ્ઠા પુષ્પમિત્રના ભવમાં પણ ત્રિદંડિ થયા, આઠમા અગ્ન્યુદ્યોત નામના બ્રાહ્મણના ભવમાં પણ ત્રિદંડી થયા. દશમા અગ્નિભૂતિ નામે બ્રાહ્મણના ભવમાં પણ ત્રિદંડી થયા, બારમા ભારદ્વાજ નામના બ્રાહ્મણના ભવમાં પણ ત્રિદંડી થયા, ચૌદમા સ્થાવર નામના બ્રાહ્મણના ભવમાં પણ ત્રિદંડી થયા. આટલા ભવ સુધી આ

સંસ્કાર ચાલ્યા અને ત્યાર પછીજ ચારિત્ર મોહનીય પર વિજય થતાં સોળમા ભવમાં માર્ગ દેખાયો, સચ્ચારિત્રનો રસ્તો પ્રાપ્ત થયો. આમ પ્રબળ પુરૂષાર્થ વગર ગ્રહણ કરેલા સંસ્કારો છૂટતા નથી એ સ્પષ્ટ જણાય છે.

એમને વારંવાર બ્રાહ્મણ કુલમાં જવાનું થયું એ પણ ત્રિદંડીપણાના સંસ્કાર અને 'ગોત્રકર્મ'ના પરિણામે હતું, કારણ કે એક વાર સ્વીકૃત સંસ્કારોપર વિજય મેળવતાં ઘણી મુશ્કેલી પડે છે. એઓશ્રી છેલ્લા ભવમાં થોડા દિવસ ઋષભદત્ત અને દેવાનંદાને ત્યાં ગર્ભપણે જાય છે એ પણ સંસ્કારનીજ વાતો છે.

સંસારની એક બીજી વાત પણ આખા ચરિત્રમાં દૃષ્ટિગોચર થાય છે. તેઓશ્રી નયસારના ભવથી ઘણા સાહસિક હતા એમ જણાય છે અને તેઓનું શરીર બળ ક્ષત્રિયને શોભાવે તેવું અને મોક્ષ પ્રાપ્તિના પ્રયાસમાં ટકી શકે તેવું હતું. માનસશાસ્ત્રના નિયમ પ્રમાણે મનની દૃઢતા માટે શરીરની મજબૂતી અતિ સુંદર પ્રકારની હોવી જોઇએ. બહુધા તંદુરસ્ત માણસોનેજ સુંદર વિચારો આવે છે અને એ વિચારોને અમલમાં મૂકવા માટે જે ધીરજ ખંત ચીવટ અને નિયમિતતા જોઇએ તે પણ શારીરિક તંદુરસ્તી પર પ્રાયઃ આધાર રાખે છે. નબળા શરીરવાળાથી ધર્મ અશક્ય છે એમ કહેવાનો આશય નથી પણ પ્રગતિના પ્રબળ સાધન તરીકે શરીરના સ્વાસ્થ્યની જરૂર છે એ નિર્વિવાદ વાત છે.

ગ્રામચિંતક નયસાર મહા વિશાળ જંગલમાં માણસો પાસે લાકડાં પડાવે છે ત્યારે એને સિંહ વાઘ કે વરૂની બીક લાગતી નથી, એ તો એની ફરજના ખ્યાલમાં મસ્ત છે અને છતાં આહાર લેવાનો વખત થાય છે ત્યારે ઉતાવળમાં પડી ન જતાં મુનિની—યાચકની શોધ કરે છે. આવી હૃદયની સ્વસ્થતા ભયંકર અટવીમાં સંસ્કારવાળા તંદુરસ્તને જ હોવી સંભવે છે. અન્ય તો જરૂરી લાકડાં કપાવી રસ્તે ચઢે અને ખાય તો ઉપર ઉપરથી અર્ધું ખાધું ન ખાધું કરી ગામ તરફ પાછા ફરે છે ત્યારે આ મજબૂત શરીરબળ મનોબળવાળો જીવાત્મા યાચકની શોધ કરે છે, શોધીને આનંદ પામે છે, પામીને તેમને સંતોષે છે, સંતોષીને સાંભળે છે, સાંભળીને આદરે છે, આદરીને માર્ગ બતાવે છે અને દેખે છે. ભયંકર જંગલમાં આવું ધૈર્ય રાખનાર દૃઢ સંસ્કાર વાળો આત્મા બાળ ઉમરમાં મરિચિ તરીકે સંસારને છોડી દેછે, પણ એનાથી સંસાર રૂચિનો ત્યાગ થઇ શકતો નથી ત્યારે દંભ ન કરતાં પોતાની અલ્પતા બતાવનાર વેશ ધારણ કરે છે. આવી રીતે પોતાના વર્ગની ટીકા સહન કરવાની શક્તિ પ્રાપ્ત કરવી એ પણ દૃઢ સંસ્કાર અને પોતાના નિર્ણયની સ્પષ્ટતા બતાવે છે.

એની શારીરિક શક્તિનો અને માનસિક સ્વાસ્થ્યનો ખરો ખ્યાલ તો આગળના ભવોમાં આવે છે. રાજગૃહ નગરમાં એ રાજાના નાનાભાઇનો પુત્ર વિશ્વભૂતિ નામે થાય છે ત્યારે ગાદી વારસ વિશાખાનંદી સાથેનો એનો પ્રસંગ બહુ વિચારવા લાયક બાબતો પૂરી પાડે છે. એને ક્રોધ ચઢતાં એ કોઠાનાં ઝાડને એક મુઠ્ઠી લગાવે છે તો એના બળથી બધા કોઠાંઓનો ઢગલો જમીનપર થાય છે, એજ બળનો સંસ્કાર એને ગાયના સંબંધમાં દીક્ષા લીધા પછી બતાવવાનો બને છે. ગાયને ઉપાડી આકાશમાં ફેંકનાર એ વિશ્વભૂતિનો જીવ ત્રિપૃષ્ટ વાસુદેવ તરીકે કેવા અદ્ભુત પરાક્રમ કરે છે તે વાંચતાં સદર સંસ્કારની વાત દૃઢ થાય છે. વગર હથિયારવાળા સિંહની સાથે હથિયાર છોડી લડનાર, એને જડબામાંથી પકડી ચીરી નાખનાર અને ચંડવેગ દૂતનો પરાભવ કરનાર એ પ્રતાપી વીર આગળ જતાં વીર નામને શોભાવે છે, એવા દૃઢ શરીર સંસ્કારો એને દેવના તાડ સ્વરૂપ પર મુઠ્ઠી લગાડાવી શકે છે, અને ભયંકર ઉપદ્રવો સહન કરી શકાવે છે, શૂલપાણિ, સંગમદેવ અને ચંડ કૌશિકના વાંચતાં ત્રાસ ખેદ ભય અને વિહ્વળતા કરે તેવા ઉપદ્રવો એને ખમવાની શક્તિ અપાવે છે અને સાડાબાર વર્ષમાં માત્ર ૩૪૯ દિવસ પારણા કરી બાકીના વખતમાં ઉગ્ર તપ તપવાની શક્તિ પ્રાપ્ત કરાવે છે.

શારીરિક દૃઢ શક્તિના સંસ્કારો આ જીવાત્માએ ગ્રહણ કર્યા. એનો સદુપયોગ અને દુરૂપયોગ બન્ને

થઇ શકત, પણ એનું સાધ્ય પ્રથમથી સ્પષ્ટ હોવાને લીધે અને માર્ગની વિષમતા છતાં એકધારા નિર્ણયને વળગી રહેવાની એમની અચળ ચીવટને લઇને એ સંસ્કારનો લાભ મળ્યો, સંસારયાત્રાની સફળતા થતી આવી અને પ્રગતિનો માર્ગ પછડાતાં અફળાતાં સીધો અને સરળ થતો ગયો.

સંસારની અનેક અસરો પરમાત્માના ચરિત્ર ઉપરથી જણાય છે. તેઓની પ્રકૃતિ પ્રથમથી સરળ પણ સત્યવક્તાની હોવી જોઇએ અને આદરેલ કાર્યને પહોંચી વળવામાં વિઘ્નોને લાત મારવાની હોવી જોઇએ એમ એમના જીવનના પ્રત્યેક પ્રસંગો વાંચતાં લાગ્યા વગર રહેતું નથી. એમનો ત્રિપૃષ્ટના ભવનો શય્યાપાલક સાથેનો પ્રસંગ વિચારતાં એમ જણાય છે કે એમના હુકમ ઉપર વિચાર કરવાનો હોય જ નહિ. એઓ જેમ કહે તેમ થવુંજ જોઇએ. આ સંસ્કાર પણ નયસારના ભવથીજ દેખાય છે અને મરિચિના ભવમાં દૃઢ નિર્ણય રૂપે દેખાઈ આવે છે. શય્યાપાળકે ગાયન સાંભળવાના રસમાં રાજ્યઆજ્ઞાને વિસારી તે કાંઈ આપણી નજરે ભયંકર ગુન્હો નથી લાગતો પણ દૃઢ નિર્ણયવાળાની આજ્ઞા એવી સ્પષ્ટ હોય છે કે એનાં આજ્ઞાધારકને વિચાર કરવાનું સ્થાનજ હોતું નથી. શય્યાપાળકના કાનમાં સીસું રેડવાનો હુકમ ભલે આકરો લાગે પણ એવા દૃઢ નિર્ણયવાળા આત્માઓજ ચંડકોશીઆને માર્ગે સીધા ચાલ્યા જાય અને એવા સંસ્કારવાળા હોય તેજ ઈંદ્રને જવાબ આપે કે તીર્થંકરો ઈંદ્રની કે ચન્દ્ર દેવની મદદથી મોક્ષ સાધતા નથી, એઓ તો પોતાના બળ ઉપરજ આધાર રાખે છે અને એવી દૃઢતા આત્મનિર્ણય અને પ્રબળ પુરૂષાર્થ એ એમને જન્મ સિદ્ધ હોય છે.

આ સંસ્કારની વાત આખા ચરિત્રમાં અનેક પ્રસંગે માલૂમ પડશે. એમને નીચગોત્ર બાંધવાનો પ્રસંગ અને એનાં પરિણામો એમને સંસાર સાથે સંબંધ હોવા છતાં નયસારના ભવથી માંડેલી સહજ ઉદાસીનતા, એમનો ક્રમસર વધ્યો જતો ત્યાગનો સંસ્કાર અને એમની આત્મિક વૃત્તિને વિશાલભાવમાં દાખવે છે. એમણે સ્થૂળ અને અંતરંગ મહાન તપો કર્યાં છે તે વાંચતાં વિચારમાં નાખે તેવાં છે અને તે સંસ્કારની શરૂઆત પણ નયસારના ભવથીજ થાય છે. ત્યાગ ધર્મની શરૂઆત દાનથી થાય છે અને દાન માટે પર્યાય શબ્દ 'ત્યાગ' વપરાય છે તેનો એજ આશય છે. પ્રાણીને પ્રગતિ કરવા માટે છેવટે સર્વ ત્યાગ કરવો પડે છે. પણ એની મીઠી શરૂઆત પ્રથમ દાન દેવાથી થાય છે. ધન્ય કે ધાન્ય અથવા પોતાની બીજી માલકીની ચીજો ઉપરથી મોહ ઉતરતાં ઉતરતાં આખરે શરીર પરનો મોહ પણ છૂટી જાય છે અને પછી અંતરંગના રિપુઓ કામ ક્રોધાદિ પરનો મોહ જાય છે. ખુદ મોહરાયના પાસમાંથી પછી છૂટાય છે અને એ રીતે પ્રગતિ થાય છે. આ સંસ્કાર આવી રીતે વિકાસ પામે છે. ત્યાગ–દાનથી શરૂ થયેલો સંસ્કાર આખા ચારિત્રમાં પ્રગતિ સાથે વિકાસ પામતો જાય છે તે પરમાત્માના ચરિત્રમાં ખાસ દેખાય છે.

વ્યક્તિગત સંસ્કારનાં અનેક દૃષ્ટાન્તો શ્રી મહાવીર પરમાત્માના ચરિત્ર પરથી આપણને પ્રાપ્ત થાય છે તે આપણે જોયું. પ્રત્યેક જીવનનો જે વિકાસક્રમ હોય છે તેમાં અમુક અમુક મનોવિકારને પ્રાધાન્ય મળે છે અને તે પ્રત્યેકના ચરિત્રમાં લાંબી નજરે જોઇએ તો જરૂર દેખાઇ આવે છે. એક ભવના કે વર્ષના પરિચયથી જે ખુલાસાઓ સમજાતા નથી અથવા ભૂલ ભુલામણીમાં પડી જવાય છે તે આખા વિશાળ ભવચરિત્રમાં દેખાઇ આવે છે. અમુક દુર્ગુણમાં પડેલા કે સમાજથી બહિષ્કૃત થયેલા કે થવા યોગ્ય પ્રાણીને સોનાની ચકલી ઉડાડતા જોઇ જે અન્યાય દેખાય છે તે જ્યારે તેનો પૂર્વ વૃત્તાંત જોઇએ જાણીએ ત્યારે ગળે ઉતરી જાય છે. વર્તમાન સારી ખરાબ સ્થિતિની પાછળ લાંબો ઇતિહાસ રહેલ હોય છે અને તેની વિગત અને ન્યાયશીલતા સમજવા માટે શ્રી વીરપ્રભુનાં કે સમરાદિત્યનાં, પૃથ્વી ચંદ્ર ગુણસાગરનાં કે શાંતિનાથ મહારાજનાં અદ્ભુત ચરિત્રો વાંચવાની જરૂર છે અને એનો નિયમસર અભ્યાસ કથાદ્વારા શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા જેવા સમર્થ ગ્રંથો પૂરો પાડે તેમ છે. શ્રી વીર પરમાત્મા મેરૂ પર્વતને જમણા પગના અંગુઠાથી દાબે અને પર્વત થરથરે એ બનાવનો મેળ એમના આગલા ભવોનાં વૃત્તાંત સાથે બરાબર બંધ બેસતો આવે છે.

મારચિના ભવથી જોઇએ તો એમનામાં સ્વત્વવ્યક્તીકરણ પ્રકટ દેખાય છે. ત્રિપૃષ્ટના ભવમાં એ બહુ ઉગ્રાકું રૂપ લે છે અને એનો છેલ્લો પરિપાક મેરૂ કંપનમાં નિશાળગરણા પ્રસંગે ગુરૂ પાસે વ્યાકરણના પાઠો બોલી જવામાં અને ઇંદ્રને જવાબ દેવામાં પ્રકટ થાય છે. સ્થૂળ હકીકત સૂક્ષ્મ થઇ છેવટે સારો આકાર ધારણ કરતી જાય છે. સંસારમાં રખડાવનારા મનોવિકારો પ્રશસ્ત માર્ગે દોરાતાં પુણ્ય સંચય અને કર્મ નિર્જરાનાં કારણો બને છે અને છેવટે એ આકરો આગ્રહ મોક્ષ સન્મુખ એ મહા પ્રતાપી આત્માને લઈ જાય છે અને પછી સ્વવીર્યના જોરે એ મોક્ષ પ્રાપ્ત કરે છે. વીર પરમાત્મા ગર્ભમાં સ્થીર રહે છે ત્યાં પણ એમનું વ્યક્તિત્વ આવિર્ભાવ પામે છે અને ગૌતમ ઇંદ્રભૂતિને વેદનાં વાક્યોથી માર્ગ પર લાવે છે ત્યાં તો એ સાનંદાશ્ચર્ય કરાવે છે. વીર પરમાત્માના પૂર્વ ભવ વિચાર્યા હોય તો તેઓ એજ રીતે કામ લે એમ લાગ્યા વગર રહેશે નહિ: જે દૃઢ નિર્ણયથી એ સિંહને ડાચામાંથી પકડી ચીરી ફેંકી દેછે તેજ નિર્ણય અને ચીવટથી એ ઘોર તપસ્યા કરી શકે છે; જે પ્રેમથી એ નવીન ઉપદેશ પામેલાને ભગવાન સન્મુખ મોકલે છે તેજ પ્રેમથી એ ભાઇના આગ્રહે બે વર્ષ ઘેર રહે છે અને તે પ્રેમ વિશિષ્ટ સ્વરૂપ પામે છે ત્યારે એનો પરિપાક શ્રેણીકાદિના ઉપદેશ અને ગૌતમાદિના ફેર પાટલાનું કારણ બને છે.

પિતાથી પ્રદક્ષણા પામેલ એ ધીરસત્વ જે જોરથી અને ગૌરવથી ચપટી વગાડે છે તેજ સંસ્કાર એમના વિશ્વભૂતિ આદિભવોમાં પ્રકટ થાય છે. એમની અથાક શક્તિ જેમ પ્રગતિ પહેલાં સંસારના લાભ માટે થાય છે તેમજ તેમની એજ બાબત છેવટે સંસારને જોરથી છોડવાનું કારણ બને છે. ત્યાગ ધર્મની તેમણે જે શરૂઆત નયસારના ભવથી કરી તે વિશ્વભૂતિના ભવમાં મધ્યમ દશાએ આવે છે, નંદન મુનિના ભવમાં મધ્યમમાં ઉત્કૃષ્ટ દશાએ આવે છે અને ચરમ ભવમાં પરિપૂર્ણ ઉત્કૃષ્ટ દશાએ આવે છે.

સંસ્કારી જીવન આવી રીતે આગળ વધતાં જાય છે. એમને આગળ વધવાના પ્રસંગો એમના ઉપસ્થિત કરેલા આજુબાજુના પ્રસંગોપર આધાર રાખે છે પણ એ વાતાવરણ ઉત્પન્ન કરનાર એમનો પ્રબળ પુરૂષાર્થ છે. એ આવો કાર્યસાધક કારણસમાજ કેવી રીતે ગોઠવાય છે અને કેમ વિપાક બતાવે છે અને કેવાં પરિણામ નીપજાવે છે તે બહુ વિચારવા લાયક પ્રશ્ન છે પણ અત્યારે અપ્રસ્તુત છે. એવા વાતાવરણમાં પણ પ્રત્યેક વ્યક્તિનું વ્યક્તિત્વ જરૂર દેખાઇ આવે છે, એમનાં બાળ કાળનાં વલણો તરી આવે છે, સ્થૂળ બાબતો આધ્યાત્મિક રૂપકો લે છે, પણ એમાં વ્યક્તિત્વ તો ચોક્કસ દેખાયા વગર રહેતું નથી. કોઈ પણ ચરિત્રપર સામાન્ય વાંચકની દૃષ્ટિ વાર્તા જાણવાની હોય છે એમાં કાંઇ ખોટું નથી. એ રીતે જ પ્રગતિ થાય છે. પણ એથી વધારે આગળ વધવાની અનુકૂળતા હોય ત્યારે ચરિત્રમાંથી રહસ્ય તારવવું અને પોતાના આદર્શ સાથે એ ચરિત્ર બંધ બેસતું હોય તો તેનો સ્વીકાર કરવો. પ્રત્યેક ચરિત્ર પ્રત્યેક વ્યક્તિ માટે, આદર્શભૂત હોતું નથી, પણ સમજવા માટે અભ્યાસ માટે તે મજબૂત ભૂમિકા પૂરી પાડે છે. અનુકરણ માટે પોતાના વલણને અનુકૂળ ચરિત્ર હોય તેનીજ પસંદગી કરવી યોગ્ય ગણાય છે. નિવૃત વૃત્તિવાળો ઉપાધ્યાય શ્રી યશોવિજયના ચરિત્રની વિચારણા કરે તો તેને અનુકરણીય આદર્શ મળવો દુર્લભ થાય તેમ સમાજ સાધવાની આવડત લાયકાત અને ભાવનાવાળો પુરૂષ આનંદઘનજ મહારાજના ચારિત્રમાંથી ઘણી અનુકરણીય વાતો કદાચ ન મેળવી શકે તો તેમાં ચરિત્રનો દોષ નથી પણ વ્યક્તિગત વલણના અને અધિકારભેદના વિચિત્ર રૂપાંતરોની એ વાતો છે.

પણ આવી વિશિષ્ટ ગૈવણના કરવાનો અધિકાર સર્વને પ્રાપ્ય નથી અને પ્રાપ્ત થતો પણ નથી. એવી બાબતમાં આદર્શ સ્પષ્ટ, અંતરાત્માનો નિર્વિકાર જવાબ અને લોકૈષણા ઓછી થઇ ગઇ હોય ત્યારેજ આ બાબતના જવાબો અંદરથી મળે છે, પણ એ નિર્ણય માટે ઘણી વિચારણા, બની શકતો અભ્યાસ અને ખાસ કરીને આત્મ નિરીક્ષણની જરૂર છે. વ્યવહારૂ રીતે પરમાત્માનું સંસ્કારીજીવન અનેક પ્રાણીને આદર્શ પૂરાં પાડે તેવું છે અને વિચારીને સમજવા યોગ્ય છે, સમજીને અનુકરણ યોગ્ય છે, અનુકરણ કરીને જીવવા યોગ્ય છે, ભાવવા યોગ્ય છે, વહેવા યોગ્ય છે.

મોતીચંદ.

भगवान महावीरका जीवनचरित।

[बम्बईका महावीरजयन्तीके उत्सव पर जैनहितैषीके सम्पादक श्रीयुत नाथूराम प्रेमीका एक व्याख्यान हुआ था, जिसका सार भाग यहाँ दिया जाता है।]

यह बड़ी ही प्रसन्नता की बात है कि भगवान महावीर तीर्थंकरका जन्मोत्सव मनानेकी ओर जैनसमाजकी रुचि दिनों दिन बढ़ रही है और अब शहरोंके अतिरिक्त कसबों और ग्रामोंमें भी 'महावीर-जयन्ती' मनाई जाने लगी है। पर इस उत्सवके समय यह बात बहुत ही खटकती है कि जिनकी स्मृतिके लिए ये सारे आडम्बर रचे जाते हैं और जो जो इस उत्सवके मूल हैं, उन भगवान महावीरका अभी तक कोई ऐसा जीवनचरित नहीं लिखा गया है जो इस समयकी दृष्टिसे जीवनचरित कहा जा सके और जिसे पढ़कर लोग भगवानके कीर्तिकलापोंका वास्तविक परिचय प्राप्त कर सकें। यह कमी उस समय और भी अधिक चुभती है, जब उत्सवके प्लेटफार्म पर आकर अच्छे अच्छे शिक्षित कहलानेवाले भी भगवानके विषयमें ऐसी ऐसी बेतुकी हाँक जाते हैं, जिन्हें सुनकर जैनधर्मका साधारण स्वरूप समझनेवालोंको भी हँसी आये विना नहीं रह सकती। इसका कारण और कुछ नहीं, एक अच्छे जीवनचरितका अभाव है।

महात्मा गौतम बुद्ध भगवान महावीरके ही समयमें हुए हैं। वे एक तरहसे भगववानके प्रतिस्पर्धी थे। यद्यपि आज भारतमें बौद्ध धर्मके माननेवाले नहीं हैं, तो भी उसके प्रवर्तक बुद्धदेवके विषयमें यहाँवाले जितना जानते हैं, उसका शतांश भी इस जीते जागते जैनधर्मके तीर्थंकरके विषयमें नहीं जानते। और तो क्या स्वयं जैनोंका शिक्षित समुदाय भी इस विषयमें अधिक जानकारी नहीं रखता। इसका कारण यही है कि आज संसारकी शायद ही कोई ऐसी श्रेष्ठ भाषा हो जिसमें बुद्धदेवके एकाधिक जीवनचरित न लिखे गये हों; परन्तु पृथिवीकी किसी भी भाषामें भगवान महावीरका एक भी ऐसा जीवनचरित नहीं है, जो सर्वांगपूर्ण हो और जिससे जैन अजैन सभी लाभ उठा सकें।

यही कारण है जो अभीतक संसार इस अद्वितीय महापुरुषकी वास्तविक महत्तासे अपरिचित है और उन महात्माओंकी नाम मालिकामें—जो युगप्रवर्तक कहलाते हैं, जिन्होंने संसारको कोई न कोई अपूर्व पाठ पढ़ाया है—इनका नाम बहुत कम शामिल किया जाता है। यदि हममें कुछ आत्माभिमान है, अपने मार्गप्रवर्तकके विषयमें हम कुछ आदर-बुद्धि रखते हैं तो हमारे लिए यह सचमुच ही लज्जाकी बात है।

मैं यह नहीं कहता कि अभीतक इस विषयमें कोई प्रयत्न ही नहीं हुआ है। नहीं, कुछ सज्जनोंने इस दिशामें कुछ प्रयत्न किया है और उन्हें थोड़ी बहुत सफलता भी प्राप्त

हुई है। इनमे 'महावीरजीवनविस्तार' नामक गुजराती पुस्तकके लेखक श्रीयुत भीमजी हरजीवन परीख (सुशील) महाशयका नाम विशेष उल्लेखनीय है। आपने बड़े ही अच्छे ढंगसे, बड़ी ही गंभीरतासे भगवानके आन्तर चरित्रका विश्लेषण किया है और भगवानकी लोकोत्तरता पर बहुत ही प्रभावशाली प्रकाश डाला है। जैन कान्फरेंस हेरल्डके सम्पादक श्रीयुत मोहनलालजी देसाई बी. ए. एल. एल. बी. ने आपने पत्रके दो विशाल अंक (महावीर अंक) निकाल कर जीवनचरितसम्बन्धी सामग्रीका एक अच्छा संग्रह तैयार कर दिया है, जिससे भविष्यके लेखक बहुत बड़ी सहायता प्राप्त कर सकते हैं। 'लाइफ ऑफ महावीर' नामका एक अँगरेजी जीवनचरित खण्डवेके प्रसिद्ध वकील श्रीयुत बाबू माणिकचंद्रजी जैनीने आजसे कोई १०-११ वर्ष पहले प्रकाशित किया था। इनके सिवाय और भी कुछ लेख और व्याख्यानादि समाचारपत्रोंमें प्रकाशित हुए हैं, जिससे भगवानके जीवनकी बहुत कुछ बातें मालूम हो सकती हैं। परन्तु अभी तक ऐसा प्रयत्न एक भी नहीं हुआ है जो इस महान कार्यकी दृष्टिसे गणनीय समझा जा सके।

श्वेताम्बर सम्प्रदायके आचारांग सूत्र तथा कल्प-सूत्रमें और दिगम्बर सम्प्रदायके महापुराणादि ग्रन्थोमें भगवानका थोडासा जीवनचरित मिलता है; परन्तु इस समयके लोगोंका उससे काम नहीं चल सकता। उनके लिए आधुनिक ढंगसे लिखा हुआ, ऐतिहासिक प्रमाणोंसे परिपूर्ण बुद्धिगम्य चरित चाहिए और उसीकी ओर चित्त आकर्षित करना मेरे इस व्याख्यानका उद्देश्य है।

श्रमण भगवान महावीरके जीवनचरितको लिखनेका काम बहुत कठिन है। इसमें हर कोई हाथ नहीं डाल सकता। इसके लिए अश्रान्त परिश्रमशीलता, अध्यवसाय, विशाल ज्ञान, विस्तृत अनुभव, सच्ची श्रद्धा, और धार्मिक मर्मज्ञता तो चाहिए ही, साथ ही पक्षपात शून्य अन्वेषण और विश्लेषणकी शक्ति भी चाहिए। न इस कार्यको अन्ध श्रद्धालु कर सकते हैं और न केवल अनुभवहीन बुद्धिवादी। किसी कट्टर दिगम्बर या श्वेताम्बरका भी यह काम नहीं है। दिगम्बर-श्वेताम्बर और बौद्ध साहित्य-समुद्रका जब वर्षोंतक मन्थन किया जायगा, तब कहीं इस महर्घ्य रत्नका उद्धार हो सकेगा। एक दो आदमियोंका भी यह काम नहीं। अनेक विद्वानोंके एक ही ओरके सतत प्रयत्नसे इसकी सिद्धि होगी।

इस काममें हमें बौद्धग्रन्थोंसे बहुत ही मूल्यवान् सहायता प्राप्त होगी। इस सम्प्रदायके अनेक प्राचीन ग्रन्थोंमें 'निग्गण्ठ नातपुत्त महावीर' का तथा और और मतप्रवर्तकोंका जिक्र है। उस समयकी धार्मिक परिस्थितियोंका और जैनधर्मके साथ बौद्धधर्मकी किन किन अंशोंमें समानता है तथा उस समानताके कारण क्या हैं, आदि बातोंका भी बौद्धग्रन्थोंसे बहुत कुछ ज्ञान हो सकेगा।

ब्राह्मणधर्मके उन पुराणोंसे भी—जो उस

समय या उससे पीछे बने हैं—बहुत कुछ सहायता मिल सकेगी।

अब हम कुछ ऐसी बातोंका वर्णन करेंगे, जो भगवानके जीवनचरितमें बहुत ही महत्त्व की हैं और जिन पर ध्यान देना चरितलेखकों के लिए बहुत ही आवश्यक है।

१—भगवानके जीवनमें सबसे अधिक विवादका विषय उनके निर्वाणका समय है। यद्यपि हम सब लोग—दिगम्बर श्वेताम्बर स्थानकवासी—आज निश्चित रूपसे यह मानने लगे हैं कि भगवानका निर्वाण विक्रम संवतसे ४७० वर्ष पहले हुआ था, अर्थात् आजसे २४४३ वर्ष पहले भगवान मोक्षको पधारे थे और इसी हिसाबसे हम उनके निर्वाणसंवतका उपयोग भी करने लगे हैं। परन्तु वास्तवमें विचार किया जाय, तो अभी तक यह समय अच्छी तरहसे निर्णीत नहीं हुआ है। प्रायः सभी देशी और विदेशी विद्वानोंको इसमें संदेह है। अभी कुछ ही समय पहले श्रीयुत बाबू काशीप्रसाद जायसवाल एम ए. बारएटला. ने पाटलिपुत्रमें लिखा था "कि इस समय जैनोंमें जो निर्वाण संवत प्रचलित है, वह ग़लत है। उसमें १८ और जोड़ना चाहिए। क्योंकि विक्रमके जन्म और राज्याभिषेकमें १८ वर्षका अन्तर है और जैनोंके यहां विक्रम संवतकी जो गणना है, वह राज्याभिषेकके समयसे मानी गई है। पर वर्तमान जैनोंने इस संवतके हिसाबमें उक्त १८ वर्ष छोड़ दिये हैं। बौद्ध ग्रन्थोंमें लिखा है, कि जब बुद्ध भगवान शाक्य भूमिको जा रहे थे, तब उन्होंने देखा कि पावामें नातपुत्त महावीरका निर्वाण हो गया है। अर्थात् बुध्धदेवसे उनका निर्वाण पहेले हो चुका था और बुध्धदेवका निर्वाण संवत इस समय लंका, श्याम, बर्मा आदि देशोंमें २४६० माना जाता है। अतः यदि इस समय हम महावीरका निर्वाणसंवत २४६१ न मानेंगे तो फिर यह सिध्ध होगा कि बुध्धदेवका निर्वाण जिनदेवसे पहले हो चुका था, जो कि ठीक नहीं है।" प्रसिध्ध इतिहासज्ञ मि० विन्सेंट स्मिथ भी कहते हैं, कि महावीरका निर्वाण विक्रमसे ४७० वर्ष पहले मानना भ्रमपूर्ण है। चार्ल्स पेंटियर नामके एक साहब अनेक प्रमाण देकर यह सिद्ध करते हैं कि महावीरका निर्वाण विक्रमसे ४१० वर्ष पहले हुआ था। प्रो० जैकोबोने भी कल्पसूत्रकी भूमिकामें इसी समयको ठीक माना है और इस विषयमें अनेक प्रमाण दिये हैं। आचार्य मेरुतुंगकी 'विचार श्रेणीके' अनुसार ४७० वर्ष ठीक होते हैं, पर इसका चार्ल्स पेंटियरने इंडियन एण्टिक्वेरीके जून जुलाई और अगस्त (१९१२) के अंकोंमें बड़ी अच्छी युक्तियोंसे खण्डन किया है। डाक्टर हरनल भी उस समयको कल्पित मानते हैं। त्रैलोक्यसारकी एक गाथामें आचार्य नेमिचंद्रने भी, शक संवतसे ६०५ वर्ष पहले अर्थात् विक्रमसे ४७० वर्ष पहले भगवानका निर्वाण माना है:—

पण छस्सय वस्सं पण मासजुदं गमिय
वीर णिव्वुयदो।
सग राजादो कक्की चदु णव तिय महिय
सग मासं॥

अर्थात महावीर भगवानके निर्वाणके ६०५ वर्ष और पाँच महीने पीछे शक (शालिवाहन) राजा हुआ और उसके ३९६ वर्ष ७ महीने पीछे कल्कि हुआ। गरज यह कि इस विषयमें बहुत ही मतभेद है और उसको मिटाकर–सब विरोधोंका परिहार करके एक मत स्थापित करनेकी बहुत बड़ी आवश्यक्ता है।

२–दिगम्बर और श्वेताम्बर सम्प्रदायमें भगवानके जो चरितग्रन्थ मिलते हैं, उन सबका तुलनात्मक पद्धतिसे अध्ययन करना चाहिए। ऐसी बहुतसी बाते हैं जो दोनों सम्प्रदायमें एक दूसरेसे विरुद्ध हैं। अवश्य ही इन दोनो सम्प्रदायोंकी मानताओंमें भेद होना अस्वाभाविक नहीं है; परन्तु कई बातें ऐसी हैं जिनका साम्प्रदायिक मानताओंसे कुछ भी सम्बन्ध नहीं है। जैसे दिगम्बर सम्प्रदायके ग्रन्थ कहते हैं, कि भगवान महावीर बालब्रह्मचारी थे, उनका विवाह नहीं हुआ और वे अपनी माताके अकेले पुत्र थे। परन्तु श्वेताम्बर सम्प्रदायके कल्पसूत्रमें लिखा है कि उनके नन्दिवर्धन नामके एक भाई और सुदर्शना नामकी एक बहिन भी थी। यशोदा नामकी राजकन्याके साथ उनका विवाह हुआ था और उससे उन्हें प्रियदर्शना नामकी एक कन्या हुई थी। मेरी समझमें यह ऐसा मतभेद नहीं है जो किसी खास साम्प्रदायिक सिद्धान्तके कारण हुआ हो। दिगम्बर सम्प्रदाय अपने अन्यान्य तीर्थंकरोंको विवाहित ओर सन्तानवान मानता है। ऋषभदेवके दो पुत्रियाँ और भरत बाहुबलि आदि पुत्र हुए थे, यह प्रसिद्ध ही है। तब इन्हींके विषयमें इन्कार करनेकी कोई आवश्यकता नहीं थी। अवश्य ही इसका और कोई कारण है। गर्भमें आनेके समय भगवानकी माताको स्वप्न होते हैं। ये स्वप्न श्वेताम्बर ग्रन्थोंमें चौदह और दिगम्बर ग्रन्थोंमें सोलह माने हैं। तेरह दोनोंके एकसे मिलते हैं। श्वेताम्बर सम्प्रदायमें ' ध्वजा ' अधिक है और दिगम्बर सम्प्रदायमें मत्स्य-युगल, सिंहासन और नागेन्द्रभवन ये तीन अधिक हैं। श्वेताम्बर सम्प्रदायके अनुसार भगवानने दीक्षा लेनेके पहले ३८८ करोड ८० लाख स्वर्ण मुद्राओंका दान किया था। पर इसका दिगम्बर ग्रन्थोंमें उल्लेख नहीं है। श्वेताम्बर सम्प्रदायके अनुसार महावीर भगवानको दीक्षा लेनेके बाद बहुत बड़े बड़े कष्ट सहन करने पड़े हैं, पर दिगम्बर ग्रन्थ इस विषयमें मौन धारण करते हैं। इस तरहके और भी अनेक मतभेद हैं जिनके मूलका पता लगानेकी आवश्यकता है। कल्पसूत्रमें भगवान महावीरका जो जीवनचरित लिखा है, उसकी अनेक घटनाएँ गौतमबुद्धके चरितसे मिलती हैं। इसपर एक विदेशी लेखकने यह अनुमान किया है कि जैन लोग अपने तीर्थंकरके अधिकांश जीवनवृत्तांतको भूल गये थे। बहुत समयके बाद इन्होंने इसे बुद्धचरितके आधारसे गढ़ लिया है। इस अनुमानको दृढ़ करनेके लिए यह कहा जाता है, कि विक्रम संवतके पहलेका एक भी जैन-

ग्रन्थ नहीं मिलता है। श्वेताम्बर सम्प्रदायके सूत्रग्रन्थ निर्वाणसे लगभग हजार वर्ष पीछे पुस्तकारूढ हुए हैं। मेरी समझमें भगवानके चरितमें इस आक्षेपका सप्रमाण समाधान किया जाना चाहिए।

३–जीवनचरितमें भगवानके समयके सम्राटोंका, राजाओंका और धर्माचार्योंका अथवा दूसरे शब्दोंमें देशकी राजनीतिक, सामाजिक और धार्मिक परिस्थितियोंका परिचय अवश्य दिया जाना चाहिए। किसी जैन ग्रन्थके आधारसे मि० जायसवालने लिखा है, कि भगवानके पिता सिद्धार्थ पंचायतीराज्य या गणराज्यके ठाकुर थे। आज कल जिसे प्रजासत्तात्मक राज्यप्रणाली कहते हैं, उसे ही उन दिनों गणतंत्र कहते थे। इस बातके और भी कई प्रमाण मिले हैं। कौटिल्य (चाणक्य) ने अपने अर्थशास्त्रमें इस शासनप्रणालीका उल्लेख किया है। जनसाधारणके स्वत्वोंकी रक्षा करनेवाली और एकहत्थी शासनकी विरोधिनी इस राज्यप्रणालीसे हम उस समयकी उन समता स्वाधीनताकी भाव-तरंगोंका अनुमान कर सकते हैं जो उस समयकी जनतामें लहराती थीं और जिन्होंने आगे चलकर संसारको भगवान महावीर और बुद्धदेव जैसे महान् समतातत्त्व प्रचारक रत्न भेट किये। सिध्धार्थका मगधके प्रसिद्ध राजवंशसे सम्बन्ध था। श्रेणिक और कुणिक अर्थात बिम्बसार और अजातशत्रु उस समय बहुत प्रसिद्ध राजा हुए हैं। इनमें कुणिक शायद जैनधर्मका द्वेषी था। इसका उल्लेख बौद्ध ग्रन्थोंमें भी मिलता है। गणतंत्रसे जिस प्रकार यह अनुमान होता है कि उस समय राजक्रांति हुई होगी, उसी प्रकार कुछ प्रमाणोंसे यह भी मालूम होता है, कि उस समय धार्मिक जगतमें भी बड़ी भारी उत्क्रांति हो रही थी। पुराने ब्राह्मणप्रधान धर्मसे लोगोंको अरुचि हो गई थी और उसके विरुद्ध अनेक दार्शनिक विद्वान खड़े हुए थे। दिव्यावदान आदि बौद्धग्रंथोंसे पता लगता है कि उस समय महावीर और बुद्धदेवके समान और भी कई दार्शनिक अपने अपने सिद्धांतोंका प्रचार कर रहे थे। महावीरके समान ये सब भी अपनेको तीर्थंकर कहते थे। एक तीर्थंकरका नाम था 'मंखलि गोशाल'। श्वेताम्बर ग्रंथोंके अनुसार यह पहले महावीर भगवानका शिष्य था, पीछे उनका विरोधी हो गया था। 'आजीवक' नामके एक नये मतका यह प्रवर्तक था। इसका शिष्यसमुदाय उस समय महावीर भगवानके शिष्य समुदायसे भी अधिक था। साम्राट् अशोकने अपने शिलालेखोंमें भी इस मतका उल्लेख किया है। बुद्धदेवके साथ इसका एक वार विवाद हुआ था। यह भी जीवदयाका प्रचारक था और इसके साधु भी नग्न रहते थे। दूसरा तीर्थंकर 'पूरन कश्यप' था। यह भी नग्न रहता था। लिखा है कि इसके ५०० से अधिक शिष्य थे। दिगम्बराचार्य देवसेनने अपने दर्शनसार नामक ग्रन्थमें इन दोनोंका–मंखलि

गोशाल और पूरन कश्यपका–उल्लेख किया है।

सिरि वीरणाह तित्थे बहुस्सुदो पाससंघ-
गणिसीसो।
मक्कडि पूरणसाहू अण्णाणं भासए लोए॥२१॥

अर्थात श्रीवीर भगवानके तीर्थमें, पार्श्वनाथ तीर्थंकरके संघके शिष्य, बहुत बड़े विद्वान, मंखलि और पूरन नामके साधु हुए, जिन्होंने संसारको अज्ञानमें डुबाया।

इन दोनोंके सिद्धान्तोंका भी 'दर्शनसारमें उल्लेख है, जिससे मालूम होता है कि ये पुनर्जन्म नहीं मानते थे, एक शुद्ध बुद्ध ईश्वरको जीवलोकका कर्ता मानते थे, और ब्राह्मणादि वर्णोंको माननेसे इन्कार करते थे।

तीसरा तीर्थंकर 'अजित–केश कंबलि' था। यह एक वस्त्र पहिनता था और सिर मुँडाये रखता था। चौथे तीर्थंकरका नाम 'पकुध कच्चायन' था। जीवहिंसासे बचनेके लिए यह अपने शिष्योंसहित उष्णजलका पान करता था। पाँचवेंका नाम 'संजय बेलट्ठि पुत्र' था। इन सब तीर्थंकरोंके एक साथ होनेसे इस बातका अनुथान होता है कि उस समय यहाँके धार्मिक जगतमें कितनी बडी उथल–पाथल मच रही थी। जान पडता है कि उस समयकी ब्राह्मणप्रधानता, यज्ञादि क्रियाकाण्डोंकी निरर्थकता, जीवहिंसाकी अधिकता और अन्धश्रद्धा लोगोंको असह्य हो चुकी थी और इन्हीं सब बातोंका विरोध करनेके लिए इन अनेक तीर्थंकरोंका आविर्भाव हुआ था। भगवानके जीवनचरितसे इन सब बातोंका घनिष्ठ सम्बन्ध है। उन सबके सिद्धान्त क्या थे, वे परस्पर कितनी भिन्नता रखते थे, उनमें ऐसि कौनसी त्रुटियां थीं जो उनके शासन लुप्त हो गये और भगवान महावीरकी शिक्षामें ही ऐसी क्या विशेषताए थीं, जिनसे उनका शासन आजतक जीवित है। इन सब बातोंकी चर्चा करनेसे भगवानके जीवन पर महत्त्वका प्रकाश पडेगा।

४–जैनग्रन्थोंके कथनानुसार भगवान महावीरके निर्वाणसे २५० वर्ष पहले पार्श्वनाथ भगवानका निर्वाण हुआ था। महावीर स्वामीके समयमें पार्श्वनाथकी शिष्यपरम्परा मौजूद थी। श्वेताम्बर सम्प्रदायमें इनकी नामावली मिलती है। स्वयं महावीर भगवानके मातापिता पार्श्वनाथ तीर्थंकरके उपासक थे। दिगम्बराचार्य अमितगतिने धर्मपरीक्षामें लिखा है कि बुध्धदेवका शिष्य मौद्गलायन तपस्वी पहले पार्श्वनाथकी शिष्यपरम्परामें था। आचार्य देवसेनने बुध्धदेवको पार्श्वनाथके तीर्थमें होनेवाले पिहितास्रव नामक जैनसाधुका शिष्य बतलाया है और मंखलिगोशाल तथा पूरनसाधुको भी पार्श्वनाथके संघका शिष्य बतलाया है। इससे यह मालूम होता है कि महावीर स्वामीसे भी पहले जैनधर्म था; परन्तु उसका क्या स्वरूप था और महावीर भगवानने उसमें क्या संस्कार–संशोधन या परिवर्तन किया, तथा उसमें ऐसी कौनसी जान डाल दी कि जिसके कारण वे तीर्थंकर

कहलाये। इन बातोंपर प्रकाश डालनेकी बहुत बडी जरूरत है और इनका भगवानके जीवनसे घनिष्ठ सम्बन्ध है।

८—संसारमें जितने धर्म हैं उन सबके इतिहाससे यह बात मालूम होती है कि देश-कालकी परिस्थितियोंके अनुकूल उन सबमें धीरे धीरे अनेक परिवर्तन होते रहे हैं। महात्मा बुध्धदेवके समयमें बौद्ध धर्मका जो स्वरूप था, वह इस समयके बौद्धधर्मसे बहुत भिन्न है। तब यह भी मानना पडेगा कि इन ढाई हजार वर्षोंमें जैनधर्ममें भी कुछ न कुछ परिवर्तन अवश्य हुआ होगा। अतः भगवानका जीवन-चरित लिखते समय हमें वर्तमान जैनधर्म पर नहीं, किन्तु उस समयके जैनधर्मपर दृष्टि रखनी होगी और मेरा विश्वास है कि उससे भगवानका महत्त्व और भी अधिक उज्ज्वल रूपमें दिखलाई देगा। अतएव इस बातकी खोज होनी चाहिए कि उस समयका जैनधर्म आजकलके जैनधर्मसे कितना भिन्न था। इस भिन्नता विषयक शंकाके अनेक कारण है। एक तो भगवानके समयके ग्रन्थोंका अभाव है। श्वेताम्बर सम्प्रदायके आगम या सूत्रग्रन्थ सुधर्मास्वामी और भद्रबाहुस्वामी आदिके रचे हुए बतलाये जाते हैं; परन्तु वे देवर्धिगणि क्षमाश्रमणके समयमें वीर नि० संवत ९८० के लगभग पुस्तकारूढ किये गये हैं। इस लिए यह दृढतापूर्वक नहीं कहा जा सकता कि यह सुधर्मा स्वामी आदिकी याथातथ्य रचना है और इसमें समयानुसार कुछ परिवर्तन नहीं किया गया है। सबकी भाषा जुदा जुदा तरहकी है, रचनाशैलीमें भी अन्तर है और एक आगमसे दूसरे आगमकी बहुत सी बातें मिलती नहीं। जैसे समवायांग सूत्रमें आचारांगसूत्रके अध्ययनोंकी जो संख्या और क्रम दिया है वह वर्तमान आचारांग सूत्रमें नहीं है। कल्पसूत्र श्रुतकेवली भद्रबाहुका बनाया हुआ कहलाता है; परन्तु उसमें जो स्थविरावली या गुरुपरंपरा दी है, वह भद्रबाहुसे लगभग आठ सौ वर्ष पीछे तककी दी हुई है। गरज यह कि उक्त आगम या सूत्रग्रन्थ भगवानके समयके धर्मके निश्चित प्रमाण नहीं माने जा सकते। इनके सिवाय जो जैनग्रन्थ मिलते हैं वे प्रायः विक्रमके बादके हैं। इसके पहले ५०० वर्षोंका कोई भी ग्रन्थ अभी तक उपलब्ध नहीं हुआ है। विक्रमके बादके जितने ग्रन्थ हैं उनमें श्वेताम्बरत्व या दिगम्बरत्वकी छाप लगी हुई है। क्यों कि उस समय इन दोनों सम्प्रदायोंका जन्म हो चुका था, इस लिए बहुत संभव है कि दोनोंके सम्प्रदाय मोहका प्रभाव उनकी रचना पर भी पड़ा हो। इसके सिवाय जैनधर्मने गत ढाई हजार वर्षोंमें न जाने कितने कितने दुःख सुख सहे हैं। कितनी कठिनाइयाँ पारकी हैं और कितने संकटोंसे बचकर अपना अस्तित्व कायम रक्खा है। अतः यह संभव नहीं कि इन सुखदुःखके समयोंमें इसके संचालकोंने इसकी रक्षाके लिए इसका थोडा बहुत रूप न बदला हो।

क्रियाकाण्डोंकी विपुलता, यक्ष यक्षिणी क्षेत्रपाल पद्मावती आदि सैकड़ों देवदेवियोंकी

मानता, यज्ञोपवीत धारण, आहवनीय आदि अग्नियोंकी पूजा, सन्ध्या, तर्पण आचमन आदि बातें मेरा विश्वास है कि मूल जैनधर्ममें न थीं, ये शामिल की गई हैं। संभव है कि जाति पाँतिकी पद्धति भी जैनधर्मकी चीज न हो। जीवनचरितके लिखते समय इस भिन्नता और परिवर्तन पर अवश्य प्रकाश डाला जाना चाहिए।

६–भगवानके चरित्रमें ऐसी बहुतसी आश्चर्यजनक और अद्भुत घटनायें लिखी हैं जिन्हें आजकलकी बुद्धि स्वीकार नहीं करती। उसे उनमें तरह तरहकी शंकायें होती हैं। अतएव इन बातों पर नई अन्वेषक बुद्धिसे प्रकाश डालना चाहिए। जैसे शास्त्रोंमें लिखा है कि भगवानकी दिव्यध्वनिको देवता अर्द्धमागधी भाषामें परिणत कर देते थे और उसे प्रत्येक प्राणी अपनी अपनी भाषामें समझ लेता था। मेरी समझमें इसका अभिप्राय यह जान पड़ता है कि मागधी मगध देशकी भाषा थी और उन दिनों मगधके राजाओंका साम्राज्य था। अतएव मागधी भाषा सारे देशमें उसी तरह समझी जाती होगी जिस तरह आज कलकी हिन्दी। मागधी और अर्द्धमागधीमें थोड़ासा अन्तर होगा। अर्द्धमागधी मागधीसे भी सहज होगी और उसमें ऐसे शब्दोंका प्राचुर्य होगा जो देशके अन्य भागोंमें सरलतासे समझे जाते होंगे। और जो यह कहा है कि दिव्यध्वनि अक्षरात्मक नहीं होती थी, उसके खिरते समय भगवानके होठादि नहीं हिलते थे, सो संभव है कि यह अलङ्कारिक कथन हो। श्वेताम्बर ग्रन्थोंमें भगवानके गर्भापहरणकी बात लिखी है कि सुनन्दा ब्राह्मणीके गर्भमेंसे भगवान त्रिशला क्षत्रियाणीके गर्भमें पहुँचा दिये गये, सो बड़ी अद्भुत है। कुछ लोग इसका अभिप्राय यह बतलाते हैं कि जैनधर्म ब्राह्मणप्राधान्यका विरोधी था, ब्राह्मणोंको वह नीच दृष्टिसे देखता था। इस कथामें ब्राह्मणोंकी वही तुच्छता परोक्ष रूपसे दिखलाई गई है। यह व्यक्त किया गया है कि तीर्थंकर जैसे महापुरुष ब्राह्मणोंके घर जन्म नहीं लेते। इससे अल्पस्वल्प सन्तोष हो सकता है, परन्तु फिर भी इसे हृदय पूर्णरूपसे स्वीकार नहीं करता। यह शंका रह ही जाती है कि ब्राह्मणोंकी तुच्छता दिखलानेके लिए क्या इससे अच्छी और कोई घटना नहीं चुनी जा सकती थी? गर्भके छह महीने पहलेसे जन्म तक–१५ महीने तक–रत्नोंकी वृष्टि होना, जन्मोत्सवमें देवोंका आगमन, सुमेरु पर्वत पर सद्योजात जिनशिशुका १००८ विशालकाय कलशोंसे अभिषेक किया जाना, अंगुलीसे सुमेरुका हिलाना, विहारके समय देवोंके द्वारा भगवानके चरणोंके नीचे सुवर्णकमलोंका रचा जाना, समवसरणकी देवोंद्वारा रचना होना, भगवानका समवसरणमें चतुर्मुख दिखलाई देना, केवल ज्ञान हो जानेपर अहार निहार नहीं होना साँपके काटनेपर शरीरसे दूध बहना, निर्वाण होनेपर शरीरका कर्पूरके समान उड़ जाना, मानस्तंभोंको देखकर वादियोंका गर्व खर्व हो जाना आदि अनेक आश्चर्यजनक बातें

ऐसा हैं जिनका बुद्धिगम्य समाधान किया जाना बहुत आवश्यक है। ये बातें न तो यों ही गप्प कहकर उड़ा दी जानी चाहिए और न आँख बन्ध करके ज्योंकी त्यों मान ही ली जानी चाहिए। परिश्रम करनेसे और विचार करनेसे इनके रहस्योंका उद्घाटन हो सकता है।

७–भगवानके जन्मस्थानका निर्वाण-स्थानका और उन्होंने जिन जिन आर्य अनार्य देशोंमें तथा स्थानोंमें भ्रमण किया था उन सब स्थानोंका निश्चय किया जाना चाहिए। इसकी बहुत आवश्यता है। आप लोग यह जानकर आश्चर्य करेंगे कि अभी तक भगवानके जन्म और निर्वाणस्थानका भी निर्णय नहीं हुआ है। वर्तमानमें जिस पावापुरीको हम निर्वाणस्थान मानते हैं, वह वास्तवमें 'पावा' है या नहीं, इस विषयमें बहुत सन्देह है। बौद्धग्रन्थों और जैनग्रन्थोंके वर्णानानुसार विशालीसे पश्चिम और गंगासे उत्तरमें 'पावा' होनी चाहिए। विशाला अथवा वैशालीको अब 'बस्सहर' कहते हैं, यह पटनेसे उत्तरकी ओर तिरहुतमें है। अभी कुण्डलपुर नामक जिस स्थानको भगवानकी जन्मभूमि माना है, वह भी वास्तवमें 'क्षत्रिय कुण्ड' या 'कुण्डग्राम' नहीं है। ऐसा मालूम होता है कि वैशालीके ही तीन मुहल्ले थे, १ ब्राह्मण कुण्ड, २ क्षत्रियकुण्ड और ३ वणिक्कुण्ड। इनमेंसे श्वेताम्बर ग्रन्थोंके अनुसार पहले जिस ऋषभदत्त ब्राह्मणकी स्त्रीके गर्भमें भगवान आये थे, वह 'ब्राह्मणकुण्ड'का रहनेवाला था, जिन राजा सिद्धार्थके यहाँ जन्म हुआ था वे दूसरे 'क्षत्रिय कुण्ड' नामक मुहल्लेके रहनेवाले थे और वणिककुण्डमें भगवानके बारह चौमासे हुए थे। मालूम नहीं लोगोंने वर्तमान कुण्डलपुरको 'कुण्ड ग्राम' कैसे समझ लिया है।

८–दिगम्बर सम्प्रदायके अनुसार भगवानने दीक्षा लेते ही वस्त्रोंका त्याग कर दिया था। उनके केवल दिशाओंका वस्त्र था। परन्तु श्वेताम्बर सम्प्रदायके कल्पसूत्रसे मालूम होता है कि एक वर्ष और एक महीनेसे कुछ अधिक समयतक तो वे देवदूष्य वस्त्र धारण करके रहे थे, इसके बाद उन्होंने उसका भी त्याग कर दिया था, अर्थात् पिछली अवस्थामें वे नग्न ही रहे थे। अन्य पार्श्वनाथ आदि तीर्थंकरोंके विषयमें लिखा है कि दीक्षा ग्रहण करते समय उन सबने देवदूष्य वस्त्र ग्रहण किये थे। मालूम नहीं, इस देवदूष्य वस्त्रका वास्तविक अभिप्राय क्या है? दिगम्बर और श्वेताम्बर सम्प्रदायके मूलका पता इसी विषयसे लगेगा। यह निश्चय होना चाहिए कि भगवान नग्न थे या सवस्त्र। ऐसा जान पड़ता है (श्वेताम्बरी भाई क्षमा करें) कि महावीर भगवान नग्न ही रहे होंगे और इस बातको कल्पसूत्रमें स्वीकार भी किया है कि पीछे वे अचेलक (वस्त्ररहित) हो गये थे। भगवानके समयवर्ती अजीवक आदि सम्प्रदायके साधु भी नग्न ही रहते थे। पीछे जब दिगम्बरी वृत्ति साधुओंके लिए कठिन प्रतीत होने लगी होगी और इस लिए जब देशकालानुसार उनके लिए वस्त्र रखनेका विधान किया गया होगा, तब यह देवदूष्यकी कल्पना की गई होगी। भगवान रहते तो थे नग्न,

पर लोकोको वस्त्रसहित ही दिखलाई देते थे, श्वेताम्बर सम्प्रदायके इस अतिशयका फलितार्थ यही है कि भगवान नग्न रहते थे। संभव है कि मेरा यह ख्याल गलत हो और खोज करनेसे इसके मूलमें और ही कोई बात मालूम हो। कीसी कीसीका कहना है कि दिगम्बर पार्श्वनाथके तीर्थके अनुयायी हैं— और श्वेताम्बर, महावीरके तीर्थके। इसके रहस्यका भी पता लगाना चाहिए।

सज्जनो, इस तरहकी अनेक बातें हैं जिनपर भगवानके जीवनचरितलेखकको ध्यान देना चाहिए। सभी बातोंकी आपके सामने उपस्थित करनेकी आवश्यक्ता नहीं है। मेरा अभिप्राय इस व्याख्यानसे उस सर्वांगपूर्ण जीवनचरितके लिखे जानेके साधनों और थोड़ीसी कठिनाइयोंका आभास भर करा देना है, जिसके कि लिए मैं समग्र जैनसमाजके विद्वानोंके सम्मुख आग्रहके साथ अपील कर रहा हूँ। आशा है कि मेरा परिश्रम व्यर्थ न जायगा। चैत्र सुदी १३ वि० सं० १९७४। *

---

* प्रत्येकको अपने विचार प्रकट करनेकी स्वतंत्रता है। हमारे भाइयोंको परम्परासे मानी हुई बातोंके विरुद्ध कुछ पढ़कर उत्तेजित नहीं होना चाहिए। शान्ति से विचार करना चाहिए और अनुचित जान पड़े तो सभ्यतासे उसका प्रतिकार करना चाहिए। (सम्पादक)

શ્રી મહાવીર ચરિત્રનું આલેખન અને સુજ્ઞ પુરૂષોને નિમંત્રણ.

('મહાવીર'-માઘ શુ. ૧ વીરાત્ ૨૪૪૮ માંથી ઉદ્ધૃત)

વીર ચરિત્રનાં સાધનો.

('વીર ચરિત્રનાં સાધનો ને તે કેવું લખાવું જોઇએ?' એ સંબંધી એક ટુંકો લેખ નિમંત્રણરૂપે મેં નવેમ્બરમાં લખેલો તે ૨૫ મી ડીસેમ્બર ૧૯૨૧ ના જૈન પત્રમાં પ્રકટ થએલ છે. તેના ઉત્તરમાં કે તેમાંની વિનતિના સ્વીકારમાં કોઈ તરફથી કંઇ પણ પત્ર કે પૃચ્છા આવેલ નથી. હવે હું જરા વિસ્તારથી બે ભાગમાં તે સંબંધી લખી જાહેરમાં મૂકું છું.-]

ભગવાન્ વર્ધમાન—મહાવીર એ જૈનોના છેલ્લા તીર્થંકર-ધર્મપ્રવર્તક છે તેથી તે આસન્ન એટલે નિકટના ઉપકારી છે તે કારણે આપણ જૈનોને તેમના જીવન, કથન અને સિદ્ધાન્તો સંબંધી, આપણા જીવન ઉચ્ચ કરવા માટે—વિકૃતિઓ દૂર કરી સંશુદ્ધિ કરવા અર્થે જેટલું બને તેટલું વિશેષ જાણવાની જરૂરછે. વર્તમાન શૈલીએ જેવાં ચરિત્રો શ્રી ગૌતમ બુદ્ધ, શ્રીકૃષ્ણ આદિનાં લખાયાં છે, તેવું ચરિત્ર વીર પ્રભુનું લખવા માટે કોઈ સમર્થ વિચારક અને તલસ્પર્શી આલેખકની જરૂર છે; અને તેવા આલેખક મળે ત્યાં સુધીમાં તેવા ચરિત્ર માટે સર્વ સાધનો ઉપસ્થિત છે તે એકત્ર કરી બને તો એક શૃંખલાબદ્ધ વ્યવસ્થિત શ્રેણીમાં પ્રજા સમક્ષ મૂકવાની હાલમાં પહેલી જરૂર છે એ સૌ કોઇ સ્વીકારશે.

આ સાધનો શું છે અને તેપરથી વીર ચરિત કેવું લખાવું જોઇએ એ બાબતમાં જૂદા જૂદા વિદ્વાનોના અભિપ્રાય મેં પત્રદ્વારા તેમજ રૂબરૂ માંગ્યા છે અને માંગતો રહું છું. કારણ કે હું વીર ચરિત્ર લખવા પ્રવૃત્ત થયો છું તેમાં તે સર્વ ઉપયોગી થાય,

અને તે વીર ચરિત્રને વિશેષ આકર્ષક અને ઉપયોગી સ્વરૂપમાં યથાશક્તિ અને યથામતિ મૂકવાની મારી ઉત્કટ અભિલાષા પાર પડે. જેજે વિદ્વાનો–સાધુ–શ્રાવકો, આ કાર્યમાં કહી–જણાવી શકે તેમ છે તે બધાને હું પહોંચી શકયો નથી તેથી તે સર્વને પોતાનાં અભિપ્રાય જણાવવાની અને સાધનો તથા સૂચના મને પૂરાં પાડવાની વિનંતિ જાહેર પત્રદ્વારા કરૂં છું. અને ઇચ્છું છું કે કોઇને પછી કહેવાનું ન રહે. મને આશા છે કે તે વિનંતિ સ્વીકારી મને તથા પ્રજાને ઉપકૃત કરશે. હું આ ચરિત લખી પ્રકટ કરાવવા માગુ છું, તેમાં મારો પોતાનો કંઇ પણ આર્થિક સ્વાર્થ નથી એમ હું આથી જાહેર કરૂં છું.

હવે જે જે સાધનો વીર ચરિત માટે મારી જાણ પ્રમાણે પ્રકટ અને ઉપલબ્ધ છે તેની સૂચિ આપવા ઇચ્છું છુઃ—

(૧) આચારાગ–શ્રુતસ્કંધ ૧ અધ્યયન ૯ મું (ઉપધાન શ્રુત) કે જેમાં મહાવીર સ્વામીના વિહાર–વસતિ, પરિષહ અને તપશ્ચર્યા જણાવી 'પરમ યોગી' સિદ્ધ કર્યા છે, તથા શ્રુતસ્કંધ ૨ જાની ત્રીજી ચૂલિકામાં અધ્યયન ૨૪ મું–(ભાવના) કે જેમાં પ્રભુનું ચરિત્ર તથા પાંચ મહાવ્રતોની ભાવનાઓ છે.

(૨) સૂત્ર કૃતાંગ–વીર સ્તુતિ અધ્યયન, અને આર્દ્રકાધ્યયન.

(૩) આવશ્યકની નિર્યુકિત (ભદ્રબાહુકૃત), જિનભદ્ર ક્ષમા શ્રમણનું ભાષ્ય અને તેપર હરિભદ્રસૂરિની વૃત્તિ તથા ટિપ્પણ. નિર્યુક્તિ ગાથા ૧૪૬ થી ૧૪૯ પૂર્વભવ, ગા. ૧૮૨–૧૮૩ તીર્થંકરનાં ૨૦ મા વિધાનો સ્પર્શ, ગા. ૨૦૯ થી ૩૧૩ સુધી, સર્વ તીર્થંકરોની ચરિત્ર ભૂમિકા–તેમાંથી વીર સંબંધી ટુંક હકીકતો. ૩૨૩–૩૩૦ પ્રથમ પારણું કયાં ને કેને ત્યાં ૨૪ જિનોએ કર્યું. ગા. ૩૪૭–૩૭૧ મરીચિનોભવ. ૩૭૬–૩૯૦ ૨૪ જિનનાં નામવર્ણાદિ. પછી ટુંકમાં ગાથા ૬૫૯–સુધી.

(૪) કલ્પસૂત્ર (ભદ્રબાહુકૃત)

(૫) વિશેષાવશ્યકમાંનો ગણધરવાદ.

(૬) ઉપાસક દશાંગ–વીરના ૧૦ શ્રાવકો સંબંધી. ખાસકરી સપ્તમ અધ્યયન.

(૭) ભગવતીમાંના જૂદા જૂદા પ્રસંગો–દાખલા તરીકે ગર્ભસંક્રમણ. ગોશાલક, સોમિલ બ્રાહ્મણ, દેવાનંદા–ઋષભદત્ત, જયન્તી–મૃગાવતી, ગાંગેય. કાલોદાયી શ્રાવક; હલ્લવિહલ્લનો અધિકાર, જમાલિ.

(૮) ઉત્તરાધ્યન–કેશી ગૌતમ સંવાદ, (અનાથી મુનિનું દ્રષ્ટાંત).

(૯) નેમિચંદ્રસૂરિકૃત પ્રાકૃતમાં મહાવીર ચરિત્ર. (પ્ર૦ આત્માનંદ સભા રચના સં. ૧૧૩૯ અથવા ૧૧૪૧ એટલે હેમચંદ્ર સૂરિનો જન્મ સં. ૧૧૪૫ માં હોવાથી તેનાં પહેલાનું.)

(૧૦) હેમચંદ્રસૂરિકૃત મહાવીર ચરિત્ર (ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧૦ મુ)

(૧૧) Life of Mahavira by Manak chand Jaini B. A. 1908.

(૧૨) મહાવીર ચરિત્ર–(હિં) સં. શીતલપ્રસાદજી, એક નાની ચોપડી.

(૧૩) મારા તંત્રીત્વ નીચે પ્રસિદ્ધ થએલ જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરૅલ્ડના–શ્રીમન્ મહાવીર સચિત્ર અંક એ નામના બે ખાસ અંકો ૧૯૧૪.

(૧૪) મહાવીર જીવન વિસ્તાર–રા. સુશિલકૃત સં. ૧૯૭૧

(૧૫) ડૉ. જૅકોબીની આચારાંગ–ઉત્તરાધ્યયન વગેરે પરની પ્રસ્તાવનાઓ તથા ડૉ. હૉર્નલની ઉપાસકદશાંગ પરની પ્રસ્તાવના (અંગ્રેજીમાં).

જે સાધનો અપ્રકટ છે તે 'જૈન–ગ્રન્થાવલિ' પરથી નીચેના હોવાનું જણાય છેઃ—

(૧) મહાવીર સ્વામી ચરિત્ર–કર્ત્તા ગુણચંદ્ર ગણિ શ્લો. ૧૨૦૨૫ કે જેનો ઉલ્લેખ બૃહત ટિપ્પણિકામાં છે ને પાટણના ૧–૫ ભંડારમાં મળી શકે છે. હીરાલાલ પોતાના જૈન ઇતિહાસમાં ગુણચંદ્ર ગણિ ૧૧૩૯માં હોવાનું જણાવી તેણે માગધી ભાષામાં મહાવીર ચરિત્ર

બનાવ્યું છે એમ જણાવે છે. જે સાલવાર નોંધમાં ૧૧૩૯ માં ગુણચંદ્ર-ચંદ્રગણિએ વીર ચરિત્ર રચ્યું એમ જણાવે છે. (૨) મહાવીર ચરિત્ર પ્રાકૃતમાં ૪૧૦૦ ગાથાવાળું બૃહત્ ટિપ્પણિકામાં ઉલ્લેખિત છે ને પાટણ ૫ મા ભંડારમાં મળે તેમ છે (૩) પ્રાકૃતમાં ૩૦૦૦ ગાથાવાળું જેસલમીર ભંડારમાં તથા અમદાવાદના નગીનદાસવાળા ભંડારમાં હોવાનું જણાવેલું છે. આ ઉપરોક્ત નેમિચંદ્રવાળું પ્રકટ થએલું લાગે છે કારણ કે તે પ્રાકૃતમાં ૩૦૦૦ ગાથાનું છે (૪) અપભ્રંશમાં જિનેશ્વર-સુરિશિષ્યકૃત ઉક્ત નગીનદાસ ભંડારમાં ને (૫) દિગબંર કૃત છે તેનો ઉલ્લેખ પીટર્સનના ચોથા રિપોર્ટમાં કરેલ છે [એક મુનિશ્રી જણાવે છે કે:—પ્રથમાનુયોગમાં સંપૂર્ણ વીર ચરિત્ર હતું પણ પ્રથમાનુયોગ વિચ્છેદ ગયો છે તેનો એક અંશમાત્ર વસુદેવ હિંડી બાકી રહેલ છે પણ વસુદેવ હિંડીમાં માત્ર કૃષ્ણ પિતા-વસુદેવજીના ચરિત્રનો એક ખંડિત ભાગ રહ્યો છે, વીર ચરિત્ર માટે કંઇ નથી. શીલાંકાચાર્યનું મહાપુરૂષ ચરિત્ર છે જેમાં ૬૩ શલાકા પુરૂષોનાં ચરિત્રો છે. આ ગ્રંથ મેં જોયો નથી પણ કેટલેક ઠેકાણે મળે છે.]

હવે સુજ્ઞ સજ્જનો—વિદ્વાન્ મુનિવરો અને શ્રાવકો સર્વને મારી નમ્ર વિનંતિ છે કે:—

(૧) ઉપરનાં પ્રકટ સાધનો જણાવેલાં છે તે ઉપરાંત બીજા જે કંઈ હોય તે તેના મળવાના સ્થાન સહિત નામ નિર્દેશ સહિત જણાવવાં, યા પૂરાં પાડવાં.

(૨) ઉપરનાં અપ્રકટ સાધનો જણાવેલાં છે તે અને તે ઉપરાંત બીજા જે કંઈ હોય તે શું છે ને તે કેવી રીતે પ્રાપ્ત થઇ શકે તે કોઇ જણાવશે અગર તે પ્રાપ્ત કરવા સહાયભૂત થશે તો તેમનો ઋણી રહીશ.

(૩) સૂત્ર-અંગોપાંગાદિમાં કયે સ્થળે વીર ચરિત્રનાં અંશો મળે છે તે જણાવવા વિનંતિ છે.

વીર ચરિત્ર કેવું લખાવું જોઈએ ?

શ્રમણ ભગવંત મહાવીર પ્રભુનું ચરિત્ર સુન્દર, સરલ અને વર્તમાન શૈલીમાં લખવાની ઘણી જરૂર છે, એમ ચારે બાજુથી કહેવામાં આવે છે. આ વિચારને અંગે અનેક તરફથી કહેવામાં આવ્યું છે, પરન્તુ જેવું જોઇએ તેવું ચરિત્ર અખંડ રીતે લખવા માટે પ્રબલ અને સર્વતોગ્રાહી પ્રયત્ન હજુ સુધી થયો નથી. વીરપ્રભુનું ચરિત લખવા માટેની પાત્રતા અદ્ભુત પ્રતિભાશાલી સંતપુરૂષમાં હોવાનું ઘણે અંશે સ્વીકારી શકાય, તે છતાં તેવા આલેખક મળે ત્યાં સુધી આપણે વિરમવું જોઇતું નથી, તેથી તે ચરિત્રના અંશો જૂદા જૂદા લેખકો પાસેથી લેખો મેળવી પ્રજા સમક્ષ મૂકવાનું મેં જૈન શ્વે૦ કૉ૦ હે૦ ના તંત્રી તરીકે તેનાજ બે ખાસ અંકો કાઢવારૂપે આરંભ્યું હતું. તે પ્રયત્ન ઘણા સજ્જનો તરફથી સ્તુત્ય ગણાયો હતો. કેટલાક સ્નેહી બાઇઓ તેમનું સમગ્ર ચરિત લખવાનો મને ખાસ આગ્રહ કરતા રહ્યા છે અને એક બંધુએ તેના પ્રકાશક થવાનું સ્વીકાર્યું છે—આ સર્વથી પ્રેરાઇ તે મહા કાર્યનો મોટો બોજો વહેવાનું માથે લઇ **यथाशक्ति यतनीयं शुभे** એવા વિચારથી તે ચરિત માટેનાં ઉપયોગી સાધનો મેળવવાનું, વાંચી જવાનું, તેની 'નોટ'—નોંધ કરવાનું મારા અવકાશના સમયે ચાલુ રાખ્યું છે, અને તે સાધનોને એકત્રિત કેવા સ્વરૂપે કરવાં, તે ચરિત કેવી ઢબમાં કેવા આકારમાં કેવા ધોરણ ઉપર રચવું એ વગેરે સંબંધી અનેક વિચારો ઉદ્ભવે છે. આ સંબંધી જૂદા જૂદા સ્નેહી વિદ્વાનોના અભિપ્રાય લેવાથી આ મહત્કાર્યમાં ઘણી સરલતા થશે એટલે તે માટે કેટલોક પત્રવ્યવહાર ચલાવ્યો છે. તેમાં કેટલાકે નીચેના જવાબો આપ્યા છે.

(૧) 'લખવાના અનેક પ્રકાર છે પણ લોકપ્રીતિ, પ્રકરણાદિ પાડી તે લખાય તે ઉપર દેખાય છે. બાકી તો લેખકની કલમ ચાલે ત્યારે તેનો રસ્તો (તે) કરી લેય છે, તમે તેના અનુભવી છે.

(૨) 'મેં મારા એક લેખમાં એમ લખવા ધાર્યું

છે કે–જૈન સૂત્રો સૂત્રની નિર્યુક્તિઓ ચૂર્ણિઓ, ભાષ્યો અને ટીકાઓ તથા બીજા જૈન ચરિત્ર ગ્રંથ (મહાવીર ચરિત્ર અને અન્ય કથ. ગ્રંથો) ને બૌદ્ધ સાહિત્ય-એ બધાં પુસ્તકોમાં જ્યાં જે જાતનું મહાવીર વિષે લખાયું છે તે બધું ગુજરાતીમાં પ્રકટ કરવું–અને એ ઉપરથી મહાવીરના જીવન લખનારને તારણ અને પૃથક્કરણ કરવું સુગમ પડે. આ ધોરણ ઉપર સૌથી પ્રથમ આચારાંગ સૂત્રમાં મહાવીર વિષે જે લખાયું છે તે મેં અનુવાદ્યું છે. અને પછી ક્રમવાર એ લખવું શરૂ કર્યું છે. ઐતિહાસિક સાધનોમાં મારી દ્રષ્ટિએ જે ગ્રંથો મેં ઉપર જણાવ્યાં છે તે છે. કૃષ્ણચરિત્ર (બકિમચંદ્ર કૃત) જેવું વીર ચરિત્ર લખાવું જોઇએ. હું તો અનુભવી રહ્યો છું કે, જે ચરિત્ર આચારાંગમાં છે તે, તે પછીના ગ્રંથોમાં બમણું બમણું ફુલતું આવ્યું છે ”

(૩) ‘ વીર ચરિત્ર લખવાનો ઇરાદો ઘણોજ ઉત્તમ છે. Edwin Arnold Light of Asia ની લાઇનમાં મહાવીર ચરિત્ર લખાય તો સારૂં.

(૪) એક મુનિ જણાવે છે.—વીર ચરિત્ર લખવા પહેલાં સુશીલ કૃત મહાવીર જીવન વિસ્તાર રહસ્યપૂર્વક સૂક્ષ્મ ભાવનાથી અવલોકન કરવું આવશ્યક છે. તેમાં કેટલેક સ્થળે અપૂર્વ રહસ્યનું સત્ય, આશયની ગંભીરતાપૂર્વક રહેલું છે. મહાવીરના જીવનમાં કથાકારોની માફક કથાનક ભાવો અને અતિશયોક્તિથી વ્યાખ્યાઓનું વિવેચન વધારે કરવાથી મહાવીરના પરમ કારૂણ્ય તરફ વિચારશીલ વર્ગની પ્રેમાકર્ષણતા અને અપૂર્વતા ગૌણ થઇ જાય છે; માટે તેમ ન થતાં આધ્યાત્મિક દ્રષ્ટિએ મહાવીર પ્રભુના જીવનનું કોઇ અદ્ભુત રહસ્ય વૈરાગ્ય ત્યાગ તત્ત્વજ્ઞાન ક્ષમા કારૂણ્ય દશા વિગેરેનું હૃદયભેદક વર્ણન થાય તોજ પરિશ્રમની સફલતા છે.

(૫) એક પંડિતજી સાથેના વાર્તાલાપથી ઘણો આનંદ થયો. તેમણે પદ્ધતિ સમજાવી કે, સાધનોમાં એકની ટીપ કરી તે સાથે બીજાની સરખામણી કરતાં જવી. અને આપણે રહ્યા બહિર્દ્રષ્ટિ એટલે પરમાત્માનું વર્ણન આપણે યથાસ્થિત કેમ કરી શકીએ ? સૌથી સુગમ માર્ગ એ કે જેમ ધર્માનંદ કૌસમ્બીએ બુદ્ધલીલાસાર સંગ્રહ એ નામનું બુદ્ધ ચરિત બૌદ્ધ ગ્રંથોમાંથી એકત્ર કરી સંગ્રાહક તરીકે રચ્યું છે તેમ વીર ચરિત સર્વ અંશોના એકત્રિત સમૂહ રૂપે મુકયે જવું. બુદ્ધ તથા વૈદિક સાહિત્ય પણ જોવું–વિચારવું.

(૬) એકે સૂચવ્યું કે મહાવીર ચરિત પર્યુષણ પર્વના દિનમાં વંચાય છે તો દરેક દિને વીર ચરિતનું એક પ્રકરણ વંચાય એ રીતે પ્રકરણો પાડી લખવું કે જેથી તેનો પર્યુષણ દિનોમાં બરાબર ઉપયોગ થઇ શકે.

આમ થોડા અભિપ્રાય મળ્યા છે. અને તેથી મારા કાર્યની પદ્ધતિપર વિચાર કરવામાં મને સરલતા થોડે અંશે પણ થઇ છે. મારો પ્રયત્ન એવો છે કે જે કંઇ પ્રકટ થયું છે તે સર્વનો ખપજોગો વાપર કરવો અને જે કંઈ મૂકવા યોગ્ય છે તે વિસરી ન જવું. ચરિતના ત્રણ ભાગ કરવા તેમાં ૧ લામાં પૂર્વ ભવો. ૨ જામાં વીર ચરિત ૩ જામાં વીરોપદેશ. વીરોપદેશમાં સંવાદો તથા વીરવાકયામૃતો મૂકવાં. વીર ચરિતમાં જૂદાં જૂદાં પ્રકરણ પાડી ગર્ભ, અપહરણ, જન્મ, ગૃહવાસ, દીક્ષા, વિહાર—યોગજીવન, તીર્થંકરત્વ—દેશના, આદિ એક પછી એક જ્યાં જે સંબંધી ઉલ્લેખ હોય ત્યાંથી તે ઉલ્લેખ લઇ સર્વ એકઠાં કરી મૂકવું. તેમાં ચમત્કારો, દેવદેવતા ઇંદ્રાદિનું આવવું વગેરે સર્વ આવી જશે. કેટલાકનું એમ માનવું હશે કે આવું આવું ચમત્કારિક વર્ણન કરવું એ કથાકારનો વિષય છે અને હાલના બુદ્ધિપ્રધાન જમાનામાં તેવા વિષયને તિલાંજલિ આપવી ઘટે છે અને Critical એટલે વિવેચનાત્મક દૃષ્ટિથી અને બને તો આધ્યાત્મિક દ્રષ્ટિથી લખવું. આના ઉત્તરમાં મારે મારી સ્થિતિ સ્પષ્ટ રીતે રજુ કરી દેવી જોઇએ કે એક Critic ટીકાકાર થવા જેટલી મારામાં યોગ્યતા નથી તેમજ

આધ્યાત્મિક દ્રષ્ટિ મને પ્રાપ્ત થઇ શકી નથી કે જેથી એક મહાત્મા-ધર્મપ્રવર્તકનું ઉચ્ચ શિખરે પહોંચેલું આત્મચર્યાવાળું જીવન આલેખી શકું. મારે ભાગ્યે તો બહુ કરીને માંડમાંડ અને અતિ પ્રયાસે ખુબ મંથન કરતાં એટલું આવી શકે કે સર્વ સામગ્રીનું યથાશક્તિ અને યથામતિ સંયોજન બને.

આટલું હું ટુંકમાં મારૂં વકતવ્ય જણાવી સર્વ સુજ્ઞ મુનિશ્રી અને શ્રાવક તેમજ અન્ય વિદ્વાનને પ્રાર્થું છું કે વીરચરિત એ જેમ સાગર છે તેમ વીરોપદેશ એ પણ રત્નાકર છે તો તે ચરિતના જે અંશો મહત્ત્વના લાગે તે, જે જે સાધનો મળી શકે તેમ હોય તે તેમજ વીરોપદેશ માટે જે જે ભાગો સૂત્ર વગેરેમાં સંવાદરૂપે યા સૂત્રબદ્ધવાણી-વાકયો રૂપે સુંદર, પ્રભાભર્યા અને અસરકારક જણાય તે તે સૂચવવા-પૂરા પાડવા વિનતિ છે, તેમજ વીરચરિત કેવું લખાય તો ઉત્તમ એ બાબતમાં ઉપરના વિચારો જાણી પોતપોતાનો અભિપ્રાય મને નીચેના સીરનામે આપવામાં આવશે તો ઉપકાર થશે.

તવાવાલા બિલ્ડિંગ, ત્રીજે માળે લુહાર ચાલ મુંબઇ. ૧૯૭૮ મકરસંક્રાન્તિ	વિનીત **મોહનલાલ દલીચંદ દેસાઈ.** બી. એ. એલએલ. બી.

૨

નવીન શૈલીથી વીરચરિત્ર લખવા પ્રવૃત્ત થયેલા ઉત્સાહી સાક્ષર શ્રીયુત મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. એઓએ 'જૈન' પત્રના તા. ૨૫-૧૨-૨૧ ના અંકમાં વીરચરિત્રનાં સાધનો સંબંધી ઉલ્લેખ કર્યો છે, તેમાંથી (૧) અપ્રકટ સાધન ગુણચંદ્ર ગણિકૃત પ્રાકૃત મહાવીરચરિત્રની એક પ્રતિ અહિં પંન્યાસજી મહારાજ શ્રી મોહનવિજયજી ગણિના પુસ્તક સંગ્રહમાં છે. (૨) ૪૧૦૦ શ્લોક છપાયેલી ભૃહટ્ટિપનિકામાં નથી. પણ પાટણના ૫ મા ભંડારમાં હોવાનો સંદેહ છે. (૩) ૩૦૦૦ શ્લોક સંખ્યાવાળું પ્રાકૃત મહાવીરચરિત્ર જેસલમેર અને નગીનદાસ (ખંભાત) ના ભંડારમાં છે, પરંતુ તે આત્માનંદસભા તરફથી છપાયેલ નેમિચંદ્રસૂરિનુંજ છે, તેનાથી જૂદું નથી.

એ લેખમાં જણાવેલાં સાધનો સિવાય નીચેનાં અપ્રકટ સાધનો પણ વીરચરિત્રને વિશેષ આકર્ષક અને ઉપયોગી સ્વરૂપમાં પ્રજાસમક્ષ મૂકવા માટે વિશેષ ઉપયોગી થઇ પડશે એમ હું ધારૂં છું.

(૧) ત્રિષષ્ટિમહાપુરૂષગુણાલઙ્કાર-કર્તા પુષ્પ. દંત. શ્લોકસંખ્યા ૭૧૦૦ ડેક્કનકૉલેજના ભંડારના લિસ્ટમાં અને તે ઉપરથી જૈનગ્રંથાવલીમાં નોંધ્યો છે. તેમાં ગ્રંથકારના સમય માટે વિક્રમની બીજી શતાબ્દીની સંભાવના કરી છે.

(૨) ચઉપ્પન્નમહાપુરિસચરિય-કર્તા શીલાચાર્ય (નિવૃતિકુળના માનદેવસૂરિના શિષ્ય) બૃહટ્ટિપનિકાકારે આ ગ્રંથનો રચના સંવત્ ૯૨૫ જણાવ્યો છે, આ પ્રાકૃત ગ્રંથની સં. ૧૨૨૭ માં કુમારપાળના રાજ્યકાળમાં પાટણમાં તાડપત્ર ઉપર લખાયેલી એક પ્રત જેસલમેરના ભંડારમાં છે. જેની શ્લોકસંખ્યા ૧૨૬૦૦ જણાવી છે. પાટણના ૪ થા ભંડારમાં અને અહિં જૈન જ્ઞાનમંદિરમાં-હંસવિજયજી મહારાજશ્રીના શાસ્ત્રસંગ્રહમાં પણ આ ગ્રંથની એકેકી પ્રતિ છે.

(૩) ત્રિષષ્ટિલક્ષણમહાપુરાણસંગ્રહ-કર્તા ગુણભદ્રાચાર્ય પિટર્સન રિપોર્ટ ૪ થામાં નોંધેલ છે, તેમાં રચના શકસંવત્ ૮૨૦ (વિ. સ. ૯૫૫) કાલવર્ષ રાજાના રાજ્યમાં જણાવી છે.

(૪) કથાવલી-કર્તા ભદ્રેશ્વર. આ પ્રાકૃત ગ્રંથના પરિચ્છેદનો ઉલ્લેખ બૃહટ્ટિપનિકાકારે કર્યો છે; તેમાં શ્લોકસંખ્યા ૨૩૮૦૦ જણાવી છે. પાટણના બીજા ભંડારમાં પ્રતિ હોવાનું જૈનગ્રંથાવલીમાં જણાવ્યું છે.

(૫) શ્રી જિનેન્દ્રચરિત્ર (પદ્માનન્દમહાકાવ્ય)-કર્તા પં. અમરચન્દ્ર. સર્ગ ૧૮ શ્લોકસંખ્યા ૮૧૯૧ સાથે બૃહટ્ટિપનિકામાં નોંધેલ છે. સં. ૧૨૯૭ માં તાડપત્ર ઉપર લખાયેલી આ ગ્રંથની એક પ્રતિ ખંભાતના ભંડારમાં છે. પિ. રિ. ૧ માં નોંધેલ છે. પાટણના ૧ લા, ૪ થા ભંડારમાં તથા અહીં પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજશ્રીના શાસ્ત્રસંગ્રહમાં-જૈનજ્ઞાનમંદિરમાં પણ છે.

(૬) વર્ધમાન જિન ચરિત્ર-*કર્તા સકલકીર્તિ*

૩૦૩૫ શ્લોકવાળા આ સંસ્કૃત ગ્રંથની એક પ્રતિ અહીં જૈન જ્ઞાનમંદિરમાં (કા૦) છે.

(૭) વીરચરિત્ર—કર્તા જિનવલ્લભસૂરિ કૃત ૪૪ પ્રાકૃત ગાથાના સંક્ષિપ્ત કુલકરૂપ. આ ગ્રંથ પર સમયસુંદરગણિની વૃત્તિ પણ છે. એશિયાટિક સોસાયટીના રિપોર્ટમાં અને તે ઉપરથી જૈન ગ્રંથાવલીમાં નોંધેલ છે. પાટણના ૩ જા ભંડારમાં, અહીં સેન્ટ્રલ લાયબ્રેરીમાં તેમજ અન્યત્ર પણ પ્રાપ્ય છે.

(૮) ત્રિષષ્ટિ (ગદ્ય)—આ સંસ્કૃત ગ્રંથની તાડપત્ર પર લખાયેલી એક પ્રતિ જેસલમેરના ભંડારમાં છે. હેમચંદ્રાચાર્યના ત્રિષષ્ટિના આધારે આ ગ્રંથની રચના જણાય છે.

(૯) લઘુ ત્રિષષ્ટિ—કર્તા મેઘવિજય. શ્લોક ૫૦૦૦ પિ. રિ. ૫ માં મુંબાઇ સરકારના સંગ્રહમાં અને ડેક્કન કૉલેજના ભંડારના લિસ્ટ ઉપરથી જૈન ગ્રંથાવલીમાં નોંધેલ છે. બિકાનેર ભંડારમાં અને અહીં જૈનજ્ઞાનમંદિરમાં પણ છે,

(૧૦) રાયમલ્લાભ્યુદયમહાકાવ્ય-કર્તા પદ્મસુંદર કવિ રચના સંવત ૧૬૧૫ ખંભાતમાં છે, પિ. રિ. ૩ જામાં નોંધેલ છે. જૈન ગ્રંથાવલીમાં આ ગ્રંથને મુદ્રિત જણાવ્યો છે.

(૧૧) મહાવીર વિવાહલઉ—જૂની ગુજરાતીમાં રચાયેલા આ ગ્રંથની સં. ૧૬૭૪ માં પાદશાહ સલિમશાહના રાજ્યમાં લખાયેલી એક પ્રતિ અહીં સેન્ટ્રલ લાયબ્રેરીમાં છે.

શ્વેતાંબર અને દિગંબરોના રચેલા ઉપર જણાવેલ ગ્રંથો સિવાય બીજા કેટલાક ગ્રંથોમાં અમુક અંશે મહાવીર ચરિત્ર મળી શકે છે. જેમકે—મેરુતુંગસૂરિના **ઉપદેશશતવિવરણ** (મહાપુરૂષચરિત્ર) સર્ગ ૪ થા માં, વિનયચંદ્રસૂરિ વિ૦ ના દીપોત્સવકલ્પ, સર્વવિજય આદિની વર્દ્ધમાન દેશના (દશ શ્રાવકચરિત્ર), ગણધરવાદ. તીર્થકલ્પ, સત્તરિસયઠાણુ (આત્માનંદ સભાથી મુદ્રિત) વિગેરેમાંથી પણ કેટલીક સામગ્રી મળી શકે તેમ છે.

તા. ૪-૧-૨૨.
સેન્ટ્રલ લાયબ્રેરી,
વડોદરા.

સાહિત્યોપાસક-
લાલચંદ ભગવાનદાસ ગાંધી.

(જૈન ૫-૨-૨૨ માંથી ઉધ્ધૃત)

"ભગવાન મહાવીર અને બુદ્ધનો વાર્તાલાપ"

(એક કાલ્પનિક સંવાદ.)

મગધદેશમાં જ્યાં માનવોના સંચાર નથી, જ્યાં સિંહ, ચિત્તા, હાથી, મહાસર્પાદિનું સામ્રાજ્ય છે, જ્યાં વિવિધ જાતનાં વનસ્પતિનાં કુંજો, ઝરણાંઓ અપૂર્ણ આનંદ આપી રહ્યા છે એવા ગ્રીચ ઝાડી યુક્ત ઘોર જંગલમાં એક મહાતપસ્વી યોદ્ધો ભાગ્યવતી રણભૂમિમાં ઉભો રહી આન્તરીક શત્રુઓ સાથે ઘોર યુદ્ધ કરી રહ્યો હતો; વિવિધ જાતના આત્મ ભાથામાંથી ધ્યાનાસ્ત્રો કાઢી શત્રુઓ ઉપર ફેંકી રહ્યો હતો; એક પછી એક શત્રુઓને જકડી નિર્મૂલ કરી રહ્યો હતો; 'રખે ને આ શત્રુઓ મને પરાસ્ત ન કરી નાંખે' એ વિચારને હૃદયમાં સ્થાન આપી પ્રતિક્ષણ સાવધાન-સચેત રહેતો હતો; ક્ષણભર પણ પ્રમાદ કે સ્ખલનાને આશ્રય આપતો નહતો. અરે! તે વિચારથી તેણે ખાવું, પીવું, અને સુવું, પણ પ્રાય છોડી દીધું હતું. આવામાં મહાત્મા બુદ્ધ તે રસ્તા ભણી જતાં ઘોર રણસંગ્રામમા વિજય મેળવતાં આ વીર યોદ્ધાને જોયો એટલે મહાત્મા બુદ્ધ પ્રસ્તુત યોદ્ધાની મુલાકાતે આવ્યા.

ઘડીભર વિશ્રાંતિ લઇ મહાત્મા બુદ્ધે વીર યોદ્ધાને સંબોધી કહ્યું કે હે આર્યપુત્ર! હે દીર્ઘ તપસ્વીન્! હે શુરવીર સુભટ! આ તમે કાયકષ્ટ કરી ઘોર યુદ્ધ કેમ કરો છો? ઘોર તપશ્ચર્યા કરી દેહનું દમન શા

માટે કરો છો ? આટલા કડક રસ્તે શા માટે પ્રયાણ કરો છો ! ચાલોને હવે આપણે લોકોપકાર કરી જીવનને સાર્થક કરીશું. હજારો બ્રાહ્મણો ને રાજાઓને ઉપદેશ આપી હિંસા માર્ગથી મુક્ત કરીશું. મેં પણ તમારી જેમ કડક તપશ્ચર્યા કરી દેહનું દમન કરી આન્તરિક શત્રુઓને દમન કરવાનું કાર્ય આરંભ્યું હતું: પરંતુ તેમાં હું થોડા દિવસમાંજ અત્યન્ત અશક્ત થઇ ગયો,–હાર ખાઇ ગયો: આગળ વધી શકયો નહિ તેથી હું હતાશ થઇ ગયો અન્તે મેં તે માર્ગને છોડી હવે મધ્યમ માર્ગને સ્વીકાર્યો છે. અને મેં નિશ્ચય કર્યો છે કે લોકોપકાર કરી જીવન વ્યતીત કરવું. કડક ત્યાગ કે તપશ્ચર્યા માટે હું લાયક નથી; આપના જેવા યુદ્ધ માટે હું યોગ્ય નથી.''

મહાત્મા બુદ્ધનાં વચન સાંભળી ત્યાગ અને તપશ્ચર્યાની પરાકાષ્ટાએ પહોચેલા પ્રસ્તુત વીર યોદ્ધા હૃદયગ્રાહી જવાબ આપે છે:–આર્ય પુત્ર ! હે મહાભાગ્ય મહાત્મન્ ! લોકોપકાર કરવો સર્વ શ્રેષ્ઠ છે. એ તમારૂં કહેવું સાચુ છે. પરંતુ પોતાના આત્માને સર્વથા વિશુદ્ધ કર્યા વિના, દુઃખથી ભયથી અને વાસનાઓથી અત્યન્ત મુક્ત કર્યા વિના બીજાના દુઃખ ભય કે વાસનાનો વિચ્છેદ કરી શકાતો નથી. અતએવ વાસ્તવિક પૂર્ણ યોગ્યતાને મેળવ્યા વગર ઉપકાર થઇ શકતો નથી જેમકે બુદ્ધિ કે ધનરહિત માણસ બીજાને વિદ્વાન કે ધની કરી શકતો નથી. માટે હે શાકયસિંહ ! અગર તમે સાચો લોકોપકાર કરવા ચાહતા હો તો તપશ્ચર્યા અને ધ્યાનદ્વારા આન્તરીક શત્રુઓ સાથે ઘોર યુદ્ધ કરી તમારા આત્માને પૂર્ણ પવિત્ર બનાવો. તમે સાચું કૈવલ્ય (બ્રહ્મજ્ઞાન) પ્રાપ્ત કરો. હું પણ અખિલ સંસારને દુખથી મુક્ત કરવા ચાહું છું અને તેને માટેજ હું પહેલા મારા આન્તરીક શત્રુઓ સાથે ત્યાગ અને તપશ્ચર્યા દ્વારા ઘોર યુદ્ધ કરી આત્માને સર્વજ્ઞ, પૂર્ણ વિજેતા-નિર્ભય બનાવવા પ્રયત્ન કરી રહ્યો છું. હમણાં તો હું મારા આત્મા સિવાય કોઇને પણ ઉપદેશ આપતો નથી. સંપૂર્ણ દશામાં પહોંચી આપણે પ્રત્યેક દેશનો અને પ્રત્યેક પ્રાણીનો પણ ઉપકાર કરીશું–ઉદ્ધાર કરીશું, તેઓને સુખનો સાચો અને સરલ રસ્તો બતાવીશું; અંદરના અને બહારના દુઃખોથી સર્વથા મુક્ત કરી સાચો ઉપકાર કરીશું.'' આવા વીર યોદ્ધાનાં વચનો બુદ્ધ મહાત્માના મનની અંદર તો પ્રવિષ્ટ થયા પણ શરીરની અંદર પ્રવિષ્ટ થઇ શકયા નહિ અન્તે આવા કાર્યને પોતાને માટે અશક્ય જાણી પોતાની ન્યૂનતા બતાવી બુદ્ધ મહાત્મા વીર યોદ્ધાને અભિવાદન કરી લોકોપકાર કરવા ભણી ગયા.

વાચક મહાશય ! પ્રસ્તુત વીર યોદ્ધાનું શૌર્ય, ધૈર્ય, ગાંભિર્ય, અને પૂર્ણ ધ્યેયની ભાવના જાણી તને તેનું પવિત્ર નામ જાણવાની, તેને કોટીશઃ નમન કરવાની અને તેનું અનુકરણ કરવાની અભિકાંક્ષા અવશ્ય થઇ હશે. લે તે અભિકાંક્ષાની પૂર્તિ માટે કહું છું તેનું નામ ભગવાન મહાવીર.

હિમાંશુવિજય અનેકાન્તી.

શ્રી વીરપુત્ર વીરચંદ્ર.

[સદ્ગત વીરચંદ્ર રાઘવજી નામના સૌરાષ્ટ્રી જૈન ગ્રેજ્યુએટે અમેરિકામાં ચીકાગોની સર્વ ધર્મ પરિષદ્‌માં શ્રીમદ્ આત્મારામજી આચાર્યની પ્રેરણાથી જઇ જે કાર્ય જૈનધર્મના પ્રચાર અર્થે ત્યાં કર્યું તે સર્વવિદિત છે. તેમનું જીવનચરિત્ર જૈન શ્વે૦ કૉ હેરલ્ડના ૧૯૧૪ ના એક શ્રી મહાવીર અંકમાં અમારા હાથે પ્રકટ થયું છે. તેમણે મુંબઇ છોડી ગયા ને ચીકાગો પહોચ્યા પછી તુરતમાંજ ચીકાગોથી જે પત્ર બધી ખબર અંતરનો લખ્યો તે તેમના સ્વહસ્તનોજ મી. ખીમચંદ ભાવસાર તરફથી મળ્યો છે તે અતિ ઉપયોગી ધારી આ અંકમાં પ્રકટ કરવામાં અમને અતિ આનંદ થાય છે. તંત્રી]

ચીકાગો તા. ૨૯ જાન્યુઆરી ૧૮૯૪

રા. રા. મેહેરબાન શેઠજી સાહેબ.

દયાચંદભાઇ વલ્લભચંદની સેવામાં.

મુંબઈ.

મુબઇનું બારૂં તા. ૪ આગસ્ટ ૧૮૯૩ ના રોજ છોડયા પછી આપના ઉપર સવિસ્તર પત્ર હું લખી શકયો નથી. કારણ માત્ર એજ કે આ દેશમાં કંઇ પણ સંગીન સ્તુતિપાત્ર કામ કર્યા પછી આપને પત્ર લખું તોજ આપને આનંદ પ્રાપ્ત થાય. આ શેહેરમાં હું પાંચ મહીના થયા છું અને તે દરમીયાન આપ સંતોષ પામો એટલું કામ હું કરી શકયો છું. માટે હવે આપને સવિસ્તર પત્ર લખું છું.

તા. ૪ આગસ્ટના રોજ સ્ટીમર પર જતા પેહેલા મેસર્સ ટોમસ કુક એંડસનની મુંબઇની પેઢી તરફથી સ્ટીમરના કપતાન ઉપર એક પત્ર મેં લખાવી લીધો હતો તેની નકલ નીચે આપુ છું.

Bombay, 4th August 1893.

The Commanding Officers of the S. S. Assam and the S. S. Himalaya.

DEAR SIRS,

The bearer of this Mr. Gandhi a Hindu gentleman of this city is en-route to Chicago and is going to observe Hindu rites and customs on board so as not to interfere with his caste. He will feel very much obliged if you will be so kind as to give him a certificate on leaving your ships to the effect that he has not eaten food prepared by the ship's cook, but by his own cook. Thanking you in anticipation.

Yours faithfully,

Thos. Cook & Son.

ઉપર મુજબના પત્ર લઇને હું સ્ટીમરપર ગયો. તેની સાથે પી. એંડ. ઓ. કંપની સાથે બંદોબસ્ત કર્યો હતો કે સ્ટીમરના ઇલાયદા ભાગ ઉપર એક લોઢાનો ચુલોરાખવો.એ ચૂલા માટે મેં સદરહુ કંપનીને એકસો રૂપીયા જૂદા આપ્યા હતા. એડનથી બીજી સ્ટીમરમાં જવાનું હતું અને એ ચૂલો પણ અમારે માટે ખાસ બીજી સ્ટીમર પર લઇ જવામાં આવ્યો હતો. એકલા ચૂલા માટે સો રૂપીયા મોટી રકમ છે પણ તેનો ખુલાસો પી. ઓ. કંપની નીચે પ્રમાણે આપે છે.

મારી સાથે મી. નથુ મંછાચંદ હતો અને રસોઇ વીગેરે કામ માટે તેની જરૂર હતી. એક બે દીવસ સુધી નથુને ફેર આવ્યો તેથી અમે રસોઇ કરી શકયા નહીં. પણ અંતે તંદુરસ્તી સારી રહેવા લાગી. પહેલા બે દીવસ સુધી અમારી સાથે મીઠાઇ વીગેરે ખાવાના પદાર્થો ઘણા હતા તેનાથી અમે ચલાવ્યું. ત્રીજા દીવસથી રસોઈ શરૂ કરી. એડન પછી દરીયો શાંત હતો તેથી રસોઇ કરવામાં અમને કશી અડચણ પડી નહી. એડનથી બીજી સ્ટીમર હીમાલય નામની હતી તેમાં અમે બેઠા. પહેલી સ્ટીમરના કપતાને અમને અમારા ખોરાક સંબંધી સરટીફીકેટ આપ્યું છે તેની

નકલ નીચે પ્રમાણેઃ—

Bombay, 3rd August 1893.

Messrs. Thos. Cook & Son,
Bombay.

DEAR SIRS,

In reply to your letter of date I beg to inform you that a stove has been placed on board the "Assam" for the use of Mr. Gandhi and friend and I have written to the Commander of the connecting ship at Aden to see that it is kept for their exclusive use.

I note that they considered Rs. 100 a high charge but you will doubtless have explained to them that the stove is conveyed at some inconvenience to the ship and has to be transhipped at Aden, carried to London and brought back again.

Yours faithfully,
Superintendent.
Peninsular & Oriental Steam Navn. Co.

S. S. Assam, Aden 11th August 1893.

I hereby certify that Mr. Gandhi, second saloon passenger on board this steamer has travelled from Bombay to Aden, during which time he has had no food prepared by any one on board but his own private cook.

T. F. Creery,
Commander.

એજ પ્રમાણે સ્ટીમર હીમાલયના કપતાને નીચે મુજબ સરટીફીકેટ આપ્યું છે.

S. S. Himalaya, 18th August 1893.

This is to certify that Mr. Gandhi embarked on board this ship at Aden Ex Assam on the 11th August 1893 and disembarked at Brindisi on the 18th August 1893 during which time he only had meals cooked by his own cook, receiving nothing cooked by any of the ship's company.

Fred Buckland,
Purser.

તા. ૧૮ મીના રોજ અમે બ્રીંડીઝી પહોંચ્યા. સ્ટીમર પરથી ઉતરી અમે શેહેરમાં ગયા અને લંડન પહોંચતા રેલગાડીમા બે દીવસ બેસી રહેવું પડે છે તેથી રસ્તામાં ખાવા માટે મેવો તથા ફળ ખરીદ કર્યા. રસ્તામાં કોઇ જગાએ રોકાયા નહી. ફક્ત ઇટાલીના ટયુરિન શેહેરમાં અમારે ગાડી બદલવી પડી ત્યાં બે ચાર કલાક રોકાવું પડ્યું. તા. ૨૦ આગસ્ટના રોજ અમે લંડન પહોચ્યા. બ્રીંડીઝીથી મારા એક મિત્ર ઉપર લંડનમાં મેં અગાઉથી તાર મુકી જણાવ્યું હતું કે અમારે માટે અલાયદુ એક મકાન ભાડે રાખે. લંડન પહોંચ્યા એટલે અમે ઘેર પહોંચ્યા એમ લાગ્યુ. અમેરિકાની સ્ટીમર જવાને છ દીવસની વાર હતી તેથી અમારે તેટલા વખત સુધી લંડનમાં રોકાવું પડ્યું.

તા. ૨૬ આગસ્ટના રોજ અમે લંડનથી રવાને થઇ સાઉથાંપટન ગયા અને ત્યાંથી "પારિસ" નામની સ્ટીમરમા બેઠા. આ સ્ટીમરમાં અમારે સંગાથ ઘણો સારો હતો. લંડનની થિયોસોફીકલ સોસાઇટીની પ્રમુખ મીસીસ* એની બેસાંટ તથા સેક્રેટરી મીસ મ્યુલર, અલાહાબાદની કોલેજના ગણિત શાસ્ત્રના પ્રોફેસર મી. જ્ઞાનેંદ્રનાથ ચક્રવર્તી, તથા બૌદ્ધ ધર્મ સભાના સેક્રેટરી મી. ધર્મપાલ, એ સઘળા ચીકાગોની ધર્મસભા માટે પ્રતિનિધિ તરીકે જતા હતા. રસ્તામાં અમારે તેમની સાથે ઘણીજ સારી રીતે વાતચીત થઇ. તેમને જૈન ધર્મ સંબંધી કશી પણ માહીતી નહોતી પણ જ્યારે જૈન ધર્મના તત્વો સંબંધી મેં તેમને ટુંકામાં વર્ણન આપ્યું ત્યારે આવું ઉત્તમ તત્ત્વજ્ઞાન જૈનધર્મમાં છે એ જાણી તેમને અજાયબી ઉત્પન્ન થઇ તેની સાથે તેઓએ

જણાવ્યું કે આવી ઉત્તમ ફીલોસોફીના પુસ્તકો અંગ્રેજીમાં જૈની લોકો પ્રસિદ્ધ કરતા નથી એ ઘણી દીલગીરીની વાત છે. સાઉથાંપટન અને ન્યૂયોર્કની વચ્ચે સ્ટીમરમાં મીસીસ એની બેસાંટે બે વખત "કર્મ" એ વિષય ઉપર ભાષણ આપ્યા હતા. તા. ૨ સપ્ટેમ્બરના રોજ અમે સવારના આઠ વાગતા ન્યૂયોર્કના બંદરમાં આવી પહોંચ્યા. ગંજાવર કદની સ્ટીમરો બંદરમાં દોડાદોડ કરતી હતી. એક બાજુએ બ્રુકલીન નામનું ન્યૂયોર્કનું પરૂ હતું. બીજી બાજુએ ન્યૂજર્સી નામનું પરૂ છે. વચનાં ન્યૂયોર્ક શેહેર છે. આપણા દેશની કીનારા પર સફર કરનારી સ્ટીમરોમાં મુસાફરી કરનારા ઉતારૂઓને પોતાનો સામાન સાથે લઇ કીનારા ઉપર ઉતરવું પડે છે તેમ અહીં કરવું પડતું નથી. તમારી દરેક પેટી તમારૂં નામ લખી સ્ટીમરના માણસોને સામાન સોંપી દો એટલે તેઓ કીનારા ઉપર તમને દરેક ચીજ બનતી ઉતાવળથી સોંપી દેશે. અમારો કુલ સામાન અમે સ્ટીમરના માણસોને સોંપી દીધો અને અમે સ્ટીમર ઉપરથી અમારા દેશી પોશાકમાં કાંઠા ઉપર ઉતર્યા. કાંઠા ઉપર આપણી મુંબઇની જાણીતી ટોમસ કુકની પેઢીની અત્રેની (ન્યૂયોર્કની) શાખાના પ્રતિનિધિ મી. હેમીલટન હાજર હતા. તેમણે ઘણા વિવેક સાથે અમને કહ્યું કે તેઓ અમારૂં કશું પણ કામ કરવાને સેવામાં હાજર છે. અમે અમારો સામાન તપાસી લીધો. ન્યૂયોર્ક યુનાઇટેડ સ્ટેટસનું બારૂં છે તેથી તરી જકાતનો કાયદો બરાબર અમલમાં મુકવામા આવે છે. તરી જકાતના દશ વીશ ઇન્સ્પેકટરો ત્યાં હાજર હતા અને તેમને અમારો સામાન બતાવ્યા શીવાય અમારાથી જવાય તેમ નહોતું છતાં જેમ મુંબઇમાં ગ્રાંટરોડના સ્ટેશન ઉપર કસ્ટમ્સ ખાતાના સીપાઇઓ લોકોને અપમાન ભરેલી રીતે સતાવે છે તેમ અહી નહોતું. તેઓએ અમને પુછ્યું કે જકાત આપવી પડે એવો સામાન અમારી પાસે હોય તો તેમને જણાવવું અમે કહ્યું કે અમારી પાસે તેવો કશો સામાન નથી. ઉપર ઉપરથી અમારો સામાન તેઓએ તપાસ્યો અને પછી અમને જવા દીધા.

ચીકાગોની ધર્મસભા તરફથી તેના સેક્રેટરી મી. વીલીયમ પાઇપ અમને લેવા માટે બંદર ઉપર આવ્યા હતા. એ ધર્મસભાની જનરલ કમીટીએ ખાસ અમારે માટે મી. પાઇપને ચીકાગોથી ન્યૂયોર્ક મોકલ્યા હતા. તેઓ અમને મળ્યા. મી. વીલીયમ પાઇપ ફક્ત ૩૨ વર્ષના ઉત્સાહી ગૃહસ્થ છે. શરીર અને તંદુરસ્તીની દરકાર કર્યા વિના તેઓએ "પાર્લામેંટ આફ રીલીજીયન્સ" માટે અથાગ મેહેનત લીધી છે. અમારો વિચાર ન્યૂયોર્ક શેહેરમાં બીલકુલ રોકાયા શીવાય તરતજ ચીકાગો જવાનો હતો. પરંતુ મી. પાઇપે કહ્યું કે "તમે ૧૨૦૦૦ માઇલની મુસાફર કરતા અહીં આવ્યા છો માટે બે દીવસ અહીં આરામ લો અને આજે શનીવાર છે પણ સોમવારની સાંજના અહીંથી આપણે ચીકાગો તરફ રવાને થઇશું." તેઓએ અમારે માટે મકાનનો અગાઉથી બંદોબસ્ત કર્યો હતો. મેં તેમને જણાવ્યું કે ખોરાકની બાબતમાં અમારો રીવાજ તમે જાણતા નહી હો; અમે ઉત્તમ હિંદુ તથા જૈન લોકો શીવાય બીજા કોઇના હાથની રસોઇ જમતા નથી. મી. પાઇપે કહ્યું કે "તમારી જ્ઞાતિના રીવાજને અનુકુળ પડે તેવી રીતનો મરજી મુજબ બંદોબસ્ત કરીશું." ફક્ત બેજ દીવસ ન્યૂયોર્કમાં રહેવાનું હતું તેથી અમે વિચાર કર્યો કે ફળફુલ ઉપર રહેવું વધારે ઠીક પડશે. મી. વીલીયમ પાઇપ ચીકાગોની ધર્મસભાને ખરચે અમારે માટે બધો બંદોબસ્ત કરવાને તૈયાર હતા. પરંતુ મેં વિચાર કર્યો કે જૈનધર્મની ઉન્નતિ માટે હું અહીં આવ્યો છું તેવે પ્રસંગે અમેરિકાના લોકોને મારે માટે ખરચ કરવો પડે એ જો કે તેમને પ્રશસંનીય છે તો પણ મારી શક્તિવાન જૈનકોમને નામોશી ભરેલું છે તેથી મી. પાઇપને તેમના ઉત્તમ વિચાર માટે ઉપકાર ભરેલા શબ્દોથી ધન્યવાદ આપી જણાવ્યું કે મારો તમામ ખરચ હું પોતેજ આપીશ. મી. 'પાઇપ' ન્યૂયોર્કની પ્રખ્યાત બ્રન્સવીક હોટેલમાં ગયા અને હું તથા મી. નથુ બ્રાડવે સેંટ્રલ હોટેલના મેનેજરને મળવા ગયા. અને અમે મેનેજરને જણાવ્યું કે અમારે ફક્ત બે દીવસ ન્યૂયોર્કમાં રહેવું છે માટે અમને તેઓ એક ઓરડો ભાડે આપે તો ઠીક. અમને તેઓએ એક ઇલાયદો ઓરડો આપ્યો.

અમારો સામાન એ ઓરડામાં મુકી અમે બજારમાં ગયા અને સક્કરજન, કેળાં, દ્રાક્ષ, નારંગી, જમરૂખ વીગેરે ફળ ખરીદ કરી મકાન ઉપર આવ્યા. સાંજના પાંચ વાગતા ફલાહાર કરી મી. પાઇપને મળવા માટે હું બ્રન્સ્વીક હોટેલમાં ગયો. ધર્મસભા સંબંધી તેમની સાથે ઘણી વાતચીત થઇ. પાંચ સાત ન્યૂસ પેપરના રીપોર્ટરો ત્યાં હાજર હતા. તેઓએ જૈનધર્મ તથા જૈનકોમ સંબંધી ઘણા ઘણા સવાલો મને પુછયા, ન્યૂયોર્કનું પ્રખ્યાત વર્તમાન પત્ર નામે "ધી વર્લ્ડ" મારે માટે નીચે પ્રમાણે કહે છેઃ—

Mr. Virchand R. Gandhi said he believed he was the first member of the Jain Society that had been allowed to visit outside of India within two thosand years. "It is a tenet of our order," he continued, "that should a member break bread with Englishmen, he shall be excommunicated. The High Priest and a gathering of the society selected me as a delegate to the Religious Congress at Chicago. Other meetings denounced me for coming here. I am here and glad to be here."—Gandhi is prohibited from touching meat of any kind. He does not know the taste of flesh. He is an exceedingly intelligent man and stands high in his order.

બીજે દીવસે રવિવાર હોવાથી અમારે કશું અગત્યનું કામ નહોતું તેથી અમે શેહેર જોવા નીકળ્યા.

અમેરિકાના યૂનાઇટેડ સ્ટેટસનું પાયતખ્ત શેહેર વોશીંગટન છે. તો પણ વસ્તી, ઉદ્યોગ, સાહસ, હુન્નર તથા સુધારાની બાબતમાં ન્યૂયોર્ક આ દેશમાં પ્રથમ દરજ્જો ધરાવે છે. આ શેહેરનો વિસ્તાર ૪૨ ચોરસ માઇલ છે. અને વસ્તી સુમારે સત્તર લાખ છે. દુનીયાના દરેક ભાગના લોકો અહી વસે છે. આયર્લેંડના ડબલીન શેહેરમાં જેટલા આઇરીશ લોકો રહે છે તેના કરતા વધારે આઇરીશ લોકો ન્યૂયોર્કમાં રહે છે. બરલીન શીવાય જર્મની દેશના હોઇ પણ શહેરમાં જેટલા જર્મન લોકો રહે છે તેના કરતાં વધારે જર્મન લોકો ન્યૂયોર્ક શેહેરમાં વસે છે. યૂનાઇટેડ સ્ટેટસનું આખું રાજ્ય પ્રજાસત્તાક હોવાથી મોટા અમલદારો લોકોની ચૂંટણીથી નીમાય છે. ન્યૂયોર્કનો મ્યુનીસીપલ કારભાર બત્રીશ મેંબરો ચલાવે છે. એ બત્રીશ મેંબરોને લોકો ચૂંટે છે. શેહેરની વાર્ષિક આવક સુમારે ત્રીશ કરોડ રૂપીયા છે. આ ન્યૂયોર્ક શેહેરમાં ૨૬૦૦૦ કારખાના છે તેમાં સાડા ત્રણ લાખ લોકોને રોજી મળે છે. તેઓ દર વરસે ૨૩૦૦૦૦૦૦૦૦ રૂપિયાનો સામાન બનાવે છે. આ શેહેરમાં ૪૩ દરરોજ પ્રસિદ્ધ થતા વર્તમાન પત્રો છે, ૯ અઠવાડીયામાં બે વખત પ્રસિદ્ધ થતા વર્તમાન પત્રો છે, ૨૨૧ અઠવાડીયામાં એકવાર પ્રસિદ્ધ થતા વર્તમાન પત્રો છે અને ૪૮ દર પખવાડીયે પ્રસિદ્ધ થનારા પેપરો છે. માસીક ચોપાનીયા ૩૯૪ છે. દર બે મહિને પ્રસિદ્ધ થતા ચોપાનીયા ૧૪ છે અને દર ત્રણ મહીને છપાતા ચોપાનીયા ૨૧ છે.

ન્યૂયોર્ક શેહેરનું વર્ણન પત્ર મારફતે જેટલું લખું તેટલું ઓછું છે. ઘણું કરીને થોડા દિવસમાં ગુજરાતી અથવા મુંબઇ સમાચારમાં ન્યૂયોર્કનું વર્ણન હું લખી મોકલીશ.

તા. ૪ આગસ્ટ સોમવારની સાંજના "ન્યૂયોર્ક સેંટ્રલ એંડ હડસન રિવર રેલરોડ"ની ટ્રેનમાં અમે ચિકાગો તરફ રવાને થયા. રસ્તામાં બાર કલાક સુધી નાયાગરાના ધોધ જોવાને મી. પાર્પના કહેવાથી રોકાયા. તા. ૬ સપ્ટેંબરના રોજ અમે ચીકાગો પહોંચ્યા. તા. ૬ સપ્ટેંબરથી આજ દીવસ સુધી ધર્મ સંબંધી અગત્યના બનાવો બન્યા છે મેં ઘણી જગાએ ભાષણો આપ્યા છે અને હજી આપું છું એ બધી હકીકત ઘણા વિસ્તાર સાથે આપના ઉપર લખવાની છે. આપ આટલો લાંબો પત્ર વાંચી કંટાળો પામશો ધારી વિશેષ હકીકત આવતા મેલમાં લખીશ. પરંતુ ચીકાગોમાં પાંચ માસ રહ્યા પછી અહીના ન્યુસપેપરોનો તથા આગેવાન લોકોનો મારે માટે કેવો મત છે તે આ સાથેના બુકપોસ્ટ મારફતે મોકલેલા કાગળોથી આપ જાણશો. જૈન ધર્મ વિષે ભાષણો આપવા હજી હું એક માસને આશરે અત્રે રહીશ. વિશેષ હકીકત આવતા મેલમાં લખીશ.

લી૦ આજ્ઞાંકિત સેવક વીરચંદ રાઘવજી.

"નિર્વાણ સમયની ચર્ચા."

લેખક:—શ્રી૦ હીરાલાલ અમૃતલાલ શાહ.

આપણી ચાલુ માન્યતા મુજબ આજથી ૨૪૫૨ વર્ષ પૂર્વે શ્રી વીરપ્રભુ નિર્વાણને પામ્યા. તે વર્ષથી થોડા વર્ષોને અન્તરે ભગવાન ગૌતમબુદ્ધ નિર્વાણ પામ્યા. બન્નેએ આર્યાવર્તને પોતાના વિહાર અને વાણીથી પુનિત કર્યાં; અને અદ્યાપિ પર્યન્ત અનેકવિધ સ્વરૂપે ભારતવર્ષમાં અને તેથી પણ ઘણે દૂર તેમના જીવનની છાયા ફેલાઇ રહી છે. તેમના સમય પરત્વે જે જે અભ્યાસશીલ વિદ્વાનોએ લક્ષ આપ્યું છે તે યોગ્યજ છે. તેઓના અભ્યાસના પરિણામે જે મતભેદો ઉત્પન્ન થયા છે તેનો અહિં સંક્ષેપમાં ઉહાપોહ કરીશું અને તેમ કરતાં તેમના લક્ષ બહાર કઇ હકીકતો રહી જાય છે તેનો પણ વિચાર થશે.

આ લેખ મર્યાદિત ક્ષેત્રમાં છે એટલે અહીં મુખ્યત્વે વીરનિર્વાણનીજ ચર્ચા થશે અને બુદ્ધનિર્વાણની ચર્ચા ગૌણભાવે રહી અન્તર્ગત થશે. વળી પ્રસ્તુત વિષયપર ઘણા વિદ્વાનોએ લખ્યું છે. પરન્તુ સર્વનો સમાવેશ ત્રણ વિદ્વાનોના લેખમાં થતો હોવાથી અન્યનો ઉલ્લેખ નહિ કરીએ. ત્રણમાંથી ડૉ. જેકોબી (ખરૂં નામ 'યાકોબી' છે) ના લેખનું તથા ડૉ. જાર્લ ચાર્પેન્ટીઅરના લેખનું સંપૂર્ણ ભાષાંતર ક્રમશઃ "જૈન સાહિત્ય સંશોધક "ના ખંડ ૧, અંક ૨ પાનાં ૬૯–૯૭ માં અને ખંડ ૨, અંક ૨ પાનાં ૯૩–૧૨૮ માં આવી ગયું છે. ત્રીજા વિદ્વાન શ્રી. કાશીપ્રસાદ જાયસ્વાલના લેખના મુદ્દાના ભાગનો સાર તેજ ત્રૈમાસિકના ખંડ ૧, અંક ૪ પાનાં ૨૦૪–૨૧૦ માં આવી ગયો છે. મૂળ લેખો માટે વાચકવર્ગે "S. B. E series, vol. 22, "Introduction to Jain Sutras" (1884), 'Indian Antiquary,' vol. XLIII, June, July and August (1914), અને "Journal of the Behar and Orissa Research Society," September (1915) જોઇ લેવાં. આટલો પ્રસ્તાવ એટલા સારૂ કર્યો છે કે કોઇ પણ જીજ્ઞાસુ વાચક ચર્ચાના મુદ્દા સમજવા માટે મૂળ લેખો યા તેમના ભાષાંતરોને સહેલાઇથી પ્રાપ્ત કરી શકે; અને ચર્ચા વાંચ્યા પછી તે સર્વ ફરીવાર જોઇ કયા વિદ્વાન કયે માર્ગે જાય છે, તથા કઇ રીતે શા અનુમાન પર આવે છે તે બરોબર તપાસી શકે અને તેઓની વિચારશ્રેણીમાં સારાસાર સમજી શકે. શ્રી વીરનિર્વાણનો સમય ઇતિહાસ માટે ઉપયોગી છે કારણકે પટ્ટાવલિઓ દ્વારા તથા છૂટી છૂટી હકીકતો દ્વારા નિર્વાણ સમય હિન્દના અનેક સૈકાઓના બનાવો સાથે સંકળાયેલો છે; અને વિશેષમાં, અત્યારના બે મોટા સંવત્સરો–વિક્રમ અને શક સંવત્સરો–પરત્વેનું તેની સાથેનું અન્તર ઘણીજ સ્પષ્ટતાથી સૂચવાયેલું છે. બુદ્ધનિર્વાણના વર્ષોનું તેવું સાતત્ય નથી રહ્યું; છતાં 'દીપવંશ' અને 'મહાવંશ'માં જે ઇતિહાસક્રમ બુદ્ધના વર્ષોમાં જળવાયો છે તે હિન્દના ઇતિહાસમાં ગુપ્ત રાજાઓના સમયપર્યન્તનો વિચાર કરવામાં મદદગાર થઈ પડે છે. આ રીતે બન્ને નિર્વાણના સમય અને ખાસ કરીને વીરનિર્વાણનો સમય હિન્દનો પ્રાચીન ઇતિહાસક્રમ સ્થાપિત કરવામાં બહુજ અગત્યનું સ્થાન ભોગવે છે. પુરાણોની મૌર્ય પછીની વંશાવલિ સાથે આ સમયનો સમન્વય હજી સુધી નથી થયો–અને તેમ કરવાનું અત્યારે પ્રયોજન અને સ્થાન નથી–પણ તેમ થતાં વીરનિર્વાણના સમય પર થતા ઉહાપોહની અગત્ય પ્રતીત થશે તેમાં સંદેહ નથી.

પ્રથમ ડૉ. જેકોબીની વિચારશ્રેણી તપાસીએ. તે મહાશય બેજ હકીકત પર વિશ્વાસ મૂકે છે. પ્રથમ માર્યવંશી રાજા ચન્દ્રગુપ્તની તારીખપર અને પછી તે રાજા અને વીરનિર્વાણ વચ્ચે હેમચંદ્રાચાર્ય ગણાવે

છે તેનાપર. ચન્દ્રગુપ્તનો સમય તે મહાશય ઈ. સ. પૂર્વે ૩૧૨ લે છે. હવે આ સમય એલેકઝાન્ડરની તારીખપરથી લે છે. પરંતુ તે તારીખ ઈ. સ. પૂર્વે ૩૧૨ નીજ છે એમ નથી! અનેક ફેરફારો તેમાં થયા પછી ડૉ૦ જેકોબીએ લખ્યું તે વખતે ઇ. સ. પૂર્વે ૩૧૨ આગળ આવીને ઉભી રહી છે. ઈ. સ. પૂર્વે ૩૧૫-૨૯૧ અને ઇ. સ. પૂર્વે ૩૨૦ નો પોતે નિર્દેશ કરે છે; અને ડો. ચાર્પેન્ટીઅર પોતાના લેખમાં ઇ. સ. પૂર્વે ૩૨૫-૩૧૨ સુધીમાંની કહે છે!! આ પરથી એક વસ્તુ સ્પષ્ટ છે કે એલેકઝાન્ડરનો સમયક્રમ સૌ માની લે છે તેવો સ્થાપિત નથી થઈ ચૂક્યો પરંતુ ચન્દ્રગુપ્તની સાથે તેને સાનુકુળ રાખવાની ત્રેવડ થાય છે. અને તેમાં વિલક્ષણતા આવવાનાં શા કારણો તે કોઈ જણાવતુંજ નથી! ચન્દ્રગુપ્ત સાથે મેળ મેળવવા માટે તેમાં ઉલટાસુલટી ફેરફાર તો નહિ થતા હોય? તે સંશય સહેજે ઉત્પન્ન થાય છે અને તે રીતે આ જગ્યાએ (argument in a circle) ચક્રાવામાં પડવાનો દોષ થાય છે કે નહિ તે કહી શકાતું નથી. અસ્તુ.

શ્રી. હેમચંદ્રાચાર્ય પરિશિષ્ટપર્વમાં (૮,૩૩૯. પ્રસારક સભાનું) "વીરમુક્તિ પછી ૧૫૫ વર્ષે ચન્દ્રગુપ્ત રાજા થયો" તેમ કહે છે. ચન્દ્રગુપ્તનો સમય ઇ. સ. પૂર્વે ૩૧૨ લઇ ડૉ. જેકોબી તેમાં ૧૫૫ વર્ષ મેળવી દે છે એટલે વીરનિર્વાણનો સમય (૩૧૨+૧૫૫=) ૪૬૭ ઇ. સ. પૂર્વેનો આવ્યો; ને તે સિદ્ધ થયો તેમ પ્રતિપાદન કરે છે.

હવે આપણે શ્રી. જાયસ્વાલના મુદ્દા તપાસીએ. હેમચંદ્રાચાર્યે ચન્દ્રગુપ્ત અને નિર્વાણ વચ્ચે ૧૫૫ વર્ષ કહ્યા તે સ્વીકારતા નથી ને તેમાં ભૂલ માને છે. (તેવીજ રીતે બુદ્ધનિર્વાણ પછી ૧૬૨ વર્ષે ચન્દ્રગુપ્ત થયો તે વાત પણ માન્ય કરતા નથી.) સ્થવિરાવલિ (મેરૂતુંગની) અને બીજા સાધનોથી તે અન્તર ૧૫૫ નહિ પરંતુ ૨૧૯ વર્ષનો છે તેમ પોતે સ્વીકારે છે. ચન્દ્રગુપ્તનું રાજ્યારોહણ ઈ. સ. પૂ. ૩૨૬ લઇ તેમાં ઉપરોક્ત વર્ષના ૨૧૮ વર્ષ ઉમેરી ઇ. સ. પૂ. ૫૪૪ નો નિર્વાણ સમય ઠરાવે છે. આ તારીખ ઈ. સ. પૂ. ૫૪૪) શકને વિક્રમ સંવત્સરો અને વીરનિર્વાણ વચ્ચેના અન્તર સાથે સાનુકુળ છે; પરંતુ અહીં ૨૧૯ વર્ષનો, નિર્વાણ અને ચન્દ્રગુપ્ત વચ્ચેનો ખાંચો તેમણે સ્વીકાર્યો છે તે માનનીય નથી, ખોટો છે, અને ઇતિહાસક્રમ માટે અર્થહીન છે. તેમણે ૬૦ વર્ષ પાલકનાં અને ૧૫૫ વર્ષ નન્દનાં એમ ૨૧૫ વર્ષ છે એવી સ્થવિરાવલિની વાતપર ખૂબ વજન દીધું છે. ડૉ. કલાટે (Indian Antiquary, XI, P. 251; 1882) એક ફુટનોટમાં જણાવ્યું કે "તેજ વર્ષમાં ચન્દ્રગુપ્તે નવમા નન્દને માર્યો. આ નોટ (સ્થૂલભદ્ર વિષેની હકીકત આપી છે તેમાં) ૨૧૫ વીરાત્ સ્થૂલભદ્ર સ્વર્ગે ગયા તે ઉપર છે. નોટ પટ્ટાવલી અનુસાર છે કે ડાકટરની સાહેબની પોતાની ભૂલ છે તે કહી ન શકાય. (આચાર્ય સંભૂતિવિજય વીરાત્ ૧૫૬ સ્વર્ગે ગયા તે પરની આ નોટ તો નહિ હોય? લખવામાં ભૂલ થતાં નોટનું સ્થાનાન્તર થયું હોય તો નવાઈ નહિ.) પાને ૨૪૬ ઉપર સ્થૂલભદ્ર વીરાત્ ૨૧૯ વર્ષે સ્વર્ગે ગયા તેવો નોંધ છે. આ નોંધ ને ડાકટરની સાહેબની ફુટનોટ લઈ શ્રી. જાયસ્વાલ રચના કરે છે કે વીરાત્ ૨૧૯ વર્ષ ચન્દ્રગુપ્ત ગાદીએ બેઠો. પરંતુ હેમચંદ્રાચાર્યના પરિશિષ્ટપર્વમાં (સર્ગ ૮-૯) સ્થૂલભદ્રનો ઇતિહાસ તપાસતાં અને આ પટ્ટાવલિનાં વર્ષો મેળવતાં ચન્દ્રગુપ્ત માટે વીરાત્ ૨૧૫ કે ૨૧૯ વર્ષો ખોટાં માલૂમ પડે છે તે આ રીતઃ—

પરિશિષ્ટ પર્વના ૯/૧૧૨ અને ડૉ. કલાટના પા. ૨૪૬ અનુસાર.

(૧) શ્રી. ભદ્રબાહુસ્વામી વીરાત્ ૧૭૦ સ્વર્ગે ગયા.

(૨) આઠ કે વધુ વર્ષ તેમણે સ્થૂલભદ્રને પાઠ આપ્યા.

(૩) અને તે હકીકત બાર વર્ષનો દુકાળ પૂર્ણ થયા પછી બની. હવે આ ત્રણે બીના ધ્યાનમાં રાખતાં વીરાત્ ૧૭૦ માંથી (૧૨+૮=૨૦) વીશ વર્ષ બાદ જતાં, અર્થાત્ વીરાત્ ૧૫૦ આસપાસ આ દુકાળ શરૂ થયો ગણાય. પરિશિષ્ટ, ૮, ૧૯૩ પ્રમાણે તે

વખતે આચાર્ય સંભૂતિવિજય (સ્થૂલભદ્રના ગુરૂ) વિદ્યમાન હતા અને તે વખતે સ્થૂલભદ્રના ઓછામાં ઓછા બે ચોમાસા થઇ ચૂક્યા હતા (પરિશિષ્ટ ૮, ૧૦૯–૧૯૩). આચાર્ય સંભૂતિવિજય પટ્ટાવલી પ્રમાણે વીરાત્ ૧૫૬ સ્વર્ગે ગયા.

(૪) ચોથી હકીકત (ડૉ૦ કલાટ પા. ૨૪૬)–સ્થૂલભદ્રે દીક્ષા વીરાત્ ૧૪૬ માં લીધી અને તે નવમા નન્દના રાજ્યમાં (પરિશિષ્ટ ૮; ૩–૯, ૮૨); વળી સ્થૂલભદ્રની દીક્ષા (મૃત્યુપર્યંત) રહી તેના ૬૯ વર્ષ ગણાવ્યા છે. આ હીસાબે નવમા નન્દનુંજ રાજ્ય ૬૯ વર્ષ ઉપરાંત ચાલ્યું હોય અને નવમો નન્દ ને સ્થૂલભદ્ર બન્નેના અન્ત સાથે ચન્દ્રગુપ્તના રાજ્યનો આરંભ થયો હોય. પરંતુ શ્રી૦ જાયસ્વાલ નન્દોને (નવનન્દો હતા તેને બદલે થોડા ઠરાવીને એકંદર બધાને) ૪૦ વર્ષથી વધુ આપતા નથી તો પછી નવમા નન્દના ૬૯ ઉપરાંત વર્ષોની વાત ક્યાંથી રહે ? વળી ૨૧૫ વીરાત્ ચન્દ્રગુપ્ત ગાદીએ આવે તો વીરાત્ ૨૩૫ માં સંપ્રતિ ગાદીએ ક્યાંથી આવે ? ચન્દ્રગુપ્ત ને અશોકના મૃત્યુ વચ્ચે ૮૮–૮૯ વર્ષોનું અન્તર છે. ડૉ. કલાટ તેજ પાને સંપ્રતિ વીરાત્ ૨૩૫ ગાદીએ આવે છે તેમ કહે છે. ચન્દ્રગુપ્ત, બિન્દુસાર અને અશોકનાં ક્રમશઃ ૨૪+૨૮+૩૭=૮૯ વર્ષ જોઇએ. વીરાત્ ૨૧૫ અને ૨૩૫ વચ્ચે માત્ર વીશજ વર્ષનું અન્તર રહે જ્યારે ૮૯ ઉપરાંત વર્ષોનો સમાવેશ કરવો જોઇએ; અને તેમ કરીએ તોજ ઇતિહાસક્રમ સચવાય. અર્થાત્ ચન્દ્રગુપ્તના આરોહણ માટે વીરાત્ ૨૧૫ કે ૨૧૯ વર્ષ ખોટું છે તે પ્રતીત થાય છે. પરિશિષ્ટ ના ૮, ૩૩૭ માં લખ્યું છે કે "તે બાર વર્ષના કરાળ દુકાળમાં ચન્દ્રગુપ્તના નગરમાં આચાર્ય સુસ્થિત હતા." જો ચન્દ્રગુપ્ત વીરાત્ ૨૧૫ માં ગાદીએ આવે તો વીરાત્ ૧૫૦ થી શરૂ થતા દુકાળમાં કઇ રીતે તેનું નગર હોય ને તે પોતે પણ ક્યાંથી હોય ? પરિશિષ્ટમાંની હકીકતો વાંચીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે ચાણક્ય, સ્થૂલભદ્ર ને ચન્દ્રગુપ્ત દુકાળમાં સમકાલીન હતા અને ત્યારપછી પણ હતા.

આ રીતે શ્રી. જાયસ્વાલની રચના લુપ્ત થાય છે ને નિર્વાણ સમયના ક્ષેત્રમાંથી ચન્દ્રગુપ્ત માટે વીરાત્ ૨૧૫ વર્ષ લુપ્ત થાય છે. તે જતાં જાયસ્વાલ પાસે નિર્વાણ સમય સિદ્ધ કરવા પૂરતો આધાર નથી રહેતો એટલુંજ નહિ પણ શિશુનાક વંશની ગોઠવણ તેમણે કરેલી છે તે પ્રયાસ નિષ્ફળ જાય છે. (તેમની અન્ય વિસ્તૃત ચર્ચા સાથે અહિં સંબંધ નથી એટલે તેનો ઉલ્લેખ અહિં નહિ કરી શકાય.)

ડૉ૦ ચાર્પેન્ટીઅરના લક્ષ બહાર નથી ગયું કે દુકાળ પછી પણ ચન્દ્રગુપ્તને સ્થૂલભદ્ર વિદ્યમાન હતા. પણ ચન્દ્રગુપ્તનો સમય વિવિધ વર્ષોનો હોવાથી ત્યાંથી આરંભ કરવાની અત્યાર સુધીની પદ્ધતિનો તે પોતે ત્યાગ કરે છે અને તેને સ્થાને નવીન પદ્ધતિ અખત્યાર કરે છે; અને તે પદ્ધતિ અશોકના સમયથી ગણતરી કરવાની છે. તે કેવી રીતે છે તેનો પહેલાં નિર્દેશ કરી તેમાંથી અને સાથે બીજા મુદ્દાઓમાં નિપજતા વિસંવાદો તપાસીશું.

અશોક પોતાના જગપ્રસિદ્ધ શિલાલેખમાં તેરમા વર્ષ પરત્વે પોતે પાંચ યવન રાજાઓના ઉલ્લેખ કરે છે. "અંતિયોક, તુરમય, અંતિકિન, મક, અને અલિકસુદર."

અંતિયોક=એન્ટીઓકસ બીજો–થીઓસ, સીરીયાનો રાજા, ૨૬૧–૨૪૬ ઈ. સ. પૂર્વે;

તુરમય=ટોલેમાયોસ બીજો–ઇજીપ્તનો, મૃત્યુ ૨૪૭ ઇ. સ. પૂર્વે.

અંતિકિન=એન્ટીગોનોસ ગોનાટસ–મેસાડોનિયાનો–મૃત્યુ ૨૩૯ ઇ. સ. પૂર્વે;

મક=મગસ–સીરીનનો, મૃત્યુ ઇ. સ. ૨૫૮ પૂર્વે;

અલિકસુદર=એલેકઝાન્ડર–એપીરસનો, મૃત્યુ ૨૫૮ (આસપાસ) ઇ. સ. પૂર્વે.

આ પાંચે રાજા જીવતા છે તેમ શિલાલેખનો ધ્વનિ છે (તેમ સમજાયું છે) એટલે દરેકની સાલ તપાસતાં બધા વચ્ચેનાં સામાન્ય વર્ષો ૨૬૧–૨૫૮ (ઈ. સ. પૂર્વે) આવે તેજ વર્ષો દર્મ્યાન શિલાલેખ અનુસાર અશોકનું અભિષેક પછીનું તેરમું વર્ષ હોય. અભિષેક પહેલાં ચાર વર્ષ બીજા ગયા હતા એમ

બૌદ્ધ ઇતિહાસ કહે છે; એટલે અશોક ગાદીએ આવે ત્યારે ઇ. સ. પૂર્વે ૨૭૬-૨૭૪ મું વર્ષ હોય ને તેને અભિષેક થાય ત્યારે ઈ. સ. પૂર્વે ૨૭૨-૨૭૦ મું વર્ષ હોઇ શકે. આ પ્રમાણે ડૉ. ચાર્પેન્ટીઅર મહાશય નિર્ણય કરે છે. મૉ. સેનાર્ટે પ્રથમ નિર્ણય કરેલો છે; તે ઇ. સ. પૂર્વે ૨૭૩ લે છે.

પણ અહિં ડૉ. ચાર્પેન્ટીઅર સુકાન ફેરવે છે ને ચન્દ્રગુપ્તનો સમય ઈ. સ. પૂર્વે ૩૧૨ નો લઇ, હેમચંદ્રાચાર્યના ચન્દ્રગુપ્તને વીરનિર્વાણ વચ્ચેના ૧૫૫ વર્ષ સાથે મેળવી દેતાં અને તે રીતનો (૩૧૨+૧૫૫=૪૬૭) ઇ. સ. પૂર્વે ૪૬૭ નિર્વાણ સમય બરોબર છે તેમ જાહેર કરે છે! અશોક અને ચન્દ્રગુપ્ત વચ્ચેનો ઇતિહાસક્રમ ગોઠવી શકતા નથી ને જેનો ત્યાગ કર્યો તેજ (ચન્દ્રગુપ્તનો) સમય સ્વીકારી લે છે. તેનો સંપૂર્ણ ત્યાગ નથી કરી શકતા કારણ કે ચન્દ્રગુપ્તને એલેકઝાન્ડર વચ્ચે છેટું પડે તે પાશ્ચાત્ય વિદ્વાનોને માન્ય નથી!

ચન્દ્રગુપ્તે ૨૪ વર્ષ અને બિન્દુસારે ૨૮ વર્ષ રાજ્ય કર્યું એટલે અશોક ગાદીએ આવ્યો તે પહેલાં ૫૨ વર્ષે ચન્દ્રગુપ્ત ગાદીએ બેઠો. અશોક ગાદીએ આવ્યો તેનાં વર્ષ ઉપર જણાવ્યા તેમ ઈ. સ. પૂર્વે ૨૭૬-૨૭૪ માં આ '૫૨' વર્ષ ઉમેરતાં ચન્દ્રગુપ્ત ૩૨૮-૩૨૪ ઇ. સ. પૂર્વે ગાદીએ આવ્યો તેમ નક્કી થઇ જાય છે. હવે આ વિસંવાદની છાયા દૂર રાખવા માટે ડૉ. ચાર્પેન્ટીઅર એક બીજી તારીખ લે છે. કલ્પસૂત્રમાં છેવટે બે તારીખો જૂદી જૂદી પ્રતમાં મળે છે..એક વીરાત્ ૯૮૦ ની ને બીજી વીરાત્ ૯૯૩ ની. ડૉ. જેકોબીનો અભિપ્રાય એમ છે કે કે (કપ્લસૂત્ર.) S. B. E., vol. XXII, P. 270, foot-note, "આ તારીખો શેને લગતી છે તે અનિશ્ચિત છે અને આ બેમાંથી એક તારીખ સાથે ગમે તેમ બીજી હકીકતો ટીકાકારો જોડી દે છે." મૂળ ગ્રન્થમાં રાજાનું નામ નથી પણ એક ટીકામાંથી રાજાનું નામ સ્વીકારી ડૉ. ચાર્પેન્ટીઅર ફક્ત ૯૯૩ ની સાલ વીણી લે છે અને તે રાજાને વલભીના પહેલા ધ્રુવસેન તરીકે માની લઇ તેના એક લેખની સાલ વલભી સંવત ૨૦૭ તે આજ વીરાત્ ૯૯૩ એમ કલ્પી લે છે-પોતાના લખવામા તે નક્કી કરેલું માની લખે છે. વલભીસંવત્ ૨૦૭ એટલે ૨૦૭+૩૧૯=૫૨૬) ઇ. સ. ૫૨૬ અને ઇ. સ. ૫૨૬=વીરાત્ ૯૯૩ એટલે વીરનિર્વાણ બરોબર ઇ. સ. પૂર્વે ૪૬૭ આવી મળ્યું (૯૯૩-૫૨૬=૪૬૭)! અને આ મેળ મળ્યો એટલે ઉપરની અશોક ઇ૦ ની અને ડૉ૦ જેકોબીએ નક્કી કરેલી તારીખ સુસ્થિત થઇ! આ સત્ય નહિ પણ સત્યાભાસ છે તેમ વિચારશ્રેણી નિહાળનારને પ્રતીત થશે. વસ્તુતઃ ધ્રુવસેન પહેલા સાથે તેમણે મેળ મેળવ્યો તે માન્ય નથી. તેના કારણોઃ—

(૧) વલભી ૨૦૭ એટલે વીરાત્ ૯૯૩ એમ માનવાને કોઈ જાતનો આધાર નથી.

(૨) એક ટીકાકાર ધ્રુવસેન રાજાનો નહિ પણ પણ સ્કન્દિલાચાર્યની માથુરી વાંચનનો નિર્દેશ કરે છે. હવે સ્કન્દિલાચાર્યનો સમય મેરૂતુંગની થેરાવલિ અનુસાર (સંશોધક ખં. ૨. અં. ૨, પાનાં ૧૩૫-૧૪૩; Journal of the Bombay Branch Royal Asiatic Society, vol. IX, P. 154.) વીરાત ૮૨૩ છે. કયાં ૯૯૩ (કે ૯૮૦) અને કયાં ૮૨૩?

(૩) બીજા ટીકાકારે ધ્રુવસેન રાજાને આનન્દપુરનો ગણાવ્યો છે. તેને વલભીનો ધ્રુવસેન ડૉ૦ ચાર્પેન્ટીઅર લે છે; તેમ કરવા જતાં આનન્દપુર ને વલભી વચ્ચેની ભિન્નતા ભૂલી જાય છે. વલભી વધારે પ્રસિદ્ધ ને રાજધાની હોઇને જો વલભીનોજ રાજા ટીકાકાર જણાવવા માગતા હોય તો આનન્દપુર (=આણંદ કે વડનગર) ને સ્થાનજ નથી. તેવી ભૂલ સંભવેજ નહિ.

(૪) ટીકાકારે જણાવ્યું છે કે રાજા માટે પુત્રશોકના નિવારણ સારૂં ભરસભામાં કલ્પસૂત્ર વંચાયું. પણ વલભીનો ધ્રુવસેન રાજા શિલાલેખોમાં (Corpus Inscriptionum Indicarum vol. III, P., 165, Fleet)" "પરમ ભાગવ-

ત" ગવાયો છે. આ બિરૂદ અનુસાર રાજા પરમ વૈષ્ણવ હોવો જોઇએ. જૈન તો નહિજ. અને શોક પ્રસંગે પોતાનાજ ધર્મનું વંચાવે કે બીજાના ધર્મનું? વળી પોતે બહુજ છૂટા વિચારનો હોય પણ તેનું કુટુંબ તેવું માની શકાય નહિ ને શોકના પ્રસંગે તો રૂઢીથી ભાગવત જેવું વંચાતું હોય તેજ વંચાય. ત્યાં કલ્પસૂત્રને (ધ્રુવસેનની બાબતમાં) અવકાશજ નથી. હવે જો આ ધ્રુવસેન પહેલાંને ડૉ. ચાર્પેન્ટીઅર છોડી દે તો તેની સાલ (વલભી ૨૦૭) પણ છોડી દેવી પડે અને તેમ કરતાં તેનો અને વીરાત્ ૯૯૩ નો મેળ તેણે કલ્પ્યો તે પણ અલોપ થઇ જાય છે! પોતે ઇતિહાસક્રમ કોઇ રીતે ગોઠવી શકતા નથી તેનો સ્વીકાર કરે છે તે આ શબ્દોમાં-" But where the confusion lies is not easily ascertained" (P. 171)-" કયાં ગોટાળો થાય છે તેનો સહેલાઇથી પત્તો નથી લાગતો," ગોટાળો ચન્દ્રગુપ્તને અશોકના વચ્ચેના સમયનિર્ણયમાં વસ્તુતઃ ઉપસ્થિત થયો છે પણ તે બન્નેને સાચવવા જતા ચન્દ્રગુપ્ત પૂર્વના બૌદ્ધ ઇતિહાસમાં ગોટાળો તેમને પ્રતિબિંબત થાય છે ને તે માટે સીલોનના ઇતિહાસક્રમ-'દીપવંશ' અને 'મહાવંશ'-ને દોષ દે છે !!! વાચક એટલુંજ ધ્યાનમાં રાખશે કે,—

વીરાત્ ૧૫૫ ચન્દ્રગુપ્ત ગાદીએ-બુદ્ધથી ૧૬૨ વર્ષે,
વીરાત્ ૨૩૫ સંપ્રતિ ગાદીએ.
ચંદ્રગુપ્તના ૨૪ વર્ષ. }
બિન્દુસારના ૨૮ વર્ષ. }
બુદ્ધથી ૨૧૮ વર્ષે અશોકને અભિષેક.
અશોકના ૪ વર્ષ-ગાદી પછી ને અભિષેક પહેલાં
અશોકના કુલ ૩૬-૩૭ વર્ષ, અને

વીરાત્ ૯૯૩ ને વલભી ૨૦૭ વાળા ધ્રુવસેન સાથે લેવાદેવા નથી તો ડૉ૦ ચાર્પેન્ટીઅરને લાગેલી અટપટી ગુંચવણોની પાર જઇ શકશે. નિર્વાણ સમયનો અભ્યાસ કરનાર કોઇ પણ મહાશયને ઉપરની તવારીખ નજર આગળ રાખવી જોઈશે અને વીરાત્ ૨૧૫ વર્ષ ચન્દ્રગુપ્ત માટે તો તદ્દન ખોટું છે તે ભૂલવું નહિ જોઇએ. ડૉ૦ જેકોબી ચન્દ્રગુપ્ત પછીનો ઇતિહાસક્રમ ગોઠવવાની જંજાળમાં નથી ઉતર્યા એટલે તે ગુંચવણથી મુક્ત રહ્યા છે; તેવીજ રીતે ચન્દ્રગુપ્ત પહેલાના ઇતિહાસને અડયા નથી એટલે ત્યાં પણ મુક્ત રહ્યા છે. ચાર્પેન્ટીઅર મહાશય પછીનો ક્રમ ગોઠવવામાં ને શ્રી. જાયસ્વાલ બન્ને રીતનો ગોઠવતાં વમળમાં આવી ગયા છે અને શ્રી૦ જાયસ્વાલની બાબતમાં વીરાત્ ૨૧૫ (કે ૨૧૯) આધાર ડૂબાવનારો નિકળ્યો છે.

ડૉ૦ ચાર્પેન્ટીઅર બીજી ભૂલ કરે છે. વીરનિર્વાણ વખતે અવન્તિમાં રાજા પાલકનો અભિષેક થાય છે તે હકીકત હસ્તિપાલક રાજા માટે લેવામાં કરે છે. તે કલ્પે છે કે હસ્તિપાલકના ગામમાં વીરનું નિર્વાણ થયું ને કાળાન્તરે ગ્રન્થકારોની ભૂલથી હસ્તિપાલકનું પાલક થઇ તેને અવન્તિના પાલક સાથે જોડી દીધું. (Charpentier, P. 122; 'સંશોધક' પા. ૯૭). આ કલ્પના અશક્ય છે કારણ કે વીરના નિર્વાણ વખતે હસ્તિપાલક રાજા ગાદીએ હતોજ. તેને કાંઈ અભિષેક થવાનો નહોતો જ્યારે ગાથા તો અભિષેકની વાત કરે છે. એટલે અપાપાનો, હસ્તિપાલક અને અવન્તિના પાલક વચ્ચે સંબંધ કે ગોટાળો ઉભો થતોજ નથી. જે ગાથાઓ અવન્તિના પાલકનો નિર્દેશ કરે છે તેજ ગાથાઓ ને સ્થવિરાવલિ મૌર્યનાં ૧૦૮ વર્ષ મૂકે છે ને કેટલેક ઠેકાણે નન્દોનાં ૧૫૫ વર્ષ મૂકે છે (હેમચંદ્રાચાર્ય નન્દોનાં ૫૦ વર્ષ મૂકે છે જ્યારે પુરાણો ૧૦૦ વર્ષ મૂકે છે) ગાથાઓની આ ભિન્નતા તથા અવન્તિ, પાટલિપુત્ર ને ભરૂચ ઇત્યાદિના રાજાઓનું એકીકરણ બહુજ વિચિત્ર છે તેમ કહેવામાં ડૉ૦ ચાર્પેન્ટીઅર યથાર્થ છે પરંતુ તેથી ગાથા જે આરંભને અન્ત મૂકે છે, સંવત્સર ને શકના વીરનિર્વાણ વચ્ચેનાં અન્તરો જણાવે છે, તે ખોટાં નથી પડતાં. માત્ર એટલુંજ પ્રતિપાદન થાય છે કે વચ્ચેની વિગતની બાબતમાં આ ગાથાઓ સન્માર્ગદર્શક નથી અને સંવત્સરો વચ્ચેનાં ખાડાં પૂરવાનાં તેમના પ્રયાસો કેવળ તાર્કિક છે અને તેથી તે વિગતો પર મદાર રાખી શકાય નહિ. શ્રી. જાયસ્વાલ આ વિગતોનું અવલંબન બહુ લે છે ને

તેટલે દરજ્જે તે અટવાય છે તેમ તેમના લેખમાં સ્પષ્ટ તરી આવે છે.

ચાર્પેન્ટીઅર મહાશયનો પ્રયાસ એક રીતે સર્વાંગસુંદર છે, અને તે ગોશાળકની હકીકત લઈ વીર નિર્વાણ અને બુદ્ધ નિર્વાણના સમયનો પરસ્પરનો મેળ મેળવી આપવામાં છે. આમાં તેમણે જે સફળતા મેળવી છે તેને માટે અભિનન્દન આપીએ તેટલું ઓછું છે. સંક્ષેપમાં તેમનું પ્રતિપાદન આ પ્રમાણે છે:—

(૧) વીરનિર્વાણ પૂર્વે ૧૬ વર્ષે ગોશાળક સ્વર્ગે ગયા;

(૨) ગોશાળકના અન્ત સમયે આઠ ચરમ-આઠ અદ્ભુત-થયાં (જૂઓ "ઉવાસગદસાઓ.") આ આઠ બનાવો સમયની ગણતરીએ નજીક નજીકનાં ન હોય તો તેમાં ચમત્કાર નથી રહેતો. આ આઠ ચરમોમાં છેલ્લું નૃત્ય (ગોશાલકનું) ને સેચનક હસ્તિનું યુદ્ધ ઇત્યાદિ છે.

(૩) નં. ૨ માં જણાવેલ યુદ્ધ અજાતશત્રુ ગાદીએ આવતાં કરેલછે તેજ છે. તેમાં સેચનક હસ્તિ મરાયો.

(૪) અજાત શત્રુના આઠમા વર્ષે બુદ્ધનિર્વાણ થયું અર્થાત્ ગોશાલક પછી આઠમા વર્ષમાં (કે તેની આસપાસ) બુદ્ધનિર્વાણ થયું;

(૫) નં. ૧ અને નં. ૪ પરથી તુરતજ ફલિત થાય છે કે અજાત શત્રુના સોળમા વર્ષે વીરનિર્વાણ થયું;

(૬) અર્થાત પહેલાં બુદ્ધ નિર્વાણ થયું અને પછી આઠ વર્ષમાં વીરનિર્વાણ થયું.

આ બીનાને મોટો ટેકો નીચેની બાબતનો છે. હેમચંદ્રાચાર્ય ચન્દ્રગુપ્તને ગાદીએ વીરાત્ ૧૫૫ લેછે. બૌદ્ધ ગ્રન્થો તેજ બનાવ માટે 'દીપવંશ'-'મહાવંશ' માં બુદ્ધાત્ ૧૬૨ કહે છે. અર્થાત્ બન્ને વચ્ચે સાત વર્ષનો તફાવત છે; અને બુદ્ધનિર્વાણ વીરનિર્વાણથી સાત વર્ષ પહેલાં, (સાત કે આઠ-તેનો તફાવત ગણાય નહિ.

આ ઉપરથી એક વાત સ્પષ્ટ થાય છે કે બૌદ્ધ ગ્રન્થોમાં શિષ્યની ખેંચતાણ થતાં બુદ્ધના પ્રસંગમાં આવી નાતપુત્ત નિર્ગ્રન્થને લોહીની ઉલટી થઇ ને પરિણામે તેનું મૃત્ય, થયું તે મહાવીર સ્વામીને લગતી હકીકત નથી (Charpentier, P. 127-8, 'સંશોધક; પા. ૧૦૩). અગર ત્યાં જો મહાવીર સ્વામીનાજ નિર્દેશ ગ્રન્થકાર કરતા હોય તો તે ગ્રન્થકારનું લખાણ ઇતિહાસક્રમથી વિરૂદ્ધ હોઇ અસત્ય ઠરે છે ને ધર્માંધપણાને અંગે દ્વેષપૂર્ણ મનોદશાનુંજ પરિણામ સૂચવે છે. વસ્તુતઃ બુદ્ધનિર્વાણ પછી સાત-આઠ વર્ષ મહાવીરસ્વામી વિચર્યા તેમ પ્રતિપાદિત થયું છે.

સંપ્રતિ માટે વીરાત્ ૨૩૫ વર્ષે મૂકયા તે કઇ રીતના તે સમજાતું નથી (ડૉ૦ કલાટ, પા. ૪૬) વીરાત્ ૧૫૫ વર્ષે ચન્દ્રગુપ્ત આવે છે ને (પર વર્ષ પછી અર્થાત્) વીરાત્ ૨૦૭ અશોક આવે છે. અશોકનાં વર્ષ ૩૬ ગણાય ને વાયુપુરાણ પ્રમાણે તેના પુત્ર કુણાલના આઠ વર્ષ ગણાય ને પછી સંપ્રતિ વીરાત્ ૨૫૧ (૨૦૭+૩૬+૮=૨૫૧) માં આવે. આ મુજબ થતાં સોળ વર્ષનો અંતર પટ્ટાવલીમાં પડે છે! પરિશિષ્ટપર્વમાં હેમચંદ્રાચાર્યના વર્ણન મુજબ કુણાલનું રાજ્ય ન હોય તો વીરાત્ ૨૪૭ સંપ્રતિના વર્ષ આવે અને અશોકે જો પોતાનીજ હયાતી દર્મ્યાન અભિષેક કર્યો હોય (પરિશિષ્ટમાં તે મુજબ વર્ણન છે. અને અશોકનાં વર્ષ અભિષેકથી પણ ગણાય છે તે ધ્યાનમાં રાખવા જેવું છે) અથવા તેમ કરી પ્રાંતની સુબાગીરી આપી હોય તો "વીરાત્ ૨૩૫" વર્ષમાં કાંઈક અર્થ રહે છે-પણ આ વિષેનો નિર્ણય કરવાનું અન્ય કોઇ સાધન આપણી પાસે નથી, સંપ્રતિને શ્રેણિકથી સત્તરમો તે સ્થાને પટ્ટાવલીમાં કહ્યો છે; જો કુણાલને અન્તર્ગત કરીએ (રાજા તરીકે કે વંશજ તરીકે?) તોજ સંપ્રતિ સત્તરમો થાય. ભૂલ તો ઉભી રહે છે જ.

૧—શ્રેણિક
૨—અજાતશત્રુ } જૂઓ બધે પરિશિષ્ટપર્વ.
૩—ઉદાયી

૧૨—નવનન્દો

૧૩—ચન્દ્રગુપ્ત
૧૪—બિન્દુસાર
૧૫—અશોકશ્રી
૧૬—કુણાલ
૧૭—સંપ્રતિ

વીરનિર્વાણ સાથે બુદ્ધનિર્વાણની તારીખ રાજા ચન્દ્રગુપ્ત, ગોશાલકને અજાતશત્રુ (=કુણિક) એ ત્રણની દ્વારા સંકળાયેલી છે તે ૨૫૮ થયું. વીરનિર્વાણ તારીખ ચન્દ્રગુપ્તના પરત્વે (વીરાત્ ૧૫૫) લઈ તેજ વર્ષો પુરાણની વંશાવલિ નવેસરથી વિચારી ગોઠવતાં આન્ધ્ર રાજાઓના વખતના (શક)સંવત્સરના શિલાલેખો સુધી પહોચે તોજ તેનો વધુ વિચાર કરી શકાય. તેમ શક્ય છે તે અહિં વિસ્તારભયના કારણે પ્રતિપાદન નહી કરીએ; પણ તેના પરિણામમાં વીરનિર્વાણને શક વચ્ચે ૬૦૫।। વર્ષોનું અંતર યથાસ્થિત ઉતરે છે તેમ જણાવવામાં વાંધો નથી. વાચકે જોયું હશે કે આ ચર્ચામાં ચન્દ્રગુપ્તની એલેકઝાન્ડર મારફત આવતી ઈંગ્રેજી તારીખ પ્રધાન સ્થાન ભોગવે છે અને એમ પણ સમજાય છે કે એલેકઝાન્ડરની તારીખ પહેલેથી એક સરખી સ્થિર ન રહેતાં ચન્દ્રગુપ્તને અનુકૂળ કરવાના પ્રયાસો થતા રહ્યા છે! એલેકઝાન્ડરની તારીખ નક્કી કેવી રીતે થાય છે-ને તે પછી ચન્દ્રગુપ્ત માટે વર્ષોની હારની હાર અત્યાર સુધીમાં કેમ આવી તેના ખુલાસો હજી કોઇએ રજુ નથી કર્યો. અને તેમ થયા સિવાય હિન્દનો ઇતિહાસક્રમ રચવામાં થતો ગોટાળો એલેકઝાન્ડરની તારીખમાંજ ગણીએ તો જરાપણ ખોટું નથી, પણ આ વિષય યુરપની જૂની ક્રોનોલોજીનો—ત્યાંના પ્રાચીન ઇતિહાસક્રમનો—છે તેથી આપણે માત્ર આંગળી ચીંધી મૌન સેવવું પડે તેવી અત્યારની પરિસ્થિતિ છે. આ સંબંધે નીચેની હકીકત પણ જાણવા જેવી છે:—" Unfortunately for ancient chronology, there was no one fixed or universally established Era... and it was not until A. D. 532 that the Christian Ere was *invented* by Dionysius Exigsus, a Scythian by birth and a Roman Abbot, who flourished in the reign of Justinian." ("Hale's "Chronology," vol., I, P. 83.) " જૂના કાળના ઇતિહાસક્રમ માટે દુઃખની વાત એ છે કે પ્રતિષ્ઠિત કે સર્વમાન્ય કોઈ પણ સંવત્સર આગળ હતો નહિ......અને જન્મથી સીથીઅન અને એક રોમન સાધુ પુરૂષ જે જસ્ટીનીઅનના રાજ્યમાં હતો અને જેનું નામ ડાયોન્યીસીઅસ એકસીજસ હતું તેણે ઇ, સ. ૫૩૨ માં ખ્રિસ્તનો સંવત્સર શોધી કાઢ્યો (પ્રચલિત કર્યો)."—હેલ્સની ક્રોનોલૉજી. વૉ. ૧લું. પા, ૮૩.

ત્યાં કઇ રીતે ઇતિહાસક્રમ રચાયા, તેમાં એલેકઝાન્ડર વિષે ને (અશોકવાળા) પાંચ યવન રાજા વિષેના સમયની રચના યથાસ્થિત છે કે દોષપૂર્ણ છે તે તપાસવાનું જ્યાં સુધી આપણને ન મળે ત્યાં સુધી ચન્દ્રગુપ્તની (કે અશોકની) ખ્રિસ્તી તારીખ લેવી તે ભૂલ છે એટલુંજ નહિ પણ સંશોધન કાર્યને વિઘાતક છે. અત્યાર સુધીના ઘણા વિદ્વાનોની મહેનત તે પર થઇ છે તેમાં સંદેહ નથી પણ તે સર્વ પાછળ રહેલ મુદ્દા આપણી પાસે વ્યવસ્થિત રજુ થવા જોઇએ. તે વગર આપણે તે કબૂલી લેવા તપાસ્યા વિના ચલાવી લેવા-તેનો અર્થ કાંઇ નથી. અને જયારે આપણાજ દેશના સાહિત્યમાં બુદ્ધ અને મહાવીરના બે ભિન્ન પંક્તિના ઇતિહાસક્રમો બુદ્ધ માટે સીલોનમાં ઈ. સ. પૂર્વે ૫૪૪ કહે છે ને અહિં મહાવીર માટે ઇ. સ. પૂર્વે ૫૨૭ કહે છે (બન્ને વચ્ચેની દશ વર્ષની ભૂલ છે તે પકડાઇ શકાય છે) ત્યારે ઉપરનું વક્તવ્ય લખાણ રૂપે કરવાનો વખત આવે છે.

ગોશાલકના ઇતિહાસ પરથી અને ચન્દ્રગુપ્તનાં જૈન અને બૌદ્ધ વર્ષો બીજી એક અતિ મહત્ત્વની વાત પ્રતીત થાય છે તે એ કે બન્ને નિર્વાણ વચ્ચે તફાવત સાત આઠ વર્ષ લગભગનો છે. એકાદ વર્ષનો ફેર કદી પડે પણ તેથી વધુ તો ચાલી શકેજ નહિ. અર્થાત્ કોઇ વિદ્વાન બુદ્ધનિર્વાણનું વર્ષ નક્કી કરે

તો તે વીરનિર્વાણનું કયું સ્વીકારે છે અને તેવીજ રીતે વીર નિર્વાણનું વર્ષ નક્કી કરનાર મહાશય બુદ્ધ નિર્વાણનું વર્ષ કયું સ્વીકારે છે તે તપાસવુંજ પડશે અને તેમાં આઠ વર્ષ લગભગનો તફાવત નહી રહેલો સમજાય તો તે વર્ષો ભૂલ ભરેલાં ઠરશે-બન્નેમાંથી એક પણ વિચારણીય નહિ રહે.

નિર્વાણ સમયમાં આ આઠ વર્ષ લગભગનો ફેર હવે સિદ્ધ થઇ ચૂક્યો છે અને તેથી નિર્વાણ સમયના અહિંના કે પાશ્ચાત્ય સંવત્સરમાં દર્શાવેલા વર્ષ ઉપર એક મહાન અંકુશ પડે છે, તેને વશ થઇને ઇતિહાસક્રમ આગળ વધી શકે છે તે વાતનો સૌને સ્વીકાર કર્યા સિવાય છૂટકો નથી. અત્યાર સૂધીમાં 'દીપવંશ'-'મહાવંશ'ના બુદ્ધનિર્વાણથી ૧૬૨ વર્ષ ચન્દ્રગુપ્ત માટેનાં છે તેની ઘણા વિદ્વાનોએ અવગણના કરી છે પણ ગોશાલકના ઇતિહાસ અને હેમચંદ્રાચાર્યના વીરાત્ ૧૫૫ (ચન્દ્રગુપ્ત માટેના) વર્ષ પરથી તે હવે પ્રમાણભૂત અને વિશ્વસનીય ઠરે છે. (ડૉ. કાર્પેન્ટીઅર બુદ્ધનિર્વાણ ઈ. સ. પૂર્વે ૪૭૭ લે છે અને વીરનિર્વાણ ઇ. સ. પૂર્વે ૪૬૭ લે છે!) નિર્વાણ સમયની ચર્ચામાં આ એક મહત્ત્વનું ણામ બહાર તરી આવે છે. ચંદ્રગુપ્તના બુદ્ધ ણનાં ૧૬૨ વર્ષ લીધાં એટલે અશોકના અભિ બુદ્ધ નિર્વાણનાં ૨૧૮ વર્ષ લેવાજ જોઇએ તે નિઃસંદેહ છે. ૨૪ વર્ષ ચન્દ્રગુપ્તનાં, ૨૮ વ સારના અને ૪ વર્ષ અશોકના ગાદીએ આ ને અભિષેક પહેલાં એમ (૧૬૨ માં ઉ રતા) ૨૧૮ થયાં.

મૂળ ગ્રન્થોને લેખકોના લખાણમાંથી કરવાથી લેખનો વિસ્તાર બહુજ થાય ને તારાથી પણ સફળતા ન મળે એટલે દલીલ પૂરતો સહજ નિર્દેશ કરી, પાનાં ઇત્યાદિ દર્શાવી ચર્ચા કરવામાંજ લેખકે સંતોષ માન્યો છે વાચકને મૂળ લેખો જોવાનો, તેનું પૃથક્કરણ લેવાનો શ્રમ લેવો પડશેજ અને આ લેખમાંની ચર્ચા માર્ગ સુલભ ને સુગમ કરશે તો લેખકને મહેનત સફળ થયાનો સંતોષ પ્રાપ્ત થશે.

હીરાલાલ અમૃતલાલ

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ

પાયધુની-મુંબઈ નં. ૩

શ્રી સુકૃત ભંડાર ફંડ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની ઉપરોક્ત યોજના તેના આશયો અને પરિણામજન્ય અમલી કાર્યની જૈન સમાજ સમક્ષ ટુંકી પણ રૂપરેખા જાહેર ખબરદ્વારા અગર હેંડબીલદ્વારા રજુ કરવી એ તદ્દન બિન જરૂરીઆતવાળું ગણી શકાય. સબબ આ યોજના જૈન ભાઈઓમાં સર્વમાન્ય અને જગજાહેર જ છે. આ યોજના એ સંસ્થાનું અને સમાજનું જીવન છે. જૈન જનતાના ભવિષ્યની રેખા દોરવા હિંમત ધરનાર જો કોઈપણ યોજના હોય તો તે સુકૃત ભંડાર ફંડ એક જ છે કે જ્યાં ગરીબ અને તવંગર વચ્ચે કોઈ જાતનો અંતર રહેતો નથી અને સમાનતા, બંધુત્વ વિગેરે ભાવનાઓ ખીલવી સમાજને સુશિક્ષિત બનાવી હિતકર કાર્યો કરવા આ સંસ્થાને જોશ અને જીવન અર્પે છે. આ ફંડમાં ભરાતાં નાણાંમાંથી ખર્ચ બાદ કરી બાકીનો અડધો ભાગ કેલવણીના કાર્યમાં વપરાય છે, અને બાકીના અડધા સંસ્થાના નિભાવફંડમાં લઇ જવામાં આવે છે કે જે વડે સમસ્ત સમાજને શ્રેયસ્કર કાર્યો કરી શકાય. આપણા સમાજમાં અનેક સ્ત્રી પુરૂષો ઉચ્ચ કેળવણીથી વંચિત રહે છે તે બનવા ન પામે અને તેમને કેળવણી લેવામાં અનેક રીતે મદદરૂપ થવા આ સંસ્થા પોતાના પ્રયાસો કરી રહી છે અને તે આ ફંડની વિશાળતા ઉપર જ આધાર રાખે છે. તેથી પ્રત્યેક જૈન બંધુ વરસ દહાડામાં માત્ર ચર આનાથી સ્વશક્તિ અનુસાર મદદ અર્પી પોતાના અજ્ઞાત બંધુઓનું જીવન કેળવણીદ્વારા સુધારી અગણિત પુણ્ય ઉપાર્જન કરી શકે છે. માટે સર્વે જૈન બંધુઓને આ ફંડમાં સારી રકમ આપવાની વિનંતિ કરવામાં આવે છે. ચાર આના પ્રત્યેક વ્યક્તિએ દરવર્ષે આપવા એ મોટી વાત નથી. અઠવાડીયે એક પાઈ માત્ર આવે છે, પણ જો આખી સમાજ જાગૃત થાય તો તેમાંથી મોટી સંસ્થાઓ નભાવી શકાય એવી સુંદર યોજના છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે ફંડને જરૂર આપ અપનાવશો અને આપની તરફના પ્રત્યેક નાના મોટા ભાઇઓ, બહેનો એનો લાભ લે, એમાં લાભ આપે એવો પ્રયત્ન કરશો. બીજી કોમો આવી રીતે નાની રકમોમાંથી મોટી સંસ્થાઓ ચલાવે છે તે આપ જાણો છો. તો આપ જરૂર પ્રયત્ન કરશો. આખી કોમની નજરે આપને કૉન્ફરન્સની જરૂરીઆત લાગતી હોય તો આ ખાતાને ફંડથી ભરપૂર કરી દેશો. સુજ્ઞને વિશેષ કહેવાની જરૂર ન જ હોય.

સેવકો,

મકનજી જુઠાભાઈ મહેતા
મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ

ઓ. રે. જ. સેક્રેટરીઓ, શ્રી. જૈ. શ્વે. કૉન્ફરન્સ.

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, [illegible] દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારણલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફિસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ

[શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર]

વાર્ષિક લવાજમ રૂ. ત્રણ.

પુસ્તક ૪ — માહ-ફાગણ-ચૈત્ર

અંક ૬-૭-૮ — ૧૯૮૫

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

વકીલ હાઇકોર્ટ, મુંબઈ

વિષયાનુક્રમ.

જૈનયુગ.

卐

DEGRADATION OF RELIGION.

The aim of all education and progress is to develop the collective instinct in man; to teach him to co-operate with his neighbour; and to make him feel that his individual good depends on the good of society as a whole. Only thus can the selfish and individualistic instinct be suppressed and the energy of mankind be diverted from mutual competition to co-operation for the common good. Religion as practised to-day is, however, the greatest separatist force. It puts artificial barriers between man and man and prevents the development of healthy and co-operative national life. Not content with its reactionary influences on social matters, it has invaded the domain of politics and economics, and affects every aspect of our life. Its association with politics has been to the good of neither. Religion has been degraded and politics has sunk into the mire. Complete divorce of one from the other is the only remedy.

—*Pandit Motilal Nehru's Presidential Address Calcutta Congress. 1928.*

પુસ્તક ૪ | વીરાત ૨૪૫૫ વિ૦ સં. ૧૯૮૫ માહ-ફાગણ-ચૈત્ર | અંક ૪-૫-૬

તંત્રીની નોંધ.

૧ શ્રી મહાવીર જયન્તી વિષે કંઈક વક્તવ્ય.

अर्हन् सिद्धः प्रबुद्धः प्रकटगुणगणः,
पारगोऽनङ्गभेदी
वीरो विश्वाधिनाथः किशलयतु स वो
ऽतुल्यमांगल्यमालाम् ।
व्योमेवाद्यापि यस्य प्रथितमहिमोल्लासनं
शासनं तच्
चित्रं सूर्याढ्यमप्युज्ज्वलसुशशिकुलं
भाति निस्तारकं यत् ॥

वर्द्धमान जिनेशस्य वचनाय नमोनमः
अज्ञानध्वान्तविध्वंसाद्येव दिवसायते ॥

—વિજ્ઞપ્તિત્રિવેણી.

—સૂર્યથી યુક્ત છતાં ઉજ્જ્વલ ચંદ્રકુલવાળું જે આકાશ નિસ્તારક ભાસે છે તેની પેઠે જેનું શાસન સૂર્ય ન છતાં હજુ સુધી પ્રસિદ્ધ મહિમાના ઉલ્લાસવાળું જણાય છે કે જે એક વિચિત્ર વાત છે, તે અર્હન્, સિદ્ધ, પ્રબુદ્ધ, પ્રકટ ગુણના સમૂહવાળા, પારપામેલા, કામદેવને ભેદનારા વિશ્વાધિનાથ વીરપ્રભુ તમારી માંગલ્યમાલા અતુલપણે વિકસાવો.

જે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને પોતેજ દિવસરૂપ થાય છે એવાં વર્ધમાન જિનેશના વચનને નમોનમઃ

गंभीरचारुतरनाभिसुरांगनाभि,
रक्षोभि शोभितशम नं हि यस्य चेतः ।
पीयूषपूष भरवृष्टिसम स्वदृष्टि,
मिष्टां मयि क्षिपतु वीरजिनेश्वरोऽसौ ॥

—ગંભીર અને સુંદર નાભિવાળી દેવતાની સ્ત્રીઓએ શમતાથી શોભિત એવા જેના ચિત્તમાં ક્ષોભ કર્યો ન હતો-કામવિકાર કર્યો નહતો, એવા શ્રી **વીર**-પ્રભુ મારે વિષે અમૃતની વૃષ્ટિ સમાન પોતાની દષ્ટિ આરોપણ કરો.'

श्रीवर्द्धमानः स जिनः प्रभूत
विभूतये स्तात्सुखकंदकंदः ।
यदागमः सहृदयंगमो ऽद्य
दीपायते तत्त्वपथ प्रकाशे ॥

—હૃદયને પ્રિય એવું જેનું આગમ-શાસ્ત્ર તત્ત્વમાર્ગને પ્રકાશ કરવામાં દીપક જેવું છે, અને જે સુખરૂપ વૃક્ષના અંકુરરૂપ છે એવા શ્રી વર્ધમાન પ્રભુ ઘણી વિભૂતિને અર્થે થાઓ !

—સોમસૌભાગ્ય ૧-૫; ૩-૧.

હિંસા કો હિયે તેં હરિ, દયા કે ભરે ભવ્યભાવ
જગમેં જગાઈ જૈન જ્યોતિ જગમગન્તી હૈ.
માયા મદ લોભ મોહ રાગકે જટિલ જાલ
જપતેં જરાય ધારી વિજય વૈજયન્તી હૈ.
પાહન સે હિયે હુ પ્રાપિ અમૃત ઉપદેશનકોં
દયારસ ભીજે લહી મોક્ષ સુખવન્તી હૈ
હિંસા કે નિવારક વ્રત અહિંસાકે પ્રચારક
જૈનધર્મકે ઉધારક મહાવીરકી જયન્તી હૈ.

આવા શ્રીમન્‌પ્રભુ મહાવીરની જયન્તી તેના વારસ તરીકે આપણે જગે જગે ઉજવીએ તેમાં તેમના ચરિત્ર અને ઉપદેશના સ્મરણ કરવા ઉપરાન્ત કંઇ ન કરીએ, તો ખરું અને મોટું ફલ કેમ પ્રાપ્ત કરીએ ! તે મહાત્માએ પોતાના યુગનું કાર્ય બજાવ્યું. માતાપિતાનો વિનય જાળવી ત્યાગી બન્યા-મસ્ત નિગ્રન્થ થયા; ધર્મને નામે જડ નાખી બેઠેલી અનેક જૂઠી-પ્રપંચી પ્રથાઓ ઉખેડી ફેંકી દીધી, વિષમતાનું ઝેર ઉતારી નાંખી શુકલ સમભાવની ધારા વહેવાવી, એક ચીજ સમાન ગણાતી સ્ત્રીની પ્રતિષ્ઠા અપરિગ્રહના એક વ્રતમાંથી ચોથા અને પાચમા એ બે વ્રત કરી વધારી, સર્વ વર્ણોની ધર્મપ્રાપ્તિના સરખા હક્ક આપી એક 'સંઘ' માં દાખલ કર્યા, હિંસાને તોડી શુદ્ધ અહિંસાનો ધ્વજ ફરકતો કર્યો, અનેક પરિષહો વેઠી તે પરિષહો આપનાર પ્રત્યે ક્ષમા આપી એવા અનંત ગુણોના ધારક શ્રીમન્‌ ભગવાન્‌ **મહાવીર**નું ચારિત્ર અનેક બોધપાઠો આપણને આપે છે.

જાગો ઉઠો જૈનિયો ! જગાય દો જનોમેં જોશ
અબતો જગમાંહિ જાગિવે કો જુગ આયો હૈ.
આંખેં ખોલિ ડારો નેક ઘરકી નિહારો દશા
ફૂટ પાપિનીને તુમપેં શાસન જમાયો હૈ;
ફૂટકો સુફારિ પેટ ભેટ ભેટિ આપુસમેં
સંગઠન સરાહો સંગઠનકો રાજ આયો હૈ.
ધર્મકી સુદૌડ માંહિ મારો' મીર બાજી વીરો !
તબ તો હમ જાનેં આજ 'સ્વર્ણદિવસ આયોહૈ'

શ્રી **મહાવીર**ના જન્મ થયાંને આપણી ગણનાના હિસાબે ૨૫૨૭ વર્ષ થયાં છતાં તેમનાં જીવન અને કથનને તેમના શાસને જ્યાં સુધી વીસાર્યાં નથી ત્યાં સુધી તેમનું શાસન અવસ્ય ચાલવાનું છે-ચાલ્યેજ જવાનું છે. મહાન્‌ કાલચક્ર પોતાનું કાર્ય કર્યે જાય છે, છતાં શ્રી **વર્દ્ધમાન**ના ઉપદેશને તેનો અનુયાયી વર્ધમાન ન રાખે, તેમનો વાવટો-વિશ્વપ્રેમની જ્યોતિનું નિશાન અણનમતું નહિ રાખે તો તે પોતાનું કે અન્યનું કલ્યાણ સાધી નહિ શકે.

શ્રી **મહાવીર**ના અનુયાયીઓને જીવંત પ્રજા તરીકે રહેવું હોય તો તે પ્રભુના **આદર્શોને અમલમાં** મૂકવા જોઇશે, તે આદર્શ મહાત્મન્‌ની **જયન્તીઓ** ઉજવી સમાજમાં નવીન બલ વર્ધમાન કરવું પડશે, **અને આપસ આપસની ફૂટ-સાધુઓ સાધુઓ વચ્ચેની,** શ્રાવક શ્રાવકો વચ્ચેની, સંપ્રદાય સંપ્રદાય વચ્ચેની-દૂર કરી ઉદારતા, સહિષ્ણુતા અને અંબદવૃત્તિ ગ્રહણ કરવી પડશે; ત્યારેજ તેમની વિશ્વબંધુ ભાવના ફિલસુફીનો વિસ્તાર વિશ્વપટ પર ફેલાવી શકાશે. એ સુવર્ણદિન આવ્યો છે. લાભ લ્યો. તથાસ્તુ !

૨ માનહાનિનો ખટલો—રાધણપુરના વાસી અને મુંબઇમાં વ્યાપાર કરતા શેઠ જીવનલાલ પરતાપસી **એક શ્રીમંત આગેવાન ગૃહસ્થ છે અને** હમણાંજ પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે શત્રુંજયનો સંઘ રાધનપુરથી કાઢી સંઘપતિ બન્યા છે. આ સંઘ કાઢ્યા પહેલાં વીસનગરના પ્રસિદ્ધ શેઠ મહાસુખભાઈ ચુનિલાલે સાંજવર્ત્તમાનના તા. ૨૬-૬-૨૮ ના અંકમાં

'દીક્ષા માટે દોડધામ'-પોતાના કામ માટે પારકાનું બળીદાન બીચારી ડોશીને મળી આવેલો ગુમ થયેલો દીકરો ' એવાં મથાળાંઓ નીચે એક લેખ પ્રકટ કરેલો તેમાંનું અમુક લખાણ પોતાને લાગુ પડે છે અને તેથી પોતાની માનહાનિ થઈ છે એ જાતની પોલીસકોર્ટમાં ફર્યાદ શેઠ જીવનલાલે શેઠ મહાસુખભાઈ સામે નોંધાવીને ૫૮૪-૧૯૨૮ નો સમન્સ કેસ તા. ૩૧-૭-૨૮ ને રોજ માંડેલો અને ત્યાર પછી તેની ઘણી સુનાવણીઓ થઈ અને આખરે બંને પક્ષકારોએ સમજુતીપર આવી ને કેસની ધરમેળે માંડવાળ કરી છે તેથી અમો તે બંનેને ધન્યવાદ આપીએ છીએ.

તે સમજુતી એ રીતે થઈ હતી કે શેઠ મહાસુખભાઇએ નીચે પ્રમાણે લખિતવાર ખુલાસો કર્યો કેઃ-

Having been satisfied that the information about the Complainant having taken a bow to produce five 'Chelas' by Kartik Vad 5th and on his failure to do so, to become a **Sadhu** himself was not correct, the accused withdraws the allegations to that effect contained in the article and all comments based thereon. The allegations about "મનુષ્યહરણ" and "લુટફાટ" contained in the last paragraph of the article in question were never intended by the accused to apply to any particular individual, but were by way of general criticism. If, however they were understood to apply to the complainant the accused withdraws the same. The accused says that he had no intention to injure the feelings of the complainant. Bombay 2nd November 1928.

—"ફર્યાદીએ કાર્તિક વદ ૫ સુધીમાં પાંચ ચેલા ઉત્પન્ન કરવાની-કરી આપવાની પ્રતિજ્ઞા લીધી છે, અને તેમ કરવામાં નિષ્ફળ તે જાય તો પોતે સાધુ થવાની પ્રતિજ્ઞા લીધી છે એવી ખબર સાચી નહોતી એમ પોતાને સંતોષ થયાથી જવાબદાર પોતાના લેખમાં તે જાતના કથન અને તે પર કરેલી સર્વ ટીકા ખેંચી લે છે. 'મનુષ્યહરણ' અને 'લુટફાટ' સંબંધીનાં તે લેખના છેલ્લા પારામાં કરેલ કથનો કોઇ ખાસ વ્યક્તિને લાગુ પડે છે એમ કદીપણ જવાબદારે ઇચ્છેલ નહોતું પણ સામાન્ય ટીકા રૂપ તે કરેલાં હતાં. છતાં પણ જો ફર્યાદીને તે લાગુ પડે છે એવો તેનો ભાવાર્થ થતો હોય તો જવાબદાર તેને ખેંચી લે છે. જવાબદાર કહે છે કે ફર્યાદીની લાગણી દુભવવાનો તેનો ઇરાદો હતો નહિ. મુંબઈ તા. ૨ જી નવેંબર ૧૯૨૮"

આ ખુલાસો એકે કર્યો અને બીજાએ સ્વીકાર્યો એ એકંદરે જોતાં સંતોષકારક બિના છે અને બંને પક્ષકારોએ કોર્ટ દરબારે જઇ વધુ ખર્ચો કરવાનું અટકાવી પોતાના દ્રવ્યનો સદુપયોગ બીજી રીતેજ થઇ શકે છે એ બોધપાઠ પોતાને તેમજ જનતાને આપ્યો છે તે માટે અમે બંનેને મુબારકબાદી આપીએ છીએ. આ મુબારકબાદી આપવામાં અમે મોડા છીએ એ કબુલ કરીએ છીએ, છતાં જે વખતે ઉપરનો મુકદ્દમો ચાલતો હતો તે વખતની અને તે માંડવાળ થયો તે વખતની જે જાતની ગરમ હવા હતી, તે હવે દૂર થઇ શાંતિના વાતાવરણમાં તે આપવાથી તેની કદર વધુ થશે એ પણ સાથે સાથે અમે માનીએ છીએ.

ઉપરના લેખની પુનરુક્તિ નથી કરતા—કરવાથી શાંતિનો ઉદ્દેશ સધાય તેમ નથી. આવા આવા લેખો તો શું છે, પણ હમણાં હમણાં બીનજોખમદાર વ્યક્તિઓ તરફથી અનેકગણા તીખા અને ગલીચ લખાણો પ્રકટ થાય છે તેનો ઉપાય અમને તો તે પ્રત્યે તદ્દન દુર્લક્ષ આપવા સિવાય આ સમયમાં બીજો લાગતો નથી. આ માનહાનિના ખાટલામાંથી શું બોધ મળે છે તે આપણે ઠંડે પેટે હવે વિચારીએ. એકભાઇ બીજા માટે કંઇ લખે તેમાં શું ઉદ્દેશ છે તે તરફ પહેલાં લક્ષ રાખી ને ઉદ્દેશ વ્યક્તિગત અપમાન કરવાનો નહિ, પણ જાહેર હિતના સવાલ ચર્ચવાનો હોય તો, અને લખનાર કંઈ સમજુ હોય તો તેની ગેરસમજુતી દૂર કરવા માટેની અરસપરસ

તક આપવા લેવાથી ઘણું સારૂં પરિણામ આવે છે. મુકર્દમો માંડવાથી વિશેષ ગરમ વાતાવરણ થતાં લોકોમાં સારી છાપ પાડી શકાતી નથી, પરંતુ ઘણી વખત ધારવા કરતાં જુદુંજ પરિણામ આવે છે અને સંપ અને શાંતિને પોતાના ધર્મના સિદ્ધાંતથી ચાહવા અને અનુસરવા બંધાયેલી જૈન કોમમાં તેનો જુદીજ જાતનો પ્રત્યાઘાત થાય છે.

યુવાનો હવે એ માન્યતાથી પ્રયાણ કરી રહ્યા છે કે સમાજ કે દેશનો ઉદ્ધાર ક્રાંતિ વગર, કષ્ટ સહન વગર, કુરબાની વગર થવાનો નથી. વિપ્લવ માટે–બંડ માટે આગળ ધાયેજ જવું, કોઇની મર્યાદા હવે રાખવાની જરૂર નથી કટોકટીનો સમય આવ્યો છે તેમાં કોઇના માન મર્યાદા સાચવવાના નથી. 'દાબ્યું દુબ્યું' ઘણું રાખ્યું અને તેથીજ અવનતિ થતીજ ગઈ. હવે અવનતિની અવધિ છે, માટે હંકાર્યે જવું અને કોઇની શેહેમાં દબાવું નહિ કે મુકર્દમાની બીતિથી દીન બનવું નહિ, અને જે કંઈ તેનાં પરિણામો આવે તે કંઇપણ નમ્યા વગર સહન કરવાં. આ યુવાનોનો જોશ હવે ચાલ્યો આવે છે તે પર દુર્લક્ષ નહિ અપાય.

પણ સાથે તે યુવકોને નમ્રપણે કહીશું કે દરેક કાર્યમાં વિનય, વિવેક, સત્ય, અને સંયમ તમારે રાખ્યેજ છૂટકો છે. તમે સાગર માફક ઘુઘવશો તો ભલે, પણ સાગર પણ પોતાની મર્યાદા મૂકતો નથી - સાગર રત્નો મોતીઓ આપે છે તો રત્નાકર સમ બનો. વાણીમાં, વિચારમાં, કાર્યમાં જરૂર સંયમ રાખી વર્ત્તશો, તો 'બેડા બળવા'રૂપ શાંતિમય પ્રગતિ કરી શકશો. અતિ ઉતાવળા થશો તો હારી જશો ને સંસારનૌકાને ખડક સાથે અથડાવી મારશો.

સત્ય સાથે સંયમ હોય, સંયમ સાથે બળ હોય, તોજ અને તોજ કોઈપણ સુધારક પોતાનું કાર્ય નિર્ભીકપણે સંગીનતાથી કરી વિજયધ્વજ ફરકાવી શકે છે. મહાસુખભાઇ યુવક નથી, છતાં યુવકનો જોશ તેમનામાં છે. જોશ છે, પણ સાથે તેને 'બ્રેક' માં રાખવા જેટલી પાકટ બુદ્ધિ અને સમજ ધરાવે છે. તેમણે તે સમજ વાપરી જોઇ લીધું કે પોતાને જે ખબર મળી હતી તે ખબર સંપૂર્ણ અંશે ખરાબર નહોતી તેથી તે ખબર પરથી કરેલાં કથનોમાં સંપૂર્ણ તથ્યતા નહોતી અને તે માટે એક સત્યનિષ્ઠ ગૃહસ્થ તરીકે તે ખબર સત્ય નહોતી એમ ખાત્રી થતાં તે તેમણે ખુલ્લે હૃદયે જાહેર કર્યું, અને તેમ કરવામાં તેમણે કંઈ ખોટું કર્યું નથી. વિશેષમાં તેમને એ પણ જણાયું હશે કે તેઓ જેના પર વધુ મુસ્તાક રહી શકે તે પૈકીમાંથી શું સહાય મળી શકી? જોકે એવી સહાયપર તેમણે ખાસ મદાર બાંધ્યો નહોતો. શેઠ જીવાભાઈએ મુકર્દમાનો અંત લાવવા માટેનો તંત રાખ્યો નહિ એ માટે તેમને પુનઃ મુબારકબાદી આપીએ છીએ. મુકર્દમો માંડવો જોઇતો નહોતો એવો મત અમે તેમને રૂબરૂ જણાવ્યો હતો અને હજુ પણ જણાવીએ છીએ. જાહેર જીવનમાં રહેતી વ્યક્તિઓ માટે અનેક કથનો સાચાં જૂઠાં, સન્નિષ્ઠા કે અસન્નિષ્ઠાથી જાણ્યે અજાણ્યે બીજાઓ કરે એવા પ્રસંગો વખતો વખત આવે છે અને તેની સામે બાળી ચામડીને બદલે ગેંડાના જેવી જાડી ચામડી રાખવી ઘટે, અને તોજ સતત જાહેર જીવન નિભાવી શકાય છે. જે કંઈ કરે છે તેનેજ માટે દુનિયા કંઇ ભલું ભૂરૂં કહે છે; અને લોકને મોઢે કયાં ગળણું બાંધી શકાય છે?–એ સમજી દેશનેતાઓ પોતાની ઉપર અનેક આક્ષેપો, કથનો, ગાળોથી લાદેલાં અપમાનો આવી પડે તોયે તેની સામે કંઈ ન કરતાં તે કરનાર પોતાનો દેશબંધુજ છે એમ સમજી તેની પ્રત્યે દુર્લક્ષ રહે છે; તેવીજ રીતે સમાજનેતાઓએ વર્ત્તવાનું છે. નહિતો કોઇપણ *સંગીન કાર્ય તેમનાથી બનવાનુંજ નથી.

છેવટે All is well that ends well–જેનું છેવટે સારૂં તે સર્વ સારૂં એ અંગ્રેજી કહેતી પ્રમાણે માનહાનિનો ખટલો સમાધાનીપૂર્વક સમાપ્ત થયો એથી અમને સંતોષ થાય છે.

૩ જૈન દવાખાનું—સં. ૧૯૮૫ના ચૈત્ર શુદિ ૧૩ (તા. ૨૧-૪-૨૯) ના પવિત્ર દિવસે શ્રીમન્ મહાવીર પ્રભુના જન્મકલ્યાણક દિવસે મુંબઈમાં જૈન દવાખાનું મહુવાના પ્રસિદ્ધ ઉદારચિત્ત શ્રીમંત શેઠ કશળચંદ કમળશીના પ્રમુખસ્થાને તેમના હાથથી ખોલવામાં આવ્યું છે, તેનો લાભ દરેક સંપ્રદાયનો

જૈન માત્ર એ આના જેવી નજીવી ફીથી લઇ શકશે. આ સંસ્થા ભવિષ્યમાં જૈન હોસ્પીટલના રૂપમાં ફેરવાશે એવી આગાહી રહે છે.

મુંબઇ જેવા ગીચોગીચ વસ્તીવાળા અને લગભગ વીસ હજાર જૈનોની વસ્તી ધરાવતા શહેરમાં અનેક જાતની મુશ્કેલીઓ છે. જૈનોમાં શ્રીમંતો તો થોડા છે પણ સામાન્ય મધ્યમવર્ગ અને તેથી પણ ઉતરતી આર્થિક સ્થિતિવાળો વર્ગ ઘણો છે. તેને માટેની મોટામાં મોટી જરૂરીઆત સસ્તા ભાડાની સારી તંદુરસ્તી આપે એવી ચાલીઓની છે. કપોળ વાણીઆઓ માટે કપોળનિવાસ, લુવાણા માટે, ભાટીઆઓ માટે, પારસીઓ માટે સસ્તા ભાડાની ચાલીઓ, મુંબઈમાં છે, જ્યારે કંઇક સારા પ્રમાણમાં શ્રીમંતો અને સારા નાણાંવાળી ધાર્મિક સંસ્થાઓ ધરાવતી જૈન કોમના ગરીબવર્ગ માટે એવું કંઇ પણ સાધન નથી, તેથી તેમજ તબીબી સલાહ અને દવાની સગવડ નથી તેથી તેમજ બીજાં કારણોથી જૈન કોમની સંખ્યા દિનપ્રતિદિન ઘટતી જાય છે એ ખરેખર શોચનીય છે.

મુંબઈમાં છેલ્લી વખતે ઇન્ફ્લુએન્ઝાનો રોગ ફાટી નીકળ્યો, ત્યારે કામચલાઉ જૈન હૉસ્પિટલ સ્વ૦ શેઠ માણેકલાલ પાનાચંદના હીરાબાગમાં ખોલવામાં આવી હતી તેમાં ડા૦ નાનચંદ કસ્તૂરચંદ મોદીએ અગ્રગણ્ય ભાગ લઈ બીજા ડાકટરોની સહાય પણ સાથે મેળવી તબીબ સારવાર પૂરી પાડી હતી અને જૈનોએ સારા પ્રમાણમાં નાણાંની રકમ કાઢી આપી હતી. તે રોગ દૂર થતાં તેમાંથી બચેલાં નાણાંનો ઉપયોગ શું કરવો તેની ગડમથલ ચાલતી હતી અને આખરે ઉપરના જૈન દવાખાનાની સંસ્થા કાઢવાનો નિર્ણય થતાં તે ખોલવામાં આવી. આમાં ખાસ કાર્યવ્યવસ્થા કરવા માટે ડૉ. મોદીને અતિ ધન્યવાદ ઘટે છે. તેમની નિઃસ્વાર્થસેવા તેમને માટેનું ઉમદા માનપત્ર છે.

ભાડાનું મકાન પાયધુની જેવા મધ્યસ્થ લતામાં રાખવાની, તેમજ શ્રી મહાવીરના સર્વ અનુયાયીને—દિગંબરને, શ્વેતાંબરને, મૂર્તિપૂજક કે અમૂર્તિપૂજક સર્વ જૈનને માટે ખુલ્લી રાખવાની વ્યવસ્થા કરવા માટે તેના સંચાલકોને ધન્યવાદ ઘટે છે. આમાં અંગ્રેજી દવાજ વપરાશે એ અમને હૃદયમાં સાલે છે, તેથી આયુર્વેદની દેશી દવાઓનો ઉપયોગ દેશી વૈદ્ય રાખી ત્યાં કરવામાં આવે તો ઘણું સારૂં એમ અમે કહીશું; પરંતુ હાલ તે વ્યવહારૂ ન હોય તો ભવિષ્યમાં તે પર લક્ષ રાખવાનું કહીશું. કેટલાક તો દવાથીજ વિરૂદ્ધ છે અને નૈસર્ગિક સાધનો—સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી, સાદો ખોરાક, સાદી કસરત અને સૂર્યનાં કિરણો અને દીર્ઘ શ્વાસની ક્રિયા પર તંદુરસ્તીનો આધાર છે એમ સ્વીકારે છે તેને માટે જુદી વાત છે, પણ જેને દવામાં શ્રદ્ધા છે અને ખાસ કરી અંગ્રેજી દવામાં શ્રદ્ધા છે તેને માટે આ દવાખાનું જરૂર ઉપયોગી નિવડશે.

આ સંસ્થા એક અલગ સ્વતંત્ર સંસ્થા તરીકે રાખી તેને માટે વાર્ષિક સભ્યોના અમુક અમુક વર્ગો કરી તે દ્વારા ફંડ કાયમનું નિભાવવાની યોજના કરી છે, તેના કરતાં તેને મુંબઇમાં ચાલતી શ્રી મુંબઇ માંગરોળ જૈનસભા કે જૈન એસોસિયેશન ઓફ ઇંડિયા જેવી ચાલુ વ્યવસ્થિત સંસ્થાના આશ્રય નીચે મૂકી તે દ્વારા તેનો વહીવટ ચલાવવાનું કરવું વધુ સુગમ, લાભકારક નિવડશે એમ કેટલાકનું માનવું છું. દરેક ચાલુ વ્યવસ્થિત સંસ્થામાં કાર્ય કરનારાઓ લગભગ એકના એક છે, વળી આ સંસ્થા માટે વ્યવસ્થાપક મંડળ અને ચાલુ વ્યવસ્થાનું ખર્ચ Establishment charges અલગ અલગ રાખવાથી કાર્યનું સંગોપન ઓછું થશે. છતાં જુદી સંસ્થા તરીકે પોતાની પ્રગતિ વિશેષ સધાય તેમ છે એમ પણ ઘણા માને છે. તે પ્રમાણે આ સંસ્થા પ્રગતિ કરશે; વળી હાલ મુંબઈમાં વસતા અનેક જૈન ડૉકટરો છે તે પૈકી કોઇ કોઈ તો વિદેશથી નિષ્ણાત થઇ આવ્યા છે તે સર્વ આ સંસ્થાને સેવાભાવે મદદ કરશે, તો તેમની સહાય લેવાશે.

શસ્ત્ર ક્રિયા જરૂરી છે અને દરેકને—પછી તે પંચમહાવ્રતધારી સાધુ હોય કે વ્રતી અવ્રતી શ્રાવક હોય—સર્વને ખપ લાગે છે અને તે પૈકી અનેક તેનો લાભ લે છે. તેના લાભ ખાસ શસ્ત્રવૈદ્ય (Surgeon) પાસેથી લેતાં ઘણું ખર્ચ થાય છે તેથી તે પરવડતું નથી, માટે તેવા ડૉકટરનો લાભ સહેલાઇથી અને થોડા ખર્ચે કે બિન ખર્ચે મળી શકે એવી વ્યવસ્થા જાહેર હૉસ્પિટલ દ્વારાજ થઈ શકે. 'શ્રી મહાવીર જૈન હૉસ્પિટલ'ની યોજના ડા. ટી. ઓ. શાહે વિલાયતથી અત્રે 'સર્જન' તરીકે આવ્યા પછી કરીને બહાર પાડી હતી અને તે માટે પ્રયત્ન કરી જોયો હતો પણ હજુ સુધી તે પ્રયત્ન સફલ થયો નથી—અને એનાં સ્વપ્નાં ફળ્યાં વગરનાં રહ્યાં છે. પ્રમુખ સાહેબ શેઠ કશળચંદે તે હોસ્પિટલનું સ્વપ્નું ફળતાં વાર નહિ

લાગે એવી ખાત્રી આપી હતી અને તે માટે પોતે પાંચ હજારની રકમ માંદાની પથારીઓ માટે આપવાનું જાહેર કર્યું એટલુંજ નહિ પણ હોસ્પિટલ કરવા માટે ખાસ સારા ગૃહસ્થોની સમિતિ તે વખતે નિમાવી તેમાં પોતે એક સભ્ય થઈ તે માટે સર્વ કરવા વચન આપ્યું હતું તે માટે અમો તેમને ધન્યવાદ આપીએ છીએ. હૉસ્પિટલનાં સ્વપ્નાં ઝટ સફળ થાય અને સાથે સાથે સસ્તા ભાડાની ચાલીઓ જૈનો માટે ઉભી થાય એમ કરવામાં સર્વ શ્રીમંત જૈનોને પરમાત્મા પ્રેરણા કરે એમ અમે ઇચ્છીએ છીએ. બાબુ પનાલાલ પુનમચંદના નામથી ચાલતું જૈન દવાખાનું પણ આ યોજનામાં આમેજ થાય તો કેવું સારૂં!

૪ હુલ્લડમાં જૈનોની દશા—મુંબઇમાં ગયા ફેબ્રુઆરીમાં જે કોમી હુલડો થયાં તેમાં જૈનોની જે દશા થઇ હતી તે દયા અને ખેદ ઉપજાવે તેવી હતી. 'અહિંસા'ના વાતાવરણમાં નિષ્પ્રાણ રીતે ઉછરેલી જૈન કોમ હુલડ જેવા પ્રસંગની બૂમ પડતાં કે હુલડ થતું દેખવામાં આવતાં કાંપી ઉઠે છે, થરથરી જાય છે અને તેના પ્રાણ ઉડી જાય છે, ત્યારે હુલડમાં સપડાઇ જતાં તે કેવલ અસહાય રહી કાંઇ પણ હાથપગ હલાવ્યા ચલાવ્યા વગર તેના ભોગ બને તે સ્હેજે સમજી શકાય તેવું છે. એમ કહેવાય છે કે આવી ગરીબડી માયકાંગલી કોમને માટે તેના આગેવાનોએ તે વખતે કંઈ જીવ જેવું કર્યું નથી, અને ભાટીઆ તેમજ અન્ય ગૃહસ્થોએ અને ભાટીઆ સ્વયંસેવકોએ ભાટીઆની મહાજનવાડી ખુલ્લી કરી તેમાં બીકના મારેલા સર્વને-જૈન જૈનેતર સર્વ હિન્દુઓને સંગ્રહ્યા એ માટે તેમને ધન્યવાદ અમો આપીએ છીએ. સ્થાનકવાસી જૈન કુટુંબમાં ઉછરેલ રા. જગજીવન ઉજમશી તલસાણીઆએ ખાખી યુનિફોર્મમાં બીજાઓની સહાયતા લઇ અનેક જૈન કુટુંબોને હુલડના લત્તાઓમાંથી મોટર લોરીઓ દ્વારા ખસેડી ભયમુક્ત કરેલ છે તેને માટે તે માન ખાટી ગયા છે.

જે પોતાનું રક્ષણ ન કરી શકે તે બીજાનું કેમ કરી શકશે? જે આગેવાનો પોતાની કોમના-સમાજના ભાઇબહેનોની વ્હારે ધાઇ આવા વખતમાં ન બચાવી શકે તે બીજું લીલું શું કરી શકવાના હતા એમ ઘણા પ્રશ્નો ઘણાઓ હવે પૂછે છે; કોઇ એમ કહે છે કે 'આપ આપકી સંભાલીઓ, મેં મેરી ફોડતા હૂં' એ સૂત્ર પરજ બધાએ આધાર રાખ્યો હશે: ગમે તેમ, પણ સર્વ આગેવાનો તદ્દન સૂઇ રહ્યા હતા એવું નથી. કેટલાએ પોતે મહાજનવાડીમાં જઈ ખબર અંતર પૂછી હતી, સહાય આપવાની માગણી કરી હતી, અને બીજી રીતે વ્યવસ્થા કરી હતી. જૈનોના સામાન્ય વર્ગમાં પણ બધો વર્ગ કાયર નહોતો બન્યો. તેમાંના કેટલાકે સ્વરક્ષણના ઉપાયો લીધા હતા એટલુંજ નહિ પણ અનેક સગાં સંબંધીઓ તેમજ સ્વધર્મી જ્ઞાતિ ભાઇઓ-ધર્મ ભાઇઓને તેમના કુટુંબ સહિત પોતાને ત્યાં લાવી તેમની ખાતર બરદાસ બને તેટલી કરી હતી. જૈન કોમ તદ્દન નિસ્તેજ ને નિષ્પ્રાણ છે એ પ્રકારના તે સમસ્ત કોમ પર નિંદાત્મક આક્ષેપ કરવા તે બહુ યોગ્ય નથી, છતાં એટલું તો કહેવું પડશે કે બીજી કોમો કરતા આપણે વધુ દીન, અને અસહાય છીએ તો હવે પછી વધુ કંઇ કરી બતાવીએ, વીરત્વ દાખવી શકીએ, ક્ષાત્રતેજનો વારસો પ્રકટ કરીએ તોજ આપણા ઉપરના ઉપલા આક્ષેપો નિર્મૂળ થશે.

વ્યાયામ લેવી, દંડ પીલવા. કુસ્તી કરવી, અખાડા ખેલવા આદિથી શરીરને મજબૂત બનાવવા ઉપરાન્ત મનની શિથિલતા ને દુર્બલતા દૂર કરી હિંમતે બહાદૂર બનવું પડશે. બીજા કહે છે કે 'હિમ્મતે મર્દા તો મદદે ખુદા' તે પ્રમાણે એક હિંમતવાન્ પાતળો માણસ પણ નાહિંમત જાડા માણસોના ટોળાને મહાત કરી શકે છે. આ મહાન્ ચળવળના સમયમાં-કોમી ખોટી હિલચાલોના પરિણામે ઝેરી મામલામાં આપણે સ્વરક્ષણ કરવા જેટલાયે પ્રાણવાન્ નહિ હોઇશું તો જૈન કોમ તરીકે જીવતા રહેવાનું કેમ બની શકશે?

શ્રી મહાવીરના સંતાન જૈનો! હવે નહિ ચેતો તો ક્યારે ચેતશો? વીરના પુત્રો વીર હોય છે તે બતાવો. હિંમત કદિ પણ ખોશો નહિ, અને મરણની ભ્રાંતિ ટાળી નાંખજો. આત્મા તો કદી મરતો જ નથી, અને મનુષ્ય રૂપે ધરેલો દેહ એક વખત પડવાનો જ છે. માટે મવાલી બદમાશો કે જૂલમી સામે નિડર રહી બધી શક્તિઓનો ઉપયોગ હિંમતપૂર્વક કરી તેમને હઠાવશો-પોતાનાં સ્ત્રી બાળકોની પહેલાં રક્ષા કરજો અને તેમ કરવામાં મરણ આવે તો તે વીરમરણને પ્રેમપર્વક ભેટશો. એથી સદ્દગતિજ થવાની છે. આ સલાહ આપણે સૌએ હૃદયમાં ધારી તેનો અમલ કરવાનો છે. હમણાં પણ પાછા હુલ્લડના પડઘાઓ સંભળાય છે, છમકલાં થાય છે ને હવે પછી પણ થવાના હશે તો થશે, તો તે માટે તૈયાર રહી બહાદુરી અને હિંમત દાખવશો એ પ્રભુ પ્રત્યે પ્રાર્થના!

સ્વીકાર અને સમાલોચના.

પ્રસ્થાન–નાટક અંક ફાગણ ૧૯૮૫. તંત્રીઓ શ્રી રામનારાયણ વિશ્વનાથ પાઠક અને શ્રી રસિકલાલ છોટાલાલ પરીખ. આ અંકની કિંમત એક રૂપીઓ. માસિકનું વાર્ષિક લવાજમ રૂ. પાંચ. પ્ર૦ પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ.

પ્રસ્થાન નામનું માસિક નીકળ્યાં ને ૪ વર્ષ ને પાંચમો મહિનો ચાલે છે ને તે માસનો ખાસ અંક 'નાટક અંક' તરીકે બહાર પડ્યો છે. નાટક એ વિષય લેતાં નાટક, નાટક લખનાર, નાટક ભજવનાર–નટ, અને તે ભજવવાનું સ્થાન એટલે રંગભૂમિ,–તેમજ નાટ્યકલા એ સર્વનો સમાવેશ થાય છે. નાટક તરીકે 'રાઇનો પર્વત' એ નામનું સ્વ. સર રમણભાઇનું રચેલું નાટક લઇ તે પર સાક્ષર તંત્રી શ્રી **રામનારાયણ પાઠકે** સમીક્ષા–વિવેચન અતિ ઉંડી ગવેષણાપૂર્વક કર્યું છે, નાટક લખનાર તરીકે કવિ **મૂલશંકર** મૂલાણીને લઈ એક અજ્ઞાત લેખકે તેનાં રચેલાં કેટલાંક નાટકોમાંથી ઉતારા લઈ 'એમણે રંગભૂમિની ઉન્નતિ માટે કરેલો સતત, સબળ અને સબળ પ્રયત્ન કરેલો છે' તે સમજાવ્યું છે. સાથે સાથે તે વ્યાજબી ફરીઆદ કરે છે કે 'છતા યે સાક્ષર વર્ગમાં એમની જોઈએ તેવી કદર થઇ નથી. પણ સાક્ષરોથી એમની મૌન સેવા સાવ અજાણી રહી છે એમ તો નજ કહેવાય. સદ્‌ગત શ્રીયુત રણજીતભાઇએ એમના નાટકોમાંથી કેટલાક ભાગો પ્રસિદ્ધ કરવાની માગણી કરી હતી પણ નિયોગે થોડા વખત પછી એ ભાઇનો સ્વર્ગવાસ થયો.' એવા સમભાવી નિષ્પક્ષી રસજ્ઞ રણજીતભાઇની ગૂજરાતી સાહિત્યકારોમાંથી હજુ સુધી કોઇએ ખોટ પૂરી નથી. આ કાઠિયાવાડી કવિ મૂલશંકરનાં નાટકોમાંથી સુંદર ચુંટણી કરેલા ભાગો પ્રસિદ્ધ થાય અને એ રીતે એની એટલી કદર થાય એમ સાહિત્યસંસ્થાઓ કરે તો સારૂં. આ વખતે સ્વર્ગસ્થ ડાહ્યાભાઈ ધોળશાજી, સ્વ. વાઘજી આશારામ સ્વ. નથુરામ સુંદરજી પણ સારા નાટકકારો થયા છે તે યાદ આવે છે. તેમનું મૂલ્ય હજુ પૂરૂં અંકાયું નથી. તેમના સંબંધમાં પણ તે પ્રમાણે થવું ઘટે. **હરીન્દ્ર** ચટ્ટોપાધ્યાય કલાનિપુણ અને અંગ્રેજી આદિમાં મનોહર નાટક લખનાર છે, તેમના સંબંધી રા. પ્રાણજીવન પાઠકે આછી દૃષ્ટિ ફેંકીને ઘણું જાણવા જેવું પૂરૂં પાડયું છે.

શ્રી ગજાનન પાઠકે 'આપણી પ્રાચીન નાટકશાળા' નો શ્રમ પૂર્ણ પુરાતત્ત્વના તત્ત્વથી યુક્ત લેખ લખ્યો છે તે લેખકની વિદ્વત્તા સાબીત કરે છે. પાઠક ભાઇઓની ત્રિપુટીને અમે અભિનંદન આપીએ બીજા વિદ્વાન્ તંત્રી રસિકલાલે 'જ્ઞાનગોચરી' માં નાટકનાં જૂદાં જૂદાં તત્ત્વો પર, તેમજ બીજી તે સંબંધી હકીકતો પર જૂદા જૂદા લેખકો–જૂના તેમજ નવા, પૌર્વાત્ય તેમજ પાશ્ચિમાત્ય–ના ગ્રંથોમાંથી યોગ્ય ઉતારાઓ લઈ પોતાના ઉંડા મનનપૂર્વક સ્વાધ્યાયનું ફલ વાંચકો પાસે રજુ કર્યું છે. અન્ય લેખો નામે સાક્ષરશ્રી બ. ક. ઠાકોરનો 'મિતાક્ષરી,' કૌમુદીના તંત્રીથી વિજયરાયનો 'આ રંગભૂમિ ક્યારે સુધરે?' ને 'કૉલેજની કન્યા' એ નાટકના લખનાર રા. ગજેંદ્રરાયનો 'આપણી રંગભૂમિ કેમ સુધરે?' રા. ડોલરરાય માંકડનો 'નાટ્યનાં તત્ત્વો,' રા. ઠક્કુરનો 'આપણી ગૂર્જર રંગભૂમિનાં વર્ત્તમાન અધોગતિનાં કેટલાંક વિશિષ્ટ કારણો' ડૉ. મચ્છરનો 'તરૂણીના તરંગ કે કૉલેજની કન્યા,' શ્રી મેઘાણીનો એક પારસીનાટક મંડળીની હિન્દી રંગભૂમિ અને બીજી બંગાળી રંગભૂમિ એ બે વચ્ચેનો 'એક મુકાબલો' સાક્ષર શ્રી દેરાસરીનો 'ગૂજરાતી રંગભૂમિ' અને રા. દિવાનનો 'રંગભૂમિ' એ સર્વ લેખો અને બંને તંત્રીના એકેક નોંધ વાંચવાથી આપણા નાટક અને રંગભૂમિ સંબંધી ઘણું જાણવા જેવું, આદરવા જેવું અને સમજવા જેવું મળે છે.

વર્ત્તમાન ગૂજરાતી નાટકો અને રંગભૂમિનું ક્ષેત્ર જોતાં તેમાં ઘણો સુધારો કરવા જેવું છે; પરંતુ હલકી ભાવના (taste) વાળા પ્રેક્ષકોની અતિ સંખ્યા છે ને તેના પર કમાણી કરવાનું નાટકસમાજોના માલેકોનું લક્ષ્ય છે અને સંસ્કારી શ્રીમંતોનું ઉત્તેજન નથી ત્યાં, શ્રી દેરાસરી કહે છે તેમજ થવાનું કે 'આવા માણસોને આનંદ આપવો અને ઊંચી કક્ષાએ

પહોંચવું એ એકકાળે બને એમજ નથી. માટેજ આપણી હાલની નાટકમંડળીઓ, ઇચ્છા ન હોય તો પણ, દિવસાનુદિવસ ઊંચી તો નહિ પણ નીચી કક્ષાએ જતી જાય છે.' છતાંયે તેમના શબ્દોમાં 'સમગ્ર જનમંડળની ભાવનાઓ ઉચ્ચ થાય, શિક્ષણ વધે, તો બધી બાબતમાં તેમ નાટકોમાં પણ સુધારો થવાની આશા રખાય.'

આવા અંકો બહાર પાડવામાં સમગ્ર જનમંડળની ભાવના ઉન્નત કરવાનો હેતુ છે અને તે હેતુ થોડે ઘણે અંશે સફળ થશેજ એમાં શંકા નથી. આ માટે આ માસિકના કાર્યવાહકો-લેખકોને અમે ધન્યવાદ આપીએ છીએ.

ગૂજરાતી માસિક-સાહિત્યમાં પ્રસ્થાનને અગ્રસ્થાને અમે મૂકીએ છીએ. તેનામાં ખાસ લક્ષણ એ છે કે તેમાં આવતા દરેક લેખ મુખ્ય વિષયને પરિશ્રમ પૂર્વક છણી તેનાં ઉંડા તત્ત્વમાં ઉતરી તેનું નવનીત આપતું સુસંસ્કારને પોષતું ગંભીર વાંચન પૂરૂં પાડે છે. આ માસિકને સર્વ સંસ્કારી જનો સર્વ પ્રકારનું ઉત્તેજન આપશે એમ તેમને અમે નમ્રપણે પણ આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ.

અર્પણ—લેખક રા. સુશીલ પ્ર. જૈન ઑફિસ ભાવનગર પૃ. ૧૬+૧૪૫ કિંમત સવારૂપીઓ. આનંદ પ્રિ. પ્રેસ ભાવનગર.] જૈનપત્રની ઇસુ સન ૨૮ની ભેટ છે ને તે આ વર્ષે સમાલોચના અર્થે મળી તેનો સાદર સ્વીકાર કરતાં અમને આનન્દ થાય છે. રા. સુશીલ એક સિદ્ધહસ્ત લેખક છે એમાં કંઇ પણ શંકા નથી, પરન્તુ 'જૈન' પત્રના અગ્રલેખો અને તેની નોંધો લખતાં તે એટલા બધા થાકી જાય છે કે વિશેષ કંઈ કરી-કંઈ ચિરસ્મરણીય કરી શકવાનું બુદ્ધિસામર્થ્ય છતાં તેવું કંઈ કરી બતાવવાના હોશકોશ તેમને રહેતા નથી એમ કહેવાય છે. અમે તે પોતે કહે છતાં પણ તે માનવા તૈયાર નથી. તે પોતે અપરિણીત છે, મસ્ત છે. તેનામાં ઉલ્લાસ છે, વિનોદ છે અને સાથે મૌલિકતા છે. આ છતાં પણ જૈન સમાજને તેની પાસેથી કંઈ ન મળે તો અમે કહીશું કે તેમનો એક પ્રમાદજ તેમાં નિમિત્તભૂત છે. આટલું મર્મવચન સુહૃદના દાવે તેમને કહીએ છીએ અને તેમાં સાક્ષર શ્રી ઝવેરચંદ મેઘાણી એમને આની પ્રસ્તાવનામાં લખીને ટેકો આપે છે કેઃ—

'આજે એમના જીવનના એ આગ્રહી ક્રમમાં આ પુસ્તક એક અત્યંત આદરભર્યો અપવાદ નોંધાવે છે. સ્વતંત્રતા, મૌલિકતા અને ભાવ-ભાષાનો બંધનયુકત પ્રવાહ આજે પહેલીજવાર આ લેખકના આત્માની નજીકની કોઈ કંદરામાંથી છલ ! છલ ! કરતો છૂટયો છે. અને પ્રમાદના પત્થરો કે મોજીલી પ્રકૃતિરૂપી રેતીનાં રણ જો આડે નહિ નડે તો થોડા સમયમાં જ આપણે આજના એ ન્હાના શા નિર્ઝરણાને, બંને કાંઠે ભરપૂર બની ગંભીરનાદે વહતા મહાનદનું સ્વરૂપ ધારણ કરતું નિહાળી શકીશું.'

આ કૃતિ તરફ વળીએ. જૈન કથાસાહિત્ય એક રત્નકોશ છે, તેમાં અનેક જાતનાં નાનાં મોટાં રત્નો પડ્યાં છે કે જેને કોઇ સર્જક લેખકની કલાવંતી કલમ પહેલ પાડી આપે, તો વિશેષ પ્રકાશવંતા થઈ અનેક આત્માઓના જીવનમાં સત્પથદર્શક નિવડે. આમાં દશ કથાખંડો લીધાં છેઃ તેનાં નામ ૧ ગૌતમ સ્વામીનો શિષ્ય ૨ નિઃશંક શ્રદ્ધા ( ) ૩ કદરૂપો નંદીષેણ (નંદિષેણ), ૪ સદ્દાલસુત્રનો નિયતિવાદ, ૫ હરિબળમાછી ૬ આર્દ્રકુમાર ૭ વાત્સલ્યઘેલી માતા ( ) ૮ હરિકેશીબળ ૯ કાલકકુમાર ૧૦ મિથિલાપતિ નમિરાજ છે. આ મથાળાંના બે પ્રકાર જોવામાં આવે છે. ક્યાંક વાર્તાના નાયકનાં નામ પરથી, અને ક્યાંક વાર્તાના વિશિષ્ટ બોધપરથી. આમાં સર્વત્ર એકજ પ્રકાર અનુસર્યો હોત તો ઠીક હતું. પણ વધુ સારૂં તો તે બંને પ્રકારનું અનુસરણ દરેક વાર્તાના શીર્ષક બાંધવામાં રાખવું અમને લાગે છે. 'સદ્દાલપુત્રનો નિયતિવાદ' એ એકજ મથાળામાં બંને પ્રકાર સચવાઈ જાય છે. વાત્સલ્ય ઘેલી માતાને બદલે અર્હન્નકની વાત્સલ્યઘેલી માતા યા ભદ્રા-વાત્સલ્યઘેલી માતા એમ મથાળું રાખી શકાયું હત. વગેરે. આ એક માત્ર સૂચન રૂપે છે.

કથા કહેવાની શૈલી મનોરમ્ય છે અને સિદ્ધહસ્ત લેખક રા. સુશીલના હાથે જૈન કથાઓ લખાઇ બહાર પડી છે તે દરેક જૈન સત્કારશે. અમે ઇચ્છીશું કે તેઓ સમસ્ત જૈન કથાસાગરને ડોળી તેના મન્થન રૂપે અનેક કથામૃત-બિંદુઓ કાઢી ગૂજરાત પાસે ધરશે અને એ રીતે પોતાની સંસ્મરણીય કૃતિઓથી સાહિત્યના ફાળામાં વૃદ્ધિ કરશે.

દક્ષિણમાં જૈનધર્મ.

[Jainism in South India]

પ્રસ્તાવ:—[Introductory]

દક્ષિણ ભારતે પોતાનું વ્યક્તિત્વ ધર્મ, સંસ્કૃતિ, રીતરીવાજો આદિપરત્વે આબાદ સાચવી રાખેલ છે. સાહિત્ય, કલા, ધર્મ વગેરે સંબંધે દક્ષિણભારતે ઉત્તર ભારત કરતાં વધુ ફાળો આપ્યો છે. ઉત્તર ભારતપર પરદેશીઓનાં જેટલાં અને જેવાં આક્રમણો થયાં છે તેટલાં ને તેવાં દક્ષિણ ભારત પર થયાં નથી, તેથી ઉત્તર ભારતની પ્રાચીન સંસ્કૃતિ, કલા, સંસ્થાઓ વગેરે સાચવી શકાઇ નથી, જ્યારે દક્ષિણભારતની ઘણે અંશે રક્ષિત રહી શકી છે.

દક્ષિણભારતમાં આર્ય સંસ્કૃતિ દ્રાવિડ સંસ્કૃતિને પોતાનામાં લઇને આગળ વધી છે. આર્ય તત્ત્વજ્ઞાનમાં વેદાન્તના સંબંધે દક્ષિણ ભારતનાજ સંતાનો શંકર, રામાનુજ, અને મધ્વની જબરી અસર ત્યાંથીજ ઉદ્ભવી, તેમ બૌદ્ધનો મહાયાન પણ તેનાજ સંતાન નાગાર્જુને સ્થાપ્યો અને જૈનનો દિગંબર સંપ્રદાય શ્રીભદ્રબાહુ દક્ષિણમાં ગયા પછી વિસ્તૃત થયો. આ સર્વમાં જૈન વિદ્વાનોએ અતિ વિશાલ અસર પોતાની વિદ્વત્તાના પ્રભાવથી દક્ષિણની સંસ્કૃતિ પર કરી છે એ નિ:શંક છે. દ્રાવિડ સાહિત્ય પણ જૈનોના આશ્રય નીચે વિસ્તૃત થઈ ફાલ્યું.

કાનડી, તામિલ, તેલગુ એ સર્વ ભાષાનું પ્રાચીન સાહિત્ય જોશો તો તેમાં મહાન્ કૃતિઓ–શિષ્ટ સાહિત્યકૃતિઓ–classics જૈન ગ્રંથકારોથી રચેલી જોવામાં આવે છે.

કલા અને ધર્મ એ બે વચ્ચે ગાઢ સંબંધ છે, જે Iconography–શિલ્પકળા જૈનો અને બૌધ્ધોએ દક્ષિણમાં દાખલ કરી તેનું અનુકરણ બ્રાહ્મણ શિલ્પકારોએ કર્યું છે. જૈનોના સુંદર બસ્તિઓ (જૈન મંદિરોનું વિશિષ્ટ નામ) રચવામાં જૈનો પ્રથમ હતા કે જેમનું અનુકરણ હિંદુઓએ–લિંગાયત, શૈવ, વૈષ્ણવાદિએ પછી કર્યું. ફર્ગ્યુસન કહે છે કે દક્ષિણ કર્ણાટકમાં મુડબિદ્રિનાં મંદિરો જેવા શિલ્પના નમુના આખા હિન્દમાં નથી. કદાચ તેને નેપાલની શિલ્પકળા સાથે સરખાવી શકાય.

પ્રકરણ ૧.

પ્રાચીનતા. મહાપ્રયાણ.

[Antiquity. The Great Migration]

પાટલિપુત્ર કે ઉજ્જનમાં મૌર્ય ચંદ્રગુપ્ત રાજ કરતો હતો ત્યારે બાર વર્ષનો દુકાળ પડશે એમ ભદ્રબાહુ શ્રુતકેવલીએ અગાઉથી ભાખ્યું. તે કારણે (૧૨૦૦૦) જૈનોનો મોટો સમૂહ દક્ષિણમાં ઉતર્યો કે જેમાં (ભદ્રબાહુ ? સહિત) ઘણા મરણ પામ્યા. આ બનાવ મહિસુરમાં શ્રવણ બેલગોલામાં બન્યો. ચંદ્રગુપ્ત ભદ્રબાહુની સાથે હતો.

મહિસુર શ્રવલબેલગોલાના શિલાલેખ આશરે ૬૦૦ ઇ. સ. ના છે તે આનો ઉલ્લેખ કરે છે. હરિષેણનો બૃહત્ કથાકોશ સન ૯૩૧ નો તેમજ બીજા પુસ્તક નામે ભદ્રબાહુ ચરિત પણ આનો ઉલ્લેખ કરે છે. આનો સ્મિથ સ્વિકાર કરે છે.

ભદ્રબાહુનું મરણ ૨૯૭ ઇ. સ. પૂર્વે થયું, ત્યારે જૈનો દક્ષિણમાં કયા ભાગ સુધી વધુમાં વધુ જઈ પહોંચ્યા હતા તે ચોક્કસ કહી શકાય તેમ નથી, પરંતુ તેની પહેલાં જૈનત્વ દક્ષિણમાં હોય કે નહોય પણ ભદ્રબાહુથી ને ત્યાર પછી જૈનત્વ દક્ષિણમાં વિશેષ ને વિશેષ વિસ્તાર પામતું ગયું એ નિર્વિવાદ છે.

પ્રકરણ ૨.

અશોક અને દક્ષિણમાં જૈનધર્મ.

[Asoka & Jainism in the South]

ચંદ્રગુપ્તજૈન–તેનો પુત્ર બિંદુસાર. તેનો અશોક.

દક્ષિણભારતમાં મહિસુરમાં તેના શિલાલેખ છે. તેના બધા શિલાલેખોમાં 'શ્રમણ'નો અર્થ બૌદ્ધ તેમજ

જૈન સાધુ બંને થાય છે. અને બંનેનો જુદો જુદો ઉલ્લેખ 'સંઘ' અને 'નિર્ગ્રંથ'થી કર્યો લાગે છે. દક્ષિણના લેખમાં શ્રમણોનો ઉલ્લેખ કર્યો છે ને તેમાં જૈનોનો સમાવેશ થાય છે. અશોકની દક્ષિણની રાજધાની સુવર્ણગિરિમાં હતી ત્યાં તેમજ ઉત્તરમાં તેના તરફથી ધર્મ-મહામાત્રો બૌદ્ધ, બ્રાહ્મણો, આજીવકો, નિર્ગ્રંથો, અને બીજા સંપ્રદાયો પર દેખરેખ રાખવા રહેતા. આપરથી જણાય છે કે તે સર્વ ધર્મોપર સમદૃષ્ટિ રાખતો. અશોકનો પૌત્ર સંપ્રતિ શ્વે૦ આર્ય સુહસ્તિથી જૈન થયો હતો. બંનેએ અનુક્રમે બૌદ્ધ અને જૈન ધર્મના પ્રચાર માટે ખૂબ પ્રયાસ કર્યો હતો. સંપ્રતિએ દક્ષિણમાં પણ જૈન પ્રચારકો મોકલ્યા હતા. આ પરથી દક્ષિણમાં શ્વેતાંબરીઓ તે વખતે હોવા જોઇએ અને ત્યાર પછી પણ થયા હશે એમ નિશ્ચિત થાય છે.

કથા પ્રમાણે ભદ્રબાહુના દિગંબરો ને સ્થૂલભદ્રના શ્વેતાંબરો. શ્વેતાંબરોમાં પણ વસ્ત્ર સંબંધી પ્રશ્ન હતો. આર્યમહાગિરિ જિનકલ્પ-નગ્નત્વના માટે, આર્યસુહસ્તિ સ્થવિરકલ્પ-વસ્ત્રધારિત્વ માટે હતા. આર્યમહાગિરિ પોતાના સિદ્ધાંતમાં ન ફાવ્યા એટલે દશાર્ણભદ્રમાં જઈ અનશન કરી પ્રાણત્યાગ કર્યો. આથી **સંપ્રતિ** શ્વેતાંબરના પ્રચાર માટે હતો એ નક્કી થાય છે. **તેણે દક્ષિણમાં પણ તેનો પ્રચાર કર્યો હતો.** ત્યાર પછી શ્વેતાંબરોનો પ્રચાર **કાલિકાચાર્યે** એક દક્ષિણના રાજા સાથે મુલાકાત લીધી તે પરથી જણાય છે. **પૈઠણ**ના રાજા-પજ્જુસણની કથા. પાંચમે ઇંદ્રનો ઉત્સવ કરવાનો હોવાથી તે સિવાયનો દિવસ હોય તો પોતે વ્યાખ્યાન સાંભળવા આવે માટે છઠ્ઠનો દિવસ તે માટે રાખવો એવું રાજાએ કહ્યું. આચાર્યે ભાદ્રપદ ૪ નો રાખ્યો. તે રાજાએ કબૂલ્યું. આથી પાંચમને બદલે ચોથ.

અશોક પછી દક્ષિણમાં સાતવાહનો થયા. આમાંનો એક આ રાજા હશે. પહેલો સૈકો ઇ. સ. પૂર્વે.

અશોકના ફરમાન-શાસન મુજબ દરેક ધર્મ સાથે સહિષ્ણુતા રહી તેથી જૈનધર્મે પ્રગતિ પણ કરી.

પ્રકરણ ૩.

તામિલ શિષ્ટ સાહિત્યમાંથી પ્રકાશ.

(Light from the Tamil Classics.)

વિક્રમ સદીના પ્રારંભે દક્ષિણ હિન્દના જૈનોમાં સાહિત્ય અને ધર્મ સંબંધી ભારે હલચલ થઈ. મહા પુરૂષો અનેક જન્મ્યા ને દક્ષિણ હિન્દનું સાહિત્ય-ખાસ કરી તામિલ સાહિત્યનું નવનીત ઉત્પન્ન કર્યું. તામિલ ભૂમિમાંજ નહિ પણ ત્રણ સૈકા સુધી જૈન ધર્મે દક્ષિણમાં સર્વ સ્થળે સુગંધ ફેલાવી.

પછીના ત્રણ સૈકા સુધીમાં તો જૈનધર્મ દક્ષિણ હિન્દનું હૃદય કબજે કરી સમર્થ રાજકુલોનો રાજવંશી ધર્મતરીકે સ્થાપિત થયો. આ આખા ૫૦૦ વર્ષના કાળમાં તેના પર બીજી સમર્થ ધાર્મિક હિલચાલોએ હુમલો કર્યા છતાં તે વિદ્યમાન હતો.

આનું કારણ તેનામાં જીવનનું પુષ્કળ તત્ત્વ હતું અને તેમાંથી પ્રતિભામય સક્રિયતા જન્મી. સંસ્કૃતિમાં જૈન ધર્મનો ફાળો જુદા પ્રકરણમાં ચર્ચીશું. હાલ તત્કાલીન સાહિત્યમાંથી પડતા પ્રકાશ તરફ વળીએ.

મુખ્યત્વે તામિલ પ્રાંત ભૂમિમાં થયેલું સાહિત્ય હતું. બીજા પ્રાંતો પણ કંઈક કરી રહ્યા હતા. આંધ્ર રાજા-સાત વાહનનો **હાલ** કે જેને ગાથા સપ્તશતિ પ્રાકૃત ગાથાઓ એકત્રિત કરી પુસ્તકાકારે મૂકી છે તે જૈન હતો એમ અગાઉ કહેવાયું છે. **સામંતભદ્ર** કે જે કર્ણાટકમાં થયા તેણે આપ્તમિમાંસા રચી કે જેમાંનો સ્યાદ્વાદનો સિદ્ધાંત શાસ્ત્ર સમાન લેખાય છે. ડા. ભંડારકર કહે છે કે સામંતભદ્રનો અવતાર, 'marks an epoch not only in the annals of Digambar tradition, but also in the history of Sanskrit literature'

લોકોની ભાષાનો ઉપયોગ—તામિલ Classics નો સમય હજુ જોઈએ તેવો નિશ્ચિત નથી થયો. તો પણ સંગમ્ સાહિત્ય (Classical period of Tamil literature સંગમ્-મૂળ academy ના અર્થમાં) સંબંધમાં Scholars કંઇક

નિર્ણય પર આવ્યા છે. તેને ઈ. સ. ના પહેલા બે સૈકામાં તેઓ મૂકે છે.

જૈન Classic નામે સિલપ્પધિકરમ્ છે તેમાં ઉલ્લેખેલ સેન્ગુથવન-ચેરા સીલોનના ગજબાહુ પ્રથમના સમકાલીન હતા એ પરથી ઉપરનો કાલ મૂકયો છે.

આ યુગના સાહિત્યના મુગટરૂપ તો **કુરલ—તિરૂકુરલ** (તિરૂ=પવિત્ર) નામનું તિરૂવલ્લુવરનું કાવ્ય છે. આ પહેલા સૈકાનું ગણાય છે. તેમાં દરેક ધર્મને લાગુ પડે તેવી બાબતો-બોધ મૂકેલ છે. એક મહાશય તો તેના ગુરૂ કુંદકુંદાચાર્યનું રચેલ જણાવે છે, **તે જૈન કૃતિ છે એ નિર્વિવાદ છે.** તેમાં યજ્ઞોનો નિષેધ, હિંસાનો ત્યાગ વગેરે બતાવેલ છે ને તે સુખ મેળવવાનું એક શાસ્ત્ર છે.

ત્યાર પછી બે વીરરસ કાવ્યો નામે સિલપ્પધિકરમ્ અને મણિમેખલઈ આવે છે તે પૈકીનું પ્રથમ તે જૈન ઇલ્લંકો-અદિગલ કૃત છે ને બીજું કુલવનિકન સત્તનર નામના બૌદ્ધ કૃત છે. બંને મિત્રો હતા અને જૈન કર્તા રાજવંશી હતો. બૌદ્ધ કૃતિ જો કે પહેલી કૃતિ છે, છતાં તેમાં ઉક્ત જૈન કૃતિના નાયક અને નાયિકાનું છેલ્લું પ્રકરણ આવે છે. આ બૌદ્ધ કૃતિમાં પણ જૈન ધર્મ સંબંધી પણ ઉલ્લેખ છે. જૈન કૃતિમાં તો નિર્ગ્રંથો અને તેમના મઠોના પુષ્કળ ઉલ્લેખો છે. આ પરથી જણાય છે કે તે વખતે દક્ષિણ હિંદમાં જૈન ધર્મનો વિકાસ ઘણો થયો હતો. આ વખતે બૌદ્ધ અને આજીવક પંથ પણ ચાલતા હતા. જૈન કર્તા પોતાના ભાઇને રાજ્ય આપી નિર્ગ્રંથ સાધુ થયો. તે ભાઈએ બ્રાહ્મણ ધર્મી હોઈ રાજસૂય યજ્ઞ કર્યો અને પટ્ટનિ-દેવીનું મંદિર વંજીમાં બંધાવ્યું. તે વખતે સીલોનનો બૌદ્ધ રાજા ગજબાહુ પ્રથમ (૧૧૦-૧૪૦ ઇ. સ.) હાજર હતો તે પરથી આ રચનાનો સમય નિશ્ચિત થાય છે. એક માબાપના પુત્ર તથા એક બીજા મિત્રો જુદા જુદા સંપ્રદાયમાં હોવા છતાં એક બીજા પ્રત્યે સ્નેહ, સહિષ્ણુતા રાખતા હતા એ આ જમાનાનો પ્રભાવ હતો.

પ્રકરણ ૪.

તામિલ ઇતિહાસનું બીજું પૃષ્ઠ.

(Another Page of Tamil History.)

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणिः
मंगलं कुंदकुंदार्यो जैनो धर्मोऽस्तु मंगलं ।

—જૈન પ્રાર્થના.

સ્કોલરો ગમે તેમ કહે, પણ હકીકતો પૂરવાર કરે છે કે પહેલા પાંચ સૈકાજ નહિ પરંતુ, બીજીથી તે ૮મી સદી સુધી જૈન ધર્મ એ દક્ષિણ ભારતમાં predominant faith—ધર્મ હતો. જબરા રાજાઓનો-રાજવંશીઓનો તે કુલધર્મજ નહિ, પરંતુ સાધારણ લોકોમાં પણ તે પ્રચલિત ધર્મ હતો. અને તે એટલો બધો પ્રભાવશાળી અને dynamic force વાળો વધીને થઇ ગયો કે સ્થિતિચુસ્ત હિંદુ ધર્મને બધાં resources તેની સામે થવાને વાપરવા પડયાં. અને તેમ કર્યાં છતાં પણ pyrrhic જીત મેળવી એટલે કે જૈન ધર્મના ખાસ આકર્ષક જે તત્ત્વો હતાં તે બધાં પોતાનામાં દાખલ કરી દેવાં પડયાં. આ પાંચસો વર્ષનો જૈન ધર્મનો પ્રભાવ હોવા છતાં તેને 'જૈનયુગ' ન કહીએ તો પછી મુગલ યુગ ને બ્રિટિશ યુગ પણ હિંદના ઇતિહાસમાં પાડી શકાય નહિ.

ચોથા પાંચમા સૈકાના સંબંધી records નથી મળતાં છતાં તામિલ ભૂમિમાં જૈન ધર્મ વધ્યો જતો હતો અને તેની સામે કોઇનો વિરોધ થયો નહોતો એ બાબતના પુરાવા મળે છે. આથી એક વિદ્વાન જે જણાવે છે કે બીજીથી ૧૧ મી સદી સુધીમાં રાજ્ય કરનાર મહિસુરના ગંગવંશી રાજાઓએ તામિલ ભૂમિમાં જૈન ધર્મના પ્રચારમાં સહાય કરી હોવી જોઇએ એમ ધારવું સ્વાભાવિક છે. તામિલ ભૂમિમાં કુંદકુંદ એ મહા પુરૂષ થયા. તે Colossus છે. જે મહાચાર્યોએ જૈન ધર્મનો પ્રચાર કરી તેને યશસ્વંતો કર્યો તેમાં કુંદકુંદ પ્રથમ શોભે છે. શ્રવણ બેલગોલાના લેખમાં તેના સંબંધી ઉલ્લેખ જે છે તે જુઓ.

દિગંબરો ઉપલી પ્રાર્થના પણ કરે છે કે મંગલં ભગવાન્ વીરો—તેમાં કુંદકુંદનો ઉલ્લેખ છે.

ભગવાન્ વીરે ધર્મ શિખવ્યો, ગૌતમે લોકોને સમજાવ્યો, અને કુંદકુંદે તેને પોતાના ગ્રંથોમાં મૂક્યો. તેના ગ્રંથો પ્રાકૃતમાં લખાયા. **તે હવે પછી કહીશું.**

તે વખતના શિવકુમાર મહારાજ નામના રાજાના આશ્રયે પોતે લખ્યા એમ કહેવાય છે. આ રાજાનું નામ ક્યાંય રાજ્વંશવૃક્ષોમાં દેખાતું નથી. કોઇ કુરલના કર્તા તરીકે કુંદકુંદ કહે છે. એક ગ્રંથ તામિલમાં લખે ને બીજા ગ્રંથ પ્રાકૃતમાં લખે તે શું. કહેવાય છે કે સંસ્કૃત અને પ્રાકૃત બંને સાહિત્યનો નિચોડ કુરલમાં મૂકેલ છે તે કાંચીપુરમાં રહ્યા હશે. (પલ્લવોની પ્રાચીન રાજધાની).

પહેલી સદી (ઈ. સ. માં) પલ્લવના લેખો પ્રાકૃતમાં મુખ્યત્વે છે ને એકમાં શિવસ્કંદ (કે જે ઉક્ત શિવકુમાર મહારાજ હોય તે) નો ઉલ્લેખ છે ને તેમાં સિદ્ધં છે તે જૈનત્વ સૂચવે છે—ચક્રવર્તિના કહેવા પ્રમાણે કુંદકુંદે સામાન્ય જન માટે કુરલ લખ્યો હોય ને વિદ્વાનો માટે પ્રાકૃતમાં મળ્યું.

દિગંબર દર્શનમાં કહ્યું છે કે દક્ષિણના મદુરામાં પૂજ્યપાદ સ્વામીના શિષ્ય વજ્રનંદીના વડપણ નીચે (સં. ૫૨૬ (૪૭૦ સન)માં 'દિગંબર દર્શન') દ્રાવિડ સંગ નીકળ્યો. આ સંગ-academy સાહિત્ય તથા ધર્મના પ્રચાર અર્થે હતી. તે જૈનધર્મના પ્રચાર અર્થે દક્ષિણ તરફ ગઇ. તેને રાજનો આશ્રય પણ હોવો જોઇએ.

કાંચી વિદ્યાધામ હતું. રાજસભામાં અનેક વાદો થતા હતા. સામન્તભદ્રે આવી શિવકોટી મહારાજને જૈન મુનિ બનાવ્યો કે જેનું શિવકોટિ મુનિ નામ છે ને **સામંતભદ્રનો શિષ્ય ને પટ્ટધર**? થાય. ત્યાર પછી ૮મા સૈકામાં (ઈ. સ.) અકલંકે ત્યાં આવી બુધ્ધોને હરાવ્યા ને **રાજા હસ્તિમલ્લને**(?) જૈન કર્યો.

આ પછીની સદીમાં તામિલપર કાનારીસ વંશ નામે **કલભ્રો**? ચડી આવ્યા ને 'તેઓ ત્યાં આવ્યા કે જૈનધર્મ તેમણે સ્વીકાર્યો ને તેનાપર ત્યાંના અસંખ્ય જૈનોની અસર થઈ. તેમણે શૈવ સંતોપર જૂલમ કર્યો ને શૈવ દેવતાઓની પૂજા અપમાનિત કરી. જાણે જૈન ધર્મનો પ્રચાર દૃઢ કરવા માટે જૈનોએજ બોલાવ્યા હોય નહિ.'—રામસ્વામી.

ગમે તેમ મદુરામાં રાજકરતા કાલભ્રનો સમય અને તે પછીના સમયમાં તામિલ નદુમાં જૈનો ઉચ્ચ શિખરપર હતા એમ લાગે છે. આથી ઇર્ષ્યા બ્રાહ્મણધર્મોમાં થઇ. આ વાતની એક સાબીતી છે કે જૈનોએ રચેલ સુભાષિત ગાથા સંગ્રહ નામે નલડ્યાર તેમાં ૮૦૦૦ ગાથા હતી તે તે વખતના રાજાએ નદીમાં નાંખી અને ચમત્કારથી ૪૦૦ ગાથા સચવાઇ. આમ કંઇક ધાર્મિક જુલમ થયો હશે.

ડા. ક્રિસ્નાસ્વામિ ઐયંગર આવા જુલમમાં ઐતિહાસિક સત્ય હોવાની ના પાડે છે, પણ ડા. શામશાસ્ત્રીએ શૈવના અનેક સંસ્કૃત, કાનરી અને તામિલમાં હસ્તલિખિત પુસ્તકો બહાર પાડેલ છે તેમાં ધાર્મિક અસહિષ્ણુતાના ઉભરા અનેક મળે છે. એકબીજા વચ્ચે અસહિષ્ણુતા રહે ને ઉભરા બહાર કઢાય એ બંનેમાં હોય છે. જૈન સર્વોપરી બનવા ચાહે ને બને તો બીજાની સાથે અથડામણમાં આવવું પડેજ. પણ જૈનો ને બૌદ્ધો દક્ષિણમાં ભારતમાં ગયા તે પહેલાં શૈવ ને વૈષ્ણવની શું સ્થિતિ હતી તે વિષે કિંચિત્ બલકે કંઇપણ જાણવામાં આવ્યું નથી. ડા. શામશાસ્ત્રી કહે છે કે જૈનો અને બૌદ્ધોની મહત્વાકાંક્ષા લોકોને પોતાના ધર્મમાં લાવવાની હતી. આ તેમણે 'આહાર-અભય-ભૈષજ્ય-શાસ્ત્રદાન'થી એટલે ખોરાક રક્ષણ દવા અને જ્ઞાનનું દાન કરી સિદ્ધ કરી જણાય છે. તેજ શાસ્ત્રી કહે છે કે 'જૈન અને બૌદ્ધ થવાની લાલચ લોકોને માટે એટલી બધી હતી કે શૈવ જો તેમની તે પદ્ધતિ ન સ્વીકારે તો શૈવ ધર્મ તત્કાલિન ભારે જોખમમાં હતો.'

બ્રાહ્મણોની pyrrhic જીત હતી એ કહેવાયું છે. પોતે બનેલા આ 'નાસ્તિકવાદીઓ' સામે થવાને પોતાને પોતાના નિયમ તજવા પડયા. કારણકે નાતજાતનો સવાલ રાખ્યા વગર દરેકમાંથી જૈન અને બૌદ્ધ પોતાના ધર્મમાં લેતા. તેથી શૈવોએ નાતિભેદ તજ્યો. મદુરામાં સુંદર ઉર્ફે કુણ પાંડય અને કાંચીના

મહેંદ્રવર્મન પલ્લવને પોતાના ધર્મમાં લીધા તે અનેકમાંથી મોટા બે દાખલા છે. રાજા ઉપરાંત હલકામાં હલકી વર્ણો નામે ચમાર અને મહારમાંથી શૈવ અને વિષ્ણુના ઉપાસકો તરીકે લેવામાં આવ્યા ને તેમને શૈવ અને વૈષ્ણુવ ભકતની માલામાં મૂકવામાં આવ્યા.

પ્રકરણ ૫.

બ્રાહ્મણો સાથે ટક્કર.

(Brahmanism at Bay)

હુએન્ત્સાંગ ચિની યાત્રાળુ દક્ષિણ હિંદમાં ૬૪૦ ઇ. સ. માં ગયો. કાંચીમાં (જબરા પલ્લવોની રાજધાની—પલ્લવોએ આખો દ્વિપકલ્પ લગભગ સર કર્યો હતો અને ચાલુક્ય રાજધાની વાતપિ યા બદામિ ફક્ત બે વર્ષ પછી કબજામાં લીધી હતી.) રહ્યો હતો. કાંચી પ્રાચીન કાળમાં ધર્મ ને વિદ્યાનું મુખ્ય કેન્દ્રસ્થાન હતું અને તે ચીની યાત્રાળુ જે હકીકત આપે છે તે પરદેશની (કે જેની રાજધાની કાંચી હતું) તે ખાસ જાણવા જેવી છે. પલ્લાવ મુખ્યત્વે સ્થિતિચુસ્ત હિંદુ હતાં અને હજારો અનુયાયી વાળા બૌદ્ધના સેંકડો મઠો આ દેશમાં હતાં. પણ આગળ જતાં દક્ષિણમાં પાંડયદેશમાં તેમ નહોતું. ત્યાં બૌદ્ધધર્મ લગભગ નાબુદ થઈ ગયો હતો. બીજી બાજુએ ‘ દક્ષિણ હિંદના બીજા ભાગોમાં ’ નગ્નોજ દિગંબર જૈનોનો સંપ્રદાયને ઘણા અનુયાયીઓ હતો જ્યારે હિંદુ મંદિરો લગભગ ૮૦ હતાં.

તે ચીની યાત્રાળુને વધુ જોઇએ:—

ચુલિય (ચોલાદેશ) નિર્જન જંગલ જેવું હતું. તેમાં થોડા વસ્યા હતા. **લોકો તીર્થંકરોને માનતા** બૌદ્ધમઠો પડી ગયા હતા તેમાં કોકમાંજ બૌદ્ધ વસેલા હતા. દેવમંદિરો થોડા દશ હતા અને **દિગંબરો અસંખ્ય હતા.**

તલોપિતુ (દ્રવિડપથ). રાજધાની કંચિપ્પુલો (કાંચીપુર) હતી. લોકો હિંમતવાન હતા ને વિદ્યાને ઘણો આદર આપતા. લિખિત અને બોલાતી ભાષામાં ઉત્તરહિંદથી જુદા પડતા. ૧૦૦ કરતાં વધુ બૌદ્ધ મઠો હતા ને તેમાં દશહજાર કરતાં વધુ બૌદ્ધો રહેતા. બધા સ્થવિર schoolના હતા. દેવમંદિરો ૮૦ ઉપર હતાં અને majority belonged to the Digambaras. મોટો ભાગ દિગંબર સંપ્રદાયનો હતો.

મોલોકુટા (માલકુટ) દરિયાનાં મોતીની Depot હતું. આબોહવા ઉષ્ણ ને લોકો કાળા, મિશ્ર ધર્મના, સંસ્કૃતિથી બેપરવા ને વેપારમાં ફક્ત સારા. જૂના મઠોનાં ઘણા અવશેષો હતાં. ઘણા થોડા મઠો સચવાયા હતા અને તેમાં થોડા બૌધ્ધ ભાઇઓ હતા. દેવમંદિરો સેંકડો હતાં ને જુદા જુદા સંપ્રદાયના અનુયાયીઓમાં **ખાસ કરીને દિગંબરો ઘણા અસંખ્ય**–numerous **હતા.**

આ પરથી ૭મા સૈકાના મધ્યમાં દક્ષિણ ભારતમાં જૈનધર્મ અતિ પ્રધાન ધર્મ હતો એ સ્પષ્ટ છે. કાનરીસ અને દક્ષિણ મહારાષ્ટ્રમાં રાજ્યાશ્રયજ હતો એટલુંજ નહિ પણ તામિલ દેશના બે મહારાજાઓ નામે મહેન્દ્રવર્મ **પલ્લવ** અને સુંદર **પાંડ્ય** જૈનધર્મી હતા. આટલી ઉન્નતિ શૈવો ને વૈષ્ણવોને અસહ્ય થાય તે સ્વાભાવિક હતું તેથી છેવટે બ્રાહ્મણોથી જબરો જોસ–જુવાળ લાવી બંને પલ્લવ અને પાંડય રાજાને હિંદુ બનાવ્યા. આ બંને રાજા વિદ્વાન્ અને રાજકીય જબરી સત્તા ધરાવનારા હતા. બ્રાહ્મણોને ઇર્ષ્યા થઈ પણ રાજકીય સતા વગર બોંઠા પડયા હતા. ચોલા તરફથી વિપરીત અસર થઈ. ચોલા પણ જૈનધર્મને આશ્રય આપનાર હતા. પણ વખતમાં પરિવર્તન થયું. તે એક વખત રાજકીય ઉન્નતિના શિખરે પહોંચ્યા હતા. તેની સર્વોપરી સત્તા ગઈ ને પલ્લવો અને પાંડયોએ તે સત્તા ખુંચવી એકબીજા વચ્ચે વહેંચી લીધી. ચોલા માટે કંઈ ચાન્સ નહોતો ! શામાટે ? બ્રાહ્મણો જૈનધર્મને રાજપ્રતિષ્ઠામાંથી ઉઠાડવા બધું કરી રહ્યા હતા. ચોલાઓ બ્રાહ્મણ સાથે મળ્યા. ચોલાની રાજકુમારી સુંદર પાંડયને પરણાવી હતી કે જે રાજકુમારી શૈવ હતી. મંત્રી કુલચ્ચિરાઈ પણ શૈવ હતો. આ રાણી અને મંત્રીના પ્રયાસ થવા લાગ્યા.

કર્ણાટક કવિચક્રવર્તિના ‘ત્રિષષ્ટિ પુરાતનચરિત્ર’ માં જણાવેલ છે કે સુંદર પાંડયને સખ્ત તાવ આવ્યો. જૈન આચાર્યો–જિનસેન, નયસેન, શ્રુતકીર્તિ, વિશાલકીર્તિ, શુભચંદ્ર અને સુવ્રતકીર્તિએ અનેક ઉપાય–

મંત્રાદિક કરતાં છતાં સાજો ન થયો પણ તિરૂજ્ઞાન સંબંદર નામે શૈવ સંતે સાજો કર્યો, આથી આ અકસ્માતનો ઉપયોગ તેણે કરી રાજાની શ્રદ્ધા મેળવી શૈવ બનાવ્યો. તે વેદ વેદાંગમાં નિપુણ હતો અને તામિલ સાહિત્યમાં અનુપમ હતો. જૈન અને બૌધ્ધ પ્રત્યે કટ્ટો વિરોધ હતો. તે આખી તામિલ ભૂમિમાં ફરી ગીતો ગાતો ને દરેક ગીતમાં શૈવ બનવામાટે આગ્રહ હતો ને તે દરેક ગીતની ૧૦મી કડીમાં જૈનોની નિંદા હતી. રાજા શૈવ રાણી અને મંત્રી શૈવ, અને આ શૈવ સંતના પ્રયાસથી શૈવ ધર્મને ઘણો વિજય મળ્યો.

આજ પ્રમાણે પલ્લવભૂમિમાં રાજા મહેન્દ્રવર્મ પલ્લવ મૂળ જૈન, તે અપ્પરે શૈવ બની રાજાને શૈવ કર્યો. ને જૈનોને તે ભૂમિમાંથી કાઢયા. અપ્પર મૂળ જૈન હતો અને તેની બેન તિલકાવતિ શૈવ હતી તેણીએ તેને પછી શૈવ કર્યો. વળી અપ્પર પશ્ચાત્તાપ પામી જૈન બન્યો હતો—આથી શૈવોએ તેને મારી નાંખ્યો—રખેને જે તેણે કર્યું તે ન કર્યું કરી નાંખે.

આ બે શૈવ મહાપુરૂષો કરતાં બીજા પણ સંતો મળી ૬૩ હતા. (આ સંખ્યા જૈનોના ૬૩ શલાકા પુરૂષો—મહાપુરૂષોની સંખ્યા સાથેજ મળે છે તે જૈનોનું અનુકરણ છે.)

આ બ્રાહ્મણોના reaction—પુનર્વિધાનથી તામિલભૂમિમાં જુલમો થયા. કહેવાય છે કે સુંદર રાજાએ ૮૦૦૦ નિર્દોષ જૈનોને ફાંસીએ ચડાવ્યા. આ Zeal of a convert. અર્કાટના ત્રિવતુરના મંદિરમાં અપ્રકટ શિલાલેખોમાં આ ચિત્ર—કોરેલું છે. સ્મિથ આમાં અત્યુક્તિ હશે એમ કહે છે. આનો બરાબર કાલ મૂકી ન શકાય કારણકે સુંદર એ પાંડય રાજાઓનું સામાન્ય નામ હતું. અને ચોલા રાજેન્દ્ર (સુંદરની વહુનો ભાઇ) એક કરતાં વધુ થયેલ છે. અત્યુક્તિ હશે, કારણકે ત્યાર પછી ઘણો વખત જૈનો, જોકે ગૌણ સ્થિતિમાં, પણ વસવાટ કરી રહ્યા હતા. વળી જૈનાચાર્ય લક્ષ્મણસેન કુંદકુંદના મૂલ સંઘનાએ આખા દેશમાં ફરી જૈનધર્મના પુનરૂધ્ધાર અર્થે પ્રેમ અને શાંતિના સિધ્ધાંતોનો ઉપદેશ કરતા ફર્યા હતા. પોતાનું મિશન પોતા પછી પણ ચાલુ રહે તે માટે ચાર પિતમ્—ધર્મ કેન્દ્રો સ્થાપ્યાં તેમાં ત્રણ ભારત હિંદમાં—કોલ્હાપુર, પેન્ડકોંડા અને જિન કાંજીમાં હતાં. આ પૈકી કાલાનુક્રમે અસ્ત પામ્યાં પણ છેલ્લું ચિત્તમુરમાં દક્ષિણ આર્કોટ જિલ્લામાં લઈ જવામાં આવ્યું તે હજુ વિદ્યમાન રહ્યું છે.

સુંદરપાંડયનો સમય શામશાસ્ત્રી ૭૨૦ અને ૮૨૦ સન વચ્ચે મૂકે છે. કે જે સમય તેના કહેવા પ્રમાણે તિરૂજ્ઞાન સંબંદર, અપ્પર, હરદત્ત અને બીજા શૈવ સંતોનો છે, પણ Dnrenil ૬૪૦—૬૫૫ સન માં સબંદરને મૂકે છે તે કંઇક યોગ્ય લાગે છે. આચાર્ય સુંદર પાંડયના વાર્તિકોનો ઉલ્લેખ શંકરાચાર્યની બ્રહ્મસૂત્ર પરની ટીકામાં છે ને તે પાંડય તિરૂ...એ શૈવમાં લીધેલો તે હોય તો શામશાસ્ત્રીનો નિર્ણીત સમય અશકય બને.

આતો ચોક્કસ છે કે સુંદર પાંડય પછી જૈન-ધર્મ તામિલમાં ધીમે ધીમે ક્ષીણ થતો ગયો ને તે શૈવ થયો ત્યાં સુધીની જે પ્રતિષ્ઠા—સત્તાને પ્રાપ્ત કરી હતી તે કદી પણ પ્રાપ્ત ન થઇ. ઇ. સ. ૮મા સૈકામાં મહાન્ શંકરાચાર્યે પોતાના **એકાન્તવાદથી** જૈન ધર્મના પાયા હલાવ્યા. ફિલસુફી સિદ્ધાંતો હવે પછી. વૈષ્ણવ અલવરોય શૈવ નયનરો સાથે મળી જૈનો સામે invectives કાઢયા. આ જણાવે છે કે જૈનો બધે પ્રસરેલા હતા. નમ્મલવરના સમયમાં (કે જે વૈષ્ણવ છેલ્લો saint હતો) જૈન ધર્મ લગભગ તામિલ ભૂમિમાં મૃત્યુ વશ થયો કારણ કે તે તેના સંબંધી બહુ જ થોડા ઉલ્લેખ કરે છે.

દૂરના દક્ષિણમાં રાજકીય સત્તા જૈનદ્વેષી ચોલાના હાથમાં ગઇ. ચોલાએ વિરોધ જબરો કર્યો. મધુરા (પાંડય રાજધાનીમાં) જૈનોની પડતી થઇ. પલ્લવોની વિક્રમાદિત્ય ચાલુક્યના હાથે ઇ. સ. ૭૪૦ માં હાર થઈ ત્યારપછી ચોલાનું જોર ધીમે ધીમે વધતું ગયું.

નવમી સદી લગભગ વિજયલયે ગાદી પર આવી ૩૪ વર્ષ રાજ્ય કર્યું તેનો પુત્ર આદિત્ય ૮૮૦—૯૦૭ (ઇ. સ.) રાજ્ય કર્યું. અપરાજિત પલ્લવને જીતી પલ્લવનો છેવટનો તદન અંત કર્યો. તેના મહત્ત્વાકાંક્ષી પુત્ર

ઉત્તરાધિકારી પરંથક પ્રથમની નીચે પાંડય રાજધાની મદુરા લઇ લીધી અને તેના રાજાને દેશપાર કર્યો. એક સદીમાં કુડલ સંગમની પ્રસિદ્ધ લડાઈ (૧૦૬૨–૬૩ ઇ. સ.) કૃષ્ણા ને તુંગભદ્રા નદીના સંગમ સ્થળે વીર રાજેંદ્ર ચોલાએ ચાલુક્યોને હરાવ્યા. (ભાઇભાઇની લડાઈમાં એકને મદદ કરવા જતાં.) આમ ૧૦ અને ૧૧મા સૈકામાં રાજકીય સત્તામાં ચોલાને કોઈ હરીફ ન હતો. આથી તેમની સત્તાતળે શૈવધર્મ વિસ્તાર પામ્યો એ સમજાય તેમ છે. કુલોતુંગ કે જેણે ૪૯ વર્ષ (૧૦૭૦ થી ૧૧૧૮) રાજ્ય કર્યું તેણે વૈષ્ણવો પર પણ જુલમ કર્યો અને ચિદંબરમમાં વિષ્ણુ મૂર્તિને દરિયામાં નાંખી. આ વખતે વૈષ્ણવ આચાર્ય રામાનુજ થયો. (બીજા પ્રકરણમાં). આ વખતે પણ તામિલમાં જૈનધર્મનો અસ્ત છેવટનો થયો ન હતો.

પ્રકરણ ૬.

વિસ્તારનું કેન્દ્રસ્થાન.

(Center of Radiation.)

મહિસુર—દિગંબરોની પહેલી જન્મભૂમિ. ભદ્રબાહુ. ચંદ્રગુપ્ત **શ્રવણ બેલગોલામાં** આવવું. ૨૦૦૦ વર્ષ પૂર્વે. ત્યાંજ હમણાં પણ દિગંબરોનો head–મુખી રહે છે. તે મહાતીર્થ (મક્કા, જેરૂસલેમ જેવું) પહેલું આ ને છેલ્લું refuge–આશ્રયસ્થાન પણ આ.

તામિલભૂમિમાં શું બન્યું તે જાણ્યું આંધ્ર અને મહારાષ્ટ્રમાં પણ તેમને–જૈનોને બહુ સારૂં ન હતું. જૈનોની પડતી થતી હતી ત્યારે કર્ણાટકમાં તેમને સારૂં હતું.

આંધ્ર—અતિ પ્રાચીન વંશ શતવાહનોનો પ્રસિદ્ધ હતો. પ્રાયઃ હિંદુ છતાં બૌદ્ધ અને જૈનોને સારો આશ્રય આપતા. પણ આનો હાલ તે જૈનો પોતાનો જૈન–વિદ્વાન રાજાઓ પૈકીનો માને છે. વળી બધા રાજા જૈનને માન આપતા. પાસેના કલિંગ રાજ્યમાં મહાવીરનો ધર્મ સ્થાપિત થયો હતો એમ **ખારવેલના શિલાલેખો** જણાવે છે. ખારવેલ પોતે જૈનધર્માનુયાયી કુટુંબમાં જન્મ્યો હતો. કાર્પેન્ટિયર પ્રમાણે જૈનધર્મ માટે તેણે ઘણો ઉત્સાહ બતાવ્યો કે જે ધર્મ હુએન્સ્થાંગની યાત્રા સુધી (૭મા સૈકાના મધ્ય સુધી) વધતો રહ્યો. આંધ્ર દેશમાં જૈનધર્મ મોર્યકાલ પહેલાનો હતો એમ શેષગિરિરાઓ ધારે છે. તેની પ્રાચીનતા ગમે તેટલી હોય પણ એક સાંકળ પૂરી પાડે છે. શાતવાહનની સત્તા દક્ષિણમાં પતન પામી અને ચાલુક્ય, ગાંગ, તથા પરિચ્છેદી પશુપતિઓ (કે જેઓ વૈદિક ધર્મના પ્રચારક માટે હતા) નો પૂર્વ દક્ષિણમાં ઉદય થયો તે બે વચ્ચેનો ગાળો પૂરો કરે છે.

બ્રાહ્મણ ધર્મના ઉદયનાં પગલાં જૈનનાં જબરાં કેન્દ્રસ્થાનોના નાશથી જણાય છે. 'આંધ્ર કર્ણાટ જૈન ધર્મ' અને પુસ્તકમાં જૈન પદુ–જૈનાવશેષની અનેક વાત છે. હમણાં જ એક અંગ્રેજ એંજીનીયરે એક જૈન કેન્દ્રસ્થાન ગોદાવરી નદી પર **જૈનગાવ**ના ગામમાં હોવાનું શોધી કાઢયું છે. ત્યાંથી ૭ મૈલ દૂર રામગુંડમમાં એક સુંદર મંદિરનું દ્વાર છે તે જૈન લાગે છે, તેની સામેનું સિતારામ મંદિર પણ જૈન લાગે છે. જૈનગાંવમાં અનેક જૈન મૂર્તિઓ મળી આવે છે. કૂવા ઘણા સુંદર બનાવ્યા છે.

જૈનોનાં કલામંદિરો વગેરેનો, ૧૨ મા સૈકામાં વરંગલ પર આક્રમણ કરનાર મુસલમાનોએ નહિ, પણ હિંદુઓના કોઇ સંપ્રદાયના હાથથી નાશ થયો છે. ૧૧૬૨માં હનમકોન્ડાનું એક હજાર થાંભલાના શૈવમંદિરની શિલ્પકળા પરથી જણાય છે કે તે ૧૧૬૨ પહેલાં શૈવકલા ઉદયમાં આવી હતી.

આંધ્ર દેશમાં જૈન અસરના પતનનો પ્રારંભ, રાજમહેંદ્રીના રાજરાજ નરેન્દ્રના રાજ્યથી થયો એમ સામાન્ય રીતે કહેવાય છે. તે ૧૦૨૨ સનેમાં ગાદીએ આવ્યો તે વૈદિક ધર્મનો પહેલો પ્રચારક હતો એમ નહિ પણ તે પહેલાંના રાજાઓ પણ વૈદિક હતા, પંરતુ આપણને જણાય છે કે પંપા ને પોન્ના નામના બે મહાકવિઓ કર્ણાટકના થયા, તે પહેલાં બ્રાહ્મણ ધર્મી હતા અને પૂર્વના ચાલુક્યોની રાજધાની વેંગીના હતા તે પછીથી કર્ણાટકમાં જઇ જૈન થયા. બીજી બાજુ નન્નય જેવો કવિ બ્રાહ્મણ તેલગુ ભારત રચીને આંધ્રની રાજધાનીમાં આશ્રય પામ્યો. ત્રણ

સૈકામાં ફેરફાર ધીમે ધીમે થતો ગયો. કારણકે ૪૫૮ સનમાં લોકવિભાગ-દિગંબર જૈન વિશ્વ રચના પરનો ગ્રંથ કડુલોરમાં રચાયો લાગે છે સિંહવર્મન-(બીજા) કાંચીના રાજાના રાજ્યમાં. બે સૈકા જતાં જૈન-ધર્મને જે આશ્રયદાતા હતા તે બદલાઇને તેઓ કાંચીના રાજાઓ તેના પર જુલમ કરનારા થયા.

આ પછી આંધ્ર દેશમાં જે કંઈ જૈનધર્મની સત્તા હતી તે કર્ણાટકમાંથી આવી. છેવટે પૂર્વ ચાલુ-કયોના પહેલા રાજાઓ જૈનધર્મને આશ્રય આપતા હતા. એમના દાખલાઃ—

પૂર્વ ચાલુક્યવંશના વિષ્ણુવર્દ્ધન (ત્રીજા)એ શક ૬૬૪માં કલિભદ્રાચાર્ય જૈનને એક ગામનું અપાયેલ દાન તાજુ કરી આપ્યું.

કુબ્જ વિષ્ણુવર્ધન (૧)ની રાણીએ બિજવાડામાં જૈન બસ્તિને એક ગામનું દાન કર્યું. આમા (બીજા) એ જૈન મંદિરોને દાન આપ્યાં વગેરે.

પછીના રાજાઓ આંધ્રના શૈવ હતા; તેથી પૂર્વ પ્રાંતોમાં જૈન ધર્મ ચાલુ ન રહે તેમ પ્રયત્ન થયા. ધાન્યકટકના કોટા (બૌદ્ધનો નાશ કરનાર) એ મૂળ બૌદ્ધ કે જૈન મંદિર હતું તેને અમરેશ્વર મંદિરમાં ફેરવી નાંખ્યું. પરિચ્છેદી પશુપતિઓએ બેઝવાડામાં દુર્ગાની પૂજા સ્થાપી અને તેની પૂજાથી વૈદિક ધર્મ તરફથી યુદ્ધ કરતા ગયા. આ બધામાં જૈનો પરના જુલમો પૈકી ખાસ નોંધવા યોગ્ય તે વરંગલના કકટિય ગણપતિએ જુલમ કરેલ છે. પણ કર્ણાટકમાં આવું જોવામાં આવ્યું નથી. ત્યાં શાંતિ મૂળથી અનુભવાઈ છે. જો કે છેવટમાં લિંગાયત સંપ્રદાય જાગ્યો ને તેથી જૈન ધર્મ પર ફટકો પડયો. મહિસુર કે જે કર્ણાટકનું ખરૂં હૃદય છે ત્યાં એક હજાર વર્ષ સુધી જૈન ધર્મની ચાલુ ઇતિ-હાસ પરંપરા આબાદ ચાલી આવી છે. રામાનુજની અસરથી બિટ્ટિ દેવ બલાલ ઉર્ફે વિષ્ણુવર્ધનનું ૧૨મા સૈકામાં ધર્માન્તરપણું થયું તેથી તામિલ અને તેલગુ રાજ્ય કરતાં ઓછું ખરાબ પરિણામ આવ્યું. વિષ્ણુ-વર્ધન વૈષ્ણવ થયા પણ તેની રાણી ને મંત્રીઓ તો જૈન જ રહ્યા. શ્રવણ બેલગોલા એ જૈન કેંદ્રિસ્થાન તે રહ્યું.

પ્રકરણ ૭.

ગંગોનો સુવર્ણયુગ.

[The Golden Age of the Gangas]

બીજા સૈકાથી તે ૧૨ મા સુધીના ૧૦૦૦ વર્ષના ગાળામાં કર્ણાટકના છ મોટા રાજવંશો થયો. કદંબ, ગંગ, ચાલુકય, રાષ્ટ્રકૂટ, કલચુરી અને હોયશલા. આ પૈકી બેએ મહિસુરમાં રાજ્ય કર્યું ને બાકીનાએ દક્ષિણમાં (મુંબાઇના Kanarese Districts) માં કર્યું આ ઉપરાંત કોંકણના શિલહરો, સૌદત્તિના રદ્દ, અને દક્ષિણ કનરાના તુલુવ રાજાઓ જેવા નાના નાના અનેક રાજાઓ-રાજવંશો થયા. આ બધાએ રાજકીય સત્તામાં ભાગ ભજવ્યો છે છતાં અહીં તો ધાર્મિક વિષય હોવાથી તેને લગતું ચર્ચીશું.

કર્ણાટકના ઇતિહાસમાં આ એક નોંધવા લાયક બિના છે કે આ રાજાઓ પૈકી મોટો ભાગ જૈન હતા યાતો જૈન ધર્મના મોટા મિત્ર હતા. બીજા પ્રાંતોમાં, આપણે જોયું છે, જૈનોને આશ્રય આપનાર ઘણા થોડા રાજા હતા અને જૈન ધર્મ સ્વીકારનાર રાજાઓના અપવાદ જેવા દાખલા છે.

કર્ણાટકમાં જૂદીજ વાત છે. દક્ષિણ હિંદમાં જૈનયુગ વર્ત્તતો તો તે કર્ણાટકમાંજ વર્ત્તતો હતો. ત્યાં બ્રાહ્મણ ધર્મી રાજાના યા જૈનધર્મપર જુલમ કરનાર (?) રાજાના દાખલા અતિ વિરલજ મળશે.

મુંબઈ ઇલાકાના Kanarese Districts માં ક્યારે જૈન ધર્મ દાખલ થયો તે નક્કી થયું નથી પણ એટલો કહેવું ઉચિત છે કે તેમાં શ્રવણબેલગોલાની અસર થઇ છે. બીજી સદીમાં દક્ષિણના સારી આશા આપતા રાજા નામે કદંબોનો તે ધર્મ થયો હતો. અને તે તે વંશના ઉત્તરોત્તર રાજાઓએ જૈન ગુરૂ અને મંદિરોને અનેક દાન પત્રો કરી આપ્યો છે તે પરથી સિધ્ધ થાય છે. થોડા દાખલાઃ—

૧ કકુત્સ્થ વર્મા (તે વંશનો પહેલો) તેના સેના-પતિ શ્રુતકિર્ત્તિએ જૈનોને દાનપત્ર કર્યું.

૨ મૃત્તેશવર્મા (કકુત્સ્થનો પૌત્ર) એ પણ વૈજયં-તિના જૈનોને જમીનો આપી.

૩ હરિવર્મા (મૃગેશનો પૌત્ર). વીરસેનાચાર્યના સંઘના ચંદ્રક્ષાન્તને એક ગામ આપ્યું.

તદુપરાંત આ દાનોમાં ઘણા જૈન આચાર્યો જેવા કે દમકીર્તિ, જયકીર્તિ, બંધુસેન અને કુમારદત્ત જણાવ્યા છે. 'વૃત્ત વિલાસ'ના 'જૈન ધર્મ પ્રકાશ'માં વૈજયન્તિ હલસિના જૂના કદંબોની નીચે જૈનોનું અગત્યનું ધામ–કેન્દ્રસ્થાન હતું એમ જણાવેલું છે. શાંતિવર્મા (કકુસ્થનો પુત્ર, મૃગેશનો પિતા) સમગ્ર કર્ણાટ ભૂમિનો અધિપતિ હતો ને રાજધાની પાલસિક (હલસિ) હતું. ૮મી સદી સુધીનો જૂનો પલ્લવ શિલાલેખ દન્તિદુર્ગનું લગ્ન કદંબવંશ મુગટમણિ એવા રાજાની પુત્રી વેરે થયું હતું. તેમ જણાવે છે. પરંતુ આ કાલ સુધીમાં તેઓની રાજકીય સત્તા દક્ષિણના બીજા જૈન રાજવંશ નામે મહિસુરના ગંગોએ ઝાંખી કરી નાંખી હતી. કદંબો ધર્મમાં પણ જૈન ધર્મથી ચ્યુત થયા કારણ કે તેઓના પછીના ઉત્તરાધિકારીઓ પ્રાયઃ બ્રાહ્મણધર્મી હતા.

મહિસુરના ગંગો જતા વખતે કર્ણાટકમાં જૈન ધર્મના અનુયાયી તેમજ આશ્રયદાતા હતા. સ્મિથ કહે છે કે 'એક ખાસ નામાંચો રાજવંશ ગંગોનો હતો કે જેમણે મહિસુરના મોટા ભાગ પર બીજીથી તે ૧૧મી સદી સુધી રાજ કરી મધ્યકાલીન જબરી લડાઈઓમાં અગત્યનો ભાગ ભજવ્યો. ઘણા વખત સુધી કદંબોના હરીફ ને શત્રુ રહ્યા ને તેમનું પતન કરવામાં નિમિત્તભૂત થયા. જો કે વખતોવખત સમાધાની થતી જતી હતી. મધવબીવના લગ્ન કદંબના કૃષ્ણવર્મા (બીજા!) ની બહેન સાથે થયા. બીજી સદી સુધીમાં જઈએ તો તેઓ સેન્તુથુવન ચેરાએ પ્રસિદ્ધ ઉત્તર હિંદમાં ચડાઇ કરી ત્યારે તેના મિત્રો હતા તે પરથી તેમનું મહત્વ જણાય છે. અને પછી ૭મા સૈકામાં પણ ચાલુક્ય પુલકેશી બીજાએ પલ્લવ અને દક્ષિણના બીજા રાજ્યો સાથે લાંબી લડાઈઓ કરી તેમાં તે પુલકેશીના તેઓ મિત્રો હતા.

આ ગંગાના જૂના રાજાઓનો સમય નિર્ણીત થઈ શકે તેમ નથી છતાં એટલો કહી શકાય તેમ છે કે ગંગ રાજ્યનો પાયો જૈનાચાર્ય નામે સિંહનંદીના પ્રભાવથી નંખાયો હતો. આ વાત ગોમટ્ટ સાર અને કોન્ગુદેસ–રાજક્કલ' પુસ્તકમાંથી મળી આવે છે. ચોથાથી તે ૧૨ મા સૈકાના અસંખ્ય શિલાલેખો એ વાત જણાવે છે કે જૈનમૂર્તિઓ, જૈન મંદિરો, જૈનગુફાઓ જૈન આચાર્યોને ગંગવંશીય રાજાઓએ દાન કરાવેલ, યા કરેલ છે. દાખલા–સિંહનંદીએ ગંગરાજાને આ કહેલ કેઃ–જો કહેલું પાળો નહિ, જૈનશાસ્ત્રનથી જુદા પડો, વિષયાસક્ત બનો, નીચનો સમાગમ કરો, ગરીબોને દાન કરો નહિ, યુધ્ધમાંથી નાસી જાઓ–તો તમારો વંશ નાશ પામશે. બાહુબલિચરિત્રમાં જણાવ્યું છે કે સિંહનંદી એ આ રાજાના પ્રથમાચાર્ય હતા અને તે રાજા જૈનમતના અભિવર્ધક હતા. આના દાખલા–મરસિંહ બીજો અને રચમલ્લ ચોથાનો મહાન્ (Glorious) મંત્રી ચામુંડરાય છે. મરસિંહ બીજો એક મોટો રાજા પરાક્રમી અને અનેક લડાઇઓ જીતનાર થયો અને છેવટે સંલ્લેખનાથી સ્વર્ગસ્થ થયા. તેણે ચેરા, ચોલા, પાંડ્ય અને પલ્લવોનો પર વિજય મેળવ્યો હતો. ૯૭૧ નો કારગડા શિલાલેખ જણાવે છે કે મરસિંહે ઉચ્ચંગીના રાજાદિત્ય ચાલુક્ય પર જીત મેળવી હતી અને શ્રવણબેલગોલાના શિલાલેખ પરથી જણાય છે કે જૈન રાષ્ટ્રકૂટ રાજા ઇંદ્ર ત્રીજાનો રાજ્યાભિષેક મરસિંહે કર્યો હતો. આથી શિલાલેખોમાં મરસિંહ માટે ભારે બિરૂદો વપરાયાં છે જેવાં કે સત્યવાક્ય–કોંગુનિ–વર્મા–ધર્મમહારાજાધિરાજ, ગંગ ચૂડામણિ, ચલદત્તરંગ, મંડલિકત્રિનેત્ર, ગંગવિદ્યાધર, ગંગકદપ, ગંગવજ્ર, અને ગંગસિંહ.

ચામુંડરાય. એ મરસિંહના પુત્ર રચમલ્લ સત્યવાક્ય ૪ના (કદાચ મરસિંહનો પણ હશે) મંત્રી. તે 'રાય' એ ટુંકા નામથી શિલાલેખોમાં કહેવાયો છે. તે પરથી તે ઘણો લોકપ્રિય હોવો જોઇએ. તેનું સ્મરણ ઘણી રીતે થયેલ છે. ચામુંડરાય–પુરાણ છે કે જેમાં ૨૪ તીર્થંકરોનાં ચરિત્ર છે ને સાથે તેના જીવનવૃત્તની હકીકતો છે. તેના કર્તા તરીકે તે કહેવાય છે, પણ તે તેના આશ્રય નીચે કોઇએ બનાવેલું વધુ સંભવિત છે. તેણે ચામુંડરાય બસ્તિ નામનું જૈન મંદિર બંધાવેલ છે. પરંતુ વધારે ભવ્ય કાર્ય તો શ્રવણ બેલગોલામાં મોટી અદ્ભૂત મૂર્તિ ગોમટ્ટની

તેણે શ્રવણ બેલગોલામાં બનાવી છે કે જે જૈન કલાનું આશ્ચર્ય છે અને તેની જૈન ધર્મપ્રત્યેની લાગણીનું મહાસ્મરણ છે. હજારો યાત્રિકો ત્યાં જાય છે અને પૂજા કરે છે ને અનેક મુસાફરો ત્યાં જઈ કૌતુકી બને છે. આ ઇજીપ્તની-મીસરની સ્ફીંક્સ કે પીરામીડ જેવું કૌતક ઉત્પન્ન કરે છે.

શ્રવણ બેલગોલાના અસંખ્ય શિલાલેખમાં ત્રણ મહાવ્યક્તિઓ દક્ષિણ હિંદમાં જૈન ધર્મના પ્રચારક તરીકે આપણી આગળ ખડી થાય છેઃ—

૧ 'રાય' (ચામુંડરાય) ઉપરોક્ત રજમલ્લ રાજાનો મંત્રી ૨ ત્યારપછી ગંગ (રાજ) તે હોયસાલ રાજા વિષ્ણુ (વર્ધન)નો મંત્રી ૩ ત્યારપછી હુલ્લ, તે હોયસાલ રાજા નૃસિંહ દેવનો મંત્રી.

નેમિચંદ્રે ચામુંડરાયના આશ્રય નીચે દ્રવ્યસંગ્રહ નામનો જૈન સિદ્ધાંત વિષય ગ્રંથ રચ્યો. તેજ કર્ત્તાના ગોમ્મટસારની પર અભયચંદ્રે કરેલી ટીકાની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે તે ગ્રંથ ચામુંડરાયની ઇચ્છાથી જૈન સિદ્ધાંતો સમજાવવા માટે રચ્યો હતો. નેમિચંદ્રના ત્રીજા ગ્રંથ ત્રિલોક સારની એક જૂની સચિત્ર પ્રતમાં ચામુંડરાય પોતાના અનેક દરબારીઓ સહિત નેમિચંદ્રનો ઉપદેશ સાંભળવા બેઠો છે એવું એક ચિત્ર છે.

મહિસુરમાં ગંગોના મૂળથી તે અસ્ત સુધી તેનો ઇતિહાસ કર્ણાટકમાં અવિરત વધ્યે જતી જૈન પ્રગતિનો ઇતિહાસ છે. 'આંધ્રકર્ણાટ જૈનીઝમ' ના કર્ત્તા ૧૧૬ પૃષ્ઠે જણાવે છે કે 'ઈ. સ. ચોથા સૈકાના આસપાસ ગંગાવદિ દેશમાં બ્રાહ્મણધર્મ પોતાની સત્તા જૈન ધર્મ કે જેની મદદથી રાજ્ય સ્થપાયું તેની સામે જમાવવા માગતો હતો.' વળી તે કહે છે કે 'માધવ (તૃતીય?) ની પ્રત્તિ ઘણા વખતથી નષ્ટ પામેલા તેવા બ્રાહ્મણો પ્રત્યેના દાનને સજીવન કર્યાથી ઘણી વધી. આ બરાબર યોગ્ય કથન બ્રાહ્મણધર્મની પ્રબલતા સૂચવવા માટે લાગતું નથી. કારણકે રાજાઓ દરેક ધર્મને માન આપતા આવ્યા છે તે પ્રમાણે દાન કર્યા હોય. બે વીસી પહેલાં માધવ બીજાએ દિગંબરોને દાન કર્યાં. માધવ તૃતીયનોજ ઉત્તરાધિકારી અવિનિત (૪૩૦-૪૮૨ સને) નો ગુરૂ વિજયકીર્ત્તિ નામનો જૈનાચાર્ય હતો. બાકીના બધા રાજાઓ જૈન હતા. અવિનિતનો પુત્ર અને ઉત્તરાધિકારી દુર્વિનિત પ્રસિદ્ધ વિદ્વાન ગ્રંથકાર પૂજ્યપાદ સ્વામીનો શિષ્ય હતો. તેના પુત્ર મુસ્કર યા મુખર નીચે જૈન ધર્મ 'રાજધર્મ' બન્યો હતો. ૮મા સૈકામાં શ્રી પુરૂષની બક્ષીસોમાં ઘણા જૈન ગુરૂનાં નામોનો ઉલ્લેખ છે અને તેના પુત્ર શિવામરે જૂના ગંગ શિલાલેખ પ્રમાણે એક જૈન મંદિર બાંધ્યું હતું. ત્યાર પછી મરસિંહ અને રચમલ્લ તેમના પ્રસિદ્ધ મંત્રી અને સેનાધિપતિ ચામુન્ડરાય સહિત આવે છે. ચામુંડના પુત્રે પોતાના પિતા સમાન ચાલુ રાખ્યું ને તેના ગુરૂ જૈનાચાર્ય અજિતસેન હતા. ૧૬૦૪ સુધીના સમયમાં તિમ્મરાજે (ચામુંડરાયના વંશજે) દક્ષિણ કનરામાં યેનુરમાં મોટી વિશાળ જૈન મૂર્તિ (શ્રવણ બેલગોલા જેવી પણ તેનાથી ઘણી નાની) પ્રતિષ્ઠિત કરી. આ પરથી એકહજાર વર્ષ સુધી જૈન ધર્મને રાજ્યાશ્રય મળ્યો જ ગયો એ સ્પષ્ટ છે.

ગંગ પછી આવેલ હોયસલ વંશના વિષ્ણુવર્ધન હોયશાલનો ઉત્સાહી સેનાપતિ ગંગરાજ હતો તે તેના નામ પરથી ગંગવંશીય છે. પોતાનો રાજા રામાનુજાચાર્યથી વૈષ્ણવ બન્યો છતાં પોતે જૈન ધર્મને વળગી રહ્યો હતો. આ પરથી ગંગવંશીય રાજાને જૈન ધર્મ પ્રત્યેની ભક્તિ અને વફાદારી સંપૂર્ણ હતી એમ જણાય છે. એક શિલાલેખ-શ્રવણ બેલગોલાનો નં. ૬૯ માં જણાવ્યું છે કે ગોપનંદિએ પુનઃ જૈનધર્મની ઉન્નતિ 'જેવી ગંગોના વખતમાં હતી તેવી' કરી એ શબ્દો પરથી ઉપરની વાતને પુષ્ટી મળે છે.

આ પરથી નિર્વિવાદ છે કે કર્ણાટકમાં ગંગવંશીય યુગ તે દક્ષિણ હિંદમાં જૈનધર્મનો સુવર્ણયુગ હતો.

પ્રકરણ ૮.

મહાન્ ચાલુક્યો. Great-Chalukyas.

દક્ષિણમાં જે રાજવંશો થયા તેમાં ચાલુક્યોએ પોતાની ખ્યાતિ અને છાપ જેવી પાડી તેવી કોઇએ પાડી નથી. તેઓ ધર્મ અને કલાના આશ્રયદાતા હતા એ અજંતાની ગુફા ને બદામીના મંદિરોપરથી

જણાય છે. અજંતામાં એક ચિત્ર પુલકેશી (બીજા) ને ઈરાનનો ખુશરૂ (બીજા)નો દૂત મળવા ગયો છે એમ જણાવ્યું છે. બદામીનાં મંદિરો વૈષ્ણવ હિંદુ ધર્મનાં ચાલુક્ય શિલ્પ કામો બતાવે છે. પરંતુ ચાલુક્યોએ બીજા હીંદુશાસક પેઠે સહિષ્ણુ બની જૈન અને શૈવ બંનેને આશ્રય આપ્યો.

તેના માંડલિકો પૈકી મોટા એવા ત્રણ–કોંકણના શિલહરો, હલસિના કદંબો અને મહિસુરના હોયશાલ–જૈનો હતો. ડા. ભંડારકરે બરાબર કહ્યું છે કે જૈન ધર્મ બદામીના જૂના ચાલુક્યોના સમયમાં અગ્રપદે આવ્યો. તે વખતે તેમને આશ્રય મળ્યો એ જૈન મંદિરોને કરેલાં દાનપત્રો પરથી જણાય છે. વૈદ્ય પણ એજ મતના છે કે જૈનો જૂના ચાલુક્ય વંશના પછીના રાજાઓના વખતમાં લોક અને રાજ્ય બંને તરફથી અગ્રપદ પામ્યો હતો. આમ બૌદ્ધ ધર્મ માટે નહોતું એ હુએન્સ્યાંગના તે પડતી દશામાં હોવાના કથન પરથી જણાય છે. પુલકેશી પહેલાએ અશ્વમેધ કર્યો તે પરથી હિંદુ ધર્મનું પુનર્જીવન થયું જણાય છે છતાં તે રાજા પણ જૈનોને આશ્રય આપતો હતો. ચાલુક્યોએ બૌદ્ધ ધર્મને આશ્રય આપ્યો એવું એક પણ લેખ પરથી જણાતું નથી, વળી બીજી બાજુએ હિંદુ યજ્ઞશાસ્ત્રોનું સાહિત્ય તેમના રાજ્યમાં દક્ષિણ હિંદમાં ઉદ્દભવ્યું. છતાં ચાલુક્યો સહિષ્ણુ હતા.

શ્રવણ બેલગોલાનો ૬૯ મો લેખ જણાવે છે કે ગુણચંદ્ર નામના જૈનાચાર્ય બલિપુરમાં મલ્લિકમોદ શાંતિવ (ચાલુક્ય જયસિંહ ૧લાનું બિરૂદ)ના ચરણે પૂજક હતા. વળી તેજ લેખ જણાવે છે કે વસુચંદ્ર નામના પ્રસિદ્ધ આચાર્ય ચાલુક્ય રાજધાનીમાં 'બાલ સરસ્વતિ' નામનું બિરૂદ પામ્યા. તેજ લગભગ કાળના (૧૧૨૯ સન)ના લેખ પ્રમાણે વાદિરાજની ચાલુક્ય રાજધાનીમાં પ્રસિદ્ધી થઈ અને તેને જયસિંહ પહેલા એ આદરમાન આપેલું હતું. વાદિરાજે પોતાનું 'પાર્શ્વનાથ ચરિત્ર' ચાલુક્ય રાજસભામાં રચેલું એમ કહેવાય છે. આ પરથી જૈનોનો ચાલુક્ય રાજવંશ સાથે ગાઢ સંબંધ હોય તેમ જણાય છે. આ સંબંધ વધ્યો, તે જયસિંહના ઉત્તરાધિકારી પુલકેશી પહેલાએ અલક્ત નગરમાં જૈન મંદિર બંધાવ્યું એ પરથી જણાય છે. આ પુલકેશીએ અશ્વમેધ કર્યો છતાં આમ કર્યું ને તદુપરાંત એક જૈન દાનપત્ર તેણે કર્યું હતું કે જેમાં સિદ્ધનંદી, જિનનંદિ, અને નાગદેવ એ જૈનાચાર્યોનો ઉલ્લેખ છે.

પુલકેશી પ્રથમ પ્રબલ રાજા પોતાના નામધારી પૌત્ર પુલકેશી બીજા (કનોજના હર્ષનો સમકાલીન) પેઠે હતો. તેણે પલ્લવો પાસેથી વાતપિ લઈને પોતાની રાજધાની તેને કરી. પલ્લવોની રાજધાની કાંચીમાં જઈને તેમના પર હલ્લો કર્યો. આવા રાજાનો આશ્રય હોય તેથી જૈન ધર્મને લોક અને રાજ્યમાં વધારે બળ મળે તે સ્વાભાવિક છે.

પુલકેશી પ્રથમ પછીના કીર્તિવર્મા પ્રથમના રાજ્યમાં તેવોજ રાજ્યાશ્રય જૈનધર્મને ચાલુ રહ્યો. તે રાજાના લેખોમાં પ્રભાચંદ્ર અને પરલુરૂના વિજયનંદી જૈનાચાર્યોના ઉલ્લેખ છે. તે રાજાએ પોતાનો રાજ્યવિસ્તાર નલો, મૌર્યો અને કદંબો પર જમાવ્યો. કદંબ રાજ્યના ગર્ભમાં–ધારવારમાં જૈન મંદિરને સહાય કરી હતી. છતાં તે ચુસ્ત વૈષ્ણવ હતો અને વિષ્ણુના નિમિત્તે બદામીમાં ત્રીજી ગુફા કોતરાવી હતી.

કીર્તિવર્મનનો ઉત્તરાધિકારી તેનો નાના ભાઈ મંગલેશ હતો કારણ કે તેનો પુત્ર સગીર હતો. મંગલેશના અનેક શિલાલેખો છે તે પૈકી એક પરથી જણાય છે કે પોતાના ભાઈએ આરંભેલી વૈષ્ણવ ગુફા બદામીમાં (c ૮૦૦ સન) પૂર્ણ કરી. પુલકેશી બીજો તેના પછી પ્રબલ રાજા થયો, કે જેણે જૈનોને આશ્રય આપ્યો. તેની નીચે રવિકીર્તિને સહાય મળી. તેનું બિરૂદ 'સત્યાશ્રય' હતું. ઉત્તરના હર્ષનો તે સમકાલીન હતો.

આ પુલકેશી પછી તેના રાજ્યની છિન્નભિન્નતા શરૂ થઈ. તેના રાજ્યમાં પલ્લવો બળવાન્ થયા હતા. તેણે હલ્લો કર્યો. વાતપી ચાલુક્યની રાજધાની પડી. પુલકેશીના પુત્ર વિક્રમાદિત્યે પલ્લવોની રાજધાની કાંચીપર હલ્લો કર્યો પણ આખર તે ન ફાવ્યો, છતાં મુખ્ય રાજ્ય ગયું પણ ચાલુક્યો ૧૧મી સદી સુધી વેંગીના પૂર્વ ચાલુક્યો ને કલ્યાણીના પશ્ચિમ ચાલુક્યો એમ બે શાખામાં પડી રાજ કરતા રહ્યા. જો કે

રાજસત્તા ઓછી થઇ ને વૈષ્ણવ ધર્મ પોતાનો હતો, છતાં તેમના રાજ્યમાં જૈનધર્મ વિસ્તરતો રહ્યો. જયસિંહ (તે નામનો બીજો)ને નિરવદ્ય પંડિત નામનો એક જૈન ગુરૂ હતો. તેના ઉત્તરાધિકારીઓએ કરેલ જૈન દાનપત્રો મળે છે જેવા કે વિનયદિત્યે મૂળ સંઘના દેવગણને દાન કર્યું. તેણે પલ્લવો સુધાં બધા દક્ષિણના રાજાઓપર જીત મેળવી ચાલુક્ય સત્તા પાછી મેળવી હતી. અને વાતપિને ફરી ચાલુક્ય રાજધાની કરી. તેના પુત્ર ઉત્તરાધિકારી વિજયાદિત્ય સત્યાશ્રયે તેજ સ્થિતિ કાયમ રાખી. તેણે પટ્ટદકલમાં સંગમેશ્વરનું હિન્દુ મંદિર બંધાવ્યું પરંતુ પોતાના પૂર્વજો પેઠે જૈન ધર્મનો આશ્રયદાતા બની રહ્યો. પ્રસિદ્ધ વૈયાકરણ ને વિદ્વાન્ પૂજ્યપાદના શિષ્ય ઉદયદેવ પંડિત ઉર્ફે નિરવદ્ય પંડિતને જૈન મંદિરના સાધન માટે એક આખું ગામ આપ્યું. આ જૈન ગુરૂ જયસિંહના ધાર્મિક ગુરૂ તરીકે અગાઉ જણાવેલ છે. વિજયાદિત્યના પુત્ર વિક્રમાદિત્ય બીજાએ જૈન મંદિરનો પુનરૂદ્ધાર કર્યો ને વિજય પંડિત કે જેણે બધા વાદીઓને મૌન કર્યા અને જે ખાસ વાદી હતો તેને દાનપત્ર કરી આપ્યું. વિક્રમાદિત્ય જૈન કર્ણાટક કે કહાડના શિલહર રાજાની પુત્રી ચંદ્રલેખા પરણ્યો હતો.

તેના ઉત્તરાધિકારી કીર્તિવર્મા બીજાના વખતમાં ચાલુકયોને રાષ્ટ્રકુટોએ હાલના મુંબઇના કાનરીસ પ્રાંતોમાંથી હાંકી કાઢયા. બીજે સ્થળે ચાલુકય રાજા હતા ને તેમણે જૈનોને મદદ કરી હતી. જેવા કે વિમલાદિત્ય ચાલુકય (યશોવર્મનનો પુત્ર અને બલવર્મનનો પૌત્ર). 'જૈન ભારત'ના કર્તા પંપાએ અરિકેસરી ચાલુકયનો ઉલ્લેખ કરેલ છે કે જે તે કવિનો આશ્રયદાતા હતો.

રાષ્ટ્રકુટો બે સૈકા સુધી (૭૫૪-૯૫૪ સન) સત્તામાં રહ્યા. પછી છેવટના રાષ્ટ્રકુટોએ પોતાની સત્તા જવાથી જૈનધર્મ પ્રત્યેની વલણ બદલી નાંખી હોય તે સંભવિત છે કારણ કે દક્ષિણમાં વીર-શૈવ ધર્મ જાગ્યો. તૈલપ બીજાથી માંડી કેટલાક રાષ્ટ્રકુટોએ અતિ ચુસ્ત શૈવો રહી જૈનધર્મ પર જુલમ કર્યો કહેવાય છે છતાં ચાલુક્યના માંડલિકો જૈનધર્મને આશ્રય આપતાં બંધ નહોતા પડયા. સૌદત્તિ (બેલગામ પ્રાંત) ના એક જૈનમંદિરને તેમણે દાનપત્ર કર્યું હતું. તૈલપના પૌત્ર, જયસિંહ ત્રીજાએ પોતાની રાજધાનીઓ પૈકી પોટ્ટલકેરે કે જે જૈન કેન્દ્રસ્થાન હતું તેને એક રાજધાની બનાવી હતી. એમ પણ કહેવાય છે કે આ રાજા વીરશૈવમાં તેની રાણી સુગ્ગલદેવીની અસરથી ગયો. પછી તેણે જૈનોપર કરેલા જૂલમ બસવ અને ચન્નબસવ પુરાણોમાં બતાવ્યા છે, છતાં ત્યાર પછી થોડા વખતમાં જૈનોએ પોતાની પુનઃસત્તા જમાવી રાજ્યાશ્રય મેળવ્યો હતો. સોમેશ્વર પ્રથમ-ત્રૈલોકયમલ્લે ઇંદ્રકીર્તિ નામના જૈનાચાર્યને બક્ષિસ આપી હતી. તેમ કરવામાં લોકોને તેણે સમજાવવા પડયા હતા તે પરથી જણાય છે કે જૈનધર્મ સામે લોકમાં વિરોધ હશે.

શૈવ સંપ્રદાયનું મોજું ચાલુક્ય પ્રાંતોમાં જ નહિ પણ આખા દક્ષિણ હિંદ પર આ વખતે પસાર થતું હતું એમ જણાય છે. સોમેશ્વર પ્રથમના વખતમાં ચાલુક્ય દેશપર ચડાઇ કરનાર ચોલા રાજાએ પેરમાદિગંગા (?) એ બંધાવેલ પુલિગેરે કે લક્ષ્મેશ્વરનાં જૈનમંદિરો નાશ કર્યાં કહેવાય છે. શ્રવણ બેલગોલાના ૬૭ મા લેખ પ્રમાણે 'શબ્દ ચતુર્મુખ' એ નામનું બિરૂદ સ્વામી નામના જૈનાચાર્યે રાજા અહવમલ્લ (૧૦૪૨-૧૦૬૮) કે જે ચાલુક્ય સોમેશ્વર ત્રીજો હોવો જ જોઇએ તેના હાથથી મેળવ્યું. સોમેશ્વર બીજાના રાજ્યમાં તેના એક માંડલિકે ચોલા રાજાએ નાશ કરેલ પુલિગેરેનાં જૈનમંદિરોને સમરાવ્યાં. ને ત્યાર પછી લગભગ તરતજ જૈનધર્મ સામે દક્ષિણ હિંદમાં ભારેમાં ભારે વિરોધ થયો. તૈલ (ત્રીજા) ના રાજ્યમાં કલચુરી વંશના સેનાપતિ બિજ્જલે ચાલુકય સત્તા છીનવી લીધી. પોતે જોકે ચુસ્ત જૈન હતો છતાં તે ધર્મ સામેનાં બળો તેની રાજધાનીમાં જ જામતાં હતા અને જે વંશને સ્થાપવા માગતો હતો અને જે વંશ જૈનધર્મને રક્ષણ આપત તે વંશને તુરત નાબુદ કરવામાં આવ્યો. વીરશૈવધર્મની ભરતી ફરી વળી, રાજ્ય દરબારમાં પ્રપંચ વધ્યાં. આ પછી ચાલુકયો સંબંધી વિશેષ મળી શકતું નથી. ઉત્તરના દેવગિરિના યાદવો અને દક્ષિણના દ્વારસમુદ્રના હોયશાલો તેમને ગળી ગયા.

પ્રકરણ ૯.

રાષ્ટ્રકૂટો અને કલિચૂરિઓ.

Rastrakutas & Kalichuries.

રાષ્ટ્રકુટોના સારા વખતમાં જૈનધર્મે દક્ષિણ મહારાષ્ટ્ર અને મહિસુરમાં સાહિત્યમાં ઘણું ઉત્તમ કાર્ય કર્યું એમ ડા. ક્રિશ્ના સ્વામી કહે છે. છતાં સાહિત્ય પ્રદેશમાં જ નહિ પણ બીજી રીતે પણ પ્રગતિ કરી છે. ચાલુક્ય રાજાઓ પૈકી કેટલાકના ગુરૂઓ જૈનાચાર્યો હતા, છતાં તે ચુસ્ત જૈનજ હતા એવું જણાતું નથી. પણ રાષ્ટ્રકૂટોની વાત જૂદી છે. તેનો રાજા એક યા બીજો ધર્મ પાળતોજ. કૃષ્ણ બીજો જરૂર હિન્દુ હતો અને તેણે ઇલોરાના કૈલાસ મંદિરમાં કોતરણી ને શિલ્પકળામાં આશ્ચર્યચકિત કરે તેવી એક આખી ગુફા કરાવી હતી. ઈંદ્ર ચોથો ચુસ્ત જૈનજ હતો ને સંલેખનાપૂર્વક મૃત્યુ પામ્યો હતો. શૈવ અને જૈન એ બે ધર્મો લોકોમાં સમાન સત્તામાં હતા. આ રાજાઓની સંખ્યા પરથી જો વિચારીએ તો મુખ્ય ભાગે તેમાં જૈનોની સંખ્યા વધારે હતી. જ્યારે રાષ્ટ્રકુટોની પડતી પોતે કરી ત્યારે ચાલુક્યોએ લિંગાયત સંપ્રદાયને ટેકો આપ્યો છ તેમજ તેલ બીજાએ અને તેના ઉત્તરાધિકારીઓએ જૈનોપર જુલમ કર્યા છે તે આ વાતને પુષ્ટિ આપે છે.

રાષ્ટ્રકુટોમાં જૈન હતા એમાં મહાપરાક્રમી બળવાન્ રાજા અમોઘવર્ષ પહેલો હતો. જોકે તેની પહેલાં ઘણા રાજાઓએ પણ જૈનોને આશ્રય આપ્યો હતો. જેમકે જિનસેને હરિવંશ રચ્યું તે અમોઘવર્ષના પૂર્વાધિકારી ગોવિંદ બીજાના સમયમાં રચ્યું હતું; અમોઘવર્ષ પહેલાના પિતા ગોવિંદ ત્રીજાના મોટાભાઈ કંબે વર્ધમાન નામના જૈનાચાર્યને એક ગામ બક્ષિસ કર્યું હતું. ગોવિંદ ત્રીજાએ પણ ગંગવંશીય ચગિરાજના કહેવાથી શનિની અસર તોડવા વિજયકીર્ત્તિના શિષ્ય અરિકીર્ત્તિને બક્ષિસ આપી હતી. આ રીતે અમોઘવર્ષ પહેલાના પૂર્વજોની જૈનધર્મ પ્રત્યે વલણ થઇ ગઈ હતી. વીરાચાર્યના સારસંગ્રહ અંકિતમાં ધર્માન્તર કરી ફક્ત અમોઘવર્ષ જૈન થયો એમ કહેલું યોગ્ય નથી. જૈનના સંસ્કારો હતા ને જૈન થયો એમ કહેવું યોગ્ય થશે. તેણે પ્રશ્નોત્તર–રત્નમાલિકા નામનો ગ્રંથ રચ્યો. તેને જિનસેનના શિષ્ય તરીકે તેના શિષ્ય ગુણભદ્રે પોતાના ઉત્તર પુરાણમાં જણાવેલ છે. આ જિનસેને 'પાર્શ્વાભ્યુદય' નામના કાવ્યમાં અમોઘવર્ષ લાંબું રાજ્ય કરે એવા આશીર્વાદ આપ્યા છે 'જયધવલ' નો મહાગ્રંથ પણ અમોઘવર્ષના રાજ્યમાં રચાયેલ છે. રત્નમાલિકામાં જણાવેલ છે કે અમોઘવર્ષે વૈરાગ્યને લીધે પોતાના રાજ્યનો ત્યાગ કર્યો. આ હકીકત બીજા શિલાલેખથી મળે છે. તેમ ન હોય તો સૌદત્તિના કૃષ્ણરાજ બીજાનો (શક ૭૯૭) નો લેખ અને અમોઘનો કાન્હરી શિલાલેખ (૭૯૯ શક), બંને તારીખનું સમાધાન ન થઈ શકે. ૭૯૯ અમોઘવર્ષના રાજ્ય ત્યાગ પછી એ વર્ષે હોવી જોઇએ. અમોઘવર્ષે જૈનધર્મ સ્વીકાર્યો હતો તે નિર્વિવાદ છે.

અમોઘવર્ષનો પુત્ર ઉતરાધિકારી કૃષ્ણ બીજો ચુસ્ત શૈવ હતો એ જરા વિચિત્ર છે. ને કૃષ્ણે ઈલોરાની કૈલાસમંદિરની શૈવ ગુફા કોતરાવી હતી. આ અશોકથી તે અકબરે બતાવેલી મતમતાંતર ક્ષમાની સાબીતી છે. તેના પૂર્વજોમાં પણ તેમ જણાય છે. ગોવિંદ પ્રથમના રાજ્યમાં બ્રાહ્મણોએ ઘણા યજ્ઞો કર્યા કહેવાય છે. ગોવિંદ ત્રીજાએ રામેશ્વરના શિવમંદિરને દાન કર્યું કહેવાય છે. આ કેટલાક રાજાની શૈવ પ્રત્યેની વલણ છતાં જૈનધર્મ સામાન્ય લોકમાં પોતાની સત્તા જાળવતો ગયો. ડા. ભંડારકર કહે છે કે ઘણા નાના રાજાઓ ને ઉતરતી વર્ણના લોકો ખાસ કરી વૈશ્યો તેના અનુયાયી હતા. દાખલા તરીકે કૃષ્ણ બીજાના માંડલિક પૃથ્વીવર્માએ સૌદત્તિમાં પોતાના રાજ્યાભિષેક વખતે (શક ૭૯૭) જૈન મંદિરને દાન કર્યું. માલગુંડ (ધારવાર જીલ્લા)ના જૈનમંદિરના એક લેખમાં એક વણિક્ કે વૈશ્યે શક ૮૨૪ માં (કૃષ્ણ બીજાના રાજ્યમાં) આવું દાન કર્યું હતું.

મી. વૈદ્ય કહે છે કે છેલ્લો રાષ્ટ્રકુટ રાજા ઈંદ્ર ચોથો તે પશ્ચિમના ગંગની કન્યાથી કૃષ્ણ ૩ જાનો

પુત્ર હતો. તે ચુસ્ત જૈન હતો. સંલેખના લઈ પ્રાણ ત્યાગ કર્યો. (૯૮૨ ઈ.સ). રાજાઓ માત્ર જૈનધર્મ માનતા એટલું જ નહિ, પણ તપ આદિ આદરી પાળતા.

કલચૂરી—

તેમનું રાજ્ય થોડા વખત રહ્યું, પણ તે ઉપયોગી છે. વસ્તુતઃ તે જૈન અને લિંગાયત વચ્ચેના જીવન મરણની હોંસાતોંસીનો સમય હતો. દક્ષિણમાં ચાલુક્યની પડતી થતાં ચોલાનો દૂરના દક્ષિણમાં ઉદય થતાં કલચૂરી, યાદવો, અને હોયશાલા જેવી સ્વતંત્ર સત્તાઓ આગળ આવી. આમાં કલચૂરીઓ ભાંડારકરનાં કથન પ્રમાણે એક વખત દક્ષિણ (Deccan) ના મોટા ભાગપર અને પશ્ચિમ કિનારાથી તે ઉત્તરમાં લાટદેશ સુધી રાજ્ય કરતા હતા. તેઓ લગ્નની ગાંઠથી દક્ષિણ હિંદના રાજકર્ત્તા રાજવંશો સાથે બંધાયા હતા. તે રાજવંશો પૈકી અગ્રપદ ધરાવતા રાષ્ટ્રકુટો પણ હતા. આવા સંબંધને પરિણામે અમોઘવર્ષ ૧ કે જે મહાનમાં મહાન્ જૈન ચાલુક્ય રાજા હતો તે ચેદિના કાલચુરી રાજા નામે કોક્કલ ૧લા નો પ્રપૌત્ર હતો. ચાલુક્ય મંગલેશના સમયમાં શંકરગણના પુત્ર બુદ્ધની સરદારી નીચે કલચૂરીઓને હરાવવામાં આવ્યા હતા. પણ પછીથી ચાલુક્યની સત્તા કલચૂરિએ તોડી અને કલચૂરીને સાથે દેવગિરિના યાદવો, વરંગલના કાંકટેયો, અને મહિસુરના હોયસાલા સામે લડવું પડયું હતું. મંગલેશનાં દાનો જણાવે છે કે જૂના કલચૂરિઓ શૈવ હતા યા વૈષ્ણવ હતા, પરંતુ તેઓ જૈન અને બૌદ્ધ બંને ધર્મને આશ્રય આપતા હતા. તેઓ ક્યારે જૈન થયા તેનો સમય નિર્ણીત થતો નથી, પણ બિજ્જલ કે જે ચાલુક્ય સત્તાનો નાશ કરનાર હતો તે જૈન ધર્મનો મહાન પક્ષ લેનાર હતો. જૈન ઉત્તરાધિકારીઓના વખતમાં થયેલ ઝઘડાનું વૃત્તાંત જ. રો. એ, સો. ૪, પૃ. ૧૯ ફુટનોટમાં આપેલ છે.

બિજ્જલના રાજકીય સત્તા પ્રભાવની વાત એક બાજુ રાખીશું. ધાર્મિક બાબતમાં તેણે લિંગાયતોપર કૃપા ત્યાં સુધી દર્શાવી હતી કે જ્યાં સુધી લિંગાયતો તેના તદ્દન વિરોધી થઈ ગયા. ને તેઓના હાથે તેનો અંત આવ્યો. ફ્લીટ કહે છે કે બિજ્જલના વખતમાં જૈનધર્મ એ પ્રજાપ્રિય ધર્મ હતો કે જ્યારે બસવે શૈવ ધર્મનું લિંગાયત સ્વરૂપ સ્થાપ્યું. બિજ્જલના જીવનનું વૃત્તાંત જૈન ગ્રંથ નામે 'બિજ્જલરાય ચરિત' માં છે. તેનું મરણ સન ૧૧૫૪-૫ માં જૈન વૃત્તાંત પ્રમાણે થયું જ્યારે શિલાલેખના પુરાવા ધ્યાનમાં લેતાં ૧૧૮૭-૮ ગણાય. તેણે દશ વર્ષ રાજ્ય કર્યું ને પછી પોતાના ચાર પુત્રોને ગાદી સોંપી. તે પુત્રોએ ૧૦ વર્ષથી ઓછા સમય સુધી રાજ્ય કર્યું. તેઓનું પતન લિંગાયત નેતા બસવ અને તેના અનુયાયીઓએ કર્યું. બસવે બિજ્જલના પગલે ચાલી પોતાની કારકીર્દી બિજ્જલના એક અમલદાર તરીકે શરૂ કરી અને છેવટે પોતાના માલેકના કુટુંબ સાથે રાજકીય ઉત્ક્રાંતિ કરી તેનો નાશ કર્યો. બિજ્જલનું મરણ એ લિંગાયતો માટે વિજયોત્સવ હતો જેને તેઓએ પોતાના ગ્રંથોમાં વર્ણવેલ છે.

ડા. કૃષ્ણ સ્વામી જણાવે છે કે વીર શૈવ સંપ્રદાયના બે સુધારકો નામે બસવ અને ચન્નબસવનો ઇતિહાસ અંધારામાં છે, તેનાં પુરાણોમાં દંતકથાઓ જ છે. 'વિજ્જલરાય' ચરિત' નામના જૈન ગ્રંથમાં બસવે બિજ્જલને શોધી રાજધાની બહાર કાઢી કૂવામાં નાંખી મારી નાંખ્યો એમ જણાવ્યું છે. બસવ પછી તેના ભાણેજ ચન્નબસવે તેનો ઝુંડો ઉપાડયો. પરંતુ રાજધાની કલ્યાણી જૈનધર્મનો કિલ્લો હોવાથી યા તો રાજવંશની અકૃપાથી લિંગાયતો માટે ભારે થઈ પડવાથી તેઓને રાજવંશના હાથ પહોંચે નહિ એવે સ્થળે પોતાના ધર્મને વિસ્તારવા જવાની ફરજ પડી. પરંતુ આ થોડા વખત માટે રહ્યું અને 'બિજ્જલના મરણ સાથે જૈનધર્મ કલચૂરિના રાજ્યમાંથી નિકળી ગયો.' બિજ્જલના પુત્ર સોમેશ્વર પછી કલચૂરી સત્તાનો અંત આવ્યો. ખરો ઘા તો તેમને વિરબલ્લાલ બીજાની સરદારી નીચે હોયશલા નામના દક્ષિણના હરિફો તરફથી પડયો. પરંતુ આ બન્યું તે વિચિત્ર છે, કારણકે કલચૂરીની પેઠે હોયશાલા પણ પ્રાધાન્યે જૈન હતા તેથી પોતાના સામાન્ય શત્રુ લિંગાયત સામે તો બંને સમાનધર્મી એકઠા થાય, પણ રાજકીય હરીફાઇ જ

એવી છે કે જે કોઇ પણ નિયમથી બંધાયેલી હોતી નથી.

મહિસુરમાં વૈષ્ણવ તરફનો પ્રત્યાઘાત મજબૂત થતો હતો. બિજ્જલનો ઉત્તરાધિકારી સોમેશ્વર પોતાના પિતાના ખૂની સિવાય બધા પ્રત્યે સહિષ્ણુ હતો. જેમકે તેણે બ્રાહ્મણોને તથા બેલગામના સોમેશ્વર મંદિરને દાન આપ્યા હતાં તે પરથી જણાય છે કે લિંગાયતોના પર આ વખતે થયેલા કહેવાતા જૂલમ જો સત્ય રીતે થયેલા હોય તો ભારે પડતી ધાર્મિક વલણને લઈને હોય. સોમેશ્વરનું રાજ્ય ૧૧૦૦ માં પૂરૂં થયું અને કલચૂરી સત્તા ત્યાર પછી લગભગ ચાર વર્ષ ચાલી ગઇ. થોડો વખત ચાલુક્ય સત્તામાં આવ્યા પણ આખરે આખું રાજ્ય યાદવોએ લીધું અને યાદવો પાસેથી પછી મુસલમાને લીધું. યાદવોની રાજધાની દેવગિરિ–દોલતાબાદના કિલ્લામાં હજુ જૈન મંદિરના અવશેષ છે કે જેમાંથી મૂર્તિભંજક ઔરંગજેબે મસીદ પછીથી બંધાવી હતી. પરંતુ યાદવો જૈન ધર્મ પ્રત્યે પક્ષપાતી જણાયા નથી અને તેથી એ સ્વાભાવિક છે કે જૈન મંદિર અને બચેલી નગ્ન મૂર્તિઓ તે કલચૂરીઓ તરફથી થયેલી હોય.

કલચૂરિ રાજ્યમાં જૈન ધર્મનો નાશ એકાંતડ–રામય્યા નામની વિચિત્ર વ્યક્તિને લીધે થયો એમ કહેવામાં આવે છે. ડા. કૃષ્ણાસ્વામી કહે છે કે જૂના શિલાલેખનો પુરાવો એકાન્તડ–રામય્યા નામના બ્રાહ્મણને લીધે વીરશૈવ સંપ્રદાય જન્મ્યો એમ ટેકો આપે છે. ધારવારમા અબ્લુર શિલાલેખ પ્રમાણે આ રામય્યા પુરૂષોતમ ભટ્ટનો પુત્ર હતો અને જૈનધર્મનો અંત લાવવા શિવની ખાસ કૃપાથી જન્મ્યો હતો. તેમાં જણાવ્યું છે કે 'ઇશ્વરની સમક્ષ ખાનગી મુલાકાત લેવાનો હક્ક' તેને હતો. આના ઇતિહાસમાં ચમત્કારો ભર્યા છે. જેમકે એમ કહેવાય છે કે ઘણી વખત પોતાનું મસ્તક કાપી પોતાના પ્રભુ શિવની શક્તિ પોતાના સમકાલીન રાજાઓ પાસે બતાવી હતી. તેણે જૈનોને આવ્હાહન કર્યું પરંતુ આવી જાદુગરીથી દોરાવાની તેમણે ના પાડી. પણ જેમ વરૂને શિયાલની વાત છે તેમ પોતાનો વિજય જૈનોપર થયો જણાવ્યો. એવાં પણ વૃત્તાંત છે કે એકાન્તરામે જૈનોનો લખેલો કાગળ બિજ્જલ પાસે રજુ કરી જણાવ્યું કે જો જૈનો પોતાનાં ૭૦૦ મંદિરોની હોડ કરે તો તે બિજ્જલ પાસે ચમત્કાર ફરી કરી બતાવે. આ પછી એમ કહેવાય છે કે બિજ્જલે એકાન્તરામને 'જયપત્ર' આપ્યું અને સોમનાથની પૂજા માટે એક ગામ અર્પણ કર્યું.

ડા. કૃષ્ણસ્વામી ટીકા કરે છે કે 'એ બસવ પહેલાં થોડો વખત પહેલાં રામય્યા થયો કારણ કે બિજ્જલને રાજા નહિ પણ મહામંડળેશ્વર તરીકે વર્ણવવામાં આવ્યો છે' તે એમ કહે છે કે અબ્લુરના બ્રહ્મેશ્વરના મંદિરના શિલા લેખમાં રામનો આ ચમત્કાર કોતરવામાં આવ્યો છે પરંતુ તે ઐતિહાસિક બિના હતી એમ અનુમાન કરવું વાસ્તવિક નથી. છતાં લિંગાયત કે જે બસવ પહેલાં થયેલા જણાવાય છે તેના ચાર સંતો પૈકી રામનું નામ છે વળી તેના વિવિધ પ્રસંગોમાં એવી પ્રથા લિંગાયતોમાં છે કે ચાર જલપાત્ર ચારને (રેવન, મારૂલ, એકોરામ અને પંડિત આરાધ્ય) ને અર્ધ્ય આપવા માટે વપરાય છે. તેથી ડા. કૃષ્ણસ્વામી કહે છે કે આ સંપ્રદાયને ખરી રીતે ઉત્પન્ન કરવામાં રામ હતો અને તે સંપ્રદાયના ઉપદેશને પદ્ધતિસર મૂકવાનું કામ તેનાં વધુ પ્રસિદ્ધ ઉત્તરાધિકારીઓએ કર્યું.

લિંગાયત સંપ્રદાયના જન્મનો આ ટુંકો અહેવાલ ૧૨ મા ઇ. સ. ના સૈકામાં કાનરીઝ બોલતા પ્રાંતોમાં જૈન ધર્મ કેવી રીતે નષ્ટ પામ્યો, એટલું બતાવવા માટે પૂરતો છે. આ હિંદુ પુનર્જીવનની ચળવળથી વેપારી અને ખેડૂત વર્ગ કે જે જૈનધર્મના ખરા અનુયાયીઓ હતા તે તેમાંથી નીકળી ગયા ને જૈન મૂર્તિઓની બદલીમાં શૈવ મૂર્તિઓ મૂકવામાં આવી. આજ પ્રમાણે વધુ દૂર દક્ષિણમાં પણ બન્યું. તામિલ અને આંધ્ર પ્રાંતોમાં નિરાશ થવા પછી અને સાથે સાથે દક્ષિણ (Deccan)માં લિંગાયત સંપ્રદાય સાથે ઝઘડા ઉપર જણાવ્યા તે કરીને ક્ષીણ પામતા જૈન ધર્મની છેલ્લી લડાઇઓ મહિસુર અને કનરા પ્રાંતોમાં લડાઈ.

તંત્રી.

[આ એક બ્રાહ્મણ ગ્રેજ્યુએટ રા. શર્માએ સમભાવપૂર્વક લખેલા અંગ્રેજી નિબંધમાંથી ઉતારેલી ટુંક નોંધ છે. તેમાં બીજાં પણ પ્રકરણો છે. આ આખો નિબંધ દિગંબરો તરફથી પ્રગટ થવાની ખાસ જરૂર છે અને તેથી તેમના ધર્મ પર જબરો પ્રકાશ પડે તેમ છે. તંત્રી.]

ખીમા કૃત ચૈત્ય પ્રવાડિ સ્તવન.

પહિલા પ્રણમું પ્રથમ નાથ, શ્રી **આદિ** જિણેસરઈ,
બીજા **અજિય** જિણંદ દેવ, વાંદું પરમે સરઇ. ૧

એ શ્રી **સંભવ** ભવસમુદ્ર, તિહુ (અ)ણુનો ઉતારણુઈ
અભિનંદણ નઈ **સુમતિનાથ**, દુહ દુરગત વારણું. ૨

પદમપ્રભસિરિ સુપાસજિણું, સિરિ **ચંદપ્પભ** સામિ,
પિહિ ઉહિનઇ પણમસું, જિમ હુવઇ નવઈ નિધાન. ૩

વિધિસુ વંદું **સુવિધિનાથ, સીતલ** સુષદાયકઈ,
શ્રીઆંસ નઇ **વાસુપૂજિ**, જીવન જગિ દાયકઇ. ૪

વંદું **વિમલ અનંત ધરમ**, એ અચિંત ચિંતામણિ,
શાંતિકરણ શ્રી **શાંતિ કુંથુ, અર મલ્લિ** મુગટમણિ. ૫

શ્રી **મનસુવ્રત** વંદસાં એ, શ્રી **નમિ નેમ**કુમાર,
પાસ વીર નિત પ્રણમિય, જિમ હુય હરખ અપાર. ૬

ત્રિભુવનમાંહિં જે જઇન પ્રસાદ, સાસતાં ઉસાસતાં,
તે સવિ વંદું વરતમાન, હૂં અતીત અણાગતઇ. ૭

શ્રી **સીમંદર** વિહરમાન, તિહાં વીસ તીર્થંકરઈ,
અઢિઆં દીપાં માહિ સાધુ, જે મહા મનીસર. ૮

તે સવિ વંદુ ભગતિ ચરે, શ્રી જિણ સાસણ સાર,
અહનસિ જે આરાહસિં, તે તરસઈ સંસાર. ૯

શ્રી **સેત્રુંજઈ** સિહર સ્વામિ, વંદુ **ઉજલગિરે**,
અષ્ટાપદ સમેતસિખિરિ, વંદુ નીં(સ)દીસ રે,
ઘોઘે નવખંડ ફુલ **પાસ**, જે જિણ **જગતારઇ**,
જીવત સામિ જયુગાદદેવ વંદુ **સોપારઇ**. ૧૦

ભરૂઅચિ વંદું **મણુસુવએ, થંભણ** પરશ્રી **પાસ**,
પાટણ શ્રીં **પંચાસરઉ**, તે પૂરઇ પ્રભુ આસ. ૧૧

દહિઉદરઉ શ્રી **સંતિનાથ**, દુહ દુરિય વિહંડણુઉ,
નવપલ્લવ જુહારૂં **વીર, સાચ્ચઉરો** મંડણુઉ. ૧૨

ગઉડી **જીરાઉલ પાસ**, વંદુ **વરકાણુઈ**,
ફલવિધિ રાવણનઉ પ્રતાપ, સહૂકો જગિ જાણુઈ. ૧૩

રાજગરિ વીભારગિરે, વંદું **વીર** જિણંદ,
મુહર પાસ સ્વામી નમું, પામું પરિમાણંદ. ૧૪

નલણી વિમાન સમાન, **રાણપર** વંદુ ચઉમખ,
નવપલવ નઈ **ચિત્રકોટ** જે જન દિવં સિખ્ય. ૧૫

મંડવ વંદુ શ્રી સુપાસ, **મગસી નવસારી**,
વિજાનગર ઇડર જુપારિ, **વડનગર** જુહારિ. ૧૬

આરાસણિ અરઅદસિરે, વંદુ **વિમલવિહારિ**,
નાણુઇ નઇ વલી **નાંદિય, જીવત** સામિ જુહાર. ૧૭

શ્રી **સેત્રુજ** સમાનિ દલ, દેવ દીઠા **લોટાણુઇ**,
વંદુ **બંભણવાડ વીર**, જિણવર જે ઘાણુઇ. ૧૮

અવર જ કે જઈ ઠામિ ઠામિ, જે સવિ હું જણાલે.
સીરોહી શ્રી **આદિ** પ્રમૂખ, વંદું ત્રિહું કાલે. ૧૯

ઇમ તીરથ **ખીમઉ** ભણુઇ, જે વંદે એક ચિત્તિ,
તે અજરામર પદ લહઈ, પ્રામઇ સુખ અનંત. ૨૦

जि किंय नाम तित्थं सग्गे पयाले माणसे लोए
जाइं जिणबिंबाइ, ताइ सव्वाइं वंदामि॥२१॥

—ઇતિ શ્રી ચૈત્ય પ્રવાડિ તવન સ્તોત્રં.

—એક હસ્તલિખિત પાના પરથી ઉતારેલી છે. **તંત્રી.**

'અરણીક મુનિવર કાવ્ય.'

[**કાવ્ય વિષે ટુંક નોંધ:—** અરણીક મુનિનું ખરૂં નામ 'અર્હન્નક' છે. તેમના માતાપિતા ધનિક ને ધર્મી હતા. પાછલી અવસ્થામાં તેમને સંતાન-મુખ જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયો, અને તેજ કાવ્ય-નાયક અર્હન્નક. દંપતીએ કેટલાક કાળ પછી સંયમ સ્વીકાર્યો ત્યારે પુત્ર પ્રત્યેના સ્નેહને વશ થઇ પિતાએ, તેની લઘુવય છતાં પ્રવજિત બનાવ્યા. અર્હન્નકની વય બાળકની છતાં બુદ્ધિ ઉંચા પ્રકારની હોવાથી અભ્યાસમાં તેણે ઠીક પ્રગતિ કરી. શાસ્ત્રમાં અવગાહન કરી, આત્મા-કર્મ વિષેના ગુંચ ભર્યા કોયડાને ઉકેલવા લાગ્યો. પુત્રપ્રેમી પિતાએ એણે અધ્યયન અને સાધુ જીવનની ક્રિયા સિવાય બીજી બાબતમાં નિષ્ણાત ન થવા દીધો. ગોચરી કેવી રીતે જવું? ક્યાં જવું? ક્યારે જવું? ઇત્યાદિ વિષયમાં તેની સ્થિતિ અજાણ્યા પથિક તુલ્ય રહી. કાળવશાત્ પિતા પંચત્વ પામ્યા. કેટલાક દિનો સુધી અન્ય સાધુઓએ ગોચરી લાવી આપી. એ પ્રથા લાંબી ન ચાલી. અજ્ઞાત એવા 'અર્હન્નક' જાતે એક વેળા સમય થઇ જવાથી નિકળ્યા. તે વેળાના પ્રસંગથી કાવ્ય શરૂ થાય છે. મધ્યાહ્ન કાળનું વર્ણન એમાં ઠીક આલેખાયું છે. મુનિજીવનની રહેણી વિષેનો ચિતાર પણ છે. વસ્તી વિષે અજ્ઞાન એવા 'અર્હન્નક' વિલાસી લલનાથી વસાયલા એકાંત ભાગ પર આવેલા લતામાં આવી પહોંચે છે. બાલ્યકાળથી પરાભવ પમાડવાની તક જોઇ રહેલ મોહરાજ લાગ આવ્યો નિરખી શરસંધાન કરે છે. ગવાક્ષમાં રહેલ એક વિરહીણી વામા મુનિની દ્રષ્ટિએ પડે છે. ઉભયનાં હૃદય પુષ્પધન્વાની જાદુઈ અસરથી ઘવાય છે. મોદક વહોરાવવાના મિષે દાસી આવી તેડી જાય છે. માદક પદાર્થ મિશ્રિત લાડુઓ 'અરણિક'ના કિંમતી જીવનનો લાડવો વાળી નાંખે છે. સાધુજીવનથી પતિત બની સંયમી અર્હન્નક, વિલાસી ને વૈભવી બની મઝા લુંટતો વખત વીતાવે છે.

આ વાત પુત્રવત્સલ માતાને કાને પડતાંજ એના હૃદયના તાર ઝણઝણી ઉઠે છે. સંસારને ગળી પીધેલા એવા પોતાના જીવનસહ પુત્રના જીવનને એકદમ સંયમ માર્ગે લઇ જવામાં થયેલ ઉતાવળ પ્રતિ માતાનું લક્ષ્ય જાય છે છતાં થયું તે ન થયું થનાર નથી પણ 'એક વાર ગ્રહણ કરેલ પ્રતિજ્ઞાનું ખંડન જીવના ભોગે પણ ન કરાય' એ ઉમદા સત્ય, અચળ નિશ્ચય નારીહૃદયમાં-સાધ્વી જીવનમાં યથાર્થ પણે ઉતરેલ હોવાથી પોતે 'અરણીક'ની શોધમાં નિકળી પડે છે. નથી તે ક્ષુધા પિપાસાના પરિષહની દરકાર કરતી કે નથી તે જનતા પોતા પ્રત્યે કેવી નજરે નિહાળે છે તે તરફ લક્ષ આપતી. માત્ર દરેકને એકજ પ્રશ્ન કરતી કે 'મારો અરણીયો દીઠો છે'?

ખરેખર મોહરાજની અગમ્ય લીલાનો અહીં તાદ્દશ ચિતાર રજુ થાય છે. એના પાશમાં વિંટાવેલા શ્રીરામ જેવા નીતિજ્ઞે 'સીતા, સીતા', કહી વનના પશુઓને અને જંગલના વૃક્ષોને શું પ્રશ્નો નહોતા કર્યા? નળની શોધમાં દમયંતીની પણ એજ દશા હતી. પ્રેમની ગતિ ન્યારી છે એ ઉપરના દ્રષ્ટાંતથી સહજ સમજાય તેમ છે.

ઝરૂખામાં લલના સહ વિહરી રહેલ 'અર્હન્નક'ની અચાનક નજર ગાંડા સરખી ભમતી માતા પ્રત્યે પડી. અજ્ઞાન પડળ ખુલી ગયાં. પોતાની પહેલાની અવસ્થા નજર સન્મુખ ખડી થઈ. મોહમદિરાનો નિશો ઉતરી ગયો. પૂછવા પણ ન રહ્યો. તરતજ મંદિરના પગથીઆં ઉતરી માતાના ચરણમાં નમી પડયો. પોતાના અપરાધને ખમાવતો આચરેલ દુશ્ચરિતને નિંદવા લાગ્યો. એમાંથી પુનિત જીવન જીવવાનો માર્ગ પૂછવા લાગ્યો. માતાએ વીર બની શ્રી વીરના સાધુજીવનને જીવવાનો માર્ગ જ બનાવ્યો. પ્રાયશ્ચિત્ત લઇ પતિત અર્હન્નક પુનઃ સાધુ થાય છે, અને તપ્ત શિલા પર અનશન આદરી સ્વજીવનનું શ્રેય સાધે છે. માતાનું પ્રેમાળ હૃદય પતિતનો કેવો ઉદ્ધાર કરે છે તેનો પૂર્ણ ખ્યાલ લઘુ કાવ્ય ઉપરથી મળી આવે છે.

'સુમન.']

णमो महावीराणं.

હરિગીત.

નિઃસીમ ક્રોધ ક્રુરીત ભાનુ, ગગનમંડળ ગર્જતો;
ને અગ્નિદાહક પરૂષ કરથી, વિશ્વ સઘળું બાળતો.
શત શત સહસ્ત્રશરો થકી, સહુ હૃદય તો વિંધાઈ ગયાં.
રે પથિકજનતનપટ પરે, પ્રસ્વેદવ્હેણો વહી રહ્યાં.
નભમંડળે નવ ખગ હતું, ચરતું ન ભૂમિપર પશુ;
સહુ કોઈ વિશ્રાંતિ સુખદ આવાસને યાચી રહ્યું.
વાણિજ્ય પ્રવૃત્તિવડે જનસમૂહ આકર્ષાય જ્યાં
ત્યાં દિવસનાથ પ્રકોપથી એ માર્ગ નિર્જન થઇ ગયાં.
સુરતાપ ઉષ્ણીકૃત વાલુકા બધે ધગધગી રહી.
વિણુ ઉપાનહ જાનારને શાંતિતણી આશાય નહી.
અવગણી ભાસ્વરદમનને ઘર એક ચાલી નીસર્યો
સુકુમાલવદન પ્રસ્વેદસ્નાપિત નગ્નપાદ જતો હતો.
શર તિક્ષ્ણ અધિક કર્યાં સૂરે શાસનતણાં ભંજક ભણી
વિણુ આતપત્ર-વિહીનમૂર્ધજ-શિર્ષ મુનિનું દીધું વિંધી.
સુકુમારમાલતી પુષ્પ સમ જે રાજતું મુખ જ્યોતિથી
કરમાવ્યું ઉદ્ધતસૂરજે નિર્દય અને નિર્લજ્જ થઈ.
તપ તપી અતપ્ય મુનીશ ગોચરી માટ મધ્યાન્હે જતાં
વીરદેવસુવિહીતનિયમપાલન વીરપુત્ર ખરાં હતાં.
આતો સમય સંયમતણા વિશુદ્ધ પરિપાલન તણો
ભય હોય અરણિક મુનિને શું સૂર્ય કે સુરેશનો ?

(લગભગ શંકરા ભરણ)

એમ એ મુનિવરા માર્ગમાં ચાલતાં
એક પ્રાસાદની પાસ ઊભા.
જગતનાં દુઃખ સહુ ઊર વિચારતાં
સંયમીના ગુણોને સમરતાં.
વિભવપ્રેરીત વિલાસ આનંદનું
કેન્દ્રસ્થળ એ હતું હર્મ્ય રૂડું.
સપ્તભૂમિકથી શોભતું, સ્પર્શતું
ગગનસમ્રાટ એ દિવસકરને.

શિખરિણી.

ગવાક્ષસ્થા નારી જગતજન આકર્ષની હતી.
તૃતીયા ભૂમિથી પથિક જનમન ક્રૂર હરતી.
ચપળ ચક્ષુઓથી સકળદિશ અટન કરી રહી.
અધઃ ઊભા રહેલા મુનિવર પરે દ્રષ્ટિય ફરી.
સ્વરૂપ નિહાળીને સુરવદન મુનીશ્વર તણું
મદનશર વિદ્ધ થયું ઊર તુરત એ માનિની તણું
ઋષિપણુ ભેદાયાં રમણી ચક્ષુ કામ શરથી
ઘડીક સ્થિર સ્થંભ્યાં રસિલીરસમાં લુબ્ધ થઈ જઇ.

(લગભગ શંકરાભરણુ જેવો).

મુનિસુરૂપ મોહથી મુગ્ધ થઈ માનિની
તૂર્ત આજ્ઞા કરે કિંકરીને
"જા, સખી, કાલ નવ વ્યર્થ ગૂમાવતી
" આણ એ હૃદય આનંદકરને."
ભૂમિકાને ત્યજી ઉતરી ઊતાવલી
શ્રેષ્ઠિની ઉર્મિઓ ઊરકલ્પે
અચિર આવી ઉભી ઋષિજી જ્યાં હતાં,
વિદ્ધ દયિતાતણા દ્રષ્ટિબાણે.
"ગૃહ પાવન કરો મુનિવરા ! મુનિવરા !
"આજ અમ ભાગ્યવલ્લી ફલી છે"
એમ કહી કિંકરી ગોચરી કારણે
ગૌરીઆવાસ મુનિજીને લાવે.
ધન્ય ધન્ય ભાગ્ય હમારડાં ઋષિજી પધાર્યાં
પૂનિત કીધાં આજ સદનો હમારાં
સારા સારા મોદકો પકવાન્નો તાજાં
રસવતીઓ રસપૂર મેવાં મીઠાં.
વ્હેરો વ્હેરો રાજ અનુગ્રહી દાસી ગણુને
દ્યોને દરશનો લાભ નિત્યે હમને
પૂરયૌવનમાં દેવ! ત્યજીને સુખદ મહેલો
સંયમ ગ્રહીને કારમું કાયા શિદ બાળો.
યૌવન જાશે વ્યર્થ ફરીથી માગ્યું ન મળશે
અનુભવો યૌવનસુમન્ રહો આવાસે
રંગાઓ રસરાજ ! સ્નેહથી મોજ વિલાસે
આજથી તમ અમ પ્રાણ આનંદો ઉલ્લાસે.
ચંદ્રવદની મનહારિણી મૃગાક્ષીથી લોભ્યો
નિરૂત્તર થઇ ઘડીક મુનિ તો થોભ્યો
અંતે રમણીરાગ આકર્ષિત થઈ મોહ્યો
ભવદુઃખતરણ-જહાજ-શુભસંયમથી ચૂકયો.
કંઈક ભવોમાં દુઃખ અસહ્ય સહીને
કંઇક પુણ્યના પુંજથકી સમકિતને પામે
કંઇક સમે સંયમની કાંક્ષા રાખી
પુણ્યોદયથી આજ સુખડી ચાખી.

વીરતણા શુભ માર્ગ પરે સહભાવથી ચાલ્યો
પંચ મહાવ્રત યુક્ત ગોચરી જતો નિહાળ્યો
સંયમી ગુણ સુયુક્ત તપસ્વી એતો
માર્ગપતનસંદેહ દીલમાં ન્હોતો.
કૃપાણ કેરી ધાર તિક્ષ્ણ કદી નમ્ર કરીને
તે પર નિશ્ચયયુક્ત શૂર કો ચાલી શકશે
મીન વિનિર્મિત દશન મુખમાં રાખી
લોહચણાને ચાવી શકે શૂરવીરય કોઇ.
શિર્ષ તણો કરી છેદ કદીક કો પાછું સાધે
મેરૂનેય ઉખાડી અખિલ ભૂમંડળ ચાલે
સકળ જળધિને પીવે એક ઘુંટડે કો'
તેથીય દુઃખતર વીરવિહીત સંયમને વહાવો.
દુષ્કર સંયમનેય સ્હેલથી જે પાલંતો
દઢ થઈ નિઃસંદેહ એમ પથમાં ગાલંતો
વિંધાયો પણ તેહ કામિની મદન શરોથી
ભૂલ્યો બધુંય ભાન અને હાર્યો સંયમથી.
કદીક હોય એ સ્હેલ મહાવ્રત લેવાં
નથી બાળના ખેલ વ્રતો અનુચરવાં
વ્રતરક્ષણસંદેહ જેહને જરીયે ન્હોતો
તેવો અરણિક આજ પંથને ખોતો.
એક પતનથી જેમ પતન ગંગાનું
શતમુખ થયું'તું તેમ થયું અરણિકનું
નયન કટાક્ષથી લુબ્ધ વચનથી હાર્યો
રૂપ સૌંદર્યથી મુગ્ધ મુનિ લોભાયો.

(લગભગ શંકરાભરણ)

રમણી સૌંદર્ય સુખ જનિત આહ્લાદમાં
નિશદિન એ રહ્યો મુગ્ધ થઇને
ક્રીડતો કામિની સાથ ઉલ્લાસથી
ભૂતને ભાવિને ભૂલી જઇને.
દીલને ભાવતાં ભોજનો સ્વાદતાં
પ્રીતથી સાથ હિંચોળતાંતા.
વિલસતાં દિવસ કંઇ એમતો વહી ગયાં
ખબર શી રીત પડે રતિ ક્રીડનમાં ?
પુત્રસંયમપતન વાત શ્રવણે થતાં
માતનું હૃદય તો ચૂર્ણ થઈ ગયું
રખડી રઝળતી સ્થાન પરસ્થાનમાં
એક બસ નામ મુખથી નિસરતું.
પથિકને પૂછતી વણિકને પૂછતી
પૂછતી સર્વ પુરવાસીઓને
સર્વને પ્રશ્ન બસ એક એ પૂછતી
છે દીઠો અરણિલો માહરો કે ?
એમ રખડંતી આવી ચઢી એક દી
પુત્ર વિલાસ કેરૂં સદન જ્યાં
રે ગવાક્ષે ચ્હડી સાથ લઇ માનિની
ક્રીડનોન્મત્ત થયલો કુંવર ત્યાં.
'અરણિલા' નામ ઉચ્ચારને સુણીને
જોયું તો ભાળી નિજ માત દુઃખે
તૂર્ત આવાસ ત્યજી અધઃ આવી અને
સાશ્રુનયને નમ્યો માત ચરણે.
માત ! ઓ માત ! હું દુષ્ટ છું, નીચ છું,
શુદ્ધ સંયમ ત્યજ્યું વિષય માટે
કોટિ ધિક્કાર હો મુજને માહરૂં
સર્વ કર્યું નષ્ટ એ વાસનાએ.
ધિક્ક મુજ જીવનને, વીરસંયમ ગ્રહી
ત્યજી દીધો ધિક્ક એ વાસનાને.
કઈ રીતે માત ! ગ્રહું વીરની વાટડી ?
લજ્જું આ અવિચારી કાર્યે.
વત્સ ! કોટિ ઘણા પુણ્યથી જે મળ્યું
તેજ તરછોડીયું ક્ષણ મહીં ત્હેં
ક્રીડન કંઇ એ નથી મૂક બાલકતણું
કષ્ટથી પૂર્ણ વીરપંથ તો છે.
પાલવો પૂર્ણ અતિ દુઃખકર એહ છે
ફલ મહાશિવપુરી ધામ સાચે
ના ઘટે તેહથી ચૂકવું તાહરે
વીર થઈ માર્ગ ફરીથી ગ્રહી લે.
એમ સમજાવીને કંઇક રીતો થકી
માર્ગમાં લાવી શકી માત સુતને
સદ્દગુરૂ સમીપ આણી શકી એહને
સત્ય ઉપદેશની પ્યાલી પાઈ.
સુદઢ વૈરાગ્યવાસિત વૃત્તિ થઈ
પુનઃ સંયમ અનુસરણ કીધું
અગ્નિ જ્વલતી શિલે અનશન આદરી
'નલીન' થઈ મુક્તિનું ધામ લીધું.

'નલીન.'

સુંદરલાલ એ. કાપડીઆ. બી. એ.
અમદાવાદ.

સ્ત્રીઓના હક્કો વિષે સંવાદ.

[આ સંવાદ **બાબુ બંકિમચંદ્ર**ના સમાનતાના લેખ પરથી ઘડવામાં આવ્યો હતો અને તે મુંબઈ માંગરોળ જૈનસભાની કન્યાશાળાની બાળાઓએ ભજવી બતાવ્યો હતો.]

૧ શાન્તા—બધાં મનુષ્યો સરખા હક વાળાં છે. સ્ત્રીઓ પણ મનુષ્યો છે આથી સ્ત્રીઓ પુરૂષના જેટલા જ હક વાળી છે. જે જે કામમાં પુરૂષોનો અધિકાર છે, તે તે કામમાં સ્ત્રીઓનો અધિકાર હોય તે ન્યાય યુક્ત છે. કેમ બ્હેનો ! તમને શું એમ નથી લાગતું ?

૨ કાન્તા—મને તો એમ લાગે છે કે સ્વાભાવિક રીતે સ્ત્રી અને પુરૂષમાં અસમાનતા છે. પુરૂષ બળવાન છે સ્ત્રી અબળા છે. પુરૂષ સાહસિક છે અને સ્ત્રી ભીરૂ એટલે બીકણ છે; પુરૂષ સંકટ સહવા સમર્થ છે અને સ્ત્રી કોમળ પ્રકૃતિની છે.

૩ બાળા—જ્યાં આવું કુદરતી અસમાનપણું છે ત્યાં અધિકારની બાબતમાં અસમાનપણું રહે એ યોગ્ય છે કારણ કે જે બાબતમાં જે અશકત હોય તે બાબતમાં તે અધિકારી થઈ શકે નહિ. આનો ઉત્તર શાન્તાબ્હેન ! તમારી પાસે શું છે ?

૪ શાન્તા—તેના એક નથી પણ અનેક ઉત્તર છે. કુદરતી અસમાનતા હોય તેથી શું અધિકારમાં અસમાનપણું રાખવું તે ન્યાયયુક્ત છે ? એમ જો હોય તો સમાનતાનાં તત્વોનો નાશ થાય છે જુઓ તેનો દાખલો આપુ જેમ સ્ત્રી પુરૂષમાં કુદરતી અસમાનપણું છે તેવું વિષમપણું અંગ્રેજો અને ભારતવાસીઓમાં પણ છે. અંગ્રેજો બળવાન છે અને ભારતવાસીઓ નિર્બળ છે. અંગ્રેજો સાહસીક છે, અને ભારતવાસીઓ ભીરૂ છે અંગ્રેજો સંકટ સહવા સમર્થ છે અને ભારતવાસીઓ કોમળ પ્રકૃતિના છે. વગેરે. વગેરે. કુદરતી અધિકારમાં અસમાનપણું ન્યાયરૂપ હોય તો અંગ્રેજો અને ભારતવાસીઓનાં અધિકારનું અસમાનપણું જોઈને આપણે શી રીતે પોકાર કરી શકીએ ?

૫ ઉષા—હા બ્હેનો ! શાન્તા બ્હેન બરાબર કહે છે. જો સ્ત્રી દાસી છે અને પુરૂષ પ્રભુ છે એજ વિચાર યોગ્ય હોય તો પછી ભારતવાસીઓ દાસ અને અંગ્રેજો પ્રભુ એ વિચાર યોગ્યજ ગણાશે.

૬ વિમળા—એ વિચાર તો યોગ્ય નથી. ભારતવાસીઓએ બળવાળા નિર્ભય અને સાહસીક થવું જોઈએ અને થશે પણ તે જ્યાંસુધી તેવા થાય નહિ ત્યાંસુધી અંગ્રેજોએ હિંદીઓને સમાન અધિકાર આપવામાં અટકાવ કરવો ન ઘટે.

૭ શાન્તા—સ્ત્રી પુરુષમાં બધી બાબતમાં જે અસમાનપણું દેખાય છે તે બધું સ્વાભાવિક નથી. પણ જે કાંઈ દેખાય છે, તે બધું સમાજના નિયમોના દોષોને લીધેજ દેખાય છે. એ બધી નિયમોનો સંશોધન કરવું. એ સમાનતાની નીતિનો ઉપદેશ છે.

૮ કાન્તા—બીજા દેશોમાં સ્ત્રીઓ પુરૂષોની દાસી છે. જે દેશમા સ્ત્રીઓને પાંજરામાં પુરી રાખવાનો વહેવાર નથી ત્યાં પણ સ્ત્રીઓને પુરૂષોનીજ આશ્રીત બનાવેલી છે અને બધી રીતે પુરૂષની આજ્ઞાધીન થઈ રહે એવી વ્યવસ્થા કરેલી છે ખરૂંને ઉષા બ્હેન !

૯ ઉષા—હા. આ રીત સર્વ દેશમાં અને સર્વ કાળમાં લાંબા કાળથી ચાલુ છે છતા પણ અત્યારે અમેરીકા અને ઇંગ્લાંડમાં એક પ્રકારના સમાજ તત્વવેત્તાઓ તેના વિરોધી છે. તેઓ સમાનતામાં માનનારા છે. તેમનો મત એવો છે કે સ્ત્રી પુરૂષમાં સર્વ પ્રકારે સમાનતા રહેવી જોઇએ. જ્યાં જ્યાં પુરૂષોનો અધિકાર છે ત્યાં ત્યાં સ્ત્રીઓનો અધિકાર હોવો યોગ્ય છે. પુરૂષો નોકરી કરે વેપાર કરે તો સ્ત્રીઓ તે કેમ ન કરી શકે ? પુરૂષો રાજસભામાં સભાસદ થાય તો સ્ત્રીઓ શા માટે સભાસદ ન થાય ? સ્ત્રીઓ પુરૂષની પત્ની છે—અર્ધાંગના છે તે માત્ર દાસી શા માટે થાય ? આપણા પરાધીન દેશમાં શું સ્થિતિ છે ?

૧૦ બાળા—જે દેશ પરાધીન છે ત્યાં બધી જાતની પરાધીનતાનાં બી વેરાઈ, જોરથી ઉગી નીકળે

એ બનવા જોગ છે. અહીંઆ જે રીતે પ્રજા રાજાને આધીન છે તેમ બીજા દેશોમાં નથી અહીં અશિક્ષિત લોકો જેવા આજ્ઞાધીન છે તેવા આજ્ઞાધીન બીજે ઠેકાણે નથી. અહીં શુદ્રાદિક કોમો બ્રાહ્મણોની જેવી ચરણરજ બનેલી છે, તેવી કોઈ પણ પ્રજા ધર્માચાર્યોને આધીન બનેલી નથી. અને તેજ પ્રમાણે અહીંઆં સ્ત્રીઓ જેવી રીતે પુરૂષોની આજ્ઞાધારી છે તેવી બીજા દેશમાં નથી. વિમળા બ્હેન! તમારો શો વિચાર છે?

૧૧ વિમળા—આપણી રમણીઓ તો પાંજરામાં પૂરેલી મેનાઓ જેવી દશામાં છે. જે બોલી પઢાવે તે બોલી પઢે છે અને જે આહાર કરાવે તેજ આહાર કરે છે, નહિ તો ઉપવાસ કરે છે. આવી સ્થિતિમાં પતિ દેવતાસ્વરૂપ કાં ન હોય!

૧૨ શાન્તા—બ્હેનો! આર્યોનો પતિવ્રતા ધર્મ ઘણો સરસ છે એ નહિ ભૂલતા. એના વડેજ આર્યોનાં ઘરો સ્વર્ગ જેવા સુખમય છે એ વાત સાચી છે. સમજુ પતિવ્રતા ધર્મથી વિરૂદ્ધ હોયજ નહિ. પરંતુ સ્ત્રી પુરૂષની દાસી માત્ર છે અને સંસારના મોટા ભાગના કર્તવ્યોમાં તેમનો બીલકુલ અધિકાર નથી એટલીજ બાબતમાં મારો વિરોધ છે.

૧૩ બાળા—શાન્તા બ્હેન! આપણી સ્ત્રીઓ તો ઘરની રાણીઓ છે અને તેને ઘરનાં કાર્યોમાં વિશેષતા આપી છે. તમે બતાવશો કે સ્ત્રીઓને શું અસમાનતાઓ છે અને તેથી તેમને શું અન્યાય થાય છે?

૧૪ શાન્તા—બધાં સમાજમા મોટે ભાગે સ્ત્રી પુરૂષમાં જે અસમાનપણું દેખાય છે તેમા વડીલોપાર્જિત સંપત્તિના વારસાના નિયમો ભયાનક અને શોકજનક છે. દીકરો બાપની મીલ્કતનો સંપૂર્ણ હકદાર છે પરંતુ દીકરીને કશુંજ નહિ. પુત્રને પુત્રી બંને એકજ પિતા અને એકજ માતાથી જન્મેલાં હોય, બંનેને ઉછેરવામાં માતાપિતાને સરખોજ શ્રમ પડયો હોય તોપણ પિતાના મરણ પછી પુત્રને બાપની મેળવેલી કરોડો રૂપીઆની મીલ્કત મળે પરંતુ કન્યાને જરૂરના કામ માટે એક ફુટી બદામ પણ મળી શકે નહિ. આનું શું કારણ? આ શું ઓછો અન્યાય છે?

૧૫ ઉષા—આનું કારણ મને તો એમ લાગે છે કે હિંદુ શાસ્ત્રમાં એમ કહ્યું છે કે અપુત્રની ગતિ નથી. અને પુત્રજ શ્રાધ્ધ આપી શકે. શ્રાધ્ધનો જે અધિકારી તેજ સંપત્તિનો અધિકારી.

૧૬ વિમળા—આપણે જૈનો તો તેવા સિધ્ધાંતો માનતા નથી. શ્રાદ્ધ શું ને અપુત્રની ગતિ ન થાય તે શું? તે કાંઈ મુએલાંને પહોંચતા હશે? પુત્ર હોય કે પુત્ર ન હોય પણ જેવી કરણી કરે એવી ગતિ પામે એજ ખરો સિદ્ધાંત છે.

૧૭ શાન્તા—આડી વાત બાજુએ મુકો. શ્રાદ્ધનો અધિકારી તે સંપત્તિનો અધિકારી એ દલીલ તદ્દન લુલી અને એટલી બધી ખોટી છે કે અત્યારે તે વર્ણવવું નકામું છે. આવા કાયદાનું બીજું કંઇ કારણ હોય તો જણાવો.

૧૮ કાન્તા—એમ કહી શકાય કે સ્ત્રી તેના પતિની સંપતિમાં તેના પતિ જેટલીજ હકદાર છે. પતિને ઘેર ગૃહિણી થવાથી સ્વામિની સંપતિને ભોગવનારી છે. એટલે તેને પિતાની સંપતિમાં હકદાર થવાનું પ્રયોજન નથી.

૧૯ ઉષા—જો વારસાના કાયદાનું આજ ખરેખરૂં કારણ હોય તો પુછી શકાશે કે વિધવા પુત્રીનો સંપતિમાં હક થાય કે નહિ? અથવા જે પુત્રી ગરીબને પરણાવેલી છે તેનો કાંઇ હક ખરો કે નહિ?

૨૦ શાન્તા—હા બ્હેનો! ઉષા બ્હેનનું કહેવું બરાબર છે.

૨૧ વિમળા—આપણે ત્યા તો એવું છે કે સ્ત્રીએ પતિની ચરણસેવા કરવી. પતિ દુષ્ટ હોય કટુભાષી હોય કે દુરાચારી હો પરંતુ બધુંજ સહન કરવું પડે છે. પુત્ર ગાંડો હોય કૃતધ્ન હોય કે દુષ્ટાત્મા હોય છતાં પુત્રની મરજી સાચવવી; નહિ તો સંપતિ સાથે સ્ત્રી જાતિનો કશો સંબંધ ન રહે!

૨૨ શાન્તા—હાજી, પતિ કે પુત્ર તાડન કરે તોપણ સ્ત્રી જાતિએ સહન કરવું. સહનશીલતા વિના તેની પાસે કશો ઇલાજ નહિ. સહનશીલતા સિવાય તેની બીજી ગતિજ નહિ. આ બાજુ પુરૂષ સર્વત્ર હક-

દાર ગણાયો. સ્ત્રીનું ધન પણ તેનું ધન ગણાય. તેની મરજી થતાં તમામથી તે સ્ત્રીને અળગી કરી શકે. પુરૂષને સ્વતંત્ર હોવાથી કશીજ હરકત નહિ. આ અસમાનતા ન્યાય અને નિતી વિરૂધ છે.

૨૩ કાન્તા—અમને તો એમજ પઢાવ્યું છે કે હાલ જે વ્યવસ્થા છે તે અતિ ઉત્તમ છે. એ વ્યવસ્થાનેજ પ્રતાપે સ્ત્રીઓ સ્વામીને આધીન રહે છે અને તેથી જ ગૃહસ્થાશ્રમ સારો ચાલે છે.

૨૪ શાન્તા—હિંદુશાસ્ત્ર પ્રમાણે સ્ત્રી કદાચિત્ ધનની હકદાર થાય પણ તે ક્યારે કે પતિ અપુત્ર મરણ પામ્યો હોય ત્યારે! આટલી નાની નાની છુટો હોવાથી જ આર્યોનાં ધારાશાસ્ત્રોને કેટલાક અંશમાં હાલનાં સુધરેલાં યુરોપનાં ધારાશાસ્ત્રો કરતાં ઉત્તમ કહીને વખાણ્યાં છે. પરંતુ એમાં વડાઇ બહુ થોડી લેવાની છે. સંપત્તિની હકદાર સ્ત્રી ભલે રહી. પરંતુ દાન કરવાનો કે વેચવાનો તેનો કશોજ હક નહિ. કહો આ હક કેટલો છે? માત્ર પોતાનું ભરણ પોષણ કરી શકે એટલોજ. જીવન પર્યંત તે તેમાંથી કશુ કોઈને દઇ શકે નહિ. પુત્ર પાપી થાય ને બધું વેચી મોજ શોખમાં ઉડાવી દે, તેમાં હિંદુશાસ્ત્રને કશો વાંધો નહિ. સ્ત્રી મહા ધર્મનિષ્ઠ હોય, છતાં પણ કોઈને પ્રાણરક્ષા અર્થે એક કટકો પણ જમીન આપવા શક્તિવાળી માની નથી.

૨૫ વિમળા—હિંદુ કાયદા પ્રમાણે સ્ત્રી કદાચિત ધનની હકદાર થાય પણ તે કયારે? પતિ અપુત્ર મરણ પામે ત્યારે. આટલી બધી હિંદુ શાસ્ત્રની વડાઈ છે.

૨૬ શાન્તા—હાલની જે વ્યવસ્થા છે, તે પુરુષોએજ કરેલી છે. તમામ બંધનો વડે સ્ત્રીઓનાં હાથપગ બાંધી તેમને કચરવામાં આવે છે. ભલે મરજી પ્રમાણે પુરૂપ તેને લાતો મારે, ગરીબ નારી અવાજ પણ ન કરી શકે. સ્ત્રીઓના હાથપગ દોરીઓથી બાંધે છે. આ અધર્મ નહિ તો બીજું શું?

૨૭ કાન્તા—સ્ત્રી જાતિએ ઓછી અને અસ્થિર બુદ્ધિવાળી છે. સંપત્તિ સાચવવામાં અશક્ત છે. એકદમ બધું છિન્નભિન્ન કરી નાંખે છે. અને વારસ પુત્રાદિકને હાનિ પહોંચાડે એટલે તેનાથી મિલ્કત બીજાને અપાય નહિ. એથી એવો કાયદો કરવાનું યોગ્ય મનાયું હતું.

૨૮ શાન્તા—આ વાત હું સ્વીકારતી નથી. સ્ત્રીઓની બુદ્ધિ સ્થિરતામાં અને ચતુરાઇમાં કોઇ પણ અંશે પુરૂષો કરતા ઉતરે તેમ નથી. સંપત્તિ સાચવવા માટે જેટલી સમજણ જોઇએ તેટલી તેમાં નથી એ ખરૂં પરંતુ એમાં પણ પુરૂષોનોજ દોષ છે.

૨૯ ઉષા—હા પુરૂષોએજ પાંજરાપોળમાં ઢોર પુરે તેમ સ્ત્રીઓને પાજરામાં પુરી રાખી આવી બાબતોથી તેમને અજાણ રાખી છે એટલે તેમનામાં એ બાબતનું જ્ઞાન હોય નહિ. પુરૂષોને અપરાધેજ સ્ત્રીઓ અશિક્ષિત છે અને તે છતાં અપરાધનો દંડ સ્ત્રી જાતિના ઉપરજ નાંખવામાં આવ્યો છે

૩૦ કાન્તા, બાળા, ઉષા ને વિમળા—પણ શાંતા બ્હેન! આનો કંઈ ઉપાય?

૩૧ શાન્તા—આનો ઉપાય શિક્ષા-કેળવણી એ એકજ છે. જો સ્ત્રીઓ સુશિક્ષિત થાય, તો ઘરમાં ધન દાટી રાખવાની રૂઢી દૂર થાય. જેમ મુદ્દલ રકમ ધીરતાં વ્યાજ ઉત્પન્ન થાય, તેમ સ્ત્રીઓમાં વિશેષ શક્તિ આવે છે.

એવી રીતે આ દેશનાં તમામ સ્ત્રી પુરુષો વિદ્યામાં સુશિક્ષિત થાય તો વિદેશી વેપારીઓ, અને વિદેશી કારીગરો અહીંથી દ્રવ્ય તાણી જઇ શકે નહિ. તાત્પર્ય કે સુશિક્ષા જ સામાજિક અહિત અટકાવવાનો મુખ્ય ઇલાજ છે અને તેથીજ બધાંને માટે રસ્તો ખુલેલો રહેશે.

જૈન ધર્મમાં સ્ત્રીઓને સ્થાન.

સ્ત્રીઓને સમાજમાં શું સ્થાન હોઇ શકે તે આજકાલ બહુ ચર્ચાનો વિષય થઇ પડયો છે. સ્ત્રી પુરૂષથી હલકી છે, સ્ત્રી સેવક છે, પુરૂષ સેવ્ય છે—આ ભાવનાએ જગતના લોકો ઉપર બહુ સામ્રાજ્ય ચલાવ્યું છે, અને વર્તમાન સંસ્કૃતિએ તે ભાવના સામે મોટો પોકાર ઉઠાવ્યો છે. સ્ત્રી વર્ગને અત્યારસુધી અપાયલા અન્યાયનું પુરૂષવર્ગને ભાન થવા લાગ્યું છે અને કાર્યક્ષેત્રો ભિન્ન હોવા છતાં સ્ત્રી અને પુરૂષ સમાન છે એ ભાવના પુરૂષ વર્ગમાં પ્રચાર પામવા લાગી છે. જે ખાવા પીવાની કે સંસારમાં સુખ માણવાની એષણાઓ પુરૂષવર્ગ અનુભવે છે, તેવીજ એષણાઓ સ્ત્રીઓ પણ અનુભવે છે; જે જ્ઞાનપ્રાપ્તિના, સમાજસેવાના, આધ્યાત્મિક ઉન્નતિના ઉદિત આશયો પુરૂષ–હૃદયમાં ઉદ્ભવે છે તેવાજ મુદિત આશયો સ્ત્રી હૃદયમાં ઉદ્ભવે છે, અને જે શક્તિ પરાક્રમ તથા ઉપયોગિતા પુરૂષવર્ગ આ સંસારમાં દાખવે છે તેવીજ શક્તિ, પરાક્રમ તથા ઉપયોગિતા, જો અવકાશ તથા સગવડતા મળે તો સ્ત્રીવર્ગ પણ દાખવી શકે—આવા વિચારો, સ્ત્રી તેમજ પુરૂષવર્ગના સદ્ભાગ્યે, જનસમાજમાં સંચાર પામી રહ્યા છે અને સુભગ ભાવીની આશા આપી રહ્યા છે.

હિંદુધર્મનાં પ્રાચીન પુરાણો, સ્મૃતિઓ તથા કથાઓ વિચારીએ તો માલુમ પડે છે કે તેમાં સ્ત્રીઓને પુરૂષ કરતાં ઉતરતું સ્થાન આપવામાં આવ્યું છે. પુરૂષ કરતાં સ્ત્રીઓને હક્ક ઓછા અને ફરજો વધારે—આ હિંદુ ધર્મનો સારાંશ છે. **न स्त्री स्वातंत्र्यमर्हति** આ સૂત્રમાં પણ ઉપર્યુક્ત કથનનો ધ્વનિ છે. સતી થવાનો રીવાજ, ધર્મશાસ્ત્રોમાં વેદાધ્યયનનો સ્ત્રીઓને પ્રતિષેધ, સંસ્કૃત ભાષાના ઉપયોગની મના, સ્ત્રી સંન્યાસ લઈ ન શકે તેવી આજ્ઞા, પુરૂષ અનેક સ્ત્રીઓ કરી શકે તેવી પ્રચલિત રૂઢી અને તેને સ્મૃતિની સંમતિ, વારસામાં પણ સ્ત્રીને માત્ર ભરણ પોષણનોજ હક્ક તથા ફરજિયાત વૈધવ્ય—આવી અનેક બાબતો ઉપરથી હિંદુ ધર્મે સ્ત્રીઓને સમાજમાં શું સ્થાન આપ્યું છે તે સહજ સ્પષ્ટ થઇ શકે તેમ છે.

દયા અને ન્યાયના સિદ્ધાન્ત ઉપર રચાયેલ જૈન ધર્મે પ્રથમથીજ હિંદુ ધર્મની આવી ભાવનાનો પ્રતિપક્ષ કર્યો છે અને પ્રસંગેપ્રસંગે સ્ત્રી વર્ગને યોગ્ય ન્યાય આપવા પ્રયાસ કીધો છે. સ્ત્રીવર્ગ સંબંધી જૈન દર્શનની વિશાળ ભાવના અને હિંદુ ધર્મની સંકુચિત ભાવના વચ્ચે મહદ્ અન્તર રહેલું છે. પ્રથમ તો સ્ત્રી અને પુરૂષને જૈન દર્શન સમાન ધ્યેય પ્રાપ્ત કરાવે છે અને તે ધ્યેયને સર્વ લભ્ય બનાવે છે. મોક્ષ—સર્વજ્ઞત્વ—આત્મસાક્ષાત્કાર માત્ર પુરૂષને નહીં પણ સ્ત્રીને પણ પ્રયત્ન કરતાં સ્ત્રીપણામાંજ પ્રાપ્ત થઈ શકે એવું જૈન દર્શન પ્રતિપાદન કરે છે, અને આના અનુસંધાનમાં સ્ત્રીઓને ચરિત્ર—સંન્યાસ અંગીકાર કરવાની અનુજ્ઞા આપે છે. જૈનોના ઓગણીશમા તીર્થંકર મલ્લીનાથ સ્ત્રી હોઇને, સ્ત્રીઓ તીર્થંકર—પદને પણ ક્વચિત્ પ્રાપ્ત કરી શકે છે—આવો વિચાર જૈન દર્શન પ્રગટ કરે છે. જો સ્ત્રીઓ ધારે તો સ્વતંત્ર રીતે સ્વપ્રયાસથી પુરૂષોની માફક ઉંચામાં ઉંચી કોટિને પામી શકે છે—આ સિદ્ધાન્ત જૈન દર્શન સ્વીકારે છે એટલુંજ નહિ પણ ઉપદેશે છે. ચંદનબાલાનું દૃષ્ટાંત પણ એટલુંજ મનોહર તથા ઉપર જણાવેલી બાબતનું સમર્થક છે. ભગવાન મહાવીરે જે તીર્થનું સ્થાપન કર્યું, તેનું ભગવતી ચંદનબાલાએ અંગીકરણ કર્યું; તે ભગવાન મહાવીરની પ્રથમ શિષ્યા થઇ, અને તેમના સદુપદેશનું પાન કરી, કેવળજ્ઞાન સાધી, મોક્ષપદને પામી.

સ્ત્રી વર્ગ સંબંધી જૈન દર્શન હિંદુ ધર્મથી બહુ જુદા તથા વધારે વિશાળ ખ્યાલો ધરાવે છે—તે વાત 'સતી' શબ્દનો પ્રત્યેક ધર્મમાં શું અર્થ થાય છે તે વિચારવાથી વધારે સ્પષ્ટ થશે. હિંદુ ધર્મ

પ્રમાણે જે સન્નારીઓને ' સતી 'ની કોટિમાં મૂકવામાં આવી છે તેમનાં ચરિત્રો ધ્યાનમાં લઈએ તો માલુમ પડે છે કે જે સ્ત્રીએ અસાધારણ ધૈર્ય, સહનશીળતા, તથા ધર્મબુદ્ધિથી પોતાના શિયલનું પરપુરૂષથી રક્ષણ કર્યું હોય તેને ' સતી ' ગણવામાં આવે છે. સ્વપતિની વિચિત્રતાઓ જે સ્ત્રીએ માત્ર મૌન ભાવે સહન કરી હોય અને ગમે તેવા સંયોગો વચ્ચે ' હાય ' એવી બુમ પણ જેણે પાડી ન હોય તેને ' સતી ' તરીકે પૂજવામાં આવે છે. સારાંશ કે કાં તો અસાધારણ સંકટો કે લાલચો વચ્ચે શિયળસંરક્ષણ કર્યું હોય અથવા તો સ્વપતિની વિટંબનાઓ, વિચિત્રતાઓ, તથા વિકૃતિઓ શાન્તિથી તથા મૌન ભાવે સહન કરી હોય તેવીજ સ્ત્રી હિંદુધર્મમાં 'સતી' પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઇ છે. આ ભાવના ઉત્તમ છે તથા તેમાં ઉત્કૃષ્ટ તપ તથા આત્મભોગ રહેલાં છે. જૈન દર્શન સતીત્વપદપ્રાપ્તિ અર્થે આ ભાવનાઓ સ્વીકારે છે, પણ તેટલાથી સંતોષ પામતું નથી. જૈન દર્શન તેથી પણ આગળ વધે છે અને સતીત્વપ્રાપ્તિ અર્થે અન્તર્દ્વારો ખુલ્લાં કરે છે. શિયળસંરક્ષણને તો જૈન દર્શન પણ સતીત્વ અર્થે એટલુંજ આવશ્યક ગણે છે. પણ સતીત્વની પ્રાપ્તિ અર્થે શિયળની કસોટી કરે તેવા અસાધારણ પ્રસંગો ઉત્પન્ન થવાજ જોઇએ એમ તે સ્વીકારતું નથી. અન્યક્ષેત્રોમાં મહત્તા દર્શાવનાર સ્ત્રીઓને હિંદુધર્મ 'સતી' પદથી અલંકૃત કરતું નથી. જૈન ધર્મમાં જે સતીની નામાવલી રચવામાં આવી છે તેમનાં ચરિત્ર નિહાળતાં માલુમ પડે છે કે શિયળસંરક્ષણના વિકટ પ્રસંગો પ્રાપ્ત થયા ન હોય, પતિ સંબંધી બહુ સહન કરવું પડયું ન હોય તોપણ અન્ય ક્ષેત્રમાં મનુષ્યત્વને છાજે તેવાં પરાક્રમ કે મહત્તા દર્શાવ્યાં હોય તો તેને પણ 'સતી' તરીકે ગણવામાં આવી છે. દાખલા તરીકે બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, સુદર્શના, રાજીમતી, જયંતી, ઇત્યાદિ. આ દૃષ્ટિએ લીલાવતી, ચાંદબીબી, જોન ઓફ આર્ક કે ફ્લોરેન્સ નાઇટીંગેલને પણ સતીની કોટિમાં મૂકી શકાય.

'સતી' શબ્દના પ્રયોગમાં આ પ્રમાણે ભેદ પડવાનું મૂળ કારણ પ્રત્યેક ધર્મની ભાવનામાં રહેલી ભિન્નતાનું પરિણામ છે. હિંદુ ધર્મ પ્રમાણે સ્ત્રી સેવક છે, પુરૂષ સેવ્ય છે; સ્ત્રીને પતિ ઇશ્વિર સમાન છે તથા આ જગતમાં સ્ત્રીને પતિ સમાન અન્ય કોઇ તરણતારણ નથી. જૈન સિદ્ધાન્ત અન્ય પ્રકારે કહે છે. જૈન દૃષ્ટિએ સર્વ આત્માઓ—પછી તે પુરૂષદેહી હો કે સ્ત્રીદેહી હો—સરખા છે અને પોતપોતાની ઉન્નતિ સાધવાને હક્કદાર છે. પુરૂષની ઉન્નતિ માત્ર સ્ત્રીને અધીન નથી; તેમજ સ્ત્રીની ઉન્નતિ માત્ર પુરૂષનેજ અધીન નથી. એક અન્યના ઇષ્ટદેવ હોવાને બદલે એકમેકના સહચારી—સહાયકારી—છે અને ઉભયના ઇષ્ટદેવ તો પરમાત્મા જ છે કે જેની ઉપાસના કરીને પરમ પદને પ્રાપ્ત કરી શકાય છે. પુરૂષના પરમ પૌરૂષની સિદ્ધિ માત્ર સ્વસ્ત્રીઅનુશીલનનેજ અધીન નથી, તેમ સ્ત્રીનું સતીત્વ માત્ર સ્વપતિ—અનુશીલનનેજ અવલંબતું નથી. ઉભયનું દંપતી જીવન માત્ર મૈત્રીભાવ ઉપરજ રચાવું જોઈએ. કોઈ કોઇનું ગુલામ છે એવો વિચાર જૈન દર્શનને જરાપણ સંમત નથી. આ ઉપરથી જોઈ શકાશે કે સ્ત્રીને જૈન દર્શન પુરૂષ જેટલુંજ સ્વાતંત્ર્ય બક્ષે છે અને જેમ પુરૂષને, જો સ્ત્રી પોતાના માર્ગમાં અયોગ્ય રીતે આડી આવે તો, સ્ત્રીની અવગણના કરવાનો અધિકારી ગણવામાં આવે છે, તેવીજ રીતે સ્ત્રીને પણ એવા અપવાદજનક પ્રસંગો વચ્ચે પુરૂષની અવગણના કરવાનો અધિકાર મળે છે. આના સમર્થનમાં સુદર્શનાનું દૃષ્ટાન્ત આપવું બસ છે. સુદર્શના ભગવાન્ મહાવીરની પુત્રી થાય. તેનું લગ્ન જમાલી સાથે કરવામાં આવ્યું હતું. જમાલી જ્યારે ભગવાન્ મહાવીર પાસે દીક્ષા લીધી ત્યારે સુદર્શના પણ જમાલીની શિષ્યા થઇને તેની સાથે રહેતી. આગળ જતાં જમાલીને ભગવાન્ મહાવીર સાથે અમુક સિદ્ધાન્તના વિષયમાં જબરો વિચારવિરોધ ઉભો થયો. આ ઉપરથી જમાલીએ ભગવાન્ મહાવીરના શાસનનો અનાદર કરી સ્વતંત્ર મત સ્થાપિત કર્યો. સુદર્શના કેટલોક વખત તો જમાલી સાથે રહી, પણ વિશેષ વિચાર, મનન તથા અવલોકનના પરિણામે ભગવાન્ મહાવીરના કથનમાં તેને સત્ય પ્રતીત થયું. આ ઉપરથી સુદર્શ-

નાએ જમાલીને બહુ સમજાવવા પ્રયત્ન કીધો તથા બન્નેએ ભગવાન્ મહાવીરના શરણે જવું એમ વિનંતિ કરી, પણ જ્યારે જમાલી પોતાના દુરાગ્રહથી ડગ્યો નહિ ત્યારે સુદર્શનાએ જમાલીનો ત્યાગ કીધો અને ભગવાન્ મહાવીરના શાસનને પુનઃ અંગીકાર કર્યું. આવી સ્ત્રીને હિંદુ ધર્મ કદાચ અસતી કહેશે. જૈન ધર્મ તેને સતી ગણે છે.

જૈન દર્શન સ્ત્રીઓને ફરજિયાત ગૃહસ્થાશ્રમનો આગ્રહ કરતું નથી. જૈન કથાઓમાં નૈષ્ઠિક બ્રહ્મચારિણીઓનાં દૃષ્ટાન્તો કાંઈ થોડાં નથી. બ્રાહ્મી, સુંદરી, રાજેમતી, ચંદનબાળા, આદિ અનેક સતીઓ નૈષ્ઠિક બ્રહ્મચારિણી હતી.

કેટલીક જૈન સતીઓનાં દૃષ્ટાન્તો ખરેખર બહુ મનોહર તથા વિચારણીય માલુમ પડે છે, અને સ્ત્રીત્વની ઉત્કૃષ્ટતાને સમજાવવામાં બહુ સહાય કરે છે. મદનરેખાનુ દૃષ્ટાન્ત આવુંજ છે. મદનરેખા યુગબાહુની પત્ની થાય, યુગબાહુનો મોટો ભાઈ કેટલાક દુર્વિચારથી યુગબાહુને પ્રાણહર શસ્ત્રપ્રહાર કરે છે, અને તેથી તે મરણાવસન્ન દશામાં બહુ પીડાય છે. તે વખતે મદનરેખા પોતાના પતિને સંસારની વિનશ્વરતા તથા જીવનક્ષણભંગુરતાનો ઉપદેશ કરે છે તથા પરમાત્મચિન્તનમાં પ્રેરે છે. તેના પરિણામે યુગબાહુ શાન્તિ પામી, સમાધિમરણ અનુભવી સ્વર્ગ લોકમાં સીધાવે છે. હવે આગળ ઉપર અમુક વિદ્યાધરની સહાયથી મદનરેખા નંદીશ્વરદ્વીપની યાત્રાએ જાય છે, અને ત્યાં વસતા કોઈ જૈનાચાર્ય સમક્ષ બેસીને ધર્મ સાંભળે છે તેવામાં યુગબાહુ જે સ્વર્ગ લોકમાં દેવપદને પામેલ છે તે ત્યાં આવી ચઢે છે અને પૂર્વભવની સ્વસ્ત્રીને જૈનાચાર્ય સમીપ બેઠેલી જોતાં, જૈનાચાર્યને પ્રથમ વંદન કરવાને બદલે પૂર્વ ભવની સ્વસ્ત્રી મદનરેખાને વંદન કરે છે. આવા અઘટિત આચરણથી ત્યાં બેઠેલ વિદ્યાધર ચકિત થાય છે અને જૈનાચાર્યને આ બાબતમાં પ્રશ્ન પૂછે છે ત્યારે જૈનાચાર્ય તેના સંશયનું નિવારણ કરતાં કહે છે કે "આમાં યુગબાહુદેવે કાંઇ પણ અઘટિત કર્યું છે એમ માનવાનું કારણ નથી. જેનાથી પોતાને ધર્મપ્રાપ્તિ થઈ છે અને જે પોતાની સદ્ગતિનું નિમિત્ત બનેલ છે તેનેજ પ્રથમ વંદન ઘટે છે." સ્ત્રી હલકી એટલે પતિને કદિ પણ નમન યોગ્ય થઇ ન શકે એ વિચારનો આ દૃષ્ટાન્તથી સર્વથા બહિષ્કાર થાય છે અને **गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः।** એ ન્યાયપૂર્ણ સિદ્ધાન્તનું સચોટ રીતે સમર્થન થાય છે.

સતી થવાનો એટલે કે પતિ પાછળ બળી મરવાનો રીવાજ જૈન શાસ્ત્રથી સર્વથા અસંમત છે, અને તે માત્ર માનસિક નિર્બળતાનું પરિણામ હોઇને તેને 'આપઘાત'નીજ કોટિમાં જૈન શાસ્ત્ર મુકે છે. એક પણ જૈન સતી એવી નથી કે જેણે પતિમરણ પાછળ આવું આચરણ કર્યું હોય !

જ્ઞાનપ્રાપ્તિના વિષયમાં સ્ત્રીઓને પૂર્ણ અધિકાર આપવામાં આવ્યો છે તે બાબત, બ્રાહ્મણો જેમ વેદને સર્વશાસ્ત્રોનું મૂળ ગણે છે તેમ જૈનોમાં ગણાતા સર્વ શાસ્ત્રોના મૂળ સમાન આગમો વાંચવાની જૈન સાધ્વીઓને છૂટ આપી છે તે ઉપરથી સમજી શકાય તેમ છે. અનેક જૈન શ્રેષ્ઠીઓની પુત્રીઓના કળાવિભવ તથા શાસ્ત્રપારંગતતાનાં સુંદર વર્ણનો જૈન કથાઓમાં જ્યાં ત્યાં દૃશ્યમાન થાય છે. જયંતી અને ભગવાન્ મહાવીરની પ્રશ્નપરંપરા સૌ કોઇને સુવિદિત છે. ભગવાન્ મહાવીરને અનેક વિદુષી તથા કેટલીક તો સર્વજ્ઞત્વને પામેલી સાધ્વી શિષ્યાઓ હતી તે વાત મશહૂર છે; એટલુંજ નહિ પણ વર્તમાન સર્વ વિદ્યાઓનો મૂળ પ્રચાર પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવે પોતાની પુત્રી બ્રાહ્મીને અક્ષરવિદ્યા આપીને તથા સુંદરીને અંકવિદ્યા આપીને કર્યો છે એ જૈનોમાં પ્રચલિત માન્યતા એટલીજ ઉપયોગી તથા રહસ્યપૂર્ણ છે. સ્ત્રીશિક્ષણના વિરોધીઓને અથવા તો સ્ત્રીઓને બહુ સંકુચિત શિક્ષણ આપવાના પક્ષકારોને આ દૃષ્ટાન્તમાંથી બહુ ધડો લેવા જેવું છે.

સ્ત્રીઓને કોઇ કોઈ બાબતમાં તો પુરુષથી પણ ઉત્તમ પદવી આપેલી છે. સર્વ ધાર્મિક ક્રિયાઓમાં

સ્વસ્ત્રીને જમણું આસન આપવાની પદ્ધતિ જૈન દર્શને સ્વીકારી છે. આનું રહસ્ય વિચારવા લાયક છે.

લગ્ન સંબંધમાં જૈન દર્શને આગળ પડતું પગલું ભર્યું છે. રજસ્વલા થયા પહેલાં કન્યાને પરણાવી દેવાની સ્મૃતિકાર મનુ ભગવાનની આજ્ઞા વૈદ્યકીય નિયમથી વિરૂદ્ધ છે તથા બાળલગ્નાદિ અનેક હાનિકારક રીવાજોની મૂલક બનેલ છે. જૈનશાસ્ત્રમાં કન્યાની ઉમ્મર સંબંધી આવું કાંઇ પણ બંધન જોવામાં આવતું નથી. ઇચ્છાવરનાં તેમજ અન્ય અન્ય વર્ણો વચ્ચે થયેલાં લગ્નોનાં દૃષ્ટાન્તો કાંઇ જૈન કથામાં થોડાં નથી. આવી બીજી ઘણી બાબતો નવું અજવાળું પાડે તેવી મળી શકે તેમ છે, પણ સ્થળ-સંકોચના કારણે વિશેષ ઉલ્લેખ થઇ શકે તેમ નથી.

આ સર્વ ઉપરથી એમ કહેવાનો આશય નથી કે જૈન દર્શનકારો સ્ત્રીઓની સંસારમાં શું પદવી હોઇ શકે તે વિષે વર્તમાન ભાવનાને સર્વાંશે સ્વીકારે છે. સમયના બળે તથા પરિસ્થિતિના બળે જૈન શાસ્ત્રકારોએ પણ સ્ત્રીઓ સંબંધી કેટલીક સાધારણ બાબતોમાં અણઘટતા પ્રતિબંધો કર્યા છે અને પુરૂષોને વિશેષ સ્વાતંત્ર્ય આપ્યું છે પણ ઉપરની સર્વ વાતો ઉપરથી એટલું તો ચોક્કસ છે કે જૈન ધર્મનું મૂળથી વલણ સ્ત્રીઓને અયોગ્ય બંધનોથી મુક્ત કરાવવા તરફ તથા સમાનતા તરફ રહેલું છે અને તે દિશામાં જૈન શાસ્ત્રકારો યથાશક્તિ પ્રયાસ કરતા આવ્યા છે. જૈન ધર્મનું રહસ્ય આ પ્રકારે વિચારતાં જૈન સ્ત્રીઓની વર્તમાન હાલત ઉપર નજર ગયા વિના રહેતી નથી. વર્તમાન વસ્તુસ્થિતિ તેથી તદ્દન વિપરીત છે. તે જોઈ કોઇ પણ સુજ્ઞ જૈન વિચારકને ખેદ થયા વિના રહે તેમ નથી. કન્યાવિક્રય, વૃદ્ધ-વિવાહ તથા વિધવાબાહુલતાનો અત્યારનો જમાનો કયાં અને દીર્ઘદૃષ્ટિ ધરાવતા અને સમયને અનુકૂળ ફેરફાર કરતા જૈન પૂર્વજોનો જમાનો કયાં? સ્ત્રીઓને અજ્ઞાન અંધકારમાં સદા સડવા દેવી એવો આગ્રહ ધરાવનાર કેટલાક આપણા બંધુઓ કયાં અને બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, સેણા, વેણા, રેણા, જયંતી આદિ સર્વ વિદ્યાસંપન્ન સન્નારીઓનો યુગ કયાં? જો કોઇ પણ ધર્મ સ્ત્રીઓને પરાધીનતામાંથી મુક્ત કરવાના માર્ગમાં તથા પુરૂષ સમાન ઉન્નતપદે સ્થાપવામાં સહાય કરે તેવો હોય તો તે જૈન ધર્મજ છે અને તે ધર્મનાજ અનુયાયીઓ આ વિષયમાં અગ્રણી ન બનતાં હિંદુ ભાઇઓની પાછળ પાછળ ચાલે અને તે પણ મંદતરગતિએ—આ જૈનોને ખરેખર શરમાવા જેવું છે. આશા છે કે જૈનો આ વિષયમાં સ્વશાસ્ત્રરહસ્યને યથાર્થ રીતે સમજીને વિશેષ પ્રગતિમાન થશે અને સ્ત્રી જીવનના ભાવી ઉદ્ધારમાં બહુ ઉપયોગી ભાગ ભજવશે.

તા. ૧૪-૮-૧૮. ભાવનગર. } **પરમાનન્દ કુંવરજી કાપડિયા.** બી. એ. એલ્‌એલ્‌. બી.

બ્રહ્મચર્ય.

(વ્યાખ્યાતા—રા. પ્રાણજીવન મોરારજી શાહ, રાજકોટ).

પ્રિયવાચક—જ્ઞાની મહાત્માઓએ થોડા શબ્દોમાં કેવું ચમત્કારી સ્વરૂપ બતાવ્યું છે તે બ્રહ્મચર્યના નવ પ્રકાર પર જેમ જેમ વિશેષ વિચાર કરીએ છીએ તેમ તેમ સ્પષ્ટ જણાઈ આવે છે. આ નવ પ્રકારને જૈનધર્મમાં નવ વાડ કહે છે; અને તે નવવાડો બધા ધર્મના ત્યાગી મહાત્માઓને લાગુ પડે છે; એમાં જરા પણ સંશય જેવું નથી–જેમ આંબાના વૃક્ષને બરોબર ફળનો ફાલતો જોવાને રક્ષણ કરવાની જરૂર છે, જેમ રાજના ખજાનાને સાચવવાને કિલ્લાઓની જરૂર છે, તેમજ આ બ્રહ્મચર્ય રૂપ ઉત્તમ વૃક્ષને અને સાક્ષાત્ કલ્પવૃક્ષને સાચવવા સારૂ આ નવવાડ રૂપ નવ કિલ્લા છે અને એ કિલ્લાઓ આબાદ હોય તોજ એ બ્રહ્મચર્યરૂપ કલ્પવૃક્ષ ટકી શકે છે અને તોજ અમૃત રૂપી મોક્ષફળ મેળવી શકાય છે, અને આ ભવમાં જ્ઞાનમૂર્તિ બની અનેક સુગંધી ફેલાવી શકાય છે.

આ નવવાડો જો આપણે ગૃહસ્થની દૃષ્ટિએ જોઇએ તો એમ નહીં કહી શકાય કે તે માત્ર સાધુઓનેજ માટે છે. ગૃહસ્થને એમાંનો ઘણોખરો ભાગ તદ્દન લાગુ પડે છે, માટે એક પત્નીવ્રત પાળવા. તેમજ સ્ત્રીએ એક પતિવ્રત પાળવા આ નવવાડોનું શરણ લેવુંજ જોઇએ. નપુંસકનો સંગ–સ્ત્રી પુરૂષોનાં બિભત્સ ચિત્રો જોવાં, ઢોરોના સંભોગો નિહાળવા, ગુપ્ત અંગોપર તથા વિકાર ઉત્પન્ન થાય તેવા ભાગો પર નજર સરખી કરવી, નાટકોના શૃંગારિક દેખાવો, શૃંગારિક ગ્રંથો, આજકાલ વધી પડેલા જ્યાં ત્યાંના વીર્યને પાણી કરી નાંખનાર દેખાવો, બીજાનું પછી પણ મા, બેન, દીકરીના આસનપર એક સાથે બેસવું, જેના તેના વિષયભોગ સંભારી સંભારીને લવારો કરવો, અગર મનમાં નવા નવા વિચારવાયુના મહેલો રચવા, કુતર્કો કરવા, અતિપૌષ્ટિક દવાનું ખોરાકનું મદ્યમાંસનું ને એવી બીજી ચીજોનું કેવળ વિષયસુખ માટે, જાડા રાતા પાડા જેવા થવા માટે સેવન કરવું, ખાનપાન ઊંઘ—આરામમાં હદ્દ વટી જવી અને શરીરનો પહેરવેશ, શણગાર, વાળ, ચહેરો વગેરેમાં થતી ટાપટીપ વગેરે ઘણું ઘણું બ્રહ્મચર્ય જાળવવા માટે તજી દેવાની જરૂર છે, અને તેને બદલે વિવેકપૂર્વક ઉપરની નવવાડો સેવવાની–કરવાની છે.

ગૃહસ્થ પણ અમુક અંશે સાધુ છે, બાળબચ્ચાંની નજર આગળ, તેનો પિતા ને માતા છે તે સાધુ છે, તેમજ ગૃહસ્થ પણ કોઈ દિવસ સંપૂર્ણ સાધુ દશામાં આવનારો છે, વગેરે કારણો જોતાં પણ ગૃહસ્થે ઉપરની નવવાડો પોતાના બ્રહ્મચર્ય રૂપી અમૂલ્ય રત્નના દાબડાને જાળવવા ને તેને કોઈ ચોર ચોરી ન જાય તે સારૂ ઉપરની વાડોથી સાચવવાની પૂરેપૂરી જરૂર છે. આજના ભાષણમાં એ સર્વસામાન્ય બ્રહ્મચર્યની વાડો લાવવાનો હેતુ પણ એજ છે.

બ્રહ્મચર્યનો ખરો આધાર કોના ઉપર છે ?

બ્રહ્મચર્ય એટલે શિયળ પળાવવાનો ખરો આધાર માબાપ પર છે. માબાપજ બ્રહ્મચર્યનો મૂળ પાયો છે. જો માબાપ, સુશીલ, સદ્ગુણી, નીતિને રસ્તે ચાલનારાં, હક્કનું ખાનારાં, પ્રભુપરાયણ અને આહાર વિહાર વ્યવહારમાં શાસ્ત્ર પ્રમાણે વર્તન કરનારાં હોય તો તેનાં ફરજંદો બ્રહ્મચર્યના નમુનારૂપ ઉદ્ભવેજ. તેવાં બાળકો તેજસ્વી, પૂરેપૂરાં યોગ્ય અંગ ઉપાંગવાળાં, નિરોગી, રૂષ્ટપુષ્ટ, પરાક્રમી અને સુબુદ્ધિમાન્ હોય છેજ. બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા એ કહેવત પ્રમાણે માબાપે પોતે ભવિષ્યની તમામ પ્રજાના સુખ સારૂ પ્રામાણિકપણે પોતાની જીંદગી ગાળવી જોઈએ. એક નાનામાં નાના વડના બીજમાં જેમ હજારો વડો રહ્યા છે તેમ એક માતાના ઉદરમાં પિતાના સંસર્ગથી હજારો વંશ સમાયેલા છે. "બાળક એ પુરૂષોનો પિતા પણ છે, ભવિષ્યની દુનિયાજ બાળક છે, દેશનું જીવતર દેશનું જીવન બાળક છે." વગેરે મહાવાક્યો પર વિચાર કરવાથી

પણ માબાપોને બ્રહ્મચર્ય પાળવાની કેટલી બધી જરૂર છે તે સિદ્ધ થાય છે. એક માબાપ બગડે તો હજારો કુટુંબો અરે હજારો દેશ પણ બગડે છે, અગર નાશ પામે છે. મનુષ્ય તરીકે ગણાવવાની મુખ્ય ફરજ બીજા ગુણો કરતાં આ બ્રહ્મચર્ય ઉપર વધુ રહેલી છે; વધુ સગવડવાળાં અંગ ઉપાંગ મળવાથી કે મનુષ્યને પેટે જન્મવાથી કાંઇ મનુષ્યપણું હક થયું ગણાતું નથી.

જૈન શાસ્ત્રોમાં આણંદાદિ ૧૦ શ્રાવકો, સુદર્શન શેઠ, ૧૬ સતીઓ, વગેરેનાં જીવનચરિત્ર વાંચીએ છીએ તો સાફ જણાય છે કે તેઓ પોતાના શિયળવ્રતમાં મેરૂની માફક અડગ હતા અને ગૃહસ્થ ધર્મનું પાલન પણ બ્રહ્મચર્યને પ્રથમ જાળવીને ઉત્તમ પ્રકારે કરનારા તેઓ હતા. તેઓને બ્રહ્મચર્ય જાળવવામા ઘણી ઘણી મુસ્કેલીઓ પડી, લાલચો મળી તો પણ કેવળ મોક્ષના અક્ષય સુખને માટે તેમણે પોતાની દૃઢતા ચળાવી નથી. માટે માબાપોએ પોતાના સ્વાર્થની સાથે, ભવિષ્યની પ્રજાના લાંબા કાળના સુખને વાસ્તે બ્રહ્મચર્યનો પાયો મજબૂત રાખવાની જરૂર છે. તેના જેટલો મજબૂત પાયો બીજો કોઈ પણ રોપી શકે નહીં; કારણ કે જગતમાં જે કંઇ મહાત્માઓ, સદ્ગુરૂઓ, ઉત્તમ વક્તાઓ, ઉપદેશકો, શોધકો, વીરપુરૂષો, સતીઓ, અરે ભગવાન્ તુલ્ય ગણાયેલા પુરૂષો અને સ્ત્રીઓ સર્વેનું મૂળ સ્થાન માતાનું ઉદર છે. બ્રહ્મચર્યનો પાયો રચવામાં સદ્ગુરૂ, ઉપદેશક, મિત્ર, પુસ્તકો, દુઃખ, સત્સંગ વગેરે ઘણું કામ બજાવી શકે પણ તે સૌ માબાપથી ઉતરતાં સાધનો છે. માબાપ નામ ત્યારેજ શોભે છે કે ભવિષ્યનાં બાળકોનાં સુખને માટે પોતે મુસ્કેલીઓ વેઠીને પણ સદાચાર તેમણે પાળ્યો હોય.

સાધુજી મહારાજનો નંબર માબાપ પછી આવે છે; કારણ કે સાધુજીને અનુસરનારો ઘણો વર્ગ હોય છે માટે સાધુ દશાવાળા મહાત્માઓએ, પોતાના પરલોકના કલ્યાણને વાસ્તે બીજા તમામ સાધુ મહાત્માઓને પણ દાખલો મળે તે સારૂ તેમજ શાસ્ત્રમર્યાદાને સત્ય ઠરાવવા ને અનુકુળ રહેવા સર્વથા બ્રહ્મચર્ય પાળવાનું છે. જૈન ધર્મમાં તેવા સાધુ દશાવાળા સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનારનેજ સંયમી, મુનિમહારાજ, પૂજ્ય, સંયમી, સ્વામી, ઈત્યાદિ અનેક ઉત્તમ નામો આપણે લાગુ પાડીએ છીએ. ખરૂં સાધુપણું તેમાં રહેલા ગુણોને લીધે છે, કાંઇ વેશ, કે શુષ્કક્રિયામાં નથી. માટે સાધુજીએ પોતાના, પોતાના સેવકોના ભવ પરભવના કલ્યાણ અર્થે ઉત્તમ સંયમી બનવું. તેનું ફરવું હરવું દરેક સ્થળે થતું હોવાથી, તેના ઉપર બીજાઓ સુધરશે કે બગડશે તેનો ઘણો આધાર છે. એક માબાપ બગડે તો ઘણી પેઢીઓ બગડે છે તેમ એક સાધુ બગડે તો તેના સંસર્ગમાં આવનાર દેશ પરદેશ ગામના તમામ લોકો બગડે છે. કારણ કે લોકોનો ઘણો ભાગ ભોળો શ્રદ્ધાળુ ને ગાડરીઆ પ્રવાહ જેવો હોય છે માટે સાધુએ સ્ત્રી સંબંધી મન વચન કાયાએ સમાગમ વર્જવાનો છે. પોતાની ઈંદ્રિયો સ્હેજ પણ છકી જાય, મનમાં સ્હેજ પણ વિકાર થાય, તો તુરત ચેતી જઇ ઈંદ્રિયદમન કરવા, ઉપવાસ, પૌષ્ટિક વસ્તુઓનો ત્યાગ, નારી સાથે બેઠકઉઠક વાતચિત પણ બંધ, દેહદમન, દૃઢ પ્રતિજ્ઞાઓ, વગેરે અનેક પ્રયોગોનો અનુભવ લઈ ઈંદ્રિયો અને તેનો રાજા જે મન તેને મહાત કરી ઠેકાણે લાવવા ને સદુપયોગમાં વાપરવા, પોતાના વીર્ય-બળ-પરાક્રમ-પુરૂષાર્થને આખા શરીરમાં વ્યાપ્તમાન કરી તેનો ઉપયોગ, જ્ઞાન લેવામાં, ક્રિયા જાળવવામાં, ઉપદેશ વગેરેથી, જગતને માટે પોતાના માટે કલ્યાણકારક થવામાં, અને ધ્યાન વગેરેથી આત્માની એકાગ્રતા કરવાનો છે. વિષયવાસનાનો સ્હેજ પણ ભલુકો અંતરમાં ન ઉઠે તેવી દશામાં રહેવાનું છે. લોક કરતાં તેને પ્રભુપરાયણ રહી કુદરતના કાયદાથી વધુ ડરવાનું છે. જેમાં સૌ બૂડ્યા છે, જેને સૌએ રમાડયા છે, જેમાં સૌ ભોળવાણા છે, જેમાં સૌ ભમ્યા છે, તે નારી, તે વડી મોહની, તે મહામાયા, તે વિષયપાશ,નો તો તેણે ધોળે દિવસે, ખૂબ સમજીને, ઇરાદાપૂર્વક, ગાજતે વાજતે રથ વગેરેમાં પૂર્ણ ધામધુમથી બેસીને ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કર્યો છે. મન વચન કાયાથી તેનો સંગ કે ધ્યાન પણ

કરવું નહીં, કરાવવું નહીં ને કોઈ કરે તો તેથી પોતે રૂડું ન જાણવું એમ નવ પ્રકારે બરોબર ત્યાગ કર્યો છે તો પછી જેમ ઉલટીનો કોઇ આહાર કરે નહીં, અરે અડે નહીં—અરે નજરે નિહાળે પણ નહીં તેમ, વિષ્ટાની સામે તિરસ્કાર છૂટે અને ગ્રહણ કરે નહીં તેમ, મરેલાંને જેમ કોઈ ઘરમાં રાખે નહીં તેમ, ખાળનાં પાણી કોઈ પીએ નહીં તેમ, સાધુએ નારી તરફ રહેવાનું છે. વિષયની ખરેખરી પ્રૌઢ મૂર્તિ, વિષયનો અખૂટ ખજાનો, અને ફસાવનારી મહાજાળ રૂપી જે સ્ત્રી તેને સાધુએ કામવાસનાના લેશ પણ વિચારથી નિહાળવી નહીં, તો વાતચીત તો શાની થાય, સ્પર્શ તો બનેજ શી રીતે અને ભોગની તો વાતજ શી ?

માબાપને સાધુજીની માફક, બ્રહ્મચર્ય બાબતનો બોજો, મહાજનોપર, વડીલોપર, આગેવાન ગણાતા પર પણ રહે છે માટે તેવા કોઇને કોઇ રીતે આગળની હારમાં ગણાતા શેઠ, કે મહાજનોએ પણ પોતાના ને પોતાનો દાખલો લેનારાના સર્વોત્તમ સુખ વાસ્તે, પ્રમદાની જાળમાં ન ફસાઇને બધાં સુખનું મૂળ જે બ્રહ્મચર્ય તેને બરોબર પાળી પોતે શુદ્ધ વ્યવહાર આચરનારા છે એમ સિદ્ધ કરી બતાવવું. મોટા થવું ઘણું સહેલું છે, પણ મોટાઇનાં લક્ષણો, મોટાઇની સ્થિતિ જાળવી રાખવી ઘણીજ અઘરી છે. નહી તો ચતુરાઈ ચૂલે પડશે ને અકલમાં આગ ઉઠતાં મોટાઇરૂપી મૂડીનું દેવાળું ફુંકાશે.

અમે શિયળ પાળવા રાજી છીએ પણ અમને સ્ત્રીઓ ફસાવે છે તેથી શું કરીએ ?

સ્ત્રી એજ ગુણ ને અવગુણની ખાણ છે, પરસ્ત્રીઓ જેઓ પોતાના શરીર ને મન સંપત્તિઓનો દુરૂપયોગ કરે છે, અને પોતાની સ્ત્રી પણ પોતાના પતિની વિષયવાસના તૃપ્ત કરવા અનેક રીતે દુઃખી કરે છે તે તમામ નરકની ને અવગુણની ખાણ છે એમ જરૂર કહી શકાય; સતી—મહાસતી—પતિવ્રતા—જુગદંબા—ગંગા ભાગીરથી વગેરે ઉત્તમ નામોને જે લાયક છે, તે પોતાના પતિની ઇચ્છા પ્રમાણે વર્તી, *કામવાસના ધર્મ અને ન્યાયપૂર્વક તૃપ્ત કરે છે, ધણીને* અને આસપાસનાંને સુધારે છે તથા ઉત્તમ સંતાન રૂપ ફોટાઓ પોતાની પાછળ મૂકી જઈ અનેક રીતે જગતનું કલ્યાણ કરે છે. અને તેજ માતા જગતમાં વીરવિક્રમ, મહાવીર, ભરત, રામ, હનુમાન, વગેરે પેદા કરે છે. આવી માતાઓ જે દેશમાં હોય તે દેશમાં દળદર, રોગ, કુસંપ વગેરે નામમાત્ર પણ ન હોય, ત્યાંજ ચોથો આરો અથવા સત્યયુગ હોય. કુલટાઓ અનેક રીતે નીંદવા યોગ્ય છે પણ તે ઉપરથી એમ નથી ઠરતું કે પુરૂષોને તે રખડાવે છે. બ્રહ્મચર્ય—ભંગમાં, શિયળવ્રતની શિથિળતામાં તેવી કુલટાઓજ દોષિત છે એમ કહેનાર ખરેખર નિર્બળ છે. 'એ સ્ત્રીઓ સુધરે તો જ જગત્માંથી વ્યભિચારનું નામ નિશાન જાય; અમે તો ઘણા સદ્‌ગુણી થવા ચાહીએ છીએ પણ એની સ્ત્રીઓજ અમને વ્યભિચારના કુવામાં ધકેલે છે'. આવી માન્યતા સાવ ખોટી છે. વ્યભિચાર કે ખરાબ રીતે કામતૃપ્તિમાં એકથી કાંઈ કામ સરતું નથી તે રીતે સ્ત્રીએ ભાગીદાર છે પણ મૂળ દોષ પુરૂષોનો જ છે. સ્ત્રીઓ કદાચ ખરાબ થઈ જાય પણ થાય કેની સાથે ? ને પુરૂષો પરાક્રમી, બળવત્તર અને દૃઢ પ્રતિજ્ઞાવાળા હોય તો સ્ત્રીઓ એકલી બગડશે કેની સાથે ? સ્ત્રીઓને બીજે વખતે આપણે, નમાલી, બેગમ, મૂર્ખ, રાંક, ગમાર, પગની પેનીએ બુદ્ધિવાળી, નિર્બળ ગણીએ, અને આવા કામમાં એ જ કુલટાઓ અમને નિર્બળ બનાવી ફસાવે છે આમ બોલતાં શરમ નથી આવતી ? મહા સમર્થ અધિકાર તો શાસ્ત્રોમાં, વ્યવહારમાં, ધંધામાં, ને કામકાજોમાં પુરૂષોએ લીધો છે, છતાં ગમાર ઓરત તેને બગાડે એમ બનેજ શી રીતે ? એતો સસલાને શીંગ આવવા જેવું, સિંહને હાથી હરાવે તેવું તથા ઘોડાથી ગધેડો આગળ જાય તેવું વિચિત્ર ને અસંભવિત છે. વિચાર તો કરો કે એવી બગડવા ચાહતી સ્ત્રીઓ, કંઈ આપણા પર જુલ્મ નથી કરતી, આપણને બાંધીને નથી લઈ જતી, માછલાની જાળ નથી પાથરતી, અરે એમ કરે તો સરકાર દરબારના કાયદા ખુલ્લા છે, પણ ખરી વાત તે નથી. આપણી મરજી જ ફસાવાની છે, *આપણે નબળા—ઢીલા—રાંક—ઢળી જઇએ એવા છીએ,* જેમ દૂધને થોડા મેળવણની જરૂર છે તેમ આપણા

મનમાં ઘોળાતા એવા ખરાબ વિચારોને જરા બાનાની જરૂર હતી તે આપણે ખોળતા પણ હતા; અને તેથી જ એમ થયું છે. દોષ સ્ત્રીઓનો નથી, આપણી નબળાઇનો છે. પતંગને દિવો ક્યાં તેડવા જાય છે? તે અંદર ઝપલાઈ પડે તો તેમાં દિવો શું કરે? ઘરમાં-શરીરમાં-મનમાં એવો ખજાનો ઉછળી રહ્યો છે કે તેને બહાર કાઢવાની જૂઠી-પ્રાણઘાતક ઇચ્છાવાળા આપણે જ છીએ. વેળુમાં આપણે મૂતરવાની મરજી જાણી જોઇને જ પેદા કરી છે. આથી જ આમ થાય છે. સ્ત્રીના પાશ કરતાં પુરૂષનું પુરૂષાર્થ એવું તો બળવાન છે કે તે સ્ત્રીના પાશના કડકે કડકા કરી નાંખે, પુરૂષ-પુરૂષાતનવાળા પુરૂષને ફસાવવાની સ્ત્રીની સત્તા જ નથી. એને માટે પુરાવો જોઈએ તો જે માણસો કુલટાઓની જાળમાં ફસાણા છે, ધનથી રાંક બન્યા છે, શરીરે ચાંદી, પ્રમેહ, ખોટી ગરમી, વિસ્ફોટક, નબળાઈ, ક્ષય, રક્તવિકાર વગેરેના ભોગ થયા છે, આબરૂમાં જેઓ પાયમાલ થયા છે તેઓને પૂછો. તેઓ તરત જવાબ દેશે કે ભાઈ અમે ત્યાં તણાઇને અમારી મેળે ગયા હતા, અમે નબળા હતા અને હજી નબળા રહ્યા છીએ. માટે સ્ત્રીઓનો દોષ છે એવાં બાનાં મૂકી દેવાં. પારકાનો જ વાંક કાઢવો એ એક જનસમાજની સાધારણ ટેવ થઈ પડી છે. આપણે તે નરકકુંડ તરફ જવાની થોડી ઘણી ઇચ્છા ધરાવતા હોઇએ તોજ તેમ બને છે. ખડ સળગે એવી તૈયાર સ્થિતિમાં છે તોજ અગ્નિની નાની ચીનગારી તેને બાળી ભસ્મ કરે છે પણ તેજ ચીનગારી પાણી કે પાણાને કાં ન બાળે? ઉલટી તે ઠરી જાય છે. માટે દોષ આપણોજ છે. આપણામાંના ઘણાને બીજા રસ્તાઓ હોય છતાં એ કુલટાના ઘર પાસેથી નીકળવાનું મન થાય છે, તેમના હાવભાવ-નખરાં-ચાળા-ચહેરા જોવાના ભાવ થાય છે, ચાલો સ્હેજ જોતા જઇએ એમ પ્રથમ તો એક ચમત્કાર એક આનંદ ખાતર બોલતાં તે તરફ મન વળે છે પણ પછી એ ચમત્કાર ભારે ખરાબી નીપજાવે છે. તમો ગમે તે કારણે પણ તે તરફ તેમને જોવાની મરજી બતાવો, તેને ત્યાં વિનોદ ખાતર બેસવા જાઓ તો પછી તે તો દુકાનદાર છે, તો તેઓનો માલ ખપાવવા તમને શામાટે ઘરાક ન બનાવે? બનાવેજ. તમે તમારી દુકાને શું કરો છો? તો તેની પણ એ એક દુકાન છે. તેના શબ્દોને વાઘના અવાજ ગણીએ, તેના હાવભાવને ડાકણના ચાળા ગણીએ, તેના ચહેરાની રોશનીને સળગતી હોળી ગણીએ, અને તે તરફ નીકળીએજ નહીં તો તેણીનો શો ભાર છે કે આપણને ફસાવે. અફીણ સુંઘવાની ટેવ રાખો, અફીણીઆની દુકાને નબળું મન રાખી બેસવાની ટેવ રાખો ને પછી અફીણ વળગે તેમાં અફીણનો કે અફીણીઆનો દોષ શાનો? જમણ પારકું હતું પણ પેટ તો તમારૂંજ હતું. માટે એવી કુલટા-વેશ્યા સ્ત્રીઓ, ઝાહેર દુકાન માંડી બેઠી હોય કે ગૃહસ્થની સ્ત્રી બનીને કઇકને ખુવાર કરતી હોય, અગર તો મોટા શેઠ શાહુકારની સ્ત્રી હોય તો તેની ટાપટીપની, નખરાંની, નાણાંની શરીરની કે કામવાસના વગેરે કોઇ પણ લાલચમાં લપટાવાની સ્હેજ પણ બુદ્ધિ કરવી નહીં એ મનુષ્ય તરીકે-પુરૂષ તરીકે આપણું મુખ્ય કર્તવ્ય છે-અને એમ અડગ રહેશો તો આ લોકની સ્ત્રી તો શું પણ દેવી-રંભા-અપ્સરા પણ તમોને ચળાવી શકશે નહીં. એમ જો સ્ત્રીઓ ચળાવે તો, સુદર્શન શેઠનું નામ કેમ લેવાતજ? લક્ષ્મણજી પ્રખ્યાત કેમ હોત? ટુંકામાં દોષ આપણા ઢીલા મનોબળનોજ છે. એવાં સ્થળોને આપણે સર્પનો રાફડો છે, અંધારો કુવો છે, ઝેરના લાડવા છે, ત્યાં બાબરો ભૂત-માથા વિનાનો મામો કે ખવીસ કે ડાકણ કે ચુડેલ વસે છે, એમ ગણી બીવું ને ત્યાં જવુંજ નહીં. તેવી કુલટા સ્ત્રીઓ સાથે ગમે તે લાભ હોય તોએ પરિચય કરવો નહીં, વેપાર કરવો નહી, ધંધો નોકરી પણ ન કરવી. તમામ લાભો જતા કરવા; કારણકે બધા લાભોના સરવાળાથી, બ્રહ્મચર્યથી જે અપૂર્વ સુખ ને પરાક્રમ શરીરમાં રહે છે તેમજ આ દુનિયામાં ને પરલોકમાં જે અનંત સમૃદ્ધિ મળે છે તે ઘણીજ વધારે છે. કુવામાં પડનારો, કુવાનો, અફીણ ગાંજો, ભાંગ, દારૂ, ચંડુલ, કોકેન વગેરેને સેવનારો તે તે ચીજોનો દોષ કાઢે એ જેટલું હાંસીકારક છે તેટલુંજ વેશ્યા અમને ફસાવે છે એમ કહેનારને માટે છે; માટે જેમનું નબળું મન હોય

તેમણે અને જેમનું મજબૂત મન હોય તેમણે પણ તે સંગ છોડવો. તેની ગંધે પણ ન જવું.

શિયળ ભંગનાં નુકસાન.

શિયળભંગનાં, વ્યભિચારનાં નુકસાનો માટે તથા બ્રહ્મચર્ય પાળવાના અપૂર્વ લાભો માટે મહાત્માઓએ ઉપદેશકોએ અને ઘરડાઓએ કહેવામાં, દાખલા દેવામાં બાકી રાખી નથી. તેમજ પુસ્તકોનાં પુસ્તકો વિદ્વાનોએ ભર્યા છે, તેમ એવો એક પણ ગેરફાયદો નહીં હોય કે જે શિયળભંગમાં ન હોય. તેમ એવો એક પણ ફાયદો નહીં હોય કે જે બ્રહ્મચર્યમાં ન હોય તો પણ પ્રસંગને લઇને ટુંકમાં તે વિષે થોડું વિવેચન કરીએ.

ચામચોરનો કોઇ વિશ્વાસ કરતું નથી.

શિયળરહિતને–કાછડીછૂટને–ચામચોરને ઘરમાં–મંદિરમાં–દુકાનમાં કોઈ આવવા દેતું નથી. મિત્ર દાવે, ઉપરી દાવે, શેઠ દાવે, નોકર દાવે, એમ કોઇ રીતે તેના પર ભરોસો બેસતો નથી. તેવાઓને કોઈ મિત્ર કરતું નથી, તેવાઓને કોઈ નોકર રાખતું નથી, તેવાઓને કોઈ શેઠ પણ કરતું નથી. રાજદરબાર, બજાર, શેરીમાં તે હાડહાડ થાય છે. તેના તરફ અનેક જાતની શંકા રહે છે. તે મોટો લક્ષાધિપતિ હોય કે બજારમાં લાખોની હુંડી લખનાર સ્વીકારનાર હોય તો પણ આપણે ઘેર તે કદી ન આવે તેવું ઇચ્છીએ છીએ અને ભોગ જોગે કદી આવે તો આપણે તેને ગૃહસ્થ ન લેખતાં એક ચોરની માફક નિહાળી તેની ચોકી કરીએ છીએ. એ એક જાતનો શકદાર છે. પોલીસ કદાચ તેને શકદાર ન ગણે પણ જનસમાજ તો કુદરતના કાયદા પ્રમાણે તેને હરામીમાં હરામી શકદાર ગણે છે. ધનચોર, દાણાચોર, કલમ ચોર, જેમ કહીએ છીએ તેમ તે માણસને વૃદ્ધોએ ચામડાંચોર કહ્યો છે અને તે બીજા ચોરો કરતાં વધુ ગુન્હેગાર વધુ નીચ અને વધુ ભયંકર છે. તેના કામને ચામચોરી કહે છે. આ શબ્દો અર્થસૂચક છે કારણકે એક અલ્પ કાળના સુખને વાસ્તે વ્યભિચાર કરવામાં ચામડાં ચુંથવાં એ સિવાય કંઈ નથી. એવા ચામચોરમાંથી પણ ધનચોર–કલમચોર વગેરે બીજી ચોરી કરવાની કુટેવો પેસે છે ને તેથી તે તમામ જાતની ચોરી કરનારો બની જાય છે માટે સામાન્ય ચોર કરતાં આ વ્યભિચારી ઘણોજ ભયંકર ને ઘાતકી છે. તે આપણી હાજરીમાં આપણે ઘેર આવે તોયે આપણી આબરૂ જાય છે, માટે તેના પૈસાની, તેના ઘરેણાંની, તેની વગની, કે બીજી મોટાઇમાં આપણે લોભાવું નહીં તેમ ડરી જવુ નહીં. પરવા પણ ન કરવી. આપણી ગેરહાજરીમાં તે આપણા ઘરમાં આવે જાય તો તો આપણી આબરૂના ખરેખર કાંકરા થાય છે, માટે એ ભંગીનાં, અરે ભંગીથી પણ નપાવટનો જરા પણ વિશ્વાસ કરવો નહીં.

વ્યભિચારીનું અકાળ મરણ થાય છે.

પકડાઈ જતાં–છીનાળું છતું થતાં આપઘાત થયાના દાખલા આપણે ઘણા સાંભળ્યા છે, જોયા છે ને વાંચ્યા પણ છે. છીનાળાની બાબતમાં ધણીએ સ્ત્રીનું, સ્ત્રીએ ધણીનું, પતિએ રાખેલાનું, એક સ્ત્રીએ બીજી સ્ત્રીનું, મદદગારોનું એમ ઘણાં ખુનો થયા છે. સ્ત્રીઓપર બળાત્કાર થવાથી શરમને માર્યે તેઓ કુવામાં પડી મરી ગઈ છે, ઘણીએ જીભ કરડી છે, ફાંસા ખાધા છે, અફીણ ખાધાં છે વગેરે–આ બધાં અકાળ મરણો છે; અને એવી રીતે મરનારાંઓની મરણટાણાની વાસના ઘણીજ ક્રોધી–દુઃખી હોવાથી તેને નરક યોનિમાં, નીચ યોનિમાં ઘણો કાળ રખડવું પડે છે. આપઘાત કરનાર સાત ભવ એવાને એવા કાઢે છે એ કહેવત ઘણી અર્થસૂચક છે–સાચી છે; મનુષ્ય જેવો ઉત્તમ ભવ તેઓને માટે ઘણોજ કઠણ થઇ પડે છે. કદાચ કોઈ એવા અકાળ મરણથી કે આપઘાતથી નથી મરતા તોપણ માંદગીમાં તેની એવી સ્થિતિ થાય છે, આખી જીંદગીનાં એવાં કુકર્મોથી તેની મરણટાણેની અક્કલ ને વિચાર એવા તો બગડી ગયાં હોય છે તેનું શાંતિમાં મરણ થતું નથી. અનેક જાતની શારીરિક–માનસિક પીડામાં તે પીલાઇને, ઘણીજ ખરાબ વાસનાઓમાં મરે છે. આ મરણ પણ અકાળ મરણ જેવું છે–શાંતિમરણ નથી. આમ માંદો થઈ મરનાર પણ જન્મમરણમાં હલકી યોની પામી રખડે છે ને ખુવાર થાય છે માટે શાંત મરણ થવા, સમાધિ મરણ થવા, એક પત્નીમાં સંતોષ રાખવો અને ત્યાગીએ સર્વથા સ્ત્રીનો ત્યાગ કરવો.

કુશીળીઆ સાથે ત્રણ જાતના કોપ.

આસપાસનાંઓનો કોપ—સગાં સ્નેહી પાડોશી, વ્યભિચારી તરફ અવિશ્વાસની સાથે તિરસ્કાર દૃષ્ટિથી જુએ છે. કારણકે એવા વ્યભિચારીથી આખા કુળનું નામ બોળાય છે અને સૌને પોતાની આબરૂ પણ, આ પાપીના પ્રતાપે થોડી ઘણી ગઇ એમ લાગે છે. સૌને નીચું જોવું પડે છે. નાતજાત-સગાં વેવાઈનાં મેણાં ખમવાં પડે છે ને છાતી કાઢી ચલાતું નથી. આથી આ બધાં સંબંધી તે વ્યભિચારીને અનેક રીતે ધિક્કારે છે. વ્યભિચારીને ત્યાં વિવાહ-સગપણ-મરણ -વગેરે અવસર હોય તો તથા તે રાજદરબારનાં કે એવાં કંઈ દુઃખમાં હોય તો કોઈ મદદ કરતું નથી અને એ રીતે તેની ટેવ સુધારવાને તેઓ કનડે છે. કેટલાક એના જેવા ખુશામતીઆ તેના ધનમાં અંજાઈ મદદ કરે છે તો, તેઓને પણ ખરા હિંમતવાન સદાચરણી માણસો ધિક્કારે છે. તે વ્યભિચારીનાં બાળ બચ્ચાંને પણ સંસારમાં અનેક વિપત્તિઓ પડે છે—તેની પોતાની સ્ત્રીજ તેને ૨૪ કલાકમાં અનેક રીતે સમજાવીને અગર તો તિરસ્કારયુક્ત વચનો કહીને વીંખી ખાય છે. ફિટકાર પણ આપે છે. કદાચ તે સતી હોય, અગર રાંક હોય તો તેનું અંતર બળે છે ને તે નિસાસાની અસર, તે તિરસ્કાર બતાવે ને મેણાં મારે તેથી પણ વધુ થાય છે. અંતે એ નિસાસાથી એ વ્યભિચારીનાં દરેક કામો નિષ્ફળ જાય છે. વ્યભિચારમાં તે તમામ ઉડાવી દે તો તેનાં બાલબચ્ચાંના નિસાસા પણ પડે છે. આ નિસાસાનું ફળ, તે સ્ત્રી કે બાળબચ્ચાં નથી માગતા તોએ તે વ્યભિચારીને લાગે છે. કારણકે કુદરત સાંખી શકતી નથી. ઘણી કોઈ રીતે ન સુધરે ને સ્ત્રી વગેરે મનનાં નિર્બળ હોય તો પછી સ્ત્રી, પુત્રી, બેન ને છોકરાં સૌ વ્યભિચારી બની નાત વધે છે. અને સૌ બગડી ભૂમિતિ પ્રમાણે બીજાઓને બગાડે છે. એ બગાડનાર ૩ હોય તો થોડા વખતમાં ૩×૩×૩×૩ એમ ત્રણ ત્રણ ગણો બગાડો બીજા માણસોમાં ફેલાય છે. વડીલો-આબાપો ને સ્ત્રી છાની રીતે તે પાપીને સુધારવા ઘણું ઘણું સમજાવે છે, લાલચ દેછે, છતાં તે સુધરતો નથી તો તો પછી મરી ગયો છે એમજ માને છે, અને તે વ્યભિચારી સાવ ઉધળી જાય છે.

રાજકોપ—રાજા, રાજાના નામને લાયક રાજા એવા વ્યભિચારીનો બેધો છોડતો નથી. હરેક રીતથી તેમને પકડી પાડી સુધારે છે, દંડ લેછે, ઘરબાર હરરાજ કરાવે છે, કેદમાં નાંખે છે, અને તેથી એ ન સુધરે ને ખરાબી વધુ નીપજાવે તો તેવાં તમામને બીજાં બાકીનાંઓનાં ભવિષ્યનાં સુખને માટે એક યા બીજી રીતે (ફાંસીથી-તોપને ગોળે ઉરાડી) મારી નાંખે છે. નાણાંનો દંડ, માર, કેદ, હદપાર, હોદ્દો હક છીનવવા, વગેરે અનેક શિક્ષાની અસર ન થાય તોજ મોતની શિક્ષા કરે છે.

દયાળુ રાજા રાંડ ને રંડવા બંનેને તકપર તક આપે છે, પણ ઘણા રાજાઓ તો આ ચામચોરીના ગુન્હેગારને એવી તો સજા કરે છે કે તે માણસમાં રહ્યા છતાં માણસ તરીકે સદાને માટે તેને નાલાયક બનાવે છે. હાથ પગ જીભ કાન ઇંદ્રિ વગેરે કપાવવાની શિક્ષા પણ આગળ થતી. આથી બીજાઓ પણ સુધરી જતા. દેશમાં ખરા વીર્યવાન પેદા કરવા, મનુષ્યત્વ જાળવી રાખવા, પરણેતર સ્ત્રીઓને સંતોષવા, દુઃખ દરદોનો નાશ કરવાને, રાજાઓએ એવા વ્યભિચારીઓનો નાશ કરવાની પૂર્ણ જરૂર છે. વ્યભિચારીઓમાં રહેલો દુર્ગુણ નાશ પામે એટલે તે નાશ પામ્યા છે એમ ગણવાનું છે પણ તેઓ જીંદગી સુધી અનેક તક આપ્યા છતાં, અનેક નાની સજાથી ન સુધરે તો પછી દેહાંત પણ ન છૂટકે કરે જ. રાજાઓએ આવા હરામીઓને જરા પણ ઉત્તેજન આપ્યું તો ઘરમાં સાકરની ૧ કણી વેરાતાં હજારો કીડીઓ ઉભરાઇ જાય છે—ગમે ત્યાંથી ભેગી થઈ જાય છે તેમ હજારો રાંડ રંડવાઓ ભેગા થઇ જશે અને તેઓને લીધે હજારો દુર્ગુણો ને દુઃખ દરદો ઉપાધિઓ પણ જમા થશે. માટે રાજાઓએ આવા કામ તરફ જરા પણ આંખમીંચામણાં, બેપરવાઇ, દયા રાખવાની નથી. પોતે કદાપિ તેવાં હોય તો પણ દયા રાખવાની નથી. પોતાની ફરજ ખરી રીતે તો રૈયતનાં છોકરાંને બેટાબેટી સમાન ગણવાની

છે. તો પોતે પણ શુદ્ધ ગૃહસ્થ થવું, નહીં તો ગમે તેવા સખ્ત કાયદા છતાં આ વ્યભિચારીઓનો ઢેઢવાડો વધશે કારણ કે આ દુનીઆમાં, સૌ પ્રજા માથે મોટામાં મોટો દેખીતો ડર રાજાનો છે, અને એજ ડરથી સૌ હદમાં-મર્યાદામાં રહે છે. કાયદા પણ એવા બાંધવા જોઇએ કે તેથી તેવા વ્યભિચારીને ઉત્તેજન ન મળે, ને ઝટ પકડાઈ જાય. નહીં તો પછી રાજેશ્રી તે નરકેશ્રી એ કહેવત પ્રમાણે, રાજાને માટે નરકખાનું તૈયાર છે. રાજાને જેમ સમૃદ્ધિ વધારે તેમ ફરજ પણ ઘણી મોટી છે. હજારો છોકરાઓનાં દુઃખ દરદો, ગરીબાઇ, નિરૂદ્યમીપણું, વગેરેની તપાસ કરી ફિકર રાખવાની છે. કાયદાની બારીકીમાં ગુન્હેગાર લાગતા એવા વ્યભિચારીઓ છૂટી નજ જવા જોઇએ. ફરિયાદ કોઈ કરે તોજ કામ ચાલે એમ પણ તે ગુન્હા માટે નજ થવું જોઇએ. રાજાએ પોતે ફરિયાદી થઇને વ્યભિચારીનો નાશ કરવો, પોતાના રાજમાં એવા વ્યભિચારીની નાત ન વધવા દેવા, એક પણ દુકાન રાંડની કે ભડવાની કે કૂટણીઓની થવા ન દેવી. એ ઉપરાંત કોઇ પણ બાળ, બાળા, સ્ત્રી, પુરૂષ, વિધવા, તેવા વ્યભિચારને રસ્તે કોઇ પણ વખતે વળી ન જાય તેમજ પોતાના રાજમાં વાંઢાઓ કે વાંઢીઓ ઉભરાઇ ન જાય તેની બારીક તપાસ રાખી ઉપાય કરવા. આને માટે શાસ્ત્રના સંપૂર્ણ જ્ઞાનવાળા, વ્યવહારમાં પૂરૂં જાણનારા, ઉત્તમ આચરણવાળા તેમજ ખાસ કરીને બ્રહ્મચર્યને માટે ખૂબ અભ્યાસ કરેલો એવા ઉત્તમ વક્તાઓ બોલાવી પોતાના રાજના એક છેડાથી બીજા છેડા લગી ઠામ ઠામ શિયળનો મહિમા, બ્રહ્મચર્યના લાભ, વ્યભિચારનાં કડવાં ફળો, શિયળ કેમ જળવાય વગેરે બાબતોનો બોધ કરાવવો જોઈએ. અને રાજના પૈસા તેમાં છૂટે હાથે વાપરી **ઉપજ વધારવી જોઇએ.** ખેડુત કરજે નાણાં કાઢી પ્રથમ જમીન સુધારે છે પણ પછી ભવિષ્યમાં તે દેણું દઈ પોતે પૈસાદાર બને છે તેવીજ રીતે તો આવા ઉપદેશકોથી, વ્યભિચાર રૂપી કાંકરા-ખડ વગેરે કાઢ્યાથી રાજાને લાભ થશે. બાળલગ્ન અટકાવવાં કે જેથી વિધવાઓ ઘણે ભાગે અટકશે, વાંઢાઓ શા માટે વધે છે તેનું કારણ શોધી રસ્તો કરવો અને દરેક નાતના પટેલીઆઓ સાથે મળી વ્યભિચાર થવાના જે જે સૂક્ષ્મ સૂક્ષ્મ કારણો હોય તે દૂર કરવાં. કન્યાની અછત નાત વરા વહેવારના ખર્ચોને લીધે વાંઢાનો વધારો, વગેરે જે જે રિવાજો, હોય તે દૂર કરવાં. કન્યા વિક્રયને તો સખ્ત કાયદો બાંધી દેશવટે મોકલવો. મોટી ઉમરની કન્યાઓ પૈસા સારૂ માબાપ ન કરે, લોફરોનો વધારો ન થઈ જાય, દારૂખાનાં જુગારખાનાં, ચંડુલખાનાં, અને એવી એવી છીનાળાં કલબોનું નિકંદન કાઢવું, રાજના ખજાનાનો છૂટે હાથે ઉપયોગ કરવો ને લોકો ધર્મને રસ્તે વળી પછી રાજીખુશીથી વ્યભિચારને નિંદે તેમ કરવું. આ કામને માટે રાજાએ ખજાનો ખાલી કરવાની સાથે લોકો સાથે હળી મળીને બાપ છોરૂની પ્રમાણે રહેવાનું છે અને તોજ વ્યભિચાર રૂપ વૃક્ષનું જડમૂળ કયાં છે તે જણાશે. અને પોતાનું રાજ સ્વર્ગતુલ્ય-રામરાજતુલ્ય થશે. દેશમાં ધર્મના ઉંચા જ્ઞાન સાથે વિદ્યાનો વધારો કરાવવો. વાંચવા લખવાની જ ફકત વિદ્યા શીખવાથી કેટલેક ઠેકાણે ઉલટાં દુઃખો વધે છે માટે લોકોને ધર્મપરાયણ કરવા અને તે પ્રયાસ કરવો. વિક્રમ, ભોજ, અશોક, ધર્મ, રામ વગેરે પંકાઇ ગયા અને હાલ પણ કાળજામાં કોરાણા છે તેનું કારણ તેઓ રૂપાળા હતા તે નહીં પણ પોતાની પ્રજા એજ પોતાનું ખરૂં જીવન, ખરૂં તેજ, ખરૂં બળ અને ખરો ખજાનો તેઓ ગણતા ને તેઓના સુખે સુખી ને દુઃખે દુઃખી તેઓ રહેતા. અરે ખાતા પણ નહીં, ઊંઘતા પણ નહીં. માટે હજી સંભારે .છે. સઘળા અવયવો માંદા-બવાયેલા રોગી હોય ને પેટમાં ૫ લાડવા ખાધા હોય તેથી લાભ શો? જે બાપ પાસે પુષ્કળ ધન, અને પુષ્કળ પરાક્રમ હોય પણ તેનાં છોકરાં, નિર્ધન, નમાલાં, લોફર, રોગી, અને નિસ્તેજ હોય તો બાપની સમૃદ્ધિ શા કામની? માટે રાજાએ પોતાની પ્રજામાં વ્યભિચાર જેવા મહાન દુર્ગુણો પર સખ્ત કોપ કરવો, તે જડમૂળથી નાશ કરવો કે ફરી ન થાય. હાલના રાજાઓ તેવા થાય એમ પ્રભુ

પાસે માગીએ છીએ, અને દેશમાંથી વેશ્યાઓ દફે થાય એ પણ માગીએ છીએ.

પ્રભુ કોપ, કુદરત કોપ કે કર્યાં કર્મનાં ફળ—રાજાના કોપથી તે સૌથી મોટો કોપ પ્રભુનો થાય છે. પ્રભુના કોપને કેટલાક કુદરતી કોપ કહે છે, કેટલાક કર્મ પ્રમાણે શિક્ષા થવી જોઈએ એમ કહે છે. જેમ કહે તેમ પણ એ કોપ સૌથી મહાન છે. આ કોપ ઘણોજ ચોક્કસ, નિર્દોષ અને પૂરેપૂરો છે. કારણ કેણે વ્યભિચાર કર્યો છે, કોણ મદદગાર છે, મૂળ ગુન્હેગાર કોણ છે, હાલ ગુન્હેગારો કોણ છે, નિર્દોષ કોણ છે, વગેરે તમામ વાત બરોબર ને ક્રમ પ્રમાણે જાણી શિક્ષા થાય છે. સાક્ષી પૂરાવાની જરા પણ જરૂર નથી કારણ કે ન્યાયાધીશ પોતે તમામ વાત પોતાની નજર આગળ બનતી જુએ છે. આ કોપમાં શરીરમાં અનેક જાતનાં દરદો, જેવાં કે ચાંદી, પરમા, બદ, વિસ્ફોટક, રક્તપિત્ત, હાથ પગ આંખ વગેરેની ખોડ, નપુંસકપણું વગેરે થાય છે. વળી વાંઝીયાપણું, નરકનાં દુઃખો, અધમ યોનિમાં જન્મવું, પુત્ર વગેરે વહાલાંઓનાં મરણ, પોતાનાં ઘરનાંને પણ વ્યભિચારમાં લપટાયેલાં જોવાં, કમોતે મરણ અગર મરણ ટાણે :ખરાબ વાસનાઓથી લપેટાતાં મરવું, વગેરે ઘણાં દુઃખો આવે છે. સગાં ને રાજાનો કોપ પણ આમાં લઇએ તો લેવાય છે. આ મહા સમર્થ પ્રભુના ડરથી જેઓ ડર્યાં, જેઓ બીના, જેણે શેહે ખાધી, તેજ ખરેખરા બ્રહ્મચર્ય પાળનારા થઇ શકે છે. જોકે લોકલાજથી, કુળ મરજાદાથી, રાજથી થતા નુકસાનોની બીકથી, એક બીજાના કરપથી, બહોળા કુટુંબની હાજરીથી તથા એકાંતવાસ ને સંજોગોની ગેરહાજરીથી બ્રહ્મચર્ય જેઓ પાળે છે તેને લાભ છે પણ સર્વ શક્તિમાન પ્રભુના ડરથી, આ ભવ પરભવના ઉત્તમ સુખને વાસ્તે પોતાની ફરજ સમજી જેઓ અટકે છે અને બ્રહ્મચર્ય પાળે છે, તેઓને જે લાભ થાય છે તેજ અનુપમ છે અને તેજ ઉત્તમ છે.

કામીનું ચિત્ત ચકડોળે ચડે છે—હડકવા થાય છે—વ્યભિચારમાં પડેલા માણસની આતુરતા લોભીઆને ધનની આતુરતા વધે છે તેમ દિન પ્રતિ દિન વધતીજ જાય છે. તેને પોતાને વિષય વાસનાની અતૃપ્તિ રહે છે—" ઝાઝો ભોગી તે ઝાઝો રોગી. " એ કહેવત આપણામાં સામાન્ય છે. પોતાની ભૂરી વાસના પાર પાડવા તેને મગજમાં અનેક કુતર્કો થયાં કરે છે, અનેક વિચારો નવા નવા રચે છે, ભાંગે છે ફરી રચે છે, આંહીથી આંહી ને ત્યાંથી ત્યાં એમ ઓખરીઆં ઢોરની પેઠે અનેક બાનાંઓ કાઢી જ્યાં ત્યાં બેસતો ફરે છે, જ્યાં ત્યાં આંટા મારે છે, અને જેમ પારધી જંગલમાંના નિર્દોષ પ્રાણીને સપડાવા અનેક કપટ રચી ફસાવે છે તેમ કોઇ નિરપરાધી નિર્દોષ બાળાને આ કામી પોતાની વાસના તૃપ્ત કરવા અનેક કુતર્ક રચે છે. તે પોતાનો વખત નકામો કાઢે છે. વખતે વખતે તો એવી એવી યુક્તિઓ રચે છે કે તેવી યુક્તિઓ ને અક્કલ તે પોતાના ધંધામાં વાપરે, પ્રભુ ભજનમાં વાપરે, પરોપકારમાં વિદ્યાભ્યાસમાં નવી શોધમાં વાપરે તો બેડો પાર થઈ જાય.

દોહરો

જેસી પ્રીત હરામસે, એસી હરસેં હોય,
ચલા જાઓ વૈકુંઠમેં, પલા ન પકડે કોય;

પણ તે વ્યભિચારીને, તે કાછડીછૂટને પોતાના વ્યભિચારનાં ફાંફાં સિવાય કાંઇ સૂઝતું નથી. નથી ધંધો કરતો, ઘેર સૌ ભુખમાં દુઃખમાં મરે છે તેની પણ પરવા નથી કરતો. માત્ર એકજ નિશામાં તે રઘવાયો ફરે છે. શાસ્ત્રમાં આવા કામી પુરૂષને માટે જે કૂતરાના કાનમાં જીવડા પડયા હોય છે ને તેની જેવી દશા થાય છે તેવી દશા વર્ણવી છે. કાનમાં જીવડાવાળા સડેલા કૂતરાને જરાપણ વિસામો નહીં, જે કાન ફફડાવનો જ જાય, ન ખાવું, ન પીવું, ન ઊંઘવું, માત્ર રઘવાયાની પેઠે અહીં તહીં આથડવું. ને પોતાનો જીવ માત્ર માથામાં ફોલીખાતા જીવડામાંજ. તે પ્રમાણે આ કામીને માટે પણ સમજવું. તેનો જીવ પોતામાં શક્તિ હોય ન હોય, પોતે માંદો હોય કે સાજો, આબરૂ જાય કે રહે, તો પણ પરસ્ત્રીમાંજ ધ્યાન રહે છે અને હડકાયાની પેઠે જ્યાં ત્યાં

વળગીને આબરૂના, ધનના, બળના, મનુષ્યપણાના કાંકરા કરે છે.

કામી પુરૂષ દેશને ભારરૂપ છે, સ્વર્ગનાં બારણાં પણ તેને માટે બંધ છે—કામી પુરૂષથી સંતતિ થતી નથી. કારણ કે તેણે પોતાની જુવાનીનું તત્વ ગમે ત્યાં હદ કરતાં વધુ વાપરી નાંખ્યું હોવાથી તેનામાં વીર્યનું બીજ બળી જાય છે, અને વખતે પુરૂષાર્થમાંથી પણ જઇ નપુંસક–હીજડો બને છે. પછી અનેક દવાઓ, અનેક ખોટી જાગૃતિના ઉપાયો કરે છે, તેથી પણ તે ગયેલી શક્તિ પ્રાપ્ત થતી નથી. આથી તેને ઘણો પશ્ચાત્તાપ થાય છે પણ તેવો પશ્ચાત્તાપ કાંઇ બધાને થતો નથી. તેવા પશ્ચાત્તાપથી હવે અવસર ગયા પછી શું વળે ! આવા કામી જનોને સંતાન હોતાં નથી; હોય છે તો નિર્બળ, રોગી, ને અધૂરે આવખે મરી જાય છે. આથી દેશમાં રોગી અને નબળાં માણસોનો વધારો થાય છે જેથી દેશમાં નવા નવા હુન્નર ચલાવી શકે તેવા બુદ્ધિશાળી માણસો દિવસે દિવસે બંધ થાય છે અને તેની જગ્યાએ શંકા, બાયલા, બીકણ, બુદ્ધિશૂન્ય, કજીયાખોર, મા-બાપ જેવાજ કામવાસના વાળા પેદા થતાં દેશ, પરાધીન થાય છે ને તદ્દન કંગાળ નિર્બળ થાય છે. પરદેશીઓ તેના પર રાજ કરી તમામ ચૂસી જાય છે. માટે એક પણ વ્યભિચારી દેશને ઘણો બોજારૂપ છે.

વળી એવા વ્યભિચારીઓથી પ્રભુ પણ દૂર રહે છે. ઘડામાં જ્યાં લગી પાણી ભર્યું હોય ત્યાં લગી તેમાં ઘી સમાઈ શકે નહીં તેમ કામી પુરૂષના માથામાં પરસ્ત્રીઓનાં, ટાપટીપનાં અને એવા અધર્મી વિચારોનાં વાદળાં હોય ત્યાં લગી જ્ઞાન, ધ્યાન, પ્રભુ-ભક્તિ પૂજા, સેવા, તમામ સૂઈ જાય છે અને તેથી તે દિનપ્રતિદિન પ્રભુથી દૂરનો દૂર રહે છે. ધ્યાનમાં, માળામાં, દર્શનમાં, કથામાં, તેનું ચિત્ત ઠરતુંજ નથી. પરાણે ઠરે તો તે ફળદાયી થતું નથી. આવા મનુષ્યો જે દેશમાં હોય તે દેશમાં પ્રભુની અવકૃપા હશે કે કુદરતી કોપ હશે પણ દુકાળ–મરકી–ભૂખમરો–કજીયા–લડાઈ–ધરતીકંપ વગેરે આફતો વરસે છે કારણકે તે વિના એવા વ્યભિચારીઓનાં ઝુંડનાં ઝુંડને પૂરી શિક્ષા થતી નથી. હજુ એટલું સારૂં છે કે આ દેશમાં સત્પુરૂષો છે, સતી સ્ત્રીઓ છે, મહાત્માઓ છે; અને દેશનો ઘણો ભાગ લાજ–ભય–દંડ વગેરેથી પણ બ્રહ્મચર્ય પાળે છે. પણ હવે જો ખોટી ટાપટીપ, ખોટા ડોળ, આછકલાઇ, નહી મૂકાય, ને અધર્મ, પહેરવેશ, વગેરેમાં સુધારો નહીં થાય તો તેવી આફતો વરસશે.

સંક્ષેપમાં—વિષય ઘણો લાંબો થઈ ગયો હોવાથી ટુંકામાં એમ કહેવાનું જ, વ્યભિચાર દોષમાં પારાવાર નુકસાન છે. માટે પરસ્ત્રીનો દરેક ગૃહસ્થે ત્યાગ કરવો. અરે સિંહ જીંદગીમાં એકવાર, કૂતરાં પણ પોતાની ઋતુ આવ્યે જ, સ્ત્રી સાથે વ્યવહાર કરે છે તેમ આપણે પરસ્ત્રીનો તો ત્યાગજ કરવો પણ ઘરની સ્ત્રી તરફ ઋતુ સમયે જ વ્યવહાર કરવો તેમાં પણ સંતોષ રાખવો. દિવસે મૈથુન કરવું નહીં, પર્વની તિથિઓએ વિષય સેવવો નહીં, માંદગીમાં–મરણાંમાં, બહુ થાકેલ હોઈએ ત્યારે, વગેરે સમયે પોતાની સ્ત્રી પણ વર્જવાની છે. નહીં તો પોતાની સ્ત્રી સાથે પણ વ્યભિચાર કર્યાનો દોષ લાગે છે. અને આપણાં ઘરની સ્ત્રીઓ, બાળકો, વગેરેને આવી લૂગડાંની ટાપટીપ, ઘણાં ઝીણાં વસ્ત્રો, નામના તકલીદી પહેરવેશ, વાળની ખોટી શોભા, જાત જાતનાં ખોટાં ખાણાં પીણાં, નાટકોનાં બંધાણ વગેરેથી દૂર રાખવાં, નહીંતો તેઓ મોટપણે વ્યભિચારી બનશે અને નાનપણમાં તમે તેની સંભાળ ન રાખી તેથી એ સ્થિતિ થઈ તેનું પાપ માબાપને લાગશે. આપણાં બાળબચ્ચાંની શરીર-સ્થિતિની બેશક સંભાળ રાખવી પણ કદાચ તેમાં ખામી લાગે તો હરકત નહીં પણ તેમનાં આચરણની તો પાકી દેખરેખ રાખવી અને ખાસ કરીને આપણાં ઊંચાં પ્રકારનાં વર્તનથી તેમના પર છાપ પાડવી. ઘરની સ્ત્રી કે દીકરી ઝીણાં લૂગડાં પહેરી માથે ૧ ધણી છતાં હજારો પુરૂષોને પોતાનું મોં ને છાતી ને વાંસો ને ચોટલો લૂગડાંમાં છતાં દેખાડીને નખરાં કરતી જાય ને તે આપણે જાણતાં છતાં ન અટકાવીએ તો તે શામાટે વ્યભિચારી ન થાય. આવી ઘણી ભૂલો આપણે નબળા–બાઈડીવલા થઈને ચલાવીએ છીએ તે ભારે ભયંકર છે–ઘરડાંઓના રિવાજોને

એકદમ તરછોડો માં. એ રિવાજોના રહસ્યને સમજો. નહીંતો વગર વિચારે એવા રિવાજો ઘરડાના છે એમ જાણી તરછોડી દીધાથી, તે નાબુદ થઈ જશે ને નવા ખોટા, તકલાદી ચાલથી આપણને અને આપણાં સંતાનોને ભવિષ્યમાં પારાવાર નુકશાન થશે, તેનું પાપ આપણા પર છે વળી તે નુકસાન ભોગવવા ટાણે ઘરડાનો મૂળ રિવાજ તેને છોડી દીધાં ઘણો વખત થઈ ગયો હોવાથી જડશે નહિ માટે ચેતો ને ઘરડાને પગલે ચાલો.

આપણા મુંબઈગિરાઓ માટે દેશમાં જઈએ છીએ ત્યારે બે કલંક ચોંટે છે. એક શેઠની ચોરી ને બીજી રાંડો સાથે વ્યભિચારની ચોરી. આ બંને ચોરી છે. આપણામાં ઘણા ભાઇઓ અંદર અંદર મિત્ર થઇ પછી વ્યભિચારે ચડી જાય છે, અને મિત્રની વહુને, બેન કે માતા બરોબર ગણવાને બદલે, તેના પર કુદૃષ્ટિ નાંખી અનેક રીતે ગેર રીતે વરતે છે ને મિત્રની આંખ આંજે છે. કેટલાક વ્યભિચાર સારૂ જ દોસ્તો થાય છે અને પાછળથી જુગારમાં બંધાણમાં ચડી, શેઠની રોકડ ઉચાપત કરી ભાગી જાય છે ને દેશમાં જઈ, સોનાનાં બટન ને કડકડાટ વાળાં લુગડાં પહેરી ફરે છે પણ પાછળથી ભોપાળું ફૂટતાં કેદખાને જાય છે. આ પ્રમાણે આપણી આબરૂ પરદેશમાં તેમ દેશમાં બે પ્રકારે હલકી થઈ છે તે તે સાચું છે. ઘણા જણ તેમાં પાયમાલ થયા છે માટે આજનો શિયળનો મારો વિષય સાંભળી આપણા ભાઇઓમાં કાંઇક સુધારો થશે તો હું ઘણોજ રાજી થઇશ.

હવે છેવટે કહેવાનું કે મારા ભાષણમાં કાંઈ ભૂલ ચૂક હોય તો હું પ્રથમ કહી ગયો છું તેમ હું વિદ્વાન કે વકતા નથી તેથી માફી આપી દરગુજર કરશો એમ બે હાથ જોડી કહી બેસી જાઉં છું.

જૈન સમાજ મેં સ્ત્રિયોં કી કમી કા પ્રશ્ન.

(લેખકઃ—**શ્રીમાન્ માઈદયાલજી જૈન બી. એ. ઑનર્સ સોનીપત.**)

યહ બતાને કી આજ કોઈ આવશ્યક્તા પ્રતીત નહીં હોતી કિ જૈન સમાજ બડે તીવ્ર વેગ કે સાથ કમ હો રહા હૈ, ક્યોંકિ ઇસે આજ જૈન બચ્ચા ૨ જાનતા હૈ । સમાજ ક્યોં કમ હો રહા હૈ, ઇસકે અનેક કારણ હૈં ઔર વે સબ કારણ પરસ્પર સમ્બન્ધિત (Inter-related) હૈં । વે સાદે simple) કારણ નહીં હૈં વરન વે એક દૂસરે કે આશ્રિત (complex) કારણ હૈં । એક કારણ કો દૂસરે સે અલગ કરના અત્યંત કઠિન હૈ । યહ બાત કોઈ જૈન-જન સંખ્યા સમસ્યા કે સાથ મેં હી નઈ નહીં હૈ, કિન્તુ જન સંખ્યા કી સમસ્યા હી ઐસી હૈ—ઐસા બડે ૨ વિદ્વાનોં કા મત હૈ× અસ્તુ । ચૂંકિ સબ કારણોં કે વિષય મેં એકદમ એક હી લેખ મેં લિખના અત્યંત કઠિન હૈ, મૈં આજ ઇસ લેખ દ્વારા અપને ભાઇયોં કા ધ્યાન એક ઐસે કારણ કી ઓર આકર્ષિત કરતા હૂઁ જિસ પર આજ તક અચ્છી તરહ વિચાર હી નહીં હુઆ યા યૂં સમઝિયે કિ જિસકી તરફ હમારા ધ્યાન પૂરી તરહ નહીં ગયા । કારણ જૈસા કિ લેખ કે શીષકસે જાના જાયગા ‘ જૈનસમાજ મેં સ્ત્રિયોં કી કમી ’ હૈ ।

અબ યહાં સંક્ષેપ સે ચાર પ્રશ્નોં પર બિચાર કરના હૈ-(૧) ક્યા જૈન સમાજ મેં સ્ત્રિયોં કમ હૈં? (૨) યદિ વે કમ હૈં, તો ક્યા ઉસકા ફલ હમારા હ્રાસ હૈ? (૩) સ્ત્રિયોં કી કમી કે કારણ ક્યા હૈં? ઔર (૪) ઉસ કમી કો કૈસે પૂરા કિયા જા સકતા હૈ? આઇએ પાઠક ગણ! અબ ઇન પર બારી ૨ સે બિચાર કરેં ।

× "This Population Problem is highly complex."—"Population" by Wright. Page 117-118.

કિસી સમાજ અથવા દેશ કી જનસંખ્યા વિષયક વાતોં કે જાનને કે વાસ્તે હમારે પાસ લે, દેકર એક હી વિશ્વાસપૂર્ણ (Reliable) સાધન હૈ ઔર વહ સરકારી મનુષ્યગણના કી રિપોર્ટ હૈ। અતઃઉનકી હી સહાયતાસે હમેં પહિલે પ્રશ્ન પર વિચાર કરને પડેગા। ઇસ સમય મેરે સામને સન્ ૧૯૧૧ ઔર ૧૯૨૧ કી મનુષ્ય ગણનાકી રિપોર્ટ હૈં, જિનકી સહાયતા સે મૈંને નીચે વાલા કોષ્ટક તૈયાર કિયા હૈ।

સન્	—જૈન જનતા—			પ્રતિસહસ્ર પુરૂષોં કે પીછે સ્ત્રિયોં	વિધવાએં	વિધવાઓં કી+ સંખ્યા કમ કર દેને પર પ્ર૦ સ૦ પુરૂષોં કે પીછે સ્ત્રિયોં
	જનતા	પુરૂષ	સ્ત્રિયોં			
૧૯૧૧	૧૨૪૮૧૮૨	૬૪૩૫૫૩	૬૦૪૬૨૯	૯૩૯.૬	૧૫૩૨૯૭	૭૦૧.૫
૧૯૨૧	૧૧૭૮૫૯૬	૬૧૦૨૭૯	૫૬૮૩૧૭	૯૩૧	૧૪૩૯૯૫	૬૯૫

+ १९११ के वास्ते देखो—Census of India. 1911. vol.I part II. page 45 और १९२१ के वास्ते. Census of India 1921 vol.I. part II. page 47.

ઉપર કે કોષ્ટક કે પાંચવેં ખાને કો ધ્યાનપૂર્વક દેખને સે યહ સ્પષ્ટ રુપ સે વિદિત હો જાયગા કિ જૈનસમાજ મેં સ્ત્રિયોં કી અસાધારણ કમી હૈ ઔર વહ કમી ઇન દશ વર્ષોં મેં ઔર ભી બઢ ગઈ હૈ। ઔર ભવિષ્ય મેં ભી, યદિ સમાજ કી અવસ્થા ઐસી હી રહી તો, સ્ત્રિયોં કી સંખ્યા બરાબર કમ હી હોતી જાયગી, ક્યોંકિ પ્રથમ તો વહ અબ ભયંકર રુપસે કમ હોતી જારહી હૈ ઔર દૂસરે ઉસ કમી કો રોકને કે લિયે જૈનસમાજ કુછ પ્રયત્ન હી નહીં કર રહા હૈ। જબ કિ ૧૯૧૧ સે ૧૯૨૧ તક સમસ્ત જૈન સમાજ મેં ૫.૫૭ પ્રતિ શત કે હિસાબ સે હ્રાસ હુઆ હૈ વહાઁ ઇન હી દસ વર્ષોં મેં જૈન પુરૂષોં મેં ૫—૧૬૮ પ્રતિશત ઔર જૈન સ્ત્રિયોં મેં ૬ પ્રતિશત સે કુછ અધિક હ્રાસ હુઆ હૈ, અર્થાત પુરૂષોં સે સ્ત્રિયાઁ અધિક કમ હુઈ હૈં। યહ તો કમી સબ આયુ વાલોં મેં હુઈ હૈ। ૦ સે ૫ વર્ષ તક કે બચ્ચોં કી કમી કે અંકોં કો સુનકર કૌન સહૃદય સમાજબન્ધુ ન કાઁપ ઉઠેગા। ૦ સે ૫ વર્ષ કે પુરૂષ બચ્ચોં (Male children) મેં જબ ઇન્હીં દસ વર્ષોંમેં ૧૩.૪૭ પ્રતિશત કમી હુઈ હૈ તબ ઇસ હી સમય મેં ઇસહી આયુ કે સ્ત્રી બચ્ચોં (Female children) મેં ૧૩.૫૪ પ્રતિ શત કમી હુઈ હૈ। યદ્યપિ ઇન મેં કમી કા અંતર (difference) બહુત અધિક નહીં હૈ કિન્તુ જબ હમ ઇસ બાત પર વિચાર કરતે હૈં કિ હમારે દેશ મેં પુરૂષોં કી અપેક્ષા સ્ત્રિયોં અધિક મરતી હૈં ઉસ સમય યહ અંતર બહુત બડા હો જાયગા। અતઃ ઉપર કે વિવેચન સે યહ નતીજા ભલી ભાંતિ નિકાલા જાસકતા હૈ કિ હમારે સમાજ મેં લગભગ ૩૦૦ પુરૂષ પ્રતિ સહસ્ર સદા કે વાસ્તે, વિવશતઃ ઔર અનિવાર્ય રુપ સે, સ્ત્રિયોં કી કમી કે કારણ કુઁવારે—બીંગાઘાઁગી કે બ્રહ્મચારી રહેંગે ઔર ઉનકી સંખ્યા મેં દિન પ્રતિ દિન વૃદ્ધિ હી હોતી હૈ।

ક્યા સ્ત્રિયોં કી ઇસિ કમી સે સમાજ પર કુછ પ્રભાવ પડતા હૈ? ક્યા ઇસિકે કુછ કટુ ફલ ભી સમાજ કો ચખને પડતે હૈં? ક્યા જૈનસમાજ હ્રાસ મેં ઇસ કમી સે ભી કોઈ સહાયતા મિલ સકતી હૈ? ઇત્યાદિ પ્રશ્ન હમારે હૃદય મેં ઉઠે બિના નહીં રહ-સકતે। કિસી સમાજ કે એક તિહાઈ ભાગ કે લગભગ પુરૂષોં કા કુઁવારા રહના બડા હી ભયંકર હૈ। ઇસસે જો હાનિયાઁ હમ ઉઠા રહે હૈં, ઉનકા લિખના અત્યંત રોમાઞ્ચકારી હૈ, હૃદય કાઁપ ઉઠતા હૈ ઔર આઁખોં સે આઁસૂ ડબાડબ ગિરને લગતા હૈં। કિન્તુ એક હમ હૈં કિ આઁખેં બન્દ કિયે બૈઠે હૈં, ઔર

અપને આપ કો સર્વથા સુરક્ષિત સમઝતે હૈં । મૈંને અપને પિછલે લેખ× મેં બતાયા થા કિ કન્યાવિક્રય, અનમેલ વિવાહ, આઁટા સાઁટા (બેટી કા બદલા કરકે બેટા વિવાહના) ઔર વૃદ્ધ વિવાહ સ્વતઃ રોગ નહીં વરન એક ભયંકર રોગ કે ચિન્હ (Symptoms) હૈં । વહ રોગ સ્ત્રિયોં કી કમી હૈ । ઇન કુપ્રથાઓં કો ઔર ઇનસે હોને વાલી હાનિયોં કો આજ સબ જાનતે હૈં કહના વ્યર્થ હૈ । ઉપરોક્ત કુપ્રથાઓં દ્વારા ઉસ શ્રેણી કે પુરૂષ અધિકતયા બ્યાહે જાતે હૈં જો બલહીન, સંતાન ઉત્પાદન્ કે સર્વથા અયોગ્ય ઔર સમાજ કે વાસ્તે કલંક રૂપ હોતે હૈં । ઉનકે દ્વારા કૈસી સંતાન હૈ ઔર ઉસ સંતાન કે ભરોસે કમ્બખ્ત સમાજ કા ભવિષ્ય છોડા જા સકતા હૈ. ઇસ પર આપ સ્વયં વિચાર કરેં । ઇન મહાનુભાવોં કી ધર્મપત્નિયૌં કિતની સુશીલાએં હો સકતી હૈં, ઇસ-પર લિખના જૈનસમાજ કા કલંકમય પરદા ફ઼ાશ કરતા હૈ । ઔર ઉન મહાત્માઓં કા હાલ જો ઇસ પ્રતિસ્પર્ધા (Competition) મેં અવિવાહિત રહ-જાતે હૈં, કુછ ન પૂછિએ । ઉનકા નૈતિક જીવન કિતના પતિત હોના હૈ ઉસકે વાસ્તે દૂર જાને કી આવશ્યકતા નહીં । આપ અપને ગલી મોહલ્લે ઔર શહર કે ઐસે આદમિયોં કે આંતરિક જીવન (Private life) સે જાન સકતે હૈં । વે કિસ પ્રકાર ભલે ઘરોં કી બહૂ બેટિયોં કી આબરૂ ખરાબ કરતે હૈં, કૈસે વેશ્યાઓં કે પવિત્ર (?) સ્થાનોં કી ગુપ્ત યાત્રાએં કરતે હૈં ઔર કિસ પ્રકાર સમાજ કે ઉઠતે ર નવ-યુવકોં કે જીવન કો અપને દુશ્ચારિત્ર સે પતિત કરતે હૈં ઇસકી ઝલક ભી આસાની સે પાઈ સકતી હૈ । ક્યા કોઈ સમાજ ઐસી અવસ્થા મેં ફૂલ ફૂલ સકતા હૈ ? વહ તો મિટા હી ચાહતા હૈ । હમારા સમાજ ભી દસ દશા કો પ્રાપ્ત હો ચુકા હૈ ઇસકે માનને કો મૈં હર સમય તય્યાર હૂઁ ।

હરએક કાર્યકા કુછ ન કુછ કારણ અવશ્ય હુઆ કરતા હૈ । હમારે યહાઁ સ્ત્રિયોં કે કમ હોને કે ભી કારણ હૈં । જૈનસમાજ મેં સ્ત્રી બચ્ચે (Female children) કમ પૈદા નહીં હોતે । સન્ ૧૯૧૧ મેં ૫ વર્ષ તક કી આયુવાલી લડકિયૌં ઉસહી આયુ વાલે પ્રતિ સહસ્ત્ર લડ઼કોં પીછે ૧૦૨૩ થી ઔર સન્ ૧૯૨૧ મેં ૧૦૧૦ સે અધિક થી । અર્થાત્ દોનોં મનુષ્યગણુનાઓં મેં લડકિયૌં લડકોં સે અધિક થી । ઔર સબ આયુવાલી સ્ત્રિયૌં પ્રતિ સહસ્ત્ર સબ આયુ વાલે પુરુષોં કે પીછે ઇન દોનોં મનુષ્યગણુનાઓં મેં લડકિયૌં લડકોં સે અધિક થીં । ઔર સબ આયુવાલી સ્ત્રિયૌં પ્રતિ સહસ્ત્ર સબ આયુ વાલે પુરુષોં કે પીછે ઇન દોનોં મનુષ્ય ગણુનાઓં મેં ક્રમ સે ૯૩૯-૫ ઔર ૯૩૧ થીં જો બહુત કાફ઼ી હૈ । કિન્તુ વાસ્તવિક અંતર (Real difference) વિધવાઓં કે અંક નિકાલ દેને પર પડતા હૈ જિનકા કોષ્ટક ઉપર દિયા જા ચુકા હૈ । ઉપર કે અંકોં કી સહાયતાસે મૈં અપને વિચારવાન્ પાઠકોં કો સે નિમ્નલિખિત તીન નતીજોં (Conclusions) પર લા સકતા હૂઁ । પ્રથમ, જૈનસમાજ મે લડકોં સે લડકિયૌં અધિક પૈદા હોતી હૈં । દૂસરે ઉનમેં સે ૮૫-૮૦ પ્રતિ સહસ્ત્ર, અર્થાત્ આઠ, સાઢે આઠ પ્રતિશત સ્ત્રિયૌં પૂરી અવસ્થા તક પહુઁચતે ર કમ હો જાતી હૈં । ઔર તીસરે વાસ્તવિક કમી અત્યંત અધિક વિધવાઓં કે હો જાને સે હોતી હૈ । અબ દૂસરે ઔર તીસરે નતીજે પર વિચાર કરને સે હરએક બુદ્ધિમાન યહ સ્વીકાર કરને પર બાધિત કિયા જા-સકતા હૈ કિ સ્ત્રિયોં કી કમી કે કારણ હમારી વર્તમાન સામાજિક અવસ્થા મેં હી કહીં પાએ જા-સકતે હૈં । શ્રીયુત જાનકીનાથદત્ત બી. એ. સાહિત્ય ભૂષણ ને સન્ ૧૯૧૧ કી ગ્વાલિયર કી મનુષ્યગણુના રિપોર્ટ મેં પૃષ્ઠ ૪૭ પર સ્ત્રિયોં કી કમી કે જો કારણ દિએ હૈં વે જૈનસમાજ પર ભી લાગૂ હોતે હૈં વે નિમ્નલિખિત કારણ દેતે હૈં (૧) લડકિયોં કો મારદેના (યહ કહીં નહીં પાયા જાતા) (૨) લડકિયોં કા ઉચિત પાલન પોષણ ન હોના, (૩) બાલવિવાહ ઔર બાલાવસ્થામેં હી બચ્ચે પૈદા હોને કા દુષ્પરિણામ, (૪) અધિક બચ્ચે હોના ઔર બચ્ચા જનાને કે પુરાને ઢંગ (૫) સ્ત્રિયોં વિશેષતયા

× जैनजगत् वर्ष–२. अंक–२

વિધવાઓં કે સાથ કઠોર વ્યવહાર ઔર (૬) સ્ત્રિયોં સે સખ્ત કામ લેના । વિધવાઓં કી સંખ્યા વૃદ્ધિ કે કારણ વહી ચિરપરિચિત બાલવિવાહ કન્યા-વિક્રયાદિ કુપ્રથાએં, અજ્ઞાન (Ignorance) ઔર સામાજિક હિતોં કી વ્યક્તિગત હિતોં (જો વાસ્તવ મેં હિત નહીં હોતે) કે સામને અવહેલના કરના હૈં । મૈં સમઝતા હૂઁ કિ સ્ત્રિયોં કી કમી કે ઇન કારણોં કે અતિરિક્ત ઔર કોઈ પ્રધાન કારણ નહીં હૈં ।

અબ હમ લેખકે વાસ્તવિક કેન્દ્ર પર અથવા વિચારસ્થલ પર આગએ । પ્રશ્ન તો યહી હૈ કિ સ્ત્રિયોં કી ઇસ કમી કો કૈસે પૂરા કિયા જાય ? ઇસી વિષય મેં આપકી સમ્મતિ કી આવશ્યકતા હૈ—જિસ પર વિચાર કે લિએ આપ સે પ્રાર્થના કી જાતી હૈ । યહ પ્રશ્ન એક દો સે નહીં બરન સબ સે હૈ । ઇસ પ્રશ્ન કા સમ્બંધ કિસી સમ્પ્રદાય અ-થવા જાતિ વિશેષ સે નહીં હૈ, વરન સબ સે હૈ । યદિ જૈનસમાજ વાસ્તવ મેં સંસાર મેં અપના અ-સ્તિત્વ ચાહતા હૈ, યદિ ઉસકે વર્તમાન કર્ણધાર વાસ્તવમેં ઉસે મૃત્યુ કે ગઢે સે બચાના ચાહતે હૈ, યદિ પ્રત્યેક જૈનધર્માવલમ્બી કુછ વર્ષ જીવિત રહને કા ઇચ્છુક હૈ તો ઉસે અનિવાર્ય રુપ સે ઇસ પ્રશ્ન પર વિચાર કરના પડેગા—આંખો પર ઠીકરી રખને સે કામ ન ચલેગા । સચ સમઝના કિ યદિ કિસી અન્ય જાગ્રત દેશ મેં એસી ભયંકર સમસ્યા આ જાતી તો આકાશ પૃથિવી એક કર દિએ જાતે, ઔર સ્વતન્ત્ર રુપ સે ઉન કારણોંકો ખોજને ઔર ઉનકે દૂર કરને કા પ્રયત્ન બડે જોર સે હોતા કિન્તુ એક હમ હૈં કિ એસે પ્રશ્નોં પર ભી ચુપ રહતે હૈં, જબાન ખોલતે નહીં ઔર લે-ખની ચલાતે નહીં । અસ્તુ ।

યહ સબ જાનતે હૈં કિ કિસી કાર્ય કે કારણ કો હટા દેને સે વહ કાર્ય બન્દ હો જાતા હૈ—જૈસે ભાપ કો બંન્દ કરને સે રેલકા થમ જાના । ઇસિસે યહ કહા જાસકતા હૈ કિ યદિ હમ ઉન કારણોં કો દૂર કર દેં કિ જિનસે હમારે સમાજ મેં સ્ત્રિયાઁ કમ હૈં તો સમાજ મેં સ્ત્રિયોં કી સંખ્યા બઢ સ-કતી હૈ । કિન્તુ યહ કહ દેના જિતના આસાન હૈ ઉતના હી કરના કઠિન હૈ । ઇસિ સમયતક જૈન-સમાજ મેં ઇસિ પ્રશ્ન પર કોઇ વિશેષ વિચાર નહીં હુઆ હૈ .ઔર ઇસલિએ મેરે લિએ યહ બતાના કઠિન હૈ કિ કૌન ૨ મહાનુભાવ ઇસ સમસ્યાકા ક્યા હલ દેતે હૈ । ઇસ પ્રશ્ન કે હલ કરને મેં મૈં સ્વયં અસમર્થ હૂં ઔર કોઇ ભી અમલી (Practical) ઉપાય નહીં સોચ સકા । ફિર ભી જીસ નતીજે પર મૈં વિદ્વાનોં કે લેખ પઢને, ભાષણ સુ-નને ઔર સ્વયં વિચાર કરને સે પહુઁચા હૂઁ ઉનકો મૈં ત્રૃટિપૂર્ણ સમઝતે હુએ ભી, સમાજ કે વિચાર કે વાસ્તે, ઉસકે સામને ઉપસ્થિત કરતા હૂં, ઔર સાથ હી ઉનકી ત્રુટિયાઁ ભી લિખતા હૂ । પ્રથમ ઉપાય, ઇસ કમી કે પૂરા કરને કા, યહ હો સકતા હૈ કિ સમાજ મેં સ્ત્રિયોં કે ઉચિત પાલન પોષણ ઔર સંરક્ષણ તથા એસે કારણોં કો હટાને કા પ્રયત્ન કિયા જાના ચાહિએ જિનસે વિધવાએં ન બનેં । ઇસકો રચનાત્મક (Construction) કાર્યક્રમ કહા જા સકતા હૈ । કિન્તુ ઇસિમેં દો બડી ૨ બાધાએ હૈં—પ્રથમ યહ કિ ઇસકે પૂરા હોને મેં ઇતના સમય લગેગા કિ ઇતને સમાજ નષ્ટ ભી હો ચુકેગા; ઔર દૂસરે યહ કિ યદિ સમાજ બચા ભી રહા, ઔર સ્ત્રિયોં કી સંખ્યા બઢગઇ તો જૈન-સમાજ કો ઉન કઠિનાઇયોં કા સામના કરના પડેગા જો કિ આજ ઉન દેશોં કો જહાઁ સ્ત્રિયાઁ પુરુષોં સે અધિક હૈં કરના પડતા હૈ, કયોંકિ વિધવા સ્ત્રિયોં કે અંક મિલા દેને સે ઉસ સમય જૈનસમાજ મેં ભી સ્ત્રિયાઁ પુરુષોં સે અતિ અધિક હોંગી । દૂસરા ઉપાય હૈ—વિધવા વિવાહ જિસકા નામ લેતે હુએ કાઁપતે હૈં । ઇસિકો મૈં વિઘાતક (Destructive) કાર્યક્રમ કહતા હૂં । યાદ રહે કિ નામ લેના અથવા વિચાર કરના બુરા નહીં હૈ । વિષકા નામ લેને સે અથવા હથેલી પર રખને સે કોઇ નહીં મરતા, મરતા હૈ ઉસકો ખા લેને સે । આજ હમ ભી વિધવા વિવાહ કી ઉપ-યોગિતા ઔર ઇસસે હોને વાલી હાનિયોં પર વિ-ચાર કરતે હૈં, ઇસિકો જારી કર દેને કા પ્રસ્તાવ

નહીં કરતે । કિન્તુ ક્યા વિધવાવિવાહ આસાની સે જારી કિયા જા સકતા હૈ? ક્યા સમાજ હિત કે વાસ્તે સમાજ કી વિધવાઓં કો ઉસ કાર્ય કે વાસ્તે બાધિત કરના અથવા ઉસકી ઉનસે આશા કરના ઉચિત હૈ જીસે બુરા ઔર અપને આદર્શ કે વિપરીત સમઝતી હૈં? સમાજ કી વર્તમાન સ્થિતિ ભી વિધવા વિવાહ કે અનુકૂલ નહીં હૈ। અતઃ મેરે વિચાર મેં ઉપર લિખે હુએ દોનોં હી ઉપાય શીઘ્ર ફલદાયક ઔર અમલી (Practical) નહીં હૈ। ફિર ક્યા કિયા જાય? ક્યા કોઇ એસા માર્ગ હો સકતા હૈ જિસ પર ચલને સે સમાજ ઇસ વિપત્તિ સે નિકલ સકતા હૈ?

અન્ત મેં મૈં સબ વિચારવાન્ મહાનુભાવો સે નમ્ર નિવેદન કરતા હૂં કિ વે ઇસિ પર વિચાર કરેં ઔર અપને વિચારોં કો પત્રોં મેં પ્રકાશિત કરને કે અતિરિક્ત, મુઝે ભી લિખ દેં ક્યોંકિ મૈં એક પુસ્તક જૈન સમાજ કે વિષય મેં લિખા રહાહૂ। મૈં ચાહતા હૂં કિ ઇસકે લિખને મેં ઇસિ પ્રશ્ન કે વિષય મેં આપકે વિચારોં સે કુછ લાભ ઉઠાઉં। કિસી ભી મહાનુભાવ કા નામ ઉનકી આજ્ઞા બિના પ્રકાશિત નહીં કિયા જાયગા। મૈં ચાહતા થા કિ કિ ઇસ પ્રશ્ન કો એક જીતા જાગતા પ્રશ્ન બનાદૂં કિન્તુ મેરે વર્તમાન સાધન ઔર મેરી પરિસ્થિતિ ઇસિકે અનુકૂલ નહીં હૈ। ફિર ભી યદિ આપ સબ સજ્જન ઇસ પર કુછ ૨ લિખેંગે તો કાફી આંદોલન હોજાયગા। મૈ પત્ર સમ્પાદકોં સે વિશેષ રૂપ સે નિવેદન કરતા હૂં કિ ઉનસે અચ્છા સહાયક ઇસિ કામ મેં ઔર કોઇ નહીં હો સકતા અતઃ વે અપને ૨ પત્રોં દ્વારા અવશ્ય ઇસ પ્રશ્ન કો અપને પાઠકોં કે કાનોં તક પહુંચાએ ઔર પાઠક મુઝે અપને વિચાર લિખને કી કૃપા કરેં।

એક અત્યંત આવશ્યક યોજના

એ તો સૌ કોઇ કબુલ કરશે અને તે પણ ગૌરવપૂર્વક કે જૈન સિદ્ધાંત, જૈન સાહિત્ય ને જૈન તત્વજ્ઞાન અદ્વિતીય-સમૃદ્ધ અને વિશાળ છે. એવી કોઈ શાખા નથી, એવો કોઇ વિષય નથી, શું ન્યાય કે શું વ્યાકરણ શું વિજ્ઞાન કે શું અધ્યાત્મ, શું ઇતિહાસ કે શું ચરિત્ર, શું કથા કે શું નાટક, શું જ્યોતિષ કે શું વૈદ્યક, શું વિધિ વિધાન કે શું ભજનાદિ કે જે વિષે જૈન સાહિત્યમાં પુસ્તકો નહોય. હજારો મહાન શાસ્ત્રવિદ્ ધર્મધુરંધર વિદ્વાનો વિવિધ વિષયોનાં જૈન સાહિત્યના અમૂલ્ય ખજાનાઓ તેના સાચા બપને માટે ખુલ્લા છોડી ગયા છે. તે અમૃત રસ પીનારા તેને પચાવનારા તેનો પ્રચાર કરનારા મળે તો દુનિયાના ખૂણે ખૂણામાં શુદ્ધ-પરમશાંતિમય-અહિંસાનો ગગનભેદી સંદેશ ને સત્યમાર્ગનું જ્ઞાન પહોંચી શકે. પણ ક્યાં છે અભ્યાસકો, વિચારકો પ્રચારકો ?

આજે તો જૈનસાહિત્યને તત્વજ્ઞાનના અભ્યાસકો શોધ્યા નથી જડતા-હા. જે વિદ્વાનો આજસુધીમાં અમુક અમુક અભ્યાસ કરી સાહિત્ય સેવાના કામ કરે છે તે તો છેજ પણ નવા યુગના બાળકો-વિદ્યાર્થીઓને નવયુવકો-ભવિષ્યના સાચા શહેરીઓને-આ ખજાનાના વારસોને સુગમ સર્વશુદ્ધ અને બુદ્ધિગમ્ય રસિક સાહિત્યને માટે આપણી જૈનસમાજની જૈનદાનવીરોની જૈન સંસ્થાઓની શું તૈયારીઓ છે ?

આજે તો કેટલીએ જૈન સાહિત્યના વિદ્વાનોની જરૂર છે તે જાણો છો કે? શાંતિનિકેતન કે વિશ્વભારતી હિંદુ યુનીવર્સીટી કે મહાવીર વિદ્યાલય, પંજાબી જૈન ગુરૂકુળ કે પાટણ બોર્ડીંગ, લીંબડી વિદ્યાર્થીભુવન કે જૈન બાળાશ્રમ-બધી સંસ્થાઓમાં જૈન સાહિત્યના ઉચ્ચ કોટીના વિદ્વાનોની જરૂર છે.

સમાજમાં તો મધ્યમ કોટીના વિદ્વાન કે નવીન પદ્ધતિએ શિક્ષણ આપનાર એકાદ બે ગણ્યા ગાંઠયા વિદ્વાનો સિવાય તે કામમાં ગીરફતાર રહીને પ્રેમપૂર્વક કામ કરનાર કોઇ નથીજ નથી.

સારામાં સારો પગાર અને ભવિષ્યની કારકીર્દી માટે ચાન્સ આપ્યા છતાં પણ નથી મળતા—નથીજ તેનું શું ?

આજસુધીમાં લાખો રૂપીઆ સંસ્થાઓ પાછળ જૈન સમાજે આપ્યા છે છતાં આ સ્થિતિ છે તે ઓછું શોચનીય નથી.

જૈન સમાજના સદ્‌ભાગ્યે લગભગ આ વર્ષમાં-જ શ્રીયુત સારાભાઈ મોદીએ માધ્યમિક કેળવણી માટે શ્રી વિદ્યાલય હસ્તક અને પ્રાથમિક કેળવણી માટે શ્રી પાલીતાણા જૈન ગુરૂકુળ હસ્તક એક યો-જના શરૂ કરાવી છે તે અત્યંત પ્રશંસનીય અને જરૂરી ગણાય—પણ તે સાથે દરેક સ્કોલર ને ધાર્મિક-વાંચન ફરજીઆત રાખી શકાય અને તે માટે ખાસ સ્કોલરશીપ રાખી હોત તો બન્ને રીતે બહુજ સારૂં પરિણામ આવી શકત—જૈન સાહિત્યના સ્કોલરો-વિદ્વાનોને માટે સમાજના અનેક દાનપાત્રોમાંથી કોઇ બીજા મોદી નહિ નીકળે શું ?

આવા અતિ ઉપયોગી કામ માટે એક સારામાં સારી રકમ કાઢયેજ છૂટકો—આ યોજનાના નજરે દેખાતાં ફળની કલ્પના કરતાં જૈન સમાજના દરેક હિતેચ્છુ આ વધાવી લેશે એમ મારી હાર્દિક પ્રાર્થના છે.

રૂપરેખા.

૧ પાંચ ગ્રેજ્યુએટ (પાંચ ગ્રેજ્યુએટ ન મળે તો બે અન્ડરગ્રેજ્યુએટને યોગ્ય લાગે તો લેવા) ને જૈન સાહિત્યના તુલનાત્મક અભ્યાસ માટે પસંદ કરવા—

૨ દરેકને રહેવાનાં—ખાવા-પીવાનાં, અભ્યાસનાં સાધનો—પુસ્તકો વગેરેનાં સાધનો ફ્રી આપવા—

૩ એ ઉપરાંત દરેકને માસિક રૂ. ૨૫) સ્કોલરશીપ આપવી.

૪ પૂરેપૂરા ત્રણ વર્ષ સુધી અભ્યાસ કરવાને આ સ્કોલરોએ બંધાવું જોઇએ.

૫ તેઓની ભવિષ્યની કારકીર્દી વધારે ઉજ્વળ બને તે માટે છેલ્લી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર દરેકને પાંચ વર્ષ સુધી માસિક રૂ. ૧૦૦) વેતન મળે તેવી ગોઠવણ કરી આપવી પણ તે માટે જે સંસ્થામાં કમીટી મોકલે ત્યાં કામ કરવાનું સ્વીકારવું પડશે.

૬ ગ્રેજ્યુએટ ફુરસદના વખતનો ઉપયોગ કરી એમ. એ. ની પરીક્ષા આપી શકશે.

૭ ત્રણ વર્ષમાં દરેક વર્ષની આખરે ખાસ પરીક્ષા લેવામાં આવશે અને છેલ્લી પરીક્ષામાં પાસ થનાર દરેક સ્કોલરને પ્રમાણપત્ર તથા જૈન-સાહિત્ય-રત્ન યા-Scholar of Jain Philosophy S. J. P. ની ડીગ્રી આપવામાં આવશે.

૮ આ માટેનો પાઠયક્રમ જૈન વિદ્વાનોની એક સમિતી નક્કી કરશે ને તે પદ્ધતિસર અને તુલનાત્મક દ્રષ્ટિએ આપી શકાય તે માટે કમીટી બંદોબસ્ત કરશે.

અભ્યાસમાં મુખ્યત્વે—જૈન તત્વજ્ઞાન—જૈન આગમ—જૈન સાહિત્ય—જૈન ઇતિહાસ—પ્રાકૃત—માગધી—જૂની ગુજરાતિ—હિન્દી વગેરે ભાષાજ્ઞાન—તુલનાત્મક દૃષ્ટિએ જૈન ધર્મ—જૈન પુરાતત્ત્વ વગેરેનો રહેશે—

પ્રસંગોપાત જૈન વિદ્વાનો તરફથી વ્યાખ્યાનો અપાવવાની ગોઠવણ રહેશે—તેમજ દરેકને અમુક નિબંધ અને વ્યાખ્યાનો તૈયાર કરવાના રહેશે.

રૂ. ૧૦૦૦૦) દશ હજારની રકમથી શરૂઆત થઈ શકે તેમ છે. અને ત્રણ વર્ષના અખતરાં પછી આ યોજના મારી માન્યતા પ્રમાણે એવી તો ફળવતી બનતી જશે કે તે કાયમ રાખવા માટે પૈસાની ભીખ નહિ માંગવી પડે પણ તે ફળ પૈસાને ખેંચી લાવી શકશે. આમાં સ્કોલરોની ભવિષ્યની કારકીર્દી માટેના પ્રશ્નનું પણ નિરાકરણ હોવાથી એક વધારે

સુગમતા છે. તેમ તેઓ બીજી રીતે સાહિત્યનાં પુસ્તકો લખી-સંશોધન કાર્ય કરીને પણ પોતાની પ્રતિષ્ઠા તેમજ આર્થિક સ્થિતિ વધારી શકે છે. તેમજ સારામાં સારા જૈન ફીલોસોફીનો માનનીય હોદ્દો ભોગવી શકશે.

વળી સંજોગો અનુકૂળ મળી આવે તો બે એક સ્કોલરોને જર્મની, કે અમેરિકા પણ એક વખત મોકલવાને તક લઈ શકાય.

સમાજને સંસ્થાઓને તેમજ સ્કોલરોને આમાં બધી રીતે હું પોતે તો સારામાં સારો લાભ જોઈ શકું છું.

આજે તો શ્રી **મહાવીર વિદ્યાલય** ધારે તો આ યોજના સ્વીકારીને અપનાવી શકે તેમ છે. અને તેનાં પાંચ વર્ષમાં વધારે સંગીન ફળ પણ આપણે જોઈ શકશું.

આશા છે કે શ્રી **મહાવીર વિદ્યાલયના** માનનીય સેક્રેટરી શ્રીયુત **મોતીચંદભાઈ** આ યોજના કમીટીમાં રજુ કરશે ને તેને પહેલામાં પહેલી તકે શરૂ કરવાના પૂરેપૂરા પ્રયત્નો કરશેજ કરશે.

ફુલચંદ હરિચંદ દોશી.

લીલાવતી સતિ રાસ

સંગ્રાહક મુનિ સંપતવિજયજી

॥૬૦॥ પહેલું લંબો દરવીનવુંને સુડાથો દગદીરલો વરવીર
સુદ્ધબુદ્ધિ દીઉ મુને નિરમલી, ગુણસ્થાનક ગંભીર ૧
દેવ મહિસર કુલિહુયાને **પારવતીનો** પુત્ર
તમ સમરે રૂદ્ધિ પામીઈ અણુકલપ્યાં ઘરસૂત્ર ૨
પહિલું સમરૂં સારદાને એછે બાલ કુયારિ
બ્રહ્મા ઉદર કુલિ અવતરી ચ્યાર વેદ મુખમાંહી ૩
આદિનાથ સમરીએ ને અડવડીયાં આધાર
ગુણ તે ગાઉં **લીલાવતી** ને સરસો **સુમતિ** વિલાસ ૪
જંબુદ્વીપ માંહી ભલુંરે **ભરતક્ષેત્ર** અતિ સાર
કોસંબી નયરી ભલી જોયણ બાર વિસ્તાર ૫
રાજ કરે તિહાં રાજીઓ કનકસેન ભૂપાલ
સુખસુંદરી રાણી સમે ભોગવે ભોગ વિલાસ ૬
ઉજેણી અવંતીકા ને **ચંપા** નગરી જોએ
માયા ને **મથૂરાંપુરી** તે સમું નહી કોય એ ૭
કવિ કહે હું કિમ વરણવું તે નગરતણો મંડાણ
વાવ સરોવર છે ઘણાં ફુલફુલાં આરામ ૮
ચોરાસી ચોહટાં ભલાં ને હાટતણો નહી પાર
વીસ સહિસ વિવહારીયાંમાં **સેઠ સદાફલ** સાર ૯
તસ ઘરણી અતિ રૂયડી ને **સહિજલદે** સુવિચાર
દાન પુને રે **આગલી** ઈંદ્રાણી અવતાર ૧૦

ઢાલ

તેહ તણે ઘરિ પુત્રજ એક, થોડે વરસે ઘણો વિવેક:
નગર લોક રાજા બહુમાન, દીસંતો જાંણિ ગોકલ કાન્હ૧૧
દેહ દિસે જિમ સોવનસલા, ચંદ તણીપરિ ચડતી કલા
થોડા બોલો અંગિ નવિ રીસ, પૂરણપુરૂષ લક્ષણ બત્રીસ૧૨
નવમા વરસની પોહતી સીમ, સૂત્ર ભણવા મેહલો ધીર;
ભણવે ગુણવે અક્ષર લહે, ને ભણવાની પાતિજ લહે ૧૩
વ્યાકરણ એને હિયડે વસે, ચતુર વયણાં મન ઉલ્હસે;
રાણા માણસ ચંપે પંથ, સને સને ભણીયા ગ્રંથ ૧૪
સાત સંઘાતી સાથે ફરે, દીધા વન્યાં ધાઈ ને કરે ગ્રહે
ચૂયા ચંદન કચોલા ભરી, સખા સાથી ટોલે મલી ૧૫
જવ કુંવર સેરી સાંચરે, બેઠી ગણિકા નિરક્ષણ કરે
નારી પુછે સહીય વિમાસ, એ કહિયે કેહતો સુકમાલ ૧૬
ધવલગૃહે ધજા ફરહરે, અણ અવારીએ ઘરિ વરે;
સદાફલ કોસંબી વાસ, તેહનો કુંયર **સુમતિવિલાસ**; ૧૭
નારી હઇયે ન માએ રંગ, દીઠે હરિ વાલી સસંગ;
નાદે મોહો જિમ મૃગલો ફરે, જાતી વલતાં બાંહે ધરે; ૧૮
તહિ માયા નિત માંડિ ઘણી, એ લક્ષમીનો સેઠ તું ધણી
અવર પુરૂષ મુજ ભાઈ ને બાપ, **લીહલો** હુંતો વરસિ સાપ;
આલું મહિલું ચંત નવિ ધરે, વિહવારીયો વરષંતે કરે;
જે બોલુ તે માને સાચ, જમણે હાથિ લીધી વાચ; ૨૦

ઢાલ

બીજી એકકર સાહિને ફાલીયને વલી ખેંચ સાહી કેસર
સુકડના છાટનાં મસ્તક કુલ ભરીય ૨૧
ઢીલા તે સહીને બોલડે ને રહોને સારી રાતિ
કુંયર કહે જુગતુ નહી જુયે સહુ ધરે વાટ ૨૨
મંદિર રહી વમાસીયું સંસારનાં સુષ એહ
કાંમસેનને ઘરિ જઇ રહીને વિલસુ તેહ ૨૩

ઢાલ ત્રીજી

એહવાત જો મનમાં ધરિ જો ગણિકાને ધરિ સંચરે;
ગાઠે ટંકાઉલનો હાર, મન વંછિત પહિર્યો સણગાર; ૨૪
નિત લીલા નિત અધિકી કરો, સારસ પ્રીતે નિત સંવરો;
જિમ જલ બાંધ્યો મછો રહે,નિર નહી જિમ પ્રાણિ દહે;૨૫
અધિકો નેહ ગણિકાસુ, ધરે તાત વચન હાલાંહલ કરે;
સેઠ વિમાસે હિયડામાંહિ જઈ મહોલિ વીનવીયો રાય; ૨૬
સાવકસિરોમણિ બેઠો પાટ વસ્તે ગણિકા પાડે વાટ;
અલીયર દેશ તણો તું ધણી અમરા અવધારે ધણી; ૨૭
અમરાવતુ વિત મનિ ધરેઈ એહનારિ દેસાવટો કરઈ;
રાજા કહિતુ સાભલિ સેઠ **ગોલવોહ એની કીજે વેઠ;**
અરતા ફરતા જઇ ભૂપં પિમાપણુથી જાઇ દૂપ;
ઢોર પીયારૂ કરસણ ચરે ન્યાય હીડતાં રાય સુ કરે; ૨૯
ઉલંબાની કેહી પેરિ ચાલો જઈએ એહને ધરિ;
નગરલોક ભૂપતિ ભડરાય ગયા ગણિકાની તોરણ બાર;૩૦
સામી આવી મલતું કરે ચાર પદકલીઇ થાલી ધરે;
જોઈ ભેટને ઠેલી થાલ તુમ્હે કણે માગુ ભૂપાલ; ૩૧
પ્રથવીસુ તુ માંડે પ્રીત એ કુયર કાઢે નવ નીત;
કેહનું કહું નવ માંનિ કોએ સરણ ઉપરિસું દોહિલું હોઈ.૩૨
રૂઠો રાય જિમ સૂલી ધરે તે ઉપરિ કિસું કોહિ તું કરે;

દૂહા

કાંમસેન કહિ રાજીઉ છોડો છુટયો કિમ થાય;
જિમ કાયા માહુ પ્રાણીઉ તે કિમ અલગો થાય ૩૩
પાંચ દાહા મોકલીને નારી દ્યો વરદાન
વર પરણાવુ રે મનિરૂલી રૂડી ને ભાવે જાંણુ ૩૪

ઢાલ ચૌપાઇ

પાણીગ્રહણ કરાવા ભણી સેઠિ જાન વલાવી ઘણી
વાવઘાટ ઉલંધ્યા દેસ જઈ ઉતરીયા નગર નરેસ ૩૪
સામું સેઠ સામહિયું કરે હાથી ઘોડા રથ જોતરે
વિવાહીઇ વેવાંઇમાંન પ્રથવી દીધાં ફોફલપાંન ૩૫
જાણીવા સાંમો કટક હુયાં, ષાજા લાડઉ બહોલાં લીયાં;
વિવાહતણી કીરતિ વિસ્તરી,ધનધન્ય કૂમરી એઅવતરી ૩૬
વિહવાઇ રલીઆઇતિ ફાર સરવે આચાર ખંતે કરે
ચોરી બાંધી મંગળા રૂઢિયા પડંત ઉપવીત ૩૭
સહુ કોઇયે ન માઈ રંગ વરને બાપે માટીડો જંગ;
ચાલી જાણુવી સામે રહી નગરલોક જમાવ્યાં સહી; ૩૮
તેજ દેસનો રાજા સુણી આવ્યો વરને જોવા ભણી
મેહેલા ચાઉલ દીધા માંન વર દીસે ઉગમતો ભાણુ ૩૯
રાજા વચન ઇસુ ઉચરે રખે સેઠ ગર્થ ચિંતે ધરે
એહવા વચનસુણીને વલી સહુ પહિરાવ્યઉ મન નીરમલી૪૦
બહુવસુ પહિરાવી જાણુ દેસ વિદેસે થાવું નામ
નીચા નમીને દીધા માંન બહુ રંગે ચાલાવી જાંન ૪૧
વલતા સહુને કરે જુહાર
વસામુને (સુ) કરો જુહાર કુસલે ધરિ પોહચો વરરાય
મંદીર ઉભા દે આસીસ જીવે જમાઈ કોડિ વરીસ ૪૨
ત્રણ પીયાણાં(દહાડા)વાટે વહાં ચોથે દન કોસંબી ગયાં ૪૩

દૂહા

કુયર પરણીને આવીયા વાંગા ઢોલ નીસાન
વર ગયો મંદિર પારકે નારિ વાદલ છાહો ભાંણુ ૪૪
નારી નીંડે દીહરડાં ને રયણાં ઝુરે બાલ
નાણું દુધન લાવજી(ડી) તિહાં નહી નીર લગાર ૪૫
પીહરપનોતે સું કરૂં ને જિણિ સાસુષ નહોઈ
વસ્તે ઉજડ પેપીગે પ્રીઉતણે વિજોગ ૪૬

ઢાલ ચૌપાઈ

દનિ ઝુરંતિ પીહરિ ગઈ વાત અસંભમ માને કહિ
એકજ બેટી જાઈ તુમ્હો કિસા પાપ કર્યાતા અમ્હો ૪૭
કેવર મોડી દાડેમડાલ કેવર ફોડી સરોવર પાલિ
લક્ષણે લંપટ જાણે નહી ઘોલું દીઠઉ દૂધને લહી ૪૮
કે પ્રાણી ધન પીરાંયા હર્યા એ ભરતારને શીઅંતર્યાં
માય બાપ ન જાંણે ભેદ બોલુ તો કુમર લહે ષેદ ૪૯
કુયર હીયે દાવાનલ દહે જાતુ વલતું કરવત વહે
નાહની હતી તારે મા (ધ)રેબાલ તુમ્હો પંણાવીઃ
ભાં પુસાલ ૫૦

કાંઈ દોહિલું અમ્હોને કહો બેટી પુત્ર સમાંણા રહો
એણિ દુખડે વસુનું વેર ડસુસાપણિ થઈ ગણિયાને હસું ૫૧

દૂહા

સદાફલ સાજણ જાંણી બોલે મીઠાં બોલ.
કીહાં ઉગો કીહાં આથિમો વાત વિમાસી જોએ ૫૨
પેહલું તે આણું આવીઉં મન વોહણા માંન
કોહિલું કાજ આવે નહી જિમ નાગરવેલી પાંન ૫૩

ચૌપઈ.

આણું પાછઉ વાલું સહી સેડે નીસાસો મેહલ્યો વહી
કે ઉપરિયો કરી રીસ, ભાગણગડણ કરણ જગ દીસ ૫૪
વલી સુ (છુ) મીને (મહીને) આંણે જાય, પુછો વહુને
કિસો ઉપાય
રલતાં રલતાં સાંપડે ધનિ ભણતાં ભણતાં આવે બુદ્ધિ
સેવતાં સેવતાં વાલે મન રહિતાં રહિતાં પાંમઈ સુખ
એહવી વાત હીયામાંહિ ધરી ઉઠી (ઠા) મનસું ઉદ્યમ
કરી ૫૬
ઘણા દિવસ જે ગયા પીહેર જઈ ગણિકાસું વાલુ વયર;

દૂહા

વરહે વરાસી જે નહી કુડો નહી કરતાર
દોસ કેહનઇ દીજીઈ અક્ષર લહે લલાડિ ૫૭

ઢાલ.

સસાર (સાસર) વાસો સજ કર્યો માહરા, દાદાજી
અવધારે
પ્રાણનાથઈ પ્રીતડી જાઇને માકું માય ૫૮
આણો ચીર પટોલડાં આછાં છાએોલ સાર
આરવા સઉ કા ચલી સીવી દેહ સમાણ ૫૯
મેહ મુંદી માડવ (જવ) ઘણી વેગે લીતુ પીહ
આરધ્ધ કેરી પાટડી (સાડી) લીલી તે સમસેણ ૬૦
વીટી તે વલિયા પદ કીડીને હઇડાં સોભિત હાર
ઉડ્ડાંઝ કેરી લેપવે વતતે દેન સાર ૬૧
પાંચ વસ્ત્ર પેહરાવીયા માહેરાં, સસરાજીને સાર
નવરંગ ડોઢો ઉડણો મોહે તે સોનાતાર ૬૨
આજી પડ સુરે ભરી આદી (છે) છો ગહંદ
દેહ કરમાનં દીપતો જાંણિ પુનિમ ચંદ ૬૩
વેહેલ ધોરી વેગડા કોટે ઘુઘરમાલ
સોવન ઓલી સીગડે ચાલે પવનને ચાલ ૬૪
છડી (છોડી) વે (બે) વેહેલને સંચરી નગર તણે
ઘરથી નીસરિ સાસરે [નરવેસ
નરવા નીસર સાસરે જોવઈ દેસ વિદેસ ૬૫

ઢાલ

પીહરડેથિ ચાલી પ્રથમ, સાહમી .માલણી આય મલી
છાબ ભરી ચંપક તે જાય વેહલે બેઠી વંદે નારિ ૬૬
જમણો હણમંત ડાબો ઘર સાસી નંદણ માથો મોડ
ડાબા સારસ સંડ સીયાલ જમણે અંગે વરતા માલ ૬૭
ડાબી દુરગા દુરને ઘડે જમણી મેહલાલી બેઠી વડે
ડાબો વાયસકા-(કા) રવકરિ વલી જમણો વિસહર
ઉતરે ૬૮
માસે તેડા બી માગી ધરી, કુંભ સામો જિમણી ચીબરી;
તોરણ બાંધો લીલો વાસ, વલી સુપનાંતર દીઠો હંસ;૬૯
વલી વણાય જમણો જાણિ, સાચા સોહણા ફલ નીર-
વાંણિ;
એહવો સુહણો સદૈવ છલહિયો, રણિ ભમંતો ધન્ય
પામીયો; ૭૦
બાધઇ પીધઇ સકને સહુ બોલી થઇને પુછે વહુ
પંપ જાનિ પવન સું ફરે રાનિ દિવસ રણડે વસં ૭૧
એક ડાલી એક માલેવસું ભાભા સાવિજ કહિ છે
સસરો કહિ તું સાભલિ માય સહી આપણને તુંડે રાય ૭૨
લેહણું આપે લાય સહલું, બેહ દીધા ભાંજે
ગણિકા તણુ
મુઢ મુરષિ જે અલીવર ભણિ વાંજ હોઇ તે બેટો જણે૭૩
તુસે દેવા હડસત નામ ત્રણ વાદાં ઉપરિ અનાંમ
કાલા કુકર લોહની છરી ઉપરિ આપે કોઠી ધરી ૭૪
એહવે સુકને કટકિ ચઢે બેઠું મુંકી રણમાં ભડે
સામિ કાજ પોતાનું વેર તે કીપીને આવિ ઘેરિ ૭૫
જેહનો પ્રિઉ ઢીયઇ ગયો, બાર વરસ પટ માસી રહો
મંદિર જાંણિ પોલો પલે રાતિદિવસિ રણું આણો રલે ૭૬
સબલ સાથી સકને સહી બેહુ જણાં આવ્યાં ઘરિ વહી
એહવી વાત હિયાનું ધરે જમી કરીને બુદ્ધિ આદરે ૭૭
મનિ વીચાર કરી ઇમ સહી પેત્રહરાવણ ગણિકા વહી ૭૮

દૂહા.

સાસુ(મુ) તે સસરા મુજ ભણી વીનતડી અવધાર;
મેહ મુંચી છે મુજ ધણી જોઠિ વસાવઉ ચાર; ૭૯

ઢાલ.

દુધદહીનો ચકે કરૂ કાંઠ તણી બે મટકા ભરૂ
એહવી વાત રચી મનમાંહિ પેહેલુ જોટ વસાવઉ ચ્યાર૮૦
સેરમાહ્ જે હોય સાર વલીય મનાવઉ રૂઠો નાહ
સાસરો ગતને શ્રવણે સુંણી ઉર થોડીને પાછલિ ધણી ૮૧
લાખે આચલે ચોટે ખાય દેષી જોડિ વખાણે રાય
નાહને સીગે અતિ સાંમંલીં પાતલચંખી ને
ભાભલી ૮૨
વેસે ડીલેકાંજલ સટી મહી માંષણને અતિ ચીંકણી
જોય એહના ઘર માંડણી જોય એહના ઘરનો ધણી ૮૩
મુકી માને પુછેરે નણંદ તું દેપાડે ને માહરો કંદ (થ)
ગણિકામંદિર કેતે દૂર પ્રીઉ ભેદુ ઉગમતે સૂર ૮૪
દાતન કરતાં દીઠો જસો સોલક સ-(સ) હરજસો
લોચણ દીસઈ મૃગનાં જસાં હીરા વરષ વદન સુપ
તસા ૮૫

દૂહા.

વિણ અપરાધિરે હું તજીને એકલડી નિરધાર
પણવરસા સોરે ષહી ગયો સખાએ વિણુ ભરથાર ૮૬
પ્રિયવિણા નવ રહી સકું ને પેણ વરસાસો થાઈ
તુમ્હે વિયોગે નીસરી રહિવું કેહને સુહાય ૮૭
રે સજણ તુજ વ્રહ થકાને દાઠે મોરૂ મન
જીવ ફેરિ તુજ પાપરિ ઉજલ ચડેરે સુતંગ ૮૮
સજણ વલાં માઇ વછડાં ને વલીય વિઠડો પ્રાણ
ગયાં તે સાજણ પાંપીયાં પ્રાણુ તે પટે સમાન ૮૯
અસ કરણાં રો જાહતો તઉ પહિલું કાં માંટી પ્રીતિ
બોલે દેઇને પાલટીય એ નહી ઉત્તમ રીત ૯૦
પાછી તે આવી ચોહવટે ને કરે વસાણું જેહ
દીઠે નાહ ન ઉલખે કરૂ નવલો વેસ ૯૧
અનોપમ ઉઢણુડી ને મરકી મુલ લહંત
આજ થયા મહીયારડી પ્રીઉને ભેટ કરંત ૯૨
ઘોલી તે ઘાઘલ પિહરણે ઉઢણ આછા ચીર
કઠણ પ્રીઉ કમષે મહો દીસઇ સકલ સરૂપ ૯૩
મહીયારડી મહી વેચતી ને સેરી પાડે સાદ
વેરણ પેલા ભવતણી તેસું કરવો વાદ ૯૪

ચાપાઇ

જવ દીઠી તવ બોલો અસું મુલ કહો મહીયારી કસું
મુલ કરંતા દીસઇ હીણુ સર નામાને બોલાઈ દીણુ ૯૫
મોહર એક જો મટકી લહે એ દીનારજ કાંઈ લહિ
આયો (છો) ઘુઘર પાછો પાંણુ વાત કરે ને માં(નાં)
પે બાંણુ ૯૬
દેહ મોડેને વદને હસિ અધર રસજે દસણે ડસે

દૂહા

દીઠી નારી મન ઉલસુ બેઠો ઉંચે ઠાંમ
કેહે મહીઆરી કિહાં વસે કેહે સું તાહરૂં નાંમ ૯૭
જાતિ હીણુ ભરૂયારડી ને સીહ ઝલુંણી નાંમ
પાંતે પોટીરે કાંઈ કરિ માહરે ઘરે છે કાંમ ૯૮
પરછો તે લીઇ નિ કાંઈ કિહિ ને મ કરવઉં વેવીસાલ
અહણુંયાંણી ગોરડી રાજપુરે મોરો વાસ ૯૯
હડાંસો હણુંવો જસાને વગડાં માંહિલું ભૂત
તુ લાષેણીરે ગોરડી તો કિમ ખાણુ ગુડ ૧૦૦
પગવ્યાગલિ પેષે નહી કરે પીયારી તાત
સ્ત્રી જાડી પ્રીઉ પાતલો અણુમલતો ઘરવાત ૧૦૧
જાડી તે નારી સોહામણી મંદિર કેરૂં રૂપ
આછી નારી પાતલી નવિ માને કોઇ ભૂપ ૧૦૨

ચૌપાઇ

કહિ રે મહીયારીતાહરા મહીતણુમુલ કાયાસકોમલ ચંપાફુલ
સંયસ પરે ઢોકુસાલનર તુ બાલિ સલુંણી નારિ. ૧૦૩
મોહાર એક જો મટકી લહે જો મહીયારી વાસો રહે
દસકો હો દીનારજ નાહ તો વાસાનો કિસો વિચાર ૪
કામસેન જો પ્રિઉને કહિ અવલુ વચન હીયાસું દહે
વધુ તારીરે કેહની મુદ એણી જાણાં સમદરે નવિ વેચુ
દૂધ ૫
લષ પીયારી લીધા સહી પાઈ કોઈ એક ન પરચે કહી
મનગમતા પુરુષની નારિં સું પરચે દહીનો દીનારી ૬
જો મહિ તાજાં ચલીચિત્ત ગમઈ કુંરમતી જે તુમ્હસુંરમઇ
ઘાંચણી મોચણી સઈ સુતાર આડકી ઉઠીને હાલો હારિ ૭
ભરૂયાડિ ને માલવણી ઘોલે ડોલે સહી મોકલી
જે ઘરિ બેસિ ન ગાડરૂં સું જાવે જીવિત બાપડું ૮
ભલે સરજી ભરૂયારડ નાર દૂધ દહીનો [illegible] ૯

દૂહા

મન મલ્યું મહિયારડી ચંતે ચાલુ જાય
આજ રહરે તુમ્હ સમી જાય સેસઇ દિય વિલાસ ૧૦
ચોર ચાકર બાનાં ભલાંને પ્રગટ ન કીની પ્રીત
મુજ ભરતાર જાણિ રખે તુમ્હ ધરિવસ તેહ ૧૧

ઢાલ ચૌપઈ

લિખમી તણી જો આવી હાર ન મલે તારે શ્રી ભરતાર
ઘણા દિવસિ એણિ પરિ ગયા બારવરસ પટ માસી રહ્યા ૧૨
જે ધરિ આવે સંવર દાન ભેટી નાર ન પરચિં દ્રામ
એહ કણે છે મોહન વેલિ એણી દહી સાથે કરી રૂપારેલિ ૧૩
વલી આવીને મટકી ધરી વેસ્યાએ દષ્ટિ વાંકી કરિ
નત બાઈ તું આવે કાય નરસગહિલી વાલે છાંહિ ૧૪
અંગ ઉધારે મટકા સાર મેહેતો જી માંગે સુંવિચાર
પાછી વલીને પુછે નારિ એ મટકી કે લાવઉં ચ્યાર ૧૫
જમણી મહીયારી ગત કાંકરે વર પોતાનુ હિયડે ધરે
ઉધારે લેઇ પાઇયિ કિસું ગાંહિ ગર્થ ન લોકાં હસું ૧૬
એ મટકી છે રાઉલ રાય ષપ હોઇતો આવો આજ
ઉધારાનું કસું લેપવઉં એણિ મસિ મંદિર દેપવઉં ૧૭
રીસ ભરી નારી ડલઝલી સું દેષો છો ઘરમાં વલી,
એ સમી નહી દાડિમ દ્રાપ, એહ સમી નહી આંબા સાપ ૧૮
એ સવાદની જાણે પેરિ નિત દીવાલી તેહને ઘરે
પેહરણ ચરણો ઉઢણ ઘાટ લેઈ પરણાંને લીઈ સાથ ૧૯
મનમોહનસું બાંધ્યા ગુજ મહેતા આસપુરો સવિ મુજ

દૂહા

સાર જોવન વિલસીયા ધન સીયાલા રાત
હઈયાસુંરહો, તે કહુ જાતિ હીણ ભરચાડિ ૨૦
મે જાંણું એ અવરકો મયામીનારો સાર
લાંવર ઉડણ ઉધકે અવણીયાનો સાથ ૨૧
બોલે બીહે બાપડો તો કિમ આવી બાસ ૨૨
લાજે કાપડુ પહિરીઈ કીરતિ દેસ વિદેસ
લોક માહુ લજા વડી સાચુ કહિ સદીસ ૨૩
ચતુર ચણાયક જો હતો વે સામાકા જાંણુ
પાન પટોલાં તેલીને પાંતે ઉદે સાન ૨૪
લીલારે કંધ કચને તેથી અધિકી જાણુ
તુ ગોવાલની ગોરડી તો સું કરૂ વખાંણુ

ઢાલ

ઉચી દષ્ટિ નારી જાય નીચી દષ્ટિ સાથિ નાહ
એમ સાથે નહી આવઇ ઘાટ આડી અવલિ ન ધરો દ્રષ્ટ ૨૬
એક એકમના તુમ્હો ચાલો વાટ ચિંતા ચિંતન કરો શેઠ
જો મહિતાજી વલ દમે એહનો પ્રીઉડો વનપંડિ ભમે ૨૭
તેહને તો થયા છમાસ જીહાં રાપુ તીહાં રહો આવાસ
અંગ અનોપમ કીધીપિર સામી આરસી સસી ધરિ ૨૮

ઢાલ

કરતી સંરિય ફેરવો અણગો પટકી માહે
આઘા પધારો ઉરડે સારી આવો કમાડ ૨૯
આજ અપૂરવ દીહડો હનુયો નાહી ધરે
હનુચો ગયો ઢોર ચારવા આજહુઆ છમાસ; ૩૦
સાચું તે પુંછે સલુણડી સુણો મહિતાજી વાત
કેહે પરણી કે અણસરી કિહાં છે માયને બાપ; આજ૦ ૩૧
દાસીને લાધો શોધતો તેસું લાગુ છઇ વેર
આપરેસીલા આહેરડી કુણ જે કલહ મ માંડ ૩૨
અરથને ગરથ સવિ હણો તેહનો કેડો તું છોડિ
પરણી નારિ કાં પરહરી તેમાં સી છે રે ખોડિ; આજ૦૩૩
તેહને અહ્મા તેડાવીઈ તુમ સરષી છે જોડ
સોરંગપુરનો સે ઠીઉ તેહને આપું હુ દૂધ; આજ૦૩૪
આછો છાલિલ પહિરીને દીઠુ તુતતણુ મુધ
મહિતોજી કહિરે મહીયારડી આહ્મ તેહનુ સુ કાંમ;૩૫
જેહને દાહડો પાધરો તેહને દૂધડે છે આભ આજ૦૩૬

ઢાલ ચૌપઇ.

પરણીને ઉતારે ગયા કુર ચંપીને આગલિ થયાં
આપણ બેહુઈ ધલહલ ચઢાં હીલોલે તિહી ત્રિભુજ કડાં ૩૭
ચોથે પાવસ બાંધૌ દોર વણ આબેકા ગાણા મોર

તે પણ બોલાં સુંરૂય(વ) સદમે જાણુ પ્રીઉ પડસે વાદ ૩૮
લષાં સંજેમ ને પડાં વજોગ કરમે મલીયાં સર્વ સંજોગ
અહવી વાત જો તમસે ગઈ નવિ જાણું હું તુ વિસે થઈ ૩૯
ગણિકાને ધરિ આવત વહી નાહ સું બોલુ માણુસસહી
મે જાણુ પ્રીઉ થોડા રહીસી જાણી ગણિકા અતિ વિકરાલ ૪૦
માનો બોલ ઉચારે વઠી નાખ્યો નાહતો ઉટથી પડી
વેશ્યાના ધરિબાર કોડિ વેરણે પાધ પ્રીઉ તેઠી ૪૧
વેશ્યા વીણુ ને વીજણો કરપસાઇ છે સુખ ઘણો
સુણિ મહિતાજી કલુઇકિવાત હાટે બેઠા જુરે તાત ૪૨
માતા મનસુ અતિ દુષ ધરે એકજ પુત્ર કહિ સાચું નવિ કરઇ
કરૂ છાંટણા ઢોલું વાય મનને હેજે ચાપું પાય ૪૩
દુધ દહીનાં ગોરસ ભરૂ એહવો વિનય સદાએ કરૂ
ખાંડ ગોલનાં કરૂ પકવાન જિમ શરીરિ આવે વાન ૪૪
પહિલે પહુરિ ભોજન કરો ઉપરિ ભલા પાન વાવરો

દૂહા.

લીલાંવતી પુત્ર જનમીયો નામ લીધૂ વીરંવિલાંસ
અનુક્રમે તિહાં વધીયો હુયો બીજનો ચંદ ૪૫
સાત વરસ પરમાણહુને મહિલો સુત નિસાલ
સુત નિસાલિ ભણાવીઉં હુયો શાસ્ત્રનો જાણ ૪૬
જોબનવય હવે આવીયો પરણાવ્યો સુંદર નારિ
વીરવલાસ સુષ ભોગવે કોસંબી નયરી ઉદ્યાંન ૪૭
ધરમઘોષ સમોસરૂ આ કોસંબી ઉદ્યાંન
બહુ પરવારિ પરવર્યો વાંદે સુમતિ વિલાસ ૪૮
સુમતિવિલાસ પરસ્ન પુછેયો સુનિ સામી અવધારિ
પ્રીઉ ભરથાર વજોગડે કહો સું લાગું પાપ ૪૯
પોપટ ઘાલ્યો પાંજરે ધરી વે સાઠી બાર
તેહ તણે વિજોગડે તે તુમ લાગ્યુ પાપ ૫૦
સુમતિવિલાસ સંયમ લીયો પાલિ સૂદ્ધ આચાર
કર્મ (કરમ) ષપી મુક્તિ ગયા પામઇ સુષ અપાર
હુયો તે જય જયકાર ૫૧

ઇતિ શ્રી લીલાવતી રાસ સમાપ્તઃ ॥

[આ રાસની મોકલેલી નકલ ઘણી અશુધ્ધ અને યથાર્થ શબ્દછેદ કર્યા વગરની હતી તે અમે બને તેટલી સુધારી અત્ર મૂકી છે. તંત્રી]

સંસ્થાઓની ડીરેકટરી માટે જરૂરી નોંધ.

૧ સંસ્થાઓમાં—
  - **अ** જૈન સ્કૂલો (અંગ્રેજી ગુજરાતી), કન્યાશાળાઓ, સ્ત્રી ઉદ્યોગ શાળાઓ.
  - **ब** છાત્રાલય—ગુરૂકુળ. બાળાશ્રમ—વિદ્યાર્થી ભુવન. વિદ્યાર્થીઆશ્રમ વિદ્યાલય—વગેરે.
  - **क** જૈન પાઠશાળાઓ—શ્રાવિકા શાળાઓ.
  - **ड** જૈન સ્વયંસેવક મંડળ—યુવક મંડળ—જ્ઞાનોદય સભા—પુસ્તકાલયો.
  - **ग** પુસ્તક પ્રકાશન સંસ્થાઓ......વગેરેનો સમાવેશ કરવો.

૨ મળી શકે તે બધાના **રીપોર્ટ** મંગાવવા—બાકીનાની નોંધ પ્રાંતેપ્રાંતમાંથી મંગાવવી—

૩ **એક ફોર્મ** છપાવવું જે **જૈનપત્રોમાં** છપાવી દેવું તે પ્રમાણે વીગત તથા હકીકતો ભરીને દરેક સંસ્થાના વ્યવસ્થાપકો મોકલી આપે) તેમજ રીપોર્ટો પણ મોકલાવે—

૪ પહેલામાં પહેલી તકે એક **નિરીક્ષણ સમિતિ** વધારેમાં વધારે ત્રણ યા બે સભ્યોની નીમીને ઓછામાં ઓછા બે મહિના માટે મુંબઇ ઇલાકાથી શરૂ કરીને જ્યાં જ્યાં સંસ્થાઓ હોય ત્યાં—મુંબઇથી ભાવનગર સુધી—મારવાડ—યુ.પી—પંજાબ વગેરે જગ્યાએ ફરીને યોગ્ય નીરીક્ષણ કરી સંસ્થાની સ્થિતિ—જરૂરીઆત તથા સુધારો સૂચવે અને તેનું તારણ રીપોર્ટ રૂપે રજુ કરે). આ સમિતિ બીજી **પણ ઘણી વિગતો** મેળવી શકશે.

આ માટે શિક્ષણના કામમાં રસ લેનાર અને યોગ્ય ગૃહસ્થોની નીમણૂંક કરવી—મુસાફરી ખર્ચ બે સભ્યોનું કોન્ફરન્સ આપે—નિરીક્ષણ સમિતિને એક

યાદી દરેક સંસ્થામાંથી કઇ કઇ ખાસ વીગતો મેળવવી તેની આપવી.

૫ આ ઉપરાંત કોન્ફરન્સની બેઠકની સાથે જ સંસ્થાઓના વ્યવસ્થાપકોનું એક સંમેલન બોલાવીને સંસ્થાઓનું સંગઠન કરવાને જરૂરી માર્ગ તેમજ શિક્ષણના પ્રશ્નો ચર્ચવા પ્રયત્ન કરવો—

(આમાં અ-બ બે વિભાગના વ્યવસ્થાપકોની જ મુખ્યત્વે જરૂરીઆત રહે).

આ રીતે જૈન સંસ્થાઓની ડીરેકટરીનું કામ હાથ ધરવામાં આવે તો જ વધારે સંગીન ને અમલી કામ થશે.

ફુલચંદ હરિચંદ દોસી.

જૈન-ડીરેકટરી.

સંસ્થા-વિભાગ.

૧ સંસ્થાનું નામ. ગામ.

૨ સ્થાપના તિથિ અને જે સંજોગોમાં સંસ્થા શરૂ થઇ હોય તેની નોંધ.

૩ ઉદ્દેશ. (પ્રથમ નક્કી કરેલ અને હવે પછીનો) ને આદર્શ.

૪ સ્થાયી ફંડ-મકાન-તેમજ આજદિન સુધીમાં થએલ અંદાજ વાપક ખર્ચની નોંધ—

૫ સંસ્થાના આજદિન સુધીના કાર્યની ટુંકામાં ટુંકી રૂપરેખા—

(બની શકે તેટલી સાચી ને માહીતીવાળી બીના સહિત).

૬ મુખ્ય સંચાલક અને અન્ય કાર્યકર્તાઓ-(નાના નોકરો સિપાઇ.

૭ જરૂરીઆતો-ફંડ માટે યોજના, શિક્ષકો અધ્યાપકોને માટે તેમજ બીજી કોઈ જાતની જરૂરીઆત.

સૂચના—૧ નં. ૪-૫-૭ ને માટે ટુંકામાં ટુંકી અલગ વીગતો લખીને આ સાથે જોડવી—

૨ જરૂરી વીગતો રહી જતી હોય તો જણાવવી—

૩ છેલ્લામાં છેલ્લો રીપોર્ટ આ સાથે જરૂર મોકલશો.

ફોર્મ મોકલવાનું ઠેકાણું.

કૈ. ડૉ. ભાઉ દાજીનાં સંસ્કૃત જૈન પુસ્તકોની વીગતવાર હકીકત.

(લેખકઃ—શા. છગનલાલ વિદ્યારામ રાવલ—લુણાવાડા)

આપણા પ્રાંતમાં કૈ. ડૉ. ભાઉ દાજીનું નામ એક જુના શોધક તરીકે પ્રખ્યાત છે. તેમના પછી ભગવાનલાલ ઈંદ્રજી અને તે પછી રતીરામ દુર્ગારામ મહેતાજીએ તે દિશામાં સારો પ્રયત્ન કર્યો હતો. રાજકોટ વોટસન મ્યુઝીયમના કયુરેટર કૈ. વલ્લભરાય હરિદત્ત આચાર્યનો શોધ વખાણવા લાયક હતો તેમ હાલ તેમના ચિરં. ગિરિજાશંકરભાઈ આચાર્ય એમ. એ. આ વિષયમાં સારો રસ લે છે પણ મુંબઇના મ્યુઝીયમમાં તેમને કાયમી રહેવાનું હોવાથી બહારના દુર દુરના ભાગમાં તેમનાથી નવીન શોધ માટે જઈ શકાય તેમ નથી. ફાર્બસ અને કૈ. કવિ દલપતરામ ભાઈએ પણ આ દિશામાં ઘણી સારી મહેનત ઉઠાવી હતી. જેના ફળ રૂપે રાસમાળાનાં બે મોટાં દળદાર ઐતિહાસિક પુસ્તકો આપણને વારસા રૂપે મળેલાં છે.

ડૉ. ભાઉ દાજીનું અવસાન સન ૧૮૭૪ના મેની

તારીખ ૨૯ મી એ થયું હતું તે વખતે તેમના પ્રાચીન શોધ માટે મરાઠી તેમ ગુજરાતી માસિક પત્રોએ તેમ અઠવાડિક ને દૈનિક પત્રોએ ઘણી પ્રશંસા કરી હતી.

તેમણે પોતાનાં જુનાં પુસ્તકો અને વસ્તુઓ માટે કે. વિશ્વનાથ નારાયણ મંડલિકને ટ્રસ્ટી નીમ્યા હતા. તેમ છતાં તેમના સંગ્રહનો થોડોક ભાગ મુંબઇના તે વખતના પ્રખ્યાત બુકસેલર કે. જેષ્ઠારામ મુકુંદજી પંડિત અને કે. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી પાસે ગયો હતો તેમ સહજ ભાગ મુંબઇના પુરાતન વસ્તુઓના સંગ્રહસ્થાન માટે પ્રખ્યાત થયેલા રાજ્યરત્ન શેઠ પુરૂષોત્તમ વિશ્રામ મહાવજી જે. પી. પાસે પણ હતો.

શેઠ પુરૂષોત્તમ વિશ્રામ મહાવજી જે. પી. નો સંસ્કૃત પુસ્તકોનો સંગ્રહ તપાસતાં તેમાંનાં (ડૉ. ભાઉ દાજીના સંગ્રહમાંનાં) થોડાંક પુસ્તકો આ લેખકના જોવામાં આવ્યાં, તેમાંથી 'લેખપદ્ધતિ'નું પુસ્તક ઘણું જુનું અને છાપવા લાયક જણાતાં તે કામ શેઠે કે. મોગરે બી. એ. નામના (પ્રખ્યાત મરાઠી કવિ મોગરેના ભત્રીજા) એક સંસ્કૃતના જ્ઞાતા ગૃહસ્થને સોંપ્યું હતું. પણ તે પ્રત પુરેપુરી શુદ્ધ કરતાં પહેલાં તેમનો ક્ષયરોગથી કાળ થયો.

પાછળથી વડોદરા સેંટ્રલ લાયબ્રેરીના ક્યુરેટર કે. કુડાલકર પાસે પણ આ પુસ્તકની એક પ્રત હતી તે છપાવવાની હોવાથી તેમણે શેઠ પાસેની પ્રત મંગાવી હતી પણ તે વખતે શેઠની પ્રત તેમની પાસે ન હોવાથી મોકલી શક્યા ન હતા. છેવટે તે મોકલી આપવા માટે દીવાન સાહેબ શ્રી મનુભાઈ સાહેબનો પત્ર આવતાં આ પ્રત મોકલવામાં આવી હતી. જેનું પાઠાંતર મેળવતાં સેંટ્રલ લાયબ્રેરીની પ્રત કરતાં શેઠની પ્રતમાં આરંભનાં દશ પાનાં વધારે હતાં, તે બંને ઉપરથી આ પુસ્તક છપાઈ પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકમાં વનરાજ ચાવડાના રાજ્યાભિષેકથી એટલે વિ. સં. ૮૦૨ ની સાલથી તે આશરે વિ. સં. ૧૪૬૦ સુધીની હકીકત આપેલી છે. પુસ્તકમાં સંસ્કૃત સાથે કોઈ કોઈ સ્થળે જુની ગુજરાતી ભાષા પણ જોવામાં આવે છે.

શેઠ પુરૂષોત્તમ વિશ્રામ મહાવજી જે. પી. નો આ સંગ્રહ તપાસતાં તેમાંથી આશરે પાંચેક ઈંચ લાંબી અને આશરે ચારેક ઇંચ પહોળી જાડા કાગળની કાપલીઓની એક થોકડી હાથ આવી. જેને એક જાડી સુતરીના દોરે બાંધેલી હતી. આ દરેક કાપલી ઉપર સંસ્કૃત પુસ્તકનું અને તેના કર્તાનું નામ આપેલું હતું. એટલુંજ નહિ પણ શ્લોક સંખ્યા, રચ્યા ને લખ્યા સાલ તથા કર્તાની વિશેષ માહિતી પણ આપેલી હતી. તેથી તેને ઘણી ઉપયોગી જાણી. આ લેખકે તેની ઉપરથી એક પત્રક બનાવેલું. જે આ સાથે સામેલ કર્યું છે. (પણ તે અત્રે સ્થાનાભાવે પ્રકટ કરેલ નથી. તંત્રી).

આ પત્રક સ્વ. તનસુખરામભાઈ મનઃસુખરામ ત્રિપાઠી બી. એ, ને જોવા આપેલું તે ઉપરથી તેમણે કહેલું કે "પત્રકમાં સેંકડે નેવું ટકા જૈન શ્વેતાંબરીનાં પુસ્તકો છે ને દશ ટકા દિગંબરીનાં છે વળી તેમણે કહેલું કે આ પુસ્તક તમે રા. રા. ડૉ. વિશ્વનાથભાઈ પ્રભુરામ વૈદ્ય. બી. એ. બારીસ્ટરને બતાવશો તો ઘણું ઉપયોગી થઇ પડશે.

આ ઉપરથી આ પત્રક તેઓને બતાવતાં તેમણે વાંચીને કહ્યું કે "હાલ રોયલ એશિયાટિક સોસાઇટી પુસ્તકોની નવેસરથી યાદી થાય છે, માટે તમે ત્યાં જઇ પ્રોફેસર એચ. ડી. વેલણકરને આપશો તો તે મદદમાં લેશે.

તે ઉપરથી ત્યાં આપવા માટે ગયો, પણ પ્રોફેસર સાહેબ, ન મળવાથી ત્યાંના લાયબ્રેરીયનને પત્રક આપ્યું. ને તેમણે પ્રોફેસર સાહેબને આપ્યું. ફરી તે લેવા માટે બે ત્રણ વખત (બબે ત્રણ ત્રણ વરસના આંતરે) હું ગયો પણ તેઓ મળ્યા નહિ. છેવટે તેમના ઘરની તપાસ કરી ત્યાં ગયો ત્યારે તેમણે કહ્યું કે હજુ કામ ચાલે છે તેથી પત્રકની જરૂર છે. કામ પુરૂં થયે હું તમારી ઉપર રજીસ્ટર બુકપોસ્ટથી મોકલી આપીશ. તે પછી બીજે વરસે રૂબરૂ જઇ લઈ આવ્યો.

આ આપેલા પત્રકમાં બે જાતના અનુક્રમ નંબર છે. પહેલા અક્ષરવાર તે બીજા વરસવાર. અક્ષરવાર અનુક્રમમાં તો કાંઈ જાણવા જેવું રહેતું નથી. પણ

વરસવાર નંબર જોતાં તેનો આરંભ ૩૦મા નંબરથી થાય છે ને તે પુસ્તકની સાલ વિ. સં. ૧૦૪ કાર્તિક સુદિ ૧૪ આપેલી છે. તો તેના પહેલાંના એટલે ૧ થી ૨૯ મા નંબરનાં પુસ્તકો ક્યાં ગયાં તે કાંઇ સમજાતું નથી. જ્યારે ૩૦ મા નંબરનું વરસ વિ. સં. ૧૦૪ નું આપેલું છે તો ૧ થી ૨૯ મા નંબરનાં વરસ, તેની પહેલાંનાં હોવાં જોઇએ.

આ પત્રકનાં એક આસન (નવમું) ખાલી રાખ્યું છે તે જુદા જુદા જૈન ભંડારો અને શોધકો તરફથી ભરાઇ આવે તો તે બધાં પુસ્તકોનો શોધ નક્કી થયે તે બધાં લોકસમૂહને કામ આવે. તેટલા માટે આ પત્રકની અલાયદી નકલો છપાવી જુદે જુદે સ્થળે મોકલવાની જરૂર છે. આશા છે, કે આ કામ મુંબઇની રોયલ એશિયાટિક સોસાઇટી, ગુજરાતી ફાર્બસ સભા, ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, કે આનંદ કાવ્ય મહોદધિના મૌક્તિક બહાર પાડનાર શેઠ જીવણચંદ સાંકરચંદ કે તેવી કોઈ જૈન સંસ્થા અથવા જૈન ગૂર્જર કવિઓના ભાગ બહાર પાડનાર મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. એલ. એલ. બી. જેવા ઉત્સાહી વિદ્વાન ઉપાડી લેશે.

પત્રકનાં પુસ્તકો વાંચી જોતાં તેમાંનાં ઘણાં ખરાં પુસ્તકો જૈન ધર્મનાં છે. એટલે તે, તે ધર્મના લોકોને ઉપયોગી ગણાય. આ વાત ખરી, પણ તેવાં પુસ્તકો વિના પત્રકમાં અન્ય ધર્મના લોકોને પણ કામમાં આવે એવાં ઘણાંક છે. જેવાં કે વ્યાકરણ, પીંગલ, કોશ, નાટક, ને કાવ્યો. આ પુસ્તકો જડે તો તેનાં ભાષાંતર થયાથી હાલના આપણા ગુજરાતી સાહિત્યમાં સારો વધારો થાય. ભાસ કવિનાં ૧૩ સંસ્કૃત નાટકો જડવાથી તેનાં ભાષાંતર થયાં છે તે પ્રમાણે આ બધાંનાં થાય તો નિઃસંદેહ જનસમૂહને ઘણુંજ કામ લાગે.

આવાં પુસ્તકો કીયાં કીયાં છે તેની નંબરવાર યાદી આ નીચે આપવામાં આવી છે તેથી સહજ લક્ષમાં આવશે, કે પત્રકમાં જણાવેલાં પુસ્તકો ઘણાં જ કીમતી છે.

કોશ

છન્દઃ કોશ. પ્રાકૃત (૬૪) ક્રિયા કોશ. (૭૩) શારદી નામમાલા. (૧૨૦) પ્રલમ્બ કોશ. (૧૫૬) વિશ્વનામાવલી. (૧૬૭) અને શબ્દપ્રકાશ. (૩૪૪).

પીંગલ

છન્દઃ શાસ્ત્ર (૩) વૃત્તપાદ (૪) છન્દઃપ્રકાશ. (૫).

અલંકાર શાસ્ત્ર

અલંકાર ચિન્તામણિ (૬).

વ્યાકરણ

બૃહજ્જૈનેન્દ્ર વ્યાકરણ. (૧૧) શબ્દમણિ દર્પણસ્ય ટીકા. (૪૮) પાણિનીય સૂત્ર વૃત્તિ (૯૦) પાણિની સૂત્ર વૃત્તિ કારિકા (૧૪૯) જૈનેન્દ્ર વ્યાકરણ લઘુ ટીકા. (૧૫૨) પ્રક્રિયાબદ્ધ જૈનેન્દ્ર વ્યાકરણ (૨૬૬) અને ચિન્તામણિ વ્યાકરણ ટિપ્પણ. (૩૧૩)

નાટક

જીવંધર ચમ્પૂઃ (૧૮) મદનપરાજય નાટક (૨૨) જ્ઞાનસૂર્યોદય નાટક પ્રાકૃત (૩૭) જ્ઞાનોદય નાટક (૩૯) જ્ઞાન ભાનુદય નાટક (૧૩૫) જ્ઞાન સૂર્યોદય નાટક (૨૫૫) શ્રીમતી કલ્યાણી નાટિકા (૩૧૨) વિક્રાન્તકૌરવ પૌરવીય નાટક (૩૩૬) સુભદ્રા નાટિકા (૩૩૯) અંજના પવનંજય નાટક (૩૩૮) સુલોચના નાટક (૩૩૯) અને મદનપરાજય નાટક. (૩૪૨).

કાવ્યો.

મુનિસુવ્રત કાવ્ય (૧૯) વર્દ્ધમાન કાવ્ય (૨૦) પ્રાકૃત ગાથા (૪૨) કુન્દેન્દુપ્રકાશ (૫૫) ચંદ્રપ્રભ કાવ્યસ્ય ટીકા (૬૭) નેમિનિર્વાણ કાવ્ય ટીકા (૬૯) યશોધર કાવ્ય ટીકા (૭૦) પાર્શ્વ નિર્વાણ કાવ્ય ટીકા (૭૧) ચતુઃ સંધાન કાવ્ય-ટીકા (૭૬) વિવેક વિલાસ (૮૧)

વિવેક વિલાસ બીજો (૮૨) પાર્શ્વાભ્યુદયકાવ્ય ટીકા (૮૭) નેમિ નિર્વાણકાવ્ય પંજિકા (૯૧) નેમિ કાવ્ય (૯૨) દ્વિસંધાન કાવ્ય ટીકા (૧૦૪) દ્વિસંધાન કાવ્ય ટીકા (૧૨૫) નેમિદૂત કાવ્ય (૧૨૬) દ્વિસંધાન કાવ્ય બીજું (૧૨૭) નેમિદૂત કાવ્ય (૧૩૧)

યશસ્તિલક કાવ્ય-ટીકા (૧૪૬) સપ્તસંધાન કાવ્ય ટીકા (૧૪૭) દ્વિસંધાન કાવ્ય ટીકા (૧૪૮) પંચા-

સ્તિકાય ટીકા (૧૭૧) આત્મ સંબોધન કાવ્ય (૧૭૩) ચતુઃ સંધાન કાવ્ય (૧૯૦) નાગકુમાર કાવ્ય (૧૯૧) ધર્મશર્માભ્યુદય કાવ્ય (૧૯૬)

પ્રદ્યુમ્ન કાવ્ય (૧૯૭) દ્વિસંધાન કાવ્ય ટીકા (૨૦૩) દ્વિસંધાન કાવ્ય ટીકા (૨૦૭) ધર્મશર્માભ્યુદય કાવ્ય ટીકા. (૨૧૫) પ્રદ્યુમ્ન કાવ્ય ટીકા. (૨૧૬) નેમિ-નિર્વાણુ કાવ્ય (૨૫૨) ક્ષત્ર ચૂડામણિ કાવ્ય (૨૫૬) જીવંધર કાવ્ય (૨૫૭) દ્વિસંધાન કાવ્ય–ટીકા. (૨૬૭)

ચંદ્રપ્રભ કાવ્ય (૨૭૫) માલ માલીન્દુ કાવ્ય (૨૭૭) ચતુઃ સંધાન કાવ્ય. (૨૯૩) નેમિ નિર્વાણ કાવ્ય પંજિકા (૨૯૮) પાર્શ્વાભ્યુદય કાવ્ય ટીકા. (૩૨૧) માઘ માલીંદુ કાવ્ય–ટીકા. (૩૨૮) યશસ્તિ-લક કાવ્ય (૩૭૦) અને રત્નમાલા કાવ્ય (૩૪૧)

આ પત્રકનો ઉપયોગ જૈન અને જૈનેતર વિ-દ્વાનો કંઇક પણ કરશે તો આ લેખક પોતાની લીધેલી મહેનત કંઇક સાર્થક થયેલી જોઇ ખુશી થશે.

અસલ પત્રક તૈયાર કર્યાની મીતિ વિ.સં. ૧૯૭૬ ના ભાદરવા સુદિ ૨ તેમાં સુધારો વધારો કરી ફરી તૈયાર કર્યું. વિ. સં. ૧૯૮૪ ભાદરવા સુદિ ૬

લુણાવાડા. સાક્ષરોનો

ચરણરજ સેવક

છગનલાલ વિદ્યારામ રાવળ.

વીર સંનિવેશ

जय श्री मोहहन् महावीर ॥

'ઉપજાતિ' છંદ.

(૧)

રે **વીર**! તેં તો જીતી કામવાસના
જીતીશ શું હું નહી એહને કદી ?
હું શિષ્ય તારો, કરૂં ભક્તિ ત્હારી,
વિચરી રહ્યો છુંય સુપંથ ત્હારા.
નિસ્વાર્થ ભક્તિ નથી માહરી પ્રભુ !
નથી ક્રિયા માહરી અર્થહીન.
તું જેમ સ્વાર્થી હુંય છું ખરો વીર !
મુજ ભક્તિમાં એકજ સ્વાર્થ ગૂઢ.
તેં તે દિને જીતી લીધેલ કામને
તોડી, ભગાડી સહુ એની સેના.
અજેય થઇ તું જગમાંહી સંચર્યો
ને સાધ્યું એ દુર્જય તારૂં સાધ્ય.
છે એજ સાધ્યભણી સર્વ પ્રયત્ન મારા.
થાવું અજેય જગમાં તુજ જેમ **વીર**!
દેજે અરિહન્! બલ એ અતુલ
રે કાયનું ને વળી આત્મ કેરૂં.
તેના વડે સજ્જ થઇ હું યુદ્ધે
જીતીશ સહુ આંતર રીપુઓને
દફનાવી એ સૌ દલ કામ કેરૂં
તું જેમ દુર્જય થઇને પછી જગે
સાધીશ એ અંતિમ સાધ્યને અને
આવી વસીશ હું તુજ પાસ **વીર**!

ઉપજાતિ છંદ

(૨)

શત્રુ હતો એક મહાન વીર!
પિડ્યે જતો એ સહુને સમાન.
ફેલાવી સર્વ સ્થળ એની પાશ
સત્તાથી ઘેરેલું અખિલ વિશ્વ.
હતો અતિ કુશળ એની નીતિમાં
નિષ્ણાત ને ક્રૂરય સૌ કળામાં
એ મોહ સમ્રાટનું સૈન્ય મોટું
એનાથી તો વિશ્વ બધુંય બ્હીતું.
સદાય રહેતું હતું શસ્ત્રસજ્જ
વળી હતાં સૈન્યપતિ ઘણાં શૂર.
અનંત આકર્ષણ એહનાં હતાં
અસંખ્ય સુખોનીય આશ અર્પતાં.
લોભાઇને સુખથી તે લુંટાતાં
ને પાશથી બદ્ધ થઈ પિડાતાં

જીવો સહુ એમ પડયાં દુઃખોમાં
હા, મોહ! ત્હારી અતિવજ્ર ક્રૂરતા.
ક્ષત્રિ ખરો સાંખી શકે નહી કદી,
બળે કે બાળે બધી શક્તિ શત્રુની.
જયહીં હજારોય થયા હતાશ
ત્યહીં થયો વિજયી તું જ **વીર**!
તેં તોડી ગ્રંથી બધી મોહજાળની
અજેય આકર્ષણથી રહ્યો વલી.
ને મોહિનીના અભિમાન ઓસર્યાં
સૌ કામસૈનિક હતાશ તેં કર્યા
લક્ષ્મી હતી, રાજ્ય હતું મહાન,
યોષિત્ હતી સુરી થકીય રમ્યા,
યૌવન વલી ફાલતું, સુખ ત્હારા
ઝંખી રહ્યાં સુર ત્યજી વિમાન.
તેં જાણ્યું દુઃખોનું ખરૂં નિદાન,
હતું દુઃખોનું સુખ જેમ ભાન—
જેને મૂઢો સુખજ નામ દેતાં
જેને વલી તેઓ અધિક ચ્હાતાં.
જેનુંજ ધરતાં નિશદિન ધ્યાન
હતું દુઃખોનું ખરૂં એ નિદાન.
યૌવન્ હતું મહાન અનર્થકારી
લક્ષ્મી હતી વિષથકીય ઝેરી
સત્તાભિમાની ડૂબતાં સ્વયં અને
ડુબાવતાં મૂર્ખ બધાંય સાથને.
છે કામ તો સૌથીય દુષ્ટ દાનવ
થાતાં બધાં વીર્યવિહીન માનવ
ઝંઝાળી રૂહેતો બળ એ બધાનું
કાયા તણું ને વલી આત્મ કેરૂં.
ત્યજી બધુંએ ક્ષણમાંહી નિસર્યો
નિર્ગ્રંથ થઈ તું જગમાંહી સંચર્યો
સહ્યાં સહુ કષ્ટજ મોહ મોકલ્યાં
તપો વલી ઉગ્ર ઘણુંય તેં તપ્યાં.
રે મોહની બાજી બધી ઉંધી વલી
સેના થઈ નિર્બલ ભાગી નિસરી.
એ મોહસમ્રાટ થયો નિરાશ ને
શોધી રહ્યો કોઈક ગુપ્ત સ્થાનને.
તેં **વીર**! એની હણી છેલ્લી આશા
સમરાંગણે ગર્જતી થઇ પતાકા.
તેં સત્યવસ્તુ કહી દીધ સર્વને
ને મુક્ત કીધા કંઇ પાશબદ્ધને.
પટહ વજાડીને જણાવી દીધો
મુમુક્ષુનો માર્ગજ શુદ્ધ સીધો
અનેક એ મારગ આવી નિકલ્યાં
ને **વીર**! આવી તુજને પછી મલ્યાં.
રે **વીર**! તે દિન હતો હું મૂઢ
સમજ્યો નહી સત્યજ તારૂં ગૂઢ
ગ્રહ્યો નહી એ પથ દીવ્ય તારો
રહ્યો વલી મોહસુખે હું રાચ્યો.
આજેજ આવ્યું પ્રભુ! ભાન મુજને
નિહાલી મારી ભૂત મૂર્ખતાને.
માગું છું એ તારી ઉદાર સ્હાયને
હતી દીધી તેં ઘણી મોહદગ્ધને.
હા, દોષ મ્હારાથી થયાં ઘણાં હશે,
પાપો વલી દુષ્ટ કર્યા ઘણાં હશે,
સર્વજ્ઞ! શું કહું? તુંજ જાણતો બધું
ઓ નાથ! ક્ષમજે હું ઘણો દુઃખી છું.
દેજે દયાપૂર્ણ હૃદે હવે મને
હે **વીર**! તારૂં બલ ઉગ્ર. એને
હું પામી ભેદીશ મહાન મોહના
બધાંય દુર્ગો-દુર્જય ભલે રહ્યાં.
નિર્ગ્રંથ થઇને પછી તુજ જેમ
હુંયે વરીશ મુક્તિ તણુંજ ધામ.

વસંત પંચમી,
અહમદાબાદ.

નલીન.
સુંદરલાલ એ. કાપડિઆ.
બીએ.

વિદ્યાર્થી સંસ્થાને ચરણે.

૧ અધ્યાપક

અધ્યાપક એટલે મહર્ષિઃ સમાધિષ્ઠ યોગી—

તેના અંતરમાં સદા અખૂટ શાંતિ હોયઃ અપૂર્વ દઢતા હોયઃ સમાનતા–સમભાવ હોયઃ ગંભિરતા હોયઃ વિદ્યાર્થી ગમે તેવો જડ હોય, ગમે તેવો બુઠ્ઠો હોય, ઘણીએ વાર શિખવ્યા છતાં ન આવડતું હોય છતાંય તે પોતાની ચિત્તસ્થિરતા ન ખુએઃ શાંતિનો ભંગ ન કરેઃ કંટાળે પણ નહિઃ ફરી ફરી પ્રસન્નતાપૂર્વક શિખવેઃ

અધ્યાપક એટલે પિતાઃ—

વિદ્યાર્થી ગમે તેવું ઉદ્ધત વર્તન ચલાવે, મર્યાદા મૂકે, છતાંય પોતાની ચિત્તસમાધિ ન ત્યાગે; શાંતિથી, દઢતાથી અને યુક્તિથી તેને પ્રસન્નતાપૂર્વક સમજાવે, માર્ગ બતાવે, માર્ગમાં લાવવા યત્ન કરેઃ તેનું કર્તવ્ય સમજાવે; તેની પર ક્રોધ ન કરે, તેને મારથી અગર બીકથી વશ ન કરે પરંતુ શાંતિ અને પ્રેમથી જીતે–વશ કરે, તિરસ્કારયુક્ત વચન ન કહે. પરંતુ અપૂર્વ શાંતિથી નીંતરનાં બોધવચન કહે. પોતાના કોઈ દોષથી કે વાતાવરણના દોષથી–શાથી તેનું વર્તન ઉદ્ધત અને દુષિત બન્યું તે શોધે અને તે દોષનો જડમૂળથી કઈ રીતે નાશ થાય તે વિચારે અને તેને માટે પોતાથી બનતાં પગલાં લેઃ

અધ્યાપક એટલે માતાઃ—

કોઇ વિષય ફરી ફરીને શિખવ્યા છતાં બાળકને ન આવડે કંટાળે અને પોતાની અલ્પ શક્તિ અને જડતાનું ભાન થતાં તે નિરાશ થાયઃ તેનું અંતર રડે, તે વિષય પરત્વે અને પોતા પરત્વે પૂર્ણ કંટાળો આવે, દીશાશુન્ય બની મૂઝાય ત્યારે અધ્યાપક તેને સાંત્વના આપે અમીદૃષ્ટિથી નવરાવેઃ તેને આશ્વાસન આપવામાં માતા જેટલું સામર્થ્ય ધરાવે; તેની મુંઝવણ યુક્તિ પ્રયુક્તિથી ટાળેઃ અંતરથી આશિષ આપે.

અધ્યાપક એટલે મિત્રઃ—

વિદ્યાર્થીનો પૂર્ણ વિશ્વાસ મેળવી લેઃ પ્રેમથી વશ કરી લેઃ એવો મિત્ર અને સલાહકાર બની જાય કે વિદ્યાર્થી પોતાના જીવનની ગુંચો પણ તેની પાસે મૂકે; પોતાની ખાનગીમાં ખાનગી વાતો પણ વિના સંકોચે તેમની પાસે મૂકે, અર્થાત્ તેમનાથી કંઈ પણ ખાનગી ન રાખેઃ ગુંચવાડો ઉભો થાય ત્યાં સલાહ લેઃ અંતર ખોલી વાત કરેઃ જરૂર પડે તો હૃદય ખોલી રડી શકે અને પેટભરી હસી પણ શકે અને તે તે દરેક પ્રસંગે અધ્યાપક તેને એક સાચા મિત્ર તરીકે સાચા સલાહકાર તરીકે યોગ્ય માર્ગ બતાવે.

અધ્યાપક એટલે માનસ શાસ્ત્રીઃ—

અધ્યાપક શિખવવાના વિષયમાં બરાબર રસ ઉત્પન્ન કરેઃ છેવટ સુધી રસ ટકાવી રાખવા યત્ન કરે છતાંય તે વિષયમાં કોને કોને રસ નથી પડતો તે તરત શોધી કાઢે. રસ ન પડવાનાં કારણ શોધે. તે વિષયને બદલે તેને કયો વિષય વધુ પસંદ છે–તેનું સ્વાભાવિક વલણ કયા વિષય તરફ છે તે શોધે વિદ્યાર્થીને કંટાળો ન આવે અને તે નિરુત્સાહી ન બને તે ખાસ લક્ષમાં રાખવા યત્ન કરેઃ કોને કોને ક્યાં ક્યાં કેટલો કંટાળો છે તે બરાબર સમજી લે.

વિદ્યાર્થીમાં અમુક અમુક શક્તિ ઓછી હોવાનાં કારણોની બારીકાઇથી તપાસ કરે; અને તે તે શક્તિ ખીલવવા શાસ્ત્રીય પદ્ધતિએ પગલાં ભરેઃ જરૂર પડે ત્યાં વાલી, વૈદ્ય અગર મિત્રોની મદદ લેઃ

એ બધું કરવા જતાં પણ વિદ્યાર્થીને કદી એમ ન લાગવા દે કે તે પોતે અશક્ત, જડ, બુદ્ધિવિહીન અને ઠોઠ છેઃ

અધ્યાપક એટલે બાળકઃ—

વિદ્યાર્થીને જે વિષયમાં રસ પડે, જ્યાં જ્યાં વિદ્યાર્થી ડોલે ત્યાં ત્યાં તેની સાથે પોતે પણ ડોલેઃ વિદ્યાર્થીના રસમાં રસ પુરેઃ

એકંદરે અધ્યાપક પોતાનું જીવન બાળક જેટલું નિર્દોષ અને સરળ, યુવાન જેટલું ઉત્સાહી અને ઉછાળા મારતું અને વૃદ્ધ જેટલું જ્ઞાની અને અનુભવયુક્ત બનાવવા યત્ન કરેઃ વિદ્યાર્થીના જીવન

સાથે એકમેક કરી નાંખેઃ બેઉનો સૂર એકજ નીકળે. એક સરખાજ તાલ પડેઃ પછી એવા અધ્યાપક તરફ વિદ્યાર્થીને ગુરૂભક્તિ ન ઉપજે ? !

૨ શિક્ષકોને—

[મંદાક્રાન્તા].

આવો માળી યુવક મનની વાડીના, ઉન્નતિનાં,
વાવો બીજો જીવનપટમાં દિવ્ય એ અર્ભકોનાં.
સીંચી તેને પ્રણયરસથી પૂર્ણ ભાવે તમારા,
અર્પો શક્તિ, અડગ વિરતા, ધીરતા સત્ય વાચા...૧
રોપી તેના વિમળ ઉરમાં, નિશ્ચલી આત્મશ્રદ્ધા,
આપો તેને અવલ નવલા પાઠ કર્તવ્યતાના;
ના ઇચ્છે એ જીવન ચુસતા શુષ્ક પાઠો તમારા,
ના ઇચ્છે એ જડ હૃદયના ડોળ ખાલી તમારા...૨
ના ઇચ્છે એ વચન તમ જે ક્રોધથી ધુંધવાતા,
ના ઇચ્છે એ ફળ વગરના માર કૈં યષ્ટિકાના,
તે ઇચ્છે છે જીવન નવલું, હર્ષીલું વેગવન્તુ;
તે ઇચ્છે છે જગ નિરખવા પૂર્ણ ને પ્રેમવન્તુ...૩
પેસે તેના હૃદયપટમાં મિત્ર સાચા બનીને,
જાણે ભાવો ઉર ઉછળતા, પ્રેમ તેનો ગ્રહીને;
પુરે જે કો જીવન ગુરુઓ અંતરે શિષ્ય કેરા,
'શાન્તિ' શાન્તિ અજબ લહીને પાદ પૂજે ગુરૂના...૪

૩ ગૃહપતિ—

—તેનું જીવન અને કર્તવ્ય—

ગૃહપતિ એટલે બાળકોની રગેરગ અને નસેનસ જાણનાર હોંશીઆર હકીમ.

ગૃહપતિની પાસે બાળકો પોતાનાં હૃદય ખોલતાં જરા પણ સંકોચ કે શરમ નજ રાખે.

ગૃહપતિ એટલે બાળકોનો સાચો મિત્ર, સાચો સલાહકારઃ

ગૃહપતિ બાળકોને ઉદ્ભવતા વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરેજઃ

ગૃહપતિની પાસે બાળકો પોતાની મુશ્કેલીઓ જણાવતાં સંકોચ નજ પામેઃ

ગૃહપતિ એટલે આનંદમૂર્તિ:—

ગૃહપતિ એટલે વાઘ તો નહિજ—તેને દેખતાં બાળકો બકરાં જેવાં બની આજ્ઞા ઉઠાવે તે બીલકુલ યોગ્ય નજ ગણાયઃ ગૃહપતિને દેખી બાળકો ત્રાસવાં ન જોઇએ. કિંતુ તેનો હાસ્યપૂર્ણ ચહેરો દેખતાંની સાથેજ બાળકોમાં માતાને દેખતાં ઉદ્ભવતા પ્રેમ અને આનંદ ઉદ્ભવવાં જોઇએઃ ગૃહપતિની આજ્ઞાનો ભયથી નહિ, પરંતુ પ્રેમથી અમલ થવો જોઇએ. ગૃહપતિનો સ્વભાવ ઠરેલ અને મળતાવડો જોઇએઃ

ગૃહપતિ એટલે સ્વચ્છતા અને વ્યવસ્થાનો આદર્શ નમુનોઃ

ગૃહપતિથી પ્રમાદ નજ સેવાયઃ બેદરકારી પણ નજ રખાયઃ તેણે પૂર્ણ સ્વચ્છ અને વ્યવસ્થિત રહેવું જોઇએ, જેથી બાળકો તેનું અનુકરણ કરી શકેઃ

ગૃહપતિ એટલે માનસશાસ્ત્રી—બાળમાનસશાસ્ત્રી:—

ગૃહપતિએ બાળકોના વિવિધ સ્વભાવો અને ખાશીયતોનું બારીકાઇથી પૃથક્કરણ કરવું અને અભ્યાસ કરવોઃ ગૃહપતિ પોતાના સ્વભાવને લીધે બાળકને નિરૂત્સાહી તો નજ કરેઃ બાળક અક્કલહીન અગર શક્તિવિહીન છે તેવું પણ તેને નજ કહે, અગર તેને તેમ માનવા પણ નજ દેઃ

ગૃહપતિ એટલે આદર્શ બાળકઃ ગૃહપતિએ એક આદર્શ બાળક બનીનેજ વિદ્યાર્થીઓ સાથે રહેવું ઘટે; પોતાની દરેક પ્રવૃત્તિમાંથી બાળકને નવા નવા પાઠ શિખવેઃ બાળકોની દરેક પ્રવૃત્તિમાં રસ લઇ શકેઃ તેમાં રસ ઉમેરી શકેઃ દોષ ટાળી શકેઃ બાળકોની પ્રવૃત્તિનું શાન્તિપૂર્વક નિરીક્ષણ કરી શકે અને તેને નવા માર્ગ બતાવી શકેઃ

ગૃહપતિએ સવારથી સાંજ સુધી વિદ્યાર્થીઓની વચ્ચેજ રહીને પોતાનું કાર્ય કરવું જોઇએ. ગૃહપતિને માથે વિદ્યાર્થીઓની જવાબદારી સિવાય બીજો બોજો નજ લદાવો જોઇએઃ ગૃહપતિના કાર્યમાં બીજા કોઇએ તેમની મરજી અને સંમતિ સિવાય આડે નજ આવવું જોઇએ. કારણ તેથી બાળકોપર ખોટી અસર પડેઃ

ગૃહપતિ બાળકોને નોંધપોથી રાખવા સૂચવે તેમાં બાળક આખા દિવસની પ્રવૃત્તિ, પ્રગતિ, નવા નવા અનુભવો અને અવલોકનોની નોંધ કરેઃ નવી સલાહ અને ઘટિત સૂચના આપેઃ તેમાંથી તારવવા

જેવા નિયમો, સ્ખલનાઓ, અને તેના ઉપાયો તથા તેની સારી બાજુઓને તારવી કાઢી બાળ ભાષામાં સુંદર રીતે લખીને સંસ્થામાં ચાલતા હસ્તલિખિત યા છપાતા માસિકમાં મૂકે: અન્ય ગૃહપતિઓ બાળકો કે સંસ્થાઓને ઉપયોગી થઇ પડે તેમ લાગતું હોય તો કોઇ જાહેર માસિકમાં મુકે.

ગૃહપતિ વિદ્યાર્થીઓની રમત ગમત વિગેરેમાં ભાગ લે: તેમની સાથે સાંજે ફરવા જાય, નવી નવી વાતો અને પ્રશ્નોના ઉકેલ કરે. વિદ્યાર્થીઓની ખાનપાન રહેણી કરણી વિગેરેપર પણ પૂર્ણ ધ્યાન રાખે: સ્વચ્છતા ને વ્યવસ્થાના પાઠ પોતાનાજ વર્તનથી શીખવે:

વિદ્યાર્થીઓ જ્યારે વર્ગમાં રોકાયેલ હોય ત્યારે ગૃહપતિ સુંદર સુંદર પુસ્તકો વાંચે, સાયકોલોજીનાં પુસ્તકો પણ વાંચે: બાળ કેળવણીને લગતું સાહિત્ય પણ વાંચે તેમાંથી બાળકોપયોગી નોંધ કરે...સ્વયં સ્ફુરણા થાય તો બાળકોપયોગી કાંઇક લખે: બાળ સ્વભાવનું પૃથક્કરણ કરે: તેમાંથી નિયમો તારવે: અલ્પશક્તિ, અલ્પબુદ્ધિ અને અનઆવડતવાળાં બાળકોના વિકાસનો માર્ગ શોધે: ને સંબંધી વિચારણા અને પદ્ધતિસરની યોજનાઓ ઘડે:

માંદા વિદ્યાર્થીઓની માવજતની વ્યવસ્થા કરે: વિદ્યાર્થીઓ સ્વાશ્રયી, આત્મશ્રદ્ધાળુ, આત્મસંયમી, સેવાભાવી અને નિડર બને તેવા દરેક ઉપાયો યોજે:

ગૃહપતિ વિદ્યાર્થીઓની વર્તણુક અને ચારિત્ર માટે દિનરાત પૂર્ણ ધ્યાન રાખે, જણાતા દોષો દૂર કરે: તેઓનું ચારિત્ર ઘડે:

ચારિત્ર બગડવામાં કારણભૂત ખાનપાન, નિવાસ, રીતભાત અને કાર્યક્રમ વિગેરેના દોષો ટાળે:

વિદ્યાર્થીઓને અસભ્ય ભાષા બોલતો અટકાવે, અને એમ બોલવાનો ફરી પ્રસંગ ન આવે તેવી યોજના ઘડે: પરસ્પર ભ્રાતૃભાવ કેળવાય તેવાં પગલાં લે.

વિદ્યાર્થીઓ પોતાના વિચારો સ્પષ્ટ મુદ્દાસર અને નીડરપણે જણાવી શકે તેવી વક્તૃત્વશક્તિ અને લેખનપદ્ધતિ તેઓમાં કેળવે. બની શકે તો ગૃહપતિ વિદ્યાર્થીઓના અભ્યાસકાર્યમાં પણ મદદગાર થાય: વિગેરે બાળ વિકાસનાં અનેક પગથીઆં ઘડે અને બાળ વિકાસની આખી સીડી તૈયાર કરી પોતાનાં બાળકોને–વિદ્યાર્થીઓને તે પર ચડતાં શિખવે.

ગૃહપતિ વિદ્યાર્થીઓને પદ્ધતિસર તાલ સાથે ખુલ્લે સ્વરે ગાતાં પણ શિખવે. એકંદરે બાળકોનો આત્મા કચરાઈ ન જાય, તેઓની શક્તિ દબાઇ ન જાય તેવી રીતે બાળવિકાસનાં દરેક પગલાં ભરે.

શ્રી જૈન વિદ્યાભુવન રાધનપુર,

શાંતિલાલ મગનલાલ શાહ.

Ahimsa Anuvrata

or

Ahimsa to be observed by the Jain laity

In this article, I propose to say something on the question of Ahimsa which a Jain layman or house–holder, accepting the first out of the twelve vows–laid down for his observance, is enjoined to observe.

Jainism recognizes two distinct classes, viz (1) Sadhus i. e. Ascetics, and (2) Grihasthas, i. e. laymen or house–holders. The final aim of both these classes is the attainment of **Moksha** or deliverance from the bondage **of Karmas** by treading the path laid down by **Tirthankaras** who have fought and conquered Death and destroyed the demon of Darkness.

This path mainly consists of observing five **Vratas** or vows. The

first of these five **Vratas** is what is known as **Ahimsa** i. e. abstinence from injuring living beings.

The **Sadhus** are enjoined to observe **Ahimsa** withrespect to all living beings and from all points of view. The laymen are unable to keep pace with their more advanced brethern the Sadhus, in the observance of the **Vratas** or vows, and so the vows paescribed for Sadhus are reduced to a milder form with respect to laymen, the object being that by practising these milder vows, they would by degrees be able to reach their ideal which consists of the full vows of Sadhus. Rules of conduct laid down for the guidance of laymen are thus tempered to the capacities of their less evolved souls, though they are enjoined always to keep before their minds' eye as their ideal the necessity of observing the strict rules laid down for Sadhus, to have high regard for those rules, and to yearn for the day when they would be able to get sufficient strength of mind and body to observe those rules. The rules laid down for laymen are thus a stepping stone to the attainment of strength to observe strictly the rules for **Sadhus**. The **Vratas** of **Sadhus** are called **Mahavratas** and those of laymen **Anuvratas**. These latter are twelve in number, and ***Ahimsa Anuvrata*** is the first of them.

It may be stated at the outset that Ahimsa includes not merely abstaining from taking away the life of a living being, but it includes abstaining from all sorts of injury that may be done to a living. In order to explain Himsa in all its aspects, several divisions and sub-divisions of it are mentioned in the Shastras. I refer to four divisions of Himsa here. They are these :—

(1). Dravya and Bhava Himsa i. e. physical and mental Himsa i. e. the Himsa of a deer by a hunter who had made up his mind to do it.

(2). Only Dravya but not Bhava Himsa committed by a Sadhu observing **ईर्यासमिति** i. e. diligence in all his movements to avoid doing injury to any living being.

(3). Only Bhava but not Dravya Himsa i. e. mental though not physical Himsa e. g. (1) Himsa done by Angarmardaka (**अंगार-मर्दक**) who was treading over coals believing them to be insects with the intention of killing them or (2). Himsa of a rope taken to be a serpant owing to dimess of light.

(4). Neither physical nor mental Himsa e. g. the action of a Sadhu perfectly pure in mind, speech and body.

A Sadhu is enjoined to **avoid** all **Dravya** and **Bhava Himsa** in all its three forms and by mind, speech and body. The three **forms** are:—

(1). करवुं actual commission of the harmful act by oneself (2) कराववुं its abetment when done by another (3) अनुमोदवुं the encouraging of those who have already committed it independently of oneself by expressing one's feeling or praise or satisfaction etc.

Compared to this vow of a Sadhu, the vow of a layman is milder and so the former is called **Maha Vrata**, while the latter is called **Anuvrata.** The scope of the former as compared to the scope of the latter is in proportion of a rupee to an anna. This proportion will be clearly understood from the following :—

जीवहिंसा (One rupee-from which a Sadhu should abstain.

- त्रसजीवहिंसा (8 Annas)
  - संकल्पजा (4 Annas)
    - निरपराध (2 Annas)
      - निरपेक्ष (1 Anna)
      - सापेक्ष (1 Anna) A layman cannot abstain from this
    - सापराध (2 Annas) A layman cannot abstain from this
  - आरंभजा (4 Annas) A laymau cannot abstain from this
- स्थावर जीवहिंसा (8 Annas) A layman cannot abstain from this.

From this table it appears at a glance that Ahimsa which a Sadhu can and is required to observe is one rupee, while that which can be observed by a layman is one anna only.

Jivas or living beings are divided into two main divisions, (1). Trasa Jivas i. e. those which can move or which possess 2, 3, 4, or 5 sense-organs and (2) Sthavara Jivas, i. e. those which cannot move or possess only one sense-organ viz that of touch. These Sthavara Jivas are subdivided into five parts (1) Prithvi Kaya Jivas i. e. lives in earth, (2) Apkaya Jivas i. e. lives in water (3) Tejask'aya Jivas i. e. lives in fire, (4) Vayu Kaya Jivas i. e. lives in air and (5) Vanaspati Kaya Jivas i. e. lives in vegetable world.

For a householder it is not possible to abstain from doing injury to **Sthavara Jivas** of the five sorts mentioned above. He is therefore enjoined to abstain from Himsa of Trasa Jivas. Thus out of the full rupee Ahimsa, only half remains for a layman. Eight annas are thus lost.

It should be stated at this stage that this does not mean that a layman is allowed full freedom to injure Sthavara Jivas. For doing Himsa of Sthavara Jivas, he has to suffer the necessary consequences. It is his own inability that comes in his way, and so he is expected to be always repentent for what he is unable to avoid and thus reduce to a minimum the consequences of his actions. The law of Karma is quite rigid and is no respecter of persons. All acts mental, physical, or vocal, have their

own effects on the soul. These effects vary according to the force with which the acts are done. So a layman should always in order to avoid the severest consequences of his acts be of a soft temperament and sorry for his inability, and have a desire to obtain sufficient strength to be able to observe full Ahimsa.

We have seen above that a layman on account of his inability is unable to abstain from Himsa of Sthavara Jivas and so loses half a rupee of Ahimsa. But this Sthavara Himsa, he is not able to avoid in all respects. This may be of two kinds. It may be done (1) with the object of injuring Jivas, or (2) without having a set purpose of doing so in the course of doing other actions. The first is called संकल्पजाहिंसा i. e. Himsa committed after a mental resolve to do it, while the second is called आरंभजाहिंसा i. e. Himsa which follows while doing other actions. In doing agricultural and other such work, it is possible that Himsa of lives having two or more sense-organs would be committed and without doing these acts it may not be possible for a layman to maintain one's body and family. A layman is thus unable to abstain from this आरंभजा Himsa. Out of half a rupee represented by त्रसजीव Himsa, half represented by आरंभजा is lost, and the other *half संकल्पजा only remains* for consideration of a layman. Thus *the rupee is reduced to four annas.*

Again a layman is not able to abstain wholly from संकल्पजा Himsa. This Himsa is of two kinds. It may be (1) with respect to living beings who are निरपराध i. e. who have done or are likely to do no offence or (2) with respect to those who are सापराध i. e. who have committed an offence or are likely to commit an offence. A layman is not able to abstain from doing injury to सापराध Jivas. He is however enjoined to discriminate while doing Himsa or injury to these beings. The injury should not exceed the magnitude of the offence. It should be always in proportion.

A householder can thus abstain from संकल्पजा त्रसजीवहिंसा only so far as निरपराध Jivas go and not in connection with सापराध Jivas. The four annas are thus reduced to two annas only.

Further निरपराध Jivas may be divided into (1). सापेक्ष and (2) निरपेक्ष. Those in regard to whom we have अपेक्षा i. e. necessity, or in whom we take interest are सापेक्ष, and those in regard to whom we have no अपेक्षा are निरपेक्ष. Even if a buffalo, a bullock, a horse or any like creature be quite निरपराध, one who has to take necessry service from it has to do some sort of injury to it as occasions arise. So also one has to chastise his children, pupils and others in whom he takes interest if they are found negligent or disobedient *even though they may be* निरपराध.

The only Himsa which a layman can thus avoid is संकल्पजा त्रसजीवहिंसा

with respect to निरपेक्ष निरपराध. Jivas and not with respect to सापेक्ष निरपराध Jivas. Out of the two annas, therefore half is lost, aad the Ahimsa which a layman can observe is reduced to one anna only as compared with the rupee Ahimsa which a Sadhu can and is required to obseive

It may be carefully observed again that a layman is not given a pass-port to commit Himsa other than संकल्पजा त्रसजीवहिंसा with respect to निरपेक्ष निरपराध Jivas, that he cannot do any Himsa with impunity and without being liable under the rigid law of Karma for his acts; and that therefore, in order that the liability may be as little as possible and such as could be removed with small efforts, he is asked to be always of a tender heart full of compassion in all his doings. He should keep himself away from all unnessary Himsa even of Sthavara Jivas; while for the necessary Himsa which he has to commit on account of his circumstances and inability to avoid, he is to feel repentant and by such repentance to lighten as far as possible the effect in the form of Karma Bandh produced on his soul by that Himsa. He should keep the ideal of Mahavratas where full Ahimsa could be observed before his mind's eye, so that in any of his future births, if not in this, he would be so circumstanced as to attain that ideal, and finally **Moksha** i. e. the pure, and real position and state of his soul.

This finishes what I have to say about Ahimsa Anuvrata of a Jain layman. As already stated above the Vratas of a Jain layman are twelve in number and Ahimsa tops them all. It may however be added that the acceptance and observance of all these Vratas have as their foundation what is called in Jain terminology सम्यकत्व-Samyaktva which literally means right belief and is a stage in the development of a soul. Unless the Soul reaches that stage, it does not possess the true qualification of one who could accept and observe these Vratas. **Samyaktva** is called the basis or root **of Shravaka Dharma**. If it does not exist i. e. if the soul has not risen so high, the vows are almost like seeds sown in a barren land and bear no fruit or rather very scanty fruit. So it is necessary to make efforts to prepare the ground by developing the Soul at least so far that it reaches the stage which is known as Samyaktva.

In the end I may state that what I have said above is based on my very limited knowledge and so it is likely that there may have crept in it something which may not be quite in keeping with what is laid down in the Shastras. If this is so, it is due to my ignorance and I would tender my apology for it.

Ahmedabad.
Dated 31st March 1919. } **S. P. Badami.**

जगद्गुरु श्री हीरविजयसूरि।

दया देवी के परम उपासक, जैनश्वेताम्बर सम्प्रदायके प्रभावक आचार्य श्री हीर विजय सूरि का नाम आजसमस्त जैनेतर समाजमें भी बड़े गौरव तथा आदर के साथ लिया जाता है। उनका जीवन सर्वतोभावेन ऐश्वर्यशाली तथा तेजोमय था। गुरु महाराज जी का ही प्रताप था कि अकबर जैसा मुगल सम्राट भी उनके व्रतों, नियमों तथा तपस्याओं को देखकर चकित हो गया था. और उसने सहर्ष उन्हें अपना धर्मगुरु बनाया था.

श्री हीरविजय सूरिजी महाराज की जीवन घटनायें अभी तक अविकल रूप से किसी भी पुस्तक पत्रिकादि में प्रकाशित नहीं हुई हैं। हम इस क्षुद्र लेखमें अपने पाठकों के सम्मुख उनके जीवन वृतान्त को रखते हैं। आशा है सज्जनवृन्द इस से लाभ उठायेंगे।

मुनिराज का सच्चा जीवनवृत्त मुख्यतया संस्कृत के तीन ग्रन्थों (१) जगद्गुरुकाव्य (२) हीरसौभाग्य काव्य (३) कृपारसकोश से मिलता है.

श्री हीरविजयजी महाराज का जन्म १५२६ में गुजरात देशके पालनपुर नगर में एक जैन के घर हुआ। अभी आप पूरातिया अपने पैरों पर भी खड़े न हुए थे कि एक विपत्ति-शैल आप पर टूटा। माता पिता का प्रेममय सुख आपसे शीघ्र ही छिन गया। तेरहवर्ष की अवस्था में ही उनके माता पिता बालक को निःसहाय छोड़कर परलोक सिधार गये। अब मातृपितृ विहीन बालक ने स्वयं अपना मार्ग बताया। माता पिता के वियोग-दुःख को भूलने के लिये श्री सूरिजी पाटन पहुंचे, जहां उनकी बहिन विवाहित थी। यहां पर भी वे बहुत दिनों तक न रहसके क्यों कि वे एक अलौकिक जीवन की तैय्यारी कर रहे थे। संसार के असार जीवन को देख कर आप इस क्षणभङ्गुर संसार से विमुख हुए। प्रबल वैराग्य का बीज आप की हृदय-स्थली में अङ्कुरित होने लगा। ईसवी सन् १५३८ में १३ वर्ष की अवस्था में ही संसार को त्याग कर श्री विजयदान सूरीश्वर महाराज से निर्मल तप तथा संयम के भावों के साथ दीक्षा ली। इस जीवन में मुनिराज ने एकान्त जीवन बिताना प्रारम्भ किया और शास्त्रों के पठन पाठन तथा ध्यानमें ही चित लगाया। कुछ दिन पश्चात् 'देवगिरि' पहुंच कर उपाध्याय 'धर्मसागर'जी से न्याय शास्त्र का अध्ययन किया और उपाध्यायजी की कृपासे आप न्याय शास्त्र में प्रवीण हो गये। ईसवी सन १५५१ में अपनी मातृभूमि में गुजरात में आए और यहीं पर आप 'वाचक' तथा 'सूरि' की पदवी से विभूषित किये गये।

चन्दन की गन्ध छिपाने से छिप नहीं सकती। ठीक इसी प्रकार मुनि महाराजजी की ख्याति भी बहु और फैलने लगी। बड़े २ यति, साधु, और महात्मागण उनके दर्शनार्थ दूरदूर से आने और उनसे अनेक प्रकार के उपदेशों को ग्रहण कर अपने जीवन को सफल बनाने लगे। भारतवर्ष के तात्कालीन सम्राट् अकबर ने भी उन की गुणगाथा सुनी और उनको बुलाया।

अकबर यद्यपि मुसलमान था तथापि वह एक धर्मजिज्ञासु पुरुष था। भारत के भिन्न भिन्न धर्मों का स्वाध्याय वह बड़े चावसे किया करता था अस्तु! मुनिराज की धर्म महिमा का किस प्रकार अकबर को पता लगा। इस की भी एक कथा जगद्गुरुकाव्य में लिखी है, जिस को हम यहां उद्धृत करते

हैं। सम्राट् अकबर एकबार फतहपुर के शाही महलमें बैठे हुए राज मार्ग का निरीक्षण कर रहे थे। कि इतने में एक जुलुस उनके दृष्टि-गोचर हुआ। उस में एक स्त्री पालकी में सवार होकर जा रही थी। उसके सामने फल पुष्पादि के थाल रक्खे हुए थे। बादशाह को पूछने पर पता लगा कि वह स्त्री एक जैन श्राविका है और आज अपने पर्वके दिन जैन मन्दिरों के दर्शनार्थ जारही है। उस की तपोमयी मूर्ति को देखकर सम्राट् का कुतूहल बढ़ा और उस ने उस के जीवन के रहस्य जानने की प्रबल इच्छा प्रकट की। राजा ने उस श्राविका को अपने महल में बुलाया और १½ महीने तक अपने पास रख कर उस के जीवन के रहस्यों को जानता रहा। अन्त में बादशाहने श्राविका से पूछा कि 'हेमात'! तू इतना कठिनतप क्यों और कैसे कर रही है? तपस्विनी ने कहा 'महाराज' मैं अपनी दोषमयी आत्मा को शुद्ध करने के लिये यह तप कर रही हूं। और यह धर्ममूर्ति, महात्मा हीरविजयसूरि जैसे धर्म गुरुओं की कृपा का एक मात्र फल है.

जैन श्राविका के मुख से श्री हीरविजय-जी महाराजका पवित्र नाम सुनते ही उसके चित्त में उन से मिलने की इच्छा अत्यधिक जागृत हुई। उसी समय अहमदाबाद के सूबे-दार शहाबुद्दीन अहमदखां के नाम एक फर-मान पत्र लिखकर अपने दो कर्मचारियों को गुजरात भेजा। सम्राट् ने सूबेदार को आज्ञा दी कि महाराज हीरविजयजी की कीर्ति और शिक्षा से समस्त उत्तर हिन्दुस्तान गूंज रहा है उनको शीघ्र ही मेरे दरबार में भेज दो।

आज्ञा पाते ही अहमदाबाद के सूबेदार ने प्रधान प्रधान श्रावकों को एकत्रित किया और श्री महाराज को उपस्थित करने की प्रार्थना की। उस समय श्री सूरिजी महाराज गुजरात में न थे।

वे गन्धारबन्दर पर चतुरमास कर रहे थे। श्रावक लोग वहीं पर पहुंचे और प्रार्थना की कि आप को सम्राट् अकबर ने याद किया है। महाराज ने भी देरी नहीं की और चलने को तय्यार हो गये। गन्धारबन्दर से चल कर आप अहमदाबाद पहुंचे। यहां पर शा-हाबुद्दीन सूबेदारने उनका बड़ा आदर सत्कार किया और महाराज के सामने राज्य की बहुमूल्य वस्तुओं को रक्खा और ग्रहण करने की प्रार्थना की। सूरीश्वर ने संसार की इन समस्त चीजों से निःस्पृहता दिखाकर अपने उन्नत जीवन का परिचय दिया।

सत्य है जो मनुष्य संसार की माया के पीछे भागते हैं—माया उन से जल्दी ही परे हो जाती है और जो माया का त्याग करते हैं, माया उनके पीछे पीछे फिरती है। श्री स्वामी रामतीर्थजी ने ठीक ही कहा है—

भागती फिरती थी दुनिया,
जब तलब रकते थे हम।
जब से नफरत हम ने की,
वह बे क़रार आने को है।

कुछ दिन अहमदाबाद ठहर कर मुनी-राजने अपने शिष्यों सहित पैदल ही फत-हपुर की तरफ प्रयाण किया और संवत १६३८ के ज्येष्ठ मास में अनेक कष्टों पर वि-जय पाते हुए फतहपुर पहुंचे। अकबर ने उनका आगमन सुनते ही अपने प्रधान शेख़ अबुलफजल को महाराजका यथायोग्य आदर-सत्कार करनेकी आज्ञा दी। आदेश पातेही उसने मुनीश्वरजी को शिष्य सहित अपने महलमें ठहराया। अबुलफ़ज़ल ने भी उसे एक उत्तम अवसर समझकर महाराजसे 'खुदा' तथा 'क़ुरान' पर अनेक प्रश्न किये, जिन का महाराज ने निर्भयतासे खण्डनात्मक उत्तर दिया। अबुल-फ़ज़ल उत्तरों को सुनकर बड़ा प्रसन्न हुआ

और कहा कि 'आपके कथनसे यही सिद्ध होता है कि हमारे कुरान में बहुत सी तथ्येतर (असत्य) बाते लिखी हुई हैं।

अपने कार्यों से निवृत्त होकर सम्राट् अकबर दरबार में आये और महाराज को बुलाने के लिये अबुलफ़ज़ल के पास नौकर को भेजा। सूरि महाराज को आता देखकर सम्राट् ने अपना आसन छोड़ कर नम्र भाव से प्रणाम किया।

पाठको! प्राचीन समय में धर्मगुरुओं, सन्यासियों तथा साधुओं के सामने बड़े बड़े राजा भी झुका करते थे। मर्यादा पुरुषोतम श्रीरामचन्द्रजी अपने धर्मगुरु जी के सम्मुख झुकने में अपना अहोभाग्य समझते थे-यह थी धर्मगुरुओं की प्रतिष्ठा। अजकल धर्मगुरु ही (archbishop) राजा के सामने नतशिरस्क होते हैं। राजदरबार में धर्म का कितना मान तथा सत्कार रह गया है यह इस से स्पष्ट है।

परन्तु अकबर के चित्त में धर्मगुरुओं के प्रति अपार श्रद्धा व भक्ति थी। इस लिये वह ऐसे धर्मगुरुओं का यथायोग्य सत्कार करता था। अस्तु.

श्री महाराज का कुशलक्षेमादि पूछने पर अकबर ने उनकी यात्रा का हाल सुना और वह चकित रह गया कि महाराज ने इतने तपों से अपने शरीर को कैसे परिमार्जित कर लिया। उस समय मुनिराज के मुनिव्रतों और त्यागमय जीवन को देखकर सम्राट् के आश्चर्य की सीमा न रही। मुनिजी से सुशिक्षायें ग्रहण करने की उत्कट लालसा उत्पन्न हुई। महाराज को अपने एकान्त भवन में ले गया और कई प्रकार अपने सन्देहों को निवृत्त किया। समयानुकूल सूरिजी ने उसे जैन धर्म के पांच व्रतों का उपदेश दिया जिन को साधु पालते हैं। वे व्रत यह हैं- अहिंसा, सत्य, अचौर्य, ब्रह्मचर्य और अपरिग्रह। सम्राट अकबर साधुओं के ५ व्रतों और ईश्वर, सुगुरु, सद्धर्म के विषयमें सूरिजी के विचारों को श्रवण कर बड़ा सन्तुष्ट हुआ। मुनिराज की विद्वत्ता, निःस्पृहता और पवित्रता की भूरि भूरि प्रशंसा की।

अब से उस के आत्मिक विचारों में हल चल पैदा हो गई और उस से जैन धर्म में अपनी असीम श्रद्धा दिखानी प्रारम्भ की।

अकबर के मन में मुनि महाराज को भेंट में कुछ जैन साहित्य की पुस्तकें देने का विचार हुआ। कहते हैं कि अकबर के पुस्तकालय में जैन साहित्य की बहुत सी पुस्तकें थीं जो कि उसने किसी ऐसे ही महात्मा को भेंट करने के लिये रख छोडी थीं। सम्राट् ने मुनिराज से इन पुस्तकों को ग्रहण करने की प्रार्थना की पर मुनिराज ने अपने "अपरिग्रह" व्रत की तरफ संकेत करते हुए उन पुस्तकों को ग्रहण करने का निषेध किया। अन्त में अबुलफ़ज़ल तथा सम्राट् के बहुत अनुनय, विनय करने पर सूरि महाराज ने उन को सादर स्वीकार किया। और उन पुस्तकों को तुरत ही आगरे आकर एक पुस्तकालय में "अकबरीय भाण्डागार" के नाम से रखवा दिया। यह था सच्चा मुनीश्वर का अपरिग्रह व्रत।

कुछ दिन फतहपुर ठहर कर मुनीश्वर चातुर्मास करने के लिये आगरे पधारे उस के पश्चात फिर फतहपुर आये। सूरि जी को शहर में आये हुए सुन कर अकबर ने पुनः उनके दर्शनों से लाभ उठाना चाहा। सूरि जी के दर्शन किये। भेंट में राज्य के बहु मूल्य वस्तुयें-हाथी, घोडे, रत्नादि ग्रहण करने की प्रार्थना की पर महाराज ने इन सब को तृणवत् छोड दिया और कहा कि "हे राजन! यदि आप मुझे कुछ देना चाहते

हैं तो आप मेरे कहने से अपने सब कैदियों को और पिंजरों में बन्द किये हुए समस्त पक्षियों को मुक्त करदें। हमारे पर्युषणों के पवित्र दिनों में आप के सम्पूर्ण राज्य में कोई भी पुरुष किसी प्रकार के प्राणी की हिंसा न करे-ऐसे फरमान लिख कर आप मुझे दें। यही मेरे लिये भेंट है।"

अकबर ने इन आदेशों को सहर्ष स्वीकार किया। कैदी तथा पक्षी स्वतंत्र किये गये। और पर्युषणों के ही दिन नहीं पर उन के ४ दिन और भी बादशाह ने अपनी ओर मिलाकर १२ दिन तक जीववध न करने के फरमान लिख दिये।

मुनिराज के उपदेशों से अकबर के जीवन में एक आश्चर्यजनक परिवर्तन हुआ। उस ने महाराज को अपने ५ प्रकार के विद्वानों की श्रेणी में सिरमौर बनाया और महाराज को 'जगद्गुरु' की पदवी से सत्कृत किया।

महाराज के पीछे उपाध्याय भानुचन्द्र, विजयसेनसूरि, शान्तिचन्द्रादि जैन साधुओं ने अकबर के जीवन को बहुत सुधारा। अकबर जैन धर्म से स्नेह करता था, इस का कारण उसकी क्षणिक उत्तेजना नहीं थी। उस के जीवन का अन्तिम भाग ऐसे ही जैन साधुओं के उपदेशानुसार बीता था।

बादशाह का क्रियात्मक जीवन जैन ही था। अब इस में कोई भी सन्देह नहीं रहा है। इस की पुष्टि के लिये भाण्डारकर मेमोरियल (वोल्यूम प्रथम के २६६ पृष्ठ में प्रकाशित पट्टावलि को पढ़िये।

अकबर की राज्यपद्धति और फरमानों का अध्ययन करने से यही विदित होता है कि अकबर जैन धर्म का श्रद्धालु था। हमारे पास इतना यहां स्थान नहीं कि हम अकबर की कृतियों का उल्लेख कर अकबर की जैन धर्म श्रद्धा प्रमाणित करें।

अन्त में पाठक महोदयों से प्रार्थना है कि सूरीजी के जीवन को बार बार पढ़ें और मनन करें।

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः।

शशिभूषण शास्त्री
संस्कृत अध्यापक श्री आत्मानंद
जैन हाईस्कूल अंबालाशहर।

જૈનકથાઓ અને પ્રાચીન સુભાષિતો.

[લેખકઃ-શ્રી મંજુલાલ રણછોડલાલ મજમુદાર, બી. એ. એલએલ. બી. રિસર્ચ સ્કોલર, મુંબાઇ યુનિવર્સિટી.]

કથાઓમાં બોધકહેતુ પ્રધાનપણે ઉપર તરી આવવો ન જોઈએ. એમાંનો ઉપદેશ પારદર્શક ભલે રહે, પરંતુ તે પ્રત્યક્ષ તો નજ હોવો જોઇએ; તેમજ વ્યંગ્ય હોય તેજ ઉત્તમ બોધ–તથા 'વાર્તાનો સાર કાઢવો એટલે વાર્તાનું વિષ કાઢવું.'–એવા એવા સિદ્ધાંતો શિષ્ટ સમાજના વાંચકો અને શ્રોતાઓ માટે સમજવાના છે. પરંતુ સમાજના મધ્યમ વર્ગને અને નીચલા થરને માટે તો ફાડીફોડીને ખુલ્લો ઉપદેશ બતાવવામાં ન આવે તો તેમને તે શોધ્યો જડતો નથી. કારણ કે તેમનામાં, સંસ્કારી વાંચકના જેવી પરીક્ષણ શક્તિ તથા બોધ તારવવાની વિવેકબુદ્ધિ હોતાં નથી. તેથી તેવાઓને માટે સ્પષ્ટ ઉપદેશ આપવાની શૈલી કેટલાક લેખકો, ઉપદેશકો અને નીતિધર્મના પ્રશંસકો સ્વીકારે છે. એકલો નર્યો બોધ તો વેદની આજ્ઞાની પેઠે કડવોજ લાગે. અને તેને ગ્રહણ કરનાર શ્રોતા મળવા પણ મુશ્કેલ; તેથી હિતકારક અને મનોહારી એવા ઉપદેશને વાર્તારસદ્વારા પાઇ દેવાની વૃત્તિ ધર્માચાર્યો અને સાહિત્યકારોએ યોજી છે. તેથી જ વાર્તાકારો, વચમાં વચમાં જ્યાં તક મળે ત્યાં સુભાષિત દ્વારા ઉપદેશ આપવાનું ચૂકયા નથી; કારણકે સમય અને પાત્રતાનો વિચાર કરી આપેલો ઉપદેશ ભાવિક છતાં અજ્ઞાની શ્રોતાના હૃદયમાં તરત ખૂંપી જાય છે.

બોધાત્મક (Didactic) શૈલીમાં કવિને કવિ મટી, વખત આવ્યે ઉપદેશક થઈ જવું પડે છે તે વાત સાચી છે. "રાસા" કાર જૈન સાધુઓનો–અથવા તો જૈન ધર્મના મિશનરીઓનો ઉદ્દેશ કેવલ વ્યવહારૂ હતો. ખાસ સાહિત્ય ઉત્પન્ન કરવું અથવા તો સાહિત્યને સમૃદ્ધ કરવું એવો ઘણા જૈન યતિઓનો ઉદ્દેશ નહોતો જ, એમ કહેતાં સંકોચ પામવાનું કારણ નથી. તેમનો એકાંતિક હેતુ સાંપ્રદાયિક ધર્મસાહિત્ય વધારવાનો હતો, જેમ હરિકીર્તન કરનારાઓ અને પુરાણીઓ તથા બીજા કથા કરનારાઓ અમુક પ્રસિદ્ધ પ્રસંગ–પૌરાણિક કે ધાર્મિક–પસંદ કરી, તેને પોતાની સન્મુખ એકઠા મળેલા શ્રોતાઓ આગળ વિવિધ રસની જમાવટ કરી, વિસ્તારે છેઃ અથવા તો જેમ એક અંગ્રેજ પાદરી બાઇબલમાંથી અમુક ભાગ, અમુક પ્રસંગ કે અમુક વાક્યખંડ પસંદ કરીં, તેના ઉપર પોતાનો ઉપદેશ–sermon નિજ ધર્મીઓ આગળ વાંચી સંભળાવે છે–તેવી જ કોઈ પદ્ધતિને અનુસરીને આ સાધુઓ જિનશાસનમાંથી અથવા તો કોઈ પ્રચલિત લોકવાર્તા કે આખ્યાયિકા અથવા તો સમકાલીન ઇતિહાસનો મહત્ત્વનો (તેમની ધર્મપ્રચારની દૃષ્ટિએ) પ્રસંગ લઇ પોતપોતાની શૈલી તથા શક્તિ અનુસાર પ્રબંધો અને રાસાઓ રચતા હતા. ગુજરાતમાં જ્યાં સુધી સંસ્કૃત સાહિત્યની મોહની રહી અને, સંસ્કૃત ભાષામાં લખેલું તે શાસ્ત્ર એમ મનાતું રહ્યું, ત્યાં સુધી જૈનોએ પણ કથાઓ અને પ્રબંધોને સંસ્કૃતદ્વારા સમાજમાં ફેલાવ્યાં; પરંતુ મૂળ ધર્મની ભાષા માગધી હોવાથી, અને સિદ્ધરાજના વખતમાં અપભ્રંશ એ ગુજરાતની રાજભાષા અથવા તો લોકભાષા તરીકે જાહેર સ્વીકાર પામી, ત્યારથી, એ ભાષામાં જૈન ધર્મનું સાહિત્ય ખીલવા માંડયું અને લોકગમ્ય થતું ગયું. પરંતુ જ્યારે સંસ્કૃતમાં કથાઓ રચાતી થઇ ત્યારે, પ્રાકૃત અને અપભ્રંશ તેમજ અર્ધમાગધીમાં સુંદર, રોચક અને સચોટ લાગનારાં સુભાષિતોને તેમાંથી બાતલ કરવાં તે ઠીક લાગ્યું નહી. એટલે એ લોકસાહિત્યની પેઠે ચલણી સીક્કા જેવાં બની ગયેલાં અપભ્રંશ અને જૂની ગૂજરાતી ભાષાનાં સુભાષિતો કથાઓની વચમાં વચમાં દાખલ કરવાનો પ્રથા ચાલુ રહ્યો. આ રીતે ગૂજરાતનું દસમા શતકથી તે પંદરમા શતક સુધીનું

લોકસાહિત્ય આવી જૈન કથાઓ, પ્રબંધો અને ચરિત્રોમાં સચવાઇ રહ્યું છે. તે ગુજરાતી ભાષા તેમજ સાહિત્યના વિકાસના અભ્યાસીને માટે ખૂબ કીમતી ખજાનો છે.

આ ટૂંકો લેખ લખવાનો ઉદ્દેશ હવે જણાવી દઉં. જ્યારે આવા સુભાષિત સાહિત્યની આટલી બધી કીમ્મત છે, અને એ સાહિત્યથી સામાન્ય—એટલે સાહિત્યને ઉત્પન્ન કરનારા નહી, પણ સાહિત્યના રસનો ઉપભોગ કરનારા—સમાજને પણ ખૂબ લાભ થવા સંભવ છે તો મારી નમ્ર સૂચના રજુ કરવાની આ તક હું લઉં છું કે દસમા શતકથી આરંભીને છેક સત્તરમા શતક સુધીના સંસ્કૃત પ્રાકૃત તેમજ ગુજરાતી જૈન ગ્રંથોમાંથી આવાં સુભાષિતોનો એક "સુભાષિત રત્ન ભાંડાગાર" અથવા તો "સદુક્તિ કર્ણામૃત" કે "સુભાષિત સંગ્રહ" જેવો વિષયવાર, સૈકાવાર અને ભાષાની દૃષ્ટિએ પ્રાચીનતા સાચવી રાખીને એક મોટો સંગ્રહ તૈયાર કરાવવાનું વિદ્યાપોષક જૈન સંઘ હાથમાં લે તો જૈનધર્મીઓ ઉપર તેમજ ગુજરાતી ભાષામાં રસ લેનાર, અને ગુજરાતી ભાષાને માતૃભાષા ગણનાર દરેક ગુજરાતી ઉપર ભારે ઉપકાર થયો કહેવાશે. તે માટે વિદ્વાન સાધુ મહારાજોનો, જૈન પંડિતોનો અને એવા જ બીજા નિષ્ણાત ભાઇઓનો સહકાર સાધવાની યોજના **જૈન-શ્વેતાંબર કોન્ફરન્સ** જેવી વગવાળી સંસ્થા ઉપાડી લે તો આ સૂચના કરનારનો શ્રમ કંઇક સાર્થક થશે; અને તેને પરમસંતોષ થશે.

સંઘના એક યાત્રાળુની સૂચનાઓ.

છરી (છરી=છ્રી) પાળતાં સંઘમાં ગયેલા એક યાત્રાળુની કેટલીક અંગત સુચનાઓઃ—

૧ અમદાવાદથી પાલીતાણે જતાં સામાન્ય રીતે સંઘોમાં ૧૮ મુકામ કરવામાં આવે છે.

	માઇલ.
૧ સરખેજ	૬
૨ મોરૈયા	૬
૩ બાવળા	૮
૪ ધનવાડા.	૮
૫ કોઠ	૧૦
૬ ગુંદી	૧૦
૭ ફેદેરા	૧૨
૮ ખડોળ	૮
૯ ધંધુકા	૪
૧૦ તગડી	૬
૧૧ પીંપલારપર	૫
૧૨ બરવાળા	૭
૧૩ મુળધરઇ	૧૦
૧૪ વળા	૧૦
૧૫ ઉમરાળા	૮
૧૬ સનોસરા	૮
૧૭ નવાગામ	૮
૧૮ જમનવાવ અગર પાલીતાણા	૧૦

સદરહુ મુકામો પૈકી કેટલાંક મુકામો સાધુ સાધ્વી વિગેરેને લાંબાં પડે છે. તેથી ઓછામાં ઓછાં બે મુકામો વધારવાની જરૂર છે. કોઠથી ગુંદી મુકામ કરી ફેદેરા જવાની હવે આવશ્યકતા નથી, કારણકે ગુંદીનું દેરાસર ઉપાડી નાંખવામાં આવ્યું છે, તેને બદલે કોઠથી જવારજ, જવારજથી ઉતેલીઆ અને ઉતેલીઆથી ફેદેરા મુકામ કરવામાં આવે તો વધારે સગવડ ભરેલું છે. તેમજ બરવાળાથી વળા જતાં મુળધરઇનું મુકામ કરવાને બદલે જો બરવાળાથી પાન્હવી અને પાન્હવીથી કાનપુર અને કાનપુરથી વચ્ચે પછેગામ દર્શન કરી વળે મુકામ કરવામાં આવે તો વધારે સગવડ થાય તેમ છે.

ખરી રીતે વળેથી પાલીતાણા જવાનો સીધો રસ્તો સોનગઢ થઇને છે. અને સોનગઢથી પાલીતાણા

સુધી સડક પણ છે. પણ દેરાસરોના અભાવે સનોસરાના રસ્તે સંઘો જાય છે. નવાગામથી પાલીતાણે સીધે ના જતાં જમણવાવ મુકામ કરીને જવું તે વધારે સગવડ ભર્યું છે.

સંઘમાં ખાસ જશ અપયશનો આધાર ઉકાળેલા પાણીની સવડ અને સાધુ સાધ્વીને ઉતરવાના પાલ તંબુની સગવડ ઉપર ખાસ છે. બને ત્યાં સુધી સંઘવી સંઘવણ તથા દેરાસર તથા સાધુ સાધ્વીઓને તરત આશ્રય મળે તેવા તંબુઓના ડબલ સટ રાખવામાં આવે અને એક દીવસ અગાઉ દરેક સટ ઠોકાય તો ઘણી સગવડ રહે.

છરીમાં સચિત્ત પરીહારી વાળી રી સામાન્ય રીતે શ્રાવકો સાચવી શકતા નથી. જો કે એકલહારી (એકાસણા) કરનાર હોય છે પણ સચિત્ત પાણી વીગેરેનો ઉપભોગ કરાય છે. તે તરફ સાધુ સાધ્વીઓએ શ્રાવક શ્રાવીકાઓનું વિશેષ ધ્યાન ખેંચવું જોઇએ.

પાલ તંબુ ઠોકવાની પદ્ધતિ સંબંધી ખાસ ધ્યાન અપાતું નથી. બને ત્યાં સુધી સાધુ સાધ્વીના તંબુ અગર પાલોનાં બારણાં એક એકની સામે પડતાં ના ઠોકવાં જોઇએ. બને ત્યાં સુધી દરેકનું બારણું ઉત્તર તરફ એટલે પેસતાં દક્ષીણ તરફ રાખવામાં આવે તો દરેક રીતે વધારે સગવડ પડતું થાય.

થાલી વાડકો દરેક યાત્રાળુ પોતાનો લાવે તો એઠું નહિ જેવું રહેવાનો અને તેથી જીવદયા સચવાવાનો ખાસ સંભવ છે. તા. ૩૧-૩-૧૯૨૯

એક યાત્રાળુ.

વીર-સ્તોત્ર.

(અપભ્રંશ પરથી આધુનિક ગુજરાતીમાં અનુવાદ)

[અનુવાદક-**પં. લાલચંદ ભગવાનદાસ ગાંધી.**]

જૈનયુગ પુ. ૩, અં. ૮માં સં. ૧૯૮૪ ચૈત્રના મહાવીર જયંતી ખાસ અંક (પૃ. ૨૯૫)માં અપભ્રંશ ભાષામય એક મહાવીર સ્તોત્ર પ્રકાશિત થયેલ છે, તેની નીચે તંત્રીજીએ મ્હારા નામનો ખાસ નિર્દેશ કરી એ સ્તોત્રને ચાલુ ગુજરાતી ભાષામાં ભાષાંતર કરી મોકલવા સૂચન કરેલું, પરંતુ તે તરફ મ્હારૂં લક્ષ્ય બહુ મોડું ગયેલું અને એ પછી અન્યાન્ય પ્રવૃત્તિને લીધે તેનું રૂપાંતર મોકલાવી શકાયું ન હતું. તે હવે આ વર્ષના ખાસ અંક માટે મોકલાવું છું. ત્રીશ ગાથા (કડી) વાળા એ સ્તોત્રના કર્તા સંબંધમાં અથવા રચના સમય સંબંધી કંઈ સ્પષ્ટતા એ સ્તોત્ર પરથી થઇ શકતી નથી; તેમ છતાં એ સ્તોત્રમાં શ્વેતાંબર જૈનોની માન્યતા પ્રમાણે સંક્ષિપ્ત વીર-ચરિત્ર દર્શાવેલું હોવાથી એ સ્તોત્રના કર્તા શ્વેતાંબર જૈન હોય તેમ જણાય છે. એ સ્તોત્રને તંત્રીજીએ ક્યાંની કોની કેટલા વખતની જૂની પ્રતિ પરથી પ્રકટ કર્યું છે, એ પ્રતિમાં આવાં બીજાં સ્તોત્રો કોઈ છે કે કેમ? હોય તો કયા કયા કવિનાં અને કયા કયા સમયનાં? એ વિગેરે સંબંધમાં ખાસ કંઈ સૂચન કર્યું નથી; તેમ છતાં ભાષા પરથી વિચાર કરતાં એ સ્તોત્રની રચના તેરમી ચૌદમી સદીમાં કોઇ ગુજરાતના કવિએ કરી હશે એમ અનુમાન થાય છે. પ્રકટ થયેલ એ સ્તોત્રમાં પદચ્છેદ વિગેરે સંબંધી કેટલીક અશુદ્ધિયો મ્હને જણાય છે, મ્હારી મતિ પ્રમાણે તેમાં શુદ્ધ પાઠ કલ્પી મૂલ સ્તોત્રનાં પદો અને આશયને લક્ષ્યમાં રાખી ચાલુ ગુજરાતી ભાષામાં એજ પદ્યોમાં મેં અનુવાદ કરી મોકલ્યો છે; આશા છે કે સુજ્ઞોને એ આનંદ આપશે.

લા. ભ. ગાંધી.

વીર-પ્રણામ.
ઘરે સિદ્ધાર્થના જન્મ્યો જિન, ચોવીશમો જે વીર;
તે પ્રણમતાં ભવ્ય જનોનું, શીતલ થાય શરીર. ૧
જસ કારણે સંગમ સુરો, પડિયો ભવ સંસારે;
પ્રણમો વીર મ રતિ કરો, મૂઢા ઘર-વ્યાપારે. ૨

ચ્યવન.
અવતર્યો પુષ્પોત્તરથી, સ્વામી ચરમ જિનેંદ્ર;
બ્રાહ્મણ-કુલે કર્મના વશે, ચિંતે એમ સુરેંદ્ર. ૩

ગર્ભાપહાર.
આદેશે સેનાધિપતિ, કુંડગ્રામે જઇને;
તે ગર્ભથી અપહર્યો જિન, ત્રિશલા-ઉદરે મેલ્યો. ૪

આશ્ચર્યો.
સ્વામી ! તુઝ આશ્ચર્યો, મહીતલે થયાં એ ચાર;
પૂર્વકૃત કર્મના વશે, ન જ છૂટે સંસાર. ૫
તેમાં પહેલું [1]ગર્ભાહરણ, પછી [2]ઉપસર્ગ શતોય;
વીરના પ્રથમ સમોસરણે, [3]ન પ્રતિબુદ્ધ જ કોઇ. ૬
ચંદ્ર સૂર્ય [4]સ્વવિમાને ત્યાં, સહ સ્વપરિજન અવતીર્ણ;
અતિશયવંત જિનવરના, પ્રણમે પાય(દ) સુરેંદ્ર. ૭

જન્મ.
નવ માસે આઠ દિને, જાયો (જન્મ્યો) ત્રિભુવન-નાથ;
પ્રસવી સિદ્ધાર્થની ગૃહિણી, ભવને મહોચ્છવ જાત.૮

મેરુ પર.
હરિણૈગમેષી લઇને જિન, ત્રિશલા સ્વાપિની દઇને;
શક્ર-ઉત્સંગે નિવેશિયો, મેરુ-શિખરે જઈને. ૯

શક્રની શંકા.
પેખી બાલ અતિ લઘુતનુ, ચિંતે એમ સુરેંદ્ર;
કેમ સહેશે જલ-નિવહ ?, એક કાયાએ પડંત. ૧૦

મેરુ-કંપન.
ચરણાંગુલે મેરુ પછી, જાણી શક્રનો ભાવ;
બાલપણે ચલાવીઓ, ચિંતે નિજ-મન રાય. ૧૧

શંકા માટે શક્રનો પશ્ચાત્તાપ.
પેખીને બાલ અનંતબલ, આશંક્યો સુરેંદ્ર;
દુષ્ટ દુષ્ટ મેં ચિંતવ્યું, ફરી ફરી નમે સુરેંદ્ર. ૧૨

અભિષેક-નામકરણ.
જિનને કરીને મજ્જન, પછી જનની-ઘર લઈ જાય;
સુરસ્વામી પરિતુષ્ટ થઈ, વીર નામ તસ દેય, ૧૩

ગૃહવાસ-પ્રતિબોધ.
ત્રીશ સંવત્સર દેવ ! તેં, રાજલીલા પરિભુક્તા;
પ્રતિબોધ્યો દીક્ષા-સમય, લોકાંતિકે સંપ્રાપ્ત. ૧૪

ત્યાગ-દીક્ષા.
એક યશોદા વાલહી, અને પ્રિયદર્શના દુહિતા (પુત્રી);
નીકળ્યો મેલીને રાજશ્રી, વીરે દીક્ષા લીધી. ૧૫

ઇંદ્રની પ્રાર્થના.
સુર-રાયે વીનવ્યો જિન, તું તપ-ચરણ ચરીશ;
અતિ દારુણ ઉપસગ ત્યાં, બાર વરસ સહીશ. ૧૬
હું રહું તુઝ પાદ-તલે, તું પરિત્યક્ત નિઃસંગ;
સંગમાદિકથી થનારનો, જેમ હું ભાંગું માર્ગ. ૧૭

પ્રભુનો પ્રત્યુત્તર.
તબ બોલે ત્રિલોક-ગુરુ, ઇંદ્ર ! ન હોશે એમ;
અન્ય-નિશ્રાએ નહિ જીવ, કર્મ ખપાવશે એહ. ૧૮

ઉપસર્ગો.
સહસ્રનયન સૌધર્મે ગયો, જિન વિહરવા લાગ્યો;
સ્વામી ત્યાં પ્રવેશ કરે, જ્યાં દેખે ઉપસર્ગ. ૧૯
અનગાર પરમેશ્વરના, પાયે રાંધી ખીર;
ગોવાલીઆએ સદ્ગીને, તે પણ સહે શ્રીવીર. ૨૦
પરમ ધ્યાન ધ્યાયતાં, ત્યાં આવ્યો આહીર;
બળદ ભળાવ્યા જિનવરને, તે નવિ જોયા વીર. ૨૧
આપણ ચરવા તે ગયા, ફરી આવ્યો આહીર;
પૂછે બળદ કયાં ગયા ?, ઉત્તર દેય ન વીર. ૨૨
તે અતિ રુઠયો નિજ મને, લઇને ખેરના ખીલ;
કાને ખોડે (ઘાલે) જિનવરના, આહીર એ નિર્ઘૃણ.૨૩

નિશ્ચલતા.
કાને ખીલા ખોડતાં, વેદના થઈ અસંત;
તે અધ્યાસે (સહે) વીરજિન, મન ન ચળે નખ માત્ર.૨૪
ભાર સહસ્ર ચક્ર શિલા, સંગમકે એ મૂકી;
સરસવ માત્ર ન મન ચળ્યું, જેણે જાનુ મહી ખુત્યા.૨૫
જિન રજની એકે સમે, વીશ સહે ઉપસર્ગ;
તે અધ્યાસી (સહી) વીરજિન, છેદે ચતુર્ગતિ-માર્ગ.૨૬

કેવળજ્ઞાન.
પાપકર્મ છેદી જિન, પછી ઉપાડયું (ઉત્પાદ્યું) જ્ઞાન;
લોકાલોક પ્રકાશિયો, ચતુર્દશ રજ્જુ પ્રમાણ. ૨૭

સમવસરણ.
બાર જોજન પૃથિવી ગયો, મગધમાં ગોબર ગામે;
દેવોએ રચ્યું સમોસરણ, ત્યાં ઉપવિષ્ટ (બેઠો) સ્વામી.૨૮

ગણધર-પરિવાર.
અગીયાર ગણધર જિનના, અને ચાર સહસ્ર;
ચાર સોએ અધિકા વળી, વીરે દીક્ષા દઈ કર્યા શિષ્ય.૨૯

ગૌતમ મોક્ષ.
પૂરક મનોરથ જિનવરને, લાધ્યો ગૌતમ શિષ્ય;
બોધી મેદિની ભવ-જલધિ, શાશ્વત સુખ સંપ્રાપ્ત. ૩૦

વિદ્યાર્થીઓને.

વ્યાખ્યાતા-શ્રીયુત રેવાશંકર જાદવજી ઉદાણી.

[રાજકોટની શ્રી દશા શ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થીભુવનના તા. ૧૦-૩-૨૯ ને દિને ઇનામના મેળાવડાના પ્રસંગે પ્રમુખપદે આપેલું ભાષણ.]

કુમાર સાહેબો, ગૃહસ્થો, બ્હેનો અને વિદ્યાર્થી ભાઇઓ,

આ સંસ્થાની કાર્યવાહક સમિતિએ આજના આ મેળાવડા માટે પ્રમુખપદ લેવા મને આમંત્રણ મોકલ્યું ત્યારે પ્રથમ તો હું અચકાયો. જેણે જૈન ભાઇઓની કશી સેવા સાધી નથી તેવાને પ્રમુખ થવાનો શો અધિકાર? પણ મેં મનને મનાવ્યું કે મારે મારા વિદ્યાર્થીઓ પાસે આવવામાં શું વાંધો! મેં તમારા આમંત્રણને વધાવી લીધું:—

૨. આજે આ બોર્ડિંગમાં પગ મુકતાં મારા બોર્ડિંગ-જીવનના દિવસો મારી આંખ આગળ આવે છે. નાનીશી એ બોર્ડિંગમાં અમે ત્યારે એક કુટુંબ માફક રહેતા. મારામારી કરતા. લડતા, રમતા અને હસતા. શ્રીયુત ઠાકરશીભાઇ ત્યારે અમારા બોર્ડીંગ મંત્રી હતા. શ્રીયુત પુરૂષોતમભાઈ જેને અત્યારે સૌ કોઈ આ સંસ્થાના પિતા તરીકે ગણે છે તેનું સ્થાન તે વખતે પણ તેજ હતું. તે જુના સમયની એક વ્યક્તિ મને અત્યારે ખુબ યાદ આવે છે તે અમારો રસોયો તુલસી. અભણ છતાં પિતા જેટલું વ્હાલ બતાવી અમારી સંભાળ લેતો અને તે સેવાભાવી હતો.

૩. આવે વખતે શીખામણના વચનો બોલવાં એ એક જુનો શિષ્ટાચાર છે. મને તો તે ગમતું નથી. હું તમોને એવાં વચનો નથી કહેવા માગતો. આજ તો મારૂં હૃદય તમને જોઇને આપણા ઉજ્જવલ ભાવીની આગાહી કરે છે.

૪. હું તમને જગત્પર દૃષ્ટિ નાંખવા નથી કહેતો. હું તમને હિંદ પર દૃષ્ટિ નાંખવા નથી કહેતો, હું તો કહું છું, આપણી આસપાસ આ કાઠીઆવાડમાં ક્યાં અંધકાર ઓછો છે! જરા આંખો ખોલો. જમાનાથી ઘર કરી બેસેલ રૂઢિનાં બંધનો આજે આપણને કેદી બનાવી રહ્યાં છે. આજે આપણે રૂઢિચુસ્ત થઇ ગયા છીએ. પળે પળે આપણે તમારે, અને મારે, અત્યારના ઉછરતા યુવાનોએ મહાન્ ફેરફાર કરવાના છે.

૫. આટ આટલા યુવાનો છતાં આપણા જૈન ભાઇઓ બાળલગ્ન કેમ કરી શકે છે? તમે તમારા ઘરમાં કાં તોફાન નથી જગાવતા? આજે કન્યાઓ કેમ વેચાવા દો છો? યૌવનમાં ઉછરતી નિર્દોષ બાલિકાને "વિધવા" નામ આપી કાં જીવનભર રડાવો છો? આપણી પાસે ક્યાં ઓછું કરવાનું છે? બાળ-લગ્ન હરામ કરો, તમે લગ્નની ઉમર ચોકસ કરો, અને એક નિશ્ચય ઉપર આવી જાઓ કે જ્યાં લગી તમે તમારા કુટુંબનું ગુજરાન ચલાવવા શક્તિમાન્ ન થાઓ ત્યાં સુધી સંસારની ધુંસરીમાં ન પડો. આપણેજ આ કરવાનું છે. વિધવાનાં આસુંઓ યુવકોએજ લુછવાનાં છે.

૬. તમારામાંના ઘણા-લગભગ બધા-બે ચાર વર્ષોમાં પરણશો. તમે ઘરોમાં કાં પડયા રહો છો? તમે યુવાનો બંડ જગાવશો તો બીજાઓની તાકાત નથી કે એ રિવાજો ચાલી શકે.

૭. આપણે સ્વરાજ્યની વાતો કરીએ છીએ, આપણા ઘરનો તમે વિચાર તો કરો. જે જીવન પુરૂષમાં એજ સ્ત્રીમાં. ત્યારે ભેદ કેમ રાખો છો? આજે હજુ આપણે એમને સમાન હક ક્યાં આપ્યા છે? સ્ત્રીઓ ચેતન અને પ્રેરણા-દાતા છે. મને તો લાગે છે કે હિંદનું સ્વરાજ્ય સ્ત્રીઓની હથેલીમાં છે. પણ તમે એમને તક ક્યાં આપો છો? યુવાન્ ભાઇઓ, યાદ રાખજો કે આજે સ્ત્રીઓને સ્વાતંત્ર્ય નહિં આપો તો આવતી કાલે તેઓ શાંત પણ ભયંકર

બળવો જગાડવાની છે. સૈકાઓના કાયદા અને ગેર-કાયદાના આંકડા મુકી પગલું ભરનાર ધરડાઓ આ બધો ફેરફાર કરવાના નથી. એ માન તો આપણેજ લઈ શકશું. આપણે ધારીએ તો કાચી કલાકમાંજ આખા કાઠીઆવાડને બદલી શકીએ.

૮. જમાનાઓની ધરેડમાંથી બહાર આવતાં હજુ આપણને આંચકો લાગે છે. મને લાગે છે કે તમે તોફાની થાઓ; અસત્ય, અસભ્ય એક પણ ચીજને સાંખતા નહિ. મુનિ મહારાજો ધારે તો મોટામાં મોટો સમાજ સુધારો કરાવી શકે પણ આજે એવા મુનિ મહારાજો ક્યાં છે? તેમને સંસાર સાથે સંબંધ નથી. આપણા જૈન ધર્મના સિદ્ધાંતો આજે જો કોઈ બીજા દેશ પાસે હોત તો તે જગતને કાંઇક નવુંજ બળ બતાવત. આજે આપણો ધર્મ દેશને અને જાતિને રીબાતી બચાવવાનો છે. લાખોનાં ઉનાં આંસુઓ આપણે લુછવાનાં છે.

૯. પણ આજે તો આપણને શરીરજ કયાં છે? વીસ વરસનો જુવાન, આજે "જુવાન" શબ્દને લજાવી રહ્યો છે. એના મોઢા પર પ્રાણ નથી, લાલાશ નથી, જીવનમાં આનંદ નથી; આપણે પહેલાં તો આપણાં શરીર ઘડવાનાં છે. આપણે મારશું નહિં, પણ બચાવ માટે મારતાં શીખશું તો ખરાજ. લાકડી મારતાં નહિં પણ ફેરવતાં તો શીખોજ. તમે scout movemets માં ભાગ લ્યો. જગતની એ પ્રવૃત્તિ સાથે ભળી, દૃષ્ટિબિંદુ વિશાળ બનાવો. તમને ખબર હશે કે નામદાર સરકારે વિદ્યાર્થીઓ રાઈફલની પ્રેકટીસ કરી શકે એવો ઠરાવ સ્વીકાર્યો છે. આજે હું રાજકોટના નામદાર ઠાકોર સાહેબને વિનંતિ કરૂં છું કે અહીંની શાળાઓમાં એવા પ્રયોગો થવા માંડે.

૧૦. આજે આપણે બાયલા છીએ; બીક પેસી ગઈ છે. બીકને લીધે પુરો શ્વાસ પણ લઈ શકતા નથી. મુશ્કેલ ધારી આપણે કામો નીચે મુકીએ છીએ. હું તો કહું છું કે તમે બીકની વાતજ ન કરતા. તમારી આંખમાં નિર્ભયતાનો તોર રાખજો અને ઉંચું માથું કરી જગતમાં ચાલજો. તમે પોતે નિર્ભય બનો કે જેથી બીજા નિર્ભયતાથી જીવતાં શીખે. નિર્બળતાના વિચારે બાયલા ન બનવું. જેને પોતાને માટે ખુમારી છે તે ખુમારી જન્માવી શકે છે. તમે પાણીદાર હશો તો જ્યાં જ્યાં તમારાં પગલાં પડશે ત્યાં ત્યાં પાણી પ્રકટશે.

૧૧. તમોને યુરોપના યુવકોની સહેજ ઓળખાણ અત્રે કરાવું તો અસ્થાને નહિંજ ગણાય. ત્યાંનો યુવક એટલે તે પ્રદેશની ભવિષ્યની આશા. તેવીજ નજરથી તેના વડીલો તેને જુએ છે, તે બધા વિષયોમાં નાનપણથી રસ લેતો થાય, તેવા પ્રયોગો તેના વડીલો આદરે છે. નાનપણથી તેનો દેશ શું છે, તેનું તેને ભાન કરાવાય છે. સ્વદેશાભિમાની બને તથા સ્વદેશમાં બનતી ચીજો વાપરે, બધા કરતાં પોતાનો દેશ અને તેમાં રહેતાં પોતાના બાંધવો બીજા બધા દેશોથી શ્રેષ્ઠ છે તેવો ગર્વ તેનામાં પેદા થાય, તેના માટે વડીલો પગલાં લે છે. નિડરતાથી રહેવું તથા કોઈથી પણ ન દબાવું તેનો પાઠ તેને પહેલો શીખવવામાં આવે છે.

૧૨. તેના નિશાળના અને કોલેજના જીવનમાં તે ઉમંગભર રમત, ગમત, કસરત વિગેરેમાં ભાગ લે છે. Oxford, Cambridgeની કોલેજની ડીબેટિંગ સોસાઇટીઓ અને વિદ્યાર્થીઓની તેને અંગે "Political"–રાજદ્વારી કલબોમાંથી તો ભાવિના રાજકર્તા અને અમલદારોની નિમણુંકો થાય છે. જાહેર જીવનમાં તે રસભર ભાગ લે છે. હંમેશા ન્યુસપેપરો ઉમંગથી વાંચી તેના દેશમાં તથા દુનીઆમાં શું શું થાય છે તેનું ધ્યાન રાખે છે. તેઓની પરીક્ષાઓ એટલે આપણી પરીક્ષાઓ જેવી મગજને ચુસી લેનાર નહિં, પરંતુ તેના General knowledge (સામાન્ય જ્ઞાન) તથા તે પોતાના પગ ઉપર ઉભી રહી શકે તેમ છે કે કેમ તેની પરીક્ષાઓ.

૧૩. ત્યાંનો યુવક તે ભાવી પ્રજાનો ઉજ્વલ હીરો. રાજ્યદ્વારી બાબતમાં કે પોતાના દેશની સેવા કરવામાં ઉમંગથી ઝંપલાવવાવાળો. આપણો યુવક પણ આવો કાં ન બને? આપણા વડીલોના કહેવાથી દેશની સ્થિતિમાં કે રાજદ્વારી પ્રશ્નોમાં કે સંસાર સુધારામાં ભાગ નહિં લ્યો તો આપણો ઉદ્ધાર કેમ થાય? હું કહું છું કે જે લોકો કહે છે કે યુવકોએ દેશની પરિ-

સ્થિતિ તથા રાજદ્વારી પ્રશ્નોમાં રસ નહિં લેવો તેઓ આપણા હિતેચ્છુ નથી. યુવકો રાજદ્વારી પ્રશ્નોમાં રસ નહી લે તો દેશનું ભાવિ કોણ ઘડશે?

૧૪. હિંદના યુવકોએ હવે ખાસ કરીને રાજની કે સરકારની નોકરીઓ વાસ્તે ફાંફાં મારવા છોડી દઇને વેપાર ક્ષેત્રમાં ઝંપલાવવાની ઘણીજ જરૂર છે. કાઠીઆવાડ એવો તો પ્રદેશ છે કે જેનો હજી વેપાર-દ્દષ્ટિએ વિકાસ થયો નથી. કાઠીઆવાડમાં આજે એવી એવી લાઇનિ દોરીઓ પડેલી છે કે જેથી વેપારની વૃદ્ધિ થઇ શકે તેમ નથી. વેપારને ક્રિકેટની રમત સાથે સરખાવીએ તો ક્રિકેટમાં ચાલાકી તથા એકાગ્રતાની જરૂર પડે છે અને જે તેનો વધારે ઉપયોગ કરે છે તે જીતી જાય છે, તેવીજ રીતે વેપારમાં પણ છે.

૧૫. વેપારમાં જેને પડવું હોય તેને ત્રણ જાતના ગુણો મેળવવાની જરૂર છે-સખ્ત કામથી ન ડરવાનું, સાચાઈ અને સીધાપણું અને ત્રીજું ધીરજ. જે માણસ આ ત્રણ જાણે છે તથા પોતાનો મીજાજ ગમે તેવા વિકટ પ્રસંગમાં આવી પડતાં છતાં ખોતો નથી તે છેવટે ફતેહમંદ થાય છે.

૧૬. આપણા જૂના રીત રિવાજો પ્રમાણે વેપાર હાલ થઇ શકે તેમ નથી. આથી જો હિંદુસ્થાનને આપણે સ્વરાજ્ય અપાવવું હોય તો પ્રથમ આપણે વેપારમાં સ્વરાજ્ય મેળવવાની જરૂર છે. તે આપણે જો પશ્ચિમ પદ્ધતિથી કામકાજ કરીએ તોજ તેમાં આગળ વધી શકીએ તેમ છીએ.

૧૭. હિંદુસ્થાનમાં અત્યારે એવા માણસોની જરૂર છે કે જે વિચારી શકે. જે બજારભાવમાં શું શું ફેરફાર થશે તે જાણી શકે. જે નફા તોટાનો હિસાબ બરાબર કરી શકે. જે પોતાની આબરૂ આંટ બરાબર જાળવી શકે. જો તમે તમારી નિરીક્ષણ શક્તિનો આવી રીતે વિકાસ કરી શકો તો તમે આ જગ્યા શા માટે ન લઇ શકો!

૧૮. કદી પણ સટ્ટો કરતા નહિં. સટ્ટો દેશને પાયમાલ કરવાનું એક સાધન છે. ઉતાવળે પૈસા ભેગા કરવાને લલચાતા નહિં. જે કામ કરો તે કામ પાકા પાયા ઉપર કરજો. હળવે હળવે આગળ વધજો. તમારા પોતાના પગ ઉપર ઉભાં રહેતાં શીખજો. હિંદુસ્તાનને અત્યારે મોટાં કારખાનાંની કે મોટી બેંકોની જરૂર નથી. કારણકે તેમ થવાથી આપણે પરદેશો સાથે હરીફાઇમાં પહોંચી શકતા નથી, અત્યારે તો ખરી જરૂર જાત મહેનતથી જમાવેલાં નાનાં નાનાં કારખાનાંઓ અને ગામડે ગામડે શરાફોની જરૂર છે.

૧૯. જર્મન યુવકોની માફક તમારા રજાના દહાડાઓમાં ગામડે ગામડે ફરતાં શીખજો અને ગામડાનાં રહેવાશીઓને સ્વચ્છતાથી રહેતાં શીખવજો. વાંચન તથા કેળવણીમાં રસ લેતા કરજો. દેશની પરિસ્થિતિથી વાકેફ કરજો. 'ફર્સ્ટ એઇડ'ના સિદ્ધાંતો શીખી તેનો અમલ કરી ગામડાનાં રહેવાશીઓને તે શીખવજો. તેઓનાં સુખ દુઃખના ભાગીદાર થવા પ્રયત્ન કરજો. તેઓનાં દુઃખો સમજી લઈ તે દુર કરાવવા પ્રયત્ન કરજો. રાજા મહારાજાઓને આવાં દુઃખોથી વાકેફ કરી તેઓને તેમના ધર્મનું ભાન કરાવજો. અને તેઓ હાલની પદ્ધતિ અનુસાર રાજ્ય કરે તેવાં પગલાં લેજો, પરંતુ જો રાજા મહારાજાઓ ત્હમારી વિનતિનો અનાદર કરે તો સાફ સાફ કહી દેજો કે હવે આપખુદીનો યુગ નથી.

મે. કુંવર સાહેબ!

આપ અત્રે પધાર્યા છો: ત્યારે બે શબ્દો આપણને પણ કહી લઉં: આપ થોડા સમયમાં ગાદીનશીન થશો, ત્યારે આપ આપશ્રીની પ્રજા પ્રત્યેની ફરજ બરાબર અદા કરજો. પ્રજા આપની બાળક છે. પ્રાચીન હિન્દમાં ચાલ્યા આવતા રિવાજ મુજબ પિતા પુત્રનો સંબંધ આપ ફરીથી અસલ હતો તેવો દાખલ કરજો. સેવાભાવી થજો: પ્રજાને દુઃખે દુઃખી. અને સુખે સુખી થજો. પરદેશ–ગમન, ગાદી ઉપર આવ્યા બાદ કરતાં ચુકજો નહી. યુરોપ ઉત્તરાદી ફરી ત્યાં રાજ કેમ થાય છે તથા રાજધર્મ શું છે તે શિખી આવજો.

૨૦. ત્હમને-બધા યુવાન ભાઇઓને જોઇને આજે મારૂં યુવાન લોહી ધગી ઉઠે છે. અને સર પ્રફુલ્લચંદ્ર રાયના ઢાકાના યુવકોને કહેલા શબ્દો યાદ આવે છે:–

'ચીનની અપમાન ભરી દુર્દશામાંથી થોડાજ વખતમાં ત્યાં જે ઉત્કર્ષ થયો છે, તેનો બધો યશ

ત્યાંની યુવક પ્રવૃત્તિને ઘટે છે. જે સિદ્ધિ ત્યાંના યુવાનોમાં છે તે હિંદના યુવાનોમાં પણ છે. હિંદી વિદ્યાર્થી ચીની બંધુને પગલે ચાલે, ત્રણ વસ્તુ પાછળ પાગલ બને, તો કાલે જે ચીનમાં બન્યું તે આજે હિંદમાં બને, અને એ ત્રણ વસ્તુ કઇ? વિદેશ જઈ અનેક વિદ્યાઓ શીખવી, પરદેશી માલનો બહિષ્કાર કરવો, અને રાષ્ટ્રપણાને જાગ્રત કરવો."

"છેલ્લા ચીન અને જાપાનના યુદ્ધ પછી ત્યાંના હજારો ચીની વિદ્યાર્થીઓ અનેક યુરોપી દેશોમાં ઉપડેલા. હિંદીઓની માફક સિવિલિયન બનવાને નહિં પણ પાછા ફરી દેશનું પુનર્વિધાન કરવા. એ યુવાનોએ ચીનની જંજીર તોડી, અને આજે એ પ્રજા જગતમાં ઉન્નત મસ્તકે પોતાનો વિજય ગાઇ રહી છે."

૨૧. યુવાન્ ભાઇઓ! કાઠીઆવાડને જાગૃત બનાવવો આપણા હાથમાં છે. મને તો કહેવાનું મન થાય છે કે આ વખતે મોરબીમાંજ તમે "કાઠીઆવાડ યુવક સંમેલન" શું કામ ન ભરો? આગળ ધસો અને જાગૃતિના ડંકા ગજાવો. કાઠીઆવાડને આંગણે તમે યૌવન-મંગળ વર્તાવો: યૌવનમાં આશિર્વાદ છે—

૨૨. અને મુરબ્બીઓ! આજે આ બોર્ડિંગમાં વર્ષો પહેલાં હતો એજ બાળભાવથી આપને બેચાર વિનંતિ કરી લઉં. આપે વિદ્યાર્થીઓ માટે ગૃહ બાંધ્યા છે પણ અભ્યાસ પર પુરતું ધ્યાન આપ્યું છે? તમો બધા ભેળા થઈ એક છાત્રાલય મંડળ શામાટે ન કાઢી શકો? આપની સલાહ-સમિતિમાં આપ ધારો તો જૈનેતરને લઇ શકો; તેમ થાય તો ઉલટું કામ સુંદર થશે.

૨૩. વિદ્યાર્થીઓ સહુ, યૌવનના નિર્દોષ પંખીડા છે. એમની રમતોમાં આડે ન આવતા, એમનાં જીવનો ફાલવા દેજો. માનસિક શિક્ષણ આપવામાંજ નહિં રહેતાં. જીવનનું શિક્ષણ મળે એ જરૂરી છે. આજે બને તો કાઠીઆવાડમાં Technical Institute ની ખાસ જરૂર છે. આમ થાય તો યુવાનો પોતાના પગ ઉપર ઉભાં રહેતાં શીખે.

૨૪ અને મુરબ્બીઓ! બીજી એક પણ ભલામણ આપ રજા આપો તો કરી લઉં. મંત્રીજી તેના અહેવાલમાં સંસ્થામાં ગરીબ વિદ્યાર્થીઓને માફી તરીકે નિભાવવા બે પ્રકારની યોજના હોવાનું કહી ગયા છે. પહેલી યોજના તે કાયમી નિભાવ ફંડમાં રૂા. ૨૦૦૦ ની રકમ જે દાતા આપે તેના નામ ઉપર એક સ્કોલર નિભાવવો અને બીજી યોજના તે દર માસે રૂા. ૧૦ જેના તરફથી મલે તેના નામ ઉપર એક સ્કોલર નિભાવવો. મને તો બીજી યોજના બહુ સુંદર લાગે છે કારણ ઝાઝે ભાગે મોટા કાયમી નીભાવ ફંડો ધરાવતી જાહેર સંસ્થાઓ પ્રગતિશીલ મટી કાંતો સ્થિતિચુસ્ત થઈ જાય છે અગર તો ઉલટાની નીચે જાય છે. કારણ મોટું ભંડોળ હોય ત્યારે ઝાઝે ભાગે કાર્યવાહકો લોકમતથી બેપરવા અને બિનજવાબદાર બને છે એટલે મારા અંગત અભિપ્રાય પ્રમાણે તો જાહેર સંસ્થાઓએ સારૂં કાર્ય બતાવી લોકમત આકર્ષી તેને પરિણામે છુટક છુટક મળતી સહાય ઉપર નિભાવ ચલાવવો તે સંસ્થા માટે અતિ લાભદાયી છે. હું આપ મુરબ્બીઓને જલંધરના 'કન્યા મહા વિદ્યાલય' ની 'પોલિસી' ટુંકામાં અત્રે દાખલ કરવા વિનતિ કરૂં છું. ત્યાંના કાર્યકર્તાઓને—તેમાં પણ લાલા હંસરાજને જોઇએ તેટલા રૂા. કાયમી ફંડ વાસ્તે મળતા હતા. પરંતુ તેઓ તેને નહોતા સ્વીકારતા. અહીંના મિત્રો, શુભેચ્છકોને કહું છું કે, કાયમી ફંડ થવાથી અમો આળસુ બનશું. અમારૂં કામ જુઓ અને જો યોગ્ય લાગે તો દર વર્ષે અમારા ખર્ચ પેટે મદદ કરો. તમો જ્યારે તમારી કાર્યસમિતિમાં એવા ઉત્સાહી માણસો ધરાવો છો, ત્યારે તેવી પદ્ધતિ અત્રે દાખલ કેમ ન કરો.

૨૫. ભાઈઓ! મને એક વાત જણાવતાં દુઃખ થાય છે:—આપણી જ્ઞાતિ ધનાઢ્ય હોવા છતાં જેટલો પૈસો ધર્મને નામે વપરાય છે તેટલો પૈસો કેળવણી પાછળ ખર્ચાતો નથી. હું જ્ઞાતિના ઉદાર શ્રીમંતોને વિનંતિ કરૂં છું કે કેળવણી પાછળ બને તેટલો પૈસો ખર્ચો અને આજીવિકા-શાળા સ્થાપો, જ્ઞાનમંદિરો

સ્થાપો, અખાડાઓ બાંધો તો પૈસો વપરાયો શોભશે.

૨૬. વિદ્યાર્થી ભાઇઓ ! માત્ર બોલી જવા માટે હું અહિં નથી આવ્યો. આપણે સૌ કાંઇક કરીએ એવી મારી ખાસ ઇચ્છા છે. આપણે આજથી જ સ્વદેશી ચીજો વાપરવાની પ્રતિજ્ઞા લઇએ. કસરતથી શરીર સુદૃઢ કરી આત્મ-રક્ષણની શક્તિ મેળવવાનો દૃઢ નિશ્ચય કરીએ. તમે કાઠીઆવાડને તમારા યૌવનથી, આનંદથી, નિર્ભયતાથી, રંગી નાંખો અને સર્વત્ર સૌંદર્ય અને સૌરભ પ્રસરાવો એ મારી અંતરની અભિલાષા છે.

હિંદુ મહાસભા અને જૈનોનું કર્તવ્ય.

લે. રા. છોગમલ નોપાજી શાહ, સુરત.

સુરત ખાતે મળેલી બારમી અખિલ ભારતીય હિંદુ મહાસભા વખતે હાજર રહેવાનો શુભ પ્રસંગ પ્રાપ્ત થયો હતો. મહાસભાના ઠરાવો અને ઉદ્દેશો પરથી જે વિચારો ઉદ્ભવ્યા તે લખવા પ્રેરાયો છું.

હિંદુ મહાસભાની વિશાલ વ્યાખ્યા મુજબ 'હિંદુ ધર્મ' એટલે હિંદમાં ઉત્પન્ન થએલો કોઈ પણ ધર્મ. તે ન્યાયે હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ એ ધર્મો હિંદુ ધર્મમાં સમાઈ જાય છે. હિંદુ મહાસભાનું કાર્ય પણ એ વ્યાખ્યા પ્રમાણે જ થાય છે. તેના બધા ઠરાવો એ બધા ધર્મોને બાધક ગણી શકાય છે.

બધા ધર્મોના મુખીઓને હિંદુ મહાસભાની કાર્યવાહીમાં સરખોજ હક્ક છે. પછી તો મહાસભા માટે જે વધારે ભોગ આપે, મહાસભામાં જે વધારે રસ લે તેના હાથમાં તેની દોરી જાય એ સ્વાભાવિક છે.

મહાસભાની કાર્યવાહીમાં જૈનોનો આર્ય સમાજીઓ જેટલોજ હક્ક છે છતાં આજે આપણે શું જોઈએ છીએ ? આજે મહાસભા આર્યસમાજીઓ ચલાવે છે એમ કહીએ તો ખોટું નથી. અને તેટલુંજ સાચું એ પણ છે કે હિંદમાં હિંદુત્વના રક્ષણ ખાતર, વિધર્મીઓના જબરા ધસારાથી ખવાઈ જતી હિંદુ જાતિને અર્થે સમાજીઓ જેટલી આહૂતિ બીજા કોણે આપી છે ? આર્ય સમાજે હિંદુત્વની ખાતર *સ્વામી શ્રદ્ધાનંદનો અને 'રંગીલા-રસુલ'ના લેખક મી. રાજપાલનો ભોગ આપ્યો,* પંડિત માલવીયા અને ડો. મુંજે જીવને જોખમે હિંદુત્વનો હ્રાસ અટકાવવા ખૂબ પ્રયત્ન કરે છે.

હવે આપણે જૈનોએ શું કર્યું ? જૈનો હિંદુ હોવાનો દાવો કરે છે, હિંદુઓની સાથે હળીમળીને રહેવા ઇચ્છે છે અને મહાસભા પણ તેમને પોતાના ઉદરમાં માનપૂર્વક જગ્યા આપે છે. ગોધરાના છેલ્લા હુલ્લડ વખતે રા. પુરૂષોત્તમદાસ શાહનું મુસલમાન મવાલીઓના હાથે હત્યારૂં ખુન થયું. મી. શાહ હિંદુ સભાના પ્રમુખ હતા અને હુલ્લડ ગોધરાના જૈનોના વરઘોડાના કારણે થયું હતું. ગોધરાના હિંદુઓએ જૈનોના વરઘોડાને સમસ્ત હિંદુઓનો વરઘોડો માન્યો, અને તોફાનમાં જૈનોને સહાય આપી. મી. વામન મુકાદમ આદિ જૈનેતરોએ પણ હુલ્લડમાં માર ખાધો, અને મી. શાહે પ્રાણ બચાવવા ખાતર નાસવાની કાયરતા ન કરતાં હસતે મુખે મવાલીઓના હાથે માર ખાઈને વીરશ્રી વરવાનું પસંદ કર્યું.

આ પ્રસંગથી હિંદુઓ અને જૈનો વચ્ચે સ્નેહની સાંકળ મજબુત બની. જૈનોને માલમ પડયું કે હિંદુઓ તેમના દોસ્તો છે. જૈનોને મુસલમાનોની જેમ Non-Hindus તરીકે જીવવામાં લ્હાણુ નથી; અને તેઓએ હિંદુ શબ્દની વિશાળ વ્યાખ્યા પ્રમાણે હિંદુ ગણાવવામાં માન લેવું ઘટે છે.

આટલું છતાં પણ દિલગીરીની વાત એ છે કે જ્યારે ગુજરાતને આંગણે મહાસભાનો મંડપ બંધાયો ત્યારે ગુજરાતના જૈનેતર હિંદુઓએ એમને ગોધરામાં સહાય કર્યા છતાં પણ એક જૈન આગેવાન સુરતની હિંદુ મહાસભામાં જણાતો ન્હોતો. ન્હોતો એક પણ જૈન આગેવાન કે ન્હોતો એક પણ સહાનુભૂતિનો

સંદેશ. પંજાબથી પદ્મરાજ જૈન આવે પણ અમદાવાદ કે મુંબઈથી જૈન સદ્દગૃહસ્થ કોઈ ન આવે. મહાસભાના કાર્યમાં જૈનોનો ટેકો છે એવી લાગણી દર્શાવવાની આપણને ફુરસદ ન્હોતી મળી. મી. પુરૂષોત્તમદાસ શાહનું સ્મારક કરવા મહાસભા ભલામણ કરે પણ જૈનોને તેમના કુટુંબની સેવા કરવાની પરવા ન મળે. ક્યાં લગીની બેદરકારી—બેકદરપણું !

હવે મહાસભાના ઠરાવો વિચારીએ. મહાસભાનો એક ઠરાવ એ હતો કે હિંદ ભરના હિંદુ, બૌદ્ધ, જૈન વગેરે સઘળા હિંદુઓએ સંગઠિત થઈ વિધર્મીઓના હુમલાથી હિંદુત્વનો થતો નાશ અટકાવવો.

ઠરાવોને જો મૂળ સ્વરૂપમાં જૈનો અમલમાં મૂકી શકે તો સારી વાત પણ જો તેટલી હૃદયની ખીલવટ ન હોય તો આપણા પોતાના સમાજ પૂરતો એનો વિચાર જરૂર કરી શકીએ. મહાસભાનો એકે એક ઠરાવ એવો છે કે જો આપણા આગેવાનો તેને ફક્ત સમાજના હિતની ખાતર પણ અમલમાં મૂકવા પ્રયત્ન કરે તો જૈન સમાજને ઘણો લાભ થશે અને મહાસભાનો ઉદ્દેશ પણ પાર પડશે.

આપણે સમસ્ત હિંદુ સમાજના સંગઠનમાં ફાળો ન આપી શકીએ તો આપણો સમાજ આજે મુખ્યત: શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણ ફિરકાઓમાં વ્હેંચાએલો છે. એ ત્રણ ફિરકાઓ છિન્ન ભિન્ન અવસ્થામાં સડી રહ્યા છે. આંતરિક કલહો, તીર્થના ઝઘડાઓથી આપણી શકિતઓ મૃતપ્રાય થઇ રહી છે. જ્યારે ચૂસ્ત હિંદુઓ પણ **हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैन मंदिरम्** । ની સંકુચિત ભાવનાને છોડીને વેદને ન માનનારાઓ સાથે સલાહસંપ અને સહકારથી વર્તવા તૈયાર થયા છે, ત્યારે આપણે એકજ **વીર**ના પુત્રો, એકજ વીતરાગને ભજનારા ત્રણે ફિરકાઓ શામાટે પરસ્પર સલાહ સંપથી ન વર્તીએ ? આપણી માન્યતાઓમાં એટલી ભિન્નતા નથી કે જેટલી વેદધર્મીઓ અને આપણામાં છે. અત્યારના બારીક સમયમાં આપણી આવી નાની અને સત્વહીન કોમ જો સંગઠિત ન થાય તો United we stand and divided we fall—એ ન્યાયે આપણી અસ્તિ ભયમાં આવી પડે તો નવાઈ નથી. એકજ ખુદામાં માનનારા મુસલમાનોમાં જેટલો સંપ છે તેટલોજ એકજ **વીર**માં માનનાર જૈનોમાં કુસંપ છે. અંદર અંદર લઢી આપણે લાખો રૂપીયા વેડફીએ છીએ અને એ રીતે આપણી શક્તિનો દુર્વ્યય કરીએ છીએ. કહ્યું છે કે **संघशक्तिः कलियुगे** । માટે જો કોઇ કોમ આ વખતે જીવવા માંગતી હોય તેણે સંઘબળ વધાર્યેજ છૂટકો.

આપણે દર વર્ષે સેંકડાબંધ ઘટીએ છીએ તેનો આપણે કયારે યે વિચાર કર્યો છે ? આપણા બાળમરણનું પ્રમાણ કેટલું છે ? આપણી શારીરિક સંપત્તિ કેટલી ગરીબ છે ? આ બધો .વિચાર કરવો મૂકી આપણે બીજી દિશામાંજ શકિતનો વ્યય કરીએ છીએ. એ વાત તો ચોક્કસ છે કે આપણે જગતમાં જૈન તરીકે જીવવું છે, જૈન ધર્મને જગતના ખૂણે ખૂણે પ્રસરાવવાના આપણા આદર્શો છે—આપણે સ્વપ્નાં સેવીએ છીએ; તે બધું કયારે બને ? આમ અંદર અંદર લઢવાથી જૈન ધર્મ દિગંતવ્યાપી થશે કે ? ના, ના, એમ કદી નહીં બને. ઉઠીને જાગવાથીજ સંઘબળ વધારવાથી સૌ થશે. **વીર**નું સંઘબળ જુઓ. ત્યારનો જૈન માત્ર 'જૈન' શબ્દ સાંભળીને હર્ષથી રોમાંચીત થતો, ત્યારનો જૈન સાધુ બીજા સાધુની ખાતર ગમે તેવાં જોખમો ખેડતો. આજે એ દશા છે કે ? મહાવીરનું સંઘબળ એટલું અભેદ્ય હતું કે તેમના નિર્વાણ પછી સૈકાઓ સુધી એમના દુર્ગમાંથી કાંકરીએ ન્હોતી ખરી.

બાબુ રમાનંદ ચેટરજી બારમી હિંદુ મહાસભાના પ્રમુખપણે સંગઠન વિષે બોલતાં કહે છે કે, " This would be possible if our social organizatins were such as would make every Hindu, whatever his birth or lineage, proud of the Hindu name."

બાબુજીના વિચારો આપણા જૈનોને પણ હિંદુઓ જેટલાજ લાગુ પડે છે. આજે આપણે 'જૈન' નામથીજ સંતોષ નથી થતો. આજે આપણને 'જૈન' શબ્દ પ્રત્યે તે પ્રેમ નથી કે જે અભેદ સંગઠન ઉત્પન્ન

કરી શકે. આપણે તો પૂછીએ છીએ કે, ભાઇ તમો કોણ છો ?"

'જૈન.'

"કેવા જૈન."

"શ્વેતાંબર."

"પણ ઓસવાળ કે પોરવાડ" ?

"ઓસવાળ"

"કેવા ઓસવાળ" ?

"વીસા"

હં, એતો 'વીસા' ઓસવાળ છે. આપણે 'દશા' છીએ આપણે એની સાથે શું લેવા દેવા. એવી આપણી સ્થિતિ છે. એ સ્થિતિ જ્યાં લગી ન સુધરે ત્યાં લગી સંગઠન અશક્ય જેવુંજ છે.

હિંદુઓનું સંખ્યાબળ વધારવા માટે મહાસભાએ શુદ્ધિની ચળવળને જોશ ભેર ઉપાડી લેવાનો ઠરાવ કર્યો છે.

જૈનોની સંખ્યા દિન પ્રતિદિન ઘટે છે એ તદ્દન દેખીતી વાત છે. કરોડોમાંથી આપણે લાખો પર આવ્યા છીએ. જ્યારે મહાસભામાં એ ઠરાવ આવ્યો ત્યારે બ્રહ્મચારી શીતળપ્રસાદજીએ (જૈન) એ ઠરાવને શાસ્ત્રના પુરાવા સાથે અનુમોદન આપ્યું હતું. ખુદ મહાવીર પ્રભુએ રજપુત રાજાઓને જૈન ધર્મનો ઉપદેશ દીધો છે. રત્નપ્રભ સૂરિજીએ હજારો રજપુતોને જૈન બનાવ્યાનો દાખલો તદ્દન તાજોજ છે. અનેક આચાર્યોએ પોતાના શિષ્યો વિષયલંપટ બન્યા છતાં-સાધુધર્મથી ચ્યુત થયા છતાં શુદ્ધ બનાવી પાછી દિક્ષા આપી છે. શુદ્ધિ કરવી એટલે પ્રાયશ્ચિત્ત આપી શુદ્ધ બનાવવું. શુદ્ધિ તેનીજ કરીએ છીએ કે જે અશુદ્ધ છે-અપવિત્ર છે. દાખલા તરીકે એક કસાઇ છે, તેણે અનેક પાપો કર્યાં છે; છતાં જો કોઇ મહાત્માના ઉપદેશથી તેનું હૃદય પલટો ખાય, તેને પોતાનાં કાર્યો માટે તિરસ્કાર છૂટે અને પોતે જૈન બનવા ચાહે તો શું આપણે તેને જૈન ન બનાવવો ? તેને યોગ્ય પ્રાયશ્ચિત્ત આપી જરૂર જૈન બનાવી શકાય છે. *વિષયલંપટ યતિને શુદ્ધ કરીએ*, કસાઇને પણ શુદ્ધ કરીએ-શુદ્ધ થતી વખતે બન્નેનાં હૃદય શુદ્ધ થયાં છે. માટે બંન્નેને શુદ્ધ કરી શકાય. (હરિબલ માછીની જનકથા આ સંબંધે સુપ્રસિદ્ધ છે) મહાસભામાં એક સ્વામિજીએ કહ્યું હતું કે, "શાસ્ત્ર સાક્ષી આપે છે તેટલા ખાતર નહીં, ઇતિહાસ દાખલા પૂરા પાડે છે એટલા માટે નહિં પણ અત્યારના જીવનકલહના જમાનામાં કોઈપણ સમાજનું જીવન ટકાવવા માટે શુદ્ધિની હીલચાલની જરૂર છે માટે હું તેની હિમાયત કરૂં છું."

એજ પ્રમાણે આપણે પણ મોટા પાયા પર શુદ્ધિની ચળવળ ઉપાડી લઈ અનેક કહેવાતા હલકા હિંદુઓ જેઓ દિવસે દિવસે હિંદુ ધર્મ છોડી વિધર્મમાં જોડાય છે તેમને જૈનધર્મનું રહસ્ય બરાબર સમજાવી શામાટે જૈન ન બનાવીએ ? પણ દિલગીરીની વાત તો એજ છે કે આપણા **વીર** ધર્મના ઉપદેશકો **વીર**શાસનને ઉન્નત કરવાનો દાવો કરનારાઓ માંહે માંહેના ઝઘડા કરતાં પરવારતા નથી. એમને અંગ્રેજ મીશનરીઓની જેમ અનાર્યોના પ્રદેશોમાં જઈ કાર્ય કરવાની ફુરસદ નથી. પ્રભુ **વીરે** જેમ અનાર્ય પ્રદેશમાં ઉપદેશ આપ્યો તેમ તેમની પાટ પર બેસનારા-તેમની ગાદી સાચવનારા નથી કરી શકતા.

એ બાબતમાં સાધુ કરતાં શ્રાવકોના દોષ ઓછા નથી. શુદ્ધિ કરવાની વાત તો દૂર ગઈ પણ જેઓ જૈનધર્મ પાળેજ છે-પ્રભુ **વીર**ને પૂજે છે એવા લાડવા શ્રીમાળી અને ભાવસાર જૈન ભાઇઓને આપણે અત્યારે નથી અપનાવી શકતા. સુરતનો જૈન સંઘ સંઘ તથા સ્વામિવાત્સલ્ય જેવા પવિત્ર જમણવારોમાં એમને અસ્પૃશ્ય ગણી હડધૂતી કહાડે છે. જ્યાં સુધી સંઘ કે સ્વામિવાત્સલ્યનો ઉદ્દેશ ન સમજાય ત્યાં લગી તેમાં કરેલો દ્રવ્યવ્યય પૈસાનો ધૂમાડો છે. જ્યારે જૈન જૈનનેજ અસ્પૃશ્ય ગણી આઘો બેસાડે ત્યારે એનાથી વધુ હલકું શું હોઇ શકે ? સુરતની જૈન ભોજનશાળામાં જમવા આવનાર લાડવા શ્રીમાળી ભાઇને દૂર બેસાડવામાં આવે છે એ સુરતના સંઘ માટે શરમાવાનું છે.

આપણી ઘટતી જતી સંખ્યા વખતે આપણી આવી વર્તણુક જૈન સમાજનો ધ્વંસ કરનારી છે. જો લાડવા શ્રીમાળી ભાઇઓ લાંબો વખત આવી

વર્તણૂક સહન ન કરી શકે અને જ્યાં તેમને સારૂં માનભર્યું સ્થાન મળે ત્યાં જાય તો એ કાંઈ નવાઇ ભર્યું ન કહેવાય, અને તેને માટે સુરતનો જૈન સંઘજ જવાબદાર ગણાય. સુરત શહેરના કેટલાએ વૈષ્ણવ વણિકો થોડાજ વખત પર જૈન હતા. કેટલાએ 'શાહ' અટકધારી અત્યારે વૈષ્ણવ છે. હાંસોટના શ્રીમાળીઓએ થોડાજ સમય પર વૈષ્ણવ ધર્મ સ્વીકાર્યો છે. તેનું કારણ તેમની નાની સંખ્યા અને મળતું અપમાન.

મહાસભાનો એક એવો પણ ઠરાવ હતો કે હાલના હિંદુ યુવાનોની શારીરિક સ્થિતિ ઘણી નબળી છે, અને તે સુધારા માટે ઠેકાણે ઠેકાણે અખાડા ખોલવા અને લાઠી-છરા તથા રીવોલ્વરની તાલિમ આપવી.

આપણી સમાજના યુવાનોની શારીરિક દશાનું ચિત્ર દોરતાં કોઇપણ સહૃદયી માણસને આઘાત પહોંચ્યા વિના ન રહે. આજે **વીર**નો ધર્મ કાયરના હાથમાં જઈ રહ્યો છે. આજનો વાણીઓ એટલે મૂર્તિમંત કાયરતા. સાહિત્યમાં પણ વાણીઓ શબ્દ કાયરતા સૂચક થઈ પડયો છે. આપણને હજુ પણ શારીરિક બળની આવશ્યકતા જેટલા પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણમાં નથી જણાઇ. આપણા ધર્માચાર્યો કસરતની આવશ્યકતા સ્વીકારતાં હજુ અચકાય છે. ગોધરાના હુલ્લડ વખતે શારીરિક બળ વધારવાની હિમાયત કરવાને બદલે મૈત્રીભાવના ખીલવવાનો ઉપદેશ અપાયો છે. હાલના જમાનામાં અને ખાસ કરીને મુસલમાન જેવી પ્રજા મૈત્રી ભાવનાથી કદીયે સુધરે એવી છે નહીં. દરેક પ્રજાએ પોતાના ધર્મના અને જાતના રક્ષણને અર્થે મજબુત થયેજ છૂટકો.

વિધર્મીઓના હુમલાને પહોંચી વળવા માટે આપણે શારીરિક સંપત્તિ મેળવ્યેજ છૂટકો. તે માટે ગામે ગામ યુવકમંડળો સ્થપાવાં જોઇએ અને અખાડામાં કસરત તથા લાઠીનો ઉપયોગ શીખવવો જોઇએ તે પછી રાઈફલ અને છરાના દાવનું શિક્ષણ પણ આપવું જોઇએ.

દરેક હિંદુ કારખાનામાં હિંદુઓજ રોકવા જોઇએ *અને હિંદુઓએ પોતાની દરેક જરૂરીયાત હિંદુઓ મારફતે પૂરી કરવી જોઇએ* એ બાબત પર મહાસભાએ ધ્યાન ખેંચ્યું હતું.

આપણે કસરતનો ઉપદેશ કરીએ; પણ કસરત સાથે સારા ખોરાકની પણ તેટલીજ જરૂર છે. અત્યારના યુવાનોમાં બેકારી (Unemployment)ને લીધે ગરીબી પુષ્કળ વધી ગઈ છે. તેમને દૂધ, ઘી માટે પૈસા મળતા નથી. એ બેકારી દૂર કરવા માટે દરેકે દરેક જૈને પોતાના કોઇ પણ કાર્ય માટે જૈનનીજ પસંદગી કરવી જોઇએ. એમ કરવાથી અનેક જૈન યુવકો ધંધે વળશે. સેંકડો જૈન કુટુંબોને સુખે રોટલો મળશે. આપણા શ્રીમંત જૈનો ઘણીયે મીલો અને ફેકટરીઓ તથા પેઢીઓ ચલાવે છે. તેમાં સેંકડો જૈનેતરો કામ કરે છે. જો જૈન શ્રીમંતો તેમની જગ્યાએ જૈન યુવાનોને બરાબર કેળવણી આપી રાખે તો તેમના કાર્યમાં ઘણો લાભ થશે તે ઉપરાંત સાધર્મિ ભાઇઓને આશિર્વાદ મળશે. પહેલાં ઉમેદવારોને Apprentice-શિખાઉ તરીકે કાર્ય શીખવી પછી તેમને પગારબંધ નોકરીપર ચઢાવવા. એમ થાય તો બેકારી ઘણી ઓછી થઈ જાય. પણ એ સર્વે ત્યારે બને કે જ્યારે 'જૈન મારો ભાઇ' પછી ગમે ત્યાંનો હોય, કચ્છ, કાઠીઆવાડ કે મારવાડ. તેનું દુઃખ તે મારૂં દુઃખ." એ ભાવના જ્યારે ખીલે-ખરૂં સાધર્મિ વાત્સલ્ય કરતાં આવડે ત્યારે.

હિંદુ મહાસભાનો એક ઠરાવ Intermarriages સંબંધમાં છે. તે ઠરાવ પ્રમાણે કોઈ પણ હિંદુ કોઈ પણ દેશ અગર ધર્મની કોઇ પણ વ્યક્તિ સાથે તેને હિંદુ ધર્મમાં ફેરવીને લગ્ન સંબંધથી જોડાઈ શકે છે.

શું આ ઠરાવ આપણને લાભદાયી નથી ? આપણી સમાજમાં ડોકીયું કરતાં માલમ પડશે કે હજારો યુવકો અપરિણીતાવસ્થા ભોગવે છે. તેને પરિણામે અનેક માનસિક પાપો અને છૂપા અત્યાચારો થાય છે. આપણી નાતો પેટા નાતો અને વાડાઓમાં વિભક્ત છે. આપણે અમુક ગામોમાંજ કે અમુક ઘરોમાંજ લગ્નવ્યવહાર કરી શકીએ. કચ્છનો ઓસવાળ ગુજરાતના ઓસવાળ સાથે લગ્ન સંબંધે ન જોડાઈ શકે. *આવા કુરિવાજો અને કુરૂઢીઓ આપણા સમાજમાં* ઘર ઘાલી બેઠેલ છે.

શામાટે લાહોરમાં રહેતો જૈન લંકામાં ન પરણી

શકે? શા માટે શુદ્ધ પ્રેમે બંધાયેલ એક જૈનયુવક એક નિર્દોષ ઉચ્ચ કોમની છોકરીને તેને જૈન બનાવી ન પરણી શકે? એથી સમાજને ગેરલાભ શો? આપણું ક્ષેત્ર વિશાળ બનશે. છૂપાં પાપો અટકશે. સમાજના ભાવી નાયકો-યુવકોની દશા સુધારશે. સમાજમાં નીતિ અને ચારિત્ર વધશે.

દિવસે દિવસે ઘટતી જતી સંખ્યાના સમયમાં આવા વાડાઓમાં ગોંધાઈ રહેવાથી આપણે ખુલ્લી હવાના અભાવે ગુંગળાઈ મરશું. હવે આપણે આપણું ક્ષેત્ર વિશાળ બનાવી રાજમાર્ગે ચાલવું જોઇએ. આ કાર્ય યુવાનોજ કરી શકશે. ભલે વૃદ્ધો તમને ઠપકો દે; તેને તમે શાંતિપૂર્વક સમજાવો અને ન માને તો એમની સલાહ ન સાંભળજો. એ વાડાઓ આપણે તોડીને ફેંકીદો. એમ કર્યેજ આપણે જીવી શકીશું.

મહાસભાએ ડો. મુંજેનો નીચેનો ઠરાવ પસાર કર્યો હતો.

'જ્યાં સુધી મુસલમાનો ન્હેરૂરિપોર્ટ છે તે સ્વરૂપમાં ન સ્વીકારે ત્યાં લગી હિંદુઓએ તે ન સ્વીકારવો.'

હિંદ ભરના રાજકીય વાતાવરણમાં ન્હેરૂ રિપોર્ટ સૌથી વધારે ધ્યાન એંચે છે. હિંદ ભરની નાની મોટી બધી કોમોએ એ રિપોર્ટ સંબંધે પોતાના અભિપ્રાય આપ્યા છે. જ્યારે જૈન કોમ એ વિષયપર ચર્ચાજ નથી કરતી; જાણે કે રાજકીય બાબતોમાં માથુ મારવું એ જૈનોનો ધર્મજ ન હોય. મુસલમાનો પોતાને લઘુમતિમાં માની વધુ મતાધિકાર મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. તે સમયે હિંદુઓ પોતાની સલામતી ખાતર તેમની સામે વાંધો ઉઠાવે એ સહજ છે. જો જૈનોમાં વાંધો ઉઠાવવાની શક્તિ ન હોય, જો મુત્સુદીપણું સુકાઈ ગયું હોય તો જૈનો એટલું તો જરૂર કરી શકે કે તેઓ હિંદુ મહાસભાને ટેકો આપે. હિંદુ મહાસભા કે જે સમસ્ત હિંદુ કોમના રાજ્યદ્વારી હકકો માટે ઝઝૂમે છે તેને કહેવું જોઇએ કે તમારી ઝૂંબેશમાં અમારો ટેકો છે.

જે જૈનોના પૂર્વજો અમાત્યપણું વારસામાં મેળવતા, જેમણે કટોકટીના પ્રસંગે પોતાના મુત્સુદ્દીપણાથી મહા રાજ્યોનો બચાવ કર્યો તે જૈનોના વંશજોમાં અત્યારે રાજ્યદ્વારીપણું કયાં છે?

જૈન કોમ તદ્દન નાની કોમ છે. તેજ પ્રમાણે શીખો પણ નાની કોમ છે. છતાં ન્હેરૂ રિપોર્ટમાં શીખો માટે સ્થાન હોય અને જૈનો માટે નહીંજ. એનું કારણ એજ કે આપણે રાજ્યદ્વારી બાબતમાં એવું કંઇ કરી નથી બતાવ્યું કે જે દેશના નેતાઓનું ધ્યાન ખેંચે. આપણે ફક્ત નામધારી સમાજ તરીકે રહીએ છીએ. આપણામાં શીખો જેવું આત્મબળ નથી. દેશને માટે શીખો જેટલો ભોગ આપણે નથી આપ્યો. આ સમયમાં તો 'બળીયાના બે ભાગ'ની નીતિ રાજ્ય કરે છે. લઘુમતિ કે બહુમતિનો સવાલ નથી. લઘુમતિમાં હોવા છતાં આત્મભોગ અને બલિદાન વધારે હોય તો આપણા હાથમાં સત્તા આવે એ સહજ છે.

વધુ વિસ્તાર ન કરતાં જો આપણે ઝઘડાના જમાનામાં એક જીવંત સમાજ તરીકે રહેવું હોય, જો આપણું અસ્તિત્વ લાંબો વખત ટકાવવું હોય તો આપણો ચીલો બદલ્યેજ છૂટકો. આપણે હિંદુ મહાસભા સાથે સહકાર કરવો જોઇએ. હું કદી પણ એમ નથી કહેવા માંગતો કે આપણે તેની દયા પર જીવવું. આપણને આપણું સ્વતંત્ર વ્યક્તિત્વ છેજ. પણ જે સંસ્થા સમસ્ત હિંદુ પ્રજાનું રક્ષણ કરવા તેની ખાતર લઢવા મથે છે, જે આપણને સંકટમાં મદદ કરે છે તે સંસ્થા સાથે આપણે સહકાર કરવો જોઈએ. એના ઠરાવો અમલમાં લાવવા પ્રયત્ન કરવા જોઇએ. મહાસભામાં આપણો અવાજ રહે એવું કાર્ય આપણે કરી બતાવવું ઘટે. મુસલમાનોના તોફાન વખતે આપણું મંદિર બચે એવી આશા રાખીજ ન શકાય. એ લોકો તો શૈવ કે જૈન બન્નેનાં મંદિરો ભાંગવાનાજ. આવી સ્થિતિમાં આપણે હિંદુઓ સાથેજ રહેવામાં ફાયદો છે. કોઈ પણ હિંદુ દેવળપર આફત આવે ત્યારે આપણે તેમને મદદ કરવી જોઇએ. જૈનો હિંદુઓથી અલગ રહી શકેજ નહીં, માટે હું ફરીથી હિંદુ મહાસભાના ઠરાવોને અમલમાં મૂકવા પ્રયત્ન કરવાની હિમાયત કરૂં છું. તેમ કરવાથી જૈન કોમને ખાસ અને હિંદુ સમાજને સામાન્યતઃ લાભ થશે. હું આશા વાળો છું કે આગેવાનો પોતાનું બનતું કરશે. પ્રભુ સૌને સદ્બુદ્ધિ આપો.

ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

એક–પ્રાર્થના.

શિખરિણી.

ભમ્યો છું ક્યાં ક્યાં હું
ખબર કંઈ એની નહિં, અને–
જવું છે ક્યાં તે યે
તમ મહિં કંઈ દેખી ન શકું;
ન જાણે કો' પુણ્યે
મનુજકુલમાં હું અવતર્યો:
વિભો દોરો દોરો
શિવભણી **મહાવીર** મુઝને.

નવરત્ન સરસ્વતી ભવન,
ઝાલરાપાટણ રાજપુતાના. } **ગિરિધર શર્મા.**

પરિણય–યાચના.

(હોરી.)

લાલ હવે ક્યમ કરશો, ફરી છળ કેમ છટકશો—
એક દિન સરસ વસંત સમયમાં, વ્રજપતિની સહુ વામા,
નેમ પ્રભુને પરિવારિ લઇ ગઈ, લલિત લવંગ–લતામાં,
નેમજી કેમ નિસરશો ?—લાલ હવે—
કુંકુમ અબિર વતિ અતિ પ્રભુને, માનનીઓયે માર્યા;
જોરભરી–જુવતિજન આગળ, **હળધર** બંધુ હાર્યા !
હવે સ્થિર થઈ ઠીક કરશો—લાલ હવે—
કબુલ કરો, નટવર નાનડીઆ, વાત વિવાહની આજે;
નહીંતર બાંધી અમે અહીં રાખશું, સુંદરીઓની સમાજે !
છેવટ હારી "હા" વદશો.—લાલ હવે—
મદન સદન સમ સહુ શ્યામાઓ, વિધવિધ બ્હાલ
વધારે;
મન પ્રભુનું મન્મથવશ કરવા, રસભર રાગ ઉચારે !
રતિરસમાંહિ વિહરશો.—લાલ હવે—
રતિપતિ અંક નિવાસ છતાં પણ, **રોમ નથી
રસવાણું**;
તે પ્રભુ **નેમ** તણા નલીનીપદ, પ્રેમ ધરી **શીર** ઢાળું.
હૃદયમમ એ બળ ભરશો—લાલ હવે—

સુશીલ [ભીમજી હરજીવન]

॥ श्रीः ॥

भावनासंधिप्रकरणम्.

[એક અપભ્રંશ કાવ્ય]

પણમવિ ગુણસાયર ભુયણુ દિવાયર,
જીણુચઉવીસઈ ઇક્કમણિ;
અપ્પં પડિબોહઇ મોહ નિરોહઇ,
કોઇ ભવ્વ ભાવણુ વિસણુ. ૧

રે જીવ ! નિસુણિ ચંચલસહાવ,
મિલ્હેવિણુ સયલવિ વજઝભાવુ;
નવભેય પરિગ્ગહ વિવહજાલ,
સંસારિ અત્થિ સહુ ઈંદિયાલુ. ૨

પિય પુણુ મિત્ત ધરધરણિ જાય,
ઇહિલોઇય સવ્વિ વસુહુ સહાય;
નવિ અત્થિ કોઈ તુહ સરણિ મુક્ખ,
ઇક્કિલઉ સહસિ તઉ નરય દુક્ખ. ૩

અચ્છઉ તા દૂર ણિય વરગેહુ,
નિયદેહુ નવિ અપ્પણે એહુ;
ઇણુ કારણિ મન કરિ મૂઢ! પાવુ,
સિજી નિવ જીમ હોસિઇ પત્થિયાણુ. ૪

મનરચ્ચિરમણિ રમણીય દેહિ,
વસમંસરૂહિર મલમુત્તગેહ;
દઢદેવિસ્તુ માલવુ નરિંદ,
ગયરજ્જ પાણુહુય પુહવિચંદુ. ૫

ઇક્કેણુવિ આ સવિ પુરિસમત્તુ,
અહ પડિઇ ઝત્તિ સિઢિલેવિ ગત્તુ;
પંચાસવ સત્તઉ જુનિજ હોઇ,
તસ કા ગઇત્તિ નવિ મણુઈ કોઈ. ૬

પંચિંદિય વિસય પસંગ રેસિ,
મણુ વયણુ કાય નવિ સંવરેસિ;
તં વાહસિ કત્તીગલએ એસિ,
જં અટ્ઠકમ્મ નવિ નિજ્જરેસિ. ૭

અહ સત્ત નરય તિરિ મરૂ પંચ,
અસ્સંખ દીવ સાયરપવંચ;
વારહ નવસગ્ગ પંચઉણુત્તરાઈ,
ઇહિ લોગહ વિત્થર નયણુ જાણિ. ૮

ચઉવિહ કસાય વિસહર ણમંત,
જીણવયણુ સુણુઈ જે પુન્નવંત;
ધણુ પુલઇય અંગમણિ સદ્દહંતિ,
સિવલચ્છિ વચ્છિ તે હારહંતિ. ૯

વર હરિ કરિ ભડ સજ્જુ પાવિજ્જ,
ઇલ વિભવિ ભૂરિ ભજ્જ;
નવિ લબ્ભઇ દુલહઉ પુણુ પવિત્તુ,
અરિહંત દેવગુરૂ સાહુ તત્ત. ૧૦

ઇય બારહ ભાવણુ સુવણુસુહાવણુ,
ભણુવિ હેવ જીવ ! હું સરિસઉ;
દુલહુ મણુયત્તણુ ધમ્મપવિત્તણુ,
દસદિટ્ઠંતિહિ વજ્જરિસુ. ૧૧

ઇઅ અણાયંમિ સંસાર તમણાઇઓ,
આસિગોલેસુ કમ્મેહિ મુચ્છાઇઓ;
તો અણુંતઉ કાલઉ પાવઢિઓ,
તં નિગોયાઉ ભવિયવ્વયા કઢિઓ. ૧૨

પુહવિકાયાઈ છક્કાય કાયટ્ઠિઓ,
સંખ કાલંમિ પુણુ મરવિ તત્થટ્ઠિઓ;
તો અકામેણ નિજ્જરિય કમ્મંસઓ,
તંસિ ઉપ્પન્ન કહકહવિ માણુસ્સઓ. ૧૩

ચુલ્લગાઇય દિટ્ઠંત દસ્સ દુલ્લહે,
જીવ સંપત્તિ મણુયત્તણે વલ્લહે;
જં જીણુધમ્મ સામગ્ગિ સુખંકરી,
સન્નિજ તુહ જાય સગ્ગોવરો મંજરી. ૧૪

પુણુવિ રે જીવ ! સામગ્ગિ એવંવિહા,
અન્ન જમ્મંમિ મન્નામિ તુહ દુહલ્લહા;
તા પમાએણ સા કીસ વિહલિજ્જએ,
મણુયભવતરૂહ ધમ્મફલં લિજ્જએ. ૧૫

દહઇ ગોસીસુ સિરિખંડ છારક્કએ,
છગલ ગહણુટ્ઠ મેરાવણું વિક્કએ;
કપ્પતરૂ તોડિ એરંડુ સો વવ્વએ,
જુનિજ વિસએહિ મણુયત્તણું હારએ. ૧૬

સુમિણુ પત્તંમિ રજ્જંમિ સો મુચ્છએ,
સલિલ સંકંસસિ ગિન્હિહઉં વંછએ;
અવિય ખિત્તેસુ ધન્નાઈ સૌકંખએ,
જુજ્જિ ધમ્મેણુ વિણુ મુકખમાવિકખએ. ૧૭

કિં તુમં ઘોસિ કિં વાવિ ધન્નૂરિઓ,
અહવ કિં સન્નિવાએણુ આઉરિઓ;
અમીયસમ ધમ્મુ જં વિરૂવ્વ અવમન્તસે,
વિસયવિસ વિસમુ અમયં વ બહુમંનસે. ૧૮

તિજ્જિ તુહ નાણુ વિન્નાણુ ગુણુ ડંબરા,
જલણુ જાલાસુ નિવડંતુ જીય નિબ્ભરા;
પયઈ વામેસુ કામેસુ જં રજ્જસે,
જેહિ પુણુપુણુવિ નરયાનલે પચ્ચસે. ૧૯

અસુરસુરરમણિ ભોગેહિં જં ન તુટ્ટઓ,
મણુયવિસએહિ તાકિ હોસિ જીય પુટ્ઠઓ;
ઇત્થ ઇત્થંમિ જીણુ ભણિય સિદ્ધંતઓ,
સુણુહં ઈંગાલ દાહસ્સ દિટ્ઠંતઓ. ૨૦

જિમ તુહમણુ રિધ્ધિહિં વિસય સમૃધ્ધિહિ,
તિમ જઈ ધંમિવિ હોઈ જીય;
તા સિવ ઉક્કંઠિય કરયલસંઠિય,
સુરનરસુહ અણુ સંમિ હુય. ૨૧

સો ધન્નઉ ધન્નઉ સાલિભદ્દ,

* * *

તે સરહં ભરહ સગરાઈ રાય,
ખચરિંદ નરિંદિહિં નમિય પાય. ૨૨

અપ્પેણુ વિ કારણિ ઝત્તિ જેહિં,
થેરગ્ગા ઊરિય માણુસેહિં;
છંડેવિણુ ધરપુરરમણિ સત્થ,
ચઉ ગિન્હિય સાહિય પરમઅત્થુ. ૨૩

તં પુણુ વિય પરભવ તાડિઓસિ,
દાલિદ્દરોગ સયપીડિઓસિ;
નોગ્ઘસિ ઘહિલ્લ કુક્કુરવ્વ,
જં અચ્છસિ ગહ્દા સુયરવ. ૨૪

કિં લોહઇ ઘડિઉં હિયં તુજ્ઝ,
જનવિ મુણીઇ તુહ તુણુઉં ગઇતુ;
જં પત્તઇ પિયમરણાઇ દુક્ખિ,
નવિ ઝૂરઈ નવિ લહેઈ મુક્ખિ. ૨૫

પંચાસવિ અજ્જિય પઈજી દુક્ખ,
અણુહવસિ તાઇ તવેવ તિક્ખ;
જીણિ જીવિ કરંબઉ ખદ્ધએવ,
સહિસઈ સવિલંબઉ સયયમેવ. ૨૬

જં અંન જંમ કરૂણું રૂયંત,
પઇ મારિય નિગ્ઘણુ જંતુહંત;
તં રોગસોગ દુહ વિહુર દેહ,
અક્કાલવિ વચ્ચસિ મુચ્ચગેહિં. ૨૭

જં કૂડકવડ પયડવિ અસાર,
પર વંચિય કિઉ દવ્વાવહારૂ;
તિણિ તુજ્ઝ જડસડિય જીહ,
અનુહૂય દલિદ્દી મજ્ઝિ લીહ. ૨૮

નવ જુંવણિ મયણુપરાવસેણુ,
પરદાર વિડંબિય તં નિજેણુ;
તં જયઉ કઢ્ઢિણુ ગલિગત્તુ,
સોહગ્ગરૂવલાઇન્નવત્ત. ૨૯

ધરદાર પરિગ્ગહ વાવડેણુ,
પઈ ધમ્મ ચત્તુ ધણુલંપડેણુ;
હિ નરયપડંતા તુજ્ઝ મૂઢ !,
કો દેસઇ હત્થાલંબુ ગૂઢ. ૩૦

આરંભ કરેવિણુ જીવ વિહેવિણુ,
વિવિહ વાહિ કિમ સહસિ જીય !
સલસલંતા સંપઇ હિયડઉં કંપઇ,
વંકા પડિસિઇ ડંભ તુહ. ૩૧

અપ્પરોગેહિં કિં હોસિ જીય ! કાયરો,
જેણુ તુહ પાસ નિયમાય પિયભાયરો;
કિં ન સંભરસિ નિગ્ગોઅ પુઢવાઈયં,
દુક્ખમણુ હૂય પુવ્વંત એ ણાઈયં. ૩૨

સમગમાહાર નીહાર કય વેયણો,
જુગવ ઉસાસ નીસાસ નિચ્ચેયણો;
તં નિગ્ગોએસુ અન્નુન ભવભીડિઓ,
આસિરે જીવ ! સીય તાવ પરિપીડિઓ. ૩૩

અદ્દ મૂલો અ સત્તાવરી પજ્જરા,
ણુંતકાએસુ તં વિહિય સયજજ્જરા;
કિસલકન્નિ નવ વલ્લલો સૂરણો,
તિલ્લ તિલિઓસિ કઢિઓસિ કયપૂરણો. ૩૪

તો સમુપ્પન્ન પત્તે ય તરૂસંગઓ,
મૂલફલ બિંટદલ બીય પુપ્ફંગઓ;
જો કુહાડેહિ નો વઢ્ઢઓ અહઓ,
તાવ હિમ જલણુ જાલાવલી દઢ્ઢઓ. ૩૫

પુઢવિકાયં પીલિય પલિહોવલો,
લવણુમણિરયણ હરિઆલ હય હિંગુલો;
કુસયકુદ્દાલહલ ચુંચુયયચુન્નિઓ,
સપરસત્થેહિ તિક્ખેહિ તં તત્થિઓ. ૩૬

નીરનીરેણુ તિક્ખેણ ખારેણ વા,
કુડુયકસાએણુ અંબિલેણુ મહુરેણુ વા;
સિસિર ઉન્હેણુ ઉન્હાવિ સિસિરેણુ વા,
પવણુ પવણેણુ નિહિણિજ્જ ખલણેણવા. ૩૭

જલણુ સલિલેણ અન્નેણ વા ખિજ્જએ,
એવમિહ સપરસત્થેહિ જીય ભિજ્જએ;
ઇત્થ ઉપ્પન્ન અન્નાણુ તં તાડિઓ,
રોગ લેસેણુ કિં મૂઅસિ આરાડિઓ. ૩૮

કહવિ બેઇંદિ તેઇંદિ ચઉરિંદિઓ,
તં જી જાઓસિ અસ્સન્નિ પંચિંદિઓ.
તત્થ સીય તાવચ્છુહ જલણુ સંતાવિઓ,
ભોગહા જીવ! પંચત્તણું પાવિઓ. ૩૯

અસણપાણુંમિ ખાઈમ તહ સાઇમે,
તં જી દલિઉ તલિઓસિ ઉગ્ગાહિમે;
થેવ દુક્ખેહિ મનિ હોસિ જીય! કાયરો,
તાસુ કોવિદ જો પીઇ કિર સાયરો. ૪૦

ધણુકંમિહિ છાઇઉ પાણિયામોઈ,
તહ કાલ મિચ્છત્ત જીઅ;
જગિ નત્થિ ઠાઉં જીવહ કાઉ,
જહિં ન હૂય જંમણ મરણ. ૪૧

અહહુય પારદ્ધી પુહવિપાલ,
મચ્છઉ અનુ મચ્છિઉ ગુત્તિવાલુ;
અહિ વગ્ઘસીહ ચિઉ વિચિત્ત,
મારેવિ જંતુ તં નરય પત્તુ. ૪૨

પનરહ પરહંમિય તત્થ તત્થ હૂંતિ,
તા ધાયંમિ દિસિ દિસિ કિલકિલંત;
ધડિયાલા કઢ્ઢિઉ તેઉહિં તેમ,
નાલેર અજ્જિ ખડહડિય જેમ. ૪૩

તે ખંડિય તકખણિ મિલિયખંડ,
પારય જીમ નારહુય પિંડ;
ખર તાવ દાવ દહણેણુ દીણુ,
લૂણીપિંડઉ જિમ તાવિ લીણુ. ૪૪

અસિપત્તિ ગહિણિ આસીણ જાવ,
ઉવવિટ્ઠઉ પહરણુ નિયરિ તાવ;
જા સરઈ જંતુ વેયરણિ સિંધુ,
તા વેલુય ભગ્ગઉગલિ મુદ્ધ. ૪૫

અનુદંકહિ ભુત્તઉ તડફડંત,
જંતેહિં નિપીડિય કડયડંત;
રહિ જુત્તઉ તુટ્ટઉ તડયડંતુ,
વજ્જાવલિ પકકઉ કઢકઢંતુ. ૪૬

કત્થય ધણુ મુગ્ગર મારિઓસિ,
ખર સિંબલિ સૂલિય વિંધઓસિ;
કત્થ ય નિયમંસં ખાઇઓ સિ,
અન્નત્થ ય તઉઓ પાઇઓસિ. ૪૭

તહ ખંડો ખંડ વિખંડખંડ,
દિસિપાલહ વલિ કિય તં જી ભંડ;
ઈય કિત્તિ કહિજ્જઇ તરઈ દુક્ખ,
જં જીવ! સહિય પઈ અઇવ તિક્ખ. ૪૮

વહવાહણુ બંધણુ તજ્જણાઈ,
છુહ ઉન્હ તિન્હ દહણુંકણાઈ;
આરંકુસ કુસલઇ તાડણાઇ,
સહિયાઈ જીવ! તિરિએસુ તાઈ. ૪૯

મણુએસુવિ દીહર રોગ સોગ,
દાલિદ્દ પરાભવ વિપ્પઓગ;
ધણુહરણ મરણ ચારયનિરોહ,
સહિયાઇ પરચ્ચસિ વિવહદોહ. ૫૦

પરભવ પેસત્તણિ સુરદાસત્તણિ,
દેવત્તણિ પત્તઇ સહિય;
તા જિણવર ધમ્મુ કુણહ સુરમ્મુ,
જિમ નવિ પામહ દુક્ખ જીવ! ૫૧

ધંમુ ન કરેસિ ચિંતેસિ સુહ મુત્તિએ,
[illegible]ણય વિકકેસિ વંછેસિ વરમુત્તિએ;
જં જી વાવિજ્જએ તં જી ખલુ લુજ્જએ,
ભુજ્જએ જં જી ઉગ્ગાર તસ્સ કિજ્જએ. ૫૨

પુવ્વકય કમ્મદોસેણ વાહીગણો,
તો ન ધીરેણ દેયં વિસાએ મણો;
સુણિ સુણંકુમર ચક્કિસ્સ અહિયાસિયા,
* * * ૫૩

સુણવિ સિરિ **વીર**જિણ સહિય ઉવસગ્ગએ,
કીસ તુહ મૂઢ! ઉમ્મગ્ગિ મણ લગ્ગએ;
સુહડચરિએણ સુણિએણ ઇહિ કાયરો,
હોસિ ખલુ જેણ સોઢીર ગુણસાયરો. ૫૪

સુખ્ખ ઝાણેણ બહુ લહિય સિધ્ધાલઓ,
તહય સમરિજ્જએસુ ગયસુકુમાલઓ;
જસ્સ સિર જલિય જલણેણ ચિરરૂઢયં,
અહૃણકંમ કંતારમવિ દુટ્ટયં. ૫૫

ઝાણમદ્દં ચ રુદ્દં ચ તાવજ્જએ,
જેણ જોગેસુ મણસુધ્ધિ સહિ તિજ્જએ;
ઇત્થ **પુંડરિઅ મરૂદેવિ ભરહેસરો**,
પસંનચંદો ય દિટ્ઠંત સમણોહરો. ૫૬

જા ન રોગેહિં સોગેહિં વાહિજ્જસે,
જા ન જરમરણરકખેહિ ભકિખજ્જસે;
તવ મુણિધમ્મ ધરિઅ હવ ગેહિવ્વએ,
ધરિ જ પલિત્તંમિ ખણિ સકઈ કો કૂવએ. ૫૭

જાવ કરચરણે નયણેહિ તં સજ્જઓ,
તાવ જીય હોસુ આવસ્સએ ઉજ્જુઓ;
કટ્ઠભાવંમિ પુણ મલિસિ નિયહત્થએ,
તુટ્ટિ ગુણિ જેમ ધારણ કરણ મત્થએ. ૫૮

છંડિ ઘરઘરણિ સુય ભાઈ ભત્તિજ્જએ,
દેહ દાણાણિ જીય! ધંમ સંચિજ્જએ;
એહિં સવ્વેહિં નવિ જમહ રિકિખજ્જએ,
ઇત્થ દિટ્ઠંત નંદોવિ નિસુણિજ્જએ. ૫૯

સરહ જીણ સિધ્ધ મુણિધમ્મ ચઉસરણયં,
જેણ નવિ હોઈ મોહાઉ પુણ મરણયં;
સુહડ એગોવિ સરણાગયં રકખએ,
કિં પુણ બહુરે જીવ! રિઉણો જએ. ૬૦

દુકય નિંદેસ કરિ સુકય અણુમોયણં,
સયલ જીવેસુ મિત્તીય સુણિ ચોયણં;
જેણ ભત્તૂણ સુરસુકખ નીસલ્લયં,
લહસિ કેવલ્લ કલ્લાણ બાહુલ્લયં. ૬૧

નિમ્મલગુણભુરિહિં **સિવહિવ** સૂરિહિં,
પઢમ સીસુ **જયેહવમુણિ**,
કિય ભાવણસંધી સિભાવુ સુગંધી,
નિસુણઉ અન્નવિ ધરઉ મણિ. ૬૨

—ઇતિશ્રી ભાવના સંધિ પ્રકરણ.

[આઠ બાજુવાળા ચાર પાનાની એક પ્રત કે જેમાં દરેક બાજુમાં ૨૦ પંક્તિ છે અને દરેક પંક્તિમાં ૬૦ અક્ષર છે તેમાં ગુર્વાવલી રાસ ગાથા ૩૬, **શ્રાવક** વિધિપ્રકરણં ગા. ૨૨, **પવજ્જા** વિહાણં ગા. ૨૮, **દાન**કુલક ગા. ૨૦, **શાંતિ**નાથ નમસ્કારાષ્ટકં ગા. ૮, **ચારિત્ર** મનોરથમાલા ગા. ૩૦ **અને ભાવ**નાસંધિ ગા. ૬૨ એ સાત કૃતિઓનો સમાવેશ કરેલ છે. તે પૈકી અપભ્રંશ ત્રણ છે નામે **શાંતિ**નાથાષ્ટક, ગુર્વાવલિ રાસ અને ભાવનાસંધિ. આ છેલ્લી કૃતિ ઉતારીને મુનિમહારાજશ્રી અમરવિજયજીના શિષ્ય ચતુરવિજયે મોકલી છે તે અત્રે મૂકી છે. બીજી તે હવે પછી અવસરે મોકલશે. આની મૂળ પ્રત સાથે સરખામણી થઈ શકી નથી બને તેટલી શુદ્ધ કરવા લક્ષ રાખ્યું છે. હવે પછી ઉક્ત મુનિ મૂળ પ્રત સાથે પોતાની કરેલી નકલ તેના ગૂ. ભાષાંતર સહિત મોકલે એવી અમારી વિનતિ છે.]

તંત્રી.

श्री वादिदेवसूरि कृत प्रमाणनयतत्त्वालोकालंकारः

અનુવાદક:—**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર.**

ગતાંક પૃ. ૨૦૪ થી ચાલુ.

स चतुर्द्धा प्रागभावः प्रध्वंसाभाव इतरेतराभावोऽत्यन्ताभावश्च ।५८।

यन्निवृत्तावेव कार्यस्य समुत्पत्तिः सोऽस्य प्रागभावः ।५९।

यथा मृत्पिण्डनिवृत्तावेव समुत्पद्यमानस्य घटस्य मृत्पिण्डः ।६०।

यदुत्पत्तौ कार्यस्यावश्यं विपत्तिः सोऽस्य प्रध्वंसाभावः ।६१।

यथा कपालकदम्बकोत्पत्तौ नियमतो विपद्यमानस्य कलशस्य कपालकदम्बकम् ।६२।

स्वरूपान्तरात् स्वरूपव्यावृत्तिरितरेतराभावः ।६३।

यथा स्तम्भस्वभावात् कुम्भस्वभावव्यावृत्तिः ।६४।

कालत्रयापेक्षिणी हि तादात्म्यपरिणामनिवृत्तिरत्यन्ताभावः ।६५।

यथा चेतनाऽचेतनयोः ।६६।

उपलब्धेरपि द्वैविध्यमविरुद्धोपलब्धिर्विरुद्धोपलब्धिश्च ।६७।

तत्राविरुद्धोपलब्धिर्विधिसिद्धौ षोढा ।६८।

साध्येनाविरुद्धानां व्याप्यकार्यकारणपूर्वचरोत्तरचरसहचराणामुपलब्धिः ।६९।

तमस्विन्यामास्वाद्यमानादाम्रादिफलरसादेकसामग्र्यनुमित्या रूपाद्यनुमितिमभिमन्यमानैरभिमतमेव किमपि कारणं हेतुतया यत्र शक्तेरप्रतिस्खलनमपरकारणसाकल्यं च ।७०।

पूर्वचरोत्तरचरयोर्न स्वभावकार्यकारणभावौ तयोः कालव्यवहितावनुपलम्भात् ।७१।

न चातिक्रान्तानागतयोर्जाग्रद्दशासंवेदनमरणयोः प्रबोधोत्पातौ प्रति कारणत्वं, व्यवहितत्वेन निर्व्यापारत्वात् ।७२।

स्वव्यापारापेक्षिणी हि कार्यं प्रति पदार्थस्य कारणत्वव्यवस्था, कुलालस्येव कलशं प्रति।७३।

न च व्यवहितयोस्तयो र्व्यापारपरिकल्पनं न्याय्यमतिप्रसक्तेः ।७४।

परम्पराव्यवहितानां परेषामपि तत्कल्पनस्य निवारयितुमशक्यत्वात् ।७५।

सहचारिणोः परस्परस्वरूपत्यागेन तादात्म्यानुपपत्तेः, सहोत्पादेन तदुत्पत्तिविपत्तेश्च, सहचरहेतोरपि प्रोक्तेषु नानुप्रवेशः ।७६।

અભાવના ચાર પ્રકાર—એ (પ્રતિષેધ) પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, ઇતરેતરાભાવ (અન્યોન્યાભાવ), તથા અત્યંતાભાવ એવા ભેદો વડે ચાર પ્રકારનો છે. ૫૮.

વિધિ-ભાવના પ્રકાર પૂર્વાચાર્યોએ બતાવેલા ન હોવાથી સૂત્રકારે કહ્યા નથી અને નિષેધના બતાવેલા હોવાથી દર્શાવેલ છે.

પ્રાગભાવ—જેની નિવૃત્તિ થતાંજ કાર્યની ઉત્પત્તિ થાય તે (પદાર્થ) એ કાર્યનો પ્રાગભાવ કહેવાય. ૫૯.

ઉદાહરણ—જેમકે માટીના પિંડા—ગોળાની નિવૃત્તિથીજ—મટી જવાથીજ ઉત્પન્ન થનાર ઘડાનો, માટીનો પિંડો પ્રાગભાવ છે. ૬૦.

પ્રધ્વંસાભાવ—જે (પદાર્થ)ની ઉત્પત્તિ થતાં જે કાર્યની નિયમે કરીને સ્વરૂપહાનિ—મટી જવું થાય તે પદાર્થ આ (કાર્ય)નો પ્રધ્વંસાભાવ કહેવાય. ૬૧.

ઉદાહરણ—જેમકે કપાલસમૂહ-ઠીકરાના સમૂહની ઉત્પત્તિ થતાં અવશ્ય નાશ પામનાર ઘડાનો એ કપાલસમૂહ પ્રધ્વંસાભાવ છે. ૬૨.

ઇતરેતરાભાવ—એક સ્વરૂપનું બીજાં સ્વરૂપથી જુદાપણું તે ઇતરેતરાભાવ (અન્યોન્યાભાવ) કહેવાય. ૬૩.

અત્ર સ્વરૂપનું જુદાપણું ભિન્ન સ્વભાવથી સમજવું—પોતાના સ્વરૂપથી જુદાપણું નહિ. કારણ કે તેમ તો સ્વરૂપના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે.

ઉદાહરણ—જેમકે સ્તંભસ્વભાવથી કુંભસ્વભાવનું જુદાપણું તે ઇતરેતરાભાવ (અપરનામ અન્યોન્યાભાવ). ૬૪.

ઇતરેતરાભાવને "અપોહ" પણ કહે છે.

અત્યન્તાભાવ—ભૂત ભવિષ્યદ્ અને વર્તમાન એ ત્રણે કાળમાં પણ એકતા રૂપ પરિણામની નિવૃત્તિ–એકસ્વરૂપ ન હોવું તે અત્યંતાભાવ. ૬૫.

ઉદાહરણ—જેમકે ચેતન અને અચેતનનો અત્યંતાભાવ. ૬૬.

ચેતન અને અચેતન કદાપિ એકસ્વરૂપ ન હોવાથી તે બેનો અત્યંતાભાવ છે.

ઉપલબ્ધિના પણ બે પ્રકાર—અવિરુદ્ધોપલબ્ધિ અને વિરુદ્ધોપલબ્ધિ એ બે ભેદને લઇને ઉપલબ્ધિના પણ બે પ્રકાર છે. ૬૭.

"પણ" શબ્દથી એમ સૂચવ્યું છે કે ઉપલબ્ધિ અને અનુપલબ્ધિ એવા બે ભેદથી માત્ર હેતુનાજ બે પ્રકાર છે એમ નહિ પણ ઉપલબ્ધિના પણ બે પ્રકાર છે. અનુપલબ્ધિના પણ તેમજ બે પ્રકાર છે તે હવે પછી કહેવાશે.

શ્રી હેમચંદ્રાચાર્ય પ્રમાણમીમાંસા—૧—૨—૨૨ स्वभावः कारणं कार्यमेकार्थ समवायि विरोधि चेति पञ्चधा साधनम् । એ સૂત્રથી પાંચ પ્રકારનો હેતુ વર્ણવે છે. અત્ર બૌદ્ધો કહે છે કે ઉપલબ્ધિહેતુ માત્ર વિધિ–ભાવનોજ સાધક છે, અને અનુપલબ્ધિહેતુ માત્ર નિષેધ–અભાવનોજ સાધક છે. સૂત્રકાર દરેક ઉપલબ્ધિહેતુ અને અનુપલબ્ધિહેતુ ભાવ તેમજ અભાવનો સાધક છે એમ સિદ્ધ કરે છે. તેમાં અવિરુદ્ધોપલબ્ધિહેતુ વિધિસાધક છે, અને વિરુદ્ધોપલબ્ધિહેતુ નિષેધસાધક છે; તથા અવિરુદ્ધાનુપલબ્ધિહેતુ નિષેધસાધક છે, અને વિરુદ્ધાનુપલબ્ધિહેતુ વિધિસાધક છે. પરીક્ષામુખકાર આ માટે ખાસ સૂત્ર આપે છેઃ–उपलब्धिर्विधिप्रतिषेधयोरनुपलब्धिश्च ૩—૫૮ । તેજ પ્રમાણે આ ગ્રંથકારે આજ પરિચ્છેદમાં ૫૬ મું સૂત્ર રચ્યું છે.

અવિરુદ્ધોપલબ્ધિના છ પ્રકાર—ઉક્ત બે પ્રકારની ઉપલબ્ધિમાંથી અવિરુદ્ધોપલબ્ધિ ભાવરૂપ નિશ્ચયમાં (કારણભૂત હોઇ) છ પ્રકારની છે. ૬૮.

અવિરુદ્ધોપલબ્ધિ ભેદ નિર્દેશ—સાધ્યથી અવિરુદ્ધ એવા વ્યાપ્ય, કાર્ય, કારણ, પૂર્વચર, ઉત્તરચર, તથા સહચરની ઉપલબ્ધિ એમ અવિરુદ્ધોપલબ્ધિના ૭ પ્રકાર છે.

વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિ, કાર્યાવિરુદ્ધોપલબ્ધિ, કારણાવિરુદ્ધોપલબ્ધિ, પૂર્વચરાવિરુદ્ધોપલબ્ધિ ઉત્તરચરાવિરુદ્ધોપલબ્ધિ તથા સહચરાવિરુદ્ધોપલબ્ધિ એવાં એ છનાં નામ જાણવાં. અહિંયાં "શબ્દ પરિણામ ધર્મવાળો છે કારણ કે પ્રયત્નજન્ય છે." એવા અનુમાનમાં સાધ્ય તે શબ્દનું પરિણામિપણું તેનાથી અવિરુદ્ધ વ્યાપ્ય તે (નીચે વર્ણવેલા સ્વરૂપનું) પ્રયત્નાન્તરીયકત્વ અર્થાત્ પ્રયત્નજન્યત્વ તેની ઉપલબ્ધિ તે વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિ. અત્ર બૌદ્ધો કહે છે કે ભાવરૂપ નિશ્ચયમાં સ્વભાવ અને કાર્યહેતુ જ યોગ્ય છે પણ કારણરૂપ હેતુ ઠીક નથી, શાથી જે, કારણમાં અવશ્ય કાર્ય ઉત્પન્ન કરવાપણાનો અભાવ છે, દાખલા તરીકે રોકાયલા અથવા નષ્ટ થયલા ધૂમાડાવાળો પણ અગ્નિ જોવામાં આવે છે; એવો અગ્નિ (કારણ) ધૂમાડા (રૂપ કાર્ય)ને ઉત્પન્ન કરતો નથી. બૌદ્ધો પ્રતિપક્ષીને કહે છે કે જો તમે કહેશો કે અપ્રતિબદ્ધ સામર્થ્યવાળો તથા ઉગ્ર સામગ્રીવાળો હેતુ સાધ્યનો બોધક થાય છે, તો એમ કહેવું તો ઠીક છે, પણ એવો નિશ્ચય બાલદૃષ્ટિથી થઈ શકે નહિ. સૂત્રકાર નીચેના સૂત્રથી એનો ઉત્તર આપે છે.

કારણાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ વડે સમર્થન—અંધારી રાત્રિમાં ચખાતા આમ્રાદિફલના રસ પરથી (તેને ઉત્પન્ન કરનારી) અમુક સામગ્રીની અનુમિતિથી કેરીના રૂપની અનુમિતિ સ્વીકારનારા બૌદ્ધોને પણ કોઈ એક કારણ હેતુ તરીકે અભિમત છે જેમાં શક્તિની સ્ખલના ન થવાનો (અપ્રતિબન્ધનો) તથા અપર કારણમાં અપૂર્ણતા ન હોવાનો નિશ્ચય થાય છે. ૭૦.

આ રીતે બૌદ્ધોએ ઉઠાવેલો વાંધો ટકી શકે એમ નથી, અને કારણાવિરુદ્ધોપલબ્ધિનો જુદો નિર્દેશ યથાર્થ છે.

પૂર્વચર–ઉત્તરચરના અન્ય પ્રકારના હેતુમાં અંતર્ભાવની અશક્યતા—પૂર્વચર તથા ઉત્તરચર (હેતુ) સ્વભાવ કે કાર્યકારણ (હેતુ) રૂપ નથી કારણ કે સ્વભાવ તથા કાર્યકારણભાવ ભિન્નકાળમાં–સમયને આંતરે હોઈ શકતા નથી. ૭૧.

સરખાવો પરીક્ષામુખ ૩-૬૧ સૂત્ર, કે જેમાં કહે છે કે સાધ્ય સાથે પૂર્વચર-ઉત્તરચર હેતુનો તાદાત્મ્ય કે તદુત્પત્તિ સંબંધ નથી, કારણકે સમયને આંતરે તે બેઉ હોઇ શકતા નથી, (અને પૂર્વચર-ઉત્તરચર હેતુ તો સમયને આંતરેજ હોય છે.) એ રીતે પૂર્વચર તથા ઉત્તરચર હેતુનો અંતર્ભાવ સ્વભાવ હેતુ કે કાર્યકારણરૂપ હેતુમાં થઈ શકતો નથી. અત્ર બૌદ્ધો કહે છે કે સમયનો આંતરો હોય ત્યાં પણ કાર્યકારણભાવ હોય છે, જેમકે આગામી-ભવિષ્યમાં થનારૂં મરણ અરિષ્ટ-અપશુકનનું કારણ હોય છે, તથા અતીત ભૂતકાળનું જ્ઞાન ઉંઘીને ઉઠતાં થતા જ્ઞાનનું કારણ હોય છે. ઉત્તર એ છે કે ઉક્ત ઉદાહરણોમાં કાર્યકારણ ભાવજ નથી, શાથી જે, તે કાર્યકારણભાવ કારણમાં વ્યાપાર-ક્રિયાની અપેક્ષા રાખે છે જે અહિંયાં નથી. મરણ હજુ નથી તો તેનો વ્યાપારજ ન સંભવે; અને ભૂતકાળનું જ્ઞાન જ્યારે નષ્ટ થઇ ગયું ત્યારે તેનો પણ વ્યાપાર ન સંભવે. એજ વાત ઉદાહરણ સાથે સૂત્રકાર નીચેનાં બે સૂત્રથી કહે છે.

સમયના આંતરે કાર્યકારણભાવનો અસંભવ—અતીત જાગ્રદ્ દશાનું જ્ઞાન તથા અનાગત મરણ ક્રમે (ઉંઘીને ઉઠતાં થતા) જ્ઞાનનું તથા ઉત્પાતનું કારણ નથી કારણકે સમયનો આંતરો પડતો હોવાથી તે બેઉ (જાગ્રદ્ દશાનું જ્ઞાન અને મરણ) વ્યાપારયુક્ત-ક્રિયાયુક્ત નથી. ૭૨.

કાર્યકારી થવામાં કારણને વ્યાપારની અપેક્ષા—પદાર્થમાં કારણપણાની વ્યવસ્થા (એવી છે કે) પોતામાં ક્રિયાની અપેક્ષા રાખે છે, જેમકે ઘડારૂપ કાર્ય કરવામાં કુંભારમાં ઘડો બનાવવા રૂપ ક્રિયાની અપેક્ષા રહે છે. ૭૩.

ભિન્ન સમયવર્તી પદાર્થમાં વ્યાપાર માનતાં અતિવ્યાપ્તિ—ભિન્ન સમયવર્તી તે બન્નેમાં વ્યાપારકલ્પના યોગ્ય નથી, નહિ તો અતિવ્યાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. ૭૪.

અતિવ્યાપ્તિદર્શન—પરંપરાથી ભિન્ન એવા અન્ય પદાર્થોમાં પણ તેવી કલ્પના કરતાં રોકી શકાશે નહિ. ૭૫.

ઉક્ત હેતુઓમાં સહચરહેતુના અંતર્ભાવની અશક્યતા—તાદાત્મ્યમાં પરસ્પર સ્વરૂપત્યાગ થતો હોઈ સહચારીઓમાં તાદાત્મ્ય ઘટતું ન હોવાથી, અને સહચારીઓની ઉત્પત્તિ એકી સાથે થતી હોવાથી તદુત્પત્તિ સંબંધ ઘટતો ન હોવાથી સહચરહેતુનો ઉક્ત (સ્વભાવ કે કાર્યકારણ) હેતુમાં અન્તર્ભાવ થઇ શકતો નથી. ૭૬.

ध्वनिः परिणतिमान् प्रयत्नानन्तरीयकत्वात्, यः प्रयत्नानन्तरीयकः स परिणतिमान्, यथा स्तम्भो, यो वा न परिणतिमान् स न प्रयत्नानन्तरीयको, यथा वान्ध्येयः, प्रयत्नानन्तरीयकश्च ध्वनिस्तस्मात्परिणतिमानिति व्याप्यस्य साध्येनाविरुद्धस्योपलब्धिः साधर्म्येण वैधर्म्येण च ।७७।

अस्त्यत्र गिरिनिकुञ्जे धनञ्जयो धूमसमुपलम्भादिति कार्यस्य ।७८।

भविष्यति वर्षं तथाविधवारिवाहविलोकनादिति कारणस्य ।७९।

उदेष्यति मुहूर्तान्ते तिष्यतारकाः पुनर्वसूदयदर्शनादिति पूर्वचरस्य ।८०।

उदगुर्मुहूर्तात्पूर्वं पूर्वफल्गुन्य उत्तरफल्गुनीनामुद्गमोपलब्धेरित्युत्तरचरस्य ।८१।

अस्तीह सहकारफले रूपविशेषः समास्वाद्यमानरसविशेषादितिसहचरस्य ।८२।

विरुद्धोपलब्धिस्तु प्रतिषेधप्रतिपत्तौ सप्तप्रकारा ।८३।

तत्राद्या स्वभावविरुद्धोपलब्धिः ।८४।

यथा नास्त्येव सर्वथैकान्तोऽनेकान्तस्योपलम्भात् ।८५।

प्रतिषेध्य विरुद्धव्याप्तादीनामुपलब्धयः षट्।८६।

विरुद्धव्याप्तोपलब्धिर्यथा नास्त्यस्य पुंसस्तत्त्वेषु निश्चयस्तत्र सन्देहात् ।८७।

विरुद्धकार्योपलब्धिर्यथा न विद्यतेऽस्य क्रोधाद्युपशान्तिर्वदनविकारादेः ।८८।

विरुद्धकारणोपलब्धिर्यथा नास्य महर्षेरसत्यं वचः समस्ति रागद्वेषकालुष्याऽकलङ्कितज्ञानसंपन्नत्वात् ।८९।

विरुद्धपूर्वचरोपलब्धिर्यथा नोद्गमिष्यति मुहूर्तान्ते पुष्यतारा रोहिण्युद्गमात् ।९०।

विरुद्धपूर्वचरोपलब्धिर्यथा नोदगान्मुहूर्तात्पूर्वं मृगशिरः पूर्वफल्गुन्युदयात् ।९१।

विरुद्ध सहचरोपलब्धिर्यथा नास्त्यस्य मिथ्याज्ञानं सम्यग्दर्शनात् ।९२।

વ્યાપ્યાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—ધ્વનિ શબ્દ પરિણતિવાળો–પરિણામધર્મવાળો છે [પ્રતિજ્ઞા], કારણ કે પ્રયત્નજન્ય છે [હેતુ], જે પ્રયત્નજન્ય હોય તે પરિણતિવાળો હોય [અન્વય વ્યાપ્તિ], જેમકે સ્તંભ [સાધર્મ્ય દૃષ્ટાંત], અથવા જે પરિણતિવાળો ન હોય તે પ્રયત્નજન્ય ન હોય [વ્યતિરેક વ્યાપ્તિ], જેમકે વંધ્યાપુત્ર [વૈધર્મ્ય દૃષ્ટાંત], અને ધ્વનિ પ્રયત્નજન્ય છે [ઉપનય], તેથી પરિણતિવાળો છે [નિગમન]; આ વ્યાપ્યની સાધ્યથી અવિરુદ્ધની ઉપલબ્ધિ સાધર્મ્ય તથા વૈધર્મ્યથી છે.

કાર્યાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—આ પર્વતના નિકુંજમાં અગ્નિ છે, કારણકે ધૂમાડાનો યથાર્થ બોધ થાય છે; આ (સાધ્યની સાથે) કાર્યની અવિરુદ્ધોપલબ્ધિ છે. ૭૮.

કારણાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ–(આજે) વરસાદ પડશે કારણ કે તેવાં વાદળાં દેખાય છે: આ (સાધ્યની સાથે) કારણની અવિરુદ્ધોપલબ્ધિ છે. ૭૯.

'તથાવિધ' એટલે વરસાદ વરસે એવાં ખાસ ગુણવાળાં-અતિશયયુક્ત.

પૂર્વચરાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ–મુહૂર્ત પૂરું થતાં પુષ્ય નક્ષત્ર ઉગશે કારણ કે પુનર્વસુનો ઉદય નજરે પડે છે; આ (સાધ્યની સાથે) પૂર્વચરની અવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૦.

ઉત્તરચરાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—મુહૂર્ત પૂર્વે પૂર્વફલ્ગુની નક્ષત્ર ઉગ્યું, કારણ કે ઉત્તરફલ્ગુનીનો ઉદય નજરે પડે છે; આ (સાધ્યની સાથે) ઉત્તરચરની અવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૧.

સહચરાવિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—આ આમ્રફળમાં વિશિષ્ટ રૂપ છે, કારણકે વિશિષ્ટ રસનો આસ્વાદ આવે છે; આ (સાધ્યની સાથે) સહચરની અવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૨.

પ્રતિષેધ જ્ઞાનમાં વિરુદ્ધોપલબ્ધિના સાત પ્રકાર—અભાવરૂપ પ્રતીતિમાં વિરુદ્ધોપલબ્ધિ તો સાત પ્રકારની છે. ૮૩.

પરીક્ષામુખકાર માણિક્યનંદી છજ પ્રકાર કહે છે, સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ દર્શાવતા નથી.

પહેલી સ્વભાવ વિરુદ્ધોપલબ્ધિ—તેમાં પહેલી સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ છે. ૮૪.

પ્રતિષેધ્ય પદાર્થનો જે સ્વભાવ-સ્વરૂપ તેની સાથે સાક્ષાત્ વિરુદ્ધ તેની ઉપલબ્ધિ તે સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ.

સ્વભાવ વિરુદ્ધોપલબ્ધિનું ઉદાહરણ—જેમકે સર્વથા એકાન્ત નથીજ, કારણકે અનેકાન્ત અનુભવમાં આવે છે. ૮૫.

સર્વથા એકાન્ત અને અનેકાન્તનો ભાવ અને અભાવ જેવો સાક્ષાત્ વિરોધ સ્પષ્ટજ છે. "જે કંઇ પ્રતિષેધ છે તે બધો અનુપલબ્ધિથી સિદ્ધ થાય છે" એવું વચન હોવાથી આ અનુપલબ્ધિરૂપ હેતુ છે એમ કહેવામાં આવે તો તે અજ્ઞાનમૂલક છે, કારણ કે અહિંયાં ઉપલંભાભાવ હેતુ તરીકે યોજાયો નથી. હવે જો એમ કહેવામાં આવે કે વિરુદ્ધ એવા સર્વથા એકાન્ત અને અનેકાન્તનો વિરોધ વહ્નિ અને શીતસ્પર્શની જેમ પ્રથમ સ્વભાવાનુપલબ્ધિથી માલુમ પડે છે, તેથી અનુપલબ્ધિમૂલક હોવાથી સ્વભાવવિરુદ્ધોપલબ્ધિનું અનુપલબ્ધિપણું યોગ્યજ છે, તો અમે કહીશું કે સાધ્યધર્મી પર્વત તથા સાધનરૂપ ધૂમાડો પ્રત્યક્ષ જોયાથી એ અનુમાન પ્રવર્તે છે તેથી પ્રત્યક્ષમૂલક હોવાથી તેને પણ પ્રત્યક્ષ કેમ ન કહેવાય? આ રીતે પૂર્વોક્ત કથન યુક્તિશૂન્ય હોવાથી સ્વભાવવિરુદ્ધોપલબ્ધિ અનુપલબ્ધિરૂપ નથી પણ સ્વતંત્ર છે એમ સિદ્ધ થયું.

બાકીની છ વિરુદ્ધવ્યાપ્યાદિ ઉપલબ્ધિઓ—જે પદાર્થનો નિષેધ કરવાનો છે તેથી (સાક્ષાત્) વિરુદ્ધ વ્યાપ્ય વગેરેની (બાકીની) છ ઉપલબ્ધિઓ છે. ૮૬.

૧ વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ, ૨ વિરુદ્ધકાર્યોપલબ્ધિ, ૩ વિરુદ્ધકારણોપલબ્ધિ. ૪ વિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ, ૫ વિરુદ્ધઉત્તરચરોપલબ્ધિ, ૬ વિરુદ્ધસહચરોપલબ્ધિ એ નામની છ ફક્ત સ્વભાવ વિરુદ્ધોપલબ્ધિ સાથે મળી સાત વિરુદ્ધોપલબ્ધિઓ છે.

વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધ વ્યાપ્તોપલબ્ધિ જેમકે આ પુરૂષને તત્ત્વનો નિશ્ચય નથી કારણ કે તેમાં (તેને) સન્દેહ છે. ૮૭.

જીવાદિ તત્ત્વવિષયક નિશ્ચય પ્રતિષેધ્ય છે, તેથી વિરુદ્ધ અનિશ્ચય તેથી વ્યાપ્ત સન્દેહની ઉપલબ્ધિ તે વિરુદ્ધવ્યાપ્તોપલબ્ધિ.

વિરુદ્ધકાર્યોપલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધ કાર્યોપલબ્ધિ જેમકે આને ક્રોધાદિનો ઉપશમ નથી, કારણકે મુખવિકાર (માલમ પડે) છે. ૮૮.

'મુખવિકાર' તે મોંપર લાલાશ. 'આદિ' શબ્દથી હોઠનું ફફડવું લેવાયું છે. અહિંયાં પ્રતિષેધ્ય ક્રોધોપશમ, તેથી વિરુદ્ધ અશાંતિ, તેનું કાર્ય મુખવિકારાદિની ઉપલબ્ધિ છે તે વિરુદ્ધકાર્યોપલબ્ધિ.

વિરુદ્ધકારણોપલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધ કારણોપલબ્ધિ જેમકે આ મહાત્માનું વચન અસત્ય નથી, કારણ કે તે રાગદ્વેષ રૂપ કાલુષ્યથી અકલંકિત જ્ઞાનવાળા છે. ૮૯.

પ્રતિષેધ્ય અસત્યથી વિરુદ્ધ સત્ય, તેનું કારણ રાગ દ્વેષરૂપ કાલુષ્યથી અકલંકિત જ્ઞાન, એ પ્રકારનું જ્ઞાન કોઈ સારી યુક્તિથી સિદ્ધ થતાં, સત્યને સિદ્ધ કરે છે, અને તે સિદ્ધ થતાં અસત્યનો નિષેધ કરે છે.

વિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધ પૂર્વચરોપલબ્ધિ જેમકે મુહૂર્ત પૂરું થતાં પુષ્ય નક્ષત્ર ઉગશે નહિ કારણકે રોહિણીનો ઉદય થયો છે. ૯૦.

અહિંયાં પ્રતિષેધ્ય પુષ્ય નક્ષત્રનો ઉદય છે, પુષ્યોદય વિરુદ્ધ મૃગશીર્ષોદય, પુષ્ય નક્ષત્રનું પૂર્વચર પુનર્વસુ અને મૃગશીર્ષનું પૂર્વચર રોહિણી; તેથી, વિરુદ્ધ એવાં મૃગશીર્ષનાં પૂર્વચર રોહિણી નક્ષત્રની ઉપલબ્ધિ તે વિરુદ્ધપૂર્વચરોપલબ્ધિ.

વિરુદ્ધોત્તરચરલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધોત્તર ચરલબ્ધિ જેમકે મુહૂર્ત પૂર્વે મૃગશીર્ષ નક્ષત્ર ઉગ્યું ન હતું કારણ કે પૂર્વાફાલ્ગુનીનો ઉદય થયો છે. ૯૧.

પ્રતિષેધ્ય મૃગશીર્ષોદય છે, તે મૃગશીર્ષોદયથી વિરુદ્ધ મઘોદય; મૃગશીર્ષનું ઉત્તરચર આર્દ્રા અને મઘાનું ઉત્તરચર પૂર્વાફાલ્ગુની; તેથી વિરુદ્ધ એવાં મઘા નક્ષત્રના ઉત્તરચર પૂર્વાફાલ્ગુની નક્ષત્રની ઉપલબ્ધિ તે વિરુદ્ધોત્તરચરોપલબ્ધિ.

વિરુદ્ધ સહચરોપલબ્ધિ ઉદાહરણ—વિરુદ્ધ સહચરોપલબ્ધિ, જેમકે આને મિથ્યાજ્ઞાન નથી કારણ કે (એને) સમ્યગ્ દર્શન છે. ૯૨.

પ્રતિષેધ્ય મિથ્યાજ્ઞાનથી વિરુદ્ધ સમ્યગ્જ્ઞાન, તેનું સહચર સમ્યગ્ દર્શન. તે સમ્યગ્દર્શન જીવદયા વગેરે એકાદ હેતુથી સિદ્ધ થતાં સહચર સમ્યગ્જ્ઞાન સાધે છે, અને તે સિદ્ધ થતાં મિથ્યાજ્ઞાનનો નિષેધ કરે છે.

આ સાતે પ્રકારની વિરુદ્ધોપલબ્ધિ સાક્ષાત્ વિરોધ આશ્રિ છે, પરંપરાથી વિરોધ આશ્રિને તો તે અનેક પ્રકારની સંભવે, પણ તે સર્વેનો ઉક્ત પ્રકારોમાંજ અન્તર્ભાવ કરવો, જેમકે કાર્યવિરુદ્ધોપલબ્ધિ, વ્યાપકવિરુદ્ધોપલબ્ધિ, કારણવિરુદ્ધોપલબ્ધિ—એ ત્રણેનો અંતર્ભાવ સ્વભાવવિરુદ્ધોપલબ્ધિમાં તથા કારણવિરુદ્ધકાર્યોપલબ્ધિ આદિનો વિરુદ્ધકાર્યોપલબ્ધિમાં કરવો.

अनुपलब्धेरपि द्वैरूप्यम्, अविरुद्धानुपलब्धिर्विरुद्धानुपलब्धिश्च ।९३।

तत्राविरुद्धानुपलब्धिः प्रतिषेधावबोधे सप्तप्रकारा ।९४।

प्रतिषेध्येनाविरुद्धानां स्वभावव्यापककार्यकारणपूर्वचरोत्तरचरसहचराणामनुपलब्धिः ।९५।

स्वभावानुपलब्धिर्यथा नास्त्यत्र भूतले कुम्भ उपलब्धिलक्षणप्राप्तस्य तत्स्वभावस्यानुपलम्भात् ।९६।

व्यापकानुपलब्धिर्यथा नास्त्यत्र प्रदेशे पनसः पादपानुपलब्धेः ।९७।

कार्यानुपलब्धिर्यथा नात्र्यत्राप्रतिहतशक्तिकं बीजमङ्कुरानवलोकनात् ।९८।

कारणानुपलब्धिर्यथा न सन्त्यस्य प्रशमप्रभृतयो भावास्तत्त्वार्थश्रद्धानाभावात् ।९९।

पूर्वचरानुपलब्धिर्यथा नोद्गमिष्यति मुहूर्तान्ते स्वातिनक्षत्रं चित्रोदयादर्शनात् ।१००।

उत्तरचरानुपलब्धिर्यथा नोदगमत पूर्वभद्रपदा मुहूर्तात्पूर्वमुत्तरभद्रपदोद्गमानवगमात् ।१०१।

सहचरानुपलब्धिर्यथा नास्त्यस्य सम्यग्ज्ञानं सम्यग्दर्शनानुपलब्धेः ।१०२।

विरुद्धानुपलब्धिस्तु विधिप्रतीतौ पञ्चधा ।१०३।

विरुद्धकार्यकारणस्वभावव्यापकसहचरानुपलम्भभेदात् ।१०४।

विरुद्धकार्यानुपलब्धिर्यथात्र शरीरिणि रोगातिशयः समस्ति, नीरोगव्यापारानुपलब्धेः ।१०५।

विरुद्धकारणानुपलब्धिर्यथा विद्यतेऽत्रप्राणिनि कष्टमिष्टसंयोगाभावात् ।१०६।

विरुद्धस्वभावानुपलब्धिर्यथा वस्तुजातमनेकान्तात्मकमेकान्तस्वभावानुपलम्भात् ।१०७।

विरुद्धव्यापकानुपलब्धिर्यथा अस्त्यत्रच्छाया, औष्ण्यानुपलब्धेः ।१०८।

विरुद्धसहचरानुपलब्धिर्यथा अस्त्यस्य मिथ्याज्ञानं, सम्यग्दर्शनानुपलब्धेः ।१०९।

॥ इति स्मरणप्रत्यभिज्ञानतर्कानुमानस्वरूपनिर्णयोनाम तृतीयः परिच्छेदः समाप्तः ॥

અનુપલબ્ધિના પણ બે પ્રકાર—અનુપલબ્ધિના પણ બે ભેદ છે; અવિરુદ્ધાનુપલબ્ધિ અને વિરુદ્ધાપલબ્ધિ. ૯૩.

જે પદાર્થનો પ્રતિષેધ કરવાનો છે તેથી અવિરુદ્ધની અનુપલબ્ધિ-અભાવ તે અવિરુદ્ધાનુપલબ્ધિ, અને પ્રતિષેધ્યથી વિરુદ્ધની અનુપલબ્ધિ તે વિરુદ્ધાનુપલબ્ધિ.

પ્રતિષેધમાં અવિરુદ્ધાનુપલબ્ધિના સાત પ્રકાર—તે બે ભેદમાં અવિરુદ્ધાનુપલબ્ધિ, પ્રતિષેધ-અભાવ સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિમા સાત પ્રકારની છે. ૯૪.

સત્ત પ્રકાર નિર્દેશ—જે પદાર્થનો પ્રતિષેધ કરવાનો છે તેથી અવિરુદ્ધ જે સ્વભાવ, વ્યાપક, કાર્ય, કારણ, પૂર્વચર, ઉત્તરચર, સહચર તેની અનુપલબ્ધિ ઉક્ત સાત પ્રકારની છે. ૯૫.

અવિરુદ્ધસ્વભાવાનુપલબ્ધિનું ઉદાહરણ—સ્વભાવાનુપલબ્ધિ જેમકેઃ—આ ભૂતલ–જમીન પર ઘટ નથી કારણ કે ઉપલબ્ધિ–જ્ઞાનના કારણભૂત ચક્ષુ આદિ ઇંદ્રિયના વિષયની યોગ્યતાને પ્રાપ્ત થયેલ તેનો સ્વભાવ (સ્વરૂપ) માલમ પડતો નથી. ૯૬.

સરખાવો શાસ્ત્રવાર્તાસમુચ્ચય સ્તબક ૫ શ્લોક ૩ उपलब्धिलक्षणप्राप्तोऽर्थोयन्नोपलभ्यते । ततश्चानुपलब्ध्यैव, तदभावोऽवसीयते ॥

જ્ઞાન કારણ ચક્ષુ વગેરે સામગ્રી હોવા છતાં ઘટાદિ પદાર્થ માલમ પડતો નથી તેથી એમ અનુપલબ્ધિથીજ તેનો અભાવ સિદ્ધ થાય છે. સરખાવો પ્રમાણમીમાંસા સૂત્ર ૧-૨-૨૨ ની ટીકા "नात्र घटो द्रष्टुं योग्यस्यानुलब्धेः" ।

અવિરુદ્ધ વ્યાપકાનુપલબ્ધિનું ઉદાહરણ—વ્યાપકાનુપલબ્ધિ જેમકેઃ—આ પ્રદેશમાં પનસ (વૃક્ષ-વિશેષ) નથી કારણ કે કોઈ પણ વૃક્ષ નથી. ૯૭.

અત્ર પ્રતિષેધ્ય પનસથી અવિરુદ્ધ વ્યાપક વૃક્ષની અનુપલબ્ધિરૂપ હેતુથી પનસરૂપ વ્યાપ્યનો નિષેધ કરવામાં આવે છે.

અવિરુદ્ધકાર્યાનુપલબ્ધિનું ઉદાહરણ—કાર્યાનુપલબ્ધિ જેમકે અણુહણાઈ શક્તિવાળું બીજ નથી કારણ કે અંકુર માલમ પડતો નથી. ૯૮.

'અપ્રતિહતશક્તિક" એટલે કાર્યની પ્રતિ કારણનું જે અણુરોકાયલા સામર્થ્યનું હોવાપણું તે. આ વિશેષણથી અંકુર ન હોવાથી બીજ માત્ર ન હોવાનું અનુમાન કરતાં જે વ્યભિચાર થાય તે અટકે છે.

અવિરુદ્ધકારણાનુપલબ્ધિનું ઉદાહરણ—કારણાનુપલબ્ધિ જેમકેઃ—આ પુરુષમાં પ્રશમ—શાંતિ આદિ ભાવો નથી કારણ કે એને તત્ત્વાર્થમાં શ્રદ્ધાનો અભાવ છે. ૯૯.

'પ્રશમઆદિ' એટલે પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્યરૂપ જીવના પરિણામવિશેષ. 'તત્ત્વાર્થશ્રદ્ધાન' એટલે સમ્યગ્દર્શન, જેનો અભાવ ટીકાકાર કહે છે કે દેવ-દ્રવ્યભક્ષણ આદિ પાપકર્મથી સિદ્ધ થતાં તેના પરથી તેના કાર્યરૂપ પ્રશમ આદિના અભાવનો બોધ થવો એ અવિરુદ્ધકારણાનુપલબ્ધિ.

અવિરુદ્ધપૂર્વચરાનુપલબ્ધિનું ઉદાહરણ—પૂર્વચરાનુપલબ્ધિ જેમકેઃ—મુહૂર્ત પૂરે થતાં સ્વાતિ નક્ષત્રનો ઉદય નહિ થાય કારણ કે ચિત્રા (જે હંમેશ સ્વાતિ પહેલાં ઉગે છે) તેનો ઉદય નજરે પડતો નથી. ૧૦૦.

અવિરુદ્ધઉત્તરચરાનુપલબ્ધિનું ઉદાહરણ—ઉત્તરચરાનુપલબ્ધિ જેમકેઃ—પૂર્વાભાદ્રપદા નક્ષત્ર મુહૂર્ત પૂર્વે ઉગ્યું ન હતું કારણકે ઉત્તરભાદ્રપદા (જે નિયમથી પૂર્વાભાદ્રપદાનું ઉત્તરચર–પછી ઉગનારૂં છે) તેનો ઉદય નજરે પડતો નથી. ૧૦૧.

અવિરુદ્ધસહચરાનુપલબ્ધિનું ઉદાહરણ—સહચરાનુપલબ્ધિ જેમકે:–આને સમ્યગ્ જ્ઞાન નથી કારણ કે સમ્યગ્ દર્શન માલમ પડતું નથી. ૧૦૨.

આ સાતે પ્રકારની અનુપલબ્ધિ **સાક્ષાત્** અનુપલમ્ભથી કહી છે. **પરંપરાથી** પણ તે સંભવે છે, તેથી તેના તેવા અનેક ભેદનો આ સાતમાંજ અંતર્ભાવ કરવો પરંપરાથી થતી વ્યાપકાનુપલબ્ધિનું ઉદાહરણ જેમકે એકાંત નિરન્વય દ્રવ્ય નથી કારણકે ક્રમાક્રમની અનુપલબ્ધિ છે. અત્ર અર્થક્રિયારૂપ જે નિરન્વય તત્ત્વકાર્ય છે તેનું વ્યાપક જે ક્રમાક્રમ છે તેનો અનુપલંભ છે તેથી તેનો વ્યાપકાનુપલબ્ધિમાંજ અંતર્ભાવ થાય છે.

ભાવાત્મક જ્ઞાનમાં વિરુદ્ધાનુપલબ્ધિના પ્રકાર—વિરુદ્ધાનુપલબ્ધિ ભાવાત્મક પ્રતીતિમાં તો પાંચ પ્રકારની છે. ૧૦૩.

પરીક્ષામુખકાર ત્રણજ પ્રકાર કહે છે. તેઓ વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ તથા વિરુદ્ધસહચરાનુપલબ્ધિ એ બે પ્રકાર દર્શાવતા નથી.

વિરુદ્ધાનુપલબ્ધિ પ્રકાર નિર્દેશ—(વિધેય પદાર્થથી) વિરુદ્ધનાં કાર્ય, કારણ, સ્વભાવ, વ્યાપક, તથા સહચરની અનુપલબ્ધિ (એમ પાંચ પ્રકાર છે.) ૧૦૪.

વિરુદ્ધકાર્યાનુપલબ્ધિનું ઉદાહરણ—વિરુદ્ધકાર્યાનુપલબ્ધિ જેમકે:–આ દેહધારી–પુરુષને રોગનો અતિશય છે, કારણ કે (તેનામાં) નીરોગી પુરુષની ચેષ્ટા–ક્રિયા માલમ પડતી નથી. ૧૦૫.

વિરુદ્ધકારણાનુપલબ્ધિનું ઉદાહરણ–વિરુદ્ધકારણાનુપલબ્ધિ જેમકે:–આ પ્રાણિને કષ્ટ છે, કારણ કે (એને) ઇષ્ટ સંયોગનો અભાવ છે. ૧૦૬.

વિરુદ્ધ સ્વભાવાનુપલબ્ધિનું ઉદાહરણ—વિરુદ્ધ સ્વભાવાનુપલબ્ધિ જેમકે:–વસ્તુ માત્ર અનેકાંતસ્વરૂપ છે, કારણકે (વસ્તુનો) એકાંત સ્વભાવ પ્રતીત થતો નથી. ૧૦૭

વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિનું ઉદાહરણ—વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ જેમકે:–અહિંયાં છાયા છે કારણ કે ગરમી માલમ પડતી નથી. ૧૦૮.

અહિંયાં વિધેય છાયાથી વિરુદ્ધ તડકો તેની વ્યાપક ગરમી તેની અનુપલબ્ધિ હોવાથી વિરુદ્ધવ્યાપકાનુપલબ્ધિ થાય છે.

વિરુદ્ધસહચરાનુપલબ્ધિનું ઉદાહરણ—વિરુદ્ધસહચરાનુપલબ્ધિ જેમકે:–આ (પુરુષ)ને મિથ્યાજ્ઞાન છે, કારણ કે એનામાં સમ્યગ્દર્શન માલમ પડતું નથી. ૧૦૯.

વિધેય મિથ્યાજ્ઞાનથી વિરુદ્ધ સમ્યગ્જ્ઞાન તેનું સહચર સમ્યગ્દર્શન તેની અનુપલબ્ધિ હોવાથી વિરુદ્ધસહચરાનુપલબ્ધિ થાય છે.

॥ इति प्रमाणनयतत्त्वालोकालंकारगुर्जरभाषानुवादे स्मरणप्रत्यभिज्ञानतर्कानुमानस्वरूपनिर्णयोनाम तृतीयः परिच्छेदः समाप्तः ॥

बृहत्तपागच्छीय श्रीदेवसुन्दरसूरिशिष्य-श्रीजयचंद्रसूरिविरचितं सावचूरिकं
समस्यास्तवापराभिधानं

श्री वीरजिनस्तवनम् ।

(१)

तव गुणकणनुत्यां वीरतीर्थेश ! वाच-
स्पतिमतिरपि यस्यां देव ! कुण्ठत्वमेति ।
निबिडजडिमभाजोऽप्यत्र यन्मे प्रवृत्तिः
प्रभवति स दृढस्ते भक्तिभूयोऽनुभावः ॥

(२)

सकलमथकलज् श्रीपद्म ! पद्मेशयाण्डो-
दरगतमिह विश्वं येऽन्ययूथ्या यथार्थम् ।
अवितथतममेतत् तीर्थनेतस्तवैषां
" तिलतुष तटकोणे कीटिकोष्ट्रं प्रसूता ॥ "

(३)

दशशतशतमानं योजनैर्लीलया त्वं
सुरगिरिमचिकम्पास्तद्दिनप्राप्तजन्मा ।
इति सुरवमपि नेतर्नाविदन्ते न जाने
"तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता "

(४)

अवितथपथनाथाऽप्रमथः समथ त्वं
भुवनहितविधित्सुर्या दया देववन्द्यः ।
जिनवर ! मयि नित्यं सा समानानुभावा
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता ॥

(५)

जनजनितविवादाः शाक्यसाङ्ख्याक्षपादा
गलितसकलशस्त्रा अथ यूयं समस्ताः ।
विलसति जिनराजे युष्मदुन्मन्थहेतौ
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता ॥

(६)

हतमद ! भवदीयज्ञानदृष्टौ निविष्टं
सकलमपि सकर्णावर्ण्यनिर्वर्ण्य ! विश्वम् ।
सरसमिदमूचुः कौतुकाक्रान्तचित्ताः
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता ॥

(७)

त्रिदशपतिपुरन्ध्र्यस्तत्पुरः सान्द्रहर्षाः
सरसविविधभङ्ग्या नाट्यमप्राक्षुरीश ! ।
इदमपि किल काचित् भक्तिमुग्धाऽत्र चक्रे
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता ॥ "

(८)

तव पदपरिचर्यासुस्थितानां जनानां
गतवृजिन ! समस्ता लब्धयः स्युः प्रशस्ताः ।
अपि रचयितुमेतद् यद्वशादुःशकं नो
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता "

(९)

कुमतमथन ! जन्मन्यन्यतीर्थास्त्वदीये
विविधमिदमदर्शन्नेवमुत्पातजातम् ।
ज्वलदनलमलस्काभ्रम्रविम्बादुपर्न-
" स्तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता "

(१०)

प्रणमदमरनेतर्नैव चेतः प्रवृत्ति-
र्जगदुपकरणार्थं जायते स्वत्परेषाम् ।
इति जगति कदाचिद् दृश्यते केनचित् किं
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता "

(११)

अवगतगणनानां संस्तुतौ त्वद्गुणानां
विशदमति समेतास्तेऽपि नालं सुरेशाः ।
विलसति जिन ! येषां शक्तिरेवं विधातुं
" तिलतुषतटकोणे कीटिकोष्ट्रं प्रसूता "

(१२)

श्रेयःसर्जनसज्ज सज्जनमनो विश्रामकल्पद्रुमं
भक्त्येति प्रतिवासरं जिनवर ! त्वां ये
स्तुवन्ति ध्रुवम् ।
कल्याणप्रभुदेवसुन्दरयशः सङ्कीर्णविश्वत्रया-
ऽमीषामीश ! दवीयसी न पदवी निःश्रेयसश्रेयसः ॥

॥ इति समस्यास्तवः । सिद्धज्ञानगणिना
लिखितः ॥

—मुनि चतुरविजय.

श्रीः

॥ वंचनाकी प्रगति यह मानवजीवनकी अधोगति है ॥

मुझे जहांतक विश्वासहै वहांतक यह कहनेका अधिकारहै कि वञ्चनाकी प्रगति यह मानव जीवन की अधोगति है। वञ्चनाको प्रवीणता कहना यह मानव जीवन का अपमान करना है। मानव जीवनकी सफलता या उत्कृष्टता उसकी बुद्धिमत्ता पर अवलम्बित है। बुद्धिमान् वही है जिसके कुल व्यवहार निर्दोष होनेके कारण ऐहिक या आमुष्मिक बन्धनके कारण नहीं बनते। बुद्धिमान् मनुष्यका यह कर्तव्य नहीं है कि वह अपने व्यवहारोंको कलुषित रहने दे यह मानकर कि हमारी युक्ति दुर्गम है दूसरों के साथ वञ्चनाका प्रयोग करे। किसी की युक्ति दुर्बोध नहीं होती है। देश और काल निरवधिक पदार्थ हैं प्रकृतिके उदरमें बडे बडे बुद्धिमानोंका अस्तित्व संस्कार रूपसे विद्यमान है। ऐसा भी समय आता है कि वह दुर्बोधसे दुर्बोध विषयको सुबोध बना देता है आडम्बरका भण्डा फोड देता है वंचकको वंचक सिद्ध कर देता है उसकी कीर्तिको विपरीत रूपमें परिणत कर देता है। समयको भी पराधीनता ने अपना दास बनाया है उसको यह अधिकार नहीं है कि किसीके अनुरोधसे किसी पदार्थके संकोच-विकासमें स्वतन्त्ररूपसे कारण बन सके—

किसीको यह सन्देह न होना चाहिए कि वञ्चना-प्रधान नीतिके अज्ञान दशामें व्यवहार-दशाकी दुर्गति होगी। वञ्चनाप्रधान नीतिके ज्ञानका नाम वञ्चना नहीं है। वंचकोंसे बचनेके लिए इस नीतिका ज्ञान आवश्यक है। वंचनाके प्रयोगसे इष्टको सिद्ध करना वञ्चना है। व्यवहारके अस्तव्यस्त होने जानेपर परमार्थका आश्रय लेना यह भी वंचनाही है.

वंचनासे सरलतासे कार्यकी सिद्धि होती है "सर्वैरुपायैः फलमेव साध्यम्" तो वंचनाकी प्रगति निन्द्य क्यों मानी जाय? इस प्रगल्भ सन्देहका उत्तर यह है कि वंचना की प्रगतिसे विश्वासका अस्तित्व नामशेष हो जाता है। प्रत्येक व्यक्तिको अन्यव्यक्ति वंचकही मालुम होने लगते हैं। पदे पदे सन्देहको स्थान मिलने लगता है। चिन्ताका साम्राज्य अजेयरूपसे वृद्धिगत हो जाता है। प्राणि मात्र चिन्तित होनेके कारण दुःखी बन जाते हैं उनके लिए सुख दुर्लभ हो जाता है. मानव जीवनका कर्तव्य सदाके लिए विस्मृत हो जाता है। अतः यह मानना कि वञ्चनासे सरलतासे कार्यकी सिद्धि होती है सर्वांशमें भूल है। जिसकी प्रबलतासे अपना स्वभाव अविश्वासु बने, माता पिता गुरु आचार्य पुत्र पत्नी आदिसे भी शंका बनी रहे, उस वंचनानीतिसे सुखकी आशाकरना निजकी विक्षिप्तता बताना है। 'सर्वैरुपायैः' इस वचनका यह आशय है कि किसी या सर्ववैध उपायोंके द्वारा कार्यको सिद्ध करलेना चाहिए नकि अवैध नीतिसे। इस नीति वाक्यका लक्ष्य भी समष्टिका हित है व्यष्टिका नहीं। समष्टिहितके प्रश्नके उपस्थित होने पर कभी कभी वैधावैधका विचार विकट रूप धारण करता है—

प्राकृतिक सामग्रियोंके अधिक २ विकसित होने परभी आज जो प्राणि मात्र व्यग्रतामें पड़े हैं, बडे बडे वैज्ञानिक अपने जीवनको राक्षसी बना रहे हैं, देव तुल्य वन्दनीय राजे महाराजे भयसे घरसे बाहर निकलने में डरते हैं, पण्डित महात्मा आदि धूर्त पाखण्डी कहे जाते हैं, पुत्रवत् पालनीय प्रजा

भांतिभांतिके उपायोंसे निर्धन बनाई जाती है, पापी स्वार्थ के उद्देशसे शिष्यगण पारस्परिक निन्दा स्तुतिके प्रचारक बनाए जाते हैं, दलालोंकी सहायतापर प्रसिद्धि अवलम्बित है, सत्यानृतका ज्ञान अलभ्य हो रहा है। इन सब अनर्थों का कारण एक मात्र वंचनाकी वृद्धि है। यह भी वञ्चनाहीका फल है कि उद्देशके समान होनें परभी धार्मिक जनता परस्पर द्वेष भावसे वर्तती है, रागद्वेषके परिणामसे निछिन्न हो जाती है. तत्तद्दर्शनोंके विषयोंसे नितान्त अपरिचित, ग्रन्थोंके नाम मात्र से भी अज्ञात व्यक्ति दार्शनिक बनने का साहस करता है—

वञ्चना नाम है वशीकरण के उपायका। निजके भावोंको छिपादेना, दूसरों को अनुकूल बनाने के लिए उसके स्वभावसे परिचित होकर अपने स्वभावको भी अल्प समय के लिए तदनुकूल परिवर्त्तित करदेना और सिद्ध साधक भावसे अग्रसर बनना इस व्यवहारका नाम है वशीकरणका उपाय।

वंचनाका मूल दूरगामी हो गया है सहसा इसका अभाव होना संभावनासे बाहर है. इसका सर्वथा अभावतो असाध्य है तौभी इसके बढते वेगको स्थगित कर देना साध्य और समयसंगत है ॥ मुझे विश्वास है कि जनता जीवनको सार्थक बनानेके उद्देश से देशान्तर से आई हुई उच्छृङ्खलताके दुष्परिणाम पर दृष्टिपात करने लगेगी तो वंचनाका वेग स्थगित हो जायगा। प्रत्येक भारतवासीको यह जानने के लिए जागृत होना चाहिए कि भारतका स्वर्गीय जीवन दिनों दिन उच्छिन्न क्यों होता जाता है। अभय और सत्वसंशुद्धि इन दोनोंका साहचर्य नित्य है इस सिद्धान्तसे हम भारतवासी दूर क्यों होते जाते हैं। जहां वंचना रहती है वहां भय अवश्य रहता है अर्थात् भय और वंचना का साहचर्य भी नित्य है इस सिद्धान्तको क्यों नहीं सादर अपने विचार में हम स्थान देते हैं।?

हिन्दु जनता आजभी संसारके सर्व जातीय जनतासे अधिक सुखी सुसन्तुष्ट है, उसका कारण यही है कि अन्य देशोंकी अपेक्षा यहां (भारतवर्षमें) वंचनाका वेग न्यून है। गरीब भारतवासी भी कुटुम्बी हैं, एक दूसरे से सात्त्विक हार्दिक सहानुभूतिकी समर्थक नीतिको पसन्द करते हैं। अन्य देशवाले श्रीमान् और सभ्य कहानेके मिथ्या सम्मान से विभूषित होने परभी अधिकांशमें कुटुम्बी नहीं हैं, उनका ग्राम्यव्यवहार वेश्याओंसे और भोजनव्यवहार होटलोंसे निर्वहता है, ये विदेशी शास्त्री "पल्लवग्राहिपाण्डित्यं क्रयक्रीतं च मैथुनम्। भोजनं च पराधीनं तिस्रः पुंसां विडम्बनाः" में ओतप्रोत हो रहने परभी वंचनानीतिके समर्थनमें संलग्न हैं स्वयं क्लेशसागरमें पडे हैं दूसरों को पडनेके लिए बाधित करते जाते हैं। भारतवासी जनसमुदाय विशेष कर जैन समुदायको सावधान कर देना आवश्यक मालूम होता है कि आपलोग श्री मल्लीनाथजीके इतिहास पर विशेष रूपसे ध्यान दीजिए। उक्त तीर्थङ्कर महाशयकी वंचनासे विशेष भयावह न होने परभी उनको स्त्री शरीर प्राप्त करने लिए बाधित कर दिया। स्त्री शरीर तीर्थङ्कर हो सकता है कि नहीं इस विचारवैषम्यको उपस्थित कर यह छोटी वंचना भी जैन जनतामें सिद्धान्त भेद उपस्थित करादी। अन्य भारतवासी समुदायों में भी मतभेद अवगत होते हैं उनमें भी किसी न किसी महा पुरुषकी वंचना ही हेतु है। वर्तमानकाल में भी जो जनता व्याकुल बन रही है इस अनर्थ में भी किसी न किसी अग्रगामी पुरुषकी या पुरुषोंकी वंचनाही

कारण है। शुद्ध हृदय से दर्शाए गए विचारोंसे बना सिद्धान्तभेद केवल विद्वानों में रहता है वह पामरोंको नहीं विभक्त करता। इनको अलग करनेवाली केवल वंचना है अतः सप्रमाण कहा जा सकता है कि वञ्चना की प्रगति यह मानव जीवनकी अधोगति है॥

शुभम् रमापति मिश्र

मोहनलालजी पाठशाला-अध्यापक.

ધર્મગુરુઓનું જગતૂના કલ્યાણુ માટે કર્ત્તવ્ય.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥

श्री. भ. गीता. अ. ३, श्लोक २१.

—જે પ્રમાણે શ્રેષ્ઠ પુરૂષો આચરણ કરે છે, તે પ્રમાણે બીજા માણસો આચરે છે. મોટા પુરૂષો જે કરે છે તે પ્રમાણ ગણાય છે, અને લોકો તે પ્રમાણે વર્તે છે.

હરકોઈ સજ્જન એટલું તો સ્વીકારશે કે શ્રેષ્ઠ પુરૂષોની ગણત્રીમાં ધર્મગુરૂઓ પ્રથમ પંક્તિમાં અને તે પણ પ્રથમ સ્થાનમાં આવી શકે; અને શ્રીમદ્ભગવદ્ગીતાના ઉપર જણાવેલા વચનાનુસાર ધર્મગુરૂઓનાં આચરણ પ્રમાણે તેઓના સેવકો આચરણ કરે, એ નિર્વિવાદ છે. માટે ધર્મગુરૂઓ જેઓ જગતના ઉદ્ધારક કહેવાય છે તેઓનું વર્તન સર્વ રીતે અનુકરણીય, નિર્મળ, પવિત્ર, નિષ્પાપ, નિર્દોષ, સરળ અને ચાહવા લાયક હોવું જોઇએ. જેવા ધર્મગુરૂઓ હશે તેવોજ સમાજ પેદા થશે, તેથી કોઈ પણ સમાજના કોઈ પણ પ્રજાના કલ્યાણ કે અકલ્યાણનું જોખમ ધર્મગુરૂઓના વર્તન ઉપર રહે છે. જેના વર્તન ઉપર આટલું બધું જોખમ રહે છે તેવા ધર્મ ગુરૂઓની લાયકાત કેવી હોવી જોઇએ તે માટે આપણે પ્રથમ 'ધર્મગુરૂ' શબ્દની વ્યાખ્યા વિચારીએ.

'ધર્મગુરૂ' શબ્દનો અર્થ—

'ધર્મગુરૂ' એ धर्म+गुरु એ બે શબ્દનો સમાસ છે. તેમાંથી 'ધર્મ' શબ્દ સંસ્કૃત ધાતુ धृ (ધારણ કરવું) ઉપરથી થયેલો છે તેથી 'ધર્મ' એટલે 'ધારણ કરનારો' અથવા 'ઉદ્ધાર કરનારો' અર્થાત્ જે પાપથી ઉગારે અને દુર્ગતિથી ઉદ્ધારે તે 'ધર્મ' કહેવાય.

'ધર્મ'ની બીજી વ્યાખ્યા એ થઈ શકે કે:—

यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः स धर्मः ।

(વૈશેષિક દર્શન.)

—જેનાથી ઉન્નતિ અને પારલૌકિક કલ્યાણની સિદ્ધિ થાય તે 'ધર્મ'.

વળી ત્રીજી વ્યાખ્યા એ પ્રમાણે થઇ શકે કે:—

यं तु आर्याः क्रियमाणं प्रशंसन्ति स धर्मः ।
यं तु गर्हन्ते सः अधर्मः ।

(અપસ્તંબ ધર્મસૂત્ર.)

જે આચરણને આર્ય પુરૂષો વખાણે તે 'ધર્મ'; અને જેને આર્ય પુરૂષો નિંદે તે 'અધર્મ,'

ચોથી વ્યાખ્યા એ થાય છે કે:—

आरंभाद् न्याययुक्तो यः स हि धर्मः इति स्मृतिः ।

(શ્રીમહાભારતાંતર્ગત વનપર્વ.)

—આરંભથીજ જેમાં ન્યાય નીતિ હોય તેનું નામ 'ધર્મ'.

વળી પાંચમી વ્યાખ્યા એવી થાય છે કે, वेदो प्रणिहितो धर्मः। વેદમાં કહ્યા પ્રમાણે આચરણ કરવું તે 'ધર્મ,' અથવા The service of the humanity is ધર્મ.

આ પ્રમાણે 'ધર્મ' શબ્દની વ્યાખ્યા કર્યા પછી હવે આપણે 'ગુરૂ' શબ્દની વ્યાખ્યા કરીએ.

गु शब्दस्त्वन्धकारोऽस्ति रु शब्दस्तन्निरोधकः ।

"ગુ એટલે 'અંધકાર' અને 'રુ' એટલે 'નાશ કરનાર' અર્થાત્ 'અંધકારનો નાશ કરે તે ગુરૂ'. મતલબ એ કે શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારનો જે જ્ઞાન આપી નાશ કરે તે 'ગુરૂ'. गृणाति तत्त्वमीति गुरुः। જે તત્ત્વનો ઉપદેશ કરે તે 'ગુરૂ' કહેવાય.

संस्कृतैः प्राकृतैश्चैव गद्यपद्याक्षरैस्तथा ।
शिष्यं यो देशभाषाभिर्बोधयेत्स गुरुः स्मृतः ॥

અર્થાત્ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં ગદ્યપદ્ય વાક્યોથી તથા દેશી ભાષાથી જે શિષ્યને ઉપદેશ કરે તે 'ગુરૂ' કહેવાય અર્થાત્ ગુરૂને સંસ્કૃત, પ્રાકૃત અને દેશી ભાષાનું પણ સંપૂર્ણ જ્ઞાન હોવું જોઇએ.

ધર્મગુરૂ કોને કહેવો?

ધર્મગુરૂની વ્યાખ્યા એક પ્રાસ્તવિક શ્લોકમાં આ પ્રમાણે આપેલી છે;—

विदलयति कुबोधं बोधयत्यागमार्थं ।
सुगतिकुगतिमार्गौ पुण्यपापे व्यनक्ति ॥
अवगमयति कृत्याकृत्यभेदं गुरो यः ।
भवजलनिधिपोतस्त्वं विना नास्ति कश्चित् ॥

ભાવાર્થ—કુબોધને દળે છે, આગમના રહસ્યનો બોધ આપે છે, સન્માર્ગ અને કુમાર્ગ, પાપ અને પુણ્યનો વિવેક કરાવે છે, કરવા અને કરવા યોગ્ય કૃત્યોનો ભેદ દર્શાવે છે. એવા હે ગુરૂ! ભવ તરવાની નૌકા તારા વિના કોઇ નથી.

ઉપર પ્રમાણે આ બંને શબ્દના મૂળ ઉપર વિચાર કરતાં ધર્મગુરૂમાં કેવી જબરી લાયકાત હોવી જોઈએ, તે સ્પષ્ટ થાય છે. લોકો હજુ એટલા બધા અજ્ઞાન દશામાં છે કે, ધર્મનો આવો નીતિયુક્ત વિશાળ અર્થ નહિ કરતાં તેનો ટીલાં ટપકાં, માળા, સ્નાન ઈત્યાદિ બાહ્યોપચારમાંજ સમાવેશ કરી દે છે, પરંતુ ઋષિમુનિઓ અને આર્ય વિદ્વાનોથી સ્થાપિત થએલી 'ધર્મ' અને 'ગુરૂ' શબ્દની ઉપર દર્શાવેલી વ્યાખ્યાઓથી સ્પષ્ટ થાય છે કે જેમાં કંઈ પણ અંધાધુંધી કે અનીતિ હોય તે ધર્મ કહેવાય નહી અને જે કોઇ અનીતિનો વા અનાચારનો ઉપદેશ કરે તે ધર્મગુરૂ કહેવાય નહી; પરંતુ જેનાથી શિષ્ય વર્ગનું આ લોક અને પરલોકનું કલ્યાણ થાય તેવો નૈતિક, પવિત્ર માર્ગ તે ધર્મ કહી શકાય અને ઐહિક અને પારલૌકિક સાધનો સંપાદન કરવાને જે ખરો માર્ગ બતાવે તે 'ધર્મગુરૂ' કહેવાય. વળી જેને જાહેર રસ્તામાં હજારો માણસોની વચ્ચે અથવા એક અંધારા ખુણામાં પણ શુદ્ધ અંતઃકરણથી અને નિર્મળ ભાવથી આચરી શકાય તે 'ધર્મ' અને એવા નિર્દોષ ધર્મને દર્શાવનાર તથા શિષ્યોને એવા ધર્મે દોરનાર 'ધર્મગુરૂ' કહેવાય. અજ્ઞાનથી માણસો અનેક લાલચોમાં સપડાય છે; અજ્ઞાનથી માણસો અનેક કુટિલ ધંધા આચરે છેઃ અને અજ્ઞાનથી માણસો અત્યંત નિર્દય કામો કરે છે. તેવા અજ્ઞાનમાંથી શિષ્યને સદુપદેશથી જે છોડાવે તે 'ધર્મગુરૂ' કહેવાય. અજ્ઞાનમાં પડેલા લોકો ભૂત, પ્રેત, પિશાચ આદિ, તથા જાદુ, મંત્ર તંત્રના વહેમમાં સપડાઇને શાસ્ત્રમાં કહેલા ઇશ્વર અને જગત્પિતાનો આશ્રય લેવાનું છોડી અનેક મ્લેચ્છ વાંછનાવાળા ભૂત પિશાચોને નિર્દોષ પ્રાણીના ભોગ ધરાવે છે, તેવા વહેમી અજ્ઞાનીઓ અને પાપાત્માના અંતઃકરણમાં એકજ જગત્પિતાનો આભાસ ઉત્તમ સત્ય તત્ત્વના ઉપદેશથી પ્રગટ કરી તેઓને ઇશ્વર પ્રત્યે જે વ્યક્તિ દોરે તે 'ધર્મગુરૂ' કહેવાય.

પરંતુ સેવકો પાસેથી ધન એકઠું કરી મોજમજા કરવી, નાચ તમાસા અને ખેલ જોવા, ઇન્દ્રિયોની દુર્વાસના સંતોષવી અને એવાજ બીજા અનાર્ય માર્ગ આચરવા, એમાંજ જો કોઇ ધર્મગુરૂઓ પોતાનું કર્તવ્ય સમાએલું સમજે અથવા એવાજ અનિષ્ટ માર્ગમાં પોતાની સત્તાનો દુરૂપયોગ કરે તો તો તેને કોઈ પણ રીતે 'ધર્મગુરૂ' કહી શકાશેજ નહિ. ધર્મગુરૂઓને પરમેશ્વર! એવે આડે રસ્તે ન વાળો! જો તેઓ એવે આડે રસ્તે વળે તો જગત્ પણ ઉંધું વળે, એ નિર્વિવાદ છે. ધર્મગુરૂઓ પોતાને ભગવાનના અવતારરૂપે મનાવા ઇચ્છે છે, અને ખરા ધર્મગુરૂઓ ભગવાનના અવતારરૂપજ છે, બલકે એથી વિશેષ પણ છે એમ કહી શકાય. પરંતુ પોતે અવતારરૂપે મનાવા માગતા હોય છતાં પ્રભુના અવતારના જેવા ગુણો પોતાનામાં લેશ પણ ન હોય અને કેવળ અવતારના નામે જગતને ભોળવી છેતરી ખાવા જેવું કર્મ કરે તો તેઓ પોતાના ધર્મગુરૂ પદને પાત્ર રહેતા નથી. જે ધર્મગુરૂઓ સદ્ગુણ, સદ્ધર્મ, અને સદ્વર્તનથી બહિર્મુખ થએલા હોય તે કાન ફૂંકાને શિષ્યો સ્થાપે તો તેમના દિલમાં સદ્ધર્મ અને સદાચારની કેવી છાપ પડે, તે દરેક જણ વિચારી શકશે.

ધર્મગુરૂઓમાં કેવા ગુણ હોવા જોઇએ ?

ધર્માચાર્યોનું જીવનવૃત્ત તો સ્ફાટિક જેવું નિર્મળ અને ગંગાજળ જેવું પવિત્ર હોવું જોઈએ. ધર્મગુરૂઓ સત્યવક્તા, જીતેન્દ્રિય, દયાળુ, નિઃસ્પૃહ, સરળ વૃત્તિના અને ધર્મની મૂર્તિરૂપ હોવા જોઇએ. ધર્મગુરૂઓમાં શ્રી **રામચન્દ્ર** જેવું સદ્વર્તન, **ભીષ્મ**, **હનુમાન** કે **લક્ષ્મણ** જેવું બ્રહ્મચર્ય, ગુરૂ શ્રી દત્તાત્રય જેવો સમભાવ, **યુધિષ્ઠિર** જેવું સત્ય, **વસિષ્ઠ** જેવી **શાન્તિ** (ક્રોધનો અભાવ), **વ્યાસ** જેવી વિદ્વત્તા અને રાજર્ષિ **જનક** વિદેહી જેવું તત્ત્વજ્ઞાન હોવું જોઇએ. ટુંકમાં ધર્મગુરૂનું જીવન સર્વ રીતે પવિત્ર અને અનુકરણીય હોવું જોઈએ.

ધર્મગુરૂઓની તુલના (સરખામણી)—

ધર્મગુરૂઓમાં પણ અન્ય માણસોની પેઠે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આદિ વાસો કરતાં હોય તો પછી તેમનામાં અને સામાન્ય મનુષ્યોમાં શો તફાવત રહે છે ? નિર્મળ દર્પણનું પ્રતિબિંબ જેમ ઉજ્જવળ અને નિર્મળ પડે છે, તેમ સદ્વર્તનશીલ ધર્માચાર્યોની પવિત્ર રહેણી કરણીની છાપ શિષ્યોના અંતઃકરણમાં શુદ્ધ સ્વરૂપમાં પડે છે, અને સ્વાભાવિક રીતેજ શિષ્યવર્ગની તેવા ધર્મગુરૂઓ પ્રત્યે પૂજ્ય બુદ્ધિ થાય છે તથા તેઓ કૃતાર્થ થઈ અંતે ભવસાગર તરી જાય છે. એથી ઉલટું જેમ મલિન દર્પણનું પ્રતિબિંબ મલિન અને નિસ્તેજ પડે છે તેમ દુર્વાસનાથી ભરેલા ધર્મગુરૂની છાપ પણ શિષ્યોના અંતઃકરણમાં મલિન રૂપમાંજ પડે છે તેથી શિષ્યોનો ઉદ્ધાર થવાને બદલે તેઓ સદાકાળ દુર્ગતિની ખાડમાંજ રીબાયાં કરે છે, અને ચોર્યાસીના ફેરામાં અથડાયાંજ કરે છે. જ્યાં સુધી ધર્મગુરૂઓમાંથી રાગ (કામ ક્રોધાદિકના વેગ) ન જાય ત્યાંસુધી તેઓની લાયકાતના ટકા શૂન્યજ લેખાય અને ત્યાંસુધી તેઓ હરકોઇ સામાન્ય મનુષ્ય જેવાજ લેખાય. ઇશ્વર ધર્મગુરૂઓને ખરા ગુણ આપી સાચેસાચા દેવાંશી બનાવો ! કહ્યું છે કે—"निवृत्तरागस्य गृहं तपोवनम्।" જે મનુષ્યનો રાગ શાંત થઈ ગયો છે, તેનું ઘરજ તપોવન છે." અર્થાત્ તે જાતેજ તપસ્વી જેવો છે. જો સામાન્ય મનુષ્યમાંથી કામક્રોધાદિ જતાં તે તપસ્વી જેવો બની શકે છે, તો પછી ધર્મગુરૂઓમાંથી કામ ક્રોધાદિ નીકળી જાય તો તેઓ સાક્ષાત્ દેવ કેમ ન બની શકે ? પરંતુ—

गुरवो बहवः सन्ति शिष्यवित्तोपहारकः।
गुरवो विरला सन्ति शिष्यचित्तोपहारकः॥

"શિષ્યનું વિત્ત હરણ કરી લે એવા તો જગતમાં ગુરૂઓ પુષ્કળ છે, પરંતુ શિષ્યનું ચિત્ત હરણ કરી લે તેવા ગુરૂઓ વિરલ છે."

વિત્ત હરણ કરવાનું કામ તો દરેકને આવડી શકે, પરંતુ ચિત્ત હરણ કરવાનું કામ પુણ્યશીલ ગુરૂઓનેજ ભાગ્યે આવે છે. શિષ્યનું ચિત્ત હરણ કરવાનો મહામંત્ર એજ છે કે પોતે જાતે સદ્ગુણ અને સદ્ધર્મના મૂર્તિરૂપ બની નિરંતર પ્રમાદ વિના સેવકોને સત્ય તત્ત્વોનો એટલે ખરા જ્ઞાનનો ઉપદેશ કર્યા કરવો. સત્ય વસ્તુના ઉપદેશથી હરી લીધેલાં છે ચિત્ત જેનાં એવા શિષ્યો પોતાના ધર્મગુરૂને ઇશ્વર રૂપજ ગણે છે, અને મહા પુરૂષોનું વાક્ય છે કે "ગુરૂ અને ગોવિંદની એકતા થવાનો ખરો આધાર ગુરૂના સદ્વર્તન ઉપર છે."

ધર્મગુરૂઓનો ત્યાગ—

ધર્મગુરૂએ ખાસ કરી કાયામોહ, કનક અને કાન્તાનો ત્યાગ કરવો જોઇએ, કોઈ પણ અન્ય ધર્મની નિંદાનો ત્યાગ કરવો જોઇએ. ટુંકામાં પરદ્રવ્ય, પરદાર અને પરદ્રોહથી ધર્મગુરૂઓએ નિરંતર છેટા રહેવું જોઇએ કહ્યું છે કેઃ—

वेधा द्वेधा भ्रमं चक्रे कान्तासु कनकेषु च।
तासु तेष्वप्यनासक्तः साक्षाद्भर्गो नराकृतिः॥

એટલે કે વિધાતાએ કાન્તા અને કનકરૂપી બે જાતના મોહપાશ રચેલા છે. તે બંનેથી જે વિરક્ત રહે છે તે માણસના આકારમાં રહેલો દેવ છે. આ વાત હરકોઇ મનુષ્યને પણ લાગુ પડે છે અને જે નિરંતર આ ઉમદા શિખામણ પ્રમાણે વર્તે છે, તે ત્રણે કાળે સુખી રહે છે, અને દેવતાની માફક જગતમાં પૂજાય છે. જો સામાન્ય મનુષ્ય પણ આ બે વસ્તુના ત્યાગથી આટલી ઉંચી કોટીએ પહોંચી શકે, છે તો ધર્મગુરૂઓ તે બંનેના ત્યાગથી સાક્ષાત્ દેવોજ બની શકે અને સાક્ષાત્ દેવોનુંજ કામ કરી શકે. બલ્કે દેવથી પણ વિશેષ કામ કરી શકે, કારણ કે

બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ ત્રણે અનુક્રમે ઉત્પત્તિ સ્થિતિ અને લય પૂરતું કામ કરી શકે છે, પણ ખરા ધર્મગુરૂઓ તો પ્રાણીઓને સદુપદેશ વડે તત્ત્વજ્ઞાન આપી ઇશ્વરના દિવ્ય સ્વરૂપમાં જોડે છે. ઇશ્વર એ પ્રાણીઓની નજરમાં રહેલા અગોચર દેવ છે પરંતુ ખરા ધર્મગુરૂઓ તો દષ્ટિગોચર દેવ છે. વળી અવ્યક્ત કરતાં વ્યક્તથી કાર્યની સાધના સહેલાઇથી થાય છે, તે ઉપર શ્રીમદ્ ભગવત્ગીતા સાક્ષી આપે છે કે **अव्यक्ता हि गतिर्दुःखम्।** પરંતુ ઇશ્વરનું અવ્યક્ત સ્વરૂપ ધર્મગુરૂના વ્યક્ત સ્વરૂપથી જાણી શકાય છે, માટે દુનિયાની હજારો ધાંધલ, હજારો ધમાલ, કરોડો વિટંબણા, અને કોટયાવધિ આપત્તિ, વચ્ચે આ લોક અને પરલોક શોધી શકાય એવો શ્રેયસ્કર માર્ગ બતાવનાર સદ્ગુરૂઓને હજાર હજાર વાર પ્રણામ હો! ધર્મગુરૂઓમાં બીજા નાના ગુણો ઘણા હોય પરંતુ પરદાર પ્રત્યે જો પોતાની ભગિની, પુત્રી અથવા માતા સમાન તેમની દષ્ટિ ન હોય તો તેમના અનેક નાના ગુણો આ એક મોટા દોષમાં ઢંકાઈ જાય છે.

अमीतगुणोऽपि पदार्थो दोषेणैकेन निंदितो भवति।
निखिलरसायनसहितो गंधोनोग्रेण लशुन इव ॥

અર્થાત્ 'લસણ' જો કે અનેક રાસાયણિક ગુણોથી ભરપુર છે, પરંતુ માત્ર એક દુર્ગંધના મોટા દોષથી તજાય છે તેવી રીતે ધર્મગુરૂમાં અનેક ગુણો હોવા છતાં જો આ એક મોટો દોષ હોય તો તેઓ નિંદાય છે—તજાય છે—હલકા થાય છે, અને દુર્ગતિમાં જાય છે.

परिहरतुपराङ्गनानुषंगं इदमतिजीवितमस्ति वल्लभं चेत्।
हरिहरि हरिणीदृशो निमित्तं दशदशकंधरमौलयो लुठंति ॥

"જો તમને તમારૂં જીવિત વહાલું હોય તો તમે પરાંગનાનો સંગ તજી દ્યો. કારણ કે દુષ્ટ બુદ્ધિથી સતી સીતાને મેળવવાનો પ્રયાસ કરતાં દશકંધરના (રાવણનાં) દશ માથાં અરેરે અહીં તહીં રખડયાં."

કુમારપાળ અને સિદ્ધરાજનું દષ્ટાંત.

માટે પોતાનું કલ્યાણ ઇચ્છિતા ધર્માચાર્યોએ તેમ જ સર્વ અન્ય પુરૂષોએ પરસ્ત્રી પ્રત્યે પવિત્ર, સહોદર ભાવ નિરંતર રાખવો જોઇએ.

તે વિષે એક આખ્યાયિકા જાણવા જેવી છે: એક વખતે કુમારપાળ નામના રાજાએ પોતાના વૃદ્ધ મંત્રિઓને પૂછયું કે "મારા અને સિદ્ધરાજના ગુણદોષનો મુકાબલો કરો." વૃદ્ધ મંત્રિઓએ કહ્યું કે, "મહારાજ! અમે આપને જણાવીએ તે પૂર્વે અમને આપે અભયવચન આપવું જોઇએ." કુમારપાળે અભયવચન આપ્યું, એટલે વૃદ્ધ મંત્રિઓએ કહ્યું કે, "મહારાજ! સિદ્ધરાજમાં અઠ્ઠાણું ગુણ અને માત્ર બેજ દોષ હતા અને આપમાં માત્ર બેજ ગુણ અને અઠ્ઠાણું દોષ છે." આ જવાબ સાંભળી કુમારપાળે એકદમ પોતાની કટારી ખેંચી. મંત્રિઓ ગભરાયા, પરંતુ તેમને તેણે કહ્યું કે, તમારે ડરવાનું નથી હું પોતેજ મરવા ઇચ્છું છું. કારણ કે હું મારી રહેણી કરણી સિદ્ધરાજ કરતાં ઘણે દરજ્જે સારી રાખવા યત્ન કરૂં છું, છતાં તમો કહો છો કે સિદ્ધરાજમાં અઠ્ઠાણું ગુણ અને માત્ર બેજ દોષ હતા, અને મારામાં અઠ્ઠાણું દોષ અને માત્ર બેજ ગુણ છે. આ સાંભળી મંત્રિઓએ કહ્યું, "રાજાધિરાજ! અમારૂં કહેવું ખરૂં છે, પણ આપ તેનું રહસ્ય સમજ્યા નથી. સિદ્ધરાજમાં અઠ્ઠાણું ગુણ અને બે દોષ હતા પણ તે બે દોષ એવા મોટા હતા કે તેથી તેના એ અઠ્ઠાણુંયે ગુણ ઢંકાઈ જતા, કારણ કે સિદ્ધરાજ પરસ્ત્રીલંપટ તથા રણમાં પાછો હઠનાર હતો, અને આ બે દોષ પૈકી પહેલો દરેક માણસ માટે અને બીજો ખાસ ક્ષત્રિય માટે બહુ નિંદ્ય છે. પણ પરસ્ત્રી સાથે સહોદર ભાવ તથા રણમાં શૌર્ય, એ બે આપના ઉત્તમ ગુણોથી આપના બીજા નાના અઠ્ઠાણું દોષ ઢંકાઇ રહે છે.' અર્થાત્ તમે સિદ્ધરાજ કરતાં શ્રેષ્ઠ છો. તાત્પર્ય એ છે કે માણસમાં અનેક ગુણ હોય તથાપિ વ્યભિચાર જેવો એક ભયંકર દોષ જેનામાં હોય તો તે સર્વથા નિંદાય છે. આ વાત દરેક મનુષ્યે અને ખાસ કરીને ધર્મગુરૂઓએ સર્વદા પ્રત્યેક ક્ષણે ધ્યાનમાં રાખવી જોઇએ.

ત્યાં સુધી અમી દૃષ્ટિથી નિરખશે લોકો બધાં સ્નેહથી,
ત્યાં સુધી ચિતમાં અખંડ રમશે આનંદ, ઉલ્લાસથી;
કીર્તિવંત સુશીલ, ધીર નર તે લેખાય છે ત્યાં લગી,
જ્યાં સુધી પરદારસંગરસમાં લેવાય ના તે જરી. ૧

આ નીતિનું ધર્મગુરૂઓ સર્વદા પાલન કરતાં રહેશે તો તેઓ પોતે તરી પોતાના સેવકોને પણ અવશ્ય તારી શકશે.

એક સેવક.

ખેમરાજકૃત મંડપાચલ (માંડવગઢ) ચૈત્યપરિપાટી.

માલવામાં માંડવગઢ એ સુપ્રસિદ્ધ છે. ત્યાં મંડનમંત્રી થઈ ગયા ને તેણે અનેક સંસ્કૃત ગ્રંથો રચ્યા. જૈન શ્રીમંતો ત્યાં અઢળક સંપત્તિ વાળા, અને સારી સંખ્યામાં વસતા હતા. 'માંડવગઢનો રાજીઓ નામે દેવ સુપાસ' એ ઋષભદાસના સ્તવનમાં આપણે બોલીએ છીએ. ત્યાં જે જે જૈન ચૈત્યો અને બિંબો હતાં તેની પરિપાટી કરનારૂં સ્તવન સોમધ્વજગણિના શિષ્ય ખેમરાજગણિએ રચેલું, તેની એક ત્રણ પાનાની પ્રત મળેલી તેમાં આગળ પાછળ ટૂંકા સ્તવનો ને વચમાં આ સ્તવન પાનાં બે અને ત્રણ પર છે તેની નકલ મુનિ પુણ્યવિજયે કરેલી, તે બંને શ્રી જિનવિજય પાસે પોતે કરેલા સંગ્રહમાં હતી તે અમારી પાસે આવી. તે મૂળ સાથે પુનઃ જોઈ સુધારી અત્ર મૂકી છે. તેમાં બાવીસ દેહરાનો–મૂલનાયક ચોવીસ જિનની પ્રતિમાના અને તેમાં સર્વ મળી કુલ ૫૬૨ જિનબિંબોનો ઉલ્લેખ છે. તે ઉપરાંત જાવડે કરાવેલ રૂપાનાં, રત્નમય અને સુવર્ણનાં બિંબો ભંડારમાં મૂકેલાં હતાં તેનો પણ ઉલ્લેખ છે. આ જાવડ તે કોણ તેનો પત્તો હજી લાગ્યો નથી, પણ તે ઐતિહાસિક વ્યક્તિ થયેલ જણાય છે. ૨૨ દેહરામાં (૧) લું મોટામાં મોટા દેરાસરનું વર્ણન છે. તેમાં મૂલનાયક પાર્શ્વનાથ છે. તે ઉપરાંત ઋષભ, શાંતિ, અષ્ટાપદ અવતાર, સમવસરણ, બીજી બાજુ પાર્શ્વ, સુપાર્શ્વ, અજિતનાથ, નંદીશ્વર અવતાર છે. રળિયામણો રંગમંડપ છે કે જેમાં ઘંટ વાગ્યાં કરે છે વળી તેમાં રૈવયગિરિ (ગિરનાર), અને પુંડરિક ગિરિના અવતાર, વીરપ્રભુના કલ્યાણક, અષ્ટાપદ, પાર્શ્વ કુમારના દશ ભવ, નેમિનાથ ભગવાનની જાન વગેરેનાં ચિત્રો ભીંત ઉપર ચીતરેલાં છે. એ ઇંદ્રવિમાન સમા જિનભુવનમાં પાર્શ્વનાથને નમવાનું છે. ૧૫૪ જિનબિંબ બીજાં છે. (૨) માં સુપાર્શ્વનાથની શ્યામ મૂર્તિ છે. ને ૯૫ જિનબિંબ છે. (૩) માં શાંતિનાથ (૪) માં સંભવનાથ (૫) માં આદિનાથ, (૬) માં સુપાર્શ્વનાથની મૂર્તિ છે. આ રીતે મૂલબિંબ ખાનપુરામાં છે. (૭) માં સીમંધર સ્વામી (૮) માં શાંતિનાથ (૯) માં ઋષભનાથ (૧૦) માં પણ ઋષભનાથ અને બીજાં ઘણાં બિંબો (૧૧) માં નેમિનાથ (૧૨) માં ચિંતામણિ પાર્શ્વનાથ (૧૩) માં સુમતિનાથ અને ૨૪ જિન સહિત અષ્ટાપદ (૧૪) માં જીરાવલી પાર્શ્વનાથ (૧૫) માં શાંતિનાથ (૧૬) માં પાર્શ્વનાથની શ્યામ મૂર્ત્તિ (૧૭) માં શાંતિનાથ, (૧૮) માં અજિતનાથ (૧૯) માં શાંતિનાથ, (૨૦) માં ઋષભનાથ અને મહાવીરની મૂર્ત્તિ છે. ફત્તેપુરી–ફત્તેપુરામાં (૨૧) માં શાંતિનાથની મૂર્ત્તિ છે અને (૨૨) માં હુસંગાબાદમાં નેમિનાથની પ્રતિમા છે. આમ ૨૩ દહેરામાં ૨૪ મૂલ બિંબ છે. સર્વ બિંબોની સંખ્યા ૫૬૨ છે.

કાવ્ય ફાગબંધમાં રચ્યું છે. દૂહા સિવાય બીજા છંદો રેખતાની પેરે ગાઈ શકાશે. [તંત્રી.]

ફાગ–ઢાલ.

પાસજિણેસર પય નમિય, કામિય ફલ દાતારો;
ફાગ બંધિ હઉં સથુણિસુ, જિણવર બિંબ અપારો. ૧
અહે માલવદેસ મડારિસાર મંડવગઢ સોહઇ,
જિહિં જિણહર ઉત્તુંગવેગ ભવીઅણુ મન મોહઈ;
નિર્મલ સીતલ વહઇ નીર નીઝરણુ અપારો,
ફૂલીય ફલીય અઢારભાર વનસપતી સારો. ૨
મૂલ ભવણિ શ્રી પાસનાહ અભિનવડ઼ે વસંતો,
ચારહ માસ સુહામણઉ સંજમ સિરિકંતો;
સુંદરિ કરિ સિંગાર ફાર જિણભવણિ હિ આવઈં,
કોઇલ જિમ અતિ મધુર કંઠિ જિનવરગુણ ગાવઈ. ૩

ભાસ.

રિસહેસર સિરિસંતિજિણા, અષ્ટાપદ અવતારો,
રવિજિમ તેજહિં ઝિગમિગઇ, સમવસરણુચઉબારો. ૪

અહે ઉલિહિં **પાસસુપાસ અજિયજિણ** મંડિય દીસઈ,
નંદીસરી બાવન્ન દેવત્રિથું(૯૯) ભવણિ સલીસજઈ;
રંગમંડપિ રલીયામણઉ જયઘંટ નિનાદો,
જાણે કિરિ જિણભવણ કરઇ સરગહ સિઉં વાદો. ૫
રેવયગિરિ સિરિ **પુંડરિક** ગિરિવર અન(વ)તારો,
કલ્યાણિક જિણ **વીર**તણા અષ્ટાપદ સારો;
દસ ભવ **પાસ**કુમાર **નેમિ**જિણ જાન જોઇજઇ,
ભીતિ લિખી ચિત્રામ દેખિ જિહિં મન મોહીજઇ. ૬

ભાસ.

એરિસ ઈંદ્રવિમાણ સમા, જિણભવણિહિં જયવંતો;
પાસજિણેસર ગુણનિલઉ, નમિસ્યું હરખિ હસંતો. ૭
અહે કેસર ઘનઘનસાર સારચંદન ઘસિલેસો,
ઇકસઉ ચઉપન બિંબ સહિય પ્રભુ પૃજ કરિસો;
કુસુમ માલ સુચિ સોલ કરી જિનકંઠિ ઠવેસો,
નામિય ગાઇય વિવિહ છંદિ ભાવન ભાવેસો. ૮

ભાસ.

બીજઇ જિણહરિ હરિખ ભરિ, વંદિ સુસામિ **સુપાસો**;
સુરતરૂજિમ અતિસય ગુણહિં, જગ જન પૂરઇ આસો. ૯
અહે દીસઇ મુરતિ સામલીએ સોભાગિહિ ચંગી,
ઝબઝબ ઝબકઇ રતનજડિત જસુ અંગિહિં અંગી;
રાસ ભાસ ઉલ્લાસ ધરી નારી ગાવંતી,
જસુ ભવણિહિં પ્રભુ પૂજકાજિ સોહઈ આવંતી. ૧૦
સાલ પદ્ગીય સતીય સીત મૂરતિ જસુ થાપી,
દેસ વેદેસિહિં ઇસીય સામિકીરતિ જગિ બ્યાપી;
પંચાણવઇ જિણિંદ બિંબ પરિવાર મનોહર,
કુસમકરંડ ભરેવિ રંગિ પૂજિસુ પરમેસર. ૧૧

ભાસ.

સંતિનાહ તીજઇ ભવણિ, ચઉથઈ **સંભવ** સામિ;
આદિજિણેસર પંચમઈ, પ્રણમઉ સુભ પરિણામિ. ૧૨
અહે છઠઈ જિણહરિ શ્રીસુપાસ આસા મન કેરી,
પૂરઈ ચૂરઇ દુઃખરાસિ વાજઇ જસ-ભેરી;
ખા(વા)નપુરિ હિ જિણ મૂલબિંબ ઇણિપરિ જોહારઉં,
દ્રવ્ય ભાવ બિહુંભેટિ પૂજ કરિ દુરિય નિવારઉં. ૧૩
ધરમધુરંધર ધાર માંહિં **સીમંધર** સામી,
સત્તમ જિણહરિ ફણઘવન સેવઈ નિતુ ધામી;
ઉરિ મુગતાફલ હાર સાર બિહું કાનિહિં કુંડલ,
સિરિવર છત્ર વિસાલભાલ સોહઇ ભામંડલ. ૧૪

ભાસ

અઠમ જિણહરિ **સંતિજિણ**, નવમઈ **રિસહ જિણંદો**;
ભાવિક ચકોરહ રંજવઈ, જસુ મુખ પૂનિમચંદો. ૧૫
અહે દસમઈ દેઉલિ મલિય માણ **મરૂદેવાનંદણ**,
બહુય બિંબસંઉ નમિસુ દેવજણમણઆણંદણ;
ઇગ્યારમઈ રમઈ અપારમતિ **નેમિકુમારો**,
યાદવકુલસિંગારહાર રાજલ-ભરતારો. ૧૬
બારમ જિણહરિ હરિખ પૂરિ **ચિંતામણિ પાસો**,
ગાઇસુ ગરૂયઈ રંગિ અંગિ આણી ઉલ્લાસો;
સુમતિ તણઉ દાતાર સુમતિ તેરમઇ જુહારઉં,
અષ્ટાપદિ ચઉવીસ દેવ સેવા નિતુ સારઉ. ૧૭

ભાસ.

ચઉદસમઈ જિણવર જયઉ, **જિરાવલિ** પ્રભુ **પાસો**,
પનરસ જિણહરિ **સંતિજિણ**, સેવઉ મહિમનિવાસો. ૧૮
અહે સોલમજિણહરિ **પાસનાહ** સલહીયઈ **અપારો**,
સામલવન્ન પસન્ન જયઉ **અસસેણમલ્હારો**;
સંતિજિણેસર સતરમઇ એ નિય મણિ **સમરેવઉ**,
પૂજીય **અજિય** અઢારમઇએ જીવિય ફલ લેવઉ. ૧૯
એગુણવીસમ દેવભવણિ **સંતીસર** વંદઉં,
રિસહ દિલાવરિ વીસમઇ એ અરચીય **વીર** નંદઉં;
સુપરિ ફતેપુરિ **સંતિનાહિ** ઇકવીસમ જિણહરિ,
નમિય હુસંગાબાદિ **નેમિ** ગાઇસું મધુરઈ સરિ. ૨૦
જગિ જયવંત જુહારીયઈ, મૂલબિંબ ચઉવીસ;
ભાવ ભગતિ પૂજી કરી, પૂરિસુ મનહ જગીસ. ૨૧
અહે સયલબિંબ સયપંચ અનઇ બાસઠિ નમીજઇ,
ભંડારિહિ જે અછઈ દેવસેવા નિતુ કીજઈ;
રૂપ્પરયણ સોવન્ન બિંબશ્રી જાવડકારીય,
નમિસુ અનેરી સયલ તિત્થ નિયમણિ સંભારીય. ૨૨
ઇણિપરિ ચૈત્યપ્રવાડિ રચી **મંડવગઢિ હરિસિહિં**,
સિંચીય સુકૃતભંડાર સુગુરૂ **સોમધજગણિ** સીસિહિ,
ફાગબંધિ જે પુન્યવંત નારી નર ગાવઈ;
ખેમરાજગણિ ભણઇ તેઇ યાત્રાફલ પાવઈ. ૨૩

॥ इती श्रीमण्डपाचलचैत्यपरिपाटी सम्पूर्णा ॥

ભાંડાગારિક નેમિચંદ્ર.

આ પરમશ્રુત શ્રાવક હતા. તેમણે ષષ્ઠીશત યા ષષ્ઠીશતક પ્રકરણ લખેલું છે કે જે પ્રાકૃત ભાષામાં ૧૬૦ ગાથામાં બદ્ધ છે અને જેનું નામ તે ગાથાની સંખ્યા પરથીજ અપાયું છે. આ ગ્રંથ હજુ સુધી **આ નામથી** અને **શુદ્ધ** છપાયો નથી, એમ તેની મૂળ પ્રત જોવાથી જણાય છે. (હાલમાં પંડિત હીરાલાલ હંસરાજ તરફથી છપાયો છે.) તેની હસ્તલિખિત પ્રત મુંબઇની શ્રી મોહનલાલજી સેંટ્રલ લાઇબ્રેરીમાં તે સંબંધે મારા મિત્ર શ્રીયુત નાથુરામ પ્રેમીને જોઇતી હતી તેથી પૂછપરછ કરતાં મળી આવી. તેમાં છેલ્લી ગાથામાં **एवं भंडारियणेमिचंद्र रइया विकइट्ठि गाहओ** એટલે એ રીતે ભંડારિક નેમિચંદે રચેલી કેટલીક ગાથાઓ એ કથન મળી આવે છે, તેથી તેના સમયનો નિર્ણય થઇ શક્યો નથી. પરંતુ તેની અવચૂરિ તપાસતાં નીચે પ્રમાણે માલૂમ પડયું:—

एवं पूर्वोक्त युक्त्या भांडागारिकः स चासौ नेमिचंद्रश्च सज्जनसुतः श्री जिनेश्वरसूरिपिता च तेन रचिताः कतिचिद् गाथाः १६० ॥ मानाः विधिमार्गरता भव्याः पठंतु सूत्रतो जानंत्वर्थं परिज्ञानेन ततश्चैतत्पाठया ।

કે નેમિચંદ ભાંડાગારિક (ભંડારી)ના પિતાનું નામ સજ્જન હતું પણ તે કેવી રીતે જિનેશ્વરસૂરિના પિતા થઈ શકે તે સમજાયું નહિ એટલે મંગલાચરણ પર દૃષ્ટિ ફેંકતાં એવું જણાયું કે:-

“ **इह प्राप्तसकलमानुष्यादिसामग्री-केन पुंसा ज्ञातचारित्राधारभूतेश्री सम्यक्त्व एव प्रयतितव्यमित्याकलय्य नेमिचंद्र नामा श्रावकस्तदुपदेष्टगीतार्थं संविग्न गुरुं परीक्ष्यन् चिराय परिभ्रम्य तत्कालवर्त्ति संवीग्नगीतार्थं मुनिजनाग्रण्यं श्री जिनपतिसूरि सुगुरुं लब्धवान् । ततस्तेभ्यो ज्ञातशुद्धदेवादितत्त्वपराश्च देवादितत्त्वेषु हढयन्निदं प्रकरण चक्रे ॥** ”

જિનપતિ સૂરિ નામના સુગુરૂને પ્રાપ્ત કરી શુદ્ધ ગુરૂ, દેવ અને ધર્મના સંબંધી આ ગ્રંથ લખેલો છે. અને આ અવચૂરિ શ્રી ધવલચંદ્ર ગુરૂના કોઇ શિષ્યે લખેલી-રચેલી જણાય છે.

स्वस्मृति बीजकमेतद् षष्ठीशितप्रकरणस्य सद्वृत्तेः ।
अखिलल्लेखकवर्यं शिष्यः श्री धवलचंद्रगुरोः ॥

હવે જિનપતિસૂરિ સંબંધી ક્લાટની ખરતર ગચ્છ પટ્ટાવલિ તપાસી તો જણાયું કે:—

તે ૪૬ મી પાટે હતા. તેમનો જન્મ સંવત્ ૧૨૧૦ ચૈત્ર વદિ ૮, પિતાનું નામ શાહ યશોવર્દ્ધન, માતાનું નામ સુહવદેવી; દીક્ષા સંવત્ ૧૨૧૮ ના ફાલ્ગુન વદિ ૮ ને દિને દિલ્લીમાં લીધી. સંવત્ ૧૨૨૩ ના ભાદ્રપદ વદી ૧૪ ને દિને મુખ્ય પટ્ટધર જિનચંદ્રનો સ્વર્ગવાસ દિલ્લીમાં થવાથી તેમને સૂરિપદ મળ્યું. ત્યાર પછી કાર્તિક શુદિ ત્રયોદશીએ તેમનું પદસ્થાન જયદેવાચાર્યે કર્યું અને સંવત્ ૧૨૭૭ માં ૬૭ વર્ષની વયે પાલણપુરમાં સ્વર્ગવાસ કર્યો. આના પટ્ટધર જિનેશ્વર (૪૭ મા) થયા કે જેનો જન્મ મરોટમાં સંવત્ ૧૨૪૫ માર્ગશીર્ષ શુદિ ૧૧ ને દિને થયો હતો. પિતાનું નામ **ભાંડાગારિક નેમિચંદ** અને માતાનું નામ લક્ષ્મી હતું. મૂળ નામ અમ્બડ, દીક્ષા ખેડા નગરમાં સં. ૧૨૫૫ માં લીધી અને વીરપ્રભ નામ આપ્યું. સં. ૧૨૭૮ ના માઘ શુદિ ૬ ને દિને સર્વદેવાચાર્યે તેમનું જાલોર નગરમાં પદસ્થાપન કર્યું સંવત્ ૧૩૩૧ ના આશ્વિન વદિ ૬ ને દિને સ્વર્ગવાસ કર્યો. [આ આચાર્યના હાથથી સંવત ૧૨૯૯ માં શ્રાવક લાચનને ભણવા માટે તાડપત્ર પર લખેલી હરિભદ્રસૂરિ રચિત સમરાદિત્ય ચારિત્રની પ્રતિ હાલ પણ ખંભાતમાં મોજૂદ છે. વળી આ આચાર્યે ચંદ્રપ્રભ સ્વામિ ચરિત્ર નામના ગ્રંથ પર વિષમપદ વૃત્તિ રચી છે. આ આચાર્યના શિષ્ય અભયતિલક ગણિએ દ્વયાશ્રય કાવ્ય પર તથા દ્વયાશ્રયકોષ પર શ્લોકબદ્ધ ટીકાઓ રચેલી છે.]

આ બે પટ્ટધરનો ઇતિહાસ જોતાં તુરતજ જણાયું કે ૪૭ મા પટ્ટધર જિનેશ્વરસૂરિના પિતાનું જે નામ

ભાંડાગારિક નેમિચંદ્ર છે તેજ આ છે. ભાંડારી એ ઓસવાળ વણિકમાં તેમનો જન્મ સૂચવે છે. અને નેમિચંદ્રનાં પત્નિનું નામ લક્ષ્મી હતું. તેનો નિવાસ મરોટ ગામમાં હતો. તેની સંમતિથી પોતાના પુત્ર અંબડે દીક્ષા લઈ આખરે આચાર્ય થઇ પટ્ટધર પદ મેળવ્યું હતું. આ દીક્ષા સં. ૧૨૫૫ માં લેવાઇ, અને જિનપતિ સૂરિએ આચાર્યપદ સં. ૧૨૨૩ માં મેળવ્યું, તો આ બેની અંતરાલમાં એટલે સં. ૧૨૨૩ થી સં. ૧૨૫૫ સુધીમાં નેમિચંદ્ર અવસ્ય વિદ્યમાન હોવા જોઈએ એ નિર્વિવાદ છે. આ રીતે સંવત્ તેરમા સૈકામાં નેમિચંદ્રનો સમય સ્પષ્ટ રીતે નિર્ણીત થાય છે, કે જેમાં તપાગચ્છની ઉત્પત્તિ જગચ્ચંદ્ર સૂરિએ કરી. (સં. ૧૨૮૫.)

હવે સને ૧૮૯૮માં જયચંદ્ર સીતારામ શ્રાવણે નામના વર્ધા નિવાસી સૈતાવલ જૈને 'શ્રીમાન્ ભંડારી નેમિચંદ્ર આચાર્ય વિરચિત ઉપદેશ સિદ્ધાંત રત્નમાલા' નામનું પુસ્તક ગાથાના મરાઠી હીંદી અર્થ અને વિવેચન સહિત બહાર પાડયું છે તેની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે "અનુમાન હોતા હૈ કિ કિસી સમય રક્તામ્બર સ્વેતામ્બરાદિ મિથ્યા ભેષધારી પાખંડિયોંને જૈનસમાજકો બહકાકર અપના વ રાગદ્વેષી કુદેવો કે ભક્તવના જિનમતસે ઉલ્ટે માર્ગમેં લગા દિયા ઉનપર દયા દૃષ્ટિ કરકેં શ્રીમાન્ પંડિતવર્ય નેમિચંદ્ર ભંડારીનેં યહ ઉપદેશસિદ્ધાન્ત રત્નમાલા નામક ગ્રંથ રચકર ભોલી ભાલી જૈનસમાજકા બહુત ઉપકાર કિયાહૈ. વર્તમાન સમયમેં ભી અનેક ભેષધારી પાખંડી હમારી જૈનસમાજમેં દેખે જાતે હૈ. જો કિ અપને કો ગુરૂ મનાકર ભોલે ભાઇયોંસે પાવ પૂજા કર ધનાદિક ઠગતે ફિરતે હૈ ઔર જિનમતસે ઉલ્ટે માર્ગપર ચલા કર કુદેવોં કે ભક્ત બના અજ્ઞાનાંધકાર મેં ડબો દિયા હૈ. ઐસે ભાઇયોં કો સુદેવ કુદેવ સુગુરૂ કુગુરૂ સમઝાનેકે લિયે યહ ગ્રંથ અતિશય ઉપયોગી સમઝ હમારે મિત્રવર્ય પંડિત પન્નાલાલજી બાકલીવાલ સુજાણગઢ નિવાસીને શ્રીમાન્ પંડિતવીર્ય ભાગચંદજી કૃત વચનિકા ટીકા કે સહારેસે સરલ હિન્દી ભાષામેં અનુવાદ કર ઈસ ગ્રંથ કે છપા દેનેકી પ્રેરણા કરી..."

આ ઉપરથી કંઇક એવું સમજાય છે કે દિગંબરી પંડિત ભાગચંદ્રજી કે જેનું મરણશય્યાવાળું ચિત્ર જૈન પ્રભાતના હમણાજ પ્રસિદ્ધ થયેલા ભાદ્રપદના અંકમાં આપવામાં આવ્યું છે. તેણેજ વિક્રમ સંવત્ ૧૯૧૨માં વચનિકા કરી. નેમિચંદ્રને દિગંબરી લેખી તેના મૂળ ગ્રંથ ષષ્ટીશતકને ઉપદેશસિદ્ધાન્ત રત્નમાલાનું જૂદુંજ નામ આપી રક્તાંબર (દિગંબરી ભટ્ટારકો) શ્વેતામ્બર પર આક્ષેપ કરવાનો માર્ગ ગ્રહણ કર્યો છે અને તેથીજ પંડિત ભાગચંદ્રજી ન્યાય પ્રિય શ્રીયુત પન્નાલાલ બાકલીવાલ જેવા સજ્જનને તથા ઉક્ત જયચંદ્ર સીતારામને ભૂલથી દોરાવું પડ્યું હોય અને ઉપરની આક્ષેપાત્માક પ્રસ્તાવના લખવા પ્રગટ કરવાનો દોષ વહોરી લેવો પડયો હોય એવું કંઇ સારામાં સારો વિચાર કરીએ તો જણાય છે.

સ્વ. પંડિત ભાગચંદે નિષ્કર્ષ રૂપે જે સવૈયો બનાવ્યો છે તે આ ગ્રંથને છેવટે આપેલ છે કેઃ—

રાગાદિક દોષ જામેં પાઇયે કુદેવ સોય,
તાકો ત્યાગ વીતરાગ દેવ ઉર લાઇયે;
વસ્ત્રાદિક ગ્રંથ ધાર કુગુરૂ વિચાર તિન્હેં,
ગુરૂ નિગ્રંથકો યથાર્થરૂપ ધ્યાઇયે.
હિંસામય કર્મ સો કુધર્મ ત્યાગ,
દયામય ધર્મતાહિ નિશદિન ભાઇયે;
સમ્યક દર્શ મૂલ કારણ પ્રધાન યેહિ,
ઈનકે વિચારમેં ન કાહૂં અલસાઇયે.

આમાં કુગુરૂ શ્વેતાંબરાદિ વસ્ત્રધારી મુનિઓને જણાવ્યા છે અને તેથી તે પર આક્ષેપ કર્યો છે એ સ્પષ્ટ છે, અને વસ્ત્ર રહિતને નિર્ગ્રંથ કહી તેને સુગુરૂ તરીકે ધ્યેય ગણ્યા છે તેથી પોતાના પક્ષને ટેકો આપ્યો છે એ પણ સ્પષ્ટ છે. પરંતુ મૂલ ગ્રંથ શ્વેતાંબરી હોવા છતાં તેને દિગંબરી ગણાવી તેના પર આવાં કથનો કરવાં તેને બદલે કોઈ દિગંબરી ગ્રંથ પર ટીકા કરતાં એવાં કથનો કાઢયાં હોત તો કદાચ ક્ષંતવ્ય ગણાત. આ ઉપરાંત શ્વેતાંબર ગ્રંથની મૂળ ગાથાનો અર્થ કરતાં જ્યાં જ્યાં 'સુગુરૂ' શબ્દ આવેલો છે તેનો અર્થ પોતાનો પક્ષ સિદ્ધ કરવા નિર્ગ્રંથ ગુરૂ, બાહ્યાભ્યંતર પરિગ્રહ રહિત શુદ્ધ ગુરૂ એવા

કરેલા છે. જુઓ ગાથા ૨૩ નો અર્થ, તેમજ બીજી ગાથાઓ દાખલા તરીકેઃ—

सच्चो जिणदेवो सुगुरु गुरुभणइ णाममत्तेण।
ते सिं सरूप सुहयं पुण्णविहूणा ण पावंति ॥३३॥

હિંદી અર્થ—અર્હંત દેવ ઔર **નિર્ગ્રન્થ** ગુરૂ ઇસ પ્રકાર તો સબીનામ માત્ર કહતે હૈ પરંતુ ઉનકા **યથાર્થ** સ્વરૂપ ભાગ્યહીન જીવ હૈ વે નહિ પાતે. **ભાવાર્થ**—નામ માત્ર કર તો અર્હંત દેવ નિર્ગ્રન્થ ગુરૂ શ્વેતામ્બરાદિક બી કહતે હૈ પરન્તુ યથાર્થ સ્વરૂપ નહિ જાનતે. ઇસિ કારણ જિન વાણીકે અનુસાર અર્હન્તાદિકકા સચ્ચા સ્વરૂપ અવસ્યહી નિશ્ચય કરના ચાહિયે.

આમાં ખરો અર્થ એ છે કે વીતરાગ દેવ અને સુગુરૂ સર્વે નામ માત્ર કહે છે, પરંતુ તેનું સ્વરૂપ-સૌભાગ્ય પુણ્યવિહીન જનો પામતા નથી; છતા તેને મારી મચડીને કેવો ખોટો ભાવાર્થ બેસાડી દે છે! આમ કરવાથીજ બંને સંપ્રદાયો વચ્ચે વિશેષ ને વિશેષ વિરોધ રહે તેમાં નવાઈ શું છે?

આવીજ રીતે એક ઠેકાણે કુગુરૂનો ભાવાર્થ કરતાં શ્વેતામ્બર સામે વિરોધમાં લખ્યું છે કે જે વાંચી વિવેચનકાર માટે ખેદ થાય છે.

जह केइ सुकुल बहुणो सीलं मइलंत लिंति कुलणामं ॥
मिच्छत्त मायरंत वियहंति तह सुगुरुकेरत्तं॥७२॥

હિં૦ અર્થઃ—જૈસેં કુલવધૂ અપને શીલકો તો મલિન કરૈ—વ્યભિચાર સેવૈ ઔર કુલકા નામ લેય કહે કિ હમ કુલીન હૈ, તૈસેંહી કુગુરૂ હૈં તે મિથ્યાત્વકા આચરણ કરતે સન્તે બી કહેં હમ સુગુરૂનકે શિષ્ય હૈ. **ભાવાર્થ**—ઇસ કાલમેં **શ્વેતામ્બર રક્તામ્બર** આદિ જૈનમતમેં બી ભેષી હો ગયે હૈ; ભગવાનકી આજ્ઞાકે વિરૂદ્ધ વસ્ત્રાદિ પરિગ્રહ ધારતે હુયે બી અપને ભટ્ટારક આચાર્યાદિ પદ માનતે હૈં ઔર કહતે હૈં કિ હમ ગણધરાદિકે કુલકે હૈં ઉનકે કહા ગયા હૈ કિ અન્યથા આચરણ કરેગા વહ મિથ્યાદૃષ્ટિ હી હૈ કુલસે કુછ સાધ્ય નહિ હૈ જૈસેં બડે કુલકી બી સ્ત્રી હૈ ઔર વ્યભિચાર સેવૈગી તો વ્યભિચારિણી હી હૈ, કુલીન નહી હૈ.

(ઢુંઢીઆઓ કે જે મૂળ લેખકના સમયમાં વિદ્યમાન હતાજ નહિ તેને પણ વિવેચનકારે પોતાની ચુંગાલમાંથી છોડ્યા નથી. જુઓ વિવેચન ગાથા ૯૯.)

પોતાના દિગંબરી ગુરૂ જે માટે બડાઈ હાંકવા માટેનો અર્થ એવો ઘુસાડી દીધો છે કે જે પર હાસ્ય આવ્યા વગર રહે નહિ.

अज्जवि गुरुणो गुणीणो सुद्धा दीसन्ति तडयडा केवि ।
पहुजिणवल्लह सरिसो पुणो वि जिणवल्लहो चेव ॥१०७॥

"**હિં૦ અર્થઃ—બાહ્ય લિંગરહિત,** જિનરાજહી હૈ. પરમ ઇષ્ટ જિનકો જિનેન્દ્ર ભગવાનકી સદૃશ **નગ્ન દિગમ્બર** ઐસે પવિત્ર ગુણોંકે ધારક કોઈ કોઈ ગુરૂ અબ બી દેખનેમેં આતે હૈ.

ભાવાર્થઃ—યહાં પર કોઇ મિથ્યા ભેષધારી કહૈ કિ ઇસિ સમય ઇસ ક્ષેત્રમેં મુનિ તો દીખતેહી નહી ઐસા બચન કૈસે કહા? તો ઇનિકો ઉત્તર હૈ કિ યહ બચન ફક્ત તુમારીહી અપેક્ષા નહી હૈં પરંતુ સબકી અપેક્ષા હૈ સો કિસીન કિસીકે પ્રત્યક્ષ હોં યહી હોંગે ક્યોંકિ **દક્ષિણમેં અબારલી મુનિયોંકા સદ્‌ભાવ શાસ્ત્રમેં કહા હૈ."** (દિગમ્બર શાસ્ત્ર!)

શ્વેતાંબરીય ગ્રંથ હોવાનાં આંતરિક પ્રમાણો.

આ ૧૦૭ મી ગાથાનો અને આની પછીની ગાથા કે જે નીચે પ્રમાણે છેઃ—

वयणे वि सुगुरु जिणवल्लहस्स किसिंण उल्लसई सम्मं ।
अह कह दिणमणि तेयं उलुयणं हरइ अंधत्तं ॥१०८॥

તેને સામટો અર્થ એ છે કેઃ—"અદ્યપિ પણ કેટલાક ગુણી અને શુદ્ધ ગુરૂઓ જોવામાં આવે છે, પરંતુ જિનવલ્લભની સમાન તો જિનવલ્લભ સૂરિજ છે; પરંતુ જિનવલ્લભના વચનોથી જો કોઇને સમ્યક્ત્વ ઉલ્લસાયમાન થાય નહિ તો તેમાં તેનો શું દોષ?

જેવી રીતે સૂર્યનું તેજ ઘુવડનું અંધારૂં હરણ ન કરે તેમાં તેનો શું દોષ ?

આ પર સંસ્કૃતિ વૃત્તિ આપેલી છે કે—"**अस्मिन्नपि काले गुरवो गुणिनो ज्ञानादियुक्ताः शुद्धाः शुद्धप्ररूपकाः साक्षाद् वीक्ष्यन्ते, तद्वयवदति देवद्रव्यत्वात्क्रियाकठोराः केपि कियन्तोऽपि, परं जिनवल्लभसदृशः पुनरपि जिनवल्लभ एव। स हि जिनेश्वराचार्यदीक्षितोऽपि चैत्यकावासं सकटुविपाकं मत्वा संवेगात्सुविहित शिरोमणि श्रीमदभयदेवसूरि पार्श्वमुपसंपन्न वचनात्सुगुरु जिनवल्लभस्यापि केषांचित् सम्यक्त्वं उल्लसति । अत्र दृष्टान्तमाह । अथेति पक्षान्तरे दिनमणितेज उलूकानामन्धत्वं कथं केन प्रकारेण हरति ॥**"

આમાં આ ગ્રંથ શ્વેતાંબરી હોવાનું આંતરિક પ્રમાણ મળી આવે છે કે જિનવલ્લભસૂરિએ પ્રથમ ચૈત્યવાસી જિનેશ્વરસૂરિ કૂર્ચપુર ગચ્છના પાસે દીક્ષા લીધા હતી, પરંતુ ચૈત્યવાસ એટલે સાધુઓને જિનમંદિરમાં વાસ કરવાનો મત અયોગ્ય સમજી પરમ સંવેગી સુવિહિતશિરોમણિ શ્રીમદ્ ×અભયદેવસૂરિની પાસે ઉપસંપદા–બીજી દીક્ષા લીધી હતી (અને પાછળથી તે તેમના પટ્ટધર ૪૩ મા પાટે થયા હતા.)

આ રીતે જિનવલ્લભના અર્થ જિનરાજ, જિન જેને વલ્લભ છે એવા કરી વિવેચન કરવામાં આવ્યું છે, પરંતુ ગાથાનું સ્વરૂપ જોતાં ઉપરના અર્થ–ઐતિહાસિક શ્વેતાંબરી સૂરિ જિનવલ્લભ સિવાય બીજો અર્થ છેજ નહિ. આનો બીજો ઉલ્લેખ ગાથા ૧૩૫ માં કરેલ છે કે જે ગાથા આ લેખને અંતે આપેલ છે. આ ઉપરાંત બીજું પણ આંતરિક પ્રમાણ છે કે જે બતાવી આપે છે કે આ શ્વેતાંબરીય ગ્રંથ છે, તે આ પ્રમાણેઃ—

सिरि धम्मदासगणिणा रइयं उवएस-
मालसिद्धंतं ।
सव्वेवि समण सड्ढामण्णन्ति पढन्ति पाढयन्ति ॥९१॥

હિં–અર્થ:—શ્રી **ધર્મદાસજી** આચાર્યકર ઉપદેશકી હૈ માલા જિનમેં ઐસા યહ સિદ્ધાન્ત રચ ગયા હૈ તિસકો સમસ્ત હી મુનિ વ શ્રાવક શ્રદ્ધાનપૂર્વક માનતે હૈ, પઢતે હૈ. **ભાવાર્થ**:—યહ ઉપદેશ પહિલે **ધર્મદાસજી** આચાર્ય્ય મહારાજને રચા હૈ સો હી મૈંને કહા હૈ. કોઇ કપોલકલ્પિત નહીં હૈ. ઈસી કારણ યહ પ્રમાણભૂત હૈ ઔર સમ્યક્ત્વાદિક કો પુષ્ટ કરનેમેં કલ્યાણકારી હૈ.

આમાં **ધર્મદાસ** ગણિ કે જેને શ્વેતામ્બર આમ્નાય પ્રમાણે પ્રભુ મહાવીરના હસ્ત દીક્ષિત શિષ્ય ગણવામાં આવે છે તેમણે રચેલી ઉપદેશમાલા કે જે શ્વેતાંબરમાં સર્વત્ર પ્રસિદ્ધ અને માનનીય ગ્રંથ છે, તેનો ઉલ્લેખ ઉક્ત ગાથામાં સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો છે, છતાં તેને ઉડાવી દઇ યા તો તે સમજમાં ન આવતાં ઉપદેશ જેમાં માલા છે એવું સિદ્ધાંતનું વિશેષણ બતાવી અર્થ કરવામાં આવ્યો છે. વળી **ધર્મદાસ** ગણિ (આચાર્ય નહિ) શ્વેતામ્બર સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે, જ્યારે તેવા નામના કોઇ આચાર્ય દિગંબરમાં થયેલા જાણવામાં નથી.

આ રીતે ખરૂં શ્વેતામ્બર પ્રમાણ સમજવામાં આવ્યું નથી, અને સમજવામાં આવ્યું હોય તો તેને ઉડાવી દીધું છે. આ એમાંથી પાછલું વધારે યોગ્ય કોઇને લાગે અને તે એ રીતે કે શ્વેતામ્બરમાં ઉપદેશમાલા નામનો મુનિશ્રાવકને હિતશિક્ષા રૂપે અતિ ઉત્તમ, માન્ય અને પ્રમાણભૂત ગ્રંથ ગણાય છે કે જેના પર સં. ૯૬૨ માં વિદ્યમાન સિદ્ધર્ષિ (ઉપમિતિ ભવપ્રપંચ કથાના રચનાર) જેવા મહા વિદ્વાને ટીકા રચી છે, અને તે ઉપરાંત બીજી અનેક

× **અભયદેવસૂરિ—(ખ૦ ગચ્છના ૪૨મા પટ્ટધર) તે ૪૧ મા જિનચંદ્રના લઘુ ભાઈ હતા. પિતાનું નામ ધારાનગરીના શ્રેષ્ઠી ધન અને માતાનું નામ ધનદેવી હતું. મૂળ નામ અભયકુમાર હતું. અતિશય આત્મપીડન કરવાથી તેનો કોઢ થયો હતો. હાથ તૂટી પડયા હતા તે ચમત્કારથી સાજા કરી સર્વ રોગ નાશ પમાડયો હતો. તેમણે સ્તંભનક (ખંભાત) પાસે પાર્શ્વપ્રતિમાને જયતિહુયણ સ્તોત્રથી પ્રાર્થના કરી હતી તેમણે નવ અંગપર ટીકાઓ લખી અને ગુર્જર દેશમાં કપડવણિજ (કપડવંજ) ગામમાં મૃત્યુ પામ્યા. (ખરતર પટ્ટાવલિ) સ્વર્ગવાસ સમય સંવત્ ૧૧૩૫ (બીજાઓ ૧૧૩૯ જણાવે છે)—(તપગચ્છ પટ્ટાવલિ).**

ટીકાઓ લખાઇ છે. તેવો ગ્રંથ શ્વેતામ્બરમાં હોય તો દિગમ્બરમાં શામાટે ન હોય? માટે તે બતાવવા (યદ્વાતદ્વા) આ ગ્રંથનું મૂળ નામ (ષષ્ટીશતક) પણ ઉડાવી દઇને તેનું નામ તે નામનેજ મળતું 'ઉપદેશ સિદ્ધાન્ત રત્નમાલા' એ આપી દીધું, એટલુંજ નહિ પરંતુ આ ગ્રંથના લેખક શ્વેતાંબરી શ્રાવક નેમિચંદ્રને* આચાર્ય નેમિચંદ્ર બનાવી તેને પોતાના દિગંબરી મહાપુરૂષ ગણાવી દીધા, પરંતુ નકલી ઢોળાવ ક્યાં સુધી ટકે? અસત્યતાના કેટલા દોષો થાય છે તે આ પરથી સમજી શકાશે.

આ પુસ્તક લખવાનો હેતુ-સમયસ્થિતિ.

આ પુસ્તક લખનારના સમયમાં દેશની ઘણી અસ્તવ્યસ્ત સ્થિતિ હતી; તેનો ઇતિહાસમાં નોંધેલો ચિતાર વિચારતાં એમ જણાય છે કે જૈન મુનિઓનો ભ્રમણકાળ અનેક વિઘ્નોથી પરિપૂરિત હશે, શ્રાવકો સીદાયેલા, ભાગતા નાસતા, અને જાનમાલના રક્ષણ માટે દુઃખી અને ધર્મહીન ગાળતા હશે; અને તેથી ઘણું ટુંકમાં ઉપદેશમાલાની ઘાટી પર આ પુસ્તકનું નિર્માણ કરવું લેખકને ગ્યોગ્ય લાગ્યું હશે. દેશસ્થિતિ સંબંધે જોઇએ તો:—

"આ વખતે હિંદુસ્તાનના રાજાઓને માથે તેઓની માઠી દશાનું કાળચક્ર ફર્યા કરતું હતું, તેથી તેઓ પરસ્પર નજીવા કારણોથી ચોતરફ વેર પાથરી બેઠા હતા; પોતાના દેશના અને ધર્મના કટ્ટા શત્રુ મુસલમાન લોકો તેઓને માથે ઝુમી રહ્યા હતા; તેઓને અટકાવ કરવાને સર્વ એકત્ર થવાને બદલે ઉલટા શત્રુઓને એક બીજા સામે તેઓ મદદ કરતા; પણ આખર અમારી પણ એજ દશા થવાની છે એમ કોઇને સુઝતું નહિ."—ગુજરાતનો પ્રા૦ ઇ૦ પૃ. ૨૦૫.

આ વખતે ગુર્જર દેશમાં અણહિલપુર પાટણમાં પ્રખ્યાત ભોળો ભીમદેવ રાજ્ય કરતો હતો. તેણે આબુના પરમાર રાજાપર તેની કુંવરી ઇચ્છિનીને માટે આક્રમણ કરી તેને હરાવ્યો અને પછી અજમેરના ચોહાણ પર ચડયો, ત્યાં તે હડયો. વળી ફરી ચડયો અને પૃથ્વીરાજના પિતા સોમેશ્વરને માર્યો. આથી પૃથ્વીરાજ અને ભીમ વચ્ચે વેર બંધાયું. ગુર્જર દેશમાં બંને વચ્ચે યુદ્ધ થયું. પૃથ્વીરાજની જીત થઈ. ત્યાં તો શાહબુદ્દીન મહમદ ગોરી ગિઝનીની સત્તા હાથમાં લઈ ફોજ લઈ આવ્યો. પ્રથમ દિલ્લી. અજમેર, કનોજ વગેરે તાબે કર્યા અને છેવટ ગુજરાતનો વારો આવ્યો. ઇ. સ. ૧૧૯૧ (વિ. સં. ૧૨૪૭)માં પૃથ્વીરાજે તેને હરાવ્યો, પણ બે વર્ષ પછીની લડાઇમાં પૃથ્વીરાજ હાર્યો. શહાબુદ્દીન ગોરી પછી અજમેર ગયો અને ત્યાં પણ ક્રૂર રીતે ઘણા હિંદુઓને મારી નાંખ્યા, પછી તે દેશ લુંટતો લુંટતો ઘર તરફ ચાલ્યો. પાછો બીજે વર્ષ (ઇ. સ. ૧૧૯૪) ફરી આવી જમના કાંઠે કનોજ તથા બનારસ શહેર લઇ ત્યાંની મૂર્ત્તિઓ ભાગી નાંખી હિંદુ ધર્મ ઉપર ઘણો જુલમ કર્યો. પછી તુરતજ ગુજરાતમાં તેના સરદાર કુતબુદ્દીને અણહિલવાડ પાટણ ઉપર ફોજ લઈ ભીમનો સરદાર જીવણરાય મરતાં અને તેથી તેનું લશ્કર વિખરાતાં જીત મેળવી. ભીમ રાજ્ય મૂકી નાશી ગયો. પાછો ઈ. સ. ૧૧૯૬ માં (વિ. સં. ૧૨૫૨) નાગોરના અને બીજા હિંદુ રાજા સામે લડાઈ કરી, પહેલાં હાર્યો, પછીથી બીજી ફોજ લઇ અજમેર પાસે તે ગુજરાતની સેનાને હરાવી કુતબુદ્દીન વાપી અને નાંદોલના કિલ્લા તાબે કરી પાટણ આવ્યો. પાછો વાલીન અને ધારાબરજ, પાટણના રાજા સાથે છાવણી કરી સિરોહી પ્રાંતમાં આબુગઢ પાસે પડયા છે અને ગુજરાતમાં પેસવાના રસ્તાનું રક્ષણ કરે છે. એ વાત સાંભળી ત્યારે કુતબુદ્દીને ત્યાં જઇ તેમને હરાવી મોટી લૂંટ મેળવી ગુજરાતમાં પાછા આવી દેશને ઉજડ કર્યો. આખરે પાટણમાં થાણું બેસાડી કુતબુદ્દીન અજમેર થઈ

---

* પોતે શ્રાવક હતા તેથીજ ૧૫૯ મી ગાથામાં આત્મનિન્દાથી પોતે જણાવ્યું છે કે—

जं जीवियमत्तं पिहु धरेमि णामंपि सावयाण च।
तं पियहु महाभुजं इह विसमे दूसमे कालं ॥

આ વિષમ પંચમ કાલમાં જે હું જીવિતમાત્ર ધારણ કરૂં છું અને શ્રાવકનું નામ ધારણ કરૂં છું તે હે પ્રભો! મહા આશ્ચર્ય છે!

વળી પોતાની અટક ભંડારી આપી છે છતાં તેને આચાર્ય કેમ કહેવામાં આવ્યા એ પણ મહા આશ્ચર્ય છે!

દિલ્લી પાછો ગયો; પરંતુ આ થાણું થોડા વખતમાં ઉઠાડી મૂકયું હશે અથવા કાઢી મૂકયું હશે, કારણ તે રહ્યું હોય એમ બીજે કોઈ ઠેકાણે લખેલું જણાતું નથી.

વળી આ મામલામાં દેવાશ્રયો, મંદિરો વગેરે ભાંગી–ફેરવી તેમાં મસીદો કરવામાં આવી અને મૂર્તિઓને તોડી નાંખવામાં આવી. વગેરે વગેરે વર્ણન જોતાં તેવા સમયમાં જૈન સમાજની સ્થિતિ કેવી દુઃખદાયક, અને શિથિલ થઈ હશે તે સહેજે કલ્પનામાં આવી શકે તેમ છે.

આ વખતે જૈનોમાં ચૈત્યવાસી સાધુઓનો કેવો દોર હતો તે સંઘપટ્ટક નામના છપાયેલા ગ્રંથને મનનપૂર્વક વાંચવાથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

જિનવાણીથી વિરૂદ્ધ આચાર–મિથ્યાત્વનો તીવ્ર ઉદય હશે ક્યાં ? જ્યાં શુદ્ધ ઉપદેશ પણ વૃથા જતો હશે (ગા. ૧૭), મોહથી ગ્રસિત થઇ પુત્રાદિક સ્વજનોમાં ગ્રસ્ત, ગૃહવ્યાપારના પરિશ્રમથી ખિન્ન થઈ પેટ ભરતા અને સ્ત્રીમાં વિશ્રામસ્થાન લેતા, લોક હશે (ગા. ૧૯, ૨૦), ધનનો વ્યય સુકાર્યમાં નહિ કરતાં વિષયભોગોમાં થતો હશે. (૩૧). ગુરૂ ભટ્ટ–ભાટની માફક પૈસો રાખતા હશે–જેમ ચૈત્યવાસી પાછળથી કરતા હતા અને હાલ જતિઓ કરે છે તેમ (ગા. ૩૧) પરિગ્રહધારી અને મિથ્યાદષ્ટિઓને ગુરૂ માનવામાં આવતા (૩૪–૩૫), આવા ગુરૂ બાહ્ય વેષ દેખાડી ભોળા જીવોને નરકમાં નાંખે છે. (૪૦), ષટકાય જીવોની રક્ષા થતી નહિ (૪૩) સમયના જાણનાર જ્યાં અસમર્થ હતા અને સમયના જાણકાર નહિ એવા સમર્થ હતા. (૪૯–આમાં શ્રાવક શબ્દ અર્થકારે ઘોંચી દીધો છે), આડંબર, કીર્ત્તિ, ખાતર ઉત્સૂત્ર ઉપદેશ અને તેથી ધર્મની હાંસી, અને મિથ્યાદષ્ટિઓના વિપરીત આચરણની પ્રશંસા, (૫૫--૬૧), હે ભાઈ! જ્યાં ગૃહવ્યાપારરહિત મુનિઓમાં પણ સમ્યકત્વ નથી તો ગૃહવ્યાપારમાં તત્પર એવા ગૃહસ્થોની તો વાતજ શું કરવી ? (૬૪) જિનવચનથી વિરૂદ્ધ આચરણ થાય તો પછી તપશ્ચરણાદિ વૃથા ઘટાડી છે. (૬૫) લોકપ્રવાહ (અંધકારની લોકમૂઢતા) રૂપ ઉત્કટ પવનની પ્રચંડ લહેરોથી દઢ સમ્યકત્વ મહાબળરહિત થાય છે અને ભારી પણ લઘુતા પામે છે--એટલે લોકપ્રવાહનું પ્રબળ ઘણું છે. (૬૮) કેટલાક કુલક્રમમાં આસક્ત છે. જેવા કે પાપનવમી (દશરા) વગેરે. જે પાપનવમીને દિન (દશેરાને દિન) લાખો પશુ પાડાનો હોમ થાય છે તે પાપી નવમીને જે પોતાને શ્રાવક કહેવડાવે છે એવા પૂજે છે તે સદા વીતરાગ દેવની નિંદા કરાવે છે. (૭૫--૭૬) એટલે કુંડા ચતુર્થી,–(ચૈત્ર ચોથ), નવમી (ગોગા નવમી), બારસ (વચ્છ બારસ) શ્રાદ્ધ --પિંડદાન વગેરે વગેરે કે જેમાં મિથ્યાત્વ કષાયની ઉન્નતિ છે તેમાં સમ્યકત્વ નથી. આમ મિથ્યાદષ્ટિ હિંસામય પર્વોનું પાલન શ્રાવકોમાં થતું હતું. (૭૮) યથાર્થ જિનપૂજા નહોતી થતી–કુગુરૂ સેવન થતું હતું–લોક રીતિ દૂર કરી અન્ય દેવોનું પૂજન ત્યાગ કરી વીતરાગની પૂજા અને સુગુરૂ સેવન કરવાં યોગ્ય છે. જે જે જિન આજ્ઞા વિષે કહેલું છે તે તેને માને અને લોક પ્રવાહમાં તત્ત્વ નથી એમ જાણે તેજ તત્ત્વજ્ઞાની છે. (૯૦–૯૧–૯૨) જિનદીક્ષાનો હેતુ સંસાર પર વૈરાગ્ય અને પોતાથી અતિરિક્ત એવું શુદ્ધ આત્મા રૂપી પરમ તત્ત્વનું ધ્યાન છે. (૯૫) આગમ રહિત તપશ્ચર્યાદિ ક્રિયાનો આડંબર કરવામાં આવતો હતો. (૧૦૦) આ મારો ગુરૂ, આ બીજાનો એવું મમત્વ હતું–શ્રદ્ધાની જીવો--શ્રાવકોને આ મારો આ પરાયો ગુરૂ એવું કદી હોતું નથી. જિનવચન રૂપ રત્નોના આભૂષણથી કર મંડિત છે જેના તે સર્વ સુગુરૂ છે આમ ગચ્છમમત્વ, ગુરૂ મમત્વનો ત્યાગ કરવા સૂચવેલું છે (૧૦૫) આમાં અઠ્ઠાવીસ મૂલ ગુણ ધારક ગુરૂ તે સુગુરૂ એવું વિવેચનકારે લખેલું છે.) વળી શ્રાવકોમાં સંસારાસક્તિ બહુ હતી. મરેલાં માટે ઉંચે સ્વરે રોવું, મસ્તક છાતી કૂટવાં એ બધું હાલની પેઠે પણ તે સમયે હતું, તો તે તાજ્ય છે. (૧૧૦) મૂળ લેખક પોતાના સમય માટે કહે છે કે આ દુઃખમકાલમાં ધર્માર્થી સુગુરૂ અને શ્રાવક દુર્લભ છે અને રાગ દ્વેષ સહિત નામ માત્રના ગુરૂ અને નામ માત્રના શ્રાવક ઘણા છે (૧૧૨) શુદ્ધ ચિત્તવાળા જિનવચનના જ્ઞાતાઓ (કહે છે કે) એકજ મહાદુઃખ છે અને તે એ છે કે અનેક મૂઢ જન ધર્મનું નામ લઈ પાપ સેવન કરે. (૧૧૪) ખાઈ જોતાં સમ્યકત્વ વગરનો આ

ધર્મ ઘટાટોપ છે. (૧૧૬) હમણાં પણ જે અતિપાપિષ્ટને શુદ્ધ ગુરૂ તરીકે જિનવર સમાન માને છે તે પવિત્ર ધર્મથી વિમુખ છે. (૧૨૦) જેમાં શ્રેષ્ઠ દુઃખી છે અને દુષ્ટોનો અભ્યુદય છે એવા આ પંચમકાલના દંડ સહિત લોકમાં જે ધન્યપુરૂષોનું સમ્યકત્વ ચલાયમાન થતું નથી તેને હું પ્રણામ કરૂં છું. (૧૩૩) હાલ જે ગુરૂ જોવામાં આવે છે તેની પૂજા શાસ્ત્રની પરીક્ષા કરીને કરવામાં આવતી નથી. પુનઃ એક શ્રદ્ધા કરવી કઠિન છે તો યાવજ્જીવ ચરિત્ર ધારણ કરવું એનું તો પૂછવુંજ શું? (૧૩૯) માટે એક યુગપ્રધાન-આચાર્ય-ગુરૂને મધ્યસ્થ, મનથી શાસ્ત્રદૃષ્ટિથી લોકદૃષ્ટિ-પ્રવાહ છોડી સમ્યક્ પરીક્ષા કરીને નિર્ણીત કરવો યોગ્ય છે. (૧૪૦-આમાં શાસ્ત્રને દિગંબરી રત્નકરંડ શ્રાવકાચારનું વિવેચનકારે નામ આપી ઓળખાવેલ છે) આ દુઃખમકાલમાં સંપ્રતિ નામપર્યાયમાત્રથી જનોમાં મોહ જનિત થયો છે તેથી નિપુણ પુરૂષો શુદ્ધ ધર્મથી ચલાયમાન થાય છે તો બહુ જનપ્રવાહનું શું? (૧૪૧) જગતમાં સુવર્ણ રત્નાદિ વસ્તુઓનો વિસ્તાર તો સુલભ છે, પરંતુ સુમાર્ગમાં પૂતનો મેળાપ નિત્યમેવ અતિ દુર્લભ છે. (૧૪૩) પ્રભુ પૂજા અને ગુરૂ સ્તવનમાં પણ માન સમજવામાં આવે તે પાપનો ઉદય છે (૧૪૪) અન્ય લોકાચાર સેવવામાં આવે છતાં પોતે જૈન કહેવડાવે એ શું? (૧૪૫-૮) સાધર્મી બંધુ પર જોઇએ તેવો બિલકુલ પ્રેમ નહિ પણ ઉલટું વૈર-જેને સાધર્મી ભાઇઓથી અહિત છે અને બંધુ, સુતાદિથી અનુરાગ છે તેને સિદ્ધાંતના ન્યાયે સમ્યકત્વ નથી. (૧૪૭) જે જિનેંદ્રને માનનાર તે ઇતર દેવને પૂજે છે તે મિથ્યાત્વ છે. (૧૪૮) હવે જિનદ્રવ્ય સંબંધી ઘણું ઉપયુક્ત કથન લેખક કરે છે તે ગાથા સહિત અહીં આપવું યોગ્ય છેઃ—

एगो सुगुरु एगो वि सावगो चेइयाइ विविहाणि
तत्थय जं जिणदव्वं परप्परंतं ण विच्चंति
॥१९०॥

तेण गुरुणो सद्दाण पूडहोइ ते हि जिणणा ही।
मूढाणं मोह ठिई जाणं जइ समयणिउणेहिं॥१९१॥

અર્થ—સદ્‌ગુરૂ તે એક છે, શ્રાવક પણ એક છે, અને વિવિધ ચૈત્યો પણ એક છે, તો તે ઠેકાણે જે જિનદ્રવ્ય પરસ્પર તે કાવ્યોમાં ખર્ચતા નથી તે ગુરૂ નથી તેમ શ્રાવક નથી અને તેણે જિનેંદ્રને પૂજ્યા પણ નથી. આવી તે મૂઢની મિથ્યા પરિણતિ--મોહ સ્થિતિ સમયનિપુણ-શાસ્ત્રમાં કુશલ પુરૂષો પાસેથી જાણી શકાય છે.

सो ण गुरू जुगपवरो जस्स वयणम्मि वद
प भेउ।
च्चियभवण सड्ढगाणं साहारण दव्व माईणं॥१९२॥

—જેના વચનમાં ચૈત્યભુવન-જિનમંદિર, શ્રાવકો, અને સાધારણ દ્રવ્યઆદિમાં ભેદ વર્ત્તે છે તે યુગપ્રધાન ગુરૂ નથી.

[આ ઉપરથી એમ શું સમજાતું નથી કે જિન દ્રવ્ય મંદિર, શ્રાવક, અને સાધુ માટે વાપરી શકાય તો તે શાસ્ત્રાધાર છે?—આ સંબંધી વિદ્વાન્ મુનિમહારાજાઓએ ખુલાસો કરવો યોગ્ય છે તેમને તેમ કરવાની વિનતિ છે.]

છેવટે શ્રી મન્નેમિચંદ્રના શબ્દો અહીં ઉતારી આ લેખ પૂરો કરૂં છું:—

दिट्ठावि केवि गुरुणो हियए ण रमंति
मुणियतत्ताणं।
केवि पुण्णा अदिट्ठाविच रमंति जिणवल्लहो जेम
॥१२९॥

तह विहुणिय जडयाए कम्म गुरुतस्सणेव
वीसरिमो.
धण्णाण कयत्थाणं सुद्ध गुरु मिलइ पुण्णेण
॥ १३५ ॥

अहवं पुण्णो ऊउतो ताजइपत्तो चरण पत्तोय।
तहविहुसो महसरणं संपइ जो जुग पहाण
गुरु ॥ १३६ ॥

—કેટલાએક ગુરૂ દૃષ્ટિમાં આવ્યા છતાં તત્ત્વજ્ઞાનીના મનમાં રમતા નથી, અને કેટલાક વળી એવા ગુરૂ છે કે જે દૃષ્ટિમાં નથી આવ્યા છતાં જિનવલ્લભ સૂરિની પેઠે હૃદયમાં રમી જાય છે.

આ રીતે-તથાવિધ પરીક્ષા કર્યા છતાં કર્મના તીવ્રોદયથી અજ્ઞાનતાના કારણે-ગુરૂનો વિશ્વાસ પડતો નથી પરંતુ ધન્યવાન્ કૃતાર્થ પુરૂષોને શુદ્ધ ગુરૂ પુ-ણ્યોદયથી મળી જ રહે છે.

જે ગુરૂ પુણ્યસ્વરૂપ, ત્યાગથી યુક્ત અને ચારિત્રથી સંયુક્ત હોય તેવા યુગ પ્રધાન ગુરૂ મારૂં શરણુ સંપાદન થાઓ એટલે તેજ ગુરૂ મારૂં શરણુ છે.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ તા. ૨૭ સપ્ટેમ્બર ૧૫.

મોહનલાલ દલીચંદ દેશાઈ.
બી. એ. એલ. એલ. બી.

ઈડરગઢ ચૈત્યપરિપાટી.

ઇડર (સં. ઇલાદુર્ગ)નો ગઢ પ્રખ્યાત છે. 'ઇડરીઓ ગઢ જીત્યા' એ લોકગીત-સ્ત્રીગીત ગૂજરાતમાં જાણીતું છે. તેનો ઇતિહાસ ટૂંકમાં અમોએ લખેલો તે જૈનયુગમાં અંકમાં પણ પ્રકાશિત થઈ ગયો છે. આ ઈડરની એક ચૈત્યપરિપાટી રચેલી તે પણ પ્રકટ થઇ ગઈ છે આ બીજી ચૈત્યપરિપાટી તપાગચ્છના પ્રસિદ્ધ આચાર્ય સોમસુંદરસૂરિના શિષ્ય પરંપરાના સુધાનંદન સૂરિના શિષ્યે સં. ૧૫૩૩ માં લક્ષ્મીસાગરસૂરિએ ત્યાં પ્રતિષ્ઠા કરી તે પછી તુરતમાંજ રચેલી જણાય છે.

ઈડરમાં **ભાણરાય** રાજ્ય કરતો હતો. તેના ગઢની તલેટીમાં પાર્શ્વનાથનો પ્રાસાદ હતો. પછી 'ખમણ વસહી' આવતી, ને આગળ આદિજિન મંદિર હતું. તે મંદિર **કુમારપાલ** નરેશ્વરે બંધાવી તેમાં આદિનાથની પ્રતિમા સ્થાપિત કરી હતી. તેથી તે 'રાયવિહાર' (રાજાએ કરાવેલ વિહાર એટલે મંદિર) કહેવાતું. ઓસ વંશના સોની ઘનરાજને સીતૂ નામની ભાર્યાથી ઉત્તમ ત્રણ પુત્રો નામે સોની **ગોવિંદ**, સોની **પતરાજ**, અને સોની ઇશ્વર થયા. તે ત્રણેએ સંઘસહિત તીર્થયાત્રા કરી. વડનગરમાં (ઋષ)ભની પ્રતિષ્ઠા કરાવી. આ ત્રણ પૈકી સોની ઇશ્વરને જિનપ્રાસાદ કરાવવાની હોંશ થતાં ઇડરગઢમાં 'કુમાર વિહાર'ની પાસે સં. ૧૫૩૦ માં દેવમંદિર બંધાવવાનો આરંભ કર્યો. કોરણીવાળા ને તોરણવાળા સ્થંભ યુક્ત મંડપ તેમાં કરાવ્યો અને આખું ધવલમંદિર ઘણું ઉંચું કરાવ્યું. તેમાં મમ્માણી ખાણમાંથી (આરાસણ પાસેની) એક ફલક લાવી તેમાંથી સુંદર **અજિતનાથની** પ્રતિમા ધોળા દૂધ જેવી ધવલ કરાવી સં. ૧૫૩૩ માં તેની પ્રતિષ્ઠાનો મહોત્સવ તેણે કર્યો. અમદાવાદથી ગાયકોને બોલાવ્યા. **લક્ષ્મીસાગર** સૂરિએ તે **અજિતનાથના** બિંબની પ્રતિષ્ઠા કરી. આ રીતે સોની ઇશ્વરે પોતાના કુલમાં આગળ **નરસિંહ** શાહે આવાં કાર્યો કર્યા છે તેને અજવાળ્યાં.

છેવટે (તપાગચ્છના) **લક્ષ્મીસાગર** સૂરિ, **સોમ**દેવ સૂરિ, સુધાનંદન સૂરિ, **સોમજય** સૂરિ, **સુમતિ**સુંદર સૂરિનાં નામ ગણાવી કર્તાએ આ સ્તવન પૂરૂં કર્યું છે. કર્તા આ સૂરિઓ પૈકી સુધાનંદન સૂરિના શિષ્ય લાગે છે.

આ સ્તવનની હસ્તલિખિત પ્રત નવીન છે, તે અને તે પરથી મુનિ પુણ્યવિજયે કરેલી નકલ શ્રી જિનવિજય પાસેથી મળેલી તે બંને સરખાવી નકલમાં યથાયોગ્ય સંશોધન કરી અત્ર તે પ્રકટ કરીએ છીએ.

તંત્રીઃ—

સરસતિ સરસ ને વયણ દિઉ,મઝ સામિણિ સામિણિ;
ચિંતિઅપૂરણકપ્પ વેલિ, વરગય વરગામિણિ. ૧
ગાઇસ તાઇસ આઇસ લહીઅતાસ, ઈડરગઢ કેરી;
ચૈત્ર પ્રવાડિ કરઉ રસાલ, આણંદિ ન ચોરી. ૨
પોલિ પગાર વિસાલસાલ સોહઈ ચઉ ફેરી,
કૂઆવાવિ આરામઠામની ઝરણ નિ ફેરી;
વાજઇ ગાજઇ બાર માસ જિહાં મેઘાડંબર,
મોર કીંગારવ કરઇ નાવ અવલોઈ અંબર. ૩
તસ તલહટી અતિવિસાલ, જાણે કિરિ કાસી;
ધરમ ધનવંત અચ્છ, જિહાં લોક નિવાસી. ૪

ગઢ મઢ મંદિર વરતવાલ જલ બારઇ માસી:
પોલિ વિપુલ અતિહાટ, ઓલિ ચહુટાં ચઉરાસી. ૫
રાજ કરઈ તિહાં ભાણુરાય, ભૂપતિ સપરાણઉ;
આણુ ન ખંડઇ તસતણી એ, કોઇ રાઇ ન રાણઉ. ૬
વ્યવહારી બહુલા વસઈ એ, વ્યાપારી મહંતા;
વરણુ અઢારઇ વિવિધ જાતિ, ધરમઇ ગહગહતાં. ૭
તલહટ્ટાઇ શ્રી પાસનાહ, પ્રાસાદ નિહાલઉ;
પૂજીઅ પણમીઅ પાસમાસિ, પાતગ સવિ ટાલઉ. ૮
'ખમણુ વસહી' પેખિ હરખિ ગિરિસિરિ વરિવડીઆ;
આગલિ આદિ જિણંદ, ભવણુ દીસઈ પાવડીઆ. ૯
ગઢ ઊપરિ ગિરિસમીસુઇ. પ્રાસાદ કરાવી:
કુમર નરેસરિ આદિનાહ, પડિમા સંઠાવી. ૧૦
જાણુ અજાણુ સહૂ કોઈ,
'રાય વિહાર' વિહાર કંતિ ઇણિ કારણિ કહીઈ. ૧૧
ચંપક વેલિ ગુલાબ ફૂલ, જાસૂલ અનોપમ;
જાઈ જૂહી મચકંદ કંદ, મંદાર મનોરમ. ૧૨
પાડલ પરિમલ મહમહંત, બહકંતઉ વાલઉ;
વાલઉ એવડી કેવડી એ કરિ લેઈ નિહાલઉ. ૧૩
વઉલસિરી બિસરીય માલ, મરૂઉ અનઈ દમણઉ;
સેવંત્રી સોવન્ન જાઈ જેહ પરિમલ બિમણઉ. ૧૪
ફૂલ અમૂલિક ઇસિઆ વેલિ, આદીસર પૂજઈ;
મનહ મનોરથ તેહ તણા સવિ સંપદ પૂજઇ. ૧૫

વસ્તુ.

કુમર નરવરઇ કુમર નરવરઈ, ગુરૂઅ વિહાર,
ગિરિ ઊપરિ કારવીઆ, આદિનાહ જિણુબિંબ ઠાવિઅ;
સંઘ આવઇ દહદિશિ તણા, ભવિઅ લોક બહુ ભાવિ ભાવિઅ,
નિરમલ ધોવિ કરી અનઇ, પૂજઈ આદિ જિણંદ;
મનહ મનોરથ તાહં, ફલ પામઇ પરમાનંદ. ૧૬

કુમરનરિંદ વિહાર પૂઠિ પાસાય પઇટ્ઠિઅ,
અજિઅ જિણેસર વન્નવેસુ અવ્વબ્ભુઅ તિટ્ઠિઅ;
સિરિ જિયશત્રુ નરેસવંસ ગયણંગણ ભાસણુ,
ભાણુ સમાણુ સમાણુ લોકમન્નિઅ બહુ સાસણુ;
સોવન કંતિઈ ઝલકંતઉ, ગયવર લંછન જાસ,
સો સામીઅ કામીઅ કરણુ, નિરમાલડીએ નિરમલ નાણુ પયાસ. ૧૭

ઓસ વંસ વરકમલ વિમલ કલહંસ સમાણુ,
માણુ ન આણુઈ નિયચિત્ત જિણુ મન્નઇ આણુ;
નિયકુલકૈરવ કમલખંડ ઉલ્લાસણુ રાજ,
ધમ્મકજ્જિ બહુ બુદ્ધિ શુદ્ધિ સોની ધનરાજ;
સીતૂ ઘરણી તસતણી સીલઇ સીતાચાર,
વિનયવિવેક વિચાર પણઇ નિર લચ્છિ તણઉ અવતાર. ૧૮

તાસ ઉયરિ અવતરિઆ તિન્નિ કુંઅર ગુણવંતા,
ધરમવંત ધનવંતપણઈ દિનિ દિનિ ઉદયવંતા;
ગોવિંદ ગોઇંદ પરિકરઇએ સોની પતરાજ,
ઇસર અલવિ ઉદારચિત્ત મનઈ નરરાજ;
કાજ કરઇ પુણ્યહ તણાં મહુર્તિ મેરૂ સમાણુ,
દાણુ માણુ દિઇ અતિ ઘણાએ નિર૦
જાણુઈ જાણુ અજાણુ. ૧૯

વસ્તુ.

તિણિ બંધવ તિણિ બંધવ કરઈ શુભ કાજ,
સંઘ સહિત તીરથ તણી કરઇ જાત્ર સનાત્ર અનુપમ;
કલિયુગ કૃતયુગ પરિ કરઈ, વસ્તુપાલ તેજપાલ સમ,
વડઇનગરિ જિણુ (ઋષ)ભની, કરાવઇ પઇઠિ;
વિત્ત વેચઇ આદરઘણુ, ઉત્સવ કરઈ ગરિઠ. ૨૦
જિણુ પ્રાસાદ કરાવિવા તુ ભ૦, સોની ઇસર મનિરંગ;
અભંગ ઠામ અવનિ અછઇ, તુ ભ૦ ઇડરગઢ ગિરિશૃંગ. ૨૧

તિહાં પ્રાસાદ કરાવિઉ તુ ભ૦, કુમરવિહારહ પાસિ;
અનુપમરૂપ નિહાલતાં તુ ભ૦ થાઇ મનિ ઉલ્લાસ. ૨૨
સંવત પનર ત્રીસોત્તરઇ તુ ભ૦ કીધઉ જસ આરંભ;
મંડપિ જનમન મોહિઉં તુ ભ૦ તોરણિ તોરણિ થંભ. ૨૩
ધવલપણઇ અતિ ઝલહલઇ તુ ભ૦, ઊંચપણઇ કૈલાસ;
જસ રમણિ મચિત્ત કીઇ તુ ભ૦, સુરસુંદરિ રમઇ રાસ. ૨૪

અમ્માણી ખાણી તણી તુ ભ૦, આણી એક ફલહી સાર;
અજિતનાથ પ્રતિમા ઘડી તુ ભ૦ ધવલ યપ્પઇ દુદ્ધ ધાર. ૨૫
પનર તેત્રીસઇ સંવત્સરિ તુ ભ૦ ઉત્સવ કરઇ અપાર;
ચિહુ દિશિ આવઈ સંઘ ઘણા તુ ભ૦ ગણતાં ન લહઈ પાર. ૨૬
ઇકિ વાહિણિ વાહિણિ ચડિઆ તુ ભ૦ ઇકિ ઘોડે અસવાર

અહમ્મદાવાદ થિઆ સંચરઈ તુ ભ૦ ગાયણ જયજય કાર. ૨૭
લક્ષ્મીસાગર સૂરિ સુહગ રે તુ ભ૦ કીથઈ બિંબ પઇઠ;
ધન લોચન તીણઇ તણા તુ ભ૦ જેહે ઉત્સવ દીઠ. ૨૮
સંગ ભગતિ પહિરામણી તુ ભ૦ મડિસાવટૂઅ સુરંગ;
મગ્ગણ કણય કબાહિ દીધ તુ ભ૦ઈડર ગઢિ બહુ જંગ.૨૯
ઇસિઆ પુણ્ય ઇણિ કુલિ આગઈ તુ ભ૦ કીધા નરસિંગ સાહિ;
તે સઘલાં અજૂઆલિઆં તુ ભ૦ઈસરિ અધિક ઉત્સાહિ.૩૦
અજિતનાથ થિર થાપિઆ તુ ભ૦કારિઅ ગુરુઅ વિહારી;
ઇડરગઢ ઊપરિં તુ ભ૦ મહિ મહિલા ઉરિ હાર. ૩૧
આદિ જિણેસર વીનવું એ મા૦ વીનતડિ અવધારિ;
કરમિ વિગોયઉ અતિઘણઉંએ મા૦સામી તું સાધારિ. ૩૨
ચિહૂં કષાએ ઘણઉં રોલવિઉ એ મા૦લાખ ચઉરાસી યોનિ;
અરહટઘટિકા પરિ ભમી એ મા૦પામી માણુસ યોનિ. ૩૩
તું ઠાકુર તિહાં પામીઇ, મા૦ કલ્પતરુ(રૂ) અવતાર;
મનવંછિત ફલ પૂરવઉ એ મા૦ સેવકની કરઉ સાર.૩૪
લક્ષ્મીસાગરસૂરિ સહગરૂએ મા૦ સોમદેવ સૂરિરાય;
સુધાનંદનસૂરિ ગુરૂપવર મા૦ નરવર સેવઈ પાય. ૩૫
સિરિ સોમજયસૂરીસરૂ એ મા૦ સુમતિસુંદર સૂરીસ;
ધન ધન તે નરનારિ વર મા૦ જે વદઇ નિસિદીસ; ૩૬
ઇણિ પરિ બહુ ભગતિં કરી એ મા૦એ કર કોડિ નિલાડિ;
ઇડરગઢ ગિરિવર તણી મા૦ કીધી ચૈત્ર પ્રવાડિ. ૩૭
ભણઇ ગુણઇ જે સંભલઇ એ મા૦અનઇ જે નિસુણંતિ;
તીહ ઘરિ રિદ્ધિ વૃદ્ધિ સંપજઇ એ મા૦વંછિત ફલ પામંતિ.૩૮

इति श्री चैत्यपरिपाटी समाप्तः।

ॐ

કાર્યસિદ્ધિનું રહસ્ય.

સ્વ૦ સાક્ષરશ્રી મનઃસુખલાલ કિરતચંદ મહેતા.

પુરૂષાર્થનું પ્રાબલ્ય.

" Men, be up and doing. "

"कालो सहाव नियई, पुव्वकयं पुरिसकारेण पंच।
"समवाए सम्मत्तं, पगंते होई मिच्छतं ॥

શ્રી સમ્મતિ તર્ક.

અનેકાંત શૈલી—સ્યાદ્વાદ અપર નામ અનેકાંતવાદ સદા જયવંત છે. વીતરાગ પરમાત્માએ ઉપદેશેલ અનેકાંતવાદનું જ્યાં સુધી જીવને ભાન નથી, ત્યાં સુધી એની સિદ્ધિ નથી. એકાંતને ભગવાન્ મિથ્યાત્વ કહે છે; સાપેક્ષ દૃષ્ટિએ ભગવાન્ સમકિત કહે છે. એકનો એક પુરૂષ પિતા હોય, પુત્ર હોય, કાકો હોય, મામો હોય, પૌત્ર હોય, પ્રપૌત્ર હોય, દાદો હોય—આમ એક વ્યક્તિ અનેક સંબંધ અનેકાંત શૈલીને અવલંબી ધારે છે. કોઇ આવી શંકા કરે કે, અરે! એમ કેમ બને? એકજ જન પિતા પુત્ર, પૌત્રાદિ કેમ હોઈ શકે? આ એકાંતવાદી અજ્ઞાનને લઈ આવી શંકા કરે છે; પણ જ્યારે તેને સમજપૂર્વક અપેક્ષાએ સમજાવવામાં આવે, ત્યારે તેને ખાત્રી થાય છે, કે અનેકાંત શૈલીજ તત્ત્વ પામવાને કુંચીરૂપ છે. હવે ઉપર બતાવેલ શંકા કરનારને ન્યાયપુરઃસર સમજાવિયે કે, ભાઇ! એકજ પુરૂષ તેના પુત્રનો પિતા ખરો કે નહિં? તેજ ફરી તેના પિતાનો પુત્ર ખરો કે નહિં? તેના ભત્રિજાનો કાકો ખરો કે નહિ? તેના ભાણેજની અપેક્ષાએ મામો કહેવાય કે નહિં? તેના દાદા તરફ દૃષ્ટિ કરતાં તેનો પૌત્ર ગણાય કે નહિ! તેના બાપના બાપાવા તરફ જોતાં તેનો પ્રપૌત્ર ગણાય કે નહિં? તેના પૌત્રની અપેક્ષાએ દાદો ખરો કે નહિં? તેના નાનાભાઇનો મોટોભાઈ ખરો કે નહિં? તેના મોટાભાઇથી નાનોભાઇ ખરો કે નહિં? આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ લઈ સમાધાન કરવામાં આવે તો જવાબમાં અનેકાંતવાદિથી 'હા' જ કહેવાય, તેમજ વસ્તુ માત્રનો જુદી જુદી અપેક્ષા, જુદા જુદા નય, જુદાં જુદાં પ્રમાણ, જુદા જુદા ભંગ, જુદા જુદા નિક્ષેપા ઈત્યાદિ જુદી જુદી ચિત્રવિચિત્ર પણ સસંબંધ રીતિએ જ્ઞાનીઓએ નિર્ધાર કર્યો છે; આને **અનેકાંત** કહેવામાં આવે છે; આ **સ્યાદ્વાદ** નામે ઓળખાય છે; આ **સાપેક્ષશૈલિ.**

સમ્યગ્દૃષ્ટિ જીવોના હૃદયમાં આ શૈલી રમી રહેલી હોય છે. જ્ઞાનાવરણીય કર્મના પ્રબળ ક્ષયોપશમવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ હોય, અને તેનો વચનયોગ સતેજ હોય તો તેના મુખકમળમાંથી જે જે વચનામૃતો ઝરે છે, તેના પવિત્ર કરપલ્લવથી જે જે પવિત્ર અક્ષરો ધવળપત્ર પર આલેખાય છે-તે બધાં અપેક્ષાયુક્ત હોય છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ મંદ હોય, છતાં સમ્યગ્દૃષ્ટિ જીવની ક્રિયા પણ સહજ સ્વભાવે અપેક્ષાયુક્ત હોય છે. સમકિતી જીવોના આ બધા,-વિચાર, ઉચ્ચાર, આચાર-મન, વચન, કાયાના યોગ, તેનાં કાર્યો સહજ સ્વભાવે સાપેક્ષ હોય છે; આમાં કારણભૂત તેઓનું સમ્યકત્વ છે. અનેકાંત શૈલીને ઓળખનાર કે આચરનાર, ઓળખનાર અને આચરનાર સમકિતી હોય છે. સમકિતી અનેકાંતશૈલીને ઓળખે છે કે આચરે છે; ઓળખે છે અને આચરે છે. આ બધા નય, બધી અપેક્ષા પરત્વે દૃષ્ટિ કર્યા વિના વસ્તુનું યથાર્થ જ્ઞાન થતું નથી; માટે જ્ઞાનિઓ અનેકાંતને અવલંબે છે.

પંચસમવાય. ભગવાન્ **સિદ્ધસેન દિવાકર** શ્રી **સમ્મતિતર્ક**માં કાર્યસિદ્ધિનાં પાંચ સમવાયકારણો દર્શાવતાં પ્રકાશે છે કેઃ—"(૧) કાળ (૨) સ્વભાવ, (૩) નિયતિ (૪) પૂર્વકૃત અને (૫) પુરૂષકાર-આ પાંચ સમવાયનો સ્વીકાર તે સમકિત; આમાંથી એકજનું માનવું તે મિથ્યાત્વ" **સમવાય** એટલે **યત્સમવતે કાર્યમુત્પદ્યતે** "-જેના મળવાથી કાર્યનિષ્પત્તિ થાય, તે **સમવાય.** ત્યારે શું મળવાથી કાર્ય નિપજે? (૧) કાળ, (૨) સ્વભાવ, (૩) નિયતિ, (૪) પૂર્વકૃત, (૫) પુરૂષાર્થઃ-આ પાંચ મળે તો કાર્ય નિપજે. માટે એ પાંચને સમવાય કહ્યાં. આ પાંચમાંના કોઇ એકથી, બેથી, ત્રણથી, કે ચારથી કાર્ય સિદ્ધિ થાય, એમ માનવું નહિં; એમ માનનાર એકાંતિક છે; એકાંત ત્યાં મિથ્યાત્વ છે. કાર્યસિદ્ધિમાં પાંચેની પરમ આવશ્યકતા છે. આ વાત આપણે આગળ વિચારિયે છિએ; અને એ આપણને વાસ્તવિક અને ન્યાયયુક્તજ લાગશે.

હાથિની આકૃતિ. થોડા અંધ નેત્રવાળાઓને એક હાથિનો સમાગમ થયો. તેમાં એકને હાથિના પગનો સ્પર્શ થયો; બીજાને સુંઢનો સ્પર્શ થયો; ત્રીજાને કાનનો થયો, એમ જુદાં જુદાં અંગોનો જુદા જુદા અંધ નેત્રિયોને સ્પર્શ થયો. પછી હાથિના સ્વરૂપ વિષે પરસ્પર વિવાદ થતાં જેણે જેવું જોયું હતું, તેવુંજ હાથિનું સ્વરૂપ તેણે પ્રકાસ્યું. એક કહે હાથિ થાંભલા જેવો હોય; બીજો કહે નહિં, તે તો કેળના સ્થંભ જેવો; ત્રીજો કહે નહિં એતો સુપડા જેવો હોય; ચોથો કાંઇ જુદુંજ કહેવા લાગ્યો, આમ દરેક પોતપોતાની વાતને ખેંચતાં લડવા ઉપર આવી ગયા. એટલામાં એક નિર્દોષ દૃષ્ટિવાળો ભાઇ ત્યાં આવી ચડયો; તેણે કજીઆનું કારણ સમજી લઇ, તેમને સમજાવ્યા, કે ભાઇઓ! હાથિની આકૃતિ તમારામાંના કેહેવા મુજબ નથી. એતો તમે કહોછો એવી જુદી જુદી આકૃતિના પિંડવાળા જુદા જુદા અવયવોનો બનેલો અજબ ભારે પ્રાણી છે. તમારી પ્રત્યેકની દૃષ્ટિમાં દોષ હોવાથી તમને દરેકને હાથિના જે અવયવનો સ્પર્શ થયો, તે મુજબ તેના સ્વરૂપની તમે કલ્પના કરી લીધી. હાથિને પગ છે; સુંઢ છે; કાન છે; ઈત્યાદિ અનેક અંગોપાંગ છે; તેમાંના એકજ અંગોપાંગને લઈ હાથિની આકૃતિની પરિકલ્પના કર્તવ્ય નથી. આ સદોષ દૃષ્ટિવાળાની લડાઈનું સમાધાન નિર્દોષ દૃષ્ટિવાળાએ કરી આપ્યું.

સારબોધ-એકાંત છે ત્યાં ખુહારી છે, ખુહારી છે ત્યાં મિથ્યાત્વ છે, તે ટાળવા વિવેક ખ્યાતિની પરમ આવશ્યકતા છે. પરમ પુણ્યયોગે, સદ્ગુરૂની સેવાથી, વીતરાગનાં વચનપર દૃઢશ્રદ્ધાથી, વીતરાગની ભક્તિથી, સત્સમાગમે એ વિવેક જાગૃત થાય છે, જ્ઞાનિયો એને સમ્યગ્ દૃષ્ટિ કહે છે, એને દિવ્ય નેત્ર કહેવાં યોગ્ય છે; એની નિર્વિકાર, નિર્દોષ, નિષ્પક્ષપાત, નિર્પક્ષ દૃષ્ટિમાં ગણના થાય છે. આપણને એ દૃષ્ટિ આરાધનીય છે; તે પ્રાપ્ત કરવા તેને અનુકૂળ સાધનો, સત્સમાગમ, સત્સેવા, વીતરાગ, ભક્તિ, પુણ્યોપાર્જન સતત કર્ત્તવ્ય છે. આપણને પ્રાપ્ત થએલ અમૂલ્ય મનુષ્ય ભવનું પરમ સાર્થક એ છે.

સમવાય વિવેચન.

(૧) એકાંત કાળ કારણ.

વસંત ઋતુ આવી; વૃક્ષો નવ પલ્લવિત થઈ ફળપ્રદ થયા. મધુમાસ આવ્યો. સહકારને સુંદર મોરો બેઠી હતી; તેમાંથી ધીમે ધીમે મિષ્ટ આમ્રફળ પાક્યાં. આવો ગ્રીષ્મનો મહિમા. શીતળ ઋતુમાં આંબા પાકે છે? ના. માટે ઉન્હાળોજ આંબાનું કારણ; કાળજ કાર્યનું કારણ. વરસાદ ઉન્હાળામાં આવે છે? ના, તે તો તેને વખતે તેની ૠતુએ આવે છે. કાળે ક્ષણ; કાળે જનમ; કાળે મરણ; કાળે ગર્ભ; માટે કાળજ કારણ. કાળનેજ લઈ બધી વસ્તુ થાય છે.

(૨) એકાંત સ્વભાવ કારણ.

વર્ષા ૠતુ આવી; પર્વતપરની ઔષધિઓ ફાલી ફળી: બીચારૂં "જવાસા" નું વૃક્ષ સૂકાઈ ગયું. કારણ? બીજી ઔષધિઓનો જલસિંચનથી ફાલીફુલી નીકળવાનો સ્વભાવ; બિચારા "જવાસા" માં એમ ફાલીફુલી નીકળવાપણાનો અભાવ માટે અમને તો **સ્વભાવ** કારણ લાગે છે, લીંબડો વાવિયે તો આંબો થાય? ના લીંબડાથી લીંબડો, આંબાથી આંબો; કારણ કે લીંબડામાં લીંબડાનો સ્વભાવ લીંબડાપણું, આંબામાં આંબાપણું છે. સ્વભાવનેજ લઇને બધી વસ્તુઓ થાય છે. ચુલા તળે હાંડલીમાં મગ બાફવા મૂક્યા: મગ બફાઇ ગયા, પણ મગ સાથે રહેલા "કોરડુ" ગમે તેવા ઉષ્ણ આંધણ છતાં કોરાને કોરા. કારણ? તાપ તપે ઉષ્ણોદકમાં મગનો ચડવાનો સ્વભાવ, કોરડુ સ્વભાવેજ એવા કે ગમે તેટલો વખત પચાવે, સીઝાવે, પણ સીઝેજ નહિં. માટી પાણીમાં નાંખી. એકદમ પલળી ગઈ; પાષાણ (કાળમિંઢ પાષાણ) નદીમાં રાત દિવસ ઘણા વરસ રહ્યો, પણ એની એ સ્થિતિ; કઠણને કઠણ. મીઠું પાણીમાં નાંખ્યું; ઓગળી ગયું. સાકર પાણીમાં નાંખી; સાકરનું પાણી થઈ ગયું; પાણી સાથે એક મેક થઇ ગઈ. આ બધી વસ્તુનો જુદો જુદો સ્વભાવ; તે તે સ્વભાવે તે તે કાર્ય થયું; માટે સ્વભાવજ કાર્યનું કારણ છે.

(૩) એકાંત નિયતિ કારણ.

યોગાનુયોગ, યોગ પણ એવો બન્યો કે—મારા (Professor) શિક્ષાગુરૂએ મને બહુ સારી રીતે જે પ્રશ્નો આવવાના હતા, તેજ સમજાવી દીધા હતા; લાયબ્રેરી આદિનાં પુસ્તકોની યોગવાઈ પણ ઘણુ સારી મળી ગઇ હતી; બીજાને આ સહાય નહોતી. આ નિયત કારણથી—આ યોગવાઇથી હું મારી B. A. ની પરીક્ષામાં પાસ થયો. માટે હું તો માનું છું; કે જે કાંઈ થાય છે, તે નિયત ભાવિને લઇનેજ થાય છે, થવા યોગ્ય તે થાય છે; ભાવિવશે એવી યોગવાઈ મળી જાય છે. મેં વાત પણ સાંભળી છે, કે એક પક્ષીનું યુગલ વૃક્ષપર બેઠું હતું. તેનો શીકાર કરવા શિકારી બાણ તાકી હેઠળ ઉભો છે; એ પક્ષિઓની ઉપર ઉંચે બાજ પક્ષી ઉડી રહ્યો છે. આ પંખીના જોડકાને બચવાનો સંભવ નથી; કેમકે નીચે શીકારી છે; ઉપર બાજ છે; એટલે આ પક્ષીયુગલે જીવિતવ્યની આશા તો છોડી એટલામાં **યોગાનુયોગ**, તેઓનું **નિયતભાવિ, થવા કાળ** તે કોઇ અમોઘ વિષધરે શિકારીને ડંસ માર્યો; ડંખ લાગતાંજ શિકારી પ્રાણ રહિત થઇ ભૂમિપર લાંબો પડયો; તાકેલું બાણ સરકી જઈ ઉંચે જઈ બાજને લાગ્યું; બાજ મરણશરણ થયો; અને પક્ષીનું જોડકું **ભાવિના** ગુણ ગાતું, **ભવિતવ્યતાથી** બચી જઇ, ઉડી ગયું. આવા તો અનેક પ્રસંગો શ્રુત થયા છે; માટે મને તો **નિયતિજ** કાર્યનું કારણ લાગે છે.

(૪) એકાંત પૂર્વકૃત કારણ.

કોઈ માણસને અયોગ્ય વર્ત્તનથી શરીરમાં ગરમી વિકાર ઉભરી આવ્યો. યોગ્ય વૈદ્યક અભિપ્રાય મુજબ ઘટતા ઉપચાર કરવા માંડયા; ૠતુ શીતળ હતી; એટલે વિકારને સામાન્ય રીતે શામક હતી; તે માણસ ઔષધપાન યથાવિધિ લેતો; પથ્ય પણ વૈદ્યની આજ્ઞાપૂર્વક પાળતો. છતાં શારીરિક વિકાર ઉપશમવાને બદલે ઉલટો પ્રાણઘાતક થયો. આમાં તેનું કર્મ, પૂર્વકૃત, પ્રારબ્ધ તેને મૃત્યુનું કારણ થયું માટે અમે તો પરિકલ્પીએ છીએ કે **પૂર્વકૃતજ** બધાં કાર્યનું કારણ છે. પૂર્વકૃત અનુકૂળ હોય તો

તરત કાર્ય સિદ્ધ થાય છે; પ્રતિકૂળ હોય તો વિલંબ લાગે છે, અથવા નથી પણ થતું; આવા અનેક દાખલા સાંભળ્યા છે; માટે **પૂર્વકર્મજ** કારણ લાગે છે.

(૫) એકાંત પુરૂષકાર કારણ.

હું હમણા M. A. L L. B. થયો. હાલ મને ૨૪ વરસ થયાં. મેં એ ઉપાધિ (?) વહોરી; ડીગ્રી મેળવી. એમાં શું નવાઈ? મેં પુરૂષાર્થ કેટલો કર્યો? રાત્રિ-દિવસ મહેનતજ કરી ત્યારે પાસ થવાયું. ભાઇ! પુરૂષાર્થ વિના કાંઇ રેઢું પડયું છે? માટે પુરૂષાર્થજ બધાં કાર્યનું પરમ રાહસ્યિક કારણ છે. પુરૂષાર્થ કરનારનો જય થયો છે; પ્રમાદી નિષ્ફળ થયા છે. આવા અનેક દાખલા મોજુદ છે. માટે **ઉદ્યમ** કારણરૂપ છે.

સમવાય શોધન, અનેકાંત નિરૂપણ.

આમ પાંચે જણ પોતે માનેલા કાર્યસિદ્ધિના કારણનેજ એકાંત કારણ કહી હઠ કદાગ્રહમાં ખેંચાય છે, પણ તે અજ્ઞાનમૂલક છે. તેઓ બધાએ કલ્પેલાં બધાં કારણો જો એકત્ર થાય તો કાર્યસિદ્ધિ સહજ છે; જુઓ! આગળ સમજાશે.

(૧) એકાંત કાળ કારણ માનનારનું સમાધાન.

આંબો ગ્રીષ્મઋતુમાં પાકે છે, એ સત્ય વાત છે. પણ તેથી આપ કહોછો કે ગ્રીષ્મઋતુજ એનું કારણ, એના પરિપાકનું કારણ, એતો બંધબેસતી વાત નથી. તમે એમ કહો કે ગ્રીષ્મકાળ પણ આંબાને પાકવાનું **એક** કારણ છે, કાળે કરીને ખેતી, વરસાદ, જનમ, મરણ, ગર્ભ આદિ થાય છે, તો તે ઠીક; પણ તમે કહો કે ગ્રીષ્મકાળજ આમ્રના પરિપાકનું કારણ છે, અથવા વસ્તુ માત્રને ઉપજવાનું કારણ કાળજ છે, તો તે નહિ માની શકાય: તે કથન મિથ્યા છે, કાળ સિવાય બીજાં, જ્ઞાનિઓએ જોયેલાં અને આપણને બોધેલાં, અને હવે આપણને પણ સહજ સિદ્ધ થતાં નીચેનાં કારણો મળ્યાં, તેથી આંબો પરિપક્વ થયો, વરસાદ થયો, ખેતી પાકી, ગર્ભ રહ્યો, જન્મ થયો, મૃત્યુ થયું, એમ કહેવું યોગ્ય છે. જુઓ તે કારણ આ છે. આંબામા આંબાપણું ન હત, તેની ગોટલી વંધ્યા-વાંઝણી હત તો આંબો પાકત કે? બીજ વાવ્યું. પણ તે દગ્ધબીજ હોય તો અંકુરો ફૂટે કે? બીજમાંથી બીજપણું, તેમાંનો બીજ સ્વભાવ, તેની ઉત્પાદક શક્તિ નાશ પામી હોય તો તે ઉગે કે? નજ ઉગે, વસ્તુ માત્ર વસ્તુ સ્વભાવે થાય છે. વંધ્યા સ્ત્રી પુત્રને જન્મ આપશે? નહિ આપે. યદ્યપિ અનુકૂળ કાળ હોય, અનુકૂળ રૂતુ હોય, જોઇતો વખત હોય, તથાપિ જો વસ્તુ નિપજવા માટે તે વસ્તુમાં સ્વભાવપણું ન હોય તો તે કદી નિપજેજ નહિં. ખેતી. જન્મ, મરણ, ગર્ભ આદિ માટે આમજ સમજવું. ગમે તેટલી ગ્રીષ્મઋતુ જાય. પણ લીંબોળી વાવી હોય તો તો તે પાકે કે? ગ્રીષ્મ છતાં કેરડાનું વૃક્ષ કેમ પાકતું નથી? કારણ કે તે કાળે તેનો ફળપ્રદ સ્વભાવ નથી; માટે પ્રિય ભાઈ! સ્વભાવ પણ કાળ સાથે મળ્યો ત્યારે આંબો પાકયો. આંબો પાકવાને તથાવિધ નિયતિ મળી હતી; તથાવિધ પાણીસિંચન. રૂતુની અનુકૂળતા, ભૂમિની અનુકૂળતા આદિ જોગવાઇ મળી હતી, એ જોગવાઈ ન મળી હત, તો તો ગમે તેવો આંબાને પાકવાનો સ્વભાવ છતાં, ગમે તેટલાં વસંત, મધુમાધવી પસાર થવા છતાં તે પાકત નહિં. ગર્ભધારણને યોગ્ય નવયૌવના સ્ત્રી હોય, પણ ગર્ભોત્પાદક શક્તિવાળા પુરૂષની નિયતિ ન હોય તો તે સંતતિરૂપ ફળ કેમ આપે? ખેતી આદિ માટે પણ આમજ સમજવું. માટે કાળ, સ્વભાવ અને નિયતિ આ ત્રણે સાથે થયાં. હજી પણ બે બાકી રહ્યાં છે. આંબો એકેંદ્રિય સ્થાવર વનસ્પતિકાય જીવ છે. પૂર્વે એવું કર્મ ઉપાર્જ્યું છે, કે આંબારૂપે, એણે, એ જીવે, સ્થૂલદેહ ધારણ કર્યો. એ પૂર્વ કર્મ ન હત તો આંબારૂપે જન્મતજ નહિં; માટે પૂર્વ પ્રારબ્ધ પણ એના પરિપાકમાં તેમજ ગર્ભ આદિમાં કારણભૂત સમજવાં. જીવે જે પૂર્વે પ્રારંભેલું હોય, પ્રારબ્ધ હોય-તે તેને ઉદય આવી જુદા જુદા વિપાકનું કારણ થાયજ થાય. આમ આંબાના પરિપાકમાં, તેમજ ગર્ભ, જનમ, મરણ, કર્ષણ આદિમાં કારણરૂપે કાળ, સ્વભાવ, નિયતિ અને પૂર્વકૃત મળ્યાં. એતો ઠીક છે, પણ સ્થાવર એકેંદ્રિય સ્થૂલ જીવ છતાં પાણી આ-

દિની જે જે જોગવાઇ એને મળી હતી તે લેવામાં અવ્યક્ત પુરૂષાર્થ પણ જો એ જીવે, એ વૃક્ષે, ન ફેરવ્યો હત, તો મારા વ્હાલા ભાઇ! તમે શું એમ ધારોછો કે, એ પૂર્વે કહેલાં ચાર કારણ એકત્ર છતાં આ મિષ્ટ ફળ આપત ? નહિંજ. ભલેને કાર્યપ્રાપ્તિને અનુકૂળ કાળ હોય, વસ્તુમાં કાર્ય નિપજાવવાનો સ્વભાવ હોય, તે કાર્યનિષ્પત્તિ માટે બીજી અનુકૂળ જોગવાઇ મળી હોય, તે માટેનું પૂર્વ પ્રારબ્ધ પણ અનુકૂળ હોય, છતાં જ્યાં સુધી તે માટે તથાવિધ પુરૂષાર્થ ન થાય, ત્યાં સુધી તે કાર્ય પરિણામ નજ પામે. આપણા હાથમાં ખાવાનું પડયું છે, અથવા મોઢામાં પણ પડયું છે; મોઢામાં ક્યારે મુકાશે, અથવા પેટમાં ક્યારે ઉતરશે ? હાથમાંથી મોઢામાં મુકવારૂપ અથવા મોઢામાં પડેલ ચાવી ગળે ઉતારવારૂપ પુરૂષાર્થ ન થાય ત્યાં લગણ એ ધાર્યું નહિજ કરે. માટે મારા પ્રિય બંધુ ! આપે વિચારવું જોઇએ, અને વિચારી નિર્ધારવું જોઇએ, કે આમ્રના પરિપાકની નિષ્પત્તિ, અથવા કર્પણ, ગર્ભાધાન, જન્મ, મરણાદિ એકલા કાળનેજ લઇને નથી, પણ આપને નિવેદન કરેલાં પાંચે કારણોના મળવાથી થાય છે; આથી હું ધારૂં છું કે તમારા મનનું સમાધાન થશે.

(૨) એકાંત સ્વભાવ માનનારનું સમાધાન.

મારા વહાલા બંધુ ! તમે કાર્ય માત્ર સિદ્ધ થવામાં સ્વભાવનેજ કારણ માની બેસો છો. અને બીજાને મનાવવા હઠ કરો છો, એ તમારી માનિનતા મને અસમંજસ અને હઠ અજ્ઞાનરૂપ લાગે છે. આંબો પાકયો, કારણ કે તેમાં આંબાપણું હતું, આંબારૂપે પાકવાનો સ્વભાવ હતો; મીઠું પાણીમાં ગળી ગયું; કારણ કે તેમાં તે પ્રકારે પરિણામ પામવાનો ગુણ હતો; માટી પાણીમાં ભીંજાઇ ગઈ, કારણ કે તેમાં દ્રવત્વ ગુણ હતો;—એ આદિ પોતપોતાના સ્વભાવને લઈ તે તે વસ્તુઓ સ્વભાવયોગ્ય પરિણામને પામી, એતો ખરૂં, અને સ્વભાવને લઈ એ કાર્ય થયાં એમ તમે કહો તો તે પણ ખરૂં; પણ તમે એમ કહો છો કે સ્વભાવનેજ લઈ એ કાર્ય નિપજ્યાં, અને સ્વભાવજ બધા કાર્યમાં કારણભૂત છે, તો તે ખોટું—મિથ્યા છે. આંબાપણું હતું તે ઠીક, પણ તે પાકવાને તથારૂપ કાળ ન હત તો પાકત કે ? વાવ્યો કે તરત ઉગત કે ? પાણી આદિ, અનુકૂળ ભૂમિ આદિ જોગવાઈ ન મળી હત તો ઉગત કે ? આંબારૂપે જન્મવાનું, સ્થૂલ એકેદ્રિંય વનસ્પતિકાય રૂપે જન્મવાનું પૂર્વકૃત ન હત તો તે ઉગત કે ? ફળ આપત કે ? પ્રમદાએ પુત્ર રત્ન જાયો, કારણ કે તે અવંધ્યા હતી; અમુક સ્ત્રીમાં પુત્ર આપવાનો સ્વભાવ હતો, માટે તેણે પુત્ર પ્રસવ્યો; પુત્રપ્રસૂતિનું એકાંત કારણ તે બાઈનું અવંધ્યત્વઃ આમ કહો તો ચાલે કે ? નહિંજ. પુત્ર પ્રસવવા યોગ્ય ગમે તેવો તે બાઇનો સ્વભાવ છતાં, અકાળે અથવા અલ્પ કાળે, અથવા પ્રતિકૂળ કાળે તે પ્રસૂતા થાય કે ? નહિંજ. નિર્બીજ, અથવા શુષ્કબીજ, અલ્પબીજ અથવા યેનકેન પ્રકારેણ રોગીષ્ટ પતિની સેવારૂપ યોગ મળ્યો હત, એવા પતિની નિયતિ થઈ હત તો ગમે તેવી (Prolific) પુત્રદા સ્વભાવવાળી છતાં તે સ્ત્રી ગર્ભ ધારત કે ? નહિંજ. વારૂ, કાળ—સ્વભાવ ભવિતવ્યતા અનુકૂળ છતાં પૂર્વકૃત પ્રતિકૂળ હતતો તે ગર્ભ ધારણ કરત કે ? એ પણ અનુકૂળ સતે, તેમાં પુરૂષકૃત ઘટતો ઉદ્યમ તેમજ શુક્ર—શોણિતને ધારી રાખવારૂપ અવ્યક્ત ઉદ્યમ ન થયો હોય તો ગર્ભ ધારણ થાય કે ? નહિંજ. આમ સ્વભાવ છતાં, બીજાં કાળ, નિયતિ, પૂર્વકર્મ, ઉદ્યમરૂપ કારણો એકત્ર ન મળે તો મારા બંધુ ! કાર્ય નિષ્પત્તિ ન થાય. હું ધારૂં છું, તમે આ વાત અંગીકાર કરશો; અને આ પાંચે સમવાય સ્વીકારી હઠ ત્યજશો. કાંઈ વિશેપ પણ હું કહું છું. એકાગ્ર ચિત્તે શ્રવણ કરો.

શ્રી મહાવીરનું નિર્વાણ.

શ્રીમણ ભગવાન્ મહાવીર નિર્વાણ પામ્યા. ક્યારે? મોક્ષપ્રાપ્તિ ક્યારે થઈ? (૧) કાળલબ્ધિ થઈ ત્યારે; કાળ પરિપાક થયો ત્યારે; તથાવિધ કાળ આવ્યો ત્યારે. અનંતા ભૂતકાળમાં તથાવિધકાળ તેમને કોઈ વખત નહિં મળ્યો હોય ? મારા બંધુ ! અનંતા ભૂતકાળમાં મોક્ષ આપે એવો અનુકૂળ કાળ એમને અને આપણને પણ અનંતીવાર મળ્યો હશે, પણ બીજાં કારણોની ઉત્પત્તિ નહિં થઈ હોય. તમે અસલી દેશી ફેશન (Fashion) ની અથવા હાલનાં

ઇંગ્રેજી ફેશનનાં એક જાતનાં તાળાં જોયાં છે ? તે તાળાં લાંબાં ગોળ હોય છે,—અને તેની સીલીંડર ઉપર ફરતાં ચાર, પાંચ કે વધારે ઓછાં એક બીજાને અડોઅડ ચક્કર હોય છે: તેમાં દરેકપર જુદા જુદા અક્ષર પાડેલા હોય છે—અમુક સાંકેતિક અક્ષરો જ્યારે સીધી લીટીમાં આવે ત્યારે તે તાળું ખોલી શકાય અથવા બંધ કરી શકાય, ત્યારે તે તાળાનું પાંખીયું ખેંચી શકાય અથવા અંદર નાંખી શકાય—આવી એમાં ગોઠવણ કરેલી હોય છે જેમકે:—એવા એક તાળામાં એવી યુક્તિ છે કે તેમાં બીજા ઘણા અક્ષરો છે પણ "ગૌતમ" એ ત્રણ અક્ષરો સીધી લીટીમાં આવે, ત્યારે તે તાળું ઉઘડી શકે છે, અથવા બીડી શકાય છે. જો કે આંકા પાડેલ સીધી લીટીમાં "ગૌ" અનેકવાર આવે, પણ "ત" અને "મ" તેજ વખતે (Simultaneonsly) તેજ લીટીમાં આવ્યા વિના તે તાળું ઉઘડે અથવા બીડાય નહિં; તેમજ "ગૌ" અને "મ" અથવા "ગૌ" અને "ત" અથવા "ત" અને "મ" આમ એક અથવા બે પણ અનેક વખત સીધી લીટીમાં આવ્યા હોય, પણ જ્યાં સુધી એ ત્રણે એકી વખતે સાથે ન આવે ત્યાં લગણ જેમ તાળું ઉઘડે યા બીડાય નહિં, તેમજ મારા બંધુ ! એક, બે, ત્રણ, કે ચાર કારણો ભલે ભેગાં થયાં હોય પણ પાંચ જ્યાં લગણ ભેગાં ન થાય ત્યાં લગણ કાર્યસિદ્ધિ ન થાય. **શ્રીમન્‌મહાવીરને** અનેક વખત નિર્વાણયોગ્ય કાળ પ્રાપ્ત થયો હશે. તેઓ ભવ્ય હતા; અર્થાત્ તેઓનો સ્વભાવ ભવ્યત્વ (મોક્ષ પામવા યોગ્ય) હતો; ભવ્ય તેજ નિર્વાણ પ્રાપ્ત થાય. આમ ભવ્યત્વ અનાદિકાળનું હતું, પણ તથારૂપ યોગવાઈ, સદ્દેવ, સદ્ધર્મની પ્રાપ્તિ જ્યારે થઇ ત્યારે સમકિત પ્રાપ્ત કરી તેઓએ મોક્ષનું નિયત કારણ ઉપાર્જ્યું. પૂર્વકર્મ પણ પ્રારબ્ધ પણ, મોક્ષ પ્રાપ્તિ પ્રથમનું પૂર્વકૃત પણ, તીર્થંકર નામ કર્મરૂપ હતું; અર્થાત પૂર્વે અપૂર્વ ભાવદયા પરિણામે મોક્ષ આપે એવું પ્રારબ્ધ સંચ્યું હતું; એવું પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જ્યું હતું—જ્યાં સુધી પૂર્વનું પ્રતિકૂળ પ્રારબ્ધ પ્રબળ હતું ત્યાં લગણ મોક્ષ ન પામ્યા; અને પ્રતિકૂળ પ્રારબ્ધ સતે પ્રબળ પુરૂષાર્થથી, ઉપશમ બળથી, વૈરાગ્યથી, શાંતિથી, ઉપસર્ગ પરિસહ સમભાવે વેદ્યા ત્યાર અનંતી અનંતી ઘાતિ કર્મની નિર્જરા કરી પરમસિદ્ધિ વર્યા.

આમ બંધુ ! એઓને પણ પાંચે કારણ પ્રાપ્ત થયાં, ત્યારે તેઓ શીઘ્ર સિદ્ધ થયા. આપણને પણ, વિચારિયે તો, કાળ—અનુકૂળ છે.

આપણું કર્તવ્ય. આપણે એજ પરમાત્મા મહાવીરના શાસનની શીતળ, પવિત્ર, અનુપમેય છાયા તળે છિએ; એજ (એ પવિત્ર શાસનમાં હોવા રૂપ) આપણને પરમ અનુકૂળ કાળ છે. પંચમ આરો દુષમ કાળ છતાં આ આરાના છેડા લગણ એ પવિત્ર શાસન, એ પવિત્ર "ધર્મઆજ્ઞા" એ પવિત્ર ધર્મરાજ્ય, જયવંત વર્ત્તવાનાં પરમ જ્ઞાનિયોનાં વચન છે. તેવા પવિત્ર કાળમાં આપણું હોવાપણું આપણને પરમ કલ્યાણનું કારણ છે. ભવ્યત્વ (મોક્ષ પ્રાપ્તિની યોગ્યતા) એ આપણો સ્વભાવ છે, કેમકે નહિંતો આપણને આવા પ્રશ્નોત્તર ઉદ્દભવતજ નહિં. અથવા તો હું ભવ્ય છું, કિંવા અભવ્ય છું ? એ સવાલજ ભવ્ય હોવાનું પ્રાય: નિરાકરણ કરે છે. વારૂ દેવ, ગુરૂ, ધર્મ, દયામય ધર્મ, દયામય ઉત્તમકુળ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ આર્ય આચાર વિચારાદિ રત્નત્રયીનાં અમોઘ કારણોની નિયતિ થઇ છે, પૂર્વ કર્મ પણ શુભ છે. ફક્ત આપણે યથાવિધિ અપ્રમત્તપણે પુરૂષાર્થ કર્ત્તવ્ય છે; અશુભ કર્મનો ઉદય લાગતો હોય તો વિશેષ વિશેષ પુરૂષાર્થ કર્ત્તવ્ય છે, આમ આપણને પણ પાંચે કારણો સિદ્ધ થાય એમ છે. ઉપર જણાવેલ તાળાના સાંકેતિક અક્ષરો એકજ લીટીમાં વખતો વખત સહેજે આવી પણ જાય છે; ફક્ત પાંખિયું ખેંચવા રૂપ પુરૂષાર્થ કર્ત્તવ્ય છે. આ કાળે પણ આપણને એવી યોગવાઇઓ છે, તેનો લાભ વ્હાલા વીરા ! આપણે પુરૂષાર્થ ફેરવી લેવો યોગ્ય છે—આપણને મળેલ આ અમૂલ્ય, દુર્લભ મનુષ્યભવનું, આ સમવાય કારણો જાણ્યાનું, ચર્ચ્યાનું, શ્રી સિદ્ધસેન સૂરિનાં પવિત્ર વચનોનું, એઓશ્રીએ પ્રણીત પવિત્ર-પ્રસાદીરૂપ **સમ્મતિતર્ક**ના પ્રારંભમાં લખેલી ગાથા વાંચ્યાનું સાર્થક ત્યારે છે. મારા વ્હાલા બંધુ ! તમે કે હું, કે આ વિષયના વાંચનારા, ચર્ચનારા બધાએ ચોક્સ સમજવાનું છે, કે આ પાંચ સમવાયનો વાદ

વાદ કરવા માત્ર હેતુએ કરાયો નથી; જીવને એ પાંચ સમવાય સુલભ છે કે દુર્લભ ? એ પાંચમાંથી પોતે તત્કાળ કયા સાધી શકે એમ છે ? એ બધાં કેમ ભેગાં થાય ? પોતાના હાથમાં હોય તેતો તેણે ભેગાં કરવાં, બાકીના માટે સાધ્ય દૃષ્ટિથી ચોકસ રીતે સાવધ રહેવું. અનેક વખત આ કારણો ભેગાં થઈ જાય છે, પણ તેમાં વીર્યસ્ફુરણા ન હોવાથી તે નકામાં થઇ પડે છે. અરે ! એવું સાંભળેલ છે કે, કઇક કઇકિ મુનિઓએ તીર્થંકર નામકર્મ ઉપર્જવા જેટલાં દળીયાં ભેગાં કરેલાં, પણ તેમાં વીર્યસ્ફુરણા ન હોવાથી, તેમાં (ભાવ રૂપ) રસ ન હોવાથી, તે બધાં પ્રમાદરૂપ વાયરાથી વિખરાઈ ગયાં. અરે ! આપણને પણ અનંતકાળની ઉપેક્ષાએ કદાચ એ અનુભવ થયો હશે ! મારા વ્હાલા બંધુ ! પુરૂષાર્થ તો આપણા હાથમાં છે, તેથી કાર્ય સહજ સિદ્ધ થાય છે, ઉપર જણાવેલ તાળાના સાંકેતિક અક્ષરો એક લાઇનમાં લાવવા આપણે પ્રયાસ કરિયે છિએ. એક અક્ષર મળતાં તેનાપર ચોકસ સાવધ રહી, જેમ બીજા અક્ષરો સાવધપણે શોધિયે છિએ, અને બધા અક્ષરો સીધી લીંટીમાં આવતાં જેમ એકદ સાવધાનીથી પાંખીયું ખેંચી આપણે તાળું ઉઘાડિયે છિએ, તેમજ આ પાંચે સમવાય કારણો જાણી, તે પ્રમાણે તે પ્રાપ્ત કરવાં, તે ભેગાં કરવાં, સાધક બાધક ટાળી, સાધક ગ્રહી, તે સાધ્ય કરવાં, તે ભેગાં થતાં જોવાં, તે ભેગાં થએ તેનો તરત લાભ લઇ લેવા આપણે સાધ્ય દૃષ્ટિ રાખવી યોગ્ય છે. મારા વ્હાલા બંધુ ! આપણી સાધ્ય દૃષ્ટિ, સાવધપણું, એજ આપણો પુરૂષાર્થ. જેમ લાડુ કરવા માટે બધા જુદાં જુદાં પુદ્દગળોનો સંચય થાય, પણ તેમાં ચીકાશ ન હોય તો બધા પુદ્દગળો વીખરી જાય, તેમ કાર્યસિદ્ધિ માટે પાંચે સમવાય ભેગાં થાય, પણ ભેગાં થવાની સાથે પ્રબળ પુરૂષાર્થ રૂપ આત્મજાગૃતિ ન હોય તો કદી કાર્ય સિદ્ધિ ન થાય. આપણને આ સમવાયો જાણવાનો પરમ હેતુ, તેનું પરમ સાર્થક એજ છે, કે આપની અનંતકાળથી થએલ સંસરણગતિનો છેડો આવી આપણે સિદ્ધિ પામીયે. આ જો ન થાય તો પાંચ સમવાય જાણ્યા ન જાણ્યા બરોબર છે, ચર્ચ્યા ન ચર્ચ્યા બરોબર છે, મિથ્યા કાળક્ષેપ, વાગાડંબર, અને માનકષાય સેવવારૂપ છે. મારા વ્હાલા બંધુ ! કદાચ એમ કહિયે, કે અનુકૂળ કાળ નથી, તો તેથી એમ નથી ઠરતું કે બીજાં કારણો પ્રતિ અલક્ષ રહેવું. બીજાં કારણો પર તો ધ્યાન આપી તે સાધતા જઇએ, ત્યાં કાળ પરિપાક થશે; કાળલબ્ધિ પણ થશે અને દૃષ્ટિ સાધ્ય હશે, તો સહેજે સિદ્ધિ થઇ જશે. મારા વ્હાલા વીર ! મુક્તિ પામવી એ રાધાવેધ સાધવાથી પણ વિશેષ કઠણ છે. શ્રી મહાવીર ભગવાને કેટલી બધી સાધ્ય દૃષ્ટિ રાખી હશે ? અરે ! એમ કહેવાય છે, કે કૈવલ્ય પામ્યા પહેલાં ભગવાન્ સાડા બાર વરસ સુધી કષ્ટ, તપ, સમ્યક્ પ્રકારે સેવતા રહ્યા; તેમાં નિદ્રા માત્ર અરધો કલાક લીધી ! અને તે પણ શારીરિક પ્રકૃતિને લઈ, શારીરિક ધર્મના યોગે, આવી ગઇ ! તેમાં વળી પલાંઠીવાળીને તો પ્રભુએ કદી સુખવૃત્તિ (?) કરીજ નથી. નિદ્રા આવી ગઇ તે પણ કાયોત્સર્ગ મુદ્રાએ, અથવા ગોદોહાસને; વ્હાલા બંધુ ! કાર્ય સિદ્ધિ માટે, નિર્વાણપ્રાપ્તિ માટે, આત્મસાધન માટે, ભગવાનને આવી સજાગર અપ્રમત્ત સાધ્ય દૃષ્ટિ રાખવી પડી છે; તેવા પુરૂષાર્થે એ તો કૈવલ્યશ્રી વર્યા તેવોજ બલકે તેથી વિશેષ પુરૂષાર્થ આપણે કર્ત્તવ્ય છે.

"જબ લગ નેનમેં નિંદ ન આવે,
"નર તબહિજ નારાયણ પાવે."

સુંદરદાસ.

ભગવાને જો જરાપણ પ્રમાદ કર્યો હત, તો તેઓને પણ કોણ જાણે કેટલો કાળ વધારે ભમવું પડત ? એ દૃષ્ટાંત આપણે વિચારવા યોગ્ય છે.

વેદાંતનું દૃષ્ટાંત

વેદાંતમાં ચોરાશીલાખ ભવ ફેરા કલ્પ્યા છે. તેમાં એમ કલ્પ્યું છે કે, ચોરાશીલાખ ફેરા ફરતાં વચ્ચમાં ભીંતમાં એક સૂક્ષ્મદ્વાર આવે છે ત્યાં જે સ્પર્શે તે તરી જાય છે, તેને મોક્ષ મળે છે. હવે જોવાનું છે કે એ સ્પર્શ થવો કેટલો બધો મુશ્કેલ છે. પ્રબળ સાધ્ય દૃષ્ટિ હોય તોજ એ સ્પર્શ થાય. જીવ જાણે

કે ઓચિંતો મળી જાય તો ઠીક છે. કોણ જાણે કયા ભવે ક્યારે એ દ્વારનો સ્પર્શ થાય? માટે આંખો મીંચી ખાઓ, પીઓ, મજા કરો, આમ કર્યે કદી પણ એ દ્વારનો સ્પર્શ ન થાય. દ્વાર આવે ત્યાં તો મોહના પાટા આંખપર આડા આવી ગયા હોય, આમ અનંતીવાર ચોરાશીલાખ યોનિ ભમવું પડેજ. માટે મારા વ્હાલા બંધુ! આપણે જાગ્રત અવસ્થા રાખવી યોગ છે. ચાતક જેમ વર્ષાઋતુની મોં ફાડી રાહ જોતું બેસે છે, તેમ આપણે પુરૂષાર્થપૂર્વક સાધ્ય દૃષ્ટિથી કાળપરિપાકની રાહ જોવી ઘટે છે. પુરૂષાર્થ હશે, જાગૃતદશા હશે, તો પાંચ કારણો સહજ ભેગાં થઇ જશે. બંધુ અત્રે **શ્રી આનંદઘનજીનું** પદ યાદ આવે છે.

> "કાળલબ્ધિ લઈ પંથ નિહાળશું રે,
> એ આશા અવલંબ;
> "એ જન જીવે રે જિનજી જાણજોરે,
> આનંદઘન મત અંબ."

અહો! શ્રી આનંદઘનજીનો કેટલો બધો પ્રબળ પુરૂષાર્થ હશે? તેઓશ્રીના સ્તવન મુજબ તેઓએ બધાં કારણો હાથતળે રાખી મુક્યાં લાગે છે; અર્થાત્ હવે તો તેઓ ચાતક વરસાદ માટે જેમ, તેમ મ્હોં ફાડી સાવધ થઇ બેઠા છે. કાલલબ્ધિ, કાળ પરિપાક થાય અને મોઢામાં અમૃત પડે! શીઘ્ર મોક્ષ પધારે! અર્થાત્ હવે તેઓએ કાળપરિપાક શિવાય બીજા કશાની વિશેષ આવશ્યક્તા ગણી નથી; તેઓએ તો તથારૂપ કાળ પ્રાપ્ત થએ સતે સિદ્ધ થવાનું નીર્ધાર્યુંજ છે. શ્રી આનંદઘનજીનું એ પવિત્ર ચરિત્ર વ્હાલા વીર! આપણને પુરૂષાર્થનો બોધ આપે છે.

અત્રે એક બાબતનો ખુલાસો કર્ત્તવ્ય છે. સાધ્ય દૃષ્ટિમાંજ કદાચ આયુ કર્મ પૂર્ણ થયે દેહ પડી જાય, અને કર્મવશાત્ એકાદ બે ભવ કરવા બાકી હોય તોપણ જે કારણો સાધ્યાં હોય છે, તે તો કાર્યપ્રાપ્તિમાં સહાયભૂત રહેજ છે; કેમકે નાશ થયો તેતો દેહનો; કારણ પરત્વે દૃષ્ટિ રાખનાર, તેનો વિવેક કરનાર, તે પ્રતિ સાવધ રહેનાર તો અવિનાશી સદા ઉપયોગી ચૈતન્યાત્મક આત્મા છે. માટે એમ ન સમજવું કે આ દેહમાં સાધેલાં કાર્ય અથવા કારણ આ દેહ સાથેજ લય પામશે. જેટલા મહાત્માઓ તરી ગયા છે, તે બધા કાંઇ એકજ ભવના પુરૂષાર્થથી તરી ગયા છે એમ નથી; ઘણાઓને ઘણા ઘણા ભવ સુધી પ્રબળ પુરૂષાર્થ કરવો પડયો પણ છે; કેમકે પૂર્વકૃત પ્રબળ હોય તો તે સામે પુરૂષાર્થ—જાગૃતિ પણ પ્રબળ પ્રબળ જોઇએ. કાળાનુસાર હાલ પરમ જ્ઞાનનો વિચ્છેદ છે; તેમજ જાતિસ્મરણ જ્ઞાન પણ ઓછું જણાય છે; નહિતો આપણને આપણા પૂર્વ ભવના પુરૂષાર્થ આદિ સહેજે યાદ આવી જાય. મતિજ્ઞાનથી તથાપ્રકારની નિર્મળતા આપણામાં નથી. છતાં પરમકૃપાળુ વીતરાગદેવ પ્રતિ, તેઓનાં પવિત્ર વચન પ્રતિ શ્રદ્ધા ભક્તિથી આપણને કંઇ શીતલ આલ્હાદ થાય છે! કોઈ કોઇ મહાનુભાવ મહત્પુણ્યશાલીઓને અનુભવ પણ થતો હશે; તેઓ ધન્ય છે. નશ્વર દેહની અપેક્ષા કર્યા વિના આપણે તો સતત રૂડો ઉદ્યમ કર્યે જવો એ કહેવાના સંબંધમાં આ પ્રસંગ થયો.

હવે બંધુ! એક વ્યાવહારિક દૃષ્ટાંત લઇએ. આપણે B. A. ની પરીક્ષામાં પાસ થવું છે. તે માટે બધાં કારણો મળ્યાં છે. પણ પરીક્ષાનો કાળ હવે આવવાનો છે, ત્યાં સુધી સાધ્યપણે બીજાં કારણોમાં દૃષ્ટિ રાખી અભ્યાસ કરતા રહી પરીક્ષાના કાળે પરીક્ષા આપિયે, તો નકી ફતેહ પામીયે. બીજાં બધાં કારણો પ્રાપ્ત કર્યાં છતાં પરીક્ષાનો કાળ અસાવધપણે વીતિ જવા દઇએ તો જેમ વળી બીજા કાળના આગમન માટે શોચ કરતાં બેસી રહેવું પડે અને તે કાળ દરમ્યાન પણ જો વાંચવાનો અભ્યાસ ન રાખિએ તો જેમ વાંચેલું કટાઇ જાય અને પરીક્ષાનો કાળ આવ્યે તેમાં બેસતાં કદાચ નાપાસ પણ થવાય,—તેમ આપણી સિદ્ધિ માટે સમજવાનું છે. પ્રત્યેક કારણ ઉપર આપણે લક્ષ રાખવાનું છે; મારા વ્હાલા બંધુ! એકાંત સ્વભાવ કારણ માનનારાના સંબંધમાં તમારા મનનું સમાધાન કરતાં આ વિસ્તાર થયો, પણ આથી તમારૂં સમાધાન થશે. અને મારા વ્હાલા વાંચનારાઓ પુરૂષાર્થ ભણી વળશે; આ લેખની સાફલ્યતા થશે; અને લેખકને પુણ્ય તથા નિર્જરા પણ હાંસલ થશે.

કેમકે તેણે નિસ્વાર્થવૃત્તિથી, એકાંત હિતબુદ્ધિથી જેવું તે સમજ્યો છે તેવું આ લખ્યું છે, તેથી એ પોતા ઉપરાંત બીજાનો પુણ્ય તથા નિર્જરાનો કારણિક છે. મારા વ્હાલા વાંચનારાઓ! તમે પણ સ્વપરને નિર્જરા તથા પુણ્યનાં કારણરૂપ થાઓ! પુરૂષાર્થ કરો, સંસાર તરી જાઓ.

(૩) એકાંત નિયતિ માનનારનું સમાધાન

મારા એકાંત નિયતિપ્રરૂપક વીર! પ્રત્યેક કાર્યસિદ્ધિમાં જોગવાઈ, નિયતિ, ભવિતવ્યતાની જરૂર છે, એ સાચીવાત; અને એવો યોગાનુયોગ સાધી, પામી તમે પરીક્ષા પસાર કરો એ સાચીવાત; સીંચાણાનું યુગલ પણ એવું "યથા યોગ્ય" પામી વ્યાધને થયેલ સર્પ દંસના ભાવિયોગે, તત્કાળ તો મૃત્યુથી બચી ગયું. પણ તમે કેમ ભુલી જાઓ છો? કાળના પરિપાક વિના તમે પાસ થાત? તમે નાના હતા, ત્યારે ઝટ લઇ પાસ થઇ જાત કે? નહિજ. તમારૂં યોગ્ય વય, અભ્યાસમાં ગાળેલ કિંચિત્ પણ કાળ, આ પણ તમારી B. A. ની સાફલ્યતામાં કારણરૂપ છે. તમો પાસ થાઓ એવો સ્વભાવ તમારામાં હતો; જે વિના તમે ખચીત નાપાસજ થાત. નિયત ભાવિ તો તમે કબુલ રાખો છો. તમારા પૂર્વ ઉપાર્જન કરેલ કર્મયોગે B. A. માટેનું સાધ્ય થયું- કાં તમે વેપારી યા બીજા ધંધાર્થી ન થયા? આમાં તો અમે પૂર્વકર્મ પ્રબળ માનિયે છીએ. એતો બધું ઠીક; પણ બધી સામગ્રી મળ્યા છતાં તમે અડગધારાથી અભ્યાસ ન કર્યો હત, તો તમે પાસ થાત? નહિજ. નહિંજ માટે મારા વ્હાલા ભાઇ! તમારે એટલું માનવું કે તમારી ફતેહનાં કારણોમાં ફક્ત નિયતિજ નથી; પણ તે સાથે બીજા સમવાયિ કારણો પણ છે. હવે તમારૂં મન શાંત થયું? તમને સંતોષ થયો?

(૪) એકાંત પૂર્વકર્મ માનનારનું સમાધાન.

વ્હાલાભાઇ! તમે કેમ જાણ્યું, કે તેના વર્ત્તને તેના પ્રાણ લીધા? તેનો દેહ પડ્યો, તે પ્રથમ ઘણો વખત થયાં એવું વર્ત્તન ચલાવતો હતો. પણ જ્યારે કાળ પરિપાક થઇ તેના વર્ત્તનની અવધિ આવી રહી ત્યારે તે રોગ થયો, મારા વ્હાલા વાંચનારાઓ! આપણા વર્ત્તનનાં ફળ આપણને તત્કાળ મળે છે; કવચિત કાલાંતરે મળે છે. આપણે અયોગ્ય ચર્યા કરિયે તેનું ફળ, પુદ્દગળ ભેગા થઈ પાકવા ઉપર આવે, તે કાળે દારૂણ વિપાક આપે છે. હાલતો આપણે અજ્ઞાનયોગે વિષયાદિમાં આનંદ માનતા રહિયે પણ પરિણામ દારૂણ છે. આ scientific truth (પદાર્થ વિજ્ઞાનથી સિદ્ધ થતું સત્ય) છે, (વ્હાલા બંધુઓ! આ માટે આપણે કર્મગ્રંથાદિ દ્રવ્યાનુયોગ વિષય ખાસ અભ્યાસ કર્ત્તવ્ય છે) તેમજ આ ભાઇને કાળપરિપાક થયો. સ્વભાવ વિકાર યોગ્ય હતો. સામગ્રી, ખાનપાન, વિષયભોગ, એવાં પ્રાપ્ત થયાં, જોગવાઈ એવી મળી કે, બીજા સહકારી કારણો મળ્યે સતે તેને શારીરિક વિકાર થાયજ. પૂર્વ પ્રારબ્ધ પણ એવાં કે એ વિષયાદિનું ભાજન થયો. ઓછામાં પુરૂં અનાચાર સેવવા રૂપ એવો અશુભ ઉદ્યમ આદર્યો કે એ તેને શીઘ્ર મૃત્યુનું કારણ થયો, આમ પાંચે કારણ મળતાં તેનું મૃત્યુ થયું.

(૫) એકાંત ઉદ્યમ માનનારનું સમાધાન.

વ્હાલાભાઈ! તમે તો મને બહુ પ્રિય લાગો છો. તમારો સદા જય છે. આપણા બધાના હાથમાં કાર્યસિદ્ધિ અર્થે કોઈ પણ સ્વાધીન કારણ હોય તો તે પુરૂષાર્થ છે. પણ વ્હાલા વીર! એકલો ઉદ્યમ કાર્યસાધક નથી. તમારો પૂર્વનાં બીજા ચાર ભાઇયોના મનનું સમાધાન કરેલ છે; તે તમારા ધ્યાનમાં આવ્યું હશે. એટલે મને ખાત્રી છે, કે તમે તમારો હઠ છોડી દેશો. કાર્યસિદ્ધિનાં કારણોમાં ઉદ્યમને પ્રધાન પદ આપવું યોગ્ય છે. છતાં એ એકજ કારણ છે, એમ નથી, કાર્યની નિષ્પત્તિ માટે પાંચ સમવાય જે ઉપર વિસ્તારથી જણાવ્યાં છે, તેની ખાસ જરૂર છે.

ઉપસંહાર કંઈ વિશેષ.

શ્રી સિદ્ધસેન દિવાકરજીની આ વિષયના મુખપૃષ્ઠપરની ગાથાનો વિવેક થયો. એ ગાથા બરાબર જાણી, તેને લક્ષમાં લઈ, તેનો ઉપયોગ આપણા શ્રેયાર્થે આપણે કરિયે તો આપણું પરમ કલ્યાણ થાય એમ છે. શ્રી **શ્રેણિક મહારાજે** બધી સામગ્રી મેળવી હતી; પણ પ્રબળ ચારિત્ર મોહનો ઉદય હતો. **શ્રી કૃષ્ણ વાસુદેવ ભગવાન્ નેમનાથજીની** સ્તુતિ કરતાં ઉદ્દગાર કાઢે છે કે:—

"ચરણ વિરાધી ઉપન્યો એ,
હું નવમો વાસુદેવ,
"તિણે મન નવિ ઉલ્લસે એ,
ચરણ ધરમની સેવા"
"હાથી જેમ કાદવ કળ્યો એ,
જાણું ઉપાદેય હેય,
તોપણ હું ન કરી શકું એ,
દુષ્ટ કરમનો ભેય" (ભેદ).

શ્રી કૃષ્ણને પણ બધી સામગ્રી તૈયાર હતી; પણ પ્રબળ ચારિત્ર મોહના ઉદયથી લાચાર થઇ પડયા. બંધુ ! ખરેખરો પુરૂષાર્થ જ્યારે તેમણે કરવા માંડયો, ખરેખર સમ્યગ્ જ્ઞાન જ્યારે તેમને થયું. ત્યારે તેમને જણાયું, કે તેઓના પુરૂષાર્થને હઠાવે એવાં કેવાં તીવ્ર કર્મો તેમને ઉદય આવ્યાં છે. **શ્રી શાલિભદ્રજીને** પણ બધી સામગ્રી હાજર હતી; પણ તેઓનાં પુણ્યની રાશિ ખપી ગએલ નહિં હોવાથી તેઓ તદ્દભવે મોક્ષ ન પામ્યા. આ બધા, પૂર્વકૃત યોગે તેજ ભવે સિદ્ધ ન થયા, પણ દૃષ્ટિ સાધ્ય હોવાથી, શુદ્ધોપયોગવંત હોવાથી હવે શીઘ્ર સિદ્ધ થશે. એમ અનેક પુરૂષરત્નો અનેક મહાત્માઓ સિદ્ધશે, પણ તે બધાં પાંચ કારણો પામીને. **શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિને** બધી સામગ્રી પ્રાપ્ત થઈ હતી; અને મોક્ષનાં વિઘ્નભૂત સાતમી નર્કનાં દળિયાં ઉપાર્જ્યાં હતાં; પણ પ્રબળ પુરૂષાર્થે સમય માત્રમાં શુકલ ધ્યાનરૂપ સાધ્ય દૃષ્ટિએ તે દળિયાં વિખેરી નાંખી અનુપમ દિવ્ય કમળાને વર્યા; **શ્રી દૃઢપ્રહારીનું** પણ તેમજ જાણવું. આપણે પણ પરમ પુરૂષાર્થે સાધ્ય દૃષ્ટિ હશે, તો ગમે તેવાં અંતરાયભૂત કર્મ છતાં વેલા મોડા મુક્તિ વરશું. અંતરાયભૂત કર્મ છે કે નહિં, તેઓ શિથિલ છે કે નિકાચીત છે, તરતમાં ઉદય આવેલા વેદી શકાય એમ છે કે નહિં, ચારિત્ર મોહ ટળવા દે એવાં છે કે નહિં, ચારિત્ર મોહ છે કે નહિં, છે તો કેવો છે,—એ આદિ આપણે જે પુરૂષાર્થ કરિયે તોજ આપણને ખબર પડે. અભ્યાસ કરનારજ પ્રશ્નોત્તર કરી શકે; મુશ્કેલીઓ કાર્યસાધકનેજ જણાય, પ્રમાદીને શું ખબર પડે ? બંધુઓ ! આપણે આ માટે પુરૂષાર્થ કર્ત્તવ્ય છે. તથાસ્તુ !

બંધુઓ ! આ પાંચ સમવાય કહેવાયાં, વ્યવહારમાં કે પરમાર્થમાં, સંસાર વૃદ્ધિ માટે કે મોક્ષ હેતુ એ, શુભ ગતિ માટે કે અશુભ ગતિ માટે, સુકાર્ય સિદ્ધિમાં કે દુષ્કૃત સિદ્ધિમાં—ગમે તેમાં આ પાંચે સમવાય કારણો મળે તોજ સિદ્ધિ છે. દાક્તર, બારિષ્ટર, ગમે તે ધંધાર્થી થી માંડી, શુકલ ધ્યાનમાં સ્થિત પરમગુરૂ સુધી દરેક કાર્યસાધનમાં આ સમવાયો સહકારી છે. આમ કાર્યસિદ્ધિનું રહસ્ય કહેવાયું. પ્રકારાંતરે પરમ રાહસ્યિક કારણ પુરૂષાર્થ ગણાયો. તો બંધુઓ ! ચાલો આપણે પણ પુરૂષાર્થ કરિયે ! સાધ્ય દૃષ્ટિ સાધિયે ! તેથી આપણને અનુપમ દિવ્ય લક્ષ્મી સાંપડશેજ. તથાસ્તુ !

શ્રી મોહમયી માંડવી
ચૈત્ર વદી ૧૩
મંગળવાર.

લી. ક્ષમાશ્રમણ ચરણ સેવક.
મનસુખ વિ. કીરતચંદ મહેતા.

જૈન ગ્રેજ્યુએટો તથા સંસ્થાઓ પ્રત્યે.

જૈન ગ્રેજ્યુએટો અને સંસ્થાઓનું એક રજીસ્ટર ગત કન્વેન્શન વખતે થએલા ઠરાવ અન્વયે આ સંસ્થાની ઓફીસમાં રાખવામાં આવ્યું છે, જેથી વિનંતિ કરવાની કે પોતપોતાના નામો વિગત સાથે સત્વરે ઉક્ત રજીસ્ટરમાં નોંધાવવા માટે નીચેના સીરનામે લખી જણાવવું.

એસીસ્ટંટ સેક્રેટરી,

શ્રી જૈન શ્વેતાંમ્બર કોન્ફરન્સ.

૨૦, પાયધુની મુંબઇ ૩.

અમારા અમદાવાદના એજન્ટ:-

રા. જગશીભાઇ મોરાર

ઠે. અંબાલાલ હીરાલાલ પટેલના ઘર પાસે,

માદલપુરા-અમદાવાદ.

આ માસિક અમદાવાદમાં તેમના મારફતે ગ્રાહકોને પહોંચાડવા ગોઠવણ કરવામાં આવી છે. અમદાવાદના અમારા ગ્રાહકોને તેમજ અન્ય બંધુઓને જણાવવાનું કે નીચેના પુસ્તકો પણ તેમની પાસેથી વેચાતા મળી શકશે.

"જૈન ગુર્જર કવિઓ" (પ્ર. ભાગ), "જૈન શ્વેતામ્બર મંદિરાવલિ",

"જૈન ડીરેક્ટરી" ભાગ ૧-૨, "જૈન ગ્રંથાવલિ", વિગેરે.

અમદાવાદના ગ્રાહકો પ્રત્યે વિજ્ઞપ્તિઃ—આપનું લવાજમ હજુ સુધી મોકલાયું ન હોય તો સત્વરે અમારા એજંટને આપી પહોંચ લેશોજી.

—વિના વિલંબે—

વાંચો　　વિચારો　　અમલ કરો.

શ્રી શત્રુંજય અંગે ખાસ અધિવેશન ભરી તે સમયે શત્રુંજય પ્રચાર કાર્ય સમિતિ નીમી, સભાઓ ભાષણો પત્રિકાઓ દ્વારા, ઉક્ત સમિતિના સભ્યોના સતત પ્રવાસ દ્વારા કૉન્ફરન્સે કોમમાં ઐક્ય, જોષ અને ચેતન ટકાવી રાખવા પ્રયાસ કર્યા છાપાઓ દ્વારા તેમજ ટપાલ દ્વારા દેશ વિદેશમાં આ પ્રશ્નને જાણીતો કરી પ્રગતિમાન કરવા સતત કાર્ય કર્યું તે કૉન્ફરન્સના અસ્તિત્વનેજ આભારી છે.

—કોન્ફરન્સનું અસ્તિત્વ ચહાતા હોતો—

એજ ખાસ અધિવેશનનો નીચેનો ઠરાવ વાંચો.

૧૩　"શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું આ ખાસ અધિવેશન સમસ્ત હિંદના જૈન સંઘોને સુકૃત ભંડાર ફંડમાં પૈસા ભરવા આગ્રહ પૂર્વક ભલામણ કરે છે.

વિજ્ઞપ્તિ. આ ઠરાવ વાંચી આપ સંઘની સભા બોલાવી દર વર્ષે આપના સંઘનો ફાળો તુરતજ એકઠો કરી મોકલી આપો, અને પ્રતિવર્ષ મોકલતા રહો.

કેળવણી આદિ અનેક કાર્યો આ ફંડ ઉપરજ આધાર રાખે છે. જરૂર પુણ્ય કાર્ય કરો.

નોટ. આ ફંડની ઉત્પન્નમાંથી ખર્ચ જતાં અર્ધા નાણાં કેળવણીમાં ખર્ચાય છે. બાકીના અર્ધા નાણાં કૉ. નિભાવ ફંડમાં લઇ જવામાં આવે છે જેમાંથી સમાજ હિતના અનેક કાર્યો થઇ શકે.

શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબાઇ ૩.
તારનું સરનામું:—
Hindsangh.

લી૦ સેવકો,
ચીનુભાઇ લાલભાઈ શેઠ.
એ. રેસીડેન્ટ જનરલ સેક્રેટરી.

દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

સંપાદક : ગિજુભાઇ અને તારાબેન

દરેકનો દોઢ આનો

ગણપતિ બાપા	તિરંદાજ
ચેલગો	ગામડામા મળજો
ઝીણુ હતું ઊણું હતું	બાળ પ્રવાસો
હજામડી	મારા ગોઠીયા
કબાટ	જરા હસો
બાળકોનો બિરબલ	ક્યાંથી આવ્યાં ?
ગોપીચંદ	મકનો ને રાક્ષસ
બાળ નાટકો	ભંડારમાંથી
હંસ અને હંસા	ટપાલની પેટી

બાલમિત્ર પ્રકાશન

કુમાર વીરસેન (ચન્દ્રશંકર)	૦–૬–૦
ચાર બાલસંવાદો (,,)	૦–૩–૦
સિદબાદ શેઠ (,,)	૦–૭–૦
બાલમિત્રની વાતો ભા. ૧	૦–૮–૦

એક આના બાલસાહિત્યમાળા

અંગુઠિયાભાઇ (ચંદ્રશંકર)
કમળા અને બુલબુલ (ગિજુભાઇ)
વીર કથાઓ ભા. ૧ (ચન્દ્રશંકર)
રામો (,,)
કાનો ભરવાડ (,,)
રંગની પેટી (ગિજુભાઇ)
ઘરમાં રમવાની રમતો

ગાંડીવ બાલસાહિત્ય

તોફાની ટીપુડો	૦–૬–૦
ધૂપસળી	૦–૪–૦
કચુંબર	૦–૩–૦
બાલવિહાર ભા. ૨	૦–૬–૦
મોતીનાં દાણાં	૦–૫–૦
એક હતો કુતરો	
કેરીનાં ભજીયાં	૦।≈ શેર

ગૂજરાત સાહિત્ય મંદિર ગ્રન્થાવલી

સુંદર વાતો (ગિજુભાઇ)	૦–૬–૦
ભેરૂ (ગિ૦ અને જુ૦)	૦–૯–૦
પડઘા (ધૂમકેતુ)	૦–૫–૦
દેવકથાઓ (ચન્દ્રશંકર)	૦–૬–૦
શકુન્તલા (મે.ઘીબેન)	૦–૫–૦
લોકગીત સંગ્રહ ભા. ૨ (ગિજુભાઇ)	૦–૬–૦

પરચુરણ બાલોપયોગિ સાહિત્ય

બાલ પંચતંત્રની વાતો	૦–૪–૦
ઘરમા રમવાની રમતો	૦–૫–૦
સુદામા ચરિત્ર	૦–૮–૦
સદ્ઉપદેશ	૦–૧૦–૦
બાલ ભાગવત	૦–૧૦–૦
એડવર્ડનું જીવન ચરિત્ર	૦–૧૨–૦
નીતિશાસ્ત્રનાં મૂળતત્વો ભા. ૧–૨	૦–૧૧–૦
સતી મહિમા	૦–૩–૦
બાલ વાર્તા	૦–૩–૦
બાલવીર	૦–૮–૦
ઘરમાં અને બહાર રમવાની રમતો	૦·૧૨·૦
મયુરધ્વજ આખ્યાન	૦–૪–૦
ભીમચાતુર્ય	૦–૪–૦
બાળ સંગીતમાળા ભા. ૧	૦–૩–૦
એકલવ્ય અને ધ્રુવ	૦–૪–૦
કુંવરબાઇનું મામેરૂં	૨–૦–૦
વીર અભિમન્યુ	૦–૮–૦
અલાદીન અને દેવતાઇ દીવો	૦–૬–૦

એસ. જે. શાહ, ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય : આકલપુર : અમદાવાદ

મહાવીર જીવનનો મહિમા ભેટ

જૈન દર્શન

જૈન દર્શનનો પરિચય કરાવનાર એક અતિ ઉત્તમ પુસ્તક છે. હરિભદ્ર સૂરિના ષડ્દર્શન સમુચ્ચયમાંથી છૂટું પાડી વિસ્તૃત વિવેચન સાથે લખવામાં આવેલ છે. પ્રસ્તાવનામાં શ્રી. હરિભદ્ર સૂરિના સંબંધમાં શ્રીમાન **સાગરાનંદ સૂરિએ** ઉઠાવેલી શંકાનો જ ઉહાપોહ કરવામાં આવેલ છે.

કિંમત રૂા. ૨—૦—૦

સામયિક સૂત્ર

સંપાદક મોહનલાલ દલીચંદ દેસાઇ. વિસ્તૃત માહિતી અને તેના ભાવાર્થ સાથે, હાઇસ્કૂલો તથા કોલેજોમાં પાઠ્યપુસ્તક થઇ શકે તેવું પુસ્તક. વિશેષ માહિતી માટે પત્રથી ઉત્તર માગો. ૦—૧૦—૦

મહારાષ્ટ્રના વિદ્વાન પં. સાતવળેકરનાં ઉત્તમોત્તમ પુસ્તકો :

આસન (આસનને લગતું ઉત્તમ પુસ્તક)	૨—૦—૦
બ્રહ્મચર્ય (બ્રહ્મચર્યની સુંદર મીમાંસા)	૧—૪—૦
મહાભારતની સમાલોચના (સ્વર્ગનરકની મીમાંસા ભાગ બે)	૧—૦—૦
આસનકા ચિત્રપત્ર	૦—૩—૦
વેદમેં ચર્ખા	૦—૮—૦
અર્થવવેદ સુબોધ ભાષ્ય ભાગ બે. દરેકના	૨—૦—૦

આ સિવાય જૈનધર્મનાં તેમજ ગુજરાતી સાહિત્યના, કોઇ પણ સંસ્થાનાં જેવી કે વિદ્યાપીઠ, દક્ષિણામૂર્તિ, સૌરાષ્ટ્ર, નવજીવન, પુરાતત્ત્વમંદિર, ગાંડીવ, પ્રેમભક્તિ ગ્રન્થમાલા અને સંસ્કૃતનાં કોઇ પણ પુસ્તક માટે લખો :
વિસ્તૃત સૂચિપત્ર મફત.

એસ. જે. શાહ.
ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય,
માદલપુર : અમદાવાદ.

શ્રી ઢૌંડો કેશવ કર્વેનું આત્મચરિત્ર
ભા. ૧ રૂ. ૩-૦-૦; ભા. ૨ રૂ. ૦-૧૨-૦
"બાળકો ઉપર સુસંસ્કાર પાડવાને અભિલાષી દરેક માબાપ અને નિશાળે આ પુસ્તક લેવું જ જોઇએ."
'પ્રસ્થાન'

રાજપુત જીવનસંધ્યા ૧-૦-૦

મહારાષ્ટ્ર જીવનપ્રભાત ૧-૮-૦
"રમેશચંદ્ર દત્ત જેવા સમર્થ એના મૂળ લેખક અને પેલા જગવિખ્યાત ગેરીબાલ્ડીનું ચરિત્ર લખવા માટે જેલ ગયેલા ગુર્જરવિખ્યાત શ્રી. નરસિંહભાઇ પટેલ એને ગુજરાતીમાં ઉતારનાર-આટલું આકર્ષણ એ પુસ્તકો વાંચવા માટે ઓછું છે ?" કુમાર

ખાદી નિબંધ ૧-૦-૦
ખાદી માટેની વેદકાળથી માંડીને આજ સુધીની ઐતિહાસિક વસ્તુ જાણવા માટેનું ઉત્તમોત્તમ પુસ્તક

આવું કેમ સૂઝ્યું ? ૦-૬-૦
ટૉલ્સ્ટૉયની એક સુંદર નવલિકા.

આખ્યાયિકાઓ ૦-૮-૦
(લે. નૃસિંહપ્રસાદ ભટ)
મહાભારતની કેટલીક ઉત્તમ કથાઓ શ્રી. ભટે પોતાની ઓજસ્વી કલમથી લખી છે.

જાતક કથાઓ ૦-૮-૦
લેખક હરભાઈ. બૌદ્ધ સાહિત્યની ઉત્તમ બાલોપયોગી કથાઓ

કાવ્ય સમુચ્ચય ભાગ ૨ ૧-૮-૦
સં. રામનારાયણ પાઠક

કાવ્યપરિચય ભા. ૧-૨
સંપાદક: રામનારાયણ પાઠક
નવીનદાસ પારેખ
પ્રાચીન તેમજ અર્વાચીન કવિઓનાં કાવ્યોમાંથી પસંદગી. દરેકના ૦-૧૦-૦

કલ્લોલિની: લેખક નરસિંહરાવ ૦-૧૦-૦

પૂર્વાલાપ અને બીજાં કાવ્યો ૧-૪-૦

ગોરક્ષા કલ્પતરૂ ૦-૫-૦

પ્રભાતનાં રંગો (વિજયરાય વૈદ્ય) ૨-૪-૦

યુરોપનાં સંસ્મરણો ૧-૮-૦
લેખક મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ સોલીસિટર. યુરોપને લગતી લગભગ દરેક માહિતીથી આ પુસ્તક ભરચક છે. વાંચવા યોગ્ય છે અને સંગ્રહવાયોગ્ય છે.

ચુંદડી (મેઘાણી) ૦-૧૦-૦

હાલરડાં („) ૦-૪-૦

સોરઠી બ્હારવટીઆ ભા. ૧ ૦-૮-૦

„ ભા. ૨ ૦-૮-૦

હંગેરીનો તારણહાર ૦-૮-૦

વેણીનાં ફુલ (બીજી આવૃત્તિ)
આ બીજી આવૃત્તિમાં આસમાની શાહીની સ્વચ્છ છપાઇ, મોટા અક્ષરો, મનોહર રંગરંગ.
"કહે છે કે ચોપડી બહાર પડયાને તો થોડા દિવસો ન્હોતા થયા અને આ ગીતો સમુદાયને કંઠે ચઢી ગયાં" સાબરમતી.

કવિશ્રી ન્હાનાલાલ કૃત

શકુન્તલાનું સંભારણું	૧-૪-૦
યુગપલટો અને મહાદર્શન	૧-૦-૦
ઉદ્બોધન	૧-૮-૦
અર્ધશતાબ્દિના અનુભવ બોલ	૧-૦-૦
સંસાર મન્થન	૧-૮-૦
વિશ્વ ગીતા	૧-૮-૦
ઇંદુકુમાર અંક ૨ જો	૧-૮-૦
કેટલાંક કાવ્યો. ભા. ૧ (બીજી આવૃત્તિ)	
વસન્તોત્સવ (ત્રીજી આવૃત્તિ)	૧-૦-૦
જયા-જયન્ત (ચોથી આવૃત્તિ)	૧-૦-૦
ન્હાના ન્હાના રાસ ભા. ૧ (છઠ્ઠી આવૃત્તિ)	૦-૧૨-૦

શ્રી મહાવીર જૈન વિદ્યાલય

શ્રી સારાભાઈ મગનભાઈ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમા ધોરણ સુધીના અભ્યાસ માટે.

(૨) ટ્રેઈનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેન્ડ શિક્ષક થવા માટે.

(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.

(૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઈપ રાઈટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે.

(૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઈંગ, ફોટોગ્રાફી, એન્જીનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે.

(૬) દેશી વૈદકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચો સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ-ગ્રાંટરોડ-મુંબઈ લખો.

સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પૂરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ,

સને ૧૯૨૫ ના સાતમા એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.

હેડઓફીસ:—ટાઉન હોલ સામે-મુંબઇ.

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦ દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દરશેરે રૂા. ૫) અરજી સાથે રૂ. ૧૦) એલોટમેંટ વખતે, અને રૂ. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન ૭ આનાના વ્યાજે તથા ત્યારપછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે **ઑનરરી સેક્રેટરીને** ...લ સામે, કોટ, મુંબઈ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે, શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું

આ પત્ર મુંબઈની શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ માટે ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું અને હરિલાલ નારદલાલ માંકડે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ આફીસ, ૨૦ મુંબઈમાંથી પ્રગટ કર્યું.

-८३२

No. B. 1996.

॥ नमो तित्थस्स ॥

જૈન યુગ

[શ્રી૦ જૈન શ્વે૦ કૉન્ફરન્સનું માસિક-પત્ર]

વાર્ષિક લવાજમ રૂ. ત્રણ.

પુસ્તક ૫ | આષાઢ-શ્રાવણ

અંક ૧૧-૧૨ | ૧૯૮૬

માનદ તંત્રી

મોહનલાલ દલીચંદ દેશાઈ

બી. એ. એલએલ. બી.

એડવોકેટ હાઇકોર્ટ, મુંબઈ

અનુક્રમણિકા.

સૂચનાઓ—

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકો જ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ, મનન અને શોધખોળના પરિણામે લખાયેલા સર્વ લેખો, વાર્તાઓ અને નિબંધોને પ્રથમ સ્થાન મળશે.

૩ લેખકોએ તેમજ અવલોકન માટે પુસ્તકો મોકલવા ઇચ્છતા સજ્જનોએ તંત્રી સાથે પરબારો પત્રવ્યવહાર કરવો.

૪ કોઇપણ લેખ પૂર્વે જાતે કે બીજાએ અન્ય સ્થળે પ્રસિદ્ધ કર્યો હોય તો તે કૃપા કરી ન મોકલવો.

૫ લવાજમ સંબંધી તેમજ જૈનયુગ મંગાવવા કે ન પહોંચ્યાની ફર્યાદ કરવા વગેરે સર્વ બાબતનો પત્રવ્યવહાર જૈન શ્વે૦ કૉન્ફરન્સ ઑફિસ, ૨૦ પાયધુની મુંબઈ નં. ૩ એ સરનામે કરવો. તે માટે તંત્રીને તસ્દી આપવી નહિ, તેમ તે પર તંત્રી ધ્યાન આપી શકશે નહિ.

મોહનલાલ દલીચંદ દેશાઈ, B. A. LL. B.

એડવોકેટ, હાઇકોર્ટ લોહારચાલ, **મુંબઈ, માનદ તંત્રી.**

પ્રાપ્તિસ્થાન ને પત્રવ્યવહાર.

જૈન શ્વે. કૉન્ફરન્સ ઑફિસ, ૨૦ પાયધુની મુંબઈ.

જૈનયુગ.

卐

થાઉં. અન્ત્યજને અસ્પૃશ્ય ગણવામાં હું અધર્મ માનું છું, ને અધર્મ આચરીને દેશહિત કરવાની મારી લેશ ઇચ્છા નથી. મારી દૃઢ માન્યતા છે કે દેશમાં જ્યારે ખરી ધર્મ જાગૃતિ થશે ત્યારેજ સ્વરાજ મળશે. એવી જાગૃતિનો સમય આવ્યો જણાય છે...... (૭૨૨)

'મેં જો કંઇપણ વસ્તુનું આ જગતમાં અનન્ય દૃઢતાથી સેવન કર્યું હોય તો તે અહિંસાનું, સત્યનું ને બ્રહ્મચર્યનું તે ત્રણેનું પાલન કેટલું કઠિન છે એ મારો આત્માજ જાણે છે, ત્રણેનું કાયિક વાચિક પાલન મેં સારી રીતે કર્યું છે એમ મારી માન્યતા છે. મનમાં ક્રોધ નથી આવ્યો એમ કહું તો અસત્ય ભાષણ થાય; મનમાં વિષયવાસના નથી જાગેલી એમ માનસિક પાલનનો પ્રભાવ છે એમ માનું છું. (૭૫૪)

'હું નિર્મળ થવા અને રહેવા પ્રયત્ન કરૂં છું; ભૂલથી ભરેલો' છું, ભૂલ સુધારવા તત્પર છું. આ જગતમાં એવું મારૂં કંઈજ નથી કે જે હું છૂપાવવા ઇચ્છું છું. જે વિચારો મને સૂઝે છે તે હું તુરત જાહેર કરૂં છું. પણ હું અતિશય વિચારપૂર્વક કામ કરનારો હોવાથી મારો મત એકાએક છોડી શકતો નથી. આથી મને મારા સાથીઓ પણ 'આપખુદી' માનતા હોય તો નવાઇ નથી. હું 'ઑટૉક્રેટ' નથી એવી મારી નમ્ર માન્યતા છે. આપખુદ માણસ બીજાનું સાંભળવાજ ઇચ્છતો નથી. મને તો એવાં જ સ્મરણ છે કે હું બાળકોનું પણ સાંભળું છું, અને

જૈનયુગ.

卐

ઉન્નત વિચાર માત્રથી બ્રહ્મચર્યનું પાલન તદ્દન શક્ય ને સહેલું છે. વાંચનાર ઘડીભર અંતરિક્ષમાં શાંત ચિત્તે વિચારે ને બ્રહ્મચર્યખંડનની મલિનતાનો પૂરો ચિતાર પોતાની આંખ આગળ ખડો કરે તો તેને ચીતરી નહિ ચડે? પણ જ્યારે મનુષ્યને મેલા વિચાર આવે છે ત્યારે તે ઘેલો બને છે; તે શરાબ પીધા વિના મૂર્છિત થાય છે ને બેભાન સ્થિતિમાં મેલી ક્રિયામાં સુખ માને છે, ને ક્ષણિક સુખ ભોગવ્યા પછીનો કડવો અનુભવ ભૂલી જઈ પાછો તેનો તેજ બને છે.

બ્રહ્મચારી દુર્બળ હોયજ નહિ. તેનું મન, તેનું શરીર, તેનો આત્મા ધાર્યું કામ આપે છે. બ્રહ્મચારીને પશુબળની આવશ્યકતા નથી. ઘણા એમ માનતા જણાય છે કે બ્રહ્મચારી એટલે પશુબળવાળો, બ્રહ્મચારીનું શરીર થાકતું જ નથી એમ કહીએ તો ચાલે. એવા બ્રહ્મચારી ક્વચ્ચિતજ જોવામાં આવે છે.

—મહાત્મા મોહનદાસ. ૧૨: ૨: ૨૨:

પુસ્તક ૫ વીરાત્ સં. ૨૪૫૬ વિ. સં. ૧૯૮૬ આષાઢ-શ્રાવણ અંક ૧૧-૧૨

મહાત્માજીને સમજો ને તેમના વિચારોને જ્ઞાનપૂર્વક અનુસરો.

'હું ધર્મયજ્ઞમાં દેશને પણ હોમવા તૈયાર થાઉં એવી મારી ભાવના છે. મારૂં સ્વદેશાભિમાન ધર્માભિમાનથી મર્યાદિત છે; તેથી જો દેશહિત ધર્મહિતનું વિરોધી હોય તો દેશહિતને જતું કરવા હું તૈયાર થાઉં. અન્ત્યજને અસ્પૃશ્ય ગણવામાં હું અધર્મ માનું છું, ને અધર્મ આચરીને દેશહિત કરવાની મારી લેશ ઇચ્છા નથી. મારી દૃઢ માન્યતા છે કે દેશમાં જ્યારે ખરી ધર્મ જાગૃતિ થશે ત્યારેજ સ્વરાજ મળશે. એવી જાગૃતિનો સમય આવ્યો જણાય છે...... (૭૨૨)

'મેં જો કંઇપણ વસ્તુનું આ જગતમાં અનન્ય દૃઢતાથી સેવન કર્યું હોય તો તે અહિંસાનું, સત્યનું ને બ્રહ્મચર્યનું તે ત્રણેનું પાલન કેટલું કઠિન છે એ મારો આત્માજ જાણે છે, ત્રણેનું કાયિક વાચિક પાલન મેં સારી રીતે કર્યું છે એમ મારી માન્યતા છે. મનમાં ક્રોધ નથી આવ્યો એમ કહું તો અસત્ય ભાષણ થાય; મનમાં વિષયવાસના નથી જાગેલી એમ કહું તો પાપી બનું. છતાં, આ ત્રણે વ્રતનું સર્વાંશે પાલન કરવાની પૂર્ણ શક્તિ મારામાં આવી ગઇ હોય તો જે સંશય રા૦......ને ઉદ્‌ભવ્યો છે તે ન જ ઉદ્‌ભવત, એવો એ ત્રણ વ્રતના કાયિક, વાચિક ને માનસિક પાલનનો પ્રભાવ છે એમ માનું છું. (૭૫૪)

'હું નિર્મળ થવા અને રહેવા પ્રયત્ન કરૂં છું; ભૂલથી ભરેલો છું, ભૂલ સુધારવા તત્પર છું. આ જગત્‌માં એવું મારૂં કંઇજ નથી કે જે હું છૂપાવવા ઇચ્છું છું. જે વિચારો મને સૂઝે છે તે હું તુરત જાહેર કરૂં છું. પણ હું અતિશય વિચારપૂર્વક કામ કરનારો હોવાથી મારો મત એકાએક છોડી શકતો નથી. આથી મને મારા સાથીઓ પણ 'આપખુદી' માનતા હોય તો નવાઇ નથી. હું 'ઑટૉક્રેટ' નથી એવી મારી નમ્ર માન્યતા છે. આપખુદ માણસ બીજાનું સાંભળવાજ ઇચ્છતો નથી. મને તો એવાં જ સ્મરણ છે કે હું બાળકોનું પણ સાંભળું છું, અને

તેમની પાસેથી ઘણુંયે શીખ્યો છું. મેં ભરવાડો, ખેડૂતો પાસેથી ઘણુંયે જ્ઞાન મેળવ્યું છે.

'મેં કોઇને ધર્મગુરૂનું પદ આપ્યું નથી. મને પોતાને હું તે પદને સારૂ લાયક ગણતો નથી. જ્યાં સુધી મનથી, વાચાથી ને કાયાથી હું યમનિયમાદિનું વ્રત સંપૂર્ણપણે પાળવાની શક્તિ નથી મેળવી શક્યો ત્યાં સુધી અનેક ભૂલોને પાત્ર છું. તેવા માણસથી કોઇને શિષ્ય બનાવાય જ નહિ. એક જ મિત્રને તેના આગ્રહને વશ થઇ શિષ્ય ગણવાની થોડાં વર્ષો પહેલાં મેં ભૂલ કરેલી; તેમાં હું ડંખાયો. મારૂં ગુરૂપણું ચાલીજ ન શક્યું. મારી પરીક્ષા ખોટી હતી. (૭૫૫)

'આ યુગમાં કોઇને ગુરૂ બનાવવા અથવા કોઇએ ગુરૂ બનવું એ બહુ જોખમકારક ગણું છું. ગુરૂમાં આપણે પૂર્ણતા કલ્પીયે છીયે. અપૂર્ણ મનુષ્યોને ગુરૂ બનાવી આપણે અનેક ભૂલોમાં પડીયે છીયે. તેથી જ મેં ઇરાદાપૂર્વક કહ્યું છે કે મારા **વિચારના** અનુયાયી મને પસંદ છે; અનુયાયી હું ઇચ્છતો નથી. વિચારોને અનુસરવામાં જ્ઞાનની આવશ્યકતા છે. મનુષ્યને અનુસરવામાં શ્રદ્ધા પ્રધાન છે. હું મારી શ્રદ્ધાભક્તિ માગતો નથી; મારા વિચારોની ભક્તિ અવશ્ય માગું છું. તે તો જ્ઞાનપૂર્વક જ હોય. એમ છતાં હું જાણું છું કે અત્યારે અનેક માણસો મારી ઉપર મોહિત હોવાથી મારા વિચારોને અનુસરે છે. તેમનું પાપ હું નહિ વહોરૂં, કેમકે તેઓને હું મારા અનુયાયી નથી ગણતો. મારા અનુયાયી ને મારા વિચારના અનુયાયી વચ્ચે એટલો તફાવત છે જેટલો ગ્લૅડસ્ટને એક માણસને મૂર્ખ કહેવો-ને તેના વિચારોને મૂર્ખ કહેવામાં બતાવ્યો હતો.

'ચરણસ્પર્શથી ને જયઘોષોથી હું બહુ અકળાયેલો છું, ભાઇ......તે ચરણસ્પર્શરૂપી પ્રહારથી મને બચાવવા હમેશાં ભારે પ્રયત્નો કરે છે, ઘણા સ્વયંસેવકો પણ તેમાં રોકાયલા રહે છે. પણ તેમાંથી હું સાવ બચી શક્યો નથી. તેની સામે અપવાસ કરીને અમર લોકોની સામે અબોલાનું વ્રત લઇ સત્યાગ્રહ કરવાની મારામાં હિમ્મત નથી, મને ઇચ્છા નથી. જયઘોષથી હું એટલો અકળાઉં છું કે મારા કાનમાં હું ઘણીવેળા ખરેજ રૂનાં પુમડાં મુકું છું, પૂજાથી ભૂલાવામાં ન પડવાની ને તિરસ્કારથી મારૂં કર્ત્તવ્ય ન છોડવાની હું રા૦...ને ખાત્રી આપુંછું.(૭૫૬)

'અહિંસા ધર્મનો સંપૂર્ણ પાળનારો જ સંપૂર્ણ મરદાની બતાવી શકે. એક માણસ પણ અહિંસા જીવન સંપૂર્ણપણે ગાળવાને તૈયાર હશે તો દુનિયાને વશ કરી શકશે. હું નમ્રતાથી કહીશ કે **આજે મારા આ જર્જરિત દેહે પણ આટલી ભારે લડત ઉઠાવવાની મારી કંઇક શક્તિ છે, તેનું કારણ મારૂં અહિંસાધર્મનું પાલન છે.** અને હિન્દુ પોતાના ધર્મને ઓળખી તેને માનશે તો પોતાની છાપ જગતમાં પાડશેજ. હિન્દુસ્તાન જે દિવસે હિંસા ધર્મને પ્રાધાન્ય આપશે તે દિવસે મારૂં જીવન શૂન્યરૂપ થઇ પડશે.

'આ ધર્મમંદિરમાં હું આપની પાસે એટલું જ માગું છું કે **આત્મવિકાસના આ યુદ્ધમાં** મને **ઇશ્વર આરોગ્ય અને સન્મતિ આપે, દોષ અને કાયરતાથી મને સદાય વેગળો રાખે** એવી તમે પ્રાર્થના કરો.' (૫૧૧)

—ગાંધીજી.

રેંટિયો

'રેંટિયો નિરૂપયોગી તો નથીજ, પણ તે દરેક ઘરની આવશ્યક અને જેના વિના ન ચલાવી શકાય તેવી ઘરવખરી છે. દેશની બરકતનું અને દેશની મુક્તિનું તે ચિન્હ છે. દુનિયાના દેશોને દ્વેષનો નહિ પણ પ્રીતિનો અને સ્વાશ્રયનો સંદેશો તેના મીઠા ગંભીર સૂરથી તે સંભળાવે છે. કરોડાના એક એટલા નિશ્ચયની તેને જરૂર છે કે અમારાજ ઘરમાં આજે જેમ અમે અમારા કુટુંબ માટે અન્ન રાંધી લઇએ છીએ તેમ અમારાજ ઘરમાં અમે અમારા કુટુંબને માટે સુતર કાંતી લઇશું. મારી ઘણી ભૂલચુકો માટે હું ભવિષ્યની પ્રજાના શાપને પાત્ર ભલે હોઉં, પણ રેંટિયાને સજીવન કરવાની સલાહ આપવા સારૂ તો તેઓ મને આશિષજ આપશે એવો મારો અચળ વિશ્વાસ છે. તા. ૧૯-૧૨-૨૧. ગાંધીજી.

રેંટીઆની સઝાય.

પ્રથમ નમું મરૂદેવી મલ્હાર, જે જિન ઊતારિ ભવપાર,
કલિ કાલિ ભાવો ભાવના, લાભ ઘણુા હોઇ તેહના. ૧
શ્રાવકનિં ઘરિ હોઈ સંતાન, કઇ બેટો કિ બેટિ જાણિ,
સરિખિ ધરમ વંશ વિવાહ, કરિ ધરી નિજ મન
ઉછાહ. ૨
માબાપિં વર જોઉ ભલો, સહૂ સમ સખિ! પરણુ નાહલુ,
જાણ્યુતું સુખ સરજ્યું હસિ, પરણિ મૂઉ પનોતો તસિ. ૩
જિણિ જિમણો દીધો હાથ, તિણિ ભરતારિ મેહલ્યુ
સાથ,
તવ આદર્યો સુગુણ રતનસી, તેહસું પ્રીતિ જ
ગાઢી વસી. ૪
કહીઈં તે નવિ અલગો રહિ, ઘરનો ભાર સહૂ નિરવહિ,
હાથિ હાથ ન મેલિ કદા, નિત નાચિ વાત કરિ સદા. ૫
રતનસીનો રૂડો સાથ, ઘરસૂતારૂં એહનિ હાથિ,
કહિઇં પાસુ મેહલિ નહી, કહું કરઇ સુકલીણો સહી.૬
એ ભઈઆ સમ અવર ન કોઇ, પેટાફ્રટીઉં એહથી
હોઈ,
વિધવા સધવા સહૂ આદરિ, કલિયુગ પેટ ભરાઇ કરિ.૭
પાંચ સાત મલિ ગાઉ ગાન, રતનસીનિ કરો કલ્યાણ,
કુવચન કલંક તણો ભય ધરો, તો એ રતનસી આદરો.૮
એ રહિટીઉ મહકરયો કોઇ, હીઆ આગલિ રાખો સોઈ,
ધણીઆણી સુશ્રુષા કરિ, રતનસી રખે વીસરઇ. ૯
પ્રથમ દુખ જે સ્ત્રી અવતાર, બીજઉ દુખ જે મુઉ
ભરતાર,
ત્રીજું દુખ જે નહીં સુત રતન, ચોથું દુખ જે નહિં
ઘર ધન. ૧૦
પાંચમું દુખ જે કરવું પાપ, છઠું દુખ જે નહિ માયબાપ,
ગરજ ધરો તો વહિવો ભાર, બહુલાં દુખ તણો
ભંડાર. ૧૧
દુખ જાણી ચારિત્ર આદરો, નહિંતરિ સુધો સંવર કરો,
જિમ છૂટો સ્ત્રી વેદહ થકી, કાઢો જડ સઘલી પાપકી.૧૨
દુખ ઘણાં સુખ થોડાં હોઇ, જિનવર વચન વિચારી જોઇ,
એ સંસાર એહવો જાણયો, લાલવિજય દુખ ભાંખ્યો.

ઇતિશ્રી અરટીયા સઝાય.

(આ લાલવિજય તે શુભવિજયના શિષ્ય થાય. જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ નં. ૨૭૦ પૃ. ૪૮૭)

સાર—પ્રથમ મરૂદેવીના પુત્ર શ્રી ઋષભનાથને નમી તે જિન, ભવનો પાર ઉતારનારા છે એવી ભાવના કલિકાલમાં ભાવવાથી ઘણા લાભ થાય છે. શ્રાવકોને ત્યાં પુત્ર પુત્રી આદિ સંતાન થાય છે અને સરખા ધરમીના વંશમાં વિવાહ તેઓ ઉત્સાહપૂર્વક કરે છે. માબાપે મારા માટે સારો વર જોયો, નાથને પરણું ને જાણ્યું કે સુખ સરજેલું હશે, પણ પરણ્યા પછી પનોતો નાથ મૃત્યુ પામ્યો. જેને જમણો હાથ અર્પ્યો હતો તે ભર્ત્તારે સાથ મૂકી દીધો—સંસાર તજી ચાલી ગયો. એટલે સુગુણ રતનસી (રેંટીઆ)ને આદર્યો અને તેની સાથે ગાઢ પ્રીતિ બંધાઇ. તે કદિપણ અળગો રહે નહિ અને આખા ઘરનો ભાર નિભાવે. હાથ પકડી હાથ કદિ મૂકતો નહિ, હમેશાં નાચ કરે ને સદા વાતો કરે. આવો રૂડો સાથ રતનસી (રેંટીઆ)નો થયો. આખું ઘરસૂત્ર તેના હાથમાં હતું, મારૂં પડખું મૂકે નહિ અને તે એટલો બધો સુકુલીન—ખાનદાન કે મારૂં કહ્યું કરે. એ ભૈયા (ભાઇ) જેવો બીજો કોઇ મળે નહિ, એનાથી પેટીઉં પૂરૂં પડતું. આનો આદર વિધવા કે સધવા સહુ કરતી અને કલિયુગમાં તેનાથી પેટભરાઇ કરતી. પાંચ સાત (સ્ત્રીઓ) મળીને તેનું ગાન ગાતી કે રતનસીનું કલ્યાણ થજો; ખોટાં વચન અને કલંકનો ભય હોય તો તે દૂર કરવાને રતનસીનો આદર કરજો. એ રેંટીઆને મૂકશો-તજશો નહિ અને તેને હૈયા આગળ રાખજો. ધણી આણી—લાવી યાતો ધણીઆણી જેવી તે સુશ્રૂષા—ચાકરી કરે છે તો રખેને તે રતનસીને વિસરતા.

પહેલું દુઃખ સ્ત્રી અવતાર છે, બીજું દુઃખ પતિનું મૃત્યુ છે, ત્રીજું દુઃખ રતન જેવા પુત્રનો અભાવ, ચોથું દુઃખ ઘરમાં ધનની ખામી, પાંચમું દુઃખ તે પાપ કરવું પડે તે છે, છઠ્ઠું દુઃખ તે માબાપ ન

હોવાં એ છે. મનુષ્યે ગર્ભ ધર્યો તો પછી સંસારનો ભાર વહેવાનો છે જ અને તેમાં ઘણું દુઃખ સહન કરવાંજ પડે. આ જાણી ચારિત્ર લ્યો એટલે સંસારનો ત્યાગ કરો, તે ન બને તો શુદ્ધ સંવર કરો–કર્મનિરોધ કરો, કે જેથી સ્ત્રીજાતિમાં આવવું ન પડે અને સઘળાં પાપની જડ જાય. જિનવરનું વચન છે કે આ સંસાર એવો છે કે તેમાં ઘણાં દુઃખ અને થોડાં સુખ છે માટે લાલવિજય કહે છે કે દુઃખ આણુશો નહિ.

રતનબાઇની રેંટીઆની સઝાય પ્રસિદ્ધ થઇ ગઈ છે તેમાં એક રેંટીઆથી કેટલું બધું થઇ શકે છે તે જણાવ્યું છે. આ સઝાય એક વધારો છે. કર્ત્તા લાલવિજય એ એક સાધુ–મુનિ છે અને તેમણે બતાવી આપ્યું છે કે સધવા વિધવાનો ખાસ તારણહાર આ રેંટીઓ છે. આવો ઉપદેશ આપનાર ત્યાગી પુરૂષનો દાખલો હાલના ત્યાગીઓ લેશે કે? તેમણે–અપવાદ સિવાય સર્વેએ આ યુગમાં લેવોજ ઘટે.

શ્રીમન્ મહાવીર પ્રભુના પહેલાથી–કહો કે ઋષભદેવ પ્રભુના વારાથી કાંતવાની કળા ચાલી આવે છે અને તેથી તે ઋષભદેવને પહેલાંજ આ કવિએ નમસ્કાર કરેલ છે. આમાં યંત્રપીલનનું કર્માદાન નથી. શ્રી મહાવીર પ્રભુનું દેવદૂષ્ય વસ્ત્રનું અર્ધું એક યાચક બ્રાહ્મણને તેમણે આપ્યું, પછી ઝાંખરામાં ભરાયેલું બીજું અર્ધું વસ્ત્ર તે બ્રાહ્મણ પાછળ પાછળ ભમીને લઈ ગયો અને તે બંનેને તંતુવાય–તૂણનાર પાસે તુણાવીને–સરખું કરાવીને આખું બનાવી શક્યો એ વાત શ્રીહેમચંદ્રસૂરિના મહાવીરચરિત્રમાં આવે છે.

શ્રી હરિભદ્રસૂરિ ઉપદેશપદમાં વણકર અને તૂણનારની બુદ્ધિને કર્મજા બુદ્ધિ તરીકે જણાવતાં કહે છે કે:-

एमेव कोलिगोविहु पुंजा माणाइ अविगलं मुणइ ।

× × × ×

तुणाए पुण तुणह मणायसंधि दुयंचेव ॥ २५ ॥

टीका— एमे वत्ति-एवमेव कोलिगो विहुत्ति–कोलिकोऽपिपुंजात् सूत्रपिंडरूपात् दृष्टाद्धस्तगृहीताद्वा मानादिमानं तंतुप्रमाणं आदि शब्दात् तन्निःपाद्यपटप्रमाणं–च अविकलं–अव्यभिचारि मुणति–जानीते.

× × × तुणाए इति तुन्नावायः त्रुटितवस्त्रादिसंधानकारो पुनः तुणणत्ति तुणणं–वस्त्रसंधानं अज्ञातसंधिं परैरनुप लक्षितविभागं द्रुतं–चैव शीघ्रम् एव अभ्यासात् करोति यथा भगवता स्कंधवस्त्रस्य.

तथाहि-भगवान् महावीरः सांवत्सरिकदानपूर्वं प्रतिपन्नव्रतस्तत्कालमेव शक्रारोपितस्कंधप्रदेशादेवदुष्यः कुंडग्रामाद् बहिर्देशे विहरन् दानकालासन्निहितगृहस्थपर्यायमित्रब्राह्मणेन आगत्य प्रार्थनयोपरुद्धः सन् तस्मै देवदूष्यार्द्धं ददौ। साधिकवर्षान्ते च सुवर्णवालुकानदीतटप्ररूढवृक्ष–कंटकाक्षेपात् भूमौ पपात द्वितीयमर्ध्धं। गृहीतं च तत्तेनै व पृष्टलग्नेन ब्राह्मणेन। समर्पितं च खंडद्वितयमपि तुन्नवायस्य। तेनापि तथा तदज्ञातसंधिं योजितं यथा लब्धप्राच्यलक्षप्रमाणमूल्यं संजातमिति ॥

મૂળગાથા—એ પ્રમાણેજ વણકર પણ સૂત્રની દડીથી તેનું બરોબર માપ જાણી લ્યે છે. ×× તેમજ સાંધો માલમ ન પડે તે રીતે ઝટવારમાં કપડું તૂણવું તે કર્મજા બુદ્ધિ છે.

ટીકા—એજ રીતે કોલિક એટલે વણકર પણ પુંજ એટલે સૂત્રની દડી જોઈ અથવા હાથમાં લઇ તે ઉપરથી તેનું માન એટલે કેટલાં તાંતણાં થશે તેનું માપ તથા 'આદિ' શબ્દથી તેમાંથી કેટલું કપડું વણાશે તે બરોબર જાણી લ્યે છે.

× × × તેમજ તૂણનાર બીજાને સાંધાની ખબર ન પડે તેમ વસ્ત્રને ઝટ સાંધી આપે છે જેમકે ભગવાનના ખાંધ–ખભાનું વસ્ત્ર સંધાયું હતું તેમ.

તેની એમ વાત છે કે ભગવાન્ મહાવીર સંવત્સરી દાન દઇ દીક્ષિત થયા તે વખતે ઇંદ્રે તેમના સ્કંધપર દેવદૂષ્ય મૂક્યું (ને) તેઓ કુંડગ્રામથી બહાર વિહરવા લાગ્યા. હવે (સાંવત્સરી) દાનના વખતે ગેરહાજર રહેલ એક બ્રાહ્મણ કે જે ગૃહસ્થપણામાં ભગવાનનો મિત્ર થતો હતો તેણે ભગવાનને ખૂબ પ્રાર્થના કરી એટલે તેમણે તેને દેવદૂષ્યમાંથી ફાડી અર્ધું આપ્યું. બાદ એક વર્ષ કરતાં કંઇક અધિક સમય જતાં સુવર્ણવાલુકા નદીના કાંઠે ઊગેલા ઝાડના કાંટાથી ખેંચાઇને બીજું અર્ધું (દેવદૂષ્ય) જમીન પર પડી ગયું તે પણ પૂઠે ફરતા તે બ્રાહ્મણે લઇને એ અર્ધાં કોઈ તુણનારને આપ્યાં. તેણે તે કોઇને સાંધાની

ખબર ન પડે તેમ સાંધ્યા તેથી તે વસ્ત્ર પ્રથમ પ્રમાણે લક્ષમૂલ્ય બન્યું.

અનેક આરંભ સમારંભ થાય છે, સંસારમાં રહેતા ગૃહસ્થને અવશ્ય કરવા પડે છે, સાધુ મુનિને ઉપકરણો એટલે વસતિ, શયન, આસન, ભક્ત-ભોજન, ભેષજ-ઔષધ, વસ્ત્ર અને પાત્ર–વાસણોને વાપરવા વગેરેની ક્રિયામાં અલ્પ પણ ક્રિયાજનિત કર્મ બાંધ્યા વગર છૂટકો થતો નથી. સંસારીઓને કરવા પડતા વ્યવસાય ધંધા આદિની પ્રવૃત્તિમાં રેંટિયાની પ્રવૃત્તિ અન્યની અપેક્ષાએ ઓછા આરંભવાળી છે. તેનાથી થતા સૂતરની વણવાની ક્રિયા, થયેલ કાપડને બરાબર તૂણી સાંધવાની ક્રિયામાં કર્મજા બુદ્ધિ–કળા રહેલી છે. આ સર્વ કળાવાળી ક્રિયાઓ સાધી પોતાનો, દેશનો ઉદ્ધાર કરવામાં–દેશની ચડતી કળા કરવામાં ફાળો આપવો એ આજના યુગમાં દરેક ગૃહસ્થનો પરમ ધર્મ છે. તંત્રી.

એક મહાન્ સંત.

(અંગ્રેજીમાં લેખક:-મહાત્મા ગાંધીજી)

અનુવાદક રા. ચંદુલાલ એસ. શાહ B.A.LL.B.

(નોંધ:-મોડર્ન રીવ્યુ માસીકના જુન ૧૯૩૦ ના અંકમાં પહેલો લેખ નીચેનો મહાત્મા ગાંધીજીનો લેખ પ્રગટ થયો છે. તે લેખ ઉપર તે પત્રના તંત્રીજી બાબુ રમાનંદ ચેતરજીએ એક લાંબી નોંધ લખી છે. તે નોંધ વાંચનારને ઉપયોગી થશે એમ ધારી તેનો અનુવાદ પણ નીચે આપ્યો છે.

[મોડર્ન રીવ્યુના અધિપતિની નોંધ:—મહાત્મા ગાંધીના આ ન્હાના લેખ પાછળ કાંઈક ઇતિહાસ છે. દશ પંદર વર્ષ પહેલાં મહાત્માજીના એક લખાણમાં મેં વાંચ્યું કે આધુનિક સમયના જે ત્રણ મહાપુરૂષોએ તેમના જીવન ઉપર ઉંડી છાપ પાડી છે તેમાં ગુજરાતનાં કવિ રાજચંદ્ર અથવા રાયચંદભાઈની અસર બીજાઓ કરતાં વિશેષ હતી. આ વાંચીને મ્હેં ગાંધીજીને લખ્યું કે તેમણે શ્રીમદ્ રાજચંદ્ર ઉપર એક લેખ મને લખી આપવા મહેરબાની કરવી. તેમણે મને લેખ આપવા વચન પણ આપ્યું હતું, પણ છેલ્લાં કેટલાક વરસથી તેઓ પ્રવૃત્તિમાં ઘણા રોકાયેલ હોવાથી મેં તેમને યાદ દેવડાવવા પત્રો પણ ન લખ્યા અને તેઓ પણ આ બાબત વિસરી ગયા. ગયા વરસમાં એક નાનો લેખ મોકલવા મેં તેમને વિનંતિ કરી અને તેમના વચનની પણ યાદ દેવડાવી. જવાબમાં ડીસેંબરની સોલમી તારીખે તેમણે વર્ધાથી નીચેનો પત્ર લખ્યો:—

"તા. ૨૬–નવેંબરનો તમારો પત્ર આજેજ મળ્યો. તમો એક હજાર શબ્દોનો લેખ માંગો છો પણ હાલમાં તે હજાર જીવતા દાંત ખેંચી કાઢવા જેટલું મુશ્કેલ છે. અને તમારે આ લેખ નાતાલના અંક માટે જોઇએ તો તે માટે તો ઘણુંજ મોડું થયું છે અને મોડું ન હોય તોપણ તમે માંગો છો તેવડો લેખ લખવો મારે માટે શક્ય નથી. મારી પ્રત્યેક મિનિટ અત્યાર અગાઉથીજ રોકાઈ ગઈ છે. તમને આપેલ વચન હું સાવ વીસરી ગયો છું. પણ જાન્યુઆરીમાં હું યરોડાના આરામગૃહમાં ન હોઉં અને તમે મને યાદ દેવડાવો અને ત્યાં સુધી રાહ જોઈ શકો તો હું ઘણી ખુશીથી મારૂં વચન પુરૂં કરીશ–"

મહાત્માજીની દરેકે દરેક પળ માનવ જાતિના ઉદ્ધારના કામમાં રોકાયેલી હતી તેથી તેમને મેં ફરી પત્ર લખી આ બાબત યાદ દેવડાવી નહિ. પણ તેમને પોતાનું વચન પાળ્યું ? અને તે પણ પોતે અગાઉથી ધારેલું તે મુજબ યરોડામાં મુકાયા પહેલાં આ લેખ તેમણે ડાંડી જતાં રસ્તામાં લખ્યો લાગે છે કારણકે તે વખતના તેમના સેક્રેટરી શ્રીયુત પ્યારેલાલ મને લખે છે કે તમને અગાઉ આપેલા વચન પ્રમાણે મોડર્ન રીવ્યુ માટે ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્ર ઉપર લખેલો લેખ રજીસ્ટરથી અમારી ડાંડીની કુચ દરમ્યાન તા. ૧૫ મી માર્ચના અરસામાં રવાના કર્યો છે.

તંત્રી મોડર્ન રીવ્યુ]

કવિ રાજચંદ્રનો જન્મ કાઠિયાવાડના વવાણીઆ ગામમાં થયો હતો. સને ૧૮૯૧ માં હું વિલાયતથી પાછો આવ્યો ત્યારે ડા. પી. જે. મહેતાને ત્યાં મુંબાઈમાં મારો તેમની સાથે પ્રથમ મેળાપ થયો. હું તેમને હમેશાં કવિ કહેતો. તેઓ ડા. મહેતાના નજદીકના સંબંધી હતા. શતાવધાની એટલે એક

સામટી થતી સો વાતો યાદ રાખી શકનાર પુરૂષ તરીકે તેમનો મને પરિચય કરાવવામાં આવ્યો. તે વખતે કવિની ઉમ્મર મારા જેટલીજ એટલે એકવીસ વરસનીજ હતી, પણ તેમણે પોતાની અસાધારણ શક્તિઓનો જાહેર પરિચય આપવાનું બંધ કર્યું હતું અને ફક્ત ધાર્મિક વિષયોમાંજ રસ લેતા. તેમની સાદાઈ અને સ્વતંત્ર તુલના શક્તિનો મારા ઉપર સારો પ્રભાવ પડ્યો. તેમનામાં અંધ પક્ષપાત બીલકુલ નહતો. તેમણે ધંધાનો ધર્મ સાથે વ્યવહારમાં સમન્વય કર્યો તેની મારા ઉપર ખાસ છાપ પડી. તેઓ ધર્મના સિદ્ધાંતોના સતત અભ્યાસી હતા અને પોતાની માન્યતાઓ પ્રમાણે વર્તન કરવાનો પ્રયત્ન કરતા. તેઓ જૈનધર્મી હતા છતાં બીજા ધર્મો તરફ તેમની સહિષ્ણુતા ઘણીજ હતી. વિલાયત અભ્યાસ કરવા જવાના તેમને સંયોગો અનુકુળ હતા પણ તેઓ ન ગયા. ઇંગ્રેજી પણ ન શીખ્યા. તેમની કેળવણી પ્રાથમિક હતી. પણ તેઓ એક મહાન્ પ્રતિભાશાળી પુરૂષ હતા. તેમને સંસ્કૃત અને માગધીનું તથા હું ધારૂં છું કે પાલી ભાષાનું પણ જ્ઞાન હતું. ધાર્મિક સાહિત્ય તેઓ ઘણુંજ વાંચતા અને ગુજરાતી પુસ્તકોદ્વારા તેમણે ઇસ્લામ, ખ્રિસ્તિ અને પારસી ધર્મનો પણ પોતાના ખપ જેવો સાધારણ પરિચય મેળવી લીધો હતો. આ પુરૂષે ધાર્મિક બાબતોમાં મારૂં હૃદય જીતી લીધું અને હજી સુધી કોઈ પણ માણસે મારા હૃદય પર તેવો પ્રભાવ પાડ્યો નથી. મેં બીજે સ્થળે કહ્યું છે કે મારૂં આંતરિક જીવન ઘડવામાં કવિ સાથે રસ્કિન, અને ટૉલ્સ્ટૉયનો ફાળો છે, પણ કવિની અસર મારા ઉપર વધુ ઉંડી છે કારણકે હું કવિના (પ્રત્યક્ષ) ગાઢા પરિચય અને સહવાસમાં આવ્યો હતો. ઘણી બાબતમાં કવિનો નિર્ણય-તુલના મારા અંત-

રાત્માને—મારી નૈતિક ભાવનાને ખૂબ સમાધાનકારક થતો. કવિના સિદ્ધાંતનો મૂળ પાયો નિઃસંદેહ "અહિંસા" હતો. અપંગ ઢોર અને ઝીણી જીવાત બચાવવામાંજ જેમનું ક્ષેત્ર મર્યાદિત હોય છે તેવા અહિંસાના કહેવાતા અનુયાયીઓના જેવી નિઃસત્વ અપક્વ અહિંસા તેમની ન હતી. પણ કવિની અહિંસાના ક્ષેત્રમાં ઝીણામાં ઝીણા જંતુથી માંડીને આખી મનુષ્ય જાતિનો સમાવેશ થતો હતો.

આમ છતાં હું કવિને એક પૂર્ણ પુરૂષ માની શક્યો નથી. પણ જે બધાં માણસોને મેં જાણ્યાં છે તેમાં કવિ સૌથી વિશેષ પૂર્ણ સ્વરૂપની નજદીક હતા એમ મને લાગ્યું છે. ખેદની વાત છે કે તેઓ તેત્રીસ વર્ષની બહુજ નાની વયે-જે સમયે કવિને લાગ્યું કે તેઓ ખાત્રીપૂર્વક સત્યનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર કરશે—તેવા સમયે તેમનો દેહાન્ત થયો. તેમની પાછળ તેમના ભક્તો ઘણા છે પણ તેમના ખરા અનુયાયીઓ બહુ થોડા છે. તેમનાં લખાણો, જે મોટે ભાગે મુમુક્ષુઓને લખેલા આત્માનુ અંતર્દર્શન કરાવતા પત્રોના રૂપમાં છે તેમના સંગ્રહરૂપે પુસ્તકાકારમાં છપાયાં છે. તેનો હિંદી અનુવાદ કરવાનો પ્રયત્ન થાય છે. અને હું જાણું છું કે તેનો ઇંગ્રેજી અનુવાદ શક્ય છે. તેમનાં લખાણો માટે હૃદયના અનુભવ ઉપર રચાયેલાં છે—

નાપા—તા. ૧૮-૩-૩૦.

[મહાત્મા ગાંધીપર એક જૈન ફિલસુફનો પ્રભાવ કેવો પડયો છે તે આ ટૂંક લેખમાં તેમણે પોતેજ ડાંડી સુધીની કૂચ દરમ્યાન અથાગ પરિશ્રમ અને અવકાશાભાવ પોતાને રહેતા હોવા છતાં લખેલા આ ટૂંકા લેખમાં વ્યક્ત કરેલ છે. ગૂજરાતી ભાષામાં તેમણે જે લખેલું તે 'રાયચંદભાઇનાં કેટલાંક સ્મરણો' એ નામથી જૈન સાહિત્ય સંશોધકના ખંડ ૩ અંક ૧ માં પ્રસિદ્ધ થયેલ છે. જૈનધર્મની ચોખ્ખી અને સુરેખ અસર મહાત્મા મોહનદાસના અંતરાત્મા પર અહિંસા અને સત્યની ઉંડી ઝીણવટપૂર્વક થઇ છે તેનું ખરૂં માન શ્રીમદ્ રાજચંદ્રને છે એમ જણાય છે. મહાત્માજીની આત્મકથામાં પોતે તેમના સંબંધી જણાવ્યું છે. તેમના જીવનચરિતનો—અક્ષરદેહનો પરિચય વિશેષને વિશેષ સમાજમાં થતો જાય છે એટલુંજ નહિ પણ હિંદી અને અંગ્રેજીમાં અનુવાદ થઈ બહાર પડતાં અખિલ હિંદમાં અને તેની બહારના જગતને થશે, અને તેના પર ઊહાપોહ થતાં ઘણું જાણવાનું મળશે.

તંત્રી જૈનયુગ.

અમારો જ્ઞાનપ્રવાસ—૧ ઝીંઝુવાડા.

(ગતાંક પૃ. ૧૧૧ થી)

ગઢ ઉપર અને ખાસ કરી કરેલા મોટા દરવાજાના પથ્થરોમાં જ્યાં ત્યાં महं० श्री ऊदल એવા અક્ષરો પુષ્કલ કોતરેલા છે. એકાદ સ્થલે બીજા અક્ષરો નજરે પડયા છે તે એ છે કે 'महं श्री जमा; महं श्री हरपाप(ल), महं श्री मदणसी. વળી એક ઠેકાણે ૧૧૧૨ महं श्री ऊदल રાજબાઇ માતાની પાસેના કોટપર ચડતાં કોતરેલું જણાયું છે. વળી પથ્થરોના બેલાં પર હ્રા એમ મૂકી તેની પાસે ૨, ૬ વગેરે અનેક આંકડાઓ પાડ્યાવાળા છે. આ હ્રા નો શું અર્થ છે તે કોઇ સમજાવશે ?

ગઢને ચાર મોટા દરવાજા છે કે જે દર્શનીય અને કારિગિરિના નમુનારૂપ છે. બે દરવાજા વચ્ચેનું ઉપણું પા પા ગાઉનું છે. આ ગઢનો ખાસ કરી દરવાજાઓનો ફોટો લેવા યોગ્ય છે.

રાજબાઈ માતાની પાસેના કોટની ઉપર બેઠક છે ત્યાં મોટો શિલાલેખ છે તેનું ખાસ રબીંગ કરી સંપૂર્ણ ઉકેલવા યોગ્ય છે. વાંચ્યું તૂટયું જણાયું તે એ છે કેઃ—

૧ संवत १६८२ वर्षे फागण मासे शुक्ल पखे रवी-

वासरे वा

२ स्तव्य झींझूवाडा मांहो अमरव्वमे नरपती राअ-
मक(वा)णा

३ वसस......राजा

४ वकणनो काठीया पामा करावो आठमणी राव्वनो...

५ जीणाद्द आ राखी सेन कराव्यो जीर्णकोटनाथी...

६ राजी...खरचौ उगमणा रांत्र उची करावी गढ

७ मांहे कराव्यो...बेठक रा महा मकरावाको देवायों.

આ પરથી જણાય છે કે ગઢની રાંગ સરખી કરાવી. જીર્ણ કોટ સમરાવી ઉગમણી રાંગ ઉંચી કરાવી ને તેમાં ખર્ચ કર્યો તે સં. ૧૬૮૨ માં મકવાણાના રાજ્યમાં થયું.

દેરાસરની ઉપર પહેલે માળે એક છૂટો પથ્થર પાદુકાનો છે તેમાં બે પાદુકાદ્વય છે તેમાં ચારે બાજુ થઇને નીચે પ્રમાણે કોતરેલું છેઃ—

॥ कल्याणक बभूव

॥ ९० ॥ संवत १७३४ वर्षे शाके १५९९ प्रवर्त्त-(माने) वा श्री हीररत्नसूरीश्वरस्य पट्टोधर भट्टारक श्री जयरत्नसू...स्य श्री भावरत्नसूरिणा श्री गुरुणां पादुका प्रती(ष्ठिता) ॥ संवत् १७३५ वर्षे मार्गसिर मासे...उद सिंघ हवि......

॥ संवत १७३५ वर्षे श्री व...धिकाजू-भट्टारक श्री हीररत्न सूरीश्वरस्य...(બહુ ઘસાઈ ગયું છે ચારે બાજુ)

ઝીલાણુંદ પાસે જૂની એક નાની દેરી છે તેમાં પાદુકા મૂકી છે ને તેમાં કોતરેલું છે કેઃ-भट्टारकश्री हीररत्नसूरि पादुका. આ દેરી જ્યાં તે સૂરિનું શબ ત્યાં બાળવામાં આવ્યું હોય ને ત્યાં કરાવવામાં આવી હોય એમ લાગે છે. તે દેરીમાં ચાર નાના થાંભલા છે.

આની પાસેના સ્થળમાં જે પાળીઆ હતા તે જોયા તો એકમાં સંવત ૧૬૨૫...બીજામાં 'શ્રી ગંગા માય નમઃ સંવત ૧૬૯૫ વર્ષે વૈશાષ વદ ૧ બુધે કવેઃ મગદસત ગઞ હસકમ માણુથય ભઅ અતા...' ત્રીજામાં 'સંવત ૧૬૮૫ જ્યેષ્ઠ માસ' કોઇનું મરણ થયાના હતા. કોઇમાં ઘોડેસ્વાર, કોઈમાં ઉંટસ્વારનાં ચિત્ર હતાં. આ પૈકી સં. ૧૬૨૫ ને ૧૬૯૫ ના પાળીઆ ચુડાવાળા હાથ ખભા પછીના કાટખુણે મુકેલ હતા તે સ્રીના જણાય છે. ને તે સતી થયાના હોય યા રાજવંશી સ્ત્રીઓના દાહસ્થાન હોય એમ લાગે છે.

તળાવપર દેરી છે તેમાં ચાર પાદુકાદ્વય છે. તેમાં ચારે બાજુ નીચે પ્રમાણે કોતરેલ છે.

૯૦। સંવત ૧૮૯૦ ના શાકે ૧૭૬૫ ના જેઠ સુદ ૧૧ પં. રામરત્નજી દેવગત થયા.

॥ ભ૦ શ્રીમત્ શ્રી કીર્ત્તિરત્ન સૂરીશ્વર પાદુકા

તત્ શિષ્ય પં. મયારત્નજીની પાદુકા

તત્ શિષ્ય પં. સૌભાગ્યરત્નજીની પાદુકા

તત્ શિષ્ય પં. શ્રીપ રામરત્નજીની પાદુકા છે.

સં. ૧૯૦૧ શાકે ૧૭૬૬ પ્રવર્ત્તમાન માહા વદ ૬ વાર ગુરૂ।

પં. શ્રી રામરત્નજી પાદુકા સ્થાપન કરી છે. ચેલા તેજરત્નજીઈ.

કાઠિયાવાડ સર્વ સંગ્રહ પૃ. ૪૧૦ થી ૪૧૨માં જણાવ્યું છે કેઃ-"ઝીંઝુવાડા—અમદાવાદના સુલતાનોના રાજ્યના આરંભમાંજ આ તાલુકો સુલતાનોના તાબામાં આવ્યો. પછી જ્યારે અકબર બાદશાહે ગૂજરાત જીતી લીધું ત્યારથી અહીં મુગલોનું એક થાણું રહેતું. અરાઢમી સદીમાં મુગલ રાજ્ય પડી ભાંગ્યું ત્યારે કોળીઓએ તાલુકો જીતી લીધો ને તેમની પાસેથી હાલના તાલુકદારોના પૂર્વજ કુંભોજીએ ખુંચવી લીધો. એ તાલુકદારો કોળી ઠાકરડા છે. તે કહે છે કે તેઓ પહેલાં ધ્રાંગદ્રાના કોઇ કોળી કન્યા વેરે પરણ્યાથી તેને નાતબહાર કાઢયો હતો. એ તાલુકદારોની બે શાખા છેઃ (૧) રાસાણી ને (૨) મેલાણી. મૂળપુરૂષ કુંભોજીના પૌત્રના પૌત્ર રાયસિંગજી (રાસોજી) તથા મેલોજી ઉપરથી એ શાખાઓનાં નામ પડયાં છે. ઝીંઝુવાડાના કુળમાં એ શાખાઓના ઘણા વંશજો છે. ધ્રાંગદ્રાના રાજસાહેબ અમરસિંગજીએ ઇ. સ. ૧૮૧૪માં તે જીતી લીધું ને તેનો બે વર્ષ સુધી વહિવટ કર્યો. પણ ઇ. સ. ૧૮૧૬માં ગાયક-

વાડ સરકારને ખંડણી આપી નહિ શકયાથી તે સરકાર તરફથી એ તાલુકાનો વહિવટ વિઠ્ઠલરાવ દેવાજી એ ઇ. સ. ૧૮૧૮-૧૯ સુધી ચલાવ્યો. પછી ઇ. સ ૧૮૨૦-૨૧ સુધી એ તાલુકો ઇજારે આપવામાં આવ્યો હતો. ઇ. સ. ૧૮૨૭ ની આખરે અમદાવાદના કલેકટરે એ તાલુકા ઉપર જપ્તી મૂકી; પણ ઇ. સ. ૧૮૩૯માં એને કાઠીઆવાડ એજન્સીની હુકુમતમાં સોંપ્યો તે હાલ સુધી છે. દસાડાના થાણાના તાબામાં એ હતો પણ તાલુકદારો કરજમાં ડૂબી ગયલા હોવાથી તે એજન્સી તરફના એક સરકારી કામદારના હવાલામાં સોંપાયો. લેફ૦ કર્નલ જી. એલ. વારડને એ તાલુકા વિરૂદ્ધના દાવાઓનો નિકાલ કર્યો ત્યારથી તે આજ સુધીમાં તાલુકાનું ઘણું ખરૂં કરજ ફેડાઇ ચૂકયું છે ને થોડાંક વર્ષમાં આ આબાદ તાલુકો ઋણમુક્ત થશે. (હજુ સુધી આ એજંસીની નીચે છે)

"ઝીંઝુવાડા કચ્છના નાના રણના પૂર્વ કિનારાથી એક મૈલ અંદરના ભાગ તરફ આવેલું છે. અગાઉ આ તાલુકામાં ઝીંઝુવાડા, ફતેહપુર ને ઓડુ એ ત્રણ ગામોમાં **મીઠાના અગર** હતા; પણ હાલમાં એ બંધ કર્યાને બદલે બ્રિટિશ સરકાર તરફથી તાલુકદારોને દર વર્ષે અમુક રકમ નુકસાની દાખલ મળે છે. ઝીંઝુવાડામાં સુરોખાર થાય છે.

"તાલુકામાં સત્તર ગામ છે. સૌથી મોટું ઝીંઝુવાડા (વસ્તી ૩૭૭૦) ખારઘોડા રેલવે સ્ટેશનથી સોળ મૈલ ઉત્તર તરફ આવેલું છે. એ ઘણું પુરાતન ગણાય છે ને સુંદર દેખાવડું કિલ્લાવાળું હોઇ તેમાં પત્થરે બાંધેલું એક તળાવ છે. બહારની કિલ્લેબંદીના દરવાજા હિંદુ લોકોના બાંધકામના સારા નમુના છે. કિલ્લાના ઘણાખરા પત્થરો ઉપર **મહાન શ્રી ઉદલ** એ અક્ષરો કોતરેલા છે.

'દંતકથા એવી છે કે પ્રસિદ્ધ સિદ્ધરાજ જયસિંહે એ કિલ્લો તથા તળાવ બંને બંધાવ્યાં હતાં ને ઉદલ તે સિદ્ધરાજનો મંત્રિ હતો. કહે છે કે સિદ્ધરાજનો જન્મ ઝીંઝુવાડામાં થયો હતો. કરણની રાણી મીનળદેવી ગર્ભવતી હતી ત્યારે ઝૂંઝો રબારી જેણે ઝીંઝુવાડા વસાવ્યું, કહેવાય છે તેણે રાણીને ઝીલાનંદના બાવાની સહાય માગવા કહ્યું હતું ને તેની મદદથી સિદ્ધરાજનો પ્રસવ થયો. આથી જ્યારે સિદ્ધરાજ પાટણની ગાદીનો અધિપતિ થયો ત્યારે ઝૂંઝા રબારી ઉપર તેની ઘણી મહેરબાની હતી.

'ઝીંઝુવાડા એ નામ પાડવાનો સંભવિત ખુલાસો એ લાગે છે કે આ ગામ રણને મોખરે આવ્યાથી અહીં ઝાંઝવા ઘણાં થાય છે તેથી એ નામ પડયું હશે.

'ઝીંઝુવાડામાં એક નિશાળ ને પોસ્ટ ઓફીસ છે. ઝીંઝુવાડાથી ઉતરતું ગામ આદ્રિઆણા (વસ્તી સને ૧૮૭૨માં ૧૭૮૧) ઝીંઝુવાડાથી ઇશાને ૭ મૈલ ઉપર છે. એમાં એક તળાવ છે. પાસેના રણનો ઘણોક ભાગ ઝીંઝુવાડા તાલુકાનો છે. એ ભાગમાં ઘણા બેટ છે જેમાંનો મુખ્ય ઝીલાનંદ છે.

'ઝીલાનંદ એ નામની ઉત્પત્તિ આવી કે ઝીલ એટલે કુંડ ને આનંદ એક રાજાનું નામ. એ રાજાને રક્તપીતનો આજાર હતો. એ સોમનાથ પાટણની જાતરા કરવા જતો હતો તેવામાં આ કુંડમાં તેણે સ્નાન કર્યું તેથી તેનો કોહોડ જતો રહ્યો ને તેથી એ કુંડ એના નામથી ઓળખાવા લાગ્યો. અહીં ભાદરવા વદ અમાસને દહાડે જાતરા ભરાય છે. એ ટાપુ નવ દશ ચોરસમૈલ વિસ્તારનો છે અને તેમાં કેટલાંક નાનાં તળાવ તથા ઊના પાણીના **બોટવા (ઝરણુ) છે.**

ઝીંઝુવાડાના તાલુકદાર મરી જાય છે ત્યારે તેને સ્મશાને લઇ જતી વખતે તે આ પાપી દુનિયામાંથી છૂટયો તેનો આનંદ જણાવવાના હેતુથી તાસાં વગાડે છે ને બંદુક ફોડે છે. વળી બીજો રીવાજ એ છે કે તાલુકદારની વહુઓ પોતાની સાસુની પણ લાજ કાઢે છે."

આ ઝીંઝુંવાડાનું બારીક નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે તે પહેલાં બંદર હશે. મોટા મોટા પાણા કિલ્લા પાસે હતા તેમાં લોઢાનાં કડાં પણ હતાં કે જે સાથે વહાણ નાંગરવા માટે દોરડાં બાંધવા વપરાતાં હોઈ શકે. ઉપરના ઝીલાનંદની મુલાકાત અમે લીધી અને ત્યાં હીરરત્નસૂરિની પાદુકા તથા પાળીઆ વગેરેની હકીકત જણાવી. ત્યાંથી બોટવો જોયો. તેનું પાણી નિર્મળ સ્ફટિક જેવું અને સ્વાદે જરા ભાંભરૂં છે.

ત્યાંથી બાણગંગા, નળેશ્વર ને ગાયની ખરી એ નામથી ઓળખાતાં ઝરણો જોયાં. 'અહીંથી વાછડા સોલંકીનો કુંડ છે તે પશ્ચિમમાં રણમાં સાત ગાઉ ઉપર છે. તેનું પાણી પીવાથી હડકવા દૂર થાય છે એમ કહેવાય છે.

આ ઝીંઝુવાડામાં વાણીઆનો મોટો ભાગ પણ છે. તેમાં વીસા શ્રીમાળીનાં ૪૦ અને દશાશ્રીમાળીનાં ૬૦ ઘર છે. ભાષામાં ક નો ચ (ક્યાંને બદલે ચ્યાં), સનો હ (લેસો ને બદલે લેહો) એમ બોલાય છે. આ ગામથી વડગામ પાંચ ગાઉ દૂર છે ત્યાં જઇ ત્યાંના જૂના દેરાસરમાં આદિનાથની પ્રતિમાનાં દર્શન કર્યાં. આ ગામથી શંખેશ્વર પાર્શ્વનાથ આઠ ગાઉ છે કે જેમની યાત્રા અમે પૂર્વે કરેલી હતી અને સમય ન્હોતો તેથી ત્યાં ન જવાયું. પંચાસર (વનરાજના પિતા જયશિખરીની રાજધાની) પણ બીજી બાજુ આઠ ગાઉ છે. ઉપરીયાળું ગામ ૧૩ ગાઉપર સ્ટેશન છે, અને ત્યાંના દેરાસરની પ્રતિષ્ઠા સ્વ. વિજયધર્મસૂરિએ વધારી ને તેની વર્ષગાંઠ ફા. શુ. ૮ છે. અહીં પણ ન જવાયું.

ઝીંઝુવાડાના તળાવનું સેંહેસર નામ અપાય છે ને તે ઝૂંઝા રબારીના ભાઈ સેંહેસાના નામથી સિદ્ધરાજે કરાવ્યું એમ કહેવાય છે. વાવનું નામ સમળવાવ છે તે ઘણી સુંદર અને પ્રાચીન છે ને તેમાં બેસવાના ગોખો મૂકેલા છે. ફોટો લેવા યોગ્ય છે. તેને ખૂટલની વાવ પણ કહે છે ને તેની એક દંતકથા કહેવાય છે. વસ્તી અંદર જ્યાં વસેલી છે તેને રાજગઢી કહેવામાં આવે છે ને તે માટે એમ કહેવાય છે કે સં. ૧૮૬૮ ના દુકાળમાં ઠાકોરો-તાલુકદારોએ પોતાની રાજગઢી છોડી ઉજળી વસ્તીને અંદર રહેવા દીધી ને પોતે બહાર જઇ વસ્તીનું રક્ષણ કર્યું. હીરરત્નસૂરિના વંશજો-યતિઓ અહીં રહેતા ને તેઓ આ ગામને સૂર્યપુર કહીને લખતા. યતિવર્ગના લખેલાં પુસ્તકો મળી આવે છે અને તે ઉમેદ-ખાંતિ જ્ઞાનમંદિરમાં રખાયાં છે. તે યતિમાં એક મંત્રતંત્ર વાદી જતી થઈ ગયો એવી તેની દંતકથા પણ ચાલે છે હાલ કોઇ પણ યતિ નથી. હાલના વિજયદાનસૂરિની અને એક મુનિ પુણ્યવિજયની જન્મભૂમિ આ ઝીંઝુવાડા છે.

પાઠક મતિકીર્ત્તિના શિષ્ય સુમતિસિંધુરે 'તિડોત્તર સંવત સત્તરઇ શ્રાવણ વદિ નવમી દિનઇ' અ-ઠોત્તર પાર્શ્વનાથ સ્તોત્ર આઠ કડીનું રચ્યું છે તેમાં ઝીંઝૂવાડામાં પાર્શ્વનાથનું બિંબ હોવાનું જણાવ્યું છે કેઃ-

કાકર વીસલનગરમઇ, ઘાઇ નયરિ સિર સામિ;
ઝંઝૂવાડે પદ્માવઇ, રાણપુર ભિન્નમાલ સામિ.

श्री विनयचंद्रकृत

बारव्रत रास

सं. १३३८

× × × × × ×

......चीयकूतीयडा समसतीड खजूरा वीछी भमरा ।
हिव पंचिंदिय वन्निसउं । जलचर कछव माछा मगरा ॥ १० ॥
थलचर ऊंदिर नउल बिडाला । सप्पगोह कक्किड चिरोला
लउंकड मंकड सस हरिण । गयवर वसह तुरंगम वेसर ।
पंखि जाति आगासचर । चिडी काग बगला वांती तीर ॥ ११ ॥
नर सुर नारय सवि पंचिंदिय । निरपराध नवि मारउ जीय ।
निरवयबंधनु लंघणउं । जीव वहावउ म अतिभार ।
अंकणछेयण मत करउ । गोरू छोरू भूखियां सार ॥ १२ ॥
अगलि पाणी कहवि म वालउ । अणसोधिउं इंधण म प्रजालउ ।
चूल्हि अगासी मत करउ । पंडउ पीसउ सोधिउं धानु ।
पूंजउ म थव बुहारीयप । लिंपणि गूंपणि जयण प्रधान ॥ १३ ॥

जे पुण निरदय जीव वहंते । कालसूयर जिम नरयह अंते ।
क्रोधि जीव जि संहरइं । कु(प)रिसराम जिम नरयह अंते ।
अकराकर पुण जे करइं । लोढा जिम बहु दुख सहंते ॥ १४ ॥
भूखीयां त्रिसियां बाहइं जे पुण । ढंढणकुमार जेम दुहभायण ।
जे पुण पालइं जीवदया । तांह हुंति इंद्रिय सवि पुरा ।
पुत्र कलत्र बंधव सहित । चिरु जीवइं नीरोगसरीरा ॥ १५ ॥
संतिनाहि पारेवउ राखिउ । नेमिहिं अभयदानु पुस दाखिउ ।
राखिउ कुंथु मेघा(र)ज रिसि । कुमरराइ हेमसूरि उपदेसिं ।
चऊद वरिस अम्मारि किय । व्यसन निवारिय सातइ देसिहिं ॥ १६ ॥
छहं दरिसण छन्नवइ पसंडह । सयल लोयह अनुब्रम्हंडह ।
जीवदया विणु धम्मु नवि । सुणि हिव बीजउं व्रतु जिम होय ।
जूठउं वयणु न बोलीयए । सचइं समु न धम्मु जि कोय ॥ १७ ॥
वसु जिम कूडी साखि न दीजइ । आलू न सीता जिम भासीजइ ।
मंत्रभेदु मसिभेदु नवि । राउल देउल तसि निवारउ ।
कूड कपट वेसासघन कृतघनपणइं म बोइ जमारउ ॥ १८ ॥
गाइ भूमि कन्नालि म भासउ । परनिंदउ मत आप प्रसंसउ ।
मा हरखाई बोलि मनइ सामिद्रोहु मित्रद्रोहु न कीजइ ।
हसियइं तर किं वयर परे पंडव कौरव जिम विणसीजइ ॥ १९ ॥
जूठा बोला कोइ न धीरइ । मुखु दुर्गंधु जीभ अरु हीरइ।
काला मूयला बोबडा । सच परिखा हरिचंदु राओ ।
तुरमणि पुरि कालिगसूरि आउ । सचमूल सवि धम्म जगउ ॥ २० ॥
त्रीजउं व्रतु सुणि अदत्तादाणु । परिहरि कूडतुला कूडमाणु ।
नवि तृण मात्र चोरीयए । मत लइ पडिउं चुडिउं वीसरियउं ।
लेखइं भ्रांस न कीजईय नवि । ओलवियइ थांपणि थवियउं ॥ २१ ॥
चोरहसउं संसर्ग न कीजइ । चोराहउं नहि लीजइ दीजइ ।
चोरइ पंचइ पातगीय । परधनु चोरइ नरगिसु जाए ।
भवि भवि दासु जि दालिद्रिय । तसु वेलसइ न बापु न माए ॥ २२ ॥
थूंक समउं जो परधनु पेखइ । प्रभव जेम भवदुःख न देखइ
रोहिणीउ जिम निस्तरए । चउथउं व्रतु मैथुनपरिहारो ।
ब्रह्मचर्यु परिपालीयय । नवलख जीवहं राखि संहारो ॥ २३ ॥
वेसा संगिहिं बे भव अंते । सातिहिं व्यसनिहिं ते बूडंते ।
न गुरु न देवु न बंधुजणु । माइ बहिनि जिम परस्त्री मन्नउ ।
परस्त्रीय लगि दस वयण विनसउ । चंद्रप्रद्योतु सुबंधोयओ ॥ २४ ॥
पुण्यवंत जो पालइ सीलु । सेवइं देवासुर पयमूलु ।
सेठि सुदंसण सीलधरो ॥ २५ ॥
अखंडसीलु थूलिभद्र मुनिराओ । वयरसामि अनुपमहरराओ ।

चंदणबाल महासईय । सीलवंनि(ती) रायमइ पवित्ती ।
रहनेमि जिणि प्रतिबोधीयउ । नवभव नेमि अवरु नवि चित्तीं ॥ २६ ॥
बंभी सुंदरि सीय दवदंती । अंजणसुंदरि सुभद्रा कूंती ।
अखलीयसील कलावईय । वंचइ ना पुण निय भत्तारो ।
धरणह भज्जा लच्छि जिम सा दोहागिणि भमइ संसारो ॥ २७ ॥
राणी संकलि हणिय विगुत्ती । मीठलु छंडिउ चोरहरन्ती ।
दोहवि चुक्क सीयाल जिम । सुकुमालीं मारिउ भत्तारो ।
पंगुलु माथइ किउ वहए । हिव सुणि नारि कुलीण आचारो ॥ २८ ॥
देवह जिम भत्तार मन्नीजइ । सासुससरा भगति करीजइ ।
नीलज वयणु न बोलिवउं । नीचइं सउं नालापु संभासो ।
सउकिवि नवि अपमानीयए । नणंद भगति गुरुजण संवासो ॥ २९ ॥
करि आवर्जन सयल परिवारह । बंधव गोरू भूषियां सार ।
अजमिं वरहिं ति जिमइ नवि । एकल्ले बारे न गमीजइ ।
दीण अणाह दुत्थियह । हुंता मानि विशेषिइं दीजइ ॥ ३० ॥
पंचम व्रतु परिग्रहपरिमाणू । धण धन दुपय चउप्पय माणू ।
रूपउं सोनउं षेतु घरो । घरवक्खर सहु परिमितु कीजइ ।
सुखु संतोषह समुं नहीय । विणु संतोषह लोभु न छीजइ ॥ ३१ ॥
सगर राउ नवि बेटे तृपतउ । कुचकनु सेठि न गोधनि सपत्तउ ।
द्रव्यइ तृपतउ मंबु नवि । कण संग्रहि नवि तृपतउ तिलको ।
लोभ मूल सवि पातकइं । लोभिं पामिउ कोणी नरको ॥ ३२ ॥
लोभिं न गणइ बापु न माया । लोभिं विहडइ सोदरभाया ।
जिम भरथेश्वरु बाहुबलि । लोभिं कणयकेति सुत विनडिय ।
पव्वउ मारिउ चाणकइं । लोभिं अंतिरा पडिआ पंडिअ ॥ ३३ ॥
अभयकुमार जिम लोभु न कीजइ । राजु तिजीउं विरइभरु लीजइ ।
चक्रवइ सनतकुमार जिम । दसाणभद्रिहिं छांडिउं राजो ।
पूरीय इंद्रिहिं सउं अहप । वीर पासि लिउ संजमराजो ॥ ३४ ॥
सोना लव कजु कोडि न निठिउ । कपिलु संतोषिहिं केवलि परिठियउ
चोरइ बोधिय पंचसइं । बम्भदत्ति निउ त्रिउ चित्रभाओ ।
चककवत्ति पदु भोगवओ । सो संतोषि सिद्धि आओ ॥ ३५ ॥
कलिंग देसि रायाकरकंडू । विरतउ देषीउ गोकुलि संडू ।
जातिसमरणि व्रतु लियउं पंचालाहिव दुम्मुंहराओ
रिद्धि अरिद्धि इंद्रधज । बीजउ प्रत्येकबुद्ध सुजाओ ॥ ३६ ॥
मिथिलविदेहाधिपु नमि राया । दाघज्वरि तसु वेयण आया ।
कंकण शबदिं बोधीयओ । नग्गइ पुण गंधारनरिंदु ।
अंबय रिद्धि अरिद्धि लगु । सो प्रतिबूझीउ हूउ मुणिंदू ॥ ३७ ॥ ठवणि ॥१॥
छठउ व्रतु करि दिसिहिं माणु । न चडेवउं प्रवहणि ।
जोअण सउ बहु दिसिहिं गिरिहिं चडिवा दो जोयण ।

सातमव्रति भोगोपभोगि परिहरि महु मज्जइ ।
मदिरा जादवकुल प्रलओदधि बारम्मइ ॥ ३८ ॥

परिहरि पींपल वड पिलंषउं ऊंबर कालूंबर ।
मूला सूरण ल्हसण कंदढिस आदां गज्जर ।
सूयर वल्लगलोय वंस कर लइ ससावरि
कोमल अंबिलि अमृतवेलि खिल्लूडा थोहरि ॥ ३९ ॥

गिरणय किसलइ लूण लोढ आलू पिंडालू ।
नीली हलद्र कचूर मोथ पल्लंक कुंआरी ।
आमिषु मंषणु कुहिय अन्न विस हिम करमट्टी ।
रींगण वयंगण घोलवणय अत्थाण पंपुट्टी ॥ ४० ॥ ठवणि ॥ २ ॥

रयणि भोयणु रयणि भोयणु जे करइ मूढा ।
ताहिं कीडीय मति हणइ वमण मखि जूयह जलोदरु ।
वीछी फोडइ तालूउं कुठरोगु कोलिउ असुंदरु ।
अन्न भवंतरि तेहवइं अहि घूयड मंजार ।
वायस रखस रयणि चरभुंड गिरोल सीयाल ॥ ४१ ॥ वस्तु

मंस वसणि सोदास राय जिम नरगि गमीजइ ।
अणजाणयं फल वंकचूल जिम नीमु करीजइ ।
नितु चीतवीइ विगइ द्रव्य सचित्त प्रमाणु ।
न्हाण विलेपण सयण जाण मेहुण पचखाणु ॥ ४२ ॥

म करि तलारउं कूरकम्मु खीहय इंटवाउ ।
चूडउ भाड उगरकम्म तरुवल्लीछेउ ।
गाडां घडविमवी कणउ मत भांडइं वाहउ
खाणि म मंडउ कूव वावि सरभूमि म फोडउ ॥ ४३ ॥

आगरि मत लिउ चमर दंत नख लाख गुलीतह ।
बहुरि म मंखण मधु मदिर वंदां अनु चउपय ।
वीकणि मत विसु हत्थियारु तिलवंड म पीलउ
देव मडालिम नास विंधि मत दइ पालतउ ४४ ॥

पोखि म कुक्कुड सुणह मोर सूया सालहिया ।
मत चवइ वनु मत सोसि सिधु द्रह कूव तलाया ।
व्रति आठम्मइ अणथदंडि अटझीणु न कीजइ
विणु दाखी नइ पाप कम्मं उपदेसु न दीजइ ॥ ४५ ॥

आउध अंगि म आपिइं झोलण हींडोला
साधि म औषध मंत्र यंत्र परिहरि कलि-झगडा ।
अकि ड वि वूड न कीकिय प नकि हारिउ राजो
कूव पखाइय आइ वरिस पंचय पवनालो ॥ ४६ ॥ ठवणि ३

णवमउं व्रतु परिपालि चंद्रवतंसक राय जिम
सामायकु बिहु कालि कोडि सुवन्नह दान समु ।
दसमइ देशावगासि दिसि संकोडिउ पा(प)वखउ
चाणुकु दिसि संन्यासि अणसणु लेविणु सग्गि गयउ ॥ ४७ ॥
कामदेव जिम पालि पौषध व्रतु इग्यारमउं
पापारंभ सवि टालि आठमि चऊदसि पख तिथो ।
बारम व्रति संविभाउ सुहतु दीजइ मुणिवरहं
जिम धनु सारथवाह तीर्थंकर घृतदानि हुउ ॥ ४८ ॥
धणि धणवइ संभूति मुणिवरु पाणी पाइयउ
नव भव हुइ विभूति नेमिनाहु अनु रायमए ।
मोदक दिइ मयसारु, मारगि भूला मुणिवरह
सो तीर्थंकर सारु, वीर जिणेसर वन्नियए ॥ ४९ ॥
मुंणि परमन्नु जु देइ, सालिभद्र कयवन्न जिम
उत्तम भोग लहेइ, नंदिसेण अइयकुमरु ।
विरूयउं जो मुणि देइ , नागसिरि दुर्गंध जिम
सो संसार भमेइ, जिम रुपिणि भवि पाछिलए ॥ ५० ॥
औषध दान प्रधानि, जिम रिसहेसर विज्ज भवे
वीरह औषधदानि, रेवइ होसिइ तीथयरो ।
पंचसई वेयावचि, भरहेसरु हुउ चक्रधरो
वीसामणा पवंचि, बाहुबलि बलवंतु जगे ॥ ५१ ॥
अवयंतीसुकुमालु, वसति-दाणि नलिणिहिं गयउ
धम्मोवगरण सयल, सुरवर मुनि जिम आपीयए ।
जिणवरबिंब भराबि बिंबप्रतिष्ठा पुस्तकइं
चउविह संघह भावि, सात खेत्रि धनु वावीयए ॥ ५२ ॥
तेरसइ आठ त्रीसि, सावय धम्मुवएस सवि
रयणसिंह सूरि सीसि, विनयचंद्र सूरि उद्धरीय ।
पास जिणिंद पसाइं, सानिधि सासणदेवि तणइं
जे उपदेस कराइ, ते मणवंछिय सुह लहइं ॥ ५३ ॥

इति बारव्रत रासः समाप्तः संवत् १४८० वर्षे आश्विन शुदि नवम्याम् ॥छ॥ पत्रांक २ ॥

આની પ્રત લીંબડી સ્થાનકવાસી નાગજી સ્વામી પાસેથી પ્રાપ્ત થતાં સાક્ષર મુનિશ્રી પુણ્યવિજય અને મુનિશ્રી જશવિજયે ઉતારી લઇને તેમને પાછી આપી હતી. તે લીંબડી સ્થા. ઉપાશ્રયમાં હોવી ઘટે. ઉતારેલ નકલ પરથી અત્ર કાળજીથી પ્રસિદ્ધ કરેલ છે. આ રાસના કર્તા વિનયચંદ્ર તે સં. ૧૩૨૫ માં પર્યુષણા કલ્પસૂત્ર પર નિરૂક્ત રચનાર વિનયચંદ્ર છે. આ રાસના કર્તા વિનયચંદ્રસૂરિ રત્નસિંહસૂરિના શિષ્ય છે. તેમણે નેમિનાથ ચતુષ્પાદિક રચી છે. જુઓ જૈન ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૫ તે ઉપરાંત આનંદસંધિ રચી છે કે જેમાં આનંદશ્રાવકનો સંબંધ જૂની ગૂજરાતીમાં છે. (લીંબડી ભંડાર) ૧૪ મા શતકની પ્રાચીન ગૂજરાતીનો નમુનો આ કૃતિ પૂરી પાડે છે.

જેસલમેરના ભંડારોના જુના ગ્રન્થોના ફોટા

(વિવેચન સહિત)

સાહિત્યના વર્ધન અને રક્ષણ માટે મધ્યકાલમાં **મારવાડે** ઘણીજ સારી નામના મેળવી છે. તેમાં પણ **જેસલમેરનું** નામ આ કાર્યમાં મોખરે ચડયું છે. અનેક વિષયના સંસ્કૃત, પ્રાકૃત, માગધી, અપભ્રંશ, શૌરસેની, પાલી, ગુજરાતી, મારવાડી અને હિન્દી ભાષાના જુના ગ્રન્થો તાડપત્ર-કાગળ વસ્ત્રાદિ ઉપર સુન્દર યતનાપૂર્વક લખેલા આજસુધી પણ જેસલમેરના પુનીત ભંડારોમાં ઉપલબ્ધ છે. અજૈન ગ્રન્થો પણ જે અન્ય સ્થલે નથી મળતા તેવા ગ્રન્થો પણ અહિંના ભંડારમાં અસ્તિત્વ ધરાવે છે. પહેલા તો દરેકની જેમ જેસલમેરના ભંડારાધિકારીઓ અત્યન્ત સંકુચિત ચિત્તવાળા હોવાથી તે પવિત્ર ગ્રન્થોના દર્શન કરવા પણ સાહિત્ય સેવીઓને દુર્લભ હતા. પરન્તુ જમાનાની હવાથી તે સંકુચિતતા જુજ થતી જાય છે. તેથી હજારો માઇલ દૂરથી **યૂરોપીયનો** અને **ભારતીય વિદ્વાનો** મારવાડ જેવા શુષ્કપ્રદેશમાં મુસાફરીની વિડંબના વેઠીને પણ જેસલમેર, ઉત્કંઠા અને નમ્રતા ભર્યા હ્દયે આવીને ગ્રન્થોના આદર્શો, પ્રશસ્તિ સાહિત્યગ્રન્થ, ગ્રન્થકર્તાના નામો વિગેરે લખીને તેના ઉપર સાહિત્યના સુન્દર લેખો લખે છે. સાહિત્યસેવી **ગાયકવાડ ઓરીયન્ટલ સિરીઝને** પણ આવું કાર્ય અત્યાવશ્યક લાગ્યું. તેથી તે સંસ્થા તરફથી સાહિત્યના મહાન્ વિદ્વાન્ શ્રીયુત **શ્રાવક ચીમનલાલ દલાલ M.A.** ને જેસલમેર મોકલી કેટલાક ગ્રન્થોની સુન્દર નોંધ કરાવી હતી, તે પછી તેમના અકાલ મૃત્યુથી સેન્ટ્રલ લાયબ્રેરીના જૈન પંડિતવર્ય શ્રાવક **લાલચંદ ભગવાનદાસ ગાંધીએ** આ નોંધોને વ્યવસ્થિત કરી તે ઉપર પોતાનું સંસ્કૃત ભાષામાં ઇતિહાસોપયોગી ટિપ્પણ લખી તૈયાર કરી તે પછી 'जेसलमीरभाण्डागारीयग्रन्थानां सूची, નામથી ઉપર્યુક્ત સિરીઝે ૨૧ મા ગ્રન્થ તરીકે સન્ ૧૯૨૩ માં સુન્દર રીતે તે સૂચીપત્ર બહાર પાડયું છે, જેસલમેરના તાડપત્ર ઉપર લખાએલા ગ્રન્થો પૈકી ૧૧ ગ્રન્થો (જે અત્યન્ત જીર્ણ થઇ ગયા છે.) ના **કેમેરા દ્વારા ફોટા ઉતરાણા છે. ફોટોગ્રાફર ભાઈ ભગવાનદાસ હરજીવનદાસ** ભાવનગરી છે. આ બધા (૧૧) **ગ્રન્થોના ફોટાઓનાં** દર્શન મને **મુંબઇના ચાતુર્માસ** દરમ્યાન (ઇ. સન્ ૧૯૨૭માં) શ્રી **મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરીમાં** થયાં. બધી થઇને **ફોટાની પ્લેટો ૨૫૪** છે. કીમત રૂ. ૩૦૦)ની છે. અક્ષર સાફ દેખાય છે. આમાં નીચે લખેલ નામના ૧૧ ગ્રન્થો છે.

૧. द्रव्यालंकारवृत्ति.

શ્રી **હેમચન્દ્રાચાર્યના** શિષ્ય પ્રબંધશતકર્તા મહાકવિ **રામચન્દ્ર** અને **ગુણચન્દ્રની** પ્રસ્તુતકૃતિ ન્યાય અને સિદ્ધાન્ત વિષયની છે. આ કૃતિને તાર્કિકોએ તથા સૈદ્ધાન્તિકોએ પ્રામાણિક ગણી છે. **સ્યાદ્વાદમંજરી,** આદિ ગ્રન્થોમાં '**तथा च द्रव्यालंकारकारौ**[1] ઇત્યાદિ વાકયોથી આ ગ્રન્થકારોનો તથા ગ્રન્થનો ઉલ્લેખ આવ્યો છે. પ્રમેયના વિષયમાં આ ગ્રન્થ સારો પ્રકાશ પાડે છે. પરન્તુ દુઃખની વાત છે કે આ ગ્રન્થના **ત્રણ પ્રકાશો પૈકી પહેલો પ્રકાશ જેસલમેરના ભંડારમાં પણ નથી.** છેલ્લા બે પ્રકાશો ત્યાં છે. સાહિત્ય સેવીઓને મારી તો નમ્ર પ્રાર્થના છે કે 'તેઓ આ કીમતી ગ્રન્થના ઉપલબ્ધ ભાગને પણ છપાવી મહાપુણ્ય હાસીલ કરે' આ ગ્રન્થનો છેલ્લો ભાગ મેં ઉતાર્યો છે, **બીજા પ્રકાશના છેડે આ પ્રમાણે છે—**

रूपं च लक्ष=(क्ष) मथचादिविर्दैविलुलमित्थं यदा[2] **दिपतिमनीयतपुद्गलानाम् । तन्मा कदाचिदपि पुद्गलनार्थमीनौ**[3] **(?) संदीक्षन्**

---

૧. નવમાશ્લોકની સ્યાદ્વાદમંજરી ટીકામાં પૃ. ૬૩ ॥ ૨ જેસલમેર ભાંડાગારીય ગ્રન્થાનાં સૂચીમાં "यथा" પાઠ ઉતાર્યો છે ॥ ૩ "पुद्गललाममीनौ" પાઠ જે. ભા. સૂચીમાં લખ્યો છે.

यदि भवन्तितमाम्(मां) कृतज्ञाः ॥

इतिश्रीरामचन्द्रगुणचन्द्रविरचितायां स्वोपज्ञद्रव्यालंकारटीकायां द्वितीयपुद्गलप्रकाशः समाप्तः ।

ત્રીજા પ્રકાશના અન્તે નીચે પ્રમાણે ઉલ્લેખ છે.

नोत्प्रेक्षाबहुमानतो न च परस्पर्द्धासमुल्लासतो नाऽपीन्दुद्युतिनिर्मलाय यशसे नो वा कृते संपदः ।
आवाभ्यामयमादृतः किमु बुधा द्रव्यप्रपंचश्रमः संद्मांतरनिर्मितावनवमप्रज्ञायकर्षश्रिये ॥

इतिश्रीरामचन्द्रगुणचन्द्रविरचितायां स्वोपज्ञद्रव्यालंकारटीकायां तृतीयोऽकंपप्रकाश इति संवत १२०२ सहजिगेन(ना) लिखि ।

૨. प्रमाणमीमांसा.

સર્વવિદ્યાનિષ્ણાત **આચાર્યશ્રી હેમચન્દ્રસૂરિજી** રચિત આ ગ્રન્થ **ગૌતમકૃત ન્યાયભાષ્યની** પદ્ધતિનો છે. પાંચ અધ્યાયમાં આ ગ્રન્થ પૂરો કરેલો હોવો જોઇએ એમ પ્રમાણમીમાંસાના પ્રારંભના '**आह्निकसमूहात्मकैः पञ्चभिरध्यायैः शास्त्रमेतदरचयदाचार्यः**, (स्वयं श्री हेमचन्द्रसूरिः) ઉલ્લેખથી જણાય છે, આ ગ્રન્થ પૂરો હજી ઉપલબ્ધ થયો નથી જેસલમેરની પ્રતિના અન્તે '**समासपरीक्षानामप्रकरणं**' છે **આર્હતમત પ્રભાકર મંડલ પૂનામાં** ૧॥ અધ્યાય '**न विप्रतिपत्त्यप्रतिपत्तिमात्रम्** ॥२।१।३४॥ સૂત્ર સુધી મૂલ, અને **न चाविज्ञाततत्त्वरूपं परपत्रं मेनुं वाक्यमित्याहुः ॥** (પૃષ્ઠ. ૧૦૮) ટીકા સુધી, છપાણો છે. એટલે કે **મુદ્રિતભાગ કરતાં જેસલમેરમાં થોડો વધુ ભાગ છે.** આખો ગ્રન્થ (પાંચ અધ્યાયનો) ઉપલબ્ધ થાય તો ઘણા વિદ્વાનોને નવું જાણવાનું મળશે, અનુમાન કરતાં આખો ગ્રન્થ **લગભગ ૫૦૦૦] શ્લોકનો** હોવો જોઇએ એમ લાગે છે, જેમાં **પ્રમાણ** અને **જીવાદિ**[1] **પ્રમેયનું** વિસ્તારથી વર્ણન હશે. ?

સાહિત્યપ્રેમી સંસ્થા અથવા ગૃહસ્થોએ [2]**સમન્તભદ્રાશ્રમની** જેમ આ ગ્રન્થ માટે સારૂં **ઈનામ** કાઢી અથવા ગમે તે ઉપાયોથી આ ગ્રન્થ જ્યાં હોય ત્યાંથી તેનો પત્તો લગાડવો અત્યાવશ્યક છે. પૂજ્ય મુનિરાજોએ પણ આ ગ્રન્થની હરેક ભંડારોમાં શોધ કરવી જોઇએ. જો વધારે ભાગ ન મળે તો જેસલમેરના ઉપલબ્ધભાગને સારી રીતે શુદ્ધતાપૂર્વક છપાવવો જરૂરનો છે. **આર્હતમત પ્રભાકરની આવૃત્તિ ઘણી અશુદ્ધ છપાણી છે.** આ ગ્રંથ **કલકત્તા યુનીવર્સિટી**ની જૈન. શ્વે. **ન્યાયતીર્થ** પરીક્ષામાં છે.

૩. कुवलयमाला ।

મુખ્યતયા **પ્રાકૃત** અને **અપભ્રંશ** ભાષામાં **રચેલી આ કથા ભાષાના** ઇતિહાસમાં સારો પ્રકાશ પાડનારી છે. થોડાજ ભંડારોમાં આની પ્રતિઓ છે.

યૂરોપીઅન સ્કોલરો આની બહુજ પ્રતીક્ષા

---

૧. યદ્યપિ ઉપલબ્ધ ત્રણ આહ્નિક (૧॥ અધ્યાય)માં પ્રમેયનું વર્ણન આવ્યું નથી. પરન્તુ ગ્રન્થકારે પોતેજ (શ્રી હેમચન્દ્રાચાર્યે) પ્રારંભમાં કહ્યું છે કે—तेन न प्रमाणमात्रस्यैव विचारोऽत्राधिकृतः किन्तु तदेकदेशभूतानां दुर्नयनिराकरणद्वारेण परिशोधितमार्गाणां नयानामपि । " प्रमाणनयैरधिगमः " इति हि वाचकमुख्यः ।, (દુર્નય અને નયોનું વર્ણન પણ ૧॥ અધ્યાયમાં આવ્યું નથી.) सकलपुरुषार्थेषु मूर्द्धाभिषिक्तस्य सोपायस्य सप्रतिपक्षस्य मोक्षस्य च । (*विचारोऽधिकृतः*)। *एवं हि पूजितो* विचारो भवति । प्रमाणमात्रविचारस्तु प्रतिपक्षनिराकरणपर्यवसायी वाक्कलहमात्रं स्यात् । ' પ્રમાણ મીમાંસા સૂત્ર ૧. પૃ. ૪ આર્હતમત પ્રભાકરની આવૃત્તિ ॥ તેથી જણાય છે કે આ પ્રમાણમીમાંસામાં નય, દુર્નય, આસ્રવ, સંવર, નિર્જરા, મોક્ષાદિનું વર્ણન પણ તત્ત્વાર્થની જેમ હશે ? તેમજ પૃથ્વીકાયાદિ જીવની સિદ્ધિ પણ વિસ્તારથી હશે. એ પણ પૃ. ૨૮ સૂત્ર ૧–૧–૨૨ ના (पृथ्व्यादीनां च प्रत्येकं जीवत्वसिद्धिरग्रे वक्ष्यते । ઉલ્લેખથી અનુમાન કરાય છે. । प्रमाणस्य विषयो द्रव्यपर्यायात्मकं वस्तु ॥ ૧–૧–૩૧ સૂત્રથી તો સામાન્ય પ્રમેયનુંજ લક્ષણ છે તેતો પ્રમાણ લક્ષણ પછી પહેલા આહ્નિકમાંજ આવી ગયું છે.

૨ દિલ્હીના સમન્તભદ્રાશ્રમે લુપ્તપ્રાય જૈન (દિગંબર જૈન) ગ્રન્થોનો પત્તો લગાડવા ૨૭ ગ્રંથો માટે ૧૫૦૦ રૂપિયાનું ઇનામ કાઢયું છે. વિશેષ [illegible] જુઓ અનેકાન્તનો અંક ફાલ્ગુન (૪) [illegible]

કરી રહ્યા હતા. પુરાતત્ત્વમંદિર આને પ્રકાશિત કરવા વિચાર કરે છે. રચનાકાલ ૧૨૦૦ વર્ષ જુનો છે. અપભ્રંશ ભાષામાટે કથાનો આવો જુનો બીજો ગ્રન્થ મારા ધારવા પ્રમાણે હજી મળ્યો નથી.

૪. सावगधम्म (श्रावकधर्म) (प्राकृत)

૫. कर्मप्रकृतिचूर्णिटिप्पण (संस्कृतमां)

૬. हरिवंश

૭. विलासवईकहा (विलासवतीकथा)

પ્રસિદ્ધ આચાર્યરત્ન શ્રી હરિભદ્રસૂરિ વિરચિત समराइच्चकहा (समरादित्यकथा)ના ભાવને લઇને ૧૧ સંધિ (વિભાગો)માં અપભ્રંશભાષાની આ કથા હજી સુધી ક્યાંય પણ છપાણી નથી ગ્રન્થ કર્તાએ પોતાનું નામ 'साधारण' લખ્યું છે મને તો લાગે છે કે તેમનું ઉપનામ 'साधारण' હશે ? જેમ 'સન્મિત્ર' 'વીરપુત્ર' 'ભિક્ષુ' 'બંસી'. તેમનું મૂલ નામ તો સિદ્ધસેનસૂરિ હતું. તેઓ કોટિકગણના બપ્પભટ્ટસૂરિના સમુદાયમાં થયા છે એવો ઉલ્લેખ કરે છે. તેનો છેલ્લો ભાગ આ પ્રમાણે છે.

कह विलासवइ पह समाणिय नियबुद्धिहिं मं जारिस जाणिय ।
पह कह निसुणेविणु साह मुणेविणु सयलप- मायई परहरहु ॥
असुहहं मणु संचहु जिणवरु अंचहु साहरणु विरमणु वरहु ।
—इह(अ) विलासवइकहाए एगारसमा संधी समत्ता । समत्ता । विलासवइकहा ॥

૮. धर्मोत्तरटिप्पण.

બૌદ્ધાચાર્ય ધર્મપાલના શિષ્ય ઈસ્વી સાતમી શતાબ્દિના પૂર્વાર્ધમાં થએલ બૌદ્ધ ધર્મકીર્તિ રચિત ન્યાયબિન્દુ ઉપર બૌદ્ધ ધર્મોત્તરાચાર્યે [1]ટીકા રચી, તે ટીકા ઉપર શ્રી મલ્લવાદિ જૈનાચાર્યનું પ્રસ્તુત ટિપ્પણ સુન્દર રહસ્યોપેત છે. ધર્મોત્તરનો સમય આજકાલના કેટલાક શોધકો ઇસ્વી આઠમી શતાબ્દીનું પૂર્વાર્દ્ધ અને કેટલાક ઈસ્વી૦ નવમીનું પૂર્વાર્દ્ધ માને છે. તો પછી પ્રસ્તુત ટિપ્પનના કર્ત્તા મલ્લવાદિનો સમય કમમાં કમ ઇસ્વીની આઠમી અથવા નવમી શતાબ્દી હોવો જોઇએ. નયચક્રવાલના કર્ત્તા પ્રચણ્ડ તાર્કિક મલ્લવાદિથી આ ટિપ્પનકાર મલ્લવાદિ ભિન્ન હોવા જોઈએ કેમકે જૈનપરંપરા પ્રમાણે નયચક્રવાલ ના કર્ત્તાનો સમય ઈસ્વી ચોથી શતાબ્દીનો છે. આ ટિપ્પણ ને ગાયકવાડ ઑરીયન્ટલ સિરીઝ છપાવે તો સારૂં થાય.

[1] પ્રસ્તુત ટીકાસહિત 'ન્યાયબિન્દુ' હરિદાસ ગ્રન્થ બનારસમાં છપાણું છે.

૯. सर्वसिद्धान्तप्रवेश.

સર્વદર્શનસંગ્રહની પદ્ધતિનો આ ગ્રન્થ જૈનાચાર્યનો હોવો જોઇએ. કેમકે આના મંગલાચરણમાં શ્રી જિનેશ્વરને નમસ્કાર કર્યો છે. આમાં નૈયાયિકાદિ સાત દર્શનોનું મુખ્યતયા વર્ણન કર્યું છે તેનો છેલ્લો ભાગ નીચે પ્રમાણે છે.

लोकायतिकानां संक्षेपतः प्रमेयस्वरूपमितिलोकायतराद्धांतः समाप्तः । सर्वसिद्धांतप्रवेशकः समाप्तः । नैयायिकवैशेषिकजैनसांख्यबौद्ध मीमांसकलोकायतिकमतानि संक्षेपतः समाख्यातानि ॥

૧૦. संयमाख्यानक

૧૧. प्रकीर्ण

ઉપર્યુક્ત ૧૧ ગ્રન્થો પૈકી 'દ્વ્યાલંકારવૃત્તિ' 'કુવલયમાલા' 'વિલાસવઈકહા' 'ધર્મોત્તરટિપ્પણ' અને 'સર્વસિદ્ધાન્તપ્રવેશ' આ પાંચ ગ્રન્થો તો પ્રકાશમાં સત્વર લાવવા આપણી કહેવાતી સાહિત્યસેવી ધનસંપન્ન સંસ્થાઓ અથવા આનંદજી કલ્યાણજીની પેઢી (જ્ઞાનખાતાના અઢલક દ્રવ્યમાંથી) યથાશક્ય પ્રયત્ન કરશે એવી આશા રાખી હું વિરમું છું. શ્રી મોહનલાલજી જૈન સેન્ટ્રલ લાયબ્રેરી મુંબઇની હસ્તલિખિત ઉપયોગી પ્રતિઓની મેં નોંધ કરી છે તે સંબન્ધી સમય મલ્યે વિવેચન સહિત લખવા પ્રયત્ન કરીશ.

શિવપુરી:

ન્યાયતીર્થ મુનિ
હિમાંશુવિજય અનેકાન્તી,

તંત્રીની નોંધ—'પ્રમાણમીમાંસાના મુદ્રિત ભાગ કરતાં જેસલમેરની પ્રતમાં થોડો વધુ ભાગ છે' એ વાતની અમને શંકા છે. જેં૦ ની પ્રતની અંતે 'સમાસ પરીક્ષા નામ પ્રકરણ' છે એમ લેખક જણાવે છે તો તેવું પ્રકરણ વ્યાકરણના સમાસનું હોય એમ સંભવે છે, રા. મોહનલાલ ઝવેરીએ મુંબઇની શ્રી મોહનલાલજી જૈન સેંટ્રલ લાયબ્રેરીમાંના ઉલ્લિખિત ફોટાની નકલ છે તે જોઇ હતી ને હમણાં પુનઃ જોઇ તો તેમનું કહેવું મુદ્રિત ભાગ જેટલુંજ જેસલમેરની પ્રતમાં છે એવું થાય છે. છતાં પણ લેખક જે થોડો ભાગ જેં૦ પ્રતમાં વધુ હોવાનું જણાવે છે તે થોડો ભાગ લખી મોકલાવશે તો અમારી શંકાનું કારણ નહિ રહે, એટલુંજ નહિ પરંતુ અમે તે પ્રસિદ્ધ કરીશું. આર્હતમતપ્રભાકરની પ્રમાણ મીમાંસા ઘણી અશુદ્ધ છપાણી છે એવું લેખકનું કથન અમે સ્વીકારતા નથી; છતાં પોતાના ઉક્ત કથન માટે પ્રમાણો લેખક લખી મોકલાવશે તો તે પણ પ્રકટ કરીશું.

વસ્તિગકૃત વીશ વિહરમાન જિન રાસ.

રચ્યા વિક્રમ સંવત્ ૧૩૬૮ માઘ શુદ ૫ શુક્રવાર.

સં. તંત્રી.

વિહરમાન તિત્થયર પાય કમલ નમેવિય,
કેવલધર દુન્નિ કોડિ સવિ સાધુ નમેવિઅ ॥ ૧
જિણુ ચઉવીસઇં પાય નમેસો,
ગુરૂયાં સહિ ગુરૂ ભત્તિ કરેસુ
સમરિય સામિણિ દેવિ,
પહિસિઉં જિણુ વીસઇ સંખેવિ. ૧
સંવત તેર અઠસઠઈ માહ મસવાડઇ
પાંચમિ હુઈ શુક્રવારિઇ પહિલઇ પખવાડઈ
તઉ આરંભિઅ અભિનવ રાસો
જિમ હુઇ કામણમરણવિણાસો,
મુઝ મૂરખ નવિ બોલવા ઠાઉ
પુણ ગુરૂયાં શ્રી સંઘ પસાઉ ॥ ૨
મઝ મનિ ઊપનઉ ભાઉ હઉં અજ્ઞાનહ હોઉ
સહિગુરૂ તણુઉ પસાય, એ પ્રભાવ હોઈ ॥
આગમ માહિ એહ કહીએઉ સારો ।
એ નર કર્મભૂમિ તણુઉ વિચારો ।
સંખેપિઈં લવ એક કહીજઈ
પસાઉ કરી ભવિઆ નિસુણીજઇ ॥ ૩
અઢઇ દીપ મઝારિ કર્મભૂમિ ભણીજઇ
જોઅણુ લખ પંચ તાલીસ વિસ્તાર જાણીજઈ ।
તેહ વિચિ જંબૂદીપ ભણીજઈ,
જોઅણુ લાખ એક નિસુણીજઇ ।
લવણસમુદ્ર છઇ વિલયાકારે
દુન્નિ લાખ જોઅણુ વિસ્તારે. ૪
પાછલિ ધાતકીખંડ લખ ચ્યારિ જાણીજઇ
કાલોદધિ સમુદ્ર લખ આઠ ભણીજઇ ।
પુખ્યર વર દીવ અદ્ધઉ હોઈ
આઠ લાખ જોઅણુ હુઇ સોઇ ।
એ જોઅણુ દેવકા ભણીજઈ
એક જોઅણુ સઈ ચ્યારિ જાણીજઇ ॥ ૫
સાઢ બાવીસ લાખ પૂરવ દિસિ ભાગે
અણિ પરિ થાકઉ અર્દ્ધ પાછિમ દિસિ લાખેઈ ।
તે વિચિ ગુરૂઉ મેરૂ ભણીજઇ
ઊંચઉ લાખ જોઅણુ સુણીજઇ
પૂરવ પશ્ચિમ દિસિ બેઇ જોએ
દુન્નિ દુન્નિ મેરૂ પાખલિ હોઈ
મેરૂ મેરૂ ત્રિણિ...ભણીજઇ
ઐરાવત પંચ પંચ મહાવિદેહ જાણીજઇ ।
ક્ષેત્રિ ક્ષેત્રિ વિજયા બત્રીસ
પંચક્ષેત્રિ વિહરઈ જિન વીસ
સુસસ(મ) કાલ વિશેષિઈ જોઅ
વિજય વિજય તિત્થંકર હોઇ ॥ ૬
પંચક્ષેત્રિ સઉ સાઠ જિનવર વિહરંતા
દસઇ ક્ષેત્રિ દસ હોઈ । સઉ સત્તરિ મિલંતા ।

સુસમતણુઉ જેઅ પ્રભાવો
નિસુણુઇ શ્રી સંઘ કરીય પસઉ (પસાઉ)
હુઆ નવ કોડિ કેવલધર દિનકર
નવઇ સહસ કોડિ મુનિ ચારિતધર ॥ ૭

(વસ્તુ)

અવધારિ સામિઅ અવધારિ સામિઅ શ્રી સીમંધર સ્વામિ
તુમ્હ દરસણિ વિણુ હીંડીઉં, અનંતકાલ બહુ દુખ પામિય ।
ભમ ભમંતઇ લધ્ધુ મઇ ગુરુ સુસાધુ જિનવર સુસામિઅ
ભરતક્ષેત્રિ થઉ વીનવઉં, સામિઅસું અવધારિ
ભમ ભમંતઉ ઊમનઉ, જામણુ મરણુ નિવારિ જામ૦ ॥ ૮ ॥ ૨
હિવ પુણુ દૂસમ જાણીઇએ । એવડઉ અંતરિ નિહાલિ
પંચ મહાવિદેહિ વીસ જિણુ વહરઈ સંપઇ કાલિ ૧
દુન્નિ કોડિ કેવલહધરહ ॥ પંચ ક્ષેત્ર વિહરંતિ
દુન્નિ સહસ કોડિ મુણિ રયણુ નિર્મલ ચારિત પાલંતિ ॥ ૨

પહિલઇ ક્ષેત્રિ મહાવિદેહે જંબૂદીપ મઝારિ
વિહરમાન તિત્થંકરહં વંદિસુ જિનવર ચ્યારિ । ૩
ત્રિભુવનતિલક સુસામીય એ, શ્રીઅ સીમંધર સ્વામિ
શ્રી જુગમંધર બાહુ સુબાહુ, જાઇ પાપ લિઇ નામિ. ૪
ત્રિહુઅ ગ્નાનેસિયં અવયરિઅ, ઇંદ્રિહિં કંક (?) છાઓ
પૂરવલાખ ચઉરાસીયહ, આઉષઉં જગનાહ. ૫
સામિઅ રૂપ સુવન્નમઇ એ, પાંચસઈ ધનુષ પ્રમાણિ
દેવ રચઇ સમોસરણુ યોજન્ વાણિ વખાણિ. ૬
બારઇ પર્ષદિ બઇસઇ તિહાં બઇસઈ સુરવઇ ઇંદ્ર
અમિઅવાણિ દેસણુ સુણુઇ એ અમૂલઇ ભવકંદ. ૭
સુરનર પન્નગ ભુવનપતે જોઇસી દેવ મિલંતિ
અસંખ્ય કોડિ દેવહંતણીઅ સામિઅ સેવ કરંતિ
ધન્નુ તે ધન્નુ તે નરનારિ. ૮
જે તુમ્હ પાયકમલ નમઇ સામિય સલાં જિણુંદ
સમોસરણુ દેસણુ સુણઇ, સુરપન્નગ ઇંદ્ર. ૯
તે નર ધન સલખણા જે તુમ્હ સેવ કરંતિ
સુધઇ નામિઇ જે નમઈ, તે સંસાર તરંતિ. ૧૦

ધાતકીએ ખંડ મઝારિ, આઠ તીર્થંકર વિહરમાન
સામિઅ એ સંસાર, તારંતિ સઇ પ્રભુ ઋષભ હઉં નમઉં. ૧
જિણુવરૂ એ આણુંત વીર, દિઇ સુખ અણુંતા એ
નિમલૂએ કરઉં સરીર, ધરઉ ધ્યાન સામી તણું એ. ૨
લીજઇ એ નામ ઉચ્ચાર, સુર દેવો વિશાલ જિન
તારઇ એ ભવ સંસાર, વિજયધરો ચંદ્રાનનૂંઅ. ૩
સામિઅ એઊં કરઈ વિહાર, દેવકમલ સંચારઇ એ
ઊપરિ એ ઢલઇં છત્ર, આગલિ ચમરં ઢલંતયા એ. ૪
સરસીય એ દેવહં કોડિ અંગ ઉલગ સામીયં કરઇ એ
રાખઊ એ ભવ ભમડત, વલીય વલીય તે ઇમ ભણુઇ એ. ૫
અતિસય એ હુઇ ચઉત્રીસ, વિહરમાન તિત્થંકરહં
તહિ મેરૂ (?) એ ધજ તે દીસ, પાયકમલ સામી નમઇ એ. ૬

(વસ્તુ)

ધન્નુ ભૂમિય ધન્નુ ભૂમિય સાહુ સુપવિત્ત
ધન નરવઇ ધન દેસ તહિં, જિણું જિનવર વિહરંતિ
સમોસરણુ દેસણુ સુણઈ નિતુ નવા ઉચ્છવ કરંતિ
વિહરમાન તિત્થંકરહં, સામિઅં વીસ જિણુંદ
ત્રિભુવન તુમ્હ સેવા કરઇ આવઇ ચઉસઠિ ઇંદ્ર. ૭
સેવક વીનવઈ તુમ્હ તણુઉ, સામિ વીનતી અવધારિ
આઠ જિણેસર વિ(હ)રમાન પુષ્પરદીપ મઝારિ
વંદઉં સામી ય ચંદપ્પહો, વંદઉં ભૂઅંગદેવ
કુસુમલ પાપહ છોડવઉં એ, કરઉ સંસારહ છેહ
ધા(સા)મીયં ઇસર પ્રણુમઇએ, સામીયં મુગતિ દાતાર
સમરઉં સામિઅ નેમિપ્રભો, જિમ પામઉ ભવ પારો
ત્રિધા શુદ્ધિઇં જે નમઇ એ, સામિઅ સુગતિ દાતાર
પંચમ ગતિહિં તે ગમઈ એ, છંડઇ એહ સંસાર. ૪
પંચમ ક્ષેત્રિ મહાવિદેહ, નરે સુયાં, વંદિસુ જિનવર ચ્યારિ
વયરસેન સામિઅ ગાયસિઉં એ નરે૦
સામિઅ તિહુઅણુનાહ. નરે૦
મહાપ્રભો જિનવર અચ્છઇએ નરે૦ સામિઅ દેવાધિદેવ
દેવયશો સામી નમૂં એ નરે૦ હેડલઇ ભાઉ ધરેવિ. ૫
અજિતવીર જિણુ વંદિઅસિઉ
છંડવિ દુખ સંસારતણા નરે૦ જિમ શિવ નયરીયં જોઇ

સપરિવારા પ્રભુ વાંદિસિઉં એ નરે૦ સામિઅ વીસ જિણિંદ
દિઇ સુખ સિદ્ધિઇ પણા નરે૦ ત્રોડે સો ભવકંદ. ૩
માન પ્રમાણા સિવ હું સમાં, નરે૦ સરિખુ બેઇ સમાચાર
સંસારસમુદ્ર તારણુ તરંડો નરે૦ સામિઅ ગુણહ અપાર. ૫
સિંહાસણિ સામિઅ સમોસરણિ નરે૦ અમીય વાણિ વરસંત
ભવદહ દાહ જિ અલ્હવઇ એ નરે૦ શિવપુરિ લેઇ મૂકંતિ. ૬
કાલઉં ગહિલઉં વીનવઉં એ નરે૦ તુમ્હચઉ સેવક હોઇ
મૂરખિ પઢી આશાતના એ નરે૦ તે સહૂ ક્ષમા કરેઉ. ૭
લોટા ગણે વસ્તિગ ભણુઇ એ નરે૦ સામિઅ વીનતી અવધારિ
કર્મ નટાવઈ નચાવીઉ એ નરે૦ ચઊદહ રજ્જહ મઝારિ. ૮
તે ભવ બીહતઉ વીનવઉં એ નરે૦ સામિઅં કરઉ પસાયઉ
એતલઉ માગઉ લાડતઉ નરે૦ દિઉ અમરાપુરિ ઠાઉ. ૯
વીસ જિણેસર ગાયસિઉં એ નરે૦ લેસિઉં નામ ઉચ્ચાર
ચિહૂંગતિ મીડઉં વાલિ એ નરે૦ છૂટિસુ ભવસંસાર. ૧૦
તારામંડલ જા અછઇં એ નરે૦ અનય સુરિજચંદ
તેમ એઉ નંદઉ સુરિગુરો, નરેસુયા ચઉવિહ સંઘ આણંદ. ૧૧

—ઇતિ વિંશતિ વિહરમાન રાસ સમાપ્ત ॥છા

પત્ર ૨-૧૩ **મુનિ જશવિજય સંગ્રહ.**

નવાં મંદિરો

આપણે નવા જમાનાના લોકો પહેલાં જેટલો મંદિરોનો ઉપયોગ નથી કરતા. મંદિરોમાં જવું આપણને લગભગ નકામો વ્યાપાર લાગે છે. કોઈ ખાસ ઉત્સવ હોય અને જવું પડે તો વાત જુદી. નહિ તો મંદિરો હવે અશિક્ષિત રૂઢિચુસ્તો, ડોસીઓ, વિધવાઓ અને દક્ષિણાર્થી ગોર બ્રાહ્મણો માટે જ છે, એવી આપણી લાગણી થઇ ગઇ છે. કોઇ મંદિરની મૂર્તિ ખાસ રૂપાળી હોય અથવા વિશેષ શણગાર પહેરતી હોય તો એ મોહકતા જોવા મન લલચાય ખરૂં. પણ દર્શન માટે ભેળા થયેલા અસંસ્કારી લોકો પોતાના કોલાહલથી કયાંયે મોહકતા અને કાવ્ય ટકવા દે ત્યારે ને! ગોર લોકો, પંડાઓ અને માગણો આપણને એક મિનિટનીયે શાંતિ મળવા ન દે. મૂર્તિનું ધ્યાન ધરવા એક ક્ષણ ઊભા રહીએ ત્યાં તો 'ચરણતીર્થ લો અને દક્ષિણા આપો'ની ઊઘરાણી શરૂ થઇ જ સમજવી.

કેટલાંક મંદિરોના દેવો ગર્ભશ્રીમંત રજવાડા જેવા હોય છે. રજવાડામાં જેટલાં ભોગવિલાસ અને વ્યસનો હોય તે બધાં એ દેવોને મળવાં જોઈએ. એક મંદિરમાં તો મેં વેશ્યાઓને મંદિરનાં પગથિયાંની પગચંપી કરતાં જોઈ છે. આ દેવોના રણવાસમાં અનેક દેવીઓ પણ હોય છે, અને રજવાડાની પેઠે રાણીઓને મળવાના વાર પણ નક્કી કરેલા હોય છે. ઇશ્વર જેવા ભક્તો જે દિવસે થશે તે દિવસ સુદિન. પણ ત્યાં સુધી ઇશ્વરને પોતાના ભક્ત જેવા થવું પડે છે એ વાત સાચી છે. મત્સરી પ્રજાના દેવો પણ મત્સરી. જોહુકમીથી ટેવાયેલી પ્રજાના દેવો પણ ઘડીકમાં રહીમ બને છે ને ઘડીકમાં કહાર બને છે. આપણા કેટલાક દેવો શીઘ્રકોપી છે, કેટલાક રુધિરપ્રિય છે. અને આ સ્વભાવ આખરે પૂજાવિધિમાં પ્રગટ થાય છે.

જેમ આપણા ધનિકો મેળવેલી સંપત્તિ પેઢીઉતાર ચાલે એટલા માટે એનું સ્થાવર જમીનમાં રૂપાંતર કરે છે તેમ જ જેને કંઇક પૂજાનો વિધિ સૂઝ્યો તે તરત તેને શાસ્ત્રની આજ્ઞાનું સ્વરૂપ આપી તેને ચિરંતન કરી મૂકે છે. દરેક મંદિરની પૂજાપ્રણાલિકા જુદી, પણ એક વાર ચાલી એટલે એમાં ફેરફાર ન થાય. સરકારની જબરદસ્તી અથવા ઝંઝરા-

ચાર્ય જેવાની શિરજોરી આગળ જે ફેરફાર થાય તે ખરો.

આપણાં મંદિરોની સંપત્તિ અને એનો થતો ઉપયોગ કોઇ પણ માણસને અસ્વસ્થ કરી મૂકે એવાં છે. છતાં એની વ્યવસ્થામાં ઊતરીને કંઇક સદુપયોગનું કાર્ય કરાય એ આશા લગભગ ફોગટ છે. શીખ લોકોએ પોતાનાં મંદિરોમાં સુધારો દાખલ કરવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો ખૂનામરકી સુધી વાત આવી. દક્ષિણમાં મંદિરોની આવક પર સમાજનો કે સરકારનો કાબુ બેસાડવાનો કાયદો ઘડવાની હીલચાલ ચાલે છે. જ્યાં સુધી સરકારને મહાયુદ્ધ જેવા પ્રસંગે મંદિરોની સંપત્તિમાંથી વૉર–બૉંડને સારુ પૈસા મળે છે ત્યાં સુધી સરકાર પણ શા માટે મંદિરોની વ્યવસ્થામાં દાખલ કરે ?

'મંદિર એ સંસ્થા જડતાથી ઘેરાયેલી છે. એમાં કશો સુધારો થવાનો નથી. એની મેળે જ્યારે એ જીર્ણ થશે ત્યારે થશે.' એમ માનનારા ઘણા હશે. પણ હમણાં હમણાં અમરેલી તેમજ દાહોદ જેવે ઠેકાણે સમાજસેવકોએ પોતે જ મંદિરો સ્થાપ્યાં છે ત્યારે એ સંસ્થા નિષ્પ્રયોજન નથી થઈ એમ જ કહેવું પડે છે.

આપણી નવી ભાવના, નવી આધ્યાત્મિક ભૂખ અને નવા સામાજિક સવાલો અને નવા આદર્શોનો વિચાર કરીને જ આપણે નવાં મંદિરો સ્થાપીએ અને નવા નિયમો ઘડીએ. આજે નવાં મંદિરો ભલે રમકડાં જેવાં હોય. એ મંદિરો સ્થાપવામાં મદદ કરનાર મધ્યમ વર્ગના લોકોનાં મનમાં ભલે મંદિરો વિષેની આસ્થા અને શ્રદ્ધા મોળી હોય. અજ્ઞાન લોકોને આશ્વાસન આપવાની 'લોકસંગ્રહ'ની દાનતથી જ ભલે આવાં મંદિરો સ્થપાતાં હોય. પણ જો એમની આસપાસ ધાર્મિક બુદ્ધિથી કરેલી સમાજસેવાનું તપ વધે તો એ મંદિરો ભવિષ્યકાળમાં જાગૃત સ્થાનો તરીકે લેખાશે, અને હજારો અને લાખો લોકો એ મંદિરોને સેવશે. તેથી અત્યારથી જ એ મંદિરોની સ્થાપના, તેમની રચના, અને પૂજાઅર્ચાનો વિધિ ભવિષ્ય તરફ દૃષ્ટિ રાખીને આપણે નક્કી કરવાં ઘટે છે.

આપણાં જૂનાં મંદિરો નાનાં હોય કે મોટાં મુખ્ય દેવની મૂર્તિ તો અંધારામાં જ રહેવાની. ઋષિઓએ જ નહોતું ગાયું એ પુરાણપુરુષ 'ગુહાયાં પ્રવિષ્ટ' છે ? અંધારાની મદદથી મૂર્તિ વિષે ભય અને ગૂઢ ભાવ પેદા થાય છે; અને બારણે બેઠેલા વ્યવસ્થાપક કે ગોર મહારાજની આવક નિશ્ચિત થઇ જાય છે. ઇતિહાસની દૃષ્ટિવાળો માણસ કહેશે કે મૂર્તિ કોઇ તોડી ન નાંખે, મૂર્તિને કોઈ લૂંટી ન લઇ જાય એટલા ખાતર તેને આમ સુરક્ષિત અંધારામાં સંતાડવામાં આવે છે. સંસ્કૃતિની સ્વાભાવિકતા તપાસનાર લોકો એમ પણ કહે કે પ્રખર તાપવાળા આ દેશમાં જાડા જાડા પથરાનાં શીતળ મંદિરોમાં ખૂબ ઊંડાણમાં અર્ધ અંધકારવાળી શીતળ ઓરડીઓમાં બપોરનો વખત ગાળવો એ જ લોકોને સુખાવહ અને શાંતિપ્રદ હોય છે: તેથી પૂજાનાં સ્થાનો આવાં જ બંધાય.

એ ગમે તેમ હો, પણ હવે પછીનાં મંદિરો દેવોને અંધારામાં ન જ બેસાડે એ જરૂરનું છે. જોહુકમી બાદશાહનું દર્શન ભલે દોહ્યલું હોય, પ્રજાનાયક તો બધાની વચ્ચે જ શોભે. હવે પછીનાં આપણાં મંદિરો ચારે બાજુથી ખુલ્લાં હોય. મજબૂત થાંભલા ઉપર શિખર ચણવામાં આવ્યું હોય તો શોભામાં જરાયે ઊણપ ન આવે. એવા મંદિરમાં જો મૂર્તિ ઊંચા ઓટલા પર સ્થાપવામાં આવે, અને ઓટલાની આસપાસ પૂરતી જગા છોડી કઠેડો કરવામાં આવે, તો મૂર્તિયે સુરક્ષિત અને દર્શન પણ સહેલું. દર્શન કરવા આવનાર લોકોની સંખ્યા જો અમર્યાદ હોય તો **કેટલાંક જૈન અને બૌદ્ધ મંદિરમાં હોય છે તેમ મંદિરના મધ્યમાં ચાર દિશામાં જોતી ચાર મૂર્તિઓ બેસાડી દેવી. અને જો મૂર્તિ એકમુખી જ હોય તો એના રક્ષણને અર્થે પાછળની બાજુ એક નાનકડી શિલા ઊભી કરી હોય તોયે બસ છે.**

મંદિર ભલે નાનકડું હોય, પણ એની આસપાસ પૂરતી ખુલ્લી જગા હોવી જોઇએ. આપણાં કેટલાંયે મંદિરો ચારે બાજુ ગીચ વસ્તી કરીને આપણે બગાડી મૂક્યાં છે. પ્રજા સમસ્તને મંદિરની આસપાસ ખુલ્લી

જમાની જરૂર જણાય તો તેવી જમાઓ મેળવવી એ અઘરૂં નથી, અઘરૂં તો યાત્રાળુઓની સગવડ ખાતર નાનાં મોટાં છાપરાં ચારે બાજુ ઊતારવાનો મોહ જતો કરવો એ છે. પ્રથમ મંદિરની આસપાસ મંડપો બંધાય છે, પછી ધર્મશાળાઓ આવે છે, અને આગળ જતાં ભાડાના લોભથી તેની દુકાનો બની મંદિરનું વાતાવરણ જ હણાય છે. મંદિરમાં કે આસ-પાસ જે કોઇ દીવાલ બાંધે છે તે તે દિશામાં દર્શનની સગવડ રોકવાનું પાપ કરે છે.

મંદિરની બાબતમાં કરવા જેવો મુખ્ય નિયમ તો નૈવેદ્ય અથવા ભોગ વિષેનો છે. હિંદુધર્મને પરદેશીઓ 'ચુલાધર્મ' અથવા 'રસોડાધર્મ' કહે છે. જ્યાં રાંધેલી રસોઇનો સવાલ આવ્યો ત્યાં ન્યાતજાતના અને આભડછેટના બધા જ સવાલો આવે છે. આપણા ઋષિઓએ કંદમૂળ અને ફળ એટલી જ વસ્તુઓ પવિત્ર ગણવામાં ભારે ડહાપણ વાપર્યું છે એમાં શક નથી. આપણાં મંદિરોમાં સૂકાં કે લીલાં, કાચાં કે પાકાં ફળો જ ભોગ તરીકે લઇ જવાય એવો નિયમ કરવો અત્યંત જરૂરનો છે. બહુ બહુ તો સાકર, દૂધ, માખણ અને દૂધમાંથી તૈયાર થતી તાજી મીઠાઇ એટલું જ નૈવેદ્ય માટે યોગ્ય ગણાય. આપણી હોજરી અને આપણો સ્વાદ કૃત્રિમ, તેથી આપણે અનાજ બાફીને અને જાતજાતના મસાલાથી બગાડીને ખાઇએ છીએ. નિત્યતૃપ્ત ઇશ્વરને એવો જ ખોરાક ધરવાની શી આવશ્યકતા? વાલ્મીકિએ કહ્યું છે ખરૂં.

यदन्नः पुरुषो भवति तदन्नास्तस्य देवताः ।

માણસ જેવો ખોરાક ખાય છે તેવો જ દેવોને અર્પણ કરે છે. એ જ રીતે અનાર્ય દેવો અને દેવીઓ ઘેટાંબકરાં અને પાડાનો ભોગ માગતાં થયાં. આપણે જો પરિશુદ્ધ હિંદુધર્મના દેવોની ઉપાસના કરવા માગતા હોઇએ તો પરમપાવન ઋષિઓએ હવિષ્ય ગણેલાં, કંદમૂળ, ફળ અને બીજનું જ નૈવેદ્ય ધરાવવું ઘટે છે. ઋષિપંચમીને દિવસે બળદની સેવાથી ઉત્પન્ન થયેલું કશું ન ખાવાનો નિયમ હોય છે. સ્વાર્થને લીધે પશુઓ પર આપણે જે જુલમ ગુજારીએ છીએ તેનું ભાન એ જ નિયમ કરાવે છે. માણસજાત હમેશને માટે એ નિષ્પાપ ખોરાક લેતી થાય એ આપણું સત્યયુગ માટેનું સ્વપ્નું છે. આપણા પૂજાવિધિ દ્વારા એ આશા પોષાય એ કંઇ ઓછો લાભ નથી.

જૈનોમાં પ્રભુ પાસે અતિ નિષ્પાપ ચીજો ધરવામાં આવે છે, છતાં તેને નિર્માલ્ય ગણી તે પોતે જમતાજ નથી-પ્રમાદ તરીકે હિંદુઓ માફક સ્વીકારતા નથી તેમાં હેતુ આ લેખમાં જણાવ્યો તેવો હોવો ઘટે.

પૂજામાંથી ચુલાધર્મનો છેદ ઊડાડયા પછી પુરાણકારની નીચેની ભલામણ સ્વીકારતાં આપણા લોકોને ઝાઝો વાંધો નહિ આવે:

कृष्णालयसमीपस्थान् कृष्णसेवार्थमागतान् ।
चांडालान्पतितान्व्रात्यान् स्पृष्ट्वा न स्नानमाचरेत् ॥

આપણા પૂજાવિધિમાં કર્મકાંડ અને તંત્રને આપણે વધારે પડતું સ્થાન આપ્યું છે. પૂજામાં તો હૃદયધર્મની ઉત્કટતા અને સાદાઇ હોવી જોઇએ. ઇશ્વરને માણસ જેવી બધી હાજતો હોય છે એમ કલ્પીને ષોડશ ઉપચારનો આડંબર વધારવા કરતાં ઇશ્વરને કશાની જરૂર નથી એ ઋષિઓનું વચન યાદ રાખી આપણી ભક્તિ અને આપણી પૂજા આપણા હૃદયને સંતોષે એ જાતની ગોઠવીએ તો ઘણી ઉપાધિમાંથી આપણે બચી જવાના. ઈશ્વરની પૂજા એ ભાવપ્રધાન હોવી જોઇએ. રસાયણશાસ્ત્રના પ્રયોગો અથવા વૈદલોકોના દવા બનાવવાના વિધિઓ જેવી ઈશ્વરપૂજા કર્મકાંડી બનાવવાની કશી જરૂર નથી. ઔષધની ભસ્મ તૈયાર કરવામાં ભૂલ થઇ તો તે ઝેર થઇ જાય છે, એ જ રીતે પૂજાવિધિમાં જરાક ભૂલ થઈ તો મહાદેવ કે માતા આપણને ભસ્મ કરી નાંખશે એવી બીક કેળવવાથી સકામ ભક્તિમાં ભલે ઉત્કટતા આવી હોય, પણ ધાર્મિકતા દૃઢ થાય જ છે એમ ન કહી શકાય. પૂજાવિધિ સાદો અને ઉત્કટ ભક્તિવાળો હોવો જોઇએ.

એવી પૂજા કરવા માટે કોઈ ખાસ ગોર, બ્રાહ્મણ કે તપોધન, બાવા કે મુખિયાજી રાખવાની જરૂર નથી. ધંધાદાર પૂજારી રાખ્યો એટલે એની પાછળ અસંખ્ય બદીઓ આવવાની જ. જૂનાં મંદિરોની વાત આપણે અહીં નથી કરતા. એમને એમના

બધા અટપટા સવાલો મુબારક હો. નવાં મંદિરોમાં તો આપણે ચોખ્ખા રહીએ. જેમને મૂર્તિપૂજાનો વિરોધ નથી એવા બધા લોકો–પછી તે ગમે તે ધર્મના હોય–મંદિરમાં દર્શનને અર્થે આવી શકે છે. એમણે મંદિરની મર્યાદા જાળવવી જોઇએ એટલો નિયમ હોય એટલે બસ. અને પૂજામાં તો એ મંદિરમાં માનનાર હરકોઇ હિંદુને માન્ય વિધિ પ્રમાણે પૂજા કરવાની છૂટ હોવી જોઇએ. પુરુષ હોય કે સ્ત્રી, નહાઇને, ધોયેલાં સ્વચ્છ કપડાં પહેરીને ભૂખે પેટે પૂજા કરવા મંદિરમાં જાય. એમાં ન્યાતજાતનો ભેદ ન હોય. સ્ત્રીપુરુષનો પણ ભેદ ન હોય. જે લોકોએ મળીને મંદિર બંધાવવાનો ઉપક્રમ કર્યો હોય તે સૌ પૂજાના વારા બાંધે. પૈસાથી મંદિરો બાંધવાની અને ચલાવવાની સગવડ જ્યારથી લોકોને સુઝી ત્યારથી હિંદુસમાજમાં જરૂર કરતાં વધારે મંદિરો બંધાયાં. ભક્તિને પોષવા અર્થે નહિ પણ અમુક લોકોની હોંશ અથવા પ્રતિષ્ઠાની લાલસા તૃપ્ત કરવા ખાતર મંદિર ચલાવવાનું ખર્ચ ઝાઝું ન જ હોવું જોઇએ. જેઓ મંદિર બંધાવે તેમણે જ મંદિર ચલાવવાનું ખર્ચ ઊપાડવું જોઇએ.

દર્શન કરાવવા માટે દક્ષિણા લેવાનું તો હોય જ નહિ. દર્શન કર્યા પછી કોઇને કંઇ આપવાનું મન હોય તો તે ભલે લેવાય; પણ આવી રીતે ભેગું થયેલું ધન મંદિરના માલિકો, ચાલકો, પૂજારી (જો દુર્ભાગ્યે હોય તો) કે મંદિરના દેવની માલિકીનું ન ગણાય. જે સમાજમાંથી એ દ્રવ્ય આવે છે તે સમાજની ભાવના પ્રમાણે સમાજસેવાના કોઈ પણ યોગ્ય કાર્યમાં એ ધન વપરાય. પણ એ સ્વતંત્ર વિષય થયો. એની ચર્ચા સ્વતંત્ર કરવી ઘટે છે.

હિંદુઓના મંદિરોમાં હજારો કે લાખો લોકો ભલે ભેગા થતા હોય, પણ પૂજા તો ઘણે ભાગે વ્યક્તિગત જ હોય છે. સામુદાયિક ઉપાસના ભાગ્યે જ જોવામાં આવે છે. આને કારણે મંદિરોમાં સંગીતને બદલે જ્યાં ત્યાં અવકળા જ દેખા દે છે. મંદિર એ મુખ્યતઃ સામાજિક સંસ્થા છે. ધર્મનું સામાજિક સ્વરૂપ એમાં ખીલે એ તરફ દુર્લક્ષ ન થવું જોઇએ. શુદ્ધ, સાત્વિક, પવિત્ર અને કલારસિક આગેવાનોએ મંદિરની સંસ્થાનું બધું તંત્ર યોજવું જોઇએ. પૂજાવિધિ પણ એને અનુસરતો જ હોય.

જેમ મંદિરમાં વપરાતા અથવા ધરાવાતા ખોરાક વિષે ચોખવટ કરી તેમ પૂજામાં કે મંદિરમાં વપરાતાં વસ્ત્ર વિષે પણ ચોકસ નિયમ હોવો જોઇએ. પરમાત્મા 'દીનદુઃખહરણ' છે, પતિતપાવન છે. એને રાજવિલાસ કે વૈભવના શણગાર ન હોય. શુદ્ધ ખાદીનાં કપડાં જ એને શોભે. સિંહાસન પર બેઠેલા રામ કરતાં અહલ્યાનો ઉદ્ધાર કરનાર, ગુહકને ભેટનાર, અને શબરીનાં બોર ચાખનાર તપસ્વી કે વનવાસી રામની જ મૂર્તિ મને વધારે અનુકૂળ લાગે છે.

આવી રીતે સમાજના ભવિષ્યકાળને પોષક એવી મંદિરોની રચના કર્યા પછી સમાજના ઐહિક અને પારલૌકિક કલ્યાણને માટે એ મંદિરોનો શી રીતે લાભ લેવાય એ વિચારવા યોગ્ય વસ્તુ છે.

નવજીવન ૧૫–૪–૨૮

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર.

તંત્રીની નોંધ:—આ લેખ કાકા સાહેબે જૈનેતર મંદિરોને ઉદ્દેશીને લખ્યો છે અને તે સંબંધી લખતાં જૈનમંદિરોની કેટલીક ગ્રહણ કરવા લાયક બાબતો પણ બતાવી છે. આપણે આ લેખમાંથી જે સારી યોગ્ય સૂચનાઓ લાગે તે સ્વીકારી શકીએ છીએ અને તેટલા માટે આ બોધક લેખને અત્ર સ્થાન આપ્યું છે.

નન્નસૂરિકૃત અર્બુદચૈત્યપ્રવાડી.

સં. ૧૫૫૪

શ્રીય અરબુદ ગિરિવર જોઇઅણુ બાર,
જિહાં બારઇ પાજઇ બારઇ ગામ ઉદાર,
બારઇ ગામ વસઇ જસુ ઉપરિ, પગિ પગિ નીરપ્રવાહ,
કોઇલિ વાસિઈ મોર કીગાઇ નાચઇ ધુરિ ઉચ્છાહ
ચંપક કેતકિ કરણી કરમદી, નારિંગા સહકાર,
ઈમ દેખી કાસદ્રા પાજિઇ ચડતા હરખ અપાર. ૧
અચલહ ગઢિ સહસા સુરતાણી પ્રાસાદિ,
ચઉમષિ પીતલમઇ પોઢા ચ્યારઇ આદિ.
આદિ નમી ઉરડીઇ ચં(વં)દઉં કુંથુનાથ મનખંતિ,
કુમરવિહારમાલા ગિરિ ઊધરિઉ તિહાં પ્રણમઉં શ્રીશાંતિ.
ધારાવરષ પરમાર મહિષસિઉં, તટિ મંદાગિનિ કુંડ,
અચલિંગ અચલેસર આગલિ પીતમઇ વરસંડ. ૨
હિવ હુંબડ દેઉલ, દેઉલવાડઈ ગામિ,
પ્રણમી તિહાં આદિલ ચઉમુષિ નવફણ સ્વામિ;
ચઉમુષિ સંઘપતિ મંડલિક કેરઈ ચ્યારિ પાસ નિહાલિઈ,
તેર ત્યાસીઇ કારીય જિણહર ઝંઝણદે શ્રીમાલિ,
તિહાં પીતલમઇ આદિજિણેસર થાપિઉ જગત્ર વખાણઇ
તે પણિ કુંભલમેરિ ગઢિ આણિઉ સમધર કુંભઈ રાણઈ૩
મંત્રિ ગદઈ ઠવિઉ આદિલ વલિ પનરહપંચવીસઈ,
સયમણુ પીતલમઇ પરિગરસિઉં તિહાં દિસિ,
દીસઇ લુણસીહ હિવ વસહી નેમિનાથ ગુણરાસી,
પુત્રનામિ તેજલિઇં કરાવી વચ્છરિ બારસત્યાસી,
વિવિધભાતિ કોરણીય અપૂરવ પાછલિ દસહથિ સાલ,
ઊચા સામિ પજૂન પાસ નમિ જો કુંખી પોસાલ. ૪
દસ અઠયાસી કઇ મુહંતઇ વિમલ કરાવી,
અઠ(દ)ભુતજે વિસહી રિસહ નમઉ તિહાં આવી.
આવી તિહાં બાવન દેહરીએ જિણવર કરઉ જુહાર,
આગલિ સમોસરણુ દસ કુંજર વિમલમંત્રિ અસવાર,
વિમલબંધવ સંતાનિઇં હશરથે બારહસઇં પંચિતાલઇ
તુરગ સહિત હથિસાલ કરાવી ધન ધન તેજિ નિહાલિ. ૫
અછઈ અરબુદદે દેવી વિચરિહિં વિણૂ આધારિ,
રસિ રસિઉ ઊલટ શ્રીમાતાનઈં બારિ.
શ્રીમાતા દેખી રિષિ વિશિએ અહિતા(ડા)ણુ,
તિહાં પાલ્હણુ પરમાર પીતલમઈ ગૌતમ વડઉ પ્રધાન,
ઇણિપરિ અરબુદ ચૈત્રપ્રવાડિજિ કીજઈ આણંદ પૂરિ
પનર ચઉપનઈ ભણઇ મનરંગિઇ કોરંટ ગચ્છિ
નનસૂરિ. ૬

"श्री अरबुदचैत्रप्रवाडि"

કર્તા નનસૂરિ કોરંટગચ્છના હતા, ને સર્વદેવ-સૂરિના શિષ્ય હતા. તેમની ગૂજરાતી ભાષાની કૃતિઓ સંબંધી ને પ્રતિમાલેખો સંબંધી જુઓ મારો જૈન-ગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૯૬ થી ૯૮ કે જે શ્રીમતી જૈન શ્વે૦ કૉન્ફરન્સે બહાર પાડેલ છે.

આ કૃતિ સં. ૧૫૫૪ માં રચાઇ છે ને તેમાં આબૂ ગિરિપરનાં મુખ્ય જૈન મંદિરોની પરિપાટી આપી છે, 'આબૂ બાર જોજનનો, અને તેની બારે પાજે બાર ગામ છે, તેનાપર નીરપ્રવાહ વહ્યાં કરે છે, કોયલ વસે છે, મોર ઉત્સાહભર નાચે છે. ચંપક કેતકી કરેણુ કરમદી નારંગી આંબાનાં વૃક્ષો ઝૂકેલાં હોય છે ને તે કાસદ્રાની પાને ચઢતાં જોઇને આનંદ થાય છે.

અચલગઢમાં [1]સહસા સુરતાણીના પ્રાસાદમાં ચોમુખ પીતલમય પ્રૌઢ ચાર પ્રતિમા આદિનાથની છે. આદિનાથને વંદી કુંથુનાથ ને પછી કુમારવિહારના ઉદ્ધારેલા મંદિરમાં શાંતિનાથ છે. (આ શ્રી શાંતિ-નાથવાળું મંદિર કુમારવિહાર હશે અને તેમાં મૂળ મહાવીરની પ્રતિમા હતી ને તેનો જીર્ણોદ્ધાર થતાં ત્યાં શાંતિનાથની પ્રતિમા બેસાડી હશે એ મુનિ જયંતવિજયની 'આબૂ' પૃ. ૧૬૮ પરની કલ્પના સત્ય છે.)

---

૧ મુનિજયંતવિજયના 'આબૂ' નામના પુસ્તકમાં પૃ. ૧૫૮ માં જણાવ્યું છે કે સહસો પોરવાડ સંઘવી સાલિ-ગનો પુત્ર ને અચલગઢવાસી હતો તેણે ચોમુખજીનું મુખ્ય મંદિર બંધાવ્યું ને તેમાં ઋષભનાથની મોટી પ્રતિમા તપાગચ્છના જયકલ્યાણ સૂરિ પાસે સં. ૧૫૬૬ માં કરાવી એમ જણાવ્યું છે પણ આ કૃતિ ૧૫૫૪ ની છે તો તે વખતે આ મંદિર થઈ ગયું હશે.

ધારાવર્ષ પરમારે પીતલનું અચલલિંગ—અચલેશ્વર મંદિરમાં મંદાકિનિકુંડના તટ ઉપર મહિષ સાથે કરાવ્યું છે, તે બાબતનો લેખ કે જે પૂરો હાલ ઉકલતો નથી તે હોવો જોઇએ (જુઓ આબૂ પૃ. ૧૭૩. તેમાં લેખનું વર્ષ સં. ૧૪૯૪ થી કાંઇક પહેલાંનું છે તેમાં ૧૪૯૪ ને બદલે ૧૨૯૪ જોઇએ એમ જણાય છે.)

હવે દેવલવાડા ગામમાં હુંબડ (દિગંબર)નું દેવલ છે. (આબૂ પૃ. ૧૪૧) ત્યાં આદિનાથને વંદી પછી ચોમુખમાં નવફણા સ્વામીને વંદવા. આ ચોમુખમાં ચાર પાર્શ્વનાથની મૂર્તિ સંઘપતિ મંડલિકે કરાવી (સં ૧૫૧૫ આબુ પૃ. ૧૪૧.) અને ઝંઝણુદે શ્રીમાલીએ સં. ૧૩૮૩ માં એક જિનગૃહ કરાવ્યું તેમાં પીતલમય આદિ જિનેશ્વરની મૂર્તિ સ્થાપી અને તે પણ કુંભલમેર ગઢમાંથી કુંભા રાણાએ આણી. (સં. ૧૫૧૮ આબુ પૃ. ૧૫૮) એનાં વખાણ બધાં કરે છે.

વળી (ત્યાં) સં. ૧૫૨૫ માં મંત્રિ ગદાએ સો મણ પીતલમય પરિકરવાળી આદિનાથની પ્રતિમા સ્થાપી. (આબૂ પૃ. ૧૩૩–૧૩૧ મા પૃષ્ઠપર વિ. સં. ૧૩૭૩ ને ૧૪૯૪ વચ્ચે આ મંદિર બન્યું હોવું જોઈએ એમ જણાવ્યું છે પણ હવે સં. ૧૩૮૩માં ભીમાશાહે નહિ પણ ઝંઝણુદે શ્રીમાલીએ બંધાવ્યું એમ આમાં જણાવ્યું છે તો સં. ૧૩૮૩ ચોક્કસ મળે છે. તે કરાવનાર ભીમાશાહ કે ઝંઝણુદે–અગર બંનેએ કરાવેલ મંદિર એક કે જૂદા એ સંબંધી 'આબૂ'ના કર્ત્તા વિશેષ તપાસ કરી બીજા ભાગમાં જણાવશે.)

પછી હવે લૂણસીહ વસતિ કે જે તેજલે (તેજપાલે) સં. ૧૨૮૭માં કરાવી કે જેમાં વિવિધ ભાંતિની કોરણી અપૂર્વ છે. પછી દશ હાથીની શાળા છે. અને ઊંચા સ્વામી પ્રદ્યુમ્ન, પાર્શ્વનાથ, નમિનાથ (ની મૂર્તિવાળી) પોશાલ (પોષધશાલા) છે.

પછી સં. ૧૦૮૦ માં વિમલમહેતાએ કરાવેલી અદ્ભુત ઋષભ વસહિ છે ત્યાં આવીને નમો. ત્યાં બાવન દેહરીઓ છે તેમાંના જિનવરોને જુહારો. આગળ સમોસરણ રચના છે. દશ હાથી ને વિમલમંત્રી (ઘોડાપર) અસવાર થયા છે. વિમલમંત્રીના બાંધવ–ભાઇના સંતાનિક દશરથે સં. ૧૨૪૫ માં ઘોડા સહિત હાથીઓની શાલા કરાવી છે (વિમલના ભાઈ નેઢનો પુત્ર ધવલ–આનંદ–પૃથ્વીપાલ તથા મહિંદુના પુત્ર હેમરથ અને દશરથ બે ભાઇઓ. આ બે ભાઇઓએ સં. ૧૨૦૧ માં વિમલવસહીની અંદર ૧૦ મા નંબરની દેરીનો જીર્ણોદ્ધાર કરાવ્યો વગેરે 'આબૂ' પૃ. ૨૧ પર જણાવ્યું છે ને પૃથ્વીપાલ મંત્રીના પુત્ર મંત્રી ધનપાલે પોતાના મોટાભાઇ જગદેવના અને પોતાના નામથી છેલ્લા ત્રણ હાથીઓમાંના બે હાથીઓ સં. ૧૨૩૭ માં કરાવ્યા છે, ત્રીજા હાથી ઉપરનો લેખ ખંડિત થઈ ગયો છે, પરંતુ એ ત્રીજો હાથી પણ મંત્રી ધનપાલેજ કરાવ્યો હશે એમ જણાય છે. આ ધનપાલે પણ પોતાના પિતાના પગલે ચાલીને આ વિમલવસહી મંદિરની કેટલીક દેરીઓનો જીર્ણોદ્ધાર સં. ૧૨૪૫માં કરાવ્યો છે'–એમ 'આબૂ' પૃ. ૨૨ પર જણાવ્યું છે, પણ આ કૃતિમાં ચોખ્ખું જણાવ્યું છે કે તુરંગસહિત હાથીઓ ધનપાલે નહિ પણ દશરથે સં. ૧૨૪૫ માં કરાવેલ છે એટલે ત્રીજા હાથી પરનો ખંડિત થયેલ લેખ દશરથનો સં. ૧૨૪૫ નો હોવો જોઇએ) ૫.

અર્બુદદેવી વિણ આધારે વિચરે છે (તેને લોકો અધર દેવી પણ કહે છે. 'આબૂ' પૃ. ૧૮૧) અને શ્રીમાતા (કન્યાકુમારી)ના મંદિરની બહાર રસિઓ ઉભો છે (રસિયા વાલમની મૂર્તિ છે.) 'આબૂ' પૃ. ૧૮૦)

શ્રીમાતાને જોઇને પછી ઋષિ વિશિષ્ટનું અધિષ્ઠાન આશ્રમ આવે છે. ત્યાં પાલ્હણ (પ્રહ્લાદન) પરમારની પિત્તલની મૂર્તિ છે (તેને કોઈ ઇંદ્રની અને કોઈ આબૂના રાજા પરમાર ધારાવર્ષની હોવાનું બતાવે છે–આબૂ પૃ. ૧૯૫, પણ ખરી રીતે આ કૃતિના સમયમાં તે પાલ્હણની મૂર્તિ ગણાતી) પછી ગૌતમ વડો પ્રધાન (એટલે ગૌતમાશ્રમ) આવે છે.

આ રીતે અર્બુદ (આબુ)નાં ચૈત્યોની પરિપાટિ

આનંદ પૂરીને કરવી ઘટે એમ કોરંટગચ્છના નન્નસૂરિ મનના રંગેથી સં. ૧૫૫૪માં કહે છે. ૬.

આ નાની કૃતિ છે છતાં તે અને સોળમા સૈકાના મધ્યની હોઈ જૂની છે ને ઘણી વાસ્તવિક હકીકતો પૂરી પાડી કેટલાંક સંશયોને નિવારે છે. આશા છે કે આને પ્રકટ કરી તેનો આધાર લઈ 'આબૂ'ના બીજા ભાગમાં મુનિશ્રી જયંતવિજય તેનો યોગ્ય ઉપયોગ કરશે. મને જે જણાયું તે ઉપર સાર રૂપે 'આબુ'ના પહેલા ભાગમાંથી ઉતારા ટાંકી સંદેહસ્થાનો પર લક્ષ ખેંચી જણાવી દીધું છે.

આ કૃતિ શ્રી જિનવિજયે પોતાનાં ઐતિહાસિક સાધનો પ્રસિદ્ધ કરવા માટે ઉતરાવી હતી અને તે ઉપલબ્ધ થતાં અત્ર મૂકી છે તો તેમનો ઉપકાર અત્ર સ્વીકારૂં છું.

તંત્રી.

આપણી સંસ્થાઓ.

કોઠારી મગનલાલ ભુરાભાઈ જૈન શ્વે૦ મૂર્તિપૂજક વિદ્યાર્થીભવન, લીંબડી.

કોઈપણ રાષ્ટ્ર કે સમાજના નવસૃજન માટે જો કોઈ પણ પ્રથમ કર્તવ્ય હોય તો તે લોકશિક્ષણજ છે. કોઈપણ રાષ્ટ્ર કે સમાજની અવનતિ જેમ તેની અજ્ઞાનતાને આભારી છે તેમ તેનો ઉત્કર્ષ તેના શિક્ષણ-પ્રચારને આભારી છે. આજ અનુભવે કેળવણીના પ્રચાર દ્વારા પ્રત્યેક રાષ્ટ્ર અને સમાજે પોતાની ઉન્નતિ સાધી છે. છેલ્લી પચાસીમાં આવો પ્રચાર કેળવણીની સંસ્થાઓથી થયો છે.

એ કેળવણીની સંસ્થાઓમાં **ઝાલાવાડ** (કાઠીયાવાડ)ના લીંબડી શહેરમાં જૈનત્વનું અપૂર્વ ભાન કરાવતી, કાઠીયાવાડ અને ખાસ કરીને ઝાલાવાડમાં જ્ઞાનની નવજયોત ફૂંકનાર-ઝાલાવાડનું '**નુર**' ગણાતી **"કોઠારી મગનલાલ ભુરાભાઈ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થીભવન"** નામની જૈન સંસ્થા છે તેનો ટુંક પરિચય જૈન સમાજને આપવો અસ્થાને નહિજ ગણાય.

આજથી પંદરેક વર્ષ પૂર્વે **સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરિજીનું** આગમન લીંબડીમાં થયેલું ત્યારે તેમણે લીંબડીના જાગ્રત જૈન નાયકોને ઘડી આપેલી એક યોજનાના પરિણામે આ સંસ્થાનો જન્મ થયો છે. તેનું સુકાન લીંબડીના આગેવાન અને અગ્રગણ્ય શહેરીઓ **શેઠ કેશવલાલ લાલચંદ દોસી અને શેઠ ઉમેદચંદ નાનચંદ** પરિખને સોંપાયું. તેમનો સતત પરિશ્રમ અને બ્હોળી લાગવગથીજ આ સંસ્થાનું નાનું વૃક્ષ બન્યું. કમભાગ્યે જ્યારે સમાજ આ વૃક્ષનાં ફળો ચાખી રહ્યું છે ત્યારે આ સંસ્થાના એ આત્માઓ સ્વર્ગસ્થ થયા છે એ આ સંસ્થાને તો શું પણ સારાય લીંબડી શહેરને ન પુરાય તેવી ખોટ છે.

સ્થાપના. સંવત ૧૯૭૨ ની વસંત પંચમીએ માત્ર આઠ દશ વિદ્યાર્થીઓ અને અલ્પ સાધનોથી એક નાનકડા મકાનમાં થઇ. ક્રમશઃ આઠ દશ વિદ્યાર્થીઓમાંથી ત્રીશ અને ત્રીશમાંથી પચાશ એમ કરતાં આજે એ સંસ્થા દોઢસો દોઢસો વિદ્યાર્થીઓનું ભાવી ઘડી રહી છે એજ તેની પ્રગતિનો પુરાવો છે.

વ્યવસ્થા. આવી પ્રગતિ એ સંસ્થાના વ્યવસ્થાપકોનું સુનિયંત્રિતપણું અને બારિક તપાસનું ફળ છે. સંસ્થાની જરૂરીયાતો મુજબ સામાજિક સહકાર મળતો ગયો. સંસ્થાને પોતાનું સ્થાયી મકાન છે. સંસ્થાના વિદ્યાર્થીઓ માટે ભવ્ય જિનમંદિર છે. આથી કોઈ એમ ન સમજે કે સંસ્થાને હવે સહકારની જરૂર નથી. સંસ્થાની હજુ ઘણી મુરાદો છે, જરૂરીયાતો પણ તેટલીજ છે તેથી હજુ પણ સમાજના વધુ સહકારની સંસ્થાને અપેક્ષા છે.

વિદ્યાર્થીઓને મળતા લાભ.

આપણી કેટલીક સંસ્થાઓમાં છે તેમ બધાજ વિદ્યાર્થીઓને વગર લવાજમે તમામ સગવડ પુરી પાડવાની પ્રથા આ સંસ્થામાં નથી અને એવી પ્રથા નભાવી લેવા જેવી નથી. દરેક સમજદાર વ્યક્તિ સમજી શકે છે કે જે વસ્તુની કિંમત ખર્ચમાં આવતી નથી તેની કિંમત સમજાતી નથી અને એમજ કેળવણીને અંગે પણ છે. જ્યાં ખર્ચ લેવાતો નથી ત્યાં વાલીઓનો સંપૂર્ણ સહકાર મેળવી શકાતો નથી. પણ ખર્ચ થતાં સ્વાભાવિક રીતેજ વાલીનું લક્ષ પોતાનો આશ્રિત શું કરી રહ્યો છે, તે સંસ્થા તેની શું પ્રગતિ કરે છે, સંસ્થામાં કેટલી ઉણપો છે, કેટલી જરૂરીયાતો છે તે જોઈ શકે છે, સમજી શકે છે અને દૂર કરવા બનતો સહકાર આપે છે. એટલે 'પેઈંગ', 'હાફપેઇંગ', અને 'ફ્રી' વિદ્યાર્થીઓ રાખવાની અને બાકીનું ખર્ચ વિદ્યાર્થીઓનું નૈતિક ઋણ ગણવાની પ્રથા આ સંસ્થામાં રાખી છે ને તે ઇચ્છવા યોગ્ય છે. કોઈ વિદ્યાર્થી એમ ન સમજે કે 'હું ગરીબ છું' વિદ્યાર્થીમાં એ ગરીબાઇની ભાવના જ ન રહેવી જોઇએ. એ ભાવનાથી પેદા થતી નિર્માલ્યતા અને કંગાલીયત સમાજના અધઃપતનનું કારણ બને છે. જ્યારે વિદ્યાર્થી સમજતો હોય કે 'મારૂં જીવન કોઈ પર નથી નભતું, મ્હારે પગભર રહેવું જોઇએ' ત્યારે જે સ્વાભિમાન અને સ્વતંત્ર જીવનની ભાવના ઉદ્‌ભવે છે તે એમના જીવનમાં કોઈ અનેરૂંજ પ્રેરણાબળ રેડે છે.

શારીરિક વિકાસ

આજનો બાળક ભવિષ્યની સમાજનો સ્થંભ છે; એ માંયકાંગલો અને નિર્માલ્ય નજ હોઇ શકે. આપણી સમાજમાં શારીરિક પરિસ્થિતિ શરમાવનારી છે એ વિષે બેમત છેજ નહિ. શારીરિકવિકાસ એ કેળવણીનું મહત્વનું અંગ છે. એ પ્રત્યે આ સંસ્થા બેદરકાર નથી. આ સંસ્થાએ એક ભવ્ય અખાડો અને વ્યાયામશાળા સ્થાપ્યાં છે. ઉપરાંત દેશી વિદેશી રમત ગમતનાં સાધનો તો ખરાંજ. એ આ સંસ્થાની વિશિષ્ટતા છે.

માનસિક વિકાસ

માનસિક વિકાસ અર્થે એક સુંદર પુસ્તકાલય કે જે '**દોશી કેશવલાલ લાલચંદ સાર્વજનિક પુસ્તકાલય**' નામે ઓળખાય છે તેની વ્યવસ્થા કરી છે. તેમાં સર્વ જાતનાં પુસ્તકોની સારી સંખ્યા છે અને સંસ્થાના આત્મારૂપ સ્વ૦ શેઠ **કેશવલાલ** લાલચંદ દોસીનું કાયમી સ્મરણ આ સંસ્થા સાથે જોડાયેલું રહે તે માટે આ પુસ્તકાલય માટે સુંદર રકમ આપી તેમના સુપુત્ર ભાઈ **બાપાલાલે** આ પુસ્તકાલયને સમૃદ્ધ કર્યું છે એ પણ આ સંસ્થાની સંગીન પ્રવૃત્તિ છે.

આ ઉપરાંત સુંદર **વાંચનાલય** પણ છે તેમાં યુવાનજીવન ઘડતાં સર્વ પત્રો મગાવવામા આવે છે, તેનો પણ સારો લાભ લેવાઈ રહ્યો છે.

વિદ્યાર્થીઓ પોતાની વકતૃત્વ શક્તિ ખીલવી શકે છે અને જાહેરમાં પોતાના વિચારો અને મંતવ્યો રજુ કરી શકે એ હેતુથી 'ડીબેઇટીંગ સોસાયટી' જેવું **વાદવિવાદ મંડળ** ચાલે છે. ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાના વિચારો લખી શકે અને ભવિષ્યમાં સાહિત્યક્ષેત્રમાં ફાળો આપી શકે એવી તાલીમ આપનું "**વિદ્યાર્થીબન્ધુ**" નામક હસ્તલિખિત માસિક પણ આ સંસ્થાના વિદ્યાર્થીઓ તૈયાર કરે છે. વિગેરે માનસિક વિકાસની વિધવિધ પ્રવૃત્તિઓ છે.

સંગીત વર્ગ

સંગીત એતો જીવનમાં ઉત્તમ ભેટ છે આપણાં સ્તવનો, સઝઝાયો, રાસાઓ, કાવ્યો તેની ઉપયોગીતા સમજાવે છે. આ સંસ્થાએ સંગિતવર્ગ પણ ચાલુ કરેલ છે જેનો લાભ વિદ્યાર્થીઓ લઇ રહ્યા છે.

પ્રવાસ

પ્રવાસ પણ શિક્ષણનું અંગ છે. મોટી રજાઓમાં આપણાં પવિત્ર તીર્થોમાં અને નાની રજાઓમાં આસપાસનાં ગામડાંઓમાં પ્રવાસ થાય છે.

ગૃહોદ્યાન

વિદ્યાર્થીઓની રસવૃત્તિ ખીલે અને તેમને વનસ્પતિશાસ્ત્રનું જ્ઞાન પ્રત્યક્ષ મળે એ માટે આ સંસ્થામાં ન્હાના ન્હાના બગીચાઓ

બનાવવામાં આવ્યા છે. તેમાં જુદા જુદા સારાં પુષ્પોના છોડો ઉપરાંત ઔષધની કેટલીક વનસ્પતિઓ ઉગાડવામાં આવે છે. આ ઉદ્યાનો સંસ્થાની શોભારૂપ છે.

ધર્મભાવના અને તદ્દમય જીવન

ધાર્મિક શિક્ષણનો અભાવ એ વર્ત્તમાન સરકારી કેળવણીની મ્હોટી ઉણપ છે. જૈન સમાજમાં સ્થળે સ્થળે ચાલતી પાઠશાળાઓ એ ઉણપ દૂર કરવા માટે જૈન સમાજે સ્થાપી છે, તેમાં જો કે ધાર્મિક શિક્ષણ ખરી શિક્ષણપદ્ધતિપર યોજાયું નથી, તેને લગતાં પાઠ્યપુસ્તકો નથી એ શોચનીયતો છેજ; છતાં વર્તમાન સાધનોથી આપી શકાય તેટલી રીતે આ સંસ્થા નિયમિત ધાર્મિક શિક્ષણ આપે છે અને તે દ્વારા વિદ્યાર્થીઓનું ધર્મમયજીવન ઘડાઇ રહ્યું છે. ક્રિયાકાંડ, આવશ્યક અનુષ્ઠાનો અને તત્ત્વજ્ઞાનને લગતા શિક્ષણની ગોઠવણ આ સંસ્થાએ કરી છે. સવારસાંજ પ્રભુપ્રાર્થના, દરરોજ પ્રભુપૂજા, દરરોજ બે વિદ્યાર્થીઓનું આયંબીલ, પર્વતિથિએ એકાસણા ઉપવાસ, પંચતિથિ પ્રતિક્રમણ, દેવદર્શન અને ગુરૂવંદન, દર રવિવારે સામાયિક, આદિ કાર્યોથી વિદ્યાર્થીઓ પોતાનું ધર્મમય જીવન ઘડી રહ્યા છે. આ વ્યવસ્થા જરૂર પ્રશંસાપાત્ર લેખાશેજ.

સંસ્થાના મકાનમાંજ '**શેઠ એનસી ખીયસી જૈન દેવાલય**' નામે ભવ્ય જિન મંદિર છે. સંસ્થાની આ અત્યુત્તમ શોભા છે એટલુંજ નહિ પણ વિદ્યાર્થીઓની ધાર્મિક ભાવના, અને તદ્દમય જીવનનું રક્ષણહાર પવિત્ર સ્થળ છે.

આ ઉપરાંત જૈન સાહિત્યનો અભ્યાસ વધારવા જૈન શિક્ષકો અને ઉપદેશકો ઉત્પન્ન કરવા '**જૈન-સાહિત્ય અભ્યાસક મંદિર**' સ્થાપવામાં આવેલ હતું પણ તેનો લાભ જનતાએ ન લીધો તેથી હાલ તે ઉપયોગી કાર્ય અટક્યું છે. આવી ઉપયોગી યોજનાનો જનતા લાભ ન ઉઠાવે એ ઓછું શરમાવનારૂં નથી. જ્યારે આજે કેળવણીનો આદર્શ નવો ઘડાયો છે ત્યારે આવી ઉપકારક યોજનાનો લાભ જનતા જરૂર લેશે.

આ બધી યોજનાઓનો લાભ સુંદર રીતે લેવાઈ રહ્યો છે. અને વિદ્યાર્થીઓ

ફળપ્રાપ્તિ

પોતાના જીવનમાં પ્રગતિ સાધી રહ્યા છે. કાર્યવાહકોના ઉત્સાહ અને સતત પરિશ્રમથી ફાલી ફૂલીને વૃક્ષ બનેલી આ સંસ્થાનાં મીઠા ફળો પણ સમાજ ચાખી રહી છે. આ સંસ્થામાંથી નિકળેલા સ્વતંત્ર જીવન ગુજારતા થઈ ગયા છે. સંસ્થામાંથી લાભ પામેલા વિદ્યાર્થીઓ તેનો લાભ સેવામંડળો જેવી સંસ્થાઓ સ્થાપી સમાજને આપી રહ્યા છે. સમાજના દુષ્ટ અને જીવલેણ કુરિવાજો સ્હામે મોરચો માંડનાર પોતાનાજ ઘેરથી શરૂ કરી સામાજિક તિરસ્કરણીય રૂઢીઓને દફનાવનાર યુવાનો પણ સંસ્થાએ આપ્યા છે. આજે ચાલતા રાષ્ટ્ર યજ્ઞમાં પણ ફાળો આપનાર ભાઇ રસિકલાલ ઉમેદચંદ તથા ત્રીકમલાલ મણીલાલ અને શાંતિલાલ ભીખાભાઈ કોઠારી જેવા યુવાનો સાબરમતીમાં મ્હેમાન બની ચુક્યા છે, અને નંદલાલ ચત્રભુજ શાહ યરોડા જેલમાં આનંદ કરી રહ્યા છે, આવા આ સંસ્થાએ આપ્યા છે. આમ ટુંક સમયમાં આ સંસ્થા સમાજને જરૂર ફળદાયી નિવડી છે, સાચેજ ઉપકારક બની છે.

અત્યારે પણ આ સંસ્થાને પ્રગતિમાન બનાવી રહેલા લીંબડીના આગેવાન

સંસ્થાના કાર્યવાહકો પ્રત્યે.

શહેરીઓ શેઠ ભગવાનલાલ હરખચંદ તથા દુર્લભજી ઉમેદચંદ પરિખ તથા સંસ્થાની લગભગ શરૂઆતથી આજસુધી સંસ્થાને ઘર માની બેઠેલા ગૃહપતિ દલપતરામ વિઠ્ઠલદાસ મ્હેતા અને એવા અન્ય કાર્યવાહકોની સેવા વિસરી શકાય તેમ નથીજ.

બીજી શાળાઓમાં અપાતા શિક્ષણમાં અનેક ત્રુટિઓ અને તેમાં હુન્નર ઉદ્યોગના શિક્ષણના અભાવ જેવી મ્હોટી ઉણપ આ સંસ્થામાં રહેવી ન જોઇએ તેથી ટાઇપરાઇટિંગ, બુકકીપિંગ, ભરતનું શિક્ષણ દાખલ કરી એ ઉણપ દુર કરવાની શરૂઆત કરી છે. હજુ પણ એવા ઘણા ઉદ્યોગો છે કે જે સંસ્થામાં દાખલ કરી શકાય, અને સંસ્થાને મ્હોટી જરૂર તો આ બધી

યોજનાઓ અમલમાં લાવી શકાય એ માટે **સ્વતંત્ર શિક્ષણ મંદિરની** છે જે દ્વારા ઉદ્યોગોનું શિક્ષણ આપવા સાથે રાષ્ટ્રભાવના, ધર્મભાવના અને સેવાભાવના ખીલવી શકાશે,-જ્યાં સ્વાભિમાન, ધર્માભિમાન અને સ્વદેશાભિમાન જાગૃત કરી શકાશે.

ઉપયોગી સમાજનું અણમોલ ધન, સાચું જૈનત્વ પ્રસરાવતી 'ઝાલાવાડનું નુર'

સમાજ પ્રત્યે. એવી આ સંસ્થા પોતાની બધી યોજનાઓ અમલમાં લાવી શકે એ માટે તેને નાણાંની, સદ્ભાવનાની અને સાચા સહકારની સ્હેજે અપેક્ષા રહે અને જાગૃત જૈન સમાજ તેમ કરતાં નહિજ ચૂકે.

જર્મનીના પત્રો.

હામ્બુર્ગ, તા. ૨૨-૮-૨૮

દ્વિતીય શ્રાવણ સુદ ૭, બુધવાર. સં. ૧૯૮૪.

પ્રિય

કુશળ હશો. હું મઝામાં છું. ગયા પત્રમાં લખ્યા પ્રમાણે હું હવે રીતસર અભ્યાસમાં ગોઠવાઈ ગયો છું. છું. દરરોજ ૪-૫ કલાક જર્મનનો અભ્યાસ ચાલૂ છે.

× બોનની કોન્ફરન્સમાં જવાનું તો માંડી વાળવું પડયું. જવા આવવામાં વધુ ખર્ચ અને અભ્યાસમાં ખલેલ એ બે દષ્ટિએ તેમ કરવું પડયું. હમણાં તો હવે ૩-૪ મહિના કેવળ ભાષાના અભ્યાસમાં જ ગાળવાનો નિશ્ચય કર્યો છે અને તેથી અહિં હામ્બુર્ગમાં પણ ક્યાંએ ખાસ જવા આવવાનું ઓછું કર્યું છે.

બારડોલીના સમાધાનની ટુંકી ખબર લંડનના છાપાઓમાં વાંચી છે. વિગત હજી કશી જાણવામાં આવી નથી. નવજીવન અને અમદાવાદનું પ્રજાબંધુ એ છાપાં મને નિયમિત મળ્યાં કરે તેવી ગોઠવણ કરશો. સૌરાષ્ટ્ર અને ગૂજરાતી અહિં ભાઇ શશિકાંત પાસે આવે છે. × ×

આ કાગળ મળશે ત્યારે તો પર્યુષણ બેસી ગયાં હશે. વર્ષા કેવીક પડે છે ? અહિં તો ઋતુ ઘણીજ અનિયમિત રહે છે. અડધો દિવસ વળી નિરભ્ર આકાશ દેખાય તો વળી ઘડીક વર્ષાદ આવે, ઘડીક ધુમ્મસ આવે. ખરી રીતે અને તો આ ઋતુ કંટાળા ભરેલી લાગે છે. પણ અહિંના લોકોને તો જાણે ઋતુની કશી અસરજ થતી ન હોય તેમ તેઓ વર્તે છે. રાત અને દિવસ, શિઆળો અને ઉનાળો એ બધા એમના માટે સરખાજ છે અને સર્વ વ્યવહાર સદા એકસરખો ચાલ્યાં કરે છે. બહુ પુરુષાર્થી પ્રજા છે. ઇંગ્રેજો અને જર્મનોના સ્વભાવમાં ઘણો ફરક છે. આ લોકો ખૂબ ખુલ્લા મનના અને અતિ ઉદ્યોગી છે. મને તો કાંઇક ભારતીય ભાવ પણ એમના જીવનમાં દેખાય છે. × ×

અહિં દર મેલે કાગળ ન મળે એટલે જરા ક્ષોભ થાય. દરેક કાગળ બબ્બે ત્રણ ત્રણ વાર વાંચીને અઠવાડીઆની પૂર્ણાહૂતિ કરવામાં આવે અને બીજા મેલની વાટ જોવાય. મનુષ્ય સ્વભાવની આ નિર્બળતા દૂર થવી જોઇએ એમ જાણીએ છીએ છતાં હજી દૂર કરી શકાતી નથી.

ક્યારેક ક્યારેક રાત્રે ઉંઘ આવતી નથી અને જીવનના ઘણા ઘણા પ્રસંગોની સારી-નરસી સ્મૃતિ થઈ આવે છે. ગઈ રાત્રે બહુ ઓછી ઉંઘ આવી ને જે રૂમમાં અને જે પથારીમાં અને જે જગ્યામાં સુવા બેસવાનું થાય છે તેની તુલના ભૂતકાળની અનેક જગ્યાઓ સાથે થવા લાગી અને મનમાં ભારે દ્વંદ્વ જામ્યું. રૂપાહેલીનું ઘર યાદ આવ્યું, ગુરુવર્ય દેવીહંસજીનો ઉપાશ્રય યાદ આવ્યો. વાનેણનાં ખેતરો યાદ આવ્યાં, સ્થાનકવાસિઓનાં સ્થાનકો યાદ આવ્યાં. ઉજ્જૈનનો શિપ્રાકાંઠો યાદ આવ્યો. વળી જે કુવામાં નાસી છૂટતાં ઝંપલાવ્યા હતા તેનું સ્મરણ થયું એમ એક પછી એક અનેક વિવિધ અનુભવવાળી રાત્રિઓ અને જગ્યાઓનાં ચિત્રવિચિત્ર સ્મરણો થયાં કર્યાં અને

છેવટે હામ્બુર્ગના આલ્સ્ટર સરોવરના કાંઠે આવેલા **લોહમાન**ના પેન્સન હાઉસના નંબર ૯ વાળા રૂમમાં શરીર થોડીક ઉંઘ લઈ એ બધાં સ્મરણોનો જે ઉપસંહાર કરતું હતું ત્યાં આવીને વિશ્રાંતિ મળી.

જિનવિજય.
હાંબુર્ગ, તા. ૫ સપ્ટેંબર, ૧૯૨૮

દ્વિતીય શ્રાવણુ વદ ૬, બુધવાર. સં. ૧૯૮૪.
પ્રિય,

× × અહિં યુરોપમાં ડાંસ (dance) એ મનુષ્ય જીવનની ખાવા પહેરવા જેટલીજ અગત્યની વસ્તુ છે. જેને ડાંસ ન આવડે એ અહિં મનુષ્ય અને પ્રાણી એ બેની વચ્ચેની કોટીનો કોઈ જીવાત્મા હોય એમ દેખાય છે. આપણે તો એમાંજ ખપવાના નહિ.

બારડોલીના વિજયના સમાચાર વાંચી હૈયું ગદ્‌ગદ થયું. સ્વાધીન પ્રજાને આવા પ્રસંગે કેટલો આનંદ અને ઉલ્લાસ થતો હશે તેની કલ્પના તો અહિંજ થઇ શકે. તેમજ પ્રજાને સ્વાધીન થવા કે રહેવા માટે કેવી શક્તિ અને ચેતનતા મેળવવી જોઇએ તેનો ખ્યાલ હિંદુસ્થાનમાં બેઠે કે હિન્દી પ્રજાને જોયે કિંચિત્ પણ આવી શકે તેમ નથી. આપણા સ્વભાવ અને સામર્થ્યની દષ્ટિએ બારડોલીનો પ્રસંગ અદ્‌ભુત લાગે પણ બીજીજ ક્ષણે આ દેશોની પ્રજાની સામર્થ્યની જ્યારે સરખામણી કરીએ—અને તે પ્રતિક્ષણે આંખ આગળ તરતી હોવાથી કર્યા વગર છુટકો નહિં—ત્યારે ભારતના મહાન્ દુર્ભાગ્યનું મહચ્ચિત્ર આંખ આગળ આવીને ઉભું થાય છે અને દિલ ભરાઇ જાય છે. ગયા માસની ૧૧ મી તારીખ એ જર્મન રીપબ્લીકની સ્થાપનાનો દિવસ હતો. અહિંની પ્રજાએ એ દિવસ ખૂબ આનંદથી ઉજવ્યો તે જેવાનો પ્રસંગ મળ્યો. હાંબુર્ગના મુખ્ય નગરભુવન આગળ બપોરના અને રાતના એમ બે પોગ્રામ હતા. રાતનો પોગ્રામ જોવા હું પણ પ્રેક્ષકોની વચ્ચે ત્રણ કલાક ઉભો રહ્યો. એ ત્રણ કલાકમાં મને કોઇ ત્રણુસો વાર રોમાંચ થયા અને હર્ષખેદના ઉચ્છ્વાસ-નિચ્છ્વાસ આવ્યા. એ વખતે સ્વાધીન પ્રજાની સાચી ચેતનતાનું પ્રત્યક્ષ ભાન થયું. કોઈ એક લાખ માણુસોની મેદિનીએ એમાં ભાગ લીધો હતો. શહેરના સર્વ ભાગોમાંથી હજારો માણુસોની સ્ત્રીઓની ને પુરુષોની સેંકડો ટુકડીઓ લશ્કરી ઢબે, દશે દિશાઓના રસ્તાઓ પરથી, એક સેકંડ કે એક પગલાનો પણ ક્રમભંગ કર્યા શિવાય આવીને હાજર થઇ. દરેકના હાથમાં બળતી મશાલો, દરેક ટુકડી આગળ લશ્કરી વાજાં અને જર્મન રાષ્ટ્રનો ધ્વજ અને દરેકના મુખમાં એકજ સૂરે ગવાતું જર્મન રાષ્ટ્રગીત. એક લાખ માણુસોને એકજ સૂરમાં જ્યારે પોતાનું રાષ્ટ્ર ગીત, જે અક્કડ રીતે ગાતા સાંભળવામાં આવે ત્યારે હિંદુસ્તાનના વંદેમાતરમ્ ગીતને ૧૦ માણુસો પણ બેહૂંદી રીતે ગાતા સાંભળવાનું દુઃખદ સ્મરણ કેટલું બધું સાલે? એક લાખ માણુસો વચ્ચે પણ કેટલી નિઃસ્તબ્ધતા! કોઇનું નસકોરૂં સુધાં હાલે નહિ. અને આવી આવી તો અનેક બાબતો જે મને ડગલે ડગલે રોમાંચ કરાવતી હતી. આ જોવાથી કલ્પના આવી કે પ્રજાએ કેટલી તાલીમ લીધેલી છે અને પ્રસંગના મહત્ત્વને સમજવાની કેટલી ખંત રાખવામાં આવેલી છે. અસ્તુ

જિનવિજય.

શ્રાવણ સુદ ૧૩, બુધવાર સંવત ૧૯૮૪.
તા. ૨૯, ઑગષ્ટ, ૧૯૨૮
દિવસના બાર વાગે—હાંબુર્ગ.

પ્રિય

પ્રો. યાકોબીને મળ્યાની વાત આગળના પત્રોમાં લખી છે. ઓનની સભાના સમાચાર જાણુવા ઉત્સુકતા દર્શાવી પણ તે તો બની શક્યું નથી. જવા આવવામાં વધુ હેરાનગતિ હતી તેથી મનને વાળી રાખવું પડયું. તેમજ અહિંની વિદ્વત્પરિષદો કાંઇ આપણા દેશની સાહિત્યસભાઓ જેવી ઠાઠમાઠવાળી કે ધામધૂમવાળી ન હોય. એક ઠેકાણે માત્ર ૧૦-૧૫ વિદ્વાનો ભેગા થાય અને કાંઇ નવા નિબંધો કે નવી ચર્ચાઓ વાંચે વિચારે. કોઇ હોટેલ કે રેસ્ટોરાના રૂમમાં એ સભા બેસે અને વેરાઇ જાય. આખા જર્મનીમાં અત્યારે ૧૫-૨૦ માણુસો આ કોન્ફરન્સમાં ભાગ લઇ શકે એવા છે. ઑક્ષ-

ફર્ડમાં જે પરિષદ્ મળવાની છે, તેમાં જરા વધારે માણસો એટલે ૩૦–૪૦ પંડિતો ભેગા થવાના. ડૉ. યાકોબી કે શુબ્રીંગ વગેરે કોઇ નથી જવાના.

હું તો અત્યારે અહિં જ સ્થિર થઇ ગયો છું. અભ્યાસની અનુકૂળતા બધી રીતે સારી મળી ગઇ છે અને કામ ઠીક ચાલે છે. અડવાડીઆમાં ૩ કલાક એક જર્મન ટીચર આવે છે અને તેની પાસે જર્મન શીખું છું. રોજ લગભગ ૮ કલાક કામ કરૂં છું. જર્મન અને ઇંગ્રેજી બંને સાથે ચાલૂ છે. અલબત્ત સ્મરણશક્તિ ઉપર ભાર તો ખૂબજ પડતો હોય એમ લાગે છે. જેટલો ઉત્સાહ છે તેટલું મગજ કામ નથી કરતું.

સ્મરણશક્તિ ઘણી ઘસાઇ ગઇ છે. આ ઉમરે આવો નવી ભાષાના અભ્યાસનો ઉત્સાહ અહિંના લોકોને પણ કુતૂહલ ઉપજાવે છે. ભાષા જો કે ખાસ તેવી કઠણ નથી-મને તો તેવી નથીજ લાગતી; કેટલેક અંશે ઇંગ્રેજી કરતાં મને તો એ ઠીક ફાવે છે. ઇંગ્રેજીમાં વ્યાકરણ વિષયક માથાફોડ ઘણી ઓછી છે પણ સ્પેલીંગ અને ઉચ્ચારની વિવિધતા ઘણી મોટી છે. જર્મનમાં સ્પેલીંગ અને ઉચ્ચારની કઠિણતા ઓછી છે અને વ્યાકરણની જટિલતા ઘણી છે. સંસ્કૃતની જેમ અનેક વિભક્તિઓ અને અનેક રૂપોની ખૂબ જ ભાંજગડ છે. પણ ત્રણેક મહિનાના ચાલૂ અભ્યાસથી કેટલોક પ્રવેશ થઇ શકશે એમ લાગે છે.

પરમ દિવસે, યુનિવર્સિટીનું મકાન અને ઓરિએન્ટલ ફેકલ્ટીની લાઇબ્રેરી જોઇ આવ્યો. ડૉ. તવાડીઆ તેડી ગયા હતા. લાઇબ્રેરી તો બહુજ નાની છે અને થોડાંક જ પુસ્તકો છે. પણ અહિં એવી વ્યવસ્થા છે કે જર્મનીની કોઇ પણ લાઇબ્રેરીમાંથી કોઇ પણ જાતનું પુસ્તક યુનિવર્સિટી માર્ફત અભ્યાસીને વગર ખર્ચે અને સુગમતાથી મળી શકે છે. તેમજ દરેક ફેકલ્ટી માટે જુદી જુદી લાઇબ્રેરીઓ હોય છે. યુનિવર્સિટી અને શહેરની બીજી લાઇબ્રેરીઓ ઘણી મોટી છે. અત્યારે તો રજાનો સમય હોવાથી પ્રોફેસરો વગેરે બધા બહાર ગયેલા છે. પ્રો. શુબ્રીંગે મારા માટે યુનિવર્સિટીમાં બેસવા કરવા માટેની ગોઠવણ પહેલાંથી જ કરી રાખી છે અને રૂમની કુંચી પણ મને મોકલાવી દીધી છે. તેમની સાથે કામ કરનાર બીજા એક ડૉકટર છે તે ગયા અઠવાડીઆમાં મને મળવા આવ્યા હતા અને અપેક્ષિત વસ્તુ માટે પૃચ્છા કરી ગયા હતા. એ ભાઈ ઑક્ષફર્ડની કોન્ફરન્સમાં ગયા છે.

કાશ્મીર જવાનું મન થાય છે તે જાણીને અનુમોદન તો કરૂં છું પણ મને મુકીને એકલા જવામાં તમને તેનો પુરો આનંદ નહિં મળે, માટે જો ધૈર્ય હોય તો વર્ષ–દોઢ વર્ષ થોભી જવું. અહિં ડગલે ને પગલે કાશ્મીર તો નહિં પણ દાર્જીલીંગ કે નેનીતાલ જેવાં દસ્યો નજરે પડયાં જ કરે છે પણ તે જોઇને મને કાંઇ અપૂર્વ આનંદ નથી જ આવતો કારણ સ્નેહનો સહચાર નથી. આબૂ અને અંબાજીના ટેકરાઓમાં રખડતાં જે આનંદ મળ્યો હતો તેનો શતાંશ પણ અહિં નથી મળતો. કેટલીક વખતે તો ઉલટાં એ દસ્યો મનને વિષાદ પણ ઉપજાવે. માટે જો ધૈર્ય રખાય તો રાખવું. નહિં તો જવામાં કશો વાંધો નથી. અહિં આવ્યાં પછી મારી તો જોવાની ઉત્સુકતા તો ઘણી મંદ થઇ ગઇ છે માત્ર અભ્યાસની ઉત્સુકતા તીવ્ર થઇ રહી છે.

વિદ્યાપીઠના ઉત્કર્ષના સમાચાર જાણી હર્ષ વધે છે. લંડનથી નીકળતી વખતે એક પાર્સલ કાકાના નામે મોકલ્યું છે તે પહોંચ્યું હશે. × ×

હાંબુર્ગ તા. ૨૪–૧૦–૨૮
વિજયાદશમી બુધવાર. સંવત્ ૧૯૮૪

પ્રિય

× × મારવાડની હવામાં ન્હાઇને પંડિતજી સારી પેઠ હલકા અને પ્રફુલ્લીત થઇને પાછા આવ્યા જ હશે. અરવલ્લીનું નામ યાદ આવતાંજ દિલમાં અનેક જાતના જૂના–નવા તરંગો ઉછળવા લાગે એ સ્વાભાવિકજ છે. હિમાલય તો હજી સુધી જોયો જ નથી એટલે તેના વિષે કશું કહી શકાય તેમ નથી. બાકી, સહ્યાદ્રિ અને વિંધ્યની પર્વત માળા ઘણી વાર જોઇ છે પરંતુ મારૂં આકર્ષણ જેટલું એ અરવલ્લીની પર્વતમાળા

તરફ રહેતું આવ્યું છે તેટલું એ બીજીઓ તરફ નથી. મને એ પર્વતમાળા સદા સુંદર અને ભવ્ય લાગ્યાં કરી છે. અરવલ્લીનું નામ લેતાં જ આબુથી લઇ અજમેર સુધીની આખી પર્વતમાળા આંખ આગળ જાણે આવીને ખડી થઇ જાય છે અને તેનાં શિખરો પર રહેલા દુર્ગો એક પછી એક આંખ આગળથી જાણે પસાર થઇને ચાલ્યા જતાં હોય તેમ ભાસ થઇ આવે છે. આજે વિજયાદશમી છે ને સ્વાધીન ભારતના દિવસોમાં આજના દિવસે એ પર્વતમાળાના એકે એક શિખર અને એકે એક તળમાં વિજય અને આનંદના ઘનઘોર નિનાદો થયાં કરતા હતા. પણ આજે તો જાણે એ બધા પ્રાણ-વિહીન શબ જેવા લાગે છે. અસ્તુ.

× અભ્યાસ ઠીક ચાલે છે. શરીર પણ પાછું ઠીક થયું છે. ગયે ગુરુવારે અહિની એક સારી ગણાતી સ્કૂલ જોઈ આવ્યો. શિક્ષકોની શીખવવા વગેરેની પદ્ધતિનો સારો ખ્યાલ આવ્યો. બધા અધ્યાપકો પણ એક ઠેકાણે ભેગા થયા અને ચહા કૉફીનું પાન કરાવ્યું. હિંદુસ્થાનને લગતી ઘણી ઘણી વાતોચીતો થઇ. અધ્યાપકો સારી પેઠે બહુશ્રુત અને જિજ્ઞાસુ જણાયા. અહિના રીવાજ પ્રમાણે ગઇકાલે રાત્રે મેં પણ એ મુખ્યાધ્યાપકને પાછા ચહાપાન માટે નોતર્યા. અહિંની નોતરવાની અને ચહા વગેરે પીવા–પીવડાવવાની રીતો ઘણી જ રમુજી અને રસવાળી હોય છે. બધી વિગતો તો આજે લખાય તેમ નથી. આવા અતિથિને આમંત્રવા આદિ માટે અહિં ખાસ સાર્વજનિક સ્થાનો પસંદ કરવામાં આવે છે જેને અહિં કાફે હાઉસ કહેવામાં આવે છે. એ કાફેહાઉસોમાં સેંકડો માણસોને બેસવાની ને ચહાપાનાદિ કરવાની વ્યવસ્થા હોય છે. એક બાજુએ સંગીત પાર્ટિ બેઠેલી હોય છે જે સતત સંગીતવાદન કરતી હોય છે. લોકો પોત-પોતાના સ્નેહિઓ મિત્રો વગેરેને લઈ ને આવે અને યોગ્ય લાગે તે જગ્યાએ બધા બેસી જાય. દરેક પાર્ટી માટે એકેકું ટેબલ વચ્ચે પડેલું હોય અને તેની આસપાસ પાંચ–૭ ખુર્શીઓ પડેલી હોય. બેસનારાઓ બેસી ગયા બાદ તરત નોકર આવે અને પીવા કરવા માટે શી વસ્તુ જોઇએ તે પૂછે. એટલે જે મંગાવવું હોય તેનો ઑર્ડર અપાય. બે ત્રણ મિનિટમાં બધું આવીને હાજર થાય એટલે બધા બેઠા બેઠા કલાકોના કલાકો સુધી પીધાં કરે અને વાતોચિતો કર્યાં કરે. સાંજના ૮ થી તે ૧૨ વાગ્યા સુધી અહિં આવો ક્રમ ચાલે છે. અમે પણ રાત્રે એજ ક્રમને અનુસર્યા. અતિથિને ૮॥ વાગે નોતર્યા હતા. તે બરાબર ૮–૩૦ મીનીટે આવીને હાજર થયા. બે પુરુષો અને બે સ્રીઓ એ હતાં. હું ને મી. ભાઈલાલ પટેલ એમ ૬ જણાં હતાં. લગભગ ત્રણ કલાક બેસીને વાતો કરી. એ લોકોની જિજ્ઞાસા, એમનો વિનોદ, એમની રસવૃત્તિ, એમની શિષ્ટતા એ બધી વસ્તુઓ ઘણી મનોરંજક અને આકર્ષક હતી.

મ. ગાંધીજીના વિષયમાં પણ ઘણી વાતો નીકળી. ખાસ કરીને સ્રિઓને એ બાબતની બહુ જિજ્ઞાસા હતી કે સ્રિઓના વિષયમાં ગાંધીજીના કેવા વિચારો છે અને હિંદુસ્થાનની સ્રિઓના વિકાસ માટે તેઓ શું ઇચ્છે છે. ઇત્યાદિ. મહાત્માજીની ફોટુ જોવા માટે પણ એ મહિલાઓએ ખૂબ ઇંતેજારી બતાવી. પરંતુ મારી પાસે તો તે છે નહિં એટલે શુબ્રીંગને ત્યાંથી લાવીને બતાવવાનું કહ્યું છે.

પરમ દિવસે શુબ્રીંગને ત્યાં ગયો હતો. ત્યાં પણ ત્રણ કલાક ગાળ્યા. શુબ્રીંગને સંગીતનો બહુ શોખ છે એટલે તેમણે પીઆનો વગાડયો અને જર્મનસંગીત વિષે કેટલીક માહિતી આપી. તેમની પત્નીને આપણું સંગીત સાંભળવાની બહુ ઇચ્છા થઇ એટલે મારે પણ જેમ તેમ બેચાર સૂર કાઢવા પડયા.

નવાવર્ષના મંગલમય પ્રભાતમાં બધા પ્રભુ-પ્રાર્થના કરવાનું અને ભગવાનની પૂજા કરવાનું ભૂલશો નહિં. એજ.

તમારો

જિનવિજય.

श्री वादिदेवसूरिकृत प्रमाणनयतत्त्वालोकालंकारः

અનુવાદકઃ—મોહનલાલ ભગવાનદાસ ઝવેરી સોલિસિટર.

ગત વૈશાખ જેઠનો અંક પૃ. ૪૧૨ થી ચાલુ.

साधर्म्येण दृष्टान्ताभासो नवप्रकारः । ५८ ।
साध्यधर्मविकलः, साधनधर्मविकलः, उभयधर्मविकलः, सन्दिग्धसाध्यधर्मा, सन्दिग्धसाधनधर्मा, सन्दिग्धोभयधर्मा, अनन्वयोऽप्रदर्शितान्वयो, विपरीतान्वयश्चेति । ५९ ।
तत्रापौरुषेयः शब्दोऽमूर्तत्वाद् दुःखवदिति साध्यधर्मविकलः ।६०।१।
तस्यामेव प्रतिज्ञायां तस्मिन्नेव हेतौ परमाणुवदिति साधनधर्मविकलः ।६१।२।
कलशवदित्युभयधर्मविकलः ।६२।३।
रागादिमानयं वक्तृत्वाद्देवदत्तवदिति सन्दिग्धसाध्यधर्मा ।६३।४।
मरणधर्माऽयं रागादिमत्त्वान्मैत्रवदिति सन्दिग्धसाधनधर्मा ।६४।५।
नायं सर्वदर्शी रागादिमत्त्वान्मुनिविशेषवदिति सन्दिग्धोभयधर्मा ।६५।६।
रागादिमान् विवक्षितः पुरुषो वक्तृत्वादिष्टपुरुषवदित्यनन्वयः ।६६।७।
अनित्यः शब्दः कृतकत्वाद् घटवदित्यप्रदर्शितान्वयः ।६७।८।
अनित्यः शब्दः कृतकत्वाद्, यदनित्यं तत् कृतकं घटवदिति विपरीतान्वयः ।६८।९।

સાધર્મ્યવાળા દૃષ્ટાન્તાભાસના નવપ્રકાર— સાધર્મ્યથી થતાં દૃષ્ટાન્તના આભાસરૂપ—દૃષ્ટાન્તાભાસ નવ પ્રકારનો છે. ૫૮.

આ ગ્રંથના ત્રીજા પરિચ્છેદના ૪૩–૪૮ મા સૂત્રોમાં દૃષ્ટાન્તનાં લક્ષણ તથા સાધર્મ્ય અને વૈધર્મ્યથી થતા બે પ્રકારો ઉદાહરણો સહિત આપ્યા છે. હવે તેજ પરિચ્છેદના ૩૩–૩૪ માં સૂત્રોમાં દર્શાવ્યું છે કે "દૃષ્ટાન્તકથન કંઇ અન્યને નિશ્ચય કરાવી શકતું નથી કારણ કે તે નિશ્ચય કરાવવામાં તો પક્ષ તથા હેતુના કથનનીજ પ્રવૃત્તિ નજરે આવે છે, તેમજ હેતુની અન્યથાનુપપત્તિનો પણ તે નિશ્ચય કરાવી શકતું નથી." વળી દૃષ્ટાન્તકથન વ્યાપ્તિસંબંધ—અવિનાભાવના સ્મરણ માટે પણ કાર્યકારી નથી, અને એક દૃષ્ટાન્ત જો આપણે પ્રયોગમાં આવશ્યક માની સ્વીકારીએ તો વિવાદ થતાં બીજું અને ત્રીજું અને એમ ઉત્તરોત્તર નવાં નવાં માનવા પડે અને એ રીતે અનવસ્થા દોષ પ્રાપ્ત થાય છે; છતાં તેજ પરિચ્છેદના ૪૨ મા સૂત્રમાં ગ્રન્થકાર મંદમતિ અર્થે બાલપ્રયોગાદિમાં દૃષ્ટાન્ત, ઉપનય, તેમજ નિગમન પણ યોજવા એમ કહી તેનો સ્વીકાર કરે છે, તેથીજ અત્ર ગ્રન્થકાર દૃષ્ટાન્તાભાસ વર્ણવે છે અને આગળ ૮૦મા સૂત્રમાં ઉપનયાભાસ અને નિગમનાભાસ પણ વર્ણવશે. ત્રીજા પરિચ્છેદના ૫૩ મા સૂત્રમાં પક્ષ, હેતુ, દૃષ્ટાન્ત, ઉપનય, નિગમન એ પાંચે અવયવ કહેવાય છે એમ વર્ણવ્યું છે. વૈદિકનૈયાયિકો એ પાંચેના પ્રયોગરૂપ પંચાવયવી ન્યાયવાક્ય અનુમાન માટે આવશ્યક માને છે. બૌદ્ધનૈયાયિકોમાં પ્રાચીન આચાર્ય દિઙ્નાગાદિ પક્ષ હેતુ અને દૃષ્ટાન્ત એ ત્રણને અનુમાન માટે—અપ્રતીત અર્થના પ્રતિપાદન માટે આવશ્યક માનતા પરંતુ બૌદ્ધાચાર્ય ધર્મકીર્તિએ દૃષ્ટાન્તનું પૃથક્ કથન અનાવશ્યક છે એમ સિદ્ધ કર્યું અને પાછળના બૌદ્ધ નૈયાયિકો ધર્મકીર્તિને અનુસરે છે. જૈનોની પ્રાચીન પરંપરા એક બેથી માંડી દશ અવયવ સુધી અધિકારી પ્રમાણે પ્રયોગ કરવાનું કહે છે અને ઉક્ત પાંચ અવયવો અને તે દરેકની શુદ્ધિ સાથે દશ અવયવ હોઈ શકે એમ દર્શાવે છે, અને તેથીજ ત્રીજા પરિચ્છેદના ૫૩મા સૂત્રની ટીકામાં તે તે શુદ્ધિઓને પણ અવયવ સંજ્ઞા આપી છે.

પ્રમાણમીમાંસાકાર પણ કહે છે કે "न दृष्टान्तोऽनुमानाङ्गम् ।" ૧-૨-૧૮ પૃ. ૬૯ છતાં દૃષ્ટાન્તનું "स व्याप्तिदर्शनभूमिः ।" એવું લક્ષણ ૧-૨-૨૦ સૂત્રમાં આપે છે. પ્રમાણમીમાંસાની સ્વોપજ્ઞ ટીકામાં એ વિષયની ચર્ચા કરતા શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે દૃષ્ટાન્તથી પ્રતીત થતી બહિર્વ્યાપ્તિના બલથી કોઈ પ્રમાતાને પણ અન્તર્વ્યાપ્તિની પ્રતીતિ થાય છે. તેથી દૃષ્ટાન્ત સ્વાર્થાનુમાનમાં ઉપયોગી છે તેમજ બોધ્ય પુરૂષની અપેક્ષાએ પણ દૃષ્ટાન્તપ્રયોગ જરૂરી થાય છે. તેથી દૃષ્ટાન્ત ઠીક છે કે નહિ એ પરીક્ષા આવશ્યક હોઇ સૂત્રકાર સાધર્મ્ય અને વૈધર્મ્ય દૃષ્ટાંતના જેવા પણ તે નહિ એવા બે પ્રકારના દૃષ્ટાંતાભાસોનું ઉપભેદો સહિત વર્ણન કરે છે. વળી બધાજ દૃષ્ટાન્તાભાસો કંઈ હેત્વાભાસનેજ લઇને થતા નથી; સમ્યગ્ હેતુ હોય તો પણ દૃષ્ટાન્તાભાસો સંભવે છે, તેથી પણ દૃષ્ટાંતાભાસોનું વિવરણ આવશ્યક છે.

દૃષ્ટાંતાભાસો એટલા માટે દૃષ્ટાંતના આભાસો કહેવાય છે કે તેમાં હેતુની અન્યથાનુપપત્તિ અર્થાત્ સાધ્ય સાથેનો અવિનાભાવ સંબંધ દર્શાવી શકાતો નથી.

બૌદ્ધાચાર્ય ધર્મકીર્તિ ન્યાયબિન્દુ ત્રીજો પરિચ્છેદ પૃ. ૧૩૧-૨ પર દૃષ્ટાન્ત અને દૃષ્ટાન્તાભાસોની નિરર્થકતા વિષે આમ કહે છે કેઃ—

" **नह्येभिर्दृष्टान्ताभासैर्हेतोः सामान्यलक्षणं सपक्ष एव सत्त्वं विपक्षे च सर्वत्रासत्त्वमेव निश्चयेन शक्यं दर्शयितुं विशेषलक्षणं वा। तदर्थापत्त्यैषां निरासो वेदितव्यः ।** "

શ્રી સિદ્ધસેન દિવાકર ન્યાયાવતારમાં પૂર્વવર્તી ન્યાયવિદોની પરંપરા પ્રમાણે સાધર્મ્ય અને વૈધર્મ્યથી થતા બન્ને પ્રકારના દૃષ્ટાંતાભાસોના છ છ ઉપભેદો વર્ણવે છે. વૈશેષિક સૂત્રના પ્રશસ્તપાદ ભાષ્યમાં પણ તેજ પ્રમાણે છ ઉપભેદો વર્ણવ્યા છે. બૌદ્ધાચાર્ય દિઙ્નાગ ન્યાયપ્રવેશ સૂત્રમાં પાંચ પાંચ પ્રકાર દર્શાવે છે, પરંતુ ધર્મકીર્તિ ન્યાયબિંદુમાં નવ નવ પ્રકારો વર્ણવે છે. એજ પ્રમાણે પ્રસ્તુત ગ્રંથકારે નવ નવ પ્રકારો વર્ણવ્યા છે. પરંતુ પ્રમાણમીમાંસાકાર શ્રી હેમચંદ્રાચાર્યે બન્ને પ્રકારના અનન્વય અને અવ્યતિરેક નામના એકેક ઉપભેદ છોડી દઇ માત્ર આઠ આઠજ ઉપભેદો માન્યા છે, કારણ કે તે બે ઉપભેદોનો અંતર્ભાવ તેઓ બીજા ઉપભેદોમાં કરે છે. જુઓ પ્રમાણમીમાંસા ૨-૧-૩૩. ન્યાયાવતારમાં સાધ્યવિકલ, સાધનવિકલ, ઉભયવિકલ, સંદિગ્ધસાધ્યધર્મ, સંદિગ્ધસાધનધર્મ, અને સંદિગ્ધોભયધર્મ એમ સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના છ ઉપભેદો, અને સાધ્યાવ્યાવૃત્ત, સાધનાવ્યાવૃત્ત, ઉભયાવ્યાવૃત્ત, સંદિગ્ધ સાધ્યવ્યતિરેક, સંદિગ્ધસાધનવ્યતિરેક, અને સંદિગ્ધોભયવ્યતિરેક એમ વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસના છ ઉપભેદો વર્ણવ્યા છે. બૌદ્ધાચાર્ય દિઙ્નાગકૃત ન્યાયપ્રવેશસૂત્રમાં સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના સાધનધર્માસિદ્ધ, સાધ્યધર્માસિદ્ધ, ઉભયધર્માસિદ્ધ, અનન્વય અને વિપરીતાન્વય એમ પાંચ, તથા વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસના સાધ્યાવ્યાવૃત્ત, સાધનાવ્યાવૃત્ત, ઉભયાવ્યાવૃત્ત, અવ્યતિરેક અને વિપરીતવ્યતિરેક એમ પાંચ ઉપભેદો માન્યા છે. પ્રશસ્તપાદભાષ્યકારે ન્યાયપ્રવેશમાં માનેલ ઉપભેદો ઉપરાંત આશ્રયાસિદ્ધ નામનો એક વિશેષ ઉપભેદ સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના તેમજ વૈધર્મ્ય દૃષ્ટાંતાભાસના ઉપભેદોમાં માન્યો છે.

દિગંબર જૈન નૈયાયિક પરીક્ષામુખકાર બૌદ્ધ ન્યાયપ્રવેશકારે માનેલ બેઉ પ્રકારના દૃષ્ટાંતાભાસોના પાંચ પાંચ ઉપભેદોમાંથી અનન્વય અને અવ્યતિરેક એમ એકેક છોડી દઇ ચાર ચારજ માને છે. તેથી આ બે ઉપભેદો જેમને માન્ય હોય એવા પ્રસ્તુત ગ્રંથકાર તથા ધર્મકીત અને ન્યાયપ્રવેશકારજ છે એ સ્પષ્ટ થાય છે.

આ દૃષ્ટાંતાભાસોના વિવિધ રીતે કરવામાં આવતા ભેદોપભેદ, શ્રી સિદ્ધસેન દિવાકર, બૌદ્ધ નૈયાયિકો દિઙ્નાગ અથવા ધર્મકીર્તિની અસર તળે આવ્યા હતા એવી પાશ્ચિમાત્ય વિદ્વાનોની માન્યતાની કસોટી કરવાના એક સાધન તરીકે હોઈ એમ માનવાને પ્રેરે છે કે ઉક્ત માન્યતા ભ્રાન્તિપૂર્ણ છે, કારણ કે શ્રી સિદ્ધસેન દિવાકરે કરેલું દૃષ્ટાંતાભાસોનું વર્ગીકરણ તથા નિરૂપણ સ્વતંત્રજ છે એ સ્પષ્ટ છે. કંઇક સામ્ય હોય તો માત્ર સંખ્યા સંબંધી પ્રશસ્તપાદભાષ્યકારે

કરેલા વર્ગીકરણ સાથે છે, પણ બન્નેએ માનેલા ઉપભેદો ચોખ્ખી રીતે જુદા પડે છે. શ્રી સિદ્ધસેન જે પ્રાચીન પરંપરા માન્ય કરી પોતે વર્ગીકરણ કર્યાનો ઉલ્લેખ કરે છે તે કઈ હતી એ નિશ્ચયથી કહેવું જો કે શક્ય નથી, પણ પૂર્વમીમાંસામાંથી થયેલ ન્યાયશાસ્ત્રની ઉત્પત્તિ ધ્યાનમાં લેતા કોઈ પૂર્વમીમાંસકોની પરંપરા લક્ષી એ ઉલ્લેખ હોય એ બનવા જોગ છે.

સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના નવ પ્રકારોનો નિર્દેશ—સાધ્યધર્મવિકલ, સાધનધર્મવિકલ, ઉભયધર્મવિકલ, સન્દિગ્ધસાધ્યધર્મ, સંદિગ્ધસાધનધર્મ, સંદિગ્ધોભયધર્મ, અનન્વય, અપ્રદર્શિતાન્વય, તથા વિપરીતાન્વય (એ સાધર્મ્ય દૃષ્ટાંતાભાસના પ્રકારો છે.)

સાધ્યધર્મવિકલનું ઉદાહરણ—શબ્દ અપૌરુષેય છે, અમૂર્ત હોવાથી, જેમકે દુઃખ—એ સાધ્યધર્મવિકલ છે. ૬૦. (૧)

અત્ર દુઃખ સાધ્યધર્મવિકલ દૃષ્ટાંતાભાસ છે કારણ કે સાધ્યધર્મ અપૌરુષેયત્વ તેમાં નથી. જો કે અમૂર્તત્વરૂપ સાધનધર્મ છે.

સાધનધર્મવિકલનું ઉદાહરણ—તેજ પ્રતિજ્ઞામાં અને તેજ હેતુ હોય ત્યારે, જેમકે પરમાણુ (એવું દૃષ્ટાંત યોજાય)-એ સાધનધર્મવિકલ છે. ૬૧. (૨)

પરમાણુને નૈયાયિકો અપૌરુષેય માને છે તેથી પરમાણુમાં સાધ્યધર્મ અપૌરુષેયત્વ તો છે, પરંતુ પરમાણુ મૂર્ત હોવાથી તેમાં અમૂર્તત્વરૂપ સાધનધર્મ નથી તેથી સાધનધર્મવિકલ નામનો દૃષ્ટાંતાભાસ થાય છે.

ઉભયધર્મવિકલનું ઉદાહરણ—(તેજ પ્રતિજ્ઞામાં અને તેજ હેતુ હોય ત્યારે) જેમકે કલશ (એવું દૃષ્ટાંત યોજાય)-એ ઉભયધર્મવિકલ છે. ૬૨. (૩) કલશમાં અપૌરુષેયત્વરૂપ સાધ્યધર્મ તેમજ અમૂર્તત્વરૂપ સાધનધર્મ બન્ને નથી તેથી ઉભયધર્મવિકલ દૃષ્ટાંતાભાસ થાય છે.

સંદિગ્ધસાધ્યધર્મનું ઉદાહરણ—આ રાગવાળો છે, વક્તૃત્વ હોવાથી, જેમકે દેવદત્ત—એ સંદિગ્ધ સાધ્યધર્મ દૃષ્ટાંતાભાસ છે. ૬૩ (૪)

અત્ર દેવદત્તમાં સાધ્યધર્મ રાગાદિનું હોવું તથા ન હોવું બન્ને સંદિગ્ધ છે, કારણ કે પરના મનના ભાવો પરોક્ષ છે અને રાગાદિ સાધ્ય સાથે કોઈપણ અવ્યભિચારી લિઙ્ગ માલમ પડતું નથી; તેથી સંદિગ્ધસાધ્યધર્મ નામે દૃષ્ટાંતાભાસ થાય છે.

સંદિગ્ધસાધનધર્મનું ઉદાહરણ—આ મરણધર્મવાળો છે, કારણ કે રાગાદિ રહિત છે, જેમકે મૈત્ર—એ સંદિગ્ધસાધ્યધર્મ નામે દૃષ્ટાંતાભાસ છે. ૬૪ (૫)

મૈત્રમાં રાગાદિમત્ત્વરૂપ સાધનધર્મ સંદિગ્ધ છે તેથી સંદિગ્ધસાધનધર્મ નામનો દૃષ્ટાંતાભાસ થાય છે.

સંદિગ્ધોભયધર્મનું ઉદાહરણ—આ સર્વદર્શી નથી, રાગાદિવાળો હોવાથી, જેમકે અમુક મુનિ એ સન્દિગ્ધોભયધર્મ છે. ૬૫ (૬)

સર્વદર્શિત્વ અને રાગાદિમત્ત્વરૂપ સાધ્યધર્મ અને સાધનધર્મ મુનિવિશેષમાં સંદિગ્ધ છે, કારણ કે તેને સિદ્ધ કરનાર અવ્યભિચારિ લિઙ્ગ-હેતુ માલમ પડતું નથી. તેથી સંદિગ્ધોભય ધર્મ નામનો દૃષ્ટાંતાભાસ થાય છે.

અનન્વયનું ઉદાહરણ—વિવક્ષિત પુરુષ રાગયુક્ત છે, વક્તૃત્વ હોવાથી, જેમકે ઈષ્ટ પુરુષ—એ અનન્વય છે. ૬૬ (૭)

જો કે ઇષ્ટ પુરુષમાં રાગાદિમત્ત્વ તથા વક્તૃત્વરૂપ સાધ્યસાધન ધર્મો છે તોપણ વક્તૃત્વસાથે રાગાદિમત્ત્વનો નિયત સહચાર-વ્યાપ્તિસંબંધ સિદ્ધ ન હોવાથી અનન્વય નામનો દૃષ્ટાંતાભાસ થાય છે.

અપ્રદર્શિતાન્વયનું ઉદાહરણ—શબ્દ અનિત્ય છે, કૃતકત્વ હોવાથી, જેમકે ઘટ—એ અપ્રદર્શિતાન્વય છે. ૬૭ (૮)

જો કે અહિંયાં ખરી રીતે તો કૃતકત્વ સાથે અનિત્યત્વનો વ્યાપ્તિસંબંધ છે, તોપણ વક્તાએ વચનદ્વારા પ્રકાશ્યો નથી તેથી અપ્રદર્શિતાન્વય નામનો દૃષ્ટાંતાભાસ થાય છે. અહિંયાં વાસ્તવિક કંઈ પણ દોષ નથી તોપણ પરાર્થાનુમાનમાં વચનના ગુણદોષ અનુસાર વક્તાના ગુણદોષની પરીક્ષા કરવાની હોવાથી આ પ્રયોગ દૂષિત છે. એજ પ્રમાણે વિપરીતાન્વય, અપ્રદર્શિતવ્યતિરેક તથા વિપરીતવ્યતિરેકમાં પણ સમજી લેવું, અર્થાત્ વચનની ન્યૂનતાને લીધે પ્રયોગ દૂષિત સમજવો.

વિપરીતાન્વયનું ઉદાહરણ—શબ્દ અનિત્ય છે, કૃતકત્વ હોવાથી, જે અનિત્ય હોય છે તે કૃતક

હોય છે જેમકે ઘટ-એ વિપરીતાન્વય છે. ૬૮ (૯)

પ્રસિદ્ધ વસ્તુધર્મના અનુવાદથી અપ્રસિદ્ધ વસ્તુધર્મનું વિધાન હોય છે, અહિંયાં હેતુરૂપે યોજાવાથી કૃતકત્વ પ્રસિદ્ધ છે અને સાધ્યરૂપે નિર્દેશ થયલો હોવાથી અનિત્યત્વ અપ્રસિદ્ધ છે. તેથી પ્રસિદ્ધ કૃતકત્વનો અનુવાદ સર્વનામ "જે" થી ઉલ્લેખ યોગ્ય છે, નહિ કે અપ્રસિદ્ધ અનિત્યત્વનો; તેમજ અનિત્યત્વનો વિધિ સર્વનામ "તે" થી ઉલ્લેખ યોગ્ય છે, નહિ કે કૃતકત્વનો.

वैधर्म्येणापि दृष्टान्ताभासो नवधा ।६९।

असिद्धसाध्यव्यतिरेको,ऽसिद्धसाधनव्यतिरेको,ऽसिद्धोभयव्यतिरेकः, सन्दिग्धसाध्यव्यतिरेकः, सन्दिग्धसाधनव्यतिरेकः, सन्दिग्धोभयव्यतिरेको,ऽव्यतिरेको,ऽप्रदर्शितव्यतिरेको, विपरीतव्यतिरेकश्च ।७०।

तेषु भ्रान्तमनुमानं प्रमाणत्वात् यत्पुनर्भ्रान्तं न भवति न तत् प्रमाणं यथा स्वप्नज्ञानमिति असिद्धसाध्यव्यतिरेकः, स्वप्नज्ञानाद् भ्रान्तत्वस्यानिवृत्तेः ।७१।१।

निर्विकल्पकं प्रत्यक्षं प्रमाणत्वात् यत्तु सविकल्पकं न तत्प्रमाणं यथा लैङ्गिकमित्यसिद्धसाधनव्यतिरेको लैङ्गिकात्प्रमाणत्वस्यानिवृत्तेः ।७२।२।

नित्यानित्यः शब्दः सत्त्वात् यस्तु न नित्यानित्यः स न संस्तद्यथा स्तम्भ इत्यसिद्धोभयव्यतिरेकः स्तम्भान्नित्यानित्यत्वस्य सत्त्वस्य चाव्यावृत्तेः ।७३।३।

असर्वज्ञोऽनाप्तो वा कपिलोऽक्षणिकैकान्तवादित्वात् यः सर्वज्ञ आप्तो वा स क्षणिकैकान्तवादी यथा सुगत इति सन्दिग्धसाध्यव्यतिरेकः सुगतेऽसर्वज्ञतानाप्तत्वयोः साध्यधर्मयोर्व्यावृत्तेः सन्देहात् ।७४।४।

अनादेयवचनः कश्चिद्विवक्षितः पुरुषो रागादिमत्त्वात् यः पुनरादेयवचनः स वीतरागस्तद्यथा शौद्धोदनिरिति सन्दिग्धसाधनव्यतिरेकः शौद्धोदनौ रागादिमत्त्वस्य निवृत्तेः संशयात् ।७५।५।

न वीतरागः कपिलः करुणास्पदेष्वपि परमकृपयाऽनर्पितनिजपिशितशकलत्वात् यस्तु वीतरागः स करुणास्पदेषु परमकृपया समर्पितनिजपिशितशकलस्तद्यथा तपनबन्धुरिति सन्दिग्धोभयव्यतिरेक इति तपनबन्धौ वीतरागत्वाभावस्य करुणास्पदेष्वपि परमकृपयाऽनर्पितनिजपिशितशकलत्वस्य च व्यावृत्तेः सन्देहात् ।७६।६।

न वीतरागः कश्चिद्विवक्षितः पुरुषो वक्तृत्वात् यः पुनर्वीतरागो न स वक्ता यथोपलखण्ड इत्यव्यतिरेकः ।७७।७।

अनित्यः शब्दः कृतकत्वादाकाशवदित्यप्रदर्शितव्यतिरेकः ।७८।८।

अनित्यः शब्दः कृतकत्वात् यदकृतकं तन्नित्यं यथाऽऽकाशमिति विपरीतव्यतिरेकः।७९।९।

વૈધર્મ્યવાળા દૃષ્ટાન્તાભાસના નવ પ્રકાર- વૈધર્મ્યથી થતાં દૃષ્ટાંતના આભાસરૂપ દૃષ્ટાન્તાભાસ નવ પ્રકારનો છે. ૬૯

વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસના નવ પ્રકારનો નિર્દેશ—અસિદ્ધસાધ્યવ્યતિરેક, અસિદ્ધસાધનવ્યતિરેક, અસિદ્ધોભયવ્યતિરેક, સંદિગ્ધસાધ્યવ્યતિરેક, સંદિગ્ધસાધનવ્યતિરેક, સંદિગ્ધોભયવ્યતિરેક, અવ્યતિરેક, અપ્રદર્શિતવ્યતિરેક તથા વિપરીત વ્યતિરેક (એ વૈધર્મ્ય દૃષ્ટાન્તાભાસના નવ ઉપભેદો છે). ૭૦

અસિદ્ધસાધ્યવ્યતિરેકનું ઉદાહરણ-તે (ઉપભેદો)માં અનુમાન ભ્રાન્ત છે, પ્રમાણ હોવાથી, અને જે ભ્રાન્ત નથી હોતું તે પ્રમાણ નથી હોતું, જેમકે સ્વપ્નજ્ઞાન—એ અસિદ્ધસાધ્યવ્યતિરેક છે; કારણ કે સ્વપ્નજ્ઞાનમાંથી ભ્રાન્તત્વ અનિવૃત્ત છે. ૭૧ (૧)

અસિદ્ધસાધનવ્યતિરેકનું ઉદાહરણ-પ્રત્યક્ષ નિર્વિકલ્પક છે, પ્રમાણ હોવાથી, જે સવિકલ્પક છે તે પ્રમાણ નથી, જેમકે અનુમાન—એ અસિદ્ધસાધનવ્યતિરેક છે, કારણ કે અનુમાનમાંથી પ્રમાણત્વ અનિવૃત્ત છે. ૭૨ (૨)

અસિદ્ધોભયવ્યતિરેકનું ઉદાહરણ—શબ્દ નિત્યાનિત્ય (કથંચિત્ નિત્ય, કથંચિત્ અનિત્ય) છે, સત્તારૂપ-અસ્તિત્વરૂપ હોવાથી, જે નિત્યાનિત્ય નથી તે સત્તારૂપ-ભાવરૂપ નથી જેમકે સ્તમ્ભ—એ અસિદ્ધોભયવ્યતિરેક છે. ૭૩ (૩)

સન્દિગ્ધસાધ્યવ્યતિરેકનું ઉદાહરણ—કપિલ અસર્વજ્ઞ અથવા અનાપ્ત છે, ક્ષણિક એકાન્તવાદી ન હોવાથી, જે સર્વજ્ઞ કે આપ્ત હોય તે ક્ષણિક એકાન્તવાદી હોય, જેમકે સુગત-બુદ્ધ-એ સન્દિગ્ધસાધ્યવ્યતિરેક છે, કારણ કે સુગતમાંથી અસર્વજ્ઞતા અને અનાપ્તત્વરૂપ સાધ્યધર્મોની વ્યાવૃત્તિ સંદિગ્ધ છે. ૭૪. (૪)

આ ખરી રીતે તો અસિદ્ધસાધ્યવ્યતિરેકજ છે, કારણ કે ક્ષણિક એકાન્ત પ્રમાણ બાધિત હોવાથી ક્ષણિક એકાન્તવાદી અસર્વજ્ઞ અને અનાપ્ત ઠરે છે; પરંતુ ક્ષણિક-એકાન્તવાદનો પ્રતિક્ષેપ-ખંડન કરનારા પ્રમાણનાં મહાત્મ્યની વિચારણા વગરના પ્રમાતાઓને સન્દિગ્ધસાધ્યવ્યતિરેક તરીકે ભાસે છે તેથી તેમજ વર્ણવ્યો છે.

સન્દિગ્ધસાધનવ્યતિરેકનું ઉદાહરણ—કોઇ વિવક્ષિત પુરુષ અનાદેયવચન (નહિ માનવા યોગ્ય વચનવાળો) છે, રાગાદિવાળો હોવાથી, અને જે આદેયવચન હોય તે વીતરાગ હોય, જેમકે શુદ્ધોદન પુત્ર બુદ્ધ-એ સન્દિગ્ધસાધનવ્યતિરેક છે, કારણ કે શૌદ્ધોદનિમાંથી રાગાદિમત્ત્વની નિવૃત્તિ વિષે સંશય છે. ૭૫ (૫).

જો કે બૌદ્ધદર્શનાનુરાગિઓને બુદ્ધનું આદેયવચનત્વ પ્રસિદ્ધ છે, તોપણ રાગાદિમત્ત્વાભાવ તેના નિશ્ચાયક પ્રમાણને અભાવે સન્દિગ્ધજ છે.

સન્દિગ્ધોભયવ્યતિરેકનું ઉદાહરણ—કપિલ વીતરાગ નથી, કારણ કે કરૂણાપાત્રને પણ પરમ કૃપાથી પોતાના માંસના કટકા આપેલા નથી, પણ જે વીતરાગ હોય તેણે પરમ કૃપાથી પોતાના માંસના કટકા કરૂણાપાત્રને આપ્યા હોય છે, જેમકે તપનબન્ધુ-બુદ્ધ-એ સન્દિગ્ધોભયવ્યતિરેક છે, કારણ કે તપનબન્ધુમાંથી વીતરાગપણાના અભાવની તથા કરૂણાપાત્રને પણ પરમકૃપાથી પોતાના માંસના કટકાના અનર્પણની આવૃત્તિ સંદિગ્ધ છે. ૭૬ (૬)

વૈધર્મ્ય દૃષ્ટાન્તભૂત તપનબન્ધુ રાગાદિવાળો છે કે વીતરાગ છે તે તથા તેણે કરૂણાપાત્રને પોતાના માંસના કટકા આપ્યા હતા કે ન હતા તે જાણી શકાતું નથી કારણકે તેનો નિશ્ચય કરાવનાર કોઈ પ્રમાણ માલમ પડતું નથી. તેથી સાધ્યધર્મ તેમજ સાધનધર્મનો વ્યતિરેક સંદિગ્ધ હોવાથી સંદિગ્ધોભયવ્યતિરેક થાય છે.

અવ્યતિરેકનું ઉદાહરણ—કોઇ વિવક્ષિત પુરુષ વીતરાગ નથી, વક્તૃત્વ હોવાથી, જે વીતરાગ હોય તે વક્તા ન હોય, જેમકે પત્થરનો કટકો—એ અવ્યતિરેક છે. ૭૭ (૭)

જો કે પત્થરના કટકામાંથી સાધ્યધર્મ તેમજ સાધનધર્મ વ્યાવૃત્ત છે, તોપણ વ્યાપ્તિદ્વારા વ્યતિરેક સિદ્ધ થતો ન હોવાથી અવ્યતિરેક થાય છે.

અપ્રદર્શિતવ્યતિરેકનું ઉદાહરણ—શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, જેમકે આકાશ-એ અપ્રદર્શિત વ્યતિરેક છે. ૭૮ (૮)

અહિંયાં જે અનિત્ય ન હોય તે કૃતક પણ નથી હોતું એમ વ્યતિરેક વિદ્યમાન હોવા છતાં તેને વાદીએ સ્વવચનવડે પ્રકટ કર્યો નથી તેથી અપ્રદર્શિતવ્યતિરેક થાય છે.

વિપરીતવ્યતિરેકનું ઉદાહરણ—શબ્દ અનિત્ય છે, કૃતક હોવાથી, જે કૃતક ન હોય તે નિત્ય હોય, જેમકે આકાશ—એ વિપરીતવ્યતિરેક છે. ૭૯ (૯).

વૈધર્મ્ય પ્રયોગમાં તો સાધ્યાભાવ સાધનાભાવથી આક્રાન્ત-વ્યાપ્ત દર્શાવવો જોઈયે. એમ અહિંયા દર્શાવ્યો નથી તેથી વિપરીતવ્યતિરેક થાય છે.

उक्तलक्षणोल्लङ्घनेनोपनयनिगमनयोर्वचने तदाभासौ ।८०।

यथा परिणामी शब्दः कृतकत्वात् यः कृतकः स परिणामी यथा कुम्भ इत्यत्र परिणामी च शब्द इति कृतकश्च कुम्भ इति च ।८१।

तस्मिन्नेव प्रयोगे तस्मात् कृतकः शब्द इति तस्मात्परिणामीकुम्भ इति च (वा इति पाठांतरम्) ।८२।

अनाप्तवचनप्रभवं ज्ञानमागमाभासम् ।८३।

यथा मेकलकन्यकायाः कूले तालहिन्ता-

लयोर्मूले सुलभाः पिण्डखर्जूराः सन्ति त्वरितं गच्छत गच्छत शावकाः ! ।८४।

प्रत्यक्षमेवैकं प्रमाणमित्यादि संख्यानं तस्य संख्याऽऽभासम् ।८५।

सामान्यमेव, विशेष एव, तद्द्वयं वा स्वतन्त्रमित्यादिस्तस्य विषयाभासः ।८६।

अभिन्नमेव भिन्नमेव वा प्रमाणात्फलं तस्य तदाभासम् ।८७।

॥ इति फलप्रमाणस्वरूपाद्याभासनिर्णयो नाम षष्ठः परिच्छेदः समाप्तः ॥

ઉપનયાભાસલક્ષણ તથા નિગમનાભાસલક્ષણ-ઉપનય તથા નિગમનનાં કહેવાઇ ગયેલ લક્ષણોનું ઉલ્લંઘન કરતાં ઉપનય તથા નિગમન દર્શાવનાર વચન તે ઉપનયાભાસ તથા નિગમનાભાસ ૮૦

ત્રીજા પરિચ્છેદના ૪૨ મા સૂત્રમાં જણાવ્યા પ્રમાણે મન્દમતિ આશ્રિ દૃષ્ટાન્ત ઉપનય અને નિગમનનો પ્રયોગ કરવાનો છે, બાકી પરપ્રતિપત્તિમાં તે અસમર્થ છે, કારણ કે પરપ્રતિપત્તિ તો પક્ષ અને હેતુપ્રયોગથીજ થાય છે. ઉપનય તથા નિગમનનાં લક્ષણ ત્રીજા પરિચ્છેદનાં ૪૯ માં તથા ૫૨ માં સૂત્રમાં આમ આપ્યાં છેઃ—"હેતુનું પક્ષમાં ફરીથી કથન કરવું તે ઉપનય," અને "સાધ્યરૂપ ધર્મનું પક્ષમાં કથન કરવું તે નિગમન"-પક્ષ એટલે સાધ્યધર્મી.

આ લક્ષણોમાં દર્શાવેલી રીતથી ભિન્નપણે ઉપનય કે નિગમનનો પ્રયોગ થાય ત્યાં ઉપનયાભાસ તથા નિગમનાભાસ સમજવા.

ઉપનયાભાસનું ઉદાહરણ-જેમકે શબ્દ પરિણામી છે, કૃતક હોવાથી, જે કૃતક હોય તે પરિણામી હોય, જેમકે કુંભ-આ પ્રયોગમાં "અને શબ્દ પરિણામી છે" અથવા "અને કુંભ કૃતક છે" (એવું ઉપનય વચન)-એ ઉપનયાભાસ છે. ૮૧

આ ઉપનયાભાસ થાય છે કારણ કે એક દાખલામાં સાધ્યધર્મનું પક્ષમાં અર્થાત્ સાધ્યધર્મીમાં કથન છે; અને *બીજા દાખલામાં સાધનધર્મનું દૃષ્ટાન્તધર્મીમાં કથન છે,* જ્યારે ખરી રીતે તો હેતુનું-સાધનનું સાધ્યધર્મીમાં-પક્ષમાં કથન હોવું જોઈયે એટલે "અને શબ્દ કૃતક છે" એવું ઉપનયવચન યોગ્ય છે.

નિગમનાભાસનું ઉદાહરણ-તેજ પ્રયોગમાં "તેથી શબ્દ કૃતક છે" અથવા "તેથી કુંભ પરિણામી છે" એ નિગમનાભાસ છે. ૮૨.

અહિંયાં "તેથી શબ્દ પરિણામી છે" એવું નિગમન કરવું જોઈયે તેને બદલે એક દાખલામાં સાધ્યધર્મીમાં-પક્ષમાં સાધનધર્મનું કથન છે અને બીજા દાખલામાં દૃષ્ટાન્તધર્મીમાં સાધ્યધર્મનું કથન છે. ખરી રીતે સાધ્યધર્મનું સાધ્યધર્મીમાં કથન તેજ નિગમન છે.

પાંચે અવયવોની પક્ષશુદ્ધિ આદિ જે પાંચશુદ્ધિઓ છે તેનો ભ્રાન્તિથી વિપરીત પ્રયોગ થાય ત્યારે તે તે શુદ્ધિના આભાસ થાય એ કલ્પી લેવું.

આજ પરિચ્છેદના ૨૩ મા સૂત્રમાં પ્રમાણના સ્વરૂપાભાસ, સંખ્યાભાસ, વિષયાભાસ અને ફલાભાસનો ઉલ્લેખ કરી સ્વરૂપાભાસનું વર્ણન ત્યાર પછીનાં સૂત્રોમાં કરવામાં આવે છે. સામાન્યતઃ સ્વરૂપાભાસ વર્ણવી વિશેષતઃ વર્ણવતાં એક પ્રકારના પ્રત્યક્ષાભાસ વર્ણવી પરોક્ષાભાસના પ્રકારોમાં સ્મરણાભાસ, પ્રત્યભિજ્ઞાભાસ તથા તર્કાભાસ વર્ણવી અનુમાનાભાસ વર્ણવતાં પક્ષાભાસ, હેત્વાભાસ, દૃષ્ટાન્તાભાસ, ઉપનયાભાસ ને નિગમનાભાસ વર્ણવે છે, હવે આગમાભાસ વર્ણવી પરોક્ષાભાસનો પાંચમો પ્રકાર પૂરો કરી પ્રમાણના સ્વરૂપાભાસનું વિવરણ પૂરૂં કરશે, અને ત્યારબાદ બાકીના ત્રણ સંખ્યાભાસ વિષયાભાસ અને ફલાભાસ વર્ણવી આભાસોનું વિવરણ ગ્રન્થકાર સમાપ્ત કરશે. આ સૂત્રથી અનુમાનાભાસની સમાપ્તિ થતી હોવાથી અનુમાનાભાસ કરવાવાળા મુખ્ય ત્રણ આભાસો પક્ષાભાસ, હેત્વાભાસ અને દૃષ્ટાન્તાભાસનો સમાવેશ હેત્વાભાસમાં કરી શકાય એ અત્ર દર્શાવીશું. અનુમાન દુષિત કરનારા પક્ષાભાસોનો મુખ્યત્વે આશ્રયાસિદ્ધ કે સ્વરૂપાસિદ્ધમાં અંતર્ભાવ થઈ શકે, અને દૃષ્ટાન્તાભાસો વ્યાપ્તિદોષ હોય ત્યાંજ ખરી રીતે અનુમાનાભાસ કરતા હોઇ વ્યાપ્યત્વાસિદ્ધમાં કે અનેકાંતિકમાં અંતર્ભૂત થઈ શકે-જુઓ આથલ્યેનો તર્કસંગ્રહ પૃ. ૩૨૧.

આગમાભાસ લક્ષણ—અનાપ્તના વચનથી થતું જ્ઞાન તે આગમાભાસ. ૮૩

ચોથા પરિચ્છેદના ૪થા સૂત્રમાં આપ્તનું સ્વરૂપ આમ વર્ણવ્યું છેઃ—"કહેવાની વસ્તુને જેમ હોય તેમ જે જાણે તથા જેવી જાણે તેવી કહે તે આપ્ત" તેથી વિપરીત જે અનાપ્ત તેના કહેલાં વચનથી જે જ્ઞાન થાય તે આગમાભાસ.

આગમાભાસનું ઉદાહરણ—જેમકે મેકલ-કન્યકાનદીના તીરે તાલ અને હિન્તાલ વૃક્ષોના મૂલમાં ખજૂરફલો સુલભ છે, (માટે) હે પશુઓ ! જાઓ ! જલદી જાઓ ! ૮૪.

કોઇ રાગયુક્ત અનાપ્ત પુરુષ પોતાના વિનોદ માટે બીજું કંઈ નહિ મળતાં પશુઓની સાથે પણ રમવાને તૈયાર થઇ આ વાક્ય કહે છે, તેથી રાગદ્વેષરહિત આપ્તપુરુષ, જે યથાસ્થિત વસ્તુ જાણીને જેવું જાણે છે તેવુંજ કહે છે, તેનાં વચનની માફક ઉક્ત વાકય વિશ્વસનીય ન હોઈ આગમાભાસનું ઉદાહરણ છે. આ રીતે સ્વરૂપાભાસનું વિવરણ પૂરું થયું, હવે સંખ્યાભાસ કહે છે.

સંખ્યાભાસ વ્યાખ્યા—પ્રત્યક્ષજ એક પ્રમાણ છે ઈત્યાદિ સંખ્યાકથન તે તે (પ્રમાણ)નો સંખ્યાભાસ છે.

જૈનો પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બેજ પ્રમાણ માને છે, તેથી ઉલટી રીતે જે ચાર્વાક એકજ માત્ર પ્રત્યક્ષ માને છે. વૈશેષિક અને બૌદ્ધ અનુમાન સાથે બેજ માને છે, સાંખ્ય, યોગી, તથા ધર્મશાસ્ત્રી શાબ્દ સાથે ત્રણજ માને છે, નૈયાયિકો ઉપમાન સાથે ચારજ માને છે, પ્રભાકર અર્થાપત્તિ સાથે પાંચજ માને છે, કુમારિલ ભટ્ટ અનુપલબ્ધિ–અભાવ સાથે છજ માને છે, પૌરાણિકો સંભવ અને ઐતિહ્ય સાથે આઠજ માને છે, નવમું ચેષ્ટા તાંત્રિકોજ માને છે, દશમું પરિશેષ અમુક મીમાંસકોજ માને છે, અને અગિયારમું પ્રાતિભ કોઈ માને છે–તે માન્યતાઓ પ્રમાણનો સંખ્યાભાસ છે. બીજા પરિચ્છેદના ૧લા સૂત્રની ટીકામાં આ ચર્ચા વિસ્તારથી આપી છે જુઓ પૃ. ૪૭થી ૫૦. ટૂંકામાં અનુમાન અને આગમ અર્થાત્ શાબ્દ જૈનોએ માનેલ પરોક્ષના પ્રકારજ છે, ઉપમાનનો અંતર્ભાવ પરોક્ષના એક પ્રકાર પ્રત્યભિજ્ઞાનમાં થાય છે, અર્થાપત્તિનો અનુમાનમાં અંતર્ભાવ થાય છે, અભાવનો પ્રત્યક્ષ કે પ્રત્યભિજ્ઞાન, કે તર્ક કે અનુમાન કે આગમમાં યથાસંભવ અંતર્ભાવ થાય છે, સંભવનો અનુમાનમાં અંતર્ભાવ થાય છે, ઐતિહ્ય અપ્રમાણ ન હોય તો આગમમાં અંતર્ભાવ થાય છે, ચેષ્ટાનો આગમમાં–શાબ્દમાં અંતર્ભાવ થાય છે, પરિશેષનો અનુમાનમાં અંતર્ભાવ થાય છે, અને પ્રાતિભનો પ્રત્યક્ષ કે અસ્પષ્ટ અનુમાનમાં અંતર્ભાવ થાય છે.

વિષયાભાસ વ્યાખ્યા.-(પ્રમાણનો વિષય) સામાન્યમાત્ર, વિશેષમાત્ર, અથવા સ્વતંત્ર રીતે તે બન્ને છે ઇત્યાદિ (કહેવું તે) ખરી રીતે તો પ્રમાણનો વિષયાભાસ છે. ૮૬.

પ્રમાણનો વિષય સામાન્યમાત્ર છે એમ સત્તાદ્વૈતવાદીઓ માને છે. વિશેષમાત્ર છે એમ બૌદ્ધો માને છે, સ્વતન્ત્રરીતે બન્ને છે એમ નૈયાયિકો માને છે. તેમની આવી એકાન્ત માન્યતા પ્રમાણનો વિષયાભાસ છે. સૂત્રમાંના આદિ શબ્દથી નિત્યજ કે અનિત્યજ કે સ્વતન્ત્ર રીતે નિત્ય અને અનિત્ય પ્રમાણનો વિષય છે એમ કહેવું પણ એકાન્તરૂપ હોઈ વિષયાભાસ છે. જૈન મત તો પરિચ્છેદ ૫ માનાં સૂત્ર ૧લામાં કહ્યા પ્રમાણે છેઃ—" પૂર્વોક્ત પ્રમાણનો વિષય સામાન્ય વિશેષાદિ અનેકાન્ત સ્વરૂપવાળી વસ્તુ છે.''

ફલાભાસ વ્યાખ્યા-પ્રમાણથી તેનું ફલ ભિન્નજ અથવા અભિન્નજ છે–એ તે (પ્રમાણ) નો ફલાભાસ છે. ૮૭.

બૌદ્ધો પ્રમાણથી તેનું ફલ અભિન્નજ માને છે અને નૈયાયિકો ભિન્નજ માને છે. પ્રમાણથી તેનું ફલ જુદુંજ છે અથવા અભિન્નજ છે એવા બન્ને એકાન્ત અયોગ્ય છે તે આજ પરિચ્છેદના ૬ ઠાથી ૨૨મા સુધીનાં સૂત્રોથી કહેવાઈ ગયું છે.

॥ इति प्रमाणनयतत्त्वालोकालंकारगुर्जरभाषानुवादे फलप्रमाणस्वरूपाद्याभासनिर्णयो नाम षष्ठः परिच्छेदः समाप्तः ॥

વિવેકહર્ષકૃત હીરવિજય સૂરિ (નિર્વાણ) રાસ

પંડિતશ્રી ૫ શ્રી **અમરવિજય** ગણિ ગુરૂભ્યો નમઃ

રાગ સામેરી

ઈમિ ચિંતી મનહ મઝારિ એ, **પાટણ**થી કરઈ વિહાર એ
ગણધાર એ, **રાજનગરિ** પધારીઆ એ. ૧

શાહયા(જા)દઉ શાહ **મુરાદ** એ, **હીર**નઈ વંદઈ અતી
આલ્હાદ એ પ્રસાદ એ, માગઈ **હીર**જીની દુઆ
ઘણી એ. ૨

બગસીસ કરઈ સંભારણી એ, સહૂ સહિર સડી ન
મારણી (એ), જગતારણી રે, જુઉ હીરજીની દેશના એ. ૩

શ્રી **શત્રુંજય** ગિરિવાટ એ, **હીર**જી અતિ ગહગાટ એ,
ઘાટ એ, મુગત્તા કીધા ગછધણી એ. ૪

અનુક્રમઈ **પાલીતાણઈ** એ, પુહતા ગચ્છપતિ મંડણા એ,
સુજાણ એ, યાત્ર કરઈ તીરથતણી એ. ૫

તિહાં પુહતા **હીર**જી સાંભલી, ઠામિ ઠામિના સંઘ
આવઈવિલી, મનરલી, થાવર જંગમ ભેટવા એ. ૬

ઈક શત્રુંજય મુગતો હવો, વલી તિરથ ત્રિણ સંગમ
નવો, ચૈતિ દિન પુન્યઈ મિલઈ એ. ૭

સંઘ **પાટણ**નઉં સામટઉ, **અમદાવાદી** અતિ ઊલટયઉ,
ઘુંસટયઉ ધીંગ ખંભાયતનો વલી એ. ૮

માલવનઉ સંઘ આવઈ એ, મનમોહન મોતી
વધાવઈ એ, રચવા એ, અંગ પૂજ આભરણસ્યું એ. ૯

લાહુર સંઘ સુહામણઉ, **મરૂમંડલ**નઉ પણિ અતિ ઘણઉ
દીવતણઉ સંઘ અતીહિં રલીઆમણઉ એ. ૧૦

સૂરતિ ભરુઅચ સંઘ એ, **વીજાપુર**નઉ કરઈ રંગ એ,
જંગ એ, **કાંન્હવ દખ્યણ**નઉ કરઈ એ. ૧૧

તિહાં ખરચ તણા નહી પાર એ, સંઘવીએ કરજ્યે
ઉધાર એ, અપાર એ, લોક લેખઈ નહી એ. ૧૨

દૂહા

સંઘ સબલ ખંભાઇતનઉં. કરઇ વીનતી હેવ,
પૂજ્ય ચઉમાસિ પધારિઈ, જુહારઉ **થંભણ** દેવ. ૧૩

પૂજ્ય કહઈ વયરાગિઉ, આતમ સાધન હેવ,
પાલીતાણઈ રહી કરી, કરસું તીરથસેવ. ૧૪

દીવતણઉ સંઘ હઠ કરઈ, નિત્ય પ્રભુ ગુજરાતિ,
પ્રભુ દુઆપ અહ્મે લહિઉ, મરધર અમૃત વેલિ. ૧૫

કૃપા કરો અહ્મ ઉપરિ, અતિ આગ્રહ અવધારિ,
ઉના નયર સમોસર્યા, ચોમાસું ગણધાર. ૧૬

રાગ મલ્હાર, ઢાલ

દીવ તણઉં પુણ્ય પાધરું, આવ્યઉ આવ્યઉ રે
તપગછરાય,

વૂઠઉ વૂઠઉ રે અમૃત મેહ, તું મનમોહન હીરજી,
શ્રાવક મોર અતિ ગહગહ્યા, અતિ નાચઈ રે મદ-
માચઈ રે,

ધરી અ સનેહ, તું મન મોહન **હીર**જી—આંચલી. ૧૭

ગાજઈ વાજિત્ર નિરઘોસ સું, તિહાં વાગાં રે (૨)
નવલાં નીસાણ, તું.

ધવલ સુધારસ મેહલઉ, **હીર** જોવા રે (૨) આવઈ
રાણો રાણિ, કે તું. ૧૮

હવઈ ઉપદેસ સુધારસિં, વરસઈ રે (૨) અમોલ ધાર તું.

ભવ દુખ તાપ સમાવીઆ, પ્રતિબોધ્યા રે (૨) વરણ
અઢાર, તું. ૧૯

રયણાયર વ્યાપારિઆ, અતિ મોટા રે (૨) શ્રાવક
જોડિ, તું.

સાત ખેત્રિ વિત વાવરઈ, બહૂ વાવરઈ રે (૨) દ્રવની
કોડિ, તું. ૨૦

હીર આવઈ આનંદ હવા, ઘણૂં વૂઠી રે મહિઅલિ
મેહ, તું.

પ્રવહણ આવ્યાં પાધરાં, જેહના હુંતા રે ઘણા
સંદેહ, તું ૨૧

તિહાં **પારેખ મેઘ** શ્રાવક વડઉ, અતિ મોટઉ રે (૨)
મેરસમાણિ, કે તું૦

પ્રવહણપતિ વ્યવહારિઉ, જસ ઘરણિ રે (૨) **લાડકી**
જાંણી બહુ ગુણની ખાંણિ. તું. ૨૨

પ્રગટ પ્રતિષ્ઠા જિન તણી, મંડાવઈ રે (૨) સબલ
મંડાણિ, તું.

સંઘ મલઈ તિહાં સાંમટા, જંગ જોવા રે (૨)
આવઈ રાણો રાંણિ, તું. ૨૩

કરઈ પ્રતિષ્ઠા **હીર**જી, **મેઘ** ખરચઈ રે (૨) દ્રવ્ય
લાખ, તું.

અપર શ્રાવક જે ખરચીઆ, દ્રવ્ય કહિવા રે (૨)
કિમ સકિ મુઝ બાખહું, તું. ૨૪
મકા હુંતુ ફરિ આવિઉ, આરહિકિઉ રે (૨)
આજમખાંન, તું.
પ્રથમ નમઈ હીર પાઉલે, આવ્યઉ (૨) રે ઉંના
ગામ, તું. ૨૫
ખાંન ભણઈ ગુરૂજી ! સુણઉ, અબ મઈ જાણિઉ રે (૨)
અકબરસાહિ, તું.
વીર ગ્યાની વડ વીર તું, જિણિં પિછાણ્યો રે (૨)
દુનિઆંમઈ તું બડા ફકીર તું. ૨૬
પેસકસી ગુરૂ આગલિં, ખાંન ઢોવઈ (૨) રે મહુર કે
હજાર, તું.
સુગુરૂ કહઈ અહ્મ મનિ કાંકરા, બંધ છોડયો રે (૨)
ઈણિ દ્રવ્ય અપાર, તું, ૨૭
ભણુસાલી અબજી ભલો, ગુરૂ વંદઇ રે (૨) જામ
રાજા જોડી, તું.
મહુર અઢારસઈ અંગની, કરઈ પૂજા રે (૨) ખરચઈ
દ્રવ્ય કોડિ, તું, ૨૮
હિંસક મ્લેછ મહાહઠી, અતિ મોટઈ રે (૨)
મુંહમદખાંન કે તું.
તે પ્રતિબોધ્યઉ હીરજી, ખાંન માનઈ રે (૨) લાડકી
બહિન સમાંનિ તું. ૨૯

દુહો.

ગુરૂ દર્શનનઈ અલજયો, ગુજરધરનો સંઘ,
વિનતી વલીવલી મોકઈ પ્રભુ, પૂરો અહ્મ મનિ રંગ. ૩૦

રાગ માલ૦

પ્રભુ ! ગુજરધર નીકી ચિંત કરી, આયો આયો
નિં લટક લટક ફરી,
પ્રભુ ! તમસું જો હિબ કઠિન કરઈ, તઉ નિજ સેવક
મનુ કિસુજ તરઈ,
બલિહારિ જાઉં બલિહારિ રે. ૩૧
તુમ્હ દેખનકું મનમોહી રહે, જિઉ અંતરતાપ ન જાઈ
કિહુએ,
ટુક દેખું નઈ યું જલ બઇ વિછુરી, રહી કયું બસ કઈ
બલમઈ વિછુરી. બલિ. ૩૨
તસબી તમ્હ લાભ બહુ લહઈ, તેણઈ તહ્મ 'જગગુરૂ'
બિરૂદ કહઈ,
અબ કયા તો તમ્હઉંહાં મોહ રહે, તુમ્હકું નહી રહણા
એકુ મહઈ. બલિ. ૩૩
પરપીડનકે ભંજન હીરજી હો, સુણી બીનતી
કહાઇસઇ ચુપ રહો,
નિગુણે ફનિ બલત ચારિયું, નિજ દાસ ટુકબી ચીતારિ
ઈયું, બલિ. ૩૪
હમસે પ્રભુ મૂઢ સદાસું નહીં, તોભી પ્યાર ધરઉ
સાહિબ તુમહી,
અબ આઉ ન આહિ નિહોરૂ કરું, ટુકમાંન હુ બીનતી
પાઉં પરૂં. બલિ. ૩૫
ઇતનુ કહાયોર ગરીબુ પરિં, તેરિ બાટ દેખતહઈ
લોગ ખરે,
અબ ગુજરદેશ પધારિ ઇયું, મુનિ બિવેકહર્ષ
બધારિ ઈયું. બલિ. ૩૬
ઇતની બીનતી ચિતમાં ધરીનઈ, જવ ચાલઈ
ગુરૂરાજ
રાખઈ શ્રીકક દવે નાચલી, કહી પ્રતિષ્ઠા કાજ. બલિ. ૩૭

ઢાલ રાગ સામેરી

મનમોહન હીરજીઉ એ, જેણિ મોહ્યો અકબર સાહિ રે
તું તઉ સુવિહિત સાધૂ સિરોમણિ રે, તુઝ દરિસન
મોહનગાર રે
હીરજી જેહ નિરખિ, જગત્રપતિ હરખિઉ એ જગત્ર૦ ૩૮
હીર તઈ વૈશાખ સુદિમાં, વલી પ્રતિષ્ઠા કિદ્ધ,
ઉંના નયર મંડાણ મોટા, હવાં જગત્ર પ્રસિદ્ધ
ચૈત્ર સુદિ આઠમિ થકી, તુઝ હવી ચલન—અસક્તિ,
તઉહિ પણિ તુઝ તીર્થયાત્રા, વિમલગિરિ વરિં
ભક્તિ સું. જગ૦ ૩૯
સંઘ વીનતી કરઇ પ્રભુ, કિમ આવસ્યઈ ઇમ ખંધ
પાલખી પાવન કરો, પાવન કરઉ અહ્મ ખંધ
સુગુરૂ પભણઇ પૂર્વ મુનિઇ, મન કીધઉં માહંતિ
તઉ એ પરંપરા કિમ કીજઇ, નવી રીતિ ન ભંતિ
સું૦ ૪૦
ચઉમાસિ વલી ઉંનઈ રહ્યા, બાધા તણુઇજ વિશેષિ
લાહુર ભણી માણુસ ચલાવ્યાં, દેઈ નિજ કર લેખ
આવવું તુહ્મિ દઇ કાગલ, પૂછી અકબર સાહ
શ્રી વિજયસેન સૂરિંદ તુહ્મે, મિલન અતિહિં ઉછાહ.
સું. ૪૧

લેખ દેખત હીરજીના, વિજયસેન સૂરિંદ
શાહિ અકબ્બરકું કહઈ, અહે દેઉ બિદા નરિંદ,
હીરવિજય સૂરિંદકું કબ્હુ હઇ દરદ દુક ગૂઢ,
સુણિ શાહિ હઇ કયા ખુદા કહઈ, ભએ અતિ દિગમૂઢ.
સુંо ૪૨

શાહિ જંપઈ સુગુરકું; સુખ હેતિ હુ ખઇરાતિ,
ઇક માસકી અમારિ પુનિ, ફુરમાઉં સકલ બિભાતિ,
તુહ્મ બી બિદાકી સૂખડી, ચાહુ સુ દેઉં સમાધિ,
સુગુરૂ જંપઈ સાહિ બગસઉં, જમઈ આધો આધિ.
સુંо ૪૩

દાણુ સબહી છયુડાઈ પ્રમુખ, કરી જગત્ર આશાન,
બટ વિગઈ અભીગ્રહ ગ્રહી, આવઈ છઈ હીરપટભાસન,
શ્રી હીરવિજય સૂરીંદ ચરણે, આવ્યા તેહવા લેખ,
તે સુણી સંતોષ પામ્યા, જગગુરૂ સવિશેષ. સુંо ૪૪
રાતિ દિવસ ચીંતવઇં, હીરવિજય જગત્રયતાત,
ક્યારિં શ્રી આચારજ મિલસઇં, તિમ કહું મનનિ વાત,
ગચ્છ વિશેષઈ ભલાવી, કીજઈં અણુસણુ સાર,
પણિ દુરિ પંથિ કિહાં કિહાંથી આવઈં, જો ન સરયું
કિરતાર. સુંо ૪૫
અનુક્રમઈં આવ્યાં પજૂસણાં, જાંણ્યા સમય વિશેષ,
સંલેખના ઉપવાસ અટ્ઠમટ્ઠમઈં કરઈં વિશેષ,
મોકલઈં કાગલ રાજનગરઈં, તેડવું અવધારિ,
ઉવજઝાય શ્રી કલ્યાણુવિજયનઈં, શાસનિ(નિ)જ સં-
ભારિ. સુંо ૪૬

રાગ મારૂણી દુહા.

ઇણિ અવસરિ દશમી દિંનિં, ભાદ્રવ સુદિ દશમી દિંનિં
જવ આવિં માઝિમ રાતિ, જગવઈ તવ સહુ સાધનઈં.૪૭

બોલાવઈં ગુરૂ હીર, વડવઇરાગી હીર
સૂરહયોરે મુનિવરા, હીરજી જગત્ર વિખ્યાત. ૪૮
વિમલહર્ષ વાચક તથા, વાચક સોમવિજય સુવજીર,
આદિં દેઇ સહૂ સાધનઈં, અહ્મે અણુસણુ લેઉં છું હેવ.૪૯
ભવ ચરિમું પચખી કરી, ચ્યારે આહાર પચખી કરી
તિહાં સાખી જિનવર દેવ, ૫૦
વજ્રઘાત સમસુણિ વચન. વિલંપતો સોમવિજય
તિહાં સીસ,
ઇસું વચન ઇણિ જનમિ કાં, સંભલાવ્યું જગદીસ. ૫૧

ઢાલ.

કોઈ વારો રે (૧) હીરજીનઈં અણુસણુ કરતાં વારો
કોઇ ખ્યાણિરે ભવસમુદ્ર જિહાજ, અણુસણુ કરતાં વારો
રે. ૫૨
હીરવિજય તુઝ વિણુ કઉણુ છઈં, અહ્મ મનિ પ્રાણુ
ધારો રે કાંઈ જિનશાસનઉ આધારો રે,
શીલ સંયમ વાનગી, અહ્મ કુણુ દેખાડણુહારોરે
તુઝ વિણુ કુણુ દેખાડણુહારોરે. ૫૩ કોઈо
તપ સંયમ ગુણુ ગરીબનઈં, કુણુ તુઝ વિણુ તારણુહારોરે
તુહ્મ ચરણે વલગા અહ્મો, તસ કુણુ સમઝાવણુ
હારો રે. ૫૪ કોઈо

સંઘ ચતુરવિધ નયણુડાં, કિમ ઠરસઈં વિણુ પ્રભુચંદોરે
તુઝ વિણુ કુણુ પ્રતિબોધસઈં, સાહ અકબર સરીખો
નરિંદો રે. ૫૫. કોઈо

જીવદયા ગુણુવેલડી, તસુ કુણુ જગિં સીસણુહારો રે
જિજિઆ પ્રમુખ છોડાવવા, જગની તુઝ વિણુ કુણુ
કરઈં સારો રે. ૫૬ કોઇо

દાણુ મહીઅલિ માંડવી, તુઝ વિણુ કુણુ ઉઠાડઈં રે,
તુઝ વિણુ કુણુ નૃપ બૂઝવી, બંદા (દી) લાખનઈં
બંધથી કુણુ કાઢઈં રે. ૫૭ કોઇо
કલિ કાલિં મુગલાઈમાં કુણુ, તુઝ વિણુ ગોવધ વારઈં રે,
શેત્રુંજય ગિરિનારિના દેવ, વિણુ કરિ જગત્ર જૂહારઈં રે
એહવું કહઈં કુણુ સૂરીનઈં વારઈં રે. ૫૮ કોઇо
અકબ્બર શાહઈં જે ઠવ્યઉ, નામ 'જગત્રગુરૂ' માહરોરે,
તે કહી કહઇનઈં બોલાવિઈં રે, તુઝ વિણુ જગદાધારો
રે. ૫૯ કોઈо
આજ જિનશાસન જગિ જગમઈં, તુહ્મથી તે સવિ
સારો રે,
જનમ લગી ચાકરી અહ્મે તે કાંઇ આજ સભારો રે.
૬૦ કોઇо
અહ્મ ગરીબનઈં વિલવિલઈં, જઉ મનિ મહિરમાન
આંણ્યોરે,
તઉ શ્રી વિજયસેન સૂરિંદજી, જવ નાવઈં તિહાં લગઈં
તાંણ્યો રે.
કાંઇ તેહનઈં મનમાંહિં આંણ્યો રે. ૬૧.

રાગ આ(શા)ઉરી સિંધૂઉ, દુહા.

શ્રીગુરૂ જંપઇ મુનિવરા રે, કાં ધરઉ મનિ વિષવાદ,
સાહસનઉ આ સમય છઈ, તુહ્મ શ્રુતજલધિ અગાધ ૬૨
જે અહ્મ સમરાસક ગુણ, રયણાયર મૂખકંદ,
મઈ તુહ્મ થાપી આપીઆ, શ્રી વિજયસેન સુરિંદ. ૬૩
જિણિ જિનશાસન મુઝ છતઈ, ભાસ્યું જિમ દિણુંદ
તેહથી મુઝ ચિંતા નહીં, તુહ્મનઇ પરિ આણુંદ,
ગચ્છનઈ પણિ જિનશાસન આનંદ. ૬૪
પણિ તે મુઝનઈ નવિ મિલ્યા, હવઇ તુહ્મે ધાઉં સૂર,
કાલિ જોયો જે સ્યું હસઈ, મુઝ અણુસણુ થાઈ અસૂર ૬૫
ધન્ય ધન્ય 'જગગુરુ' હીરજી, જિણિ જાણિઉં નિજ
નિર્વાણુ,
પંચમ આરઇ કેવલી, હીરજી ત્રિભુવનભાણુ,
કરઈ અણુસણુ હીરજી જાણુ. ૬૬

ઢાલ.

સુપ્રભાતિ સહૂ સંઘ મિલ્યા, સુણિ રાતિની વાત નઈ
જાણિનિ નિર્ણય વલી નિર્વાણુનઉ એ;
ઇક અચરય બીજું દુખિ ભર્યાં, અતિ ગહભર્યાં હિઅ-
ડઇ (૨) નઈ સુણિ અણુસણુ ચઉવિહારનઉ એ. ૬૭
શ્રી ગુરૂ સંઘ પ્રતિં ભણઈ. સુણો માનવી આણુનઈ (૨)
શાસનપતિ જિન વીરની રે,
મુઝ આણાં જસ વાલહી, તિણિ પાલવી આણુનઈ (૨)
શ્રી આચારયની સહી એ. ૬૮
અંગ પૂજ સહૂ સંઘ કરઈ, સુપ્રભાતિથી માંડીનઈ
માંડીનઈ રૂપ કનક મુદ્રા ઘણી એ,
અઢી પુહુર જિહાં દિન ચઢઈ એ, કોઈ ભાવિક વદ્ધા-
વઈનઈ (૨)
મુક્તાફલિ કરી ગછધણી એ. ૬૯
સુખ સમાધિ નિર્વૃતિ ઘણી, સોવન તણી કાંતિનઈ (૨)
ઝલકઈ અંગ સુહામણું એ,
મંડાણુ સબલ મંડાણુ એ, તિહાં આવઈ રાણોરાણિ એ,
રાયરાણુએ નિરખઈ મુખ હીરનું તણું એ. ૭૦
જિનશ્રી વીર જિનેં, દેશના બઈ દિવસની દીધીનઈ (૨)
જિનશાસનિ હિત મતિ જાણી એ,
તિમ સંખ્યાનું પડિકમણું સહૂ સાંભલઇ
સંઘનઈ (૨) કરાવઈ સ્વયં તપગછધણી એ. ૭૧

જૂઉ તપ તેજ ગુરૂ હીરનૂં, કાંઈ ચઢત લઈ વાંનજી
ધ્યાનઈજી બઇઠા પડિકમણું કરી રે,
ગણઈ નુકાર તે પડવડા પદ્માસન પૂરીનઈ,
પૂરીનઈ ધ્યાન શ્રીમંધિર અનુસરી રે. ૭૨
ભાદ્રવ સુદિ અગ્યારસિં શુભ ગુરૂવાર યોગિજી,
સિદ્ધિ યોગિજી શ્રવણુ નખ્યત્ર સોહામણુઈજી,
રતિ ઘડીઆ પાંચ જાતઈ, નઉકરવાલી પાંચમી (૨)
થાંડતાં 'જગગુરૂ' ઈમ ભણુઈજી. ૭૩

વસ્તુ

હીર જંપઈ હીર જંપઈ અંત્ય ઉપદેશ
રે ગછવાસી મુનિવરા ! સુણુઉ અંત્ય હિતશીખ મોરી,
અહ્મઈ પરભવિ પંથી હવા, તુહ્મે હુયો હવિ ધર્મધોરી,
જિનશાસન દી(પા)વયોરે, સાધયો ઇહ પરલોક,
ઇમ કહી નોકરવાલી પાંચમીઈ, હીર પોહોતા સુરલોક૭૪

ઢાલ

જગનઈ વાહાલો રે હીરજી, હુંઉ જીવતાં જૈનનઉ છત્ર રે
ફલ તે દેખાડીઉં જગત્ર રે. ૭૫ જગ૦
હીરજી નિર્વાણુ જાંણી કરી, આવ્યાં દેવવિમાન રે
મહોચ્છવ કરઈ રે નિર્વાણુના, કલિમાં અચેરા સમાનરે૭૬
વિમાન તે નજરિં દીઠડઉં, સીંગલેસર વાસી ભટ્ટ રે,
સુત(૨) પણિ દેખઈ પરગટ્ટ રે,
વાંણી રે હવી આકાસમાં, તે પણિ સુણિ ઉદભટ્ટ
રે. ૭૭ જગ૦
રાત્રિ વલી અંગજ પૂજીઉ, વ્યાહરી અઢીઅ હજાર રે
માંડવી ઢોઈ ઉદાર રે,
કરી કથીપા પ્રગુખરચું, તિહાં બઇઠી વ્યાહરી એક
હજાર રે. ૭૮ જ૦
માડવી નીપજી જવ રહી, તવ રહી રતિ ઘડી ચ્યાર રે
તવ રે ઘંટાનાટ વાજીઉ, જેહવો ઇંદ્રનઉ સાર રે
સુણિઉ તે વર્ણ અઢારરે, પછઈ વાગાં સાત ઉદારરે.૭૯જ૦
જવ ચિંતામાંહિં પોઢાડિઆ, જિહાં લગઈ દીઠું
કાંઈ અંગ રે,
તિહાં લગઈ પૂજીઆ પૂજ્યજી, રૂપા નાંખ્યઈ મન-
રંગ રે. ૮૦ જ૦
પન્નર મણુ સુકડિ બાલી, અગર તે ત્રિણિ મણુ જાણિરે,
કપૂર તે ત્રીણુ સેર તિહાં મિલિઉ, ચૂઆ સેર પાંચ
પ્રમાણુ રે,

કસ્તુરી બિ સેર આંણિ રે, કેસર ત્રિણ સેર
વખાણિ રે. ૮૧ જ૦
ઇણિ પરિં હીર અંગ સંસ્કરિઉં, જમલિ લ્યાહરી
સાત હજાર રે,
તિણિ વાડી જે ઝર લાઇઆ, તેહજ મોર્યા સહકાર રે,
અદભૂત એ અપાર રે ૮૨ જગ૦
પારખ મેઘઈ કરાવિઉ, થૂભ તિહાં અભિરામ રે,
તિહાં રાત્રિ આવઈ છઈ દેવતા, કરઈ હીરના ગુણગ્રામરે
નાટિક હોઈ છઈ તામ રે, વાજિત્ર વાજઈ તિણિ ઠામિ રે
પ્રસિદ્ધ હવું આખિ ગાંમરે. ૮૩ જ૦
તિહાં ખેત્ર જે વાસો વસઈ, વાણિક નાગર જાતિ રે
તિણિ તિહાં જઈનઈ જોઇઉં, ઉદ્યોત વનમાં ન માત રે
કાનિં સુણઈ ગીત ગાંન રે, વાંજિત્ર દેવતા
વાત રે. ૮૪ જ૦
ઇણિ પરિ હીરજી નિર્વાણના, આવ્યા પાટણ લેખ રે
તે શ્રી આચારયઈ સાંભલી, દુખ કીધઉં સવિશેષ રે
તે વિરહની વાત અલેખિ રે, મુંજિ ચઢઈ તેહ ધ્યાન
હીર પેખી રે. ૮૫ જ૦

રાગ પરવી

હીરજી ગુરુ કહનઇં કહીઇં, વિજયસેન સૂરિંદ બોલઇં
કહું દેવદયાલ રે, હીરજી ગુરુ કહનઇં કહીઇં. ૮૬
દૂર દેસ વિહાર કીધો, કાં જગત્રય તાત રે
વીરની પરિ હીર જાતઇં, કરી સઘલી વાત રે
મુઝ કિઉં ગૌતમ ભાંતિ રે. ૮૭ હી૦
સિદ્ધરસ રસકુંપિકા, કારકા રૂંહતી રસ પારસા,
ધાતુ રૂપનઈં કનક સાધઈં, નહીઅ તું ધાતુ
કનકરસા. ૮૮ હી૦
ગુઢમતિ અતિ મુઢ મતિ જા, જેહ નિપટ અજાન રે,
અયોગ્ય પણિ તે યોગ્ય કીધા, ગુણઈ આપ સમાન રે
સખી હીર અધિકઈ વાનિ રે. ૮૯ હી૦
દુર દેશથી દરિશન રસઇ, કાં કૃપાલ કૃપા ન કીધી,
એકવાર દરિસનઈં. ૯૦ હી૦
સીખ હિત મતિ કઉણ દેસઈ, તુને વિના નિજ શાસનઇ,
જગત્રગુરુ હીરજી તુઝ વિણ, કહુ કુણ સૂરી સનઈં
૯૧ હી.

રાગ મેવાડો ધન્યાસી

શ્રી હીરજી ગુરૂ કિમહિં ન વીસરઈં, જેહનો પરમ
ઉપકારોજી
જિણિ જિનશાસનિ જગત્ર જગવીઉ, ઇમ કહઈ
હીર પટોધરૂજી ૯૨ શ્રી૦
અકબર સાહના રે ધર્મસંદેસઉ કહઉ હવિ
કિહનઈં કહેસ્યુંજી,
હિત આસીસ ને કૃપા નજરિં મિલી, તુઝ વિણ
કુણથી લહેસ્યુંજી. ૯૩ શ્રી૦
નિર્વાણ ઉછવિ આયા દેવતા, જિમ તીર્થંકર વીરોજી,
ગૌતમ જિમ મુઝ વિરહ દેખાડિઉ, તિમ કીધું
ગુરૂ હીરોજી. ૯૪ શ્રી૦
અંત્ય સમય જિહાં મુઝ સંભારિઉ, ધન્ય હીરજી
ગુરુરાજો જી,
પણિ મઈં ચરણ તે નવિ ભેટી શકયાં, એ કાંઈ
મુઝ અંતરાયો જી. ૯૫ શ્રી.
સંઘ સહૂ મિલિ ગુરૂનઈં વીનવઈં, મ કરો હીરનો
વિષવાદોજી,
જિણિ તુહ્મ અહ્મનઈં રે થાપીઆ, હીરનો મહા-
પ્રસાદો જી. ૯૬ શ્રી૦
શોક નિવારો રે સાસન-રાજીઆ, પ્રતિપાલો
સહૂ સંઘોજી,
અતિ આગ્રહ અવધારિ ગછધણી, કરઇં જિન
શાસનઇં રંગોજી.
વિવેકહર્ષ જગ જંગોજી. શ્રી હી૦ ૯૭

રાગ ધન્યાસી ઢાલ

જયઉ જયઉ જગગુરૂપટધરો, શ્રી(હીર)વિજય ગણધારજી
સાહ અકબર દરગાહ (બાર)માં, જિણિ પામ્યો જય
જયકારજી. ૯૮ જયઉ૦
જિહાં લગિં મેરૂ મહીધરો, જિહાં લગિં ગિરવરની રાજીરે
ચિરઉં પ્રતપઉ ગુરૂ ગચ્છધણી, શ્રી વિજયસેન
સૂરીસજી રે. ૯૯ જય૦
હીર પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂ(ર) જી રે
કુમતિ તિમિર દૂરઈં કરઈ, ભવિઅણ સુખ ભરપૂરજી
રે. જય ઉ. ૧૦૦

વીજાપુર વર નયરમાં પાંડવ નયન વરીસ જી રે
હર્ષઆણંદ વિબુધ તણો, સીસ દીઈ આસીસ,
વિવેકહર્ષ કહઈ સીસજી રે. ૧૦૧ જય૦

—ઇતિ શ્રી હીરવિજયસૂરી જગગુરૂ રાસ સંપૂર્ણમ. પંડિતોત્તમ પંડિત શ્રી ૫ શ્રી અમરવિજયગણિ શિષ્ય મુનિ ગુણવિજય લિપિકૃતં શ્રી વિદ્યાપુરે પુરોપકારાય. ૬-૧૫ (મારી પાસે છે).

આ કૃતિ પાંડવ નયન (૫૨) એટલે સં. ૧૬૫૨ માં હીરવિજયસૂરિના સ્વર્ગવાસના વર્ષમાંજ તપગચ્છીય વિવેકહર્ષે વીજાપુરમાં રચી છે અને ત્યાંજ આની પ્રત લખાઈ છે. જુઓ જૈનગૂર્જર કવિઓ ભાગ ૧ લો નં. ૧૭૮ પૃ. ૩૧૧. તેઓ પોતે હર્ષાણંદના શિષ્ય હતા. અને હીરવિજયસૂરિની શિષ્ય પરંપરામાં થયેલા અને તેમના પટ્ટધર વિજયસેનસૂરિની આજ્ઞામાં રહેલા. વિવેકહર્ષ પ્રતાપી હતા. તેમણે કચ્છના રાજા રાવ ભારમલ્લને (ભારમલ્લ પહેલા સં. ૧૬૪૨ થી ૧૬૮૮ આત્મારામ કૃત કચ્છનો ઇતિહાસ) પ્રતિબોધ્યો હતો. તેના સંબંધીની કચ્છની હકીકત કચ્છની મોટી ખાખરના શત્રુંજયવિહાર નામના જૈનમંદિરની અંદરનો એક મોટો શિલાલેખ છે તેમાં આપેલી છે (તે શિલાલેખ પંન્યાસશ્રી હંસવિજયજી કૃત પ્રશ્નોત્તર પુષ્પમાલા નામના પુસ્તકના પૃ. ૧૫૫ માં અને જિનવિજય ૨, નં. ૪૪૬ માં છપાયો છે.)

આ લેખનો સાર શ્રી જિનવિજય આપે છે કે—સં. ૧૬૫૬ માં તપાગચ્છના આચાર્ય વિજયસેન સૂરિની આજ્ઞાથી પં. વિવેકહર્ષગણિએ કચ્છ દેશમાં વિહાર કર્યો અને એક ચાતુર્માસ ભુજ શહેરમાં અને બીજું રાયપુર બંદરમાં કર્યું. તે દરમ્યાન તેમણે તત્કાલીન કચ્છના રાજા ભારમલ્લજીને પોતાની વિદ્વત્તાથી રંજિત કરીને તેની પાસેથી કેટલાક વિશેષ દિવસોમાં જીવહિંસા બંધ કરાવાનો અમારિ પડહ વજડાવ્યો; તથા રાવ ભારમલ્લજીએ ભુજ નગરમાં 'રાયવિહાર' નામે એક સુંદર જૈનમંદિર પણ બંધાવ્યું. ભુજથી વિહાર કરી પં. વિવેકહર્ષ ગણિ કચ્છના જેસલા નામે મંડળ (પ્રાંત)માં ગયા ત્યાં ખાખર ગામના સેંકડો ઓસવાલોને ધર્મોપદેશ આપી શુદ્ધ શ્રાવકના આચાર વગેરે શિખડાવી પૂર્ણ શ્રદ્ધાવાન કર્યાં. તે વખતે ત્યાં સા. વયરસીએ તપાગચ્છના યતિઓને રહેવા માટે એક નવીન ઉપાશ્રય કરાવ્યો, તથા ગૂજરાતમાંથી સલાટોને બોલાવી કેટલીક જિન પ્રતિમાઓ તૈયાર કરાવી. સં. ૧૬૫૭ ના માઘ સુદિ ૧૦ સોમવારના દિવસે પં. વિવેકહર્ષગણિના હાથે તેમની પ્રતિષ્ઠા કરાવી.

આ લેખ પરથી સ્પષ્ટ જણાય છે કે વિજયહર્ષ ઉપાધ્યાયે આઠથી સો સુધી અવધાન કરીને મહારાષ્ટ્ર કોંકણના રાજા બુર્હાનશાહિ, મહારાજશ્રી રામરાજા ખાનખાના તથા નવરંગખાન આદિ અનેક રાજાઓ પાસેથી લીધેલા જીવો માટેના અમારિ પટહ તથા ઘણા કેદીઓના છુટકારા આદિ સુકૃત્યો કર્યાં છે. અલકાપુરમાં મુલા નામના મુનિને વાદમાં જીત્યા, પ્રતિષ્ઠાન (પૈઠણ) પુરમાં યવનોને મોઢે જૈનધર્મની સ્તુતિ કરાવી તથા બ્રાહ્મણ ભટ્ટોને યુક્તિવડે જીત્યા, અને બોરિદપુરમાં દેવજી નામના વાદીને જીત્યો. વળી જૈન ન્યાયથી દક્ષિણના જાલણા નગરમાં દિગંબરાચાર્યને હરાવી કાઢી મૂકાવ્યા, રામરાજાની સભામાં આત્મારામ નામના વાદીને જીત્યો.

આ ઉપાધ્યાયે કચ્છ દેશમાં સં. ૧૬૫૬ ને ૫૭ માં ત્યાંના રાજા ભારમલ્લને (સં. ૧૬૪૨-૧૬૮૮) પ્રતિબોધ્યો ને તેના પરિણામે તેણે લેખ કરી આપી પોતાના દેશમાં જીવહિંસાનો નિષેધ કર્યો કે 'હમેશાં ગાયની બિલકુલ હિંસા થાય નહિ, ઋષિપંચમી સહિત પર્યુષણના આઠ મળી નવે દિવસોમાં, શ્રાદ્ધપક્ષમાં, સર્વ એકાદશીઓ, રવિવારો, અમાવાસ્યાઓના દિનોમાં તથા મહારાજના જન્મદિવસ અને રાજ્યદિને સર્વ જીવોની હિંસા ન થાય.' વળી તે રાજાએ ભુજનગરમાં 'રાજવિહાર' નામનું ઋષભનાથનું જૈન મંદિર કરાવ્યું સં. ૧૬૫૮. ને તપાગચ્છના સંઘને સ્વાધીન કર્યું કે જે હાલ મોજૂદ છે. આ મુનિએ કચ્છના ખાખર ગામમાં ઓશવાલોને પ્રતિબોધી શ્રાવક ક્રિયાઓ સમજાવીને ત્યાં સં. ૧૬૫૭ માં ત્રણ મોટી પ્રતિમાની અંજનશલાકા કરી સં. ૧૬૫૯માં ત્યાં શત્રુંજયાવતાર નામના તૈયાર થયેલા ચૈત્યની પ્રતિષ્ઠા કરી (જિ. ૨ નં. ૪૪૬).

તેમણે (પોતાના ગુરૂભાઇ) પરમાનંદ, મહાનંદ, (પોતાના શિષ્ય) ઉદયહર્ષ સાથે જહાંગીર બાદશાહને વિનતિ કરી કે 'જો સમગ્ર રક્ષણ કરેલા રાજ્યમાં અમારા પવિત્ર બાર દિવસો—ભાદરવા પજુસણના દિવસોમાં હિંસા કરવાની જગ્યાઓમાં કોઇપણ જાતના જીવોની હિંસા કરવામાં નહિ આવે, તો અમને માન મળવાનું કારણ થશે. અને ઘણા જીવો આપના ઉંચા અને પવિત્ર હુકમથી બચી જશે. તેમ તેનો સારો બદલો આપના પવિત્ર-શ્રેષ્ઠ અને મુબારક રાજ્યને મળશે'—આથી બાદશાહે ફરમાન આપ્યું કેઃ—મજકૂર બાર દિવસોમાં દરવર્ષે હિંસા કરવાની જગ્યાઓમાં તમામ રક્ષણ કરેલા રાજયની અંદર પ્રાણીઓને મારવામાં આવે નહિ.' (જુઓ સૂરીશ્વર અને સમ્રાટ્માં પરિશિષ્ટ ग) વળી તેમણે પરબ્રહ્મ પ્રકાશ નામનો ગ્રંથ ભાષામાં પદ્યમય બનાવ્યો છે.

આ કૃતિમાં મુખ્યત્વે છેલ્લું ચોમાસું ઊનામાં હીરવિજયસૂરિએ કર્યું તેનું વર્ણન છે. પાટણથી અમદાવાદ પધાર્યા ત્યારે શાહજાદો મુરાદ ત્યાં સૂબો હતો. (અકબરે પોતાના શાહજાદા સુલતાન મુરાદબક્ષને આઠમો સૂબો સન ૧૫૯૨ થી ૧૬૦૦ સુધીમાં નીમ્યો ને તેના દિવાન તરીકે મહમદ સાદિકખાનને નીમ્યો. જુઓ બોમ્બે ગેઝેટિઅર વૉ. ૧ ભાગ ૧ પૃ. ૨૭૨) તે મુરાદે પાગે પડી હીરસૂરિની દુઆ માંગી. ત્યાંથી શત્રુંજયની યાત્રા કરવા પ્રયાણ કર્યું. પાલીતાણા પહોંચ્યા (સં. ૧૬૫૦ માં) ચૈત્રિ પુનમે મોટી યાત્રા કરી. તે વખતે પાટણ, અમદાવાદ, ખંભાત, માલવ, લાહોર, મરૂમંડલ (મારવાડ), દીવ, સુરત, ભરૂચ, વીજાપુર, દક્ષિણ કાનડાના સંઘો આવ્યા. તે તે સંઘના સંઘવીઓએ ઘણું ખર્ચ કર્યું, ખંભાતના સંઘે ચોમાસું ખંભાતમાં કરવાની વિનતી કરી પણ પૂજ્યે જણાવ્યું કે આતમસાધન પાલીતાણામાંજ રહી કરશું ને સાથે તીર્થસેવા બનશે. દીવના સંઘે આગ્રહપૂર્વક જણાવ્યું કે ગુજરાતમાં આપ બહુ રહ્યા પણ આ મરૂભૂમિમાં આપની અમૃતવેલિ દુષ્પ્રાપ્ય છે. આગ્રહને વશ થઇ જતાં ઊનામાં આવ્યા ને ત્યાં ચોમાસું કર્યું (નિર્ધારિત થયું)

(પહેલાં દાઠા—મહુવા વગેરે થઇને દેલવાડા અને ત્યાંથી અજારા પાર્શ્વનાથને વંદી પછી) દીવ જઇ ઉપદેશ આપ્યો. ત્યાંના વેપારીઓ સમુદ્રના સફરી હતા. જેમનાં વહાણો પાછાં ફરવાનો સંદેહ હતો તેમનાં પાછાં ફર્યાં આથી આનંદ થયો. આગેવાનોમાં પારેખ મેઘજી હતો કે જેને લાડકી બાઈ નામની સુશીલ પત્ની હતી. ત્યાં પ્રતિષ્ઠા હીરસૂરિએ કરી ને તેમાં મેઘજી પારેખે લાખ દ્રવ્ય ખર્ચ્યું.

આ વખતે મકકે હજ કરી આજમખાન પાછો ફરતાં ઊનામાં આવી આચાર્યને નમ્યો અને હજાર મહોર આગળ ધરી. ગુરૂ પોતે નિષ્કંચન છે એમ જણાવી તે દ્રવ્યનો અસ્વીકાર કર્યો. જામનગરના જામસાહેબ સાથે (વજીર) અબજી ભણશાલીએ (ના. ૨. નં. ૧૭૮૨) સૂરિની અંગપૂજા અઢારસેં મહોરથી કરી, ત્યાંનો ખાન મહમદખાન હિંસક હતો તેની પાસે હિંસા છોડાવી ને તેણે લાડકીબાઇને પોતાની બહેન કરી. પછી ગૂજરાતમાં પધારવાની વિનતિ થઈ. આચાર્યે ઊનામાં વૈશાખમાં પ્રતિષ્ઠા કરી. આચાર્યની ચાલવાની અશક્તિ થઇ તેથી પાલખીથી વિહાર કરવાની વિનતિ થતાં ગુરૂપરંપરાથી તેવી રીતે વિહાર કરવો એ ખરી રીતિ નથી તેથી ઊનામાંજ ચાતુર્માસ કર્યું.

તબીયત બરાબર નહોતી તેથી લાહોરમાં વિજયસેનસૂરિને લેખ લખી માણસ મોકલ્યો કે અકબરશાહની સંમતિ લઈ દેખત કાગળે ચાલી નિકળજો. વિજયસેન સૂરિએ અકબરશાહની રજા માંગી ને જણાવ્યું કે આચાર્યની તબીયત બરાબર નથી એટલે શાહે દિલગીર થઈ આચાર્યની ખેરાત માટે વળી એક માસની અમારિનું ફરમાન વિદાયની સુખડી તરીકે તેમને આપ્યું. તે વિજયસેનસૂરિ દાણ છોડાવી ષટ્ વિગયના ત્યાગપૂર્વક અભિગ્રહ લઈ હીરસૂરિને મળવા એકદમ ચાલ્યા. એવામાં પજુસણ આવ્યાં એટલે હીરસૂરિએ રાજનગરથી કલ્યાણવિજય ઉપાધ્યાયને બોલાવ્યા.

ઊનામાં ભાદ્રપદ સુદિ દશમીને દિને મધ્ય રાત્રે હીરવિજયસૂરિએ વિમલહર્ષ અને વજીર સોમવિજય વાચકને બોલાવી પોતે અનશન લે છે એમ જણાવ્યું. વિજયસેનસૂરિ આવે ત્યાંસુધી ખેંચી પછી અનશન લ્યો તો સારૂં એમ તે મુનિઓએ કહ્યું એટલે સૂરિએ જણાવ્યું છે કે તે વિજયસેનસૂરિને ગચ્છનાયક તરીકે મેં સ્થાપ્યા છે તેથી તેઓ આવે નહિ તો ચિંતા નથી. પોતે ચારે જાતના આહાર વિહારને તજી અ-

ણુસણુ કરી પછી દેહ તજી દીધો. ભાદવા શુદ ૧૧ ગુરૂવાર સિદ્ધિયોગ શ્રવણ નક્ષત્રે.

જૈનનો છત્રપતિ ગયો. દેવવિમાન આવ્યાં ને મહોત્સવ થયો. સિંઅલેસરના એક વિપ્રે તે વિમાન નજરે દીઠું. અંગની પૂજા કરી અઢી હજાર લાહરી ખર્ચી. શબને માટે માંડવી કથીપાના વસ્ત્રની કરાવી ને તેમાં એક હજાર લ્યાહરી બેઠી. તે તૈયાર થઈ એટલે ચાર ઘડી રાત રહેતાં ગેબી ઘંટાનાદ થયો તે બધાએ સાંભળ્યો. અગ્નિસંસ્કાર કર્યો પહેલાં ચિતા પર શરીરને મૂકતાં દેખાતા દરેક અંગની પૂજા રૂપા નાણે લોકોએ કરી. અગ્નિ સંસ્કાર વખતે ૧૫ મણ સુખડી, ૩ મણ અગર, ૩ શેર કપૂર, ૫ શેર ચૂઓ, ૨ શેર કસ્તુરિ, ને ત્રણ શેર કેશર વાપરવામાં આવ્યાં. અગ્નિસંસ્કારમાં કુલ સાત હજાર લ્યાહરી ખર્ચ થયું. જે વાડીમાં સંસ્કાર થયો ત્યાં આંબાને મોર આવ્યા. પારેખ મેઘજી (ઉક્ત દીવવાસી)એ ત્યાં સ્તૂપ કરાવ્યો. રાત્રે દેવતા આવી હીરજીના ગુણગાનને આનંદનાં નાટક કરતા એમ લોકોમાં પ્રસિદ્ધ થયું.

ત્યાં વસતા નાગર વાણીઆએ કાને દેવવાજિત્ર સાંભળ્યા હતા.

હીરવિજયજીના સ્વર્ગવાસના ખબર લેખ દ્વારા પાટણ મળ્યા. વિજયસેનસૂરિને દુઃખ થયું ને શોક કર્યો. તેમને બધા છેવટે વિનતિ કરવા લાગ્યા કે,

'શોક નિવારો રે શાસનરાજીઆ, પ્રતિપાલો સહૂ સંઘ
અતિ આગ્રહ અવધારિ ગચ્છધણી,કરો જિનશાસને રંગ.'

કર્ત્તાના ગુરૂ હર્ષાણંદ તે આણંદવિમલ સૂરિના શિષ્ય ઋષિ શ્રીપતિના શિષ્ય હતા, અને કર્ત્તાની શિષ્ય પરંપરામાં તેના જયાનંદ ગણિ, તેના ગજાનંદ ગણિ, તેના રૂપાનંદ ગણિ ને તેના પ્રેમાનંદ ગણિ થયા કારણકે કલ્પસૂત્ર પરના બાળાવબોધની એક પ્રત ખેડામાં જોઇ હતી તેમાં લેખકપ્રશસ્તિ એ છે કે આણંદવિમલ સૂરિ-ઋષિ શ્રીપતિ-હર્ષાનંદ ગણિ-મહા ઉપાધ્યાય વિવેકહર્ષ-જયાનંદ ગણિ-ગજાનંદ ગણિ-રૂપાનંદ ગણિ-પ્રેમાનંદગણિ વાચનાર્થં.

વળી આ વિવેકહર્ષનો સં. ૧૬૬૭નો પ્રતિમાલેખ નીચે પ્રમાણે ઉપલબ્ધ છેઃ—

"સં. ૧૬૬૭ વ૦ ઉ૦ જ્ઞા૦ જડિયા ગો. સં૦ હોલા પુત્ર સં. પૂરણમલ્લ પુત્ર સં. ભૂપતિના શ્રી વિમલનાથ બિંબં **મહોપાધ્યાય શ્રી વિવેકહર્ષ** ગણ્યુપદેશાત્ કા૦ પ્ર૦ તપા ગચ્છેંદ્ર ભ૦ શ્રી વિજયસેન સૂરિભિઃ" (ના૦ ૧, નં. ૧૨૦)

જૈનધાતુપ્રતિમાલેખ સંગ્રહ

(૧-૩) માર્ચ ૧૯૩૦માં પાટણમાં વડોદરા રાજ્ય પાંચમી પુસ્તકાલય પરિષદમાં ભાગ લેવા તેમજ ત્યાં સાગરગચ્છના ઉપાશ્રયે વિરાજતા પૂજ્ય પ્ર૦ શ્રીમન્ કાન્તિવિજય અને મુનિશ્રી જશવિજય કે જેમની પાસે ગુર્જર સાહિત્યના હસ્તલેખોની પ્રતિઓ પુષ્કળ છે તેમનો લાભ લેવા ગયો હતો ત્યારે મણિયાતી પાડામાંજ શેઠ ખૂબચંદ હીરાચંદને ત્યાં ઉતર્યો હતો. તે પાડામાંના મંદિરમાં તથા નગરશેઠના ગૃહ દેરાસરમાં પૂજા કરવા જતાં તે તે મંદિરની પ્રતિમાઓના લેખો ખાસ મહેનત કરી અવકાશ લઇ ઉતારી લીધા હતા. નગરશેઠના મંદિરમાં સહસકૂટ પિત્તલમય પ્રતિમાના લેખ લેવામાં મારા મિત્ર પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીએ મદદ કરી હતી. વળી સાક્ષર મુનિ શ્રી પુણ્યવિજય અને તથા પંડિતજીને પંચાસરા પાર્શ્વનાથ મંદિરમાં વનરાજની મૂર્ત્તિ નીચેનો લેખ પુનઃ ઉકેલવા લઇ ગયા હતા ત્યારે તે મંદિરમાંના બીજા કેટલાક લેખ મેં ઉતારી લીધા તે અત્ર આપેલ છે. વનરાજની મૂર્ત્તિ નીચેનો લેખ જેટલો સૌની મહેનતથી ઉકેલાયો તે મેં સંસ્કૃત ચંદ્રપ્રભચરિતની મારી પ્રસ્તાવનામાં આપ્યો છે એટલે અત્ર મૂક્યો નથી. પાટણમાંના

કેટલાક લેખો સ્વ. બુદ્ધિસાગરસૂરિ પ્રયોજિત જૈન પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧લામાં પૃ. ૩૯ થી ૬૬માં અપાયા છે, પણ તે સિવાયના એટલા બધા-પુષ્કળ લેખો અપ્રકટ રહ્યા છે કે તેનો સંગ્રહ કરવાની અતિ આવશ્યકતા છે. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી મુનિશ્રીઓ યા વિદ્વાનોદ્વારા આ બધી સામગ્રી એકત્રિત કરાવી પ્રકટ કરવાના પ્રયત્ન સેવે તો ઇષ્ટ થશે.

(૪) કાઠિયાવાડમાં કાઠીના જેતપુરના (૫) થાન-લખતર તાબેના (૬) ગોંડલના-દેરાસરોમાંના લેખો ત્યાં ત્યાં જવાનું થતાં ઉતારી લીધા તે અત્ર મુકયા છે.

તંત્રી.

(૧) પાટણ-મણિયાતી પાડાના દેહરાસરમાં.

૧ સં. ૧૪૬૯ વર્ષે **ઊકેશ** જ્ઞાતીય સં. આલ્હણસી ભા૦ (શૂં) ગારદે પુત્રાભયસિંહ ભાર્યયા શ્રે૦ તિકુણા ધરણ પુત્ર્યા લલિતાદેવ્યા સ્વપતિશ્રેયોર્થં શ્રી **મુનિસુવ્રત ચતુર્વિંશતિ** પટ્ટકઃ કારિતઃ પ્રતિષ્ઠિનશ્ચ (ષ્ઠિતશ્ચ) શ્રી **ગુણરત્નસૂરિભિઃ**

૨ ૧૪૮૩ વર્ષે ફા૦ શુ૦ **મોઢ** જ્ઞાતીય શ્રે૦ વીરપાલ ભા૦ સુહગલ સુતા શ્રા૦ રતનૂ નામ્ન્યા સ્વશ્રેયસે સ્વપતિ શ્રે૦ હીરા શ્રેયસે ચ શ્રી કુંથુનાથ બિંબં કારિતં પ્ર૦ શ્રી સૂરિભિઃ શ્રી **જ્ઞાનકલસ સૂરિ** ॥

૩ સં. ૧૪૯૧ આ૦ વ૦ ૭ શ્રી **શ્રીમાલ** વંશે **વડલી** વાસ્તવ્ય સ૦ સાંડા ભા૦ કામલદે સુત સં૦ ડાલ્હાકેન ભા૦ માકૂ સુત માંઇઆ ભૂચર પ્રમુખ કુટુંબ સહિતેન શ્રી ધર્મનાથ બિંબં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **સોમસુંદર** સૂરિભિઃ ॥

૪ સં. ૧૫૦૭ વર્ષે ફાલ્ગુ શુ. ૪ **મૂંજિગ** પુરવાસિ **શ્રીમાલ** જ્ઞાતિ મં૦ જેસા ભા૦ જાસલદે પુત્ર મં૦ પર્વત ભા૦ ભલી સુત રત્નાકેન ભા૦ જાસૂપુત્ર માંકા લઘુ ભ્રાતૃ ઘૂસાદિ કુટુંબયુતેન સ્વ પિતામહ શ્રેયસે શ્રી કુંથુનાથ મૂલનાયકાલંકૃતશ્ચતુર્વિંશતિ પટ્ટઃ કારિતઃ પ્રતિષ્ઠિતઃ **શ્રીસૂરિભિઃ**।

૫ સં. ૧૫૧૮ વર્ષે વૈશાખ સુદિ ૩ વાર શનૌ શ્રી **પત્તન** વાસ્તવ્ય શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય સા ક૦ રત્ના ભાર્યા મૂંજી સુત સા૦ વસ્તા ભા૦ ફદકૂ સુત રીડા યુતેન સુભાર્યા ફદક શ્રેયસે શ્રી **શીતલનાથ** બિંબં કારિત પ્રતિ૦ શ્રી **મલધારિ ગચ્છે** શ્રી **ગુણસુંદર** સૂરિભિઃ ॥ શ્રી.

૬ સંવત્ ૧૫૩૧ વર્ષે વૈશાખ શુદિ શ્રે૦ ઠાકુરસી ભા૦ ટબૂ પુત્ર હીરાકેન ભા૦ માણિકદે લઘુ ભ્રાતૃ ધીરા ભા૦ લખી પુત્ર લાલાદિ યુતેન શ્રી **શાંતિનાથ** બિંબં કારિતં પ્રતિષ્ઠિતં **તપાશ્રી લક્ષ્મીસાગર સૂરિભિઃ મહીજ** ગ્રામે ।

૭ સંવત્ ૧૫૪૪ વર્ષે વૈશાખ શુદિ ૩ સોમે । શ્રી **ઉએસ** વંશે ॥ વ્ય૦ દેવા ભાર્યા સખી પુત્ર સોની આણંદ સુશ્રાવકેણ ભા૦ અમરાદે ભ્રાતૃ આના અર્જન ભ્રાતૃવ્ય વસ્તા જગપાલ સહિતેન માતુઃ પુણ્યાર્થે **પીપલગચ્છે** શ્રી **રત્નાસાગર** સરિભિઃ શ્રી **વાસુપૂજ્ય** બિંબં પ્રતિષ્ઠિતં ।

૮ સં. ૧૫૫૫ વર્ષે ફાગુણ શુદિ ૨ સોમે **પ્રાગ્વાટ** જ્ઞાતીય સં.-હરાજ ભા૦ જીવિણિ પુ૦ સં. કરપાલેન ભા૦ કપૂરાઇ પુત્ર શ્રીરંગ શ્રીવછ શ્રીપતિ પ્રમુખ કુટુંબ યુતન શ્રેયોર્થે શ્રી**નમિનાથ** બિંબં કારિતં પ્રતિષ્ઠિતં **વૃદ્ધ તપાપક્ષે** ભટ્ટા. શ્રી **ઉદયસાગર** સૂરિભિઃ ॥

૯ સં. ૧૫૭૯ વર્ષે માગશર શુ. ૧૦ શુક્રે **શ્રીમાલ** જ્ઞાતીય **વિદ્યાપુરીય** ગાંધિક સ૦ હોદા ભા૦ લાડિકિ પુત્ર્યા સા૦ સહસકિરણ ભાર્યયા માકુ નામ્ન્યા સ્વપુણ્યાર્થે શ્રી શ્રી **શીતલનાથ** બિંબં કારિતં પ્ર૦ શ્રી **પૂર્ણિમાપક્ષે ભીમપલ્લીય** ભ૦ શ્રી **મુનિચંદ્ર સૂરીણા**મુપદેશેન **પાત્ર** વાસ્તવ્ય.

૧૦ સંવત્ ૧૬૦૦ વર્ષે વૈશા૦ વદિ ૧૦ શુક્રે શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય દોસી કુઝા ભાર્યા ટલિકૂ સુત **દોસી** ધના ભાર્યા અપરાદે સુત શવા । **લક્ષ્મીદાસ** । મંગા **કર્મદાસ** ॥ દોસી લક્ષ્મીદાસ ભાર્યા જીબાઇ સ્વ આત્મ કુટુંબ શ્રેયોર્થે શ્રી **સંભવનાથા** દિચતુર્વિંશતિ પટ્ટઃ કારાપિત । શ્રી **પૂર્ણિમાપક્ષે પ્રધાનશાખાયાં** શ્રી **કમલપ્રભસૂરિ** પટ્ટે શ્રી **પુણ્યપ્રભસૂરિ** પ્રતિષ્ઠિતં વિધિના **પત્તન** વાસ્તવ્ય **મણિહટી પાટકે** શ્રે.

(૨) પાટણ-પંચાસરા પાર્શ્વનાથના મંદિરમાં પાષાણ મૂર્તિઓ. (૧૯-૩-૩૦)

૧ સં. ૧૬૬૨ વર્ષે વૈશાખ શુદ ૧૫ સોમે **પત્તન** વાસ્તવ્ય વૃદ્ધ શાખીય **પ્રાગ્વાટ** જ્ઞાતીય દો. **શંકર** ભા૦ વાહલી નામ્ન્યા સુત દો૦ કુઅરજી ભ્રાતૃવ્ય દો૦ શ્રીવંત ભા૦ અજાઇ સુત દો૦ લાલજી પુત્ર રતનજી પ્રમુખ યુતયા સ્વશ્રેયોર્થમ્ **બૃહસ્તપા** ગચ્છેશ શીલાદિગુણધારક ભ૦ **હેમવિમલ** સૂરિપટ્ટભૂષણ ભ૦ શ્રી **આણંદવિમલસૂરિ** પટ્ટે પ્રભાવક શ્રી **વિજયદાન** સૂરિ પટ્ટાલંકારાણાં સ્વદવી રંજિત શ્રી **અકબ્બર** પાતિસાહ વિહિત સર્વ્વ જીવાભયદાનપ્રવર્ત્તન શ્રીશત્રુંજયાદિકરમોચનાદિ વિહિતયશસાં લુંપાકમતેશ ઋ૦ મેઘજી નામ્ના દત્તદીક્ષાણાં ભટ્ટારકા શ્રી **હીરવિજય** સૂરીણાં મૂર્ત્તિઃ કા. પ્ર૦ ચ તત્પટ્ટાલંકારકારિભિઃ પાતિસાહ શ્રી **અકબ્બર**સભાલબ્ધજયવાદમનોહારિભિઃ ગોવૃષભમહિષીમહિષવધમૃતધનાદાન બંદ ગ્રહણ નિવારક ફુરમાન ધારિભિઃ ભટ્ટારકશ્રી ૬ શ્રી**વિજયસેન** સૂરિભિઃ

મહોપાધ્યાયશ્રી સોમવિજયગણિપરિવૃત્તૈઃ **પત્ત**નાદિ મહં અબજી પ્રમુખ સકલ સંઘેન વંદ્યમાના ચ નંદતાત્ ।

૨ ૯૦ સંવત્ ૧૬૬૪ વર્ષે ફાલ્ગુન શુદ ૮ શનૌ **પત્તન** વાસ્તવ્ય વૃદ્ધ શાખીય **પ્રાગ્વાટ** જ્ઞાતીય દોસી **શંકર** ભા. વાહલી નામ્ન્યા ભ્રાતૃવ્ય દો૦ શ્રીવંત ભા૦ **અજાઇ** સુત લાલજી સુ. રતનજી પ્રમુખ કુટુંબ યુતયા સ્વ શ્રેયોર્થે **તપાગચ્છાધિરાજ** શ્રી **હીરવિજય** સૂરીશ્વર પટ્ટ પ્રભાવક ભટ્ટારક શ્રી શ્રી શ્રી **વિજયસેનસૂરિ** પટ્ટ પૂર્વાચલ સહસ્રકરાનુકારિ શીલાદિગુણગણાલંકૃતગાત્ર ભટ્ટારકપુરંદર સંપ્રતિ વિજયમાન યુવરાજપદ ધારકાચાર્ય શ્રી ૫ શ્રી **વિજયદેવ** સૂરીશ્વરાણાં મૂર્તિઃ કારિતા પ્રતિષ્ઠાપિતા ચ ગીતાર્થૈઃ ।

મં. અબજી પ્રમુખ સંઘ ભટ્ટારકેણ વંદ્યમાના ચિરંજીયાદિતિ ભદ્રં

એટલે આજ વર્ષમાં સાથે સાથે હીરવિજય સૂરિ, વિ[illegible]દેવસૂરિની મૂર્તિ એકજ જણે કરા[illegible]માન છે.

(૩) પાટણ-નગરશેઠનું ઘર દેહરાસર-મણિયાતી પાડો તા. ૧૯-૩-૩૦

૧ સં. ૧૫૦૭ વર્ષે જ્યેષ્ટ સુ. ૧૦ સોમે **પત્તન** વાસ્તવ્ય શ્રી **ઉસવાલ** જ્ઞાતીય સુરૈ૦ શિવા ભા૦ સિંગારદે સુત સા૦ જયસિંહ ભાતૃ સા. ડાહા ભા૦ મરગદિ નામ્ન્યા પિતૃ સાહ લીંબા ભાર્યા માનૂ સુતયા નિજભર્તૃ સા૦ ડાહા શ્રેયસે **શ્રેયાંસનાથ ચતુર્વિંશતિપટ્ટ** કારિતઃ પ્રતિષ્ઠિતઃ શ્રી **પલ્લીવાલ** ગચ્છે શ્રી **યશોદેવ** સૂરિભિઃ

૨ સંવત ૧૫૧૫ વર્ષે ફા૦ વ. ૨ સોમે શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય ૫૦ સીવા ભા૦ અધૂ સુ૦ પાસાકેન ભા૦ સાહાસિણિ સુ. દેવાદિ કુટુંબ યુતેન સ્વમાતૃ જીવિતસ્વામિ શ્રી **સંભવનાથ** બિંબં શ્રી **પૂર્ણિમા** પક્ષે સદ્ગુરૂણામુપદેશેન પ્ર૦ વિધિના શ્રી **પત્તને**

૩ સંવત્ ૧૫૩૨ વર્ષે ચૈત્ર વદિ ૨ ગુરૂ **ઉસિવાલ** જ્ઞાતૌ તાતહડ ગોત્રે સા૦ સાજણ ભા૦ લછિ પુત્ર સા૦ સવા ભા૦ રઇયાહી પુ૦ સા૦ શ્રીવંતેન સા૦ ગજર સા૦ કર્મ્મા ભ્રાતૃયુતેન શ્રી **શાંત્તિનાથ** બિંબં કારિતં પ્રતિષ્ઠિતં શ્રી **ઉપકેશ** ગચ્છ કુકુદાચાર્ય સંતાન શ્રી **દેવગુપ્ત** સૂરિભિઃ શ્રીઃ

૪ સંવત ૧૬૨૪ વર્ષે ફાગણ શુદિ રવૌ શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય શ્રેષ્ટિ ગોધા ભાર્યા બાહીરાઇ પુત્ર શ્રેષ્ટિ રતના ભાર્યા બાદકી બાઇ પુત્ર શ્રેષ્ટિ રાયમલ ભાર્યા બા. મગાઇ શ્રેષ્ઠિ રાયમલકેન પિત્ર્ય શ્રેયોર્થં શ્રી **શ્રેયાંસનાથ** બિંબ કારિતં **તપા** ગચ્છ શ્રી **હીરવિજયસૂરિભિઃ** પ્રતિષ્ઠિતઃ **પત્તન** વાસ્તવ્ય ।

૫ સહસ્રકુટ પ્રતિમાઓ જેના પર રહે છે તેની નીચે લેખ છે કેઃ—

સંવત્ ૧૭૭૪ વર્ષે જયેષ્ઠ સુદિ ૮ સોમે । **પત્તન** મધ્યે । શ્રી **શ્રીમાલી** જ્ઞાતીય વૃદ્ધિ સાખાયાં દો । શ્રી વીરા સુત । દોસી । શ્રીશિવજીસુત । દો. । શ્રી મેઘજી ભાર્યા સહિત વહૂ સુત । દો । શ્રી જયતસી ભાર્યા રામ વહૂ સુત । દોસી શ્રી તેજસી ભાર્યા દેવબાઇ સુના પૂજી । સુત ગુલાબ । દ્વિ૦ ભાર્યા રાધા વહૂ સુતા લ । હર્ષી । મલુકચંદ પ્રમુખ સપરિવાર યુતઃ દો । શ્રી

તેજસીકેન સુખશ્રેયોર્થં । શ્રી **પાર્શ્વનાથાદિ બિંબ સહસ્ર** પિત્તલમય કોષ્ટઃ કારિતઃ **પૂર્ણિમા** પક્ષે । ભ. । શ્રી **ભાવપ્રભસૂરિભિઃ** પ્રતિષ્ઠિતઃ ॥ શ્રી મહિમાપ્રભ સૂરિસૂ તત્પદ્દે । ભ । શ્રી **ભાવપ્રભ સૂરીણામુપદેશાત્** કૃતમહોત્સવેન પ્રતિષ્ઠપિતં શ્રી **ઢંઢેરપાટક** સંબંધિના ॥

પક-નીચેનો લેખ કિનારી પરનો છેઃ–સં. ૧૭૭૪ જયે. । સુ. ૮ દો૦ શ્રી તેજસી ભાર્યા દેવ વહૂ સુતા પૂજી સુત ગુલાબ । દ્વિ૦ ભાર્યા રાધા સુતા લ. હીરકી સુત મલુક પ્રમુખ સપરિવાર-યુતેન શ્રી તેજસીકેન સુખ શ્રેયોર્થે શ્રી **પાર્શ્વ-નાથાદિ બિબં સહસ્ર** પિત્તલમય કોષ્ટઃ કારિત; શ્રી **પૂર્ણિમા** પક્ષે । ભ । શ્રી મહિમાપ્રભ સૂરિસૂ તત્પટ્ટે । ભ । **ભાવપ્રભ** સૂરિણામુપદેશાત્ કૃતમહો-ત્સવેન પ્રતિષ્ઠાપિતં શ્રી **ઢંઢેરપાટક** સંબંધિના ।

૬ સં. ૧૭૭૪ જયેઠ૦ સુ. ૮ દો૦ આણુંદજી ભાર્યા રતન વહૂ કારિત । શ્રી **વાસૂપૂજ્ય** બિંબં પ્ર૦

૪ જેતપુર–કાઠીનું–કાઠિયાવાડના દેહરાસરમાં
(તા. ૧૯–૪–૧૯૩૦)

૧ સં. ૧૫૧૬ વર્ષે વૈશાખ વદિ ૧૧ શુક્રે શ્રી **શ્રીમાલ** જ્ઞાતીય શ્રે૦ કેહલા સુ૦ શ્રે૦ હરીઆ ભા૦ રત્નૂ સુ૦ સાલિગેન ભા૦ આસૂ યુતેન । માતૃપિતૃ શ્રેયસે શ્રી **કુંથુનાથ** બિંબં કારિતં (વ) બ્રહ્માણ ગચ્છે પ્રતિષ્ઠિતં શ્રી **વિમલ** સૂરિભિઃ ॥ શ્રીઃ ॥ **જયતપુરે** ॥

૨ સંવત્ ૧૫૩૩ માઘ વદિ ૧૦ ગુરૌ શ્રી **કોરંટ** ગચ્છે શ્રી નન્નાચાર્ય સંતાને શ્રી **ઉસવંશે** વૃદ્ધ શાખીય શ્રેષ્ટિ નરીઆ ભા૦ નામલદે પુત્ર બીલ્હા ભાર્યા વની પુત્ર સાહ મૂંધા પસવીરા-ભ્યાં ભાતૃ વીરપાલ નિમિત્ત શ્રી **સુમતિનાથ** બિંબં કારિતં શ્રી કક્કસુરિ પટ્ટે શ્રી **સાવદેવ** સૂરિભિઃ પ્રતિષ્ઠિતં **અહમદાવાદ** નગરે ॥શ્રી॥

૩ સંવત ૧૬( )૨ વરષે **શાંતિનાથ વિજયસન** પ્રતિષ્ઠિતં.

૫ સરધારના દેરાસરમાં (૨૧–૫–૩૦)

૧ સંવત ૧૬૩૨ વર્ષે દ્વિતીય જ્યેષ્ટ શુદિ ચતુર્થ્યાં તિથૌ ગુરૂવારે **મવાનપુરે** શ્રે૦ રાણા ભાર્યા રમાદે સુત શ્રે૦ રાજપાલેન એ કુટુંબયુતેન શ્રી **સુત(મ)તિનાથ** બિંબં પ્રતિષ્ઠાપિતં પ્રતિષ્ઠિતં ચ શ્રી **તપાગચ્છે** । શ્રી **હીરવિજય સૂરિભિઃ** શુભં ભવતુ

૨. સં. ૧૮૨૬ વર્ષે વૈસખ વદિ ૨ શુક્રે **ઉસવાલ** જ્ઞાતીય શા શ્રી ૫ માધુ તત્ ભાર્યા બાઇ લાસુ ૨ સિદ્ધચક્રં કારાપિતં શ્રી **વિજયધર્મ** સૂરિભી પ્રતિષ્ઠીત શ્રી **તપાગચ્છે**

૩ ॥૯૦॥ સંવત **૧૯૨૧**ના વરષે શાકે ૧૭૮૬ પ્રવર્ત્તમાને માગ માસે શુકલપક્ષે સપ્તમી તિથૌ શ્રી ગુરૂવાશરે શ્રી **અંચલગચ્છે** પૂજ્ય ભટારક શ્રી **રત્નસાગર** સૂરીશ્વરાણામુપદેશાત્ શ્રી **કચ્છદેશ** । શ્રી **શાથાંણનગર** વાસ્તવ્ય **ઉસવંશે** લઘુ શાખીય શ્રી લોડાદયા ગોત્રે । સા તેજસી હીરજી તદ્ ભાર્યા સારબાઇ । તત્પૂત્ર સા । માંડણ તન્નામના જિનબિંબ શ્રી **મુનિસુવ્રત** સ્વામીજી (કારા) પીતંઃ ॥

ત્રણ પાષાણ પ્રતિમા છે. મૂળનાયકની પર નીચેનો લેખ છે.

૪ શ્રી **૧૯૨૨** મા શુદ ૭ ગુરૂવારે શ્રી **સરધાર**ના સંઘ સમસત શ્રી **આદિનાથ** બિંબં ભરાપિતં શ્રી **સિદ્ધખેત્રે.**

૫ શ્રી ૧૯૨૧ શ ૧૭૮૬ પ્ર. માઘ શુદ ૭ ગુરૂ-વાશરે શાશ્રી આણંદજી કલ્યાણજી શ્રી **સિદ્ધ-ક્ષેત્રે** શ્રી **શાંતિજીન** બિંબ સર્વ સૂરિ પ્રતિ। (પ્ર૦=પ્રવર્ત્તમાને) બીજામાં એજ પ્રમાણે

આરસની ભીંતમાં તખતી.

૬ આ શ્રી ઋષભદેવ સ્વામીનું જિનાલય તથા તેની પાસેની ધર્મશાળા શ્રી જૈનધર્મો મૂર્ત્તિપૂ-જક શ્રાવકોના ઉપયોગ વાસ્તે, શ્રી જામનગરના વતની જ્ઞાતે વીશા ઓસવાળ શ્રાવકો શા. લીલાધર કલ્યાણજી તથા વોરા અજરામર હરજી એઓએ રાજકોટ જીલ્લાના ગામ શ્રી સરધાર મધ્યે પ્રતિષ્ઠા મુહૂર્ત સંવત ૧૯૩૭ ના ફાગણ શુદ ૭ સોમવારે કર્યું છે.

(૬) થાન (લખતર તાબે) ના દેહરાસરમાં. (૧૩–૫–૩૦)

૧ ઍં સ્વસ્તિ સંવત ૧૩૪૩ વર્ષે વૈશાષ સુદિ ૧૫ મુહંતીયાણ જ્ઞાતીય સા૦ મના ભાર્યા બ૦ ધાંધ સુત સા૦ રત્નસીહેન ભા૦ સૌ૦ વાંજીં યુતેન

સ્વપુણ્યાર્થં શ્રી **પાર્શ્વનાથમૂર્ત્તિ શ્ચતુર્વિંશતિ પટ્ટઃ** કારિતઃ ॥ શ્રી **જિનવર્દ્ધન** સૂરીણા મુપદેશેન । શ્રીઃ ॥

૨ સંવ૦ ૧૫૦૫ કાત્તિ. વ૦ ૫ પ્રા૦ જ્ઞા૦ વ્ય૦ છાડા સુ(ત) ધરણા ભા૦ દેઊ સુ૦ દો૦ હીરાકેન ભા૦ ટાણૂ ગા(ગૌ)રી પુ૦ સિવદાસ હેમા ખુશાલભી ભ્રાતૃ મં૦ વેલા પ્રા૦ દાંઊંએ । શ્રેયસે શ્રી **શાંતિનાથ** બિંબં કારિતં પ્રતિષ્ટિતં શ્રી સાધુ૦ શ્રી **પુણ્યચંદ્ર** સૂરિભિ ગુરૂપદૈઃ ॥ **અહમ્મદાવાદ** વા૦

૩ સં. ૧૫૩૩ વ૦ પોસ સુ. ૧૫ સો૦ **સિદ્ધપુરે ઉસવાલ** જ્ઞા૦ સા૦ મા...સુત જિણુદાસકેન સ્વ શ્રેયસે શ્રી **ધર્મનાથ** બિંબં કા૦ પ્રતિષ્ઠિતં શ્રી **વૃદ્ધતપાપક્ષે** શ્રીજ્ઞાનસાગરસૂરિપટ્ટે શ્રી **ઉદયસાગરસૂરિભિઃ** ॥ શ્રીઃ ॥

(૭ પાષાણુની પ્રતિમા છે, અને તેમાંની કોઇ પર લેખ નથી)

(૭) ગોંડલના દેહરાસરમાં. (૨૫-૫-૩૦)

૧ સં. ૧૧૦૯ આસાઢ સુદિ ૧૦...(પાર્શ્વનાથ) પરિકર તૂટેલો.

૨. સં. ૧૪૪૨ વર્ષે વૈ૦ સુ૦ ૧૫ શનૌ **ઉપકેશ** જ્ઞાતીય વ્ય૦ પાપર ભા૦ જાલ્હણ દેવિ સુ૦ ગૂંગડેન પિત્રો શ્રેયસે શ્રી **કુંથનાથ** બિં. કા૦ પ્ર૦ **ખરતર** પક્ષે શ્રી **જિનરાજસૂરિભિઃ** ॥

૩. સંવત્ ૧૫૧૯ વર્ષે વૈશાખ વદિ ૧૧ શુક્રે **ઉશવાલ** જ્ઞાતીય ષડવડ ગોત્રે વદ્ધમાન શાખીય સા૦ વસ્તા પુ૦ સા૦ કાન્હડ ભા૦ લખમાઇ પુ૦ સા૦ સહદેવેન ભા૦ બઈ સોભાદે પુ૦ સા૦ ગોરા શ્રેયસે શ્રી શ્રી **અનંતનાથ** બિંબં કારિતં શ્રી **ધર્મઘોષ** ગચ્છે ભટ્ટારક શ્રી **વિજયચંદ્રસૂરિ** પટ્ટે પ્રતિષ્ઠિતં શ્રી **સાધુરત્નસૂરિઃ** ॥

૪ સંવત્ ૧૫૨૮ વર્ષે પૌષ વદિ ૫ શુક્રે શ્રી **શ્રીમાલી** જ્ઞાતીય ઠક્કુ૦ લાડા સુત ઠ૦ માંડણ ભાર્યા રૂપા સુત ઠક્કુ૦ દેવાકેન ભાર્યા લાડિકિસુત આંબાયુતેન શ્રી **શાંતિનાથ** બિંબં કારાપિતં । પ્રતિષ્ઠિતં શ્રી **પૂર્ણિમા** પક્ષે ભટ્ટા૦ શ્રી **સાધુસુંદર** સૂરિભિઃ ॥ **આંગલ્યપુર** વાસ્તવ્ય ॥ શ્રી શ્રીરસ્તુ ॥ (ચતુર્વિંશતિપટ્ટ) ॥

૫. સંવત્ ૧૫૩૧ વર્ષે આસાઢ સુદિ ૫ બુધે **ઉસવાલ** જ્ઞાતીય **નાહર** ગોત્રે સા૦ તુડા ભાર્યા નાલ્હી પુ૦ રત્ના ભાર્યા રત્નાદે આત્મપુન્યાર્થે શ્રી **ચંદ્રપ્રભ** બિંબિં કારાપિતં પ્રતિષ્ઠિતં શ્રી **ધર્મઘોષ** ગચ્છે ભ૦ શ્રી **પાસમૂર્ત્તિસૂરિ** । શુભં ॥

ધાતુના સિદ્ધચક્ર.

૧ સંપત્ ૧૮૩૧ વર્ષે માહ વદિ ૫ સોમવાસરે શ્રી **ગુડલ** નગરે ભ૦ શ્રી શ્રી **વિજય ધર્મ** સૂરીશ્વરજી પ્રતિષ્ઠિતઃ ॥

૨ સંવત્ ૧૮૭૮ વર્ષે વૈશાખ માસે । શુકલપક્ષે । ૧૫ તિથૌ ગુરૂ વાસરે । **પોરવાડ** જ્ઞાતિય । વોરા । તલકસી રાઘવજી । સુત મોહનજીકેન । શ્રી સિદ્ધચક્રજી ભરાપિતં । ભ । શ્રી શ્રી**વિજયજિનેંદ્ર** સુરિભિ પ્રતિષ્ઠિતં ॥ શ્રી**મત્તપાગચ્છે** ॥ શ્રીરસ્તુ ॥ : ॥

૩ ૯૦૦૦ બિંબં સં. ૧૯૧૧ માઘ શુદિ ૧૦ કા રાજા **ધનપતિસિંહ** બાદુરેન પ્રસિદ્ધ સિરિ **બંગદેસે.**

મંદિરના પત્થરના થાંભલામાં તખતી.

॥ સ્વસ્તિ શ્રી સંવત્ ૧૮૪૪ વર્ષે । શાકે ૧૭૧૦ પ્રવર્ત્તમાંને । માશોતમ માસે । વૈશાષ માસે કૃષ્ણપક્ષે ષષ્ટી તિથૌ । સોમવસરે । શ્રી**મત્તપાગચ્છે**૦ । ભ૦ શ્રી **વિજયજિનેંદ્ર**સુરિ । શ્રી **ગુંડલ** નગર મધે રાજા **કુંભાજી** રાજ્યે **અણહિલ્લપુર** પત્તનાદી સંઘેન નવીન જિનપ્રાસાદ કારાપીતં પ્રાસાદ મધ્યે પુરાણ જિન પડિમા પુર્વ્વ સુરિ પ્રતીષ્ઠિતં । **ચંદ્રપ્રભ**જિનબિંબ સ્થાપીતં ચણનાર કડીયો ભીમજી ॥

પાષાણુપ્રતિમા—મૂલનાયક ચંદ્રપ્રભપર લેખ નથી.

સં. ૧૯૨૧ શા. ૧૭૮૬ પ્રા. શુ. ૭ દિન ગુરૂ **અંચલ**ગચ્છે કચ્છ દે૦ કોઠારાના વા. **ઉશવા** લઘુ શાખાયા ગાંધે (?) મોહોતા ગોત્રે સાં શ્રી નાયક મણશી ભા૦ હીરબાઇ પુત્ર શ્રી કેશવજી શ્રી પાદલિપ્તન **સિદ્ધક્ષેત્રે** શ્રી **મલ્લિનાથ** જિનબિંબં ભ૦ ગચ્છનાયક ભ૦ શ્રી **રત્નસાગરસુરીજી** પ્રતિષ્ટીતઃ

બીજી બે પ્રતિમા નમિનાથ ને પાર્શ્વનાથની પણ ૧૯૨૧ ની સાલની છે.

સં. ૧૫૪૮ ની નાની પાષાણ પ્રતિમા છે પણ તે અંધારામાં છે ને મહેનત કરતાં ઉકેલાતી નથી.

માનવિજયકૃત અને ભાવવિજયકૃત નેમિસ્તવન.

કોઇ કહોરે નેમજીને વાતડીરે, ઇમ બોલે રાજુલ નારિરે
વયણ સુણા(વે) મૃગલોયણીરે, ઇમ જંપે વયણ ઉદારરે
કોઇ૦

ખબર કરૂં સ્વામિ નેમિનીરે, જોવા ચાલી તે તતકાલરે,
ભમત ભમતાં શુદ્ધિ લહીરે, સખી આવી વેગે ચાલિરે.
કોઇ૦ ૨

ગઢ ગિરનાર નેમિજીરે, પુહતા જાણી રાજુલ નારિરે,
કરજોડી સંદેશા પાઠવેરે, સ્વામિ! તું મુજ હીયાનો હારરે.
કોઇ૦ ૩

રાત ચંદે કરી ઉજલીરે, વચે બિછાઇ સોવનખાટરે,
ગોખ સવાલખિ પોઢીએરે, વેગે આવો જોઉં તુમ્હ વાટરે.
કોઇ૦ ૪

સેજ ભલી સોવનતણીરે, આપણ રમસ્યું રંગ રસાલરે,
વિરહ દાવાનલ ટાલસ્યુંરે, નવભવ નેહ સંભાલિરે.
કોઇ૦ ૫

રાતદિવસ તુઝને જપુંરે, તુમ્હ વિણ ઘડીય ન જાયરે,
દિન ગમું વાતેં કરીરે, રાત વલી દોહલી થાયરે.
કોઇ૦ ૬

સેજ બિછાઇ રાજીમતીરે, બેઠી ઝુરે મનહિ અપારરે,
આંસુડે ભીંજે કંચુઓરે, નેમિ! અબલાની કર સારરે.
કોઇ૦ ૭

નેમિ સંદેશા લહી કરીરે, પ્રતિબોધી રાજુલ નારિરે,
હાથ વલી માથે ઠવીરે, રાજુલ થાપી મુગતિ મઝારિરે.
કોઇ૦ ૮

તપગછ માંહિં સુંદરરે, શ્રી દેવવિજય ઉવઝાયરે
માનવિજય કહે ઇણીપરેરે, જિમ મનવંછિત થાયરે૦
કોઇ૦ ૯

ભાવવિજયકૃત નેમિનાથસ્તવન.

રાગ મલ્હાર

સરસતિ માત પસાઉલેરે, થુણસ્યું નેમિજિણંદ,
સમુદવિજય કુલચંદલોરે. જેણે જીત્યો ગોવિંદ
યાદવરાય જઇ રહ્યો, ગઢ ગિરનારે

નારિ તજી જેણે સુંદરરે, વારિ પશુઆ-મારિ-યાદવ૦
બાલ બ્રહ્મચારિ સુહામણોરે, શિવાદેવી માતમલ્હાર.
શંખલંછન સ્વામિ શામલોરે, સૌરીપુર અવતાર.
યાદવ૦ ૨

તોરણથી જવ પ્રભુ વળ્યોરે, મન આણી વૈરાગ,
તવ રડતી રાજીમતીરે, ઇમ બોલે ધરી રાગ. યાદવ૦ ૩

પિયુડા કહે કુણ કારણેરે, તેં આણિ મન રીસ,
વિણ અપરાધેં કામિનીરે, કાંઇ છાંડો જગદીશ.
યાદવ૦ ૪

વલ્લભ વેગેં પધારીને, મુઝ ઘર ધરિ ઉચ્છાહ,
જો જાણી હું છાંડવીરે, તો કાંઇ માન્યો વિવાહ. યાદવ૦૫

એહ ચોરી એહ માંડવોરે, એહ મંદિર એહ વેશ,
સુણ સુણ તુજવિણ નાહલારે, સુખ ન દિયે લવલેશ. ૬

મેં જાણ્યા તુઝ બોલડારે, મયગલ દંત પ્રમાણ,
તે સાજન તું કાંઇ કરેરે, કાછબ કોટિ સમાન. ૭

તુમથી પારેવાં ભલાંરે, પ્રેમતણું અધિકાર,
ગગન ભમંતાં ભોંય પડેરે, જવ દેખે નિજ નાર. ૮

વાહલા વેહલો આવિનેરે, પહોચાડો મન રંગ,
વિરહદાવાનલ પરજલેરે, ઠારો મારૂં અંગ. યાદવ૦ ૯

એહવા રાજુલ બોલડેરે, જે ન ચલ્યો વડવીર,
સંયમ લેઈ મુગતિ ગયોરે, સમરથ સાહસ ધીર. ૧૦

કલશ

ઇમ મયણભંજણ મોહગંજણ ભુવનજનમનરંજણો,
શિવાદેવીનંદન દુઃખનિકંદન થુણ્યો સાહિબ આપણો.
નડુલાઈ નયરી સમીપ સુંદર ધરણીધર શિરમંડણો,
મુનિવિમલ વાચક શિષ્ય નિત નિત નમે ભાવ ધરી ઘણો.

[ભાવવિજય માટે જુઓ જૈનગૂર્જર કવિઓ—પ્રથમ ભાગ નં. ૨૭૩ પૃ. ૫૮૧ તંત્રી.]

સં. ૧૫૩૫માં લખાયેલાં પ્રાચીન કાવ્યો.

સીહાકૃત જંબૂસ્વામી વેલ.

લખ્યા સં. ૧૫૩૫ વૈ. શુ. ૬ અભયપ્રભગણિના.

॥ ૬૦ ॥ ए

સમુદ્ર શ્રી પ્રિયપતિ ભણુઈ, હઉં જલ તું રત્નસારલિ
ખગ કરિ સુગજ કંગુ વણ, ફલિયા મન ઉનમૂલિ
ગડમંડ કઇ સગધ બિહુ ચૂકિસિ, કામ ભોગ સુખ મૂલિ,૧
નાહ ન ભૂલીયઈ.

નવ પરણીય વર નારિ, હેલિ ન મેલ્હિયઈ.
યુગતા યુગત વિચારિ, દયા ધરમ પાલિયઈ,
કદલ કમલ વન મેલ્હિ, કનક ન રાચિયઈ,
ચંદનુ પાય મ ઠેલિ, અંગિ વિલેપિઈ, આંચલી.

હતિથ કલેવરૂ ત્રીયતણુઉં, નઉં હઉં વાયસ નારિ;
વિષય લણુધુ સોતહિ રહિઉ, મહા સમુદ્ર મઝારિ,
દસ દિસિ પેખઇ પારૂ ન પામઇં, તિમ ન પડિસુ સંસારિ,
નારિ ન ભૂલિયઈ.

રયણુ અમૂકુ મેલ્હિ, કાચિ ન રાચીઇ,
મૂંકિ ફલિઉ સહકાર, કઈબિ ન ઝૂઝિયઇ,
ભરિઉં સરોવર મેલ્હિ, કાદમિ (ન) ખુચિયઇ,
ભૂલી મુંધિ ગમારિ, વિરહ ન બોલીયઇ, આંચલી

પદમસેના ભણુઇ નાહ સુણિ, પ્રાણુનાથ અવધારિ,
ઇકુ વાનર ઇક વાનરી, તરૂ વિશેષિ નર નારિ,
લોભ લગઇ નર વાનર હૂઉ, તિમ તઉ બેઉ મ હારિ, ૪
નાહ ન ભૂલીયઈ

જંબુ ભણુઈ પદમસેના સુણિ, ઇકુ નર દહઈ અંગાર,
ત્રિસિતું સોષઈ સ નદી, સુતઉ સુપન મઝારિ,
ત્રિપતિ નહી તિણિ ખાર બિંદુલે તિમ એઉવિ વિષય
સંસારિ. ૫
નારિ ન ભૂલિયઇ.

પદ્મશ્રી ભણુઇ જંબુ સુણિ, નરિદ નારિ અવધારિ,
રાય મેલ્હિ ભુયંગિ લગી, ભુયંગુ મેલ્હિ રત ચોરિ.
મછ મેલ્હિ સીયાલ, આમિષ જિમ તિમ ધર્મ
ચૂકિસિ સાર. ૬ નાહ ન ભૂલીયઈ.

વિન્જહરિ માતંગધુય, પરણી વિન્જારેસિ,
ઇકુ વિદ્યા સાધવિ ગયઉ, ઇકુ રહિયઉ પરદેસિ,
હુઉં વિજ્જ આલતણી પરિ ન કરિ સુવસુ, સુ નહીં
ગિહવાસ. ૭ નારિ ન ભૂલિયઇ.

કનકસેના ભણુઇ મ કરિ પ્રિય દ્રમક તપરિ
ગહ સંખ પૂરિત તણિ બઉ ગમ્મ, તિમ તઉ મહારિ,
વિષય ભોગ ભોગવિ સુખ પહિલઉ, પછઇ મુકતિ
વર નારિ. ૮ નાહ ન ભૂલીયઇ.

જંબુ ભણુઇ તં નારિ સુણિ, વાનરવનહં મઝારિ,
તિહં પ્રતિ મલિઉં, ઇકુ આવીયઉ, તિહિયા બેઉ
તિણિ વઇરિ.
ભાગઉ ત્રિષા લાવસિ, ખૂતઉ તિમ ન પડિસુ
સંસારિ. ૯ નારિ ન ભૂલિયઈ.

નભસેના ભણુઇ નાહ સુણિ, સિધિ બુધિ ખરી.
યસ લોભ;
ધન કારણિ જરકુ પૂજિયઉ, સમા સમા વર લાધ,
એકઇ એક નયણુ જઉદધ, ઉ બીજી હુઇય રિંધ. ૧૦
નાહ ન ભૂલીયઇ.

જંબુ કુમરૂ કથા કહઇ, સુંદરિ સુણિ ધરી ભાઉ,
જીતીય સુંદરૂ તુરિય ઇકુ, મહતા સમ પયરાઉ,
ધરમ તણુઇ છલિ ચોરૂ નિફલુ ભય ઉતિમ તુમ્હિ
વિલખ મ થાહુ. ૧૧ નારિ ન ભૂલીયઇ.

કનકવતી ભણુઇ મ કરિ પ્રિય, જિણિ તિણિ
કીઉ ગમારિ,
ત્રિલગઉ રાસભ પૂંછડઈ, પડિયા દંત બિ ચારિ,
અબલ બાલ અમ્હ સંયહુ કરિ કરિ પ્રિય,
મન મૂકિ નિરધારૂ. ૧૨ નાહ ન ભૂલીયઇ.

જંબુકુમરૂ કથા કહઈ, સોલઉ કુણુંબા લુદ્ધ.
ઘોડી મરી વેશ્યા હુઇ, ઉ હૂઉરખ રખવાલ.
સહઇ અપમાન તસુ નારિ તણા નિતુ,
તિમ ન કરિસિહું બાલ. ૧૩
નારિ ન ભૂલીયઇ.

કનકશ્રી ભણુઇ સુણિન પ્રિય, ઇકુ પંચિયા વિચાર,
વાઘા તણુઇ મુખિ મંસુ તે લેયઇ, અવરૂ કહઇ વવહારૂ.
આસાહસ તણી પરિ મ કરિસિ, લાજિસિ તૂં ભરતારૂ૧૪
નાહ ન ભૂલીયઇ.

જંબુકુમરૂ ભણુઇ, નારિ સુણિ, તિ નિમત્ત, અવધારિ
એકુ હાનિ ન તુ પોષિઇ, એકુ પર્વ તિથિ વારિ,
એક જુહાર મિતુ જઇ સરિસઉ, અબલ ન સબલ
સંસારિ. ૧૫ નારિ ન ભૂલીયઇ.

જયતિશ્રી ભણુઇ, જોડિવિ કરૂ મ ભણિસિ વારઇવારૂ,

બ્રાહ્મણ ધૂઅ કલ્પિત કથા, કોઇ કહઇ કરઇક વારૂ.
૧૬. નાહ ન ભુલીયઇ.
જંબુકુમર ભણઇ તં નારિ સુણિ, તરલ લતંગ કુમારૂ,
સંચરઈ વિષયલબધુ, ધાલિઉ નરક મઝરિ, પંચ પ્રકારિ,
વિષુ વિરતુ વિષ ભણે, સુહઉં નારિ. ૧૭
નારિ ન ભુલીયઇ.
નવાણુવઇ કોડિ, કનક તજી જંબુકુમરૂ આઠ નારિ,
વીરજિણંદ મુદ્રા લઈ, વિરતઉ ઇણિ સંસારિ,
અનુદિનુ ચતુવિધ, સયલ સંઘ મુનિ, અણુદિણુ
સીહા સ્વામિ. ૧૮
—ઇતિ શ્રી જંબુસ્વામિ । વેલિ સમાપ્તઃ ॥ છ.

સીહાકૃત રહનેમિ વેલ.

લ. સં. ૧૫૩૫ વૈ. શુ. ૬ અભયપ્રભગણિના.
પ્રિય વંદણ પરબતિ ચડી, વરિસઇ ગહિર ગંભીર,
ભાનઉ કંબલ કંચૂઉ, મુખ ગોમટું સરીર,
દેખી ગજગામિનિ ગયવર ગહિ ગહિઉ, જિમ કમલિણિ
મધુકાર, વેલિ પરાલી.
નેમિનાથ કેરી આણુ, ચલણુ ન પામીઇ,
સીઅલ સબલ રખિવાલ, વન અતિ રૂઅડું
સદમ તજઇ ગજ હોઈ, સુંડિ સંભાલીઇ,
રહનેમિ ભૂલિ મ ભૂલિ, નયણડે ચાઇ(લી)ઇ, આંચલી
બહુત દિવસ દુક્કર કરી, રાણી તમ્હ લગઇ રેસ
તીણકૂલિ હૃઉ મેલાવડુ, ઊતર અવ મ દેસિ. ૨
વેલિપરા૦
ઇસે વચનિ તપ સંજમ દહેસ ઋષિ, નરગિ
પીઆણઉં દેસિ,
વેલીરે કરહા મન આલિ કરિ, સંજમ ભાર વહેસિ,
દેખી પીઆરાં રામ વન મન પસરત મ મલ્હિ
(મેલ્હિસિ) ૩ વેલિ૦
ધરિ તોષ મનિ પંચ ઇંદ્રિય વસિકરિ, અવધડ
મારગિ મ ચાલિ,
સરસવ તુલ્લી હુંજિ મૂનિ, તું ગિરિ મેરૂ સમાન,
ગજારૂઢ કાંઇ ખરિ ચડઇ, ગંજં અપ્પાણુ. ૪ વેલિ૦
મ પડિ મ પડિ મન દુગયા ગમન કરિ, ચારિતરયણુ
મત હારિ.
પરસ્રી દેખિ વિરાગ મુખ, તે વરલા સંસારિ;
ઘણા વિગૂ(તા) સાંભલ્યા, જે રત્તા પરનારિ. ૫ વેલિ૦
ઇઆ દેખી કુર ખઇ ગઇ, ભીમસેન ઝૂઝારિ,
રૂપ સરિખિય દેખિ કરિ, કીચક મનિ અભિલાષ,
પવનનંદન સમારકરિ, જગત્રિ રહાવી રેખ. ૬ વેલિ૦
શત બંધ વિસિઉં અગનિ પ્રજાલી નલઇ, સ્રીકારણિ
મન ભૂલિ,
સુંદ્ર સખાઇ લંક ગઢ, રાવણુ ધણી નિસંક
પરસ્રી કરણિ ગંજિઉ, ત્રિભુવન માહિજ વંક. ૭
વેલિ પ્રી૦
સતી સીતા દેકી રામે રમાયણુ, જગિ જાણીઇ વિદીત.
કનકમેરૂ ગિરિ જઉ ચલઇ, અગનિ કિ સીતલ હોઇ,
દિણયણુ પછિમ ઊગમઇ, સીલ ન લોપું તોઇ.
ભણતિ રાજલિ રહનેમિ સુણિન ઋષિ, બલવંડ
દેહ ન હોઇ. ૮ વેલિ૦
આદિ લોકિ પરકાસિઉ, એ વ્યવહાર સોલ્લ,
અમ્હ તમ્હ સરિસું તિમ કરૂ, કરિ પસાઉ મુખિ બોલિ.
મ ભણિ મ ભણિ મન દુગય ગમન કરિ,
મિથ્યાત વચન મ બોલ્લિ. ૯ વેલિ૦
રહનેમિ ખરૂઅયાતુઅ, કૂડી સાટ કરેસિ,
રતન રાસિ મોતી વડઇ, ગુંજા હલ કિમ લેસિ,
જે તું રે પઢિત મૂરખ અયાણુ ઋણિ(બિ) બલવંડ
સ્રી ન હોઇ.
અષ્ટ ભવંતર હું ફિરી, તુજઝ બંધવ સિઉં નારિ,
તે પ્રતિપન્ન ન પાલઉં, હું પરિહરી સંસારી. ૧૧ વેલિ૦
તીણં હહિઈ સંજમ ભતાર વરિસ ઋષિ, વસિસુ
તમ્હારડઇ બારિ,
રાગી પ્રતિ વયરાગિણી, મઝ સિઉં કિસી રૂહાડિ,
ધરિ સંતોષ મનિ આપણઈ, જિમ રૂઅકે નારિ. ૧૨ વેલિ.
સુકિ અમ્હારડી અવર પુરૂષિ રાચઇ, મુગતિ રમણિ
વર નારિ.
ખેદન ખેદી મનિ રહિઉ, સતી કિમઇ ન પતીઆઇ,
તવ હીડઇ સંતાપીઉ, ધાઇ લગ્ગુ પાય. ૧૩ વેલિ૦
હૂં અનિગ અનઇ, બહુલ પાપ ઋષિ, ખમિન ખમિન
મોરી માઇ.
સીલ સુવન સુણિ રાય મય, લગ્ગી મુણિવર પાય.
અમ્હ સામી તુમ્હ વીરહય, તસ પાય જઈ અવલોઇ.
૧૪ વેલિ૦

દુકૃત સુકૃત કરિ, વા સમરથ, તુમ્હિ ગુરૂ આકર ઇસ હોઇ,
ચલણિ લાગી મુનિ ગહિઅરિઉ, સામી કિઉ અપરાધ,
હૂં અ જિ તુમ્હરઇ કિમ કહઉં, તમ્હિ જાણઉ જગનાહ. ૧૫ વેલિ૦
વઇરિ તમ્હારડઇ, સંગ્રામિ ગોત્ર ભડ, રાખિ જાદવકુલનાથ,
સંઘદાસ સીહુ ભણઇ, ભવિ ભવિ નમિ પાયચલ,
રહનેમિ રાજલિ ચરિત સુણિ; પાપ પણાસઇ દૂરિ. ૧૬ વેલિ૦
પ્રસન ચતુર્વિધ સંઘ, સયલ મુનિ અનુદિન સીહાચા સામિ. વેલિ૦

—ઇતિ શ્રી રહનેમિ વેલિ સમાપ્ત. ॥ ૭. ॥

ડુંગરકૃત નેમિનાથફાગ. (બારમાસ)

લ. સં. ૧૫૩૫.

અહે તોરણિ વાલંભ આવિઉ, યાદવકુલ કેરઉ ચંદ.
અહે પસુઅ દેખિ રથ વાલિઉ, દિહિ દિસિ હૂઉ છંવિદ. ૧
અહે નિશિ અંધારી એકલી, મધુર મવાસિસિ મોર,
વિરહ સંતાવઇ પાપિઓ, વાલંભ હિઈ કઠોર. ૨
અહે ધુરિ આસાઢહ ઊનઇઉ, ગોરીને ગુણનેહ,
ગાઢઈ ગાજિમ પાપિઉ, છાનઉ વરિસિ ન મેહ. ૩
અહે શ્રાવણ વરિસઇ સરવડે, મેહ ન ખંડઇ ધાર,
મનમથિ મોરૂં મન વ્યાપિઉં, પ્રીયડઉ કરઈ ન સાર. ૪
અહે ભાદ્રવડો ભરિ ઊલટઈ, સરોવર લહડે જાઇ,
કાયા સરોવર અમ્હ તણઉં, સામીય વિણુસી દાઇ. ૫
અહે રાજહંસ પરબતિ ચડી, કિમઈ ન આવઇ હેઠિ,
માનસરોવર પરિહરી, છીલરિ ઉપરિ દ્રેઠિ. ૬
અહે આસો આસા બંધડી, હૂ મેલ્હી ઇણુ કંતિ,
મધુકરિ માલતિ પરિહરી, પારિધિ પૂઠિ ભમંતિ ૭
અહે જિમ જિમ મહીયર સાસરઈ, જાતી દેખૂં માઇ,
તિમ તિમ મોરૂં મન આવટઇં, કિમઇ ન થાહરઇ ઠાઇ. ૮
અહે કાર્તી માસિ મેલાવડઉ, નેમિ ન કીધઉ આજ,
છપનકોડિ જાદવધણી, હું મૂકી કુણ કાજિ. ૯
અહે વિલવંતી મેલ્હી ગયઉ, ગરૂયા ગણઇ ન ગોઝ,
જીવ દયાલૂ જઇ કિમઇ, માણસ રૂપિઇ રોઝ. ૧૦
અહે માગસર મઝ મેલવઇ, એઅ સલૂણઉ નાહ,
જાણે જિમ તીખિઇ પાલવિઉ, બલતાદ કેરઉ નાહ. ૧૧
અહે હંસ ભણી મઇ હેલઉ, સુર બગલાનું કીધ,
અંબ ભણી મઇ સેવિઉ, ફલ લીંબોલી દીધ. ૧૨
અહે પોસ માસિ જઉ પ્રિય મિલઇ, તઉ મનવંછિત હોઇ,
ભણઇ રાણી રાઇમઇ, નેમિ ન મેલઇ કોઇ. ૧૩
અહે કરડી કીધઉ મઇં વહિઉ, વારૂ વિસહર જાણિ,
દૃષ્ટિ વસઈં મઝસિ ગયઉ, દેખિતિ રાણો રાણિ. ૧૪
અહે માહિ મહારઠ ટાઢડી, ગાઢી લાગઇ ભૂખ,
નેહ–સાલ હીયડલઇ, નેમિ ન જાણઇ દૂખ, ૧૫
અહે હરણા હેજિઈં પરિભમઇ, પાખલિથી સવિવાર,
હરણઉ હીઇ કઠોરડઉ, ચરતે આક મદાર. ૧૬
અહે ફાગુણિ ફાગ મમૂં ગમઇં, દમઈ તે મઇણ સરીરિ.
કામણગારો કંતડઉ, ગમઇ તિ સામલ ધીર. ૧૭
અહે કરહુ સહિજિ કુણુંપીઉ, મુહવાહઈં કરીરિ,
ફલી દ્રાખ પરિહરી, કંટક લાઇ સરીરિ. ૧૮
અહે ચેત્રિ ન ચેતઇ કંતડઉ, સુવિ ફલી એ વણરાય,
પાડલ પરિમલ બહિકતાં, મૂરિખ મેલ્હી જાઇ. ૧૯
અહે કહીઇ ઇસર કૂડિઓ, ગંગા વહઇ સિરિ કીધ,
તં હ પાહિ તૂં આગલઉ, દાહ અધિકેરડઉ દીધ. ૨૦
અહે વૈશાખે લૂઅ વાઇસિઇ, પરબત ઊપરિ નાહ,
આગઈ દુખિ દિન નીગમઈ, એ અ અધિકેરઉ નાહ. ૨૧
અહે બારહ માસહ માહિલઉ, જેઠ વડે વર હોઈ,
પભણઈ રાણી રાઇમિઇ, નેમિ ન મેલઇ કોઈ. ૨૨
અહે કિમ ભણઈ સુણિ રાઇમઈ, મિલિસીઇ તોરત્ર સામિ.
અષ્ટ ભવંતર પ્રીત, સિદ્ધિહિ ઊપ ઠામિ, ૨૩
અહે જાણું યાદવ કૂડીઉ, હું આગઇ મનમાહિ,
સોલ સહસ ગોપી ધણી, માઇ વાતડીય મવાહિ. ૨૪
અહે તપ જપ સંજમ આદરી, કીધી નિરમલ કાય,
નેમિ પહેલી રાઈમઈ, રાખે શિવપુરિ જાઈ. ૨૫
અહે રાજમતિ(?) સિઉ રાઇમઇ, પુહુતી સિદ્ધિ શલાય.
ડૂંગરસ્વામી ગાઇતાં, અફલ્યાં ફલઇ તાહ. ૨૬

—ઇતિ શ્રી નેમિનાથ ફાગ સમાપ્તઃ ૭.

ઉદયવંતકૃત નવકાર મહામંત્ર ગીત.

લ. સં. ૧૫૩૫,

અક્ષર સપત જપત પદિ પહિલઇ, બીજઇ બીજઇ પંચ
બીજઇ સાત સાત ચઉથઈ દવ, નવ પંચમઇ પ્રપંચ. ૧
સુગુણી ગુણીઇ નવકારો, ચઉદહ પૂરવ સારો,
નવ સંપદ પદ આઠ આઠ સહિ અક્ષર અક્ષર કારો. આંચલી.

છઠઈ સિઉં સાતમઈ આઠમઇ, પદિ અક્ષર આઠાઠ,
નઉમઇ નવવિધ એવંકારઈ, અઠસદિ અક્ષર પાઠ. ૨ સુ.
અઠદલ કમલ હૃદય જપ જપીઈ, ખપીઈ આઠઇકરમ,
ધુરિ લઇ પદિ વિદ્યાધર વિદ્યા, નાણી જાણુઈ મરમ.
૩ સુગુણી૦
સમલીઅસમલિ આવિ હાર, ભરૂઅચ્છિ સહ
કોઇ જાણઇ,
નઉકાર લગઇ નાગ નાગપતિ, નાગલોકિ સુખ માણુઈ.
૪ સુગુણી૦
પલિંદ પલિંદી નઉકાર ગુણુતાં, કુણુતાં વનિ મુનિ સેવ,
રાજ ભોગવી રાજસિંઘ નઈ, રતનવતી થ્યાં દેવ.
૫ સુગુણી૦
મારી તે અશોક શેખરિ, એ સમરિઉ મંત્ર પવિત્ર.
તં નિસુણી રણિુ વીરસેન તીહં, શિત્ર ષીડી થયઉ મિત્ર.
૬ સુગુણી૦
ચારવ જંગમ વિષમ મહા વિપ, ગરડ સગરૂડ સમાણુ.
૭ સુગુણી૦
મહેસરી ઘરિ પરણી તુરણી, શ્રાવક કુલની બાલા;
નઉકાર વડઇ ઘડઇ ચિકુ થયઉ, સરપ પુષ્ફમાલા.
૮ સુગુણી૦
સેઠિ તણુા બેટા ખઇ બેટિઉ, ઠગવા એક પાખંડી,
નઉકારિ કરી સો સોનાનુ, પુરસઉ ભયઉ ત્રિદંડી.
૯ સુગુણી૦
જે ફૂલ તાવડિ કાવડિ લીધે, અઠસઠિ તીરથ કીધે,
તેહતુ આઠ ગણુઉં એહ આઠ સઠિ, વરણે કરણે પીધે.
૧૦ સુગુણી૦
ભગતિ સંત્ર એ મંત્રરાજ જે, વિધિપુરવ આરાધઇ,
લાખ જાપતે પાપ પખાલી, તીર્થંકર રિદ્ધિ સાધઇ.
૧૧ સુગુણી૦
નવ અંગે નવપદ નવકાર, નવગ્રહ નિગ્રહ વારઇ
અભિનવ વયર પંજર સર રક્ષા, નવભવમાહિ
શિવકારઇ. ૧૨ સુગુણી૦
એ નવકાર અખર અપૂરવ, આલમાલ ઝણી જાણુઉ,
પૂરવધર ગણુધર એ ધ્યાઇ, સકલ મંત્રકઉ રાણુઉ.
૧૩ સુગુણી૦
પરમબ્રહ્મ પાંચઇ પર મિઠ્ઠી, સમરિઈ ચમરઇ પાવ,
કિં બહુણા સુરતરૂ ચિંતામણિુ, નવનિધિ અધિક પ્રભાવ.
૧૪ સુગુણી.
તપાગચ્છ નાયક ગુરૂઆ, સોમસુંદર ગુરૂ રાયા,
તાસ પસાઇ ઉદ(ય)નંત એ, પરમ મંત અમ્હિ પાયા,
૧૫ સુગુણી૦

વૈરાગ્યકુલં.

લ. સં. ૧૫૩૫.

જીવતણી ગતિ જોઇએ, હિયલઇ કાંઇ અ ન થાઇરે,
કરમબંધનિ જીવ અવતરઇ, કર્મનિ બંધઉ જાઇરે. ૧
અજીઅ ન ચેતઇ કાંઇ જીવડા, એવડા ભ્રમણુ ન જઇરે.
સુગુરૂ વચન કાને સાંભલાં, સાંભલાં કાઇં ઇમ હારિરે.
૨ આંચલી.
અરે જીવ તાહરઉ કોઇ નથી, તુ કહિનઉ નથી જાણિુરે.
ઘડીઇં વરસાસઉ પુહચિસિઇં, હુઇસિઇ હાણિુ
વિહાણિુરે; ૩ અજીઅ.
ચઉરાસી લાખ જાતિ જીવતણી, અનંતગણીવાર જોઇરે,
ભમત ભમત ભવ પ્રામીઉ, હવ ન કરઈ કસ ધોઇરે.
૪ અજીઅ.
પુદ્ગલપરાવર્ત્ત તઈ કરિયાં, ભરિયાં રાજ અસં-
ખ્યાતી વારરે.
તહુઅ ન તુઝ ધર્મ સાંભરઇ. આવાગમણુ દુખ સારરે.
૫ અજીઅ.
માસ દસ ગર્ભવાસતણા, તે દુખ કાંઇ ન સંભારઇરે,
નરગ સાતઈ જિહાં એકડા, તે દીઠા લખવારરે.
૬ અજીઅ.
ગર્ભવાસ તઉ વછૂટઉ પણિુ એતલઉ કરઉ,
વલી ન આવઉ તિમ સમાચરઉંરે,
પાપ પવન સિરિ પ્રવેસ હૂઉ, તેતલઈ તુઝ કાંઇ
વીસારઉંરે ૭. અજીઅ.
માહરઉ તાહરઉ હીડઇ છઇ, ખત્ર અખત્ર કાંઇ ન જાઇરે
મરીઅનઇ જાસિઇ એકલઉ, આપણુપઉં કા
વિગોઅઇરે. ૮ અજીઅ.
પાંચઇ ઇંદ્રી વસિ કરજે, ચ્યારિ કષાય કિમ દમેસિરે,
જઉ તું સંજમ ન પલઈ, તઉ ગુરૂપાએ અણુસરે.
૯ અજીઅ

પાણી જાણી રાખિજે, રાખે બહુ ગુણાયઈરે,
જઉ તું મેહિલસિ મોકલઉં, અવગુણ અંગિઅ ન માઈરે. ૧૦ અજીઅ.
મનસા દૃષ્ટિ બિ બહનડી, એકઈ એકજિ જાણિરે,
વાચા તેહ હારિ દાસડી, એ રાખે નિરવાણિરે. ૧૧ અજીઅ૦
સંસાર સાગર મહિ મોહ ગિરિ, કામ ક્રોધ લોભ કષાયરે,
અભંગ જન ધર્મ બંડલી, સુગુરૂ સરતિ સુવાયરે. ૧૨ અજીઅ૦
કૂડ કપટ દ્રૂહ વંચપણઉં, તેહતણા ફલ દેખિરે,
કુષ્ટી કુબજ નઈ પાંગલાં, અંધ વલી વસેખિરે. અજીઅ. ૧૩
ધન જોવન સુખ તાં લગઈ, જાં હુઈ પોતઈ પુણ્યરે
તે હય પુણ્ય વિહૂણડા, કેતા દીસઈ વિક્રમરે. અજીઅ.૧૪
જોતાં સર્વ અનંત દીસઈ, દીસઈ જિનધર્મ સારરે,
કરમસી ભણઇ અરે જીવડા, દુધર છાંડેવઉ ભવભારરે. અજીઅ. ૧૫

—ઇતિ વૈરાગ્યકુલ.

શાંતિસૂરિકૃત શેત્રુંજય ભાસ

લ. સં. ૧૫૩૫

કરિ કવિ-જણણિ પસાઉ,
હંમઈ સરસતિ સરસતિ દઈ મૂં વયણલાંએ,
ગાયસતી રથરાઉ,
હંમઈ શેત્રુંજ સેત્રુંજ ભવસાયર તણઉં એ; ૧
નાભિ નરિંદ મલ્હાર,
હંમઈ નિસિ નિસિ ઘડીય ન વીસરઇએ;
ઊમાહડઉ અપાર,
હંમઇ અલજઉ અલજઉ અંગિ ન ઊર તરઇએ. ૨
જાણૂં ઊડી જાઉં,
હંમઈ ગિરિવરિ ગિરિવરિ સિહિર સોહામણૂંએ;
રિસહેસર ગુણ ગાઉં,
હંમઈ અહનિસિ અહનિસિ એહજ મૂરલીએ. ૩
આંબલડા રસ કોઈ,
હંમઈ કોઇલિ કોઇલિ મન લાગી રહૂંએ;
જે પાણિ લહઈ ન સોઇ,
હંમઇ તોઇ ન તોઈ ન જોઈ ન સામહૂં એ. ૪
માન સરોવર માહિ,
હંમઈ જે જલિ જે જલિ નિરમલ નાહીઇએ;
અવર ભલેરડઈ ઠામિ,
હંમઇ તે કિમ તે કિમ હંસ રમલિ કરઇ એ. ૫
કેતકિ પરિમલ કેતિ,
હંમઇ જોઇ ન જોઈ ન ફૂલ ફૂલડાં એ;
એ સરસ નત્થી અનેત્થિ,
હંમઈ ભૂલિ મ ભૂલિ મ ભોલા ભમરલા એ. ૬
જલહર તણઉ સજાણ,
હંમઈ પાણીય પાણીય ચાતકિ ચાખિઉ એ.
સરવર નદી નિવાણિ,
હંમઇ ચાંચનઈ ચાહ દૂઇ આપણી એ. ૭
જે સેત્રુંજ ગિરિ જાઈ,
હંમઈ જગગુરૂ જગગુરૂ રિસહ જુહારિવા એ;
કહિ કિમ તીહ સુહાઈ,
હંમઇ તીરથ તીરથ ચિંતિ અનેરડું એ. ૮
આદિન્ન અવલી રીતિ,
હંમઈ સગપણ સગપણ કેરી તાહરઈ એ;
આપલ્લ વઇ મઝ ચિંતિ,
હંમઇ મૂપણ મૂપણ થાહર નવિ દીઇ એ. ૯
તહમહ દરસણ દેસિ,
હંમઇ હૂં હિવ હૂં હિવ હઉઅ ઉતાવલઉ એ;
કહીંઇ પસાઉ કરેસિ,
હંમઇ દરસણ દરસણ દાખિ ન આપણઉં એ. ૧૦
દૂરિ થિકઉ નહી દૂરિ,
હંમઇ જઇ કિ મનઇ કિમ ઊજમ ઊપજઇ એ;
ઇમ બોલઇ **શાંતિસૂરિ**,
હંમઇ સેત્રુંજ સેત્રુંજ હઇ ઘરિ આંગણઇ એ. ૧૧

—ઇતિશ્રી શેત્રુંજય ભાસઃ સમાપ્તાઃ ॥છ॥ સંવત ૧૫૩૫ વર્ષે ગુરઓદ મહાનગરે, અભયપ્રભગણિના લિખિતં ॥

एकाहारी भूमिसंस्ता (र) कारी । पद्भ्यां चारी शुद्धसम्यक्त्वधारी ॥
यात्राकाले सर्व सचित्तपरिहारी । पुण्यात्मा स्यात् सत्क्रिया ब्रह्मचारी ॥ १ ॥
षट् री श्लोकः ॥ श्री संघस्य शुभं भवतु ॥छ॥

ખ૦ જિનચંદ્રસૂરિને અકબર બાદશાહનું ફરમાન.

અકબર બાદશાહે ખરતરગચ્છના જિનચંદ્રસૂરિની પ્રાર્થનાથી જે ફરમાન આપ્યું હતું તેની એક નકલ 'સરસ્વતી' હિન્દી માસિકના તંત્રી શ્રી મહાવીરપ્રસાદ દ્વિવેદીની પાસે કાશીના મુનિવર ઇન્દુ (? ઈંદ્ર)વિજયે મોકલી હતી. તે ફારસીમાં છે ને તેનાપર શાહી મોહરની નકલ છે. તેનું અક્ષરાન્તર તે તંત્રીજીએ પોતે 'C' (એટલે સા૦ સાક્ષર શ્રી ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલ) એ એક અંગ્રેજી લેખ નામે Hiravijaya Suri or the Jainas at Court of Akbar લખ્યો હતો (પ્ર૦ જૈનશાસન વીરાત્ સં. ૨૪૩૭નો દીવાળી અંક) તે પરથી 'હીરવિજયસૂરિ' નામનો હિંદી લેખ લખી સરસ્વતીના જુન ૧૯૧૨ના અંકમાં પહેલાં પ્રથમ પ્રસિદ્ધ કર્યો હતો તેમાં નીચે પ્રમાણે આપવામાં આવેલ છે:—

"ફર્મોન જલાલુદ્દીન મોહમ્મદ અકબર બાદશાહ ગાજી—

હુક્કામ કિરામ વ જાગીરદારાન વ કરોરિયાન વ સાયર મુત્સદ્દિયાન મુહિમ્માત સૂબૈ મુલતાન વિદાનંદ।

"કિ થૂં હમગી તવજ્જોહ ખાતિર ખૈરંદેશ દર આસૂદગી જમહૂર અનામ બલ કાફ્ફએ જાઁદર મસરૂફ વ માતૂફસ્ત કિ તબકાત આલમ દરમહાદ અમન ખૂદા બફરાગે બાલ બઇબાદત હજરત એજિદ મુતઆલ ઇસ્તગાલ નુમાયંદ। વ કબ્લે અર્જી મુરતાજ ખૈરઅંદેશ જૈચંદ સૂર ખરતરગચ્છ કિ બદૈજે મુલાજિમત હજરતે મા શરફ ઇખતિસાસ યાફતા હકીકત વ ખુદા તલબી ઓ બજહૂર પૈવસ્તા બૂદ। ઓરા મશગૂલ મરાહિમ શાહંશાહી ફરમૂદૈમ્। મુશારન્ ઇલૈહૈ ઇલતિમાસ નમૂદ કિ પેશ અર્જી હીરબિજયસૂરિ સાગર શરફ મુલાજિમત્ દરિયાફતા બૂદ। દર હર સાલ દોવાજદહ રોજ ઇસ્તદુવા નમૂદા બૂદ કિ દરાં અય્યામ દર મુમાલિકે મહરૂસા તસલીખ જાઁદારે ન શવદ। વ અહદે પૈરામૂન મુર્ગ વ માહી વ અમસાલે આઁ ન ગરૂદદ। વ અજરૂય મેહરબાની વ જાઁ પરવરી મુલ્તમસે ઊ દરજૈ કબૂલ યાફત। અકનૂ ઉમ્મેદવારમ્ કિ યક હફ્તં દીગર ઈ દુવાગોય મિસ્લે આઁ હુકમે આલી શરફ સુદૂર યાબદ। બિનાબર ઉમૂમ રાફત હુકમ ફરમૂદૈમ્ કિ અજ તારીખે નૌમી તા પૂરનમાસી અજ શુકલ પછ અરગઢ દર હર સાલ તસલીખ જાઁદારે ન શવદ્। વ અહદે દર મકામ આજાર જાઁદાર......મોરે ન ગરદદ્। વ અસ્લ ખુદ આઁનસ્ત કિ ચૂં હજરતે બેચૂં અજ બરાએ આદમી ચંદીં જથામતહાય ગૂનાગૂં મુહય્યા કરદાઅસ્ત। દર્ હેચ વક્ત દર આજાર જાનવર ન શવદ્। વ શિકમે ખુદરા ગોર હૈવાનાત ન સાજદ। લેકિન બ જેહત બાજે મલાસહ દાનાયાન પેશ તજવીજ નમૂદા અંદ। દરીવિલા આચાર્ય **જિનસિંહ** સૂરિ ઉર્ફ **માનસિંહ** બ અરજઅશરફ અકદસ રસાનીદ : કિ ફરમાને કિ કબ્લ અજી બશરહ સદર અજ સુદૂર યાફતા બૂદ ગુમ શુદા। બિનાબરાં મુતાબિક મજમૂન હુમા ફરમાન મુજદૂદ ફરમાન મરહમત ફરમૂદૈમ્। મે બાયદ્ કિ હરબુલ મસ્તૂર અમલ નમૂદા બ તકદીમ રસાનંદ। વ અજ ફરમૂદહ તખલ્લુફ વ ઇનહિરાફ નવરજંદ। દરીં બાબ નિહાયત એહતમામ વ કદગન્ અજીમ લાજિમ દાનિસ્તા તગઇયુર્ બ તબદ્દુલ બકવાયદ આઁ રાહ ન દિહંદ। તહરીરન્ ફીરોજ રોજ સી વ યકુમ માહ ખુરદાદ્ ઇલાહી સન્ ૪૯।

(૧) "બ રિસાલએ મુકર્બુલ હજરત સ્તુલતાની દૌલતખાં દર ચોકી (ઉમદે ઉમરા)

(૨) "જુબદ તુલ આયાન રાય મનોહર દરનૌબત વાકયા નવીસી ખાજા લાલચંદ"

આનો હિંદીમાં અનુવાદ જોધપુર નિવાસી (હાલ સ્વ.) મુંશી દેવીપ્રસાદજીએ નીચે પ્રમાણે કર્યો છે તે ત્યાંજ છપાયો છે:-

ફરમાન અકબર બાદશાહ ગાજીકા।

"સૂબે મુલતાન કે બડે બડે હાકિમ, જાગીરદાર, કરોડી ઔર સબ મુત્સદ્દી (કર્મચારી) જાન લેં કિ હમારી યહી માનસિક ઇચ્છા હૈ કિ સારે મનુષ્યોં ઔર જીવ-જન્તુઓં કો સુખ મિલે, જિસસે સબ લોગ અમન ચૈનમેં રહ કર પરમાત્માકી આરાધનામેં લગ રહેં। ઇસસે પહલે શુભચિન્તક તપસ્વી જયચન્દ (જિનચંદ્ર) સૂરિ ખરતર (ગચ્છ) હમારી સેવામેં રહતા થા। જબ ઉસકી ભગવદ્ભક્તિ પ્રકટ હુઇ તબ

હમને ઉસકો અપની બડી બાદશાહીકી મહેરબાનિયોં મેં મિલા લિયા । ઉસને પ્રાર્થના કી કિ ઇસસે પહલે હીરવિજય સૂરિને સેવામેં ઉપસ્થિત હોનેકા ગૌરવ પ્રાપ્ત કિયા થા ઔર હર સાલ ૧૨ દિન માંગે થે, જિનમેં બાદશાહી મુલ્કોમેં કોઇ જીવ મારા ન જાવે ઔર કોઈ આદમી કિસી પક્ષી, મછલી ઔર ઉન જૈસે જીવોંકો કષ્ટ ન દે । ઉસકી પ્રાર્થના સ્વીકાર હો ગઇ થી । અબ મૈં ભી આશા કરતા હૂઁ કિ એક સપ્તાહ કા ઔર વૈસાહી હુકમ ઇસ શુભચિન્તક કે વાસ્તે હો જાય । ઇસ લિએ હમને અપની આમ દયાસે હુકમ ફરમા દિયા કિ આષાઢ શુકલપક્ષકી નવમી સે પૂર્ણમાસી તક સાલમેં કોઇ જીવ મારા ન જાય ઔર ન કોઇ આદમી કિસી જાનવરકો સતાવે । અસલ બાત તો યહ હૈ કિ જબ પરમેશ્વરને આદમી કે વાસ્તે ભાઁતિ ભાઁતિ કે પદાર્થ ઉપજાયે હૈં તબ વહ કભી કિસી જાનવર કો દુઃખ ન દે ઔર અપને પેટ કો પશુઓંકા મરઘટ ન બનાવે । પરન્તુ કુછ હેતુઓં સે અગલે બુદ્ધિમાનોંને વૈસી તજવીજ કી હૈ । ઇન દિનોં આચાર્ય જિનસિંહ ઉર્ફ માનસિંહને અર્જ કરાઇ કિ પહલે જો ઊપર લિખે અનુસાર હુકમ હુઆ થા વહ ખો ગયા હૈ । ઇસ લિએ હમને ઉસ ફરમાનકે અનુસાર નયા ફરમાન ઇનાયત કિયા હૈ । ચાહિએ કિ જૈસા લિખ દિયા ગયા હૈ વૈસાહી ઇસ આજ્ઞાકા પાલન કિયા જાય । ઇસ વિષયમેં બહુત બડી કોશિશ ઔર તાકીદ સમઝ કર ઇસકે નિયમોંમેં ઉલટ ફેર ન હોને દેં । તા૦ ૩૧ ખુરદાદ ઇલાહી, સન ૪૯ ।

હજરત બાદશાહ કે પાસ રહને વાલે [1]દોલતખાં કે હુકમ પહુઁચાને સે, ઉમદા અમીર ઔર સહકારી રાય મનોહરકી ચૌકી ઔર ખ્વાજા લાલચંદકે વાકિયા (સમાચાર) લિખનેકી બારીમેં લિખા ગયા ।"

આ ફરમાનથી સ્પષ્ટ થાય છે કે હીરવિજયસૂરિને બાર દિવસો માટે જીવહિંસા ન કરવામાં આવે એ વિષયમાં તો ફરમાન મળ્યું જ હતું. આની પછી જિનચંદ્રસૂરિને પણ એક સપ્તાહ (સાત દિન)ને માટે ફરમાન મળ્યું હતું.

જિનચંદ્રસૂરિ સંબંધી કાવ્ય.

સજ્જે મૃગ નયન ચલે ગુરુવંદન છૂટિ માનુ ગજરાજ ઘટા
કર કંકણુ નેવર હાર બણ્યૌ ગલ માલતિ બીચ છૂટ લતા
ગોરી ગાવત ગીત સુહાગિન પૂરત મોતિયાં ચૌક છટા
ભટ્ટારક તો જિનચંદ ભટ્ટારક ઓર ભટારક પેટ લતા. ૧
એજી નિર્મલ પંચ મહાવ્રતધારક ભંજિત કામ કઠોર ઘટા
જ્ઞાનનૈં ધ્યાન મહી શ્રુતસાગર વાગ્ વિનિર્જિત વાદ ભટા
ભૂપતિ ભૂરિ ચલે ગુરુવંદન દર્શન નાશત દૂર વટા
જિનશાસન જિનચંદ ભટ્ટારક ઔર ભટ્ટારક પેટ નટા. ૨
મસૂર પઠાન ગર્વ કિયો લેયા વાદ વદૂં કોઇ પંડિત જાગે
શાહ સલેમ બોલાય શ્રી પુજકું મોય ભરોસો ચંદન ભાગે
ભટ્ટ હાર ગયો ઇક ચોટ શબ્દકી જીત ભઇ ઉ જૈન કે તાગે
બાદ જિત્યૌ જિનચંદ ભટ્ટારક યું પાતસાહ દિલીપતિ આગે. ૩

—શ્રીભંવરલાલ નાહટા—વીકાનેરસેં પ્રેષિત.

કર્મચંદ્ર સંબંધી કાવ્ય.

આચાર્ય જિનચંદ્ર સૂરિ કે લાહોર જાને પર યુગપ્રધાન પદ ઔર જિનસિંહસૂરિ કે આચાર્ય પદ કે અવસર પર કર્મચંદ્ર બચ્છાવત કી દિયા હુવા દાન વર્ણન.

નવ હાથી દિયા નરેશ સુતો મદસે મતવાલો
નવે ગાંવ બગસીસ લોટ નિત લાવત હાલો
ઐરારવી સૌ પાંચ સો તો જગ સગલો જાણે
સવા કોડ કો દાન મલ્હકો સચ્ચ બખાણે
કોઇ રાવત રાણો કર સકૈ શ્રી સંગ્રામ રાય જુ કિયા
યુગપ્રધાન કે નામ સે કર્મચંદ્ર ઇતના દિયા.

આચાર્યસીકી સ્વાગત.

ઘડી પન્નો મદ ગયન શીશ સિંદૂર સંવારે
ચંવર પ્રમો લખ ચ્યાર સ્વામરા ચાંચરા સુધારે
ધણી નાદ વીરઘંટ ઇણિ ઉપર અંબાડી
ઘૂઘર પાખર પેખતાં જુ થરહરાયે ભારી
પરતિખ ધ્વજા ફર નિજ ઇમ સામેલે સંચરે
જિનચંદ સૂરિ આયાં જુગતિ ઇમ કર્મચંદ ઉલાવ કરે.

—શ્રીભંવરલાલ નાહટા—વીકાનેર સેં પ્રેષિત.

---

[1] દોલતખાન ખંભાતના રાય કલ્યાણનો ચાકર હતો. જુઓ મિરાતે એહમદીના ગુજરાતી અનુવાદનું પૃ. ૧૪૮. તે અને આ દોલતખાં એક કે ભિન્ન હતા તે કહી શકતું નથી. (જુઓ સૂરીશ્વર અને સમ્રાટ પૃ. ૨૨૫ની નોંધ).

સાત ક્ષેત્રો.

સાત ક્ષેત્રોમાં ધનરૂપી બીજ વાવવું જોઇએ એ વાત શાસ્ત્રકારે કહી છે અને તેથી ભાવિક જૈનો પોતાનું વિત્ત સાત ક્ષેત્રમાં વાપરે છે અને કેટલાક પોતાના વસિયતનામામાં પોતાનાં નાણાં સાત ક્ષેત્રમાં વાપરવાં યા સાતક્ષેત્રમાં જે સીદાતું ક્ષેત્ર લાગે તેમાં વાપરવાં એમ પોતાના ટ્રસ્ટીઓને ભલામણ કરી જાય છે. પછી તે સંબંધી કેસ ઉત્પન્ન થતાં કોર્ટમાં જજ સાહેબને સાત ક્ષેત્ર એટલે શું તે સમજાવવાની જરૂર પડે છે. આવી એક સ્થળે જરૂર પડવાથી અમોને તે સાત ક્ષેત્ર સંબંધીનાં જૂનાં પ્રમાણો શોધી આપવાનું કહેવામાં આવતાં આ સાદી વાત શોધતાં પણ પ્રયાસ સેવવો પડયો. તેને પરિણામે નીચેની સાંપડેલી હકીકત જણાવીએ છીએઃ—

[કર્પૂર પ્રકરણમાં સાતે ક્ષેત્રનું વર્ણન છે અને તે નીચે જણાવેલ સિંદુર પ્રકરણથી જૂનું છે. તે જૈન કથારત્ન કોષ ભાગ પાંચમામાં ભીમસી માણેક તરફથી પ્રકટ થયેલ છે તેમાંથી જોઈ લેવું. આ વાત આ લેખ લખાયા પછી જણાતાં તેનો વિસ્તારથી અત્ર ઉલ્લેખ કરી શકાયો નથી.]

વિક્રમ તેરમી સદીમાં કુમારપાલ રાજાના સમયમાં થયેલા સોમપ્રભાચાર્યે સિંદુરપ્રકરણ નામનું ઓળખાતું એક શતક શ્લોકનું કાવ્ય રચ્યું છે કે જેનું બીજું નામ સૂક્તિમુક્તાવલિ પણ છે. તેનો ૮૦ મો શ્લોક દાનપ્રક્રમ સંબંધી એ છે કેઃ—

तस्यासन्ना रतिरनुचरी कीर्तिरुत्कंठिता श्रीः
स्निग्धा बुद्धिः परिचयपरा चक्रवर्तित्वऋद्धिः।
पाणौ प्राप्ता त्रिदिवकमला कामुकी मुक्तिसम्पत्
सप्तक्षेत्र्यां वपति विपुलं वित्तबीजं निजं यः
॥८०॥

—જે મનુષ્ય પોતાનું વિપુલ વિત્તરૂપી બીજ **સાતક્ષેત્રોમાં** વાવે છે તે પુરૂષને રતિ સમીપવર્તી થાય છે, કીર્તિ દાસી થાય છે, શ્રી એટલે સંપત્તિ મળવા ઉત્કંઠિત બને છે, બુદ્ધિ સ્નિગ્ધ—સ્નેહવતી રહે છે, ચક્રવર્તીની ઋદ્ધિ સુપરિચિત થાય છે, સ્વર્ગની કમલા એટલે શ્રી હસ્તગત થાય છે, મુક્તિરૂપી સંપત્—સિદ્ધિ કામુકી એટલે સાભિલાષ બને છે.

सप्तक्षेत्री કયાં તે સંબંધી આ ઉપર ટીકા કરનાર હર્ષકીર્તિ કે જે વિક્રમ ૧૮મા શતકમાં થયા તે જણાવે છે કે **सप्तक्षेत्र्यां जिनभुवन बिम्ब पुस्तक चतुर्विधसंघभक्तिरूपायां** એટલે સાત ક્ષેત્રોમાં અર્થાત્ જિનભુવન-બિંબ-પુસ્તક-ચતુર્વિધ સંઘની ભક્તિરૂપી સાત ક્ષેત્રોમાં. (ચતુર્વિધસંઘ એટલે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા).

આમ મૂળ ગ્રંથકારે 'સાત ક્ષેત્ર'નો ઉલ્લેખ કર્યો છે અને ટીકાકારે તે સાતનો નામનિર્દેશ કર્યો છે. ટીકાકાર ૧૮મી સદીના હોઇ મૂળ ગ્રંથકારની અપેક્ષાએ ઘણા અર્વાચીન ગણાય.

આ માટે એક અજ્ઞાત કવિએ **સં. ૧૩૨૭ માં 'સપ્તક્ષેત્ર રાસુ'** રચ્યો છે કે જે ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝમાં નં. ૧૩માં પ્રકટ થયેલ પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં પૃ. ૪૭ થી ૫૮ મધ્યે છપાયેલ છે તેમાં ઉપર્યુક્ત સાતે ક્ષેત્રોનું વિસ્તારથી વર્ણન કર્યું છેઃ—

સમકિતમૂલ વ્રતુ બારહ ગહિયધરમિ પાલેવઉ,
સપ્તક્ષેત્ર જિનભણિયા તિહ વિત્તુ વાવેવઉ. ૧૭

—સમ્યકત્વમૂલ બારે વ્રત ગૃહસ્થ ધર્મમાં પાળો, અને સાત ક્ષેત્રો જિને કહેલાં છે તેમાં વિત્ત વાવો—વાપરો.

પહિલઉં ક્ષેત્ર સુ જિણહભુવણુ કરાવઉ ચંગૂ
જી છે મહિમા કરઇ સઉ શ્રી ચઉવિહસંઘૂ. ૨૦

× × × ×

બીજં ખેત્રુ સુજિનહ બિંબુ તે ઇહાં વિચારોં
મણિમય રયણુ સુવર્ણમએ બિંબ રૂપમ કારો. ૨૮

× × × ×

ત્રીજઉં ક્ષેત્રુ સુ સંભલઉ એ વરલોયણે ! જં ભણિઉં વીયરાઇ

ગુણ ગંભીર સો **જિણહ વયણુ** મૃગલોયણે ! તસુ
નવિ ઊપમ કાંઇ. ૫૬

× × × ×

હિવ **શ્રમણસંઘ** ભત્તિ, કરઉ જીવ તુમ્હિ **યથા સક્તિ.**
પહિલઉ કીજઇ તોઇ પાવયણા અનીય વિશેષિહિ
આયરિય ઠવણા ૭૦

× × × ×

પ્રસંસીઇ મુની જિહિ ગુણિ સહિયા,
તે ગુણ જિણવરિ **શ્રમણી** કહિયા
એક વિશેષુ પુણુ **શ્રમણી** દીસઇ,
વહઇ ઉપગરણ તોઇ પંચવીસઇ. ૭૯

× × × ×

હિવ તોઇ **શ્રાવકતણઉં** ક્ષેત્રુ ભવી કહીસઇ
જઉ જિણસાસણ તણી ભૂમિ અતિભલઉં ફલીસિઇ.૯૬

× × × ×

જે પુણ શ્રાંવક તણા ભવિય કહીયઇ જિનસાસણિ
તે ગુણ જિણ ભણઇ **શ્રાવિય હ** જાણેવા નિયમા.૧૦૦

આ પ્રમાણે જિનભવન, જિનબિંબ, જિનવચન એટલે સિદ્ધાંત–પુસ્તક, શ્રમણ–સાધુ, શ્રમણી–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ સાત ક્ષેત્ર બતાવ્યાં છે અને તે દરેક માટે શું શું કરવું તે પણ કડી ૨૦ થી ૧૧૨ કડીમાં વિસ્તારથી જણાવ્યું છે. પછી રાસકાર કહે છે:–

ઇહ સાતઇ ક્ષેત્ર ઇમ બોલીયા **આગમ અણુસારે**
પુણ તુમ્હે વાવીયં ભલીય પરે વિત્ત આપણરે. ૧૧૩

એટલે આ સાતે ક્ષેત્ર આ પ્રમાણે **આગમ અનુસાર** કહ્યા છે તો તમારે પોતાનું વિત્ત સારી રીતે વાવવું–વાપરવું. આમાં 'આગમ અનુસારે' એમ ખાસ જણાવ્યું છે તો કોઇ પણ આગમમાં આ સંબંધી ઉલ્લેખ, નિર્દેશ કે પરિચય કરાવેલો હશે. કોઇ આગમનો જ્ઞાતા તેના પ્રમાણ સહિત જણાવશે તો સાત-ક્ષેત્રની પ્રરૂપણા આગમ જેટલી પ્રાચીન ગણાશે. અભિધાન રાજેંદ્રમાં ખિત્ત કે ખેત્ત એ બંને શબ્દો જોયા, પણ તેમાં આ સાત ક્ષેત્રનો ઉલ્લેખ નથી તો પછી તેનાં આગમ પ્રમાણ કે બીજાં પ્રમાણનો ઉલ્લેખ ક્યાંથી જ હોય ?

આ રાસનો કરનાર પોતાના નામનો ઉલ્લેખ કરતો નથી પણ તે સંબોધન પોતાની પત્નિને કરતો ન હોય તેમ વરલોયણે, મૃગલોયણે (જુઓ ઉપર ટાંકેલી કડી ૫૬મી) વાપરે છે એટલે તે શ્રાવક હોવો જોઇએ, યા તો વરલોયણે એ એક ઢાળમાં મૂકાનારો શબ્દ છે અને ખરતર એ શબ્દ મુનિના સંબંધમાં વિશેષણ તરીકે સાધુ ક્ષેત્રની વાત કરતાં નીચે પ્રમાણે વાપરે છે:—

જે જિનવરિ મુનિ કહિયા આગમિ,
ક્રિયા સાર અનઇ **ખરતર** સંજમિ. ૭૧

તેથી તે **ખરતર** ગચ્છનો હોવો જોઇએ એમ લાગે છે. પોતે મૂર્ખ છે પણ સુગુરૂના પ્રતાપથી સં. ૧૩૪૭ ના માહમાસની પહેલા પખવાડીઆ–શુકલ-પક્ષની દશમી તિથિએ ને ગુરૂવારે રાસ રચ્યો છે એમ પોતે જણાવે છે:—

મૂં મૂરખ તોઇ એ કુણ માત્ર પુણ સુગુરૂપસાઉ
અનઇ જ ત્રિભુવન સામિ વસઇ હિયડઇ જગનાહો
તીણિ પ્રમાણિઇ સાતક્ષેત્ર ઇમ કીધઉ રાસો
શ્રી સંઘુ દુરિયહ અપહરઉ સામી જિણ પાસો. ૧૧૭
સંવત **તેર સત્તાવીસઈ માહ** મસવાડઇ
ગુરૂવારિ આવી ય **દસમિ** પહિલઇ પખવાડઇ
તહિ પૂરૂ હૂઉ રાસુ સિવ સુખ નિહાણું
જિણ ચઉવીસઇ ભવીયણહ કરિસિઇ કલ્યાણું. ૧૧૮

પંદરમા શતકના અંતે થયેલા **મુનિસુંદર** સૂરિ પોતાના અધ્યાત્મકલ્પદ્રુમમાં દ્રવ્યમમતામોચન વિષે લખતાં ક્ષેત્રોમાં વિત્ત વાવવાનો ઉપદેશ કરે છે:—

क्षेत्रेषु नो वपसि यत्सदपि स्वमेतद्
यातासि तत्परभवे किमिदं गृहित्वा ।
तस्यार्जनादि जनिताघचयार्जितात्ते
भावी कथं नरकदुःखभराच्च मोक्षः ॥ ५३

–જે પાસે હોય તે પોતાના દ્રવ્યને **ક્ષેત્રોમાં** ન વાવો તો આ દેખાતું ધન લઇને પરભવમાં શું જઈ શકીશ ? તેના ઉપાર્જન આદિથી ઉત્પન્ન થયેલા પાપ સમૂહથી ઉત્પન્ન થયેલ નરકના દુઃખના સમૂહથી મુક્તિ તારી કઇ રીતે થશે ?

આની ટીકા હીરવિજયસૂરિના શિષ્ય કલ્યાણ-વિજય ઉપાધ્યાયના શિષ્ય ધનવિજય ઉપાધ્યાયે અધિ-રોહિણી નામની ટીકા રચી છે તેમાં ઉપરનો શબ્દ 'ક્ષેત્રોમાં' આ રીતે સમજાવે છે:—

क्षेत्रेषु जिनभवनबिम्बपुस्तक साधुसाध्वी श्रावक श्राविकारूपेषु सप्तसु प्रतिष्ठा तीर्थयात्रा सहितेषु नवसु वा ।

ક્ષેત્રમાં એટલે જિનભવન-જિનબિંબ-પુસ્તક-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપી સાતમાં, અથવા પ્રતિષ્ઠા અને તીર્થયાત્રા ભેગાં કરીએ તો નવમાં. આમાં વિકલ્પે વળી બે ઉમેર્યા છે પ્રતિષ્ઠા અને તીર્થયાત્રા-આ બંનેનો સમાવેશ જિનભવન અને જિનબિંબમાં થઇ શકે.

પદ્મસાગરે સં. ૧૬૪૬ માં હીરવિજયસૂરિ સંબંધી જગદ્‌ગુરૂ કાવ્ય રચ્યું છે તેમાં એક શ્લોક છે કેઃ—

देशे यत्र पुरेषु येषु विहृतिं चक्रु स्त्विमे सूरयः सप्तक्षेत्रधनव्ययो धनिकृतस्तत्राऽभवत्तेषु वा।।३९।।

-જે દેશ અને જે શહેરમાં આ સૂરિએ વિહાર કર્યો તે દેશ અને પુરમાં ધનિકોએ સાત ક્ષેત્રમાં ધનનો વ્યય કર્યો.

તંત્રી.

કવિ સોમકૃત મેઘજી-હીરજી સંવાદના સવૈયા.

લુંકા ગચ્છનાયક મેઘ કહૈં ગુરૂ હીર! તપ ગચ્છ લીજિયૈંજી
તજું પદ મે હિ આચાર્યકો હીર! દેઇ દિખ્યા શિષ્ય કીજીયૈંજી
નંદી પ્રત્યમા જિનભવનમૈં હિર રશના ડંડ દીજીયૈંજી
સખાઈ સશિષ્ય કરૈં વિનતી સોમ હીરજી નાઉ ન કીજીયૈંજી (ના ન પાડશો)

હીર કહે સુંનીયે મેઘજી! તુંમ્હ યૈ સૈં તપ ગચ્છ કૈસેં સહોગે
દીજૈં દીખ્યા ફિરકે ગુરકે કર્ય યોગ ખરો ખટ વહોગે
ઉણાં હિં તુહ્માર આચારજપદકો પદ ઈયાં શિષ્યકે શિષ્ય હોયે રહેગે,
સોમ કહૈં ન્નંદને જિનકું વન્યકું ઋષજી તુહ્મ તારક હોગે. ૨

લુંકે કરો જું કરિ મેઘજી ઋષ ઓ અપનો ગચ્છ-નાયક તાથૈં
સિદ્ધાંતમૈં મેઘ કહિં પ્રતિમા તબ હોતેં ગિતારથ પંડિત સાથૈં
સતાવીસ શિષ્ય અને મેઘજી ઋષ્ય લેઇ દિખ્યા ફેર હીરકે હાથ
આયો આચારય મેઘ ન પામૈ તબ સલ્ય પરી સોમ લુંકાને માથૈં. ૩

કહા કહું કુંમતિ મત કિ જિનકી પ્રતિમા મહા મૂઢ ન માનૈં
ઠોર હી ઠોર લિખિ પ્રતિમા હોમ કિર્ગ પેરિ સિદ્ધાંતકે પાનૈં
કિ...હૈં ભાવ ભવિ પ્રતિમા નન્યહે પ્રતિમા ચંદ સૂર ન માનૈં
લોપે ગુરૂદેવ તજિ પ્રતિમા ગચ્છ દુર ભયે સોમ દેવકે રાને. ૪

જિનમંદિરકુંજ આરંભ કહૌં વો ઉપાસરિં પત્થર કાહૈં ધરોરે,
સામિ જિમાઉ સમહિઈ કરો ઉર કાહેકું દેસમેં બ્યાર ફરોરે
એક પાંણીકૈં બિંદ અસંખ જીઆ તબ ઓ નદીઆં તુહ્મ ક્યાંઇ તરોરે
પોકારો દયા દયા સોમ કહૈં તુહ્મ પોથીકે વિંગણુ કાહૈં કરોરે. ૫

વિજયદાનસૂરિ સમયમાં સાધુસ્થિતિ.

૧. સંવત્ ૧૬૧૯ વર્ષે માર્ગશીર્ષે અશિત પક્ષે ૧ દિને શ્રી વિજયદાનસૂરિભિ લિંખતિ ॥ આજ પછી પરંપરાગત સામાચારી કેણુઈ આઘી પાછી કરવી નહી । નવુ વિચાર ગચ્છ વિરૂદ્ધ કેણુઇ પ્રકાશવઉ નહી । કોઈ નવો વિચાર ગચ્છવિરૂદ્ધ પ્રકાશઈ તેહનઈ ગચ્છનઉ ઠબકઉ ॥ સહી સહી સહી ॥

અત્ર આચાર્યશ્રી હીરવિજયસૂરિ મતં ।
ઉ૦ સકલચંદ્ર ગણિ મતં ।
ઉ૦ શ્રી ધર્મ્મસાગર ગણિ મતં ।
ઉ૦ શ્રી રાજવિમલ ગણિ મતં ।
પં. કુશલહર્ષ ગણિ મતં ।
પં. શ્રી શ્રીકરણુ ગણિ મતં ।
પં. વિમલદાન ગણિ મતં ।
પં. સૂરચંદ્રગણિ મતં ।
પં. સંયમહર્ષ ગણિ મતં ।
પં. કુલહર્ષ ગણિ મતં ॥છ॥

૨—॥ ૯૦ ॥ સંવત્ ૧૬૨૧ વર્ષે રાયધનપુરે શ્રી વિજયદાનસૂરિભિ લિંષતં ॥ આજ પછી કિણુઇ સાત અધિક નિહ્નવ ન કહઇવા, જિકો કહઇ તેહનઇ ગચ્છનઉ ઠબકો. પ્રતિમા આશ્રી જિમ ચાલિઉં આવઇ છઇ તે તિમજ ચલવવઉં ॥

અત્ર શ્રી હીરવિજય સૂરિ મતં ।
ઉપાધ્યાય શ્રી સકલચંદ્રગણિ મતં ।
ઉ૦ શ્રી ધર્મ્મસાગરગણિ મતં ।
પં૦ વિજયહંસગણિ મતં ।
પં૦ રૂપઋષિગણિ મતં ।
શ્રી કુશલવર્દ્ધનગણિ મતં ।
પં૦ શ્રીકર્ણગણિ મતં ।
પં૦ વાનરગણિ મતં ।
પં૦ સૂરચંદ્રગણિ મતં ।
પં૦ દી(હા)પાગણિ મતં ॥

મહં. ગલા યોગ્યં એ લેખ ચિહું જણે મલીનઇ મહં ગલાનઇ મોકલ્યો છઇ ॥

૩ સ્વસ્તિ શ્રી આદિજિનં પ્રણમ્ય । શધિનપુરતઃ શ્રી હીરવિજયસૂરિ, ઉ૦ સકલચંદ્રગણિ, ઉ૦ ધર્મ્મસાગરગણિ । પં૦ વાનરગણિભિ લિંખતં શ્રીમતિ અહમ્મદાવાદે મહં ગલા યોગ્યં । ધર્મલાભ જાણુયો । અપરં સાત અધિકા નિહ્નવ શાસ્ત્રઇ નથી તુહે તિમ સદ્દહયો । પ્રતિમા આશ્રી પૂર્વઈ જિમ ચાલિઉં આવઇ છઇ તિમ સદ્દહયો ઇતિ મંગલં ॥

૪ શ્રી વિજયદાન સૂરિભિર્લિખિતં

૧ દિગંબરનાં ચૈત્ય યતી શ્રાવકનઈ વાંદવા યોગ્ય નહી.

૨ એકલા શ્રાવક ગૃહસ્થનાં પ્રતિષ્ટાં (ષ્ટયાં) ચૈત્ય વાંદવા યોગ્ય નહી.

૩ અભિનિવેશ મિથ્યાત્વીનું ધર્મકર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય નહી.

૪ ઉત્કટ ઉત્સૂત્રભાષીનું ધર્મકર્ત્તવ્ય અનુમોદવા યોગ્ય નહી.

૫ દ્રવ્યલિંગીના દ્રવ્યઈ પ્રાસાદ પ્રતિમા નીપના હુઇ તે વંદનીક નહી.

૬ સ્વપંખીના ધરનઈ વિષઈ અવંદનીક પ્રતિમા હુઈ તે સાધુનઇ વાસક્ષેપઇ વંદનીક હઇ.

૭ સાધુની પ્રતિષ્ટા શાસ્ત્રઈ છઈ.

૫ સ્વસ્તિ શ્રી શાંતિજિનં પ્રણમ્ય ॥ તિરવાડા નગરતઃ પરમગુરૂ શ્રી વિજયદાનસૂરિ સેવી ઉ૦ શ્રી ધર્મ્મસાગર ગણિ લિષતિ સમસ્ત નગરે સાધુસાધવી શ્રાવકશ્રાવિકા યોગ્યં ॥ આજ પછી અમ્હે પાંચ નિહ્નવ ન કહઉં પાંચ નિહ્નવ કહ્યા હુઇ તે મિચ્છામિ દુક્કડં ॥ ઉત્સૂત્ર કંદકુદ્દાલ ગ્રંથ ન સદ્દહઉં, પૂર્વઈ સદ્દહ્યઉ હુઈ તે મિચ્છામિ દુક્કડં ॥ ષટ્પરવી । ચતુઃપરવી આશ્રી જિમ શ્રી પૂજ્ય આસિ (આદેશ) દ્યઇ છઈ તે પ્રમાણ ॥છ॥ સાત બોલ જિમ ભગવન્ આસિ દ્યઈ છઈ, તે પ્રમાણ ॥ ચતુર્વિધ સંઘની આશાતના કીધી હુઇ તે મિચ્છામિ દુક્કડં ॥ ચૈત્ય પાંચનાં ઉથાપ્યાં હુઈ તે મિચ્છામિ

દુક્કડં ॥ આજ પછી પાંચનાં ચૈત્ય વાંદવાં ॥ તિરવાડા માહિ શ્રી પૂજ્ય પરમગુરૂ શ્રી વિજયદાનસૂરિ નઈ મિછામિ દુક્કડં ॥ દીધઉં છઇ સંઘ સમક્ષ એ બોલ આશ્રી જિણઇ ષોટઉં સદ્દહઉં હુઈ તે મિછામિ દુક્કડં દેજ્યો ॥છા॥

૬ સ્વસ્તિ શ્રી વીરજિનં પ્રણમ્ય । શ્રી ડીસા સ્થાને પરમગુરૂ ગછનાયક શ્રી ૬ શ્રી વિજયદાનસૂરિ ચરણાન્ ॥ ચરણસેવક શિવા લિખતં શ્રી પત્તન નગરે સમસ્ત સાધ સાધવી શ્રાવક શ્રાવિકા યોગ્યં તથા પરપક્ષી સમસ્ત. શિવઈ જે અસ્યો આજપછી પાંચ નિહ્નવ કહ્યા હતા તેહનઉં મિછામિ દુક્કડં ॥છા॥ ઉત્સૂત્ર કંદકુદ્દાલ ગ્રંથની સદ્દહણા પૂર્વિઇ હતી સદ્દહઇતા તે મિછામિ દુક્કડં ॥ ષોટી પ્રરૂપી તે ભણી શ્રી પૂજ્ય આશાતના તે ભણી અણાસ્તા તિમ બોલ્યા જિમ શ્રી પૂજ્ય આસિ દઇ તે તિમ પ્રમાણ ॥ ચતુર્વિધ સંઘની આશાતના શિવઇ કીધી ॥ તે મિછામિ દુક્કડં ચૈત્ય પાંચનાં ઉથાપ્યાં હુઇ તે મિછામિ દુક્કડં ॥છા॥ આજ પછી પાંચઇનાં ચૈત્ય વાદઉં ॥ ડીસા માહિ શ્રી પૂજ્ય પરમગુરૂ શ્રી વિજયદાનસૂરિ નઇ મિછામિ દુક્કડં દીધાં ॥ સંઘસમક્ષ એતલા આશ્રી જે ષોટાં સદ્દહ્યાં હુઇ તેહનો મિછામિ દુક્કડં ॥છા॥

(મુનિશ્રી જશવિજયના સંગ્રહમાંથી]

સમયસુંદરકૃત આબૂતીરથભાસ.

આબૂ પરબત રૂયડઉ, આદીસર,
ઉંચઉ ગાઉ સાતસે, આદીસર દેવ,
પાજઈ ચડતાં દોહિલઉં, આ૦
પણિ પુણ્યની ઘણી વાતરે. આદીસરદેવ. ૧
આબૂતી યાત્રા કરી આ૦ સફલ કીયઉ અવતારરે. આ.
આબૂતી યાત્રા કરી. આદી. આંકણી.
પહિલા આદીસર પૂજિયા આ. વિમલ વસહી સુજગીસરે. આદી.
દેવ જુહાર્યા દેહરી આ. અસ(શ્વ)ચડયા વિમલ મંત્રીસરે. આદી. ૨
શ્રી નેમીસર નિરખીયા આ. સામસૂરતિ સુકમાલરે. આ.
કુણ મંડપની કોરણી આ. ધન વસતપાલ તજપાલરે. આદી. ૩
ભીમ લૂણગ વસહી ભલી આ. ખરતર વસહી જિણંદરે. આ
સગલા બિંબ જુહારિયા આ. દૂરિ ગયઉ દુખદંદરે. આદી. ૪
અચલગઢઈ પછઇ આવીયા આ. ચઉમુખ પ્રતિમા ચ્યારરે. આ,
શ્રી સાંતિનાથ કુંથનાથની આ. પ્રતિમા પૂજી અપારરે. આદી. ૫
આબૂની જાત્રા કરી આ. આવ્યા સીરોહી ઉલાસરે. આ.
દેવ અનઈ ગુરૂ વાંદ્યાં તિહાં આ. સહુની પૂગી આસરે. આદી. ૬
જાત્રા કરી અઠયોતરઈ આદી. શ્રી સંઘ પૂજા સનાત્રરે. આ.
સમયસુંદર કહઇ સાસતી આદી. ભાસ ભલા હુયઇ જાત્રરે. આદી. ૭

—ઇતિશ્રી આબૂતીરથ ભાસ.

હંસરાજકૃત હીરવિજયસૂરિ ચતુર્માસલાભપ્રવહણ સજ્ઝાય.

(દુહા)

પ્રથમ જિણેસર મનિ ધરૂં, સમરૂં સરસતિ માય,
ગુણ ગાઉં તપગચ્છપતી, જસ નામિં સુખ થાઇ. ૧
સુખસાગર શ્રી જિનવર, નાભિરાય કુલિ ચંદ,
મરૂદેવિકુંઅર જગત્રગુરૂ, પ્રણમું ઋષભ જિનંદ. ૨
ઋષભ અજિત સંભવ પ્રભુ, અભિનંદન જિનદેવ,
સુમતિ પદમપ્રભ સુપાસ જિન, ચંદ્રપ્રભ કરૂં સેવ. ૩
સુવિધ સીતલ શ્રેયાંસ જિન, વાસુપૂજ્ય અરિહંત,
વિમલ અનંત ધર્મ જિન, શાંતિનાથ ભગવંત. ૪
જેણઇ જનમિં મંગલ બહૂ, શાંતિ હૂઈ જગમાંહિ,
કમલાનિધિ લીલાપતી, સોલસગો જિનરાય. ૫
શાંતિ કુંથુ અરનાથ એ, ચક્રવર્તિ અનઇ અરિહંત,
છઇ રાજા પ્રતિબોધીઆ, મલ્લિનાથ ગુણવંત. ૬
મુનિસુવ્રત નમિ નેમિ જિન, યાદવકુલિ સિણગાર,
બ્રહ્મચારી શિરોમણિ સહી રાજીમતી ભરતાર. ૭
કમઠ હઠી મદ ગાલીઉં, પન્નગ કીઉ ધરણિંદ,
યાદવ દલ જીવાડીઉ, જય જય પાસ જિણંદ. ૮
થંભણ પાસ ત્રંબાવતી, સુખ સંપતિ દાતાર,
શાસનપતિ ચઉવીસમુ, વીરજિન કરૂં જુહાર. ૯
અતીત અનાગત વર્ત્તમાન, બિહુત્તરિ જિનવર ભાણ,
એ ચિહુ તીરથ અવરવર, તે સવિ જિણ વહૂં આણ. ૧૦

રાગ દેશાખ મલ્હાર.

આવિઉ (૨)રે આવ્યઉ માસ વસંત સહી,
વનસપતીરે મુહરી રહ્યઇ સવિ સંપદ લહી;
મોહિઆ માલતીરે, ભમરા ગુંજારવ કરઇ,
મિલીઆચલ તણુઉરે, પવન ચિહું દિશિ વિસ્તરઇ. ૧૧
વિસ્તરઇ પરીમલ સુગંધ કુસુમહ કુંકુમ ચંદન છાંટણાં,
એક કરઈ ક્રીડા નારિ પ્રીયડા ખંડોખલીએ ઝીલણાં;
મધુ માસ ગાઇ વેણિ વાઇ કુસુમ ધરિ સદ્દ ભરઉ,
તિહાં મયણ રાજા રતિ અંતેઉરી સેનસ્યું લીલા કરઇ. ૧૨
ઇણિ અવસરિરે, આવિઉ તપગચ્છરાજીઉ,
ત્રંબાવતીરે, ત્રિભુવન મહિમા ગાજીઉ;
થંભણ પાસજીરે, આગઇ મધુ માધવ રમ્યા,
તિ તુ મનિ ધરિ, શ્રીપૂજ્ય પ્રભુ ચરણે નમ્યા. ૧૪

પ્રભુ નમ્યા ચરણે શુણ્યા વયણે, અમૃતનયણે નિરખતાં,
સીમંધર અરિહંત ભગવંત વંદઇ હીરજી હરખતાં;
કંસારી શ્રી પાસ જિનવર, સકરપુર ચિંતામણિ,
મહિમુંદ પુરિ સુલતાનપુરિ જિન,
આલીમાહિં ત્રિભુવન ધણી. ૧૫
જૂઉ અમ્હ ગુરૂરે, વસંત રમઇ રલીયામણઉં,
નંદનવનરે, પ્રવચન પરિમલ તિહાં ઘણુઉં,
ઉપસમરસરે, મનોહર ભરીઅ ખંડોખલી;
ઝીલઇ હીરજીરે, સંયમશ્રીસ્યું મનિ રલી. ૧૬
મનિ રલીઅ ઝીલઈ દુરિત ઠેલઈ,
ચંદન ગુર ગુણ છાંટણાં,
કોકિલા કંઠિં કામિની તિહા, ગીત ગાઇ ગુરૂ તણાં;
ધ્યાન્ન મન્ન મોરા સહી ચકોરા,
મધુકર પરિ સુગુરૂ ચલણ કમલિ રમઇ,
ગુરૂ ધ્યાન સરોવર લહિરિ શીતલ
પાપ તાપ તે નીગમઈ. ૧૭
મુનિ ભૂપતિજી, રૂપિં મયણ મદ ગાલીઉ,
દીખ્યા-રાણીરે, રતિ તણુઉ ગરવ ટાલીઉ;
સુવાસનારે, આચાર ઉત્તમ દીપીઇ,
હેલા માહિરે, કર્મતણાં દલ જીપીઇ. ૧૮
જીપીઇ વઈરી કર્મકેરા, સંતોષ સેજિઈં સુખ લહઇ,
કુસુમ પરિમલ કીર્ત્તિમાલા, સુગંધ યશ બહુ મહમહઇ;
દેસના વાજિત્રનાદ સુણે ભવિ, જિન પૂજા નાટિક કરઇ,
જૂઉ વસંતક્રીડા માહરા પૂજ્ય કેરી, મુગતિ સુંદરી
મનિ ધરઇ. ૧૯

ઢાલ-રાગ સામેરી.

જગજીવન પર ઉપગારી, આવિઉ પૂજ્ય મહાવ્રતધારી,
દેખી સંઘનઇ હર્ષ ન માવઇ, મંડાણિ ગુરૂ પધરાવઇ. ૨૦
મોટા શ્રાવક સાહ સારંગ,
સંઘવી જયવંતનઇ મનિ રંગ,
સાહ જાવડ સોની સહસધીર,
સંઘવી ઉદયકરણ ગંભીર. ૨૧
સાહ જયવંત નઈ સાહ રાજ,
કરઈ ધર્મતણાં બહૂ કાજ,

જૂઉ ઉદયકરણ ભંડારી,
કરઇ ભગતિ સહિગુરની સારી. ૨૨
દોસી વછા ઝીલા ભાકરાજ,
સાહ પતીઆ પરિખ કીકરાજ,
ગુહરા જયરાજ સાહ મહિપાલ,
એહવા શ્રાવક બહુત દયાલ. ૨૩
જિમ મંદિર ગુરૂ પધરાવઇ, ભરી માણિક મોતી વધાવઇ,
સોહાગિણિ મંગલ ગાવઈ,
ઇમ ખંભાયતિ રૂયડું ભાવઇ. ૨૪
સાગોટઈ ઉપાસરઇ સોહઇ,
શ્રીપૂજ્ય બઇઠા ભવિ પડિબોહઇ,
નિતિ ઉછવ ઘરિઘરિ દીસઈ, ગુરૂ દેખી હીયડું હીસઇ. ૨૫
દૂહા
બિંબપ્રતિષ્ઠા જિનતણી, જિનશાસનિ મંડાણ,
સીતલ જિનવર થાપીઆ, વાજઇ ઢોલ નીસાણ. ૨૬
બિંબ બિસઇ પનર અવર, સુરનર જોઇ મુનિવૃંદ,
વાસખેપ અંજન ઠવે, શ્રી હીરવિજય સુરીંદ. ૨૭
ઢાલ એહજ.
સુણી વાંણી શ્રી મુનિરાજ,
ધ્યન તે નર કરઈ એહવાં કાજ,
સંઘવી ઉદયકરણ ભાકરાજ,
ભાવિં વંદિ શ્રી ઋષિરાજ. ૨૮
જઇ વીનતી કરી પૂજ્ય પાસઇ,
લાભ જાંણિ રહી ચઉમાસઈ,
જેઠોઠી પરૂહણ ભરીયા, રૂડઇ વાય સુવાઈ તરીયાં;
ગયા ચોર કઠોર હીનોરા,
તે તુ ચરણપ્રસાદ ગુરૂ તોરા. ૨૯
રાગ ભીમમલ્હાર.
અનોપમ માસ આષાઢ કે, આસા સહૂ લહીરે,
કઇ આસ સહૂ લહીરે,
ગગનિ ધડૂક્યા મેહ કિ, વીજ ઝબૂકઇ સહીરે (૨) ૩૦
મોરા કરઇ કઇંગાર કે, બાપી પીઉ કરઇરે (૨)
તેણુઈ સમઇ પીઉ પરદેશિ કઈ,
કામિની મનિ ધરઇરે (૨) ૩૧
એહવું જાણી પૂજ્ય પેખતાં, ભગતજન મન ઠરઇરે,
કઇ ભગત૦
મેઘ વરસઈ અખંડધાર, નદી પૂરઇ સર ભરઇરે (૨)૩૨
પુન્યક્ષેત્ર સીંચઇ નીરિ, વાણી ઋષિરાજનીરે (૨)
મુખિ મીઠા પૂજ્ય વેલા ધ્યન આજનીરે (૨) ૩૩
રાગ ધવલ ધન્યાસી.
આ ભવસમુદ્ર સુભર ભર્યોએ, જિનધર્મ અવિહડ વાહણુ
જિણંદ નીપાઇઉં એ,
તારઇ તારઈ કુંઅરાજી કુંઅરતુ વાહણુ, ભલી પરિઇએ.
તારઇ (૨) કું. આંકણી.
જગત્રના લોકનઇ તારવા એ, ઘડિઉં વિશ્વકર્મા એહ,
સયલ દુખ વારવા એ, તારઇ૦ ૩૪
સુકૃત ક્રિયાણાં સુભર ભરિયા એ, લેઇ આવિઉ સાધુ કૃપાલ,
સગાલ થયા પુણ્ય તણા એ. તારઇ૦ ૩૫
ત્રિભોવન લોક સુખી થયા એ, ઇહ લોક નઇ પરલોક,
ભલઈ ગુરૂ આવીઆ એ. તારઈ૦ ૩૬
સમકિત દઢ સઢ દીપતો એ, સત્ય વચન તેહાં નેમ,
આજ્ઞા થંભ રોપીઉ એ. તારઈ૦ ૩૭
કીર્તિધજ જસ લહકતી એ, સદ્દહણા નાંગર દોર,
માલિમ તિહાં મુનિવરૂ એ. તારઇ૦ ૩૮
અનુકંપા સુંદર છત્રડી એ, ફુમતું અતિહિં ઉદાર,
ખિમા ઝૂલિ અતિ ભલી એ. તારઇ૦ ૩૯
મિથ્યાત્વ ડૂંગરડા જાલવઇ એ, કુમતી ચોર પ્રચંડ,
હેલામાં જીપીઆ એ. તારઇ૦ ૪૦
પુણ્યકરણી ગુણ ડાબડા એ, આઉલાં વ્રત પચખાણ,
દયા દાન નોર ભલો એ. તારઈ૦ ૪૧
સંતોષ પંતાસ રૂડિ રાખીઇ એ, સંવેગ રસ જલ સાર,
બલવંત મુનિ ખલાસીઆ એ. તારઇ૦ ૪૨
વાજિત્ર નાદ સઝાયના એ, સાંભલઇ શ્રીય મુનીંદ્ર,
માલિમ વર નાખૂઉ એ. ૪૩
ધનદત્ત શેઠ પરિવાર શું એ, સલામત આવિઉ ખંભાતિ,
ક્રિયાણાં સભર ભરી એ. ૪૪
દાન શીલ તપ ભાવના એ, ન્યાન દરિસન ચારિત્ર,
વધારઈ વસ્તુ ભલી પરિઇ એ. ૪૫
શ્રાવક વુહરતિ આવીયા એ, વિજય કરી માગઈ વસ્તુ,
ઉત્તમ ગુરૂ અમ્હ દીઉ એ. ૪૬
રાગ સોરઠી.
ક્રિયાંણાંરે પેખુ માહરાં પૂજ્યનાં,ન્યાન દરિસન ચારિત્રરે,
અમુલિક રયણ એ સીઅલરયું જાચા
હીરામાણિક નવતત્ત્વ રે. ૪૭

આસ પુહતી રે માહારા મન તણી, પેખતાં પૂજ્ય દીદારરે,
સુકૃત ક્રિયાણાં ભરી આવીઉં, ફલિયા ફલિયા ધર્મ
વ્યાપાર રે. આસ પુહતી રે૦ આંકણી. ૪૮

હીરજી ગુણ હાણા મોતી નિરમલાં પાવિ તે ભાવના આરરે,
અમુલિક રત્ન મહાવ્રત ધરઇ, ઉપદેશ જવહિર
આચાર રે. આસ૦ ૪૯

પોત સરાસર જાંણીઇ, માસખમણ દોઈ વીસ રે,
મકબલ સતરના પદ બિસઈ, સમોસરણ થયા સુ-
ત્રીસ રે. આસ૦ ૫૦

પાખખમણ પેટી હીરની, અપૂરવ દોઇ સિઇ સાત રે,
સંસારતારણ વીસ થાનિક, અઠીસઈ એ સૂક શક-
લાત રે. આસ૦ ૫૧

અઠ્ઠાઈ તે આરસઈ ચોલીયાં, ઉપધાન દ્રાખ ભરપૂર રે,
આખાડ બદામ પોસા સામાયક, નવપદ ખારિક
ખજૂર રે. આસ૦ ૫૨

કલપ અઠ્ઠમ ઉપવાસ રંગિઈ, આંબાલિનીવી બીજા
તપ સાર રે,
નમજાં પરતાં શ્રીફલ પૂગીફલ, એહ-વુહરતાં લાભ
અપાર રે. આસ૦ ૫૩

સરસ અસાઢ સફલિં ફલઉં, ભરી આવિઉ પૂજ્ય
વડૂં વાહણ રે,
સાનિધ્ય કરઇ શાસન દેવતા, રખવાલ વાહણની
જાણ રે. આસ૦ ૫૪

કુસુમમાલા સુગંધ ભાવના, પરિમલ સુખ વલી લાભ રે,
જિન ગુણ ગીત ગાઇ તિહાં,
દેસાઉરના આવ્યા ધરિ લાભ રે. આસ૦ ૫૫

રાગ ધન્યાસી.

શ્રાવણ માસ તે સરવડે, વરસઇ ભાદ્રવડે ભર મેહ,
શ્રીપૂજ્ય વાંણી એણીપરિ વરસઈ,વાધ્યા ધર્મ સનેહરે. ૫૬

ભવીઆં પ્રણમું પર ઉપગારી, ગુરૂ હીરજી મહાવ્રતધારી,
હૂઉ બાલપણઇ બ્રહ્મચારી, જાનિ મોટા એ બ્યાપી
જેણે તારિયાં બહુ નરનારીરે ભવીઆં૦ આંકણી ૫૭

જગત્ર સુખી થયુ પૂજ્ય પધારઇ, ઉત્સવ નિતિ મંડાણ,
સમોસરણ રચઇ સંધવી,
ઉદયકરણ પ્રણમઇ ગચ્છપતિભાણરે. ભવીઆં. ૫૮

પરવ પજૂસણ રંગિ કીજઇ, ફલીઆ ધર્મવ્યાપાર,
વસ્તુ અપૂરવ બહુમૂલ આવઇ,
ખામણડાં કરઇ સારરે. ભવીઆં. ૫૯

હરમજી વાહણ બખાઇ આવ્યાં, હૂઆ લાભ અનંત,
આસ ફલી આસો મસવાડઇ, પુણ્ય સગાલ હવા
સંતરે. ભવીઆં. ૬૦

શ્રીપૂજ્ય વાંણી સફલઈ ફલી, ન્યાન દરિસણ ચરિત્ર,
કાર્ત્તિક માસ તે કરસણ પાકાં, દેસવૃત્તિ સર્વવૃત્તિરે.
ભવીઆં. ૬૧

દેસ દેસના સંઘ પધારઇ, કાગલ ગુરૂતણા લ્યાવઇ,
ઉછવ મહોત્સવ કરઈ વધાવા, પ્રભાતના સંઘ કરાવઇરે.
ભવીઆં ૬૨

ઉપાધાન માલારોપણ મહાવ્રત, ચઉથાં વ્રત વલી બાર,
બિંબપ્રતિષ્ઠા અને અનશન, બહુત હૂઆ લાભ
અપારરે. ભવીઆં. ૬૩

શ્રી ગુરૂ હીરવિજય સૂરીસર, સકલચંદ ઉવઝાય
પંડિત શ્રી જયવિમલ મુનીસર, ગણિ વિદ્યાધર નમું
પાયરે. ભવીઆં. ૬૪

ગણિ રૂડા ગણિ કૃષ્ણવિજય ગણિ, લક્ષ્મીવિજય
ગુરૂ સંગિ,
ધર્મવિજય ગણિ મેઘવિજયગણિ, મુનિવિજય ઋષિ
સી(સા)રંગરે. ભવીઆ. ૬૫

પદ્મવિજય ઋષિ સૂરવિજય ઋષિ, જયવિજય ઋષિ
ન્યાનહર્ષ,
ભાવવિજય ઋષિ દેવવિજય ઋષિ, સેવંતા હુઇ
સુખરે. ભવીઆ. ૬૬

ગણિ કુલધર ઋષિ મોટા તપશી, ગણિ જિનકુશલ
વઇરાગી,
કરઇ વયાવચ્ચ મુનિવરકેરાં, સંયમસ્યું લય લાગીરે.
ભવીઆં. ૬૭

ચાહુ ઋષિ ખેમકુસલ રિષિ, નાગજી વિવેકવિમલ
કૃપાચંદ,
ભાવકુશલ રિષિ ભીમ, લબ્ધિવિજય નાંનડીઉ
રત્નચંદ. ભવીઆં. ૬૮

સાધ્વી પ્રભુશ્રી લાલશ્રી સાહિબશ્રી, માણિકસુમતિ
રતન,
ચારિત્રસુમતિ શ્રી વિનયશ્રી, ન્યાનસુમતિ એ ધન્યરે.
ભવીઆં. ૬૯

ચંપકશ્રી કનકશ્રી લાભસુમતિ એ, વઇરાગશ્રી
ગુરૂ પાસઇ,

આલીસ ઠાણુઇ શ્રી ખંભનગરમાં, હીરજી રહિયારે
ચઉમાસઇ. ભવીઆં. ૭૦

ખંભનગરનુ સંઘ વઇરાગર, પંચવિધ દાન દાતાર,
કનક ચીર સોનહરી ગંઠોડા, વરસઇ જિમ જલ
ધારરે. ભવીઆં. ૭૧

જિહાં જિહાં ગુરની આગ્યા વરતઇ, તિહાં તિહાં
ઉત્સવ થાઇ,
દિન દિન ચઢતઈ રંગ સોહાવઇ, હંસરાજ ગુણુ
ગાવાઇરે. ભવીઆં. ૭૨

—ઇતિ શ્રી હીરવિજય સૂરીશ્વર ચતુર્માસક સંબંધી લાભપ્રવહણું સંપૂર્ણ મિતિ શ્રેય: । લિક્ષિમ । શુભં ભવતુ ॥ મંગલં લેખકાનાં ચ પાઠકાનાં ચ મંગલં । મંગલં સર્વ જૈનાનાં સાધુ સાધ્વીતિ મંગલં ॥ ૧ ॥ સંવત્ ૧૬૮૫ વર્ષે માર્ગશીર્ષ શુ. ૧૦ બુધૌ તદા લિખિતમિદં દેવપત્તને ॥ શુભં ભવતુ ॥ ૭ ॥ શ્રીરસ્તુ । ૭ । ૪-૧૨ મારી પાસે.

(આમાં કેટલેક સ્થળે સુંદર કાવ્યત્વ છે. હીરવિજયસૂરિ ખંભાતમાં ચાતુર્માસ કરે છે તે વખતનું વર્ણન છે તેમાં ખંભાતનાં પરાં, મંદિરો, મોટા આગેવાન શ્રાવકો વગેરેનું પણુ વૃત્તાંત જોઇ શકાય છે. તે વખતે સૂરિ સાથે ૪૦ ઠાણાં-શિષ્ય શિષ્યાઓ હતાં, તેમણે શીતલનાથની પ્રતિષ્ઠા કરવા સાથે ૨૧૫ જિનબિંબોની અંજનશલાકા કરી હતી. સૂરિ વહાણુરૂપ છે ને તેથી શું શું લાભ થાય છે તે બતાવી આ કૃતિનું નામ લાભપ્રવહણુ આપેલું છે, અને તેમાં વહાણુ સાથે સંબંધ ધરાવતાં નામો (nautical terms) આપ્યાં છે તે ગૂજરાતના વહાણુવટાના અભ્યાસીને ખાસ જાણવા જેવાં છે. આ કૃતિ રચનાર હંસરાજે મહાવીરસ્તવન સુંદર પદ્યમાં રચેલ છે ને તે આચાર્યના સમકાલીન છે.

આ સઝાયનું નામ પ્રવહણુ સઝાય છે એટલે પ્રવહણુ એટલે વહાણુ રૂપી ગુરૂ હીરવિજયસૂરિ છે કે જે દ્વારા સંસારરૂપી સમુદ્ર તરી શકાય છે. કર્તાએ પ્રથમ સરસ્વતી અને પછી ૨૪ વર્તમાન જિનની સ્તુતિ કરી છે અને ત્રંબાવતીના થંભણુ પાર્શ્વનો પણુ ઉલ્લેખ કરી બતાવ્યું છે કે હીરવિજયસૂરિ વહાણુરૂપે ત્રંબાવતી એટલે ખંભાત વસંતમાસમાં પધાર્યા ત્યારે ત્યાંનાં મંદિરો જેવાં કે સીમંધર, કંસારી-પાર્શ્વ, સકરપુરનું ચિંતામણિ (પાર્શ્વનું) અને મહમદપુર તથા સુલતાનપુરનાં મંદિરોમાં જઈ દર્શન કર્યાં. આ માસનું સુંદર વર્ણન આમાં કર્યું છે.

સંઘમાં સાહ સારંગ, સંઘવી જયવંત, સાહ જાવડ, સોની સહસધીર, સંઘવી ઉદયકરણુ, સાહ જયવંત, સાહ રાજ (રાજીઓ હશે) ઉભંડારી ઉદયકરણુ, દોસી વછા, ઝીલા, ભાકરાજ, સાહ પતીઆ, પરિખ કીકરાજ. વોહરા જયરાજ, સાહ મહિપાલ વગેરે શ્રીમંત શ્રાવકો હતા. પૂજ્યશ્રી સાગોટાના ઉપાસરે બિરાજતા હતા. તેમણે શીતલનાથની પ્રતિષ્ઠા કરી ને તે સિવાય ૨૧૫ બિંબોની અંજનશલાકા કરી. (આ સમય સંવત્ ૧૬૩૮ ના માહ શુ. ૧૩ હોવાં ઘટે. જુઓ નાહર ૧ નં. ૬૦૫, ના. ૨ નં. ૧૨૧૫, બુ. ૨, નં. ૨૫૫, ૧૧૦૦, ૧૧૨૩ કે જે પૈકી ૧૧૦૦ માં ખંભાતવાસી ઓસવંશીય સો૦ વચ્છાનું નામ આવે છે; ઉપર દોસી વચ્છા કહેલ છે તો દો૦ નું સો૦ ઉક્ત લેખમાં ભુલથી વંચાયું હોય; અને લેખ નં. ૧૧૨૩ માં ખંભાતવાસી ઓસવંશીય સા. ઉદયકર્ણુનું નામ આવે છે.)

પછી સંઘવી ઉદયકરણુ અને ભાકરાજે પૂજ્યજીને વિનતિ કરી કે ચોમાસું ખંભાતમાં કરવાની કૃપા કરો ને તેથી તેઓ લાભ જાણી ત્યાં ચોમાસું રહ્યા. (હવે આષાઢ માસનું વર્ણન આપી કુંરાના કુમાર-હીરવિજયને વહાણુનું રૂપક આપી આખું રૂપક કવિ કાવ્યમાં ઉતારે છે) આષાઢનું એ રીતે વિસ્તારથી પૂરું વર્ણન કરી શ્રાવણુ-ભાદ્રપદમાં પજુસણુ પર્વ આવ્યાં ત્યારે સંઘવી ઉદયકર્ણે સમોસરણુ રચ્યું. આસો ને કાર્ત્તિક ટૂંકમાં પતાવી તેમના ચોમાસાથી થયેલ લાભ જણાવી શિષ્ય પરિવારમાંથી સકલચંદ ઉ, જયવિમલ, વિદ્યાધર, કૃષ્ણુવિજય, લક્ષ્મીવિજય, ધર્મવિ. મેઘવિ. મુનિવિ. સારંગ, સુરવિ. પદ્મવિ. જયવિ. ભાવવિ. દેવવિ. કુલધર, જિનકુશલ, ચાહુ, ખેમકુશલ, નાગજી, વિવેકવિમલ, ભાવકુશલ, ભીમ, લબ્ધિધર, નાનો રત્નચંદ્ર એ સાધુઓનાં નામ આપે છે પછી સાધ્વીઓ નામે પ્રભુ-લાલ-સાહિબ-માણિક-સુમતિ—રત્ન-ચારિત્રસુમતિ-વિનય-ગ્યાન-સુમતિ-ચંપક-કનક-લાજ-સુમતિ શ્રી એ મળી ૪૦ ઠાણાં ત્યાં ખંભાતમાં હતાં. આ પ્રમાણે ચોમાસાની સઝાય કવિ હંસરાજ પૂરી કરે છે. તંત્રી.

प्राचीन थेरावली.

॥१०॥ सुहम्मं अगिवेसाणं जंबूनामं च कासवं ।
पभवं किच्चायणं वंदे वच्छं सिज्जंभवं तहा ॥१॥
जसभद्दं तुंगियं वंदे संभूयं चेव माढरं ।
भद्दबाहुं च पाइन्नं थूलभद्दं च गोयम ॥२॥
एलावच्छस्स गुत्तं वंदामि महागिरिं सुहथिं च ।
तत्तो कोसियं गुत्तं बहुलस्स सरिवयं वंदे ॥३॥
हारिय गुत्तं साइं च वंदि मोहारियं च सामन्नं ।
वंदे कोसियगुत्तं संडिलं अजिय जीयधरं ॥४॥
तिसमुद्द खाय किर्त्ति दीवसमुद्दे सुगहिय पायालं ।
वंदे अज्ज समुद्दं अक्खुभिय समुद्दगंभीरं ॥५॥
भणगं करुगं उरगं एभावगं नाणदंसणधराणं ।
वंदामि अज्ज मग्गं सुयसागर पारगंभीरं ॥६॥
वंदामि अज्जधम्मं वंदे तत्तो य भद्दगुत्तं च ।
तत्तोय अज्जवयरं नव नियमगुणेहि वयरसम ॥७॥
वंदामि अज्जरेखिय खणेरखिय चरित्त सव्वसो ।
रयणकरंडगभूउ अणुयोगोरखिउ जेहिं ॥८॥
नाणंमि दंसणंमि य तवविणय निच्चकालमुज्जंतं ।
अज्जानंदिल खमणं सरिसा वंदे पसन्नमणं ॥९॥
वड्ढो वायगवंसो जस वंसो अज(ज) नागहत्थीणं ।
वागरण करणभंगिय कम्मपयडी पहाणाणं ॥१०॥
जच्च जणधाउ समप्पहाणं मुद्दीयकुवलयनिहाणं ।
वड्ढो वायगवंसो रेवइ निखत्त नामाए ॥११॥
अयलपुरानिखंते कालीयसुअणोगे धीरे ।
बंम दीवग सहिए वायगपय मुत्तमं पत्ते ॥१२॥
जे समे अणुगे पयरे अज्जावि अड्ढ भरहंमि ।
बहुयर निग्गया जस्स तं वंदे खंदिलारीए ॥१३॥
तत्तो हेमवंत महंत विक्कमे धीयपरिकम्मे मणंते ।
सज्झायमणंतधरे हेमवंत वंदिमो सरिसा ॥१४॥

कालीसुअणुगस्स धारे धारे पुव्वाणं ।
हिमवंत खमासमणे वंदे नागजिणारीए ॥१५॥
मीउ मद्दवसंपन्ने अणुपुव्विं वायगुत्तणं पत्ते ।
अहो सूयसमायरे नाग जिणवाइयं वंदे ॥१६॥
गोविंदाणं पय नमो अणुगेविउल धारणं दाणं ।
नव खंति दयाणं परोवणे दुलभिंदाणं ॥१७॥
तत्तो य भूयदिन्नं निच्चं त व संजमे अनविहन्नं ।
पडीजणसामन्नं वंदामि संजमवहन्नं ॥१८॥
वरकणगतवियचंपग विमलवरकमल गभसुरवन्ने ।
भविय जणहीयदए दयागुण विसारए धीरे ॥१९॥
अड्ढ भरहपाणे बहुवी सज्झाय समयप्पहाणे ।
अणोगे वरवसमे नाइल कुलवंस नंदिकरे ॥२०॥
भूय अप्पगमे वंदे हं भूईदिन्न सारीए ।
भवभय वोछेकदे सीसे नागजिणारसीणं ॥२१॥
समणि निच्चानिच्चं समणी सतत्थधारे अनिच्चं ।
वंदे हं लोहच्चं सभाव भावणानि च ॥२२॥
अत्थ महत्थवाणं सुसमणवषाण कहाण निव्वाणं ।
पीए मोहरवाणिं पउ पणमामि दूसगण ॥२३॥
तव नियमसच्चसंजम विणय अज्जवखंति सुंदवरयाणे ।
सीलगुण गंदीयाण अणुगे जगपहाणाणं ॥२४॥
सुकमाल कोमलतले तेसिं पणमामि लखपसथे ।
पावय पावणेणं पांडत्थग सए पणवीए ॥२५॥
जे अन्ने भगवंते कालीय सूअ अणोगे धीरे ॥
ते पणमीउण सरसा नाणस्स परूवणं वुच्छं ॥२६॥

—इति थिरावलीया समत्तं ।

[मुनि जशविजयसंग्रहः २ पत्रांकप्रतिः]

નોંધ—હિમવંતની સ્થવીરાવલિ પ્રાપ્ત થઇ છે એમ જણાવી તે પરથી પોતે કલિંગ ચક્રવર્ત્તિ ખારવેલનું કેટલુંક વૃત્તાંત પંડિત હીરાલાલ હંસરાજે ગુજરાતીમાં અંચલગચ્છની મોટી પટ્ટાવલીના પુસ્તકમાં આપ્યું છે અને તે સર્વ મૂલ સ્થવીરાવલિ પરથી નિષ્પન્ન થતું હોય તો ઘણો ઐતિહાસિક પ્રકાશ પાડી શકાય તેમ છે; પરંતુ દુર્ભાગ્યે પોતાની હંમેશની રીતિ મુજબ પંડિતજી એ મૂલ હિમવંતની સ્થવીરાવલિ આપી નથી, ને પંડિતજી સ્વર્ગસ્થ થઈ ગયા છે. આ થેરાવલી કચ્છના એક ભંડારમાંથી પ્રાપ્ત થઈ હતી તેથી ત્યાંથી મળી શકશે એવું જણાવવામાં આવતાં તે માટે પ્રયાસ સાક્ષર મુનિશ્રી કલ્યાણવિજયજી અને પંડિત સુખલાલજી કરી રહેલ છે. તે મળશે કે નહિ એ મોટા

સવાલ છે, પણ મૂળ પરથી હીરાલાલ પંડિતે લખેલું છે એમ સ્વીકારી મુનિશ્રી કલ્યાણવિજયજીએ મોટા હીંદી લેખ લખી नागरी प्रचारिणी पत्रिका માં પ્રગટ કરેલ છે. હિમવંતનું નામ અહીં આપેલી થેરાવલીમાં ગાથા ૧૪ અને ૧૫ માં આવે છે; તેજ હિમવંત પંડિત હીરાલાલ જે હિમવંતની સ્થવિરાવલી જણાવે છે તે હોય કે ન હોય તેનો નિશ્ચય તે પ્રાપ્ત થાય તો થાય. આ પ્રાચીન થેરાવલી તેમાં કંઈક પ્રકાશ નાંખી શકશે એમ ધારી આ જોકે સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં નથી છતાં બને તેટલી શુદ્ધ કરી અત્ર આપી છે. તંત્રી.

જયસોમ ઉપાધ્યાયકૃત શ્રી કર્મચંદ્ર વંશાવલી પ્રબંધ.

પ્રસિદ્ધ મંત્રી કર્મચંદ્રની વંશાવલીનો આ સંસ્કૃત પ્રબંધ ઐતિહાસિક છે ને તેમાંથી ઘણી ઐતિહાસિક વિગતો મળી આવે છે. મૂળ પ્રબંધ સંસ્કૃતમાં રચનાર ખરતરગચ્છમાં શ્રી જિનકુશલામ્નાયમાં ક્ષેમકીર્ત્તિશાખામાં ક્ષેમરાજશિષ્ય પ્રમોદમાણિક્ય ગણિના શિષ્ય જયસોમ ઉપાધ્યાય છે. તે સર્વ મળી ૫૩૬ છંદમાં છે. તેની પર સંસ્કૃત વૃત્તિ તેમના શિષ્ય ગુણવિનય ઉપાધ્યાયે રચી કે જેની આદિમાં નીચે પ્રમાણે છે:—

श्री फलवर्द्धिकपार्श्वं, प्रणम्य रम्यश्रियं शुभप्रसवं ।
प्रसभं श्री जिनकुशलं, कुशलं ददतं च भक्तानां ॥१॥
प्रौढप्रताप तपनं, श्री जिनचंद्रं गुरुं कविप्रणुतं ।
बुधकृतमंगललीलं, क्रोडीकृत साधकं ध्यात्वा॥२॥
श्री जिनसिंहमुनीन्द्रं, चंद्रप्रतिमं कुमुदविकासकृते ।
समुपश्लोक्य कृपालुं, प्रणमद् भूपालभूपालं ॥३॥
पाठकपदप्रधानान्, श्री जयसोमान् गुरून्मनसि धृत्वा ।
प्राप्य तदादेशमहं, विवृणोमि विभाव्य निजबुध्ध्या ॥४॥
स्वगुरुकृतमंत्रिराज, श्रीमद् वंशावलीमिमां सुगमां ।
अपि हंसगामिनी, वरप्रसाद विकसन्मतिः सरसां ॥५॥
अथ ग्रन्थे कतिचिल् लौकिक रूढ्यापि संति नामानि ।
न च तत्र शब्दशाखा,-पेक्षार्थे हाईमत्र कवेः॥६॥
लालित्यं ग्रन्थकृता, बालानां बोधनाय यद् विदधे ।
श्री मंत्रिराजभावा, नुगामिता हेतुरिह तत्र ॥७॥

આ પર ટીકાકાર પોતે વળી ટીકા કરે છે કેઃ—

इह निर्विघ्नं स्ववचनरचनासूत्रसंगत्या चिकीर्षित श्री मंत्रीराजवंशावलीमुक्तावलीसमारचनमिच्छुभिः स्वच्छमतिभिः श्री गुरुभिः श्री जयसोमोपाध्यायै रादौ शिष्टाचारप्रतिपालनायेष्टदेवता नमस्काररूपं वाचिकं मंगलमारभ्यते । तच्च त्रिधा कायिकं वाचिकं मानसिकं च । तत्राद्ये फलं व्यभिचरतः । क्वापि क्वापि पूर्वग्रन्थादौ तयोः सद्भावेपि समाप्तेरदर्शनात् अन्यस्य तु नमस्कारस्य निश्चयिकफलकत्वान्नाद्यं करणं । तथापि त्रिवेणीयोगवन्मानसिक नमस्कारसंवद्धे ते द्वे अपि यथोक्तपूर्णफलनिष्पादके । तत्रापि कायिकस्य तस्य ग्रन्थकर्तृ शिरोनमनांजलि करणादि कायव्यापाररूपत्वेन तत्क्षण एव जातत्वान्न परेषामसन्निहितत्वादध्यक्षेणावगमः । मानसिकस्य तु तस्य मनोभवत्वेन नानतिशायि ज्ञानिभिः परिच्छेदः कर्तुं शक्यते । अतोत्र यद्वाचिक नमस्कारनिदर्शनं तच्छिष्यप्रशिष्यानुशिष्यार्थं । तद्दृष्ट्वा स्ववंश्या अपि शिष्या ग्रन्थादौ तत्समारभेरन्निति ॥

ફલોધી પાર્શ્વનાથ અને જિનકુશલસૂરિને પ્રણમી જિનચંદ્રસૂરિનું ધ્યાન ધરીને જિનસિંહસૂરિના શ્લોકાનુવાદ કરીને પાઠક જયસોમ નામના ગુરૂને મનમાં ધારી તેમનો આદેશ લઈ મારી બુદ્ધિથી આ પર વૃત્તિ રચું છું. સ્વગુરૂએ કરેલી કર્મચંદ્ર મંત્રીશ્વરની

વંશાવલી સુગમ છે છતાં તે પ્રસાદવાળી હંસગામિની જેવી રસિકને થાય તેવી છે. આ ગ્રંથમાં લૌકિક રૂઢિથી કેટલાંક નામો આવે છે તેમાં શબ્દશાસ્ત્રની અપેક્ષાએ કવિનું હાર્દ જોવાનું નથી. ગ્રંથકર્ત્તાએ બાલકોના બોધ માટે જે લાલિત્ય આપેલ છે તેમાં મંત્રિરાજના ભાવને અનુસરી ચાલવાનો હેતુ છે.

આ પ્રથમ ૭ આર્યામાં રહી પછી ગદ્ય ટીકામાં ટીકાકાર ગુણવિનય કર્ત્તાના આદિ મંગલાચરણ શ્લોકો સંબંધમાં પ્રથમ મંગલાચરણનો હેતુ જણાવે છે.

મૂળ પ્રબંધકાર જયસોમ ઉ૦. આદિમાં ઋષભદેવ, શાંતિનાથ, નેમિજિન, પાર્શ્વજિન, અને વીર પ્રભુની સ્તુતિ કરી પછી ગૌતમ, સુધર્મા, પછી નવાંગ વૃત્તિકાર અભયદેવસૂરિ, શ્રુતદેવતા, જિનદત્ત ને જિનકુશલનું સ્મરણ કરી જિનચંદ્રસૂરિની ગિરા-વડે કર્મચંદ મંત્રીની વંશાવલી શરૂ કરૂં છું એમ જણાવે છે:—

श्री युगादीश्वरं देवं तं वंदे महिमाद्भुतं।
वृषो पि यत्प्रभावेण सिंहासनमशिश्रियत् ॥१॥
श्री शान्ति शान्तिकर्तारं भर्त्तारमनुयायिनां।
यत्प्रत्यासत्तितो भेजे कुरंगोऽपि सुरंगतां ॥२॥
श्री यादवकुलोत्तंसं नौमि नेमिं निरंजनं।
यदाश्रयेण संजातः शंखोऽपि निरंजनः ॥३॥
पार्श्वः पार्श्वस्थियक्षेण कृतरक्षेण सेविनां।
संस्तुतः संस्तुतैर्यस्य नागो नागेन्द्रतां ययौ ॥४॥
शासनाधीश्वरो वीरः समीरः पापपांसुषु।
सेव्यो यत्सेवनाज्जातः सिंहोप्यष्टापदासनः॥५॥
जीयाद्गोतमगोत्रीयो वाडवेयो गणाग्रणीः।
चित्रं गोरसदानेन यः प्रीणाति स्म मानसं ॥६॥
क्षेत्रेषु यः प्रशस्येषु सुगुप्तेष्वपि सत्सु।
संचारयति गां गोपः स जीयात् पंचमो गणी ॥७॥
समजनि पुन र्नवांगी यः श्री वामेयसार्व-सांनिध्यात्।
अकृत च पुनर्नवांगी विवृतिं समुदेत्स्वभयदेवः ॥८॥
ध्यात्वा देवान्गुरून्स्मत्वा नि स्मृत्वा श्री श्रुत-देवतां।
सान्निध्याज् जिनदत्तस्य गुरोः श्री कुशलस्य च ॥९॥
बृहत्खरतरस्वच्छ गच्छ शोभाविधायिनः॥
श्री चन्द्रगच्छ सूरीन्द्र जिनचंद्र गुरोर्गिरा॥१०॥
वर्णयामि चतुर्वर्णं वर्णनीय यशस्ततेः।
मंत्रीश्री कर्मचन्द्रस्य वंशश्रेणि यथाश्रुतं ॥११॥
त्रिभिः कुलकं।

છેવટે મૂળ પ્રબંધકાર પોતાની ગુરૂપરંપરા, રચના-સમય વગેરે જણાવે છે:—

देवभक्तो गुरोर्भक्तः संघभक्तोऽतिथिप्रियः।
चिरंजीयान्महामंत्री कर्म्मचन्द्रः ससन्ततिः ॥५०१॥

× × × ×

श्री वर्द्धमानतीर्थे सधर्म्मे सौधर्म्मगणधराम्नाये।
उद्योतनसूरि र्गुरुर्जज्ञे शासनकृतोद्योतः ॥५०२॥
श्री सूरिमंत्रशुद्धिर्यैर्विदधे सुविहिताग्रिमैरध्या।
धरणाधिपसान्निध्यात् तत्पट्टे वर्द्धमानास्ते ॥५०३॥
वसतिनिवासः प्रादुष्चक्रे यैश्चैत्यवासिनोपास्य।
जातास्ततो जिनेश्वरगुरवो दुर्लभनृपतिसदसि ॥५०४॥
तत्पट्टे संभूताः श्रीजिनचंद्रा विकाशि मुख-चन्द्राः।
संवेगरंगशाला प्रकरणकाराः सदाकाराः॥५०५॥
यैरभिनवा नवांगी विवृति र्विदधे विशुद्धधी निधिभिः।
शासनसुरी प्रसादाद् देवा अभयादिमास्त-दनु ॥५०६॥
श्री जिनवल्लभसूरि स्ततोऽभवद् व्रतधुरैक-धौरेयः।
चण्डापिहि चामुण्डा यत्सान्निध्याद्चण्डाऽभूत् ॥५०७॥
तत्पट्टे भूच्चतुःषष्टि योगिनीनां प्रसाधकः।
युगप्रधाननामासः सूरिः श्री जिनदत्तराट् ॥५०८॥
भूतप्रेत तडिद्व्यालवेतालादि भयान्यपि।
यन्नाम्ना निम्नतां यान्ति भक्ता नामिह सांप्रतं ॥५०९॥

नरमणिमंडित भालास्तत्पट्टे नमदनेकभूपालाः।
जिनचन्द्रा गणपाला वांछितदाने विबुध-
शालाः ॥५१०॥
श्री जिनपतिगुरुपादाः षट्त्रिंशद् वादलब्ध
जयवादाः।
स्थापित गणमर्यादास्ततोऽप्रमादाज्जयंत्या-
दृयाः ॥५११॥
तदनु जिनेश्वरगुरवस्समभूवन्नेमिचन्द्र
कुलचन्द्राः।
तदनु प्रबोध सूरिप्रवरा स्तत्पट्टसवितारः
॥५१२॥
कलिकालकेवलीति ख्यातिं प्राप्तास्ततश्च
जिनचन्द्राः।
बोधितभूपचतुष्टयकृतसेवा राजगच्छाख्याः
॥५१३॥
श्री जिनकुशलमुनीन्द्रा स्तत्पट्टे विघ्नकरटि-
पारीन्द्राः।
विषमपथे जनमार्गित जलदानप्रथितपृथु-
यशसः ॥५१४॥
तत्पदपद्ममधुव्रतकल्पा जिन पद्मसूरिनामानः।
अवधानकरा राजत्कूर्चालसरस्वतिबिरुदाः
॥५१५॥
श्री जिनलब्धियतीन्द्रा लब्धिनिधानप्रधान-
गुणकलिताः।
श्री जिनचन्द्रा गुरवस्तदनु जयन्ति प्रतापा-
ढ्याः ॥५१६॥
कृत जैनशासनोदयविभवाः श्रीमज् जिनो
दयास्तदनु।
श्री जिनराजगणोदितमार्गरता स्तदनु जिन-
राजाः ॥५१७॥
श्री जिनभद्रयतीन्द्रा स्ततो विरेजुः क्रियासु
निष्णाताः।
तत्पट्टोदयभूधरसूरा जिनचन्द्र नामानः॥५१८॥
सद्गुणराशिसमुद्राः समुद्रसूरीश्वरास्ततो
जाताः।
तच्चरणकमलहंसा श्री जिनहंसा लसद्-
वंशाः ॥५१९॥

श्रीमज्जिनमाणिक्याः सूरिवराः प्राप्त सुगु-
णमाणिक्याः।
प्रव्राजनगुरवो मम संजाता स्तदनु विख्याताः
॥५२०॥

तत्पट्टपूर्वाचलचूलिकारविः
सपत्नशैलावलिपक्षसत्पविः।
जगज्जनामोदकृदाननच्छविः
सम्यग्यशो वर्णन सारवाक्कविः ॥५२१॥
युगप्रधानत्वपदप्रदानाज्जलालदीसाहिवरेण
सत्कृतः।
प्रौढप्रतापो जिनचन्द्रसूरि र्विराजते सद्वि-
जयी महीतले ॥५२२॥ युग्मं
तच्चरणाम्बुजहंसाः श्रीजिनसिंहाः प्रतापजित-
हंसाः।
दीप्यंते शुचिवंशाः समस्तजनपूरिताशंसाः
॥५२३॥

श्री जैनशासनधुरा धरणाय धुर्ये
सत्येकतः प्रबलसारयुगप्रधाने।
मन्येऽन्यतोऽपि युगकौटिधृतौ समर्थः,
श्रीसाहिना सुघटितो जिनसिंहसूरिः ॥५२४॥
श्री जैनचन्द्र सुगुरो राज्ये विजयिनि विपय-
बलजयिनि।
क्रमतो नृप विक्रमतः खभूतरसशशिमिते
(१६५०) वर्षे ॥५२५॥
विजयदशम्यां विजया जयादि विबुधावली-
भिरपचरितं।
पार्श्वं मानसविषयं कृत्वा विजये मुहूर्तेऽ
स्मिन् ॥५२६॥
श्री जिनकुशलाम्नाये श्रीमच्छ्री क्षेमकीर्ति
शाखायां।
श्री क्षेमराज शिष्य प्रमोदमाणिक्यगणिशिष्यैः
॥५२७॥
श्री जयसोमैर्विहिता श्रीसद्वंशावलीगुरो-
र्वचसा।
श्लोकैः प्राथमकल्पिकमतिविभव हेतवे मृदुभिः
॥५२८॥ युग्मं

यदधिकमत्राभिहितं न्यूनं वा वर्णितं मया
विहितात् ।
तत्र मनागपि नागो यस्मादन्योक्तमिह
लिखितं ॥५२९॥
रक्तमतिर्वदतितरां यस्मादधिकं कृतादपि प्रायः।
द्विष्टं कृतमपि सकलं न वदति यदपलपना-
कुलितः ॥५३०॥
पूर्वजानामदृष्टत्वाद् रागद्वेषौ न तेषु मे ।
दृष्टान्तां तु यथा दृष्टं वर्णना विदधे मया ॥५३१॥
वंशावली वाचक पुण्यसार
मुखाद्यथा श्राविं तथा विविच्य ।
अस्माभिरप्यादरसारचित्ते
लिपीकृतेऽयं कृतिनां सुखाय ॥५३२॥
यदुराभस्यत्प्रमादाद् वा रसिकत्वेन वा मया।
न्यूनं तथाधिकं जातं कृत तदुदुःकृतं मृषा॥५३२॥
सुकृतानुमोदनातो यदर्थितं पुण्यमदभुतं मयका।
तेनाखिलोऽपि लोको भवतु सुखी धर्मनिरतश्च
॥५३३॥
साहि श्रीमदकब्बरराज्यदिनादखिललोक-
सुखहेतोः ।
अष्टत्रिंशे वर्षे लाभकृते लाभपुर नगरे ॥५३५॥
नंद्याद् वंशावलीग्रंथो ग्रथितोऽयं प्रमोदकृत् ।
आचंद्रार्कं शुभो दर्क्कं सत्सरुयर्द्धं च वर्द्धयन
॥५३६॥ युग्मं

ટીકાકાર ગુણવિનય છેવટે પોતાની પ્રશસ્તિમાં જણાવે છે કેઃ—

—इति श्री क्षेमशाखायां वाचनाचार्य श्री प्रमोदमाणिक्यगणि शिष्यरत्न श्री जयसोमोपाध्याय शिष्य वाचनाचार्य श्री गुणविनयैर्मन्त्रिराज श्रीकर्म्मचंद्रवंशावलीवृत्तिः सम्पूर्णा चक्रे ॥

श्रीगुरुराजकृतानां श्लोकानामिव शुभार्थघटि-
तानां ।
पुण्यानां श्लोकानां कापि व्याख्या मया विदधे ॥
न च दोषलवो ग्राह्योऽनुगृह्य मे तत्र यद्विमर्श-
कृतौ ।
व्यामोहः सुधियामपि का गणना मयि वराकेऽत्र ॥
गंभीरार्थानामपि वृत्तानां यद्विचारणे प्रगुणा ।
मन्दापि मन्मतिरभूत् सा महिमा श्रीगुरोर्ज्ञेया ॥
श्रीकर्म्मचन्द्रमंत्री धन्यो यस्याद्भुता गुणश्रेणिः।
स्वमुखेन श्रीगुरुभिर्व्याख्याता दक्षतानिधिभिः॥
रसबाण दर्शनेन्दु प्रमिते वर्षे च लक्ष मधुपक्षे।
विक्रमनृपतोऽष्टम्यां शनिवासरे पुष्यनक्षत्रे ॥८॥
श्रीतोसामपुरे वरवांछितदान प्रधानसुरवृक्षे ।
श्रीमंत्रिराजकारित जिनकुशलस्तूपकृतरक्षे॥६॥
श्रीकर्म्मचन्द्राग्रहेण सदनुग्रहेण कुशलगुरोः ।
कुशलार्थं सार्थसंवादनाथयथार्थाभिधस्य गुरोः ॥
श्री जयसोमगुरूणां साहिसभालब्धविजयकम-
लाणां ।
शिष्येण वाचकश्री गुणविनयेनैक्ष्यसद्ग्रंथान् ॥
रचिता निचिता सूक्तैर्मणिखचितामुद्रिके च
हैमीयं ।
सद्वर्णा सगुणापि च वृत्तिर्मान्या बुधैर्बाढम् ॥९॥
—ग्रंथाग्रं ३१५१ । अक्षर १९॥

આ સવૃત્તિ ગ્રંથની સુંદર અક્ષરમાં નકલ શ્રીયુત પૂરણચંદ નહાર M. A. B. L. કલકત્તા પાસેથી અમને જોવા મળી હતી. તે આખી જોઈ જતાં તેમાંથી કેટલીક જાણવા યોગ્ય હકીકતો મળે છે, પણ તે ઉતારી લઇએ તે પહેલાં તે તેમને પાછી કરવાની જરૂર આવી પડી, તેથી તે અત્ર મૂકી શકાઇ નથી, માત્ર ગ્રંથનો કંઇક ભાસ થાય તેટલા પૂરતું નોંધી રાખેલું તે અત્રે રજુ કરવામાં આવેલ છે. પરંતુ અમારા મિત્ર શ્રીયુત કૃષ્ણલાલ વર્માજી પાસેથી પણ એક હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થઇ છે તે પરથી હવે પછી કોઇ વખત અવકાશ સાધીને ઉપયોગી બિના રજુ કરવાની તક લઇશું. અમો રા. નાહર તથા વર્માજી બંને મહાશયનો ઉપકાર માનીએ છીએ. ગ્રંથના સં. ૧૬૫૦માં કર્ત્તા ખરતરગચ્છના જયસોમ ઉપાધ્યાય છે ને તેના પર સં. ૧૬૫૬માં ટીકા કરનાર તેમનાજ શિષ્ય ગુણવિનય ઉપાધ્યાય છે. (કે જે સંબંધી જુઓ જૈનગૂર્જર કવિઓ પ્રથમ ભાગ પૃ. ૩૨૬) તે ગુણવિનયે આ સંસ્કૃત ગ્રંથ પરથી ગૂજરાતી ભાષામાં કર્મચંદ મંત્રી પ્રબંધ રચેલ છે કે જે શ્રી જિનવિજયજી સંપાદિત જૈન ઐતિહાસિક રાસ સંચયમાં પ્રસિદ્ધ થયેલ છે. વાસ્તવિક રીતે સંસ્કૃત અને ગૂજ-

રાતીમાં બહુ ફેર નથી, છતાં કેટલેક ઠેકાણે ગૂજરાતી કૃતિમાં રહી ગયેલ અસ્પષ્ટતા વગેરે સંસ્કૃત ગ્રંથની સહાયથી દૂર થાય છે. અકબર બાદશાહના સમયમાં તપાગચ્છના હીરવિજયસૂરિ આદિ સાધુઓએ અને થાનસિંહાદિ શ્રાવકોએ જૈનશાસનની સેવામાં મોટો ફાળો આપ્યો છે; તેમજ ખરતર ગચ્છના જિનચંદ્રસૂરિ આદિ સાધુઓએ અને કર્મચંદ્ર મંત્રી આદિ શ્રાવકોએ પણ સારો ફાળો આપ્યો છે. **તંત્રી.**

ખમાવો !

લાવણ્યસમયકૃત પાક્ષિક ચાતુર્માસક સાંવત્સરિક ગીત.

રાગ ધન્યાસી

સમકિત સરિખાં રયણુ ન રાખ્યાં,
સત્ય વચન નવિ ભાખ્યાં
પરનારીસિઉં રંગિઇ રમીઆ, પસુઅ પરાણિઈ
દમીઆરે
ખમાવઉ રે ખમાવઉ હેવ ચિત ચોખઈ રહીએ
વરસ દિવસનાં ધાતક ધોઈ, નરવર નિરમલ થઈએ રે.
૧ ખમા૦
જીવ યતન સૂધાં નવિ કીધાં, આલ અયુગતાં દીધાં,
ગુરૂ ગુરણીના વિનય ન કરીઆ, દેવતણાં દ્રવ્ય
હરીઆ રે. ૨ ખમા૦
અણુજાણુતાં અબોલા કીધા, પરધન ચોરી લીધાં
બાર વ્રતના નિયમ વિરાધ્યા, સદ્‌ગુરૂ વચન ન સાધ્યાંરે.
૩ ખમા૦
ઈંદ્રી પંચ અલીઢાં (ઢીલાં) મેહલ્યાં, દાન પુણ્ય જે ટેલ્યાં
લાખ ચુરાસી યોનિ પ્રસિદ્ધી, તેહની દહવણુ કીધી રે.
૪ ખમા૦
કુંભકાર ઘરિ ચેલઈ કુંભ જિ કાકરિ કાણાં કરીઆં,
ક્ષણિ ક્ષણિ મિછાં દુક્કડ દેતાં બિહુના કાજ ન સ-
રીઆં રે. ૫ ખમા૦
ચંદનબાલ અનઈ અરધાવિઈ, તીણઈ જેમ ખમાવિઉ
કૂડ કપટ જુ મનથી ટાલિ, તુ કેવલ કરિ આવિઉ
રે. ૬ ખમા૦
ખમા ખમાવી ઉપશમ આણુઉં, જુ જિનશાસન જાણુ
મુનિ લાવણ્યસમયચી વાણી, ક્ષમા મુગતિ-પટરાણી
રે. ૭ ખમા૦

(મુનિ જશવિજય સંગ્રહ. એક પત્ર).

વર્ત્તમાન વીતરાગધર્મ વિમુખતા.

(ભીમપલાસ રાગમાં)

વીતરાગ ધર્મવિમુખ અંધ લોક બહુ દિસે
લેતો કાલ ઉગ્રરૂપ વિષમતા બધે વસે—વીતરાગ૦
જ્ઞાન શાંતિનો ન મેળ, દષ્ટિરાગ સેળભેળ
કથણી રહેણી હેરફેર, ધામધૂમમાં ધસે—વીતરાગ૦
વક્તા વિચરે ઉલટ પંથ, મોહનીય કર્મ બંધ
બુડે બુડાડે લોક અંધ, મૂળમાર્ગથી ખસે—વીતરાગ૦
પુરૂષાર્થ ના ઉલ્લાસમાન, મળે ન કાંઇ ભેદજ્ઞાન
કરે ન શાસ્ત્ર-સમાધાન, જ્ઞાનીઓને બહુ હસે-વીતરાગ૦
કલેશ મતાભિનિવેશ, એકતા ન એક લેશ
સળગે જ્વાળા ક્રોધાવેશ, શ્વાન ગજપીઠે ભસે-વીતરાગ૦
એવા દુર્જનોથી દૂર, પામવા જ આત્મ-નૂર
મોક્ષ સાધે મરત શૂર, શુદ્ધ રસ નસે નસે—વીતરાગ૦
તંત્રી.

રાગદ્વેષનો ક્ષય એજ મોક્ષનો ઉપાય છે.

સાધુવિહાર—મુનિકર્ત્તવ્ય.

किं बहुणा इह जह जह रागद्दोसा लहुं
विलिज्जंति ।
तह तह पयट्टियव्वं एसा आणा जिणिंदाणं ॥

—યશોવિજયજીકૃત ધર્મપરીક્ષાની ઉપાંત્ય ગાથા ૧૦૭

—વિશેષ શું કહેવું? આ સંસારમાં જે જે પ્રકારે રાગ અને દ્વેષ શીઘ્ર નાશ પામે તે પ્રકારે પ્રવૃત્ત થવું એ આજ્ઞા જિનેંદ્રોની છે.

આવું કથન આગમના જ્ઞાતા જૈન તર્કના સ્વયંભૂ સમ્રાટ્ યશોવિજયજી ઉપાધ્યાયે પોકારી પોકારી કહ્યું છે. 'જે જે અંશે નિરૂપાધિપણું તે તે અંશે ધર્મ' એવું મહાન્ સૂત્ર તેમણે સમાજ પાસે ટૂંકાક્ષરીમાં રજુ કર્યું છે તે પર લક્ષ સમાજ નહિ આપે તો તે કારણે સમાજની ઉત્તરોત્તર પડતી થઈ છે ને થતી જશે.

જ્યાં જ્યાં સાધુઓ વિહાર કરે ત્યાં ત્યાં તેઓ સંઘમાં પડેલી ફુટો, તડાંઓ, પક્ષો, કલેશો વગેરેના નિદાન

કારણમાં ઉતરી તેનો સમાધાનકારક ફેંસલો કરે, નવાં તડાં પડવામાં પોતે લેશ માત્ર પણ નિમિત્ત કારણ ન બને, અને જ્યાં એવું બનવાના સંયોગ ઉપસ્થિત થાય યા થયેલ ઝઘડાનું સમાધાન ન થાય તો ત્યાંથી વિહાર કરી ચાલ્યા જવું એ એક ઉત્તમ માર્ગ છે.

યશોવિજય અધ્યાત્મમતપરીક્ષામાં પણ ઉપરની ગાથા ઉપાંત્ય ૧૮૩ મી તરીકે મૂકે છે ને તેની ટીકામાં અર્થ કરે છે કેઃ—

અહીં ખરે રાગ અને દ્વેષ સંસારનું કારણ છે, તન્મૂલક પ્રવૃત્તિથી ઉત્પન્ન થયેલ ધર્મ અને અધર્મથી જાણે અપરાપર શરીર સંતાનરૂપ સંસારના ઉત્પાદનથી, તેનો વિલય થતાં એટલે તેની અનુપપત્તિ થતાં લોકોનો પુનર્ભવ–પુનર્જન્મ સંભવતો નથી એ નિર્વિવાદ છે; વળી જેઓ: તત્ત્વજ્ઞાનથીજ મુક્તિ છે એમ કહે છે તેઓએ પણ તત્ત્વજ્ઞાનથી–મિથ્યાજ્ઞાન આદિના નાશક્રમથીજ તે તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ થતી હોવાથી રાગદ્વેષના નાશનું હેતુપણું તેનું હોવાથી તેને અવશ્ય આદરવું. વળી જેઓ કર્મનાજ પ્રાધાન્યથી મુક્તિહેતુ જણાવે છે તેઓ પણ તે કર્મનો નાશ–એટલે રાગદ્વેષનો નાશ થવાથી મુક્તિની ઉત્પત્તિ સ્વીકારે છે, હેતુના ઉચ્છેદમાં પુરુષનો વ્યાપાર–પુરુષાર્થ થાય છે માટે; વળી સ્યાદ્વાદ રૂપી અમૃતના પાનથી ફુલેલા હૃદયવાળા જ્ઞાનકર્મના સમુચ્ચયથી મોક્ષનું કારણ બતાવે છે તેઓ પણ તે જ્ઞાન અને કર્મ વડે રાગદ્વેષના નાશથી વીતરાગપણાની પ્રાપ્તિ વડેજ તેની–મોક્ષની ઉત્પત્તિ જણાવે છે. આથી તે બે (રાગ અને દ્વેષ)ના ક્ષયથી મોક્ષોત્પત્તિ છે એમ સર્વેની અનુમતિ છે–એકવાક્યતા છે. અને તે પ્રકારે જ તે રાગ દ્વેષના પર વિજય કરવાના ઉપાયમાંજ પ્રવર્ત્તવું ઘટે–પછી તે જ્ઞાનનિષ્ઠતાથી કે ક્રિયાનિષ્ઠતાથી કે તપોનિષ્ઠતાથી, એકાકીપણે કે અનેકાકીપણે કે ગમે તે પ્રકારે કહો–જેજેથી માધ્યસ્થભાવના જીવની જાગતી આવે તે તેજ ઉપાય સેવવો ઘટે. અત્ર તે માટે વિશેષાગ્રહ કરવાની જરૂર નથી કારણ કે હાથમાં લીધેલા કાર્ય માટે ઇષ્ટ દેશ પ્રતિ જવા ઇચ્છનારો હાથી ન હોય તો તે ઉપર ચડીને જવા માટે તે આવે નહિ ત્યાં સુધી પ્રતીક્ષા કરતો નથી, ઘોડો હાજર હોય તો તેના પર ચડીને જતો નથી એવું કંઈ નથી. માટે આજ ભગવાનની પરમ આજ્ઞા છે તે જાણીને તેની આરાધના કરવી જોઇએ. તેનાથીજ સર્વ અર્થની સિદ્ધિ છે એમ બધું જાણવું.

આવી રીતે પોતાનું ભાષ્ય મૂકીને પછી સંસ્કૃતમાં અંતિમ પ્રશસ્તિમાં તે જણાવે છે કે—

एतां वाचमुवाच वाचकवरो वाचंयमस्याग्रणी
रस्या एव च भाष्यकृत्प्रभृतयो निष्कर्षमातेनिरे।
एतामेव वहन्ति चेतसि परब्रह्मार्थिनो योगिनो
रागद्वेषपरिक्षयाद् भवति यन्मुक्तिर्न हेत्वन्तरैः॥
लावण्योपचयो यथा मृगदृशः कान्तं विना कामिनं
भैषज्यानुपशान्तभस्मकरुजः सद्भक्ष्यभोगो यथा।
अप्रक्षाल्य च पंकमंकसिचये कस्तूरिकालेपनम्
रागद्वेषकषायनिग्रहमृते मोघप्रयासस्तथा ॥२॥
आत्मध्यानकथार्थिनां तनुभृता मेता गिरः श्रोत्रयोः
श्रीमज्जैनवचोऽमृताम्बुधिसमुद्भूताः सुधाबिन्दवः।
एता एव च नास्तिकस्य नितरामास्तिक्यजीवातवः
सन्तसत्रपुसंभवद्रवमुचः पीडाकृतः कर्णयोः ॥३॥

तंत्री.

જૂનું નવું ને જાણવા જેવું.

૧ જૈનયુગવિષે કૌમુદીકારનો અભિપ્રાય.

'કૌમુદી' પત્રના વિદ્વાન્ તંત્રી શ્રી વિજયરાય કલ્યાણરાયે ૧૯૩૦ ના માર્ચના અંકમાં આ પત્રના ગત ભાદરવાથી કાર્ત્તિકના અંક માટે 'ડાયરીમાંથી' એ મથાળા નીચે પૃ. ૧૯૭ માં જણાવેલું છે કે:—

'જૈનયુગ' (ભાદરવાથી કાર્તિક)

તા. ૨૨ મી: ૭ અઠવાડિયાં પર આવેલ આ અંક આજે જ કંઈક નિવૃત્તિથી જોઈ શકાયો. તેનાં સવાસોથી પણ વધુ પાનાંમાં મોટે ભાગે તો જૈનોપયોગી કે પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓને ઉપયોગી વિદ્વત્તા ભરચક ભરી છે. મિત્રદાવે મારૂં પહેલું ધ્યાન તો ગુજરાતના ગણતર તરુણ વિદ્વાનોમાંના એક ચીમનલાલ જે. શાહના ઉત્તર હિંદમાં જૈનધર્મ વિશેના એમના નિબંધની અનુક્રમણિકાએ ખેંચ્યું. આટલા પરથી જ લેખકની મહેનત ને ઝીણવટ એટલી બધી દેખાય છે કે આખું પુસ્તક પ્રગટ થયે એ વિષયના વાઙ્મયમાં કીમતી ઉમેરો થવાનો જ. આજ કથન તંત્રીરચિત 'જૈન સાહિત્યનો ઇતિહાસ'માંથી વસ્તુપાળ તેજપાળના યુગની સાહિત્યપ્રવૃત્તિનું પ્રકરણ પ્રસ્તુત અંકમાં અપાયું છે, તેને વિશે કરી શકાય. શો જીવન પર્યંત કર્યા જ કરેલો સાહિત્યસંચય! મોહનભાઈ સામે કોઇ પણ વાજબી ફરિયાદ હોય તો એ જ હોઈ શકે કે પોતાનાં સાધન શક્તિનો લાભ આજ પહેલાં જુજ પ્રમાણમાં તેઓ આપતા હતા; હવે વધુ આપે છે, પણ હજી પૂરતા પ્રમાણમાં કદાચ નહીં. વસ્તુપાળ તત્કાલીન આંતરપ્રાંતીય પ્રતિષ્ઠાવાળા કવિ અને વિદ્યાપોષક હતા, તેમણે રૂ. ૧૮ હજાર (જો એ વાતમાં ખાસ અત્યુક્તિ ન હોય તો) માત્ર લાયબ્રેરીઓ પાછળ જ ખર્ચેલા *તેથી એઓ તો સંવત તેરમા સૈકાના ગુજરાતી* કાર્નેગી જેવા, આ બધું મેં તો આ લેખે જ પહેલીવાર શીખ્યું. જિનવિજયજીના લંડન અને હાંબુર્ગના પત્રો પણ સામાન્ય વાચકને રસ પડે તેવા, એમની લાક્ષણિક, સાદી, સાવ સાદી છતાં અરસિક નહીં, એવી શૈલીના નમૂના છે. અગાઉના તેમ આ પત્રોમાં પણ પરદેશીઓનાં જે ચારિત્ર અને વ્યવસ્થાશક્તિનાં એમણે વખાણ કર્યા છે, તે અત્યારે તો આપણામાં નજેવાં જ છે ને? એ વધશે ક્યારે? વધવામાં અંતરાયરૂપે આજની આપણી સર્વદેશી-સાંસ્કારિક, આર્થિક, રાજકીય-પરાધીનતા પણ ભાગ ભજવતી જ હશે ને?

૨ ન્યાયાવતાર અને જૈન ગૂર્જર કવિઓ ભાગ ૧ સંબંધી પ્રસિદ્ધ વકતા શ્રી ચારિત્રવિજયજીનો અભિપ્રાય.

શ્રી મહાવીરચારિત્ર રત્નાશ્રમ સોનગઢ તા. ૨૨-૧૧-૨૯

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના સેક્રેટરીઓ જોગ-મુંબઈ; આપના તરફથી ન્યાયાવતાર શ્રી સિદ્ધસેન દિવાકર વિરચીત તેમ જ જૈન ગુર્જર કવિઓ પ્રથમ ભાગ એમ બન્ને પુસ્તકો મળ્યા છે. તે હર્ષ સાથે સ્વીકારૂં છું અને તેના સંબંધમાં અભિપ્રાય લખવા જેવો છે જ નહીં કેમકે વસ્તુ સ્થિતિ સ્પષ્ટ છે. ન્યાયાવતાર પુસ્તક સ્કુલો અને કોલેજોમાં ભણનાર વિદ્યાર્થીઓ માટે તેમજ બીજા જીજ્ઞાસુ સાધુ સાધ્વિ વિગેરે માટે ઘણું જ ઉપયોગી છે અને તેવી જ શૈલીથી છપાયેલ છે. આવા ન્યાયના જૈનપુસ્તકો બહાર પાડવાથી કૉન્ફરન્સે અત્યુત્તમ કાર્ય કર્યું છે એમ હું કહું તો તેમાં બીલકુલ અતિશયોકિત નથી.

જૈન ગુર્જર કવીઓ પ્રથમ ભાગ-સંકલિત કરવામાં મોહનલાલ દલીચંદ દેશાઈએ અતિ પરિશ્રમ સેવી જૈન ઇતિહાસની અને જૈન સાહિત્યની ઉંચામાં ઉંચી સેવા બજાવી છે. હાલમાં સઝાય સ્તવનોના છપાતાં અનેક પુસ્તકોમાં જે દ્રવ્યનો ગેરઉપયોગ થાય છે *તેના કરતાં વિદ્વાનોના* હાથે આવા સ્વરૂપમાં જૈન ગુર્જર સાહિત્ય બહાર પાડવામાં આવે તો જૈનોને ઘણું જ જાણવાનું અને શીખવાનું મળે. કૉન્ફરન્સે અમુક અંશે જે પ્રયત્ન સેવ્યો છે તે આ-

વકાર દાયક છે અને જૈનોએ કૉન્ફરન્સને આવા પુસ્તકો બહાર પાડવામાં દ્રવ્યની સહાય આપવી જ જોઈએ એમ હું ઇચ્છું છું.

લિ. મુનિ ચારિત્રવિજયના ધર્મલાભ.

૩ ડૉ. હર્મન જેકોબીનો અપભ્રંશ કાવ્યત્રયી સંબંધી અભિપ્રાય.

Bonn, 30th April 1929
59 Niebuhrstrasse.

Dear Sir,

I am in respect of your letter dated 8th April 1929 and of the complimentary copy of No. XXXVII (Apabhramsakavytrayi) of the Gaekwad's Oriental Series and beg to offer my best thanks for either, I have gone over the greater part of this book with the most lively interest. The introduction is an admirable piece of scholarship giving an exhaustive information on the author of the 3 Kavyas, his life etc. With such materials as the Jain Pandit possesses it would be possible to give a substantiated account of the literature and the general culture of Oriental Gujarati during its palmy days. The original texts as well of the main edition as in the appendix are as far as I have been able to examine them as yet carefully edited. On the whole the volume leaves a most favourable impression.

With kind regards.

Yours faithfully,
Sd. **Prof. Hermann Jacobi,**
Jeheimer Regierungsrat.

'વહાલા સાહેબ—તમારી તા. ૮ એપ્રિલ ૧૯૨૯નાં પત્ર મળ્યો અને તે સાથે ઉપહાર તરીકે ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા નં. ૩૭ (અપભ્રંશ કાવ્યત્રયી) ની એક નકલ મળી. બંને માટે હું અત્યંત ઉપકાર માનું છું. તે ગ્રંથનો મોટો ભાગ અત્યંત જીવંત રસ સહિત જોઈ ગયો છું. પ્રસ્તાવના એ વિદ્વત્તાની સ્તુત્ય વાનગી છે અને તેમાં ત્રણે કાવ્યના કર્ત્તા, તેનું જીવન વગેરે સંબંધી સંપૂર્ણ હકીકતો આપી છે. આવી સામગ્રીઓ જૈન પંડિત ધરાવે છે તેથી જૂની ગૂજરાતીના ભવ્ય કાળમાં તેની સામાન્ય સંસ્કૃતિનો અને તેના સાહિત્યનો પ્રમાણપૂર્વક અહેવાલ આપવાનું શક્ય બને. મુખ્ય આવૃત્તિના મૂળ ભાગો તેમજ પરિશિષ્ટો અત્યાર સુધી તેમનું બારીક નજરે નિરીક્ષણ કરી શકયો છું ત્યાં સુધી કાળજી પૂર્વક સંશોધિત કરવામાં આવ્યાં છે. એકંદરે આ પુસ્તકથી અત્યંત અનુકૂળ છાપ પડે છે. પ્રીતિભર્યા આદર સહિત આપનો વિશ્વાસુ **હર્મન જેકોબી.**'

આ અપભ્રંશ કાવ્યત્રયીના સંશોધક આપણા સાક્ષર પંડિત શ્રી **લાલચંદ ભગવાનદાસ ગાંધી** છે અને તે સંબંધી રા. મધુસૂદનભાઈનું વક્તવ્ય પણ આ પત્રના ગતાંકમાં આવી ગયું છે.

૪ શ્રીમદ્ હરિભદ્રસૂરિના કાલ સંબંધી ડા૦ હર્મન જેકોબીનો અભિપ્રાય.

"......I have just finished reading the Sanskrit Kuvalayamala Katha which makes one desire for the original Prakrit work. If another mss, of the original should come to light, the Prakrit text should be edited as there are but very few *old* Prakrit works accessible. From the introduction of the Kuvalayamala Katha and from *Jinavijaya's* paper on the date of Haribhadra I see that I was wrong in my surmise that Haribhadra was the actual *guru*, and not the **परंपरागुरु** of Siddharshi...' Bonn 7-9-20.

—"...સંસ્કૃત કુવલયમાલા કથા મેં વાંચી હમણાંજ પૂરી કરી. તે વાંચીને તેના મૂળ પ્રાકૃત ગ્રંથની ઇચ્છા થાય છે. જો તે મૂળ ગ્રંથની બીજી હસ્તપ્રત પ્રકાશમાં આવે તો તે પ્રાકૃતના મૂળ ભાગનું સંશોધન થાય કારણ કે ઉપલબ્ધ થતા જૂના પ્રાકૃત ગ્રંથો ઘણા થોડાજ છે. કુવલમાલા કથાની પ્રસ્તાવના અને જિનવિજયના હરિભદ્ર સૂરિના કાલનિર્ણયપરના નિબંધ પરથી મને જણાય છે કે હું સિદ્ધર્ષિના પોતાનાજ ગુરૂ તરીકે અને નહિ કે પરંપરા ગુરૂ તરીકે હરિભદ્રને ગણવાના મારા વિચારમાં હું ખોટો હતો. જૅાન. ૭-૯-૨૦.

૫ 'જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ' પર પ્રો. ઠાકોરનો અભિપ્રાય.

રા. રા. ભાઇ બેચરદાસ,

"જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ" એ તમારો નિબંધ હું વાંચી ગયો છું. ઘણોજ આનંદ થયો. (૧) વાલભી વાચના લગી નેતાઓમાં સંયમ અને આખા સંઘ પ્રતિ કર્તવ્યબુદ્ધિ અને આખા ભરતખંડને જૈન બનાવવાની આશા ટકેલાં, તે પછી તેમાં પડતી થઇ તે હરિભદ્રસૂરિ જેવા કેટલાક "પ્રભાવકો" એ ફરી ફરીને બનતો પ્રયત્ન કરેલો તથાપિ મટાડી શકાઇ નહી. અને ઘણીજ દુઃસહ થઈ ગઇ છે; (૨) બૌદ્ધ ધર્મ તેવાનાં ઇતિહાસ અને વારાફેરાની સીધી તેમ આડકતરી અસર જેમ પૌરાણિક હિંદુ ધર્મ ઉપર થઇ તેમ તે જ અરસામાં એટલે ઇ. પૂ. ૫૦૦ થી ઇ. સ. ૫૦૦ લગીની સહસ્રાબ્દિમાં જૈન ધર્મ ઉપર પણ થઈ છે; (૩) હાલ જેમ હિંદુધર્મને નામે પ્રવર્તતો અધર્મ અને મુસ્લિમ ધર્મને નામે પ્રવર્તતો અધર્મ હિંદુ મુસ્લિમોની અધોગતિને જ વેગ આપી રહ્યો છે તેમ જૈન ધર્મ અને જૈન સમાજની પણ દુર્દશા જ છેઃ—એ ત્રણ વાત તમારા નિબંધમાંથી કોઇ પણ સમદર્શી અને ઇતિહાસ પદ્ધતિએ વાંચનાર ખુલ્લી જોઇ શકે છે.

તમને ખબર નહીં હોય કદાચ, પણ સંસ્કૃત બૌદ્ધ વાઙમય સ્થાપત્ય અને કલાઓમાં મહા પંડિતોમાંથી કેટલાક, અત્યારે (ક) પૌરાણિક દેવદેવીઓના હાલનાં સ્વરૂપો બૌદ્ધ અને તાંત્રિક બૌદ્ધની પૂજ્ય મૂર્તિઓનાં જ રૂપાંતર છે. (ખ) મૂર્તિપૂજા બુદ્ધનિર્વાણ પછી અને કદાચ અશોકના સમય પછી જ હિંદમાં થઇ, જોરદાર બની તો નિઃસંશય તે પછી, (ગ) આગલા બુદ્ધો અને બોધિસત્ત્વોનાં કલ્પનો પરથી જ હિંદુ વિચારમિનારમાં દશાવતાર અને ચોવીશ અવતારની કલ્પનાઓ પેઠી, વગેરે અનુમાનોને દૃઢાવવા મથી રહ્યા છે.

શહેરો મોટાં થાય છે અને દેશભરમાં વિચારવિનિમયનાં સાધનો જેવાં કે તાર ટપાલ છાપાં આગગાડી આદિ વધે છે તેમ તેમ અજ્ઞ જથાની સ્વસંરક્ષણ શક્તિ (જે માત્ર જિજીવિષાની મૂલ પ્રેરણા instinctનું અર્વાચીન રૂપ છે તે) પણ પુંજીભૂત થઇ પુરાણોમાં વર્ણવેલા રાક્ષસોની માયાવી કલાઓ ધારણ કરે છે. स्थितं परिपालयेत् રૂપ આ ભૂત (=પ્રાચીન=માત્ર રૂઢ)પરસ્તી જ conservatism નો પાયો છે; તે વટવૃક્ષનાં મૂલ જેવાં ઉંડા ઉતરી ગયેલાં અને પહાણ સાથે પાષાણીભૂત થઇ ગયાં હોય છે. હાલના સુધારકોને સમાજનો ઉદ્ધાર કરવાનું કર્તવ્ય ઘણું જ વિષમ પડી જાય છે આને લીધે. તેમણે વધારે ત્યાગ દૃઢતા અને ચારિત્ર્યબલથી એની સામે ઝઘડવાનું છે, તેમાંના વધારે વધારે એ માયાવી રાક્ષસની દંષ્ટ્રાઓમાં બલિરૂપે આનંદથી હોમાવાનું છે. પોપધર્મનો રિછેદ અનેલોસેક્સન સમાજોમાં, ખલીફાધર્મનો ઉચ્છેદ હાલના ટર્કી અને ઇજિપ્તમાં આવા સુધારક શહીદોની પરંપરા વડે જ સધાયો. હિંદમાં હજી લગી સ્થિતિ શંકાસ્પદ છે. મોહનભાઈ ગાંધી જેવાની એકંદર અસર હિંદમાં મધ્યકાલને દૃઢાવવાની જ થવાની કે અર્વાચીન કાળની પ્રસૂતિને વેગ દેવાની થવાની એ હજી તો નથી સમઝાતું. અને ક્રાંતિ, જેમાં અંધ અજ્ઞ પરંતુ સામે મોંએ લડી શકાય નહીં એવાં ધાડાંનું ઘોકાપંથી સાગ્રાજ્ય ઘડીભર જલપ્રલયની માફક બધે ફરી વળી ઘણો ઘણો વિનાશ જ કરી નાખે છે, તે ઝપાટાબંધ ચડતી જાય છે. આમાંથી કેવું ભાવિ ઘડાશે તે જોવાની મારી તો શક્તિ નથી.

આ નિબંધમાં તમે તમારા બીજા નિબંધો વિષે

સૂચનો કર્યાં છે. (૧) વીર જીવન ઉપર (૨) જૈન-શ્રુત ઉપર (૩) શ્વેતાંબર દિગંબરના ઈતિહાસ ઉપર વગેરે ચાર પાંચ નિબંધો કે વ્યાખ્યાનો તમે લખો છો લખવાના છો એને જ તમે તમારી પરમસેવા ગણી રહ્યા છો વગેરે આ વ્યાખ્યાનમાં દરેક યોગ્ય સ્થળે આવે છે. તો આ વ્યાખ્યાનોમાંથી કે નિબંધો-માંથી કયાં પ્રકટ થયાં છે અને કયાં મળી શકે છે તે જણાવવા કૃપા કરશો.

જિનવિજયજીનો પ્રાચીન ગુજરાતી ગદ્યસંદર્ભ એ ગ્રંથ બ્હાર પડી ગયો? કે હજી પ્રસ્તાવના આદિ કર્તા જર્મનીથી મોકલાવે ત્યારે બ્હાર પડશે? જર્મ-નીથી એમના સારા સમાચાર જ આવતા હશે.

પંડિત સુખલાલજીને પ્રણામ. તમારૂં મહત્કાર્ય (magnum opus) ક્યાંલગી આવ્યું વારૂ? છેલ્લું વાલ્યુમ ક્યારે બહાર પડી જશે?
મદનઝાંપે વડોદરા તા. ૩૦-૧૧-૨૯

બળવંતરાય ક. ઠાકોરના સલામ.

જૈન ઇતિહાસ વાઙમય વિચારણા પારિભાષા સંકેતો આદિ વિષે એટલો તો અજ્ઞ છું તમારા નિબંધમાંથી મારે તમને ઠેકાણે ઠેકાણે પૂછવું પડે એમ છે. પરંતુ એતો પાછો જ્યારે મળવાનો યોગ થાય ત્યારે?

૬ महाकवि वाग्भटके जैनग्रंथकी व्याख्या में गडबड–આ નામનો એક લેખ મુનિશ્રી હિમાં-શુવિજયે લખેલો જૈનયુગના એક ગતાંકમાં પ્રકટ થયો હતો. આ સંબંધમાં તેના પ્રકાશક મોતીલાલ બનારશીદાસ પંજાબ સંસ્કૃત બુક ડીપો લાહોર સાથે પત્રવ્યવહાર કરતાં નીચેનો તા. ૧૪-૧૨-૨૯ નો પત્ર મળ્યો હતો તે ઉક્ત મુનિશ્રીએ અમને ચૂરો પાડનાં પ્રકટ કરીએ છીએઃ–

પ્રકાશક પુસ્તક કે ટીકાકારસેં (વાગ્ભટાલંકાર જૈન ગ્રંથકી પ્રાગ્ર મનોરંજની ટીકા કે લીખનેવાલે શ્રીયુત પ્રો. ઇશ્વરીદત્ત શાસ્ત્રીસે) સહમત નહીં, ઔર જો ભૂલેં હો ગઇ હૈ વે અગલી આવૃત્તિમેં ઠીક કરા દી જાવેંગી ॥

૭ પંજાબના સર્વ જૈન પુસ્તકોની ટીપ કરવા બાબત–બાબુ કીર્તિપ્રસાદજીનો તા. ૧૩-૮-૧૯૩૦ નો પત્ર જૈન કૉન્ફરન્સ પર નીચે પ્રમાણે આવ્યો હતો ને તેના :પર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની તા. ૧૮-૮-૩૦ ની બેઠકમાં જે ઠરાવ થયો હતો તે પણ અમે નીચે આપીએ છીએ, કે જે પરથી દ્રવ્યની સહાયના અભાવને લીધે આવું ઉપ-યોગી સાહિત્ય-કાર્ય અટકી પડે છે તે ખેદનો વિષય છે. જૈન શ્રીમંતો કે જૈન સાહિત્યપ્રકાશની સંસ્થાઓ કે હમણાં અમદાવાદમાં ભરાનારૂ જૈન સાહિત્ય પ્રદર્શનની સમિતિ આ કાર્ય ઉપાડી લે યા દ્રવ્યની મદદ કરે, તો આ મહત્કાર્ય ટુંકામાં સારી રીતે કરાવી શકાશે. અમે તેમનું ધ્યાન ખેંચીએ છીએ ને ભલામણ કરીએ છીએ કે તેઓ આ કાર્ય ઉપાડી લે.

બાબુ કીર્ત્તિપ્રસાદજી લખે છે કે:–પંજાબ મેં બહુતસે જૈન પુસ્તક ભંડાર હૈં ઔર ડાં. બના-ર્સીદાસ Ph. D. Research scholar સે પતા લગા હૈ કિ ઉન ભંડારો મેં બહુતસે પ્રાચીન હસ્ત લિખિત ગ્રન્થ હૈં જો આપકે છપી હુઇ ગ્રંથાવલીમેં નહીં હૈં. વહ યહભી કહતે હૈં કિ અગર કરીબ એક હજાર રૂપીઆ કે યાની દો સાલ તક ૪૦ રૂ. માસિક કે હિસાબસે પંજાબ યૂનિવર્સીટીકો દીયા જાવે તો ડાક્તર સાહબ કોશીશ કરકે પંજાબ કે સબ જૈન ગ્રંથો કી બાકાયદા મકુમ્મલ ફેહરિસ્ત તૈયાર કરાકર ૨ સાલ કે અંદર Punjab University કી તરફસે છપવા દેવેં. યહ કામ બહુત જરૂરી હૈ ઔર કામહી સારે જૈન સમાજકા હોનેકે કારણ કૉન્ફરંસ કો રૂપીઆ ૧૦૦૦ દેનેકી ઉદારતા દિખલાની ચાહીયે આશાહૈ કિ ઇસ કામમેં આપ પુરી કોશિશ કરકે ઇસ રકમકી મંજુરી જરૂર જલ્દ ભેજેંગે... ઇસલિયે અબ યહ મૌકા હૈ. કિ ઇસ કામમે મદદ કરતે પંજાબી ભાઈયોંકો સંતુષ્ઠ કરે."...

તા. ૧૮-૮-૩૦ ની કાર્યવાહી સમિતિનો ઠરાવ એ છે કે–"પંજાબમાં આવેલા ભંડારોનું લીસ્ટ કરવા માટે રૂા. ૧૦૦૦ ની મદદ થવા બાબત શ્રી કીર્તિપ્રસાદજી ગુજરાનવાલાનો આવેલ પત્ર રજુ થતાં

ઠરાવવામાં આવ્યું કે હાલ એ ખાતામાં ફંડ ન હોવાને કારણે તેવી મદદ કરવાનું બની શકે તેમ નથી'

૮ **કવિવર સમયસુંદર**—આ સંબંધમાં સાહિત્યપ્રેમી શ્રીમાન્ અગરચંદ ભંવરલાલ નાહટા નીચે પ્રમાણે વિજ્ઞપ્તિ પત્ર પ્રકટ કરવા જણાવે છેઃ—

'સર્વ પૂજ્ય વર્ગ અને ઇતિહાસપ્રેમી ભાઇઓને વિદિત હો કે અમારો વિચાર કવિવર સમયસુંદરજીની જીવની સહિત તેમની કૃતિઓ પ્રકાશિત કરવાનો છે, માટે અમોએ એ અઢીવર્ષથી તે સંબંધીનો વિચાર સફલ કરવા યથાશકય પ્રયત્ન કર્યો છે, અને હજુ પણ કરી રહ્યા છીએ. આ કાર્યમાં અમને શ્રીમાન્ મોહનલાલ દલીચંદ દેશાઇના 'કવિવર સમયસુંદર' નામના નિબંધની પૂર્ણ સહાય મળી છે. આ માટે તેમના આભારી છીએ. હવે નીચે લખેલ વિષયોને જે જાણતા હોય તેઓ અમને તે સૂચિત કરવાની કૃપા કરે.

૧ સમયસુંદરજીના જન્મસંવત્ ને મિતિ ૨ તેમના સ્વર્ગવાસના સંવત્ ને તિથિ ૩ તેમના ગુરૂ સકલચંદજીનો સ્વર્ગગમનકાળ ૪ સકલચંદજીની કૃતિઓ અને જીવની ૫ સમયસુંદરની નાની મોટી અપ્રસિદ્ધ કૃતિઓ અને તેમનું જીવન ૬ તેમની શિષ્યપરંપરા અને તેમના ગ્રંથ ૭ જિનદત્તસૂરિ જન્મતિથિ ૮ અકબર પ્રતિબોધક જિનચંદ્ર સૂરિજીના પટ્ટા પરવાના અને જીવન ૯ ખરતર ગચ્છ સં. ૧૦૮૦ માં દુર્લભરાજ સમક્ષ જિનેશ્વરસૂરિથી થયો તે માટે અકાટય પ્રમાણુ તથા ઉપર લખેલ વિષયોનો ઉત્તર સપ્રમાણ દેવાની કૃપા કરે તેમનો આભાર; નિવેદક—**અગરચંદ ભંવરલાલ નાહટા**, C/o દાનમલ સંકરદાન નાહટા નાહટોંકી ગવાડ મુ. **વીકાનેર.**

૯ **એક પ્રાચીન લેખ**—પાટણથી આઠ ગાઉ ઉપર મણુપુર ગામ છે ત્યાં શ્રાવકોનાં બાર ઘર છે. ત્યાં દેરાસર છે તેમાં મૂળનાયક વર્તમાન ચોવીશીના ૮ મા તીર્થંકર ચંદ્રપ્રભુ પરિકર સહિત છે. તે પરિકરમાં નીચે પ્રમાણે બે શ્લોકો છેઃ—

श्रीमाल (ध)क्कटाम्नाये वउरात्मजोज्वलः ।
यथार्थो विशालः श्राद्धः सुधी धर्मपरायणः ॥१॥
थारापद्रीय संताने मंकास्थाने जिनालये
पितुः पुण्याय तेनेयं प्रतिमा कारि सुंदरा ॥२॥
संवत् ११६६ वैशाष वदी १० शनि दिने

આની નકલ જૈનયાચક (ભોજક) મોહન ગિરધરે મોકલી તે સુધારી અત્ર મૂકી છે. આવા અનેક પ્રાચીન શિલાલેખો અંધકારમાં પડયા છે તેનો ઉદ્ધાર થવાની જરૂર છે. હજીયે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના વ્યવસ્થાપકો અને જુદાજુદા એક સ્થાનથી બીજે સ્થાને ભ્રમણ કરનારા-વિહાર કરનાર વિદ્વાન્ સાધુઓ ચેતશે! તેઓ ધારે તો ઘણું કરી શકે. વળી હમણાં બહાર આવેલી જૈન સાહિત્યપ્રદર્શનની સમિતિ આ કાર્ય માટે ખાસ પ્રયત્ન કરવા કટિબદ્ધ થાય એમ ઇચ્છીશું. **તંત્રી.**

સમાલોચના.

૧ કલ્પતરૂ કક્કાવલિ અથવા રમણિક બાલગીતા–પ્રથમ ભાગ. પ્રયોજક રા. વેલચંદ ધનજી મુબઈ ૭, પ્રકાશક હિમ્મતલાલ અને અનન્તરાય તે શેઠ ઝવેરભાઇ ભાઈચંદના પૌત્રો, ભાવનગર. કિં. અમૂલ્ય] આમાં ક થી માંડી જ્ઞ સુધી અને આથી તે અઃ સુધીની કક્કાવારી–માતૃકા 'મારા બન્ધુ, સ્વરાજ લેવું સ્હેલ છે' એ રાહમાં બાલકોને આનંદ પડે ને સાથે વ્યવહાર અને અધ્યાત્મનો બોધ મળે એ રીતે ગોઠવેલ છે. તેના નમુના તરીકેઃ–

આતે **મ** છે કેવો ? મન બન્ધ મુક્તિ કર એવો
મારા બન્ધુ અભ્યાસે આનંદ થાય છે...
આતે **ય** છે કેવો ? યોગી પથ અનુભવ લેવો–
મારા બન્ધુ.

આમાં કેટલાક શબ્દો (દાખલા તરીકે ઉપલા નમુનામાં મનબંધમુક્તિ, યોગીપથ અનુભવ) બાલકોનાં મગજમાં ઉતરી શકે તેમાં અમને શંકા છે; છતાં બીજી રીતે પ્રયાસ સ્તુત્ય છે. આવા પ્રયાસો વધારે થઇ બાલકોચિત સાહિત્ય વધુ પ્રકટ થાય એ ઇષ્ટ છે. માતૃકા ચોપઈ આદિ પ્રયત્નો પૂર્વ કવિઓએ કર્યાં છે, શ્રી બુદ્ધિસાગર સૂરિની કક્કાવાળી પ્રકટ થઈ છે. પણ કક્કા કેવડો આદિથી કક્કાવારી શિખનાર પૂર્વનાં બાલકોને આવી કક્કાવાળી વધારે ઉપયોગી થઇ પડશે. બે પૈસાની ટીકીટ મોકલવાથી શાહ ઝવેરભાઈ ભાઇચંદ રાધનપુરી ભાવનગર, યા મસજીદબંદર રોડ, મુંબઈ ૩ ને ત્યાંથી વિનામૂલ્યે મંગાવી શકાશે.

૨ આબૂ—પહેલો ભાગ લેખક મુનિશ્રી જયન્તવિજય પ્ર. યશોવિજય ગ્રંથમાલા સં. ૧૯૮૫ મૂલ્ય એક રૂ. પૃ. ૮+૨૦૬ લુહાણામિત્ર સ્ટીમ પ્રિ. પ્રેસ) આબૂ પર ત્યાંના બને તેટલા શિલાલેખો તથા પ્રતિમાલેખો ઉતારી આ પુસ્તક લખવામાં ઘણી કાળજી લઈ આબૂના સંબંધમાં અગત્યનું જે જે જાણવાજોગ છે તે આ ગ્રંથમાં આપ્યું છે. દરેક હકીકત પ્રમાણ વગર ન કહેવાય એ ઐતિહાસિક દૃષ્ટિ સતત નજર સમીપ રાખી વિષયને બહુ ટુંકમાં ઝીણવટથી છણી ઐતિહાસિક બનાવ્યો છે તે માટે કર્ત્તાને અમે અભિનંદન આપીએ છીએ. એકજ ફોટો બ્લોક દેલવાડાના જૈન મંદિરોની ઉત્તમ કારીગરીનો નમુનો બતાવવા આપ્યો છે. વિશેષ ફોટાઓ બીજા ભાગમાં અપાય તો સારૂં.

દાખલા તરીકે પૃ. ૪૨ પર વિમલ વસહીમાં આચાર્ય મહારાજ ઉપદેશ આપતા બેઠા છે તેની નીચે ચાર ખંડોમાં ત્રણ સાધુઓ ત્રણ સાધ્વીઓ ત્રણ શ્રાવક અને ત્રણ શ્રાવિકાઓ ઉભાં છે તેનો ફોટો અપાય તો તે વખતના વેશ પરિધાનનો ખ્યાલ આવી શકશે. બધાં મુખ્ય દેહરાઓના પણ અપાય તો પુસ્તકની અંતરંગ કિંમતમાં વધારો થશે.

બીજા ભાગમાં જિનપ્રભસૂરિનો આખો અર્બુદકલ્પ, જૂદી જૂદી ચૈત્ય પરિપાટીઓ, આ ભાગનાં બધાં પ્રમાણો વિસ્તારપૂર્વક, સર્વ શિલાલેખો ને પ્રતિમા લેખો (પોતે તેમજ મુનિશ્રી કલ્યાણવિજયજીએ એકઠા કરેલા તેમજ સરકારી શોધખોળ ખાતાના રીપોર્ટોમાં પ્રસિદ્ધ થયેલા) વગેરે સત્વર બહાર પડે અને તેથી આ તીર્થનો સંપૂર્ણ ઇતિહાસ પ્રમાણપૂર્વક એકત્રિત થયેલો મળે એમ ઇચ્છીશું. આવા ઇતિહાસ દરેક તીર્થના લખાવી તૈયાર કરાવી છપાવવાનું કાય તે તે તીર્થના વહીવટદારોનું છે અને તે સંબંધી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીનું ધ્યાન અમે ઘણી વખત ખેંચ્યું છે પણ તેણે કંઇપણ ધ્યાન આપ્યું હોય તેમ જણાતું નથી અને તે છતાં આવા સ્વતંત્ર પ્રયાસો થઈ બીજી સંસ્થાઓ બહાર મૂકે છે તે માટે તે સંસ્થાને ધન્યવાદ ઘટે છે. કંઇ ન બને તો આવા પ્રયાસોને આર્થિક મદદ આપવાની ઉત્તેજના પેઢી દાખવી ન શકે ? વિદ્વાનો અને ગ્રંથ સંગ્રહકારો આબૂ સંબંધી જે જે સામગ્રી જાણતા કે ધરાવતા હોય તે સર્વે આ ગ્રંથકર્તાને જણાવીને તેનો ગ્રંથ બને તેટલો સંપૂર્ણ અને ઐતિહાસિક બનાવવામાં સહાય આપવી ઘટે છે. અમે ગત અંકમાં અને આ અંકમાં એક એક એમ બે અર્બુદ ચૈત્ય પરિપાટીઓ પ્રસિદ્ધ કરી છે તે કર્ત્તાને ઉપયોગી થશે. હમણાં અમદાવાદમાં ભરાનારા જૈન સાહિત્ય પ્રદર્શનની સમિતિ આવા કાર્ય પ્રત્યે પ્રયાસ અને દ્રવ્ય વ્યય કરશે તો ઉગી નીકળશે.

પિતા મહાવીરના પુત્રોને !

લેખક—પંડિત બહેચરદાસજી. અધ્યાપક ગુજરાત વિદ્યાપિઠ, અમદાવાદ.

मित्ती मे सव्व भूएसु

પ્રભુનું આ વાક્ય તો હમેશાં ગાઇએ છીએ પણ આચરશું ક્યારે !

જૈન સંઘ કહે છે કેઃ—

બધા પ્રાણીમાં મારી મૈત્રી છે.

—ઃ તો ઃ—

શું એ પ્રાણીઓમાં ભૂખે મરતાં દેશબંધુઓ નથી સમાતાં !

શું એ પ્રાણીઓમાં જોધ જુવાન પણ બેકાર થયેલા લોકો નથી આવતા !

શું એ પ્રાણીઓમાં માટી, મીઠું કે શાક પાનજ આવે છે !

શું એ પ્રાણીઓમાં કીડી, મંકોડી કે માંકડ ચાંચડજ આવે છે !

શું એ પ્રાણીઓમાં બેકામ બનેલાં ખોડાં ઢોરજ આવે છે !

શું मित्ती मे सव्व भूएसु ના રટણને ખરૂં કરવું છે!

પ્રાણી માત્રમાં મનુષ્ય સર્વોત્કૃષ્ટ છે

અને તેમાં પણ દેશબંધુ

તેની સાથેની મૈત્રીમાંજ એ વાકયની સાર્થકતા રહેલી છે.

અમારી એટલે શું ?

મારી = મારવું 卐 અમારી =બચાવવું

વિદેશી કાપડના ઉપયોગને લીધે ભારતના લાખો મનુષ્યો ભૂખમરો વેઠે છે.

વિદેશી કાપડના મોહને લીધે ભારતનાં કરોડો મનુષ્યો બેકાર રહે છે.

વિદેશી કાપડની મમતાથી જગતને કચરી નાખનારો મુડીવાદ બળવાન બને છે.

વિદેશી કાપડના વપરાશથી ભારતના બેકાર મનુષ્યો આળસુ થઇ અનીતિના માર્ગે ચઢે છે.

વિદેશી કાપડના વ્યવહારમાં મદ્યપાન, વ્યભિચાર અને અનેક કુટુંબોનો નાશ રહેલ છે.

વિદેશી કાપડની સુંવાળપમાં કરોડો પશુઓના લોહી રેડાય છે.

એવું વિદેશી કાપડ વાપરવું એ

મારી છે કે અમારી?

ભગવન્ત શું કહે છે ?

[અહિંસા, સંજમ અને તપ એજ મારૂં શાસન છે.]

શુદ્ધ સ્વદેશી કાપડથી ભારતનાં ભૂખ્યા લાખો મનુષ્યો અન્ન ભેગા થાય છે.

શુદ્ધ સ્વદેશીની ભાવનાથી દેશબંધુઓની બેકારી દૂર થાય છે.

શુદ્ધ સ્વદેશીના વ્યવહારથી દેશબંધુઓનાં આળસ અને અનીતિ ઉડી જાય છે.

શુદ્ધ સ્વદેશીના પ્રચારથી આડંબરને સ્થાને સાદાઈ આવે છે.

શુદ્ધ સ્વદેશી વસ્ત્રના ઉપયોગમાં સંયમ અને તપ કેળવી શકાય છે.

શુદ્ધ સ્વદેશી વસ્ત્રના ઉપયોગથી કરોડો પશુઓને અભયદાન મળે છે.

શુદ્ધ સ્વદેશીમાંજ સમસ્ત રાષ્ટ્રની આબાદી અને આઝાદી રહેલ છે.

ઝીણાં અને સુવાળાં કપડાં

સાધુઓનાં બ્રહ્મચર્યનો નાશ કરનારાં છે

માટે ભગવાન કહે છે કેઃ—

સાધુઓએ સદા અપરિગ્રહી રહેવું એટલે વસ્ત્રો ન રાખવા એ મુખ્ય માર્ગ છે જ્યારે

બીજો માર્ગ જીર્ણ:—ફાટેલાં, તુટેલાં, વસ્ત્રોથી ચલાવી લેવાનો છે

દેશમાં કરોડો માણસો વસ્ત્ર વિના રડવડે છે, ત્યારે મુનિ મહારાજો હવે કેટલો કાળ વસ્ત્રનો શોખ મારશે ?

—: કેમકે :—

યંગોમાં બનતું કાપડ મનુષ્ય જાતનો ઘાણ વાળી રહ્યું છે.

યંત્રોમાં બનતું કાપડ સેંકડો કતલખાનાંઓ નિભાવી રહ્યું છે.

યંત્રોમાં બનતું કાપડ કુટુંબોના નાશ કરનારા મદ્યને લાવે છે.

—: તો :—

ભગવાનની આજ્ઞા માનવી કે યંત્રમાં બનતાં ઝીણાં અને **સુંવાળા મલમલને** વશ થવું ?

તીર્થંકરોની જન્મભૂમિ

જે ભૂમિમાં તિર્થંકરો જન્મ્યા છે,
જે ભૂમિમાં તિર્થંકરો વિચર્યા છે,
જે ભૂમિમાં તિર્થંકરોએ અહિંસા ધર્મનો પ્રચાર કર્યો છે,
જે ભૂમિમાં **આનંદ**, કામદેવ, જેવા ગોપાલક શ્રાવકો થયા છે,
તે ભૂમિ હાલ કેવી બેહાલ બની છે ?
કે જ્યાં
મનુષ્યને ખાવાને પુરતું અન્ન નથી,
પહેરવાને પુરતાં વસ્ત્રો પણ નથી,
અને
જીવવાને કોઇ પ્રવૃત્તિ નથી
તે ભૂમિની સેવા માટે
તિર્થંકરોના અનુયાયીઓ કશું પણ નહીંજ કરે ?
શું તિર્થંકરોના અનુયાયીઓ પોતાની આંખે એ પવિત્ર ભૂમિના થતાં અપમાનો જોયાંજ કરશે કે ?

[શ્રમ કરે તે શ્ર-મ-ણ]

ભગવાનના સંઘમાં **મચ્છીમાર** હરીબળ, **ચંડાલ** હરિકેશી અને મુનિ મેતારજ, **કુંભાર** સદ્દાલપુત્ર, મહા **ખેડુત** આણંદ એ બધાંને એક સરખુંજ સ્થાન છે.

પ્રત્યક્ષ મહિમા સંયમ, તપ અને શીલનોજ છે; પણ કોઈ જાતિવિશેષનો નથી;

માટેજ ભગવાન કહે છે કે.—

"બ્રાહ્મણપણું, ક્ષત્રિયપણું, વૈશ્યપણું અને શૂદ્રપણું જાતિમાં નથી પણ પ્રવૃત્તિમાં છે"

મુંડન માત્રથી કંઇ શ્રમણ થવાતું નથી. જેઓ શ્રમણ થઇને બધી જાતની સગવડો ભોગવે છે, અને પોતાનો સમય પ્રમાદમાં ગાળે છે, તેઓને ભગવાને **પાપ-શ્રમણો તરીકે** ઓળખાવ્યા છે.

બનારસ હિંદુ યુનિવર્સિટીમાં જૈન ચેર:—

આ યુનિવર્સીટીમાં જૈન તત્વજ્ઞાન અને ન્યાયની એક ચેર રૂા. ચાલીસ હજાર (સિકયોરિટી રૂા. ૫૨૦૦૦ ની ફેસ વેલ્યુની) આપી સ્થાપવામાં આવી છે. આ સંબંધમાં થયેલ છેવટનો પત્રવ્યવહાર નીચે પ્રમાણે છે:—

No. 4037
To,
The Vice-chancellor,
Benares Hindu University.
BENARES.

Dear Sir,

Re: Endowing a Jain Chair.

We beg to draw your attention to our proposal for endowing a Jain Chair of Logic and Philosophy in the Benares Hindu University which you have, by virtue of the resolution of your Council dated the 31st March 1930, accepted on the terms and conditions embodied in the resolution No. 5 of the meeting of the Council

dated the 21st August 1926.

We suggest that in case the interest from the funds endowed by us be not sufficient for maintaining the said Chair, the income may be complemented by such amount as may be necessary for the purpose from the general funds of the Benares Hindu University.

We further suggest that in making selection of the Professor for the Jain Chair preference should be given to a Jain Candidate if possessing requisite qualifications for the post.

In case the terms and conditions mentioned are not or can-not be carried out by the Benares Hindu University for any reason whatsoever the income of the said fund shall be utilised in giving scholarships to Jain students prosecuting their studies at the Benares Hindu University.

In connection with the above suggestions we had an interview with your goodself and Pandit Govind Malaviya and thank you for your acceptance of these terms.

We herewith forward the proposed amount invested in $3\frac{1}{2}$ % Government papers. The details of the said investment are as under :—

No. B100440,1854-55
Rs. 25,000/- One piece.
No. B100441,1854-55
Rs. 25,000/- One piece.
No. B129827,1900-1
Rs. 1,000/- One piece.
No. B103463,1900-1
Rs. 1,000/- One piece.

Yours faithfully,
Sd. શા. રણછોડભાઈ રાયચંદ ઝવેરી.
Resident General Secretaries.
Jain Swetamber Conference.

अनुवादः-ता. २१-८-१९२६ ना रोज मळेली काउन्सीलनी सभाना ठराव नां. ५ मां समापली शरतो अनुसार तमारी काउन्सीलनी ता. ३१ मी मार्च १९३० ना ठरावथी बनारस हिंदु युनिवर्सीटीमां न्याय अने तत्त्वज्ञान माटे जैन चेर स्थापवा माटेनी आपवा माटे नक्की थयेली रकमवाळी अमारी मांगणी तमोए स्वीकारी छे ते तरफ आपनुं ध्यान खेंचीए छीए.

अमे सुचवीए छीए के सदहुं 'जैन चेर' नुं खर्च नीभाववा माटे अमारा तरफथी आपवामां आवती रकम पूरती न थई पडे तेवो प्रसंग आवे त्यारे बनारस हिंदु युनिवर्सीटीना सामान्य भंडोळमांथी खुटती रकम तमारे उमेरवी.

वळी वधारामां एवी सूचना करीए छीए के उक्त 'जैन चेर' माटे प्रोफेसरनी नीमणुंक करती वखते जरूरी लायकात धरावनार जैन उमेदवार मळे तो पहेली पसंदगी तेनी करवी.

कोई पण संजोगोमां निर्णीत थएली शरतो बनारस युनिवर्सीटी अमलमां मुकी न शके तो सदहुं फंडनी उत्पन्न बनारस हिंदु युनिवर्सीटीमां अभ्यास करता जैन विद्यार्थीओने स्कॉलरशीप आपवामां खर्चवी.

उपरनी सूचनाओ संबंधे आप साहेब (पं. मदनमोहन मालवीआ वाईस चान्सेलर) तथा पंडीत गोविंद मालवीआ साथे अमोए

रुबरु मुलाकात लीधी हती अने आ शरतो स्वीकार्या बदल आपनो आभार मानीए छीए.

साडात्रण टकानी सरकारी लोनमां रोकेली सदहुं रकम आ साथे अमे मोकलीए छीए जेनी विगत नीचे मुजब छे.

रु. २५००० नो टुकडो पक नं. बी. १००४४०-१८५४-५५, रु. २५००० नो टुकडो पक नं. बी. १००४४१-१८५४-५५, रु. १००० नो टुकडो पक नं. बी. १२९८२७-१९००-०१. रु. १००० नो टुकडो पक नं. बी. १०३४६३-१९००-०१, ५२००० कुल रुपीआ बावन हजार.

Office of the Benares Hindu University.

No. P/872
IV (B)-88 Benares, Sept. 17, 1930.

To,

The Resident General Secretaries,
Shri Jain Swetamber Conference,
BOMBAY.

Dear Sir,

I am directed to forward herewith a copy of the resolution No. 73 of the meeting of the Council of the University held on the 23rd of August 1930, for your information and necessary action.

Yours Sincerely,
S. C. DE.
For Assistant Secretary
to the Council.

Copy of the resolution No. 73 of the meeting of the Council held on the 23rd of August 1930.

"Read letter No. 4037 dated the 18th of August 1930, from Resident General Secretaries, Shri Jain Swetamber Conference re: the proposal of endowing a Chair in Jain Philosophy and Logic and forwarding 3½% Government Promissory Note of the face value of Rs. 52,000/-.

Resolved that the thanks of the Council be conveyed to the Secretaries to the Conference for forwarding the donation in G. P. notes for the endowment of a Chair in Jain Philosophy and Logic.

Resolved further that the Secretaries be informed that a lecturer in Jain literature and philosophy will be appointed.

Resolved further that the Secretaries of the Conference be informed that the Council is not in a position to supplement the amount accruing as interest from the fund from its own treasury towards its salary.

Resolved further that as is suggested by the Secretaries in making selection of a lecturer, preference will be given to a Jain candidate possessing the requisite qualifications for the post; and that in case a lecturer is not appointed, the amount will be utilized in giving scholarships to Jain students prosecuting their studies in the Benares Hindu University."

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ.

૨૦, પાયધોની મુંબઈ ૩.

આ સંસ્થાની સ્થાપના પુના ખાતે ઈ. સ. ૧૯૦૯ માં મળેલી આપણી જૈન કોન્ફરન્સ વખતે થયેલી છે અને ત્યારથી આ સંસ્થા પોતાનું કાર્ય યથાસંયોગો કર્યે જાય છે. અને તેના કાર્યક્રમમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહી છે.

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. (૧) ધાર્મિક પરીક્ષા લેવાનું અને તેમાં ઉત્તીર્ણ થતા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઇનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ આપવા વિગેરેનું છે.

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૫૧ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦–૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઈ છે. કન્યા–સ્ત્રી–બાળ–પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે. એટલે બોર્ડનું કાર્ય એક ન્હાની સરખી વિદ્યાપીઠ (Miniature University) જેવું છે, અને હજુ આ પરીક્ષાનાં કેન્દ્રો તથા વિદ્યાર્થીઓની સંખ્યા વધવાનાંજ છે. તે બધાને પહોંચી વળવા બોર્ડનાં સાધનો અને આવક વધારવાંજ પડશે. જૈન કોમની વચલા વર્ગની સ્થિતિ જોતાં અને ઉચ્ચ શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં આર્થિક મદદ માટે સંખ્યાબંધ અરજીઓ આવે છે. પરંતુ સંસ્થાનું ભંડોળ જોતાં બધાને લાભ આપી શકાતો નથી.

આ બધા ઉપરથી આ કાર્યની ઉપયોગિતા જોઇ શકાશે અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂા. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તો ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો.

વીરચંદ પાનાચંદ શાહ.

સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.

ઑનરરી સેક્રેટરીઓ.